

મા ઉમાનો આદેશ...

સતપંથ છોડો

લેખક : C.A. શ્રી ચંદ્રકાંત કાંતિલાલ પટેલ

પ્રકાશક : સનાતન લવાદ અમલીકરણ સમિતિ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ-૩૭૦૬૧૫

For Reference See Pages: 3.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format



મા ઉમાનો આદેશ...

સતપંથ છોડો

લેખક : C.A. શ્રી ચંદ્રકાંત કાંતિલાલ પટેલ

પ્રકાશક : સનાતન લવાદ અમલીકરણ સમિતિ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ-૩૭૦૬૧૫



મા ઉમાનો આદેશ...

સતપંથ છોડો

લેખક : C.A. શ્રી ચંદ્રકાંત કાંતિલાલ પટેલ

પ્રકાશક : સનાતન લવાદ અમલીકરણ સમિતિ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ-૩૭૦૬૧૫

https://doi.org/10.5281/zenodo.20746687

TITLE VERSO

Title	:	Satpanth Chhodo (Maa Uma's Order, Quit Satpanth)
Name of Author/Editor	:	CA Chandrakant Patel
Date of Publication	:	16-August-2019
Tithi	:	Gujarati Vikram Samvat 2075 Shravan Krishnapaksh 1
Edition	:	1st
Language of Book	:	Gujarati
Short Description of Book	:	Religious history of Kutch Kadva Patidar community and its transformation from Hindu Sanatan community to Nizari Ismaili Satpanth (a branch of Shia Islam) community and re- transformation again back as Hindu Sanatan Community. The book describes strategies adopted, difficulties faced and obstacles overcome during this religious transformation process.
Paperback/hardback/e-book	:	Hardback
Published by	:	Sanatan Lavad Amlikaran Samiti
Place of Publication	:	Shri Akhil Bharatiya Kutch Kadva Patidar Samaj, Patidar Vidyarthi Bhavan, Nakhtrana, Kutch, Gujarat 370615


પુસ્તકનું નામ	:	સતપંથ છોડો - (મા ઉમાનો આદેશ - સતપંથ છોડો)
લેખક	:	C.A. શ્રી પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા
તારીખ	:	૧૬-ઓગસ્ટ-૨૦૧૯
તિથિ	:	ગુજરાતી વિક્રમ સંવત ૨૦૭૫ શ્રાવણ વદ ૧
આવૃત્તિ	:	પહેલી
પ્રકાશક	:	સનાતન લવાદ અમલીકરણ સમિતિ
સ્થળ	:	શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ, ગુજરાત ૩૭૦૬૧૫



કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયા



સનાતની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ



બ્રહ્મલીન સંત
શ્રી ઓધવરામજી મહારાજ

જ્ઞાતિ સુધારક સંતો અને વડીલો



સંત લાલરામજી



સંત દયાલરામજી



કેસરા પરમેશ્વરા



નારાયણજી રામજી લીંબાણી



રતનશી ખીમજી ખેતાણી



નથુ નાનજી કેશરાણી

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org



સંદેશ

તા. ૧૫.૦૭.૨૦૧૯

ધાર્મિક અંધકાર, આર્થિક શોષણ, બૌદ્ધિક ગુલામી, જુલમી આગેવાનોના અત્યાચારો, વટાળ પ્રવૃત્તિઓનો સામનો સેંકડો વર્ષો સુધી આપણી જ્ઞાતિ કરતી આવી છે. અંધકારમય એ દુઃખદાયી સમય પસાર કરતાં કરતા અનેકો પેઢીઓ બદલી ગઈ. લોકોને માનસિક રીતે નબળા રાખી, ધાર્મિક લાલચ અને અંધશ્રદ્ધામાં ગૂંચવીને, અત્યાચાર અને અન્યાયને ખુશી-ખુશી સહન કરવા તૈયાર કરી, તેમને માત્ર આવક અને ધર્મ પ્રચારકોના સગવડનું સાધન બનાવી રાખતી ધાર્મિક વ્યવસ્થાથી છુટકારો મેળવવું અત્યંત જરૂરી હતું. આખરે આપણા ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ તેમજ કુળદેવી મા ઉમિયા આપણા વારે આવ્યા. ગામે ગામ ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણની પધરામણી અને વર્ષ ૧૯૪૫માં વાંઢાય ખાતે મા ઉમાની પધરામણી મારફતે હોય કે પછી તા. ૦૮-ઓક્ટોબર-૨૦૧૭ના ઊંઝા ઉમિયા માતાજીના આદેશ મારફતે.

છેલ્લા ૧૦૦ વર્ષોના સમય ગાળામાં જ્ઞાતિના લોકો ખૂબ જ મોટી સંખ્યામાં સતપંથ ધર્મથી છુટા પડતા ગયા અને પાછા મૂળ સનાતન હિંદુ ધર્મમાં આવતા ગયા. એ એવો દોર હતો કે જ્યારે જ્ઞાતિના લોકો મોટે ભાગે અજ્ઞાની હતા. માત્ર સતપંથ ધર્મ એ ઇસ્લામ ધર્મનો ફાંટો છે એવી ખાતરી થઇ જાય એટલું તે સમયે પુરતું હતું.

સમયના બદલાવ સાથે સનાતન હિંદુ ધર્મના આડમાં સતપંથને ટકાવી રાખવા અપનાવેલ અવનવી યુક્તિ પ્રયુક્તિઓના કારણે નિર્મિત ખૂબ કઠીન પરિસ્થિતિમાં મૂળ સનાતન હિંદુ ધર્મને મજબૂત કરવા કમર કસનાર સનાતન સમાજના દરેક આગેવાનોનો અંતઃકરણ પૂર્વક ખૂબ-ખૂબ આભાર માનીએ છીએ. સાથે સાથે સનાતન ધર્મનો સાચો રાહ બતાવનાર પ્રાતઃસ્મરણીય સંતો પ્રત્યે પણ અંતઃકરણના ભાવથી આભારની લાગણી સાથે વંદન કરીએ છીએ.

સનાતનીઓમાં વિસરાયલા ઈતિહાસ અને અજ્ઞાનતાની નબળાઈને હથિયાર બનાવી સતપંથના પ્રચારકો ખૂબ જ મક્કમતાથી સતપંથ હિંદુ ધર્મ છે એ જૂઠ જ્ઞાતિમાં પ્રસ્થાપિત કરવામાં મહદ અંશે સફળ થયા. કંઇક ખોટું થઇ રહ્યું છે એ જાણતા હોવા છતાં, સતપંથ મુદ્દા ઉપર અધૂરા જ્ઞાનના કારણે લોકો જોઈએ એવો અસરકારક વિરોધ ન કરી શક્યા. રહી સહી કસર મવાળોએ સનાતન સમાજ/સનાતન ધર્મ પ્રત્યે પોતાની વફાદારીને શંકાસ્પદ પરિસ્થિતિમાં રાખીને પૂરી કરી દીધી.

...

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

2

વાસ્તવમાં ધર્મના નામે અધર્મ ચાલ્યું. ખોટું, અનૈતિક અને અસૈધાંતિક કૃત્યોથી જ્ઞાતિને મુક્ત કરવાની આટલી મોટી જહેમત, જે હાલ અમુક વર્ષોમાં જોવા મળી છે એ તો ભાગ્યેજ ઈતિહાસમાં જોવા મળતી હોય છે. આવી જહેમત ઊઠાવવા પાછળની સોચ, રણનીતિ, વિચાર, બુદ્ધિ, શીખ આગામી પેઢીને મળે એવી વ્યવસ્થા કરવી એ પણ એજ જહેમતનો એક ભાગ છે. સતત તરલ રહેતી બુદ્ધિ અને તેમાંથી જન્મેલા ઉચ્ચ બૌદ્ધિક વિચારોને નોંધી આ પુસ્તક રૂપી ગ્રંથમાં પ્રકાશિત કરવું એ પણ ખૂબ મહેનત માંગી લે એવું કામ છે.

ખૂબજ ઊંડાણ પૂર્વક અભ્યાસ કર્યા બાદ આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં જણાવેલ મર્મ આવનાર હજારો વર્ષો સુધી જ્ઞાતિને માર્ગદર્શન આપતું રહેશે. આ પુસ્તક પ્રત્યે ભાવી પેઢી ખૂબ ગૌરવ અનુભવશે. વિધર્મીઓ તેમજ પોતાના ઘરના જ સતપંથનો પક્ષ લઇ સમાજનું અહિત કરનાર સામે સમાજનું રક્ષણ કરવા પણ આ પુસ્તક હથીયાર તરીકે કામ આવશે એવો અમોને અટૂટ વિશ્વાસ છે.

સમાજની તમામ નાની મોટી સંસ્થાઓના સર્વે હોદેદારો અને કારોબારી સભ્યો માટે આ પુસ્તકનું ચિંતન અને મનન કરવું ખૂબ જ અનિવાર્ય છે. નવા કારોબારી સભ્યોની કાર્યશાળામાં આ પુસ્તક ઉપર એક વિષય ફરજીયાત રાખવો જોઈએ, જેથી આપણો ઈતિહાસ ભૂલાઈ ન જાય અને સતપંથની સમસ્યા આપણી જ્ઞાતિમાં ફરી ઘર ન કરી જાય. આ પુસ્તકનું જ્ઞાન તેમજ જ્ઞાતિનો ઈતિહાસને સમાજ સતત વાગોળતો રહે, એવી સજ્જડ વ્યવસ્થા ઊભી કરવી રહી. ઈતિહાસને ભૂલી જવાની નબળાઈથી હવે આપણે મુક્ત થઈએ એવી સર્વેને આગ્રહ પૂર્વકની પ્રાર્થના સાથે.... જય માતાજી, જય લક્ષ્મીનારાયણ અને જય સનાતન.



પ્રમુખ શ્રી
અબજીભાઈ વિશ્રામ કાનાણી



મહામંત્રી શ્રી
પુરષોત્તમ રવજી ભગત

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

તા. ૩૧-૦૫-૨૦૧૯

પ્રતિ
શ્રી પુરૂષોત્તમભાઈ રવજીભાઈ ભગત
મહામંત્રીશ્રી, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા

જય માતાજી સાથે જણાવવાનું કે તા. **૨૧-૦૫-૨૦૧૯** નો આપનો પત્ર મળ્યો.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સનાતન-સતપંથ ધર્મનો વિવાદ ચાલી રહ્યો છે તે વિવાદના ઉકેલ માટે બન્ને પક્ષોના **૧૧-૧૧** સભ્યોની અવાર-નવાર રજૂઆતો સાંભળી. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા નિમાયેલ લવાદોએ જે નિર્ણય કરેલ છે તે ચુકાદાનો બન્ને પક્ષોએ અમલ કરવાની ખાત્રી આપેલ છે.

આપણા સમાજના પ.પૂજય સંત ઓધવરામજી મહારાજ તેમજ વડીલ કેશરા પરમેશ્વરા તેમજ આધ્ય સુધારક નારાયણજી બાપા, વીર જ્ઞાતિ સેવક રતનશી બાપા ખેતાણી જેવા અનેક સુધારકોએ જ્ઞાતિમાં ધાર્મિક સુધારા કરવા જે પ્રયત્નો કરેલ તેને નવી પેઢી આગળ વધારવા પ્રયત્નો કરે તેવી મા ઉમિયાને પ્રાર્થના.

આપશ્રી લવાદ કમિટીએ કરેલ કાર્યવાહીની તમામ વિગતોની પુસ્તિકા પ્રસિધ્ધ કરી રહયા છો તે પુસ્તિકાના આધારે બન્ને પક્ષોને વિવાદ ટાળવા અને નવી પેઢી માર્ગદર્શન મેળવી શકે તેવી શુભકામના સાથે અમો શુભેચ્છા પાઠવીએ છીએ.

"મા ઉમિયાના આશીર્વાદ સદૈવ આપણા સૌ પરિવાર ઉપર ઉતરતા રહે એ જ પ્રાર્થના."





મણીભાઈ ઈ. પટેલ (મમ્મી)
પ્રમુખ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

દિલીપભાઈ એમ. પટેલ (નેતાજી)
માનદમંત્રી
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com • / www.facebook.com/umiyamatajiunjha

રજી.નં.- A ૧૪૧૪ કચ્છ

Tel.:02832-276232, 299551

SHRI UMIYA MATAJI ISHWAR RAMJI ANNAKSHETRA TRUST

"Umiya Mataji Sansthan" Vandhay (Ishwarnagar), Po.Deshalpar, Bhuj-Kutch.370 040

શ્રી ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ

"ઉમિયા માતાજી સંસ્થાન" મુ.વાંઢાય (ઈશ્વરનગર), પો.દેશલપર, તા.ભુજ(કચ્છ)-૩૭૦ ૦૪૦. ફોન : ૦૨૮૩૨-૨૭૬૨૩૨, ૨૯૯૫૫૧

Ref.no.:

Date :
તા.૦૫-૦૬-૨૦૧૯

શુભેચ્છા સંદેશ

પ્રતિ,
પ્રમુખ શ્રી,
અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા - કચ્છ.

કેન્દ્રીય સમાજ ધાર્મિક બાબતોને ઉજાગર કરતું પુસ્તક પ્રકાશિત કરી રહયો છે તે જાણીને આનંદ થયો. સનાતન ધર્મના રાહેથી ભટકી ગયેલી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સાચો માર્ગ બતાવનાર આદ્ય સુધારકોશ્રી કેશરા મુખી સાંખલા, શ્રી નારાયણબાપા લીંબાણી, સંતશ્રી ઓધવરામજી મહારાજ, શ્રી રતનશીભાઈ ખેતાણીની ટીમે જે અથાગ પ્રયાસો કર્યા જેને પરિણામે આજે ૮૦ થી ૮૫ ટકા જ્ઞાતિજનો પિરાણા પંથને તિલાંજલી આપી સનાતન ધર્મને અનુસરવા લાગ્યા છે તેમનું અધુરું રહેલું કામ આપણે સૌએ સાથે મળીને પૂર્ણ કરવાનું છે.

આપ તો જાણો જ છો કે આજથી ૭૫ વર્ષ અગાઉ વાંઢાયની પવિત્ર ધરતી પર માં ઉમિયાને બિરાજમાન કરવામાં આવ્યા અને આ તપોભૂમિ પરથી સંતશ્રી ઓધવરામજી મહારાજ તેમના શિષ્ય દયાલદાસજી મહારાજ અને કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના આગેવાનોએ સાથે મળીને ધર્મ જાગૃતિની જ્યોતને જલતી કરી જેનો પ્રકાશ કચ્છ અને સાબરકાંઠામાં ફેલાયો અને ગામોગામ લક્ષ્મીનારાયણનાં મંદિરોનું નિર્માણ થયું. એ અર્થમાં ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય સનાતન ધર્મ જાગૃતિનું કેન્દ્ર બન્યું.

કેન્દ્રીય સમાજ સનાતન ધર્મ જાગૃતિનું જે અભિયાન ચલાવી રહયો છે તેમાં આ સંસ્થા હંમેશા સહયોગી રહી છે અને ભવિષ્યમાં પણ રહેશે. આ અભિયાનના ભાગ રૂપે કેન્દ્રીય સમાજ જે પુસ્તક પ્રકાશિત કરવા જઈ રહયો છે તે યશસ્વી બને અને આવનારી પેઢી માટે પથ દર્શક બને એવી શુભ ભાવના સાથે ઉમિયા માતાજી સંસ્થાન આપને શુભેચ્છા પાઠવે છે.



આપનો વિશ્વાસુ

હંસરાજભાઈ દેવજી પટેલ
પ્રમુખશ્રી
ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ
વાંઢાય - કચ્છ
મો. ૯૮૨૪૦૩૫૯૩૭

Page **1** of **1**



શ્રી લક્ષ્મીનારાયણ વિજયતેતરામ — ટ્રસ્ટ રજી. નં. એ / ૧૬૯૯

અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન - સંસ્કાર ધામ, મુ.પો. દેશલપર, તા. ભુજ, કચ્છ - ૩૭૦ ૦૪૦.

Akhil Bharatiya Laxminarayan Sanatan Samaj

Shri Laxminarayan Kendrasthan - Sanskardham, At. Po. Desalpar, Ta. Bhuj, Kutch - 370040.
Ph.: 02832 - 276345, 276044 • E-mail : sanskardham276345@gmail.com • Website : www.shreelaxminarayan.org

તા. ૫.૭.૧૯

શુભેચ્છા સંદેશ

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી,
અ. ભા. ક. કડવા પાટીદાર સમાજ
નખત્રાણા - કચ્છ.

જય લક્ષ્મીનારાયણ સાથે જણાવવાનું કે, કેન્દ્રીય સમાજે સનાતન ધર્મ જાગૃતિનું જે અભિયાન છેડ્યું છે તેના ભાગ રૂપે કરેલ મંથન અને સંશોધનના પરિપાક રૂપે જે પુસ્તક પ્રકાશિત કરવા જઇ રહ્યા છો એ બદલ અભિનંદન પાઠવીએ છીએ. આ પુસ્તક આજની અને આવનારી પેઢીને જ્ઞાતિની ધાર્મિક સ્થિતિ જાણવા માટે ઉપયોગી બની રહેશે એવી અપેક્ષા રાખીએ.

સનાતન ધર્મના માર્ગેથી ભટકી ગયેલી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને ધર્મ જાગૃતિનો શંખનાદ કરીને જગાડનાર નરવીર કેશરાબાપા અને નારાયણજીબાપાએ ધાર્મિક ક્ષેત્રે ક્રાન્તિકારી કાર્ય કર્યું, સાથે સાથે સંતશ્રી લાલરામજીના શિષ્ય સંતશ્રી ઓધવરામજીના માર્ગદર્શન હેઠળ સનાતની સમાજના એ સમયના આગેવાનો શ્રી રતનશીભાઇ ખેતાણી અને તેમના સાથીદારોએ સનાતન ધર્મ જાગૃતિનું મોટું કામ કર્યુ પરિણામે ગામેગામ ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બંધાયા પણ સંજોગો વસાત એ મંદિરોનું કેન્દ્રસ્થાન ઉભું થઇ શક્યું ન હોતું. એ કાર્ય અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજે પૂર્ણ કર્યુ છે અને ૧૯૯૬ થી સનાતન ધર્મના પ્રચાર પ્રસારનું કાર્ય આરંભી દીધું છે.

સમાજના સુધારકો અને સંતોના પ્રયાસોના પરિણામે મોટા ભાગના જ્ઞાતિજનો સનાતન ધર્મમાં પાછા ફર્યા છે હજુ તમેનું અધુરૂં રહેલું કાર્ય પરિપૂર્ણ કરવાનું આપણું સૌનું ઉતરદાયિત્વ છે.

આ કાર્યમાં કેન્દ્રીય સમાજને આ સંસ્થાનો તમામ પ્રકારે સહયોગ સાંપડતો રહેશે. શ્રી સમાજનું કાર્ય યસસ્વી અને ફળદાયી નિવડે એવી શુભેચ્છા પાઠવીએ છીએ.....





જે.લા. ચોપડા — RM Patel

જેઠાભાઇ લાલજી ચોપડા
પ્રમુખશ્રી

રતિલાલ મનજી પોકાર
મહામંત્રી

અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ
શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન - દેશલપર

|| શ્રી સ્વામિનારાયણ ભગવાન || || શ્રીહરિ || || શ્રી ઉમિયા માતાજી ||



SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SATSANG SAMAJ

(Trust Regd. No. A1607 KUTCH. dt. 7-4-1999)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ



મુખ્ય કાર્યાલય : સત્સંગ ભવન, રવાપર, કચ્છ, પીન-૩૭૦૬૨૫

Email : abkkpss@gmail.com

સંપર્ક : પ્રમુખ શ્રી-હરિભાઈ કેસરાભાઈ ભગત, શ્રીજી સીરામીક ઈન્ડસ્ટ્રીઝ, ૮-એ, ને-હા. લાલપર, મોરબી, ગુજરાત. મો. : ૯૮૨૫૨૨૩૧૩૯

મહામંત્રી શ્રી-વાલજીભાઈ હીરજીભાઈ ચૌહાણ, શ્રી કૃષ્ણ વિજય સૌ મીલ, મસોલી, દહાણુ રોડ, મહારાષ્ટ્ર. મો. : ૯૪૨૨૦૭૬૩૮૯

<u>શુભેચ્છા પત્ર</u>

તા.: ૦૬/૦૬/૨૦૧૯

પ્રતિ,
પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી,
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા (જી. કચ્છ)

જય ઉમિયાજી સહ લખવાનું જે આપણી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને વર્ષો પૂર્વ સમાજના આધ સુધારક શ્રી કેસરા પરમેશ્વરા તેમજ આધ. સુધારક શ્રી નારણજી રામજી લીંબણી એ જે સમાજને શુધ્ધ વૈદિક સનાતન નો રાહ ચીંધ્યો તેમજ સમયાંતરે સમાજના વડીલો તે રાહ પર ચાલી અડગ રહી આપણને શુધ્ધ સનાતન સમાજનો વારસો આપતા ગયા છે. આવી આપણી પવિત્ર સનાતન સમાજને વિધર્મીઓ દ્વારા બદનામ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા તે પ્રયાસોનો પડકાર જીલી સમાજનું બુધ્ધિધન સામે આવી દેશ, વિદેશ, વૈદિક, સંપ્રદાયો, સંગઠનો, સરકારી દફતરે જઇ પુરાવા એકત્ર કરેલ તે પુરાવાનું સંશોધન કરી સમાજનું આધ્યાત્મિક બંધારણ (દિશાસૂચક) રૂપે જે પુસ્તક સમાજ સમક્ષ મૂકી રહ્યા છો તે ધન્યવાદને પાત્ર છે. આવા બંધારણો આવતી પેઢીઓ ને દિશાસૂચક બની રહેશે.

પુસ્તક બહાર પાડવામાં તેમજ પુરાવા એકત્ર કરવામાં જે જ્ઞાની ભક્તોએ અથાગ પરિશ્રમ કર્યા છે તેઓને સમગ્ર સત્સંગ સમાજ વતી ખૂબ ખૂબ ધન્યવાદ તેમજ હાર્દિક શુભેચ્છા સહ..

"સૌનો સાથ... સમાજનો વિકાસ... સમાજનો વિશ્વાસ..."



H. Patel

હરિભાઈ કેશરાભાઈ ભગત
પ્રમુખશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ



વાલજીભાઈ હિરજીભાઈ ચવાણ
મહામંત્રીશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ

॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘ

હેડ ઓફિસ : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા-કચ્છ, ૩૭૦ ૬૧૫. ફોન : 02835 222149

પ્રમુખ :
શ્રીમતિ જશોદાબેન શાંતીલાલ નાકરાણી
સ્વિવૈન અપાર્ટમેંટ, પ્લોટ નં. ૩, બ્લોક નં. બી,
મોડલમ ભટ્ટી, સિઓલીમ, બરદેજ, ગોવા
(માપસા)-૪૦૩૫૦૭. મો. 08308090329

મહામંત્રીશ્રી :
શ્રીમતિ રમીલાબેન ખેતશીભાઇ સ્વાણી
મહાત્મા સા મીલ, હોટલ કામત પાસે,
સ્ટેશનરોડ, નાશિક-૪૨૨ ૦૧૧. (મહારાષ્ટ્ર)
મોબા. 093707 67073

મહિલા સંઘ

• ઉપપ્રમુખશ્રી

કમળાબેન શીવજીભાઈ લિંબાણી
તલોદ-ગુજરાત
મો. ૦૯૪૨૭૦ ૮૨૬૫૨

ગંગાબેન હરિભાઈ ધોળુ
પેટલાદ
મો. ૦૯૬૩૮૪૫૪૫૫૮

ગંગાબેન લાલજીભાઈ રામાણી
નખત્રાણા
મો. ૦૯૪૨૬૬૫૦૩૯૯

શીલાબેન બાબુભાઈ ભગત
બેંગલોર
મો. ૦૯૮૮૦૪ ૫૭૭૭૧

અમૃતાબેન જખુભાઈ લિંબાણી
બિદડા
મો. ૦૯૬૮૭૭૩૬૬૩૦

• મંત્રીશ્રી

ઉર્મિલાબેન નાનજીભાઈ ડાયાણી
ધાવડા
મો. ૦૭૮૭૪૮૪૭૦૬૫

વિજયાબેન રતનસીભાઈ બાથાણી
રાયપુર
મો. ૦૯૪૨૪૨૦૪૨૪૧

કમળાબેન શંકરલાલ હળપાણી
નાગપુર
મો. ૦૯૮૨૩૮૭૭૧૯૯

અનુરાધાબેન શાંતીલાલ સેંઘાણી
કોટડા, જડોદર
મો. ૦૯૪૨૮૭૪૮૩૪૨

• ખજાનચીશ્રી

જયશ્રીબેન ખીમજીભાઈ ધોળુ
ભુજ-કચ્છ
મો. ૦૯૯૨૫૩ ૧૩૬૧૨

• સહ-ખજાનચી
ગંગાબેન હરીભાઈ ધોળુ
નાગલપર - કચ્છ
મો. ૦૯૪૨૬૪ ૦૨૨૦૧.

રેફ. નં. :

તારીખ : ૦૧-જુન-૨૦૧૯

મહિલાઓ માટે વિશેષ સંદેશ

સનાતન ધર્મના કાજે આપણી માતાઓ અને બહેનો દ્વારા આપેલ અસંખ્ય બલિદાનો અને ઉઠાવેલ અસહ્ય દુઃખોના પાયા ઉપર ઉભો થયેલ હાલનો આ સનાતન સમાજ જે સેંકડો વર્ષોથી સતપંથ સમસ્યાથી પીડાઈ રહ્યો છે તેને કાયમ માટે પીડાથી મુક્ત કરવાનો સમય પાકી ગયો છે. હવે આપણે કોઈ મીઠી-મીઠી લાગણીઓ ભરી વાતોમાં ફસાઈને ભોળવી નહીં શકે. "નીયાણી" જેવી પવિત્ર લાગણીઓની અડસ લઇને સતપંથ સાથે સંબંધ ટકાવી રાખવાના પ્રપંચને હવે ચલાવી નહીં લઈએ. ઈતિહાસમાં આપણી ક્ષત્રીયકુળની દેવીઓ દ્વારા સનાતન ધર્મ રક્ષા માટે આપેલ મહાન બલિદાનો અને ત્યાગની માત્ર એક ક્ષણિક ઝલક આપતી આ ઘોષનાને આપણે ભૂલ્યા નથી.

> **"અમે તો સતપંથ પાળનારા અમારાં માવિત્રો, કુટુંબીઓ, સગાંસંબંધીઓ, સહુને છેલ્લી વારના મળી ભેટી આવ્યા છીએ."**
>
> દયાપુરની બહેનો - પેજ ૪૭, પીરાણાની પોલ

તેવીજ રીતે સતપંથ સાથે સારા સંબંધ રાખીને સનાતન ધર્મ માટે કામ કરવાના ખોટા દંભથી માનકુવાના શ્રી રાજારામભાઈ શામજી ધોળુંને મુક્ત કરનારા તેમના ધર્મપત્ની ધનલક્ષ્મીબ્હેનનો એ અસરકારક ઠપકો પણ ન ભૂલાય કે,

> **"એમ દૂધમાં ને દહીંમાં પગ રાખી બન્ને બાજુએ ઢોલકી વગાડવી, એ તો ચોક્ખી ઠગાઈ છે."**
>
> પેજ ૪૪, સ્વ. ધનલક્ષ્મીબ્હેનને સ્મરણાંજલિ - લે. ના. રા. લીંબાણી

હાલની પરિસ્થિતિમાં જ્ઞાતિને "મવાળ" નામક રોગથી મુક્ત કરવા આવા ઠપકાઓની ખુબજ જરૂરત છે. આવા કામ બીજું કોઈ નહીં પણ જ્ઞાતિની મહિલાઓજ કરી શકશે અને કરી રહી છે.

વર્ષો પહેલાં દૂરંદેશી રાખનારાં આપણા વડીલો અને માતાઓએ સતપંથ સાથે સગપણ ન કરવાના નિર્ણયને ક્યાંક આપણે વચ્ચે ભૂલી ગયા અથવા તો ભૂલવા માટે આપણને ભોળવી નાખવામાં આવ્યા. આપણે પ્રેરણા લેવી જોઈએ, પોતાના સતપંથી માવિત્રો સાથે કાયમ માટે સંબંધ કાપી નાખનારાં, ગામ પાનેલીના કંકુબાઈના સ્વાભિમાન અને વીરતાથી. તેમની વીરતાના કારણે સનાતન ધર્મ ચળવળની શરૂઆતના એ કટોકટીના સમયમાં જ્ઞાતિમાં અસાધારણ ઉત્સાહ ફેલાયો હતો. જ્ઞાતિના આદ્ય સુધારક શ્રી નારાયણ રામજી લીંબાણીએ આ રણચંડી દેવીની વીરતા ભરી વાતોની નોંધ લીધેલ છે કે,

> **"પોતાના માતા પિતાને એ દેવીએ સ્પષ્ટ જણાવ્યું કે, મારા કદાચ ટુકડે ટુકડા કરી નાખશો, તો પણ હું તમારા પંથની પાપી છાયામાં ઉભી રહેનારી નથી."**
>
> પેજ ૫૨, પીરાણાની પોલ

હવે આપણે ખુબ મક્કમતાથી એકદમ અડગ થઈ ગયા છેએ કે આપણે સતપંથીઓ સાથે કોઈ પણ જાતના નવા સગપણ કે લગ્ન સબંધોમો જોડવાના નથી. સતપંથીઓ માટે ગમે ...

॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘ

હેડ ઓફિસ : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા-કચ્છ, ૩૭૦ ૬૧૫. ફોન : 02835 222149

પ્રમુખ :
શ્રીમતિ જશોદાબેન શાંતીલાલ નાકરાણી
સ્વિવૈન અપાર્ટમેંટ, પ્લોટ નં. ૩, બ્લોક નં. બી,
મોડલમ ભટ્ટી, સિઓલીમ, બરદેજ, ગોવા
(મ્હાપસા)-૪૦૩૫૦૭. મો. 08308090329

મહિલા સંઘ

મહામંત્રીશ્રી :
શ્રીમતિ રમીલાબેન ખેતશીભાઇ રવાણી
મહાત્મા સા મીલ, હોટલ કામત પાસે,
સ્ટેશનરોડ, નાશિક-૪૨૨ ૦૧૧. (મહારાષ્ટ્ર)
મોબા. 093707 67073

• ઉપપ્રમુખશ્રી

કમળાબેન શીવજીભાઈ લિંબાણી
તલોદ-ગુજરાત
મો. ૦૯૪૨૭૦ ૮૨૬૫૨

ગંગાબેન હરિભાઈ ધોળુ
પેટલાદ
મો. ૦૯૬૩૮૪૫૪૫૫૮

ગંગાબેન લાલજીભાઈ રામાણી
નખત્રાણા
મો. ૦૯૪૨૬૬૫૦૩૯૯

શીલાબેન બાબુભાઈ ભગત
બેંગલોર
મો. ૦૯૮૮૦૪ ૫૭૭૭૧

અમૃતાબેન જખુભાઈ લિંબાણી
બિદડા
મો. ૦૯૬૮૭૭૩૬૬૩૦

• મંત્રીશ્રી

ઉર્મિલાબેન નાનજીભાઈ ડાયાણી
ધાવડા
મો. ૦૭૮૭૪૮૪૭૦૬૫

વિજયાબેન રતનસીભાઈ બાથાણી
રાયપુર
મો. ૦૯૪૨૪૨૦૪૨૪૧

કમળાબેન શંકરલાલ હળપાણી
નાગપુર
મો. ૦૯૮૨૩૮૭૭૧૯૯

અનુરાધાબેન શાંતીલાલ સેંઘાણી
કોટડા, જડોદર
મો. ૦૯૪૨૮૭૪૮૩૪૨

• ખજાનચીશ્રી

જયશ્રીબેન ખીમજીભાઈ ધોળુ
ભુજ-કચ્છ
મો. ૦૯૯૨૫૩ ૧૩૬૧૨

• સહ-ખજાનચી
ગંગાબેન હરીભાઈ ધોળુ
નાગલપર - કચ્છ
મો. ૦૯૪૨૬૪ ૦૨૨૦૧.

રેફ. નં. :

તારીખ :

(2)

તેટલી લુભામણી અને વખાણની સારી સારી વાતો આપણી સામે આવે તો પણ આપણે હવે મનમાં ગાંઠ બાંધી લીધી છે કે હવે એ આપણા નથી. મહા મહેનતે તૈયાર કરેલ આ પુસ્તકમાં પ્રકાશિત તમામ વિગતો અને વિશેષ સભાના ઠરાવો પછી હવે કંઈ બીજું વિચારવાનું રહેતુંજ નથી.

અસંખ્ય અડચણો અને ત્રાસ સહન કરીને પણ કૃષ્ણ જન્માષ્ઠામીનું એ ગોકુળિયુંનો ત્યોહાર ન છોડવાનો વિશેષ શ્રેય મહિલાઓનેજ જાય છે. આના કારણે જ્ઞાતિનું સનાતન હિંદુ ધર્મ સાથેનું મૂળ આજ દિવસ સુધી અડગ રીતે જોડાયલું રહ્યું. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની ૫૦૦-૫૦૦ વર્ષો જૂની સતપંથની પીડાનો અંત લાવવા માટે હવે સતપંથ સાથે તમામ ધાર્મિક, સામાજિક, રાજકીય, વૈદકીય તેમજ તમામ પ્રકારના ભેળસેળિયા પ્રવૃત્તિઓનો અંત કરવોજ રહ્યો, એ સમયની માંગ છે. અંધશ્રદ્ધા તરફ દોરતી "ચમત્કાર કો નમસ્કાર"ના સિદ્ધાંત ઉપર ઉપજાવી કાઢેલ વાર્તાઓને આપણા ધર્મમાં ઘુસવા નહીં દઈએ. કુળદેવી મા ઉમિયા અને ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ઉપર આપણો અટુટ વિશ્વાસજ આપણી સામે આવી પડેલ નબળા સમયનો સામનો કરવા આપણને શક્તિ આપે છે. બીજા કોઈની સામે આપણને હાથ લાંબો કરવાની જરૂરજ નથી. હવે આપણે કોઈ ચમત્કારીક વાતોમાં ફસાવવાનું નથી.

ધર્માભીમાની સત્યાગ્રહી વીરાંગનાઓના યોગદાનોની નોંધ જેમ ઈતિહાસમાં ઘણી જગ્યાએ લેવામાં આવી છે, તેવીજ રીતે આપણા આ પગલાંઓની નોંધ ફરીથી ઈતિહાસમાં લેવાશે એમાં કોઈ શક નથી. છેલ્લે સારમાં, સતપંથ છોડવા આતુર બનેલી ગામ દયાપુરની મહિલાઓનું એ યાદગાર ઐતિહાસિક નિવેદન ટાંકીને વાત પૂરી કરવામાં આવે છે કે...

"સાચું સમજ્યા પછી હજીપણ એ પાપને વળગી રહેવા કરતાં ગમે તેવા વિકટ દુઃખો સહી લેવાને તૈયાર થવામાંજ સાર છે."

પેજ ૪૭, પીરાણાની પોલ

જય મા ઉમિયા, જય શ્રી લક્ષ્મીનારાયણ



પ્રમુખ
શ્રીમતી જસોદાબેન શાંતિલાલ નાકરાણી



મહામંત્રી
શ્રીમતી રમીલાબેન ખેતસી રવાણી

Central President
Dr. Vasant Dholu
"Parishram"
14, Vallabhkunj Society,
TALOD, Dist. Sabarkantha-383215
Cell : 9426405478
E-mail : bsvasantpatel@gmail.com

॥ सनातन परमो धर्म ॥

SHRI AKHIL BHARATIYA KUTCH KADVA PATIDAR

YUVASANGH

2018-20

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ

પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, જી. ભુજ (કચ્છ) - ૩૭૦ ૬૧૫

General Secretary
Natwar Samani
Nagpur Timber Merchant Association,
Timber Bhavan,
Lakadganj, NAGPUR- 440008
Cell : 9422021889
E-mail : natwarsamani@yahoo.com

ABKKPY Reg.No. A/4017/A'bad | www.yuvasangh.org | E-mail : abkkp@yavasangh.org

શુભેચ્છા સંદેશ

તા. 19.04.2019 (ચૈત્ર સુદ પૂનમ)

પ્રતિ,
પ્રકાશન સમિતિ, શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ, નખત્રાણા.

જય ઉમિયાજી..... જય લક્ષ્મીનારાયણ.... જય સનાતન.....

સાદર નમસ્કાર,

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સાહસ અને સંઘર્ષના મિજાજથી, સરળતા અને સૌમ્યતાના સ્વભાવથી, પરોપકાર અને સંઘ ભાવનાના સંસ્કારથી, પડકાર અને પરિવર્તનના સ્વભાવથી આજે નવી ઉંચાઈએ પહોંચ્યો છે. પરંતુ, મધ્યાંતર સમયમાં અંધશ્રધ્ધારૂપી અવરોધોથી આપણી અસ્મિતા કોરાણે મુકાઇ ગઈ અને "સનાતની હિંદુ" તરીકેની ઓળખ ગુમાવી "અર્ધદગ્ધ મુસ્લિમ પીરાણાપંથી (સત્પંથી) મુમન પટેલ"ના કલંક સાથે સમાજને ખૂબ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું છે. જેના લીધે આપણે પ્રગતિના સુવર્ણમય ૫૦૦ વર્ષ ગુમાવ્યા છે.

પુ. કેશરા પર્મેશ્વરા, પુ. નારાયણ રામજી લીંબાણી, પુ. લાલરામજી મહારાજ, પુ. ઓધવ રામજી મહારાજ, પુ. રતનશી ખીમજી ખેતાણી જેવી અનેક સંત સમાન વિભૂતિઓ અને જેતે વખતના સમાજસેવીજનોએ પોતાનું સર્વસ્વ અર્પણ કરી પુનઃ "સનાતની હિંદુ" ઓળખને પ્રસ્થાપિત કરી સમાજને ગૌરવવંતી બનાવી છે.

આ કષ્ટમય સફરની પુરાવાઓ સહિતની ઐતિહાસિક જાણકારી સમાજજન સુધી પહોચાડવા માટે શ્રી ચંદ્રકાંતભાઈ છાભૈયા, શ્રી રતનશી લાલજી દિવાણી, શ્રી પ્રેમજીભાઈ કેશરાણી, શ્રી હિંમતભાઈ ખેતાણી અને શ્રી રમેશભાઈ વાગડીયા તેમજ અનેક નામી-અનામી સનાતન પ્રેમીઓએ કરેલ સહિયારા પ્રયાસથી આ દળદાર દસ્તાવેજીક પુરાવાઓ સાથેનું પુસ્તક તૈયાર થયેલ છે.

આ પહેલા "પીરાણા સતપંથની પોલ" નામક પુસ્તકે સૌ માર્ગ ભૂલેલા જ્ઞાતિજનોને સત્ય દર્શન કરાવેલ, તેમ આ પુસ્તક તો સમગ્ર વિશ્વને બાહ્ય હિન્દુ આડંબરથી ઢંકાયેલ "અર્ધદગ્ધ મુસ્લિમ પીરાણાપંથ (સત્પંથ)"ની સાચી દસ્તાવેજી હકીકતથી માહિતગાર કરશે. સર્વે હિન્દુ સનાતની સંસ્થાઓ, તેના હોદ્દેદારો અને સામાન્ય હિન્દુઓને બેવકૂફ બનાવવાની સત્પંથ-પીરાણાની મૂળ સ્ટ્રેટેજી(નીતિ) થી માહિતગાર કરતું આ પુસ્તક સાચા અર્થમાં સર્વે સનાતની સંસ્થાઓ અને હિન્દુઓ માટે દીવાદાંડી સમાન નિર્ણાયક ભૂમિકા ભજવશે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ વતીથી લેખકને, પ્રકાશન સમિતિ અને દાતા પરિવારને અભિનંદન પાઠવીએ છીએ.

આભાર સહ...

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ વતી,



પ્રો. ડૉ. વસંત ધોળુ,
સેન્ટ્રલ પ્રેસિડેન્ટ

નટવર સામાણી
સેન્ટ્રલ જનરલ સેક્રેટરી



Leadership lead with purpose live with passion

"જ્ઞાન, શીલ, એકતા એજ યુવાસંઘની વિશેષતા"
Act Locally... Think Globally...

• Education & Health • Business & Career
• Political & Leadership • Social & Spiritual



દાતા પરિવાર તરફથી નમ્ર સેવા

શ્રી માવજી રામજી વાગડિયા તથા શ્રીમતી માનબાઈ માવજી વાગડિયા

આદિ અનાદી કાળથી સનાતન હિંદુ ધર્મ પાળતા, ગૌરવવંતા આપણા કચ્છ કડવા પાટીદાર સમાજને લાંછન લાગે એવી રૂઢી અથવા ધર્મ એટલે “સતપંથ”. કહેવાય છે કે મૂળભૂત સનાતન ધર્મને અનુસરનારા આપણા સમાજમાં તાકિયા પદ્દતિના શિકાર થવાના કારણે સતપંથ માન્યતા ઘર કરી ગઈ. આપણા મૂળભૂત સનાતન ધર્મ તરફ સમાજને વાળવા માટે વર્ષ ૨૦૦૯ પછી સતપંથ સમાજની પ્રવૃત્તિઓનો અભ્યાસ તેમજ નિરીક્ષણ કરી જનજાગૃતિ અભિયાન ફરીથી એક વખત છેડાયું. ઊંઝા સ્થિત વિશ્વના સમસ્ત કડવા પાટીદારોની કુળદેવી મા ઉમિયાના દરબારમાં જ્યારે આ ચિંતા પહોંચી ત્યારે સનાતન સમાજના ભાઈઓ દ્વારા ખૂબજ તનતોડ મહેનત, પ્રવાસ, ઉજાગરાઓ કરી દેશવિદેશના ખૂણેખુણેના ગ્રંથાલયો, યુનિવર્સિટીઓ, સરકારી દસ્તાવેજો, કોર્ટના દસ્તાવેજો, સંશોધનકારો, ગઝેટીયરો, વિશ્વકોશ વગેરે અનેક વિશ્વસનીય પુરાવાઓ યુક્ત તેમજ હિંદુ ધર્મના મુખ્ય ચારે પીઠોના શંકરાચાર્યો દ્વારા પ્રમાણ પત્રો યુક્ત એક દળદાર પુસ્તક રજુ કર્યું. અને ઉમિયા માતાજી ઊંઝાના લવાદ પંચો દ્વારા એવો ચુકાદો લાવવામાં સફળ રહ્યા, જેનામાં આદેશ છે કે આપણી જ્ઞાતિ સતપંથ ધર્મને કાયમ માટે છોડી દે.

સનાતન સમાજની કોઈ પણ વ્યક્તિ હવે પછી સતપંથની તાકિયા પદ્ધતિથી ભોળવાઈ તેમજ દબાઈ ન જાય તે માટે આ ગ્રંથ/પુસ્તકનો જેટલો પ્રચાર પ્રસાર થાય એટલો ઓછો છે. સમાજના આ ભગીરથ કાર્યમાં પોતાનું નાનકડું એવું યોગદાન આપવા શ્રી માવજીભાઈ રામજી વાગડિયા પરિવારને મૌકો મળ્યો એના માટે અમે પોતાને ખૂબ ભાગ્યશાળી ગણીએ છીએ.

અમોને આ સંસ્કાર અમારા માવિત્ર વડીલ તરફથી વારસામાં આવેલ છે. મૂળ ગામ ધારેસી અને હાલ કોલ્હાપુર નિવાસી અમારા વડીલ શ્રી માવજીભાઈ રામજી વાગડિયા હંમેશાંથી સમાજના કાર્યોમાં ઓતપ્રોત રહ્યા છે. તેઓએ વર્ષ ૧૯૯૪ થી ૨૦૦૦ સુધી આપણા કેન્દ્રિય સમાજમાં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપેલ છે. કોલ્હાપુર સમાજમાં પ્રમુખ તેમજ ઉપ-પ્રમુખ, લખપત તાલુકા સમાજમાં સ્થાપક ઉપ-પ્રમુખ તેમજ માદરે વતન ગામ ધારેસી સમાજના પ્રમુખ તેમજ સ્થાપક સભ્ય રહી ચુક્યા છે. ગામમાં સમાજવાડી અને શિવ મંદિરનું નિર્માણ, ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરના જીર્ણોધાર જેવા દરેક નાનામોટા કામોમાં અગ્રેસર ભૂમિકા ભજવી છે. ઉમિયા માતાજી વાંઢાય, માંડવી હોસ્ટેલ, ભુજ કન્યા છાત્રાલય, મથલ ગૌશાળા, સુરત SUV સંકુલ, દયાપરમાં ઉમિયા માતાજી સંકુલ અને તાલુકા સમાજવાડી જેવા મહત્વના મોટા ઐતિહાસિક કાર્યોમાં પણ બધીજ રીતે સતત સહયોગ આપવાનો સદભાગ્ય મળેલ છે.

આમ સતત વાવવામાં માનતો અમારો વાગડિયા પરિવાર આજે ખૂબ જ ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે. કારણ કે અમને ફરીથી એક ઐતિહાસિક કાર્યમાં અમારી કાયમી છાપ છોડવાનો અનેરો લાહવો મળ્યો છે. અમોને ખાતરી છે કે અમૂલ્ય ધરોહર રૂપી આ ગ્રંથ સનાતાનીઓને તેમની સામે થનાર બૌદ્ધિક પ્રહારોનો સામનો કરવા સતત પ્રેરણા રૂપી દિવેલ પૂરું પાડશે. આ દીવેલથી જગમગ કરતા દીવાના પ્રકાશથી ધાર્મિક અંધકાર દૂર કરી સનાતન હિંદુ ધર્મના સુવાસ ફેલાવવાનું કામને વેગ મળશે, એમાં બેમત નથી.

શ્રી માવજીભાઈ રામજીભાઈ વાગડિયા પરિવારના સર્વે સભ્યો વતી

શ્રી હરીલાલ માવજીભાઈ વાગડિયા (LLB) | શ્રી ડાયાલાલ માવજીભાઈ વાગડિયા

શ્રી ભાવેશ હરીલાલ (B.Tech, MBA) | હિતેશ હરીલાલ (B.Com) | દેવાંગ ડાયાલાલ વાગડિયા (CS) ના

જય મા ઉમિયા   જય શ્રી લક્ષ્મીનારાયણ   જય સનાતન

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના લવાદ પંચ સામે સતપંથ સમસ્યા બાબતે રજૂઆત કરવા નિમાયેલ સનાતન સમાજ વતીથી ૧૧ સભ્યોની સમિતિના સભ્યો



શ્રી ગંગારામભાઈ હીરાલાલ સંખલા
શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ
(તત્કાલીન પ્રમુખ)



શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી
શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ
(પ્રમુખ)



શ્રી હંસરાજભાઈ દેવજી ધોળું
શ્રી વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન (પ્રમુખ)
સનાતન લવાદ અમલીકરણ સમિતિ સભ્ય



શ્રી જેઠાભાઈ લાલજી ચોપડા
શ્રી સંસ્કાર ધામ દેશલપર (પ્રમુખ)



શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી
રાયપુર



શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી
મુંબઈ



Dr. શાંતિલાલ મેઘજી સેંઘાણી -
નખત્રાણા
સનાતન લવાદ અમલીકરણ સમિતિ સભ્ય



શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી
મુંબઈ
સનાતન લવાદ અમલીકરણ સમિતિ સભ્ય



C.A. ચંદ્રકાંતભાઈ કાંતિલાલ છાભૈયા
મુંબઈ
સનાતન લવાદ અમલીકરણ સમિતિ સભ્ય



C.A. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
બેંગલોર



Dr. વસંતભાઈ અરજણ ધોળુ -
યુવાસંઘ (પ્રમુખ)
સનાતન લવાદ અમલીકરણ સમિતિ સભ્ય

Disclaimer / ખુલાસો

ભારત દેશના સંવિધાનમાં દર્શાવેલ મૂળભૂત અધિકારોમાં (fundamental rights under constitution of India) જણાવેલ "અભિવ્યક્તિની સ્વતંત્રતા" (freedom of expression) પ્રમાણે વિચારો, મંતવ્યો, અભિપ્રાયો, સુજાવો વ્યક્ત કરતું તેમજ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઈતિહાસને નોંધતું આ પુસ્તક છે. ઉમિયા માતાજી ઊંઝાના પંચો સામે સતપંથ સમસ્યા નિવારણ માટે બન્ને પક્ષો એટલે સતપંથ અને સનાતન પક્ષ તરફથી થયેલ રજૂઆતો, તત્ત્વો, ચિંતનો, બૌદ્ધિક દલીલો/તર્કો/કુતર્કો, સજ્જડ પુરાવાઓ, કોર્ટના ચુકાદાઓ, સામાજિક ભાવનાઓ અને અનુભવો, પોતપોતાના દૃષ્ટિકોણો, વાણીને વર્તનમાં ફરક હોય એવા કિસ્સાઓ વગેરે વગેરે મુદ્દાઓને સાર રૂપે આ પુસ્તકમાં સામેલ કરેલ છે. ઉમિયા માતાજી ઊંઝાના પંચો દ્વારા અપાયેલ ચુકાદો તેમજ ચુકાદાની કાર્યવાહીને પણ નોંધવામાં આવેલ છે. ચુકાદા પછી નિર્મિત મહત્ત્વની સામાજિક પ્રતિક્રિયાઓને પણ આ પુસ્તકમાં સામેલ કરેલ છે. આ પુસ્તકમાં આપેલ જાણકારીથી લોકો પોતપોતાની રીતે વિવેક બુદ્ધિથી પોતાની સમજ તૈયાર કરી, સમાજ કલ્યાણ માટે ભવિષ્યમાં શું સારું કે ખરાબ તેનો નિર્ણય લેવા માટે મદદ રૂપ થાય, અને હકીકત જેમ છે તેમ રજૂ કરવાના હેતુ થી આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે. આ પુસ્તક દ્વારા કોઈ પણ પક્ષ, ધર્મ કે સમાજની લાગણી દુભાવવાનો, વર્ગવિગ્રહ કરવાનો કે કોઈનું અપમાન કરવો વગેરે કોઈ જ હેતુ કે આશય નથી. આ પુસ્તક મારફતે કોઈનું ધર્મ પરિવર્તન કરવું કે કરાવવાનો કોઈ આશય નથી.

આ પુસ્તક કેવળ મનુષ્યોની ઉન્નતિ અને સત્ય-અસત્યનો નિર્ણય લેવા માટે, સર્વે મતોના વિષયોનું થોડું થોડું જ્ઞાન મળે અને તેથી મનુષ્યોને પરસ્પર વિચાર કરવાનો સમય મળે, એકબીજાનાં દોષોનું ખંડન કરી, ગુણોનું ગ્રહણ કરે, કોઈ અન્ય મતવાળા જૂઠમૂઠ સારું કે ખોટું લગાડવાનું પ્રયોજન નથી, કિન્તુ જે જે ભલાઈ છે તે જ ભલાઈ અને બુરાઈ છે તે જ બુરાઈ સર્વેને વિદિત થાય. મનુષ્યોની પ્રગતિનો માર્ગ સુધારવા, સત્ય અને જૂઠને અલગ કરવા, બૌદ્ધિક ચર્ચા વિચારણા કરવાનો એક અવસર / મૌકો તૈયાર કરવા, ત્રુટીઓ / ખામીઓ / દોષને ઓળખીને દૂર કરવા મદદ રૂપ થવા, સારા ગુણો / શ્રેષ્ટતા / ખૂબીઓ / ધર્મને સમજીને પ્રશંસા કરવા તેમજ તેને સ્વીકારવા અને જીવનમાં ઉતારવાના નિર્દોષ ભાવથી આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે. કોઈની નિંદા અને ટીકા કરવાનો કોઈ હેતુ નથી, પણ ઉજ્જવળ ભવિષ્ય માટે સુધારાના રસ્તાઓ શોધવાના પ્રયાસો માત્ર છે.

આ પુસ્તકમાં ચળવળ/ક્રાંતિ/લડાઈ/સંઘર્ષને શબ્દોને સમાનાર્થી ભાવે તેમજ એક બીજાના પરીયાયી અથવા તો પુરક તરીકે વાપરવામાં આવ્યા છે. આ પુસ્તકમાં જણાવેલ લડાઈ શબ્દનો અર્થ સંઘર્ષ છે. વાત કરવાના લહેજા અને સામાન્ય લોકોને સમજવાની સ્વાભાવિક સરળતા તથા સહેલાઇ રહે તે માટે અમુક જગ્યાએ લડાઈ શબ્દ વાપરવામાં આવ્યો છે. પણ આમ કરતી વખતે કોઈ પણ પ્રકારના વૈમનસ્ય, વેરઝેર, ઝગડાઓ કે સમાજ/ધર્મ વિરોધી, સમુદાયમાં ફૂટ પાડવા, વર્ગવિગ્રહ, શાંતિ અને સુમેળ ભંગ કરવા, વગેરે વગેરે અર્થમાં ન લેવો તથા સમજવો. આ પુસ્તક કટ્ટરવાદી સતપંથીઓની ગતિવિધિઓ અને કૃત્યો ઊપર છે. પૂર્વાપર સંદર્ભ કે અર્થ સુસંગત હોય એના સિવાય સામાન્ય રીતે સતપંથીઓ એટલે કટ્ટર સતપંથીઓ સમજી લેવું. આ પુસ્તકોમાં જે જાણકારી આપવામાં આવેલ છે, એ લેખકોને મળેલ જાણકારીઓ પર આધારિત છે. આ પુસ્તકમાં જે કંઈ છપાયું છે એ લેખકોના વ્યક્તિગત મંતવ્યો છે. સનાતન સમાજની સંસ્થાઓ આં મંતવ્યોથી સહમત છે, એવું ધારી ન લેવું.

આ પુસ્તકમાં અમુક લોકોના નામો લેવામાં આવ્યા છે. તેનું કારણ એ છે કે ઈતિહાસમાં જે ભૂલો થઇ છે તેનાંમાંથી લોકો પ્રેરણા લે અને એ ભૂલો ફરી ન કરે. ઈતિહાસના જે દુઃખો અને તકલીફો ફરીથી આપણા સામે ભવિષ્યમાં આવીને ઊભા ન રહે તે માટે સાચી હકીકત લખવા પાછળનો હેતુ છે. કોઈ હોદેદાર, કાર્યકર કે સભ્યના નામ જોગ વાત લખવામાં આવી હશે તો પણ ઉપર જણાવેલ બાબતને ધ્યાનમાં લેવું કે જેથી કરીને ભવિષ્યમાં આપણે પણ આ ભૂલ ન કરી બેસીએ. આવા લોકોને ઉતારી પાડવાનો કોઈ આશય નથી. નામો લેવામાં આવેલ ઘણા લોકોએ થયેલ ભૂલને સુધારી છે માટે આજે પણ સમાજમાં મહત્ત્વની જવાબદારીઓ સંભાળી રહ્યા છે. એ લોકો આજે પણ સમાજ માટે સન્માનનીય છે.

This book is for Private Circulation only. This book is not for sale.

This book is research material meant for educational and learning purposes only.

The author and publisher appreciate the fundamental rights guaranteed to every citizen of under the constitution of India towards freedom of expression and using such fundamental rights guaranteed under the constitution have merely expressed and shared their views, opinions and suggestions including dissenting views and criticism. Many articles contain frank discussion of controversial topics. Some subjects that are discussed may have legal implications in some jurisdictions. If you need specific advice please seek a professional, licensed or knowledgeable advice in that area. We do not encourage the violation of any laws, and cannot be responsible for any violations of such laws, should you use, reproduce or republish the information contained herein.

Although the author and publisher have made every effort to ensure that the information in this book was correct and reliable to the best of their knowledge, at press time, the author and publisher do not assume and hereby disclaim any liability to any party for any loss, damage, or disruption caused by errors or omissions, whether such errors or omissions result from use of this information, negligence, accident, or any other cause. The information is provided “as is” without warranty of any kind. Author and publisher do not take any responsibility or liability for accuracy, content, completeness, legality or reliability of the information contained in this book.

To explain the circumstances and events in better and easy way, so that people can grasp the message and symbolism involved, in right perspective, metaphors been used in many places. Readers are requested to appreciate this fact and not take literal & obvious meaning of words as they may appear. There can be deeper meaning and hidden message in the metaphors used which needs to be kept in mind as well.

None of the authors, contributors, administrators, vandals, or anyone else connected with this book, in any way whatsoever, can be responsible for your use of the information contained in or linked from this book. Please take all steps necessary to ascertain that information you receive from this book is correct and has been verified. Check the documentary evidences attached and references given in this book. Do independent research to ascertain and see if there is something to the contrary. Double-check all information with independent sources.

We shall not be liable for any loss or damage of whatever nature (direct, indirect, consequential, or other) which may arise as a result of use (or inability to use) or from use of (or failure to use) the information in this book. This book provides links to other websites and material owned by third parties. The content of such third party is not within our control.


The content in this book, such as text, graphics, images, information and other material are for informational purpose only. The content is not intended to be a substitute for professional legal advice or steps. Always seek legal advice from your lawyer or other qualified legal professional with the questions you may have regarding a legal situation and before taking steps of any kind based on this book.
Copies of pages and documents which are owned by third party, which are reproduced in this book, are responsibility and owned by respective owners, authors and publishers. We not claim any right whatsoever over their works. The editor(s) of the book has/have taken all reasonable care to ensure that the contents of the book do not violate any existing copyright or other intellectual property rights of any person in any manner whatsoever. In the event the author(s) has/have been unable to track any source and if any copyright has been inadvertently infringed, please notify the publisher and author in writing for corrective action.

The work in this book is not intended to be a general denigration of any person, especially Satpanthis, but is a warning to be cautious in dealing with them. Many, if not most, are excellent people. Some are not. This book refers the acts and deeds related to radical satpanth. In general, Satpanthis mentioned here, unless context and meaning otherwise suggests, mean radical Satpanthis. There is no intention to create disharmony, disrespect, division in society, disturb the peace and harmony amongst communities, demean anybody etc.

Some names and potentially identity disclosable details have not been disclosed in order to ensure security of vulnerable individuals who have been instrumental in supplying us the necessary information and proofs. Views expressed in this book are not necessarily of the Publisher and/or Akhil Bharatiya Kutch Kadva Patidar Samaj/Community. Reader discretion is requested.

શાંતિ નિર્બળ લોકોના નસીબમાં હોતી નથી....
સામર્થવાન નહીં બનો, તો અશાંતિ શિવાય નસીબમાં કંઈ નહીં મળે.


-પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી


હિંદુ ગરિમા
સ્ટેજ ૧
હિંદુ દેવો અને ધાર્મિક રિવાજો, માન્યતાઓ અને તત્વો સામે સતત પ્રશ્નો કરવા અને ઉપહાસના ખપાવવા. બીજી બાજી ઇસ્લામી મુલ્યોને સાંકેતિક રીતે સારા બતાવવા.
આ સ્ટેજ સુધી પહોંચવા એકતા, સંપ, સંગઠન, પ્રેમ, શાંતિ વગેરે પ્રચાર કરવામાં આવે.
સબકા માલિક એક, ઈશ્વર એક છે, માનવ ધર્મ મહત્વનો છે વગેરે
સ્ટેજ ૨
ગુરુને પ્રશ્ન કરવાની કોઈની હિમ્મત ન ચાલે. ધીરેથી ઇસ્લીમી મુલ્યોને વધુ મહત્વ અપાય અને હિંદુ ધર્મ સાથે સંબંધ કાપવામાં આવે.
ઇસ્લામ ગરિમા
સ્ટેજ 3
એક ધર્મ પરિવર્તન કરનારની નજરે હિંદ્દ અને ઇસ્લામ ધર્મ માટે ગરિમાના સ્તરો
ધર્મ પરીવર્તનનો પુલ / બ્રીજ
હિંદુ દુનિયા
ઇસ્લામી દુનિયા
પ્રવેશ:
1) ચમત્કારોથી લોકોને આકર્ષિત કરવા.
2) શંકા ઉત્પન્ન ન થાય એ માટે બાહ્ય હિંદુ દેખાવ કરવો.
તાકિયા
ઇસ્લામી તાકિયાના પિલર ઉપર ઉભો બ્રીજ:
1) હિંદુ ધાર્મિક પુસ્તકોને ભ્રષ્ટ કરવા.
2) હિંદુ દેવોની નિંદા કરતા કાર્યો
3) ઇસ્લામ (સતપંથ) જ કલિયુગનો સાચો હિંદુ ધર્મ
4) બ્રાહ્મણો અજ્ઞાની છે.
તાકિયા
નિકાસ:
અનુયાયીના મનમાં ઇસ્લામ માટે ખૂબ ઉંચી ગરિમા અને હિંદુ ધર્મ માટે નીચી ગરિમા
તાકિયાનો પાયો એવી જમીન ઉપર કે જ્યાં હિંદુઓમાં અજ્ઞાનતા હોય અને શંકા-કુશંકા ન રાખવાનો માહોલ હોય
સતપંથની ધર્મ પરિવર્તનની રણનીતિ સમજાવતું ચિત્ર – જુઓ પેજ ૨૭૮

वह मूर्ख होता है जो सिर्फ सच को ही जानता है,
सच और झूठ के फर्क को नहीं जानता।

વહ મૂર્ખ હોતા હૈ જો સિર્ફ સચ કો હી જાનતા હૈ,
સચ ઔર જૂઠ કે ફર્ક કો નહીં જાનતા.

ગુજરાતી ભાષાંતર:
એ મુર્ખ હોય છે જે માત્ર સચ્ચાઈને જ જાણે છે,
સચ્ચાઈ અને જુઠના ફર્કને નથી જાણતો.


Islamic World
Hindu World
ISLAM PRIDE
HINDU PRIDE
Stage 1
Stage 2
Stage 3
Narratives like Unity in Diversity, Equality, Peace and Harmony etc. used to achieve this stage.
सबका मालिक एक, ईश्वर एक है, मानव धर्म उर्फ इंसानियत चाहिए
No one dares to question the Guru. Slowly Islamic elements are given more importance and Hindu baggage is shed.
Questioning and Ridiculing Hindu religious figures, rituals and beliefs. At the same time symbolically praising Islamic values
Levels of Pride for Hinduism and Islam in the eyes of a potential convert
Religious Conversion Bridge
Exit: A convert with very high pride for Islam and no pride for Hinduism
Entry: 1) Miracles used to attract people. 2) Outwardly Hindu look is maintained to suppress suspicion
TAQIYYA
TAQIYYA
Islamic Taqiyya as Pillars: 1) Hindu Religious Books are corrupted. 2) Blasphemous Activities 3) Islam is true Hindu religion in Kaliyug. 4) Brahmins are ignorant of this fact.
Built on the grounds of Ignorance and Non-suspicion of Hindus.
Chart showing Religious Conversion Strategy - See Page 278

વિભાગ ૧

વિભાગ ૨

વિભાગ ૩

વિભાગ ૧
Section 1

સતપંથ વિષય સંપૂર્ણ જાણકારી માટે વિભાગ ૨ જુઓ

This page is intentionally left blank

१

પ્રસ્તાવના

वह मूर्ख होता है जो सिर्फ सच को ही जानता है, सच और झूठ के फर्क को नहीं जानता।
વહ મૂર્ખ હોતા હૈ જો સિર્ફ સચ કો હી જાનતા હૈ, સચ ઔર જૂઠ કે ફર્ક કો નહીં જાનતા.

ઉપર જણાવેલ સિદ્ધાંતના મર્મને ન ઓળખવાના કારણે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ છેલ્લા લગભગ ૫૦૦ વર્ષથી ધર્મના મુદ્દા ઉપર સતત મૂંઝવણમાં રહી છે. જેથી કરીને એ સતત છેતરાતી આવી છે. સચ્ચાઈની હમેશાં જીત હોય છે, આપણે સાચા હોઈશું તો કોઈ આપણો વાળ પણ વાંકો નહીં કરી શકે, એવા માત્ર આદર્શવાદી વાતોના પહેરેલા ચશ્માંના કારણે ભોળી અને અજ્ઞાની જ્ઞાતિ જૂઠને ઓળખવાની ક્ષમતાજ ખોઈ બેઠી. પરિણામે ગમે ત્યાં દોરી જઈ શકાય એવી નબળી પરિસ્થિતિમાં મુકાઇ ગઈ હતી.

પણ સદ્ભાગ્યે તેમજ પરમાત્માની કૃપાથી જ્ઞાતિમાં ધર્મના મુદ્દા ઉપર ચેતનાના વાયરા ફૂંકાયા. છેલ્લા લગભગ ૧૦૦ વર્ષમાં પીરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી સનાતન હિંદુ ધર્મનો કાયમ માટે અંગીકાર કરવા ખૂબ મોટી સંખ્યામાં લોકો આગળ આવ્યા. જાગૃતિની આ જ્વાળાને જ્વલંત રાખવા સમય સમય ઉપર નીની મોટી ક્રાંતિઓ થતીજ રહી.

હાલનો ક્રાંતિનો દોર જે છેલ્લા ૧૦ વર્ષથી ચાલ્યો છે, એ દોર થોડો વિશેષ રહ્યો છે. કારણ કે ક્રાંતિના આ દોરમાં સતપંથના એવા હથિયારની જાણ સનાતનીઓને થઇ, કે જેના કારણે સેંકડો વર્ષોથી સનાતનીઓ સતત થાપ ખાતા આવ્યા હતા. આ હતું ઇસ્લામી જેહાદનું એક મુખ્ય હથિયાર જેણે “તાકિયા” કહેવામાં આવે છે. હિંદુઓની દ્રષ્ટિકોણથી તાકિયા એટલે એવી રણનીતિ જેમાં હિંદુ વેશભૂષા અપનાવી, હિંદુ ધર્મના નામે (સતપંથ), હિંદુ ધર્મનો બાહ્ય ઉપદેશ આપી અંદરથી ઇસ્લામમાં છૂપા મૂલ્યોનો પ્રચાર પ્રસાર કરવો. ત્યાર બાદ ધીરે ધીરે હિંદુ ધર્મના સિદ્ધાંતો અને મૂલ્યોને હલકા ચીતરતાં જવાં અને ઇસ્લામને સારો અને સર્વોચ્ચ ધર્મ તરીકે બતાવતા જવું. જ્યારે એવી પરિસ્થિતિ નિર્માણ થાય કે અનુયાયી હિંદુ ધર્મમાં ગૌરવ ગુમાવી દે અને ઇસ્લામને ખુલ્લે આમ સ્વીકારવા લાગે, ત્યારે તેમનું સૌમ્ય રીતે ધર્મ પરિવર્તન કરી નાખવું. આ પ્રક્રિયા એટલી ધીમી છે કે આમાં અનેક પેઢીઓ નીકળી જાય. પહેલી પેઢીને સતપંથ જ કલિયુગનો સાચો હિંદુ ધર્મ છે એવું કહીને આકર્ષિત કરી છે , એ પાછળની પેઢીને ખબર પણ ન હોય. જ્યારે મૂળ સચ્ચાઈ ભુલાઈ જાય ત્યારે જૂઠ, નવી સચ્ચાઈ બની જાય છે. પાછળની પેઢી ઇસ્લામના મૂલ્યોનેજ ઉચ્ચ સમજીને ઇસ્લામ તરફ વફાદારી બતાવવા તત્પર થઇ ગયેલ હોય. હાલની આ ક્રાંતિના દોરમાં આ તાકિયાની જાણ સનાતનીઓને થઇ જે ખૂબ મહત્ત્વનું પગલું સાબિત થયું.

હાલની સતપંથ સામેની ચળવળમાં સનાતનીઓએ કેવી “વૈચારિક પ્રણાલી” અપનાવી, સતપંથીઓની ચાલને કેવી રીતે ઓળખી શક્યા અને તેનાથી પોતાનો બચાવ કરવા માટે કેવી રણનીતિ અપનાવી એની જાણકારી આ પુસ્તકમાં છે. સનાતનીઓની આ “વૈચારિક પ્રણાલી”ને સમજી લેવાથી વિવાદ કરતા સતપંથીઓ તેમજ દરેક એવા માણસને પછાડી શકાશે જે જૂઠ, કપટ, છળ, દગો, વિશ્વાસઘાત જેવા હથિયારોનો વિવાદ/સંઘર્ષ/લડાઈમાં ઉપયોગ કરતો હશે.

સતપંથની જૂઠ બોલવાની **ફોર્મ્યુલાને આ પુસ્તકમાં ખુલ્લી કરવામાં આવેલ છે.** જો આ ફોર્મ્યુલાને સમજી લેશો તો ભૂતકાળના બોલાયલા વિવિધ જુઠ્ઠાણાઓ વચ્ચે સામ્યતાને જાણી શકશો. એક જૂઠ બીજા જૂઠ સાથે કેવી રીતે સંકળાયેલું છે એ સમજવાથી ભવિષ્યમાં કેવા પ્રકારની નવી જૂઠ્ઠી, છેતરતી, ભરમાવતી, ભટકાવતી વાતોન આપણા સામે આવી શકે એની કલ્પના કરી શકવામાં સક્ષમ બની શકીએ. જેનાથી આપણે પોતાના બચાવ માટે જરૂરી તૈયારીઓ કરી શકીએ.

છેલ્લા લગભગ ૫૦૦ વર્ષથી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ આવા સવાલોથી ઝઝૂમતી રહી છે. સતપંથ સમસ્યાથી છુટકારો મેળવવા આ જ્ઞાતિએ વિશ્વભરના કડવા પાટીદારોની એક માત્ર માતૃ સંસ્થા એટલે “કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા

માતાજી સંસ્થાન, ઊંઝા" ને મધ્યસ્થી કરવા વિનંતી કરેલ હતી. ત્રણ-ત્રણ વર્ષ સુધી તલસ્પર્શી અભ્યાસ કરી, સતપંથ તેમજ સનાતન એમ બન્ને પક્ષોને સાંભળી તેમજ વિસ્તૃત ચર્ચા કરીને આધારભૂત પુરાવાઓને ધ્યાનમાં લઇને સત્યનું સંશોધન કરી તા. ૦૮-ઓક્ટોબર-૨૦૧૭નો ચુકાદો આપેલ છે.

ઊંઝામાં ચાલેલ આ સંપૂર્ણ પ્રક્રિયામાં સનાતનીઓએ જે તૈયારી કરી. બન્ને પક્ષો દ્વારા જે રજૂઆતો કરવામાં આવી, ઇસ્લામના જેહાદનું હથિયાર "તાકિયા"નો ઉપયોગ કરી "સતપંથ"ને કડવા પાટીદાર જ્ઞાતિમાં ઈસ્લામનો ફેલાવો કેવી રીતે કરવામાં આવ્યો એના વિષે સજ્જડ પુરાવાઓ સહીતની સંપૂર્ણ જાણકારીઓ આ પુસ્તકમાં આપેલ છે.

સાથે-સાથે સનાતનીઓ સતપંથની રણનીતિને કેવી રીતે ઓળખી ગયા અને તેને કેવી રીતે પછાડી શક્યા એની પણ જાણકારી છે. સનાતનીઓએ પોતાની રણનીતિ કેવી રીતે તૈયાર કરી અને ભવિષ્યમાં સનાતની પક્ષ અને સતપંથ પક્ષ વચ્ચે ફરીથી કોઈ કારણસર વિવાદ ઊભો થાય તો તેનો સામનો કેવી રીતે કરવો એની પણ ઝીણવટ ભરી માહિતી આપેલ છે. ભવિષ્યમાં સતપંથ વિવાદનો ઉકેલની શોધ આ પુસ્તકથી શરુ થાય એ માટે કરવામાં આવેલ ઊંડાણથી સંશોધનનો નિચોડ આ પુસ્તકમાં છે.

આ પુસ્તક દ્વારા સતપંથની છૂપી સચ્ચાઈ બહાર આવે છે કે...

- સતપંથ ધર્મ એ ઇસ્લામ ધર્મનો ભાગ છે
- નિષ્કલંકી નારાયણ એ હઝરત મૌલા અલીનું ભારતીય / હિંદુ નામ છે.
- ઈમામશાહ એ હિંદુ મહારાજ નથી, પણ ઇસ્લામના પ્રચાર માટે ભારત આવેલ મુસલમાન બાવા ઇમામુદ્દીન અબ્દુર રહીમ સૈય્યદ છે. તેમના પિતા પીર કબીરુદ્દીન હતા અને દાદા પીર સદ્દીન (સદરદિન) હતા.
- પીરાણાનું ઈમામશાહનું મુખ્ય ધાર્મિક સ્થાનક મુસલમાન સૈય્યદ સમાજના માલિકીનું એક કબ્રસ્તાનમાં આવેલ એક દરગાહમાં આવેલ એક મુસલમાની કબર છે, હિંદુ સમાધિ નથી.

આ અંગે સંપૂર્ણ જાણકારી ખૂબ રોચક અને સરળ ભાષામાં આ પુસ્તકમાં આપવામાં આવેલ છે.

કુળદેવી મા ઉમિયા અને ઇષ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણની પરમ કૃપાથી સનાતનીઓનો ઊંઝામાં સંપૂર્ણ રીતે વિજય થયો. આ એક એવી ઘટના છે, કે જેની ઈતિહાસમાં હંમેશ માટે નોંધ લેવાશે. સતપંથીઓની અવનવી ચાલો, રમતો, પ્રપંચો, ભલભલા બુદ્ધિજીવીની બુદ્ધિને ભરમાવી નાખનારી ચાલો, ઈસ્લામી ઘાતક તાકિયાનો પ્રયોગ વગેરે સાથે સતપંથી હિંદુ હોવાનો પ્રચાર હોય, હિંદુ સાધુ સંતો અને હિંદુ રાજકીય સંગઠનોનો ટેકો તેમને મળતો હોય, એવી પરિસ્થિતિમાં તેમની સાથે અલ્પ સાધનો દ્વારા મહદ અંશે વ્યક્તિગત રીતે લડાઈ લડીને સમાજને જિતાડવી એ કોઈ નાની ઉપલબ્ધિ નથી. સમાજ પાસેથી સતપંથ સામે લડવા માટે ઊંઝામાં સનાતનીઓ તરફથી વાત રજૂ કરવા માટે મળેલ મંજૂરી સિવાય વિશેષ કોઈ સાધનો મળ્યા નહોતાં. હા, સામાન્ય સનાતની લોકોની લાગણીઓ અને સદભાવનાઓ જરૂર સાથે હતી.

આવા અલ્પ સાધનો વચ્ચે, જે રણનીતિ, જે બુદ્ધિ, જે તૈયારી, જે મહેનત, જે ભૂલોથી શીખ લઇને આગળ વધ્યા, વિચાર કરવાની પ્રણાલિકા (thought process), સામાન્ય લોકો દ્વારા મળેલ સહયોગ, આપણી વચ્ચે બેઠેલા આપણા ગદ્દારો અને મવાળોથી બચીને, જે રીતે સફળતાના આ મુકામ સુધી પહોંચ્યા છીએ, તેનો સંપૂર્ણ ચિતાર આ પુસ્તકમાં વિસ્તૃત રીતે આપવામાં આવેલ છે. જેથી આગામી પેઢી અગર સતપંથ સામે લડાઈમાં ઊતરે, તો પોતાની રણનીતિ બરાબર તૈયાર કરી શકે, અને સતપંથ સામેની લડાઈમાં તેઓને હારનો સામનો ન કરવો પડે, એ હેતુથી આ પુસ્તકને પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં અનેક જગ્યાએ મારા વિચારો અને અભિપ્રાયો આપેલ છે. કારણ ભવિષ્યમાં લડાઈ બૌદ્ધિક લડાઈ હશે. આપણા દિમાગ ઉપર પ્રહારો થશે અને આપણે સામેવાળાના દિમાગ ઉપર પ્રહારો કરવા પડશે. બાહુબળ ભાગ્યેજ વપરાશે,

એ પણ બૌદ્ધિક વારને અસરકારક બનાવવા પૂરતું. માટે માહિતી, બુદ્ધિ અને સચોટ રણનીતિ ઉપર જેની પકડ હશે, એજ લડાઈ જીતશે અથવા તો સામેવાળાને લડાઈ જીતવાથી રોકી શકશે.

આ પુસ્તકના માધ્યમથી હું લેખક તરીકે તમારી સાથે નહીં પણ તમારા દિમાગ સાથે બૌદ્ધિક રીતે વાત કરવા માંગુ છું. કારણ દિમાગ સાથે વાત કરવાથી મનની ભાવનાઓ, લાગણીઓ, સંબંધોને બાજુમાં મૂકીને પરિસ્થિતિનું સાચું મૂલ્યાંકન કરવાની ક્ષમતા આવે છે. પરિસ્થિતિનું સાચું મૂલ્યાંકન દ્વારાજ સાચો રસ્તો તૈયાર કરી શકીએ. કારણ કે જ્યાં સુધી લડાઈ ખતમ નથી થતી, ત્યાં સુધી આપણે ગાફેલ નથી રહેવાનું.

આ પુસ્તકમાં સનાતનીઓની બધીજ રણનીતિઓને સામેલ નથી કરવામાં આવી. અમુક ખાસ છૂપી રણનીતિ તેમજ છૂપાં પગલાં જે હાલમાં જાહેર કરવા લાયક નથી, એ આ પુસ્તકમાં સામેલ નથી કરવામાં આવ્યાં. ભવિષ્યની સતપંથ સામેની સંઘર્ષ/લડાઈમાં સનાતનીઓનો પક્ષ નબળો ન પડી જાય, તેમજ સતપંથીઓ પોતાની તૈયારી પૂરી રીતે ન કરી શકે, તેવા લાંબા ગાળાના હેતુથી અમુક બાબતો જાહેર નથી કરવામાં આવી. જેની નોંધ લેશો. જ્યાં સુધી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સતપંથ ધર્મ પાળતો વર્ગ કાયમ માટે સંપૂર્ણ રીતે ખતમ ન થઇ જાય, રોટી બેટી વ્યવહાર બંધ ન થઇ જાય, સહિયારી સામજિક મિલકતો જુદી ન પડી જાય, તેમજ સામાજિક, પારિવારિક, ધાર્મિક અને અન્ય કોઈ પણ સંયુક્ત રીતે સહિયારા પ્રયાસથી ચાલતી સંસ્થાઓ, સંગઠનો અને કાર્યક્રમો બંધ ન થઇ જાય, ત્યાં સુધી આ સંઘર્ષ/લડાઈ ચાલવાની છેજ. સંઘર્ષ/લડાઈની તીવ્રતામાં ઊંચનીચ આવશે. અમુક વર્ષો શાંત હશે, તો અમુક વર્ષો સંઘર્ષ/લડાઈ જોરમાં ચાલશે. આ લડાઈ કોઈ એક બે વ્યક્તિના હાથમાં નથી. આ લડાઈ વિચારોની છે, સિદ્ધાંતોની છે. સનાતનીઓએ આ લડાઈને વર્ષો સુધી લડવા માટે તૈયારી છે. તેવીજ રીતે અંતે લડાઈ જીતવા માટેની વ્યૂહરચનામાં પણ સમય અનુસાર સુધારા વધારા કરતા રહેવું પડશે. સનાતનીઓ પોતાના અંતિમ ટાર્ગેટ (લક્ષ્ય)ને સાધવાનો અભિગમ ક્યારેય પણ છોડવો નહીં. ભવિષ્યમાં આવનાર નબળા દિવસોમાં પણ દરેક સનાતનીઓના મનમાં આ લક્ષ્ય સિદ્ધ કરવાની પ્રબળ જ્વાળા જ્વલંત રાખવી પડશે. અંતે જીત સનાતનીઓનીજ છે, માત્ર બુદ્ધિ પૂર્વક પગલાં ભરવાની જરૂરત છે.

આ પુસ્તક ભાવિ પેઢીને સમર્પિત છે,

કારણ આપણે ઈતિહાસથી મળેલ શીખને કોઈ દિવસ ભૂલવી નથી.

સમાજમાં બૌદ્ધિક ક્રાંતિ લાવવા માટે ચાણક્ય બુદ્ધિનું વિશેષ બીજ રોપવાની કોશિશ આ પુસ્તક દ્વારા કરવામાં આવેલ છે. કપટ કરવા માટે કપટ શીખવું નથી, પણ કપટથી બચવા માટે કપટને જાણવું છે. જ્ઞાતિની “ભલી ને ભોળી”ની છાપ બદલીને “ચતુર ને હોંશિયાર”ની નવી છાપ નિર્મિત કરવી છે.

તારીખ : ૧૬-ઓગસ્ટ-૨૦૧૯
તિથિ : ગુજરાતી વિક્રમ સંવત ૨૦૭૫ શ્રાવણ વદ ૧
સ્થળ : નખત્રાણા



લેખક: C.A. શ્રી પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા

૨ જ્ઞાતિમાં સતપંથ સામે સંઘર્ષની પરિસ્થિતિ

1. **પૂર્વભૂમિકા:** એવું તો આખરે શું હશે કે એક વ્યક્તિને પોતાના પરિવાર, ભાઈઓ, નિકટના વ્હાલા સ્વજનો, પોતાની બાપ દાદાની ખેતી, જમીન અને મિલકતોને ખુશી ખુશી છોડવા તૈયાર થઈ જાય છે? એવું તો શું હશે કે આમ કરતી વખતે પોતાના મનના દુઃખની પીડાને કાબૂ કરી શક્યા હશે? પોતાનું સર્વસ્વ લુટાઈ ગયેલ હોવા છતાં પણ એ માણસ પોતાને ખૂબ બુદ્ધિશાળી કેમ સમજતો હોય? એવું તો શું હશે કે પોતાનું માદરે વતન છોડી, પોતાની ગુંજતી દુનિયા છોડીને દૂર, અજાણ્યા પ્રદેશમાં, વેરાન, સુખા, દુષ્કાળ પ્રદેશમાં જઈને રહેવા માટે તૈયાર થઈ જાય?

   જરા વિચારો તો ખરા કે આપણી અને આપણા વડીલોની વર્ષોની મહામહેનતે ઊભી કરેલ બધીજ સુખ-સમૃદ્ધિઓ, તેમજ આપણે જેના ઉપર નિર્ભર હોય એવી આપણી આજીવિકાના સાધનો, આપણા પરિવારો, ભાઈઓ, સગાઓ, વહાલાઓ, સ્વજનો, મિત્રો, આપણું માદરે વતન, આપણું ગામ શું છોડવા તૈયાર થશું? અને એના બદલામાં આપણને શું મળે? કંઈ નહીં. ઊલટું આપણા જીવનમાં કષ્ટ, પીડા, દુઃખ, ગરીબી, ભૂખ જેવા અસંખ્ય અને અનપેક્ષિત મુશ્કેલીઓથી આપણે ઘેરાઈ જઈએ. એવી કઈ અપેક્ષા / લાલચ / વિશ્વાસ / શ્રદ્ધા હોઈ શકે?

2. **અંધવિશ્વાસ/અંધશ્રદ્ધા:** આવીજ કોઈક લાલચ / અંધવિશ્વાસ/ અંધશ્રદ્ધાના વશમાં આવીને મજબૂર, નિર્દોષ, સરળ, ભોળા લોકો પોતાની જાતને મારી નાખવા તૈયાર થઈ જતા હોય છે. પોતાને બોમ્બથી ઉડાવી દેનાર આત્મઘાતી હમલાવર બનવા તૈયાર થતા હોય છે. જેણે આપણે સામાન્ય ભાષામાં “આતંકવાદી” કહીએ છીએ. આપણે સહુ જાણીએ છીએ કે ઈસ્લામ માટે નિર્દોષ, ભોળા લોકોનું મગજ ફેરવી, તેમની મજબૂરીનો લાભ લઈ, એવી-એવી વાતો પર તેમને વિશ્વાસ કરતા કરી દેવામાં આવે છે, જેમાં મરણ પછી, સીધું સ્વર્ગ, સ્વર્ગમાં ૭૨ હુરું મળશે, ધરતીપર જેના માટે વલખાં મારતા હોય એવી તમામ સુખ સુવિધાઓ, અલ્લાહના સહુથી પ્રિય બનવાની લોભામણી વાતો સામેલ છે. આ વાતોને એવા જોશ અને જુસ્સાની સાથે પીરસવામાં આવે કે એક સામાન્ય માણસને આવી વાતો પાછળની રમતોની કલ્પના પણ ન હોય. ધીરે ધીરે એની માનસિક સ્થિતિ એવી કરી દેવામાં આવે કે જે કંઈ વાત એની સામે મૂકવામાં આવે એજ એમના માટે સત્ય છે અને એનું પાલન કરવા સિવાય તેનો જીવનમાં કોઈ બીજો ઉદ્દેશ નથી. ટૂંકમાં ઈસ્લામના કુટિલ પ્રચારકો, પોતાના સ્વાર્થ માટે લોકોના જીવન સાથે ખિલવાડ કરતા હોય. રમત એટલી ઊંડી હોય, કે શિકાર થયેલ વ્યક્તિને પણ ખબર ન હોય કે એ ક્યારે કોઈની રમતનો શિકાર બની ગયો.

   આવુંજ કંઈ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સાથે થયેલ છે. મૂળમાં આ અકલ્પનીય પરિસ્થિતિને પણ વાસ્તવિકતામાં આ જ્ઞાતિ ઉપર થોપવામાં આવી છે અને તેના કારણે આ જ્ઞાતિને ખૂબજ ભોગવવું પડ્યું છે.

3. **તાકિયા**: આ બધું શક્ય થયું છે ઈસ્લામના એક હથિયાર “અલ-તાકિયા” ઉર્ફે “તાકિયા” ના કારણે. લોકોના મગજ ભ્રષ્ટ કરવાનું મૂળ યંત્ર છે - તાકિયા. સતપંથની સફળતા પાછળનું પણ મૂળ મંત્ર કહો યા કહો મૂળ રણનીતિ પણ તાકિયા છે.

   આપણે સર્વેને જાણ છે કે ઈસ્લામ ધર્મનો ફેલાવો મુખ્ય બે રીતે કરવામાં આવ્યો. એક છે “બળ” અને બીજો છે “કળ”. બળ એટલે તલવારના જોરે અને કળ એટલે યુક્તિ/પ્રયુક્તિના જોરે. સતપંથ ધર્મનો પ્રચાર યુક્તિના જોરે ભારતમાં કરવામાં આવ્યો.

4. **ઈસ્લામની પ્રગતિમાં મુખ્ય અડચણ:** જ્યારે શિયા પંથના પ્રચારકો ભારતમાં ઈસ્લામ ધર્મના પ્રચાર માટે આવ્યા, ત્યારે એમણે જાણ્યું કે સારા-સારા ઉપદેશો આપ્યા બાદ પણ, લોકો ઈસ્લામ ધર્મને સ્વીકારતા નહોતા. માટે ઊંડાણથી તપાસ કરવાથી તેમને જણાયું કે તેમની અસફળતા પાછળના મુખ્ય બે કારણો હતાં, જે આ પ્રમાણે છે.

   1. **હિંદુ ધર્મના ઉચ્ચ આદર્શો અને મૂલ્યો:** હિંદુ ધર્મના આદર્શો અને મૂલ્યો એટલા ઉચ્ચ હતા, કે ઈસ્લામના આદર્શો અને મૂલ્યો તેમની બરાબરી કરી શકતા નહોતા. પ્રચાર કરવામાં આવતા ઇસ્લામના આદર્શો અને મૂલ્યોને હિંદુઓ અગાઉથી જાણતા અને પાળતા હતાજ. એટલે હિંદુઓ માટે ધાર્મિક રીતે કઈ નવું આપવામાં એ લોકો અસમર્થ હતા.

   2. **વર્ણ આધારિત સમાજ રક્ષા કવચ:** ભારતમાં પ્રચલિત વર્ણ વ્યવસ્થાના કારણે, ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરનાર વ્યક્તિને તરતજ સમાજ બહાર મૂકી દેવામાં આવતો. તે સમયની સામાજિક વ્યવસ્થાના કારણે સમાજ બહાર થયેલ વ્યક્તિનું અસ્તિત્વ ટકાવી રાખવું લગભગ અશક્ય હતું.

માટે શિયા ઈસ્લામના પ્રચારકો સામે આવેલ આ બે મુશ્કેલીઓનો રસ્તો કાઢવો જરૂરી હતું. ઈસ્લામના ચતુર પીર, દાઈ, સુફી વગેરેએ, હિંદુ ધર્મના મજબૂત રક્ષા કવચને ભેદવા માટે એવો રસ્તો કાઢ્યો કે જેનાથી અનુયાયી સતપંથને સહજ સ્વીકારી લે અને પોતાના મૂળ હિંદુ સમાજમાં રહી પણ શકે.

5. **અડચણોને દૂર કરવા યુક્તિઓ:** એ લોકોએ ઈસ્લામના એક પંથ, જેનું નામ "સીરાત-અલ-મુસ્તકીન" (એટલે કે "સીધો રસ્તો" અથવા તો "સાચો રસ્તો") હતું તેને ભારતમાં લાવવાનું નક્કી કર્યું. આ પંથને ભારતીય/હિંદુ નામ "સતપંથ" આપવામાં આવ્યો. આ સતપંથને કલિયુગનો સાચો હિંદુ ધર્મ તરીકે લોકો સામે મૂકવામાં આવ્યો. આ સતપંથમાં ઈસ્લામ ધર્મના મૂળ બીજની અરસપરસ બાહ્ય હિંદુ દેખાવ આપવામાં આવ્યો. એવી યુક્તિ ભરી વ્યવસ્થા ગોઠવવામાં આવી કે હિંદુ દેવી દેવતાઓને મોઢે છૂપી રીતે ઈસ્લામનો સંદેશ આપવામાં આવતો. જેના કારણે અજાણ અને ભોળા હિંદુઓ, શંકા મુક્ત થઈ, પોતાના મનના ગમા-અણગમા એક બાજુ મૂકીને સતપંથ ધર્મને સહેલાઈથી સ્વીકારી લીધો. કારણ કે પોતાના જ દેવી-દેવતાની વાત ખોટી હોય, એ એમની કલ્પનાની બહારજ હોય.

આ કામ પાર પાડવા માટે સતપંથના પ્રચારકોએ હિંદુ ધર્મના શાસ્ત્રોને ભ્રષ્ટ કર્યા. સહુથી પહેલાં, હિંદુ ધર્મના વિષ્ણુ દશાવાતર ગ્રંથને ભ્રષ્ટ કરીને એક નવો પણ બનાવટી સતપંથ દશાવતાર ગ્રંથ રચ્યો. તેમાં શિયા ઈસ્લામના સર્વોચ્ચ દેવ "હઝરત મૌલા અલી તાલિબ" (ઉર્ફે અલી), જે ઇસ્લામ ધર્મના સ્થાપક મુહમ્મદ પૈગંબરના કાકાઈ ભાઈ અને જમાઈ થાય, એ અલીને વિષ્ણુ ભગવાનના છેલ્લો એટલે કે ૧૦મો અવતાર તરીકે ગોઠવી દીધા. હિંદુઓ આ વાતને સહેલાઈથી સ્વીકારીલે એ માટે અલીને ભારતીય / હિંદુ નામ "નિષ્કલંકી નારાયણ" આપવામાં આવ્યું.

બીજું પગલું હતું કે સતપંથના અનુયાયીઓને કડક આદેશ આપવામાં આવતો કે પોતાના નવો ધર્મને (એટલે સતપંથને) ગુપ્ત રીતે પાળે. પોતાના નિકટના પરિવારજનો સાથે પણ ચર્ચા કરવા પર મનાઈ હતી. આના માટે, એવો પ્રચાર હતો કે કલિયુગમાં હવે ખૂબ ઓછા દિવસો બચ્યા છે. અને કલિયુગના અંતે માત્ર અમુક લોકોજ અમરાપુરીમાં (સતપંથના શાસ્ત્રોમાં સ્વર્ગનો એક પ્રકાર, જેમાં ૭૨ હુરું મળવા જેવી લોભામણી વાતો છે) જઈ શકશે. માટે અગર તમારે અમરાપુરીમાં જવું હોય, તો તમારે "ગુપ્તી" તરીકે રહેવું. મતલબ કે અગર તમે સતપંથ ધર્મ પાળો છો, એ વાત બીજાને ખબર પડી ગઈ તો તમને સ્વર્ગ નહીં મળે. ખોટી રીતે ઊભા કરવામાં આવેલ આવા ડરના કારણે, સતપંથના પ્રચારકો સતપંથ ધર્મ છુપાવી રાખવામાં સફળ રહ્યા.

6. **યુક્તિઓનું પરિણામ:** આ બન્ને યુક્તિઓ હિંદુઓની દૃષ્ટિએ એટલી ઘાતક નીવડી કે હિંદુ ધર્મના મજબૂત રક્ષા કવચને ભેદવામાં સતપંથ સફળ રહ્યું. આ યુક્તિ પ્રયુક્તિ પાછળનું સૂત્ર (ફાર્મ્યુલા) હતું "તાકિયા". તાકિયાના પ્રયોગના કારણે સતપંથ ધર્મમાં, હિંદુ ધર્મનો દેખાવ અપનાવીને, હિંદુ ધર્મના પ્રચારના બહાને, સૌમ્ય રીતે ઈસ્લામના છૂપા સંદેશાઓનો પ્રચાર કરવાની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી. આ વ્યવસ્થાના મદદથી ઈસ્લામ ધર્મનું મૂળ (બીજ) હિંદુ અનુયાયીઓમાં નાખી દેવામાં આવ્યું અને હિંદુઓને ખબર પણ ન પડી. કારણને પ્રચાર પદ્ધતિ એવી હતી કે કલિયુગનો સાચો હિંદુ ધર્મ તો માત્ર સતપંથ છે. આ જુઠ્ઠાણું પકડાઈ ન જાય એટલા માટે પણ સતપંથ ગુપ્ત રીતે પાળવાનું કહેવામાં આવતું. બીજી બાજુ સતપંથના અનુયાયી પાસેથી સ્વર્ગમાં જવા માટે ફરજિયાત આવકનો ૧૦મો ભાગ, દસોન્દ તરીકે લેવામાં આવતો. તેવીજ રીતે અન્ય ધાર્મિક કર અને લાગાઓની નામે સતપંથના અનુયાયીઓને આવકના સ્ત્રોત તરીકે સતપંથના પ્રચારકોએ ગોઠવેલ હતા. આ અંગેની મહત્ત્વની સંપૂર્ણ જાણકારીઓ આ પુસ્તકમાં આગળ આપવામાં આવેલ છે.

7. **કચ્છમાં સ્થળાંતર કરવા પાછળનું મૂળ કારણ:** આ પ્રપંચમાં ઘણી હિંદુ જ્ઞાતિઓ ફસાણી. જેમાં લોહાણા, સુમરા, ભાટિયા, કણબી, રબારી વગેરે સામેલ છે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના પૂર્વજો, મૂળમાં ખેતી કરનાર સ્વભાવે સરળ, ભોળા, અજ્ઞાની, શંકા-કુશંકા ન રાખનારા અને શ્રદ્ધાળુ હોવાના કારણે સતપંથના શિકાર બન્યા. ત્યારે આ લોકો ઊંઝા, મહેસાણા, અમદાવાદ, ચરોતર વગેરેની આસપાસ રહેતા હતા. તેમના તે વખતના હિંદુ ભાઈઓએ તેમને સમજાવ્યા કે તમે ધર્મના ખોટા રસ્તા પર છો. તેમને એ પ્રદેશમાંથી ગામ બહાર કરવામાં આવ્યા. પણ એ લોકોએ એમની એ વાતને સ્વીકારવા તૈયાર ન થયા. તેની પાછળનું એક મુખ્ય કારણ હતું, સતપંથજ સાચો હિંદુ ધર્મ છે એ પ્રચાર અને માત્ર સાચા સતપંથીને મૃત્ય પછી અમરાપુરી (૭૨ હુરું, દેવોની સંગત અને સુખ સુવિધાઓ વગેરે યુક્ત) મળશે એવી આપવામાં આવેલ લાલચ. અંધશ્રદ્ધા અને લાલચમાં એટલા ડૂબ્યા રહ્યા કે એ લોકોએ ગુજરાતની ફળદ્રુપ જમીન છોડીને કચ્છ જેવા સૂકા રણ વિસ્તારમાં રહેવા તૈયાર થઈ ગયા.

8. **હિંદુ મૂળ ટકાવી રાખવા સંઘર્ષ:** પણ સદ્‌ભાગ્યે જ્ઞાતિના એક દૂરંદેશી વિચાર ધરાવનાર વડીલ શ્રી વિશ્રામભાઈ નાકરાણીને ખ્યાલ આવી ગયો કે આપણે એક મુસલમાનને (સૈય્યદ ઈમામશાહને) ગુરુ તરીકે સ્વીકારીને ભૂલ કરી છે. પણ આગળ ચાલતા જ્ઞાતિ મુસલમાન ન બની જાય, તે માટે તેમના અંતિમ સમયમાં એમને જ્ઞાતિ પાસેથી બે વચનો લેવડાવ્યાં. પહેલું હતું, કે જ્ઞાતિ કૃષ્ણ જન્માષ્ટમી ઉજવવાનું ક્યારે બંધ નહીં કરે. અને બીજું હતું કે જ્ઞાતિ કોઈ દિવસ માંસાહાર નહીં કરે. આના કારણે જ્ઞાતિનું મૂળ હિંદુ ધર્મ સાથે કાયમ માટે ટકી રહ્યું. ત્યાર બાદ લગભગ ૪૦૦ વર્ષ સુધી જ્ઞાતિ ન હિંદુ ન મુસલમાન એવા ખીચડિયા અર્ધદગ્ધ પંથમાં ચાલતી રહી. વચ્ચે કેશરા પર્મેશ્વરા આવ્યા જેણે સ્વામીનારાયણ પંથનો પ્રચાર કર્યો. ત્યાર બાદ જ્ઞાતિમાં સંત લાલરામ મહારાજનો પ્રવેશ થયો. જેમના શિષ્ય સંત ઓધવરામ મહારાજ હતા. તે દરમ્યાન શ્રી નારાયણજી રામજી લીંબાણીએ, સતપંથ ધર્મની પોલ દુનિયા સામે ખુલ્લી કરી અને જ્ઞાતિમાં સનાતન ધર્મનો પ્રચાર પ્રસાર કર્યો. તેમણે ખૂબ મોટી ઝુંબેશ ચલાવી. જેમાં તેઓ મહદ અંશે સફળ પણ રહ્યા. પણ તેમની સફળતા વધુ સમય માટે ટકી ન શકી. ત્યારે શ્રી રતનશી ખીમજી ખેતાણી અને સંત ઓધવરામ મહારાજની જોડી દ્વારા તૈયાર કરવામાં આવેલ રણનીતિ ખૂબ કારગત નીવડી. પ્રેમ, સંપ, સંગઠન, એકતા, વિકાસના પાયા ઉપર તેમની ટીમે સનાતન સમાજનો પાયો નાખ્યો. જે લોકો સતપંથને છોડતા, તે લોકોને સનાતન સમાજમાં ખૂબ સરળતાથી સ્વીકારી લેવામાં આવતા. કોઈ પણ અવરોધ કે વિધિ વિધાન કરવાની જરૂરત નહોતી. લોકોને પ્રેમથી સમજાવવામાં આવતું કે સતપંથ શા માટે હિંદુ ધર્મ નથી. એક સાચા હિંદુને સતપંથ ધર્મ શોભે નહીં. જેમ જેમ લોકોને સત્ય હકીકત સમજાતી, તેમ તેમ સતપંથને છોડી દેતા. કોઈની સાથે દબાણ કરવામાં આવતું ન હોતું.

9. **સુધારવાદી પ્રવૃત્તિઓ અને સનાતન સમાજની સફળતા:** સંત ઓધવરામ મહારાજ, તેમના પટ શિષ્ય સંત દયાળદાસ મહારાજની પ્રેરણા અને દેખરેખમાં અમલમાં મૂકેલ આ રણનીતિ એટલી કારગત નીવડી કે જ્ઞાતિનો બહુજ મોટો ભાગ સતપંથ છોડીને સનાતન સમાજમાં ભળી ગયો. બીજી બાજુ સનાતન સમાજને ટકાવવા માટે સંસ્થાઓ અને સુવિધાઓ ઊભી કરવામાં આવી. ઇષ્ટદેવ તરીકે ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો, ગેઢેરા વ્યવસ્થાને ભંગ કરીને સનાતની કેન્દ્રીય

સમાજની રચના, મૂળ કડવા પાટીદાર જ્ઞાતિ સાથે જોડાઈ રહે તે માટે વાંઢાય ખાતે ઉમિયા માતાજીનું મંદિર, કેળવણી માટે વિદ્યાર્થી બૉર્ડિંગ સંકુલ, અને આર્થિક કમર તોડનાર, ફરજિયાત દસોન્દ, લાગાઓ અને અન્ય કુરિવાજોને જ્ઞાતિમાંથી કાયમ માટે નાબૂદ કરવામાં આવ્યા. આના કારણે સનાતન સમાજ જલદીથી સફળ થયો.

10. **સનાતન સમાજમાં સતપંથ બાબતે સુષુપ્તતા/નીરસતા:** સનાતન સમાજની સફળતાના કારણે કચ્છની અન્ય હિંદુ જ્ઞાતિઓ પણ હવે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને હિંદુ તરીકે સ્વીકારવા લાગી. સનાતન સમાજ છોડીને પાછા સતપંથમાં જવાના કોઈ કિસ્સાઓ જોવા નહોતા મળતા. જૂજ કોઈ કિસ્સા બન્યા હશે, તો તે અપવાદ સિવાય કંઈ નહોતા. સતપંથ છોડીને સનાતનમાં આવવાનો દોર અંદાજે વર્ષ ૧૯૮૫ સુધી એક ધારો ચાલ્યો. સતપંથમાંથી જ્ઞાત બહાર થયેલ લોકોની સમાજ એટલે સનાતન સમાજ હવે ખૂબ મોટી થઇ ગઈ હતી. સનાતન સમાજના આગેવાનો પોતાની સફળતાને લઇને એટલા આશ્વસ્ત થઇ ગયા હતા, કે એ લોકોએ સતપંથ ઉપર ચાંપતી નજર રાખવાનું બંધ કરી દીધું. એ લોકો એવી ખોટી ખાતરીમાં આવી ગયા કે સતપંથ હવે ખતમ થઇ ગયું છે. હવે સતપંથની કોઈ ચિંતા કરવાની જરૂર નથી. આના કારણે પહેલાં સુષુપ્તતા ફેલાણી, જે સમય જતા નીરસતામાં બદલાઈ ગઈ. પરિણામે સનાતની સમાજના નવા યુવાનો પોતાની સમાજના ધાર્મિક ઈતિહાસથી વંચિત રહી ગયો. આવા યુવાનો લોટના પીંડા જેવા હતા, જે બનાવવું હોય તો બની શકે. પ્રેમ, સંપ, સંગઠન, વિકાસ, પ્રગતિ, રાજકીય ફાયદો, વગેરે વગેરે આદર્શવાદી વાતોના દમ ઉપર અને સનાતની સમાજમાં ફેલાયેલ ધાર્મિક ઈતિહાસની અજાણતાનો લાભ લઇને, સતપંથના પ્રચારકોએ સનાતન સમાજના યુવાનોને બેવકૂફ-બનાવવાના/છેતરવાના પ્રયત્નો કર્યા.

11. **પીરાણાની ગબડતી પરિસ્થિતિ રોકવા બાહ્ય ફેરફારો:** વર્ષ ૧૯૮૫ સુધી સતપંથ છોડનારા લોકોનો પ્રવાહ એક ધારો ચાલ્યો હતો, જેનાથી પીરાણા સતપંથની પરિસ્થિતિ ખૂબ નબળી થઇ ગઈ હતી. પીરાણા સતપંથની ગબડતી પરિસ્થિતિને સુધારવા તે સમયે મોટા ફેરફારો કરવામાં આવ્યા. આ ફેરફારો એટલા ઘાતક હતા કે આગામી લગભગ ૨૫ વર્ષ સુધી એ ફેરફારો પાછળની રમતને સનાતન સમાજ સમજી ન શક્યું. પીરાણા સતપંથનું અસ્તિત્વ ટકાવવા માટે, અનુયાયીઓની ઘટતી સંખ્યા અને ઘટતી આવકને અટકવવાની તાતી જરૂર હતી. પીરાણાની આવક વધારવા માટે અનુયાયીઓ વધારવા જરૂરી હતું. પણ વર્ષ ૧૯૮૫ અરસા સુધી સતપંથનું અસલ ઈસ્લામી સ્વરૂપની જાણ કચ્છ કડવા પાટીદાર (ક.ક.પા.) જ્ઞાતિના ઘરો ઘર સુધી પહોંચી ગઈ હતી. ઈસ્લામ ધર્મ સાથે જોડાવવામાં ક.ક.પા. જ્ઞાતિના લોકો હવે શરમની લાગણી અનુભવતા હતા. એટલે એક એવા ઉપાયની જરૂરત હતી, કે જેના થકી લોકો મોટી સંખ્યામાં પીરાણા સતપંથ સાથે જોડાય અને તેમાં તેમને ગૌરવની લાગણી અનુભવે.

12. **તાકિયાના પુનઃ પ્રયોગથી બાહ્ય બદલાવ:** આ ઉપાયને અમલમાં લાવવા માટે ફરીથી એક વખત ઈસ્લામનું મહત્ત્વનું હથિયાર "અલ-તાકિયા" ઉર્ફે "તાકિયા"નો પ્રયોગ કરવામાં આવ્યો. પીરાણા સતપંથના મૂળ ધાર્મિક પુસ્તકોમાં બાહ્ય ફેરફાર કરવામાં આવ્યા. જ્યાં જ્યાં ઈસ્લામી/અરબી શબ્દો હતા, તેનાં બદલે સમાનાર્થી હિંદુ/ભારતીય/ગુજરાતી શબ્દો મૂકી દેવામાં આવ્યા. દાખલા તરીકે "અલી"ની જગ્યાએ "નારાયણ", "અલ્લાહ"ની જગ્યાએ "પ્રભુ", "નુર"ની જગ્યાએ "જ્યોતિ", "મુહમ્મદ"ની જગ્યાએ "બ્રહ્મા" વગેરે વગેરે. બીજા શબ્દોમાં કહીએ તો પીરાણા સતપંથના ધાર્મિક પુસ્તકોનું માત્ર ભારતીય ભાષામાં ભાષાંતર કરવામાં આવ્યું હતું. બીજા બધી રીતે મૂળ ધાર્મિક પુસ્તકોના સિદ્ધાંતોને જાળવી રાખવામાં આવેલ હતા. આ કહેવાતા સુધારેલા પુસ્તકોને લોકો સામે મૂકીને કહેવામાં આવ્યું કે મુસલમાનોએ અમારા પુસ્તકોમાં જે ખોટા ફેરફારો કરેલ હતા, તેને કાઢી નાખ્યા છે. આ અમારા મૂળ ધાર્મિક પુસ્તકો છે અને આમાં કંઈ મુસલમાન જેવું હોય તો બતાવો.

પીરાણા સતપંથના સ્થાપક અને અધ્ય ધાર્મિક ગુરુ સૈય્યદ કબીરુદ્દીનના પુત્ર, ઈમામુદ્દીન અબ્દુર રહીમ સૈય્યદ ઉર્ફે ઈમામશાહ બાવા ઉર્ફે ઈમામશાહ મહારાજની કબર પીરાણાનામાં મુસલમાન કબ્રસ્તાનમાં આવેલ એક દરગાહમાં છે. આ કબર પીરાણા સતપંથીઓ માટે શ્રદ્ધાનું મુખ્ય કેન્દ્ર છે. ઈમામશાહના સમય કાળમાં બનાવવામાં આવેલ મુખ્ય પ્રવેશ

દ્વારથી દાખલ થઈએ તો અંદર આવતાં બન્ને તરફ મુસલમાનોની કબરો દેખાય છે. ત્યાર બાદ થોડા અંદર જઈએ તો ઈમામશાહની દરગાહ દેખાય છે અને તેની બહાર હાજરબેગની લોડ (કબર) છે. એ કબરની આસપાસ આરસ પાણા (માર્બલ)ની ટાઈલ્સ જમીન ઉપર પાથરેલ છે, જેના કારણે સૂરજના તડકામાં એ જગ્યા બીજી જગ્યા કરતા થોડી ઠંડી રહે છે. હાજર બેગની કબર ઉપર અરબી / ઉર્દુ ભાષામાં કુરાનની આયાતો કોતરેલ છે. આ સ્વરૂપ કોઈ દિવસ હિંદુ ધર્મના સ્થાનકનું ન હોઈ શકે. માટે પીરાણાના વહીવટકારોએ આ મુખ્ય પ્રવેશ દ્વારને બંધ કરી, કબ્રસ્તાનની પાછળથી એટલે ઈમામશાહના ઢોલીયા (આરામ કરવાની જગ્યા, બેડરૂમ) ની બાજુમાંથી એક નવો પ્રવેશ દ્વારા તૈયાર કર્યો. અને ઈમામશાહના ઢોલીયાના મકાનમાં ફેરફારો કરી, ત્યાંની દીવાલો અને છત ઉપર ભગવાન વિષ્ણુના દશાવાતરના ચિત્રો દોરવામાં આવ્યા. વચ્ચે બ્રહ્મા, વિષ્ણુ, મહેશના ચિત્રો સામે પાટ મૂકવામાં આવ્યો અને ત્યાં સતપંથની ધાર્મિક પૂજા વિધિઓ શરુ કરવામાં આવી. પીરાણાની દીવાલો અને મકાનો ઉપર અલગ અલગ જગ્યા ઉપર "ૐ"નું પેન્ટિંગ પણ કરવામાં આવ્યું. સંકુલનો એક નવો પ્રવેશ દ્વાર પણ બનાવવામાં આવ્યો, જે હિંદુ કલા સંસ્કૃતિ ઉપર આધારિત છે.

> **<u>વિશેષ નોંધ:</u>** આવા ફેરફારો કરવા એ ખૂબ અઘરું કાર્ય હતું. સ્વાભાવિક છે કે લોકો ઉગ્ર વિરોધ કરે એવી પૂરેપૂરી સંભાવના હતી. જેણે સમય પર દબાવવાની જરૂરત હતી. આના માટે લોકો પર પોતાની ધાક બેસાડી શકે એવી વ્યક્તિ જોઈતી હતી. વિશ્વ પ્રસિદ્ધ સંશોધનકારો જણાવ્યા પ્રમાણે, આવા કામ માટે કરસનદાસને સીધા ગાદી ઉપર બેસાડવામાં આવ્યા. પીરાણાની ગાદી ખાલી કરવા માટે તે સમયના તત્કાલીન ચાલુ ગાદીપતિ શિવજી કાકા પોતાના પદથી શંકાસ્પદ પરિસ્થિતિમાં દૂર થયા અથવા તો કરવામાં આવ્યા અને ૬ મહિનામાં તેમનું શંકાસ્પદ પરિસ્થતિમાં મૃત્યુ પણ થઇ ગયું. કરસન કાકાને ગાદીપતિ તરીકે બેસાડવાના વિરુદ્ધમાં કોર્ટમાં પીરાણાની ગાદીના એક અન્ય આવેદાર શ્રી પચાણ કાકા તરફથી કેસ પણ કરવામાં આવેલ હતો.

આવી રીતે અજાણ હિંદુ જ્યારે પીરાણા દર્શન કરવા જાય, ત્યારે તેમને હિંદુ દેવોના ચિત્રો દેખાય અને એવું માનવા લાગે કે આ સંસ્થા ખરેખર હિંદુ ધર્મની છે. આવનાર અજાણ હિંદુઓ ગેરમાર્ગે ન દોરાય એ હેતુથી, જ્યારે પીરાણાના અમુક સૈય્યદોએ કોર્ટમાં કેસ કર્યો કે આ સંસ્થાનું હિંદુ કરણ કરવામાં આવી રહ્યું છે, ત્યારે પીરાણાના ગાદીપતિ કરસન કાકા ઉર્ફે પીર કરીમએ કોર્ટમાં એવી રજૂઆત કરી કે આ હિંદુ દેવી દેવતાના ચિત્રો માત્ર શોભા વધારવા માટે છે, પૂજા કરવા માટે નથી. અહીં પણ તાકિયાનો સહારો લેવામાં આવ્યો. પરિણામે હિંદુ લોકો છેતરાયા અને હિંદુઓ મુસલમાન બનાવવાના આ યંત્ર તરફ આકર્ષિત થતાં રહ્યાં.

13. **<u>બાહ્ય ફેરફાર પાછળની છૂપી રણનીતિ:</u>** ફેરફારો કર્યા બાદ, પહેલી નજરે બધું હિંદુ જેવું લાગે એટલે લોકો આ બદલાવને સહજ રીતે સ્વીકારી લેવા લાગ્યા. પણ જેવી રીતે કુરાનનું ભાષાંતર હિન્દી ભાષામાં થાય તો એ કોઈ દિવસ હિંદુ ન બની જાય, એવી રીતે સતપંથ ધર્મના ધાર્મિક ગ્રંથોનું ભાષાંતર કરવાથી એ હિંદુ નથી બની જતું. **<u>આ સિદ્ધાંતને લઇને સતપંથ ધર્મના પ્રચારકો હિંદુ દેખાવ અપનાવ્યા છતાં, સતપંથનું ઈસ્લામી મૂળ ટકાવી રાખવામાં સફળ રહ્યા.</u>** પણ આ વાત સામાન્ય હિંદુઓને અને ક.ક.પા. જ્ઞાતિના સનાતન સમાજને સમય પર ખબર ન પડી. એ લોકો પણ સતપંથીઓ હિંદુ બને છે એવું સમજીને સતપંથને સહયોગ આપવા લાગ્યા.

14. **<u>સનાતન સમાજના ભોગે મવાળોની સતપંથ તરફી ભૂમિકા:</u>** સતપંથીઓ માટે સનાતની સમાજના આગેવાનો અને લોકોનો અવાજ પણ દબાવવો જરૂરી હતો. એના માટે સમાજમાં એવી પરિસ્થિતિ નિર્માણ કરવી જરૂરી હતી કે જેના પ્રભાવમાં અંજાઈ સનાતનીઓ સતપંથનું ઈસ્લામી મૂળ તરફ આંગળી ચીંધી ન શકે. આના માટે "મવાળો"નો ઉપયોગ લેવામાં આવ્યો.

15. **<u>મવાળો દ્વારા લોકોને ભરમાવવાની રણનીતિ:</u>** મવાળોના માધ્યમથી એવો પ્રચાર કરવામાં આવ્યો કે આપણા સમાજમાં પરસ્પર પ્રેમ, સંપ, સંગઠન, એકતા વગેરે હશે તોજ સમાજ પ્રગતિ અને વિકાસ કરી શકશે. આપણે એક

હશું તો રાજકીય કાઠું કાઢી શકશું અને અન્ય જ્ઞાતિઓથી આપણો બચાવ કરી શકશું. મહિલાઓ માટે એવો પ્રચાર કરવામાં આવ્યો કે આપણે હાથે આપણી બહેન/દીકરીને સતપંથમાં વળાવી છે, તો એમાં તેમનો શું વાંક? નીયાણી (દીકરી) તો બધાની છે, તેમાં ધર્મ ન લાવો. આવી રીતે લાગણી સભર વાતો કરવામાં આવી. આવી વાતો કોઈ પણ માણસને પહેલી નજરે સાચી અને વાજબી લાગે જેના કારણે આ પ્રચારથી એ પ્રભાવિત પણ થઈ જાય. સતપંથની ચાલો અને રમતો તરફ ધ્યાન દોરીને અગર કોઈ સનાતન સમાજના આગેવાનો કડક પગલાં ભરવાની વાત કરે, તો મવાળો દ્વારા ઉપર જણાવ્યા પ્રમાણેની બૌદ્ધિક અને લાગણી ભરી વાતો કરી ભરમાવી તેઓ સાચો નિર્ણય ન લઇ શકે એટલે મૂંઝવણમાં મૂકી દેવાના પ્રયત્નો કરે.

> વર્ષ ૨૦૧૩માં પ્રકાશિત લેખક શ્રી હંસરાજભાઈ સાંખલા દ્વારા લેખિત સમાજ ભક્તિની ત્સુનામી નામના પુસ્તકમાં આ બાબતની રણનીતિને જોઈ શકાય છે. નીયાણી પ્રત્યે લોકોની ભાવનાઓનો ઉપયોગ લઇને, વાક્ચાતુર્યથી સતપંથના મુદ્દા ઊપરથી જનતાનું ધ્યાન ભટકાવવાનો આ એક ખૂબ સરસ દાખલો છે. સમાજમાં ડરનો માહોલ છે એટલે સમાજ હિતમાં સાચું બોવાવાળા સામે નથી આવી શકતા, એવી વાહિયાત દલીલો કરે છે. આવું તો માત્ર સમાજમાં સતપંથને છાવરવાવાળાઓ જ કહે કારણ કે ડર તો તેમને લાગે છે, સમાજ હિતમાં કામ કરવાવાળાને કોઈ ડર નથી.

16. **<u>બૌદ્ધિક આતંકવાદ:</u>** બીજી બાજુ અન્ય મવાળો પોતાનું કામ ચાલુજ રાખતા. સનાતની આગેવાનોને સમાજ તોડું, સત્તાના લાલચુ, સમાજ વિરોધી, એકતાના વિરોધી, વગેરે વગેરે વાતો કરી તેમને વગોવવાનું ચાલુ રાખ્યું. તેમની સામાજિક છબી અને ચારિત્રને બગાડવાના પ્રયત્નો કરવામાં આવ્યા. જેથી કરીને સામાન્ય લોકો આવા લડાકુ સનાતની આગેવાનો સાથે ઊભા રહેવામાં સંકોચ અને શરમ અનુભવે. આવા લોકોના ટેકેદારો જ્યારે એકલા હોય ત્યારે મવાળો દ્વારા ઘેરીલે અને ચતુરાઈ ભર્યા સવાલો કરે. જેના જવાબો સામાન્ય ટેકેદાર ન આપી શકે. ટેકેદારોને સમજાવવાના અને સમાધાનના બહાને તેમને વ્યક્તિગત મળી એવા એવા અજુગતા પ્રશ્નો કરવામાં આવે જેનાથી તેઓ ભટકાઈ જાય તેમજ મૂંઝાઈ જાય. છેવટે તેઓ કંટાળી જાય અને તેમના મનમાં એવું લાગે કે ક્યાં આપણે ઝંઝટમાં પડ્યા. આના કરતાં આપણે સમાજમાં આવવુંજ નહિ અથવા તો સનાતન બાબતે બોલવું નહિ. ટૂંકમાં પરિસ્થિતિ એવી કરી દેવી કે સનાતની ટેકેદારોને એવું લાગે કે સનાતની આગેવાનોને ટેકો આપવો એટલે માથાકૂટમાં પડવું, પીડામાં પડવું, એટલે તેઓ સનાતની ચળવળને ટેકો આપવાથી પહેલાં સંકોચ અનુભવવા લાગે.

17. **<u>સમજણની અને પરિપક્વતાની ખામી:</u>** સતપંથના દલાલ બનેલા મવાળો સનાતન સમાજમાં રહીને ગદ્દારની ભૂમિકા ભજવે છે. જેચંદ અને મીરજાફરની જેમ પોતાના અંગત સ્વાર્થ ખાતર પોતાની સમાજ સાથે ગદ્દારી કરે છે. સમાજમાં કોઈનું માન-સન્માન ભંગ થયું હોય, કોઈની આશા-અપેક્ષા પૂરી થઇ ન હોય, તો સ્વાભાવિક છે કે પોતાનું અહમ્ (Ego) પોષવા માટે અથવા તો પરિપક્વતા (maturity) ની ખામીના કારણે લોકો સામાજિક વ્યવસ્થાથી નારાજ થાય. આવા નારાજ લોકો જે હવે ખૂબ "આસાન શિકાર" હોય, તેમની નબળી કડી એટલે અધૂરી ઈચ્છાઓ, જખમી અહમ્‌ની લાગણીને ઉશ્કેરી સનાતની લોકોને પોતાના સમાજ સામે લડવા તૈયાર કરી દેવામાં આવે.

> **<u>નોંધ: ખામી દૂર કરવા સંભવિત ઉપાય:</u>** ક્યાંક સનાતની સમાજની પણ મૂળમાં ખામી રહી હશે કારણ કે અન્ય સમાજોની તુલનામાં સનાતની સમાજમાં આવા લોકોનું પ્રમાણ વધારે છે. તેનાં ઉપાય માટે સમજણ શક્તિ વધારવાના પ્રયાસો કરવા જોઈએ. જેનું મૂળ "સંસ્કારો"માં છે. નાનપણની શિશુ અવસ્થાથી માંડીને, સમાજના ભાવિ લીડરો તૈયાર કરવાની અવસ્થાથી લઇને, સામાન્ય જ્ઞાતિ જનો પોતાની સમાજ માટે સારા લીડરો પસંદ કરી શકવાની સાચી સમજણ સતત વહેતી રહે એવી ત્રિ-સ્તરીય સંસ્કારોનું સિંચન થાય, એવી વ્યવસ્થા સનાતની સમાજમાં ઊભી કરવાની જરૂર છે. **<u>સંસ્કારોના સિંચનની આ વ્યવસ્થાનો પાયો સમાજની "અસ્મિતા, ગરિમા અને ગૌરવ" ઉપર રાખવામાં આવે, તો ભવિષ્યમાં કદાચ સમાજમાં મવાળ જન્મશે પણ નહીં.</u>**

18. હિંદુ સાધુ સંતો અને હિંદુ ધાર્મિક તેમજ રાજકીય સંગઠનોનો દુરુપયોગ: તે દરમ્યાન પીરાણા સતપંથવાળાઓએ હિંદુ સાધુ સંતોનો વિશ્વાસ જીતવા માટેના પ્રયત્નો શરુ કર્યા. સાંભળવામાં આવ્યા પ્રમાણે, હિંદુ સાધુ સંતોને એવું કહેવામાં આવેલ હતું, કે સતપંથીઓ મુસલમાન ન બની જાય, એટલા માટે અમને સહયોગ કરો. અમે લોકોને હિંદુ બનાવવા માંગીએ છીએ, જુઓ આ આમારી ધાર્મિક પુસ્તકો જેમાંથી અમે ઈસ્લામના તત્ત્વો કાઢી નાખ્યા છે અને હવે માત્ર હિંદુ તત્ત્વો છે. માટે હિંદુ સાધુ સંતો, જે ખૂબ સારી રીતે જાણે છે કે સતપંથ મુસલમાન ધર્મ છે, છતાં માત્ર એવી આશામાં કે સતપંથીઓ હિંદુ બની જશે અને પોતાના હાથે ધર્મનું બહુ મોટું કામ થઇ રહ્યું છે, એવા ભ્રમમાં આવીને સતપંથને સહયોગ આપવા તૈયાર થઇ જાય છે. સાધુઓને આપતા દાન-દક્ષિણાઓ પણ નાનો મોટો ભાગ ભજવતો હોય છે. પીરાણામાં હિંદુ સાધુ સંતોના સંમેલનો બોલવામાં આવ્યા. આ સંમેલનોમાં મંચ ઉપરથી હિંદુ સાધુ સંતોના મોઢે સતપંથ હિંદુ ધર્મનો ભાગ છે, એવી રજૂઆત કરવામાં આવવા લાગી.

19. સતપંથ વિરુદ્ધ અવાજ દબાવવા માટે કોર્ટ અને પોલીસ તંત્રનો દુરુપયોગ: તેમ છતાં હિમ્મત રાખીને જે સનાતનીઓ અવાજ ઉપાડતા, તેનો અવાજ દબાવવા માટે ખોટા કોર્ટ કેસમાં ફસાવવામાં આવે છે. સમાજના સંકુલમાં પોલીસ મોકલીને જાહેર લોકોની સામે સનાતનીઓની ધરપકડ કરાવી લોકોમાં ડરનો માહોલ ઊભો કરવાના પ્રયત્નો (દા. રમેશભાઈ વાગડીયા, બેંગ્લોર), મારકૂટ કરવાના પ્રયત્નો (દા. રાજુભાઈ અંબાલાલ સુરાણી, મોડાસા), સનાતનીઓના અપહરણના પ્રયત્નો (દા. જયંતીભાઈ લાકડાવાળા), કરવા અને ધાકધમકીઓ આપવામાં આવે છે. આવી કરતૂતોથી સનાતનીઓમાં એવો ડર બેસાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો કે જો સતપંથના સામે થશો, તો તમારી હાલત ભૂંડી થશે.

20. જ્ઞાતિની સંસ્થાઓ પણ ઢીલી પડી: સતપંથના ત્રાસના કારણે કેન્દ્રીય સમાજને પોતાના વિકાસના કામોમાં ઘણી અડચણો આવા લાગી હતી. સમય સમયે કેન્દ્રીય સમાજની મિટિંગોમાં સતપંથ ઉપર ચર્ચા કરવામાંજ મોટા ભાગનો સમય વેડફાતો હતો. શૈક્ષણિક કાર્યો માટે વિદ્યાર્થી હોસ્ટેલ તેમજ સ્કૂલો, સામાજિક સંગઠન માટે સમાજ વાડીઓ, જ્ઞાતિના આર્થિક લાભ માટે વિવિધ કાર્યો કરવામાં અવરોધ બનતી સતપંથની સમસ્યાથી કેન્દ્રીય સમાજને મુક્ત કરવી ખૂબજ જરૂરિયાત હતી. આવી પરિસ્થિતિમાં કેન્દ્રીય સમાજના તત્કાલીન પ્રમુખ શ્રી પ્રેમજી પુંજાની આગેવાની હેઠળ લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિની રચના કરવામાં આવી. જેનું મુખ્ય કામ હતું સમાજમાં સનાતન ધર્મનો પ્રચાર પ્રસાર કરવો, સતપંથ સામે મજબૂતીથી લડત આપવી, ધર્મના મુદ્દા ઉપર સમાજમાં મક્કમતા અને કટ્ટરતા લાવવી અને લોકોમાં ભગવાન લક્ષ્મીનારાયણ માટે ગૌરવની લાગણી વધારી, જેથી કરીને સમાજનું રક્ષણ કરી શકાય. પણ આપણે જોઈ રહ્યા છીએ કે સંસ્થાતો મોટી ઊભી થઇ, પણ સતપંથ સામેની લડતમાં હજી આગેવાની લેતી નથી. કટોકટીના સમયમાં "અમારો માત્ર સૈધાંતિક ટેકો છે" એવા આશ્વાસન રૂપી વાતો કહીને સમસ્યાથી આંખ આડા કાન કરવાની કોશિશ થતી હોય છે. સનાતની કામ માટે સંસ્કાર ધામમાં થતી મિટિંગોને રોકવાના પ્રયાસોથી સૌ વાકેફ છે. આવા કારણોને લઇને ઘણા લોકોમાં સંસ્થા પ્રત્યે નારાજગી હોય એ વાજબી છે.

તેવીજ રીતે સતપંથ સામે જ્ઞાતિને એકજુટ કરવા સંત ઓધવરામ મહારાજે વાંઢાયમાં કુળદેવી ઉમિયા માતાજીનું મંદિર બંધાવડાવ્યું. પણ આ સંસ્થાને ઢીલી પાડવા એવો પ્રચાર ચાલ્યો કે માતાજીતો બધાના છે. સતપંથ અને સનાતન બન્ને માતાજીને માને છે તો આ સંસ્થા સતપંથવાળાનો વિરોધ ન કરી શકે. સંસ્થાના સ્થાપનાના હેતુ વિરુદ્ધનું આ કામ છે. આવા કારણોને લઈને જ્ઞાતિની અન્ય સંસ્થાઓ પણ સતપંથ મુદ્દા ઉપર પાંગળી થઇ ચૂકી હતી. (આ વાત જણાવવા પાછળ કોઈ વ્યક્તિ કે સંસ્થાને દોશી બતાવવો કે ઉતારી પાડવાનો કોઈ હેતુ નથી.)

> **નોંધ: લોક સંગઠનો સમાજની વારે આવ્યા:** સમાજમાં જ્યારે સનાતનીઓની સામે અત્યાચાર અને અન્યાયનો માહોલ હતો અને આગેવાનો તેમજ જ્ઞાતિની મુખ્ય મહત્ત્વની સંસ્થાઓ આ મુદ્દે પાંગળી થઈ ચૂકી હતી, ત્યારે સમાજમાં પ્રવૃત્તમાન નાના મોટા સંગઠનો આગળ આવ્યા. તેમાંનું મુખ્ય નામ છે "ક્રાંતિ દળ" નું. રમેશભાઈ વાગડિયાની પોલીસ દ્વારા ધરપકડ વખતે પલક ઝપકતાં તેમના સહયોગમાં ૨૦૦૦ થી ૨૫૦૦ લોકો નખત્રાણા બોર્ડીંગમાં ભેગા થઈ ગયા. કેન્દ્રીય સમાજના સ્વર્ણિમ મહોત્સવને સફળ બનાવવા માટે ઉપદ્રવી તત્ત્વો દ્વારા સભાને ખોરંભે ન ચડાવી દે, તે માટે પોલીસ તંત્રનો બધી રીતે સહયોગ મેળવી તેમજ સમાજ સુરક્ષા માટે અન્ય પગલાંઓ ભરીને મહત્ત્વની ભૂમિકા આ ક્રાંતિ દળે ભજવી છે.

21. **<u>સમાજની મીડિયા પણ શિકાર બની:</u>** સમાજ લક્ષીય સામાજિક પત્રિકાઓ અને મીડિયાની મહત્ત્વની ભૂમિકા હોય છે. સમાજને સાચી દિશા ચીંધવાનું કામ મીડિયાનું હોય છે. સામાન્ય રીતે એવી ધારણા હોય છે કે મીડિયામાં હોશિયાર, ચિંતક અને બુદ્ધિજીવી લોકો હોય છે, જે દરેક પરિસ્થિતિ પાછળની સચ્ચાઈ પારદર્શિત રીતે જનતા સામે મૂકશે. પણ જ્યારે મીડિયા જાહેરમાં એક તરફી વલણ અપનાવે, (પૈસા મળે એટલે, સનાતની લાગણીઓની અવગણના કરી સતપંથની ધાર્મિક જાહેરાતો છપાય) અને એના કારણે તેમનો વિરોધ થાય ત્યારે પોતાના બચાવમાં એવી લૂલી વાતો કરે કે અમે કોઈને સાચા કે ખોટા નથી કહેતા, અમે બન્ને પક્ષની વાતો જણાવીએ છીએ (સચ્ચાઈ કીધા વગર) ત્યારે આ મીડિયા પોતાને મળેલ મહત્ત્વની જિમ્મેદારી સામે આંખ આડા કાન કરતી હોય છે.

મીડિયા જગતમાં એક મહત્ત્વનો સિદ્ધાંત છે કે અગર એક પક્ષ કહેતો હોય દાખલા તરીકે કે હમણાં વરસાદ પડે છે અને બીજો પક્ષ કહે કે હમણાં કોરું છે, ત્યારે મીડિયાનું કામ બહાર જઈને તપાસ કરીને સાચી વાત જણાવવાનું હોય. અમે નિષ્પક્ષ છીએ એમ કહીને બન્નેની વાત છાપે પણ પોતાનું સ્વતંત્ર અવલોકન ન છાપે. સમાજની અમુક મુખ્ય મીડિયા આ સિધ્દાંતથી વિમુખ રહી. આના પાછળના કારણમાં કદાચ એવું હોય કે એમના કરતાહરતાઓ સતપંથીઓ અને મવાળોના અહેસાન/ઉપકાર નીચે દબાયલા હશે. અથવા તો સતપંથીઓ અને મવાળોથી એટલા ઘેરાયલા હશે કે તેમની બુદ્ધિ ભ્રષ્ટ ક્યારે થઈ ગઈ એ એમને પણ ખબર નહીં પડી હોય. તેમને સાચો અરીસો બતાવનાર લોકો ધીરે ધીરે તેમનાથી દૂર થઈ જાય અથવા તો દૂર કરી દેવામાં આવ્યા હશે. પછી માત્ર મોટે ભાગે જીહજૂરિયાઓજ બચે અથવાતો સાચી વાત મોઢા પર કહેવાની હિમ્મત ન હોય એવા લોકો બચે. આથી કરતાહરતાને સમાજની સાચી હકીકત, ઘટનાનો સાચો પરિપ્રેક્ષ્યમાં અને સાચા દૃષ્ટિકોણની જાણ ન થાય. આ અંગે વાચક વર્ગને વિનંતી કે તેઓ પોતાના રીતે વિશ્લેષણ કરે અને યોગ્ય નિર્ણય લે.

એક અન્ય સામાજિક મીડિયાના કર્તાહર્તા આવા જુઠ્ઠાણાની સામે ખુલ્લી રીતે લખવાની હિમ્મત ન દાખવી શક્યા. આ મીડિયાના કર્તાહર્તા સમાજના મવાળોના સીધા દબાણમાં હોવાના કારણે, સમાજના હિતના ભોગે તેમની સાથે દુશ્મનાવટ ન રાખવાની નીતિ અપનાવી. બીજી બાજુ સચ્ચાઈ છાપવાથી સતપંથીઓ કોર્ટ કેસ કરશે એવો ભય પણ તેમને સતાવતો. તેમણે આંખ આડા કાન કરવાની નીતિ અપનાવી અને સચ્ચાઈની જાણ હોવા છતાં, સચ્ચાઈ પ્રકાશિત ન કરી. આ બધી વાતોમાં સનાતની લોકોના હિતનો ભોગ લેવાયો. મીડિયામાં એવાજ સમાચારો છપાયા જેમાં ભલે સનાતનીઓનું ખરાબ લાગે તો વાંધો નહિ, પણ સતપંથીઓને અને મવાળોને ખરાબ ન લાગવું જોઈએ.

એકાદ સમાચાર પત્રિકા જે ખુલ્લે આમ, બે રોકટોક સતપંથ મુદ્દા ઉપર સમાજમાં જાગૃતિ ફેલાવવા માટે પ્રખ્યાત છે, તે સિવાય બાકીનો મોટા ભાગનો મીડિયા જગત સતપંથની રણનીતિનો શિકારી બની ચૂક્યો હતો.

> **<u>નોંધ: સોસીઅલ મીડિયા જાગૃત થઈ:</u>** જ્યારે સનાતનીઓના અવાજને વાચા આપવાવાળું (એકાદ મીડિયા સિવાય) કોઈ નહોતું, ત્યારે સોસિયલ મીડિયા સનાતની સમાજને વહારે આવ્યું. સતપંથ સામે બૌદ્ધિક યુદ્ધ ઇમેલ (email war) ઉપર લડાયા. આમાં રીયલ પાટીદાર (realpatidar.com)નો ખૂબ મોટો ક્રાંતિકારી ફાળો રહ્યો. એક-એક કરીને સતપંથની સચ્ચાઈ લોકો સામે, મજબૂત અને વિશ્વસનીય પુરાવાઓ સાથે, સોસિયલ મીડિયામાં આવવા લાગી. આ લડાઈમાં સામાન્ય લોકો પણ મોટે ભાગે જોડાયા. સનાતની સમાજમાં જાગૃતિ, ધર્મની મક્કમતા, અસ્મિતા, ગૌરવ અને ગરિમા લાવવામાં સોસિયલ મીડિયાનો ક્રાંતિકારી ફાળો રહ્યો. અમુક લોકો દ્વારા સોસિયલ મીડિયાનો વ્યક્તિગત કારણોને લઇને કદાચ દુરુપયોગ કરવામાં આવ્યો હશે, પણ મહદ અંશે આજે સનાતની જાગૃતિ પાછળનો મોટો ફાળો સોસિયલ મીડિયાનો પણ છે. આ એક એવું પ્લેટફોર્મ નીવડ્યું, જેનાથી વર્ષો જૂની સમાજની મીડિયા જગત ઉપર રાજ કરતી મીડિયા હાઉસ પણ અંદરો અંદર ખૂબજ ગભરાતી હતી. કારણ સોસિયલ મીડિયા આવા મીડિયા હાઉસની પોલ જાહેરમાં ખુલ્લી કરી દેતું હતું, જેના સંતોષકારક જવાબો આજ દિવસ સુધી જાહેરમાં જોવામાં આવ્યા નથી.

22. **સતપંથીઓ પણ પોતાના જ શિકાર બન્યા:** આવા પ્રયત્નોની એક બીજી મહત્ત્વની અસર એવી થઇ કે સતપંથીઓને અરીસો બતાવનાર કોઈ રહ્યું નહીં. સતપંથની સચ્ચાઈથી કોઈ જાણ હોય, તો પણ સતપંથીઓની સામે, તેમના મોઢા ઉપર કહેવાની કોઈની હિમ્મત નહોતી. માટે સતપંથના યુવાન વર્ગ, જે સતપંથનો સાચો ધાર્મિક ઈતિહાસથી વિમુખ હતો, એ પણ ખોટી રીતે સતપંથને સાચો હિંદુ ધર્મ સમજવા લાગ્યા. તેઓ પણ ભ્રમણાના શિકાર બન્યા. લોકોને સતપંથમાં ટકાવી રાખવાની આ એક ચાલ હતી. જે મહદ અંશે સફળ થઇ. દુર્ભાગ્યે આજે પણ સતપંથના મોટા ભાગનો યુવાન વર્ગ આ ચાલના શિકાર છે. તેમને ખબર પણ નથી, કે તેઓ આ જુઠ્ઠાણાથી બનેલ જાળમાં ફસાઈ ગયા છે. પરિસ્થિતિ એવી છે કે તેઓ સતપંથ સાથે જોડાઈ રહેવામાં ગૌરવ અનુભવે છે, જ્યારે વાસ્તવમાં સાચા હિંદુને શરમ અનુભવવી જોઈએ.

■ સતપંથીઓ એટલી હદ્દ સુધી શિકાર બન્યા કે આપણે હિંદુ છીએ, હિંદુ છીએ એવો પ્રચાર કરી મુસલમાન બનવવાના રસ્તા ઉપર એટલે સતપંથમાં તેમને જકડી રાખ્યા. આ એ જ રણનીતિ અને ચાલ છે, જે હિંદુ લોહાણાઓ સામે વાપરીને તેમને સતપંથમાં આકર્ષિત કર્યા, તેમને સતપંથથી છૂટા થવા ન દીધા. અમુક પેઢીઓ વીતી જવા બાદ, આ પ્રચાર ભુલાઈ દેવામાં આવ્યો અને તેની જગ્યાએ સતપંથનો છૂપો અને સાચા ઈસ્લામી સંદેશને ધીરે ધીરે સૌમ્ય રીતે લોકો સામે મૂકવામાં આવ્યો. જેમ જેમ લોકો આ સંદેશને સ્વીકારતા ગયા, તેમ તેમ વધારે પ્રખર ઈસ્લામ સાથે જોડાણ હોવાની વાતો/પ્રચારો થવા લાગી. અંતે સતપંથમાં ફસાયેલ હિંદુ લોહાણા જ્ઞાતિ પાસે પાછા હિંદુ સમાજમાં ભળવાના તમામ દરવાજાઓ બંધ થઈ ગયા. જેના કારણે તેમની હાલની પેઢી ઈસ્લામમાં ગૌરવ અનુભવતી થઈ છે, ત્યારે તેમનું ધર્મ પરિવર્તન કરી, તેમને મુસલમાન બનાવવામાં આવ્યા છે. આજે તેઓ દુનિયાભરમાં "ખોજા" મુસલમાન અથવા તો "ઈસ્માઈલી" મુસલમાન તરીકે ઓળખાય છે.

■ પીરાણા સતપંથની હાલની પેઢી સાથે હાલમાં આવુંજ થઇ રહ્યું છે. હિંદુના નામે તેમને મુસલમાન ધર્મના પંથમાં ફસાવી રાખવામાં આવે છે. આપણે હિંદુ છીએ એમ કહેતા હોય, તો તેમને સાચા હિંદુ બનવાથી શા માટે રોકવામાં આવે છે? હિંદુ ધર્મની વિશાલ છત્ર છાયાનો લાભથી સતપંથના લોકોને વંચિત રાખવાનું પાપ કોના શિરે છે?

નોંધ ૧: તાકિયા (જુઠ) ઉપર નાખેલ સતપંથનો પાયો, એ એમની મુખ્ય કમજોરી: સતપંથના પ્રચારકો દ્વારા આદરેલા ચતુરાઈ ભર્યા પગલાં અને પૈસાના જોરે મેળવેલ હિંદુ ધાર્મિક અને રાજકીય બળનો સામનો કરવા કોઈ ઉપાય કાઢવો જરૂરી હતું. માટે જ્યારે સતપંથની નબળી કડી શોધવા લાગ્યા, ત્યારે તેમની સહુથી મજબૂત કડીજ એમની સહુથી નબળી કડી નીવડી. માત્ર બુદ્ધિ પૂર્વક એમની મજબૂત કડીને નબળી કડીમાં ફેરવી નાખવાની જરૂરત છે.

નોંધ ૨: સતપંથની મજબૂત કડીને નબળી કડીમાં ફેરવવાની રણનીતિ: સતપંથનો જે જુઠ્ઠો પ્રચાર છે કે સતપંથ હિંદુ ધર્મ છે, જેના ઉપર સતપંથનું અસ્તિત્વ ટકાવી રાખેલ છે, અને જેના ઉપર સતપંથના અજાણ યુવા વર્ગ વિશ્વાસ કરે છે, એ જુઠ્ઠાણાની પોલ માત્ર ખોલવાની જરૂર છે. અગર સતપંથના યુવાનોને ખબર પડે કે તેમની સાથે આટલાં વર્ષો સુધી છેતરામણી થઇ છે, તો સતપંથને લઇને તેમના મનમાં ઘૃણા ઉત્પન્ન થશે. આ ઘૃણા ધીરે ધીરે સતપંથ માટે શરમમાં ફેરવાઈ જશે. એક વખત સતપંથના યુવાનને સાચી ખબર પડે અને સતપંથ માટે શરમ અનુભવે, તો તે સતપંથ છોડી દેવા તત્પર થઇ જશે. કારણ કે કોઈ પણ વ્યક્તિ બેવકૂફ બનેલ છે, એવા લેબલને લઇને સમાજમાં માથું ઊંચું રાખીને ચાલી ન શકે. એક બાજુ સામાજિક શરમ અને પારિવારિક શરમ બીજી બાજુ મિત્રો તેમજ સગાં સંબંધીઓ દ્વારા સમજાવટના દોર ચાલુ થાય જેથી મનમાં રહેલું ખોટું અહમ્ પણ ધોવાઇ જાય. એટલે પ્રેમથી સતપંથ છોડીને સનાતન સમાજમાં આવવા પ્રેરાય. બીજી બાજુ સનાતન સમાજે સતપંથને સંપૂર્ણ પણે ત્યાગીને કાયમ માટે સનાતન હિંદુ ધર્મમાં આવા માંગતા જ્ઞાતિ જનો માટે હમેશાં દરવાજા ખુલ્લા રાખેલ છે. માત્ર એટલું નહીં, પણ આવી રીતે સતપંથ છોડીને સનાતન સમાજમાં આવનાર લોકોને ખૂબ માન સન્માન આપવામાં આવે છે. યોગ્ય વ્યક્તિને, લાયકાતના આધારે, સનાતન સમાજની સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દાઓ પણ આપવામાં આવે છે. દાખલા તરીકે, ઉમિયા માતાજી વાંઢાયના પ્રમુખ તરીકે શ્રી હંસરાજભાઈ દેવજી ધોળું, યુવાસંઘના માજી પ્રમુખ તરીકે શ્રી જયંતીભાઈ લાકડાવાળા, સંસ્કાર ધામના પ્રમુખ તરીકે શ્રી જેઠાભાઈ લાલજી ચોપડા વગેરે અસંખ્ય દાખલાઓ છે. શરત માત્ર એટલી છે કે લાયક વ્યક્તિ હોવી જોઈએ અને એમની નિષ્ઠા પર કોઈ પણ જાતની "શંકા" ન હોવી જોઈએ.

23. પીરાણા માટે પહેલી નજરે સારા પરિણામો: પીરાણા સતપંથ દ્વારા કરવામાં આવેલ બદલાવની અસર દેખાવા લાગી. પીરાણાની સંસ્થા જે દેવાળું ફૂંકવાની અણીએ આવી ગઈ હતી, એટલે કે બંધ થવાની તૈયારી હતી, તે ફરીથી ધમધમતી થવા લાગી.

<u>ઉપર જણાવ્યા પ્રમાણે;</u>

1. સનાતન સમાજમાં સતપંથ બાબતે સુષુપ્તતા/નીરસતા
2. પીરાણાની ગબડતી પરિસ્થિતિ રોકવા બાહ્ય ફેરફારો
3. તાકિયાના પુનઃ પ્રયોગથી બાહ્ય બદલાવ
4. બાહ્ય ફેરફાર પાછળની છૂપી રણનીતિ
5. સનાતન સમાજના ભોગે મવાળોની સતપંથ તરફી ભૂમિકા
6. મવાળો દ્વારા લોકોને ભરમાવવાની રણનીતિ
7. બૌદ્ધિક આતંકવાદ
8. સમજણની અને પરિપક્વતાની ખામી
9. હિંદુ સાધુ સંતો અને હિંદુ ધાર્મિક તેમજ રાજકીય સંગઠનોનો દુરુપયોગ
10. સતપંથ વિરુદ્ધ અવાજ દબાવવા માટે કોર્ટ અને પોલીસ તંત્રનો દુરુપયોગ
11. જ્ઞાતિની સંસ્થાઓ પણ ઢીલી પડી
12. સમાજની મીડિયા પણ શિકાર બની
13. સતપંથીઓ પણ પોતાના જ શિકાર બન્યા

પરિણામ એવું આવ્યું કે સતપંથના અનુયાયીઓ જે પહેલાં સતપંથ સાથે જોડાવવામાં શરમ અનુભવતા હતા, એ હવે ગૌરવ અનુભવવા લાગ્યા. કારણ તેમને સંપૂર્ણ સહયોગ હવે અમુક હિંદુઓથી પણ મળવા લાગ્યો હતો. આવી રીતે પીરાણા સતપંથનું અસ્તિત્વ ટકાવી રાખવામાં આવ્યું અને પીરાણા સતપંથની પ્રગતિ થવા લાગી.

24. સનાતન સમાજ ઉપર ખરાબ પરિણામ: સતપંથીઓ પોતાના હિંદુ દેખાવ અને હિંદુઓ દ્વારા મળતી સ્વીકૃતતાના જોર ઉપર હવે સનાતન સમાજમાં સભ્ય બનવા લાગ્યા. ધીરે-ધીરે સમાજમાં સત્તા પર પણ આવવા લાગ્યા. ઉપર જણાવેલ મુદ્દાઓના અને કારણોને લઇને, પીરાણા સતપંથ દ્વારા કરવામાં આવેલ ભ્રામક ફેરફારોથી સનાતનીઓ સંપૂર્ણ રીતે અજાણ રહ્યા. જ્યારે સનાતન સમાજમાં સતપંથીઓ દ્વારા પોતાના સતપંથ ધર્મના પ્રચાર પ્રસાર માટે ગતિવિધિઓ કરવામાં આવી, ત્યારે સનાતનીઓ ઊંઘતા ઝડપાઈ ગયા. સનાતન સમાજમાં તા. ૦૭-ઓગસ્ટ-૨૦૦૯ના સતપંથ વિરુદ્ધ ચળવળ શરુ થઈ, જેનો મુખ્ય શ્રેય શ્રી હિમ્મતભાઈ રતનશી ખેતાણી અને શ્રી રમેશભાઈ માવજી વાગડીયાના શિરે છે. હાલની ક્રાંતિ આ તારીખથી શરુ થઇ, જે આજ દિવસ સુધી ચાલી રહી છે. આ ક્રાંતિ/ચળવળમાં અસંખ્ય લોકોએ સનાતન સમાજના આગેવાનોને સાથ આપ્યો. અવ નવા ચળવળકારો ઊભા થયા અને આજ સુધી સતત ચળવળ નિરંતર ચાલી રહી છે. જેણે આજે લગભગ ૧૦ વર્ષ પૂરાં થયાં છે.

25. સનાતની સમાજની મિલકતો હડપી લેવાના પ્રયાસો: સતપંથ તરફ કુમળું વલણ રાખનાર, નબળા માનસ ધરાવનાર, સત્તા માટે કોઈ પણ હદ્ સુધી જવા તૈયાર થનાર, વ્યક્તિગત સ્વાર્થ ખાતર, પોતાની કોઈ અન્ય મજબૂરીના વશમાં આવી જનાર લોકોને હાથા બનાવવામાં આવ્યા. ભરમાવતી વાતો મારફતે તેમની બુદ્ધિ ભ્રષ્ટ કરી દેવામાં આવી. મૂળમાં સનાતનીઓને સતપંથના હાથા બનાવી દેવામાં આવ્યા. પરિણામે આ લોકોએ વ્યક્તિગત સ્વાર્થને સમાજની ભલાઈથી પણ વધારે મહત્ત્વ આપ્યું. આમ કરાવવામાં બુદ્ધિનો પ્રયોગ કરી તેમના અહમ્ની ઊંચી દીવાલવાળા કિલ્લામાં એવી રીતે પૂરી નાખ્યા કે એ લોકો જાણતા હોવા છતાં સાચી વાત સ્વીકારી ન શકે. આમ સનાતનીઓને આપસમાં ઝઘડતા કરી દીધા. આજે આ લોકોને ખબર છે કે તેઓ પૂરે પૂરી રીતે ખોટા છે, પણ પોતાના અહમ્ના કારણે તેઓ આ દલદલથી

છૂટીને સમાજના છત્ર છાયામાં આવી નથી શકતા. ઉપર જણાવેલ લોકોમાંથી જે લોકો અહમ્‌ને બાજુમાં મૂકીને સમાજની સર્વોપરિતા સ્વીકારી શક્યા, એ લોકોએ પોતાનું મોત સુધારી લીધું. પણ દુર્ભાગ્યે તેમના સાથીદારોને હજી આ વાત સમજાઈ નથી.

આવા લોકો સમાજમાં સક્રિય થાય ત્યારે સમાજને કેટલું નુકસાન થાય, તેનાં જીવતા મહત્ત્વના અમુક દાખલાઓ અહીં આપેલ છે.

1. પોતાની કમજોરીઓ ઉપર કાબૂ ન રાખી શકનાર ઉપર જણાવેલ લોકો, મવાળો અને સતપંથીઓ દ્વારા સનાતની કેન્દ્રીય સમાજની માંડવી હોસ્ટેલ પચાવી પાડવાના પ્રયત્નો કરવામાં આવ્યા. પણ સદ્‌ભાગ્યે સ્થાનિક જનતા આ લોકોની ચાલને ઓળખી ગઈ અને તેમને ખાસ ફાવવા ન દીધા.

2. તેમજ ગામ નવાવાસ (રવાપર)નો પણ એક કિસ્સો છે. સનાતનીઓના પૈસાથી ગામમાં નવી સમાજ વાડી બનાવી. પણ સતપંથીઓ સાથે પ્રેમ, સંપ, સંગઠન, ભાઈચારો, સુમેળ રાખવું, માનવ ધર્મ પાળવો વગેરે મવાળવાદી પ્રચારમાં આવીને સતપંથીઓને સાથે રાખેલ હતા. ગામમાં લક્ષ્મીનારાયણ મંદિરના રજતજયંતી મહોત્સવના કાર્યક્રમથી એક મહિનો પહેલાં સમાજ વાડીમાં રહેતા રસોઈઆના પરિવારને રાતના (ઘોડિયામાં રડતું નાના બાળક સહીત) પાંચ વાગે સમાજવાડીમાંથી જબરદસ્તી સતપંથીઓએ બહાર કાઢી નાખ્યા. અને દરવાજા પર પોતાના તાળા લગાડી દીધાં. સમાજવાડીમાં અંદરથી એક દરવાજો બાજુમાં આવેલ નિષ્કલંકી મંદિરમાં ખૂલતો હતો, એ દરવાજાનો ઉપયોગ કરીને અંદર રાખેલ વાસણોમાં સતપંથ સમાજનું નામ લખી નાખ્યું અને દાતાઓના બોર્ડમાં એવા સતપંથીઓના નામો લખી નાખ્યા જેની આર્થિક પરિસ્થિતિ ખૂબ નબળી છે. સનાતનીઓએ સતપંથીઓ ઉપર વિશ્વાસ મૂકીને તેમને પોતાના ભાઈ સમજીને સાથે રાખેલ હતા, એના બદલામાં તેમની સાથે મોટો દગો થયો.

3. તેવોજ એક દાખલો છે ગામ વિરાણી (ગઢ)નો. આ ગામમાં સતપંથ અને સનાતન સમાજની સંયુક્ત મિલકત હતી. સમાજવાડી અને સમાજના વાસણો વગેરે બધુંજ સહિયારું હતું. અચાનક એક દિવસ સનાતનીઓને ખબર પડી કે ચેરિટી કમિશ્નરની કચેરીમાં સતપંથીઓએ આ સહિયારી મિલકત પોતાના નામમાં ફેરવી નાખી છે, જેણે પાંચ વર્ષ પૂરા પણ થઇ ગયા હતા અને ગામમાં કોઈને કાનોકાન ખબર પણ ન પડી. સનાતનીઓ સાથે અહીં પણ દગો થયો. નવરાત્રી ત્યોહાર માટે માતાજીની ગરબીનું સામાન રોડ ઉપર નાખી દેવામાં આવ્યું.

આ તમામ દાખલાઓમાં કાયદાકીય પ્રકિયા આજે પણ ચાલુ છે. નિર્ણય જે આવે તે, પણ **<u>એક વાત બધાને સ્પષ્ટ સમજાઈ ગઈ છે કે સતપંથીઓ ઉપર હવે વિશ્વાસ રાખવો એ સામાજિક અને ધાર્મિક આત્મહત્યા બરાબર છે.</u>**

26. <u>સતપંથ સમસ્યાના ઉકેલ માટે અસંખ્ય નિષ્ફળ પ્રયાસો:</u> સતપંથને લઇને વિવાદો જ્ઞાતિના દરેક ગામોમાં હતા. દરેક ગામના કિસ્સાઓ પાછળની રમતો, ચાલો, રણનીતિઓ એને સતપંથી ભાઈ માટે ઉચ્ચ ભાવના રાખનાર દરેક ગામમાં સનાતનીઓને બદલામાં દગોજ મળતો. અસંખ્ય વ્યક્તિગત અને સમાજ ઉપર કોર્ટ કેસો કરવામાં આવ્યા. આજે પણ ઘણી જગ્યાએ આ કેસો ચાલુ છે. સનાતનીઓને ધાકધમકીઓ આપવામાં આવે છે.

આજ સુધી લગભગ મોટા ભાગે સમાધાન કરવાના બહામે સનાતનીઓની શરણાગતિજ કરાવવામાં આવી છે. કહેવાતા સમાધાનો જ્યાં જ્યાં થયાં એ સનાતનીઓના ભોગે, એમની લાગણી દુભાવીને, એમનું ગૌરવ અને ગરિમાને ઠેસ પહોંચાડીને થયાં છે. દાખલા તરીકે, ગામ કોટડા જડોદરમાં સતપંથ અને સનાતન સમાજ પ્રેમથી ભળી ગયા હોવા છતાં, ચેરિટીમાં પણ બન્ને ટ્રસ્ટોનું કાયદાકીય રીતે સંપૂર્ણ વિલીનીકરણ થઇ ચૂકેલ હોવા છતાં, 30 વર્ષ પછી, ફરીથી પૈસાના જોરે ઝઘડો નવેસરથી ઊભો કરવામાં આવ્યો. સનાતનીઓ વિરુદ્ધ કોર્ટ અને પોલીસ કેસો કરવામાં આવ્યા. પણ જ્યારે કહેવાતું સમાધાન થયું, ત્યારે હાવી થયેલ મવાળો અને નબળા માનસિકતા ધરવતા લોકો દ્વારા સનાતનીઓની શરણાગતિ કરાવીને સમાધાન કરવામાં આવ્યું.

૨ જ્ઞાતિમાં સતપંથ સામે સંઘર્ષની પરિસ્થિતિ

આવી પરિસ્થિતિમાં કેન્દ્રીય સમાજના આગેવાનોને એવું લાગ્યું કે આ સમાધાનની પ્રક્રિયા કાયમ માટે બંધ થવી જોઈએ. એટલે તેમને સતપંથની સમસ્યાને ઉમિયા માતાજી ઊંઝા સામે રજૂ કરવાનો નિર્ણય લીધો. કારણકે કડવા પાટીદારોની સર્વોચ્ચ માતૃ સંસ્થા ઉમિયા માતાજી ઊંઝા છે. અને જ્ઞાતિનું આ અંગે શું કહેવું છે, એ જ્ઞાતિજનો સામે રજૂ થાય તો લોકોને સાચી વાત જાણ થાય.

27. **છેલ્લો પ્રયાસ - ઉમિયા માતાજી ઊંઝાની મધ્યસ્થી:** આ ચળવળના પરિણામે, જ્ઞાતિ એટલે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સતપંથ સમસ્યાથી મુક્ત થાય એ માટે સનાતન સમાજે સમસ્ત કડવા પાટીદારોની એક માત્ર માતૃ સંસ્થા એટલે ઉમિયા માતાજી ઊંઝાના દ્વાર ખખડાવ્યાં. જેમાં તેઓએ એવી વિનંતી કરી હતી કે શું સતપંથ ધર્મ સનાતન હિંદુ ધર્મ છે કે નહીં, એવો ખુલાસો ઊંઝા કરી આપે. ત્રણ વર્ષના તલસ્પર્શી અભ્યાસ બાદ તા. ૦૮-ઓક્ટોબર-૨૦૧૭ના ઊંઝાએ ચુકાદો આપ્યો જેના પ્રમાણે સતપંથ હિંદુ ધર્મ નથી અને સતપંથીઓને સતપંથ છોડીને સનાતન હિંદુ ધર્મમાં ભળી જવા એ પ્રકારનો આદેશ આપેલ છે. આ અંગે થયેલ કાર્યવાહીની જાણકારી આ પુસ્તકમાં વિસ્તૃત રીતે આપવામાં આવેલ છે.

3

સનાતની ચળવળ

આપણી કેન્દ્રીય સમાજની સ્થાપનાની પૂર્વ ભૂમિકા અને વર્તમાન સ્થિતિ
- શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી

આપણે જાણીએ છીએ કે આપણા પૂર્વજોએ સૈય્યદ ઇમામશાહ બાવાના પ્રભાવમાં આવીને પીરાણા સતપંથ ધર્મનો સ્વીકાર કરવાથી, ઉત્તર ગુજરાત/અમદાવાદના ફળદ્રૂપ વિસ્તારઓ છોડી, કચ્છમાં આવવું પડ્યું. ત્યારથી આપણને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની ઓળખ મળી. કચ્છમાં આવ્યા ત્યારે, સૌ પ્રથમ આપણે ભચાઉ નજીક સીકરા નામના ગામમાં આવીને વસ્યા.

હિંદુ ધર્મનું મૂળ ટકાવ્યું

દૂરંદેશી વિચાર શરણી ધરાવનાર આપણા જ્ઞાતિના તે વખતના વડીલ શ્રી વિશ્રામભાઈ નાકરાણીને ખ્યાલ આવી ગયો કે આપણે કોઈક મુસલમાનને ધર્મગુરુ માનીને, વિધર્મના ખોટા રસ્તા પર ચડી ગયા છીએ. પણ અંધશ્રદ્ધા અને સૈય્યદોના પ્રભાવમાં અને તેમના બતાવેલ લાલચમાં ફસાયેલ આ જ્ઞાતિને વાળવી સહેલું નોહ્તું. આગળ જતાં આપણી જ્ઞાતિ હિંદુ ધર્મથી વિમુખ ના થઈ જાય, તે માટે વિશ્રામબાપા ચિંતિત હતા. આપણી જ્ઞાતિનું સૌમ્ય રીતે એટલે કે ધીરે-ધીરે ઇસ્લામી કરણ થતું તેમને દેખાતું હતું, માટે ભવિષ્યમાં મુશ્કેલીઓ ઊભી ન થાય તે માટે તેમના અંતિમ સમયમાં આપણી જ્ઞાતિ પાસેથી બે વચનો લીધા. પહેલું વચન હતું કે આપણી જ્ઞાતિએ ગોકુળિયું અર્થાત્ કૃષ્ણ જન્માષ્ટમી તહેવાર ઉજવવાનું કોઈ દિવસ બંધ કરવું નહીં. અને બીજું વચન હતું, કે આપણે કોઈ દિવસ પરમાટી એટલે કે માંસાહાર ખાવો નહીં અને દારુ/મદિરાના વ્યાસનમાં પડવું નહીં. વડીલ શ્રી વિશ્રામભાઈ નાકરાણી જ્ઞાતિમાં ખૂબજ સૌના માનીતા હોવાથી જ્ઞાતિએ વડીલને આપેલ એ બન્ને વચનોના કારણે આપણી જ્ઞાતિનું મૂળ હિંદુ ધર્મ સાથે કાયમી રીતે જોડાઈ રહ્યું. માંસાહાર કરનાર સૈય્યદો દ્વારા, અંધશ્રદ્ધાના દમ પર, એમના એઠાં ને પ્રસાદ સમજીને ખાવાની પ્રથા જ્ઞાતિમાં ઘુસાડેલ હોવા છતાં, આપણે માંસાહાર ન કર્યો. એટલે બીજા શબ્દોમાં ગાયનું માંસ ન ખાધું અને ગાયને પવિત્ર અને પૂજનીય ગણતા રહ્યા. આ રીતે હિંદુ ધર્મના પાયાના મૂલ્યો જળવાઈ રહ્યા.

ઘણાં દાયકાઓ વીત્યા બાદ સવંત ૧૮૩૨નો પ્રાગજી કાકા અને સૈય્યદ વલીમિયાં વાળો ઠરાવ જેના થકી આપણી જ્ઞાતિને હિંદુ મૂળમાંથી કાપી નાખવાનો પ્રયાસ હતો, જેમાં આપણી હિંદુ વંશાવલીની નોંધ રાખતા વહીવંચાઓ તેમજ આપણા જ્ઞાતિના ગોર (એટલે બ્રાહ્મણ) દ્વારા ધાર્મિક ક્રિયા કાંડઓ કરવા ઉપર બંદી કરવામાં આવી. આ ઠરાવના અમલથી આપણા ઉપર 'મુમના'નું કલંક લાગ્યું. આપણી જ્ઞાતિનું ઇસ્લામીકરણ જાહેરમાં થવા લાગ્યું.

સુધારા-૧: કેશરા પર્મેશ્વરાનો પહેલો બળવો

આપણા સદ્‌ભાગ્યે પ.પૂ. નરવીર કેશરા પરમેશ્વરા (નેત્રા ગામના કેશરા મુખી)એ સં. ૧૮૩૨ના ઇસ્લામીકરણ તરફ દોરનાર ઠરાવના સજ્જડ વિરોધ કરી સ્વામિનારાયણ સંતો સાથે વિચાર વિમર્શ કરી સનાતન ધર્મની રાહ પર ચાલવા સ્વામિનારાયણ સંપ્રદાયનો સહારો લીધો અને તેમની સાથે આપણા કેટલાક જ્ઞાતિજનો જોડાયા. જે આજે સ્વામિનારાયણ સત્સંગ સમાજ તરીકે ઓળખાય છે. અને ચુસ્ત રીતે સનાતન ધર્મનું પાલન કરે છે. આ સુધારાની પહેલ હતી. પરંતુ તે વખતે થોડાક જ જ્ઞાતિજનો આમાં જોડાયા. મોટા ભાગના જ્ઞાતિજનો સતપંથ ધર્મમાંજ રચ્યા પચ્યા રહ્યા અને મુમનાના કલંક સાથે સૈયદો-કાકા-મુખી-ગેઢેરાના આદેશ પ્રમાણે જીવતા હતા.

સુધારા-૨: નારાયણ રામજી લીંબાણી દ્વારા સનાતન ધર્મની જાગૃતિ અભિયાન

આ દયનીય પરિસ્થિતિમાં આપણા આદ્યસુધારક નારાયણજી રામજી લીંબાણી (વિરાણી મોટી)એ સતપંથ સાહિત્યનો ગહન અભ્યાસ કર્યા. પછી પીરાણાની પોલ ખોલતુ પુસ્તક 'પીરાણાની પોલ યાને સત્યનો પ્રકાશ' નામનુ દળદાર પુસ્તક પ્રગટ કરી સુધારાની શરૂઆત શુધ્ધિકરણના માધ્યમથી કરી. તેમની આગેવાની હેઠળ કરાંચી-મુંબઇ-કચ્છ વગેરે સ્થળોએ પરિષદો-સભાઓ ભરી. સુધારક મંડળના નેજા હેઠળ સંપૂર્ણ શુધ્ધિકરણની ઝુંબેશ ઉપાડી અને વૈદિક સનાતન ધર્મની જ્યોત જગાવીને સુધારાને વેગવાન બનાવ્યો. આમ વૈદિક સનાતન ધર્મ-આર્ય સમાજની વિચારધારા આપણી જ્ઞાતિમાં આવી. જ્ઞાતિજનો સુધારાની પ્રક્રિયામાં જોડાવા લાગ્યા. આ ચળવળ ચલાવનારને "શુદ્ધિયું" વાળા કહેવામાં આવતા.

આ સુધારાની ઝુંબેશ/પ્રક્રિયાને ખોરંભે પાડવા માટે સતપંથી આગેવાનો-ગઢેરાઓએ શુદ્ધિયું વાળા જ્ઞાતિજનોને અને તેમના કુટુંબીઓ-સગાસબંધીઓને જોહુકમીથી પરેશાન કરવા લાગ્યા. તેથી કેટલાક સુધારાવાદીઓ વૈદિક સનાતન ધર્મ છોડી પાછા ગઢેરાઓના શરણમાં સતપંથમાં પરત આવવા લાગ્યા. પૂ. નારાયણજીબાપાએ પણ શુધ્ધિકરણ સ્વીકારનાર જ્ઞાતિજનો સતપંથમાં પરત જતા નિહાળી ઘણો જ આઘાત લાગ્યો. આમ આવા શુદ્ધિયું વાળાની સંખ્યા સીમીત રહી. ત્યારબાદ નારાયણજીબાપાની તબિયત નાદુરસ્ત થતાં જ્ઞાતિ સુધારાની પ્રક્રિયામાં ઓટ આવી.

સુધારા -૩: સંત શ્રી ઓધવરામ મહારાજ – ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પધરામણી

બીજી બાજુ, આપણી જ્ઞાતિના સુપુત્ર, સંતશ્રી પ.પૂ. લાલરામજી મહારાજ (દેશલપર-ગુંથલીવાળા) આપણી જ્ઞાતિની ધાર્મિક અને આર્થિક દુર્દશા જોઇ મનોમનમાં ખૂબ જ પીડા અનુભવતા હતા. આપણી જ્ઞાતિને સાચા સનાતની રાહે લાવવાની તેમની પ્રબળ ઇચ્છા હોવા છતા શરીરની લાચારીને લીધે તેઓ સુધારાનું કાર્ય કરી શક્યા નહી અને તેમનું આયુષ્ય પણ ટૂંકું હોવાથી મરણ પથારીએ પોતાની જ્ઞાતિને સાચા સનાતની ધર્મને રાહે ન લાવી શકવાની પીડા ભોગવતા હતા. અને આ પીડામાં તેમનો જીવનદીપ બુઝાતો ન હતો.

તેમની આ પીડા તેમના શિષ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજે અનુભવી અને તેમને ગુરૂજીને વિનંતી કરી કે આપની પીડા મને જણાવો તો આપના જીવને સદ્ગતી મળે. ઓધવરામજીએ તેમના ગુરૂને વચન આપ્યું કે હું આપની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને ઇસ્લામ અને મુમનામાંથી પુનઃ સાચા હિંદુ સનાતની રાહે લાવવા માટે જીવનભર પ્રયત્નશીલ રહીશ. ત્યાર બાદ તેમના ગુરૂજીનો આત્મા પરમતત્વમાં વિલીન થયો.

સંત ઓધવરામજી મહારાજે તેમના ગુરૂજીને આપેલ વચનને પરિપૂર્ણ કરવા માટે વિચારવા લાગ્યા. પરંતુ ક્યાંથી અને કઇ રીતે આગળ વધવું તેની તેમને મુઝવણ હતી. તેઓ ભાનુશાળી કુળના હોવાથી આપણી જ્ઞાતિ સાથેનો વિશેષ પરિચય ન હતો. આવી મુઝવણ વચ્ચે અચાનક તેમનો ભેટો મુંબઇવાળા રતનશી ખીમજી ખેતાણી (વિરાણી વાળા) સાથે થયો. રતનશીબાપા સુધારક મંડળના મંત્રી હતા. તેમની સાથે વાર્તાલાપ કરતા સુધારાની ચાલતી પ્રક્રિયાની માહિતી મેળવી.

નારાયણજીબાપાના માર્ગદર્શન હેઠળ ચાલતી સુધારાની પ્રક્રિયામાં શુદ્ધિયું વાળા સુધારાવાદીઓ ખૂબ જ ચુસ્તપણે નિયમોનું પાલન કરવાની ફરજ હતી. તેમના વિચાર મુજબ સુધારાવાદીઓએ શુધ્ધિકરણ પછી સતપંથીઓ સાથે કોઇપણ રીતનો સબંધ રાખવો નહિ. નજીકના સગાઓ સાથે પણ સબંધો તોડી નાખવા પડતા હતા. આ પરિસ્થિતિ સમજી ઓધવરામજીએ રતનશીબાપાને સ્પષ્ટ જણાવ્યું કે આ રીતે તમોને ધારી સફળતા પ્રાપ્ત નહિ થાય. કારણ કે તમારી જ્ઞાતિમાં સનાતની લોકો બહુજ નાની સંખ્યા એટલે કે ખૂબજ લઘુમતીમાં છો. તેની સામે સતપંથવાળા ખૂબ મોટી સંખ્યામાં છે અને તેમના દ્વારા સનાતની લોકો પર ગુજરેલ અત્યાચારો, જેવા કે જ્ઞાતિ બહાર મૂકી દેવા, સગાં સંબંધી પર અસહ્ય દબાણો લાવવા વિગેરે, જેવા કે માનસિક ત્રાસ અને અત્યાચારો સામે સનાતનીઓ ટકી શકે નહીં. બેટી વ્યવહારો અટકી જશે. જે વાત સાચી હતી.

તે સમયે આવા કારણોના લીધે ઘણા સુધારવાદીઓ બીકના માર્યા પાછા સતપંથમાં ભળવા લાગ્યા હતા. સુધારવાદીઓની સંખ્યા દિવસો દિવસ ઘટતી જતી હતી. સનાતન ચળવળ નિષ્ફળ જવાની અણીએ આવી પહોંચી હતી. તે ઉપરાંત જ્ઞાતિ આર્થિક રીતે ખૂબજ નબળી હતી અને વૈચારિક રીતે પછાત પણ હતી. એટલે નારાયણ બાપા દ્વારા અપનાવેલ રસ્તા મારફતે વૈદિક સનાતન ધર્મના વિચારો અને વ્યવહારો જ્ઞાતિમાં ઉતારવા લગભગ અશક્ય હતાં.

આ વાર્તાલાપથી રતનશીબાપાને ઝાટકો લાગતા તેમણે સુધારા માટે સંતશ્રીની સલાહ માંગી. સંતશ્રીએ જણાવેલ કે તમો તમારા સગાસબંધીઓને સાથે રાખ્યા વગર આગળ વધો છો તો તેઓ તમારો વિશ્ર્વાસ કેમ કરશે? વિશેષમાં સુધારાની પ્રક્રિયા કરવા જ્ઞાતિને કંઇક આપણું અવલંબન પણ જરૂરી છે. રતનશીબાપા અને તેમના ધર્મપત્ની શુદ્ધિયુ વાળા સુધારાવાદી હતા. તેથી તેઓ પણ તેમના બે વડીલ બંધુઓ જેઓ હજુ સતપંથમાં જ હતા તેમના ઘરનું પાણી પણ નહોતા પીતા. તેથી તેમના વડીલો પણ તેનાથી દુર જ રહ્યા. ઓધવરામજીની સલાહથી રતનશીબાપા અને તેમના ધર્મપત્નીએ પોતાના બન્ને વડીલ બંધુઓ અને ભાભીઓ પાસે રૂબરૂ જઇ માફી માંગતા તેઓ બન્ને વડીલ બંધુઓ સુધારાની પ્રક્રિયામાં સામેલ થવા ઇચ્છા દર્શાવી. તેથી રતનશીબાપાને સંતશ્રી ઓધવરામજી ઉપર શ્રધ્ધા બેઠી. તેઓએ ૧૬-૦૭-૧૯૨૩ના શુદ્ધિ કરણ ઘાટકોપરમાં કરાવ્યું અને સુધારાની પ્રક્રિયામાં જોડાયા.

આ અંગે રતનશીબાપા નારાયણજીબાપાને રૂબરૂ મળી બધી વાત કરીને સંતની સલાહ પ્રમાણે આગળ વધવામાં આવશે તો સારૂ પરિણામ આવશે તેવું જણાવ્યુ. પરંતુ નારાયણજીબાપા પોતાના સુધારાવાદી વલણમાં અડગ રહ્યા અને સંતની સલાહ પ્રમાણે આગળ વધવા સહમતી ના આપી. એટલે રતનશીબાપાએ નારાયણજીબાપાને જણાવેલ કે મને સંતશ્રી ઉપર વિશ્ર્વાસ બેસે છે એટલે તેમની સલાહ પ્રમાણે સુધારાની પ્રક્રિયા કરવા પ્રયત્ન કરી લેવા રજા માંગી. તેમાં સફળતા પ્રાપ્ત થશે તો સારું નહિ તો હું આપની સાથે જ છું અને રહીશ.

સંતશ્રી ઓધવરામજીએ રતનશીબાપાને સુધારા પ્રક્રિયા કરવા માટે જણાવ્યું કે જો ઇષ્ટદેવ તરીકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને સ્વીકારી સનાતન ધર્મનો પ્રચાર કરવામાં આવશે, તો જ્ઞાતિની હાલની અવદશા મુજબ સારા પરિણામ મેળવી શકીશુ.

આમ રતનશીબાપાએ સંતશ્રી ઓધવરામજીની સલાહ મુજબ જ્ઞાતિમાં લક્ષ્મીનારાયણ ભગવાનને ઇષ્ટદેવ તરીકે સ્વીકારી તેમના મંદિર બનાવવાનો સંકલ્પ કરી, સાથે સનાતન ધર્મનો પ્રચાર કરવા નિર્ણય લીધો. આ અંગે રતનશીબાપા તેમના સાથીદારો સાથે પણ વિચાર વિમર્શ કરી, સંત ઓધવરામજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શન લઇ ગામેગામ લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો બનાવવા સાથે સનાતન ધર્મનો પ્રચાર કરવા લાગી ગયા. આ ચળવળ ચલાવનારને "સુધારાવાદીઓ" કહેવામાં આવતા. રતનશીબાપા પ.પુ. ઓધવરામજી મહારાજની સલાહ મુજબ ધાર્મિક સુધારાની ચળવળ ચલાવી. પરંતુ નારાયણજી બાપાએ સૂચવેલ મૂળ સનાતની સિદ્ધાંતોને રતનશીબાપાએ આજીવન પૂરી નિષ્ઠા થી પાળ્યા. ફરક માત્ર એટલો હતો કે નારાયણ બાપા સતપંથીઓ સાથે સંબંધ કાપી નાખીને પછી તેમને સનાતની બનાવવા માંગતા હતા, ત્યારે રતનશીબાપા સિદ્ધાંતોમાં બાંધ છોડ કર્યા વગર, સતપંથીઓને સહયોગ આપી તેમને સનાતન હિંદુ ધર્મને સ્વીકારવા પ્રોત્સાહિત કરી, તેમને સનાતની બનાવતા હતા. એક વખત સંપૂર્ણ સનાતની બન્યા બાદજ તેમની સાથે ખાવા પીવા જેવા સામાજિક વ્યવહારો કરતા હતા.

સૌ પ્રથમ વિરાણી મોટી મધ્યે લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તિ બેસાડવા પ્રયત્નશીલ બન્યા. તેની તૈયારીરૂપે પાનમૂર્તિ પણ તૈયાર કરાવી લીધી. પરંતુ ગામમાં થોડાક ખટરાગ થતા વિલંબ થયો. સાબરકાંઠાના બોરડીટીંબા કંપામાં વિરાણીવાસીઓ રહેતા હોવાથી તેઓએ લક્ષ્મીનારાયણ મંદિર બનાવવાનું બીડુ ઝડપ્યું અને વિરાણી માટે બનાવેલ પાનમૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા બોરડીટીંબામાં સૌ પ્રથમ ઈ.સ. ૧૯૨૬માં કરવામાં આવી. ત્યારબાદ વિરાણી મોટીમાં ઈ.સ. ૧૯૨૮માં લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારપછી સંતશ્રી ઓધવરામજી અને સંત દયાલદાસજીના માર્ગદર્શન હેઠળ ગામેગામ સનાતન ધર્મનો પ્રચાર થવા લાગ્યો અને ધીરેધીરે ગામેગામ લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપના થવા લાગી.

સુધારા -૪: કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની સ્થાપના

આ સુધારાની ઝુંબેશ ચાલતી હતી તે વ્યવસ્થિત કરવા તેમજ સુધારાવાદી જ્ઞાતિનું સંગઠન મજબૂત કરવા ઈ.સ. ૧૯૩૮માં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની રચના કરવામાં આવી. તેમના પ્રથમ પ્રમુખ તરીકે રતનશી ખીમજી ખેતાણી અને મહામંત્રી તરીકે નથુભાઇ નાનજીભાઇ કેશરાણીની વરણી કરવામાં આવી. નખત્રાણાના નથુભાઇ નાનજીભાઇ છાભૈયા/કેશરાણી સુધારાની ચળવળમાં સક્રિય રીતે ઈ.સ.૧૯૩૭માં નખત્રાણા (નવાવાસ)ના (જ્ઞાતિનું ત્રીજું અને કચ્છ ખાતે બીજું) લક્ષ્મીનારાયણ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની સભામાં જોડાણા હોવા છતાં, તેમની ધગશ અને ખંતને ધ્યાને રાખી મહામંત્રી તરીકે જવાબદારી સોંપવામાં આવી.

સમાજની રચના પછી તેમના નેજા હેઠળ સનાતન ધર્મનો પ્રચાર ખૂબ જ વેગવાન બન્યો અને ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપનામાં કચ્છના ગામો તેમજ સાબરકાંઠાના કંપાઓમાં મંદિર બનવા લાગ્યા અને સનાતન ધર્મમાં જ્ઞાતિજનોનો પરત આવવાનો પ્રવાહ પણ વેગવાન બન્યો.

સુધારા -૫: જ્ઞાતિને પોતાના મૂળ સાથે જોડી રાખવા – ઉમિયા માતાજી વાંઢાયની સ્થાપના

કડવા પાટીદારની કુળદેવી ઉમિયા માતાજીનું મંદિર ઊંઝા હોવાથી દર્શન કરવા ઊંઝા સુધી લાંબે જવું પડતું. તેથી કચ્છ અને સાબરકાંઠાના વડીલોએ ઓધવરામજી મહારાજ અને દયાલદાસજી મહારાજ પાસે વિનંતી કરી કે કુળદેવી ઉમિયા માતાજી કચ્છમાં આવે તો જ્ઞાતિજનોને દર્શન સુલભ થાય. સનાતન ધર્મના કાર્યમાં વેગ આવે. ઓધવરામજી મહારાજે વાંઢાયમાં તેઓ જ્યાં "તપસ્યા" કરતા હતા તે સ્થળે માતાજીની પધરામણી થાય તેવી લાગણી વ્યક્ત કરતા સર્વે વડીલો સ્વીકારી ઉમિયા માતાજીની પ્રાણપ્રતિષ્ઠાની તૈયારીમાં લાગી ગયા. કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના નેજા હેઠળ ઈ.સ. ૧૯૪૪માં વાંઢાય કુળદેવી ઉમિયા માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન સમાજમાં કેટલાક સુધારવાદી ઠરાવો કરી જૂની પરંપરાને તિલાંજલિ આપવામાં આવી અને સનાતની ચળવળ વેગવાન બની જ્ઞાતિજનો ધીરેધીરે સતપંથને છોડી સનાતન સમાજમાં આવવા લાગ્યા. આથી સતપંથની સંખ્યા ઘટવા લાગી અને સનાતનીઓની સંખ્યા વધવા લાગી.

સુધારા -૬: બૌદ્ધિક વિકાસ માટે કેળવણીનો પાયો

કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની કાયદાકીય રીતે વિધિસર સમાજ રચના કરી ટ્રસ્ટ બનાવવા માટે ઈ.સ. ૧૯૫૭માં એડહોક કમિટીની રચના કરવામાં આવી. તેના પ્રમુખ સ્થાને મથલના પરબત લખુ પોકાર અને મંત્રી તરીકે કરશન શિવદાસ દિવાણી વિરાણીવાળાની નિમણૂંક કરવામાં આવી.

સંત ઓધવરામજીની પ્રેરણા હતી કે જ્ઞાતિમાં/સમાજમાં શિક્ષણ આવશે તો સુધારા સાર્થક થશે. તે મુજબ પહેલાં ધનસુરામાં બોર્ડિંગની સ્થાપના કરવામાં આવી અને ત્યાર બાદ ઈ.સ. ૧૯૬૦માં નખત્રાણા ખાતે બોર્ડિંગની સ્થાપના કરવામાં આવી. તે વખતે જ્ઞાતિનું પ્રથમ અધિવેશન/પરિષદ યોજવામાં આવ્યું. તેમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના નામનું ટ્રસ્ટ બનાવવામાં આવ્યું. જેના પ્રથમ પ્રમુખ તરીકે શિવદાસ કાનજી નાકરાણી વિરાણીવાળા અને મહામંત્રી તરીકે ખીમજી નાગજી લીંબાણી મથલવાળાની નિમણૂંક કરવામાં આવી. અને નખત્રાણા બોર્ડિંગ ખાતે તેનુ કાર્યાલય કાર્યરત થયા પછી જ્ઞાતિ રીતરિવાજોમાં સુધારા આવ્યા અને સતપંથી રૂઢિઓથી છુટકારો મળ્યો.

ટ્રસ્ટના અસ્તિત્વ પછી બોર્ડિંગમાં રહી વિદ્યાભ્યાસ કરી જ્ઞાતિજનોએ વિવિધ ક્ષેત્રે સારી પ્રગતિ કરી. સમાજના નેજા હેઠળ નખત્રાણા-માંડવી-ભુજ-ગાંધીધામ-વલ્લભવિદ્યાનગર-સુરત વગેરે સ્થળોએ વિદ્યાધામો/ સમાજવાડીઓ બની. સુવિધાઓ પ્રાપ્ત થઇ.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ



:: પ્રમુખશ્રીઓ ::


શ્રી રતનશીભાઈ ખીમજીભાઈ ખેતાણી(દિવાણી)
વિરાણી મોટી
હાલ : મુંબઈ — ૧૯૩૮ થી ૧૯૫૭


શ્રી પરબતભાઈ લખુભાઈ પોકાર
મથલ
૧૯૫૭ થી ૧૯૬૦


શ્રી શીવદાસભાઈ કાનજીભાઈ નાકરાણી
વિરાણી મોટી
૧૯૬૦ થી ૧૯૭૨


શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ લીંબાણી
મથલ
૧૯૭૨ થી ૧૯૮૭


શ્રી પ્રેમજીભાઈ પૂંજાભાઈ વાસાણી
વિથોણ
૧૯૮૭ થી ૧૯૯૩


શ્રી મણીલાલ પૂંજાભાઈ રામાણી
નખત્રાણા
હાલ : મુંબઈ — ૧૯૯૩ થી ૧૯૯૬


શ્રી પ્રેમજીભાઈ પૂંજાભાઈ વાસાણી
વિથોણ
૧૯૯૬ થી ૧૯૯૯


શ્રી ખીમજીભાઈ લખમશીભાઈ લીંબાણી
નખત્રાણા
હાલ : કલકત્તા — ૧૯૯૯ થી ૨૦૦૨


શ્રી વાલજીભાઈ શીવજીભાઈ વાડીયા
દયાપર
હાલ : જામનગર — ૨૦૦૨ થી ૨૦૦૫


શ્રી વાલજીભાઈ શીવજીભાઈ વાડીયા
દયાપર
હાલ : જામનગર — ૨૦૦૫ થી ૨૦૦૮


શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી
વિરાણી મોટી
હાલ : રાયપુર — ૨૦૦૮ થી ૨૦૧૧


શ્રી ગંગારામભાઈ હિરાલાલ સાંખલા
રસલીયા
હાલ : નવી દિલ્હી — ૨૦૧૧ થી ૨૦૧૪


શ્રી ગંગારામભાઈ હિરાલાલ સાંખલા
રસલીયા
હાલ : નવી દિલ્હી — ૨૦૧૪ થી ૨૦૧૭


શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી
વિરાણી મોટી
હાલ : નવી મુંબઈ — ૨૦૧૭ થી ૨૦૨૦

:: મહામંત્રીશ્રીઓ ::


શ્રી નથુભાઈ નાનજીભાઈ કેશરાણી
નખત્રાણા
૧૯૩૮ થી ૧૯૫૭


શ્રી કરશનભાઈ શીવદાસભાઈ દિવાણી
વિરાણી મોટી
૧૯૫૭ થી ૧૯૬૦


શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ લીંબાણી
મથલ
૧૯૬૦ થી ૧૯૭૨


શ્રી પ્રેમજીભાઈ પૂંજાભાઈ વાસાણી
વિથોણ
૧૯૭૨ થી ૧૯૮૭


શ્રી વાલજીભાઈ નારણભાઈ ભગત
નખત્રાણા
૧૯૮૭ થી ૧૯૯૩


શ્રી વાલજીભાઈ નારણભાઈ ભગત
નખત્રાણા
૧૯૯૩ થી ૧૯૯૬


શ્રી વાલજીભાઈ નારણભાઈ ભગત
નખત્રાણા
૧૯૯૬ થી ૧૯૯૯


શ્રી મોહનભાઈ શીવજીભાઈ ધોળુ
નાગલપર
૧૯૯૯ થી ૨૦૦૨


શ્રી ઈશ્વરભાઈ માવજીભાઈ ભગત
કોટડા(જ.)
૨૦૦૨ થી ૨૦૦૫


શ્રી વાલજીભાઈ કેશરાભાઈ નાકરાણી
સાંયરા
હાલ : મોરબી — ૨૦૦૫ થી ૨૦૦૮


શ્રી મોહનભાઈ શીવજીભાઈ ધોળુ
નાગલપર
૨૦૦૮ થી ૨૦૧૧


શ્રી માવજીભાઈ કેશરાભાઈ ભગત
વિથોણ
હાલ : ભુજ — ૨૦૧૧ થી ૨૦૧૪


શ્રી માવજીભાઈ કેશરાભાઈ ભગત
વિથોણ
હાલ : ભુજ — ૨૦૧૪ થી તા. ૦૩-૦૭-૨૦૧૭


શ્રી વાલજીભાઈ હિરજીભાઈ ચૌહાણ
દયાપર
હાલ : દહાણું રોડ — ૨૦૧૭


શ્રી પુરષોત્તમભાઈ રવજીભાઈ ભગત
ઉગેડી
હાલ : અંકલેશ્વર — ૨૦૧૭ થી ૨૦૨૦

શ્વેત પત્ર

કેન્દ્રીય સમાજના હોદેદારો અને સમાધન સમિતિ દ્વારા ધાર્મિક વિવાદો અંગેના સમાધાનની લાંબા સમયની પ્રક્રીયા દરમ્યાન ખુબ જ ઉંડાણ પુર્વકનો અભ્યાસ સમગ્ર રીતે કરવામાં આવેલ છે. અમારી સમક્ષ આવેલા કેટલાક તથ્યો, હકીકતો સાહીત્યોમાંથી ઉભરેલા સત્યો, પુવર્જોની ચીધેલી દિશા, વડવાઓના કાર્યો, જ્ઞાતિજનો સાથેના સંવાદો, મતો, અભિપ્રાયો વગેરેને અમો હોદેદારોએ નોંધમાં લીધેલ છે. તેમજ છેલ્લા કેટલાક સમયથી ધર્મ વિષયક વિવાદો, બનાવો, ઘટનાઓ અને વર્તમાન બંધારણનો તાર્કિક તલસ્પર્શી અભ્યાસના તારણો કરતા આવી તમામ બાબતોને નજર સમક્ષ રાખીને અવારનવાર મળેલ હોદેદારો અને ટ્રસ્ટીઓની મીટીંગમાં ચર્ચા-વિચારણાના અંતે સર્વાનુંમતે લેવાયેલ નિર્ણયોના અનુસંધાનમાં અને તા. ૨૭/૦૨/૨૦૧૦ ના રોજ સમાધાન સમિતિની સભા દરમ્યાન બનેલ કલંકિત ઘટનાના અનુસંધાનમાં નિચે મુજબનો શ્વેત પત્ર જારી કરવામાં આવે છે.

(૧) આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમણે પીરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી મુળ સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો. તેથી નિ:શંકપણે પુરવાર થાય છે કે આપણી કેન્દ્રીંય સમાજ સનાતની સમાજ છે અને તેનો ધર્મ સનાતન વૈદિક હિન્દુ ધર્મ છે.

(૨) પુજનીય સંતશ્રી ઓધવરામજી મહારાજ જેવા સંતોની સલાહ અને સ્થાપક વડવાઓના અભિગમને અનુસરી આ સમાજની રચના કરવામાં આવેલ હતી જેથી આ સમાજ, મુળભૂત હિન્દુ સનાતન વિચારધારાથી ભટકી ગયેલ જ્ઞાતીજનોને હિન્દુ સનાતન વિચારધારામાં ભેળવવાના પ્રયાસો કરશે.

(૩) આપણો સમાજ હિન્દુ સનાતન વિચારધારા પર આવી શકે તેવી લાગણીથી આ સમાજની રચના કરવામાં આવી છે અને તેના સારા પરિણામો આવી શકયા છે. પરંતુ અપવાદરૂપ હજી પણ કેટલાક જ્ઞાતિજનો આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિને અપનાવી શકયા નથી તે ખરેખર દુ:ખદ બાબત ગણી શકાય.

(૪) સમાજ રચનાના લખાણો, તે વખતની પ્રતો, મીનીટસ બુકો વિગેરે પરથી પ્રમાણિત થાય છે કે આ સમાજનો હિન્દુ પરંપરાને જાળવીને હંમેશને માટે કાર્ય કરવાનો આદેશ હતો તેથી આ સમાજ તેજ વિચારધારા પર કાર્ય કરશે અને સમાજમાં સનાતન હિન્દુ ધર્મનો પ્રચાર-પ્રસાર કરશે.

(૫) અત્યાર સુધી અવાર નવાર કેન્દ્રીય સમાજ દ્વારા જ જ્ઞાતિના અધિવેશનો બોલાવવામાં આવેલા છે. તેમાં પસાર કરવામાં આવેલા ઠરાવ મુજબ જ્ઞાતિના રિતરિવાજોના નિયમ ૧૮ મુજબ બાહય આચરણો અંગે અને નિયમ ૧૯ મુજબ સામાજીક તેમજ ધાર્મિક પશ્નો અંગેનું પાલન કરવવા જણાવવમાં આવેલ છે. તેમ છતાં કેટલીક વ્યકિતઓ આ નિયમોને ગંભીરતાથી લેતી નથી. તેમજ અવારનવાર એક યા બીજા બહાના હેઠળ આપણો સમગ્ર સમાજ હેરાન થાય તેમજ સમાજના પ્રતિનિધિઓની લાગણી દુભાય તેવા કેસો કરે છે અને સમાજને પણ તકલીફમાં મુકે છે. જેથી સમાજનું બંધારણ, ધારાધોરણ તેમજ જ્ઞાતિના રીતરીવાજોના નિયમ ૧૮ અને ૧૯નું ચુસ્ત પણે પાલન કરાવવું આ તબકકે ખુબ જ જરૂરી બને છે. સમાજમાં એકજ આચાર અને વિચાર કાયમ રહે, એકજ રિતરિવાજોનું અને સનાતન હિન્દુ ધર્મનું ચુસ્તપણે પાલન થાય તે અત્યંત જરૂરી છે. જેમણે ઉપરોકત નિયમોનો ભંગ કરેલ છે તે વ્યકિત તેમજ વ્યકિત સમૂહનું સભ્યપદ રદ કરવાનું રહે છે અને **"સ્વર્ણિમ મહોત્સવ"** તેમજ સમાજના તમામ કાર્યક્રમોમાં તેમનો પ્રવેશ નિષેધ કરવામાં આવે છે. આ અંગેની જવાબદારી ભારતભરના તમામ ઝોન અને ઝોનમાં આવતી સમાજને સોંપવામાં આવે છે.

(૬) સમાજના સભ્યપદ મેળવવા માટે આ શ્વેત પત્રમાં જણાવેલ વિવિધ મુદાઓ અનુસાર આપણી જ્ઞાતિના જે કોઇ સભ્ય જન્મથી મરણોત્તર સુધી સનાતન વૈદિક હિન્દુ ધર્મની પરંપરાઓ અને સમાજના બંધારણ અને ધારા ધોરણો તથા જ્ઞાતિના રીતરિવાજોનું પાલન કરનારને નિયત અરજી પત્રક મેળવીને જરૂરી સભ્ય ફી ભરી કારોબારી સભામાં મંજુર થયે સભ્યપદ આપવામાં આવશે. સમાજના વર્તમાન આજીવન સભ્યોએ પણ સભ્યપદ માટેનું નિયત અરજી પત્રક ભરીને સમાજને સોપવાનું રહેશે.

નખત્રાણા-કચ્છ

તા. ૨૫/૦૩/૨૦૧૦

રામજી રિખરામ (signature)

પ્રમુખ શ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા-કચ્છ

સમાજની વિધીવત્ સ્થાપના પછી પાંડુરંગ શાસ્ત્રીના સંગમાં આપણા જ્ઞાતિજનો આવ્યા અને સ્વાધ્યાય પ્રવૃત્તિમાં મોટા પ્રમાણમાં જોડાઈ ધાર્મિક પ્રવૃત્તિઓ કરવા લાગ્યા. તેથી સનાતનીઓ તેમજ સતપંથીઓ પણ સ્વાધ્યાયમાં જોડાયેલ જોવા મળ્યા.

કાળક્રમે સતપંથીઓ સતપંથ છોડી સનાતની પ્રવાહમાં સમાજ સાથે જોડાતા ગયા અને છેલ્લે સતપંથ સમાજની સંખ્યા બહુ ઓછી રહી.

પરંતુ આ દરમ્યાન કેટલાક સતપંથીઓ સનાતન સમાજની ઉદારતાનો ગેરલાભ લઇ, સતપંથ છોડ્યા વગર સનાતન સમાજના સભ્ય બની ગયા અને ધીરેધીરે સતપંથીઓ આપણા કેટલાક સનાતનીઓના સહારે સમાજમાં વિખવાદ ઊભા કરવા પ્રયત્નશીલ થયા. આના કારણે સમાજને તેના માઠા પરિણામો ભોગવવાનો વારો આવ્યો. આજે પણ આના માઠા પરિણામો આખો સનાતની સમાજ ભોગવી રહ્યો છે. જેને આપણા કેટલાક ઉદારમતવાદી, વિઘ્નસંતોષી, તકસાધુ માણસો, સતપંથીઓને સહકાર આપી મુશ્કેલીઓ ઊભી કરવામાં નિમિત્ત બન્યા છે, તે દુ:ખની વાત છે.

સુધારો -૭: લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિ અને સંસ્કાર ધામની સ્થાપના

સતપંથીઓના સનાતનીઓ ઉપર પ્રહારો ચાલુજ રહ્યા. સતપંથીઓ દ્વારા સનાતની આગેવાનો ઉપર ખોટા પોલિસ/કોર્ટ કેસો કરી પરેશાન કરવા લાગ્યા. જેથી સનાતનીઓ નાસીપાસ થાય, અને સમાજ પર કબજો મેળવવા મેદાન મોકળું થઇ જાય. આ વિટંબણાઓને ધ્યાનમાં રાખી કેન્દ્રીય સમાજ અને ઉમિયા માતાજી સંસ્થા વાંઢાયના અગ્રણીઓ વાંઢાય મધ્યે એકત્ર થઇ, સતપંથીઓ સામે મક્કમતાથી લડવા અને સનાતનીઓને પીઠબળ આપવા, તેમજ સનાતન ધર્મ પ્રચાર કરવા વિચારણા કરીને, કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી પ્રેમજીભાઇ પુંજાભાઇ વાસાણીના પ્રમુખસ્થાને લક્ષ્મીનારાયણ સનાતન ધર્મપ્રચાર સમિતીની રચના ઈ.સ. ૧૯૯૬માં કરવામાં આવી.

આ ધર્મ પ્રચાર સમિતીએ ગામેગામ સનાતન ધર્મનો પ્રચાર કરી જ્ઞાતિજનોમાં જાગૃતતા લાવવા પ્રયત્ન કરેલ. આ સમિતીના નેજા હેઠળ ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણ સનાતન સમાજના નેજા હેઠળ ગામેગામના લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોને એક સૂત્રે સાંકળી લેવાના હેતુથી ભવ્ય કેન્દ્રસ્થાન સંસ્કારધામ (દેશલપર-વાંઢાય ખાતે) નિર્માણ પામેલ છે. જેના પ્રમુખ સ્થાને વડીલ શ્રી જેઠાભાઇ લાલજી ચોપડા વર્ષોથી સેવા આપે છે.

સુધારા -૮: સતપંથ સમસ્યાના ઉકેલ માટે ઉમિયા માતાજી ઊંઝાનો ચુકાદો

આપણા સનાતની વડીલોએ સનાતની જ્ઞાતિજનોના વિકાસ લાભાર્થે સમાજની રચના કરેલ અને સમાજ દ્વારા વિકાસના કાર્યો કરવામાં આવે છે. સનાતનીઓની ઉદારતાનો લાભ લઇ સતપંથીઓ સતપંથ છોડ્યા વગર સભ્ય બની સમાજમાં વહીવટ જમાવવા પ્રયત્નશીલ થયા. તેઓએ સમાજના પ્રમુખ/ટ્રસ્ટીઓ ઉપર પણ ખોટા કોર્ટ કેસો કરી પરેશાન કરવા સુધીની હદે ગયા છે. તેમ છતાં આપણામાંના કેટલાક સનાતનીઓની સલાહથી સતપંથના જાહેર કાર્યક્રમોમાં આપણી સમાજના આગેવાનો હાજર રહી, સતપંથીઓની પીઠ થાબડવા લાગ્યા. સતપંથીઓએ આપણા મુખ્ય કાર્યાલય નખત્રાણા બોર્ડિંગમાં પોલીસને મોકલી ખોટા પોલીસ કેસમાં સનાતનીની ધરપકડ કરવા પ્રયત્ન કરેલ. આથી સનાતનીઓના જીવ ઊકળી ઊઠતા ફરી સનાતની ચળવળ જાગૃત કરવાની ફરજ પડતાં, હિમંતભાઇ રતનશી ખેતાણીની આગેવાનીમાં ભારતભરમાં સનાતની પ્રચાર વેગવાન બન્યો. અને કેન્દ્રીય સમાજને શ્ર્વેતપત્ર બહાર પાડી સમાજની સનાતની ઓળખ સ્પષ્ટ કરવાની ફરજ પડી. આ શ્વેતપત્રને અસરકારક કરવા માટે સનાતનીઓએ દ્વારા માર્ગદર્શક ઠરાવો પણ બહાર પાડવામાં આવ્યા.

આ સનાતની ચળવળકારોએ ભારતભરમાં સભાઓ યોજી સનાતનીઓને જાગૃત કર્યા. તેના પરિણામે સમાજના સ્વર્ણિમ મહોત્સવ તેમજ લક્ષ્મીનારાયણ સંસ્કારધામ-દેશલપરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં દેશભરના સનાતનીઓ ખૂબજ મોટી સંખ્યામાં ઊમટી પડ્યા અને બન્ને મહોત્સવને ભવ્ય સફળતા અપાવી.

3 સનાતની ચળવળ: આપણી કેન્દ્રીય સમાજની સ્થાપનાની પૂર્વ ભૂમિકા અને વર્તમાન સ્થિતિ

સનાતન સતપંથ વિવાદ ઉકેલવા માટે વિશ્વ ભરના કડવા પાટીદારોની સર્વોચ્ચ ધાર્મિક સંસ્થા ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાને ઈ.સ. ૨૦૧૫માં રજૂઆત કરવામાં આવી. ઊંઝા સંસ્થાએ ઊંઝા-સિદસર-સુરત સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ કરી એક લવાદ પંચની નિમણૂંક કરી. આ લવાદ પંચે બન્ને પક્ષોના ૧૧-૧૧ અધિકૃત પ્રતિનિધિઓને બોલાવી અવારનવાર મળેલ સભાઓમાં મૌખિક-લેખિત રજૂઆતો ધ્યાને લઇ ખૂબ જ ઉંડાણપૂર્વક અભ્યાસ કરી, કુળદેવી ઉમિયા માતાજીએ સુઝાડ્યું તે મુજબ બન્ને પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં માતાજીના સાનિધ્યમાં તા. ૦૮-ઓક્ટોબર-૨૦૧૭ના રોજ ચુકાદો આપ્યો. આ ચુકાદાની કોપી બન્ને પક્ષોને માતાજીની સાક્ષીએ આપવામાં આવી અને લવાદપંચે, બન્ને પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં વાંચી સંભળાવવામાં આવેલ. બન્ને પક્ષોએ પાલન કરવા સહમતી આપેલ.

આપણી કેન્દ્રીય સમાજે ચુકાદાને સ્વીકારી તરત જ જ્ઞાતિજનોને તેનો અમલ કરવા ભલામણ કરેલ. પરંતુ સતપંથ સમાજ તરફથી આજ સુધી આ ચુકાદાના અમલ કરવાની સ્પષ્ટ રજૂઆત કરવામાં આવેલ નથી. અને અમલ પણ કરેલ નથી.

પરંતુ તા. ૨૦-સપ્ટેમ્બર-૨૦૧૮ના રોજ આચાર્ય નાનજીકાકા ગુરૂ કરસનકાકાની સહીથી ધી ઇમામશાહ બાબા સંસ્થા કમિટી, પિરાણા તા. દસક્રોઇ, જી. અમદાવાદ દ્વારા જાહેર જનતા જોગ ખુલાસો 'કચ્છમિત્ર', "ગુજરાત સમાચાર", "સંદેશ" વિગેરે દૈનિક પત્રોમાં તા. ૨૩-સપ્ટેમ્બર-૨૦૧૮ના છપાવી જણાવેલ છે કે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાની સમાધાન કમિટી દ્વારા જે નિર્ણય તા. ૦૮-સપ્ટેમ્બર-૨૦૧૭ના રોજ લેવાયો છે, તેને અમારી સંસ્થા સખત શબ્દોમાં વખોડી કાઢે છે. વધુમાં જણાવ્યું કે તેમના અનુયાયીઓ પણ ઊંઝાના આ નિર્ણયને સ્વીકારતા નથી.

આ રીતે વિશ્ર્વના કડવા પાટીદારોની સર્વોચ્ચ સંસ્થા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા અને કડવા પાટીદારોની કુળદેવી ઉમિયા માતાજીના સાનિધ્યમાં આપવામાં આવેલ ચુકાદાને વખોડી કાઢી સંસ્થા અને માતાજીનો અનાદર કરવામાં આવેલ છે.

ઉપસંહાર:

આપણે જાણીએ છીએ કે સતપંથ સમાજ વર્ષોથી અસ્તિત્વમાં છે. આપણા વડીલોને ઇમામશાહી સતપંથ ધર્મ યોગ્ય ન લાગતા છોડી સનાતન સમાજની રચના કરેલ છે. આમ બન્ને સમાજ અલગ અસ્તિત્વ ધરાવે છે અને બન્ને સમાજનો ધર્મ પણ અલગ છે. તો સતપંથીઓએ તેમના ઇમામશાહી સતપંથ ધર્મમાં આસ્થા ધરાવતા હોય તો તેમને તેમના ધર્મ મુબારક છે. **પરંતુ સતપંથમાં રહી સનાતન સમાજમાં પણ સભ્યપદ મેળવી દખલગીરી કરે છે તે યોગ્ય નથી અને તે ચલાવી લેવાય નહિ.**

આપણે જાણીએ છીએ તે પ્રમાણે ઘણી જુદી જુદી ઇતર જ્ઞાતિની સમાજો અસ્તિત્વ ધરાવે છે અને પોતપોતાની સમાજમાં કાર્યરત રહે છે. એકબીજાને નડતા નથી. તો સતપંથ સમાજે આ વાસ્તવિક્તા સ્વીકારી સનાતની સમાજને કનડવાનું બંધ કરવું બધાયના હિતમાં છે.

૪ સનાતની ચળવળની વર્તમાન ક્રાંતિ

- C.A. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતન-સતપંથ મુદ્દે વર્તમાન ક્રાંતિની શરૂઆત

ક્યારેક કુદરત આપોઆપ નિર્ણય લેતી હોય છે કે હવે આમ થવુંજ જોઈએ. જેમાં સૌની ભલાઈ છુપાયેલી હોય છે. સમાજમાં પણ એવી એવી ઘટનાઓ ઘટતી હોય છે કે જેને લઈને કુદરતને પણ અમુક ઘટનાઓ માટે એવા પરિબળો ઊભા કરવા પડતા હોય છે કે જે સમાજના બહોળા વર્ગ માટે વરદાન રૂપ સાબિત થાય. એવુંજ કંઈક કુદરતને મંજૂર હશે કે જેથી સમાજમાં સતપંથ સનાતનને મુદ્દે વર્તમાન ક્રાંતિની શરુઆત આકસ્મિક રીતે થઇ હશે, એવું મારું માનવું છે. તેમાં અમુક વ્યક્તિઓને કુદરત નિમિત્ત પણ બનાવતી હોય છે. વર્તમાન ક્રાંતિની શરુઆત થવી તે કંઈ પૂર્વનિયોજિત પગલું નહોતુંજ. મેં જેમ પહેલાં કહ્યું કે કુદરતજ પોતે અમુક ઘટનાઓને આકાર આપતી હોય છે જે છેવટે ચળવળ અથવા તો ક્રાંતિમાં પરિવર્તિત થઈ જાય. અનેક એવી ઘટનાઓ સમાજમાં ઘટતી હતી જે કુદરતને મંજૂર નહોતું. તેના અમુક કારણોનો મેં અભ્યાસ કર્યો અને તેનું બારીકાઇથી અવલોકન કર્યું. અવલોકન કર્યા પછી મને એમ લાગ્યું કે નીચેના કારણોને લઈને સનાતન સમાજમાં મોટી ચળવળોમાંની વર્તમાન સનાતની ચળવળની શરુઆત થઇ. આમ તો સમય સમયાંતરે અનેક નાની મોટી ચળવળો થઇ છે. પણ મોટી ક્રાંતિઓમાં ગણતરી થાય એવી આ વર્તમાન ક્રાંતિ ઉર્ફે ચળવળની વાત કરું છું. આ ચળવળ તા. ૭.૮.૨૦૦૯ (૦૭-ઓગસ્ટ-૨૦૦૯) પછી કેન્દ્રીય સમાજના લોકોમાં સતપંથ-સનાતન મુદ્દે થયેલ ચળવળ છે.

સતપંથ અને સનાતન મુદ્દે જ્ઞાતિની પહેલી બે મુખ્ય ક્રાંતિઓ

આ પહેલાં સતપંથ સનાતન મુદ્દા પર બે મુખ્ય ક્રાંતિઓ થઇ ગઈ તેનાથી આપણે સૌ સુવિદિત છીએજ. એક ક્રાંતિના પ્રણેતા હતા સાંખલા પરિવારના વીર પુરુષ શ્રી કેશરા પરમેશ્વરા. અને બીજી ક્રાંતિના પ્રણેતા હતા આદ્ય સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણી અને શ્રી રતનશી ખીમજી ખેતાણી. ત્રણે પુરુષોએ જ્ઞાતિને સતપંથની નાગચૂડમાંથી ઉગારી અને આપણા મૂળ ધર્મ સનાતન ધર્મના માર્ગ તરફ વાળી હતી. અને જ્ઞાતિ ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો હતો. પહેલી ક્રાંતિ વખતે શ્રી કેશરા પરમેશ્વરાએ જ્ઞાતિના અમુક પરિવારોને સનાતન ધર્મના સ્વમીનારાયણ સંપ્રદાય તરફ વાળ્યા. પણ જ્ઞાતિનો બહુ મોટો વર્ગ સતપંથ ધર્મની નાગચૂડમાંથી બહાર આવી શક્યો નહિ. ત્યાર પછી લગભગ એક સો વરસ પછી જ્ઞાતિમાં સતપંથ-સનાતન મુદ્દે બીજી ક્રાંતિની શરુઆત થઇ. તેમાં જ્ઞાતિના અમુક પરિવારો શ્રી નારાયણજી રામજી લીંબાણીની પ્રેરણાથી સનાતન ધર્મના આર્ય સમાજ સંપ્રદાય તરફ વળ્યા હતા. તેજ અરસામાં જ્ઞાતિ વીર સેવક વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીની આગેવાની હંઠળ વાંઢાયના સંત શ્રી ઓધાવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ જ્ઞાતિને નવો વળાંક મળ્યો અને સમગ્ર જ્ઞાતિ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને પોતાના ઇષ્ટદેવ તરીકે માનવા લાગી ગઈ. જ્ઞાતિ પીરાણા સતપંથને તિલાંજલિ આપીને સનાતન ધર્મનો અંગીકાર કરવા લાગી. કચ્છ – ગુજરાતના ગામેગામ જ્યાં કચ્છ કડવા જ્ઞાતિના પરિવારો રહેતા હતા ત્યાં ઈમાંમશાહ બાવાના ખાનાઓનો ત્યાગ કરીને ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપના થવા લાગી. ગામેગામ સનાતની લોકોએ સનાતન સમાજની સ્થાપનાઓ કરી.

આના મૂળમાં હતી આપણી આજની સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજ, જેને રજિસ્ટર ભલે ૧૯૬૦માં કરી હોય પણ તેની મૂળ સ્થાપના બંધારણીય રીતેતો શ્રી રતનશી ખીમજી ખેતાણીના પ્રમુખ પદે ૧૯૩૭-૩૮માંજ કરવામાં આવી હતી. જ્ઞાતિનો બહોળો વર્ગ આપણા મૂળ સનાતન ધર્મના પ્રવાહમાં ભળી ગયો. પણ અફસોસ એ વાતનો રહ્યો કે જ્ઞાતિના અમુક પરિવારોને લઈને સતપંથ ધર્મનો જડમૂળથી નાશ ન થયો. ગામેગામ આ સમસ્યા રહી ગઈ. ગામેગામના ખાનાઓનું વિસર્જન આપણે તે અરસામાં કરી ન શક્યા. સુધારક વડીલો થોડાક અતિ વધારે વિશ્વાસમાં રહી આશ્વસ્ત થઇ

ગયા કે હવે માત્ર ૧૦% જેટલાજ ભાઈઓ સતપંથમાં છે તે જતે દહાડે આપણી સાથે આવી જશે. આ તેમનો વિશ્વાસ ભ્રામક પુરવાર થયો જેના માઠાં ફળ આજે પણ આપણને ખાવાં પડી રહ્યાં છે. આ આપણી જ્ઞાતિની કમનસીબી કહીએ કે કમજોરી. પણ હકીકત આપણી સામે જ છે. જ્ઞાતિ આજ દિવસ સુધી તેની આડ અસરો ભોગવી રહી છે. પહેલી બે ક્રાંતિઓનો આપણે ઊંડાણથી અભ્યાસ અત્યારે કરી નથી રહ્યા. કારણકે તેનો ઈતિહાસ આપણી પાસે મોજૂદ જ છે. અત્યારે આપણે ફક્ત એ વિષય ઉપર ચર્ચા કરવી છે કે એવા કયા કારણોને લીધે સમાજમાં વર્તમાન ક્રાંતિની શરુઆત થઇ અને સનાતની ચળવળકારોને તે ક્રાંતિની શરુઆત કરવી પડી.

વર્તમાન ક્રાંતિ પાછળના પરિબળો

1. <u>કેન્દ્રીય સમાજમાં સતપંથના ભાઈઓની ખોટી દખલગીરી:</u> સનાતનીઓ દ્વારા ઊભી થયેલી, સનાતનીઓ માટે ઊભી થયેલી, સનાતનીઓના હિતોની રક્ષા કરવા માટે ઊભી થયેલી ફક્ત અને ફક્ત સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજમાં સતપંથના ભાઈઓની ખોટી દખલગીરી વર્તમાન ક્રાંતિનું મુખ્ય કારણ બન્યું.

2. <u>કેન્દ્રીય સમાજના તત્કાલીન હોદ્દેદારો અને મોવડીઓનું સતપંથના ભાઈઓ તરફી કૂણું વલણ:</u> કેન્દ્રીય સમાજમાં શ્રી પ્રેમજીભાઈ પુંજા પ્રમુખ હતા, ત્યાર બાદ સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટી મંડળ તેમજ મોવડીઓનું કોઈક અકળ કારણોને લઈને સતપંથના ભાઈઓ તરફ કૂણું વલણ જોવામાં આવ્યું. સતપંથ ધર્મને સદાય માટે ત્યાગવાવાળા લોકો દ્વારા અને તેમના માટે ઊભી થયેલી કેન્દ્રીય સમાજમાં સતપંથ ધર્મ/મતમાં આસ્થા ધરાવતા ભાઈઓને શા માટે પ્રવેશ આપવામાં આવતો હતો? જે સમજાતું નહોતું.

3. <u>કેન્દ્રીય સમાજમાં સતપંથના ભાઈઓને આપવામાં આવતું સભ્યપદ:</u> કેન્દ્રીય સમાજની સ્થાપનાના ઉદ્દેશ્યોને નેવે મૂકીને ગેર બંધારણીય રીતે, વિના તપાસે સતપંથમાં આસ્થા ધરાવતા લોકોને સભ્યપદ આપવામાં આવી રહ્યું હતું. કોઈ પણ વ્યક્તિ સભ્યપદની અરજી કરે તો તેને સભ્ય બનાવી આપવામાં આવતું, તેની પૂરતી તપાસ કરવામાં આવતી નહિ કે એ સનાતની છે કે સતપંથી છે. હદ તો ત્યારે થઇ કે વર્ષ ૨૦૧૦માં ઉજવવામાં આવનારા કેન્દ્રીય સમાજના સુવર્ણજયંતી મહોત્સવમાં ફક્ત રૂ. ૫૦૦/- ની પાવતી ફડાવીને કૂદકેને ભૂસકે સતપંથના ભાઈઓને સભ્યપદ આપવામાં આવતું હતું. **જેનાથી કેન્દ્રીય સમાજને નબળી પરિસ્થિતિમાં મૂકવાની રમત થવા લાગી. ભવિષ્યમાં સમાજમાં વર્ગવિગ્રહ થાય અને કોમી ઝગડાઓ થવાના બીજ રોપી સમાજની એકતા, સંપ, સંગઠન અને શાંતિના માહોલને નુકસાન પહોંચાડવાનું આ કૃત્ય જોઈ સનાતનીઓની લાગણી ખૂબ મોટે પાયે દુભાવવા લાગી.**

4. <u>કેન્દ્રીય સમાજના તત્કાલીન હોદ્દેદારો અને મોવડીઓનો સનાતની ભાઈઓ તરફ દુર્લક્ષતા:</u> સતપંથના ભાઈઓ તરફથી સમાજના સનાતની ભાઈઓને છાસવારે થતી તકલીફો પ્રત્યે કેન્દ્રીય સમાજ દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા. અને જ્યારે વાત વણસે અને સનાતની ભાઈઓ તરફથી સમાજમાં ફરિયાદ કરવામાં આવે ત્યારે સનાતનીઓને ભોગે સતપંથ તરફી થતા “કહેવાતા” સમાધાનોના કારણે સનાતનીઓમાં ફેલાયલી અત્યાચાર અને અન્યાયના કારણે આક્રોશની લાગણી પણ એક મુખ્ય કારણ હતું.

5. <u>કેન્દ્રીય સમાજમાં સતપંથના ભાઈઓનો પગ પસેરો:</u> સતપંથના ભાઈઓની પોતાની સતપંથ સમાજ હોવા છતાં, જે તેમની નથી એવી સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં પગપેસારો થવા લાગ્યો. કેન્દ્રીય સમાજ જાણે બોડી બામણીનું ખેતર હોય તે રીતે તેમાં વિધર્મીઓનો પગપેસારો થતો રહ્યો હતો. **જેનાથી સ્વાભાવિક છે કે સમયાંતરે સનાતનીઓને પોતાના ઘરમાં નબળી પરિસ્થિતિમાં મૂકવાની આ ચાલ હતી, જે સર્વેને દેખાવા લાગી.**

6. <u>કેન્દ્રીય સમાજની સનાતની ઓળખને ભૂંસાવી નાખવાના પ્રયત્નો:</u> સુધારક વડીલો દ્વારા કેન્દ્રીય સમાજનું નિર્માણ એટલા માટે કરવામાં આવ્યું હતું કે અન્ય હિંદુ જ્ઞાતિઓને ખબર પડે કે સનાતનીઓ ચોખ્ખા હિંદુ છે અને તેઓ સતપંથ સમાજથી જુદા છે. **સતપંથ ધર્મના લીધે અન્ય હિંદુ પ્રજામાં આપણી ઓળખ એક મુમના મુસલમાન તરીકે થતી હતી. તે આપણા વડીલોને હંમેશને માટે ભૂંસવી હતી.** એટલેજતો સતપંથ જોડે અને સતપંથીઓ જોડે તેઓએ સદન્તરે છેડો ફાડ્યો હતો અને સતપંથ સમાજથી અલગ સનાતન સમાજ ઊભો કર્યો હતો. જેને આજે આપણે કેન્દ્રીય સમાજ તરીકે ઓળખીએ છીએ. એટલુંજ નહિ એજ રીતે ગ્રામ્ય સ્તરે પણ સનાતન સમાજો ઊભા કરવામાં આવ્યા. પણ પાછળથી કેન્દ્રીય સમાજમાં કોણ જાણે કેમ આ સતપંથવાળો સડો પેસી ગયો હતો, તે સારાં ફળોને પણ સડો લગાવી રહ્યો હતો.

7. <u>સતપંથના ભાઈઓ કેન્દ્રીય સમાજના સભ્ય થયા પણ વફાદાર તો સતપંથ સમાજને જ રહ્યા:</u> અમુક સતપંથના ભાઈઓએ સતપંથ છોડ્યા વગર પાછલા બારણેથી કેન્દ્રીય સમાજમાં ઘૂસણખોરી તો કરી. પણ તેઓ કોઈ દિવસ કેન્દ્રીય સમાજને વફાદાર રહ્યા નહિ. અને પોતાની આસ્થા પીરાણા સતપંથ અને ઈમામાંશાહ બાવામાં કાયમ રાખી. તેનો મોટામાં મોટો દાખલો એ છે કે જ્યારે પણ સતપંથીઓ અને સનાતનીઓ વચ્ચે વિવાદ હોય અને મધ્યસ્થીમાં કેન્દ્રીય સમાજ હોય, ત્યારે કેન્દ્રીય સમાજનો નિર્ણય ન માની, માત્ર પીરાણાનો નિર્ણય માનવામાં આવતો. કેન્દ્રીય સમાજની સર્વોપરિતા આજે પણ તેઓ સ્વીકારે એમ નથી. જો સાચે પોતાને કેન્દ્રીય સમાજના વફાદાર ગણતા હોત તો આવું ન કરત. કેટલો મોટો દ્રોહ એ લોકોએ આપણી સમાજ સાથે કર્યો હતો તે આપણે સનાતનીઓ તે વખતે સમજી શક્યા નહોતા.

8. <u>કેન્દ્રીય સમાજના મોવડીઓની સનાતન શબ્દ પ્રત્યે નીરસતા:</u> પ્રમુખશ્રી વાલજીભાઈ વાડિયાના વખતમાં સતપંથના ભાઈઓનો પગપેસારો કેન્દ્રીય સમાજમાં ખૂબ વધી ગયો હતો. શ્રી વાલજીભાઈ વાડિયાએ ધનસુરા સનાતન સમાજના મોવડીઓને એમ કહી દીધું કે ધનસુરા કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજનું જે નામ વરસો પહેલાં વડીલોએ નાખ્યું છે તેમાંથી "સનાતન" શબ્દને કાઢી નાખો. શા માટે ભાઈ? શું તેમને સનાતન શબ્દ પ્રત્યે સૂગ હતી કે પછી તમે પીરાણા સતપંથ સંસ્થાના હાથની કઠપૂતળી બની ગયા હતા? કંઈ સમજાતું નહોતું. કારણ કે તેમની સનાતન સમાજ પ્રત્યે અને સનાતનીઓ પ્રત્યે વફાદારી જાહેરમાં દેખાતી નહોતી.

9. <u>કેન્દ્રીય સમાજને ધર્મ સાથે કંઈજ લેવા-દેવા નથી:</u> તત્કાલીન પ્રમુખો, હોદ્દેદારો, મોવડી મંડળના સદસ્યો એમ કહેવા લાગી ગયા હતા કે કેન્દ્રીય સમાજને ધર્મ સાથે કંઈ લેવા-દેવા નથી. આ સમાજ એક ધર્મ નિરપેક્ષતાવાળો સમાજ છે. અરે એટલે સુધી એમની જો હુકમી થઇ ગઈ હતી કે સમાજની કોઈપણ સભામાં અથવા તો કોઈ પણ જાતના મેળાવામાં સનાતન ધર્મનો જય ઘોષ કે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનો જયઘોષ પણ બોલાવી શકતા નહોતા.

10. <u>કેન્દ્રીય સમાજના મોવડીઓની સતપંથના કાર્યક્રમોમાં હાજરી:</u> ઈમામશાહ બાવા અને પીરાણા સતપંથ આપણી જ્ઞાતિને લાયક ધર્મ નથી એવું સુધારક વડીલોને લાગ્યું હતું. એટલા માટેજ તો આપણા સુધારક વડીલોએ આપણી કેન્દ્રીય સમાજની સ્થાપન છેક ૧૯૩૮ માં કરી હતી અને તેના પછી ૧૯૪૫માં તેજ સમાજે વાંઢાયમાં આપણા કુળદેવી મા ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના કરી હતી. પણ તેજ સંસ્થાના તત્કાલીન અને માજી પ્રમુખો અને મોવડીઓ સતપંથ સમાજ દ્વારા ઊભા થતા ઈમામાંશાહ અને નિષ્કલંકી નારાયણના મંદિરોના ઉદ્દ્ઘાટન પ્રસંગોમાં જવાની નૈતિક મનાઈ હોવા છતાં ત્યાં શોભામાં અભિવૃદ્ધિ કરવા જતા હોય, તો તેનાંથી સનાતનીઓની લાગણી તો દુભાયને? તેમને પોતાના સમાજ પ્રત્યે ચિંતા તો થાય ને?

11. <u>કેન્દ્રીય સમાજના મોવડીઓનું પક્ષપાતી વલણ અને સનાતન ધર્મ પ્રત્યે દુર્લક્ષતા:</u> સતપંથના ભાઈઓને જરા સરખી પણ સનાતનીઓ તરફથી ખરોજ પાડવામાં આવે ત્યારે સતપંથ સમાજ અને પીરાણું આખું તે ભાઈના પડખે ઊભું હોય છે. બીજી બાજુ કેન્દ્રીય સમાજના પોતાના જ સનાતન ભાઈઓને સતપંથ તરફથી કંઈક કનડગત થાય તો તે કેન્દ્રીય સમાજમાં ફરિયાદ કરે ત્યારે કેન્દ્રીય સમાજનું તત્કાલીન મોવડી મંડળ આંખ આડા કાન કરે, તો તેને કેટલી હદ સુધી ચલાવી લેવાય?

12. સતપંથના ભાઈઓ એમ માનવા લાગી ગયા હતા કે "મારું એ મારું અને તારું મારું સહિયારું": કેન્દ્રીય સમાજના તત્કાલીન મોવડીઓનું સતપંથ તરફી વલણ એટલું બધું કૂણું થઇ ગયું હતું કે સતપંથના ભાઈઓ એમજ માનવા લાગી ગયા હતા કે કેન્દ્રીય સમાજમાં તેઓ પૂરેપૂરો હક્ક ધરાવે છે. સતપંથના ભાઈઓ એમ કહેવા લાગી ગયા હતા કે **"મારું એ મારું અને તારું મારું સહિયારું".** આ ક્યાંનો ન્યાય કહેવાય?

13. કેન્દ્રીય સમાજ દ્વારા સનાતનીઓના ભોગે સતપંથ તરફી થતા કહેવાતા સમાધાનો: સનાતની ભાઈઓ અને સતપંથના ભાઈઓ વચ્ચે થતા ઝઘડાઓના મૂળમાં તો સતપંથ ધર્મ જ હોય છે. પછી બહારથી ભલે તે સામાજિક ઝઘડો લાગતો હોય પણ તેના મૂળમાં તો બાવા ઈમામશાહ પ્રેરિત પીરાણા સતપંથ ધર્મ જ હોય છે. આવા ઝઘડાઓના ઉકેલનો વિષય જ્યારે કેન્દ્રીય સમાજ પાસે આવે ત્યારે જે સમાધાનો થતા તે મોટા ભાગે સતપંથને ખોટી રીતે છાવરવા સતપંથના ભાઈઓ તરફીજ થતા. ભોગવવાનુંતો સનાતન પક્ષને જ આવતું.

14. જન આક્રોશ: ઉપરોક્ત જણાવેલા કારણોને લઈને કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓમાં કેન્દ્રીય સમાજના મોવડીઓ પ્રત્યે પ્રચંડ આક્રોશ હતો. અમે લોકોએ જ્યારે ભારતભરના ઘટક સમાજોમાં જઈને સનાતન ધર્મ અને સમાજ જાગૃતિની અનેક સભાઓ કરી, ત્યારે એ જન આક્રોશને લોકોના મુખારવિંદ ઉપર દેખાતો હતો. અને આગળ જતાં તે એક જન આંદોલનમાં પરિવર્તિત થઇ ગયો.

તારીખ ૦૨-ઓગસ્ટ-૨૦૦૯ સંસ્કારધામ મધ્યે સનાતની ભાઈઓનું અનાયાસપણે મળવાનું થયું

આજના દિવસે સંસ્કારધામ દેસલપર મુકામે સમદુઃખિયા લોકો ભેગા થયા હતા. સમદુઃખિયા લોકો એટલે કે જે લોકો ઉપર સતપંથના ભાઈઓએ તદ્દન ખોટા કોર્ટ કેસો કર્યા હતા અથવા તો જે લોકોને સતપંથના ભાઈઓએ એક યા બીજા કારણોને લઈને હેરાન પરેશાન કર્યા હતા. એવા લોકો સંસ્કાર ધામમાં ભેગા થયા હતા. સનાતની ભાઈઓમાં એક જબરજસ્ત આક્રોશ હતો. આક્રોશ એ વાતનો હતો કે આપણી માતૃ સંસ્થા (કેન્દ્રીય સમાજ)ની સતપંથ બાબતે બેવડી નીતિ અખત્યાર થઇ રહી હતી. સતપંથના લોકોને થાબડ થોબડ કરવી અને સનાતનીઓના ભોગે સતપંથના લોકો સાથે ધાર્મિક અને સામાજિક પ્રશ્નો બાબતે સમાધાનો કરવા. કેન્દ્રીય સમાજના તત્કાલીન હોદ્દેદારોને એ પણ જ્ઞાન (ભાન) નહોતું કે સનાતની ઓળખ ધરાવતો કેન્દ્રીય સમાજ ધાર્મિક બાબતે સતપંથના ભાઈઓ જોડે કોઈ પણ જાતનું બાંધ-છોડ ન કરી શકે. તેઓ આ વાત પણ ભૂલી ગયા હતા કે પીરાણા સતપંથની ઓળખ એક મુસ્લિમ ધર્મ તરીકે થતી હોવાથી આપણા સુધારક વડીલોએ તે સતપંથનો અને સતપંથ સમાજનો કાયમને માટે ત્યાગ કરીને શુદ્ધ સનાતનીઓ માટે એક સનાતન સમાજ ઊભો કર્યો હતો. અને એ સમાજ એટલે આજનો આપણો કેન્દ્રીય સમાજ છે. એજ સનાતની કેન્દ્રીય સમાજના તત્કાલીન હોદ્દેદારો સતપંથના લોકોને થાબડ થોબડ કરી છાવરવા લાગ્યા હતા.

જેમ આઝાદી પછી કોન્ગ્રેસની સરકારોએ ભારતમાં બહુમત હિંદુ પ્રજાને ભૂલી જઈને લઘુમતી મુસલમાન પ્રજાને થાબડ થોબડ કરી વોટ બેન્ક ઊભી કરી હતી. કાંઇક એવુંજ આપણા કેન્દ્રીય સમાજમાં બની રહ્યું હતું. કેન્દ્રીય સમાજની સ્થાપનાના મૂળભૂત ઉદ્દેશો અને હેતુઓને તેઓ સાવજ ભૂલી ગયા હતા. તેઓને સનાતની ભાઈઓના કલ્યાણની કોઈજ ચિંતા ન હતી. મારી ભાષામાં કહું તો સમાજના કહેવાતા હોદ્દેદારો અને અગ્રણીઓ સનાતની ભાઈઓ તરફે આંખ આડા કાન કરવા લાગી ગયા હતા. તેઓના મતે કેન્દ્રીય સમાજને ધર્મ બાબતે (સનાતન ધર્મ બાબતે) કંઈ જ લેવા દેવા નથી. બીજી બાજુ કેન્દ્રીય સમાજનો બહોળો સનાતની વર્ગ એમ સમજતો હતો કે સતપંથ ધર્મીઓ માટે તેમના માઈ-બાપ સમાન પીરાણા સંસ્થા હતી. અને સનાતનીઓ માટે તેના માઈ-બાપ સમાન સંસ્થા હતી તો તે એક માત્ર આપણો કેન્દ્રીય સમાજ. પણ અફસોસ એ વાતનો હતો કે કેન્દ્રીય સમાજના તત્કાલીન હોદ્દેદારો તે વાતને સાવજ ભૂલી ગયા હતા. તેઓને ફક્ત ચિંતા હતી તો પોતાની ખુરસીઓ બચાવવાની. આ બાબતનો સમાજના સનાતની ભાઈઓમાં ભયંકર આક્રોશ હતો.

સંસ્કારધામમાં તા. ૦૨-ઓગસ્ટ-૨૦૦૯ના ભેગા થવામાં સનાતનીઓનું કોઈ પૂર્વ આયોજન ન હતું: કારણ ફક્ત એજ હતું કે આગામી અંદાજે બે વર્ષમાં સંસ્કાર ધામમાં ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા બાબતે સનાતની ભાઈઓ અનાયાસે ભેગા થયા હતા. અને ત્યારે સૌ સનાતનીઓના મનમાં એક વાતતો ચોક્કસ હતી કે સતપંથ બાબતે કેન્દ્રીય સમાજ નક્કર પગલાં ન ભરતું હોય તો આપણું શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન સનાતનીઓના ધાર્મિક અને સામાજિક હક્કો માટે કેન્દ્રીય સમાજ વિરુદ્ધ લડાઈ લડી શકે એમ છે. સનાતનીઓને એમ લાગી રહ્યું હતું કે કેન્દ્રીય સમાજ જો અમારી ફરિયાદ ન સાંભળતી હોય તો શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન તો આપણનું - સનાતનીઓનું આઉઘું જ છે જ. તે આપણી વાત જરૂર સાંભળશે. પણ સનાતનીઓની તે આશા પણ આજ દિવસ સુધી ઠગારીજ નીવડી છે. આ વાતને લઈને તે દિવસની સાંજે હાજર સૌ સનાતનીઓ સંસ્કારધામમાં વાળુ (રાત્રી ભોજન) કરીને ભેગા થયા અને તેના **મુખ્ય સૂત્રધાર હતા પ્રખર સનાતની ભાઈ શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી અને શ્રી રમેશભાઈ વાગડિયા.** ત્યાં નક્કી કરવામાં આવ્યું કે આવતી કાલે કેન્દ્રીય સમાજનું મોવડી મંડળ વાંઢાય આવવાનું છે ત્યારે તેઓને સંસ્કારધામમાં બોલાવીને સનાતનીઓના હક્કો બાબતે અને સતપંથના ભાઈઓ દ્વારા થતા ખોટા કોર્ટ કેસો બાબતે ફરિયાદ કરવી.

કેન્દ્રીય સમાજને લેખિત ફરિયાદ કરવી એવો સુઝાવ: ઉપરોક્ત ચર્ચાઓ ચાલતી હતી ત્યારે સનાતની ભાઈ શ્રી રમેશભાઈ વાગડિયાએ સુઝાવ આપ્યો હતો કે આપણે સતપંથ બાબતે જે કંઈ તકલીફો થઇ છે તેનો વિસ્તારપૂર્વક લખાણ કરીને એક પત્ર બનાવવામાં આવે અને તે પત્ર આપણે કેન્દ્રીય સમાજના મોવડીઓને આવતી કાલે સુપરત કરીએ. પણ માત્ર પત્ર લખવાથી કંઈજ નહિ વળે. જે કંઈ કહેવું હોય તે આપણે મૌખિક કહેશું પડશે, મોઢા-મોઢ કહેશું. એવો સૂર આવ્યો એટલે પત્ર લખવાનું ટાળવામાં આવ્યું.

તા. ૦૩ -ઓગસ્ટ-૨૦૦૯ ના દિવસે કેન્દ્રીય સમાજના મોવડીઓ સાથે મુલાકાત: આ દિવસે કેન્દ્રીય સમાજના મોવડીઓ બપોર પછી ૩.૦૦ વાગે સંસ્કાર ધામની મુલાકાતે આવ્યા ત્યારે સનાતની ભાઈઓ જોડે એક બેઠક યોજાઈ હતી. ત્યારે એક બાજુ કેન્દ્રીય સમાજના પ્રમુખ અને અન્ય મોવડીઓ હતા અને બીજી બાજુ હિંમતભાઈ ખેતાણી, રમેશભાઈ વાગડિયા અને ગુજરાત કંપાથી આવેલા વસંતભાઈ લીંબાણી, પુનમભાઈ ધોળુ જેવા અનેક સનાતની ભાઈઓ ઉપસ્થિત હતા. સતપંથના ભાઈઓની જે કનડગત થતી હતી તેની સનાતની ભાઈઓ તરફથી વિસ્તારપૂર્વક અને જુસ્સાભેર જોરદાર રજૂઆત કરવામાં આવી. તે વખતે કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીએ બધું સાંભળી લીધા પછી અંતે એવું જણાવ્યું કે તમારી જે તકલીફ હોય તે વિગતવાર લખીને કેન્દ્રીય સમાજમાં મોકલાવો. જે ભાવતું હતું તે વૈધે બતાવ્યું અને તે પત્ર લખવાની જવાબદારી સોંપવામાં આવી શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડીયાને.

તા. ૦૪-ઓગસ્ટ-૨૦૦૯ના રમેશભાઈ વાગડીયાએ પત્રનું લખાણ કર્યું: આ દિવસે તે ઐતિહાસિક પત્ર લખાણો. પત્ર લખવાનું બીડું ઝડપ્યું સનાતની ભાઈ શ્રી રમેશભાઈ વાગડિયાએ. ત્યાં હાજર સૌ સનાતની ભાઈઓની સતપંથ બાબતે જે કંઈ સમસ્યાઓ હતી તેનો અભ્યાસ કર્યો અને તેનું લખાણ કર્યું. આ પત્ર કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રીને ઉદ્દેશીને લખવામાં આવ્યો. પણ પ્રશ્ન એ હતો કે આ પત્ર કઈ સંસ્થા લખે. તેમાં મોકલનારાનું સરનામું કોનું આપવું? સનાતનીઓ માટે મૂંઝવણ ઊભી થઇ. ગળે ઘંટ બાંધવા કોઈ તૈયાર નહોતું. કારણને એ પત્ર લખનાર ઉપર દુનિયાભરના દબાણો આવવાના હતા. સંસ્કાર ધામને અત્યારે અલિપ્ત રાખવાનું નક્કી થયું. અત્યારે તે પત્ર કોઈ એક સનાતનીના સરનામેથી લખવો અને તેમાં સૌ સનાતનીઓ સહી કરે એમ નક્કી થયું. અને તે પત્ર ઉપર સહીઓ લેવાનું ચાલુ કર્યું. નવાઈની વાત તો જુઓ કે એ પત્ર ઉપર વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનના તે વખતના પ્રમુખ શ્રી રવિલાલ કેશરા રામજીયાણીએ ભાવશૂન્ય થઇને સહી કરવાની ચોખ્ખી ના પાડી દીધી. સંસ્કારધામના પ્રમુખ શ્રી જેઠાલાલ ચોપડાએ પણ સહી કરવાની ના પાડી દીધી. જુઓ તો ખરા સતપંથ ધર્મનો સંપૂર્ણ પણે ત્યાગ કરીને સનાતન ધર્મનો અંગીકાર કરી ચૂકેલા વડીલોએ ઊભી કરેલી સંસ્થાઓના આજના હોદ્દેદારો (પ્રમુખો) સનાતનીઓના હક્કો માટે લખવામાં આવેલ ફરિયાદી પત્ર ઉપર સહીઓ કરવામાં ગભરાતા હતા. આવી હતી સનાતનીઓની પરિસ્થિતિ. તેઓ સનાતની ભાઈઓનો શું ઉદ્ધાર કરશે, એવો ભાવ લોકોના મનમાં આવતો હતો. સનાતનીઓને તો હવે પોતાના હાથે જ પોતાના હક્કો માટે લડાઈ લડાવી પડે એમ હતું. ચારે દિશામાં તેમને લડવું પડે એમ હતું. એક બાજુ પીરાણા સતપંથ સામે, બીજી બાજુ કેન્દ્રીય સમાજ સામે, ત્રીજી બાજુ વાંઢાય અને ચોથી બાજુ સંસ્કાર

ધામ દેસલપર (વાંઢાય) સંસ્થાની સામે. આપણે સુવિદિત છીએ કે પાછળના દિવસોમાં પણ આ બે વ્યક્તિઓ કે જેઓ તે પત્ર ઉપર સહી કરવા માટે ગભરાતા હતા તેઓનો સતપંથ તરફી કૂણું વલણ તો રહ્યું જ અને તેના માઠા પરિણામો આપણી ત્રણે સંસ્થાઓને ભોગવવા પડયાં, જેની ચર્ચા આપણે અત્યારે નથી કરવી. પણ હકીકત તો હકીકત જ રહેવાની છે. કંઈક નવી કેડી કંડારવી હોય તો હિંમત જોઈએ. હિંમત કરવામાં ભલભલા છુપાતા ફરતા હોય છે. ભલભલાની પેન્ટ ઢીલી થઇ જતી હોય છે. ઘણા ઓછા હિંમતવાન લોકો જ સહી કરવાની હિંમત બતાવતા હોય છે. કોઈ બિલાડીને ગળે ઘંટ બાંધવા તૈયાર થતું નથી.

<u>તા. ૦૪-ઓગસ્ટ-૨૦૦૯ના દિવસે સાંજે ૪.૩૦ વાગે એ ઐતિહાસિક પત્રની કેન્દ્રીય સમાજને સોંપણી:</u> આ દિવસે લગભગ ૩૬ જેટલા હિંમતવાન ભાઈઓની સહીઓથી તે ઐતિહાસિક પત્ર કેન્દ્રીય સમાજને સોંપવામાં આવ્યો. કેન્દ્રીય સમાજને વર્ષ ૨૦૧૦માં સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવાનો હતો, તેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી હતી. અને બીજી બાજુ સનાતનીઓનો આક્રોશ પણ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. અને તેમ કરવા માટે કુદરત પણ અમુક ઘટનાઓને આકાર આપી રહી હતી. આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને પણ ચિંતા હતી કે એક બાજુ કેન્દ્રીય સમાજનો સુવર્ણ જયંતી મહોત્સવ છે અને તેના બીજાજ વર્ષે સંસ્કાર ધામમાં તેનો **(ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનો)** પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ છે. એટલા માટે થઈને ભગવાન પણ એમ ઈચ્છતા હશે કે અમુક ઘટનાઓને તો અંજામ આપવો પડશે કે જેથી સનાતનીઓમાં જાગૃતિ આવે જેથી આવનારા પ્રસંગોમાં માનવ મહેરામણ ભેગું થાય.

<u>તા. ૦૫-ઓગસ્ટ-૨૦૦૯ ના દિવસે રાત્રે કેન્દ્રીય સમાજના મોવડીઓ સાથે સનાતની ભાઈઓની મિટિંગ:</u> પત્ર આપવાના બીજા દિવસે સનાતની ભાઈઓની કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી-હોદ્દેદારો સાથે બંધ બારણે મિટિંગ ગોઠવાઈ. સનાતની ભાઈઓ તરફથી મુખ્ય વ્યક્તિઓ હતી:

1. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી - મુંબઈ
2. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા - બેંગલોર
3. શ્રી પુનમભાઈ ખીમજી ધોળુ - મોડાસા
4. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી - મુંબઈ
5. શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી - મુંબઈ
6. શ્રી માવજીભાઈ કેશરા રામાણી - નખત્રાણા

ખુલ્લે આમ વિસ્તૃત ચર્ચા થઈ. સનાતની ભાઈઓ તરફથી સમાજને પૂછવામાં આવ્યું કે સનાતની ઓળખ ધરાવતો આપણો કેન્દ્રીય સમાજમાં પીરાણા સતપંથ સમાજના ભાઈઓને શા માટે છાવરવામાં આવે છે? સતપંથ સનાતન બાબતે ચર્ચાઓ થઇ, પણ અંતે કોઈ નિષ્કર્ષ પર સમાજના મોવડીઓ આવ્યા નહિ. આવે પણ કેમ? છેલ્લા ૨૦-૨૫ વરસથી આમનેઆમ લોલમલોલ કુટાતું હતું. ન તો સમાજના હોદ્દેદારોને સમાજના ઈતિહાસનું જ્ઞાન હતું અને ન તો જ્ઞાતિના ઈતિહાસનું જ્ઞાન. તેમને કોઈ પૂછવાવાળુ નહોતું.

<u>કેન્દ્રીય સમાજના હોદ્દેદારોની નિષ્ક્રિયતા અને ખોટી માન્યતાઓ:</u> સમાજના તે વખતના હોદ્દેદારો અને અન્ય આગેવાનો સનાતન ધર્મ પ્રત્યે સાવ જ નિષ્ક્રિય અને બે જવાબદાર થઇ ગયા હતા. સમાજના સુધારક વડીલોએ પીરાણા સતપંથ ધર્મનો સદન્તરે ત્યાગ કરી આપણો મૂળ સનાતન હિંદુ ધર્મનો અંગીકાર કર્યો હતો. કચ્છ ગામડાંના "ખાના" ("જમાતખાના"નું અપભ્રંશ)ની મિલકતોની આશા રાખ્યા વગર પોતાના માટે સનાતન સમાજો ઊભા કરીને સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી. સમાજના તત્કાલીન આગેવાનો પણ ભૂલી ગયા હતા કે કેન્દ્રીય સમાજને વર્ષ ૧૯૬૦માં રજિસ્ટર કર્યા પહેલાં એ સમાજની સ્થાપના છેક ૧૯૩૭-૩૮માં કરવામાં આવી હતી. ત્યારે આપણી સમાજનું નામ હતું "કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ" હતું અને તેના પ્રથમ પ્રમુખ હતા વિરાણી મોટી ગામના નરવીર વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી. આ સમાજનું વિધિવત્ બંધારણ હતું અને ગામેગામની સમાજો સાથે સંકળાયલું હતું. તેઓએ પ્રમુખ તરીકે સેવા સન ૧૯૬૦ સુધી આપી હતી. કેન્દ્રીય સમાજની સ્થાપના ફક્ત અને ફક્ત સનાતનીઓના હિતની રક્ષા કરવા માટે

॥ શ્રી લક્ષ્મીનારાયણાય નમઃ ॥

॥ નિ વે દ ન ॥

તા. ૦૪-૦૮-૨૦૦૯

પ્રમુખ શ્રી,
અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા.

સંદર્ભ : તા. ૩-૮-૨૦૦૯ના બપોર પછી આપની સાથે સંસ્કારધામ દેશલપર ખાતે થયેલ વાર્તાલાપ.
વિષય : સનાતની ભાઇઓના પ્રશ્નોનું નીરાકરણ બાબત.

સવિનય જણાવવાનું કે ઉપરોક્ત વિષયે આપશ્રી તેમજ આપના સહયોગી હોદેદારોની સાથે થયેલ વિસ્તૃત ચર્ચાના અંતે તમોએ અમોને જણાવેલ કે આપની જે કોઇ પણ ફરિયાદો, વ્યથાઓ કે સુચનો હોય તે લેખિતમાં સમાજની ઓફિસમાં તા. ૪-૮-૨૦૦૯ ની સાંજ સુધીમાં મોકલી આપશો જેથી અમો ઉપરોક્ત ચર્ચા દરમ્યાન થયેલ વાતો આપશ્રીની જાણ ખાતર ફરીથી જણાવી રહ્યા છીએ.

અ. મોડાસા અને ગુજરાત સાબરકાંઠા

૧. મોડાસાના ઉમિયા મંદિરની પ્રતિષ્ઠા રોકી અને તે બાબતે પિરાણા પંથીઓ તરફથી કેસ થયા બાબત.

૨. શ્રી લક્ષ્મીનારાયણ ધર્મ જાગૃતિ રથ અને સનાતન ધર્મનું સ્નેહમિલનના વિરોધમાં પિરાણા પંથીઓ તરફથી થયેલ વાંધાઓ અને કોર્ટ કેસ બાબત.

૩. કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસા એ કરેલ કનુભાઇ અને મગનભાઇની મધ્યસ્થીમાં ૨૫ જણાની સુપર સમિતી દ્વારા થયેલ સમાધાન ને ૫૦૦ જણાની સામાન્ય સભાએ આપેલ બહાલીનું પાલન સતપંથીઓ દ્વારા ના થવા બાબત.

૪. અ.ભા.ક.ક.પાટીદાર સમાજના અમુક હોદેદારોએ તા.૨૬-૬-૨૦૦૯ના યોજેલ સંપર્કયાત્રા વખતે અમુક પિરાણા પંથી ભાઇઓએ વાંધો ઉઠાવતા કેન્દ્રીય સમાજ ના હોદેદારોને કહેલ કે સમગ્ર ભારતભરની સમાજોમાંથી સનાતન નામ કાઢી નાખવું જોઇએ તો જ સમાધાન થશે. આવું જો સમાજના હોદેદારો સમક્ષ કહેવાતું હોય તો કેન્દ્રીય સમાજનુ કેવું વલણ હોવું જોઇએ ?

૫. ધનસુરા તેમજ હિમતનગરમાં સનાતનના બોર્ડ ૬૦ વર્ષ પહેલા લખાયેલા મોજુદ છે તો અ.ભા.ક.ક.પાટીદાર સમાજના હોદેદારોની હાજરીમાં ભાઇ હરી માધાએ આક્ષેપ કરેલ કે કેન્દ્રીય સમાજે શુ ધ્યાન રાખ્યુ છે કે આવા સનાતનના બોર્ડો હજી પણ લાગેલા પડ્યા છે. તે ઉતારી નાખવા જોઇએ ત્યારે સમાજના માજી પ્રમુખ શ્રીએ તે વાતને સહમતી આપતા કહેલ કે સમાજમાં આવા સનાતનના બોર્ડો ન હોવા જોઇએ. તો કેન્દ્રીય સમાજના એક જવાબદાર વ્યક્તિનું આવું વલણ શા માટે? ખરેખર તો કેન્દ્રીય સમાજ ૫૦ વર્ષે પહેલા સનાતનીઓએ જ બનાવેલ અને સનાતનીઓના હિતોની રક્ષા કરવા માટે જ સ્થાપના થયેલ તો આજે કેન્દ્રીય સમાજનું સનાતનીઓ વિરૂધ્ધ વલણ શા માટે ? કેન્દ્રીય સમાજ જો અમ સનાતનીઓની હીતની રક્ષા નહી કરે તો કેન્દ્રીય સમાજ અમારા શા કામની ? વધારેમાં અમો કેન્દ્રીય સમાજને એ પૂછવા માગીએ છીએ કે એક પિરાણા પંથી જો સનાતનના શબ્દ સામે વાંધો લેતો હોય તો પિરાણા વાળાઓ પોતાની આદત પ્રમાણે વારે-વારે જયારે નામો બદલાવી રહ્યા છે અને હવે છેલ્લે હાલમા સતપંથ- સનાતન એવુ નામ શા માટે રાખે છે ?

બ. કોટડા (જ.) નો પ્રશ્ન

૧. કોટડા (જ) વાળા ભાઇઓ ની રજૂઆત થયેલ કે કોટડામાં અમુક ભાઇઓએ સમાજની ૧૮મી કલમનું ઉલંઘન કરેલછતાં પણ કેન્દ્રીય સમાજે તેવી વ્યક્તિઓની અરજી સ્વીકારીને શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ વાળાને આરોપી તરીકે તેડાવી એક પક્ષી વલણ શા માટે અપનાવ્યુ ? એક પક્ષીય વલણ એટલા માટે કે આવા ૧૮મી કલમનો ભંગ કરવા વાળા ફરિયાદો લઇને આવે એની ફરિયાદો શા માટે સ્વીકારવામાં આવે છે અને એટલું જ નહી પરંતુ આવી ફરિયાદો ઉપર તાત્કાલીક ધ્યાન આપી અને સામા પક્ષોને ખોટી રીતે શા માટે દબાવવામાં આવે છે ?અહી એક વાત અતિ મહત્વની છે કે ભૂતકાળમાં સતપંથીઓ દ્વારા આપણી કેન્દ્રીય સમાજના તે સમયના પ્રમુખ શ્રી સામે પાયા હીન આક્ષેપો કરીને કોર્ટ કેસ કરવામાં આવેલ ત્યારે આવુ કૃત્ય કરનાર લોકોને કેન્દ્રીય સમાજે શા માટે બોલાવીને યોગ્ય કાર્યવાહી ન કરી ?

૨. શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ કોટડા (જ) વાળા ભાઇઓ ઉપર સતપંથીઓએ ચારેક વર્ષ પહેલા નવેક (૯) કોર્ટ કેસો નું સમાધાન કેન્દ્રીય સમાજની મધ્યસ્થી થી જ થયેલ તે વખતે પિરાણા પંથી ભાઇઓએ બાહેંધરી આપેલ કે સમગ્ર ભારત લેવલે લક્ષ્મીનારાયણ સનાતનસમાજના ભાઇઓ ઉપર થયેલ તમામ કેસો ૧૨ મહિનાની અંદર પાછા ખેંચી લેશું. તો કેન્દ્રીય સમાજે આવા કેસો પાછા ખેંચાવવા શા પગલાં ભર્યા? હવે એનાથી ઉલટું, આ સતપંથીઓએ ઘણા બધા નવા કેશો દાખલ કર્યા છે એવી ઘણી બધી ફરિયાદો મોજૂદ છે.

...૨...

ક. બેંગલોરના ભાઇઓ સામે થયેલ કોર્ટ કેસો

સ્વ. શ્રી રતનશી નારણ વાઘડીયાના પરિવાર ઉપર પિરાણા પંથીઓ તરફથી કરવામાં આવેલ ક્રીમીનલ કેસોની જાણ ત્રણેક વર્ષ પહેલા કેન્દ્રીય સમાજને કરવામાં આવેલ તે સંદર્ભે કેન્દ્રીય સમાજે કરેલ ઠરાવની નકલ બેંગલોર મોકલાવેલ તેમાં નવાઇની વાત એ હતી કે કેન્દ્રીય સમાજે તે ઠરાવમાં લખેલ કે - આ બાબતે સમાજમાં જુદી જુદી ધાર્મિક વિચાર શ્રેણી વાળાનો સમાજ છે જે કોઇ પણ ધર્મને માને તેમા કોઇને વાંધો હોઇ શકે નહી - તો આ બાબતમાં અમારે શુ સમજવું ? આ ક્રીમીનલ કેસો આજે પણ ગુજરાત હાઇ કોર્ટમાં ચાલું છે. તો શું કેન્દ્રીય સમાજ શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ પાળવા વાળાનો હિત ચિંતક નથી ? જયારે પિરાણા પંથીઓ તો એક જૂટ થઇ આવા ખોટા કોર્ટ કેસો સનાતન ધર્મીઓ ઉપર વારંવાર કરતા રહેલા છે.

ડ. અન્ય રજૂઆતો

૧. ૫૦ વર્ષ પહેલા પિરાણાથી વિરૂદ્ધ જઇ તે વખતના વડીલો એ નખત્રાણા મધ્યે અ.ભા.ક.ક. પાટીદાર સમાજની સ્થાપના કરી ત્યારે શું પિરાણા પંથીઓનો તેમાં સાથ હતો કે ? અથવા તો સ્થાપક વડીલો શું સનાતન ધર્મીઓ ન હતા? શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મને વરેલા હતા અને તેના હિતચિંતકો જ હતા એટલે જ આપણી કેન્દ્રીય સમાજના બંધારણમાં ૧૮મી કલમનો સતપંથી ભાઇઓનો ઘણો બધો વિરોધ હોવા છતાં પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.અને તેથી જ તો જયારે જયારે સતપંથીઓ દ્વારા કોઇ પણ કાર્યક્રમો યોજવામાં આવતા અને તેના નિમંત્રણો સમાજના તત્કાલીન હોદેદારોને મોકલવામાં આવતા ત્યારે આ હોદેદારો સતપંથના કોઇ પણ પ્રસંગોમાં કે કાર્યક્રમોમાં ભૂલથી પણ શોભામાં અભિવૃધ્ધિ કરવાનો હિન પ્રયાસ ક્યારે પણ કર્યો ન હતો. હવે આ પરંપરા ત્યારે જ ટુટી કે જ્યારે શ્રી વાલજી શીવજી વાડીયાએ પ્રમુખ પદની ધુરા સંભાળી અને વર્ષોથી ચાલી આવતી વડીલોની પરંપરા શરમ જનક રીતે તોડી જેનું સમાજના મોટા વર્ગને પારાવાર દુ:ખ છે.
અ.ભા.ક.ક. પાટીદાર સમાજના સ્થાપક વડીલો એ જે હેતુથી અને જે દૃષ્ટિ અને ભાવના થી ૫૦ વર્ષ પહેલા સમાજની સ્થાપના કરી હતી તે શું આજની કેન્દ્રીય સમાજ તે હેતુઓ અને વડીલોની ભાવનાઓ પાર પાડી રહી છે?

૨. ઈતિહાસ ગવાહ છે કે પિરાણા પંથીઓએ આજ દિવસ સુધી શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મને પાળવા વાળા ઉપર સેંકડો કેસો કરેલા છે જયારે શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મને પાળવા વાળાઓ એ તેમના પર કોઇ પણ કોર્ટ કેસો કરવામાં કદી પણ પહેલ નથી કરી જે આપણી સમાજની ૧૯મી કલમને અનુમોદન આપતા રહેલા છે. અને આ કલમનો સરે આમ ભંગ કરવા વાળાઓ વિરૂધ્ધ સમાજ શા માટે કોઇ કડક કાર્યવાહી કરતી નથી ?

૩. આજે ઘણા વર્ષોથી કેન્દ્રીય સમાજનું એક એવું વર્તન સ્પષ્ટ દેખાઇ રહ્યું છે કે આપણી કેન્દ્રીય સમાજ દ્વારા સનાતની ભાઇઓની લાગણીઓને હંમેશા દબાવવામાં આવે છે અને સતપંથી ભાઇઓને હંમેશા છાવરવામાં આવે છે. આવુ એક તરફું વલણ કયાં સુધી ચાલશે ?

૪. આપણી કેન્દ્રીય સમાજના હાલના પ્રમુખને ચોતરફથી ના હોવા છતાં પણ નખત્રાણા મધ્યે નિષ્કલંકી ધામમાં એક કાર્યક્રમ હતો તેમાં હાજરી આપી ત્યારે પોતાના સ્વબચાવ માટે પ્રમુખશ્રી રામજી કરમશીએ જણાવ્યું કે હું ત્યાં ગયો હતો તે એક શરતથી ગયો હતો .અને તે શરત હતી કે પિરાણા પંથીઓએ જે કાંઇ આપણા વિરૂધ્ધ કોર્ટ કેસો કર્યા હશે તે ત્વરીત તેઓ પાછા ખેંચી લેશે. જણાવતા અત્યંત ખેદ થાય છે કે આજે તે ઘટનાને એકાદ વર્ષ થવા આવ્યું છતાં પણ આવા કોઇ કોર્ટ કેસો પિરાણા પંથીઓએ પાછા ખેંચ્યા નથી તેના બદલે નવા કેસો તેઓએ આપણા ભાઇઓ ઉપર કર્યા છે તેની કેન્દ્રીય સમાજે ખાસ નોંધ લેવા જેવી છે.

૫. આવા તો અનેક પ્રશ્નો આપણી સમાજમાં છે જેની વ્યથા અને દુ:ખ સમાજના બહોળા વર્ગને છે. જેના નિરાકરણ માટે આ બહોળા વર્ગને શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ પાસે ઘણી બધી અપેક્ષા છે અને તેનું નિરાકરણ શ્રી આ. ભા. ક. ક. પાટીદાર સમાજ ત્વરીત નહી કરે તો અમ સનાતની ભાઇઓને આગામી ૨૦૧૦ માં યોજાનાર સ્વર્ણીમ મહોત્સવમાં ભાગ લેવો કે નહી તેનો ગંભીરતાથી વિચાર કરવો પડશે.તો આપણી કેન્દ્રીય સમાજ ઉપરોકત બાબતે ત્વરીત યોગ્ય પગલા લે એવી અપેક્ષા..
સહ......

એ જ
અ.ભા.ક.ક. સમાજના નીચે જણાવેલ સભ્ય શ્રી ઓ
જેમણે પોતાના નામની સામે હસ્તાક્ષર કરેલ છે.

॥ ખાસ નોંધ ॥

વધુ માહિતી માટે આપશ્રી નિચે જણાવેલ ભાઇઓનો સંપર્ક સાધી શકો છો.

હિંમત રતનશી	09821119116	વસંતભાઇ પટેલ	09426361431
રમેશ માવજી	09845375577	પ્રેમજી રામજી	09825546236
પૂનમભાઇ ખીમજી	09427693550	અમૃત રતનશી	09979123444
ડાહ્યાભાઇ પટેલ	09426380736	કરશન પ્રેમજી	09428749607

થઇ હતી. આ સત્ય હકીકતોથી તત્કાલીન આગેવાનો સાવ આજાણ હતા. તે વખતે તેમના ગળે આ વાત ઉતારવી અત્યંત કઠિન અને લોઢાના ચણા ચાવવા જેવું હતું. છતાં પણ ત્યાં ઉપસ્થિત સનાતની ભાઈઓએ ખાસ કરીને રમેશભાઈ માવજી વાગડિયાએ અને હિંમતભાઈ રતનશી ખેતાણીએ નિર્ધાર કર્યો કે સમાજમાં ધાર્મિક બાબતે કંઈ ને કંઈ નીવડો લાવીને જ જંપીશું. કાર્ય અતિ મુશ્કેલી ભર્યું હતું. પણ દૃઢ સંકલ્પથી અશક્ય કાર્ય પણ શક્ય બની જતું હોય છે. મેં અને હિંમત ભાઈ ખેતાણીએ વિચાર્યું કે જો આપણે મક્કમતાથી લડશું તો સુધારક વડીલોએ જે ઉદ્દેશો અને હેતુઓથી કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી તેને પુન:સ્થાપિત કરી શકીશું.

તા. ૦૬-ઓગસ્ટ-૨૦૦૯ની કારોબારી સભામાં આ ઐતિહાસિક પત્રનું વાંચન: આ ઐતિહાસિક પત્રનું વાંચન તા.૬.૮.૨૦૦૯ની સમાજની કારોબારી સભામાં કરવામાં આવ્યું. આ બાબતને સમાજના હોદ્દેદારોએ ટાળવાની અને વિષયને નેવે ચડાવવાની પૂરેપૂરી કોશિશ કરી. આ બાબતે તેમની બદ-દાનત દેખાતી હતી. સભામાં આ પત્રનું વાંચન થયું પણ તે વિષય ઉપર અમોને ચર્ચા કરવા દેવામાં આવી નહિ. કદાચ હું તે વખતે કારોબારી સદસ્ય નહતો એટલે મને બોલવા ન આપે એ બનવા જોગ છે. પણ હિંમતભાઈ ખેતાણી તો કારોબારી સભ્ય હતાજ. ત્યારે કારોબારીમાં ઉપસ્થિત માત્ર બે ભાઈઓને એ પત્ર ઉપર વિચારો રજૂ કરવા પરવાનગી દેવામાં આવી. તેમાંના એક હતા સાયરાવાળા સનાતની ભાઈ શ્રી ચંદુભાઈ. તેમણે તેમના ગામમાં સતપંથના ભાઈઓ દ્વારા ચાલી રહેલી આડોડાઈની વાતો કરીને સભાને વાકેફ કર્યા કે સતપંથના ભાઈઓ કેવી રીતે સનાતનીઓને હેરાન કરી રહ્યા છે. તેમાં કેન્દ્રીય સમાજ આપણને કંઈ જ મદદ કરતી નથી. કારણ કે આગેવાનો એમ માને છે કે તે એમનું કામ નથી.

નોંધ: અવાજ કારણોને લઇને મારા ઉપર (એટલે રમેશ માવજી વાગડિયા), મારા દાદા ઉપર અને મારા પિતા ઉપર સતપંથના ભાઈ મણીલાલ કાનજી છાભૈયાએ (પીરાણાના કરસન કાકાના ભત્રીજાએ) કરેલો તદ્દન ખોટો મારપીટનો ક્રિમીનલ કોર્ટ કેસનો પત્ર જ્યારે મેં કેન્દ્રીય સમાજને લખ્યો હતો ત્યારે કેન્દ્રીય સમાજે મને પ્રત્યુતર આપતાં લખ્યું હતું કે "......આ સમાજની કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ધર્મ પાળતી હોય તો તેમાં કોઈને કંઈ વાંધો હોવો જોઈએ નહી". આનો સીધો અર્થ એ થાય છે કે આ સમાજ સતપંથ ધર્મને પણ માન્યતા આપે છે. અને તેનો કોઈ પણ સભ્યને પીર ઈમામાંશાહ પ્રેરિત પીરાણા સતપંથ ધર્મ પાળવાની છૂટ છે. તે જવાબ આપતી વખતે પ્રમુખ તરીકે શ્રી વાલજીભાઈ વાડિયા હતા અને મહામંત્રી તરીકે હતા વાલજીભાઈ કેસરા મોરબીવાળા હતા. આનો સીધો અર્થ એ પણ થાય છે કે આ બન્ને હોદ્દેદારોને કેન્દ્રીય સમાજના અને જ્ઞાતિના ઈતિહાસનું જ્ઞાન નહોતું. જો હોત તો આવો પત્ર ન લખત.

તા. ૦૭-ઓગસ્ટ-૨૦૦૯ની ઐતિહાસિક સામાન્ય સભા: આ સભામાં બીજા નંબરનો અજેંડા હતો 'આવેલ પત્રોનું વાંચન" પણ હોદ્દેદારોની મથરાવટી મેલી હતી. તેઓ જાણી જોઇને આ વિષયને સભાના બપોર પછીના બીજા સત્રમાં લઈ ગયા. હું અને હિંમતભાઈ ખેતાણી કાગડોળે રાહ જોઈ રહ્યા હતા કે કયારે અમારા આપેલ પત્રનું વાંચન થાય અને તેના ઉપર ચર્ચા કરવામાં આવે. પણ હોદેદ્દારોની મથરાવટી મેલી હતી. તેમને એમ હશે કે બપોરપછી એ પત્રનું વાંચન કરીએ જેથી સામાન્ય રીતે જમ્યા બાદ લોકો સભામાં ઓછા થઇ જાય અને સભામાં હોબાળો ઓછો થાય (એટલે અશાંતિ ન ફેલાય). તે પત્ર ઉપર સનાતનીઓને ચર્ચા કરવાનો મોકો ઓછો મળે અને તે વિષય ભીનો સંકેલાઈ જાય (વિષયને ન્યાય આપ્યા વગર બંધ કરી દેવો). બપોર પછીનું સત્ર ચાલુ થયું. મારા પત્રનું વાંચન મંત્રી શ્રી વાલજીભાઈ ચૌહાણ દહાણુવાળા તરફથી કરવામાં આવ્યું. સનાતનીઓ જે મોકાની રાહ જોઇને બેઠા હતા તે સમય આવી ગયો. સૌ પ્રથમ અમોએ વસંતભાઈ રાજા લીંબાણીને દલીલ માટે મોકલ્યા. તેમના મંતવ્યો પછી કોણ જાણે કેમ બીજો કોઈ વિષયને લઈને બેંગલોરવાળાં શીલાબેન બાબુલાલ ભગત ઊઠ્યાં. પણ લોકોએ એમને બેસાડી દીધા કે પત્રવાળા વિષય ઉપરજ ચર્ચા કરો અન્યથા બેસી જાઓ.

<u>સનાતની ભાઈ શ્રી રમેશભાઈ માવજી વાગડિયાનું ભાષણ</u>: ત્યાર પછી શ્રી હિંમતભાઈ ખેતાણીએ મને ભાષણ આપવા માટે રીતસરનો ધકેલ્યો કે જા હવે તું તારા મંતવ્યો આપી આવ. હું ડઘાઈ ગયેલ હાલતમાં ઊભો થયો અને પહોંચ્યો માઈક પાસે. ઉતાવળમાં અને ઉતાવળમાં મને મારા મંતવ્યોને ફોનમાં રેકોર્ડીંગ કરવા હતા તે ના થયાં.

સ્મરણો: આ સમયે મને મારા દાદા શ્રી રતનશી નારાયણ વાગડિયાએ કરેલી વાત યાદ આવી ગઈ. તેઓ જ્યારે ૨૩ વરસના યુવાન હતા ત્યારે ગામ વિરાણી મોટીના લક્ષ્મીનારાયણ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા વખતે હાજરી આપી હતી. અત્યારની જેમ હિંમતભાઈએ મને ભાષણ આપવા માટે ધકેલ્યો, બિલકુલ તેવીજ રીતે ત્યારે તે સભામાં હિમ્મતભાઈના બાપુજી રતનશી ખીમજી ખેતાણીએ પણ મારા દાદાને સભામાં ભાષણ આપવા માટે ખૂટતી હિંમત આપીને મંચ ઉપર ધકેલ્યા હતા. સમાજના આગેવાનો ઈતિહાસ ભૂલી ગયા હતા એટલે ક્યાંક ઈતિહાસનું ફરીથી પુનરાવર્તન થતું હતું, એવો ભાવ મારા મનમાં જાગ્યો.

સભામાં એકદમ શાંતિ પ્રસરાયેલી હતી. લોકોને સતપંથ સનાતન વિષય ઉપર ચર્ચા સાંભળવાની કુતૂહલ પૂર્વકની આતુરતા હતી. મેં (રમેશભાઈ વાગડિયાએ) પોતાના મંતવ્ય આપતાં જણાવ્યું હતું કે આ સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સતપંથ ધર્મનો સદન્તરે ત્યાગ કરીને મૂળ સનાતન હિંદુ ધર્મને પુનઃ અપનાવ્યો હતો. તેથી કરીને આ સમાજની (કેન્દ્રીય સમાજની) મૂળ ઓળખ સનાતની સમાજ તરીકેની છે અને તેનો ધર્મ એક માત્ર સનાતન હિંદુ ધર્મ છે, જેમાં સતપંથ ધર્મ સામેલ નથી. અત્યારે આ સમાજના આગેવાનો સનાતન ધર્મ બાબતે ઈતિહાસ ભૂલી ગયા છે. આ સમાજ જો ઈચ્છા કરત તો આ જ સ્થળ ઉપર કુળદેવી મા ઉમિયા અને ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર બનાવી શક્યો હોત. શ્રદ્ધાનું કેન્દ્ર અહીંજ ઊભું કરી શક્યું હોત. જો એમ થયું હોત તો આર્થિક ક્ષેત્રે પણ આ સમાજ સદ્ધર થયો હોત. પૈસા માટે બીજાની પાસે હાથ લંબાવવો પડ્યો ન હોત. જ્ઞાતિ રીતિરિવાજોની ૧૮મી કલમ ઉપર પણ પ્રકાશ પાડ્યો. મારા મંતવ્યમાં ખલેલ પહોંચાડવા હેતુથી હું જે કંઈ બોલી રહ્યો હતો તેનું મારા પાછળ પાછળ હલકાઈ ભર્યું “રીપીટેસન” (પુનરાવર્તન) સતપંથી ભાઈ રતનશી લાલજી વેલાણી કરી રહ્યો હતો. જે બિલકુલ માઈકની સામેજ બેઠેલો હતો.

<u>લક્ષ્મીબેન દીવાણી ભીવંડીવાળાનું ભાષણ:</u> ત્યાર પછી બીજા એક બહેન ઊઠ્યાં જેથી અમ સનાતનીઓને પાછી દહેશત થઇ કે આ બહેન પણ આ પહેલાં વચ્ચે ઊભા થયેલ શીલાબેનની જેમ વિષયથી પર જઈને અન્ય વિષય ઉપર ચર્ચા કરશે, તો વિષય ફંટાઈ જશે અને પકડ ઢીલી પડી જશે. પણ આ બહેને માઈક પાસે આવીને જુસ્સામાં જણાવ્યું કે હું આ વિષય ઉપરજ ચર્ચા કરવા માંગુ છું. આ બહેન પોતાના મંતવ્ય આપતા જણાવ્યું કે **“જ્યારે ભારત દેશ આઝાદ થયો ત્યારે મુસલમાનોને છાવરીને જે ભૂલ ગાંધીજીએ કરી હતી તેવીજ ભૂલ અત્યારે આપણી સમાજમાં અત્યારના આપણા આગેવાનો સતપંથના ભાઈઓને છાવરીને કરી રહ્યા છે.”** તેમાં સુધારો નહિ આવે તો તેના માઠા પરિણામો આપણને આવતા પાંચ – દસ વરસમાં ભોગવવાં પડશે. ખરેખર આ બહેનની હિંમતને દાદ દેવી પડે. આ બહેને પોતાના મંતવ્યમાં આગળએ પણ કહ્યું કે હું જ્યારે પરણીને ટોડીયા ગામમાં આવી ત્યારે મારા દાદાજી પાસે ખોંભડીથી એક પાગડીવાળા રતનશીબાપા આવતા. તેઓ પણ સતપંથ બાબતે મારા દાદાજી સાથે વાતો કરતા. ત્યારે આ પેલા રમેશભાઈએ જે આવેશમાં આવી જઈને લાલધૂમ ચહેરે ભાષણ કર્યું તેવીજ રીતે એ બાપા મારા દાદાજી સસરા સાથે વાતો કરતા. તે બાપા રમેશભાઈને શું થતા તે મને ખબર નથી પણ તે બન્નેના હાવભાવમાં મોટી સામ્યતા હું જોઈ રહી છું. (ભાષણ પછી મારા પિતાશ્રી માવજીભાઈ રતનશી વાગડિયાએ આ બહેન ને રૂ.૧૦૦ની મોકલામણી આપી હતી).

<u>તે સામાન્ય સભામાં સનાતની ભાઈ શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણીનું ઐતિહાસિક ભાષણ:</u> હિંમતભાઈ પોતાના મંતવ્ય આપતા જે રજૂઆત કરી એવી સ્પષ્ટ રજૂઆત સમાજના છેલ્લા ૫૦ વરસના ઈતિહાસમાં સતપંથ સનાતનના મુદ્દે કોઈએ ભાગ્યેજ કરી હશે. મેં તેમના ભાષણનું રીકોર્ડીંગ મારા ફોનમાં કર્યું હતું. હિંમતભાઈએ પોતાના મંતવ્યમાં જુસ્સાભેર જણાવ્યું હતું કે અત્યારના પ્રમુખશ્રી રામજી કરમશી નાકરાણીએ હોદ્દાની રુએ કોટડા જડોદર રસ્તા ઉપર આવેલું સતપંથના ભાઈઓનું મીની પીરાણામાં બાવા ઈમામશાહના કહેવાતા મંદિર તેમજ નિષ્કલંકી નારાયણના કહેવાતા મંદિરના ઉદ્‌ઘાટનમાં જઈને સમાજના રીતિરિવાજોની ૧૮મી કલમનો ભંગ કર્યો છે. રામજીભાઈ મારા ગામના છે. સવાયા (વિશેષ) સનાતની છે પણ ઉપર બેઠેલા ભવાઈયાઓએ ભવાઈ કરી તેમનું માથું ભ્રમિત કરી નાખ્યું. સતપંથ બાબતે અત્યારે જે ચાલી રહ્યું છે તે કેન્દ્રીય સમાજ અને તેના આગેવાનો માટે શોભાસ્પદ નથી. પણ કોઈ જ પૂછવાવાળુ નથી. સમાજના રીતિરિવાજોની કલમ ૧૮ અને ૧૯નો ખુલ્લે આમ ભંગ થઇ રહ્યો છે, કોઈ પૂછવાવાળું નથી. આપણા પૂર્વજોએ આપણને સુધારીને ઘણી મોટી ભૂલ કરી છે. આપણને ન સુધાર્યા હોત તો આજે આપણે મુમના મુસલમાન બની ગયા હોત. ગાંડ વાંકી કરીને બાંગ પોકારતા થઇ ગયા હોત. સરકારી લાભો લેતા થઇ ગયા હોત. આપણા ડોહાઓએ (વડીલોએ) આપણને હેરાન કરી નાખ્યા (કટાક્ષમાં). કારણ કે આપણે એમના રાહે ચાલવું નથી. આ ભાષણની ઓડીઓ કલીપ ભારતભરના લોકોમાં પ્રખ્યાત અને પ્રચલિત (વાયરલ) થઇ ગઈ. જેની સમાજના સનાતનીઓમાં ખૂબ અસરકારક રીતે વ્યાપક અસર થઇ.

<u>સનાતની ભાઈ શ્રી પ્રેમજીભાઈ કેશરાણીનું ભાષણ:</u> પ્રેમજીભાઈ કેશરાણીએ પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે વૈદિક સનાતન હિંદુ ધર્મ શું છે તે ભારતીય સંસ્કૃતિમાં અનાદિકાલથી આવેલો ધર્મ છે. અને તેની અત્યારે આપણા સમાજને કેટલી જરૂર છે તે જણાવ્યું.

<u>ઉપસંહાર:</u> સભાના અંતે ખાસ કંઈ થયું નહીં. સમાજના આગેવાનોએ ઉપરોક્ત દલીલો ઉપર પોતાના તરફથી કોઈજ વિચારો જણાવ્યા નહીં. વિષયને પૂરો કરતા પ્રમુખ શ્રી રામજી કરમશીએ સનાતનીઓને આશ્વાસન આપ્યું કે સનાતની ભાઈઓના પ્રશ્નો અંગે સમાજ એક સમાધાન સમિતિનું ગઠબંધન કરશે અને તે સમિતિ તેનો ઉકેલ જલદીથી લઈ આવશે.

સભા પૂરી થયા પછી ઘણી બધી વ્યક્તિઓએ મને અને હિંમતભાઈને અભિનંદન આપવા રૂબરૂ આવ્યા. તેમાંની નોંધનીય વ્યક્તિઓ હતી યુવાસંઘના તત્કાલીન પ્રમુખ શ્રી જયંતીભાઈ રામાણી, ગામ લક્ષ્મીપર નેત્રાવાળા હાલે અમદાવાદ. તેવીજ રીતે ઇસ્લામપુર રહેતા ભાઈ શ્રી પુરષોત્તમભાઈ અને ભુજવાળાં પ્રભાબેન.

સમાધાન સમિતિ શા માટે? સનાતની ભાઈઓએ ઉઠાવેલ સવાલ

ઉપર જણાવેલ તા. ૦૭-ઓગસ્ટ-૨૦૦૯ની સામાન્ય સભામાં જે મુદ્દાઓ સનાતની ભાઈઓ તરફથી ઉપાડવામાં આવેલ હતા તે સમાજની સ્થાપનાના મૂળ ઉદ્દેશ્યોને સામે લાવી સમાજને એ રસ્તા પર ચાલતી કરવાના હતા. અહીં પ્રશ્ન સમાધાનનો ન હતો. અહીં મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ ઉપર સવાલો હતા. જેનો ઉલ્લેખ તા.૦૪-ઓગસ્ટ-૨૦૦૯ની કેન્દ્રીય સમાજને લખેલ પત્રમાં સ્પષ્ટ રીતે આલેખાયેલ હતા. તે ત્રણ મુદ્દાઓ નીચે મુજબના હતા.

૧. સમાજના જ્ઞાતિ રીતિરિવાજોની કલમ ૧૯નો ખુલ્લે આમાં થતો ભંગ.
૨. આ સમાજની ઓળખ એક સનાતની સમાજની હોવા છતાં તેના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ સતપંથના કાર્યક્રમોમાં શામાટે જઈને તેમને પ્રોત્સાહિત કરે છે?
૩. સમાજના રીતિરિવાજોની કલમ ૧૮નો ખુલ્લે આમ થતો ભંગ.

ઉપર જણાવેલ મુદ્દાઓમાં સમાધાન શેનું હોય? આમાં સમાધાન કરવાનું ન હોય પણ ન્યાય કરવાનો હોય. એ માટે અમ સનાતનીઓને સમાધાન નથી જોઈતું પણ ન્યાય જોઈએ છે. અમે લોકોએ સમાધાન માટે ફરિયાદ નથી કરી, સાચા ન્યાય મેળવવા માટે પત્ર લખ્યો છે. હદ તો ત્યારે થઇ કહેવાય કે સમાધાન સમિતિના ચેયરમેન એવા વ્યક્તિને બનાવાય છે કે જેના ઉપર સનાતનીઓએ ગુનો દર્જ કર્યો છે. સ્પષ્ટતાથી વાત કરું તો તે પત્ર મારફતે સનાતનીઓએ સમાજના પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણી તેમજ સમાજના તાત્કાલિક પૂર્વ પ્રમુખ શ્રી વાલજીભાઈ વાડિયા તેમજ ટ્રસ્ટી શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા અને અન્ય સહયોગીઓ ઉપર આરોપ લગાવેલ છે કે સતપંથ સમાજ દ્વારા બાવા ઈમામશાહના નામે ઊભા થતા કહેવાતા મંદિરોના ઉદ્‌ઘાટનના કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરવા જવું એ પીરાણા સતપંથ ધર્મને પ્રોત્સાહન આપવા બરાબર છે અને તે કલમ ૧૮ની રૂએ ગુનેગારને પાત્ર ઠરે છે. આવા ગુનેગારો પૈકી સમાજના વરિષ્ઠ ટ્રસ્ટી શ્રીમાન શ્રી શીવદાસભાઈ ગોવિંદ છાભૈયા એક હતા. અગર ગુનેગારજ સમાધાન સમિતિના પ્રમુખ ન્યાયાધીશ બનાવતા હોય, તો તે કેવો ન્યાય આપે? સમાજે બનાવેલી ન્યાય સમિતિ તો અસ્તિત્વમાં હતીજ, તો પછી આ સમાધાન સમિતિની શું જરૂરત પડે તે અમોને સમજાતું નહોતું.

ભારતભરમાં જાગૃતિ અભિયાન

<u>તા. ૦૮-ઓગસ્ટ-૨૦૦૯ના સંસ્કારધામ દેસલપર ખાતે મળેલ સનાતની ભાઈઓની એક મિટિંગ:</u> કેન્દ્રીય સમાજની સામાન્ય સભાના બીજા દિવસે સનાતની ભાઈઓની નાના પાયે એક અનૌપચારિક સભા મળેલ હતી. તે સભાનો એક માત્ર અજેંડા હતો કે સતપંથ સનાતન મુદ્દે આગળની રણનીતિ કેવી તૈયાર કરવી કે જેથી લોકોમાં જાગૃતિની સાથે સાથે કેન્દ્રીય સમાજને પણ તેની સનાતનીઓ પ્રત્યેની જવાબદારીઓથી વાકેફ કરી શકાય. આ સભામાં નીચેની વ્યક્તિઓએ હાજરી આપી હતી.

૧. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી	- વિરાણી મોટી
૨. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા	- ખોંભડી
૩. શ્રી અરવિંદભાઈ કરસન લીંબાણી	- કોટડા જડોદર
૪. શ્રી માવજીભાઈ કેશરા રામાણી	- નખત્રાણા
૫. શ્રી જેઠાલાલ લાલજી ચોપડા	- રાજપર
૬. શ્રી કરસનભાઈ પ્રેમજી મેઘાણી	- અંગિયા મોટા
૭. શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ	- દુર્ગાપુર નવાવાસ.

આ મિટિંગમાં હવે પછી શું વ્યૂહ ઘડવો? સનાતની ભાઈઓએ શું વ્યૂહરચના (strategy) અપનાવવી? તે બાબતે ઊંડાણથી ચર્ચાઓ કરવામાં આવી. મુરબ્બી ભાઈ શ્રી રમેશભાઈ માવજી વાગડિયાએ જણાવ્યું કે જે આપણે કેન્દ્રીય સમાજને તા. ૦૪-ઓગસ્ટ-૨૦૦૯ ના પત્ર લખેલ છે, તે પત્રને કોઈ સારી પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભારતભરની તમામ કચ્છ કડવા પાટીદાર સમાજોમાં મોકલાવવી જોઈએ. રમેશભાઈએ એ પણ સુઝાવ આપ્યો કે ભારતભરની સમાજોમાં જઈને સનાતન ધર્મ અને સનાતન સમાજ બાબતનું જાગૃતિ અભિયાન ચલાવવું જોઈએ. મુરબ્બી શ્રી હંસરાજ દેવજી ધોળુએ જણાવ્યું કે સમાજમાં જાગૃતિ આણવી હશે તો મીડિયાનો પણ સાથ જોઇશે. તે માટે આપણને પ્રયત્નો કરવા જોઈએ. અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે તા. ૦૪-ઓગસ્ટ-૨૦૦૯ વાળા પત્રની નકલો છપાવી ભારતભરના તમામ સમાજોમાં મોકલાવવામાં આવે. પણ પ્રશ્ન અહીં એ હતો કે કોના સરનામેથી તે પત્ર મોકલાવવો? આખરે રમેશભાઈએ તે બીડું ઝડપ્યું. તે પત્રને છપાવીને આઠ જણાનાં નામ અને ટેલીફોન નંબર પણ છપાવ્યા. તે આઠ સનાતની વ્યક્તિઓના નામ નીચે પ્રમાણેનાં છે.

૧. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી	- વિરાણી મોટી	- ૯૮૨૧૧ ૧૯૧૧૬
૨. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા	- ખોંભડી	- ૯૮૪૫૩ ૭૫૫૭૭
૩. શ્રી પુનમભાઈ ખીમજી ધોળુ	- મોડાસા	- ૯૪૨૭૬ ૯૩૫૫૦
૪. શ્રી ડાયાભાઇ જીવરાજ ગોરાણી	- મોડાસા	- ૯૪૨૬૩ ૮૦૭૩૬
૫. શ્રી વસંતભાઈ રાજા ધોળુ	- મોડાસા	- ૯૪૨૬૩ ૬૧૪૩૧
૬. ડો. પ્રેમજીભાઈ રામજી ગોગારી	- ગાંધીધામ	- ૯૮૨૫૫ ૪૬૨૩૬
૭. શ્રી અમૃત રતનશી રામાણી	- ધનસુરા	- ૯૯૭૯૧ ૨૩૪૪૪
૮. શ્રી કરસનભાઈ પ્રેમજી મેઘાણી	- અંગિયા નાના	- ૯૪૨૮૭ ૪૯૬૦૭

સનાતન ધર્મ જાગૃતિ સમિતિનું ગઠન – ધનસુરા સભા

સનાતની ભાઈઓની ધનસુરા મુકામે સભા તા. ૦૪-ઓક્ટોબર-૨૦૦૯: તા.૦૭-ઓગસ્ટ-૨૦૦૯ની સમાજની સામાન્ય સભા પછી અમોને (હિંમતભાઈને અને રમેશભાઈ વાગડીયાને) લાગ્યું હતું કે એક સનાતન ધર્મ જાગૃતિ સમિતિનું ગઠન થાય અને તે મારફત સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ભારતભરના સમાજોમાં ચલાવવામાં આવે, તો ખૂબ સારું પાયાનું કામ થાય. સામે સમાજનો સ્વર્ણિમ મહોત્સવ આવતો હોવાથી ભારતભરના સમાજોના ભાઈઓને સમાજનો સાચો ઈતિહાસ બતાવવો અત્યંત જરૂરી છે એવી પ્રતીતિ સતત થયા કરતી હતી. કહેવાય છે કે નિઃસ્વાર્થ ભાવનાથી કરેલા તીવ્ર વિચારોમાં ગજબની શક્તિ હોય છે. તે પ્રમાણે ધનસુરા સનાતન સમાજના પ્રમુખશ્રી શિવદાસભાઈ રતનાભાઈ માવાણી, અમૃતભાઈ રતનશીભાઈ રામાણી, વસંતભાઈ રાજાભાઈ લીંબાણી, ઝોનના પ્રમુખ પુનમભાઈ ખીમજી ધોળુ અને મંત્રી શ્રી અશોકભાઈ જયંતીભાઈ ભાવાણીના પ્રયાસોના પરિણામે અમોને આમંત્રણ મળ્યું કે તા. ૦૪-ઓક્ટોબર-૨૦૦૯ના સનાતની ભાઈઓની એક સભા રાખવામાં આવી છે અને તેમાં હિંમતભાઈનું અને રમેશભાઈ વાગડિયાનું ભાષણ નિયોજિત કરવામાં આવ્યું છે. તે અન્વયે ત્યાં સનાતનીઓની સભા યોજવામાં આવી હિંમતભાઈ ખેતાણી, પ્રેમજીભાઈ કેશરાણી, રમેશભાઈ વાગડિયા, પ્રિન્સીપાલ રતિભાઈ છાભૈયા, રમણભાઈ શામજી, ડૉ. પ્રેમજીભાઈ ઘોઘારી, મણીભાઈ ગોવિંદ ઘોઘારી, અબજીભાઈ વિશ્રામ કાનાણી, રામજીભાઈ ડાયાણી અને કરસન પ્રેમજી મેઘાણી (બન્ને સંસ્કાર ધામના ઉપપ્રમુખ), ધનસુખ માવજી રંગાણી અને અન્ય દિગ્ગજોના ભાષણો થયા. અંતમાં એ સભામાં ઐતિહાસિક ઠરાવો પસાર કરવામાં આવ્યા.

આ ઠરાવો કેન્દ્રીય સમાજ ઉપર દબાણ લઈ આવવા માટે પસાર કરવામાં આવ્યા હતા. ધનસુરા સનાતન સમાજના કાર્યકર્તાઓ ધન્યવાદને પાત્ર છે, તેમાં બેમત નથી. આ હતી સનાતન ધર્મ જાગૃતિ અભિયાનની પહેલી સભા.

આ સભામાં કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીને અને સમાજના અન્ય હોદ્દેદારોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પણ તેઓ ત્યાં હાજર રહ્યા ન હતા.

આ સભામાં **શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિની રચના** કરવામાં આવી હતી. તેમાં શરૂઆતમાં નીચે મુજબના ભાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૧. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી	- વિરાણી મોટી -મુંબઈ
૨. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા	- ખોંભડી -બેંગલોર
૩. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી	- અંગિયા નાના -મુંબઈ ખારગર
૪. શ્રી પુનમભાઈ ખીમજી ધોળુ	- મોડાસા
૫. શ્રી વસંતભાઈ લીંબાણી મોડાસા	- નખત્રાણા
૬. શ્રી ડાયાભાઇ જીવરાજ ગોરાણી	- વિગોડી -મોડાસા

આ સમિતિનું મુખ્ય કામ ભારતભરના સમાજોમાં સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભાઓ યોજી જ્ઞાતિનો સાચો ઈતિહાસ અને કેન્દ્રીય સમાજનો સાચો ઈતિહાસ બતાવવો. સાથે સાથે અત્યારે કેન્દ્રીય સમાજમાં સનાતન ધર્મ બાબતે ચાલી રહેલ દુર્લક્ષતા બાબતે લોકોને જાણકારી આપવી. કેન્દ્રીય સમાજના આગેવાનો દ્વારા સનાતનીઓ પ્રત્યે નરોવા-કુંજરોવા જેવી બેધારી અસ્પષ્ટ નીતિઓ બાબતે લોકોમાં જાગૃતિ ફેલાવવી, એવું ઠરાવવામાં આવ્યું હતું.

ઠરાવો

તા. ૪.૧૦.૨૦૦૯ને રવિવારના દિવસે મળેલ સાબરકાંઠા વિસ્તારના સનાતની ભાઇઓની આમ સભા શ્રી ક. ક. પાટીદાર સનાતન સમાજ ગુજરાત, ધનસુરા ખાતે સવારના ૯.૦૦ થી ૨.૦૦ વાગ્યા દરમ્યાન મળેલ હતી. આ સભામાં કચ્છ, મુંબઇ, બેંગ્લોર, અમદાવાદ, ખેડા તેમજ સમગ્ર સાબરકાંઠા વિસ્તારના સનાતની અગ્રગણ્ય ભાઇ-બહેનોની હાજરી હતી.

આ સમૂહ ચિંતન સભામાં સર્વાનુમતે નીચે મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

૧. સતપંથીઓ દ્વારા ભારત ભરમાં સનાતનીઓ ઉપર કરવામાં આવેલ પોલિસ તેમજ કોર્ટ કેસો જે હજી સુધી ચાલી રહ્યા છે તે કેસો પાછા ખેંચ્યા પછી જ અ.ભા. ક. ક. પાટીદાર સમાજની સાથે વાટાઘાટો કરવામાં આવશે.

૨ આજની સભા એ પણ ઠરાવ કરે છે કે કરેલા તમામ કોર્ટ કેસો અગર સ્વર્ણીમ મહોત્સવ પહેલાં પાછા ખેંચવામાં નહિ આવે તો તે સ્વર્ણીમ મહોત્સવમાં અમો સનાતનીઓને ભાગ લેવા માટે ફેર વિચારણા કરવા મજબુર થવું પડશે.

૩ શ્રી અખિલ ભારતીય ક.ક. પાટીદાર સમાજની સ્થાપના તત્કાલિન સનાતની વડીલો દ્વારા ફકત અને ફકત પીરાણા સતપંથ ધર્મને ત્યજીને આવેલ સનાતની ભાઇઓના હીતોની રક્ષા માટે કરવામાં આવેલ. તેથી આજના હોદેદારોએ સનાતનીઓના હિતોની રક્ષા કરવી એ તેમનું પ્રાથમિક કર્તવ્ય બને છે અને આવી ફરજ અદા કરવામાં જો સમાજના હોદેદારો ઉણા ઉતરશે તો તે જરાયે ચલાવી લેવામાં આવશે નહિ.

૪. આપણા બંધારણ હેઠળ બનાવેલ જ્ઞાતિના રીત રીવાજોની કલમ ૧૮ અને ૧૯ જે ઠરાવના રૂપમાં સમાજના ભૂતકાળના અધિવેશનમાં સર્વસમંતિથી પસાર કરવામાં આવેલ છે. આવી કલમોનું ઉલંઘન કરનાર સમાજની કોઇપણ વ્યકિતને સમાજના આજીવન સભ્ય બનવાના અને નૈતિક રીતે સમાજની કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર રહેશે નહિ.

૫. "સમાજ" શબ્દની વ્યાખા પ્રમાણે સમાજ એને જ કહેવાય જયાં લોકોનો જન સમુદાય એક જ આચાર-વિચાર ને વરેલો હોય, એક જ ધર્મને પાળતો હોય અને એક જ રીત રીવાજોને વરેલો હોય તે મુજબ આપણી કેન્દ્રીય સમાજ ફકત અને ફકત હિન્દુ સનાતનીઓનો જ હોવો જોઇએ જેમા અન્ય ધર્મ પાળવાવાળાઓને પ્રવેશ કોઇપણ સંજોગોમાં આપવો ન જોઇએ.

૬. અત્રે આ સભા એક કમીટીનું ગઠન કરે છે જેનું નામ "અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતી સમિતિ" રાખવામાં આવે છે. આ કમીટીનો મુખ્ય ઉદેશ આપણી જ્ઞાતિમાં સનાતન ધર્મની જાગૃતી, સનાતન ધર્મનો પ્રચાર અને સનાતન ધર્મની રક્ષા કરવાનો રહેશે.

આ કમીટીનું પત્ર વ્યવહારનું સરનામું હાલ પુરતું શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યા સંકુલ, અમદાવાદ રોડ, ધનસુરા-૩૮૩૩૮૭, જીલ્લો સાબરકાંઠા, ટેલીફોન : ૦૨૭૭૪-૨૨૨૧૨૧ રહેશે.

સનાતની સમાજમાં સનાતન ધર્મ બાબતે ચળવળ એ એક અજાયબી

સનાતની ઓળખ ધરાવતી સમાજમાં સનાતની ચળવળ ચલાવવી પડે એ એક અજાયબી જ ગણી શકાય. એ માનવામાં ન આવે એવી વાત છે, પણ એ હકીકત છે. જેવી રીતે ભારતની મૂળ ઓળખતો હિન્દુરાષ્ટ્ર તરીકેનીજ છે પણ તે રાષ્ટ્રમાં હિંદુઓ જે રીતે સોફ્ટ ટાર્ગેટ છે, બરાબર તેજ પ્રમાણે આપણો કેન્દ્રીય સમાજ પણ સનાતનીભાઈઓએ બનાવેલ, સનાતનીઓના હિતોની રક્ષા માટે બનાવેલ, સનાતનીભાઈઓ માટે બનાવેલ. ધર્મના મુદ્દા ઉપર સતપંથીઓ અને તેમના એજન્ટો દ્વારા ફેલાવેલ ભ્રમણાઓના શિકાર બનીને સનાતન સમાજમાં તત્કાલીન હોદ્દેદારો એવા અક્કડ થઈ ગયા હતા કે સનાતન ધર્મ પ્રત્યે આ લોકોને રીતસરની સૂગ થઈ ગઈ હતી. સતપંથના ભાઈઓને સમાજમાં વિના રોક ટોક પ્રવેશ દેવાનો, તેમની થાબડ થોબડ કરવાની અને પોતાનો અજેંડા ચાલુ રાખવો, એ એમનો નિયમ થઈ ગયો હતો.

સનાતન ધર્મ બાબતની કોઈ પણ વાત આવે તો આ મોવડીઓ પોતાના કપડાં ખંખેરી નાખતા. આ લોકોને સમાજના ઈતિહાસની પણ ખબર નહોતી. અરે સતપંથી ભાઈઓને ખરાબ લાગશે એટલે સમાજના કોઈ પણ કાર્યક્રમમાં હિન્દુ સનાતન ધર્મના કોઈ સ્વામી પંડિત કે સાધુ સંતોને પણ આમંત્રણ આપવામાં આવતું નહીં. આ મોવડીઓ એટલી બધી લાચારી ભોગવતા કે જો સનાતન હિન્દુ ધર્મના કોઈ સાધુ સંતોને તેડાવશું તો પીરાણાના કહેવાતા વડા કાકાને પણ અહીં આમંત્રણ આપવું પડશે.

સનાતની સમાજના મોવડીઓના મગજમાં એક ખોટી વાતને મક્કમતાથી સતપંથીઓ અને તેમના દલાલો દ્વારા બેસાડી દેવામાં આવી હતી કે આ સમાજ એક ધર્મ નિરપેક્ષ સમાજ છે અને ધર્મ સાથે સમાજને કોઈજ લેવા દેવા નથી. જતે દહાડે

સમાજના પ્રમુખોના ચુનાવમાં પણ પીરાણાના કાકાનો પણ પરોક્ષ હસ્તક્ષેપ થવા લાગી ગયો હતો, એવું જોવા મળતું હતું. પીરાણા સતપંથ સંસ્થાની એક છૂપી કાર્યસૂચી પણ સમાજના ચુનાવ વખતે રહેતી કે પ્રમુખ એવો ચૂંટવામાં આવે કે જે મવાળ હોય. જે પીરાણા સતપંથ ધર્મના લોકોની યેનકેન પ્રકારે તરફેણ કરતો હોય. પછી ભલે તે જાહેરમાં ખુલ્લો ન થતો હોય, તો પણ ચાલશે. આવી રીતે સમાજના તત્કાલીન પ્રમુખ શ્રી વાલજીભાઈ શિવજી વાડિયાના સમય કાળમાં પીરાણા સતપંથ સંસ્થાનો પૂરેપૂરો હસ્તક્ષેપ થતો હતો.

બીજી વાત હું તમોને અહીં યાદ અપાવું તો તે છે કે પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીના સમયકાળમાં પૂર્વ પ્રમુખ તરીકે શ્રી વાલજીભાઈ વાડિયા હતા. અને આ જ વાલજીભાઈ વાડિયા તે વખતના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીને કોટડા અને નખત્રાણા વચ્ચે સતપંથીઓએ નવું બનાવેલ ઇમામશાહ બાવા અને નિષ્કલંકી નારાયણના કહેવાતા મંદિરમાં શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે લઈ ગયા હતા. ત્યારે કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓમાં ખૂબ રોષ હતો. તે વખતે હિંમતભાઈ રતનશી ખેતાણીએ પ્રમુખશ્રીને અનેક વિનંતીઓ કરી હતી કે બાપા તમે પ્રમુખ થઈને પીરાણા સતપંથના કોઈ પણ કર્યક્રમમાં હાજરી આપશો તો સમાજમાં એક નવો ચીલો પડશે, તે સમાજના સનાતની ભાઈઓ કોઈ દિવસ સાંખી નહીં લે. ગણા બધા સનાતની ભાઈની ના હોવા છતાં પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી એ કાર્યક્રમની શોભા વધારવા ગયા, જેના કારણે પાછળથી પ્રમુખશ્રીને ખૂબ સાંભળવું પડ્યું હતું. પ્રખર સનાતની હિંમતભાઈ રતનશી ખેતાણીએ થોડા દિવસ માટે પ્રમુખશ્રીની જોડે બોલવાના અને રામરામ કરવાના સબંધો પણ કાપી નાખ્યા હતા. ત્યાર બાદના સમયમાં સનાતની ચળવળકારોની આ વાત ચળવળમાં એક મુખ્ય પ્રચારનો વિષય બની ગયો હતો.

ટૂંકમાં કહીએ તો પરિસ્થિતિ “પાણીના પ્રવાહ વિરુદ્ધ તરવા” જેવી હતી.

સમાજ અને ધર્મ જુદા હોઈજ ન શકે

આગામી તા. ૧૪-ફેબ્રુઆરી-૨૦૧૦ના દિવસે સ્વર્ણિમ મહોત્સવ બાબતે ચડાવા લેવાનું નક્કી રાખવામાં આવ્યું હતું. સવારના પહોરમાં લગભગ ૯.૩૦ કલાકે સામાન્ય સભાનો સમય નક્કી કરવામાં આવ્યો હતો અને તે સભામાં ચડાવાઓ લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પણ સમાજના મોવડીઓને એક ડર હતો કે જો સનાતની ચળવળકારો આ સભામાં પોતાનું મંતવ્ય આપશે તો બાજી બગડી શકે એવી પૂરેપૂરી સંભાવના છે. એટલે બે-ત્રણ દિવસ અગાઉથી જ તેઓ આમારી સાથે વાટાઘાટો કરવા તૈયાર થઈ ગયા હતા. તેઓનું કહેવાનું હતું કે જુઓ, **તમારી સનાતન ધર્મવાળી વાત અમે માનવા તૈયાર છીએ પણ સમાજના બંધારણમાં સનાતન ધર્મનો ઉલ્લેખજ કરવામાં આવ્યો નથી. એટલે અમારા હાથ બંધાયેલા છે અને તે બાબતે અમે કંઈ કરી શકીએ એમ નથી.**

અમે કહ્યું કે તમે એમ હાથ ઊંચા કરી નાખશો તો પછી જોઈ લેજો તમે સ્વર્ણિમ મહોત્સવ કેવી રીતે ઊજવો છો. દરેક વસ્તુ બંધારણમાં ઉલ્લેખ ન પણ કરાયો હોય પણ તમે **જો સમાજની સ્થાપના વખતેના સંદર્ભોની કડીઓ જોડશો તો ખબર પડી જશે કે આ સમાજ કોણે બનાવ્યો, કોના માટે બનાવ્યો અને કયા હેતુથી બનાવ્યો.** આ સર્વે સંદર્ભોની કડીઓ જોડશો તો તમને ચોખ્ખું દેખાઈ આવશે કે આ કેન્દ્રીય સમાજ સનાતનીભાઈઓએ બનાવ્યો છે, સનાતની ભાઈઓ માટે બનાવ્યો છે અને સનાતનીભાઈઓના હિતોની રક્ષા માટે બનાવ્યો છે. પીરાણા સતપંથ ધર્મને કાયમ માટે ત્યાગનાર લોકો દ્વારા નિર્મિત સનાતન સમાજમાં સનાતન હિન્દુ ધર્મ લોકોમાં દ્રઢ થાય તે હેતુથી આ સમાજની સ્થાપના કરવામાં આવી છે. તેથી આ સમાજમાં ઇમામશાહ પ્રેરિત પીરાણા સતપંથ ધર્મ પાળતા હોય એવા લોકોનો પ્રવેશ પર પ્રતિબંધ હોવો જોઈએ અને એ કથિત ધર્મ પાળતા હોય તેવા લોકોના પ્રસંગોમાં અથવા તો કાર્યક્રમોમાં આ સમાજના મોવડીઓએ હાજરી પણ આપવી ન જોઈએ. તેવીજ રીતે આ સમાજના કોઈ પણ ધાર્મિક અથવાતો સામાજિક પ્રસંગોમાં તેવા લોકોને આમંત્રણ ન આપવું જોઈએ.

પરદેશ તથા કચ્છના ગામડાની સમાજોમાં કરેલી ક્રમબદ્ધ મિટિંગોના પરિણામે કેન્દ્રીય સમાજને ભારતભરના સમાજોમાંથી અનેક પત્રો આવ્યા હતા અને તે પત્રોમાં એકજ વાત લખવામાં આવી હતી કે આપણી કેન્દ્રીય સમાજ એવા લોકો દ્વારા બનાવવામાં આવ્યા છે કે જેઓએ સતપંથ ધર્મ અને સતપંથ સમાજને સદાયને માટે તિલાંજલિ આપી દઈ અને આ સનાતન (કેન્દ્રીય સમાજ)ની સ્થાપના કરી છે. એટલા માટે સ્વર્ણિમ મહોત્સવ ઉજવવો હોય તો માત્ર સનાતનીભાઈઓ જ ઉજવવો જોઈએ, એમાં સતપંથના ભાઈઓનો સમાવેશ કરવામાં ન આવવો જોઈએ. આવા પત્રોના કારણે પણ કેન્દ્રીય સમાજના આગેવાનો દબાણમાં હતા.

અમે લોકો ભારતભરની મિટિંગોમાં લોકોને સમજાવતા હતા કે **સમાજ અને ધર્મ કોઈ દિવસ જુદા કરી શકાય જ નહિ. ધર્મ વગરની સમાજ હોયજ નહિ. ધર્મ વગર સમાજનું અસ્તિત્વજ ન હોય શકે.** ગુજરાતી લેક્સીકોન ડોટ કોમ જે ગુજરાતી ભાષાની એક વિખ્યાત સંસ્થા છે તેને આપેલી સમાજની વ્યાખ્યા મુજબ "સમાજ એટલે એક વ્યવસ્થિત લોકોનો જન સમૂહ કે જ્યાં એ જન સમૂહના લોકો **એકજ ધર્મ પાળતા હોય**, એકજ આચાર વિચારને વરેલા હોય અને **એકજ રીતિરિવાજો પાળતા હોય**".

આ વ્યાખ્યા મુજબ અમે સમાજના મોવડીઓને પ્રશ્ન પૂછતા કે **આપણી સમાજના લોકો શું એકજ ધર્મ પાળે છે? શું એકજ વિચારધારાને વરેલા છે? શું એકજ રીતિરિવાજો પાળે છે? જો આનો એક પણ પ્રશ્નનો ઉત્તર જો ના માં આવે તો તેને સમાજ કહેવાય જ નહિ.** તેને તમે સંઘ કે એસોસિએશન કહી શકો પણ સમાજ તો ન જ કહી શકો. પણ આપણી કેન્દ્રીય સમાજ એક સમાજ તરીકે બોમ્બે ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલ સમાજ છે અને ત્યાં એકજ ધર્મ પળાતો હોવો જોઈએ, ત્યાં એકજ રિતિરિવાજ પાળતા લોકો હોવા જોઈએ અને એ સમાજના લોકો એકજ આચારવિચારને વરેલા હોવા જોઈએ. એટલે તે વાત અહીં પુરવાર થાય છે કે આ સમાજમાં ઇમામશાહ પ્રેરિત મુસ્લિમ સતપંથ ધર્મ પાળતા

લોકોનો અથવા તો સનાતન હિન્દુ ધર્મ સિવાય અન્ય ધર્મના લોકોનો સમાવેશ કરી શકાયજ નહીં. પણ અફસોસ એ વાતનો હતો કે તત્કાલીન સમાજના મોવડીઓ વિના રોકટોક પીરાણા સતપંથ ધર્મ પાળતા લોકોને આ સમાજમાં ખોટી રીતે પ્રવેશ આપવાનું ચાલુ કરી દીધું હતું.

કેન્દ્રીય સમાજમાં સતપંથીઓને કોઈ સ્થાન નથી – ફરીથી સાબિત કરવામાં આવ્યું

સનાતની ચળવળકારોની સ્વર્ણિમ મહોત્સવ પહેલાં ભારતભરના સમાજોમાં ક્રમબદ્ધ અને નિયમબધ્ધ સનાતની સભાઓના યશસ્વી આયોજનના કારણે સમાજમાં એક મોટો જુવાળ પેદા થઈ ગયો કે જેણે નજર અંદાજ કરવું કેન્દ્રીય સમાજના મોવડીઓને મુશ્કેલ હતું. લોક-જુવાળ પુરેપુરો સનાતની ચળવળકારોની તરફેણનો હતો. એટલા માટે સમાજના તત્કાલીન મોવડીઓને હવે એમ લાગતું હતું કે અગર તેઓ સનાતની ચળવળકારોની વાતને ધ્યાન નહિ આપે તો આગામી સમાજનો સ્વર્ણિમ મહોત્સવ નિષ્ફળ થઇ જશે. કાર્યક્રમના ખર્ચ માટે ચડાવાઓ અને ફાળાઓ મારફત લોકો પાસેથી પૈસા ઉઘરાવી નહીં શકે. તે દરમ્યાન તેઓએ દિલ્લીવાળા પ્રખર સનાતની વડીલ શ્રી ગંગારામભાઈ સાંખલાની આગેવાનીમાં ચળવળકારોને મળીને કંઇક રસ્તો કાઢવાનું વિચાર્યું. સમાજના મોવડીઓમાં ચિંતા અને ડર નિર્માણ થયો. તેઓને લાગ્યું હશે કે આ ચળવળકારો સાથે વાટાઘાટો કરીને કોઈ રસ્તો કાઢશું તોજ આપણા કામમાં પાર પડશું. નહીં તો વચ્ચેજ અણધારી આફતો આવી પડશે.

શ્રી ગંગારામભાઈ સાંખલા સ્વર્ણિમ મહોત્સવ કાર્યક્રમના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવેલ હતા. અને તેઓ મોવડીઓમાંના એક માત્ર એવા વ્યક્તિ હતા કે જેઓ સનાતની ચળવળકારો સાથે કોઈ પણ જાતની વાટાઘાટો માટે બેસવા હંમેશા તત્પર રહેતા. તેઓ શુદ્ધ સનાતની હતા સાથે સાથે સનાતની વિચારધારાને ચુસ્ત પણે વરેલા હતા. અને તેથીજ તેઓ હંમેશા સનાતની ચળવળકારો જોડે સતત સંપર્કમાં રહેતા હતા.

<u>તા.૧૩-ફેબ્રુઆરી-૨૦૧૦ના રાત્રે ૧૦.૦૦ વાગે સમાજના ટ્રસ્ટી હોદ્દેદારો તેમજ સનાતન ધર્મ જાગૃતિ સમિતીના સભ્યો વચ્ચે મિટિંગ</u>

આપણી મૂળ વાત એ હતી કે સમાજના મોવડીઓની દલીલ હતી કે સમાજના બંધારણમાં સનાતન ધર્મનો ક્યાંય ઉલ્લેખ નથી કરવામાં આવ્યો, એટલે અમારા હાથ બંધાયેલા છે અને કેન્દ્રીય સમાજને અમે સનાતની સમાજ છે એમ ઘોષિત કરી શકતા નથી. એટલે અમે લોકોએ (સનાતન ધર્મ જાગૃતિ સમિતિએ) સમાજના મોવડીઓને પડકાર ફેંક્યો કે તમે બંધારણને લઈને અમારી સાથે બેસો અને અમે પુરવાર કરી આપશું કે આપણો કેન્દ્રીય સમાજ સનાતની ઓળખ ધરાવતો સમાજ છે. આ પડકારને જીલવા માટે એક મિટિંગ લેવામાં આવે અને તેમાં સમાજ તરફથી સર્વે ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો હાજર રહે એ જરૂરી હતું. તે પ્રમાણે સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વતીથી શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણીએ તા. ૧૩-ફેબ્રુઆરી-૨૦૧૦ની રાત્રે ભેગા કરવાનું મહામત્રી શ્રી મોહનભાઈ ધોળુને જણાવ્યું. તે પ્રમાણે સમાજના ડાઇનિંગ હોલના ઉપરના હોલમાં મિટિંગ બોલાવવામાં આવી.

આ સભા સનાતન ધર્મ જાગૃતિ સમિતિ માટે બહુજ અગત્યની હતી. અમારી આબરૂ અને ઈજ્જતનો સવાલ હતો. મને અને હિંમતભાઈને લાગતું હતું કે જો આપણે ટ્રસ્ટી હોદ્દેદારોને સમજાવવામાં નિષ્ફળ નીવડ્શું તો અત્યારની જે સનાતન ધર્મ બાબતે સમાજ વિરુદ્ધ લડત છે એ ખોરંભાઈ જશે. માટે તે અહમ્ સભાની પૂર્વ તૈયારી રૂપે અમે બન્ને જણા રાતભર વિરાણી મોટીવાળા સૂર્યકાંતભાઈ ધનાણીના ઘરે, જ્યાં અમારો કાયમી ઉતારો હોય છે, ત્યાં જાગરણ કરીને રીતસરની રિહર્સલ કરતા હતા. જ્યારે મિટિંગનો દિવસ આવ્યો ત્યારે મેં હિંમતભાઈને કહ્યું કે મિટિંગમાં આની દલીલ હું કરીશ. અને મિટિંગમાં હું દલીલ કરું ત્યારે મારી કંઈક ભૂલ ચૂક થાય ત્યારે મને ટકોર કરજો. એવું અમારી બન્ને વચ્ચે નક્કી થયું.

પહેલેથી નક્કી થયેલ પ્રમાણે તે દિવસે રાત્રે ૧૦.૦૦ વાગે સમાજના ડાઇનિંગ હોલ ઉપરના હોલમાં બન્ને પક્ષો ભેગા થયા. **આ મિટિંગ અનૌપચારિક મિટિંગ હતી પણ ઘણી જ અગત્યની મિટિંગ હતી. તે મિટિંગની સફળતા અને નિષ્ફળતા ઉપર સમાજની સનાતની સમાજ તરીકેની ઓળખનો પૂરેપૂરો મદાર હતો.**

સભાની શરુઆત થઇ. સભા બોલાવવાનો મુખ્ય ઉદ્દેશ હતો:

1. આપણા કેન્દ્રીય સમાજનો ધર્મ કયો છે?
2. આ સમાજની સ્થાપના કેવા અને કયા વડીલો દ્વારા કરવામાં આવી હતી?
3. એ વડીલો સતપંથ ધર્મને સદન્તરે ત્યાગ કર્યા પછી કયો ધર્મ પાળવાનું ચાલુ કર્યું હતું?
4. એ વડીલોએ આ સમાજની સ્થાપના કયા અને કેવા હાલતમાં અને કેવા સંદર્ભોને ટાંકીને કરી હતી?
5. આ સમાજની સ્થાપના કોના માટે અને કોના હિતોની રક્ષા કરવા માટે કરી હતી?
6. આ સમાજની સ્થાપના વખતેના મૂળભૂત હેતુઓ અને ઉદ્દેશો શું હતા?
7. આ સમાજની ધાર્મિક ઓળખ શું હતી અને અત્યારે શું છે?
8. સમાજના અત્યારના બંધારણમાં સનાતન ધર્મનો ઉલ્લેખ નથી તો કયા સંદર્ભોથી એ પ્રતીતિ કરી શકાય કે આ સમાજનો ધર્મ સનાતન હિંદુ ધર્મ જ છે.

ઉપરોક્ત વિષયોને લઈને સનાતન જાગૃતિ સમિતિવાળાએ ઠોસ રજૂઆતો કરી. પણ કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી હોદ્દેદારોની દલીલ એ હતી કે **આ સમાજનો કોઈજ ધર્મ નથી અને આ સમાજને ધર્મ સાથે કંઈજ લેવા દેવા નથી. આ એક ધર્મ નિરપેક્ષતાવાળો સમાજ છે. એટલે આ સમાજમાં કોઈ વ્યક્તિ સનાતન ધર્મ પાળતો હોય તે પણ સભ્ય બની શકે છે અને સતપંથ ધર્મ પાળતો હોય તે પણ સભ્ય બની શકે છે.** તેમનું કહેવાનું એ હતું કે આ સમાજમાં કોઈ પણ સભ્ય કોઈ પણ ધર્મ પાળતો હોય તેમાં કોઈને કંઈ વાંધો હોવો જોઈએ નહી. આ બાબતે એ લોકોની દલીલો એવી હતી કે ન તો સમાજના નામમાં અને ન તો સમાજના બંધારણમાં સનાતન ધર્મ બાબતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે અમારા હાથ બંધાયેલા છે અને સનાતન જાગૃતિ સમિતિની દલીલને અમે માન્ય રાખી શકીએ એમ નથી. અગાઉ નક્કી કરેલ પ્રમાણે, તે વખતે દલીલનો દોર મેં (રમેશભાઈ વાગડિયાએ) હાથમાં લીધો અને તે સભામાં ઉપસ્થિત સર્વે ટ્રસ્ટી હોદ્દેદારોને કહ્યું કે બધા લોકો હવે સમાજનું બંધારણ હાથમાં લો અને પેજ નંબર ૪ ખોલો. તેમાં ફકરા નંબર ૪ **"ઉદ્દેશો અને હેતુઓ": આ સમાજ નીચે મુજબના ઉદ્દેશો તેમજ હેતુઓ પાર પાડવા માટે સ્થાપવામાં આવેલ છે.** તે મથાળા હેઠળ ઉદ્દેશ નંબર **૬** વાંચો. શ્રી મનસુખભાઈ રૂડાણીએ બધા સાંભળે એમ ૬ઠો ઉદ્દેશ વાંચ્યો **"સમાજમાં નૈતિક, ધાર્મિક તેમજ રાષ્ટ્રીય ભાવના વધે તેવા પ્રયત્નો આ સમાજે કરવા."** તો શું આમાં તો સનાતન ધર્મ એમ લખ્યું નથી. એવી વાત મનસુખભાઈએ અમોને (સમિતિને) કરી. ત્યારે મેં કહ્યું મનસુખભાઈ હવે મારી વાત સાંભળો. હું બોલતો હોઈશ કે દલીલ કરતો હોઈશ ત્યારે મહેરબાની કરીને કોઈ વચ્ચે બોલતા નહી. હું તમારી પાસે જવાબ માંગીશ ત્યારે હા અથવા ના માં જવાબ આપજો. મારી વાતમાં બધાએ હા માં માથું ધુણાવ્યું.

મેં દલીલ કરી કે ઉદ્દેશ નંબર ૬ માં જે લખ્યું છે નૈતિક ધાર્મિક અને રાષ્ટ્રીય ભાવના વધે તેવા પ્રયત્નો આ સમાજે કરવા જોઈએ. હવે આપણે નૈતિકતાને પછી લેશું. ધાર્મિકતાને પછી લેશું. સૌથી પહેલાં રાષ્ટ્રીય ભાવનાને લેશું. મારે તમોને પ્રશ્ન પૂછવો છે કે **આ સમાજે કયા રાષ્ટ્રની ભાવના વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ?** રાષ્ટ્રનું નામતો બંધારણમાં લખ્યું નથી. ત્યારે સમાજ તરફથી દલીલનો દોર મનસુખભાઈ ના હાથમાં હતો. તેમણે કહ્યું કે એમાં પૂછવાનું શું છે? એતો નિશ્ચિતપણે ભારતરાષ્ટ્રની ભાવના વધે તેવા પ્રયત્નો આ સમાજે કરવા જોઈએ. ત્યારે તરતજ મેં સામો સવાલ કર્યો કે આ સમાજના બંધારણમાં ભારત શબ્દતો લખ્યો નથી તો પછી ભારત રાષ્ટ્રની ભાવના વધે તેવા પ્રયત્નો આ સમાજ કેમ કરી શકે? કોઈ અન્ય રાષ્ટ્રની ભાવના વધે એવા પ્રયત્નો ન કરી શકે? મનસુખભાઈએ વળતી દલીલ કરી કે એતો સમજવાની વાત છે, આમાં કંઈ પૂછવાનું થોડું હોય. મેં વળતી દલીલ કરી કે ચાલો માની લઈએ કે આ સમાજને ભારત રાષ્ટ્રની ભાવના વધે એવા પ્રયત્નો કરવા જોઈએ. હવે મારો પ્રશ્ન એ છે કે આ સમાજ ભારત રાષ્ટ્રની સાથે સાથે પાકિસ્તાન રાષ્ટ્રની ભાવના વધે એવા પ્રયત્નો

કરી શકે? બીજા શબ્દોમાં પૂછું છું કે આ સમાજ બે રાષ્ટ્રોની ભાવના વધે તેવા પ્રયત્નો કરી શકે? તરતજ દેવજી રામજી ભાવાણી બોલી ઊઠ્યા કે એમ કંઈ પૂછાતું હશે? એ તો સમજવાની વાત છે કે આ સમાજ એક જ ભારત રાષ્ટ્રની ભાવના વધે એવાજ પ્રયત્નો કરી શકે. મેં તરતજ વાત પકડી લીધી અને ત્યાં બેઠેલા તમામ સભ્યોને કહ્યું કે આ જવાબને બરાબર નોંધી લેજો. આ થઇ રાષ્ટ્રીય ભાવના બાબતની ચર્ચા.

હવે મારે દ્દઠા ઉદ્દેશની ધાર્મિક બાબતે ચર્ચા કરવી છે. ફરી પાછો મેં સવાલ કર્યો કે આ સમાજ કયા ધર્મની ભાવના વધે તેવા પ્રયત્નો કરી શકે? ભારતમાં મુખ્યત્વે ત્રણ ધર્મો પળાય છે. હિંદુ, મુસ્લિમ અને ખ્રિસ્તી. હવે ટ્રસ્ટી–હોદ્દેદારોને લાગી રહ્યું હતું કે પાણી તેમના પગ તળે આવી રહ્યું છે. બે ઘડી સભામાં સોંપો પડી ગયો. મુંઝાતા મનથી મનસુખભાઈ બોલ્યા કે આ સમાજે સનાતન હિંદુ ધર્મની ભવના વધે એવા પ્રયત્નો કરવા જોઈએ. મેં વળતો બીજો પ્રશ્ન કર્યો કે બંધારણમાં તો એવું લખ્યું નથી, તો તમે કેમ કહી શકો કે આ સમાજે સનાતન હિંદુ ધર્મની ભાવના વધે એવા પ્રયત્નો કરવા જોઈએ. અને બીજું એ કે આ સમાજે સનાતન હિંદુ ધર્મની સાથે સાથે મુસ્લિમ ધર્મની ભાવના વધે એવા પ્રયત્નો કરી શકે અથવા તો બે ધર્મની ભાવના વધે એવા પ્રયત્નો કરી શકે? સભામાં ટ્રસ્ટી-હોદ્દેદારોની કાપો તો લોહી ના નીકળે એવી પરિસ્થિતિ થઇ ગઈ હતી. ફરી પાછા મનસુખભાઈ બોલ્યા કે **આ સમાજ ફક્ત અને ફક્ત સનાતન હિંદુ ધર્મની ભાવના વધે તેવાજ પ્રયત્નો કરી શકે.**

આ વાતજ પુરવાર કરે છે કે આ સમાજની મૂળ ઓળખ એક સનાતની સમાજની છે અને આ સમાજ બંધારણીય ધોરણે પણ એકજ ધર્મ સનાતન હિંદુ ધર્મની ભાવના વધે એવાજ પ્રયત્નો કરી શકે. અન્ય કોઈ ધર્મની નહિ. ત્યારે ધર્મ જાગૃતિ સમિતિએ વળતો પ્રશ્ન કર્યો કે અગર તમે કહો તો અમે એ પણ અત્યારે પુરવાર કરી શકીએ એમ છીએ કે ઈમામશાહ બાવા પ્રેરિત પીરાણા સતપંથ ધર્મ એક ઇસ્લામ ધર્મનો ફાંટો છે. અને સતપંથ ધર્મને પાળતા લોકોને આ સમાજમાં સભ્ય બનવા પુરવાર કરે છે કે **આ સમાજમાં બે ધર્મના લોકોનો તમે સમાવેશ કરી રહ્યા છો. તે સમાજના બંધારણ વિરુદ્ધની વાત છે. કારણકે સમાજ એનેજ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જન સમૂહ એકજ ધર્મ પાળતો હોય, એકજ આચાર વિચારને વરેલો હોય અને એકજ રીતિરિવાજ પાળતો હોય.** અને બીજી વાત એ છે કે પીરાણા સતપંથ ધર્મ પાળતા સતપંથના ભાઈઓ દ્વારા આયોજિત કોઈ પણ કાર્યક્રમમાં આ સમાજના કોઈ પણ હોદ્દેદારો, ટ્રસ્ટીઓ કે પછી સામાન્ય સભ્યો ભાગ લઈને ત્યાંની શોભામાં અભિવૃદ્ધિ કરવા જવું અથવા તો ભાગ લેવો એ તે ધર્મની ભાવના વધે એવા પ્રયત્નો કરવા બરાબર છે. માટે જે હોદ્દેદારો અથવા તો ભાઈઓએ સતપંથના કાર્યક્રમમાં ભાગ લીધો હશે તે બંધારણીય રીતે આ સમાજના ગુનેગાર ઠરે છે. જે વાતને નિર્વિરોધ સર્વે સ્વીકારી લીધી.

મુખ્યત્વે ઉપરોક્ત ચર્ચાની સાથે ખુલ્લા મનથી અન્ય ચર્ચાઓ પણ થઇ જે નીચે પ્રમાણે છે.

1. આપણો કેન્દ્રીય સમાજ મૂળ વૈદિક સનાતન હિંદુ ધર્મની ઓળખ ધરાવતો સમાજ છે
2. કેન્દ્રીય સમાજના હાલના બંધારણમાં પણ તે વાત પુરવાર થાય છે.
3. કેન્દ્રીય સમાજનું સભ્યપદ મેળવવા માટેની હાલની પદ્ધતિઓમાં રહેલ ત્રૂટીઓ સુધારવાની જરૂર છે.
4. કેન્દ્રીય સમાજનો આગામી સ્વર્ણિમ મહોત્સવની ઉજવણી બાબત ચર્ચા થઇ.
5. સતપંથીઓ દ્વારા કરવામાં આવતા તદ્દન ખોટા કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદો બાબત ચર્ચા થઇ.
6. સમાજના પદાધિકારીઓ દ્વારા આપતા જૂઠા નિવેદનો સદંતર રીતે બંધ કરવા નક્કી થયું.

ઉપરોક્ત મુદ્દાઓ પર ઊંડાણથી ચર્ચાઓ થયા પછી સર્વ સહમતીથી વિવિધ છણાવટોની સાથે સાથે ૭ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેને અહીં પ્રકાશિત કરવામાં આવેલ છે.

શ્રી સનાતન ધર્માય નમ:

તા. ૧૩/૨/૨૦૧૦ ને શનીવારના રાત્રે ૯:૩૦ વાગે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટીશ્રીઓ અને હોદેદાશ્રીઓની સાથે શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ભાઈઓની એક સભા સમાજના નખત્રાણા ખાતેના મુખ્ય કાર્યાલયના મીટીંગ હોલમાં બોલાવવામાં આવેલ. આ સભામાં નિચે જણાવેલ મુદાઓ ઉપર ખુલ્લા મનથી ચર્ચાઓ કરવામાં આવી હતી.

૧) આપણી કેન્દ્રીય સમાજ મુળ વૈદિક સનાતન હિન્દુ ધર્મની ઓળખ ધરાવતી સમાજ છે તે બાબતે.
૨) કેન્દ્રીય સમાજના હાલના બંધારણ બાબતે.
૩) કેન્દ્રીય સમાજનું સભ્યપદ મેળવવા માટેની હાલની પદધતીઓમાં રહેલ ત્રૃટીઓ બાબત.
૪) કેન્દ્રીય સમાજનો આગામી સ્વર્ણીમ મહોત્સવની ઉજવણી બાબત.
૫) સતપંથીઓ દ્વારા કરવામાં આવતા તદન ખોટા કાર્ટ કેસો અને પોલીસ ફરીયાદો બાબત.
૬) સમાજના પદાધિકારીઓ દ્વારા અપાતા જુઠા નિવેદનો બાબત.

ઉપરોકત મુદદાઓ ઉપર ઉંડાણથી ચર્ચાઓ થયા પછી સર્વ સહમતીથી નિચે જણાવ્યા પ્રમાણે વિવિધ છણાવટો અને નિર્ણયો લેવામાં આવ્યા .

૧) આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમણે પીરાણા સતપંથ મતનો સદન્તરે ત્યાગ કરી આપણા મુળ સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો. તેથી નિસંકપણે એ પૂરવાર થાય છે કે આપણી કેન્દ્રીય સમાજ એક સનાતની સમાજ છે અને તેનો ધર્મ સનાતન વૈદિક હિન્દુ ધર્મ છે.

૨) કેન્દ્રીય સમાજના હાલના બંધારણમાં ધાર્મિક બાબતે તેમજ સભ્ય પદ મેળવવા બાબતે સ્પષ્ટતા હોવા છતા પણ આપણને સનાતન ધર્મ બાબતે અનુકળ લાગતા ખુલાશાઓ તેમજ અધુરાસો આગામી અધિવેશન પહેલા પુરી કરી તેને તે જ અધિવેશનમાં મંજુરી લેવામાં આવે અને સમાજના નામમાં પણ સનાતન શબ્દ ઉમેરવાનો બંધારણીય સુધારો લાવી શકાય.

૩) કેન્દ્રીય સમાજનું સભ્ય પદ મેળવવામાં હાલમાં જે પદ્ધતિઓ છે તેમાં ઘણી બધી ખામીઓ દેખાય છે જેને લીધે અન્ય ધર્મિઓ (સતપંથીઓ) તેનો ગેરલાભ લઈ રહયા હોવાથી સભ્ય પદ મેળવવા બાબતે નવી પદ્ધતિઓ જેવી કે અરજી પત્રક (APPLICATION FORM) ભરીને સભ્ય પદની માન્યતા કારોબારી સભામાં મળે તેવી પદ્ધતિઓ (PROCEDURES) નો સમાવેશ સમાજના બંધારણમાં કરવામાં આવે એવું નકિક કરવામાં આવ્યું હતું.

૪) કેન્દ્રીય સમાજનો સ્વર્ણિમ મહોત્સવ સનાતન ધર્મિઓનો મહોત્સવ છે એટલે આ સ્વર્ણિમ મહોત્સવ માં દરેક સનાતની ભાઈઓએ ખભે–ખભા મીલાવી ભાગ લેવો જોઈએ અને જ્ઞાતિના સતપંથી ભાઈઓ પીરાણા સતપંથ મતનો સદંતરે ત્યાગ કરી આપણા મુળ સનાતન હિન્દુ ધર્મના પ્રવાહમાં ભળી જવા માટે સખતાઈ ભરેલું વલણ અપનાવવું એવુ નકિક કરવામાં આવ્યું હતું.

૫) સતપંથી ભાઈઓ દ્વારા સમાજના સનાતની ભાઈઓ ઉપર છાશવારે કરવામાં આવતા ખોટા કાર્ટ કેસો તેમજ પુલીસ ફરીયાદો જલ્દીથી જલ્દી પાછી ખેચવામાં આવે તેવી કાર્યવાહી માટે કેન્દ્રીય સમાજ દ્વારા નિવેદન બહાર પાડવામાં આવશે કે જે કોઈ કેસો સતપંથી/ સનાતની ભાઈઓએ કરેલા છે તે ત્વરીત પાછા ખેચવામાં આવે અન્યથા તેમના ઉપર બંધારણીય ધોરણે શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે એવું નકકી કરવામાં આવ્યું હતું.

૬) સમાજના એક વરિષ્ઠ ટ્રસ્ટીશ્રી શીવદાસભાઈ ગોવિંદ છાભૈયાએ આપેલ તદન જુઠા નિવેદનોથી જ્ઞાતિમાં જે ગેર સમજણો ઉભી થઈ છે તેને દુર કરવા માટે આ ટ્રસ્ટીશ્રી જ્ઞાતિજોગ નિવેદનો દ્વારા ખુલાશો કરે અથવા તો સમાજની સામાન્ય સભામાં જાહેરમાં માફી માગે એવું સર્વ સહમતીથી નકિક કરવામાં આવ્યું હતું.

૭) કલમ ૧૮ અને ૧૯ નો ભંગ કરતા સમાજના ભાઈઓ ઉપર સખતાઈથી કામ લઈ બંધારણીય ધોરણે શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે એવું નકકી કરવામાં આવ્યું હતું.

ઉપરોકત નિર્ણયો નિચે જણાવેલ ભાઈઓની હાજરીમાં લેવામાં આવેલ હતા.

-૨-

અ) કેન્દ્રીય સમાજના હોદ્દેદારો અને ટ્રસ્ટીશ્રીઓ:

૧. રામજીભાઈ કરમશી નાકરાણી–પ્રમુખ
૨. દેવજીભાઈ રામજી ભાવાણી–ઉપપ્રમુખ
૩. મનશુખભાઈ વિશ્રામ રૂડાણી–ઉપપ્રમુખ
૪. ગંગારામભાઈ હીરાલાલ સાંખલા–ટ્રસ્ટી
૫. લખમશીભાઈ લધાભાઈ વાસાણી–ટ્રસ્ટી
૬. લખમશીભાઈ નાયા દિવાણી–ટ્રસ્ટી
૭. ગોપાલભાઈ રામજી ભાવાણી–ટ્રસ્ટી
૮. લાલજીભાઈ શીવજી ભાવાણી–ટ્રસ્ટી
૯. દેવજીભાઈ માવજી લીંબાણી–ટ્રસ્ટી
૧૦.વાલજીભાઈ નારણ ભગત–ટ્રસ્ટી
૧૧. વાલજીભાઈ શીવજી વાડીયા–ટ્રસ્ટી
૧૨. નરસિંહભાઈ નારણ સાંખલા–મંત્રી
૧૩. વાલજીભાઈ હીરજી ચૌહાણ–મંત્રી
૧૪. માવજીભાઈ સામજી છાભૈયા–મંત્રી
૧૫. લાલજીભાઈ હંશરાજ રામાણી– ખજાનચી
૧૬. રતીલાલ અબજી લીંબાણી–સહખજાનચી
૧૭. રવીલાલ કેસરા રામજીયાણી–પ્રમુખશ્રી ઉમિયા માતાજી

બ) સનાતનધર્મ જાગ્રતિ સમિતિના ભાઈઓ

૧. હીમતભાઈ રતનશી ખેતાણી
૨. રમેશભાઈ માવજી વાઘડીયા
૩. પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી
૪. અબજીભાઈ વિશ્રામ કાનાણી
૫. કરસનભાઈ પ્રેમજી મેઘાણી
૬. રામજીભાઈ ભીમજી ડાયાણી
૭. અખેઈભાઈ પ્રેમજી માનાણી
૮. ડાયાભાઈ જીવરાજ ગોરાણી
૯. મણીભાઈ ગોગારી
૧૦. માવજીભાઈ કેસરા રામાણી

રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી
પ્રમુખશ્રી

ગંગારાભાઈ હીરાલાલ સાંખલા
ટ્રસટીશ્રી

હીમતભાઈ રતનશી ખેતાણી

રમેશભાઈ માવજી વાઘડીયા

તા. ૧૪.૦૨.૨૦૧૦ સ્વર્ણિમ મહોત્સવના ચડાવાઓ માટે સભા: ચાલુ સભાએ પ્રમુખ શ્રી રામજી કરમશી અને ટ્રસ્ટી શ્રી ગંગારામ ભાઈ હીરાલાલ સાંખલાની ઉપરોક્ત મિટિંગની મીનીટસ ઉપર સહીઓ લેવામાં આવી. સાથે સાથે જાગૃતિ સમિતિના હિંમતભાઈ ખેતાણી અને રમેશભાઈ વાગડીયાએ પણ સહી કરી.

સનાતન ધર્મ જાગૃતિ સમિતિ દ્વારા સભાઓનું સારું પરિણામ

સનાતન ધર્મ જાગૃતિ સમિતિ દ્વારા ભારતભરમાં ભ્રમણ કરીને લોકોને કેન્દ્રીય સમાજ, સનાતન ધર્મ અને સતપંથ ધર્મ અંગે જ્ઞાતિનો ધાર્મિક ઈતિહાસની ધારદાર રજૂઆતો કરવામાં આવતી. ધનસુરાથી શરુ થયેલ સભાઓનો સીસીલો ખૂબ લાંબો ચાલ્યો. જે યાદીમાં નીચે જણાવેલ ગામોમાં કરવામાં આવેલ સભાઓમાંના અમુક નામો સામેલ છે.

ક્ર.	વિગત
1.	ઈન્દોર, મધ્ય પ્રદેશ
2.	હૈદરાબાદ, આન્ધ્રપ્રદેશ
3.	બેંગલોર, કર્નાટક
4.	દાવણગેરે, કર્ણાટક
5.	હુબલી, કર્ણાટક
6.	તુમકુર, કર્ણાટક
7.	મદુરાઈ, તમિલનાડુ
8.	સુરેન્દ્રનગર – જોરાવરનગર
9.	દેસલપર- સંસ્કાર ધામ
10.	વિરાણી – મોટી
11.	નખત્રાણા મધ્ય સમાજ
12.	પુના
13.	નખત્રાણા કેન્દ્રીય સમાજના પ્રાંગણ માં
14.	દેસલપર – સંસ્કારધામ
15.	મુંબઈ ઝોન - પ્રસ્તાવિત શ્વેત પત્ર
16.	કલકતા
17.	ભુવનેશ્વર
18.	રાંચી
19.	આસનસોલ
20.	રાજનંદગાંવ

ક્ર.	વિગત
21.	રાયપુર
22.	નાગપુર
23.	દેસલપર સંસ્કારધામ ખાતે એક વિશાલ સભા.
24.	હિંમતનગર સભા (સમજે પાટીદાર)
25.	ધનપુરા કમ્પા
26.	દહેગામ
27.	બેલગામ
28.	મડગાંવ, ગોવા
29.	રત્નાગીરી
30.	સાંગલી
31.	કોપરગાવ
32.	ઔરંગાબાદ
33.	ચીંચવડ-પુના
34.	દેસલપર સંસ્કારધામ સભા
35.	જલગાંવ
36.	હરદા
37.	જબલપુર
38.	નાગપુર દ્વિતિય સભા
39.	મંગવાણા
40.	બીદડા

ભારતભરમાં કરવામાં આવેલ સભાઓના પરિણામે કેન્દ્રીય સમાજનું સ્વર્ણિમ મહોત્સવ કાર્યક્રમ અને દેસલપર વાંઢાય ખાતે ભગવાન લક્ષ્મીનારાયણના કેન્દ્ર સ્થાન ઉર્ફે સંસ્કાર ધામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભારે સંખ્યામાં લોકો ઊમટી આવ્યા.

કેન્દ્રિય સમાજના આગેવાનો તરફથી મળેલ સુચનના વિરુદ્ધમાં જઈને આમારી સભાનું આયોજન કરવા, તેનો ખર્ચ ઉપાડવા તેમજ લોકોને પ્રેરિત કરીને ભેગા કરવામાં ઘણા નામી અનામી લોકોનો અમોને બહુજ મોટો સહયોગ મળેલ છે. સ્થાનિક સમાજના આગેવાનો હોય અને યુવાસંઘના આગેવાનોનો ખાસ આભાર માનવો રહ્યો. સમાજના આદેશનિ અવગણના કરી સનાતન ધર્મ પ્રચારના ભગીરથ ભર્યા કામમાં સાથ આપવા બદ્દલ આ સર્વે લોકોનું ઋણ આમારા પર છે અને તેમનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે, જે આ પ્રસંગે સનાતન ધર્મ પ્રચાર સમિતિ સર્વે લોકોને ધન્યવાદ આપે છે.

૫ યુવાસંઘ દ્વારા સામાજિક દૃષ્ટિબિંદુ મારફતે સતપંથનો સામનો

- જયન્તિભાઇ કરમશી રામાણી (લાકડાવાળા)

જગત જનની મા ઉમાના સાનિધ્યમાં ઊંઝા સ્થિત કડવા પાટીદારોની સર્વોચ્ચ સંસ્થાનનો સતપંથ ઉપર ચુકાદા બાબતે અને હોસ્ટેલ પ્રકરણ વિશે કેન્દ્રીય સમાજની એક વિશેષ સભા તા. ૨૬-ઓગસ્ટ-૨૦૧૮ના મળેલ. તેમાં શ્રી ચંદ્રકાન્તભાઇએ સતપંથનું સંશોધન કાર્ય અને ઊંઝા લવાદપંચને રજૂ કરેલ હકીકત પર પોતાનું વક્તવ્ય આપેલ. પોણો કલાક બાદ ચંદ્રકાંતભાઈ વક્તવ્ય ટૂંકાવતા હતા ત્યારે સભાએ આગ્રહ કરી વક્તવ્ય ચાલુ રખાવ્યું. એટલું જ નહિ પ્રવચન બાદ ખીચોખીચ સભાએ ઊભા થઈ સલામી આપી. તેનાંથી સામાન્ય રીતે સમજી શકાય છે કે સભાનું વલણ શું છે અને જ્ઞાતિ શું ઇચ્છે છે? જ્ઞાતિનું વલણ સમજી ચૂકેલ યુવાસંઘ પ્રમુખ જયંતિભાઈએ સતપંથ મુદ્દે કરેલ કાર્યને બિરદાવતાં કેન્દ્રીય પ્રમુખશ્રીએ જયંતિભાઇને પોતાનો અભિપ્રાય આપવા જણાવ્યું.

ત્યારે વિશેષ સભામાં પ્રથમ વખત જ જયંતિભાઈએ સ્પષ્ટતા કરી કે યુવાસંઘની સ્થાપના બાદ સતપંથ અંગે જાગૃતિનો મુદ્દો ધીરે ધીરે ભૂલાઇ જ ગયો હતો. કેન્દ્રીય સમાજની સાથે સહતે યુવાસંઘ પણ ભૂલી ગયું. એટલું જ નહિ યુવાસંઘમાં અને શ્રીસમાજમાં સતપંથીઓ કાર્યરત થઈ ગયા. તેની પણ કોઇને ખબર પડી નહિ. આ કારણે મારા પ્રમુખ પદે સતપંથ મુદ્દે શરૂઆતના ૧૯ માસ સુધી કોઇ ધ્યાન આપ્યું નહિ. મારી અને યુવાસંઘની સમજ હતી કે સતપંથ જેવા ધાર્મિક મુદ્દે કેન્દ્રીય વડીલોનું જ કાર્ય હોય, માટે યુવાસંઘે કંઇ કરવું નહિ અને એવું બધાંએ માની લીધેલ હતું.

યુવાસંઘ દ્વારા સતપંથનો મોદ્દો હાથમાં લેવાયો

તો આપ જ્ઞાતિજનોને પ્રશ્ન થશે કે યુવાસંઘે સતપંથ મુદો કયા કારણે હાથમાં લીધો. આ પ્રશ્ન એક અગ્રણીએ કરેલ જે કેન્દ્રીય સમાજના અગત્યને હોદ્દે રહી ચૂકેલ છે. તે અગ્રણીનો બીજો પ્રશ્ન હતો કે જૂનો સતપંથ વિવાદ અને વિરોધ ફરી ૨૦૦૬માં થોડો થોડો જાગ્યો, તમે ૨૦૦૮માં યુવાસંઘ પ્રમુખપદે હતા છતાં ૧૮-૧૯ માસ પછી એવું તે શું બન્યું કે વડીલોથી ઉપરવટ જઇ સતપંથ મુદ્દે ઝંડો ઉપાડી બાકીના ૫-૬ મહિનામાં યુવાનું માનસ પલટીને તમે આખું યુવાસંઘને જોડી દીધું.? એમ એ અગ્રણીની ત્રીજી બાબત એ હતી કે તમારી સાથે મેં કામ કરેલ છે માટે કહી શકું કે સતપંથ મુદ્દે કોઇ ઉકેલ તમે ચોક્કસ વિચાર્યો જ હશે. આ ત્રણેય બાબતે તે અગ્રણી સાથે લાબી ચર્ચા થયેલ.

હવે મૂળ વાત કે સતપંથ મેદ્દે અમે યુવાસંઘમાં કાર્ય ઉપાડ્યું તે અંગે ઉપરની વિશેષ સભામાં મેં થોડી છણાવટ કરેલ. અહી વધુ સ્પષ્ટ કરું તો ૨૦૦૯માં કેન્દ્રીય સમાજની સભામાં એક મુરબ્બીને સતપંથ વિશે સાંભળ્યા. તેમાં સતપંથથી જ્ઞાતિની થયેલ દુર્દશાની વેદના હતી. જે રીતે પૂર્વજો અને સંતોએ સતપંથને છોડી સનાતનમાં જોડવાનું કાર્ય કર્યું તેને તે પછીના કર્તાઓ ભૂલી ગયા તેની ભારોભાર પીડા તે મુરબ્બીના વક્તવ્યમાં મને દેખાઇ. સભા બાદ મુરબ્બીને કહ્યું કે યુવાસંઘ પ્રમુખ તરીકે તમારી સમાજ પ્રત્યેની ચિંતા જોઈ સતપંથ મુદ્દે જાણવું એ મારી જવાબદારી બને છે. તે મુરબ્બીએ મને આશ્ચર્યભાવે બે-ત્રણ વખત ઉપરથી નીચે પગથી માથાં સુધી શંકાની નજરે જોયું. એ મુરબ્બી હતા શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી.

કેમકે મારી તે મુરબ્બી વિશે જે છાપ હતી તે તેઓ જાણતા હતા. હું ૧૨-૧૨ મહિના સુધી યેનકેન રીતે તેમનાથી દૂર રહેલ હતો. માટે તે મુરબ્બી મને શંકાની નજરે જુએ, આશ્ચર્ય અનુભવે, એ હું સમજી શકતો હતો. આમ મેં મારી ભૂલ કબૂલી, અંતે તેઓ અમદાવાદ આવવા તૈયાર થયા. આખો દિવસ અને આખી રાત સતપંથ મુદ્દે પૂર્વજોની ચળવળ, પ્રવચનોની હસ્ત લિખિત પ્રતો, સભાઓની મિનિટ્સ, તે વખતનાં જ્ઞાતિનાં સામયિકોમાં લેખો, અન્ય સાહિત્યો અને પૂરાવા ફંફોસ્યા. જ્ઞાતિમાં સતપંથની સાંપ્રત સમસ્યા પર ખૂબ મંથન કર્યું. ત્રણેય મુરબ્બીને કહ્યું બધું સાહિત્ય મને આપો એક એક લીટી સમજવા માંગુ છું. તેઓ માંડ માંડ અઠવાડિયા માટે લાવેલ સાહિત્ય મૂકી જવા તૈયાર થયા.

૫ યુવાસંઘ દ્વારા સામાજિક દૃષ્ટિબિંદુ મારફતે સતપંથનો સામનો

સામાજિક ઈતિહાસનો અભ્યાસ

કાર્યકર્તા કે વડાએ પોતાનો સમાજ, સંસ્થા કે દેશના ઇતિહાસથી વાકેફ હોવું અનિવાર્ય છે. આખી જ્ઞાતિનું યુવાસંઘનો વડો થઈ આવી ગંભીર સાંપ્રત સમસ્યાથી અજાણ હોય તેણે પ્રમુખ થવું જોઇએ નહિ. મેં કોઇ અપરાધ કર્યો હોય એવો અહેસાસ થયો, હું મારી જાતને ગુનેગાર સમજવા લાગ્યો. આથી મારી જાતને દંડ દેવો નક્કી કર્યું. એક અઠવાડિયું ઘર બહાર જવું નહિ, કોઇ ફોન લેવા નહિ, દાઢી સેવીંગ કરવી નહિ, અન્ન નહિ લેવું જેથી રાત-દિન જાગી શકું અને બધું વાંચન થઈ શકે. આમ કઠોર વાંચન અને ઉપવાસનું વ્રતથી સતપંથ મુદ્દે સત્ય શોધવા સાધના અને તપ આદર્યું. આ રીતે મારી કોઇ ભૂલ બતાવે તો જાતને સુધારવા કઠિન વ્રતો કરતો હોઉં છું.

■ જેમ જેમ વાંચતો ગયો, જ્ઞાતિની થયેલ દુર્દશા જાણી વાંચતાં વાંચતા ખૂબ રડ્યો છું. પણ આપને પીડા અને દર્દ ઉપજે તે લખવું ટાળ્યું છે. સતપંથનું સાહિત્ય, સભાનાં પ્રવચનો અને મિનિટ્સે મને હચમચાવી નાખ્યો. કોઇપણ સભાની મિનિટ્સ સત્ય જ હોય કેમકે હસ્તલિખિત હોય છે, સભામાં તેનું વાંચન થતું રહે છે. તેમાંથી મને આઈડીયા સ્ફુર્યો કે કેન્દ્રીય સમાજની કારોબારી સભા, ટ્રસ્ટી-હોદ્દેદારોની સભા, વાર્ષિક સભા, ખાસ સભા, અધિવેશનોની બધી મિનિટ્સ વાંચવી. તરત કચ્છ કેન્દ્રીય સમાજની ૧૯૬૦ પછીની લગભગ મિનિટ્સ વાંચી નાખી. તેની સાથે સાથે વર્ષ જઈ ૧૯૧૦ થી લઈ ઘણા અહેવાલો અને પેમ્ફલેટો પણ વાંચ્યા. મારે ત્યાં આવેલા ત્રણેય મુરબ્બીએ કહેલ કે યુવાસંઘની સ્થાપ્નાના પાંચ પૈકી એક મુદ્દો સતપંથ ત્યાગવો તથા સનાતનનો પ્રચારનો હતો તે ઉલ્લેખ મળ્યો પણ નકલ મળી નહિ.

■ તે સાહિત્યોમાં જાણ્યું કે દરેક અધિવેશનોમાં ૧૮ અને ૧૯મી કલમનો માત્ર સતપંથીઓએ જ વિરોધ કર્યો છે. દરેક અધિવેશનોમાં ભારે તંગ સ્થિતિ ઊભી કરી છે, પોલીસને બોલાવી પડી છે. તે સતપંથીઓએ હવા ઊભી કરી કે ધર્મ વિવાદમાં પડવું એ યુવાનોનું કાર્ય નથી. આમ યુવાસંઘની સ્થાપનાનો સતપંથ અંગે જાગૃતિનો મુદ્દો ભુલાઈ ગયો. જો કોઇપણ મુદ્દે ક્રાંતિ કરવી હોય તો યુવાનો વડીલો સાથે ભળે તો વહેલું પરિણામ મળે. કેમકે યુથ (યવન) પછી યુથ (યુવાન) જ ક્રાંતિને ઉપાડી શકે છે. કોઇપણ કાર્ય કે મિશનમાં માત્ર યુથ સફળ થઇ શકે નહિ તેમ માત્ર વડીલો સફળ થઇ શકે નહિ. આ સુપેરે જાણતો હતો તેથી બહુ વિચારીને સતપંથ મુદ્દે યુવાઓમાં સાચી માનસિકતા ઊભી કરવી એવો મનોમન સંકલ્પ કર્યો. સમાજ પૂર્વજોનાં જે કાર્ય બદલ ઠેર ઠેર પ્રતિમાઓ લગાડે તેમને પૂજે તો પછી તે કાર્ય ઉપાડવામાં ગમે તે સામનો કરવો પડે તોપણ કરવો. આથી મારે ત્યાં આવેલ મુરબ્બીઓને વચન આપ્યું કે યુવાસંઘના પાંચ મુદ્દાની નકલ મળે તોજ સત્ય પાકું થશે, તે આધારે યુવાસંઘ સતપંથ સામે ક્રાંતિ અભિયાન ઉપાડશે.

યુવાસંઘની સ્થાપનાનો એક મૂળ ઉદ્દેશ્ય

આથી તેઓ યુવક સંઘ (તે વખતનું નામ) સ્થાપના કરનાર કલકત્તાના (જે સાત ભગાડી કહેવાતા) વડીલોને મળવા ઉપડ્યા. શોધખોળને અંતે અખાઈભાઈ પ્રેમજી માનાણીને ત્યાંથી નકલ મળી આવી કે તરત ફોન આવ્યો. ત્યારે હું દીકરાનાં લગ્ન માંડવા વિધિમાં હતો. માંડવા બાદ તે મુરબ્બીનો ફોન જોઇ વળતો ફોન લગાડી વાત કરી. તેમણે પ્રત મળી ગયાની આખી હકીકત કહી જણાવી. મારે ઘરે મહેમાનો, બીજે દિવસે જાન જોડવી પણ આપેલું વચન યાદ આવ્યું. તેથી તરત રેલવે પકડી મુંબઇ રવાના થયો. રાત્રે પહોંચીને ચર્ચા બાદ પ્રત લઈ, રાતોરાત અમદાવાદ ફ્લાઈટમાં આવી, વહેલી સવારે દિકરાની જાન જોડી સુરત ગયા. આમ લગ્ન સંપન્ન થયા બાદ આપેલ વચન મુજબ તરત સતપંથ મુદ્દે કામે લાગ્યો.

■ યુવાસંઘ સભા મળી, સતપંથ મુદ્દે હિન્દુ સંતો અને શાસ્ત્રોનું તાર્કિક ચિંતન કર્યું. તે પાંચ મુદ્દા પૈકી સતપંથ મુદ્દે ચર્ચા ચાલી. યુવાન વર્ગ હતું માટે બધું સમજી ગયું. વચન પાળવા સંકલ્પ લીધો કે યુથને સતપંથ મુદ્દે સપૂર્ણ જગાડવું, આમ કામે લાગી ગયા. સતપંથ મુદ્દે કાર્યથી જ્ઞાતિની માનસિકતા સમજ્યો. મારી સાથે થયેલ એક ગોઝારી ઘટનાને લીધે સતપંથ અને સતપંથીઓને નિકટતાથી સમજ્યો છું. સતપંથ હિન્દુ છે કે નહિ તે પ્રવચનોમાં ટાળતો તેમજ કેન્દ્રીય સમાજના વડીલો અને ચળવળકારો સાથે નજીકથી કાર્ય કર્યું. કહેવાનો અર્થ સતપંથ મુદ્દે મેં જુદી રીતે સ્ટડી કર્યો છે. શ્વેતપત્ર બાદ ઉદ્દભવેલ પરિસ્થિતિ અને ઘટક સમાજોમાં શ્વેતપત્રનું પોતાની રીતે જે રીતે અર્થઘટન કરાતું હતું તેનાથી મારી મનઃસ્થિતિ ખૂબજ દુઃખી હતી જેનું અમે વડીલોનું ધ્યાન દોર્યું પણ કોઇ કારણે કશું થયું નહિ.

કેસરી પત્ર

॥ શ્રી ઉમિયાય નમઃ ॥

જયંતી રામાણી (લાકડાવાલા) : સેન્ટ્રલ પ્રેસીડેન્ટ
Hemtush Incorporate, Opp. Saijpur Tower, B/h. Municipal Office, Naroda Road, A'bad-382345
Ph : (O) 079-22801565 (M) 94283 06565, 93270 81565 E-mail : jklakdawala@gmail.com
ગૌરાંગ ધનાણી : જનરલ સેક્રેટરી
Kalyani Saw Mill, Kadodara Char Rasta, Ta. Palsana, Dis. Surat
Ph : (R) 02622-271046 (Fax) 271450 (M) 097122 99000 E-mail : gaurang009@yahoo.co.in

SHRI A.B.K.K.P. YUVASANGH — ESTD 1972 — 2008-2010

શ્રી અખિલ ભારતીય
કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ
નખત્રાણા જી. ભુજ (કચ્છ)-૩૭૦ ૬૧૫

ઓફીસ : 381/2, Opp. Tower, B/h. S.K. Complex & A.M.C. Office, Naroda Raod, Saijpur, Ahmedabad-382 345. Ph. : 079-22801565 Fax : 22841565 E-mail : kkpyuvasangh@in.com

KKPY2008-10CP99
તા.: ૨૦-૦૭-૨૦૧૦

પ્રતિ
યુવાસંઘ કેબીનેટ, રીજીયન તથા યુવામંડળ,

વિષય : કેન્દ્રીય યુવાસંઘની સ્થાપના વખતે થયેલ પાયાના આદેશને ઉજાગર કરવા બાબતે,

સવિનય સહ,

ચાર ચાર અધિવેશનોમાં જ્ઞાતિ રીતરિવાજ, આચરણો, સભ્યપદ સબંધે સૌનો સ્પષ્ટ મત અને અભિગમ હંમેશાં વખતો વખત વ્યક્ત થતો રહેલ છે. હાલનાં સ્વર્ણિમ વર્ષમાં ધાર્મિક જાગૃતિ અને "સતપંથ"નાં વ્યક્તિઓ દ્વારા વર્ષોથી થતી પજવણી અને ગંભીર હરકતોનાં તાર્કિક તલસ્પર્શી તારણો જ્ઞાતિજનોએ નોંધમાં લીધેલ છે. કેન્દ્રીય સમાજે તા. ૧-૭-૨૦૧૦ના જારી કરેલ આદેશ મુજબ કેન્દ્રીય યુવાસંઘ નીચે મુજબ તાકીદ કરે છે.

આઝાદીથી વર્ષો પહેલાં "સતપંથ"તરફી વટાળ પ્રવૃત્તિથી મુક્ત બની "સનાતન" સમાજ જુદી જ છે. જેના આદ્યસુધારકોના ચીલે જ્ઞાતિને એક કરવા યુવાસંઘે ફરજ નિભાવવાની રહેશે. જે અનુસંધાને યુવાસંઘ સ્થાપનાથી જ થયેલ આદેશાનુસાર, વિસરાયેલ પાયાની બાબતને સનાતન સ્વર્ણિમ મહોત્સવના પંચમ અધિવેશનથી ઉજાગર કરી, "સનાતન" ધર્મનો પ્રચાર-જાગૃત્તિ અને મુલ્યનિષ્ઠ સંસ્કારીકતા જાળવી, જ્ઞાતિનો સર્વાંગી વિકાસ થાય તેવાં કાર્યો કરવાનાં રહેશે.

"સતપંથ" ધર્મ પાળતા તેમજ ભરમાવે તેવા આંતરીક કે બાહ્ય આચરણના ભેદવાળી વ્યક્તિ કે સમૂહ તેમજ કેન્દ્રીય સમાજ દ્વારા અસ્વિકૃત સમાજ કે સંસ્થાનો સભ્ય ત્રીસ્તરીય માળખાંમાં હોદ્દેદાર કે સભ્ય રહી શકશે નહિં. તે માટે જરૂરી હોય તો સ્થાનિક સમાજ, યુવામંડળ અને વધુ સ્પષ્ટતા અર્થે વતન સમાજની લેખિત સહમતીના આધારે નિર્ણય કરવાનો રહેશે.

"સતપંથ"નાં કુટુંબ અને સભ્ય સાથે હાલના સગપણ સબંધો જાળવી હવે પછી નવા સબંધો કરવા નહિં. "સતપંથ" હિન્દુ ધર્મ નથી તેવું સ્પષ્ટ માનવું હોઇ "સનાતન" હિન્દુ સંપ્રદાય સ્વીકાર્ય રહેશે તેવા કેન્દ્રીય સમાજના અભિગમને યુવાસંઘના ત્રીસ્તરીય માળખાએ અનુસરવું.

હોસુર ખાતે ૭ માર્ચની યુવાસંઘની કેબીનેટ સભામાં જ્ઞાતિની સાંપ્રત સમસ્યા અંગે મુખ્ય હોદ્દેદારોને સોંપેલ જવાબદારી અનુસંધાને તેનો સમગ્ર રાહે અભ્યાસ કરવામાં આવેલ છે. કલમ ૨-૩, ૩-૯ મુજબ (૧.કેન્દ્રીય સમાજે સમયે-સમયે પસાર કરેલા જ્ઞાતિ નિયમોનું પાલન કરાવવા તેમજ સમાજમાં પ્રવર્તતી ધાર્મિક અંધશ્રધ્ધા કુરિવાજો નાબુદ કરવા. તે માટે યોગ્ય અસરકારક પગલાં લેવા. ૨.કેન્દ્રીય સમાજે સમયે-સમયે પસાર કરેલ ઠરાવોને અમલી બનાવવા.) બંધારણીય આદેશ અન્વયે.

યુવાસંઘનાં ત્રીસ્તરીય માળખાંના યુવામંડળો, રીજીયન અને યુવાસંઘના તમામ કાર્યવાહક સભ્યોએ કેન્દ્રીય સમાજનું સભ્યપદ મેળવી ગૌરવ વધારીયે. કેન્દ્રીય સમાજે પ્રસિધ્ધ કરેલ શ્વેતપત્રના આદર સહ ઉપરોક્ત સમાવિષ્ટ ત્રીસ્તરીયે શ્વેતપત્ર સબંધે પોતાના બંધારણ અને ધારાધોરણમાં જરૂરી સુધારા કરવા. જેની નકલ કેન્દ્રીય યુવાસંઘને મોકલી આપશો.

"જ્ઞાન-શિલ-એકતા એજ યુવાસંઘની વિશેષતા "
ચાલો..."અ-સ-ર" વર્ષમાં અસરકારક સૈનિક બનીએ

લી.

જયન્તિ કે. રામાણી (લાકડાવાળા)
સેન્ટ્રલ પ્રેસીડેન્ટ

ગૌરાંગ કે. ધનાણી
જનરલ સેક્રેટરી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ — સ્વર્ણિમ મહોત્સવ ૧૯૬૦-૨૦૧૦ — વિજય પથ પર...

Leadership lead with purpose
live with passion

• Education & Health • Business & Career
• Political & Leadership • Social & Spiritual

MISSION 2020 — SHREE A.B.K.K.P. YUVASANGH

ઐતિહાસિક કેસરી પત્ર

તેથી તેનો ખુલાસાના તા. ૨૦-જુલાઈ-૨૦૧૦ના “કેસરી” પત્રો યુવાસંઘે દરેક યુવામંડળ, સામયિકો અને કાર્યકર્તાને મોકલ્યા બધા વિવાદે ચડ્યા હોવાથી ધ્યાને ચડ્યું નહિ. ક્રાંતિનો દાવો કરનાર એ પ્રસિદ્ધ સામયિક ચૂક્યું નહિતર સ્થિતિ જુદી હોત. ઊંઝા ઉમિયા સંસ્થાનના ચુકાદામાં બધા મુદ્દા ખાસ છે, પણ એક મુદ્દો ગહન છે. તેમાં જ ઉકેલ છે તેમ યુવાસંઘના કેસરી પત્રમાં ઉકેલ હતો. આપણે પોતામાં એવા મશગૂલ છીએ કે ક્યારેક કોઈક મુદ્દે અન્યનો ઉચ્ચ વિચારોને ધ્યાને લેતા નથી. અરે, જે અગ્રણીએ મને પ્રશ્નો કર્યા તે શ્રીસમાજના જ ઉચ્ચ હોદ્દે હોવા છતાં કેસરી પત્રથી બેખબર હતા. સમાજનો ઠેકો લઈ ફરતા અહંકારમાં ચૂર બૌદ્ધિકો અને સામયિકો બેખબર રહ્યા અથવા સાંપ્રત મુદ્દે ઉકેલમાં જાજો રસ નહોતો.!

સામાજિક દૃષ્ટિબિંદુ

માત્ર ડાહી વાતો કરે કે સમાજમાં ધર્મ દૂર રાખો, સર્વધર્મ સમભાવ, આ દેશનું બંધારણ છે. આમ એકતાની આડમાં જ્ઞાતિને ભ્રમિત કરે છે. વિચારો કે શું ધર્મ વિના સમાજ હોઇ શકે? નાનો-મોટો કાર્યક્રમમાં તમે કે સંતો દીપ પ્રાગટ્ય કરો, “જય”બોલાવે, તમે “જય” બોલો, સંતો તેડાવો તે શેની વાતો કરશે આમ સમાજમાં પળે પળે ધર્મ આવશે. સમાજમાં ઇમામશાની ‘જય’ મોટા વર્ગની લાગણી દુભવે છે. કારણ કે સતપંથનું ગંદુ તથ્ય (આપણા મતે) જે જોશે અને જાણશે તે જ્ઞાતિજન નિષ્કલંકી કે ઇમામશાહવાળા ધર્મને નહિજ સ્વીકારે. આ શર્મિંદગી અને પીડા અન્ય લોકો નહિ સમજી શકે જેટલા સતપંથીઓ સમજી શકશે. કારણ કે ખુદ સતપંથીઓ તેના મિત્રને કબર બતાવામાં શરમ અનુભવે છે. તેથી પૂર્વજોના કહેલ ચીલે ઈમામશાહ, નિષ્કલંકી, સતપંથ અને પીરાણાનો ત્યાગ કરી મોટો વર્ગ જુદો થઈ ગયો.

છતાં સતપંથીઓ ગેરમાર્ગે દોરે કે પીરાણામાં વચ્ચે થોડા સમય માટે મુસ્લિમ સૈયદો પેસી ગયા હતા. ભ્રમણા એ પણ ફેલાવવામાં આવી પીરાણામાં હિંદુ ધર્મના સ્થાનકને મુસલમાનોએ ઇસ્લામ સાથે સબંધ જોડી દીધો. આવા ખોટા પ્રચારવાળા પંથ સાથે કેમ રહેવું.????? એ સતપંથ સાચો કે ખોટો, હિન્દુ કે મુસ્લિમ એવા વિવાદોમાં પડવા કરતાં, માત્ર સામાજિક દૃષ્ટિકોણથી વિચારવાની અને ચિંતન કરવાની જરૂર છે. જેણે સતપંથને છોડ્યો એ પંથ સાથે કેમ રહી શકાય? માટે જ વિવાદો થયા કરે છે. જે આપણે જોઇ રહ્યા છીએ.

પણ પીરાણા સતપંથનું આખું ગોત્ર જુદું છે, પછી જ્ઞાતિ એક કઇ રીતે થઈ શકે. ઇસ્લામ ધર્મના ગ્રંથોમાં બતાવેલ નિષ્કલંકીને પૂજનારા સાથે આપણે એક કઇ રીતે બેસી શકીશું...???? માટે સતપંથ હિન્દુ છે તે પ્રમાણોની જરૂર નથી. જ્ઞાતિએ બધું સમજી લીધું છે. સતપંથના ગુરુ, તેના ઈષ્ટદેવનાં નામ સતપંથી પોતાનાં બાળકો કે ધંધાનાં રાખતા નથી. જોકે આ વાંચીને અનુકરણ કરશે. જેવી રીતે ઘણા બદલાવો કર્યા તેમ સતપંથમાં અનેક બદલાવો કરતા રહે છે. તેવા બદલાવો હિન્દુ ધર્મમાં કેમ કરવા પડતા નથી.!! માટે આપણા પૂર્વજોએ સતપંથને છોડવાનું કહ્યું છે, તેમાં બદલાવનું નહિ.

તેથી જ્ઞાતિમાં સતપંથીઓને સાથે રાખવાની કોશીષો કરીશું તો મોડો વહેલો ડખો પડશે જ. કથિત બૌદ્ધિકો ડાહી રૂપાળી આદર્શવાદી વાતો કરે કે અમે સંપ્રદાય મુકત છીએ, સમસ્ત કચ્છ કડવા પાટીદારને આવકારીએ છીએ, અમે સર્વધર્મમાં માનીએ છીએ, માનવતાને માનીએ છીએ, સૌ સંપીને રહીએ છીએ. તેવાં ગામો કે વિભાગો સતપંથીને સાથે રાખી ગર્વ કરતા હોય, પરંતુ તે મિક્ષ ચાલતા સમૂહ કે સમાજમાં મોડે-વહેલે સતપંથને લીધે જ વિવાદો થયા છે અને ભવિષ્યમાં થશે. કારણ, સતપંથી ઇમામશાની “જય” બોલાવે, સતપંથનો પ્રચાર કરે, કરાવે છે. સતપંથના જ સાધુ-સંતોને બોલાવે, દુરાગ્રહ કરે, વેદ રચયિતા તરીકે મુસ્લીમ ઈમામશાહ બાવાનું નામ લખે છે. તો કોઇ કારોબારીમાં સતપંથીને ઘુસાડવાનો આગ્રહ રાખે, સતપંથીની તરફેણ કરે. તેઓ રાજરમત કરી સતપંથીને પ્રમુખ બનાવે આવા-તેવા અનેક વિવાદો જગાડે છે.

તેથી દર ૪૦-૫૦ વર્ષે કોઇ સમૂહ કે કોઇ ઘટક સમાજમાં ડખો પડે. પરંતુ તેથી આખી જ્ઞાતિમાં ડખો ઊભો થાય. આપણને ઊંઝા, મધ્ય ગુજરાતથી કચ્છ તગેડી મૂક્યા તે પછી છેલ્લાં બે સદીઓમાં આઠ વખત મોટો ડખો ઊભો થયો છે. સને ૧૯૭૦ના દશકમાં સતપંથને લીધે આખી જ્ઞાતિ પાયમાલ થયેલ. ભાઇ ને બહેન, મામા ને ભાણેજ, બાપ ને દીકરી, મા અને દીકરાના સબંધો તૂટ્યા હતા. આમ આઠ દાવાનળો જ્ઞાતિ ભોગવી ચૂકી છે. તો પણ બૌદ્ધિકો ડાહી રૂપાળી આદર્શવાદી વાતો કરે છે કે અમે સંપ્રદાય મુકત છીએ, સમસ્ત કચ્છ કડવા પાટીદારને આવકારીએ છીએ, સર્વધર્મમાં માનીએ છીએ, સૌ સંપીને રહીએ છીએ. કારણ કે તેઓને ખબર જ નથી કે ભૂતકાળમાં સતપંથ સામે આઠ દાવાનળ જાગ્યા છે.

આમ આપણી જ્ઞાતિમાં માત્ર સતપંથ સામે વાંધા છે, અન્ય પંથ સામે નહિ. તેથી સતપંથ સામાજિક રીતે ત્યાજ્ય છે. એ કારણે જ સામાજિક રીતે સતપંથને સાથે રાખવા હિમાયતી થશું તો જ્ઞાતિમાં સંપ અને એકતા કદી નહિ થાય. આથી સતપંથનું અધ્યાત્મ કે ધર્મ કેવો તે પ્રશ્ન રહેતો નથી. ગમે તેટલો સાચો સારો પંથ હોય, આપણા સમાજમાં વિવાદાસ્પદ છે. ઘણા કહે કે વિવાદ નહિ કરવો જોઇએ. તો પછી વિશ્રામબાપા, કેસરાબાપા, નારાયણબાપા, રતનશીબાપા, ભીમજીબાપા, નથુ નાનજી પછી હિંમત ખેતાણી, રમેશ વાઘડીયા, પ્રેમજી કેસરાણી, જયંતિ લાકડાવાળા, રતનશી દિવાણી, વસંત ધોળુ, સી.એ. ચન્દ્રકાન્ત છાભૈયા જેવાઓ ક્રમે ક્રમે થયા કરશે. તેઓ એક-બે છે, છતાં આખી જ્ઞાતિ ચળવળમાં જોડાય છે. માત્ર ગણ્યાગાંઠ્યા કથિત બૌદ્ધિકો કે સતપંથીઓ નહિ. તો કેટલાને રોકીશું આમ વિવાદો વધશે. જ્ઞાતિમાં રાજકારણ રમાય છે તે વાત તદ્દન ખોટી છે. જેણે જેણે સતપંથનો વિરોધ કર્યો તે લોકો હોદ્દા પર નહોતા આજે નથી. જે હોદ્દામાં છે તે પહેલેથી જ હતા.

જેમનો જન્મ વર્ષ ૧૯૫૦-૬૦ની આસપાસ થયો ત્યારે ૮-૧૨ વર્ષની ઉંમર હોવાથી તે પીડા કે તે દર્દ આજે તેમને યાદ નથી. માટે સમગ્ર જ્ઞાતિ સતપંથ છોડે એજ ઉપાય છે નહિતર ૩૦-૪૦ વર્ષે ફરી સતપંથ સામે વિવાદ જાગશે. જેથી ભાઇ-બહેન, મામા-ભાણેજ, બાપ-દીકરી, મા-દીકરા સબંધો તૂટે છે. માટે જ કડક ઠરાવો કરવા પડે છે. સતપંથને ભેગા રાખવાની કોશીષોથી સનાતનીઓની લાગણી દુભાય છે. **તેવી સામાજિક ઘટનાઓનું ચિંતન બાદ જ યુવાસંઘ પ્રમુખ રૂએ અને યુવાસંઘે સતપંથ સામે ચળવળ ઉપાડવી પડી હતી. જેના ખૂબ સારા પરિણામો જોવા મળ્યા.**

સતપંથ અને સનાતન સાથે રહેશે તો સતપંથ મુદ્દા ઉપર નવા-નવા વિવાદો નિરંતર જાગતાજ રહેશે. આ રીયાલીટી સતપંથીઓએ સમજવી પડશે. સુજ્ઞ વાચકોને વિનંતી, માત્ર સામાજિક દૃષ્ટિબિંદુથી સતપંથને તરાશો તો સમજાશે કે જ્ઞાતિમાં એકતાની જરા સરખી ચિંતા સતપંથીને હશે તે સતપંથ ત્યજશે. જે નથી છોડતા એનો અર્થ તેને એકતા કે સમાજથી કોઇ લાગણી નથી, માત્ર વેવલું ધર્મ ઝનૂન છે. પોતાની દલીલોમાં ગળાડૂબ મશગૂલ છે. તેથી જ દક્ષિણ ભારતમાં સતપંથીને હવે પછી નહિ લેવાની તારીખ ડીકલેર કરવી પડી છે, એ રોગ બધે જ ફેલાશે.

સતપંથી પોતે કહે છે ઈમામશાહએ ભાખ્યું છે સતપંથમાં માત્ર અઢી જણ રહેશે. એનો અર્થ ઈમામશાહને ખબર હતી કે જેમ જેમ જાગૃતિ વધશે તેમ તેમ લોકો સતપંથ છોડી દેશે. આના પરથી સમજી શકાય કે આ મુસ્લિમોની ગંદી ચાલ હતી. પરંતુ સતપંથી પોતે પોતાનું જ બ્રેઈનવૉશ કરે રાખે છે જેથી સમાજની કે પોતાના ભાઈની વાત સમજાતી નથી. માટે આખો સમાજ ડખે ચડે છે. કેમકે ૯૫-૯૬ ટકાએ સતપંથ છોડ્યો તે લોકો સતપંથીઓ સાથે નહિ જ રહે, જે આપણે જોઈ રહ્યા છીએ. આ તેમને કેમ સમજાતું નથી.! ઈશ્વર તેને સદ્‌બુદ્ધિ આપે એજ પ્રાર્થના.

૬

સત્ય શોધની જિજ્ઞાસાએ કરાવી અણધારી તૈયારીઓ

1. <u>જિજ્ઞાસાનું કારણ:</u> સતપંથ મુસ્લિમ ધર્મ છે, એવું અમારા વડીલો પાસેથી ઊડતી ઊડતી વાતો નાનપણમાં સાંભળેલ. પણ ઘણા વર્ષોના અંતરાલ પછી, આપણી કચ્છ કડવા પાટીદાર (ક.ક.પા.) જ્ઞાતિના સતપંથીઓ મહત્ત્વના ફેરફારો કરીને હિંદુ બનવા માટે ઘણા સકારાત્મક પગલાં ભરી રહ્યા છે, એવું લોકો પાસે સાંભળવા મળતું. એટલે વિચાર આવતો કે આ લોકોને તો સહયોગ આપવો જોઈએ, પ્રોત્સાહિત કરવા જોઈએ. સાંભળવામાં આવતું કે પીરાણામાં મુસલમાની તત્ત્વોને હટાવી દેવામાં આવેલ છે. હિંદુ "ૐ"ને દીવાલો પર અલગ અલગ જગ્યા ઉપર રંગવામાં આવેલ છે. ભગવાન વિષ્ણુના દસ અવતારોને દીવાલો અને છત ઉપર દોરવામાં આવ્યા છે. સતપંથના લોકોએ હિંદુ બનવા માટે ઘણાં ફેરફારો કરેલ છે. સ્વ-ઈચ્છાથી કોઈ હિંદુ બનવા માંગતો હોય, તો દરેક હિંદુની ફરજ છે કે હિંદુ બનનાર વ્યક્તિને યોગ્ય મદદ કરે. ઈતિહાસમાં જોઈએ તો એવા કિસ્સાઓ છે કે અગર કોઈ હિંદુ ભૂલ કે મજબૂરીથી મુસલમાન બની ગયો હોય અને એ વ્યક્તિ પાછા હિંદુ બનવા માંગતો હોય ત્યારે એને હિંદુ ધર્મના આગેવાનોએ સ્વીકાર્યો નહીં. તેનાં કારણે એ લોકો મુસલમાન ધર્મમાં રહી ગયા અને ભારતમાં મુસલમાનોની સંખ્યા વધતી ગઈ. આવા કિસ્સાઓમાં થયેલ ભૂલનું પુનરાવર્તન ન થાય, કોઈ મુસલમાન હિંદુ બનવા માંગતો હોય તો તેને સંપૂર્ણ સહયોગ આપવો જોઈએ એવા દૃઢ વિચાર રાખનાર લોકોમાંનો એક હું હતો.

એ સમય ગાળામાં શ્રી હિમ્મતભાઈ રતનશી ખેતાણી અને શ્રી રમેશભાઈ માવજી વાગડીયાની આગવાની હેંઠળ સનાતન ધર્મ જાગૃતિની ટીમ ભારતભરમાં ફરી સનાતન સમાજના ધાર્મિક ઈતિહાસની જાણકારી આપતી સભાઓ કરતા હતા. જે સતપંથ સમાજવાળાને ગમતું નહોતું. સતપંથ સમાજવાળાનો પ્રચાર હતો કે હા ભૂતકાળમાં સતપંથમાં ઈસ્લામીકરણ હતું, પણ હવે ઘણા સુધારાઓ કરી નાખ્યા છે. થોડા બાકી હશે અને છે, તેને પણ ધીરે ધીરે સુધારી નાખશું. હું પણ શરૂઆતમાં સતપંથના આ પ્રચારને સાચો માનતો હતો. જેના લીધે હિમ્મતભાઈ અને તેમની ટીમનું કામ મને પસંદ નહોતું. સનાતન સમાજમાં અમુક લોકોના મોઢે એવું પણ સાંભળવા મળતું કે આ લોકો સમાજ તોડું છે. જેની ગંભીર નોંધ પણ લીધેલ હતી.

આ સમય ગાળામાં શ્રી રમેશભાઈ માવજી વાગડીયાના ભાષણની એક વિડીઓ કલીપ સતપંથ તરફી લોકો દ્વારા અજાણ્યા ઈમેલ આઈડીથી મારા પાસે આવી (તે સમયે સ્માર્ટ ફોન નહોતા, વોટ્સએપ નહોતું, મોબાઈલ ઉપર ઈન્ટરનેટ સુવિધા ખૂબ ઓછી હતી). સાથે લખાણ આવ્યું કે રમેશભાઈ સમાજ તોડી રહ્યા છે. જ્યારે એ વિડીઓ કલીપ મેં સાંભળી ત્યારે મને મને એવું કંઈ ન લાગ્યું. બલકે રમેશભાઈનો સમાજને ધાર્મિક રીતે ચોખ્ખી કરવાનો હેતુ દેખાઈ આવ્યો. લખાણમાં રમેશભાઈને ખોટી રીતે વખોડવામાં પણ આવેલ હતા. જે ઇમેલ આઈડીથી મને ઇમેલ આવેલ હતો, તેની તપાસ કરી તો તે બોગસ/બનાવટી ઇમેલ એડ્રેસ નીકળ્યું.

માટે મારા મનમાં ઉદ્‌ભવતા આવા અનેક પ્રશ્નો અને અસમંજસનો ઉકેલ શોધવાનું મેં નક્કી કર્યું. મનમાં ઉદ્‌ભવતા સવાલોના જવાબો શોધવાની જિજ્ઞાસા અથવા કુતૂહલ મને પીરાણા સતપંથની સચ્ચાઈ અને પુરાવાઓ ભેગા કરવાની અણધારી તૈયારી કરવા તરફ ધકેલ્યો. આજે લગભગ ૧૦ વર્ષના અંતે, હું માનું છું કે કોઈ માણસ યોજનાબદ્ધ રીતે આવું કરવા જાય તો પણ તે ન જ કરી શકે. જરૂર કોઈ દૈવી શક્તિજ આવું કરાવી શકે. જરૂર ઇષ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણ અને કુળદેવી મા ઉમિયાના આશીર્વાદ અને પ્રેમ હશે, કે તેમની ઈચ્છા પૂર્ણ કરવા તેમણે મને નિમિત્ત બનાવ્યો. અહીંથી સત્ય શોધવાની મારી યાત્રા તા. ૧૨-માર્ચ-૨૦૧૦ થી શરુ થઇ.

2. <u>મુંબઈ ઝોનની સભા અને ડ્રાફ્ટ શ્વેત પત્ર:</u> મારા મનમાં એક સવાલ ઊભો થયો કે અગર સાચ્ચેજ રમેશભાઈ વાગડિયાએ સમાજ વિરોધી ભાષણ કરેલ છે, તો પછી વિડીઓ કલીપ મોકલનાર વ્યક્તિએ શા માટે પોતાની ઓળખ છુપાવા માટે બોગસ ઇમેલ આઈડીથી મને ઇમેલ કર્યો? એનો મતલબ કે આ વિષયમાં ઊંડાણમાં ઊતરવું પડે. એ સમય દરમ્યાન મારું શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ(અ.ભા.ક.ક.પા. ઉર્ફે કેન્દ્રીય સમાજ ઉર્ફે શ્રીસમાજ ઉર્ફે સનાતન સમાજ)ના મુંબઈ ઝોનની તા.૧૯-માર્ચ-૨૦૧૦ની ઘાટકોપર સમાજવાડીમાં યોજાયેલ, એક વિશેષ સામાન્ય સભામાં

જવાનું થયું. આ સભાનો મુખ્ય વિષય હતો આપણી કેન્દ્રીય સમાજનો આગામી સ્વર્ણિમ મહોત્સવ કાર્યક્રમ. એ સભામાં મને ખબર પડી કે આપણી કેન્દ્રીય સમાજની કાયદાકીય રીતે રજિસ્ટર કરીને સ્થાપનાને માત્ર પચાસજ વર્ષ થયાં છે. તે પહેલાં આપણી જ્ઞાતિમાં પીરાણા સતપંથ ધર્મ વિરુદ્ધ ખૂબ મોટી ચળવળો ચાલી. મુસલમાન ધર્મના એક ફાંટાવાળો સમાજ એટલે કે સતપંથ સમાજ જ્ઞાતિમાં પ્રચલિત હતો. આ સતપંથ ધર્મથી જુદા પડીને હિંદુ ધર્મ સ્વીકારવાના કારણે જે લોકોને જ્ઞાત બહાર કરવામાં આવેલ હતા એવા જ્ઞાત બહાર થયેલ લોકોએ સનાતની સમાજની સ્થાપના કરી હતી. બપોરે ૩ વાગે ચાલુ થયેલ આ સભા, કોઈ પણ વિરામ વગર, રાતના ૧૨ વાગે સુધી, સતત એક ધારી ચાલી. સામાન્ય રીતે આવી સભાઓમાં માત્ર ૩૦-૪૦ લોકોજ હાજર રહેતા હોય. પણ આ સભામાં લગભગ ૮૦૦ થી ૧૦૦૦ લોકો હાજર હતા. સભાનો હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. રાતના ૧૨ વાગે સુધી કોઈ સભા છોડવાનું નામ લેતું નહોતું.

આ સભામાં શ્રી હિમ્મતભાઈ રતનશી ખેતાણીએ પીરાણા સતપંથ અંગે જાણકારી આપતું એક જોરદાર ભાષણ આપ્યું. સતપંથ ધર્મનો ઈતિહાસ, આપણી જ્ઞાતિનો ધાર્મિક ઈતિહાસ, સનાતની સમાજની સ્થપના પાછળના કારણો, નિષ્કલંકી નારાયણ એટલે હઝરત મૌલા અલી, પીરાણાના મુખ્ય ગાદીપતિ શ્રી કરસન કાકાનું સતપંથી નામ પીર કરીમ, સતપંથના ધાર્મિક ગુરુ મુસલમાન સૈય્યદો છે, સૈય્યદ ઈમામશાહનું મુખ્ય કામ હિંદુઓને વટલાવી મુસલમાન બનાવવાનું હતું, પીરાણામાં થયેલ બાહ્ય ફેરફારો પાછળની છુપી સચ્ચાઈઓ, જેવી ખૂબ મહત્ત્વની જાણકારીઓ આપી.

તેવીજ રીતે હિંદુ ધર્મ સ્વીકારીને સતપંથમાંથી છૂટા પડેલા ક.ક.પા. જ્ઞાતિના હિંદુ આગેવાનો દ્વારા આપેલ બલિદાનો, સંત શ્રી ઓધવરામ મહારાજ, સંત શ્રી દયાલદાસ મહારાજ જેવા માર્ગદર્શક સંતો કે જેમણે પોતાના જીવનો ક.ક.પા.જ્ઞાતિને હિંદુ બનાવવા માટે ઘસી નાખ્યા, એ જાણવા મળ્યું. સતપંથ ધર્મ છોડીને હિંદુ ધર્મ સ્વીકારનારને સમાજ બહાર કરી નાખવામાં આવતા. જેથી અસહય દબાણ, અસંખ્ય અત્યાચારો અને પીડાઓને સહીને, પોતાના હિંદુ સ્વધર્મ માટે મોટા બલિદાનો અને ત્યાગ કરીને, સનાતન સમાજની સ્થપના કરવા પાછળનો ઈતિહાસ જાણવા મલ્યો. પથ્થર દિલ માણસનું હૃદય પણ પીગળી જાય એવી સચ્ચાઈઓ પહેલી વાર મારા સામે આવી. હિમ્મતભાઈ સિવાય બીજા પણ ઘણા વક્તાઓ બોલ્યા. સતપંથ તરફથી પણ અમુક વક્તાઓ બોલ્યા. પણ હિમ્મતભાઈનું ભાષણ એવી રીતે લોકોના હૃદયને સ્પર્શી ગયું હતું કે લોકોએ આ અંગે એજ સભામાં માંગણી કરી કે આપણો કેન્દ્રીય સમાજ પોતાની ઓળખ અંગે એક “શ્વેત પત્ર” બહાર પાડે. જેનો કાચો મસુદો/નમૂનો (ડ્રાફ્ટ) સર્વાનુમતે તૈયાર કરવામાં આવ્યો. આ કાચા મુસદ્દાના આધાર ઉપર થોડાજ દિવસો પછી કેન્દ્રીય સમાજ એટલે કે શ્રી અ.ભા.ક.ક.પા. સમાજે, થોડા ફેરફારો સાથે, તા. ૨૫-માર્ચ-૨૦૧૦ ના એક અધિકૃત “શ્વેત પત્ર” બહાર પાડ્યું, જે ખૂબજ પ્રખ્યાત થયું.

3. <u>માહિતી ભેગી કરવાની શરૂઆત:</u> થોડા દિવસ સુધી આ સભાની વાતો મનમાંને મનમાં વાગોળતો રહ્યો. પણ વારંવાર મનમાં એક પ્રશ્ન ઉદ્‌ભવતો, જેનો સંતોષ કારક જવાબ મારા મનને ન મળ્યો. આ પ્રશ્ન હતો કે હિમ્મતભાઈએ ખુલાસો પૂર્વક જણાવેલ વાતો જાણતા હોવા છતાં, પોતાને હિંદુ કહેવડાવતા સતપંથીઓ કેમ હજી સતપંથ ધર્મમાં છે? એક બાજુ પોતાને તેઓ હિંદુ કહેડાવે છે, તો બીજી બાજુ હિંદુઓને ફસાવી મુસલમાન બનાવનાર સૈય્યદ ઈમામશાહ બાવાને આ લોકો કેવી રીતે પૂજી શકે? કોઈ સામાન્ય હિંદુ તો આવું ન જ કરી શકે. જેના પૂર્વજો સાથે ધાર્મિક રીતે છેતરામણી થઇ હોય, એ લોકો ઈમામશાહને પૂજવાનું તો દૂર, તેના માટે એક સામાન્ય માણસ મનમાં ઘૃણાની લાગણી અનુભવે અને પોતાના સમાજના ધાર્મિક ઈતિહાસથી શરમ અનુભવે. અપેક્ષા વિરુદ્ધ સતપંથવાળા પોતાને સતપંથી તરીકે ઓળખાવવામાં ગૌરવ અનુભવતા હતા અને ઈમામશાહનું નામ પૂજનીય ભાવથી લેતા હતા.

લગભગ એજ સમયે ઇન્ટરનેટ ઉપર અને સોસિયલ મીડિયા ઉપર “ઈમેલ વોર” (email war) શરુ થયું. સનાતનીઓ તરફથી એક પછી એક સતપંથ મુસલમાન ધર્મ છે એ અંગેના સજ્જડ પુરાવાઓ રજૂ કરવામાં આવતા. તેનો સતપંથીઓ તરફથી હલકી ભાષામાં, ઉડાઉ, વ્યક્તિગત પ્રહારો કરતા, ક્યારેક ધમકીઓ આપતા જવાબો, જેણે મૂળમાં અસંતોષકારક જવાબો કહી શકાય, એવા જવાબો આવતા. જે લોકો સોસિયલ મીડિયામાં ખુલ્લા થઇને લખતા, તેવા લોકોને સતપંથીઓ


તરફથી ફોન કરી તેમને ધમકીઓ આપવાના દાખલાઓ પણ સાંભળવા મળતા. બીજી બાજુ સનાતન ધર્મ જાગૃતિની મોહીમને તોડી પાડવા માટે, ખાસ કરીને હિમ્મતભાઈ ખેતાણી, રમેશભાઈ વાગડીયા અને પ્રેમજીભાઈ કેશરાણીની સામાજિક છબી ખરાબ કરવા માટેના સતપંથીઓ અને મવાળો દ્વારા કરવામાં આવતા પ્રયાસો પણ જોવા મળતા.

સતપંથ મુસલમાન ધર્મ છે એ અંગેના સોસિયલ મીડિયામાં આવેલ પુરાવાઓએ મારી ખૂબ મદદ કરી. ત્યાર બાદ ઈન્ટરનેટથી માહિતી મેળવવાનું શરુ કર્યું. માહિતીઓનો ગહન અભ્યાસ માટે દિવસ રાત મહેનત અને લગનથી કાર્ય શરુ કર્યું.

4. જ્ઞાતિનો ધાર્મિક ઈતિહાસ: વિષયને બરાબર સમજવા હેતુથી જ્ઞાતિના ધાર્મિક ઈતિહાસના દસ્તાવેજોનો અભ્યાસ કર્યો. તેમાં અમુક મુખ્ય દસ્તાવેજો આ પ્રમાણેના હતા.

- જ્ઞાતિના આદ્ય સુધારક શ્રી નારાયણ રામજી લીંબાણી દ્વારા લિખિત “પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ”.
- પીરાણા સતપંથની માતૃ સંસ્થા, ધી ઈમામશાહ બાવા રોઝા સંસ્થાન કમિટી ટ્રસ્ટનું બંધારણ.
- પીરાણાના ચેરમેન સવજી રામજી કાકા દ્વારા લેખિત “ભાંખેલી પૂજા વિધિ તથા જ્ઞાન”.
- ઈમામશાહ બાવા દ્વારા રચિત “સતપંથ દશાવતાર ગ્રંથ”.
- નારાયણ રામજી દ્વારા કરાંચી અને મુંબઈના ભરાયેલ ત્રણ જ્ઞાતિ અધિવેશનોના અહેવાલો.
- કચ્છમાં યોજેલ પ્રસ્તાવિત બીજું અધિવેશન જે ભરાઈ ન શકાયું, એનો અહેવાલ.
- સંત લાલરામ મહારાજની પીડા, સંત ઓધવરામબાપાની પીડા અને એ સંતોએ સતપંથમાંથી જ્ઞાતિને બહાર કાઢવા માટે કેવો માર્ગ કાઢ્યા, તેમની રણનીતિ શું હતી, તેમની તકલીફ શું હતી એનો અભ્યાસ કર્યો.
- દાણા બઝાર, વિરાણી મોટી, કરાચી વગેરે સ્થળોમાં યોજાયેલ સામાન્ય સભાઓ, તેમજ જ્ઞાતિ સુધારક યુવક મંડળની સભાઓના રિપોર્ટ.
- વર્ષ ૧૯૩૭માં સ્થાયેલ નખત્રાણામાં લક્ષ્મીનારાયણ મંદિરનો વિસ્તૃત અહેવાલ.
- વાંઢાયમાં વર્ષ ૧૯૪૫માં થયેલ કુળદેવી મા ઉમિયા માતાજીના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો અહેવાલ.
- વર્ષ ૧૯૩૮માં સ્થપાયેલ કેન્દ્રીય સનાતની સમાજની સ્થાપના વખતનું બંધારણ. આ સમાજ પાછળથી વર્ષ ૧૯૬૦માં નખત્રાણા ખાતે કાયદાકીય રીતે ચેરિટી કમિશ્નરની કચેરીમાં રજિસ્ટર કરવામાં આવેલ. તે વખતનો પણ અહેવાલ.
- એક પ્રસ્તાવિક નિબંધ, કીર્તિ ધ્વજ, અસંખ્ય પેમ્પલેટો, ચોપાનીયા, નાની મોટી પુસ્તિકાઓ.
- સંત ઓધવરામ મહારાજ દ્વારા લેખિત “ઈશ્વર વિહારીવિલાસ, ભાગ ૧ અને ભાગ ૨” પુસ્તક.
- જ્ઞાતિમાં વિવિધ ગામો અને શહરોમાં ઊભા કરવામાં આવતા સમાજો, યુવક મંડળો અને ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરોના અહેવાલો.
- પાટીદાર ઉદય માસિક પત્રિકાના અંકો.
- વર્ષ ૧૯૬૦ પછી કેન્દ્રીય સમાજ દ્વારા યોજાયેલ જ્ઞાતિના પાંચે પાંચ અધિવેશનોના અહેવાલો.
- કચ્છના કડવા પાટીદારોનો ઈતિહાસ પુસ્તક
- કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝામાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ અંગેનો ઈતિહાસ.
- સત્ય પ્રકાશ – પીરાણા સતપંથનો ઈતિહાસ અને તેનો હિંદુ ક.ક.પા. જ્ઞાતિ પર પ્રભાવ, પુસ્તક.
- જાગૃતિ માસિક પત્રિકાના અંકો.
- યુવાસંઘની સ્થાપના પાછળના હેતુઓ અને અહેવાલ.
- દેશાલપર (વાંઢાય) માં સંસ્કાર ધામ એટલે ભગવાન લક્ષ્મીનારાયણના કેન્દ્ર સ્થાનની સ્થાપનાનો અહેવાલ.
- કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ પુસ્તક.
- પીરાણા સતપંથના ધર્મ ગુરુ શૈય્યદ શામ્શુદ્દીન અહમદ અલી ખાકીની સમાચાર પત્રિકામાં છપાયેલ મૃત્યુનોંધ


- સતપંથની મૂળ હસ્તલેખિત ધાર્મિક ગ્રંથો અને તેની ઉપર વિશ્વ વિખ્યાત સંશોધનકારો દ્વારા છાપવામાં આવેલ અસંખ્ય પુસ્તકો.
- સતપંથ ઉપર રીસર્ચ કરીને Ph.D. ડોક્ટરની ડીગ્રી મેળવનાર સંશોધનકાર દ્વારા તૈયાર કરેલ રીસર્ચ થીસીસ.



<u>5. કેન્દ્ર સમાજનો ઈતિહાસ:</u> કેન્દ્ર સમાજનો શરૂઆતથી ઈતિહાસનો અભ્યાસ કર્યો. ૧૯૬૦માં કેન્દ્ર સમાજ ચેરિટીમાં રજિસ્ટર કરેલ, પણ તેનાં પહેલાં, કેન્દ્ર સમાજ વર્ષ ૧૯૩૭-૩૮માં સુવ્યવસ્થિત રીતે, બંધારણીય રીતે, ગામ વિરાણી મોટીના શ્રી રતનશી ખીમજી ખેતાણીના પ્રમુખ પદે અને ગામ નખત્રાણાના શ્રી નથુ નાનજી કેશરાણી/છાભૈયાના મહામંત્રી પદે, પહેલવહેલી સ્થાપેલ હતી. કેન્દ્ર સમાજનું શું બંધારણ હતું? શું હેતુઓ હતા, સ્થાપનાના શું ઉદ્દેશો હતા? તેમજ તે સમયના સનાતની કેન્દ્ર સમાજના આગેવાનોની મોહીમથી નિર્મિત ઉમિયા માતાજી વાંઢાયના મંદિરનો અહેવાલ અને તેમ પ્રસંગે થયેલ ભાષણો, સ્થાપનાના ઉદ્દેશો, હેતુઓનો અભ્યાસ કર્યો. આમાં કેટલો ભેળસેળ હતો કે નહોતો, કેટલી બાબતોમાં છૂટછાટ આપી હતી, છૂટછાટનો કેટલો ગેરલાભ લેવામાં આવેલ હતો, તેનો પણ અભ્યાસ કર્યો.

<u>6. જ્ઞાતિમાંથી મેળવેલ દસ્તાવેજો:</u> અભ્યાસના ક્રમમાં આગળ વધારતાં કેન્દ્ર સમાજની ઈતિહાસની ફાઈલો જોઈ. કોટડા (જડોદર) સમાજમાં સાચવેલા કેન્દ્ર સમાજ અંગેના એ સમાજ રજિસ્ટર કર્યા પહેલાંના દસ્તાવેજોનો અભ્યાસ કર્યો. તે સમયે ગતિવિધિનું સેન્ટર કોટડા (જડોદર) હતું. સંશોધનના સમય કાળમાં કોટડા (જડોદર) ગામના તે સમયના પ્રમુખ શ્રી કાંતિભાઈ રામાણીને આ દસ્તાવેજો મારા ધ્યાને લાવવા બદ્દલ આભાર માનવોજ રહ્યો. દસ્તાવેજો ખૂબ ખરાબ હાલતમાં હતા. કાગળોને માત્ર અડવાથી બટકી જતા હતા. પણ કાંતિભાઈએ સમયસર દસ્તાવેજો તરફ મારું ધ્યાન દોર્યું. જેથી એ તમામ દસ્તાવેજોને સ્કેન કરી, તેમને લેમીનીશન કરવામાં આવ્યા છે. આજે કોટડા (જડોદર) સમાજની ઑફિસમાં એક સરસ મજાની વિશેષ નાનો કબાટ તૈયાર કરવામાં આવેલ છે, જ્યાં માત્ર આ દસ્તાવેજો મૂકેલ છે. એ જમાના કયા ગામમાં કેટલા ઘર સનાતની હતા, તેમાં કેટલા લોકો ધંધો કરતા, કેટલા ખેતી કરતા, કેટલા મજૂરી કરતા, કયા ગામમાં ભગવાન લક્ષ્મીનારાયણનું મંદિર છે, કયા ગામમાં નથી, વગેરે મુદ્દાઓનો સંપૂર્ણ રેકોર્ડ છે. ઘરના મુખ્ય વડીલ કર્તાહર્તાના નામોની યાદી પણ છે. કદાચ અન્ય ગામોના મંદિરોની તારીખ વધઘટ હશે, તો આ દસ્તાવેજોમાં સચોટ તારીખો છે. લક્ષ્મીનારાયણ મંદિરના ઉદ્દ્ઘાટનની અને કોના હાથે ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું, એ પણ છે. સમસ્ત કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતનીઓની જનસંખ્યા કેટલી હતી, માંડવીથી, ભુજથી, લખપત સુધીની તમામ વસ્તી ગણતરીની વિગતો છે.

ત્યારબાદ વિશેષ ધન્યવાદ માપ્સા, ગોવાના વિનોદભાઈ જાદવાણીને આપવા જેવા છે. વિનોદભાઈ જાદવાણીના પરિવારે સતપંથના હસ્તલેખિત ધાર્મિક પુસ્તકો સાચવી રાખેલ હતા. એ પુસ્તકો રમેશભાઈ વાગડિયાના હસ્તે મારા સુધી પહોંચ્યા. એ અસલ (original) ગ્રંથો બે મોટા થેલાઓ / કોથળાઓમાં ભરેલા હતા. ધન્યવાદ છે વિનોદભાઈના પરિવારજનોને કે




જેમણે સતપંથના મૂળ ગ્રંથો સાચવી રાખ્યા અને યોગ્ય સમય ઉપર અભ્યાસ માટે બહાર કાઢ્યા. સામાન્ય રીતે આપણા વડીલો જ્યારે સતપંથ છોડી સનાતનમાં આવ્યા, ત્યારે સતપંથના ધાર્મિક ગ્રંથોને નારાયણ સરોવરમાં તરાવી નાખતા હતા. કારણકે એ સમયમાં એવી ખોટી ગ્રંથી લોકોના મગજમાં બેસી ગઈ હતી કે આ પુસ્તકોને ઘરમાં રાખશું તો અપશકુન થશે. પણ ઈતિહાસ ક્યાંક ભુલાઈ ન જાય તે માટે, ધાર્મિક ગ્રંથો અને પુસ્તકો હશે તો આપણને સચ્ચાઈ ખબર પડશે કે આપણી સાથે કેવી રીતે છેતરામણી થઇ હતી, એવી ભાવનાથી જાદવાણી પરિવારે સતપંથના ધાર્મિક ગ્રંથો સાચવેલા હતા.

પ્રેમજીભાઈ ભાણજી કેશરાણીએ પણ પોતાના જીવનભર સતપંથ વિષય ઉપર ઘણા બધા દસ્તાવેજો, પુસ્તકો, માહિતીઓ વગેરે ભેગી કરેલ હતી. તે મેળવી લીધી. હિંમતભાઈ રતનશી ખેતાણીના ઘરમાં તેમના પિતાજી દ્વારા સાચવવામાં આવેલ ઘણા અમૂલ્ય પુસ્તકો અને દસ્તાવેજો મળી આવ્યા. અમુક પુસ્તકો ઉપર આપણા જ્ઞાતિ સુધારક નારાયણ રામજી લીંબાણીનું નામ લખેલું પણ છે. જેથી ખબર પડે છે કે નારાયણ રામજી લીંબાણી જે પુસ્તકોનો અભ્યાસ કરીને આપણી જ્ઞાતિમાં જાગૃતિ લાવી હતી, તે પુસ્તકો આજે પણ છે. કચ્છ ખાતે જ્ઞાતિનું બીજું અધિવેશન બોલાવાના પ્રયત્ન કરવામાં આવેલ (જે કોઈ કારણ સર છેલ્લી ઘડીએ રદ્દ કરવામાં આવેલ) ત્યારે બનાવેલ પોસ્ટરોની અમુક નકલો પણ મળી આવી. સંત ઓધવરામ મહારાજ દ્વારા ખાસ આપણી જ્ઞાતિને ધ્યાનમાં રાખીને લખવામાં આવેલ ઈશ્વર વિહારી વિલાસ ગ્રંથ પણ મળી આવ્યો. અમુક એવા દસ્તાવેજો પહેલ વહેલ હિંમતભાઈના ઘરથી મળ્યા, જેણે વાંચવાથી જાણ થાય છે કે જ્ઞાતિના ઈતિહાસના અમુક મહત્ત્વના પાનાઓ હજી દબાયેલા છે. સત્ય હકીકત હજી સંપૂર્ણ રીતે બહાર આવી નથી. તેવીજ રીતે રમેશભાઈ માવજી વાગડીયા પાસેથી પણ દસ્તાવેજો મળ્યા. વડીલ ભીમજી કેશરાના પોત્રા, શ્રી જયંતભાઈ અરવિંદ સલાટ / લીંબાણી, કોટડા જડોદરવાળા પાસેથી પણ બહુ સરસ પુસ્તકો, દસ્તાવેજો, વિગતો મળી. સાબરકાંઠાના કંપાઓમાંથી વડીલ પ્રિન્સીપાલ રતિલાલ છાભૈયા અને ડો વસંત ધોળુંના મારફતે પણ ઘણા બધા પુસ્તકો મળ્યા.



કહેવાય છે ને કે દીવા નીચે અંધારું હોય, એવું થોડું મારા સાથે પણ થયું. ખુદ મારા ઘરમાં ઘણાં પુસ્તકો હતાં, એની જાણ મને પણ નહોતી. મારા દાદા શ્રી મેઘજી પરબત છાભૈયા, કરાચીમાં નારાયણ રામજી લીંબાણીની આગેવાનીમાં સ્થપાયેલ કરાચી યુવાક્સંઘના કારોબારી સભ્ય હતા. એ સમયમાં જે પુસ્તકો, અહેવાલો, દસ્તાવેજો, હેન્ડબીલ વગેરે



શ્રી કચ્છ કડવા પાટીદાર સમસ્ત જ્ઞાતિનો મેળાવડો.

શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદ્

મહોત્સવ

૨જો-

સંવત ૧૯૭૭ ના મહાવદિ

આ પ્રસંગે સમસ્ત પાટીદાર બંધુઆને આગ્રહ પૂર્વક વિનંતી કરવામાં આવે છે કે સાંપ્રત સમયે દરેક પ્રજા પોતાની ઉન્નતિ સારૂ અથાગ ઉદ્યોગ કરી સત્વર આગળ વધે છે. ત્યારે કૃષિ-કર્મ કરનાર આ મહાન જ્ઞાતિ ભરતખંડની સાચી દોલત છે તે કેળવણી રહીત અજ્ઞાનના મહા અંધકારમાં પડી ગરીબાઈની મહાન પીડા ભોગવે છે.

સભાનો આશય-

ઉપરની સ્થીતિમાંથી મુક્ત થવાની કેટલાક જ્ઞાતિ હિતચિંતક બંધુઓ આજ બાર વર્ષ થયાં લેખ છાપા ત્યાં સભાઓ ભરી તેના રીપોર્ટો છપાવી અનેક ચર્ચાઓ દ્વારા નિસ્વાર્થપણે સતત પ્રયત્ન કરે છે જેના પરિણામે જ્ઞાતિમાં કંઈક જાગ્રતિ પણ આવી છે. તે બીના સમગ્ર જ્ઞાતિજનોના લક્ષમાં છે. છતા પણ સુલેહ સંપથી જ્ઞાતિજનોને એક કરવાની ઘણી જરૂર છે. બાળી લગ્ન જેવા નઠારા રીત રીવાજો દુર કરી વૈદિક માર્ગે યોગ્ય ઉમરે લગ્ન કરવાં ત્થાં ખેતી વાડી સુધારવી વગેરે ધાર્મીક નૈતિક અને આર્થિક ઉન્નતિ સાધવાનો આશય છે.


આ પરિષદની ચાલતા વર્ષની સભા જ્ઞાતિના મહાન સમુહના જેવા મધ્યસ્થળે ઉપર જણાવેલી તારીખોએ ભરવામાં આવશે, તે પ્રસંગે દેશના જુદા જુદા વિભાગોમાં વસ્તા જ્ઞાતિ બંધુઓ હાજરી આપશે. જ્ઞાતિ હિતના અગત્યના સ્વાલો હાથ ધરી તે પર અનુભવી વિદ્વાનો ભાષણો આપી અભ્યુદયના સરળ માર્ગો સુચવશે. નઠારા રીત રીવાજોથી થતી ખરાબીના હૃદય ભેદક ખરા બનાવો સંગીતના સાધનો સાથે આખ્યાન રૂપે કહી સંભળાવી શ્રોતાઓને ગંમત સાથે જ્ઞાન મળે. તેમ પણ કરવામાં આવશે. આ મહોત્સવ જ્ઞાતિજનોને પર્વ સમાન છે. જેથી પ્રત્યેક જ્ઞાતિજનો આ સભામાં હાજરી આપી સંસ્થાને સંગીન બનાવશો. સભાસદની ટીકીટો પરિષદની આફિસેથી મળશે. સ્ત્રી વર્ગની માટે ખાસ ગોઠવણ કરવામાં આવી છે.

રતનશી ખીમજી ખેતાણી ગામ વીરાણીવાળા.-
જનરલ સેક્રેટરી શ્રી ક. પા. પરિષદ હેડ ઑફીસ મુંબઈ.

જ્ઞાનસાગર લીથો પ્રેસ, ગિરગાંવ મુંબઈ પ્રીં. કે. મ. જોશી.

છપાયેલ હતા, તેને ભેગા કરી તેને Bind (બાંધી) કરીને એક જાડી બુક બનાવીને મૂકી ગયા હતા. જેની જાણ કોઈને નહોતી. મારા પિતાશ્રીના કે મારા મોટા બાપાઓના ધ્યાનમાં પણ આ બુક નહોતી. કચ્છ ખાતેનું અમારું ઘર રીપ્પેર કર્યું ત્યારે આ પુસ્તક હાથે ચડ્યું. કરાચી ખાતેના યુવકસંઘની કારોબારી સભ્યના સંયુક્ત ફોટોગ્રાફ પણ મારા ઘરેથી મળી આવ્યા .

જે જે લોકો original (અસલ/મૂળ) પુસ્તકો અને દસ્તાવેજો આપતા, તેને ખૂબજ કાળજી પૂર્વક, કોઈ નુકસાન ન થાય તેવી રીતે, ઝેરોક્ષ કરી અથવાતો સ્કેન કરીને, તમામ પુસ્તકો/દસ્તાવેજો પાછા આપી દીધેલ છે. સ્કેનીંગનું કામ બહુ વધવા લાગ્યું એટલે જૂના પુસ્તકોને કોઈ નુકસાન કર્યા વગર સહેલાઇથી અને ઝડપી રીતે સ્કેન કરી શકાય એ માટે હાથગડાઉ (જુગાડ) સ્કેનર જાતે તૈયાર કર્યું, જેણે ફોલ્ડ કરી કારમાં પણ લઇ જઈ શકાય એવી સરળતા હતી.



જાગૃતિ માસિક પત્રિકાના અંકોનો અભ્યાસ કર્યો. તેમાં તે સમયની ગતિવિધિઓની ખૂબ સારી માહિતીઓ છે. તેવીજ રીતે પાટીદાર ઉદય માસિક પત્રિકાનો પણ અભ્યાસ કર્યો. અસંખ્ય નાના મોટાં દસ્તાવેજો, પેમ્પલેટો, હેન્ડબીલો, બુકોનો અભ્યાસ કર્યો. રસલીયા, મદનપુરા, દુર્ગાપુર, નેત્રા, રવાપર, નખત્રાણા, વિરાણી મોટી વગેરે ઘણા ગામોમાંથી મળેલ માહિતીઓનો પણ અભ્યાસ કર્યો .

કહેવાનો મતલબ અહીં એ છે કે પૂરે પૂરી, જેટલી મળે એટલી, બધીજ જગ્યાથી માહિતીઓ મેળવેલ છે.

આ બધી માહિતીઓ ભેગી કરતી વખતે ઈતિહાસનું એવું પાનું હાથમાં લાગ્યું કે જે આટલાં વર્ષો સુધી કેમ દબાઈને રહ્યું એની ખબર નથી. પણ આ ઈતિહાસનું એક એવું પાનું છે કે આપણી જ્ઞાતિનો ઈતિહાસ બદલી નાખે એમ છે. આપણા સમાજનો ઈતિહાસ બદલી નાખનાર દસ્તાવેજને જ્યારે સ્વ . ગંગારામબાપાને બતાવ્યો, ત્યારે ગંગારામબાપાના ઉદ્દ્ગારો હતા કે... "તું આ ક્યાંથી કાઢી આવ્યો? આના હિસાબે આપણા સમાજમાં કોઈક બીજાના પૂતળા લાગેલાં હોવા જોઈએ. સંસ્કાર ધામ દેસલ્પારમાં, ઉમિયા માતાજી વાંઢાયમાં કોઈક બીજા વ્યક્તિના પૂતળા હોવા જોઈએ." ત્યારે મેં બાપાને વિનંતી કરીને હમણાં આપણે આ વિષયમાં ન પડીએ. ભવિષ્યમાં સમય આવશે ત્યારે આપણે આના તરફ ધ્યાન દેશું. પણ હાલમાં આ એક મોકો છે એટલે આ વાત અહીં આપની સામે મૂકેલ છે. જેમ ભારત દેશના ઈતિહાસમાં સરદાર વલ્લભભાઈ પટેલ સાથે અન્યાય થયો છે, તેમને ગણકાર્યા નથી, તેમનું અપમાન થયું છે, તેમને પ્રાધાન્ય નથી આપવામાં આવ્યું, તેવી રીતે આપણી સમાજમાં પણ કોઈકની સાથે એવું થયું છે.

<u>7. જ્ઞાતિ બહારથી મેળવેલ સતપંથનો ઈતિહાસના દસ્તાવેજો:</u> આ તબક્કે જ્ઞાતિનો ઈતિહાસ શું છે, એ સારી રીતે ખબર પડી ગઈ હતી. પણ હજી ક્યાંક ખૂટતું હતું. પણ પ્રશ્ન એ હતો કે આમાં ખૂટે શું છે? આટલું જાણ્યા / જણાવ્યા બાદ સતપંથવાળા માનતા નથી. તો શું ખૂટે છે? માટે હજી ઊંડાણમાં ઉતારવાની જરૂર છે, એવું દેખાવા લાગ્યું. સતપંથનું મૂળ શું છે? એના સ્થાપક કોણ છે? એના ઉદ્દેશો શું છે? એનો અભ્યાસ કરવાની જરૂર પડી. આનો અભ્યાસ કરવાનો વારો આવ્યો ત્યારે સમજાયું કે આ માહિતીઓ સ્વતંત્ર રીતે આપણી જ્ઞાતિની બહારથી મોટે પાયે મળી શકે એમ છે.

<u>8. ઇન્ટરનેટ:</u> જ્ઞાતિ બહારની માહિતીઓ મેળવવા માટે ઇન્ટરનેટથી શરૂઆત કરી. ઈન્ટરનેટ ઉપર ખૂબ સારી માહિતીઓ છે. બહુ સરળ ભાષામાં, સહજ સમજાય, સહેલાઇથી મળી જાય, એવી માહિતીઓ છે. એનો અભ્યાસ કરીને પહેલી

નજરેની (પ્રથમ દ્રષ્ટિએ) પોતાની સમજને મક્કમ બનાવી. પણ સાથે સાથે લાગ્યું કે આટલાથી પતે નહિ. આપણી પાસે સજ્જડ પુરાવાઓ જોઈએ. કારણ કે આપણી જ્ઞાતિ ધર્મના મુદ્દા ઉપર મહત્ત્વના પડાવ ઉપર આવીને ઊભી છે.

9. મુંબઈ - એશિયાટીક લાઈબ્રેરી: પણ સજ્જડ પુરાવા માટે, શરૂઆત ક્યાંથી કરવી? કોણ આપે? કરવું શું? આમ સવાલોમાં ઘરેલો હતો, ત્યારે મુંબઈની એક વિશ્વ વિખ્યાત લાઈબ્રેરી (ગ્રંથાલય), Asiatic Library (એશિયાટીક લાઈબ્રેરી)માં જવાનું નક્કી કર્યું. તીર કે તુક્કો જે થાય, ચાલો કોશિશ તો કરીએ, એવું સોચી આગળ વધવાનું નક્કી કર્યું. આવી કોઈ લાઈબ્રેરીમાં કોઈ દિવસ ગયેલ હતો નહિ. એટલે ખબર નહોતી કે લાઈબ્રેરીઓ કેમ ચાલતી હોય. ત્યાં ગયો તો જોયું કે બધા પોત પોતાના પુસ્તકોમાં મોઢાં નાખીને, ચૂપચાપ લાગ્યા પડ્યા હતા. કરવું શું? કંઈ ખબર નહીં? એટલે વિચાર કર્યો કે કોઈ અંદર આવતું હોય, તેને દરવાજામાં પકડી લઉં તો ત્યાં વાત થશે. એવી રીતે એક માણસને પકડ્યો. તેમને મેં સમજાવ્યું કે મારે આ વિષય પર રિસર્ચ કરવું છે. માટે પુસ્તકો શોધવામાં મને કોણ મદદ કરશે? કારણ ત્યાં રૂમોને રૂમો પુસ્તકોથી ભરેલ છે. તેમાં ક્યાં પુસ્તકો શોધવા? એમને લાઈબ્રેરીના સ્ટાફ પાસે જવાનું કહ્યું. સ્ટાફને પૂછ્યું કે તમે બુક નંબર / કેટલોગ નંબર આપો તો પુસ્તક શોધી આપીએ. પણ એ નંબર આપણી પાસે ક્યાં થી? એટલે એ ભાઈએ કહ્યું કે તમે મૂંઝાશો નહિ, દરવાજા પાસે કેટલોગનું કેબીનેટ છે, તેમાં તમને જે બુક જોઈએ તેને અનુક્રમણિકા (index) માં શોધો. કેબીનેટ પાસે ગયો, તો ત્યાં લગભગ ૧૫ કબાટ હતાં. ૧૫ કબાટમાંથી ક્યાં શોધવું? કારણ આપણને પુસ્તકનું નામ પણ ખબર નથી, લેખકનું નામ પણ ખબર નથી. શોધવું કેમ?

કોઈકે કહ્યું કે ઑફિસમાં વાત કરો એટલે ઑફિસમાં એક ભાઈને વિનંતી કરી ને કહ્યું કે અમોને કંઈ ખબર નથી, થોડી મદદ કરો. એ ભાઈએ પૂછ્યું કે તમારો વિષય શું છે? તેમને મેં વિષય જણાવ્યો. એટલે પહેલાં ભાઈએ કહ્યું કે તમે અડધો કલાક બેસો, આ વિષયનો એક જૂનો reader/expert (વાચક/વિશેષજ્ઞ), એક વડીલ બાપા આવશે. તમે એમને મળજો, એ જરૂર સહયોગ કરશે. લગભગ કલાક પછી એ વડીલ આવ્યા અને એ બાપાએ મને ૪ થી ૫ પુસ્તકોનાં નામો આપ્યાં. આ ૪ થી ૫ પુસ્તકોમાંથી એક નામ આપ્યું અને કહ્યું કે આનાથી તમે શરૂઆત કરજો.

આ ચોપડીથી મેં શરૂઆત કરી. આ ચોપડી મેં કઢાવી.લગભગ ૨૫૦ થી ૩૦૦ પાનાંની ચોપડી હતી. ચોપડી વાંચી. સારી હતી. પણ આવડી મોટી ચોપડી એક સાથે તો વાંચી લેવાય એ શક્ય નહોતી. ૧ દિવસ, ૨ દિવસ કે ૪ દિવસમાં પણ પૂરી ચોપડી વાંચી લેવું એ શક્યું નહોતું. એટલે વિચાર આવ્યો કે આ પુસ્તકને xerox (ઝેરોક્ષ) / photocopy (ફોટોકોપી) કરાવી લઉં તો સારું/મેળ પડે. ઝેરોક્ષ કરવા ગયો, તો મને કહેવામાં આવ્યું કે ૨૦ પાનાંઓ થી વધારે ઝેરોક્ષ કરી આપવું શક્ય નથી. કારણકે લાઈબ્રેરીનો એવો નિયમ છે. ત્યારે મને લાગ્યું કે આવી રીતે ૨૦-૨૦ પાનાઓને ઝેરોક્ષ કરાવીએ તો આનો અંત ક્યારે આવે? ખૂબ સમય લાગે. એટલે મેં પાછા પેલા ભાઈને કહ્યું કે મને મહત્ત્વના કારણ સર પુસ્તકની ઝેરોક્ષ કરવી છે, તો એ ભાઈએ કહ્યું કે નિયમમાં કોઈ ફેરફાર નહીં થાય.

પછી મેં એમને આપણી જ્ઞાતિની ધાર્મિક વિટંબણા સમજાવી. આ મહત્ત્વની વાત છે. માટે આવી લાંબી વાત અહીં કરેલ છે. એ ભાઈ Christian / (ઈસાઈ ધર્મી) હતો. એમને કહ્યું કે તમારી જ્ઞાતિ સાથે આવડી મોટી છેતરામણી થઇ છે? હવે તમારી માટે પૂરો સહયોગ કરીશ. તમને ગમે ત્યાંથી આ પુસ્તક અપાવીશ. એ પુસ્તક એમણે મંગાવીતો આપ્યું, પણ એ ભાઈએ નિરાશા પૂર્વક કહ્યું કે આ તો Rare Book/(દુર્લભ પુસ્તક) છે, આનીતો ઝેરોક્ષ કઢાવવાની પણ મનાઈ છે. હવે શું કરવું? મેં કહ્યું કે ભાઈ આનો કંઇક રસ્તો કાઢો. આ મારી જ્ઞાતિનો સવાલ છે, આ મારા સમાજ, મારી મા નો સવાલ છે. ત્યારે તેમણે કહ્યું કે ઠીક છે કે તમે કાલે આવો. હું મારા ઉપલા અધિકારીને વિશ્વાસમાં લઇને કંઇક રસ્તો કાઢી આપું છું.

બીજા દિવસે ગયો, એટલે ઉપલા અધિકારીએ પહેલાં ના જ પાડી દીધી. પછી તેમને પૂરી વાત સમજાવી અને વિનંતી કરી એટલે તેમણે કહ્યું કે ઠીક છે, હું નિયમમાં બાંધ છોડ નહીં કરું. આનો એક રસ્તો છે. તમે આ લાઈબ્રેરીના લાઈફ મેમ્બર થાઓ, તો થાય. એટલે મેં કહ્યું કે ચાલો ઠીક છે, સાદી સીધી મેમ્બરશીપ હશે, લઇ લેશું તો વાત થશે પૂરી. પણ ખબર પડી

કે આ મેમ્બરશીપ માટે ૧૫ હજાર રૂપિયા ભરવા પડે. ત્યારે મેં કહ્યું કે આ આપણી જ્ઞાતિનો સવાલ છે. ૧૫ હજાર તો ૧૫ હજાર. એટલે ૧૫ હજાર રૂપિયાના કર્યા કાકા. થયો લાઈફ મેમ્બર. બુક મેળવી અને પછી એ પુસ્તકની ઝેરોક્ષ કરાવી લીધી.

એ પુસ્તક હાલની સતપંથ સામેની ક્રાંતિ/ચળવળ/લડાઈમાં સનાતનીઓને જીત તરફ લઇ જવા માટે Turning Point (વળાંક આપનારી) નીવડી. આ વાત મને તે દિવસે ખબર નહોતી, એ આજે મહેસૂસ થાય છે. ૧૫ હજાર તે દિવસે જે વાવેલા હતા, તે આજે ઊગી આવ્યા.

આ પુસ્તકમાંથી શરુ થઇ ગઈ શૃંખલા બીજા પુસ્તકોને મેળવવાની. આ પુસ્તકમાંથી રેફરેન્સ / સંદર્ભ મળતા ગયા. જ્ઞાતિ, સતપંથ, ઈમામશાહ, એમના દાદા સદ્દદીન, આગા ખાન,નિષ્કલંકી નારાયણ વગેરે વગેરે. પીરાણા સતપંથ શું છે? એ કેમ મૂળ સતપંથની એક શાખા / Branch છે. શા માટે બન્ને શા માટે સામ્યતા ધરાવે છે. બન્નેમાં કોઈ ફરક કેમ નથી? કહેવા માટે કહીએતો માત્ર ૦.૦૧% નો જ ફરક આ બન્ને શાખાઓમાં છે. સતપંથમાં જે કંઈ હિંદુકરણ કે હિંદુ દેખાવ છે એ માત્ર “તાકિયા”/Taqiya/Taqiyya/Taqiyyah/Takiya છે. આવી બધી વાતો એ પુસ્તકમાં હતી. આવી રીતે એક સંદર્ભના સહારે બીજો સંદર્ભ, બીજાના સહારે ત્રીજો સંદર્ભ મળતો ગયો અને પુસ્તકો મળતાં ગયાં.


10. અન્ય લાઈબ્રેરીઓ: પછી મુંબઈ યુનિવર્સિટીની ફોર્ટ વિસ્તારમાં આવેલ લાઈબ્રેરીમાં ગયા. તેવીજ રીતે મુંબઈ યુનિવર્સિટીની કલીના કેમ્પસમાં આવેલ સાંતાક્રુઝની લાઈબ્રેરીમાં ગયા. ત્યાં બહુ મોટી લાઈબ્રેરી છે. દુનિયાભરના મોટા મોટા રીસર્ચારો આવે છે ત્યાં. બરોડામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી લાઈબ્રેરીમાં ગયા. ત્યાં ખૂબ સરસ દસ્તાવેજો મળ્યા. ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ગયા. પ્રિન્સીપાલ રતિલાલ લધ્ધા છાભૈયા સાહેબ (R L Saheb) તલોદવાળા, એક વખત સાથે ચાલ્યા હતા. આ વડીલનો મને ખૂબ સહયોગ મળ્યો. હું તેમણે જયારે ફોન કરું કે અમદાવાદ આવો ત્યારે વસંત ધોળુ સાથે તલોદથી પહોંચી આવે. ગાંધીનગર નજીક આવેલ સદરા ગામમાં આવેલ અંગ્રેજોના જમાનાની લાઈબ્રેરીની મુલાકાત લેવા સાથે ચાલ્યા હતા. તેવીજ રીતે, શ્રી રતનશી લાલજી દીવાણી, થાણાવાળાએ પણ ખૂબ સહયોગ આપ્યો. જે ઘડીએ આપણી હિમ્મત જવાબ આપવા લાગે એ ઘડીઓમાં જરૂરી હિંમત પૂરી પાડતા અને આપણામાં જોશ પણ ભરી આપતા. સતપંથ અને રીસર્ચ માટે અનેકો જગ્યાએ મુલાકાત લેવામાં તેઓ સાથે રહ્યા. અમુક એવી એવી જગ્યા અમે સાથે ગયા, જે સામાન્ય રીતે અકલ્પનીય છે.

11. Archeological Survey of India (ASI) / ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ ની વડોદરામાં મુખ્ય ઑફિસ છે. ત્યાં પણ એક લાઈબ્રેરી છે. ત્યાં હાલના પ્રમુખશ્રી ખુદ અબજીભાઈ કાનાણી મારી સાથે એક વખત ચાલ્યા હતા. પ્રેમજીભાઈ કેશરાણી ચાલ્યા હતા, રતનશીભાઈ લાલજી દીવાણી, પણ ચાલ્યા હતા. વસંતભાઈની મહેનતથી પાટણ યુનિવર્સિટીમાંથી સતપંથ વિષય ઉપર એક રીસર્ચ થીસીસ મળ્યું. આગા ખાન ફાઉનડેશન, પુનામાં ગયા. જલગાંવ ડીસટ્રીકટ લાઈબ્રેરી, થાણા ડીસટ્રીકટ લાઈબ્રેરી એવી રીતે ઘણી જગ્યાએ ગયા.

12. ઈન્ટરનેટ પર આંતરરાષ્ટ્રીય લાઈબ્રેરીઓ: એક વખત યોગનું યોગ મારી મુલાકાત પ્રોફેસર મોહનભાઈ છગનભાઈ છાભૈયા, આણંદવાળા સાથે થઈ. તેમની સાથે સતપંથને લઇને જ્ઞાતિમાં ચાલતી પ્રવૃત્તિઓ વિષે ચર્ચા થઈ. એમને તો જાણે મને દુનિયા ભરની બધીજ લાઈબ્રેરીઓની ચાવીજ આપી દીધી. મોહનભાઈ પોતે સરદાર પટેલ યુનિવર્સિટીના રજીસ્ટાર (Registrar) પદે હોવાના કારણે તેઓ શૈક્ષણિક જગત સાથે ખૂબ ઊંડાણથી સંકળાયલા છે. વિશ્વની મોટામાં મોટી મહત્ત્વની યુનિવર્સિટીઓની લાઈબ્રેરીઓની પુસ્તકોને ઈન્ટરનેટ મારફતે મેળવી લેવા માટે મને વ્યવસ્થા કરી આપી. આના કારણે મને સતપંથ ઉપર દુનિયાભરની જાણકારીઓ, દસ્તાવેજો અને પુસ્તકો મળ્યા. હવે માત્ર ભારત નહિ, પણ વિદેશોમાંથી પણ જાણકારીઓ મળવા લાગી. આનાથી પહેલાં વ્યક્તિગત રીતે વિદેશોથી માહિતી મંગાવવાના પ્રયત્નો ચાલુજ હતા. વિદેશોથી પુસ્તકો અને દસ્તાવેજો મિત્રો મારફતે તેમજ ઓનલાઈન મંગાવી લેતા. બજારમાંથી પણ પુસ્તકો વેચાતી લેતા. પણ

મોહનભાઈના સહયોગના કારણે ઘર બેઠે બેઠે એક બટન દબાવીને માહિતી મળી જતી, એની જે સગવડ મળી ગઈ, એ બહુ જબરદસ્ત હતી. જેના થકી ખૂબ સારું કામ થયું.

13. <u>રીસર્ચ થીસીસ (Research Thesis):</u> ઈન્ટરનેટના સગવડના કારણે વિશ્વની સન્માનનીય યુનિવર્સિટીઓમાં સતપંથ ઉપર થયેલ સંશોધનો અને રીસર્ચ થીસીસઓ આપણા હાથમાં આવી. રીસર્ચ થીસીસનું એક વિશેષ મહત્ત્વ હોય છે. રીસર્ચ થીસીસ એટલે જે વિદ્યાર્થી સતપંથ ઉપર અભ્યાસ કરીને Ph.D (ડોક્ટરેટ) ડીગ્રી લેવા માંગતા હોય, એને યુનિવર્સિટીમાં એવું એક વિશેષ અધ્યયન કરવું પડે, જે આજ સુધી કોઈએ ન કર્યું હોય. આ અધ્યયન તૈયાર કરીને જે દસ્તાવેજ બને, એ દસ્તાવેજને યુનિવર્સિટીમાં આપવામાં આવે. ત્યાર બાદ આ દસ્તાવેજનો અભ્યાસ સતપંથ વિષયના નિષ્ણાંતો કરે અને જ્યારે એમને લાગે કે આ અધ્યયનનો ખરે ખર બરાબર છે તેમજ સતપંથની ઐતિહાસિક જાણકારીઓના અનુરૂપ છે, ત્યારે એને પાસ કરવામાં આવે અને ડીગ્રી આપવામાં આવે. રીસર્ચ થીસીસ તૈયાર કરવી એ બહુજ અઘરું કામ હોય છે અને તેમાં પણ વિશ્વ વિખ્યાત યુનિવર્સિટીમાં આવી રીસર્ચ થીસીસ તૈયાર થયેલ હોય એની તો સ્તર / લેવલજ જુદું હોય છે. આવી રીસર્ચ થીસીસઓ આપણને Harvard University, Oxford University, McGill University, Virginia University, Cambridge University, Yale University, Delhi University, Gujarat University, M S University – Vadodara, Patan University, B J Institute of Learning and Research - Ahmedabad વગેરે વગેરે મહત્ત્વની લગભગ બધીજ યુનિવર્સિટીઓમાંથી મળી.




THE SPREAD OF THE SATPANTH ISMĀ'ĪLĪ DA'WA
IN INDIA.
(To the fifteenth century)

by

Azim Nanji

Thesis submitted to the Faculty of Graduate Studies & Research, McGill University, September, 1969, in partial fulfillment of the M.A. degree in Islamic Studies.

14. <u>તાકિયા:</u> રીસર્ચ થીસીસનો અભ્યાસ ચાલુ હતો, તે દરમ્યાન સતપંથનું એક મહત્ત્વનું હથિયાર આપણા ધ્યાને આવ્યું. આપણી સતપંથ સામેની લડાઈમાં, સેંકડો વર્ષો નીકળી ગયા હોવા છતાં, આ હથિયારની આપણે જાણ નહોતી. એના કારણે આપણે (સનાતનીઓ) સતત એ હથિયારથી થાપ ખાતા હતા.




હથિયારની જાણ થઇ એ પહેલાં હું પણ મુંઝાતો હતો કે આપણા વડીલો/બાપાઓ આવડી પીડા કરે છે, આવડી મહેનત કરે છે અને સતપંથીઓને સમજાવે છે, છતાં આ લોકો સમજતા કેમ નથી? કેવી આ લોકો ખુલ્લે આમ બિન્દાસ ખોટું બોલી જાય છે. એવું તો શું છે સરાસર ખોટું બોલી જાય તોય તેમના પેટનું પાણી પણ હાલતું કેમ ચહેરા પર કોઈ ફરક કેમ નથી આવતો? તેમની આંખોમાં ખોટું કરવાની કેમ નથી દેખાતી? જવાબ હતો રીસર્ચ થીસીસ તેમજ વિશ્વ વિખ્યાત સંશોધનકોના પુસ્તકોમાં જણાવેલ, ઈસ્લામ ધર્મમાં "**તાકિયા**" પદ્ધતિ.

આ "તાકિયા" રણનીતિ/પદ્ધતિના કારણે, એ લોકો મુસલમાન હોવા છતાં, એક હિંદુનો "દેખાવ" અપનાવી શકે છે, પોતે હિંદુ છે, એવું છડેચોક ખોટું પણ કહી શકે. ઈસ્લામમાં વર્જિત હોય એવું કોઈ પણ કામ કરી શકે. શરત માત્ર એટલીજ છે કે ફક્ત દિલથી ઈસ્લામ તરફ વફાદાર રહેવું જોઈએ. બાકી બધીજ બાબતોમાં

છૂટ આપવામાં આવી છે. એમને ખૂન કરવાની પણ છૂટ છે. આ તાકિયા પદ્ધતિ હળવા (Mild) રૂપમાં (ખૂન વગેરેની સ્તરમાં નહીં), ખાસ દેખાવના સ્તરે સતપંથ વાળા પાળે છે, તેમાય પીરાણા સતપંથ વાળા ખાસ પાળે છે. એવું રીસર્ચ થીસીસો અને દુનિયાભરના સંશોધનકારોએ પોતાના દસ્તાવેજોમાં જણાવેલ છે. આ તબક્કે આપણને આ વાતની સમજણ પડી, જેથી કરીને સતપંથની તમામ વ્યૂહરચનાઓ પાછળની રમત સમજાવા લાગી.

15. <u>સરકારી ગઝેટીયર અને વસ્તી ગણતરી (Gazetteer & Census):</u> પુરાવાઓ (Proofs) ભેગા કરવાનું કામ સાથે સાથે ચાલુજ હતું. ઉપર જણાવેલ મુદ્દાઓ અને આ પુસ્તકમાં અન્ય જગ્યાએ જણાવેલ મુદ્દાઓ ઉપર પુરાવાઓ તો ભેગા કરેલ હતા. એના ઉપરાંત, સરકારી ગઝેટીયરો ભેગા કર્યા. અંગ્રેજ સરકાર દ્વારા પ્રકાશિત The Bombay Presidency Gazetteer Vol IX, Part 2 વર્ષ ૧૮૯૯નું ધ્યાને આવ્યું. નિષ્કલંકી નારાયણ કોણ? તો આ ગઝેટીયરમાં જણાવેલ છે કે એ હઝરત મૌલા અલી છે. હઝરત મૌલા અલી (શિયા મુસલમાન પંથના મુખ્ય કિરદાર અને ઈસ્લામના સ્થાપક મહમ્મદ પૈગંબરના જમાઈ તેમજ કાકાઈ ભાઈ) નું ભારતીય નામ નિષ્કલંકી નારાયણ રાખવામાં આવેલ છે એવું ચોખ્ખું લખ્યું છે. હિંદુઓને વટલાવીને તેમનું ધર્મ પરિવર્તન કરવા માટે ઈસ્લામ ધર્મની એક શાખાનું હિંદુ નામ સતપંથ આપવામાં આવ્યું છે, એ પણ લખ્યું છે. ઈમામશાહનું કામ ભારતમાં આવીને હિંદુઓને વટલાવવાનું હતું. આવા બધાજ દસ્તાવેજો આપણે મેળવ્યા. ત્યાર બાદ મુંબઈ, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા વગેરે જગ્યાઓથી ગઝેટીયરો ભેગા કર્યા. તેવીજ રીતે સરકારી પ્રિન્ટીંગ પ્રેસમાંથી વસ્તી ગણતરી (Census) ના રેકર્ડ ભેગા કર્યા. કચ્છમાં તે સમયે કેટલી વસ્તી હતી, કયા કોમની અને કયા ધર્મની, એ જાણકારી મળી.


GAZETTEER

OF THE

BOMBAY PRESIDENCY

VOLUME IX. PART II.

16. <u>વિશ્વકોશ (Encyclopedia):</u> ગુજરાત વિશ્વકોશ, અમદાવાદથી પણ દસ્તાવેજો ભેગા કર્યા. પ્રિન્સિપાલ રતિલાલભાઈ લધ્ધા છાભૈયા, તલોદવાળાનો પણ ફરીથી અહીં સહયોગ મળેલ હતો. ગુજરાત વિશ્વકોષ એટલે ગુજરાતને લાગતાવળગતા વિષયો ઉપર તૈયાર કરેલ Encyclopedia (એન્સયકલોપીડીયા) છે. એમાં ગુજરાતનો સંપૂર્ણ ઈતિહાસ છે. ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ તરીકે એક અલાયદી સંસ્થા ચાલે છે, ત્યાં પ્રિન્સિપાલ સાહેબની ઓળખાણ હતી. ત્યાંથી આપણને સતપંથ, ઈમામશાહ, નિષ્કલંકી નારાયણ, પીરાણા વગેરે બધીજ વસ્તુઓ પરના દસ્તાવેજી પુરાવાઓ મળ્યા.

17. <u>જયપુર યુનિવર્સિટી:</u> હવે પછી મુંબઈ અને ગુજરાતથી બહારની વાત કરીએ તો રાજસ્થાન જયપુર યુનિવર્સિટીમાં ગયા. ત્યાં સતપંથ ઉપર રીસર્ચ કરવાવાળા બહુ મોટા પ્રોફેસર મળ્યાં. હિંમતભાઈ ખેતાણી, રતનશીભાઈ દીવાણી, હાલના પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણી, પ્રેમજીભાઈ કેશરાણી પણ ભેગા હતા. જે વસ્તુઓ આપણને સમજાતી નહોતી, જ્યાં આપણે ક્યાંક અટકતા હતા, મુંઝાતા હતા, તેના ઉકેલ ત્યાંથી મળ્યો. ત્યાંના એક પ્રોફેસર બહેન હતાં, તેમણે બધીજ વાતો સમજાવી. એ પ્રોફેસર, અંગિયા (નાના), કાદીયા, પીરાણા, ગુજરાતમાં કમ્પાઓ વગેરે વિસ્તારમાં જાતે ફર્યા અને રીસર્ચ કરી ગયા હતાં. સતપંથના ધાર્મિક ચોપડામાં ફેરફાર થયા હતા, એ કેવી રીતે માત્ર દેખાવ પૂરતા બાહ્ય ફેરફારો હતા, એ એમણે પોતે નિરીક્ષણ કરેલ હતું અને પોતાના કામમાં, પુસ્તકોમાં આ વાત લખી પણ છે. એમના કામની દસ્તાવેજી કોપીઓ આપણને ત્યાંથી પણ મળી.

18. <u>અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી:</u> દિલ્હીના અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ગયા. સતપંથ ઉપર વર્ષ ૧૯૭૬માં પ્રકાશિત એક પુસ્તક આખા ભારતમાંથી ત્યાં છે એવી જાણકારી મળી. પણ ત્યાં પણ મૂળમાં એજ પીડા. કોપી કરવા ન મળે. આપણે દિલ્લી લાંબા સમય સુધી રહી ન શકીએ. ત્યાં પણ માણસને સમજાવ્યો. ત્યાંનો સાહેબ મને કહ્યું કે *અત્યારે હું તમારું કામ*

નહીં કરી શકું. મારો ઉપરી સાહેબની જ્યારે બદલી થશે અને બીજો સારો માણસ આવશે ત્યારે હું જણાવીશ. તમારી પીડાની મને સમજણ છે. એ ભાઈ મુસલમાન હતો. મુસલમાન હોવા છતાં, એ માણસને હિંદુ સમાજની પીડાની સમજણ હતી. એ ભાઈએ ખૂબ સારો સહયોગ આપ્યો. એણે કહ્યું કે હું કહું ત્યારે તમે આવજો. રાતના ફોન આવે કે કાલે પેલા સાહેબ નથી, તમે કાલે આવજો. એટલે રાતો રાત ફ્લાઈટની ટિકીટ કાઢીને દિલ્લી પહોંચી જતો. ૪ થી ૫ ધક્કા પડ્યા, ક્યારેક કામ થયું, ક્યારેક ન થયું. છેવટે એ બુક / પુસ્તકની કોપી મેળવીનેજ રહ્યો.

19. કલકત્તાની નેશનલ આર્કાઈવ્સ (National Archives): આ લાઈબ્રેરીમાંથી પણ પુસ્તકો મેળવ્યાં. ગુજરાતનો જુનો ઈતિહાસ જેટલો ગુજરાતમાં નહીં હોય એટલો કલકત્તામાં છે. સતપંથનો ઈતિહાસ કલકત્તામાં છે, એ આપણા ધ્યાનમાં રહે એટલા માટે જણાવું છું. એ બહુ જૂની લાઈબ્રેરી છે.

20. લંડનની લાઈબ્રેરી: યોગાનુયોગ મારું એક વખત લંડન જવાનું થયું. ત્રણ ચાર દિવસનો ખાલી સમય હતો. બીજા ફરવા જતા હતા, ત્યારે મેં કહ્યું કે મને માફ કરો. મારે લંડનની લાઈબ્રેરીમાં જવું છે. લંડનની લાઈબ્રેરીમાંથી સતપંથમાં પ્રચલિત "તાકિયા" અને "છેતરામણી" ઉપરના દસ્તાવેજો મેળવી લીધા છે.

21. ફ્રેંચ પુસ્તક: ફ્રાંસમાં એક ફ્રેંચ ભાષામાં એક પુસ્તક મળે છે (બીજે પણ મળે છે), જેમાં કરસન કાકાને સતપંથનું અસ્તિત્વ ટકાવી રાખનાર હીરો તરીકે બતાવવામાં આવ્યા છે. એ પુસ્તકમાં વિગતવાર છણાવટ કરેલ છે કે કરસન કાકાએ કેવી રીતે પીરાણા સતપંથની ડૂબતી નૈયાને "તાકિયા"ના મારફતે, હિંદુ દેખાવના મારફતે માત્ર બચાવી નહિ પણ સજીવ કરેલ છે. અને આના માટે એમને શાબાશી પણ આપેલ છે. એ પુસ્તક પણ આપણે કાઢવી લીધેલ છે.

મહત્ત્વની નોંધ લેવા જેવો મુદ્દો અહીં એ છે કે ઘણા હિંદુ સનાતનીઓ એવું માને છે કે કરસન કાકાએ સતપંથને મુસલમાનોના હાથમાં જવાથી અટકાવ્યું છે. જ્યારે વાસ્તવમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સનાતનીઓના દબાણના કારણે બંધ થવાની અણીએ પહોંચેલ પીરાણા સતપંથને ફરીથી ધમધમતું કરવા પાછળ કરસન કાકાનો મોટો ફાળો રહ્યો છે. અગર કરસન કાકા ન હોત, તો કદાચ આજે પીરાણા સતપંથમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના કોઈ ભાઈઓ ન હોત. બધા સનાતની હિંદુ બની ચૂક્યા હોત. કરસન કાકાના કારણે હિન્દુ બનતા બનતા લોકો પાછા મુસલમાની સતપંથ ધર્મ સાથે જોડાયલા રહ્યા.

22. ન્યાયાલય અને કાયદાકીય (કોર્ટ અને લિગલ) દૃષ્ટિકોણ: તમામ પ્રયાસોની સાથે એક એવો વિચાર આવ્યો કે આ મુદ્દા પર કાયદો અને કોર્ટ શું કહે છે, એ પણ જાણવું જરૂરી છે. શરુ કરતાં કરતાં ખબર પડી કે વર્ષ ઈ.સ. **૧૮૬૬માં** મુંબઈ હાઈકોર્ટે સતપંથ ઉપર એક મોટો ફેંસલો આપેલ છે. આ કેસને સામાન્ય રીતે **"આગા ખાન કેસ"**ના નામથી ઓળખવામાં આવે છે. મૂળ વિવાદ હતો કે સતપંથ ધર્મ મૂળમાં કયો ધર્મ છે? હિંદુ, શિયા કે સુન્ની. હિંદુવાદી પક્ષ તરફથી સતપંથનો દશાવતાર ગ્રંથ રાખવામાં આવ્યો અને દલીલ થઇ કે જૂઓ, આમાં રામ, કૃષ્ણ વગેરે હિંદુ દેવતાઓ છે. માટે સતપંથ હિંદુ છે એવી રજૂઆત થઇ. સુન્ની વાળાએ કહ્યું કે સતપંથ સુન્ની પંથનો એક ફાંટો છે. શિયા પક્ષ તરફથી આગા ખાને રજૂઆત કરી કે આ શિયા પંથનો એક ભાગ છે. આ કેસનો ચુકાદો આપણે મેળવી લીધો.

What is the *Dásavatar?* It is a treatise in 10 chapters containing (as, indeed, its name imports) the account of ten avatars or incarnations each dealt with *in a separate chapter. The first 9 of these chapters treat of the nine incarnations of the Hindu god Vishnu; the 10th chapter treats of the incarnation of the "Most Holy Ali."*

The negative conclusion is clear at once. No Suni could have composed, compiled, or adapted such a work as this; the idolatry of the first 9 chapters, the semi-deification of Ali implied in the 10th chapter, alike are utterly impossible.

On the other hand it is precisely such a book as a Dái or missionary of the Ismáilis would compose or adapt if he wished to convert a body of not very learned Hindus to the Imámi Ismáili faith. It precisely carries out, what it has already been shown, were the standing instructions to the Dáis of the Ismáilis, viz., to procure conversions *by assuming, as in great part true, the religious stand-point of the intended convertite.* This is exactly what this book does: it assumes the nine incarnations of Vishnu to be true as far as they go, but not the whole truth, and then supplements the imperfect Vishnuvite

પછી ખબર પડી કે અમેરિકામાં એક રિસર્ચ થયું છે હાર્વર્ડ યુનિવર્સિટીમાં, એ રિસર્ચરનું નામ છે "ટીના પુરોહિત". એ બહેને એક પુસ્તક લખ્યું છે. એક પુસ્તક અમેરિકાથી મંગાવી લીધું. એ પુસ્તકમાં સતપંથ અને મુંબઈ હાઈ કોર્ટ દ્વારા અપાયેલ આ આગા ખાન કેસ ઉપર ઊંડાણથી વિશ્લેષણ કરવામાં આવેલ છે.

આ ચુકાદામાં છેલ્લે જજ (ન્યાયાધીશ) એમ કહે છે કે તેમણે ચુકાદાનો આખો આધાર સતપંથના દશાવતાર ગ્રંથ ઉપર રાખ્યો છે. એ ચુકાદામાં એવો નિર્ણય આપવામાં આવ્યો કે સતપંથ એ શિયા મુસલમાન ધર્મ છે. કારણ શું? કારણ હતું કે દશાવતાર ગ્રંથમાં પહેલા ૯ (નવ) અવતાર ભલે હિંદુ દેવો જેવા, પણ ૧૦મો (દસમો) અવતાર એટલે નિષ્કલંકી નારાયણ અવતાર એ બીજો કોઈ નહીં, પણ હઝરત મૌલા અલી છે. અને તેમની વારસાગત ગાદી પર બેઠેલા હાલના આગા ખાન એ સતપંથના જીવતા નિષ્કલંકી નારાયણ અવતાર છે. હઝરત અલી એટલે ઈસ્લામ ધર્મના સ્થાપક મુહમ્મદ પૈગંબરના કાકાઈ ભાઈ અને જમાઈ. જેણે શિયાઓ તેમના સર્વોચ્ચ ગણે છે, "અલ્લાહ/ભગવાન" ગણે છે, એ છે નિષ્કલંકી નારાયણનો મૂળ અવતાર. ત્યાર બાદ હઝરત મૌલા અલીના વંશમાં જે વ્યક્તિ એમની ગાદી પર બેસે, તેમને તે સમયના જીવતા નિષ્કલંકી નારાયણ અવતાર તરીકે માનવામાં આવે છે. આ પરંપરા પ્રમાણે હાલે સતપંથના નિષ્કલંકી નારાયણ આગા ખાન છે, એટલે આ સતપંથ જે છે, એ શિયા મુસલમાન ધર્મનો એક ફાંટો છે. એવું કોર્ટે જજમેન્ટ/ચુકાદો આપેલ છે. આ જજમેન્ટ પણ આપણે કાઢી આવ્યા છીએ.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને ખૂબ નિકટતાથી લાગેવળગે એવો એક બીજો કેસ મુંબઈ હાઈ કોર્ટનો છે **(દેવચંદ તોતારામ કીરાંગે કેસ નં FA 289 of 1928 decided on 15th January 1935, reported in A.I.R. 1935 Bombay 361)**. મરાઠી લેવા પાટીદાર સમાજનો આ કેસ છે. આ કેસનો ચુકાદો વર્ષ ૧૯૩૫માં આવેલ હતો. લેવા પાટીદાર સમાજે સતપંથને મુસલમાન ધર્મ જાહેર કર્યો હતો. પરિણામે ખાનદેશમાં વસતા જલગાંવ, ફૈઝપુર વગેરે વિસ્તારોની આસપાસ રહેતા સતપંથી લેવા પાટીદારોને જ્ઞાત બહાર જાહેર કરેલ હતા. આ અંગે વર્ષ ૧૯૦૬, ૧૯૨૨માં જ્ઞાતિ પંચોએ મહત્ત્વની મિટિંગ બોલાવીને નિર્ણયો લીધેલ હતા. આ નિર્ણયને સતપંથીઓને મુંબઈ હાઇકોર્ટમાં પડકારેલ હતા.

આ કેસના ચુકાદામાં ત્રણ મુખ્ય મુદ્દાઓ સામે આવે છે.

1. અગર સમાજ નક્કી કરે કે મુસલમાન પીરને માનવાવાળા સમાજના સભ્ય ન રહી શકે, તો તે નિર્ણયને કોઈ કોર્ટમાં પડકારી શકાય નહિ.
2. કોઈ વ્યક્તિ સમાજનો ગુન્હો કરતી હોય, ત્યારે એવા વ્યક્તિને સમાજ બહાર કરવાનો અબાધિત અધિકાર સમાજને હોય છે. તેનાં માટે સમાજના નિયમો પ્રમાણે મિટિંગ બોલાવી જોઈએ, નિયમો પ્રમાણે મિટિંગ ચલાવી જોઈએ અને નીયમો પ્રમાણે નિર્ણયની પ્રક્રિયા કરી નિર્ણય લેવા જોઈએ. આવી રીતે લીધેલા નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનો કોર્ટને કોઈ અધિકાર નથી. અપવાદ રૂપે કોઈને મિટિંગની જાણ ન થઇ હોય કે કોઈ નિર્ણયનો વિરોધ કરે તેનાંથી કોઈ ફરક પડતો નથી.

3. ઉપર જણાવેલ પ્રક્રિયાથી કોઈનું સભ્યપદ રદ્દ થાય, તો તેને સમાજની મિલકતમાંથી ભાગ મળે નહીં. કારણકે સમાજમાં આપેલ દાનની કોઈ વળતર ન હોય. એટલે સતપંથીઓએ દાન આપેલ છે માટે સમાજની મિલકતમાં ભાગના તેઓ હકદાર નથી થતા.

આ ચુકાદાની નકલ પણ આપણે મેળવી લીધી છે.

23. બુદ્ધિજીવીઓ સાથે મુલાકાત: ઘણા બધા બુદ્ધિ જીવીઓને વ્યક્તિગત મળ્યા, ફોન ઉપર વાતો કરી અને પત્ર વ્યવહાર પણ કર્યો. મંગુભાઈ પટેલ, રામજીભાઈ સાવલિયા, ઇકબાલ સુરાણી, શફિક વિરાણી, ડોમિનિક સિલા ખાન, ઝવાહિર મોઈર વગેરેનો સંપર્ક કર્યો. કોલેજો અને યુનિવર્સિટીના પ્રોફેસરો પણ મળ્યા. હિંદુ સાધુ સંતો અને હિંદુ સંગઠનોના આગેવાનોને પણ મળ્યા. તેમની સાથે સતપંથ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરી.

24. લોકો તરફથી સ્વયંભૂ પ્રતિસાદ: ઘણા બધા લોકોએ સામે ચાલીને માહિતીઓ આપી. એવો એક દાખલો છે ભવાનજીભાઈનો. બારડોલી રહેતા હરેશભાઈ રામાણીના દાદા ગુજરી ગયા હતા, ત્યારે હું (ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા) અને પ્રેમજીભાઈ કેશરાણી એમના ઘરે બેસવા ગયા હતા. ત્યારે એમના ઘરે વડીલ **શ્રી ભવાનજીભાઈ લખમશી મૈયાત**, રાજ્યપાલમ, તામિલનાડુવાળા હાજર હતા. એ બાપાને દર્દ હતું. એમને ખબર હતી કે હિમ્મતભાઈ, રમેશભાઈ, પ્રેમજીભાઈ અને તેમની ટીમ બહુ મહેનત કરી રહી છે. એટલે તેમને કહ્યું કે ભાઈ હવે હું મોટો થયો છું, ગેઢો થયો છું, એટલે આ વિષય પર મારી પાસે જે દસ્તાવેજ છે, એ હું તમને દેવા માંગું છું. સતપંથનો અસલ **"મૂળબંધ"** નામનો જે ગ્રંથ છે એ એમને આપ્યો. મૂળબંધનો હવાલો દઈને સતપંથના પ્રચારકો સતપંથના ધાર્મિક પુસ્તકોમાં ધારે ઈ ફેરફારો કરાવી લેતા હોય છે. પણ બીજી બાજુ સાચો મૂળબંધ બહાર લાવતા નથી, છુપાવી રાખેલ છે. તેનાં બદલામાં એક બનાવટી મૂળબંધની ઝેરોક્ષ ફેરવે છે. ખોટો તો ખોટો, પણ એ ખોટો મૂળબંધને પણ છપાવતા નથી. કારણ છાપે તો ક્યાંક બંધાય. ભવાનજીબાપાએ કહ્યું કે ઓરીજીનલ/અસલ હસ્ત લેખિત મૂળબંધ મારી પાસે છે અને એ હું તમને આપીશ. એ વડીલે અમને સતપંથનો ઓરીજીનલ મૂળબંધ ગ્રંથ આપ્યો. એ વડીલ હાલે હયાત નથી, પણ તેમને પણ ધન્યવાદ.

આવી રીતે લોકોએ સામેથી ચાલીને માહિતીઓ અને પુસ્તકો આપેલ છે. એક વખત કેન્દ્રીય સમાજના તત્કાલીન પ્રમુખ શ્રી ગંગારામભાઈ સાંખલાની સાથે **હડમતીયા** (નવું નામ **તખતગઢ** કંપા) કંપામાં ગયા હતા. ગામના લક્ષ્મીનારાયણ મંદિરમાં ભેગા થયાં હતા. ત્યાં એક વડીલ હતા, **શ્રી કાંતિભાઈ અરજણ ધોળુ (સ્વ. શામજી અરજણ ધોળુ, માજી મામલતદારના ભાઈ).** તેમને ખબર પડી કે ગંગારામબાપા અને તેમની ટીમ આવી છે એટલે સતપંથ વિષયની ૫-૬ પુસ્તકો લઇ આવ્યા. કહ્યું કે આ પુસ્તકો તમે લઈ જાઓ ભાઈ અને આનો ઉપયોગ કરો. સામાન્ય જનતા એ ખૂબ સારો પ્રતિસાદ/રેસ્પોન્સ (સહયોગ) આપ્યો. આવી રીતે જે જે બાપાઓ / વડીલો આપણને પુસ્તક આપતા હોય ત્યારે તેમની આંખમાં આંસુ હોય, આંસુ... એ નજરે નજર જોયું છે. તેમના મોઢે શબ્દો હોય કે તમે કામ કરો, માંડ સતપંથીઓ સુધારે.

25. હિંદુ ધર્મના મુખ્ય ચારેય શંકરાચાર્યોના પ્રમાણ પત્રો: હવે વાત આવી, હિંદુ ધર્મના સાધુ-સંતો દ્વારા સતપંથને હિંદુ ધર્મ હોવાના લેખિત પ્રમાણપત્રો આપવાની. અહીં શ્રી રતનશી લાલજી દીવાણી, મૂળ વિરાણી (ગઢવાળી) હાલે થાણામાં રહેતા ભાઈને જેટલો ધન્યવાદ આપીએ એટલો ઓછો છે. હિંદુ સાધુઓ દ્વારા સતપથ હિંદુ ધર્મ છે એવા આપેલ પ્રમાણ પત્રો જ્યારે જોવા મળ્યા, ત્યારે ચિંતા અને ચિંતામાં ઉગ્ર થઈને મને બોલ્યા કે ચંદ્રકાંત આપણે આ ખોટા પ્રમાણપત્રોનું કાંઇક કરવું પડે. કોઈ કંઈ કરતું નથી, આપણે આનો કંઈક જવાબ આપવો પડે. મેં કહ્યું કે વડીલ તમે બોલો શું કરીએ? ત્યારે તેમણે કહ્યું કે આપણે પણ હિંદુ સાધુઓ પાસેથી પ્રમાણપત્રો લઈએ. ત્યારે પ્રશ્ન નીકળ્યો કે આનો ફાયદો શું? આપણે બે પ્રમાણપત્રો લાવીશું, તો બીજા ચાર સામે વાળા લાવશે. એ લોકો રૂપિયાનો ઢગલો કરશે, આપણે ક્યાંથી લાવશું રૂપિયા. આપણે તો વ્યક્તિગત ધોરણે દોડીએ છીએ. કેવી રીતે તેમને પહોંચી શકશું? માટે એવું નક્કી કર્યું કે આપણે હિંદુ ધર્મના સર્વોચ્ચ ચારે શંકરાચાર્યો પાસેથી પ્રમાણપત્રો લઈ આવવા જોઈએ.

એ પ્રમાણે નક્કી થયું. એટલે અમે બન્ને હિમ્મતભાઈ પાસે પુરા જોશમાં ગયા, એમની ઑફિસમાં. પણ હિમ્મતભાઈએ તો અમારી હવાજ કાઢી નાખી. હિમ્મતભાઈએ કહ્યું કે તમે શું કરવા જઈ રહ્યા છો, તેની પૂરી ખબર છે? સામેવાળા તો પૈસાની રેલમછેલ કરશે. આ બાવાઓના શું ભરોસા? સામેવાળા બાવાઓની સામે પૈસાઓના ઢગલા કરી નાખશે, ઢગલાબંદ માણસો લાવી દેશે અને મોટા કાર્યક્રમો યોજશે. તેની સામે તમે શું કરી શકશો? સાધુઓ તમારી વાત માનશે કે સામેવાળાની? એમને કહ્યું કે, આ ન થાય. આમાં પડો નહિ. વડીલની વાતનો જવાબ નહતો અમારી પાસે. એટલે એમની વાત સાંભળીને ત્યાંથી નીકળ્યા તો ખરા. પણ મનમાં દાઝ રહી ગઈ. હિમ્મતભાઈની વાત સાચી હતી, પણ અમારું મન મક્કમ હતું કે આપણે આ કામ કરવું તો છે. રતનશીભાઈએ કહ્યું કે ચંદ્રકાંત આપણે આ કામ કરવું છે. ગમે તે થાય, પણ કંઈક કર. એટલે તૈયારી કરવાનું નક્કી કર્યું. સતપંથ ઉપર અભ્યાસ તો ચાલુ હતોજ. મુખ્ય પુરાવાઓ અને દસ્તાવેજો પણ મોટાં ભાગે મેળવેલ હતા. પુસ્તકોની નકલો પણ તૈયાર હતી. એટલે જરૂર હતી માત્ર એક યોગ્ય તકની.

<u>25.1.</u> <u>શૃંગેરીના શંકરાચાર્ય:</u> યોગનું યોગ અમને તક (chance) તા. ૧૧-મે-૨૦૧૧ના દિવસે મળી જ્યારે શૃંગેરી (કર્નાટક)ના શંકરાચાર્યના મુખ્ય કર્તાહર્તા શ્રી વી.આર. ગૌરીશંકર સાહેબ (ભારત સરકાર દ્વારા "પદ્મશ્રી" એવાર્ડથી સન્માનિત) આપણા સંસ્કાર ધામ દેશલપર (વાંઢાય) ના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં આવ્યા ત્યારે. તે સમયે પરિસ્થિતિ એવી હતી કે, મને કોઈ ઓળખતું નહોતું. પણ સનાતન ધર્મ જાગૃતિ સમિતિ જે ખોટી રીતે "સમાજ તોડું" તરીકે ઓળખાતા, એ લોકોને બાજુમાં આવવા કોઈ આગેવાન તૈયાર નહોતા. આવી પરિસ્થતિમાં સંસ્થાઓના કર્તાહર્તાઓની વચ્ચે ઘૂસવું, શ્રી વી.આર. ગૌરીશંકર સુધી પહોંચવું અને તેમને સમય આપવા માટે રાજી કરવા એ પણ બહુ કઠિન કામ હતું. માંડ-માંડ માત્ર ૧૫ મિનિટનો સમય ગૌરીશંકર સાહેબ પાસેથી મળ્યો. ત્યારે મને એવું લાગ્યું કે આવડી લાંબી વાતો કરવી અને માત્ર ૧૫ મિનિટનું સમય, આમાં તો કામ ન થાય. મારું મનોબળ ઢીલું થઈ લાગ્યું. ત્યારે રતનશીભાઈએ છક્કી આપતા કહ્યું કે મૂક..., હાલ..., ૧૫ મિનિટ તો ૧૫ મિનિટ, આપણે આપણું કામ કરવું છે. રતનશીભાઈની એનર્જી (ઊર્જા) થી આખી ટીમમાં જોશ આવી ગયું.

રતનશીભાઈની વાતથી કામ આગળ વધ્યું. હું, રતનશીભાઈ, હિમ્મતભાઈ, રમેશભાઈ વાગડીયા, મારા મોટા ભાઈ ધનશ્યામભાઈ અને વિરાણી ગઢવાળા ગંગારામભાઈ પોકાર સાથે ગાડીમાં નીકળ્યા. ગૌરીશંકર સાહેબના ઉતારાની સ્થાને ગયા (ગામ સામત્રાની બાજુમાં). ૧૫ મિનિટની, જે સાંજે ૦૫:૩૦ કલાકથી ચાલુ થઈ તે પાણી-પેશાબ જેવા કોઈ પણ જાતના Break/વિરામ વગર રાત્રે ૧૧:૩૦ વાગે સુધી એક ધારી ચાલી. આપણી વાતને એ ભાઈએ દિલથી સાંભળી. અમે તેમને એક Powerpoint Presentation આપ્યું. અમે ક્યાંક જલદીથી વાત આગળ વધારતા, તો અમને રોકીને કહેતા કે ના... પાછા જાવ, પેલી વાત સમજાવો. છેવટે એમના રસોઈયાએ ફાયર નાખી. એને કહ્યું કે મારી છેલ્લી બસનો સમય થઈ ગયો છે. ગૌરીશંકર સાહેબને કહ્યું કે તમે જમી લો, નહીં તો હું ઘરે નહીં જઈ શકું. એટલે રાત્રે ૧૧:૩૦ વાગે અમારી વાત પૂરી કરી. આપણી વાત સમજવા માટે ગૌરીશંકર સાહેબે ખૂબ રસ લીધો એને આપણને આશ્વાસન આપ્યું કે હું તમને સતપંથ અંગે પ્રમાણપત્ર આપીશ. આ સારા કામનું નિમિત્ત સંસ્કાર ધામ બન્યું, એ પણ સારી વાત થઇ.

કામ આગળ તો વધ્યું, પણ હજી કંઇક કઠિનાઈ બાકી હશે. અમે રાજી-રાજી થઈને પોતપોતાના કામે લાગી ગયા. પણ પછી કંઈ હલચલ થઇ નહીં. ફોન કરું તો સાહેબ ક્યાંક વ્યસ્ત હોય. ફોન પર આવે નહિ. મોટા ભાગે માણસ ફોન ઉપાડે. પોતે ફોન ઉપાડે તો આશ્વાસન આપ્યા રાખે કે કરી આપું છું. આવી રીતે અમુક મહિનાઓ નીકળી ગયા. હિમ્મતભાઈ કડક ઉઘરાણી કરવા લાગ્યા કે, કેમ થયું ભાઈ?... કેમ થયું? મેં તેમને પરિસ્થિતિથી સંપૂર્ણ રીતે વાકેફ કર્યા. મેં કહ્યું કે હવે મને પણ વિચાર આવે છે કે કેમ થશે. આ દરમ્યાન એક વખત હિમ્મતભાઈના ઘરે અમુક સનાતની મિત્રો ભેગા થયા હતા. સામાજિક વાતો ચાલતી હતી. ત્યાં આ વાત નીકળી. તો કહ્યું કે એક વખત કોશિશ કરો, છેલ્લી કોશિશ કરો. આ છેલ્લી કોશિશમાં ગૌરીશંકર સાહેબે પોતે ફોન ઉપાડ્યો અને ખૂબ સારો પ્રતિસાદ આપ્યો. એમને કહ્યું કે ભાઈ તમે આવો અહીંયા, શૃંગેરી આવો, હું તમારું કામ કરી આપું છું.

૬ સત્ય શોધની જિજ્ઞાસાએ કરાવી અણધારી તૈયારીઓ

એટલે સતોરાત ફરીથી નીકળ્યા. હું, હિમ્મતભાઈ અને રતનશીભાઈ. પણ હજી કંઈક પીડા બાકી હશેને. તે સમયે વરસાદનું સીઝન/મોસમ હતું એટલે વરસાદના કારણે કોંકણ રેલવેની ટ્રેન વચ્ચે રત્નાગીરી સ્ટેશનમાં અટકી ગઈ. આના કારણે એક દિવસ અમારો બગડ્યો. રાતના ૧૨ વાગે અમે ઉડુપી પહોંચ્યા. અમૃતભાઈ ગોરાણી રાતના ૧૨ વાગે અમને ઉતારવા ઉડુપી સ્ટેશન પર લેવા આવ્યા. તેમના ઘરે ઉતારા આપ્યા. બીજા તા. ૧૯-જુલાઈ-૨૦૧૧ના દિવસે એમની ગાડીમાં અમને શૃંગેરી લઈ ગયા. શૃંગેરી ગયા તો, ગૌરીશંકર સાહેબ બેંગ્લોર માટે નીકળી ગયા હતા. પણ અમારી બધીજ વ્યવસ્થા કરી ગયા હતા.



શૃંગેરીના શંકરાચાર્ય શ્રી ભારતી તીર્થ મહાસ્વામીના આશીર્વાદ લેતા...
(ડાબેથી: ૧) શ્રી હિમ્મતભાઈ રતનશી ખેતાણી, મુંબઈ ૨) શ્રી અમૃતભાઈ ગોરાણી, ઉડુપી ૩) CA શ્રી ચંદ્રકાંતભાઈ કાંતિલાલ છાભૈયા, મુંબઈ અને ૪) શ્રી રતનશીભાઈ લાલજી દિવાણી, થાણા

શંકરાચાર્યજીને બધી વાત કરી હતી. શંકરાચાર્યને મળવું હોયને લાંબી લાઈનમાં ઊભા રહેવું પડે. શર્ટ અને ગંજી ઉતારીને મળવા જવું પડે. એ... લાંબી લાઈન હતી, ત્યારે એમને ખબર પડી કે આ લોકો આવ્યા છે, એટલે એ લાઈન અટકાવીને અમોને ૫ મિનિટ સાંભળ્યા. નહીં તો એ માત્ર આશીર્વાદ આપે અને આપણે નીકળીજ જવાનું હોય. એમને વાત વજન વાળી લાગી એટલે કહ્યું કે તમે ઊભા રહો, તમે અહીં બેસો, હું આ લાઈન પૂરી કરીને તમને મળું છું. લાઈન પૂરી કરીને અમને અડધો કલાક સુધી સાંભળ્યા. બધી વિટંબણાઓ સાંભળી, આપણું દર્દ જાણ્યું. શંકરાચાર્યએ કહ્યું કે તમે જે કામ

કરી રહ્યા છો એ અમારા કામથી પણ વધારે મહત્ત્વનું કામ છે. તમારું કામ પુણ્યનું કામ છે. **શંકરાચાર્ય મહારાજના મહાન આત્માએ અમને આશીર્વાદ આપ્યા કે તમે તમારા કામમાં સફળ થશો.**

ત્યાંથી અમે નીકળ્યા અને પાછા મુંબઈ આવી ગયા. ત્યાર બાદ થોડું સંકલન પણ થયું. છતાંય પ્રમાણપત્ર મળ્યું નહિ. કરવું શું? પછી હિમ્મતભાઈ પણ કંટાળી ગયા અને ઉઘરાણી કરવાની બંધ કરી દીધી. પછી બચ્યા અમે બે, હું અને રતનશીભાઈ. હવે કરવું શું? રતનશીભાઈને કહ્યું કે ભાઈ હવે આવડું થયા બાદ પણ કામ ન થાય તો કેમ થાય? પણ અમે મૂક્યું નહીં. કરતા કરતા એક દિવસ પ્રમાણ પત્ર આવી ગયું. આખરે શંકરાચાર્યજી તરફથી તા. ૦૬-સપ્ટેમ્બર-૨૦૧૧ વાળું પ્રમાણપત્ર મારા હાથમાં આવી ગયું. પણ રતનશીભાઈ અને મેં નક્કી કર્યું કે બાકીના ત્રણ પ્રમાણ પત્રો હાથમાં ન આવે, ત્યાં સુધી આ વાત ગુપ્ત રાખવી. નહીં તો આપણા વિરોધીઓ ત્યાં (બાકીના શંકરાચાર્યો પાસે) પહેલાં પહોંચી જશે. રૂપિયા પહોંચાડશે, ઢગલો કરશે, લાલચો આપશે, સાચી ખોટી વાતો કરીને તેમને ભરમાવશે.

<u>25.2. પ્રયાગરાજ (અલાહાબાદ) ના શંકરાચાર્ય:</u> ત્યાર બાદ અમે દિશા પકડી પ્રયાગરાજ (અલાહાબાદ / Allahabad). ઉત્તર ભારતના શંકરાચાર્યનો અલ્લાહાબાદ (પ્રયાગ) માં પણ તેનો આશ્રમ છે. અમારી કોઈ લીંક/ઓળખાણ નહોતી. પણ રતનશીભાઈ એમના સંપર્કમાં રહેલ એવા એક સાધુ (નામ હાલે ગુપ્ત રાખેલ છે) નો સંપર્ક કર્યો. એ સાધુએ અમોને ખૂબ મદદ કરી. સાધુઓમાં એક રિવાજ હોય કે એક સાધુની ત્યાં કોઈ મોટો સાધુ આવે તો આપણામાં નીયાણીને જેમ મોકલામણી આપવી પડે, તેમ સાધુઓમાં પણ મોટાં સાધુને મોકલામણી આપવી પડે. તેમનું વિશેષ અવગત-સ્વાગત કરવું પડે. આપણી વાત કરવા માટે એ સાધુએ શંકરાચાર્યને પોતાના હરિદ્વારના આશ્રમમાં આપણા માટે બોલાવ્યા. જેથી આપણે નિરાંતે શંકરાચાર્ય સાથે વાત કરી શકીએ. અને એનો સંપૂર્ણ ખર્ચ એ સાધુએ પોતાના ખીસામાંથી આપ્યો. આપણા પાસેથી આજ દિવસ સુધી ૧ રૂપિયો પણ નથી લીધો.

શંકરાચાર્યને આપણી વાત સમજાઈ અને એમને કહ્યું કે તમે અલાહાબાદ આવો, હું તમારું કામ કરી આપીશ. અલાહાબાદ ગયા, ૨-૩ ધક્કાઓ થયા. ૩-૪ દિવસ રોકાવું પડતું. તેમના માણસોને સમજાવતા, બનારસ પણ ગયા અને છેવટે લગભગ દોઢ વર્ષની મહેનતનું ફળ મળ્યું. તા. ૦૯-જુલાઈ-૨૦૧૨ ના અલાહાબાદમાં શંકરાચાર્યજી તરફથી પ્રમાણપત્ર અમોને મળ્યું. કારણકે વગર પૈસે કરવું. વગર સમાજનું બેનર, વગર કોઈ મોટું વિસિટિંગ કાર્ડ, વગર કોઈ મોટી ઓળખાણ, કંઈજ નહીં, માત્ર દિલની દાઝ બતાવીને કામ કરાવવું હતું.

> **<u>વિશેષ નોંધ:</u>** તા. ૧૪ થી ૧૬ નવેમ્બર ૨૦૧૮ના નખત્રાણા ખાતે કોટડા રોડ ઉપર આવેલ સતપંથના ખાના (જેણે હાલમાં નિષ્કલંકી નારાયણનું મંદિર કહેવામાં આવે છે) ની સ્થાપનાને ૧૦ વર્ષ પૂર્ણ થયાં તે નિમિત્તે એક ત્રણ દિવસીય કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં અમુક સાધુ સંતોની એક સભા બોલાવવામાં આવેલ હતી. એ કાર્યક્રમ દરમ્યાન તા. ૧૫-નવેમ્બર-૨૦૧૮ના અલાહાબાદ (પ્રયાગરાજ) ના શંકરાચાર્યના દંડી સ્વામી શ્રી જીતેન્દ્રાનંદ સરસ્વતીએ મંચ ઉપરથી જાહેરાત કરી કે સનાતનીઓ દ્વારા લાવવામાં આવેલ અલાહાબાદના શંકરાચાર્યનું પ્રમાણ પત્ર બોગસ છે, ખોટું છે.
>
> આ અંગે અમે અલાહાબાદના ગાદીપતિ શંકરાચાર્ય શ્રી વાસુદેવાનંદ સરસ્વતીને ફરિયાદ કરતો ફોન રતનશીભાઈ લાલજી દીવાણીએ કર્યો. અમોને અલાહાબાદ બોલવામાં આવ્યા. શંકરાચાર્યજી સ્વામી વાસુદેવાનાદ સરસ્વતીએ અમોને જવાબ આપ્યો કે તેમને તેમના પટ શિષ્ય જીતેન્દ્રનંદ સરસ્વતીને પૂછ્યું કે આ પ્રમાણપત્ર ખોટા નથી અને મારાજ આદેશથી મઠના નિયમ અને પરંપરા પ્રમાણે મઠના મુખ્ય સંચાલક શ્રી શીવાર્ચન શાસ્ત્રીજી દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે, તો પછી તમે નખત્રાણામાં આવું ખોટું કેમ બોલ્યા? શંકરાચાર્યજીએ અમોને એવું જણાવ્યું કે જીતેન્દ્રનંદજીએ સ્વામી હંસદેવાચાર્ય અને ફેઝપુરવાળા સતપંથના સાધુ શ્રી જનાર્દન મહારાજના કહેવાથી, પૂરતી તપાસ કર્યા વગર, સભામાં આવું કહી દીધું. અખિલ ભારતીય સંત સમિતિમાં મહામંત્રી તરીકે જોડાયેલા હોવાથી


સ્વામી હંસદેવાચાર્ય અને જનાર્દન મહારાજ સાથે નિકટતાનો સંબંધ હોવાથી તેમના પર આંધળો વિશ્વાસ મૂકવાની ભૂલ કરી છે. જેના માટે તેઓએ શંકરાચાર્યજી સામે દિલગીરી વ્યક્ત કરી હતી. પણ લોકો સામે સનાતનીઓ ખોટા છે એવી વાત ફેલાઈ ચૂકી હતી, તેને સુધારવા માટે કંઈ કરવાની જરૂર હતી. માટે શંકરાચાર્યજીએ ફરીથી તા. ૨૧-ફેબ્રુઅરી-૨૦૧૯ના એક લેખિત પત્ર આપવાનું આદેશ આપ્યો, જેમાં તેમના દ્વારા અગાઉ અપાયેલ તા. ૦૯-જુલાઈ-૨૦૧૨ વાળા પ્રમાણપત્રને સાચો જાહેર કર્યું. તે પ્રસંગે એક ફોટો પણ પાડવામાં આવેલ હતો, જેમાં શંકરાચાર્યજી એ પત્ર સમાજના ઉપપ્રમુખ વડીલ ગોપાલભાઈને આપે છે.



કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખ શ્રી ગોપાલભાઈ વાલજી ભાવાણીને સતપંથ વિષય ઉપર પત્ર આપતા પ્રયાગરાજ (અલ્લાહાબાદ)ના શંકરાચાર્ય શ્રી વાસુદેવાનંદ સરસ્વતી

શંકરાચાર્ય સાથે થયેલ આ મિટિંગમાં મારા સિવાય, રતનશી લાલજી દીવાણી, સમાજના ઉપપ્રમુખ શ્રી ગોપાલ વાલજી ભાવાણી, મૂળ ગામ નેત્રાના અને હાલે અલાહાબાદમાં રહેતા શ્રી મનોજભાઈ પરબત સાંખલા હાજર હતા. આ મિટિંગમાં શંકરાચાર્યજીએ એવું કહ્યું કે હું પીરાણા ગયો છું અને મેં ત્યાં બધું જોયું છે. પીરાણામાં બધુંજ મુસલમાન ધર્મની છે. હાલમાં ફેઝપુરના જનાર્દન મહારાજ તરફથી એવી વાત આવી છે કે પીરાણાના સતપંથીઓ હિંદુ બનવા માંગે છે. એટલે હિંદુ બનાવવા માટે હું કદાચ પીરાણા જાઉં. આ વાત સાંભળીને શંકરાચાર્યજીને કહ્યું કે સતપંથીઓ હિંદુ બનતા હોય તેમાં અમોને કોઈ વાંધો નથી. પણ ધ્યાન રાખજો કારણ કે આપની પીરાણાની મુલાકાતનો મોટે પાયે દુરુપયોગ થવાની પૂરે પૂરી સંભાવના છે. શંકરાચાર્યજીએ જવાબ આપ્યો કે મને પ્રયત્ન કરવાની એક ઈચ્છા છે. સુધર્યા તો ઠીક, નહીં તો ભલે થાય મુસલમાન.

25.3. પૂરીના શંકરાચાર્ય: એના બાદ અમે દિશા પકડી પૂરીની (જગન્નાથ પુરી, ઓડીશા). અલાહાબાદનો અનુભવ હતો એટલે એક વર્ષ અગાઉથી મેં ત્યાંના શંકરાચાર્ય સાથે પત્ર વ્યવહાર ચાલુ કરી દીધો હતો. સાથે સાથે દ્વારકા પણ પત્ર વ્યવહાર ચાલુ કરી દીધો હતો. સંસ્કાર ધામના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં સ્વામીજી આવેલ હતા. તેનાં સિવાય બીજી કોઈ જાણકારી નહોતી. પુરીમાં કોઈની એટલે બિલકુલ કોઈની ઓળખાણ નહિ. પ્રયાગરાજ/અલાહાબાદથી પ્રમાણ પત્ર મળી ગયું એટલે. સીધો ફોનજ કર્યો પૂરીના શંકરાચાર્યની ઑફિસમાં. ઓળખાણ આપી. પત્ર વ્યવહાર ચાલુ હતો એટલે કામ સહેલું થઇ ગયું હતું. કાર્યાલયનો ભાઈ ઓળખી ગયો. કહ્યું કે હા હા તમારા પત્રો આવ્યા છે. મેં કહ્યું કે આ કામ માટે મળવું છે. તો એમને કહ્યું કે એક કામ કરો કાલે ફોન કરો. હું શંકરાચાર્ય સાથે તમારી વાત કરીને તમારી માટે સમય લઉં છું. બે દિવસમાં ફોન કરીને તેમની પાસેથી સમય જાણી લીધો. વળી પાછા હું અને રતનશીભાઈ બે ત્રણ થેલાઓ ભરી પુરાવાઓ તેમજ મહત્ત્વના દસ્તાવેજોને હિન્દીમાં ભાષાંતર કરીને લઈ ગયા. ખંભા વજન ન ઉપાડી શકે એટલા વજનદાર થેલાઓ હતા.



જગન્નાથ પૂરીના શંકરાચાર્ય
સ્વામી નીસ્ચલાનંદ સરસ્વતીજી


પુરીના શંકરાચાર્ય ખૂબ હિંમતવાન નીવડ્યા. તેઓ અભય અને નીડર છે. આ એજ શંકરાચાર્ય છે, જે સંસ્કાર ધામના ઉદ્દ્ઘાટનમાં આવ્યા હતા. સંસ્કાર ધામમાં વેદ મંદિરનું વિમોચન એમને કરેલ હતું. એમની પાસે સતપંથની વાત પહોંચી ગઈ હતી. તેઓએ તા. ૨૬-ઓગસ્ટ-૨૦૧૨ના પ્રમાણપત્ર આપતા કહ્યું કે તમે ચિંતા નહિ કરતા. સતપંથવાળા કદાચ મારા ઉપર કેસ કરશે તો હું એમને પહોંચીવળીશ. તમે મારું આ પ્રમાણપત્ર જાહેરમાં બાંટો, બધાને કહો. કોઈ પણ કેસ થશે તો આપણે બધી રીતે પહોંચી વળશું. દેશના પ્રધાનમંત્રી સાથે મારી સીધી હોટલાઈન છે. હું ગમે ત્યારે ફોન ઉપાડીને પ્રધાનમંત્રીને વાત કરીશ. આપણે ક્યાંય અટકશું નહીં. આવી રીતે એમનું પ્રમાણપત્ર પણ મળ્યું.

25.4. દ્વારકાના શંકરાચાર્ય અને ભારત સાધુ સમાજ: પછી દ્વારકાનો વારો આવ્યા. દ્વારકાના શંકરાચાર્યનો સંપર્ક કરવામાં અમે થોડા ડરતા હતા. કારણકે આ દોડભાગમાં અમારી પાસે એવા ફોટાઓ અને વાતો આવેલ હતી, જેમાં દ્વારકાના શંકરાચાર્ય સ્વરૂપાનંદજી ધોળકાના સતપંથ ખાનામાં દર્શન કરવા ગયા હતા. અને એવી વાતો સાંભળી કે દ્વારકાના શંકરાચાર્ય સતપંથને હિંદુ તરીકે માને છે. પુરાવાઓ તરીકે ફોટાઓ દેખાડે એટલે પહેલી નજરે તો વાત સાચી લાગે. માટે વિચાર કર્યો કે જે થવાનું હોય તે ભલે થાય. આપણે કોશિશતો કરીએ, પ્રયત્નતો કરીએ. સફળતા મળે કે ન મળે. ક્યાંકથી રતનશીભાઈને ખબર પડી કે દ્વારકાના દંડી સ્વામી



દ્વારકા શંકરાચાર્ય ગાદીના દંડી સ્વામી શ્રી સદાનંદ સરસ્વતી પાસેથી સતપંથ ઇસ્લામ ધર્મ હોવાનું પ્રમાણ પત્ર લેતા
૧. શ્રી રતનશી લાલજી દીવાણી અને ૨. શ્રી ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા

રતનશીભાઈને ખબર પડી કે દ્વારકાના દંડી સ્વામી સદાનંદજી સરસ્વતી મુંબઈના ગોરેગાવ વિસ્તારમાં તા. ૦૫-નવેમ્બર-૨૦૧૨ના આવ્યા છે. અડધા કલાકનો સમય મળ્યો છે એટલે આપણે જઈએ પ્રયત્ન કરીએ. એ સ્વામીજીએ જે અડધા કલાકનો સમય આપેલ હતો, તેને અઢી કલાક પહેલાં અમને ઊઠવા ન દીધા. પછી એમની ફ્લાઈટનો સમય થઈ ગયો એટલે એમને કહ્યું કે, વાત અધૂરી રહી જાય છે, મને હજી ઘણું બધું જાણવું છે. તમે એકદમ સાચા છો. એટલે તેમણે કહ્યું કે તમે એક કામ કરો, તમે દ્વારકા આવો. એ સંસ્કાર ધામ આવી ગયા હતા, એટલે બધી ખબર હતી એમને. એમને કહ્યું કે હમણાં હું પૂરી જાઉં છું, થોડા દિવસ પછી દ્વારકા પહોંચીશ. તમે દ્વારકા ફોન કરજો, હું તમને સમય ફાળવીશ. થોડા દિવસ પછી ફોન કર્યો ત્યારે તરતજ ટૂંક સમયમાં દ્વારકામાં મળવાનો સમય આપ્યો. એ દિવસ હતો “કાળીચૌદસ”નો.



જૂનાગઢ સ્થિત ભારત સાધુ સમાજના
શ્રી ગોપલાનંદગીરી બાપુ પાસેથી આશીર્વાદ લેતા
શ્રી ચંદ્રકાંતભાઈ કાંતિલાલ છાભૈયા

ટૂંકા ગાળામાં અમોને બોલાવેલ હોવાના કારણે રતનશીભાઈ અને હું, રાતોરાત ગાડી લઇને નીકળ્યા. રાતના નીકળ્યા, રાત્રે એક જગ્યાએ રોકાયા અને બીજા આખા દિવસે ગાડી ચલાવીને દ્વારકા રાત્રે પહોંચ્યા. અમારી બધી વ્યવસ્થા ત્યાં કરેલી હતી. ફ્રેશ થઇને ત્યાં એક લાઈબ્રેરી હતી. તેમાં એક મોટો હોલ હતો. અમોને એ હોલમાં હાજર થવા માટે કહ્યું અને કહ્યું કે સ્વામીજી ત્યાં મળશે. અમને એમ કે અમે હોલમાં એકલા છીએ. ત્યાંતો સ્વામીજી દેખાયા. એક ખૂણામાં સ્વામીજી ઊભા ઊભા સતપંથનો અભ્યાસ કરતા હતા. એમની લાઈબ્રેરીમાં સતપંથ વિષયના દસ્તાવેજો અને પુરાવાઓ હતા. એમને અમારી વાતને ક્રોસ ચેક (Cross Check) કરેલ હતી, સ્વતંત્ર રીતે ચકાસેલ હતી. આના કારણે એમને અમારા ઉપર પૂરે પૂરો વિશ્વાસ બેસી ગયો. એમની પાસે જે પુરાવા નહોતા, એ વધારાના પુરાવાની કોપી અમારા પાસેથી મેળવીને એમના સહાયકને આપી. સમય ઘણો વીતી ગયો હતો એટલે એમણે કહ્યું કે કાલે સવારના આપણે વાત કરશું.

એટલે અમે જે થેલાઓ ભરીને પુસ્તકો અને પુરાવાઓ લઈ ગયા હતા તેને સમજાવવા અને તેના બારામાં વાત કરવા બે થી ત્રણ કલાક લાગશે, એવી માનસિકતા અને તૈયારી કરીને બીજા દિવસે સવારે મળવા ગયા. પણ અમને વાત કરવાની જરૂરજ ન પડી. તા. ૧૨-નવેમ્બર-૨૦૧૨ વાળું પ્રમાણપત્ર પહેલાંથીજ તૈયાર હતું. જતાંજ અમને પ્રમાણપત્ર હાથમાં આપી દીધું. માત્ર આટલું નહિ, એમને **ભારત સાધુ સમાજ, બીલખા, જૂનાગઢના** પ્રમુખ સાધુ ગોપાલાનંદજી પાસે પોતાનો માણસ મોકલીને

25.5. જૂના અખાડા: દ્વારકાથી અમે નીકળ્યા. રસ્તામાં હતા ત્યારે, રતનશીભાઈની ઓળખાણવાળા જે સાધુએ આપણી મદદ કરી હતી, અલાહાબાદના શંકરાચાર્ય પાસેથી પ્રમાણપત્ર મેળવવા, એ સાધુને પહેલો ધન્યવાદ આપવો જોઈએ એવું અમને લાગ્યું. કારણ કે અલાહાબાદનું પ્રમાણપત્ર અમને ન મળ્યું હોત, તો અમે કદાચ આગળ ન વધ્યા હોત. એમને ધન્યવાદ માટે અમે ફોન કર્યો. ખૂબજ ખુશ થયા. એમને કહ્યું કે તમે આવડું બધું કરી લીધું છે તો તમે એક કામ કરો. તમે જૂના અખાડાને કેમ છોડી દો છો? સાધુઓનું સહુથી મોટું સંગઠન, જૂનું, પ્રાચીન, એટલે જૂના અખાડા, હરિદ્વાર ત્યાંના મહામંત્રી હાલે કચ્છમાં છે. એમને કહ્યું કે તમે કચ્છમાં જાઓ, મેં વાત કરી રાખી છે, તમારું કામ થશે.



રતડીયા(માંડવી) સ્થિત જૂના અખાડાના
શ્રી ગીરીજાદત્ત ગીરી મહારાજ પાસેથી આશીર્વાદ લેતા
શ્રી રતનશીભાઈ લાલજી દીવાણી

એટલે દ્વારકાથી ગાડી વાળી સીધી કચ્છ તરફ એ મહામંત્રી શ્રી ગીરીજાશંકર મહારાજ, પણ રતનશીભાઈના સંપર્કમાં હતા. રાતના ૧૧ વાગે અમે રતડીયા (માંડવી) સ્થિતિ આશ્રમમાં પહોંચ્યા. એ સાધુ મોટી ઉંમરના હતા. થોડા ચતરા (હોંશિયાર) હતા. એમને એવું લાગ્યું હશે કે આ છોકરાનો ભરોસો કેમ કરવો? પણ જેમ ભારત સાધુ સમાજના બીલખાવાળા ગોપાલાનંદજીની વાત નીકળી એટલે સાધુ બાપા સજાગ થઈ ગયા. બાપાએ કહ્યું કે આમનું નામ છે, તો વાતમાં કંઇક વજૂદ છે. એમને અમારી સામે ગોપાલાનંદજીને ફોન કર્યો. ગોપાલાનંદજીએ સામે શું કહ્યું એ ખબર નથી, પણ આ સાધુ બાપાએ એમ કહ્યું કે ઠીક હૈ, ઠીક હૈ, મૈં અભી દે દેતા હૂં. બેઠે બેઠે તેજ ઘડીએ અમને તા.૧૨-નવેમ્બર-૨૦૧૨ વાળું પ્રમાણપત્ર આપી દીધું, રાતના જ.

25.6. સમાજને જાણ: ત્યાંથી એજ ઘડીએ અમે નીકળ્યા. બે ત્રણ દિવસથી સતત ડ્રાયવીંગ કરીને ખૂબ થાકી ગયા હતા. હવે ગાડી ચલાવી શકાય એવું હતું નહીં. આ દિવાળીના દિવસની ઊગતી સવારવાળી રાત હતી. રાતના હાઇવે પર એક ધાબામાં ગાડી પાર્ક કરી, હું અને રતનશીભાઈ ગાડીમાંજ સીટ પર બેઠા બેઠા સૂઈ ગયા. અમને દ્વારકાના દંડી સ્વામીએ વિનંતી કરેલ હતી કે તમે બીલખના ગોપાલાનંદજી સ્વામી, જે ત્યારે ૧૦૮વર્ષના હતા, તેમના આશીર્વાદ લેતા જજો. માટે આશીર્વાદ લઇને સાંજે મુંબઈ ઘરે પહોંચી જવું હતું, કારણને દિવાળી જેવો આપણો સહુથી મહત્ત્વનો તહેવાર હતો. પરિવાર સાથે આ શુભ દિવસે રહીએ એવી બધાની ઈચ્છા હોય .

૨-૩ કલાક આરામ કરી, બંદૂકની ગોલીના જેમ ગાડી ચાલી અને બીલખા દિવસ ઊગતાં પહોંચી ગયા. એ ૧૦૮ વર્ષના સાધુનો પાવર જોઈએ તો આપણને લાગે કે આપણે હજી ઘણા કાચા છીએ. એ સાધુએ કહ્યું કે છોડતા નહીં આ લોકોને. મેં આ અંગે સ્થાનિક સમાચાર પત્રમાં ખબર છપાવી દીધી છેજ.પછી જૂનાગઢમાં બીજા એમના ચેલા સાધુને, RSS ના એક ભાઈ તેમજ પત્રકાર વગેરેને પણ મળવાનું થયું. બપોરે જમીને ત્યાંયથી નીકળ્યા અને પછી અમે નક્કી કર્યું કે હવે (રસ્તામાં હતા ત્યારેજ) આપણને જોઈતા બધાજ પ્રમાણપત્રો મળી ગયા છે તો હવે શંકરાચાર્યોના પ્રમાણ પત્રોની જાણ આપણે સમાજના આગેવાનોને કરીએ.

એટલે પહેલો વહેલો ફોન અમે રસ્તામાંથી હિમ્મતભાઈને કર્યો. અશક્ય કામ શક્ય બને ત્યારે આપણું મન થોડી વાર માને નહીં, તેવી રીતે, હિમ્મતભાઈ માનવાજ તૈયાર નહીં. પણ ખૂબ રાજી થયા. ખુશ થઇને બોલ્યા, શું વાત કરો છો? તરત ગંગારામબાપાને દિલ્લી ફોન કર્યો. અને ત્યાર બાદ વાત ઝડપે ફેલાણી. હંસરાજભાઈ ધોળુને પણ ફોન કર્યો. રસ્તામાં અમે હતા, ત્યારે અમે સુરત/કડોદરા પાર કરતા હતા, ત્યારે ગૌરાંગભાઈ ધનાણીને ખબર પડી કે આ લોકો આવી રીતે આવી રહ્યા છે, ત્યારે તેમને અમોને ઊભા રખાવ્યા જેથી કરીને અમોને થોડો આરામ પણ મળી જાય. એમને અમોને રસ્તામાં કલાક જેટલા સમય માટે વિરામ કરાવડાવ્યો. નાસ્તો કરાવ્યો, ત્યાં એક એક પત્રકારને બોલાવ્યો અને અમારી પાસે વાત સમજી લીધી. દામોદરભાઈ ભાવાણી (દામોદર કચ્છી) સુરતવાળાએ આ ખબર પ્રકાશિત કરવા માટે સહયોગ આપ્યો અને ત્યાર બાદ આ ખબર સર્વેને જાણ થઈ.

આવી રીતે સર્વે શંકરાચાર્યોએ આપણને સહયોગ આપેલ છે. એક પણ રૂપિયો લીધા વગર શંકરાચાર્યો અને સાધુઓએ આપણને પ્રમાણપત્રો આપેલ છે. આના પરથી એમના મનમાં હિંદુ ધર્મ માટે દાઝ કેટલી હશે એ દેખાઈ આવે છે. આપણે સર્વેને ગૌરવ થશે કે બધા હિંદુ સાધુઓ કંઈ પૈસાથી નથી વહેંચાતા. સાચી વાતના પક્ષમાં ઊભા રહેવા વાળા માણસો છે. આપણી વાત સાચી હોવી જોઈએ. વ્યક્તિગત સ્વાર્થ લઈને વાત કરીએ તો એને ઓળખી જતા હોય છે.

25.7. કોલ્હાપુરના શંકરાચાર્ય: શૃંગેરી શંકરાચાર્ય મઠની એક શાખા છે કોલ્હાપુરમાં, જેનું નામ છે “કરવીર પીઠ”. કોલ્હાપુરના શંકરાચાર્યએ આજથી લગભગ ૯૦ વર્ષ પહેલાં તા. ૨૫-એપ્રિલ-૧૯૩૧ના સતપંથ મુસલમાન ધર્મ છે, એવું પ્રમાણપત્ર આપ્યું હતું. એ પ્રમાણ પત્ર આ કાર્યમાં આપણા હાથમાં આવ્યું. ખાનદેશ, જલગાંવની આસ પાસ રહેતા, લેવા પાટીદાર સમાજ, મહારાષ્ટ્રમાં જે સતપંથ પ્રત્યે જાગૃતતા આવેલ હતી, તે સમયમાં અને તે લોકોએ સતપંથીઓને ઈ.સ.૧૯૦૬ અને ૧૯૨૨માં નાત બહાર કરેલા હતા. જ્ઞાત બહાર કરવાના દસ્તાવેજોમાં જોતાં ખબર પડી કે કોલ્હાપુરના શંકરાચાર્યએ સતપંથને મુસલમાન ધર્મ જાહેર કરેલ છે. આ પ્રમાણપત્ર બહુ જૂનું હતું એટલે આપણને એમ લાગ્યું કે આપણે હાલના શંકરાચાર્ય સાથે વાત કરીતો જોઈએ, તેમને આ વિષય ઉપર કેટલી જાણકારી છે. હાલના શંકરાચાર્યને આ બધી વાતની ખબર હતીજ નહિ. પણ ફોન ઉપર કહેતા કે તમે અહીં આવો, આપણે ચર્ચા કરીશું. ઘણા સમય સુધી આવી વાતો ચાલતી હતી. પણ કોઈ સારા સંજોગો આવતા નહોતા.

આવામાં એક વખત મારા મોટા ભાઈ ધનશ્યામભાઈ કોલ્હાપુર બીજા કોઈ કામ સર ગયા હતા. એ કામ પતાવીને તેમની પાસે સમય હતો એટલે કોલ્હાપુરવાળા એ શંકરાચાર્યને એમના આશ્રમમાં જઈને મળ્યા અને વાત કરી. શંકરાચાર્યએ કહ્યું કે તમે આવો, હું તમારું કામ કરી આપીશ.

કોલ્હાપુર એટલે તે સમયના સતપંથના પ્રમુખનું ગઢ હતું. સિંહના મોઢામાંથી દાંત કાઢી લાવવા જેવું કામ હતું. પાછી ખબર ન પડવી જોઈએ. માટે, અમે એટલે હું, પ્રમુખશ્રી અબજીભાઈ, રમેશભાઈ, રતનશીભાઈ, ધનશ્યામભાઈ, પ્રેમજીભાઈ આ બધા નીકળ્યા. અને હરિભાઈ માવજી વાગડિયાનો સંપર્ક કર્યો. તેમને કહ્યું કે તમે આવો, તમારા આવવાના બારમાં કોઈને ખબર પડવા નહીં દઈએ. શંકરાચાર્યને મળીને માંડીને બધી વાત કરી. જેથી શંકરાચાર્યને સંપૂર્ણ રીતે ખાતરી થઈ ગઈ એટલે એમને પ્રમાણ પત્ર આપવાનું આશ્વાસન આપ્યું. અને પાછળથી થોડા દિવસ પછી તા. ૦૧-જુલાઈ-૨૦૧૬ના પ્રમાણપત્ર આપ્યું. અને એ લેવા ગયા ત્યારે હિમ્મતભાઈ અને કોલ્હાપુરના સી.એ. દયારામભાઈ ભાદાણી પણ સાથે હતા. આ પ્રમાણપત્રમાં આપણી સતપંથની રણનીતિને ખૂબ સારી રીતે ખુલાસા પૂર્વક સમજાવેલ છે. તે પત્રમાં જણાવેલ છે કે ભલે ગમે તેટલું બાહ્ય હિંદુ દેખાવ કેમ ન કર્યું હોય, સતપંથ આખરે મુસલમાન ધર્મ છે.



કોલ્હાપુર સ્થિત કરવીર પીઠના શંકરાચાર્ય શ્રી વિદ્યાનૃસિંહ ભારતી સ્વામી (વર્ષ ૨૦૦૪માં ગાદી પર બિરાજેલ) ની સતપંથ વિષે જાણકારી આપવા લીધેલ મુલાકાત

<u>ડાબેથી:</u> ૧) ધનશ્યામ કાંતિલાલ છાભૈયા, મુંબઈ ૨) પ્રેમજી ભાણજી કેશરાણી, ખારઘર - નવી મુંબઈ ૩) મોહનભાઈ હરીભાઈ દીવાણી, ઇચલકરંજી ૪) હરિભાઈ માવજી વાગડિયા, કોલ્હાપુર ૫) રમેશભાઈ માવજી વાગડિયા, બેંગ્લોર

<u>શંકરાચાર્યની બાજુમાં ઉભા:</u> ૬) ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા, મુંબઈ ૭) રતનશી લાલજી દીવાણી, થાણા ૮) શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી, ખારઘર – નવી મુંબઈ અને ૯) વાલજીભાઈ જીવરાજ દીવાણી, ઇચલકરંજી

<u>વિનંતી:</u> મારી વિનંતી છે જ્ઞાતિ જનોને કે જ્ઞાતિએ શંકરાચાર્યનું ઋણ સ્વીકારનું કંઇક કરવું જોઈએ. આપણી જ્ઞાતિનું બહુ મોટું કામ થયું છે. કમસે કમ એક ડેલીગેશન જાય, ચારે જગ્યાએ. એમની સભા બોલાવીએ તો બહુજ સારું થાય. સંસ્કાર ધામ કે ઉમિયા માતાજી વાંઢાય આ અંગે યોગ્ય રીતે આગળ વધે.

<u>26. અન્ય સ્ત્રોતો:</u> શાળાઓના પાઠ્ય પુસ્તકો (ધોરણ ૧૨) માં આપેલ વિગતો મેળવી. અમદાવાદની નાની નાની ગલીઓમાં ફરી, ધર્મની જૂની જૂની ચોપડીઓ વહેંચાતી હોય તે લીધી. જ્યાં આવી ચોપડીઓ છપાતી હોય, એવી પ્રિન્ટીંગ પ્રેસ ગોતી કાઢી અને ત્યાંથી પણ માહિતીઓ ભેગી કરી. પુસ્તક મેળાઓ અને પ્રદર્શનીઓમાં પણ ગયા અને ચોપડીઓ ભેગી કરી. આ લેખમાં જણાવેલ પુરાવાઓ માત્ર દાખલા રૂપ અહીં જણાવેલ છે. ઘણા સ્ત્રોતો(sources)થી સારા સારા પુરાવાઓ મહા મહેનતે મેળવેલ છે.

પુરાવા ભેગા કરવાના ઘણા સ્ત્રોતોને આ પુસ્તકમાં જાહેર નથી કરવામાં આવ્યા. માહિતી આપનાર લોકોની સુરક્ષા અને પુરાવાઓને કોઈ નુકસાન ન થાય એ હેતુથી, અમારા દ્વારા માહિતી ભેગી કરવા માટે લીધેલ અમુક મુલાકાતોની પણ ચર્ચા આ પુસ્તકમાં નથી કરવામાં આવી. પણ મારી પાસે આ તમામ જાણકારીને અલગથી વ્યવસ્થિત રીતે નોંધેલ છે. ભવિષ્યમાં યોગ્ય સમયમાં મોકો મળશે તો આ સંસ્મરણો વિષે એક અલગ પુસ્તક બહાર પાડવાનો પ્રયત્ન કરીશ અને તેમાં તમામ વિગતો આવરી લેવાની કોશિશ કરીશ. જે જે લોકોએ અમોને સહયોગ આપ્યો છે એમના નામો, ઘટનાઓની તારીખ વાર વિગતો, આંતરિક ચર્ચાઓ, વિચારો, રણનીતિઓ, આવી પડેલ મુશ્કેલીઓ, માનસિક પરિસ્થિતિઓનું વિવરણ સામેલ હશે. તમામ કાચી નોંધો સમય સમય ઉપર વ્યવસ્થિત રીતે કરેલ છે. માત્ર તેમને પાકી કરીને વ્યવસ્થિત રીતે રજૂ કરવાની જરૂર છે. મારા ખાલી સમયમાં આ કરવાનો પ્રયત્ન જરૂર કરીશ.

27. ઊંઝામાં રજૂઆત: આવડી મહેનતના આધારે આપણે (સનાતન સમાજવાળાએ) ઊંઝામાં રજૂઆત કરી. આપણે એટલા બધા પુરાવાઓ ભેગા કરેલ છેને કે એક આખો ટેમ્પો ભરાય. ટેમ્પો ભરાય એટલા ચોપડા બધે સાથે લઈ ન જઈ શકાય. તેમજ પુસ્તકોના બધા પાનાઓ પણ કામના ન હોય. પણ એ બધા પાનાઓ વાંચ્યા અને તેમાંથી કામના પાનાઓનો નીચોડ કાઢ્યો. વિવિધ પુસ્તકો અને દસ્તાવેજોમાંથી મહત્ત્વના પાનાઓને ભેગા કરી એક દળદાર ૬૫૦ પાનાનો "સતપંથ સમસ્યા" નામનો ગ્રંથ તૈયાર કર્યો.

આ પુસ્તકમાં શરુઆતમાં એક પાવર પોઈન્ટ પ્રેસેન્ટેશન મૂકવામાં આવ્યું છે. એમાં આપણા બધાજ મુદ્દાઓ સામેલ કરેલ છે. સ્લાઈડમાં જણાવેલ મુદ્દાઓનો જે-જે પુરાવાઓ હોય તેની નકલ જોડી છે. તેને સીરીઅલ નંબર આપીને, પોઈન્ટ ટુ પોઈન્ટ મુદ્દા અને પુરાવાઓને એકબીજા સાથે લીંક/જોડેલ કરેલ છે. આવી રીતે તૈયાર કરીને આ "સતપંથ સમસ્યા" નામનું પુસ્તક ઊંઝાના પંચોને આપ્યું. આ પુસ્તક જોઇને ઊંઝાના વડીલોને ગળાડૂબ ખાતરી થઈ ગઈ અને આપણા માટે પ્રશ્નોજ બંધ કરી દીધા. તેમને પૂરી ખાતરી થઇ ગઈ કે સતપંથ ઇસ્લામ ધર્મ છે, ભલે તેનો ગમે તેટલો બાહ્ય હિંદુ દેખાવ કેમ ન હોય. કહ્યું કે હવે અમને કંઈ નથી જોઈતું તમારા તરફથી.

આ પુસ્તકની બે નકલો ઊંઝાવાળાએ સતપંથવાળાને આપી અને કહ્યું કે આની અંદર જણાવેલ મુદ્દાઓનો તમે જવાબ તૈયાર કરીને લાવો. વિરોધ કરવો હોય તો વિરોધ કરો. પુસ્તકમાં કોઈ ભૂલ હોય કે ખોટું હોય તો કહો. તમને સર્વેને આનંદ થશે કે આ પુસ્તકમાં સતપંથવાળા નાનો કે મોટો કોઈ પણ જાતનો વાંધો કાઢી શક્યા નથી. પ્રેમજીભાઈ કેશરાણી તરફથી મને એક વાતની જાણ કરવા ફોન આવ્યો કે સતપંથના હાલના પ્રમુખ શ્રી દેવજી કરસન ભાવાણી આ (સતપંથ સમસ્યા) ચોપડીનું અધ્યયન કરતા હશે, ત્યારે બહુ ઉગ્ર થઇ ગયા અને પ્રેમજીભાઈને કહ્યું કે તમે તો અમને "મુસલમાન" પુરવાર કરી દીધા.

આ ચોપડી તૈયાર કરતી વખતે માત્ર કેન્દ્ર સમાજ નહીં, પણ ઉમિયા માતાજી વાંઢાય અને સંસ્કાર ધામ, દેસલપર (વાંઢાય)ને પણ વિશ્વાસમાં લીધેલ છે. આના માટે મારા સાથે, હિમ્મતભાઈ ખેતાણી, રતનશીભાઈ દીવાણી અને અબજીભાઈ કાનાણીની એક ટીમ હંસરાજભાઈ ધોળુને એમની ભુજની ઑફિસમાં મળી. રતિલાલભાઈ પોકાર, સંસ્કાર ધામના મહામંત્રી,ને પણ બોલાવ્યા હતા. અને એક એક મુદ્દાની વિસ્તૃત ચર્ચા કરી. એના પુરાવાઓની ચર્ચા કરી અને વડીલોને વિશ્વાસમાં લીધા. એટલે આપણી જ્ઞાતિની ત્રણે પાંખનું સહિયારું આ પુસ્તક છે.

તેવીજ રીતે Internal File Note પુસ્તક (જુઓ પેજ ક્ર ૧૨૦) અને સતપંથ સમસ્યા પુસ્તકને વિલય (merge) કરીને, વ્યવસ્થિત રીતે માહિતી મળે એ રીતે આ આ પુસ્તકના Section 2 (પેજ ક્ર ૧૧૦) માં પ્રકાશિત કરવામાં આવેલ છે.

૭

સતપંથના પાયામાં છે તાકિયા, એટલે છેતરપિંડી

(ઊંઝામાં થયેલ કાર્યવાહીને બારીકાઇથી સમજવા માટે પહેલાં તાકિયાને સમજવું જરૂરી છે. એટલે પહેલાં આપણે તાકિયા શું છે, એ બરાબર જાણી લઈએ.)

1. સ્થાપનામાં નડતર :

ઇસ્લામ ભારતમાં બે રીતે ફેલાયો. એક છે બળથી (તલવારના જોરે) અને બીજો છે કળથી (બુદ્ધિના જોરે). આમાંથી સતપંથ ધર્મ બીજા પ્રકારે એટલે બુદ્ધિના જોરે ફેલાવો કરવામાં આવ્યો. ઇસ્લામના પ્રચારકો જ્યારે ભારત આવીને ધર્મનો પ્રચાર કરવા લાગ્યા, ત્યારે તેમને શરૂઆતમાં કોઈ ખાસ સફળતા નહોતી મળતી. તેનાં મુખ્ય બે કારણો હતા...

a) હિંદુ ધર્મના મૂલ્યો એટલા ઊંચાં હતાં કે ઇસ્લામ તેની બરાબરી કરી શકતું ન હતું. હિંદુઓના મૂલ્યો અને આચરણો એટલા ઉચ્ચ હતા કે સતપંથ કોઈ નવી વાત સામે મૂકીને હિંદુઓને આકર્ષી નહોતું શકતું.

b) હિંદુ ધર્મની વર્ણ વ્યવસ્થાનું મજબૂત રક્ષા કવચ. આ વ્યવસ્થામાં અગર કોઈ માણસ વિધર્મ અપનાવે તો તેને હિંદુ સમાજથી જ્ઞાત બહાર થવું પડતું. એ જમાનામાં જન્મથી મરણ સુધીના તમામ સામાજિક વ્યવહારોના પ્રસંગો નિકટના પરિવારજનો અને ભાઈઓ વગર પાર ન પડે એવી પરિસ્થિતિ હતી. આવી વ્યસ્થામાં સમાજ બહાર થયેલા માણસનું ટકી રહેવું અસંભવ હતું. એટલે હિંદુઓમાં સતપંથ ધર્મ ફેલાઈ નહોતો શકતો.

આવી સમસ્યાના ઉકેલમાં ઇસ્લામના પ્રચારકોએ એવી યુક્તિ શોધી કાઢી. યુક્તિ એવી હતી કે જેનાથી હિંદુ ધર્મના મજબૂત કવચને તેઓ ભેદી શક્યા અને ઇસ્લામમાં ધર્મપરિવર્તન કરવાનું કામ પણ સહેલું બનાવી શક્યા. એ યુક્તિ એવી ઘાતક હતી કે ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિ પોતાના હિંદુ સમાજમાંજ રહીને ઇસ્લામધર્મ પાળતો થઇ જાય, તોય હિંદુ સમાજને ખબર પણ પડે નહીં.

2. નડતરનો ઉકેલ:

સતપંથના પ્રચારકોએ સામે ઉપર જણાવ્યા પ્રમાણે જે બે નડતરો હતી તેનો ઉકેલ શોધવા માટે તેઓએ ઇસ્લામના **"તાકિયા"** પદ્ધતિનો ઉપયોગ કર્યો. તેઓએ એક એવો નવો પંથ સ્થાપ્યો જેનું મૂળ બીજ ઇસ્લામનું રાખ્યું અને તેનું બાહ્ય આવરણ હિંદુ ધર્મનું રાખ્યું. તેનું બાહ્ય સ્વરૂપ અને તેનાં બાહ્ય આચારો-વિચારો હૂબહૂ હિંદુ ધર્મના જેવાજ રાખ્યા. આ પંથમાં હિંદુ ભગવાન રામ, કૃષ્ણ, બુદ્ધ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે દેવોના નામોનો ઉપયોગ કર્યો. અને આવા હિંદુ દેવોના મોઢે, ખાસ ભગવાન વિષ્ણુના મોઢે, ઇસ્લામ ધર્મના આ પંથનો પ્રચાર પ્રસાર કરાવ્યો. હકીકતમાં ઊંડાણમાં જોઈશુંતો તો ગુપ્ત રીતે અલ્લાહના સ્વરૂપનેજ પૂજવાની વ્યવસ્થા ગોઠવી છે. હિંદુ ભગવાન વિષ્ણુના દશાવતારને ભ્રષ્ટ કરી તેમાં ઇસ્લામીકરણ ઘુસાડી સતપંથનો મૂળ ધાર્મિક ગ્રંથ દશાવતાર ગ્રંથ બનાવાયો. તેમાં ઇસ્લામના સ્થાપક મુહમ્મદ પૈગંબરના કાકાઈ ભાઈ અને જમાઈ એટલે હજરત મૌલા અલીને ભગવાન વિષ્ણુનો ૧૦મો અવતાર બતાવી દીધો. આ એજ અલી છે, જેણે દુનિયાભરના શિયા મુસલમાનો તેમના આરાધ્ય ગણે છે. આ પંથને કલિયુગનો સાચો હિંદુ ધર્મ તરીકે રજૂ કરવામાં આવ્યો. અનુયાયીઓને ખાસ સુચના આપવામાં આવતી કે તેમના નવા પંથની વાત એકદમ ગુપ્ત રાખવી. નહીં તો મરણ પછી તેમને અમરાપુરી (સતપંથ વિશેષ સ્વર્ગ) નહીં મળે. આ પંથનું નામ હિંદુ સ્વરૂપ અનુરૂપ "સતપંથ" રાખવામાં આવ્યું. ઇસ્લામના પદાનુંક્રમ (શ્રેણીમાં) સતપંથની શાખા આ પ્રમાણે આવેલ છે. **ઇસ્લામ ધર્મ -> શિયા -> ઈસ્માઈલી -> નીઝારી -> સતપંથ -> પીરાણા સતપંથ (ઉર્ફે ઈમામશાહી પંથ ઉર્ફે કાકા પંથ). (ખાસ નોંધ: સતપંથ એ ઇસ્લ્માલી પંથની એક શાખા છે.)**

આવા ઢાંચાના કારણે સતપંથના અનુયાયીઓ હિંદુ દેખાવ જાળવીને હિંદુ સમાજમાં રહી શક્યા. જેની હિંદુ સમાજને ખબર પણ પડવા ન દીધી. આના કારણે શરૂઆતમાં સતપંથી થયેલ લોકોને હિંદુ સમાજ જ્ઞાત બહાર કરી ન શકી. આવી રીતે હિંદુ

ધર્મને ભેદવામાં સતપંથ સફળ રહ્યો. બીજું કારણ એ પણ હતું કે સતપંથ ધર્મમાં હિંદુ દેવોના મોઢેજ સતપંથનો પ્રચાર કરાવ્યો. એટલે હિંદુ ધર્મનાં મૂલ્યો જળવાઈ રહ્યાં અને ઇસ્લામનો પ્રચાર પણ થયો. આવી રીતે લોકોનું સૌમ્ય રીતે માનસિક ધર્મ પરિવર્તન થયું અને તેની ખબર કોઈને પણ ન પડી. **ખુદ શરૂઆતના અનુયાયીઓ પણ પોતાને સાચા હિંદુજ સમજતા હતા.** સતપંથ ધર્મ સ્વીકારનાર પોતાના હિંદુ પરિવાર અને હિંદુ સમાજમાં રહી શકતો હતો. તેને સમાજ બહાર થવાનો ડર રહ્યો નહોતો. આવી રીતે સતપંથનો ગુપ્ત રીતે ફેલાવો થતો ગયો.

અહીં પ્રશ્ન એવો ઊભો થશે કે ઇસ્લામ ધર્મ હંમેશાં પોતાના ધર્મ સાથે છેડછાડ કે ફેરબદલ ન થવા દેવા માટે કડક વલણ અપનાવતું આવ્યું છે. તો પછી ઇસ્લામમાં હિંદુ દેવ દેવીઓ કેવી રીતે આવી સહન કરવામાં આવ્યા? એનો જવાબ છે **"તાકિયા"**. ઇસ્લામ ધર્મમાં જે વર્જિત છે એવા હિંદુ દેવીદેવતાઓને સામેલ કરવાની અનુમતિ માત્ર ઇસ્લામની તાકિયા પદ્ધતિ આપે છે. તાકિયા પદ્ધતિમાં ઇસ્લામના પ્રચારપ્રસાર તેમજ રક્ષણ માટે કાફીરો (ગેર-મુસલમાનો)ને મુસલમાન બનાવવા માટે છેતરામણી અને દગો કરવાની છૂટ હોય છે. છેતરામણી કે દગો આપવા માટે જરૂર હોય તો ખરાબમાં ખરાબ પગલાં ભરવાની પણ પૂરેપૂરી છૂટ હોય છે.

સતપંથને કલિયુગનો સાચા હિંદુ ધર્મ તરીકે પ્રસ્તુત કરવામાં આવ્યો. આદિ અનાદિ કાળથી ચાલતો હિંદુ ધર્મ કલિયુગમાં ભગવાને નિષેધ કર્યો છે એવો પ્રચાર કરવા આવ્યો. સતપંથના પ્રચારકો હિંદુ સાધુઓના વેશમાં કહેવાતા "સાચા હિંદુ ધર્મ"ના પ્રચાર કરવા ભારત આવ્યા. હાલમાં જે રીતે ઈસાઈ ધર્મના પ્રચારકો ભાગવા વસ્ત્રો પહેરીને જીસસની હિંદુ વિધિ પ્રમાણે પૂજા-આરતી કરી ભોળા આદિવાસીને ઈસાઈ ધર્મ તરફ આકર્ષે છે, લગભગ આવીજ રીતે સતપંથના પ્રચારકો આ સતપંથ ધર્મનો પ્રચાર કરવાની શરૂઆત કરી. પરિણામે ભોળા તેમજ શંકા ન રાખનારા લોકોને ચમત્કારોની વાતોમાં અંજાઈ ગયા અને સતપંથ તરફ આકર્ષિત થયા.

3. સતપંથના પાયામાં છેતરામણી :

હિંદુઓના નજરે જોઈએ તો જે લોકો સતપંથમાં આકર્ષિત થયા, એ લોકોને એમ કહેવામાં આવ્યું કે કલિયુગનો સાચો હિંદુ ધર્મ તો માત્ર સતપંથ છે. સતપંથ દશાવતાર ગ્રંથમાં ભગવાન વિષ્ણુના દસમાં અવતારને ભ્રષ્ટ કરી તેને હઝરત મૌલા અલી બતાવ્યો. આવા અલીને હિંદુઓ કોઈ પણ સંકોચ વગર સ્વીકારી લે એ માટે તેનું નામ ભારતીય/હિંદુ ઢબ વાળું નામ "નિષ્કલંકી નારાયણ" આપવામાં આવ્યું. આવી વાતોનો અર્થ એ થાય છે કે હિંદુઓના વિશ્વાસનો અને ભોળપણનો લાભ લઇને તેમને છેતરવામાં આવ્યા.

કોઈને છેતરવા હોય તો સૌથી પહેલું કામ જે કરવું પડે છે એ છે જૂઠું બોલવું. એટલેજ કહેવામાં આવે છે સતપંથનો પાયો જુઠ્ઠાણા ઉપર નાખવામાં આવ્યો છે. સ્વાભાવિક છે કે સતપંથનું એક જૂઠ પકડાઈ જાય, એટલે તેને છુપાવવા બીજું જૂઠ તૈયાર કરવામાં આવે. બીજું જૂઠ પકડાય એટલે ત્રીજું જૂઠ તૈયાર કરવામાં આવે. કારણ કે આવું ન કરે તો સતપંથની દુકાન બંધ થઇ જાય. જૂઠ ઉપર જૂઠ ચાલ્યાજ કર્યું. આ રીતે જૂઠની શૃંખલા આજ દિવસ સુધી ચાલી રહી છે. આવા જૂઠ ઉપર તૈયાર કરેલ છેતરામણીઓનો દોર પણ વર્ષો સુધી સતત ચાલતો રહ્યો છે.

ધર્મ એ માણસ જાતમાં નૈતિકતાના મૂલ્યનું સિંચન કરનાર હોય છે, જેમાં જૂઠનો કોઈ દિવસ સ્થાન ન હોય. પણ આ જૂઠ ઇસ્લામના પ્રચાર પ્રસાર માટે હોવાના કારણે, તાકિયાના સિદ્ધાંત પ્રમાણે સતપંથના પ્રચારકોને જૂઠું બોલવામાં શરમના બદલે ગૌરવ દેખાવા લાગ્યું. યુક્તિ પૂર્વક બોલવામાં આવેલ જૂઠને પકડી પડવું એ સામાન્ય માણસ માટે બહુજ અઘરું હોય છે. એટલે જૂઠના દમ ઉપર કરેલ પ્રચારના કારણે સતપંથના પ્રચારકોને જલદીથી સફળતાઓ મળતી ગઈ. જલદીથી મળતી સફળતાઓના કારણે "તાકિયા" એવું ઘર કરી ગયું કે છેતરામણીની કળાને અવગુણના બદલે સદગુણ તરીકે ઇસ્લામમાં જોવામાં આવે છે. વર્ષોથી ચાલતા તાકિયા/છેતરામણી/જૂઠને જીવનના વ્યવહારોમાં વણાઈ ગયેલ હોવાના કારણે ઘણા પરિવારોના સંસ્કારોમાં પણ જોવા મળે છે. આજે જૂઠ બોલવું એ ખરેખર એક વ્યસન થઇ ગયું છે.



સમાજમાં વાતાવરણ એવું થઇ ગયું છે કે કોણ ક્યારે કેવી રીતે જૂઠ્ઠું બોલી જાય એ ખબર ન પડે. એના કારણે લોકો એક બીજા ઉપર વિશ્વાસ મૂકવાથી પહેલાં વિચાર કરી રહ્યા છે. એટલે સમાજના કર્તાહર્તાઓનો વધુ પડતો સમય અને માનસિક શક્તિઓ જૂઠથી સમાજનો બચાવ કરવામાં ખર્ચાઈ રહ્યો છે. જૂઠ સમાજની બૌદ્ધિક શક્તિને નબળી પાડે છે. કારણકે ઘણી વાર જૂઠને પકડી પાડવા અથવા જૂઠથી બચવા માટે અધિકાંશ બૌદ્ધિક શક્તિઓ વપરાઈ જાય છે. સમાજ વિકાસ માટે જરૂરી પ્રમાણમાં બૌદ્ધિક શક્તિઓ બચતી નથી.

આ પુસ્તકની પ્રસ્થાવનાની શરૂઆતમાં હિન્દી ભાષાનું એક સૂત્ર જણાવેલ છે કે, “વહ મૂર્ખ હોતા હૈ જો સિર્ફ સચ કો હી જાનતા હૈ, સચ ઔર જૂઠ કે ફર્ક કો નહીં જાનતા”. માટે આપણે મુર્ખ નથી બનવું. જૂઠને ઓળખવાની તાકાત રાખશું તોજ ખરી સચ્ચાઈ શું છે એ સમજી શકશું. એટલા માટે આપણો તાકિયાનો અભ્યાસ ખૂબજ જરૂરી છે.

પણ પરિસ્થિતિ ન બદલાય ત્યાં સુધી આપણે આ સમાજમાં જીવવાનું છે. માટે આપણે આવા જૂઠથી બચવા માટે પહેલાં જૂઠનો અભ્યાસ કરવો પડશે. જૂઠને જીવનમાં ઉતારવા માટે નહિ, પણ જૂઠથી પોતાનો અને સમાજનો બચાવ કરવા માટે. જેથી કરીને ખરા અર્થમાં સમાજનો વિકાસ ખૂબ ઝડપી રીતે થઇ શકે.


4. તાકિયાનું વિશ્લેષણ:

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ૫૦૦ વર્ષ પહેલાં સતપંથ સમસ્યા ઊભી થવા પાછળનું મૂળમાં જે પ્રકારે તાકિયાનો પ્રયોગ કરવામાં આવેલ છે, તેની વિસ્તૃત જાણકારી આ પુસ્તકના પેજ ક્ર. ૩૩૩ થી ૩૪૧ (સ્લાઈડ ૧૪૨ થી ૧૫૮) માં આપેલ છેજ. તાકિયાની અનુમતિ આપતી કુરાન અને હદીસ (મુહમ્મદ પૈગંબરના ઉપદેશો અને જીવન વૃત્તાંત ઉપરથી તૈયાર કરવામાં આવેલ પુસ્તક જે મુસલમાનો માટે માર્ગદર્શક ગ્રંથ છે)ની આયાતોની પણ જાકારી આપેલ છે. છતાં ટૂંકમાં તાકિયાની મુખ્ય લાક્ષણિકતાઓ (characteristics) આ પ્રમાણે છે.

1. ઇસ્લામના જેહાદ માટેનું મોટામાં મોટું હથિયાર છે... તાકિયા.
2. તાકિયા શબ્દનો મતલબ છે “છેતરવું, ગુપ્ત રાખવું”.
3. ઇસ્લામ ધર્મને નુકસાનથી બચાવવા માટે, પોતાના રક્ષણ માટે અને ઇસ્લામનો હિત સાચવવા માટે, જુઠ્ઠાણાં કે ખોટી વાતનો ઉપયોગ કરવાની રહસ્યમય રીતને તાકિયા કહેવાય છે.
4. તાકિયાના કારણે ખોટું બોલવું એ, નૈતિકતા અને સૈધ્દાંતિક મૂલ્યોથી જોડાયલું નથી. ફક્ત ઇસ્લામના પ્રચાર કરવો અને તેમ કરતી વખતે પોતાનો બચાવ કરવો એટલુંજ છે.
5. એક મુસલમાનને ઇસ્લામ ધર્મની નિંદા કરવા તેમજ પોતે મુસલમાન નથી એવું જાહેર કરવાની છૂટ છે. અગર એવું કરવાથી ઇસ્લામનું હિત સચવાતો હોય તો. પણ એવું કરતી વખતે એ વ્યક્તિને દિલથી ઇસ્લામ સાથે વફાદાર રહેવું જોઈએ.
6. તાકિયામાં સોગંદ લઈને ખોટું બોલવું, વ્યસન કરવું, દારૂ પીવો અને વિકૃત નિવેદનો કરી છેતરવું વગેરે સામેલ છે. તેવીજ રીતે કોઈ પણ પ્રકારનું જુઠાણું ચલાવી પોતે “શિકાર અથવા નિર્દોષ” હોવાનું “નાટક” પણ કરવાની છૂટ છે.
7. દુશ્મનને ગૂંચવવા, મૂંઝવવા અને તેના ભાગલા પાડવા માટે તાકિયાને હથિયાર તરીકે વાપરવામાં આવે છે.

8. કોઈ ધર્મ જુઠ્ઠાણું અને છેતરપિંડીનો અંગીકાર કરી શકે એ લોકોની કલ્પનાની બહાર હોય છે. એટલે કલ્પના બહાર હોવાના કારણે તાકિયા કામ કરી જાય છે.

તાકિયા ઉપર વિશ્વભરના સંશોધનકારો દ્વારા ખૂબ કામો કરવામાં આવ્યા છે અને અનેક લેખો તૈયાર કરવામાં આવ્યા છે. તેમાંથી એક લેખને ખાસ તમારા ધ્યાનમાં રાખવા જેવો છે. જર્નલ ઓફ એશિયન સ્ટડીસ વોલ્યુમ ૭૦, ક્ર ૧ (ફેબ્રુઆરી) ૨૦૧૧ ના અંકના પાના ક્ર ૯૯માં છપાયેલ "તાકિયા એન્ડ આઈડેંટીટી ઇન એ સાઉથ એશિયન કમ્યુનીટી" નામમાં લેખમાં લેખક શફીક વિરાણી તાકિયા વિષે લખે છે કે "Taqiyya is normally practiced by minority or otherwise disadvantaged groups of Muslims who fear negative repercussions should their real faith become known." એનો મતલબ એવો છે કે "લઘુમતી વર્ગ કે તકલીફમાં હોય એવા મુસલમાનો પોતાનો ખરો ધર્મ જાહેર કરવાથી તેમના વિષે આવનાર નકારાત્મક પ્રતિક્રિયાઓના ડરથી સામાન્ય રીતે તાકિયા પાળતા હોય છે"



એજ લેખના પાના ક્ર ૧૩૧માં લખે છે કે "Many other Gupti communities across South Asia hold to a much stricter practice of taqiyya. Their prayer houses are called mandirs or dharmashalas rather than jamaat-khanas, they are extremely reticent to discuss their devotion to the imam, and, in rare instances, even family members may not be aware of their Ismaili inclinations" જેનો ગુજરાતીમાં અર્થ છે કે "સાઉથ એશિયા વિસ્તારના ઘણા ગુપ્તી સમુદાયોમાં સખત તાકિયા પળાય છે. તેમના ધાર્મિક સ્થળોને જમાતખાનાના બદલે મંદિર કે ધર્મશાળા કહેવામાં આવે છે. તેઓ, તેમની ઈમામ (હઝરત અલીના વંશમાં જન્મેલ હાલ જેણે "નિષ્કલંકી નારાયણ" કહેવામાં આવે છે. – આ ખુલાસો અમારા તરફથી છે) પ્રત્યે પોતાની શ્રદ્ધા અને ભક્તિ વિષે ખુલ્લી ચર્ચા કરવાથી બચે છે. અને અમુક કિસ્સાઓમાં તેમના પરિવારજનોને પણ તેમના ઈસ્માઈલી વલણની ખબર હોતી નથી."

પાના ક્ર ૧૩૨માં જણાવેલ છે કે "For centuries, as an act of self preservation, Ismailis scattered throughout the world held to the strictest taqiyya, blending in with the majority communities among whom they lived. Taqiyya thus became deeply ingrained, an almost instinctive defense mechanism." જેનું ગુજરાતી ભાષાંતર છે કે "સેંકડો વર્ષો સુધી સ્વ-બચાવના પગલાં રૂપે દુનિયાભરમાં ફેલાયલા ઈસ્માઈલીઓએ સખત તાકિયાને વળગી રહ્યા જેમાં તેઓ બહુમતી સમુદાય સાથે મિશ્રિત થઇ ગયા. આના કારણે તાકિયા એક સ્વાભાવિક સ્વ-બચાવ તંત્ર રૂપે ખૂબજ ઊંડું ઊતરી ગયું.

તાકિયા ઉપર એક બીજી મહત્ત્વની ઘટના ધ્યાને લેવા જેવી છે. વર્ષ ૧૮૬૬માં મુંબઈ હાઈ કોર્ટનો એક કેસ જેણે "આગા ખાન કેસ" અથવા "ખોજા કેસ" કહેવામાં આવે છે, એ કેસમાં કોર્ટ સામે પ્રશ્ન હતો કે ઈસ્માઈલી ખોજાઓનો ધર્મ કયો? કેસના અંગ્રેજ જજ જસ્ટીસ અર્નાલ્ડએ સતપંથ દશાવતાર ગ્રંથ ઉપર મુખ્ય આધાર રાખીને ચુકાદો આપ્યો કે ઈસ્માઈલીઓ ધર્મના મુદ્દા ઉપર "શિયા મુસલમાન" છે. એ ચુકાદામાં જજ પોતાનું અવલોકન વિષય ટીપ્પણી કરી છે કે...

1. That they habitually enjoined and carried out the practice of "Takiah," i.e., concealment of their own peculiar views in religion, and outward adoption of religious forms not their own.
2. That their Dais, or missionaries, were directed, as a general rule, to set about the work of making coverts by assuming to a great extent the religious stand point of those whom they wished to bring over to their own faith."

Note: Taqiyya = Taqiya = Takiah = Takiyah

ગુજરાતીમાં અર્થ છે:

"બે મુદ્દાઓને ઈસ્માઈલીઓ વિષે નિર્ણાયક રીતે પાકા કરી શકાય છે.

1. એ લોકો હંમેશાંથી "તાકિયા" પાળવાનું કહેતા તેમજ પાળતા આવ્યા છે. તાકિયા એટલે પોતાના ધર્મના વિચારોને છુપાવી રાખવા અને બાહ્ય રીતે અન્ય ધર્મને અપનાવવાનો દેખાવ કરવો.
2. એમના ધર્મના પ્રચારકોને સામાન્ય રીતે એવી સૂચનાઓ આપવામાં આવેલ કે જે લોકોનું ધર્મ પરિવર્તન કરાવવા માંગતા હોય, એ લોકોના મૂળ ધર્મના પ્રચાર પ્રસારના કામનો દેખાવ કરી, પોતાનું અસલ કામને શરુ કરવું".

ઉપર આપેલ જાણકારીનો સાર એવો છે કે તાકિયાનું સતત પાલન કરી સતપંથીઓ...

1. પોતાનો અસલ ધર્મ છુપાવી રાખે છે અને
2. સતપંથની સ્થપના, અસ્તિત્વ, રક્ષણ તેમજ પ્રચાર પ્રસાર માટે પણ તાકિયાનો ઉપયોગ કરે છે.

માટે બીજીવાર તમે ક્યાંક એવી વાત સાંભળોકે સતપંથમાં સુધારા કરી નાખ્યા, ઘણાં ફેરફારો કરીને ઇસ્લામી તત્ત્વો દૂર કરીને હવે ચોખ્ખો હિંદુ બની ગયા છે, તો તમે સમજી જજો કે આ વાતોની પાછળ "તાકિયા"ની ચાલ છે. આ વાત કેવળ એક જૂઠ છે. છેતરપિંડી કરવાનો નવો પેંતરો છે, ફસાતા નહીં. હવે પછી સતપંથના સાધુઓ અગર કહે કે સતપંથ હિંદુ ધર્મ છે, તો સમજી જજો કે એ પણ એક જૂઠ છે, તાકિયાનો એક પ્રયોગ છે.

સતપંથીઓને અગર હિંદુ કહેવડાવવું હોય, તો સતપંથમાં સુધારો કરવાની જરૂર નથી, માત્ર સતપંથ છોડવાની જરૂર છે.

૮ ઊંઝાની કાર્યવાહી

સેંકડો વર્ષો પહેલાં વિટંબણાઓ (સતપંથ ધર્મ)માં ફસાયેલ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને ઊંઝાની આસપાસના ફળદ્રુપ વિસ્તારો છોડી કચ્છના સૂકા રણ પ્રદેશમાં વસવાટ કરવો પડ્યો. કચ્છની આ ભૂમિમાં આવ્યા બાદ, કેટલાક એવા મુસલમાની રીતિ રિવાજોમાં પણ ફસાયા હતા. તેમાંથી બહાર કાઢવા માટે આપણા વડીલોએ સમય સમય ઉપર સંઘર્ષ કર્યો. શ્રી વિશ્રામબાપા નાકરાણીએ આ સંઘર્ષનો પાયો નાખ્યો. કેશરા પરમેશ્વરાએ સંઘર્ષની શરૂઆત કરી. ત્યાર બાદ આપણા જ્ઞાતિ સુધારક નારાયણ રામજી લીંબાણીએ પોતાનું જીવન ખર્ચી નાખ્યું. **વીર જ્ઞાતિ સેવક** શ્રી રતનશી ખીમજી ખેતાણીએ જ્ઞાતિને ઇષ્ટદેવ તરીકે ભગવાન લક્ષ્મીનારાયણ અપાવ્યા. અનેકો લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપના, સનાતની સમાજની સ્થાપના, ઉમિયા માતાજી વાંઢાયની સ્થાપના કરાવડાવીને સનાતની સંગઠનના પાયાના પથ્થર બનીને સનાતનીઓને મજબૂત કર્યા. આવા પાયાઓના કારણે સનાતન ધર્મ પ્રત્યે જાગૃતિની મશાલ ૫૦૦-૫૦૦ વર્ષના કપરાં સમયમાં પણ સતત જળતી રહી છે.

જ્યારથી વાંઢાય ખાતે ઉમિયા માતાજીનું મંદિર બંધાયું છે, ત્યારથી વિશ્વના સમસ્ત કડવા પાટીદારોની એક માત્ર માતૃ સંસ્થા એટલે કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના આગેવાનો કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના અમુક વર્ગમાં પ્રચલિત “સતપંથ” ઉર્ફે “પીરાણા સતપંથ” ધર્મથી જ્ઞાતિને છોડવા સતત પ્રયત્નો કરતા રહ્યા છે. ઊંઝાના વડીલો દ્વારા સમય સમય પર માર્ગદર્શનો અને સૂચનો મળતા રહ્યાં છે. ૫૦૦ – ૫૦૦ વર્ષથી ક.ક.પા. જ્ઞાતિ જે સતપંથ સમસ્યાથી ઝઝૂમી રહી છે તેનો અંત લાવવા માટે આપણા સનાતની કેન્દ્રીય સમાજના આગેવાનો અને ઊંઝાના આગેવાનો સતત એક બીજાના સંપર્કમાં રહીને પ્રયત્નશીલ રહ્યા છે.

ઊંઝાના કડવા પાટીદાર ભાઈઓને એવી લાગણી રહી છે કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ આજે સનાતની બન્યા પછી સાધન સંપન બની છે, સુશિક્ષિત બની છે, યુવાન પેઢી વડીલો પ્રત્યે માન ધરાવતી થઇ છે, માદરે વતન તરફ પ્રેમ ધરાવે છે, પણ સદીઓથી સતપંથ ધર્મ બાબતે અટવાયેલી પડી છે, જેના કારણે વિકાસનો વેગ ધીમો રહ્યો છે. માટે જો કાયમી ઉકેલ આવી જાય તો બન્ને પક્ષો શાંતિથી જીવી શકે. ઊંઝા સંસ્થાનના વડીલો જેવાકે સ્વ. શ્રી કેશુભાઈ શેઠ, શ્રી મણીભાઈ ઈશ્વરભાઈ પટેલ (મમીશ્રી), શ્રી વિક્રમભાઈ પટેલ અને સ્વ શ્રી સીતારામ ભાઈ પટેલ વગેરે ભૂતકાળમાં પણ પીરાણા સતપંથને માનતા કચ્છી પાટીદાર ભાઈઓને સમજાવવા ખૂબજ પ્રયત્નો કર્યા હતા. સન ૧૯૭૮માં ઊંઝા સંસ્થાને પીરાણાને માનતા કચ્છી પાટીદારોને સમજાવવા એક ઠરાવ પણ કરેલ અને તે માટે ત્રણ જણની એક કમિટી નીમવામાં આવી હતી. તેમાં હાલ મોજૂદ ઊંઝાના ભીષ્મ પિતા સમાન મણીભાઈ ઈશ્વરભાઈ પટેલ (મણીભાઈ મમી) તેમાંના એક હતા. આ જ મણીબાપા અવારનવાર આપણા કેન્દ્રીય સમાજના અગત્યના કાર્યક્રમોમાં હાજરી આપીને સતપંથના ભાઈઓને સતપંથનો ત્યાગ કરીને બહોળા સનાતની પ્રવાહમાં ભળી જવા હંમેશાં સમજાવતા રહ્યા છે.

આ પ્રયત્નોના ભાગ રૂપે, હિમ્મતભાઈ ખેતાણીએ સનાતન સમાજના તત્કાલીન પ્રમુખશ્રી ગંગારામભાઈ હિરાલાલ સાંખલાને સુચન આપ્યું કે આપણે ઉમિયા માતાજી ઊંઝા સામે આપણો પ્રશ્ન મૂકવો જોઈએ. જેને સ્વીકારી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (ઉર્ફે સનાતન સમાજના) તત્કાલીન પ્રમુખ શ્રી ગંગારામભાઈ હિરાલાલ સાંખલાએ ઉમિયા માતાજી ઊંઝાને વિનંતી કરી કે તેઓ આ અંગે એક આખરી નિર્ણય આપે કે હિંદુ ધર્મના રીતે સનાતન સમાજવાળા સાચા રસ્તા પર છે કે સતપંથ સમાજવાળા. શું સતપંથ ધર્મ એ હિંદુ સનાતન ધર્મનો ભાગ છે કે નહીં? આ સવાલ ઊંઝાની સામે એટલા માટે મૂકવામાં આવેલ હતો કે ઉમિયા માતાજી ઊંઝા એ કડવા પાટીદારોની એક માત્ર માતૃ સંસ્થા છે. માટે ઉમિયા માતાજી ઊંઝાનો જે કોઈ આદેશ હશે તેનું પાલન બન્ને સમાજોએ કરવાનું રહેશે. સેંકડો વર્ષોના વિવાદના ઉકેલ માટે એક છેલ્લો નિર્ણય આવે અને વિવાદનો અંત થાય, એવી ભાવના હતી.

૮ ઊંઝાની કાર્યવાહી

1. ઉકેલ લાવવાની પદ્ધતિ (૦૪-જુલાઈ-૨૦૧૫)

વિષયની ગંભીરતા અને જોડાયેલ લોકોની શ્રદ્ધા, વિશ્વાસ અને લાગણીઓ પર થનાર ઊંડો પ્રભાવને ધ્યાને રાખીને ઉમિયા માતાજી ઊંઝાએ નિર્ણય લેવાની પ્રક્રિયા ઘડવામાં કડવા પાટીદાર જ્ઞાતિના મુખ્ય સંસ્થાનો અને શ્રદ્ધાના કેન્દ્રોને વિશ્વાસમાં લઇને આગળ વધવાનું નક્કી કર્યું. ઊંઝાની ભાવના એવી હતી કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના લોકો એક બીજાના નિકટ આવે અને સેંકડો વર્ષોની ખેંચતાણ બંધ થાય.

તેના માટે તા.૦૪-જુલાઈ-૨૦૧૫ના ઊંઝા મંદિરની ઑફિસમાં બપોરે ૩ કલાકે એક સભા બોલવામાં આવી. આ સભા ઉમિયા માતાજી ઊંઝા તત્કાલીન પ્રમુખ શ્રી નારાયણભાઈ લલ્લુ પટેલના અધ્યક્ષ સ્થાને બોલવામાં આવેલ હતી. તેમાં,

ઉમિયા માતાજી ઊંઝા તરફથી:

1. નારાયણભાઈ એલ. પટેલ – પ્રમુખશ્રી
2. મણીભાઈ ઈ પટેલ (મમી)
3. પ્રહ્લાદભાઈ એ. પટેલ (કામેશ્વર)
4. પ્રહ્લાદભાઈ જે પટેલ (મહેસાણા) – મંત્રીશ્રી
5. વિક્રમભાઈ ડી. પટેલ (વિક્રમ દાદા)
   અને અન્ય લોકો હાજર હતા.

સીદસર મંદિર તરફથી:

1. બાબુભાઈ એચ. ઘોડાસરા
2. જયરામભાઈ વાંસજાળિયા
3. જયંતીભાઈ કાલરીયા

અને, ઉમિયાધામ સુરત તરફથી:

1. ગણેશભાઈ પટેલ
2. કરસનભાઈ શામજી પટેલ
3. હરગોવનભાઈ વીરદાસ પટેલ
4. એમ. જી. કનેરિયા

હાજર રહ્યા હતા.

એ ઉપરાંત સીદસર ઉમિયા માતાજી મંદિર, સુરત ઉમિયા માતાજી મંદિર, નાસિક ઉમિયા માતાજી મંદિર, નાગપુર ઉમિયા માતાજી મંદિરના બે-બે પ્રતિનિધિઓ પણ હાજર હતા.

સનાતન સમાજની મુખ્ય સંસ્થાઓ તરફથી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (ઉર્ફે કેન્દ્રીય સમાજ ઉર્ફે સનાતની સમાજ) - નખત્રાણા, શ્રી ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ – વાંઢાય, શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ (ઉર્ફે સંસ્કાર ધામ) – દેશલપર-વાંઢાયના પ્રમુખો, અમુક હોદેદારો અને આગેવાનો હાજર હતા. કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ ટ્રસ્ટ (ઉર્ફે સતપંથ સમાજ) તરફથી પણ તેમના પ્રમુખ, અમુક હોદેદારો અને આગેવાનો હાજર હતા.

૮ ઊંઝાની કાર્યવાહી

આ સભામાં સર્વાનુમતે એવું નક્કી કરવામાં આવ્યું કે...

a) બન્ને સમાજોમાંથી ૧૧-૧૧ લોકોની ટીમ બનાવવામાં આવે. પોતપોતાની સમાજના છેવાડાના માણસ પાસેથી પોતાની સામાન્ય સભામાં સંપૂર્ણ સત્તા લઇને આ ટીમ આવે. જેથી આ પ્રક્રિયાના અંતે જે કંઈ નક્કી થાય તેની અમલ કરવાની સંપૂર્ણ જવાબદારી આ ૧૧ લોકોની રહે. પાછળથી કહેવામાં આવે કે અમને પૂછવું પડશે એવી વાત ચાલશે નહીં.
b) બન્ને પક્ષ લેખિતમાં આપશે કે ઉમિયા માતાજી ઊંઝાની લવાદગી (arbitration) તેમને મંજૂર છે.
c) પંચ તરીકે ઉમિયા માતાજી ઊંઝાના આગેવાનો, સીદસરના બે પ્રતિનિધિ અને સુરતના બે પ્રતિનિધિ સંયુક્ત રીતે રહેશે. મૂળ પ્રસ્તાવમાં ઉમિયા માતાજી વાંઢાય, નાસિક અને નાગપુરના બે-બે પ્રતિનિધિ લેવાની વાત હતી. પણ સતપંથ સમાજ તરફથી વાંધો લેવામાં આવ્યો, એટલે આ ત્રણ મંદિરને પંચમાં સ્થાન ન આપવાનું નક્કી થયું.

બન્ને પક્ષોના ૧૧-૧૧ નામો:

સનાતની સમાજના ભાઈઓના ૧૧ નામો (તા.૧૫-સપ્ટેમ્બર-૨૦૧૫ના પત્ર મારફતે):

1. શ્રી ગંગારામભાઈ હીરાલાલ સંખલા - પ્રમુખ શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ
2. શ્રી હંસરાજભાઈ દેવજી ધોળું - પ્રમુખ શ્રી વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન
3. શ્રી જેઠાભાઈ લાલજી ચોપડા - પ્રમુખ શ્રી સંસ્કાર ધામ દેશલપર
4. શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી - રાયપુર
5. શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી - મુંબઈ
6. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી - મુંબઈ
7. Dr. શાંતિલાલ મેઘજી સેંઘાણી - નખત્રાણા
8. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી - મુંબઈ
9. C.A. ચંદ્રકાંતભાઈ કાંતિલાલ છાભૈયા - મુંબઈ
10. C.A. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા - બેંગલોર
11. Dr. વસંતભાઈ અરજણ ધોળુ - મંત્રીશ્રી યુવાસંઘ

સતપંથ સમાજના ભાઈઓના ૧૧ નામો (તા.૨૮-સપ્ટેમ્બર-૨૦૧૫ના પત્ર મારફતે):

1. રામજી વીરજી ભાદાણી - દેસલપર - કોલ્હાપુર (પ્રમુખ)
2. હરિભાઈ માધાભાઈ પટેલ - કુરબઈ - ગઢકંપા (મંત્રી)
3. દેવજી કરસન ભાવાણી - આણંદસર - મુંબઈ (ઉપ-પ્રમુખ)
4. ગંગારામ પ્રેમજી પટેલ - વડાલી - ટ્રસ્ટી
5. જીવરાજ લધ્ધા પટેલ - માધવ કંપા, બાયડ
6. અબજીભાઈ કરમશી ધોળુ - દુર્ગાપુર - ગાંધીનગર - ટ્રસ્ટી
7. મણીલાલ મેઘજી પોકાર - હરીપુરા કંપા, ધનસુરા
8. મોહનભાઈ કરશન - હેમપુરી લાટ, પીરાણા - કોટડા (ચ)
9. મણીલાલ શામજી વડગામ - વડાગામ, ધનસુરા - ટ્રસ્ટી
10. અરજણ શામજી ભગત - આણંદસર - સલાહકાર
11. રતનશી લાલજી વેલાણી - દુર્ગાપુર

અને વધારામાં નીચેના બે નામો આપેલ હતાં

a. જેઠાભાઈ મનજી નાકરાણી - હળવદ
b. અંબાલાલ શામજી પટેલ - કલોલકંપા – ખેડબ્રહ્મા

પછી કંઈ થયું નહિ એટલે તા. ૦૫-જાન્યુવારી-૨૦૧૬ના કેન્દ્રીય સમાજ તરફથી એક સ્મૃતિપત્ર (Reminder Letter) ઊંઝાને આપવામાં આપ્યો.

2. ૧લી મિટિંગ તા. ૧૩-માર્ચ-૨૦૧૬

બન્ને પક્ષોના ઉપરોક્ત નામો આવી ગયા પછી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાએ પોત-પોતાના પક્ષની રજૂઆત કરવા માટે બન્ને પક્ષોની મિટિંગ રવિવાર તા.૧૩-માર્ચ-૨૦૧૬ સવારના ૧૦ કલાકે ઊંઝા મુકામે બોલાવી. તેમાં બન્ને પક્ષોના ઉપર જણાવેલ ભાઈઓ હાજર રહ્યા હતા. અને બન્ને પક્ષો તરફથી પોતપોતાની રજૂઆતો કરવામાં આવી હતી. બન્ને પક્ષોને સાથે બેસાડીને સૌ પ્રથમ ઓળખાણ આપવામાં આવી હતી. ત્યારબાદ બન્ને પક્ષોને અલગ – અલગ સાંભળવામાં આવ્યા. પ્રથમ સતપંથ સમાજના ભાઈઓને સાંભળવામાં આવ્યા હતા.

આ મિટિંગમાં લવાદ તરીકે નીચેના વડીલોએ જવાબદારી પાર પાડી હતી:

1. નારાયણભાઈ લલ્લુદાસ પટેલ - પ્રમુખ, ઉમિયા માતાજી ઊંઝા
2. દિલીપભાઈ મણીલાલ પટેલ - મંત્રી, ઉમિયા માતાજી ઊંઝા
3. મણીભાઈ ઈશ્વરલાલ પટેલ
4. વિક્રમભાઈ ધનજીદાસ પટેલ
5. પ્રહ્લાદભાઈ જોઈતારામ પટેલ
6. વસંતભાઈ નારાયણદસ પટેલ
7. એમ. જી. કનેરિયા
8. પટેલ બાબુભાઈ ગણેશદાસ
9. ગણેશભાઈ દ્વારકાદાસ પટેલ
10. હરગોવનભાઈ વીરદાસ પટેલ

2.1. સતપંથ સમાજની રજૂઆત

સતપંથ તરફથી જે ૧૧ જણના નામની યાદી આવેલ હતી, તેમાં જીવરાજભાઈ લધ્ધા પટેલ – માધવ કંપા, બાયડની જગ્યાએ જેઠા કાનજી સેંઘાણી હાજર રહ્યા હતા. બાકીના ૧૦ જણ યાદી પ્રમાણે હતા.

ઊંઝાના (પંચોના) વડીલો દ્વારા અમોને જાણ કરવામાં આવી કે સતપંથની રજૂઆતના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણેના હતા;

a) પીરાણા સતપંથ ધર્મ એ મુસ્લિમ ધર્મનો ફાંટો નથી. તે હિંદુ ધર્મનો ફાંટો છે.
b) પીરાણા સતપંથ મત એ વેદોને માનતો ધર્મ છે.
c) પીરાણા સતપંથ ધર્મમાં મુસલમાન રાજાઓએ જબરદસ્તીથી ફેરફારો કરી નાખ્યા હતા. તેમાંથી ઘણા ફેરફારો અમે સુધારી નાખ્યા છે. હજી કોઈ ફેરફાર કરવાના હોય, તો અમને જાણ કરો એ ફેરફાર કરી નાખશું.

d) પીરાણા સતપંથ ધર્મના પ્રણેતા સૈય્યદ ઇમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ બાવા ઉર્ફે ઈમામશાહ મહારાજ અમારા ઇષ્ટદેવ નથી. એ અમારા ગુરુ છે. તેઓ મુસલમાન હતા કે હિંદુ હતા તે એક સંશોધનનો વિષય છે.

e) અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને ધર્મ સાથે કાંઈ લેવા-દેવા નથી.

f) અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ બન્ને સનાતન અને સતપંથ ધર્મના લોકો માટેની છે.

g) અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં બધું બરાબર ચાલતું હતું, પણ જ્યારથી શ્રી ગંગારામભાઈ સાંખલા પ્રમુખ બન્યા, ત્યારથી તેમાં સતપંથ બાબતે ઝગડા ચાલુ થયા.

h) સતપંથ અને સનાતન સમાજે ભેગા મળીને મિલકતો વસાવેલ તેના ઉપર આજે સનાતનવાળા ભાઈઓએ કબજો જમાવી દીધો છે.

i) કચ્છ કલેક્ટર મહેન્દ્રભાઈ પટેલની મધ્યસ્થીમાં થયેલ સમજૂતીને કેન્દ્રીય સમાજ ગણકારતી નથી અને તે સમજૂતીનું પાલન પણ નથી કરતી.



તા. ૧૩-માર્ચ-૨૦૧૬ના ઉમિયા માતાજી ઊંઝાની મધ્યસ્થીમાં થયેલ બેઠક.
ફોટોમાં ઉમિયા માતાજીના આગેવાનો અને સતપંથના પક્ષકારો દેખાય છે.

2.2. સનાતન સમાજના (કેન્દ્રીય સમાજના) ભાઈઓની રજૂઆત

સનાતન સમાજ તરફથી જેઠાભાઈ લાલજી ચોપડા હાજર નહોતા. બાકીના ૧૦ જણ યાદી પ્રમાણે હાજર હતા.


સતપંથ સમાજના ભાઈઓને સાંભળી લીધા પછી સનાતન સમાજના ભાઈઓને બોલાવ્યા હતા. અથાગ પરિશ્રમથી બનાવેલ દળદાર પુસ્તકની પ્રતો (આ પુસ્તકનું section 2 માં જે પ્રકાશિત કરેલ છે) મધ્યસ્થી સભ્યોને (પંચોને) સોંપવામાં આવી. **<u>તેમાં સતપંથ શું છે? આપણી જ્ઞાતિ તેમાં ક્યારે અને કેવી રીતે ફસાણી, જ્ઞાતિનો ઈતિહાસ, નારાયણ રામજી લિખિત</u>**

<u>પીરાણાની પોલના અવતરણો, સતપંથમાં "તાકિયા"નો પ્રયોગ ક્યાં અને કેવી રીતે થાય છે, સતપંથ એક મુસ્લિમ ધર્મનું ફાંટું છે, સરકારી ગઝેટીયરો, કોર્ટ કેસો, સંશોધનકારોના દસ્તાવેજો, રીસર્ચ કરનારાઓની Ph.D થીસીસ વગેરે વગેરેનો સવિસ્તાર ઉલ્લેખ કરવામાં આવેલ છે.</u> એક પાવરપોઈન્ટ પ્રેસેન્ટેશન તૈયાર કરવામાં આવેલ હતું. ત્યાં મોટી સ્ક્રીન ઉપર એક પછી એક સ્લાઈડ બતાવામાં આવી અને સંપૂર્ણ હકીકતો સમજવામાં આવી. ટૂંકમાં સનાતની ભાઈઓની સતપંથ ધર્મ અંગેની રજૂઆત બહુજ મુદ્દાસર અને અત્યંત અસરકારક હતી.

આ પુસ્તકના Section 2માં (જુઓ પેજ ક્ર ૨૪૫) સનાતની સમાજની રજૂઆતના તમામ મુદ્દાઓ સામેલ છે માટે અહીં તેનું પુનરાવર્તન નથી કરવામાં આવ્યું.

સનાતની સમાજની રજૂઆતના ટૂંકમાં મહત્ત્વના મુદ્દાઓનો સાર આ પ્રમાણે છે.

1. સૈયદ ઈમામશાહ બાવાનું પૂરું નામ ઇમામુદ્દીન અબ્દુર રહીમ સૈય્યદ છે. તેમને ઈમામશાહ મહારાજ પણ કહેવામાં આવે છે. એ મૂળ સતપંથ (જેની પીરાણા સતપંથ એક શાખા છે) ના સ્થાપકના, એટલે પીર સદ્દીનના, પોત્રા છે. **ઈમામશાહએ ભારતમાં આવીને અસંખ્ય હિંદુઓને મુસલમાન બનાવ્યા છે.**
2. ધર્મ પરિવર્તનનું કામ સહેલું થાય એ માટે એમને ઇસ્લામની **તાકિયા** પદ્દતિનો ઉપયોગ કર્યો. **તેમને ઇસ્લામના બીજની અરસપરસ હિંદુ રીત રિવાજો અને હિંદુ દેવ-દેવીઓને વણેલો** સતપંથ ધર્મનો પ્રચાર કર્યો. આ સતપંથ ધર્મ કલિયુગનો સાચો હિંદુ ધર્મ છે એવું કહેવામાં આવ્યું. અને તેમાં બતાવેલ હિંદુ દેવ-દેવીઓના મોઢે સતપંથ શાસ્ત્રોમાં ઇસ્લામના મૂલ્યોને પ્રચાર કરતા બતાવ્યા છે. **જેનાથી નવા અનુયાયીઓ પોતાના હિંદુ ધર્મને છોડીને સતપંથ ધર્મ સ્વીકારવા તરતજ સહેલાઇથી તૈયાર થઇ જાય.**
3. હિંદુ દશાવતાર ધર્મ ગ્રંથને ભ્રષ્ટ કરી નવો સતપંથ દશાવતાર ગ્રંથ તૈયાર કર્યો. તેમાં ભગવાન વિષ્ણુના અવતારોને ખૂબ યુક્તિપૂર્વક ભ્રષ્ટ કર્યા છે. આ ગ્રંથમાં ભગવાન વિષ્ણુનો છેલ્લો એટલે ૧૦મો અવતારને ઇસ્લામના સ્થાપક મુહમ્મદ પૈગંબરના કાકાઈ ભાઈ અને જમાઈ હઝરત મૌલા અલીને બતાવ્યો છે. આ અલી એજ છે, જેણે શિયા મુસલમાન સર્વોચ્ચ ગણે છે. **ભારતમાં હઝરત અલીને હિંદુઓ જલ્દીથી કોઈ પણ જાતના વિરોધ વગર સ્વીકારી લે, એટલા માટે તેમનું ભારતીય નામ નિષ્કલંકી નારાયણ રાખવામાં આવ્યું છે.**
4. સતપંથના શાસ્ત્રોમાં મા શક્તિ દેવીને બીબી ફાતિમા બતાવવામાં આવેલ છે. મહાદેવને બાબા આદમ બતાવવામાં આવેલ છે. ઇસ્લામનો એક પંથ જેનું નામ "શિરત-અલ-મુસ્તકીન" છે, એ નામનું ભાષાંતર કરી "સતપંથ" નામથી એ પંથને ભારતમાં શરુ કરવામાં આવ્યો. આ તમામ વિગતો વર્ષ ૧૮૯૯ના સરકારી ગઝેટીયરમાં વિસ્તૃત રીતે જણાવેલ છે.
5. પીરાણામાં ઈમામશાહની સમાધિ છે, એવો ભ્રામક અને છેતરતો પ્રચાર કરવામાં આવે છે, એ તદ્દન જુઠ્ઠો છે. વાસ્તવમાં **ઈમામશાહની ઈસ્લામી શૈલી (ઢબ) માં બનેલ અને ઈસ્લામી રીત રીવાજ પ્રમાણેની પાકી કબર છે, જેણે દરગાહ કહેવામાં આવે છે.** તેમની કબર સૈય્યદ મુસલમાન સમાજની માલિકીના કબ્રસ્તાનમાં છે. તેમની કબરની આસપાસ અસંખ્ય મુસલમાનોની કબરો છે. આ કબ્રસ્તાનના માલિક મુસલમાન સૈય્યદો છે. તેમની મંજૂરી વગર કોઈ પણ લાશને એ કબ્રસ્તાનમાં દફનાવી શકતું નથી.
6. બંધારણના વહીવટી સ્કીમની કલમ ૬ પ્રમાણે, પીરાણાના ગાદીપતિ (ઉર્ફે પ્રેરણાપીઠના ગાદીપતિ), જે હાલે નાનકદાસ કાકા (ઉર્ફે નાનકદાસ મહારાજ) છે, એવા ગાદીપતિ કાકા ઉર્ફે મહારાજની **"ધાર્મિક વિધિ"** સૈય્યદોના હાથે થયા બાદજ એ ગાદી ઉપર બેસી શકે. મુસલમાનો ધાર્મિક વિધિમાં શું કરતા હશે, એ આપ સૌ કલ્પના કરી શકો છો. **અગર સતપંથ સાચેજ હિંદુ ધર્મ છે, તો એવો તો કેવો આ હિંદુ ધર્મ કે જેના વડાની ધાર્મિક વિધિ મુસલમાનો કરે તોજ એ ગાદી પર બેસી શકે? જૂઓ Annex No. 1.14 પેજ ક્ર. ૪૦૪**



T. No.: (૦૨૭૧૮) ૨૮૮૨૨૭ ચેરમેન
(૦૨૭૧૮) ૨૮૮૨૨૯ ઓફીસ
(૦૨૭૧૮) ૨૮૮૨૭૨ ફેક્સ

The Imamshah Bava Roza Sanstha Committee
At & Post : Pirana, Ta. Dascroi, Dist. Ahmedabad. • Trust Reg. No. E 738

ધી ઈમામશાહ બાવા રોજા સંસ્થા કમિટિ
પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ રજી.નં. ઈ. ૭૩૮
ગાદીપતિશ્રી - આચાર્ય નાનજીકાકા ગુરૂ કરસનકાકા

મુ.પો. પીરાણા, તા. દસક્રોઈ,
જી. અમદાવાદ. પીન કોડ - ૩૮૨૪૨૫

તારીખ: 06-04-2019

ધી ઈમામશાહ બાવા રોજા સંસ્થા કમિટિ
ચેરમેન


તા. ૦૬-૦૪-૨૦૧૯

આજ રોજ તા ૬/૪/૨૦૧૯ શનિવાર ચિત્ર શુદ ૧ ના રોજ પીરાણા મુકામે શ્રી ગંગારામ ખીમજી પટેલને પેટા ભાગવા તરીકે નિમણુક કરવા બાબતે મળેલ મીટીંગમાં સર્વ સહમતીથી ઈમામશાહ બાવાની દરગાહ સમક્ષ હાજર રહી તેમની બેડી પહેરી અને બેડી ખુલી જતા તેમની નિમણુકની પ્રક્રિયા સંપૂર્ણ રીતે પૂર્ણ થયેલ છે. પ્રવર્તમાન ગાડીવાળા કાકા શ્રી નાનજી કાકા ગુરુ કરસન કાકા તેમજ સાદત પંચમાંથી હાજર રહેલ સૈયદો એ એમને સંસ્થાના કારભારીકાકા (પેટા કાકા) તરીકે ગાદીવાળા કાકા શ્રી નાનજીકાકા ગુરુ કરસનકાકાના આશીર્વાદ તેમજ સતપંથ સમાજના સભ્યોની હાજરીમાં તેમની નિમણુંક કરી સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે.

સાદત (સૈયદ) પંચ વતીથી સહી કરનાર:
૧) સૈયદ અલ્તાફ હુસેન નુરુદ્દીન, પીરાણા
૨) સૈયદ ખિલાફત હુસેન દિલાવર હુસેન, પીરાણા
૩) સૈયદ શાહબુદ્દીન બાકર અલી, પીરાણા
૪) સૈયદ મહેમુદઅલી બાકર અલી, પીરાણા
૫) સૈયદ અકબરઅલી ઇમ્તિયાઝ અલી, પીરાણા

ધી ઈમામશાહ બાવા રોજા સંસ્થા કમિટી
ચેરમેન - સહી: નાનજી કાકા

૮ ઊંઝાની કાર્યવાહી



તા. ૦૬-એપ્રિલ-૨૦૧૯ના મેત્રાલ કંપાવાળા ગંગારામ ખીમજી કાકા બન્યા તે વખતે બંધારણ પ્રમાણે સૈયદોની મંજૂરી લેવાની વિધિ દરમ્યાન અમુક સૈય્યદો સાથે ગંગારામ કાકા ઉર્ફે જ્ઞાનેશ્વરદાસ કાકા, નાનકદાસ કાકા અને અન્ય આગેવાનો.

અમદાવાદ ચેરીટી કચેરીમાં ચાલતા ન્યાય પરચૂરણ અરજી નં ૧૯/૨૦૧૯ અને ૨૩/૨૦૧૯ માં પીરાણાની માતૃ સંસ્થા ધી ઈમામશાહ બાવા રોઝા સંસ્થાન કમિટી ટ્રસ્ટ દ્વારા ગંગારામ કાકાની નિમણુંક કાયદાકીય રીતે થયેલ છે એના પુરાવા તરીકે રજૂ કરેલ એક ફોટો અને તા. ૦૬/૦૪/૨૦૧૯નો પત્ર (અલગથી શામેલ છે).

પીરાણા સતપંથનું ઈસ્લામી મૂળ કે બીજ શું છે? આ અંગે ઊંડાણ પૂર્વક રજૂઆત કરેલ હતી. પીરાણા સતપંથનું બીજ નીચે જણાવેલ ચાર મુદ્દામાં છે. પીરાણા સતપંથને બરાબર ઓળખવા માટે ફક્ત આ ચાર મુદ્દાઓને યાદ રાખવાની જરૂર છે.

1. ઈમામશાહ
2. નિષ્કલંકી નારાયણ
3. સતપંથ (ઈસ્લામી બીજ અને હિંદુ દેખાવ યુક્ત ધર્મ), અને
4. પીરાણા

પીરાણા સતપંથવાળા કહેતા હોય છે કે અમે કોઈ પણ ફેરફાર કરવા તૈયાર છીએ, તો તેમને કહી જુઓ કે ઉપર જણાવેલ ચાર મુદ્દાઓને તમારા ધર્મમાંથી કાયમ માટે સંપૂર્ણ રીતે કાઢી નાખો. ત્યારે તમને ખબર પડશે કે ઉપર જણાવેલ ચાર મુદ્દાઓમાં પીરાણા સતપંથવાળા કોઈ પણ રીતે બાંધછોડ કરવા તૈયાર નહીં થાય. આના પરથી સમજાશે કે તેમની આસ્થા અને શ્રદ્ધા ઇસ્લામના બીજમાં છે એટલે ઇસ્લામ ધર્મમાં છે. આના સિવાયના તમામ મુદ્દાઓમાં બધા ફેરફારો કરવા તૈયાર થશે. જેમ કે મડદાને દફનાવાના બદલે અગ્નિસંસ્કાર કરવું, હિંદુ દેવોની પૂજા કરવી, મધ્યરાત્રીની પૂજા ન કરવી, વગેરે વગેરે. પણ ઊંઝાવાળાને બરાબર સમજાવવામાં આવ્યું કે સતપંથવાળા જો ખરેખર હિંદુ બનવા માટે તૈયાર હશે, તો ઉપર જણાવેલ ચાર મુદ્દાઓને છોડવા તૈયાર થશે. જેની ખાસ નોંધ ઊંઝાના લવાદ પંચોએ લીધી.

૮ ઊંઝાની કાર્યવાહી

એ ઉપરાંત, સતપંથના ભાઈઓના મુદ્દાઓ ઉપર કેન્દ્રીય સમાજે નીચે પ્રમાણે ખુલાસાઓ આપ્યા.

a) અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની (કેન્દ્રીય સમાજની) સ્થાપના એવા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ સતપંથ ધર્મનો વિરોધ કર્યો હતો. સતપંથ ધર્મ કાયમ માટે છોડીને પુન: સનાતન ધર્મનો અંગીકાર કર્યો હતો. આવું કરવાના કારણે સતપંથ સમાજમાંથી તેમને જ્ઞાત બહાર કરી દેવામાં આવેલ હતા. માટે આવી રીતે જ્ઞાત બહાર થયેલ લોકોના, એટલે કે માત્ર અને માત્ર સનાતનીઓના, હિતોની રક્ષા કરવા માટે કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી.

b) જે સમાજના સ્થાપક વડીલોએ સતપંથ ધર્મનો સદંતરે ત્યાગ કર્યો હોય તે સમાજ સતપંથને માનનારા ભાઈઓના હિતોની રક્ષા કઈ રીતે કરી શકે? એટલે સતપંથવાળાને કેન્દ્રીય સમાજમાં સાથે રાખવાની વાતજ નથી.

c) હિંદુ ધર્મમાં ભેળસેળ કરીને એક મુસલમાન ધર્મને હિંદુ ધર્મ બતાવી, તેને સતપંથ નામ આપ્યું. જેના કારણે સામાન્ય હિંદુ સમાજ સતપંથનો શિકાર બનીને મુસલમાન બનવાના રસ્તા પર ચાલતો થઇ જાય. સનાતન સમાજમાં આવું ન થાય, એટલા માટે સતપંથ ધર્મને સનાતન સમાજમાં ચલાવી લેવાનાનો કોઈ પ્રશ્નજ રહેતો નથી.

d) કેન્દ્રીય સમાજની સ્થાપના વખતે જ્ઞાતિની ઓળખાણ એક મુમના મુસલમાન સમાજની જ્ઞાતિ તરીકે થતી હતી. તેથીજ તો તે વડીલોએ ત્યારની સતપંથ સમાજનો સદંતર ત્યાગ કર્યો હતો અને ગામે ગામ કુળદેવી શ્રી ઉમિયા માતાજી અને ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બંધાવ્યાં હતાં.

e) જો સતપંથ સાચે હિંદુ ધર્મ હોત, તો શું આજથી ૫૦૦ વર્ષ પહેલાં અહીંના જ એટલે કે તે સમયે ઊંઝાના વડીલોએ અમારા વડીલોને શું કોઈ વાંક ગુનાહ વગર એમને એમ જ્ઞાત બહાર કર્યા છે? અમારા વડીલો દ્વારા અપનાવેલ સતપંથ ધર્મ મુસલમાન ધર્મ હોવાના કારણેજ અમને જ્ઞાત બહાર કરેલ. આ અંગે ઉમિયા માતાજી ઊંઝાના ઈતિહાસમાં જણાવેલ સચ્ચાઈઓ તરફ ધ્યાન દોરવામાં આવ્યું.

f) અત્યાર સુધી સતપંથ સમાજના ભાઈઓએ કેન્દ્રીય સમાજનો ઉપયોગ ફક્ત અને ફક્ત પોતાને હિંદુ તરીકે ઓળખાવવા માટેજ કર્યો છે. તેમની લાગણી અને આસ્થા તો આજે પણ પીરાણા સતપંથ ધર્મ અને સતપંથ સમાજમાં જ છે. આવા લોકોને અમારા કેન્દ્રીય સમાજમાં કોઈ પણ રીતે આવરી ન શકાય.

g) આજ સુધી અમુક સતપંથીઓ, તાકિયા વાપરીને, લોકોને અંધારામાં રાખીને, કેન્દ્ર સમાજના સભ્ય બની ગયા હોય, તો તેનો અર્થ એમ નથી કે કેન્દ્ર સમાજ સતપંથીઓને સ્વીકારે છે. આજે ઉમિયા માતાજી ઊંઝામાં પણ અમુક સતપંથીઓ સભ્ય બની ગયા છે, તો શું ઉમિયા માતાજી ઊંઝા સતપંથને હિંદુ ધર્મ તરીકે સ્વીકારે છે? ના. જે રીતે ઉમિયા માતાજી ઊંઝાના કારોબારીમાંથી સતપંથીઓને કાઢી નાખવામાં આવ્યા છે, આવીજ રીતે કેન્દ્રીય સમાજમાં પણ સતપંથીઓને કાઢવામાં આવ્યા છે. કેન્દ્ર સમાજે સતપંથને કોઈ દિવસ સ્વીકારેલ નથી અને ભવિષ્યમાં પણ સ્વીકારશે નહીં.

h) જે લોકોને કેન્દ્રીય સમાજ પ્રત્યે જરા પણ લાગણી અને માન હોય તે લોકો કોઈ દિવસ એ સમાજની કાર્યવાહીને ઘોંચમાં નાખવા ખોટા કોર્ટ કેસો કરી શકે ખરા? પણ સનાતની સમાજ વિરુદ્ધ સતપંથી ભાઈઓ દ્વારા છાસવારે ખોટા કેસો કરી રહ્યા છે. ખોટા કોર્ટ કેસો કરીને સનાતની ભાઈઓને રંજાડવાનો એક પણ મોકો સતપંથી ભાઈઓ ચૂકતા નથી. તેની પાછળ હાથ કોનો હોય છે તે પુરવાર કરવાની જરૂરત નથી. કોર્ટ કેસ કરનાર તો માત્ર એક મોહરું હોય છે.

i) સતપંથ સમાજના ભાઈઓ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે અબજીભાઈ ધોળુ જે સતપંથમાં આસ્થા ધરાવે છે તેમના દાદાએ માંડવી હોસ્ટેલમાં દાન આપ્યું હતું. તેઓ પણ સતપંથી હતા. પણ આજે કેન્દ્રીય સમાજ કહે છે કે તે મિલકત કેન્દ્રીય સમાજની છે. તેનો પ્રત્યુત્તર આપતાં સનાતની મુરબ્બી શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુએ મધ્યસ્થી વડીલોને જણાવ્યું હતું કે કોઈ પણ સંસ્થાને એક વખત દાન આપી દીધા પછી એ મિલકતમાં દાન દેનારનો હક્ક કેટલો અને કઈ રીતે હોઈ શકે? જે વખતે જે તે વડીલોએ દાન આપ્યું હતું તે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને આપ્યું હતું. તો આજે તે મિલકત કોની માલિકીની થાય. તે દાન દેનારની થાય કે પછી દાન લેનાર સંસ્થાની થાય?

j) સતપંથ સમાજવાળા દ્વારા સનાતની સમાજની મિલકતો હડપ કરવાના પ્રયત્નોના દાખલાઓ આપ્યા. જેમાં માંડવી વિદ્યાર્થી હોસ્ટેલ, નવાવાસ (રવાપર)ની સમાજ વાડી, વિરાણી (ગઢ)ની સમાજ વાડી વગેરે સામેલ હતા. આનાથી સમજાવવામાં આવ્યું કે સતપંથીઓની મુરાદ સનાતનીઓની સંસ્થાઓમાં ઘૂસી, તેમાં અંદરોઅંદર ઝગડાઓ ઊભા કરાવી, સંસ્થાઓ પર પોતાનું નિયંત્રણ મેળવી તેમજ સંસ્થાને તોડી, હિંદુ લોકોને સતપંથ ધર્મ તરફ ખેંચી જવાની મેલી મુરાદ છે. જેનાથી બચવું ખૂબજ જરૂરી છે. માટે સનાતનીઓ માટે સતપંથવાળાને સાથે રાખવા એ હાલની પરિસ્થિતિમાં આત્મહત્યા જેવું છે. અને ભાવિ પેઢીને ઇસ્લામ તરફ ધકેલવાનું કામ ગણાય.

k) મધ્યસ્થી વડીલોએ પ્રશ્ન કર્યો હતો કે સતપંથી ભાઈઓ એમ કહી રહ્યા છે કે અમુક મિલકતો સતપંથ અને સનાતન સમાજોએ સવેચમાં બનાવી છે. તેના પ્રત્યુતરમાં પ્રમુખ શ્રી ગંગારામભાઈ સંખાલાએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં એક પણ એવી મિલકત નથી કે જે સનાતન સમાજ (કેન્દ્રીય સમાજ) કે સતપંથ સમાજની સવેચમાં ઊભી કરવામાં આવી હોય.

l) સતપંથી ભાઈઓની એક રજૂઆત એવી હતી કે જ્યારથી ગંગારામભાઈ પ્રમુખ થયા છે ત્યારથી વર્ગ-વિગ્રહ કરીને સમાજને તોડવાના પ્રયત્નો થઇ રહ્યા છે. તેના પ્રત્યુત્તરમાં ગંગારામભાઈ સાંખલાએ જણાવ્યું હતું કે સનાતન સમાજ અસ્તિત્વમાં આવી તે પહેલાં સતપંથ સમાજ મોજૂદ હતી જેમાં અમારા વડીલો પણ સામેલ હતા. પણ અમારા વડીલોએ જ્યારથી સનાતન ધર્મનો પુન: અંગીકાર કર્યો ત્યારથીજ તેઓને સતપંથ સમાજવાળાઓએ જ્ઞાતબહાર કર્યા. તે દિવસેજ સમાજ તૂટી પડી. સમાજને તોડવાવાળા તો સતપંથના ભાઈઓ જ છે. અને સતપંથ સમાજ સાથેના ઝગડાઓ તો પૂજ્ય કેશરા પરમેશ્વરાના સમયથી ચાલી રહ્યા છે. તમને પૂરી માહિતી ન આપીને ભરમાવામાંની ચાલ છે, જેનાથી ચેતતા રહેજો.

m) સતપંથી ભાઈઓ તરફથી કેન્દ્રીય સમાજ ઉપર એક આરોપ લગાવવામાં આવ્યો હતો કે કલેક્ટર સાહેબ મહેન્દ્રભાઈની મધ્યસ્થીમાં માંડવી મિલકત અંગે જે ફોર્મ્યુલા ઘડવામાં આવ્યો, તેનું અમલ કેન્દ્રીય સમાજના પ્રમુખ કરતા નથી. તે આરોપના પ્રત્યુતરમાં ગંગારામભાઈએ મધ્યસ્થીઓને જણાવ્યું હતું કે ચાર મુદ્દાઓ ઉપર તે સમજૂતી કરવામાં આવી હતી. ક્રમશ:

<u>માંડવી હોસ્ટેલ મુદ્દા ઉપર કલેકટર મહેન્દ્રભાઈની મધ્યસ્થીમાં થયેલ સમજૂતીના મુદ્દાઓ:</u>
૧) માંડવી હોસ્ટેલ પહેલાં જેમ હતી તેમ કેન્દ્રીય સમાજના નામે ચડાવી દેવી.
૨) તેના મેનેજમેન્ટમાં પાંચ સભ્યો સર્વોદય ટ્રસ્ટના લેવા અને પાંચ સભ્યો સનાતન સમાજના (કેન્દ્રીય સમાજના) લેવા.
૩) નખત્રાણા - કોટડાના રોડમાં આવેલ પીરાણા સતપંથનું ખાનું ઉર્ફે મીની પીરાણું જેણે હાલમાં નિષ્કલંકી નારાયણ મંદિર કહેવામાં આવે છે, ત્યાં ઈમામશાહ અને નિષ્કલંકી નારાયણને હટાવીને મા ઉમિયા માતાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવી.
૪) ઉપરની ત્રણ શરતો પૂરી થાય તો, ત્યાર પછી કેન્દ્રીય સમાજની કારોબારીમાં સર્વોદય ટ્રસ્ટવાળા જે પાંચ સભ્યોના નામો કહે તેઓને આમંત્રિત સભ્યો તરીકે આવરી લેવા.

આમાં એ વાત ક્યાં આવે છે કે નક્કી કરેલ ફોર્મ્યુલાને ગંગારામભાઈ સાંખલા માનતા નથી કે તે પ્રમાણે વર્તન નથી કરતા. ગંગારામભાઈએ અફસોસ કરતા જણાવ્યું હતું કે નુકસાન તો અમારા કેન્દ્રીય સમાજને થયું છે કે જે હોસ્ટેલનું મેનેજમેન્ટ સંપૂર્ણ રીતે સનાતન સમાજના(કેન્દ્રીય સમાજના) હસ્તક હતું, તે તેના હાથમાંથી ઝુંટવીને સર્વોદય ટ્રસ્ટના હાથમાં જતું રહ્યું છે. અને કેન્દ્રીય સમાજનો બોર્ડ ઉતારીને સર્વોદય ટ્રસ્ટના નામનો બોર્ડ ચડાવી દેવામાં આવ્યો છે. **આ તો ઉલટો ચોર કોતવાલને ડાંટે તેવી વાત થઇ.** કથિત હોસ્ટેલની મિલકત કેન્દ્રીય સમાજના નામે યથાવત કરાવીને મીની પીરાણામાં ઉમિયા માતાજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવી એ વાત તો અભરાઈએ ચડી ગઈ છે.

2.3. બન્ને પક્ષોને સંયુક્ત બેસાડ્યા

બન્ને પક્ષોની અલગથી રજૂઆતો સાંભળ્યા પછી છેલ્લે બન્ને પક્ષોને સાથે બેસાડી આગળની કાર્યવાહી કઈ રીતે કરવી તેનું વિવરણ કરતા મહામંત્રી દિલીપભાઈ પટેલે જણાવ્યું હતું કે, અમોએ બન્ને પક્ષોની રજૂઆતો સાંભળી છે. તેનું ચિંતન અને મનન કરીશું અને ફાઈનલ નિર્ણય માટે આગામી સમયમાં એક મિટિંગ બોલાવશું. તે દિવસે બન્ને પક્ષોએ કોરા કાગળ ઉપર સહીઓ કરી આપવી પડશે. જેથી જે નિર્ણય અમે આપીએ તે બન્ને પક્ષોને બંધન કરતા રહેશે. તેના જવાબમાં સતપંથના ભાઈઓએ કોરા કાગળ ઉપર સહી કરી દેવાની તદ્દન ના પાડી હતી. જ્યારે સનાતની સમાજ વતી રજૂઆત કરતા ગંગારામભાઈએ કહ્યું હતું કે અમોને ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા ઉપર સંપૂર્ણ ભરોસો અને શ્રદ્ધા છે. જેમ ઉમિયા માતાજી કહેશે તેમ અમો કોરા કાગળ ઉપર સહીઓ કરી આપીશું.

સતપંથ સમાજ તરફથી સહયોગ ન મળતો જોઈને ઊંઝા વાળાઓએ બીજો પ્રશ્ન મૂક્યો કે સતપંથ સમાજને ઉમિયા માતાજી ઊંઝાની લવાદગી એટલે કે મધ્યસ્થી મંજૂર છે કે કેમ? કારણ કે જો એ પણ મંજૂર ન હોય તો આ સંપૂર્ણ પ્રયાસનો કોઈ અર્થજ નથી. ઊંઝાની માતૃ સંસ્થાની પણ અવગણના કરીને સતપંથના ભાઈઓએ પોતાના જવાબમાં ના પાડી દીધી. તેમનું કહેવાનું માત્ર એટલુજ હતું કે આપણે અહીં માત્ર વાતો કરીએ, જો અમોનો ઠીક લાગે તો અમો પાળીશું અને જો સનાતનીઓને ઠીક લાગે તો સનાતનીઓ ભલે પાળે.

2.4. રજૂઆતઓનો સાર

સતપંથીઓએ એવી રજૂઆત કરી કે મૂળમાં વિવાદ ધર્મનો નથી પણ માત્ર સમાજની મિલકતનો છે. સતપંથીઓ તરફથી આપવામાં આવેલ તર્કો અને મુદ્દાઓ એટલે ખોખલા હતા, કે કોઈના ગળે ઉતર્યા નહિ. તેમના તરફથી કરવામાં આવેલ વાત કે સૈય્યદ ઈમામશાહ બાવા મુસલમાન હતા કે નહિ એ સંશોધનનો વિષય છે, એના પરથી સૌને એક વાતની ખાતરી થઇ ગઈ કે સતપંથવાળા ખોટું બોલીને મૂળ વિષયથી બેઠકને ભટકાવી રહ્યા છે. ઉમિયા માતાજી ઊંઝાની લવાદગીને ન સ્વીકારીને સતપંથના લોકોએ પોતાની પ્રામાણિકતાને શંકામાં મૂકી દીધી.

વિષય માત્ર મિલકતનો હોત તો ઊંઝાવાળા કોઈ દિવસ આ ઝગડામાં વચ્ચે ન પડત. ઊંઝાવાળાને સતપંથ ધર્મની સમસ્યાની જાણ ૫૦૦ વર્ષથી છે. એટલેજ તેઓ આ સમસ્યાનો હલ લાવવા મધ્યસ્થી કરેલ છે. સતપંથવાળા જાણેતો બધું છે કે ઊંઝાવાળાને બધી ખબર છે. પણ તેમ છતાં આવી વાત કરી એટલે ઊંઝાવાળાને ખાતરી થઇ ગઈ કે કોણ ખોટી વાતો કરી રહ્યું છે. ટૂંકમાં સતપંથવાળાનું નકારાત્મક વલણ ખુલ્લું પડી ગયું.

તેની સામે સનાતન સમાજ વાળાની રજૂઆત મુદ્દાસર, અસરકારક, સજ્જડ પુરાવાયુક્ત હતી. જેમાં સરકારી, કોર્ટ, યુનિવર્સિટી, સંશોધનકાર, બુદ્ધિજીવીઓ વગેરેના દસ્તાવેજોનો આધાર લીધેલ હતો. ખુદ ઊંઝાના દસ્તાવેજો પણ સનાતન સમાજની વાત સાથે સંલગ્ન હતા. જેથી સ્પષ્ટ રીતે સંદેશો ગયો કે સનાતન સમાજવાળાની વાત સાચી છે.

2.5. સનાતની ટીમની માનસિક તૈયારી

સતપંથ સમાજના ભાઈઓનું આ નકારાત્મક વલણના કારણે તેઓ આ લડાઈ પહેલીજ મિટિંગમાં હારી ગયા. સતપંથના ભાઈઓને સારી રીતે જાણતા હશેજ કે તેઓ હિંદુ ધર્મી છે એવી વાત તેમની તદ્દન ખોટી છે. માટે આ લડાઈતો જીતી નહીં શકે, એ જાણતા હશેજ.

આ પરીપ્રેક્ષ્યમાં મહત્ત્વના બે સવાલો સામે આવે છે કે...

1) **હારતી લડાઈ લડવા માટે અહીં (ઊંઝામાં) આવવાનું કારણ શું?**
2) **જ્યારે તેમને ખબર છે કે તેઓ આ લડાઈને સીધી રીતે નહીં જીતી શકે, તો તેઓએ કેવી રણનીતિ અપનાવી?**

આ બન્ને સવાલોના જવાબમાં ઊંડાણમાં ઉતરશો તો તમને સતપંથની સોચ અને તેમનો ઉદ્દેશની આછેરી જાણકારી મળશે. સનાતનીઓની ટીમમાં પણ આની ચર્ચા કરવામાં આવી. ચર્ચાના અંતે સનાતની ટીમ એવા નિષ્કર્ષ પર આવી કે,

1) સતપંથ સમાજવાળા ઈમામશાહ બાવા, નિષ્કલંકી નારાયણ, સતપંથ અને પીરાણાને કોઈ દિવસ નહીં છોડે. માટે ઊંઝાના વડીલો સાથે નિકટતાથી ચર્ચા કરવાની આ તકને સતપંથવાળાઓ કોશિશ કરશે કે ઊંઝા તરફથી પોતાને સતપંથને હિંદુ તરીકે સ્વીકારીતા મેળવી લે. જેથી કરીને સતપંથ ધર્મનો પછી કોઈ વિરોધ ન કરી શકે. આવું કરતી વખતે અગર ઊંઝાવાળા તેમના વિરુદ્ધમાં ચુકાદો આપશે, તો ચુકાદાનું અમલીકરણ નહીં કરે. માટે જોવા જઈએ તો સતપંથીઓને ખોવા માટે કંઈ હતું નહીં. તેમની બાજી સીધી પડત તો સતપંથનો વિરોધ બંધ કરવામાં તેમને મોટો સહયોગ મળત. બાજી ઊલટી પડત તો ચુકાદાનો અમલ કરવું કે ન કરવું એ પણ તેમના જ હાથમાં હતું.
2) સત્યના આધારે સતપંથવાળા લડાઈ લડવા જાય તો પહેલી ઘડીએ લડાઈ હારી જાય અને લડાઈ પૂરી થઇ જાય. આવું કોઈ કાળે એ લોકોને કરે નહીં. માટે એ લોકો માટે જૂઠનો સહારો લીધા વગર કોઈ ઉપાયજ નહોતો. એટલે સનાતની સમાજની ટીમ સતપંથવાળા તરફથી યુક્તિ-પ્રયુક્તિઓ યુક્ત પરોક્ષ જૂઠ અને તાકિયાનો ઉપયોગની અપેક્ષા રાખતી હતી.

ઉપરોક્ત બન્ને પરિસ્થિતિઓ માટે સનાતની સમાજની આ ટીમ દ્વારા પૂરે પૂરી તૈયારી કરેલ હતી.

સતપંથવાળા ઊંઝાના લવાદગીને સ્વીકારવાની મંજૂરી આપતા નહોતા. એમનું કહેવાનું હતું કે આપણે ચર્ચા કરીએ, અને ચર્ચાના અંતે જો મજા આવે તો પાળવાનું અને મજા ન આવે તો ન પાળવાનું. જુઓ કેવી ચતુરાઈથી તાકિયાને વાપરવામાં આવ્યો. આવી વાત કોઈ સમજદાર માણસને શોભે? પણ તાકિયા પાળતા હોય એટલે આવું સૂજી આવે. કોઈ લાજ શરમ વગર, કોઈ સંકોચ રાખવા વગર કહી દે. સાથે-સાથે પોતાની વાતમાં ક્યાંય ફસાઈ ન જાય એટલે ખૂબજ બુદ્ધિ પૂર્વક છટકબારી રાખવામાં આવે. જો ચુકાદો સતપંથ તરફી ન આવે તો કહી શકે કે પાળવાનું બંધન કરતા નહોતું. પણ જો ચુકાદો સતપંથ તરફી આવે અને સામેવાળા (સનાતનવાળા) ચુકાદાને ન પાળે તો તે સમયે ડાહી-ડાહી સુફિયાણી વાતો કરી, સનાતનીને બદનામ કરી ચુકાદો પાલન કરવા માટે પૂરે પૂરું દબાણ લાવી શકે. જનતામાં પોતે સારા છે એવો દેખાવ કરી શકે. આવી પરિસ્થિતિમાં “ચિત ભી મેરી અને પટ ભી મેરી” એમ બન્ને પરિસ્થિતિમાં સતપંથવાળાનું કામ થાય એવી ચાલ હતી. જેને ઊંઝાવાળા ઓળખી ગયા અને તેમની આ વાત ચલાવી ન લીધી.

3. ઊંઝાવાળાની પીરાણાની મુલાકાત (૨૯-જૂન-૨૦૧૬)

ઊંઝાવાળાને લવાદ/પંચ તરીકે સ્વીકારે છે એવો પત્ર તા. ૨૫-માર્ચ-૨૦૧૬ના સનાતની સમાજ તરફથી આપી દેવામાં આવ્યો. પછી તા. ૦૯-જૂન-૨૦૧૬ના હિમ્મતભાઈ, ચંદ્રકાંતભાઈ, અબજીભાઈ, અમદાવાદવાળા મુકેશભાઈ ખેતાણી, વગેરે લોકો એક વખત ઊંઝાના વડીલોને મળ્યા. ત્યાર બાદ એવા ખબર મળ્યા કે તા. ૨૯-જૂન-૨૦૧૬ ના અરસામાં ઊંઝાવાળા પીરાણાની મુલાકાતે ગયા હતા. પીરાણામાં હકીકતમાં શું શું છે, એ જાણવા ગયા હતા. બન્ને પક્ષોની રજૂઆતની ચકાસણી માટે ઊંઝાવાળા જાતે પીરાણા ગયા હતા.



4. સતપંથીઓ અને ઊંઝાના લવાદની મિટિંગ (૦૯-જુલાઈ-૨૦૧૬)

સતપંથ સમાજના અમુક પ્રતિનિધિઓ ઊંઝાના આગેવાનોને મળ્યા. તેઓની રજૂઆતના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે હતા;

1. સમાજ અને ધર્મ અલગ હોવા જોઈએ.
2. સતપંથ, ઈમામશાહ તથા પીરાણાની સંસ્થા આ ત્રણે મુદ્દાથી જુદા થવા માંગતા નથી. ઈમામશાહને અમારા સદ્ગુરુ તરીકે માનવાના જ છીએ.
3. દરેકના ઇષ્ટદેવ અલગ હોઈ શકે. સંપ્રદાય અલગ હોઈ શકે.
4. ઈમામશાહ હિંદુ છે કે મુસ્લિમ છે તેમાં પાડવા જરૂરી નથી. અમાર સંપ્રદાયમાં કોઈ આમલેટ ખાતું નથી. લસણ, ડુંગળી (કાંદા) ખાતું નથી. અમારો સમાજ વ્યસન મુક્ત છે. હિંદુમાંથી બીજા કોઈ સંપ્રદાયમાં જશે નહીં, તેની ખાતરી આપીએ છીએ.
5. પીરાણામાંથી સૈયદોને કાઢવા માટે કેસ ચાલે છે.
6. ભાવિ પેઢીને યોગ્ય સંસ્કાર મળે અને હિંદુ ધર્મ વિરુદ્ધના સંસ્કારો આપશું તો તે સ્વીકારશે નહીં.
7. મહેન્દ્રભાઈ કલેકટરના નિર્ણયને (જુઓ પોઈન્ટ m પેજ ૧૧૫) સનાતન સમાજવાળા અમલ કરતા નથી.
8. અમારી તમામ પ્રવૃત્તિઓથી તમે વાકેફ થાઓ.
9. સૈયદોએ અમારા ધર્મના ગ્રંથો પ્રકાશન કરી વૈમનસ્ય ઊભું કરેલ છે. તે સાહિત્યમાં જે કંઈ છપાયેલ છે એ ખોટું છે. એવા પુસ્તકો ઉપર અમે પ્રતિબંધ મુકેલ છે.
10. સનાતન સમાજના આગેવાનો અમારા સતપંથને ખોટી રીતે બદનામ કરી રહ્યા છે. આગાખાનનો પંથ જે સતપંથ છે એ મુસ્લિમ પંથ છે, અમારો નહીં. તેનાં જવાબમાં ઊંઝાના વડીલો તરફથી કહેવામાં આવ્યું કે આગાખાન સમાજ અગાઉ હિંદુ સંસ્કૃતિજ ધરાવતો હતો.
11. અમારા સમાજમાં લગ્ન વિધિ હિંદુ વિધિ પ્રમાણે થાય છે.
12. હાલની નવી પેઢી અગ્નિ સંસ્કારમાં માને છે પણ અમારા જૂના વડીલો હજુ દાટવાની પરંપરામાં માને છે. ત્યારે ઊંઝાના વડીલોને પીરાણા તરફથી કબ્રસ્તાનની જગ્યાની માંગણી કલેકટર પાસે શા માટે કરેલ છે? એ પ્રશ્ન કર્યો. તેનાં જવાબમાં એક ભાઈ ખોટું બોલી ગયા કે એવી કોઈ માંગણી કરેલ નથી. પણ પછી બીજા ભાઈએ સ્પષ્ટતા કરી કે કબ્રસ્તાન માટે જગ્યાની માંગણી કરેલ હતી, પણ બીજા અગ્રણીએ અટકાવી રાખી છે.
13. અમે અગ્નિદાહ આપવા તૈયાર છીએ.
14. અમારા સમાજમાંથી એક પણ મુસલમાન થયો નથી. નવી પેઢી ઉપર કોઈ પણ રીત રિવાજ ઠોકી બેસાડાઈ શકાય નહીં. અમારી સમાજમાં ઇસ્લામ ધર્મી થઇ જવાની ચિંતા કરવાની જરૂર નથી. અમો આ બાબતે ચિંતિત છીએ.
15. અમારા વડીલોએ ગાયને બચાવવા માટે બલિદાન આપેલ છે. લોટની ગાય કાપીને પ્રસાદ કરવાની વાત બિલકુલ અફવા છે.
16. સતપંથી અબજીભાઈ કરમશી ધોળુએ કહ્યું કે દશાવતાર કથા મેં બેસાડી, તેમાં ખર્ચ મારા પરિવારે ઉપાડેલ છે. મારા પિતાને અમે દફનાવ્યા. સમાજને મેં કહ્યું કે મારા પિતાને અગ્નિ સંસ્કાર આપીએ પણ આ ઝગડો પતી જશે તેવી ખાતરી આપો, તો તેમને ના પાડી.
17. આપણી હિંદુ દીકરીને મુસલમાનો લઇ જાય છે તેની ચિંતા કરવી જરૂરી છે.
18. ઉકેલ માટે સનાતન સમાજના જૂના પ્રમુખોને બોલાવો. હાલની ટીમ સમાધાન વિચાર સરણીવાળી નથી. જૂના પ્રમુખ, મંત્રી, ટ્રસ્ટીઓને બોલાવો ને મિટિંગ કરો.

ઊંઝાના વડીલો દ્વારા ટકોર કરવામાં આવી કે ઈમામશાહ હિંદુ નથી, ત્યારે તેનાં જવાબમાં સતપંથીઓએ એવું કહ્યું કે કબીર, સાંઈબાબા કોણ છે? ત્યારે તેને જવાબ આપવામાં આવ્યો કે કબીર અને સાંઈબાબાનો અત્યારે પ્રશ્ન કરવાથી આપણો ઉકેલ આવશે નહીં. માટે કબીર અને સાઈબાબાની વાત નહીં ચાલે.

ઊંઝાના વડીલોએ ચુખ્ખું કહી દીધું કે ઈમામશાહ ઈરાનથી આવેલ અને મુસલમાન ધર્મના પ્રચાર માટેજ આવેલ, એ સ્પષ્ટ વાત છે.

5. મવાળોને પાછલા બારણે દાખલ કરવાનો પ્રયાસ (૧૫-જુલાઈ-૨૦૧૬)

સનાતનીઓ માટે દુઃખની સાથે ચેતવણીની વાત છે. સતપંથવાળાઓએ ૧૭ સનાતનીઓના નામોની એક યાદી (તા. ૧૫-જુલાઈ-૨૦૧૬ ના પત્ર મારફતે) ઊંઝામાં આપી. તેની સાથે વિનંતી કરી કે આ લોકોને પણ ઊંઝાવાળા સાંભળે. એમનો કહેવાનો આશય એ હતો કે સનાતનીઓની ત્રણે માતૃ સંસ્થા તરફથી સ્વીકૃત ૧૧ લોકોની સમિતિ બરાબર નથી. તેનાં કરતાં આ યાદીમાં જણાવેલ ૧૭ લોકો ભરોસા પાત્ર છે. જેમાં સનાતની સંસ્થાઓના માજી હોદ્દેદારો અને આગેવાનો છે. પણ મા ઉમિયાની કૃપાથી સનાતન સમાજવાળાઓને કંઈ ખાસ કહેવું ન પડ્યું. ઊંઝાવાળાએ સનાતનીઓને કહ્યું કે અમે સમજી છીએ કે આજ લોકો (૧૭ લોકો) તમને તકલીફ દેવાવાળા છે. દૂધ-દહીં વાળા કહો કે મવાળો કહો, તેમાંના આ લોકો મુખ્ય છે. આવી રીતે સતપંથવાળાઓએ આ ૧૭ જણાના નામોની યાદી મારફતે પ્રક્રિયામાં અડચણો નાખીને સમસ્યાના નિવારણમાં અવરોધ લાવ્યો.

6. લવાદગી ન સ્વીકારે તો પણ ચુકાદો આપવા તૈયાર (૦૯-એપ્રિલ-૨૦૧૭)

ત્યાર બાદ તા ૦૯-એપ્રિલ-૨૦૧૭ સુધી વાત આગળ ન વધી એટલે હિમ્મતભાઈ, ચંદ્રકાંતભાઈ, ગંગારામભાઈ, અબજીભાઈ અને પ્રેમજીભાઈ પાછા ઊંઝા ગયા. કહ્યું કે બાપા કંઇક કરો. અમારો શું ગુન્હો? સતપંથવાળા લવાદગી નથી સ્વીકારતા, લેખિતમાં નથી આપતા, તો તમે કંઇક કરો. એટલે તેમને કહ્યું કે વાત સાચી છે. તમારી પુરાવાવાળી ચોપડી ખૂબ મોટી છે. ચુકાદામાં તેને આવરી ન શકાય. એટલે તમે થોડા મુદ્દાઓ આપો, જે ચુકાદામાં નાખી શકાય. માટે સનાતની સમાજવાળાએ મહત્ત્વના મુદ્દાઓ તારવીને પોતાના હિસાબે ચુકાદાનો એક ડ્રાફ્ટ / નમૂનો તૈયાર કરી ઊંઝા મોકલી આપ્યો.

7. એક અન્ય મવાળ દ્વારા ચુકાદાને અટકાવામાં આવ્યો (૨૫-એપ્રિલ-૨૦૧૭)

બધી તૈયારીઓ થઇ ચૂકી હતી. ચુકાદો નક્કી થઇ ગયો હતો. ત્યારે એક નવું વિઘ્ન નડ્યું. આપણાજ એક “મવાળ સાહેબ”ને ખબર પડી, જે ઊંઝાના કારોબારીમાં વર્ષો સુધી જોડાયલા હતા (આ પુસ્તકમાં નામ લેવું હાલે યોગ્ય ના હોવાથી નામ નથી લખવામાં આવ્યું). ઊંઝા વાળા મણીભાઈ મમી સાથે એ મવાળની વાત થઇ ત્યારે મણીભાઈ મમીએ કહી દીધું કે સતપંથવાળા આવતા નથી એટલે અમો સતપંથ વિરુદ્ધમાં ટૂંક સમયમાં કડક ચુકાદો આપી દેવાના છીએ. એટલે એ મવાળ બોલ્યા કે ના ના સાહેબ, સતપંથવાળા મારા નિકટ પરિચયમાં છે. મારા કહ્યામાં છે, એટલે હું તેમને સમજાવીને અહીં લઈ આવું છું. તમે આવો કડક ચુકાદો ન આપો. આમ કહીને સનાતની સમાજ તરફી આવનાર ચુકાદાને એ મવાળ સાહેબે અટકાવ્યો. આ વાતની અમને ખબર પડી એટલે રાતો રાત તા.૨૫-એપ્રિલ-૨૦૧૭ના ચંદ્રકાંતભાઈ, પ્રેમજીભાઈ, હિમ્મતભાઈ, ગંગારામબાપા અને ઝવેરબેન (ગંગારામબાપાના ધર્મ પત્ની) ઊંઝા પહોંચી ગયા. મણીભાઈ મમીને સમજાવ્યું કે મવાળો દ્વારા આવી વાતો કરવા પાછળનો ઉદ્દેશ શું છે. તેમને સમજાવ્યું કે સતપંથવાળાની અને મવાળોની સમય પસાર કરવાની આ રણનીતિ છે અને આમાં ફસાવું ન જોઈએ. જેની મણીભાઈ મમીએ આભાર માનીને નોંધ લીધી.

તે વખતે ઊંઝાના મંત્રી શ્રી દિલીપભાઈ નેતાજી પણ ત્યાં હાજર હતા. મણીભાઈ મમીએ પ્રમુખશ્રી નારાયણ લલ્લુ અને વિક્રમ દાદા, પ્રહ્લાદભાઈ મહેસાણાને ફોન કરીને વાત કરી. ત્યાર બાદ તેમને તરતજ એ મવાળ સાથે ફોન પર વાત કરીને કહ્યું કે પીરાણાવાળાનો જવાબ જલદીથી મોકલાવો. તેમની પાસે આપવા માટે વધારે સમય નથી.

8. ઊંઝાના પ્રમુખ શ્રી નારાયણ લાલુને પીરાણાનું આમંત્રણ (૨૭-એપ્રિલ-૨૦૧૭)

ઉપર જણાવ્યા પ્રમાણે વાત થયા બાદ માત્ર બે દિવસમાં પીરાણાથી ૨૦ લોકોનું એક ડેલીગેશન ઊંઝા આવી પહોંચ્યું. પણ ઊંઝાની લવાદગી સ્વીકારવાની વાત કરવા નહિ, પણ ઊંઝાના પ્રમુખને પોતાના પ્રભાવમાં લેવા માટે. શ્રી નારાયણ લલ્લુ ગાંધીનગર વિસ્તારના ધારાસભ્ય (MLA) હતા. આપણે જાણીએ છીએ તેમ પીરાણા સંસ્થા ગુજરાતમાં સત્તા પર રહેનારી રાજકીય પાર્ટી એટલે BJP સાથે ખૂબ સારા સંપર્કમાં છે. તેમને આ સંબંધનો લાભ લઇને નારાયણ લલ્લુને રાજકીય લાભની લાલચ આપી.

સતપંથીઓ તરફથી પીરાણા તા. ૧૨ અને ૧૩ મે ૨૦૧૭ના બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિરનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેની આમંત્રણ પત્રિકા આપવા સતપંથીઓ આવેલ હતા. એ કાર્યક્રમની આમંત્રણ પત્રિકામાં છાપવામાં આવેલ વિશેષ મહેમાનોની યાદીમાં એક નામ શ્રી નારાયણભાઈ લલ્લુનું હતું. તેમની સાથે અન્ય મહેમાનોમાં ગુજરાત સરકારના કેબીનેટ મંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ, BJPના પ્રદેશ પ્રમુખ, RSSના ઉચ્ચ હોદેદારો, લેવા પાટીદાર સમાજના પ્રમુખ, સરદાર ધામના પ્રમુખ અને અન્ય પ્રખ્યાત સામાજિક અને વ્યવસાયિક સંસ્થાઓના ઉચ્ચ હોદેદારોના નામો સામેલ હતા. ઊંઝા તરફથી અમોને એમ કહેવામાં આવ્યું હતું કે નારાયણભાઈનું નામ તેમની અનુમતિ વગર છાપવામાં આવેલ હતું. દિલીપભાઈએ અમને આશ્વાસન આપ્યું કે નારાયણભાઈ આ કાર્યક્રમમાં નહિ જાય અને ખરેખર ગયા પણ નહીં.

આ આમંત્રણ પત્રિકા આપવા આવેલ સતપંથીઓએ ઊંઝામાં એવી દલીલ કરી કે ભારતમાં ઘણી જગ્યાએ હિંદુઓના ધાર્મિક સ્થાનોની સામે મુસલમાનોના કબ્જા હેઠળ કંઇક ને કંઇક છે. તેવીજ રીતે પીરાણામાં પણ મુસલમાનો ઘૂસી ગયા છે. પીરાણામાં જે હિંદુ ભાગ છે, ત્યાં તમને મુસલમાન જેવું કંઈ નહીં મળે. આ વાતનો દિલીપભાઈએ જોરદાર વિરોધ કર્યો. તેમને કહ્યું કે પીરાણાની મુલાકાત ઊંઝાના આગેવાનોએ લીધી છે. માટે પીરાણામાં જે છે એ હિંદુ નથી, મુસલમાન ધર્મનું સ્થાનક છે. આવું સાંભળીને સતપંથવાળાઓ આક્રોશમાં બોલવા લાગ્યા અને દિલીપભાઈને દબાવવાનો પ્રયત્ન કર્યો. પણ દિલીપભાઈ દબાયા નહીં. દિલીપભાઈએ પણ મક્કમતાથી સામે જવાબ આપ્યા.

આ ઘટનાનો સાર અહીં એવો છે કે ઊંઝાના આગેવાનો પીરાણાની આ ચાલ ઓળખી ગયા અને પીરાણા દ્વારા ફેલાવેલ જાલમાં પ્રમુખશ્રી ન ફસાયા. કડવા પાટીદાર જ્ઞાતિને શોભે એ રીતે ઊંઝાએ પોતાની તટસ્થતા જાળવી રાખી. જેની નોંધ ઈતિહાસમાં ખાસ લેવાશે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના લાખો સનાતનીઓની ઊંઝા ઉપર આસ્થા અને શ્રદ્ધા આ ઘટના થકી મજબૂત થશે, એમાં બે મત નથી.

9. સતપંથીઓ અને ઊંઝાના લવાદની મિટિંગ (૦૧-મે-૨૦૧૭)

આ મિટિંગમાં મુખ્ય નિર્ણય એ લાવામાં આવ્યો કે સતપંથ સમાજ ઊંઝાનો લવાદ માન્ય છે, તેવો પત્ર આપવાનો રહેશે. તા. ૧૧-જૂન-૨૦૧૭ના સતપંથ સમાજની મિટિંગમાં નક્કી કરીને મોકલાવશે, તે પછી ઊંઝા લવાદની મિટિંગ આગળ કામ માટે બોલાવશે. અને તે મિટિંગ આખરી નિર્ણાયક મિટિંગ રહેશે.

10. કાયદાકીય ડરના જવાબમાં પુસ્તક: ધાર્મિક ખુલાસો - Internal File Note (તા. ૦૧-જૂન-૨૦૧૭)

આજે લવાદ પંચોની આપસની મિટિંગ હતી. આ મિટિંગમાં ચુકાદાનો એક નમૂનો (draft) ઉપર ચર્ચા કરવામાં આવી. એક ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો, પણ તેનાં ઉપર ખાસ કોઈ નક્કર નિર્ણય લેવાયો નહીં.

સનાતન સમાજવાળા ઊંઝાવાળાની પાછળ સતત પડ્યા રહ્યા. સતત ફોન ઉપર સંપર્કમાં રહ્યા. આ દરમ્યાન એક એવી વાત સામે આવી કે અમુક સતપંથ તરફી લોકો અને તેમના એજેન્ટ મારફતે ઊંઝાવાળાને ડરાવવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા.

ઊંઝાવાળાને એમ કહેવામાં આવ્યું કે જો તમે ચુકાદો સતપંથ વિરુદ્ધ આપશો, તો ઊંઝા સંસ્થાનને કોર્ટમાં લઈ જશે. ભલામણના આવરણમાં ભય ફેલાવવા માટે કહ્યું કે જો કોર્ટમાં લઈ જશે તો તમે જોજો ક્યાંક ફસાઈ ન જાઓ. બીજી બાજુ વાત વાળવા માટે કહે કે આપણી સંસ્થા કોઈ વિવાદમાં ન આવી જોઈએ એની ચિંતા છે એટલે આ વાત કરું છું. આ ઝગડો તો કચ્છ કડવા પાટીદારોના બે ભાગ વચ્ચે આપસમાં છે. આપણે શા માટે વચ્ચે પાડવું? આવું કહીને ઊંઝાવાળાને મૂઝવણમાં મૂકવા અને ડરાવવાના પ્રયત્નો થયા.

એટલે ઊંઝાવાળાને હિમ્મત આપવાની જરૂર હતી. એટલે સનાતની સમાજ તરફથી એક બીજી ચોપડી તૈયાર કરવામાં આવી. લગભગ ૭૦૦ પાનાની. આ પુસ્તકનું નામ છે “ધાર્મિક ખુલાસો - Internal File Note”. જો ઊંઝાવાળા સામે કેસ થાય, તો જે જે મુદ્દાઓ અને પુરાવાઓના આધારે ચુકાદો આપેલ છે, એ મુદ્દાઓ અને પુરાવાઓને એકદમ સુવ્યવસ્થિત નંબરીંગ અને લિન્કિંગ કરીને (કાયદાકીય પ્રક્રિયામાં કામ આવે એ રીતે) ગોઠવીને એ બુક તૈયાર કરી આપી. અને ઊંઝાવાળાને કહ્યું કે તમે તમારા વકીલને આપજો, તમને કંઈ કહેવું નહીં પડે. એટલે પાછી ગાડી પાટા પર આવી.

અગાઉ જણાવેલ “સતપંથ સમસ્યા” પુસ્તક અને “ધાર્મિક ખુલાસો - Internal File Note” આ બન્ને પુસ્તકોમાં મોટા ભાગના પુરાવાઓ એક સરખાજ હોવાથી, હાલના આ પુસ્તકમાં જણાવેલ Section 2 વિભાગમાં (જુઓ પેજ ક્ર.૨૪૫) બન્ને પુસ્તકોમાંના એક સમાન દસ્તાવેજોની માત્ર એકજ નકલ રાખીને તૈયાર કરેલ છે. આમ કર્યા પછી દસ્તાવેજોમાં જરૂર જણાય ત્યાં સંદર્ભોને ધ્યાનમાં રાખીને ફરીથી નંબરીંગ કરવામાં આવ્યું છે. જ્યાં જ્યાં થયેલ ભૂલો ધ્યાને આવી, ત્યાં સાર બદલ્યા વગર તેને સુધારવામાં પણ આવેલ છે. આ વાત માત્ર આપને જાણ થાય એ હેતુથી અહીં જણાવેલ છે.

11. જેરામભાઈ વાંસજાળિયાનું પુનઃ પ્રવેશ અને ચુકાદો ફરીથી ઠેલાયો (તા.૦૧-જૂન-૨૦૧૭)

તેજ સમય ગાળામાં એક એવો સંદેશો મળ્યો કે ઊંઝાવાળા ચુકાદો આપી દેવાની તૈયારીમાં છે. તેઓએ ચુકાદાનો નમૂનો પણ તૈયાર કરી લીધો છે. માટે સનાતન સમાજને તા. ૦૧-જૂન-૨૦૧૭ના ઊંઝા હાજર થવાનો સંદેશો આવેલ હતો. જે કાચું લખાણ તૈયાર થયેલ હતું, તેને પાકું કરવા અને ચુકાદો આપવા માટે ભેગા થવાનું હતું. આપ સૌએ ખાસ નોંધ લેજો કે આ દિવસ સુધી સતપંથવાળાઓએ ઊંઝાની લવાદગીને સ્વીકારેલ નહોતી. ઊંઝાવાળાએ સતપંથ સમાજની બધીજ દલીલો તો સાંભળી લીધી હતી. પણ આવડા સમય સુધી રાહ જોયા બાદ પણ જો સતપંથ સમાજ લેખિત રૂપમાં લવાદગી સ્વીકારવાની મંજૂરી ન આપે તો ઊંઝાવાળા બીજું કંઈ કરી ન શકે. એટલે ઊંઝાવાળા સતપંથીઓની ગેરહાજરીમાં ચુકાદો આપી દેવા તૈયાર થઇ ગયા હતા.

પણ અચાનક એ મિટિંગમાં મોરબીથી શ્રી જેરામભાઈ વાંસજાળિયા અને શ્રી ગોડાસરા સાહેબ હાજર થયા. જેરામભાઈ માત્ર શરૂઆતની સહુથી પહેલી મિટિંગ એટલે તા. ૦૪-જુલાઈ-૨૦૧૫ની મિટિંગ, જેમાં બન્ને પક્ષો તરફથી ૧૧-૧૧ જણની ટીમની પ્રણાલિકા નક્કી કરવામાં આવી હતી, એ મિટિંગમાં હાજર હતા. ત્યાર બાદ એ કોઈ પણ અન્ય મિટિંગમાં આવેલ નહોતા. પાછળથી ઊંઝાવાળાઓ તરફથી અમને જાણ કરવામાં આવી કે તેઓએ જેરામભાઈને આખરી ચુકાદો આપી દેવાની જાણ કરતો ફોન કરેલ હતો, એટલે એ હાજર થયા હતા.

> **<u>વિશેષ નોંધ:</u>** જેરામભાઈ વાંસજાળિયા, ઘોડાસરા સાહેબ અને જયંતીભાઈ કાલરીયા (હવે પછી એમનું નામ આ લેખમાં આવશે) આ ત્રણે વડીલોએ સનાતન સમાજની અહીં સુધીની પ્રક્રિયામાં થયેલ કોઈ પણ જાતની રજૂઆત સાંભળીજ નહોતી.

૮ ઊંઝાની કાર્યવાહી

આ બેઠકમાં, જેરામભાઈએ સમસ્યાના નિવારણ માટે ડાહી-ડાહી વાતો કરી. તેમને જણાવ્યું કે સતપંથવાળા મારા ખૂબ નિકટમાં છે. મારી સાથે નિયમિત સંપર્કમાં છે. તે ઉપરાંત સતપંથવાળાની સાથે નિકટતા ધરાવતા લોકો (જેણે સનાતન સમાજમાં "મવાળો" કહેવામાં આવે છે) એ પણ મારા સાથે રોજના સંપર્કમાં છે. તેમએ જણાવ્યું કે આ બધા લોકો મને એટલે (જેરામભાઈને) મળવા આવેલ હતા, ત્યારે ચુકાદા વિષે વાત થઇ. હું તમને (ઊંઝાવાળાને) ભરોસો આપું છે કે એમના પાસેથી લેખિતમાં લવાદગી સ્વીકારતો પત્ર લેવડાવી આપું છું. એટલે ઊંઝાવાળાઓ અને સનાતન સમાજવાળાઓએ વિચાર્યું કે તો સારું. માત્ર એક પક્ષ લવાદગી સ્વીકારેલ હોય એવી પરિસ્થિતિમાં ચુકાદો આવે એના કરતા બન્ને પક્ષો લવાદગી સ્વીકારેલ હોય ત્યારે ચુકાદો આવે એ વધુ સારું. ચુકાદાના અમલવારીમાં પણ સહુલિયત રહેશે. ભલે થોડો સમય વધુ લાગે. આટલા દિવસો રાહ જોઈ છે, તો થોડા દિવસો હજી રાહ જોઈ લેશું.

જેરામભાઈનું બેઠકમાં એવું કહેવાનું હતું કે કચ્છ કડવા પાટીદાર સમાજમાં આપણે સૌ સાથે મળીને એક થઇને આ સમસ્યાને કાયમ માટે દૂર કરી નાખશું. આપણે એવું **"સમાધાન"** લાવશું કે બધાજ સંપ સંગઠનથી પ્રેમથી ભેગા થઇને હળીમળીને રહી શકે. સનાતનીઓ જાણી ગયા કે આ ભાષાતો સતપંથીઓની છે. એટલે સનાતન સમાજવાળા અંદરોઅંદર ચિંતિત થયા.

વિશેષ નોંધ: સનાતનીઓની દૃષ્ટિએ આ વળાંક એવો હતો કે જેને કહેવાય "કહાનીમાં ટવીસ્ટ". રણનીતિની દુનિયામાં વિરોધીને "અચંબામાં મૂકવાની ચાલ" કહેવાય. પહેલો પક્ષ પોતાની ગણતરી પ્રમાણે સફળ થતાં-થતાં જ્યારે લડાઈ જીતવાની અણી સુધી આવી જાય, ત્યારે પોતે લડાઈ જીતી ગયા (વાસ્તવમાં નહીં) છે, એવું ખોટું આત્મસંતોષ કરી લે અને બેદરકારીમાં આવીને લડાઈની પોતાની ચાલો ઢીલી કરી નાખે. ત્યારે તે સમયે વિરોધી પક્ષ દ્વારા એવી ચાલ રમવામાં આવે કે પરિસ્થિતિ અનપેક્ષિત વળાંક લઇ લે. આવી પરિસ્થિતિને પહેલો પક્ષ પૂરી રીતે સમજીજ ન શકે. તેનો સામનો કેવી રીતે કરવો એ ખબર ન હોવાથી મૂંઝવણ અને અચંબામાં પડી જાય. લડાઈના આવા નિર્ણાયક પરિસ્થિતિમાં લડાઈની દિશા નક્કી કરવાનો દોર સામેવાળા વિરોધી પક્ષના હાથમાં આવી જાય. પહેલા પક્ષને ખબર પડે, ત્યાં સુધી લડાઈનો રુખ બદલાઈ ચૂક્યો હોય.

આ તબક્કા સુધી જ્યારે લડાઈ પહોંચે એટલે ત્યાં સુધી પહેલા પક્ષની તમામ ચાલો અને હથિયારોની જાણ વિરોધી પક્ષને થઇ ગઈ હોય. અહીં વિરોધી પક્ષને પોતના સહુલિયત પ્રમાણે પોતાની ચાલ અને હથિયારો પસંદ કરી શકવાનો મૌકો મળે. એટલે આ તબક્કા પછી વિરોધી પક્ષના હથિયારો અને ચાલોને પહેલો પક્ષ સમજે ત્યાં સુધી બહુ મોટું નુકસાન થઇ ચૂક્યું હોય. આની માનસિક અસર પણ ખૂબજ ભયંકર થાય. જે લડાઈ જીતવાના અણીએ આવી ગયા હોય, એ લડાઈ અચાનક હાર તરફ જતી જોઈને પહેલા પક્ષના લોકોનું મનોબળને ખૂબ મોટો ધક્કો લાગે. પણ સદ્‌ભાગ્યે મા ઉમિયાએ સનાતની સમાજને આ પ્રહારનો સામનો કરવા બધીજ રીતે તૈયાર કરી રાખેલ હતા.

જો કે એવું નથી લાગતું કે આ ઘટના કંઈ યોજનાબદ્ધ તરીકાથી સતપંથીઓ દ્વારા ગોઠવવામાં આવી હોય. આ ક્રમ ગોઠવવા પાછળ આટલી ઊંડી રણનીતિ ગાડવામાં આવેલ હોય એવું લાગતું નથી. પણ સનાતનીઓ આવી પરિસ્થિતિ માટે સંપૂર્ણ રીતે તૈયાર હતા, એ જણાવવાનો આશય છે.

12. પ્રક્રિયાને પાછી પાટા પર લાવવા માટે તા. ૦૮-જૂન-૨૦૧૭નો પત્ર

અત્યાર સુધીની વાતો આખરી ચુકાદાને તૈયાર કરવા માટેની હતી. ત્યારે જેરામભાઈની વાતો **"ઉકેલ"**ના નામે **"સમાધાન"** કરાવવાની હતી. સતપંથવાળાઓ તરફથી ઊંઝાની લવાદગીને સ્વીકારવાનો પત્ર જેરામભાઈ મેળવી આપશે એના કારણે ઊંઝાવાળાઓ જેરામભાઈથી પ્રભાવિત હતા. અત્યાર સુધી જ્યારે પણ બેઠકો થતી, ત્યારે તે બેઠકોનો દોર (બેઠકમાં લેવાતા નિર્ણયો પર મુખ્ય પ્રભાવ અને સત્તા) ઊંઝાવાળાઓના હાથમાં રહેતો. પણ આ બેઠકમાં અમને લાગ્યું કે બેઠકનો દોર જેરામભાઈના હાથમાં ગયો. જેરામભાઈની વાત કરવાની શૈલી સામેવાળા ઉપર હાવી થઇ જવાની હોય છે. ઉપર જણાવ્યા પ્રમાણે ઊંઝાવાળાઓ જેરામભાઈના પ્રભાવમાં આવી ગયા હતા. તેની સાથે ઊંઝાવાળાને સતપંથીના પત્રની કદાચ લાલચ પણ હશે. આ પ્રક્રિયામાં જેરામભાઈ આગળનો દોર નક્કી કરવા લાગ્યા.

> **<u>ખાસ નોંધ:</u>** "સમાધાન" અને "ઉકેલ" શબ્દમાં ફરક શું છે, એ ધ્યાને લેવું આ તબક્કે ખૂબ જરૂરી છે. ઉકેલ એટલે સમસ્યાનું સાચા અર્થમાં નિવારણ લાવવું. જ્યારે સમાધાન એટલે બન્ને પક્ષો વચ્ચે સહમતી સાધવી. જેમાં સમસ્યાનો સાચા અર્થમાં ઉકેલને પ્રાધાન્ય ન હોય. સતપંથ સમસ્યા એક એવી સમસ્યા છે, જેનો ઉકેલ લાવવો જોઈએ, સમાધાન નહીં. દાખલા તરીકે એક ભાગીદારી પેઢી હોય અને તેનાં બે ભાગીદારો વચ્ચે આર્થિક વ્યવહારને લઇને કોઈ મતભેદ હોય તો ત્યાં સમાધાન કરી શકાય. બન્ને ભાગીદારોને સમજાવવાની કોશિશ કરી શકાય કે તું મન મોટું રાખ, થોડું જવા દે, થોડું સામેવાળાને કહેશું. લાખ રૂપિયાનું નુકસાન હોય તો કહી શકાય કે ૫૦ હજાર તું ભોગાવ અને બાકીના બીજો ભોગવશે. પણ અગર ઘરમાં ચોરી થઇ જાય અને ચોર પકડાઈ જાય. ત્યારે શું ચોર અને માલિક વચ્ચે સમાધાન થાય? શું માલિકને કહી શકાય કે ૫૦ હજાર તું રાખ અને બાકીના ચોરને આપી દે. ના. સતપંથ સમસ્યા પણ આવીજ છે. સતપંથ સમસ્યા એ ધર્મનો ઝગડો છે. આમાં સમાધાન ન હોય. સમાધાન કરવું હોય તો શું એવું કહી શકાય કે સતપંથીઓ અડધા હિંદુ થાઓ અને સનાતનીઓ અડધા મુસલમાન થાઓ. ના. માટે સતપંથ સમસ્યાના નિવારણમાં સમાધાન કરવા જાઓ તો સતપંથને હિંદુ ધર્મનો ભાગ કરીકે સ્વીકૃતતા આપવી પડે. એક વખત સતપંથને સ્વીકૃતતા મળી જાય, તો પછી આ સમસ્યાનો કોઈ દિવસ ઉકેલ ન આવી શકે. ઊલટું હિંદુઓ મુસલમાન સતપંથમાં જતા આવતા થાય તો તેને રોકી પણ ન શકાય. માટે સમાધાન શબ્દથી સનાતનીઓ ખૂબ સચેત રહે છે. સતપંથ સમસ્યાનો ઉકેલ લાવવો જરૂરી હતો ના કે સમાધાન કરવું.

આવી પરિસ્થિતિમાં સનાતનીઓ સાવધાન થઇ ગયા. જે હિસાબે આ બેઠકમાં "સમાધાનની" નવી વાતો સામે આવી એ ચિંતા જનક હતું. હમણાં સુધીની દરેક બેઠકમાં હાજર વડીલો, કે જેઓએ બન્ને તરફની રજૂઆતો સાંભળેલી હતી, તેઓ પણ આ નવી વાતોમાં દોરવાઈ ગયા. તેનાં પરથી એવું લાગ્યું કે જે દિશામાં ચુકાદો આવો જોઈએ, એ દિશાથી ચુકાદો ભટકી જવાની પૂરેપૂરી સંભાવના છે. ક્યાંક કોઈ પરિબળ આ ચુકાદાની દિશા બદલાવવા કોશિશ કરી રહ્યું છે. એટલે આપણી કેન્દ્રીય સમાજે તા. ૦૮-જૂન-૨૦૧૭ ના એક પત્ર ઊંઝાને લખ્યો.

આ પત્રમાં ઊંઝાના સંસ્થાનું ધ્યાન દોરવામાં આવ્યું કે આમરી મૂળમાં શું ફરિયાદ છે અને તમારી પાસે શું અપેક્ષા છે. **અહીં "સમાધાન નથી કરવું"**. <u>સતપંથ હિંદુ ધર્મના સાચા રસ્તા પર છે કે નહિ, એટલોજ **ખુલાસો** જોઈએ છે.</u> ઊંઝા પાસે આ ખુલાસો લેવા પાછળનું કારણ એટલું હતું કે સતપંથ મુસલમાન ધર્મ છે એવી વાત જણાવતા ભારતના ચારે મુખ્ય શંકરાચાર્યએ પ્રમાણ પત્રો આપેલ છે. અન્ય ધાર્મિક સંસ્થાઓએ પણ પ્રમાણ પત્રો આપેલ છે. સરકારી અને કોર્ટના દસ્તાવેજો પણ છે. પણ કડવા પાટીદાર જ્ઞાતિની માતૃ સંસ્થા હોવાના નાતે, આપણી માતૃ સંસ્થા તરફથી આ ખુલાસો જરૂરી છે, જેથી કરીને જ્ઞાતિજનોને સાચા રસ્તાની ખબર પડે, એ માટે ઉમિયા માતાજી ઊંઝા પાસે સનાતનીઓ આવેલ છે. જ્ઞાતિ જનોને ભ્રમિત કરવાના પ્રયાસોમાં સતપંથવાળાઓ સફળ ન થાય, એની જરૂરિયાત હતી. આ પત્રની સારી અસર લવાદ પંચો ઉપર પડી.

13. જેરામભાઈ સાથે મોરબીમાં મહત્ત્વની બેઠક (તા.૧૦-જૂન-૨૦૧૭)

સનાતની ટીમને વિચાર આવ્યો કે આપણી સનાતની સમાજ તરફથી થતી રજૂઆતની એક પણ મિટિંગમાં જેરામભાઈ હાજર નહોતા. સતપંથની ધર્મ પરિવર્તન કરવાની રમતની ઊંડાણ પૂર્વક જાણ એમને ખબર નહીં હોય. વર્ષોથી આપણી સાથે કેવી રીતે દગો થઇ રહ્યો છે, આપણે કેવા કેવા પ્રયત્નો કરી રહ્યા છીએ, આપણે કેટ કેટલા બલિદાનો આપેલ છે, એ બાબતની ખબર જેરામભાઈને નહીં હોય. બીજી બાજુ જેરામભાઈના કહેવા પ્રમાણે સતપંથીઓ અને મવાળોનું તેમની સાથે લગભગ રોજનું ઘર્ષણ હતું. એટલે એવું વિચાર આવ્યો કે જેરામભાઈ હવે આ વિષયમાં રસ લેવા લાગ્યા છે તો આપણા તરફની વાતથી તેમને વાકેફ કરવા જોઈએ.

એટલે જે દિવસે ગાંધીધામ સમાજ વાડીનું ઉદ્ઘાટન હતું, તેજ દિવસે તા.૧૦-જૂન-૨૦૧૭ના અમે પાંચ મિત્રો એ કાર્યક્રમને ન માણવાનું નક્કી કર્યું. ચંદ્રકાંતભાઈ છાભૈયા, વસંતભાઈ ધોળુ, જયંતીભાઈ લાકડાવાલા, પ્રેમજીભાઈ કેશરાણી અને શંકરભાઈ રવાણી ગાડી લઇને તેમની મોરબી ટાઈલ્સની ફેક્ટરીમાં ગયા. ત્યાં ગયા તો આપણા એક ખાસ મવાળભાઈ પહેલાંથી બેઠા હતા. જાણે અમારી રાહજ જોતા હતા. પણ અમે રણનીતિ નક્કી કરેલ હતી કે જેરામભાઈને એકલામાંજ મળવું છે. અન્ય કોઈ પણ માણસ ગમે એવો હોય તો પણ આપણે એની હાજરીમાં વાત નહિ કરીએ. અડધા પોણા કલાક સુધી દુનિયાભરની આડી અવળી બધી વાતો કરી. પણ અમે આપણી વાતો ખુલ્લી ન કરી. એટલે છેવટે જેરામભાઈએ પૂછ્યું કે તમે શું કહેવા માંગો છો? અમે કહ્યું કે અમને તમારી સાથે એકલામાં વાત કરવી છે. ત્યારે જેરામભાઈએ કહ્યું કે આપણા ખાસ મિત્ર છે, કોઈ વાંધો નથી, ઘર જેવો સંબંધ છે. પણ અમે કહ્યું સારું પણ અમને તમારી સાથે એકલામાંજ વાત કરવી છે. એટલે એ મવાળભાઈ ના છૂટકે ઊભા થઇને નીકળી ગયા.

અમે વાતચીત શરુ કરી એનો માત્ર અડધો કલાકજ થયો હતો. એટલામાં જે મવાળ ભાઈ ઊભા થઇને ગયા હતા, તેનાં સગા ભાઈ આવીને બેસી ગયા. એ ભાઈ પણ મવાળ. એટલે ફરી અમારી વાતો રોકાઈ. પણ અમે વિચલિત ન થયા. અમારી રણનીતિને અમે પકડી રાખી. અમે ચૂપ થઇ ગયા. એમને બોલી લેવા દીધું. ત્યારે જેરામભાઈએ જોયું કે આ લોકો બોલતા નથી એટલે એ ભાઈને પણ કહ્યું કે તમે રજા આપો. એટલે એ ભાઈને પણ ના છૂટકે નીકળવું પડ્યું.

અમારી વાતો આગળ વધી એટલે જેરામભાઈને ફોન આવ્યો. એક ત્રીજા મવાળ ભાઈ નો. જેરામભાઈએ સ્પીકર ફોનમાં અમને વાત સંભળાવી. એમને કહ્યું કે જુઓ તમારા માજી હોદેદારો શું કહે છે, સાંભળો. અમે બધાય સાંભળ્યું. એ મવાળ ભાઈને એજ આદર્શવાદી વાતો હતી જેનાથી સતપંથનું અસ્તિત્વ ટકી શકે. આપણે એકતા રાખવી છે, સંપ સંગઠન જાળવવું છે, વિકાસના કામો કરવા છે વગેરે વગેરે. ધીરે ધીરે સતપંથવાળા સુધરી જશે, સનાતનમાં આવી જશે, ભાઈ કડક પગલાં ન ભરો, ભેગા રાખો, જુદા ન કરો વગેરે વગેરે. થોડી વાર પછી, ચોથા મવાળનો ફોન આવ્યો. (આ બધા લોકો ૧૭ મવાળોની યાદીમાંના લોકો છે). પાછા એમની વાત પણ સ્પીકર ફોનમાં અમને સંભળાવી. એજ વાતો. જેરામભાઈએ અમને કહ્યું કે આજ લોકો તમારો દાટ વાળી રહ્યા છે. સનાતનીઓનું નુકસાન કરી રહ્યા છે. આજ લોકો સતપંથ અંગે સાચો અને કડક નિર્ણય લેવા નથી આપતા. જો આ લોકો સીધા થઇ જાય, તો સમાજ તમારો સુધરી જાય.

14. સતપંથી તરફથી ઊંઝાની લવાદગી સ્વીકાર (તા. ૦૧-જુલાઈ-૨૦૧૭)

સતપંથઓ તરફથી ઊંઝાની લવાદી "કહેવતો" સ્વીકારવાનો પહેલો પત્ર તા. ૧૧-જૂન-૨૦૧૭ વાળો આવ્યો. પણ એ પત્રમાં ગોળગોળ લખવામાં આવેલ હતું. સતપંથ સમાજ ઊંઝાની લવાદગી સ્વીકારે છે એવું સ્પષ્ટ જણાવેલ નહોતું. એટલ તા. ૧૬-જૂન-૨૦૧૭ના ઊંઝા તરફથી સતપંથ સમાજને એક પત્ર લખવામાં આવ્યો, જેમાં સતપંથ તરફથી અપેક્ષિત સ્પષ્ટ લખાણનું ડ્રાફ્ટ સામેલ કરેલું હતું.

પછી જેરામભાઈના પ્રયાસોથી સતપંથવાળા તરફથી ૦૧-જુલાઈ-૨૦૧૭નો આવ્યો, જેમાં એમને ઊંઝાની લવાદગી સ્વીકારી. એ દિવસ પછી વારંવાર અમારું ઊંઝાના વડીલોને મળવાનું થતું. ચંદ્રકાંતભાઈ, હિમ્મતભાઈ, અબજીભાઈ, પ્રેમજીભાઈ અને ગંગારામબાપા આ પાંચ લોકો ખાસ દોડતા. ગંગારામબાપા તે વખતે સમાજના પ્રમુખ હતા, એટલે ક્યારેક આવામાં વધઘટ થાય. પણ બાકીના ચાર ભાઈઓ કાયમ માટે હાજર રહેતા. રાત દિવસ, ગમે ત્યારે હાકલ પડે, હાજર થઇ જતા. એક દિવસ એવો નથી કે અમને બોલાવ્યા હોય અને અમે સમય પર હાજર ન થયા હોઈએ.

15. મવાળોની વાત સાંભળવા અનૌપચારિક તક (તા.૧૮-જુલાઈ-૨૦૧૭)

૧૭ લોકોની યાદીવાળા મવાળો સતત જેરામભાઈ સાથે સંપર્કમાં હતા. જેરામભાઈનું ઊંઝાવાળા ઉપર ખૂબ દબાણ હતું કે આ લોકોને તમે એક વખત માળો. ઊંઝાવાળાને કહેવામાં આવતું કે તમે એક વખત આ લોકોને સાંભળો. એટલે અમે સવાલ કર્યો કે આ ૧૭ લોકો શા માટે સાંભળવા છે? બન્ને સમાજો ૧૧-૧૧ લોકો સંપૂર્ણ સત્તા આપીને મોકલેલ છે. તો પછી આ ૧૭ લોકો કઈ સમાજના છે? નક્કી કરો. સનાતન સમાજમાંથી સામાન્ય સભામાં મંજૂરી લીધેલ અમે ૧૧ લોકો છીએ. એ લોકો શું સતપંથ સમાજમાંથી છે? જવાબ મળ્યો નથી. તો પછી અમે કહ્યું કે માત્ર આ ૧૭ લોકોજ શા માટે? કાલે અમે કહીશું કે અમારા બીજા ૩૫ લોકોને સાંભળો. અમે ૩૫ની યાદી આપીશું તો સામે વાળા ૭૦ની યાદી આપશે. એની સામે અમે કદાચ ૧૪૦ની યાદી આપશું. તો આનો અંત ક્યારે આવશે? ઊંઝાના વડીલોને સમજાવ્યું કે આ ચાલની પાંચાલ ઊંઝાની સંપૂર્ણ પ્રક્રિયાને રવાડે ચડવાની રમત છે. વડીલોએ કહ્યું કે વાત સાચી છે. અમને હવે સમજણ પડે છે. પણ જેરામભાઈનું ખૂબ દબાણ હતું એટલે મણીબાપાએ (મણીભાઈ મમી) કહ્યું કે એક કામ કરીએ કે આપણે આ ૧૭ લોકોને અનૌપચારિક રીતે અલગથી મળી લઈએ. એટલે અમે કહ્યું કે આ લોકોની વાત બરાબર નહિ હોય અને પરિણામે તમારી દૃષ્ટિથી અમે કોઈ અણગમતા પગલાં ભરીએ તો તેની જવાબદારી અમારી નહિ હોય.

આ ૧૭ લોકોને તા. ૧૭-જુલાઈ-૨૦૧૭ના ફોન પર SMS કરીને કહેવામાં આવ્યું કે તમને જે કંઈ કહેવું હોય એ તા. ૨૩-જુલાઈ-૨૦૧૭ સુધી ઊંઝા મોકલી આપશો. એમનો જવાબ આવ્યો કે અમારા મુંબઈમાં કચ્છ કડવા પાટીદાર ટ્રસ્ટ ફંડ સંસ્થાની ટ્રસ્ટીઓની ચૂંટણી છે, માટે બે મહિના માટે સમય નથી. આ સમય સુધી ઊંઝાવાળાના મગજમાં વાત સાફ થઇ ગઈ હતી. એટલે ઊંઝાવાળાએ તરત કહી દીધી કે તો ઠીક છે, તમને જે કંઈ કહેવું છે, એ બે દિવસમાં લેખિતમાં આપી દો. આજ દિવસ સુધી લેખિતમાં કંઈ આવ્યું નહીં. એટલે આ વિષય અહીંયા પૂરો થઇ ગયો. લવાદ પંચને ગૂંચવણમાં નાખવાનો આ પ્રયાસ નિષ્ફળ થયો.

16. સ્વામી પરમાત્માનંદને વચ્ચે લાવી લવાદનો દોર છીનવી લેવાનો પ્રયાસ (તા. ૦૨-ઓગસ્ટ-૨૦૧૭)

વાત આગળ વધી. લગભગ બધુંજ પાટા ઉપર ચાલતું હતું. ત્યારે તા. ૦૨-ઓગસ્ટ-૨૦૧૭ના હિમ્મતભાઈએ દિલીપભાઈ નેતાજી, ઉમિયા માતાજીના મહામંત્રીશ્રીને ફોન કર્યો, ચુકાદાનું કામ ક્યાં સુધી પહોંચ્યું તેની જાણકારી લેવા માટે. ત્યારે દિલીપભાઈએ એમ કહ્યું કે ભાઈ હવે ચિંતા નથી. અમને એક એવો સાધુ મળી ગયો છે, જે બન્ને સમાજને સ્વીકાર્ય છે. એમની પાસે એવી વાત આવી છે કે બન્ને સમાજ તેમની વાત માનશે અને સમસ્યાનું નિવારણ થઇ જશે. હિમ્મતભાઈએ પૂછ્યું કે આવો તો કયો સાધુ છે? એવો કંઈ હોય તો અમને ખબર પડે ને? જવાબ આવ્યો રાજકોટવાળા પરમાત્માનંદ સ્વામી. આ વાત સાંભળીને હિમ્મતભાઈ ઉગ્ર થઇ ગયા અને પરિણામે એવા શબ્દો તેમના મોઢેથી નીકળ્યા કે એની ફરિયાદ સીધી ગંગારામબાપા, દિલ્લી સુધી પહોંચી.

ગંગારામબાપાએ ઊંઝાવાળાઓને કહી દીધું, જો તમે પરમાત્માનંદ સ્વામીને લઇ આવતો હો, જે ખુલ્લે આમ સતપંથની તરફેણ કરે એને છાવરે છે, તો પછી સનાતન સમાજમાંથી તમારું કોઈ અપમાન કરે, તો તેની જવાબદારી અમારી નહિ હોય. બીજી વાત એ કરી કે માત્ર પરમાત્માનંદ શા માટે? કાલે ઊઠીને અમે કહીશું કે બે સાધુ અમારાને સાંભળો, સામેવાળા કહશે બીજા બે સાધુ અમારા. તો એનો અંત ક્યાં આવશે. અમે સવાલ કર્યો કે આપણી લવાદગીની પ્રણાલિકા તા. ૦૪-જુલાઈ-

૨૦૧૫ની બેઠકમાં શું નક્કી થઇ હતી? માત્ર ઉમિયા માતાજી ઊંઝાના વડીલોજ આનો ફેસલો આપે, કારણ કે આ આપણી જ્ઞાતિની સર્વોચ્ચ ધાર્મિક સંસ્થા છે. અમે જ્ઞાતિના દરવાજે આવ્યા છીએ ના કે કોઈ સાધુઓ કે અન્ય સંસ્થાના દરવાજે ગયા છીએ. આની સાથે બીજા નાના મોટાં મુદ્દાઓ પણ ગંગારામબાપાએ કહ્યા. ત્યારે ઊંઝાના પ્રમુખ શ્રી નારાયણભાઈ લલ્લુએ કહ્યું કે હવે વાત સમજાઈ ગઈ. આપણને રવાડે ચડાવવાનું આ કામ છે. આપણે કોઈ પણ સાધુને સાંભળવા નથી. આ તમામ વાતો ઊંઝાની તા. ૨૭-ઓગસ્ટ-૨૦૧૭ની સામાન્ય સભા વખતે ભેગા થાય હતા, ત્યારે એ સમય ગાળામાં થઇ.

17. આખરી ચુકાદો (તા.૦૮-ઓક્ટોબર-૨૦૧૭)

પછી ઊંઝાથી એક ફોન આવ્યો કે પંચોએ/લવાદોએ આપસમાં બેસીને ચુકાદો લખીને તૈયાર કરી દીધેલ છે. તમે આ તરીકે આવો અને ચુકાદો લઇ જાઓ. એટલે તા. ૦૮-ઓક્ટોબર-૨૦૧૭ના ઉમિયા માતાજી મંદિરના ગર્ભગૃહમાં માતાજીની મૂર્તિની સામે બેસાડીને ચુકાદો વાંચવામાં આવ્યો. આ પ્રસંગે, ગંગારામભાઈ સાંખલા, અબજીભાઈ કાનાણી, હિમ્મતભાઈ ખેતાણી, ચંદ્રકાંત છાભૈયા, પ્રેમજીભાઈ કેશરાણી, વસંત ધોળુ અને શંકરભાઈ રવાણી હાજર હતા. ડો શાંતિલાલ સેંઘાણીનું ઊંઝા આવતા હતા ત્યારે રસ્તામાં તેમની ગાડીનો અકસ્માત (accident) થયો. તેનાં કારણે શરીરમાં થોડી ઈજા થઇ હતી એટલે તેઓ હાજર રહી ન શક્યા હતા.



ઉમિયા માતાજી ઊંઝા મંદિરમાં ચુકાદો આપ્યા બાદ ઊંઝાના લવાદ પંચની સાથે સતપંથ અને સનાતન બન્ને પક્ષના આગેવાનોનો પાડવામાં આવેલ સંયુક્ત ફોટો.

મંદિરમાં માતાજીના સાક્ષીમાં આ ચુકાદો વંચાણો. ત્યાર બાદ ઑફિસમાં કોન્ફરેન્સ હોલમાં બન્ને પક્ષને બેસાડીને કહ્યું કે હવે આ ચુકાદો આપી દેવાથી પૂરું નથી થતું. આપણે આનું અમલીકરણ કરવું છે. પહલા પગલાંમાં ચુકાદાના ૬૦ દિવસમાં તમામ કોર્ટ કેસો પાછા ખેચવાના રહેશે. આ ૬૦ દિવસ આજ દિવસ સુધી પૂરા થયા નહીં. સતપંથીઓએ ઉલટાં ૨-૪ નવા કેસો સનાતન સમાજના આગેવાનો ઉપર નવેસરથી કરી દીધા.

સતપંથ તરફથી પ્રમુખ દેવજી કરસન ભાવાણી, માજી પ્રમુખ રામજીભાઈ વીરજી ભાદાણી, રતનશી લાલજી વેલાણી – દુર્ગાપુર નવાવાસ, પ્રેમદાસ બાપુ, અબજી કરમશી ધોળુ, મણીલાલ શામજી વડાગામ, હરીભાઈ માધા રામજીયાણી – માધવકંપા, મણીલાલ પોકાર – હરીપુરા કંપા, જયંતીભાઈ ચોપડા, મોહન કાનજી – પીરાણા અને અરજણ શામજી ભગત - આનંદસર વગેરે વગેરે હાજર હતા. એ લોકોએ ઊંઝાના વડીલો સામે બહુ સારી વાતો કરી. જાણે કે ઉમિયા માતાજીનો ચુકાદાનું આજથી પાલન થઇ ગયું. ઊંઝાવાળાને પણ એવું લાગ્યું કે વાહ! ખૂબ સરસ. રાજીના રેડ થઇ ગયા. અમોએ મનમાં કહ્યું "ખમો બાપા, તમે હજી આ લોકોને ઓળખતા નથી. ઓળખવા માટે તમને હજી વાર છે".

ચુકાદાનો સાર: સનાતની સમાજની રજૂઆતોને સંપૂર્ણ પણે માન્ય રાખવામાં આવી. જેનો સાર નીચે પ્રમાણે છે.

1) સતપંથવાળાઓએ સતપંથ, નિષ્કલંકી નારાયણ, ઈમામશાહ અને પીરાણાને કાયમ માટે છોડવું. એટલે ત્યાર બાદ એ લોકો સનાતની બની જાય.

2) સનાતની બન્યા પછીજ તેમને સતપંથ સમાજ છોડી દીધા પછીજ સનાતન સમાજમાં લેવા. (કારણ સનાતની ન બને ત્યાં સુધી સતપંથપાળતા લોકોને સનાતન સમાજમાં સામેલ કરવાનું જોખમ લેવું નહિ, એ ઊંઝાવાળાએ સ્વીકાર્યું)



માતાજીના ચુકાદા પછી કોન્ફરેન્સ રૂમમાં લવાદ પંચો દ્વારા ચુકાદાના અમલીકરણ વિષે નિર્દેશો આપણા સંસ્થાના માનદ મંત્રીશ્રી દિલીપભાઈ નેતાજી

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના

સનાતન અને સતપંથના વિવાદ અંગે

નિમાયેલ લવાદનો નિર્ણય

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ વિશ્વના કડવા પાટીદારોની સર્વોચ્ચ અને અંગત માલિકીની એકમાત્ર ધાર્મિક સંસ્થા છે તેથી પાટીદાર સમાજના હિતોનું રક્ષણ કરવાનું, સમાજમાં સંપ-સહકાર-સંગઠન-ભાવાત્મક એકતા-ભાઈચારો અને મા ઉમિયા પ્રત્યેનો ભક્તિભાવ વધે તે માટેના પ્રયાસો કરે છે. આ સંસ્થા દ્વારા સમાજમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને આધ્યાત્મિક વિકાસ થાય તે માટેના પ્રયત્ન કરવામાં આવે છે. આ સંસ્થાનો પારદર્શક અને વિકાસલક્ષી અભિગમ હોવાથી આ સંસ્થાનું સમાજમાં આગવું સ્થાન છે.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા-૩૮૪૧૭૦. (ઉ.ગુજરાત)

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com • / www.facebook.com/umiyamatajiunjha

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

૨

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં વર્ષોથી ચાલતા સનાતન અને સતપંથ ના જે વિવાદ ચાલે છે તે માટે આ બન્ને સંસ્થાઓએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાને લવાદગીરી સોંપી છે જે બન્ને પક્ષોએ લવાદગીરી સ્વીકારી છે. બન્ને સંસ્થાઓ સનાતન સમાજે **તા. ૧૫-૦૯-૨૦૧૫** અને સતપંથ સમાજે **તા. ૨૮-૦૯-૨૦૧૫** ના રોજ પોતાની સંસ્થાના લેટર પેડ ઉપર લખી સંસ્થાઓના જવાબદાર **૧૧-૧૧** પ્રતિનિધિઓના નામ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝામાં રજુ કર્યા હતા. તે અંતર્ગત શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની વાર્ષિક જનરલ સભા તેમજ કારોબારી સભામાં અવાર-નવાર તેમના વિવાદો અંગે રજુઆતો કરવામાં આવેલ તેમજ બન્ને પક્ષના આગેવાનોએ રૂબરૂ અને ટેલીફોન દ્વારા આ વિવાદના ઉકેલ માટે રજુઆતો કરેલ તે અનુસંધાને આ બન્ને સંસ્થાના પ્રતિનિધિઓને અનેકવાર માતાજી સંસ્થાનમાં શાંતિથી સાંભળ્યા. બન્ને પક્ષ તરફથી ખુલાસા-પ્રતિ ખુલાસાઓ કરવામાં આવ્યા બન્ને પક્ષ સાથે અવાર-નવાર મિટીંગો કરીને સાંભળવામાં આવ્યા. આમ ખૂબ જ ઊંડાણ પૂર્વક બન્ને પક્ષોને સમજવાનો પ્રયત્ન કર્યો છે. મા ઉમિયાએ અમને જે સુઝાડયુ તેવી સુઝબુઝથી નીચેના નિર્ણય આપીએ છીએ. જે બન્ને પક્ષોએ અમલ કરવાનો રહેશે.

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com • / www.facebook.com/umiyamatajiunjha

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

૩

(૧) સતપંથ અને સનાતન પંથ શબ્દોને કારણે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ વિભાજીત સ્થિતિમાં છે જેને કારણે સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થયેલ છે. જેથી સનાતન અને સતપંથ ને સમરસ કરવાની અત્યંત જરૂરીયાત છે. કચ્છ સમાજના સનાતન અને સતપંથના ભાઈ-બહેનો મા ઉમિયાના સંતાનો હોવાથી હવે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ તરીકે ઓળખવાનો છે. હવેથી સતપંથ અને સનાતન પંથ શબ્દોનો પ્રયોગ કરવાનો રહેશે નહિ અને તે પ્રમાણે સમગ્ર સમાજે સામાજિક વ્યવહાર કરવાનો છે.

(૨) ઈમામશાહ શબ્દ મુસ્લીમ (ઈસ્લામધર્મ) સાથે જોડાયેલો છે જેથી મુસ્લીમ (ઈસ્લામધર્મ) ના કોઈપણ ક્રિયાકર્મો-વિધિ વિધાન સતપંથ સમાજે કરવી યોગ્ય નથી. કચ્છ કડવા પાટીદાર સમાજના સતપંથમાં માનવાવાળાઓએ સંપૂર્ણ પણે હિન્દુ ધર્મના ઈશ્વર તથા ઈશ્વરના અવતારો તથા દેવી-દેવતાઓ વગેરેનું પૂજન કરવું તથા હિન્દુ ધર્મના શાસ્ત્રોનું વાંચન તેમજ તેના પ્રવચનોમાં ભાગ લેવો જોઈએ. જેથી સતપંથ અને સનાતન સંપ્રદાયે સમરસ થઈ સાથે મળીને હિન્દુ ધર્મની ઓળખ ઊભી કરવાની છે: તેથી સમગ્ર સમાજ હિન્દુ કડવા પાટીદાર તરીકે ઓળખતો કરવાનો છે.

(૩) પીરાણાપંથની જે સંસ્થા છે તે સંસ્થામાં કચ્છ કડવા પાટીદાર સમાજના સતપંથમાં માનનારા વર્ષોથી પોતાની આવકના ૧૦ % ફાળો આપે છે જેથી આ સંસ્થાનો સંપૂર્ણ વહીવટ હિન્દુ સનાતન ધર્મ મુજબ આપણા સમાજ પાસે એટલે કે કચ્છ કડવા પાટીદાર સમાજ પાસે રહે તે ખાસ જરૂરી છે. જેથી આ ફંડ આપણા સમાજના વિકાસ માટે વાપરી શકાય.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા-૩૮૪૧૭૦. (ઉ.ગુજરાત)

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com • / www.facebook.com/umiyamatajiunjha

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

<u>૪</u>

(૪) ઘણા સમયથી બન્ને પક્ષે વ્યક્તિગત સામાજિક કે અન્ય સંસ્થાઓમાં એકબીજા સામે કોર્ટ કચેરીમાં જે કેસો કરવામાં આવ્યા છે તે આજ તારીખથી ૬૦ દિવસ સુધીમાં કેસો સંપૂર્ણપણે પાછા ખેંચી લેવા જેથી બન્ને પક્ષે સદભાવ અને પ્રેમ જળવાઈ રહેશે.

(૫) કચ્છ કડવા પાટીદાર સમાજમાં બહેન દિકરીઓ અને સગા વ્હાલાઓ એકબીજાના ઘરે જાય નહિ તેવા જુદા-જુદા ઠરાવો થયેલ છે તે રદ કરવા અને બહેન દિકરીઓ, ભાઈઓ અને સગા વ્હાલાઓમાં બહિષ્કારનું વાતાવરણ ઉભુ થયેલ છે તે નાબુદ કરી સમાજમાં ભાઈચારા અને પ્રેમનું વાતાવરણ ઊભુ કરવું. જેથી કરીને સામાજિક સંગઠનોને સમરસ કરી શકાય.

(૬) અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં આપણા પૂર્વજોએ સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓની સ્થાપના કરેલી તે વખતે બન્ને સંપ્રદાયોની સંયુક્ત મિલકતો અને સામાજિક સંબંધો હતા. તેમાં એમની સમજ એવી હતી કે સાથે રહેવાથી ધીરે ધીરે સતપંથમાં માનનારા સનાતન હિન્દુ ધર્મના પ્રવાહમાં ભળી જશે અને તેના પરિણામો પણ આવ્યા છે. હજુ પણ કેટલાક પ્રસંગો સાથે ઉજવવામાં આવે છે. તેથી સતપંથમાં માનનારા ભાઈ-બહેનો સમજપૂર્વક મોટા પ્રવાહમાં ભળી જાય તેવી મા ઉમિયાની ઈચ્છા છે.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા-૩૮૪૧૭૦ (ઉ.ગુજરાત)

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com • / www.facebook.com/umiyamatajiunjha

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

૫

(૭) પિરાણા પંથ વિષ્ણુ ભગવાનના દસ અવતારોમાં દસમા અવતાર તરીકે નિષ્કલંકી નારાયણમાં માને છે. જે હિન્દુ ધર્મની માન્યતા વિરૂધ્ધ છે તેના બદલે આપણા હિન્દુ ધર્મના શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ વિષ્ણુ ભગવાનના દસમા અવતારમાં કલકી નારાયણ તરીકે અવતરવાના છે તે મુજબ તેની આરતી/પૂજા કરવી

આપણા હિન્દુ ધર્મનો મહાન ગ્રંથ ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને અધ્યાય ૩ માં ૩૫ મા શ્લોકમાં નીચે પ્રમાણે કહ્યું છે.

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।
स्वधर्मे निधन श्रेयः परधर्मो भयावहः ॥ ३५ ॥

સારી રીતે આચરવામાં આવેલા અન્યના ધર્મ કરતાં ગુણ વિનાનો હોવા છતાં પણ પોતાનો ધર્મ ઘણો ચઢિયાતો છે. પોતાના ધર્મમાં મરવું પણ કલ્યાણકારી છે અને અન્યનો ધર્મ તો ભયપ્રદ છે. ॥ ૩૫ ॥

ઉપર મુજબના લવાદોના નિર્ણયની અમલવારી બન્ને પક્ષ સાથે મળી ભાઈચારાની ભાવનાથી સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજે કરવી, જ્યારે મિટીંગો, સંમેલનો કરવાની જરૂર પડે ત્યારે સમાજમાં પ્રેમ અને ભાઈચારાનું વાતાવરણ ઊભુ કરવા ઝુંબેશ ચલાવવાની છે જેમાં શ્રી ઉમિયા માતાજી સસ્થાન-ઊંઝા હંમેશા કચ્છ કડવા પાટીદાર સમાજની સાથે છે અને રહેશે.

(કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા-૩૮૪૧૭૦. (ઉ.ગુજરાત))

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com • / www.facebook.com/umiyamatajiunjha

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

૬

આ ચુકાદાના અમલીકરણ માટે સમાજમાં વધુમાં વધુ પ્રચાર થાય તે માટે સમાજની મિટીંગોમાં અને સમાજની માસિક પત્રિકાઓમાં છાપી પ્રચાર કરવો.

ઉપરોક્ત નિર્ણય નીચે જણાવેલ લવાદ કમિટીએ સર્વાનુમતે કરેલ છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની લવાદ કમિટી

૧. શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ - ઊંઝા	પ્રમુખશ્રી
૨. શ્રી મણીભાઈ ઈશ્વરલાલ પટેલ - ઊંઝા	કન્વીનરશ્રી
૩. શ્રી દિલીપભાઈ મણીલાલ પટેલ - ઊંઝા	માનદમંત્રીશ્રી
૪. શ્રી વિક્રમભાઈ ધનજીદાસ પટેલ - ઊંઝા	સભ્યશ્રી
૫. શ્રી પ્રહલાદભાઈ જોઈતારામ પટેલ - મહેસાણા	સભ્યશ્રી
૬. શ્રી વસંતભાઈ નારાયણદાસ પટેલ - ઊંઝા	સભ્યશ્રી
૭. શ્રી બાબુભાઈ એચ. ધોડાસરા - રાજકોટ	સભ્યશ્રી
૮. શ્રી જયરામભાઈ ગોવિંદભાઈ વાંસજાળીયા - જામનગર	સભ્યશ્રી
૯. શ્રી જયંતિભાઈ કાલરીયા - રાજકોટ	સભ્યશ્રી
૧૦. શ્રી ગણેશભાઈ દ્વારકાદાસ પટેલ - સુરત	સભ્યશ્રી

સ્થળ :- ઊંઝા

તારીખ :- ૦૮-૧૦-૨૦૧૭

(નારાયણભાઈ એલ. પટેલ)
પ્રમુખ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com • / www.facebook.com/umiyamatajiunjha

૯ અમલીકરણની પ્રક્રિયા

ચુકાદામાં અમલીકરણના મુદ્દાઓ:

ઉમિયા માતાજી ઊંઝા દ્વારા આપવામાં આવેલ તા. ૦૮-ઓક્ટોબર-૨૦૧૭ના ચુકાદામાં અમલીકરણ દૃષ્ટિએ લેવાના મુખ્ય પગલાં આ પ્રમાણે છે;

A. **<u>સતપંથ સમાજ દ્વારા લેવાના પગલાં</u>**
   1. કોર્ટ કેસ પાછા લેવા: સનાતની સમાજ સામે કરેલ વ્યક્તિગત કે સંસ્થાકીય તમામ કેસો ચુકાદાના ૬૦ દિવસમાં પાછા ખેંચી લેવા
      (સનાતની સમાજ દ્વારા આજ સુધી સતપંથ ઉપર કોઈ પણ કેસ કરેલ નથી.)
   2. ઈમામશાહને છોડવો
   3. પીરાણાને છોડવું (તેનો વહીવટ આપણી કેન્દ્રીય સમાજને સોંપી દેવો)
   4. સતપંથ ધર્મને છોડવું
   5. નિષ્કલંકી નારાયણને છોડવા

B. **<u>સનાતન સમાજ દ્વારા લેવાના પગલાં</u>**
   1. ઉપર જણાવેલ પાંચ (૫) મુદ્દાઓનું સતપંથી દ્વારા સંપૂર્ણ રીતે પાલન થયા બાદ, સતપંથીઓને સનાતન સમાજમાં સમાવી લેવા.

ઉપર જણાવેલ પગલાંઓનો અર્થ એ થાય છે કે જે કંઈ કરવું છે એ સતપંથ સમાજને કરવાનું છે. સતપંથ સમાજની ફરજમાં આવે છે કે તેઓ સકારાત્મક (Positive) પગલાં ભરે. અને એ પગલાંની અસર એવી થવી જોઈ કે જેના થકી સતપંથ સમાજ દ્વારા ઉપર જણાવેલ પાંચ મુદ્દાઓનું સંપૂર્ણ રીતે અમલ થાય. બીજા શબ્દોમાં કહીએ તો સતપંથીઓએ પહેલાં સંપૂર્ણ પણે સતપંથ ધર્મ છોડી દેવો પડે. ત્યાર બાદ તેને સનાતન સમાજમાં સ્વીકારી શકાય.

ચુકાદાના અમલીકરણ અંગે, આપણે પહેલાં એ જોઈશું કે ઉમિયા માતાજી ઊંઝા દ્વારા ચુકાદાને અમલ કરાવવા માટે કેવા પ્રયત્નો કરવામાં આવ્યા. ત્યાર બાદ આપણે જોઈશું કે સનાતન સમાજ દ્વારા કેવા પગલાં ભરવામાં આવ્યા અને એના બાદ આપણે જોઈશું કે સતપંથ સમાજ કેવી રીતે આ વિષય પર આગળ વધી. અને છેલ્લે જોઈશું કે ચુકાદાનું અમલીકરણ કેમ ન થઈ શક્યું.

ઉમિયા માતાજી ઊંઝા દ્વારા ચુકાદાના અમલીકરણના પ્રયાસો

<u>કોન્ફરન્સ રૂમમાં આપેલ સૂચનાઓ (તા.૦૮-ઓક્ટોબર-૨૦૧૭):</u> ઊંઝા ખાતે ઉમિયા માતાજીના મંદિરમાં માતાજીની સામે, જેણે આપણે ભાવાત્મક રીતે કહી શકીએ તો ઉમિયા માતાજીની આધ્યાત્મિક હાજરીમાં, ઊંઝાના મંત્રીશ્રી દિલીપભાઈ નેતાજી દ્વારા ચુકાદો વાંચીને સંભળાવ્યા બાદ બન્ને પક્ષોને ચુકાદાની એક-એક પ્રત આપવામાં આવી. આ સંપૂર્ણ પ્રક્રિયા પછી, બન્ને પક્ષો તેમજ પંચના વડીલો માતાજીના ઑફિસમાં આવેલ એક મોટા કોન્ફરન્સ રૂમમાં બેઠા.

1.1. ઊંઝા તરફથી લવાદ પંચોમાંથી નીચે મુજબના મુખ્ય વડીલો હાજર હતા....

1) વિક્રમ દાદા - ઊંઝા
2) મણીભાઈ મમી - ઊંઝા
3) દિલીપભાઈ નેતાજી - ઊંઝા
4) વસંત બાબુલાલ ચોકસી - ઊંઝા
5) સી.કે. પટેલ - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
6) જેરામભાઈ વાંસજાળિયા - મોરબી
7) જયંતીભાઈ કાલરીયા - રાજકોટ
8) ગોડાસરા સાહેબ - સીદસર
9) મનુભાઈ પટેલ - ઊંઝા

1.2. સનાતન સમાજ તરફથી નીચે મુજબના ભાઈઓ હાજર હતા

1) અબજી વિશ્રામ કાનાણી – મુંબઈ (પ્રમુખ)
2) ગંગારામ હીરાલાલ સાંખલા – દિલ્લી (માજી પ્રમુખ)
3) હિમ્મત રતનશી ખેતાણી – મુંબઈ
4) CA ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા – મુંબઈ
5) પ્રેમજી ભાણજી કેશરાણી – મુંબઈ
6) Dr વસંત અરજણ ધોળું – તલોદ
7) શંકર પરબત રવાણી – જયપુર

1.3. સતપંથ સમાજ તરફથી નીચે મુજબના ભાઈઓ હાજર હતા

1) દેવજી કરસન ભાવાણી – મુંબઈ (પ્રમુખ)
2) રામજી વીરજી ભાદાણી – કોલ્હાપુર (માજી પ્રમુખ)
3) રતનશી લાલજી વેલાણી – દુર્ગાપુર નવાવાસ
4) પ્રેમદાસ બાપુ – અમેરિકા
5) અબજી કરમશી ધોળુ – ગાંધીનગર
6) મણીલાલ શામજી – વડાગામ
7) મણીભાઈ પોકાર – હરીપુરા કંપા (પીરાણાના સલાહકાર)
8) હરિભાઈ માધા રામજીયાણી – માધવકંપા
9) જયંતીભાઈ ચોપડા – મુંબઈ
10) બે (૨) અનામી ભાઈઓ મોબાઈલમાં ફોટો અને વિડીઓ ઉતારવા



સનાતન સમાજ તરફથી રજૂઆત કરતા
શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલા

૯ અમલીકરણની પ્રક્રિયા



કોન્ફરન્સ રૂમમાં સેલ્ફી લેતા
૧) વસંતભાઈ ધોળુ અને ૨) ચંદ્રકાંતભાઈ છાભૈયા

ચુકાદા ઉપર પ્રતિભાવ આપવા અને ચુકાદાના અમલવારીનો રસ્તો નક્કી કરવાના હેતુથી કોન્ફરન્સ રૂમમાં ભેગા થયા હતા. ઓળખવિધિ પછી ઘોડાસરા સાહેબે ભારપૂર્વક જુદી જુદી બે વખત સતપંથીઓને કહ્યું કે તમે તમારા ધાર્મિક ચોપડા બાલી નાખજો અને હિંદુ ધર્મની મુખ્ય ધારામાં ભળી જાઓ. માતાજી ઉપર શ્રદ્ધા રાખનારાઓએ કેવી રીતે પ્રગતિ કરી છે, અધ્યાત્મ મેળવ્યું છે, જીવનમાં સાચી સુખ અને શાંતિ મેળવી છે એવાં ખૂબજ પ્રેરણાદાયી વક્તવ્યો થયાં. ઊંઝાના લવાદ તો નિમિત્ત માત્ર છે. વાસ્તવમાં ઉમિયા માતાજીએ પોતાની ઈચ્છા આ ચુકાદા મારફતે વ્યક્ત કરી છે, એવો ભાવ વ્યક્ત કરવામાં આવ્યો. માટે આપણા સર્વેની ફરજ છે કે માતાજીની ઈચ્છા પ્રમાણે આગળ વધીએ અને માતાજીની કૃપા આપણા સર્વે ઉપર થાય, એવી ઉચ્ચ કક્ષાની વાત કરવામાં આવી.. જેણે હાજર સર્વે લોકોએ અનુમોદન આપેલ હતું.

અમલવારીમાં સહુથી પહેલાં તમામ કોર્ટ અને પોલીસ કેસોને ચુકાદાથી દિવસથી ૬૦ દિવસની અંદર પાછા ખેંચી લેવાનો આદેશ આપવામાં આવ્યો. સનાતન સમાજના પ્રમુખ અને સતપંથ સમાજના પ્રમુખ, ૧ મહિનાની અંદર, પોતાની રીતે એક બીજાને મળીને ચુકાદાનું કેવી રીતે અમલ કરી શકાય તે માટે પ્રયાસો કરે, એવું સૂચન આપવામાં આવ્યું.

અંતે ચુકાદાનું વ્યવસ્થિત અમલીકરણ થાય, તે હેતુથી એક અમલીકરણ સમિતિ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. આ સમિતિમાં મૂળ ૧૧-૧૧ જણની જે સમિતિઓ હતી, તેમાંથી ૫ (પાંચ) સભ્યો સતપંથમાંથી અને તેવીજ રીતે ૫ (પાંચ) સભ્યો સનાતનમાંથી લેવાનું નક્કી કરવામાં આવ્યું. બન્ને પક્ષો વચ્ચે સંકલન કરવાની જવાબદારી અને કાર્યવાહી પર દેખરેખ રાખવા તેમજ સંચાલન કરવા માટે ઊંઝા તરફથી બે સભ્યોને જવાબદારી આપવામાં આવી. એ બે સભ્યો હતા દિલીપભાઈ નેતાજી અને ગોડાસરા સાહેબ. આટલું નક્કી થયા વાદ આ બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી.

વિશેષ નોંધ: બેઠક પૂરી થઇ એટલે કોન્ફરન્સ રૂમના દરવાજાથી બહાર પગ મૂકતાંજ સતપંથ સમાજના પ્રમુખ દેવજી કરસન ભાવાણી ચાલીને હિમ્મતભાઈ રતનશી ખેતાણી પાસે આવ્યા. તેમણે જાણે કોઈ ફરકજ પડતો ન હોય એવી ઉદ્દંડતા પૂર્વક હિમ્મતભાઈને કહ્યું કે તમને શું લાગે છે કે અમે પીરાણા બંધ કરી નાખશું? ક્યારેય નહીં. અમે ઈમામશાહ બાવા છોડી દેશું? ક્યારે નહીં. ત્યારે હિમ્મતભાઈએ કહ્યું કે જો એવું કરશો તો આપણા મનોના વચ્ચે જે દૂરી છે, એ કોઈ દિવસ ઓછી નહીં થાય. બાકી આ બધી વાતો મને શા માટે કહો છો? આપણે રૂમથી બહાર આવ્યા છએ. પંચો હજી અંદર છે. કહેવી હોય તો આ બધી વાતો પંચોને જઈને કહોને? મને નહીં.

આજે દેવજીભાઈ આ વાત જાહેરમાં કબૂલ કરે કે ન કરે, પણ આગળ આપણે જોઈશું કે કેવી રીતે સતપંથવાળાઓ પીરાણા અને ઈમામશાહને છોડ્યા નહીં. જેથી ઉમિયા માતાજીનું હળાહળ અપમાન કર્યું. દેવજીભાઈની આ વાતથી એક વાત સમજાય જાય છે કે સતપંથીઓની મુરાદ પહેલાંથી ઉમિયા માતાજીના ચુકાદાનું પાલન ન કરવાની હતીજ. આ તાકિયાના પ્રયોગનો ખૂબ સરસ દાખલો છે. જાહેરમાં જનતાને સારું લાગે એવું બોલવું અને અંદર ખાને પોતાનું ધારેલું કરવું. અહીં નૈતિકતા અને સચ્ચાઈને કોઈ સ્થાન નથી. જે સગવડિયું હોય એ કરવું. એટલેજ જેવો ચુકાદો તેમના વિરુદ્ધ ગયો એટલે, તેવોજ પોતાના અંદરની સાચી મુરાદ સ્વયંભૂ રીતે બહાર આવી ગઈ. કોઈ પણ પ્રકારનો વિચાર કર્યા વગર, ઉતાવળમાં તેમના છૂપા વિચારો પોતાના જ મોઢે બહાર આવી ગયા.

૯ અમલીકરણની પ્રક્રિયા

સમિતિના સભ્યોની નિમણૂંક (તા. ૦૩-નવેમ્બર-૨૦૧૭):

અમલીકરણ સમિતિને મૂર્તિમંત કરવા માટે ઉમિયા માતાજી ઊંઝા તરફથી તા. ૦૩-નવેમ્બર-૨૦૧૭નો એક પત્ર આપવામાં આવ્યો. આ પત્રમાં કહેવામાં આવ્યું કે બન્ને પક્ષોના ૧૧-૧૧ સભ્યોમાંથી ૫-૫ સભ્યો પોતપોતાના સમાજ દ્વારા નિયુક્ત કરવામાં આવે. ઊંઝા તરફથી ૪ સભ્યો, સીદસર તરફથી ૨, અને સુરત તરફથી ૧ સભ્ય એમ કુળ ૧૭ સભ્યોની અમલીકરણ સમિતિ રચવાની છે.

<u>સનાતની સભ્યો:</u>

1) હંસરાજ દેવજી ધોળુ – ભુજ
2) CA ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા – મુંબઈ
3) પ્રેમજી ભાણજી કેશરાણી – મુંબઈ
4) Dr. શાંતિલાલ મેઘજી સેંઘાણી – નખત્રાણા
5) Dr. વસંત અરજણ ધોળુ – તલોદ

<u>સતપંથી સભ્યો:</u>

1) દેવજી કરસન ભાવાણી – ઘાટકોપર, મુંબઈ
2) મણીલાલ મેઘજી પટેલ – હરીપુરા કંપા
3) C.A. ભાઈલાલ કાનજી પોકાર – વડાલી, અમદાવાદ -(મૂળ ૧૧ માં આમનું નામ નથી)
4) Adv. સુરેશ કે પટેલ – અમદાવાદ -(મૂળ ૧૧ માં આમનું નામ નથી)
5) મણીલાલ શામજી પટેલ – વડાગામ

<u>લવાદો તરફથી જે લોકોએ મુખ્ય ભૂમિકા ભજવી અને હાજરી આપી એવા છે:</u>

1) પ્રહ્લાદભાઈ અંબાલાલ પટેલ (કામેશ્વર) - ઊંઝાના કાર્યકારી પ્રમુખ
2) દિલીપભાઈ મણીલાલ પટેલ (નેતાજી) - ઊંઝા
3) મણીભાઈ ઈશ્વરલાલ પટેલ (મમી) - ઊંઝા
4) પ્રહ્લાદભાઈ જોઈતારામ પટેલ - મહેસાણા
5) જેરામભાઈ ગોવિંદભાઈ વાંસજાળિયા - રાજકોટ
6) બાબુભાઈ એચ. ઘોડાસરા - રાજકોટ
7) જયંતીભાઈ કાલરીયા - રાજકોટ

આવી રીતે અમલીકરણ સમિતિની રચના કરવામાં આવી.



શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી - ચુકાદાનું ખુલ્લા હૃદયથી, સાચા અર્થમાં અમલીકરણ કરવામાં આવે એવી રજૂઆત કરી રહ્યા છે.



હાલની સનાતન જાગૃતિની ચળવળ શરુ કરવામાં અગ્રેસર ભૂમિકા ભજવનાર શ્રી હિમ્મતભાઈ રતનશી ખેતાણી રજૂઆત કરી રહ્યા છે.

૧૦ અમલીકરણ સમિતિની પહેલી મિટિંગ

સ્થળ: ઉમિયા માતાજી સોલા કેમ્પસ, અમદાવાદ

ખાસ નોંધ: આ મિટિંગનો અહેવાલ વિગતવાર તૈયાર કરી અહીં પ્રકાશિત કરવામાં આવ્યો છે, કારણ કે "તાકિયા"ની છૂપી અને ઘાતક ચાલો કેવી રીતે રમીને, ખોટા પક્ષ દ્વારા સાચા પક્ષને હરાવવા જેવા અશક્ય કામને પાર પાડવાની રણનીતિનો ખ્યાલ આવી શકે. સનાતની આગેવાનો ખાસ આ ચાલોને બારીકાઇથી સમજી શકે અને સહેલાઇથી પોતાના મગજમાં ઉતારી શકે એ માટે થોડી લાંબી અને વિગતવાર લેખ તૈયાર કરેલ છે. જેથી કરીને ભવિષ્યની સનાતની આગેવાનો સતપંથ સામેની લડાઈ/સંઘર્ષ માટે ખૂબજ સારી તૈયારીઓ કરી શકે.

બીજી બાજુ એક સ્વાભાવિક વિચાર આવે કે અહીં જણાવેલ જ્ઞાનથી સતપંથવાળાઓ પણ અભ્યાસ કરીને તેઓ વધુ છૂપા પ્રહારો કરવાની તૈયારી કરી શકશે. આ વાત સાચી છે. પણ તેનાથી વધારે ફાયદો સનાતનીઓને થશે. કારણ કે સનાતનીઓમાં આ જ્ઞાનનો ફેલાવો જેટલો થશે, એટલો સનાતનીઓ પોતાનો બચાવ વધુ મજબૂતીથી કરી શકશે. સતપંથીઓ જાણતે અજાણતે તાકિયાતો પાળે છેજ. માટે તેઓ આ જ્ઞાનથી વાકેફ છે. સનાતનીઓને વાકેફ કરવાથી તેમના આગેવાનો મક્કમતાથી સતપંથ સામેની સંઘર્ષ/લડાઈ લડી શકશે અને સનાતન સમાજનો બચાવ પણ કરી શકશે, એવો હેતુ છે. આ પુસ્તક તૈયાર કરવાનો મૂળ હેતુ પણ એ જ છે.

1.અમલીકરણ ટીમની પૂર્વ તૈયારી (તા.૦૫-જાન્યુઆરી-૨૦૧૮)

તા. ૦૫ થી ૦૭ જાન્યુઆરી ૨૦૧૮ના ગાંધીનગર ખાતે પહેલું "ગ્લોબલ પાટીદાર બીસનેસ સમિટ ૨૦૧૮" (Global Patidar Business Summit) નું આયોજન હતું. તે સમિટમાં હાજરી આપવા સનાતન સમાજના આગેવાનો ભેગા થયા હતા. એટલે સનાતની સમાજના આ વિષયના ચુનંદા લોકોએ તા. ૦૫-જાન્યુવારી-૨૦૧૮ના સાંજના એક અનૌપચારિક બેઠક કરી. સ્થળ હતું ઉમિયા માતાજી મંદિર, ગાંધીનગર રૂમ ક્રમ ૧૦૪.

અમલીકરણ સમિતિમાં કેન્દ્રીય સમાજ તરફથી જે રજૂઆત કરવાની હતી તેની રણનીતિ ઉપર ચર્ચા કરવામાં આવી. તે બેઠકમાં શ્રી અબજીભાઈ કાનાણી, હિંમતભાઈ ખેતાણી, હંસરાજ ધોળું, ચંદ્રકાંત છાભૈયા, વસંત ધોળું, જયંતીભાઈ લાકડાવાળા, મોહન ધોળું – મહામંત્રી યુવા સંઘ, CA હરસુખ રામાણી -અમદાવાદ અને ભગવાન રવાણી - અમદાવાદ હાજર હતા. તે બેઠકમાં નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી.

1.1. સનાતની ટીમમાં સિનિયર શ્રી હંસરાજભાઈ ધોળુ હતા એટલે તેમને સનાતની ટીમના લીડર તરીકે જવાબદારી આપવામાં આવી.

1.2. હંસરાજભાઈએ રજૂઆત કરી કે સીદસરવાળા જેરામભાઈ કહે છે કે હંસરાજભાઈ અમલીકરણ સમિતિમાં પંચ તરીકે ભાગ લે, ના કે સનાતન તરફથી આવનાર ૫ (પાંચ) સભ્યોમાંના એક સભ્ય. આ વાત તેવો પહેલાં પણ કહી ચૂક્યા હતા. ત્યારે, અબજીભાઈએ કહ્યું કે ઉમિયા માતાજી ઊંઝા તરફથી આપણને આવી વિનંતી લેખિતમાં આવશે ત્યારે આપણે હંસરાજભાઈને આપણી કમિટીમાંથી છૂટા કરીશું. ત્યાં સુધી તો તેઓ આપણા કમિટી વતીથીજ રજૂઆત કરે.

1.3. હંસરાજભાઈએ સૂચન આપ્યું કે આપણે લવાદ પાસેથી અમલીકરણની દૃષ્ટિએ ભરવા લાયક પગલાંઓની યાદી માંગવી જોઈએ. જેથી મિટિંગમાં કોઈ ખોટો મુદ્દો ન ઉપડે અને અમીલીકરણના મુદ્દા પર આપણે સફળ થઈ શકીએ.

1.4. વસંત ધોળુએ ધ્યાન દોર્યું કે ઉમિયા માતાજીના આદેશ પ્રમાણે સતપંથ સમાજ તરફથી ચુકાદાનો કોઈ પણ રીતે પ્રચાર પ્રસાર કરવામાં આવેલ નથી. તેમણે સતપંથ સમાજ તરફથી પ્રકાશિત થતા માસિક સમાચાર પત્રિકા "સતપંથ પ્રકાશ" ના ઓકટોબર, નવેમ્બર અને ડીસેમ્બર ૨૦૧૭ મહિનાના અંકો રજૂ કર્યા. અને કહ્યું કે પંચો સમક્ષ આ વાતને રજૂ કરવી જોઈએ.

1.5. અબજીભાઈએ જાણકારી આપી કે કેન્દ્રીય સમાજ તરફથી ચુકાદાને તેમના મુખ પત્ર, સનાતન પત્રિકામાં અને અન્ય સમાજની પત્રિકાઓ જેવા કે પાટીદાર સંદેશ, ઉમા દર્પણ, પાટીદાર સૌરભ વગેરેમાં પ્રકાશિત કરેલ છે. તેમજ ચુકાદાના પ્રચાર પ્રસાર હેતુ, લોકોને ઉદ્દેશીને પ્રમુખ સ્થાનેથી ત્રણ પત્રો લખવામાં આવેલ છે. જે તા. ૧૦-ઓક્ટોબર-૨૦૧૭, તા. ૦૧-નવેમ્બર-૨૦૧૭ અને તા. ૨૧-નવેમ્બર-૨૦૧૭ ના હતા. આ ત્રણે પત્રોને સનાતન પત્રિકામાં છાપવામાં આવેલ છે, તે તરફ ધ્યાન દોર્યું.

1.6. અબજીભાઈએ બીજી જાણકારી આપી કે સતપંથ સમાજના પ્રમુખ શ્રી દેવજી કરસન ભાવાણી સાથે તેમની મિટિંગ (ચુકાદા આવવાના ૧ મહિના અંદર મુંબઈ ખાતે) થઇ છે. એ મિટિંગમાં દેવજીભાઈએ એવી રજૂઆત કરેલ કે ઈમામશાહ અને નિષ્કલંકી નારાયણના જે બે મુદ્દાઓ છે એને છોડીને અન્ય મુદ્દાઓ ઉપર વિચારણા કરીએ. ત્યારે અબજીભાઈએ કહેલ હતું કે આમ કરી નહિ શકાય. કારણ કે એ બે મુદ્દાઓજ મહત્ત્વના છે. એટલે એ મિટિંગ ત્યાંજ પૂરી થઇ ગઈ. એ મિટિંગમાં કોઈ બીજી ચર્ચા ન કરવામાં આવી.

1.7. કોર્ટ કેસના મુદ્દા ઉપર જયંતીભાઈ લાકડાવાલાએ જાણકારી આપી. જાણકારી વિસ્તૃત હોવાથી તેમને વિનંતી કરવામાં આવી કે આપ આ મિટિંગના સ્થળે હાજર રહોજો. પણ તેઓએ કહ્યું કે આ પહેલી મિટિંગ છે માટે તેમણે એ જરૂરી લાગતું નથી. માટે એ વાત પડતી મૂકી દેવામાં આવી.

1.8. ચંદ્રકાંત છાભૈયાએ વાત કરી કે અમલીકરણ મિટિંગની તૈયારી રૂપે આપણી સોચ કેવી હોવી જોઈએ, એવા પર ચર્ચા કરવી જોઈ. આપણા તરફથી વાત એવી હોવી જોઈએ કે સંપૂર્ણ ચુકાદાને વાંચીને ચુકાદાના મર્મ કે હાર્દને ધ્યાનમાં રાખીને અમલીકરણના પગલાં નક્કી કરવાં જોઈએ. ચુકાદા તૈયાર કરવા પાછળનો જે ભાવ છે, એ ભાવ (Letter and Spirit)ને કેન્દ્રમાં રાખીને ચુકાદાને અમલમાં મૂકવો જોઈએ. સતપંથીઓ ચુકાદાને બદલાવવાના પ્રયત્નો કરશે, એવા અંદર ખાનેથી સમાચાર મળેલ છે. સતપંથીઓને ચુકાદાની છટક બારીઓ (Loop Holes)નો ઉપયોગ કરવા દેવો નહિ. એવું પણ બનશે કે સતપંથીઓ કોઈક નાનું મોટું બહાનું કાઢીને, ચુકાદાનો અમલ ન થવા પાછળનો તમામ દોષ સનાતનીઓ નાખવાનો પ્રયત્ન કદાચ કરે. જેમાં તેમને સફળ ન થવા દેવા જોઈએ. એવું સાવચેતી ભર્યું સૂચન પણ ચંદ્રકાંતભાઈએ કરેલ હતું.

1.9. ત્યાર બાદ ચંદ્રકાંતભાઈએ નીચે જણાવેલ મુદ્દાઓ વિસ્તૃત રીતે રજૂ કર્યા. જે મૂળમાં સતપંથીઓ શું કરી શકે તેનો આછો ચિતાર હતો. અને તેનો સામનો અને વળતો જવાબ સનાતનીઓ કેવી રીતે આપી શકે, એ જણાવ્યું.

1) **<u>સમય પસાર કરવાની રણનીતિ:</u>** અમલીકરણની પ્રક્રિયાને ઢીલી પાડવા માટે સતપંથીઓ યેન કેન પ્રકારે સમય પસાર કરવાની રણનીતિ (Delaying Tactics) અપનાવી શકે છે. પાટીદારોની એકતા, પ્રગતિ, મોટા કામો કરવા છે, ગરીબો માટે કામ કરવા છે, મેડીકલ હૉસ્પિટલ, કેળવણી માટે સ્કૂલો બાંધવી છે, રાજકીય રીતે આપણી તાકાત ઊભી કરવી છે, વગેર વગેરે. તેવીજ રીતે આપણામાં એકતા હશે તો આ બધું થશે, સમાજ અને ધર્મ જુદા છે, એવી વાતો પણ કરી શકે. ધર્મ એ શ્રદ્ધાનો વિષય છે, શ્રદ્ધા રાતો રાત ન બદલાય,

માટે સમય લાગશે. ધીરે-ધીરે સુધારો થશે, તમે ખોટી જલદી કરો છો. આમ કહી પોતાનું સતપંથ ધર્મ સાથેનું કનેક્શન (સંપર્ક) ટકાવી રાખશે. સમય પસાર થાય એટલે બધા પોતપોતાના કામમાં લાગી જાય. એટલે મુદ્દો ઠંડા બક્સામાં ચાલ્યો જાય. ત્યાર બાદ અગર કોઈ પાછળથી આ મુદ્દો ઉપાડવાની કોશિશ કરે તો કહેવામાં આવે કે બધું બરાબર ચાલે છે, તો તમે શા માટે જૂની વાતો ઉખાડો છો? સમાજમાં ખોટા ઝગડાઓ ઊભા કરીને સમાજને તોડો છો. એટલે સમય જતાં આ વાત સંપૂર્ણ રીતે ભુલાઈ જાય.

2) **ચુકાદામાં ફેરફાર:** ચુકાદામાં ફેરફાર કરાવી તેને સતપંથના દૃષ્ટિથી ઢીલો કરવાનો પ્રયત્ન કરી શકે છે. ચુકાદામાં અમુક મુદ્દા ઉપર ચોખવટ જોઈ છે, અમુક મુદ્દા ઉપર અર્થગઠન બરાબર કરવું પડશે. આવી વાતો કરીને ચુકાદામાં કોઈક કમી છે એવું વાતાવરણ નિર્માણ કરવાનો પ્રયત્ન થઇ શકે. જે સનાતનીઓ માટે સારું નહીં હોય. માટે કોઈ પણ સંજોગોમાં કોઈ પણ કીમતે ચુકાદામાં કોઈ પણ ફેરફાર કરવા દેવો નહીં.

3) **ચુકાદાનું ખોટું અર્થગઠન:** જો ચુકાદામાં ફેરફાર કરવામાં સફળ નહીં થાય, તો ચુકાદાનું ખોટું અથવા નબળું અર્થગઠન કરી, પોતાને સગવડ પડે એવી રીતે અમલ કરાવશે. જેથી ઊંઝાનો ચુકાદો છેવટે મજાકમાં/રમતમાં ખપી જાય અને સતપંથનું અસ્તિત્વ ટકી રહે.

4) **પીરાણાનું સંચાલન:** ભલે ચુકાદામાં કહ્યું છે કે પીરાણાનું સંચાલન આપણી માતૃ સંસ્થા એટલે કેન્દ્રીય સમાજ ઉર્ફે સનાતન સમાજ પાસે જવું જોઈએ. પણ પીરાણાનું સંચાલન કોઈ પણ સંજોગોમાં સતપંથીઓ પાસેથી છૂટી ન જાય, તેનાં માટે સાચી ખોટી દલીલો થશે. આવા સંજોગોમાં આપણે પગ પાછા નથી નાખવાના. માટે જરૂર જણાય તો કેન્દ્રીય સમાજ તેનું સંચાલન પોતાના હસ્તક લેવા તૈયાર છે અને સંપૂર્ણ રીતે સક્ષમ છે, એવી દલીલ કરવી પડશે. કોઈ પણ સંજોગોમાં સતપંથીઓ પાસે સંચાલન રહે એવી વાત ને ટેકો આપવો નહિ, તેનાં બદલામાં એવી વાતનો વિરોધ કરવો પડશે.

5) **મુદ્દાથી ભટકાવાની કોશિશો:** તાકિયાની એક ચાલ છે મુખ્ય મુદ્દાથી ભટકાવી દેવાની (Diversionary Tactics). આપણે ચર્ચામાં ધ્યાન રાખવું કે ગમે તેવી ઉશ્કેરામણી ભર્યું વર્તન આપણા સામે કરે તોય પણ આપણે આપણો મુદ્દો છોડવો નહીં. આપણામાં ચર્ચા થતી હોય ત્યારે આપણે એકબીજાની વાત કાપવી નહિ અને ઈશારાઓથી સમજી જવાનું. ઈશારો આવે અને જરૂર પડે તો ચૂપ પણ થઇ જવું.

6) **વિચારો ભ્રષ્ટ કરવા:** દિમાગ (વિચારો) ભ્રષ્ટ કરવાના પ્રયત્ન કરવામાં આવી શકે (Corrupting Minds). સતપંથીઓ યુક્તિ પૂર્વક એવી વાત મૂકી દેશે કે આપણે તેમની વાતમાં આવી જઈએ. દાખલા તરીકે નખત્રાણાનું બૉર્ડિંગ બન્યું ત્યારે સતપંથીઓ દ્વારા એવી વાત વહેતી કરવામાં આવી હતી કે અમો પણ સનાતનમાં આવી જશું. અમારા વડીલો જીવે છે ત્યાં સુધી માત્ર અમોને થોડી છૂટ આપો. શ્રદ્ધાનો વિષય છે એટલા માટે. વડીલો ગુજરી જશે એટલે અમે સનાતનમાં આવી જશું. આ વાતમાં આવીને સનાતનીઓએ સતપંથીઓ ઉપર ભરોસો રાખી તેમના સાથે સંબંધ રાખ્યા. પણ સતપંથીઓએ આખરે શું કર્યું? તેવો સતપંથને તો છોડ્યું નહીં. પણ સનાતન સમાજમાં રહીને હિંદુ ઓળખ મેળવી લીધી અને અંદર ખાને સતપંથને મજબૂત કરતા ગયા.

7) **ભાવાત્મક ચાલ:** તેવીજ રીતે દીકરીઓનું શું વાંક છે? આપણેજ તેમનું કન્યાદાન કર્યું છે. દીકરીઓને રડાવીને આપણે સુખી નહીં થઈએ, વગેરે વગેરે. આવી ભાવાત્મક વાતોમાં આપણે આંજી દે અથવા તો ખોટી રીતે સમય પસાર કરશે અને અમલવારી રોકી રાખશે.

8) **<u>નિર્ણય લેવા નહિ દે:</u>** અગર મિટિંગનું વાતાવરણ સતપંથના વિરુદ્ધનું થાય તો તેવા સંજોગોમાં કોઈ પણ નિર્ણય ન આવે તે માટે તેવો મિટિંગને ખોરવી નાખવા માટે ખોટા ઝગડાઓ કરવા માટે આપણે ઉશ્કેરી શકે. ત્યારે આપણે સર્વે એક બીજાનું ધ્યાન રાખીને યુક્તિ પૂર્વક સંયમ રાખવો પડશે.

9) **<u>હાવી થવાની કોશિશ:</u>** સતપંથવાળા આપણા પર વ્યક્તિગત રીતે માનસિક પ્રહાર કરી શકે. આડકતરી રીતે આપણા વ્યક્તિગત સ્વમાન પર પ્રહાર કદાચ કરે. આપણી નૈતિક હિંમત તોડવા માટે આપણા સામે રૂબાબ ઠોકશે. પોતે ખૂબજ મોટા છે તેવી છબી ઊભી કરે. તાકિયામાં જણાવેલ વિરોધીની હિમ્મત નબળી કરવાની આ ચાલ છે. જેથી આપણા વિચારો આપણે સમય પર રજૂ ન કરી શકીએ. ઘણી વખત આપણે જોતા હોઈએ કે મિટિંગ પતિ જાય પછી લોકો બોલે કે આ બરાબર નથી કે તે બરાબર નથી. પણ મિટિંગમાં નથી બોલી શકતા. તેની પાછળનું આ કારણ છે. માટે આનું આપણને ધ્યાન રાખવાનું રહેશે. અને આ લોકોથી કોઈ પણ સંજોગોમાં દબાઈ ન જઈએ તેનું ખાસ ધ્યાન રાખવું પડશે.

10) **<u>એક વ્યક્તિને ટાર્ગેટ બનાવશે:</u>** આપણામાંથી કોઈ પણ એક સભ્યને ખાસ ટાર્ગેટ કરવામાં કદાચ આવે. એ વ્યક્તિ ઉપર બધાજ સતપંથીઓ વારાફરતી શાબ્દિક વાર કરે, જેથી એમનું મનોબળ ભાંગી જાય. સ્વર્ગીય ગંગારામબાપા સાથે આવું ખાસ થતું, પણ ગંગારામબાપા હિમાલય જેવા મજબૂત હતા એટલે એમને મચક ન આપતા. હાલની પરિસ્થિતિમાં આ ટાર્ગેટ હંસરાજભાઈ હોઈ શકે. કારણકે એ રજૂઆત કરનાર સનાતની ટીમના સિનિયર સભ્ય છે. હંસરાજભાઈએ પોતાના અંગત સ્વાર્થ માટે કાવત્રાઓ, રમતો કર્યા છે એવું કહીને તેમને હલકા ચીતરવાની કોશીશ કરવામાં આવી શકે. જેથી સમસ્ત સનાતની ટીમને ઊંઝાના પંચો સામે નીચું જોવું પડે અને આપણે આપણી વાત કહેવામાં ખૂબજ સંકોચ અનુભવીએ. કારણ આવા સંજોગોમાં આપણું દિમાગ સમય ઉપર કામ ન કરે. ઊંઝાના પંચોને પણ એવું લાગે કે સનાતની ટીમ ખોટી છે, માટે તેમની વાત ઉપર વધારે ભરોસો કરાય નહીં. પંચોમાં જે લોકો સતપંથ તરફી હોય, એ લોકો આપણી નબળી માનસિકતાનો લાભ લઇ, આપણને વધારે દબાવી શકે. આવી પરિસ્થિતિ ઊભી થાય તો માનસિક રીતે આપણે આ લડાઈ ત્યાંજ હારી જઈએ. જે આપણે કોઈ પણ કીમતે થવા નહીં દેવું જોઈએ.

11) **<u>પંચો સામે એકલામાં રજૂઆત કરવી:</u>** છેલ્લે આપણે પંચો સાથે અલગથી બસવું જોઈએ. સતપંથીઓની હાજરીમાં બેસવું નહીં. જેથી કરીને આપણી મજબૂત રજૂઆત થતી હોય ત્યારે કોઈને પણ વિક્ષેપ પાડવાનો મોકો ન મળે.

1.10.આ બેઠકની અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે બીજા દિવસે એટલે કે તા. ૦૬-જાન્યુઆરી-૨૦૧૮ના હંસરાજભાઈ ધોળુ એ સીદસરવાળા જયરામભાઇ વાંસજાળિયાનો (પંચમાંના એક સભ્ય) સંપર્ક કરશે અને મિટિંગમાં બન્ને પક્ષોને અલગ અલગ સાંભળવામાં આવે એવી વિનંતી કરશે.

1.11.તા. ૦૬-જાન્યુઆરી-૨૦૧૮ના ગ્લોબલ પાટીદાર બીસનેસ સમિટ ચાલતો હતો ત્યારે બપોરના સમયમાં શ્રી હંસરાજભાઈ ધોળુ, શ્રી અબજીભાઈ કાનાણી અને શ્રી હિંમતભાઈ ખેતાણી ભેગા થઇને શ્રી જેરામભાઈને મળ્યા. હંસરાજભાઈની રજૂઆતને જેરામભાઈએ સ્વીકારી લીધી. પણ હિંમતભાઈ પોતાના તરફથી કોઈક વાત કરવા જઈ રહ્યા હતા ત્યારે હિંમતભાઈનું અપમાન કરીને તેમણે કહ્યું કે તમે નેગેટીવ માણસ છો, મારે તમારા સાથે કોઈ વાત કરવી નથી. આ અપમાન હિંમતભાઈનું નહોતું પણ સનાતની સમાજની ટીમના સભ્યોનું મોરલ (નૈતિક હિમ્મત) ઉપર વાર હતો. આવા પ્રહારો બાબતે આગલા દિવસેજ સનાતની ટીમમાં ચર્ચા થઇ ગઈ હોવાથી સનાતની ટીમ જરાય પણ દબાણી નહીં. યોગ્ય સમયે મક્કમતાથી મજબૂત રજૂઆત કરવા માટે ટીમ કટિબદ્ધ થઇ.

1.12.તો આ હતી સનાતની ટીમની તૈયારીઓનું ઉચ્ચ સ્તર અને સંતુલિત માનસિકતાનું વિવરણ. ઉપર જણાવેલ મુદ્દાઓ સિવાયના અમુક મહત્ત્વ મુદ્દાઓ પર પણ તૈયારી હતી. જેણે હાલ આ પુસ્તકમાં જાહેર કરી શકાય એમ નથી.

2. તા. ૦૭-જાન્યુઆરી-૨૦૧૮ની પહેલી મિટિંગ:

મિટિંગનું સ્થળ ઉમિયા માતાજી સોલા કેમ્પસ, અમદાવાદમાં નક્કી કરવામાં આવેલ હતું. સમય હતો બપોરે ૩ વાગે.

2.1. હંસરાજભાઈ ધોળુ મિટિંગમાં પહોંચવા માટે પોતાની રીતે સમયથી પણ પહેલાં નીકળી ગયા હતા. બાકીના ચાર સનાતની સભ્યો લગભગ ૩ વાગે ઊંઝા કેમ્પસમાં પહોંચ્યા.

2.2. અમે જયારે ત્યાં પહોંચ્યા ત્યારે જેરામભાઈ વાંસજાળિયા, જયંતીભાઈ કાલરીયા, હંસરાજભાઈ ધોળુ સિવાય, સતપંથની અમલીકરણ ટીમમાં સતપંથના મહામંત્રી ચંદુભાઈ પટેલ હાજર હતા. તે ઉપરાંત વસતા કેશરા નાકરાણી, મોરબીથી હાજર હતા. વસતા કેશરા અને જેરામભાઈ વાંસજાળિયાની મોરબીની ટાઈલ્સ ફેક્ટરીઓ એક બીજાને લાગીને છે. બન્નેની સહિયારી બાઉન્ડ્રી છે. પણ એ કોની તરફથી આવ્યા હતા? સતપંથ કે સનાતન તરફથી? આમ તો પોતાને સનાતન સમાજમાં ગણાવે છે, પણ સનાતન સમાજ તરફથી તેમનું નામ નહોતું. વ્યક્તિગત રીતે જોઈએ તો હંમેશાં સતપંથીઓને સનાતન સમાજમાં સાથે રાખવાની વાત કરનાર માણસ તરીકે તેમની સમાજમાં છબી છે.

2.3. ઊંઝાથી પંચના સભ્યો આવવાના બાકી હતા. એટલે મિટિંગ ચાલુ કરી શકાય તેમ નહોતી. માટે જેરામભાઈ અને જયંતીભાઈએ તેમના વિસ્તારમાં વાંકાનેર પાસે વસતા કડવા પાટીદારો જે આજે સંપૂર્ણ રીતે મુસલમાન થઇ ગયા છે, તેની વાત છેડી. જેરામભાઈએ જણાવ્યું કે જયારે ભારત આઝાદ થયું ત્યારે તે સમાજ એટલે જેણે મુમના સમાજ કહેવાય છે, તે મુમના સમાજની એક સભા બોલાવવામાં આવી. તેમાં તેઓએ ઠરાવ કર્યો કે હવે આપણે હિંદુ બની જવું. પણ દુર્ભાગ્યવશ તે વખતના હિંદુ ધર્મ ગુરુઓએ એ વાત સ્વીકારી નહીં. હિંદુ ધર્મગુરુઓની આ ભૂલ હતી, જેણે કારણે આજે તેવો સંપૂર્ણ મુસલમાન બની ગયા છે. વાચક મિત્રોને વિનંતીકે આ વાતની ખાસ નોંધ લેશો. કારણ આગળ આના સંદર્ભમાં સતપંથીઓ માટે વાત કરવામાં આવી છે, જેને જયંતીભાઈ કાલરીયાએ સ્વીકારેલ હતી.

2.4. વધુમાં જેરામભાઈએ એવું કહ્યું કે વાંકાનેરના મુમના સમાજના આગેવાનોને તેઓ જ્યારે મળ્યા અને તેમનું ધ્યાન દોરાવ્યું કે જુઓ કેવી રીતે તમે પાછળ રહી ગયા છો. આર્થિક રીતે, સામાજિક રીતે વગેરે વગેરે. આજે વાંકાનેર મોરબીમાં કડવા પાટીદારોની ૯૦% થી વધારે સેરામિક ટાઈલસની ફેકટરીઓ છે. વિદ્યાર્થીઓ માટે મોટી હોસ્ટેલો છે. મુમના સમાજ પાસે કંઈ નથી. તો તમે હિંદુ બનીને અમારા સમાજમાં કેમ નથી આવી જતા? ત્યારે એ મુમના સમાજના આગેવાનોએ કહ્યું કે મુમના સમાજના ધર્મગુરુ સૈય્યદ છે. તેની વાત બધા માનશે. સૈય્યદ આદેશ આપશે તો બધા હિંદુ થશે. આમ કહી પોતાની અસમર્થતા બતાવી. **આ વાતને પણ ધ્યાને રાખશો. આગળની ચર્ચામાં આનો સંદર્ભ લઇને સતપંથીઓ માટે મુદ્દો રજૂ કરેલ છે.**

2.5. વધુ માહિતી આપતા તેમણે પોતાના અનુભવો જણાવ્યા કે કેવી રીતે પીર સૈય્યદની ઘર પધરામણી થાય ત્યારે એક મોટી ચાદર પાથરવામાં આવે અને લોકો એ ચાદરમાં પૈસા નાખે અને એ પૈસા એ પીર સૈય્યદ લઇ જાય.

2.6. ત્યાં થોડી વારમાંજ ઊંઝાથી વડીલો આવી પહોંચ્યા. ઊંઝાથી આવનાર લોકોમાં ઊંઝાના કાર્યકારી પ્રમુખ પ્રહ્લાદભાઈ પટેલ – (કામેશ્વર) અમદાવાદવાળા, મણીભાઈ મમી, દિલીપભાઈ નેતાજી – ઊંઝાના મહામંત્રી, પ્રહ્લાદભાઈ – મહેસાણાવાળા – પૂર્વ મહામંત્રી, સુરેશ કે પટેલ – મંત્રી અને અન્ય ૨ થી ૩ જણ હતા.

2.7. ત્યાર બાદ સ્વ-ઓળખવિધિથી કરવામાં આવી અને મંત્રીશ્રી દિલીપભાઈ દ્વારા મિટિંગનો ઉદ્દેશ જણાવવામાં આવ્યો, જે ચુકાદાનું અક્ષરે અક્ષર પાલન કરવાની વાત હતી.

2.8. ત્યાર બાદ જેરામભાઈએ જણાવ્યું કે બન્ને પક્ષોના આગેવાનો તેમણે મળેલ હતા. સતપંથ તરફથી ૧૫ વખત લોકો તેમણે મળેલ હતા અને સનાતન તરફથી પ્રમુખ અબજીભાઈ, હંસરાજભાઈ અને અન્ય લોકો તેમને ગઈ કાલે મળેલ હતા. તેમને જણાવ્યું કે બન્ને પક્ષો ચાહે છે કે પંચો તેમણે પહેલાં અલગ અલગ સાંભળે અને પછી જરૂર જણાય તો સાથે બેસાડે.

2.9. આવી રજૂઆત સાંભળતાજ શ્રી મણીભાઈ મમીએ, મોટી ઉંમર હોવા છતાં, ઊભા થઇને પૂછ્યું કે ચુકાદો આવી ગયા પછી શું સાંભળવાનું? કોઈને સાંભળવાની જરૂર નથી. મણીભાઈએ ચોખ્ખે ચોખ્ખું અને કડક શબ્દોમાં જણાવ્યું કે ચુકાદામાં કોઈ પણ ફેરફાર કરવામાં આવશે નહીં. તેમણે એવું પણ કહ્યું કે કોઈએ જૂની વાત કાઢવી નહીં. આ વાતને પ્રહ્લાદભાઈ મહેસાણા, દિલીપભાઈ મહામંત્રી અને અન્ય ઊંઝાથી આવેલ લોકોએ ટેકો આપ્યો. સનાતની ટીમે પણ આ વાતને સહર્ષ ટેકો આપ્યો. પણ જેરામભાઈએ ધીમા અવાજમાં કહ્યું કે ચુકાદામાં અમુક સ્પષ્ટતાની જરૂર છે. પણ કોઈએ તેમની વાતને ટેકો ન આપ્યો. જયંતીભાઈ કાલરીયાએ કોઈ વિચાર રજૂ ન કર્યો. સતપંથી ભાઈઓ એકદમ ચૂપ રહ્યા. સનાતની ટીમની આ મુદ્દા પરનું પ્લાન્નીંગ કામ કરી ગયું. પુનઃ સનાતની ટીમે એકજ અવાજે મક્કમતાથી મણીભાઈ મમીના પ્રસ્તાવને સ્વીકારી લેવાની વાત કરી. એટલે અંતે આ વાત નક્કી કરવામાં આવી કે ચુકાદામાં કોઈ પણ ફેરફાર નહિ થાય અને રજૂઆતમાં કોઈએ જૂની વાતો કાઢવી નહીં.

નોંધ: ચુકાદામાં ફેરફાર કરાવવાનો પ્રયાસ હાલપૂરતો નિષ્ફળ થયો.

2.10.જેરામભાઈ સ્વભાવે સામે વાળા ઉપર હાવિ થનાર અને ખૂબ આક્રમક શૈલીથી પોતાની વાત રજૂ કરનાર વ્યક્તિ હોવાથી ઉપર જણાવેલ વાત તેમને પસંદ નથી પડી, એવું લાગ્યું. જેરામભાઈની શૈલી ઉપર નજર કરીએ તો તેવો જ્યાં-જ્યાં જાય ત્યાં મિટિંગ કે સભામાં છવાઈ જવાની તેમની વૃત્તિ હોય એવું જોવા મળતું હોય છે. મોટા અવાજથી જોરદાર રજૂઆત કરવી અને વિરોધીનું મનોબળ ભાંગી નાખવું એ તેમની રણનીતિ હોય એવું જાણવા મળતું હોય છે. વધારામાં આ બેઠકના આગલાજ દિવસે હિંમતભાઈ ખેતાણીનું જે રીતે અપમાન કર્યું અને તેમની રજૂઆત સાંભળી પણ નહીં, એ પણ બતાવે છે કે જેરામભાઈની વિરોધીઓને બોલવા ન દઈ, પોતાનો કક્કો ખરો કરવાની તેમની શૈલી છે. આ દિવસ સુધી સનાતની ટીમવાળાએ જેરામભાઈને ખૂબ માન, સન્માન આપ્યું હતું. વાણીમાં ખૂબજ સંયમ રાખીને અને નીચા અવાજે તેમની સાથે વાત કરેલ હતી.

2.11.આવી પરિસ્થિતિમાં જેરામભાઈએ પૂછ્યું કે તમારા (સનાતની સમાજના) પ્રમુખશ્રી અબજીભાઈ ક્યાંય છે? તે કેમ નથી આવ્યા? ત્યારે તેમને જવાબ મળ્યો કે મિટિંગનું તેમણે આમંત્રણ નથી એટલે તેઓ નથી આવ્યા. ત્યારે તેમણે સૂચન આપ્યું કે અબજીભાઈને ગાંધીનગરમાંજ છે, તો તેમને બોલવામાં આવે. તે પ્રમાણે અબજીભાઈને ફોન મારફતે બોલવામાં આવ્યા. ત્યાર બાદ જેરામભાઈએ પોતાનો સ્વભાવ પ્રમાણે કહ્યું કે તમે (સનાતની ટીમ) ઊંઝા ચુકાદા વિષે જાહેર પત્રો શા માટે લખ્યા છે? પ્રમુખશ્રી દ્વારા લખેલ તા. ૦૧-નવેમ્બર-૨૦૧૭ ના પત્રે કેટલો ખોટી અને ઊંધી અસર નાખી છે, શું તમને ખબર છે? ત્યાં તો સતપંથ તરફથી મણીભાઈ મેઘજી ઊભા થયા અને કહ્યું કે ઊંઝાના ચુકાદા પછી તેઓએ પીરાણામાં મિટિંગ લીધી અને સમર્થન કરેલ હતું. પણ પ્રમુખશ્રીના તા. ૦૧-નવેમ્બર-૨૦૧૭ના પત્રના લીધે “માહોલ” બગડી ગયો. અને એના કારણે અમે આગળ વધી નથી શક્ય. બીજો પત્ર તા. ૨૧-નવેમ્બર-૨૦૧૭નો સારો છે, પણ તા. ૦૧-નવેમ્બર-૨૦૧૭નો પત્ર ખૂબજ ખરાબ છે. આવી વાત તો કરી, પણ મણીભાઈ મેઘજી એ પત્રમાં શું ખોટું લખ્યું છે તે જણાવી ન શક્યા. તેવીજ રીતે કયા મુદ્દા ઉપર માહોલ બગડ્યો, તેની પણ જાણકારી ન આપી. એટલે એવું લાગ્યું કે તેઓએ માત્ર ગોળગોળ વાતો કરીને દોષનો ટોપલો સનાતની સમાજ ઉપર નાખીને છટકી જવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

નોંધ: સનાતનીઓના દૃષ્ટિથી અહીં બે ચાલો હતી. એક તો મુખ્ય મુદ્દાથી મિટિંગને ભટકાવી દેવાની. જેથી તેમના વિરુધનો કોઈ નિર્ણય ન આવે. અને બીજી ચાલ હતી કે સતપંથના કરતાહરતાઓ પોતાના માટે છટક બારી તૈયાર કરતા હતા. આ ચાલના દમ ઉપર સતપંથીઓ એવી ભ્રામક વાત કરી શકતા હતા કે અમે તો સમજીએ છીએ કે સતપંથ આપણા લાયક નથી. અમારા પર વિશ્વાસ રાખો અમે પણ તમારા મતના જ છીએ. અમે અંદર રહીને તમારુંજ કામ કરીએ છીએ. પણ અમારામાં અમુક કટ્ટરવાદી માથાભારે લોકો છે, જે આ વાત માનતા નથી. એટલે અમોને થોડો સમય આપો. અમે તેમની સાથે રહીને ધીરે-ધીરે તેમને તૈયાર કરીશું. આવી સમય કાઢીને મુદ્દાને ઠંડા બક્સામાં નાખી, પહેલાં જેમ ચાલતું હતું, તે પ્રમાણે સતપંથ ચલાવતા રહેવું. (વર્ષો જૂની રણનીતિ – પણ નવા રૂપમાં હાલમાં બહાર આવી)

2.12.મણીભાઈ મેઘજીની આ વાતથી જેરામભાઈના ગુસ્સાને હવા મળી. તેઓએ ભડકી જવાનો "ડોળ" કર્યો. "ડોળ" શબ્દ એટલા માટે વાપરું છું કે આગળ ખબર પડશે કે સનાતની અવાજને દબાવવા માટે તેવોએ સંપૂર્ણ મિટિંગમાં કેવા કેવા હથકંડાઓ અપનાવ્યા. જેનાથી તેમના એકતરફી વલણની નોંધ મિટિંગમાં હાજર રહેલા સર્વે લવાદ પંચો તેમજ અન્ય સભ્યોએ લીધી.

2.13.ત્યારે પત્ર બાબતે ચંદ્રકાંતભાઈએ કહ્યું કે આનો જવાબ અમારી પાસે છે. જ્યારે અમારી સાથે તમે અલગ બેસો ત્યારે અમો તેનો જવાબ આપીશું.

2.14.જેરામભાઈ વધુ ઉગ્ર બન્યા અને કહ્યું કે તમારા પ્રમુખશ્રી સાથે ગઈ કાલે મારી વાત થઇ ચૂકી છે. પ્રમુખશ્રીએ પોતાની ભૂલ કબૂલ કરી લીધી છે. જવાબમાં સનાતની ટીમે કહ્યું કે એ વાત માની શકાય તેમ નથી. હંસરાજભાઈએ કહ્યું કે પ્રમુખશ્રી હમણાંજ આવી જશે, તો તેમણે પૂછી લેશું કે વાત શું છે? પણ જેરામભાઈ વધુ ઉગ્ર થયા. તેમણે દબાણ પૂર્વક કહ્યું કે તમે તમારી ભૂલ કબૂલ કરો. આવું સાંભળતાંજ ચંદ્રકાંતભાઈએ કહ્યું કે પહેલાં તમારે અમારી વાત સાંભળવી જોઈએ. પછી અમારી ભૂલ હશે તો અમે કબૂલ કરીશું. આવું સાંભળતાજ જાણે જેરામભાઈના અહમ્‌ને ઠેસ પહોંચી હોય. તે વધુ ઉગ્ર થયા. તેઓએ સવાલ કર્યો કે પત્ર લખવાથી પહેલાં અમોને પૂછ્યું હતું? અમોને ડ્રાફ્ટ મોકલેલ હતો? તો પછી અમો તમારી વાત શા માટે સાંભળીએ? ચંદ્રકાંતભાઈએ કહ્યું કે તેનો જવાબ અમારા પાસે છે. ત્યારે વસંત ધોળુએ મોટાં અવાજથી કહ્યું કે અમારી વાત સાંભળ્યા વગર તમે કેમ અમોને ગુનેગાર ઠરાવો છો? વસંતભાઈને દબાવવા જેરામભાઈ પણ મોટા અવાજથી બોલ્યા કે તમારી ભૂલ છે, પ્રમુખશ્રીએ પોતાની ભૂલ કબૂલ કરેલ છે, તો તમે શા માટે ના પાડો છો? ત્યારે પ્રેમજીભાઈ કેશરાણીએ કહ્યું કે જ્યારે અમારા પ્રમુખ અહીં હાજર નથી તો પછી તમે તેમની વાત શા માટે કરો છો? આવું સાંભળીને તેમનો પિત્તો છટક્યો. ત્યારે ચંદ્રકાંતભાઈએ કહ્યું કે પહેલાં તમે અમારી વાત સાંભળો પછી જો અમારી ભૂલ હશે, તો અમે કબૂલ કરીશું. ત્યારે જેરામભાઈએ કહ્યું કે મારે તમારી વાત સાંભળવીજ નથી. એટલે ચંદ્રકાંતભાઈએ મક્કમ અવાજમાં કહ્યું કે તમારે અમારી વાત સાંભળવીજ પડશે, એ તમારી ફરજમાં આવે છે અને અમારી વાત રજૂ કરવાનો અમારો હક્ક છે.

નોંધ: આ જે ચકમક થઇ, એ હતી સનાતનીઓ ઉપર માનસિક રીતે હાવિ થઇ જવાની. પણ સનાતનીઓનું પૂર્વ તૈયારીના કારણે આ પરિસ્થિતિનો બરાબર સામનો કરી શક્યા.

2.15.જેરામભાઈના બચાવમાં, દેવજી કરસન ભાવાણીએ કહ્યું કે જુઓ પંચો સામે આ લોકો મોટેથી બોલે છે તો વિચાર કરો અમને આ લોકો કેવી રીતે બોલવા દેતા હશે. આમ કહીને વાતને અવળા રસ્તે ચડાવવાનો પ્રયત્ન કર્યો. પણ

 સનાતની ટીમ આ વિષે એકદમ જાગૃત હતી. સનાતની ટીમના પ્લાન્નીંગના કારણે, દેવજીભાઈની ચાલ ઓળખાઈ ગઈ. હંસરાજભાઈએ તરતજ કહ્યું કે એ વાત જુદી છે તેની ચર્ચા અત્યારે નથી કરવી. આવી રીતે મુદ્દાથી ભાકાવવાની (Diversionary Tactics) ચાલ નિષ્ફળ કરી નાખી.

2.16.ત્યારે સતપંથ તરફથી સુરેશ વકીલ ઊભા થયા અને બોલ્યા કે પ્રમુખશ્રીએ ભૂલ કબૂલ કરી છે, તો તમે કેમ તમારી ભૂલ કબૂલ કરતા નથી? તો તરતજ ચંદ્રકાંતભાઈએ તેમણે જવાબ આપ્યો કે પહેલાં અમારી વાત સાંભળવી તેમની ફરજમાં આવે છે. પહેલાં તેમણે કહો કે અમારી વાત સાંભળે. આવું સાંભળીને સુરેશ વકીલ પણ બેસી ગયા.

2.17.ત્યારે જાણે પોતાના ગુસ્સા પર કાબૂ ન હોય એવી રીતે જેરામભાઈની આંખો લાલ થઇ ગઈ હતી. ગુસ્સામાં આગ બબુલા થઇ ગયા અને કહ્યું કે ગમે તે થાય, અમે તમારી વાત નહિજ સાંભળીએ. ત્યારે પ્રહ્લાદભાઈ મહેસાણાવાળાએ સનાતનીઓને કહ્યું કે તમારી વાત સાંભળશું. જ્યારે આપણે અલગ બેસીશું ત્યારે આપણે ચર્ચા કરીશું. જેરામભાઈ ત્યારે પ્રહ્લાદભાઈની વાત કાપીને બોલ્યા કે કોઈની વાત સાંભળવી નથી. આવું સંભાળતાજ ચંદ્રકાંતભાઈએ, મજબૂત અવાજમાં ખૂબજ મક્કમતાથી કહ્યું કે જેરામભાઈ તમારી આ વાત બરાબર નથી. તમે કેમ એક પક્ષની વાત સાંભળીને અમને ગુનેગાર ઠરાવો છો? તમારે બન્ને પક્ષોને સાંભળવા જોઈએ. પછી જેનો વાંક હોય તેને કહેવું જોઈએ. પંચે નિષ્પક્ષ રીતે વર્તન કરવું જોઈએ. તમારું આ નિષ્પક્ષ વર્તન નથી. જયંતીભાઈ કાલરીયા ચંદ્રકાંતભાઈની વાત સમજી ગયા અને નિર્ણય આપ્યો કે આપણે બધાને સાંભળશું.

2.18.જેરામભાઈના સ્વભાવના કારણે માહોલ ખૂબજ ખરાબ થઇ ગયો હતો. એટલે મણીભાઈ મમીએ કહ્યું કે આપણે બધાને સાંભળીશું. પહેલાં સતપંથના ભાઈઓને સાંભળી લઇએ. પછી સનાતની ભાઈઓને સાંભળશું. આમ કહીને અમોને વિનંતી કરવામાં આવી કે તમે થોડી વાર માટે બહાર બેસો.

સતપંથના ભાઈઓને પહેલાં સાંભળવામાં આવ્યા

2.19.સતપંથીઓને જ્યારે પંચો રૂમમાં સાંભળતા હતા જ્યારે રૂમની બહાર સનાતનીઓ આપસમાં ચર્ચા કરવા લાગ્યા. તા. ૦૧-નવેમ્બર-૨૦૧૭ના પત્ર ઉપર હંસરાજભાઈ, ડો શાંતિલાલ સેંઘાણી, ચંદ્રકાંતભાઈ, પ્રેમજીભાઈ અને વસંતભાઈ ચર્ચા કરવા લાગ્યા. હંસરાજભાઈએ કહ્યું કે અબજીભાઈએ આવો પત્ર લખવો નહોતો જોઈતો. જ્યારે ૬૦ દિવસમાં કેસ પાછા ખેંચી લેવાની મુદ્દત આપી હતી, ત્યારે ૬૦ દિવસ પૂરા થવા દેવા જોઈતા હતા. તેમનું મંતવ્ય હતું કે પ્રમુખશ્રીએ ઉતાવળ કરી છે. માહોલ બગડે તેવો પત્ર ન લખવો જોઈએ. ત્યારે વસંતભાઈએ ધ્યાન દોર્યું કે સતપંથી લોકો ચુકાદાનું ખોટું અર્થઘટન કરી WhatsApp (વોટ્સએપ) પર મેસેજ મૂકતા હતા, તેના સામે જેરામભાઈ કંઈ કેમ નથી બોલતા?

2.20.ત્યારે ચંદ્રકાંતભાઈએ ખુલાસો કર્યો કે સોસિયલ મીડિયામાં સતપંથી દ્વારા ચુકાદો તેમના તરફેણમાં આવ્યો છે એવી ખોટી વાતો ફેલાવતા હતા. દાખલા તરીકે એવો ખોટો મેસેજ ફરતો કરવામાં આવ્યો હતો જેમાં જણાવ્યું હતું કે સતપંથ હિંદુ ધર્મ છે એવું ઉમિયા માતાજીએ સ્વીકારી લીધું છે. આવા ખોટા મેસેજથી સનાતનીઓ ગેર માર્ગે ન દોરાઈ જાય, તે માટે ખુલાસો કરવા હેતુથી પ્રમુખશ્રી અબજીભાઈએ આ પત્ર લખેલ હતો.

2.21.વસંતભાઈએ વધુ એક દાખલો આપતા જણાવ્યું કે નખત્રાણના ખાના (નિષ્કલંકી મંદિર)માં સતપંથીઓની બેઠક થઇ, જેમાં સતપંથ ધર્મને ગમે તે ભોગે ટકાવી રાખવાની રજૂઆતો થઇ છે. એ વાતની ઓડીઓ રેકોર્ડીંગ ફોનમાં શોધીને તૈયાર કરી રાખવી જોઈએ, જેથી અંદર મિટિંગમાં સંભળાવી શકાય.

2.22.પ્રેમજીભાઈએ પોતાના ફોનના વોટ્સએપમાં બતાવ્યું કે તેઓએ સતપંથીઓ દ્વારા મોકલેલ બધાજ ગેર માર્ગે દોરનારા મેસેજસને તેઓએ ઊંઝાના આગેવાનો અને ખાસ દિલીપભાઈને મોકલી આપેલ છે.

2.23.ત્યારે ચંદ્રકાંતભાઈએ જણાવ્યું કે તેઓએ પણ આ બધાજ મેસેજ દિલીપભાઈ અને અન્ય ઊંઝાના આગેવાનોને મોકલેલ હતા. અને દિલીપભાઈ, મણીભાઈ મમી, વિક્રમ દાદા, સુરેશ એન્જિનિયર વગેરેને ફોન કરીને વિનંતી કરેલ હતી કે સોસીઅલ મીડિયા પર થતા અપ-પ્રચાર સામે ઉમિયા માતાજી યોગ્ય ખુલાસો કરે. તેના જવાબમાં દિલીપભાઈએ કહેલ હતું કે સતપંથીઓને આપણે રોકી શકતા નથી. તો તમે તમારા રીતે ખુલાસો કરી લોકોને સાચી વાત સમજાવો.

2.24.આવી વાતો થઇ એટલે સર્વે લોકોને હિંમત આવી કે પ્રમુખસાહેબે સાવ ખોટું તો નથી કર્યું.

2.25.ત્યારે ત્યાં પ્રમુખશ્રી અબજીભાઈ, હિંમતભાઈ ખેતાણી, જયંતીભાઈ રામાણી (લાકડાવાલા), CA હરસુખભાઈ રામાણી અને ભગવાનભાઈ રવાણી આવી પહોંચ્યા.

2.26.અમે લોકો સોલા કેમ્પસની ઑફિસમાં બેઠા અને જેરામભાઈ સાથે થયેલ આક્રમક ચકમકની વાત બધાની વચ્ચે કરી. ત્યારે અબજીભાઈએ કહ્યું કે જેરામભાઈ પાસે મેં કોઈ ભૂલ કબૂલ કરેલ નથી. જેરામભાઈને એ વાત તદ્દન ખોટી છે. જેરામભાઈએ અબજીભાઈ સાથે પત્રની વાત કરેલ, પણ અબજીભાઈએ પૂછેલ કે તે પત્રમાં ખોટું શું લખ્યું છે તે જણાવો? પણ જેરામભાઈ પાસે એનો કોઈ જવાબ નહોતો. આ વાત સાંભળીને હંસરાજભાઈએ એ પત્રની કોપી મંગાવી કે હું પણ વાંચું કે પત્રમાં શું છે?

2.27.પત્ર વાંચીને હંસરાજભાઈ બોલ્યા કે પત્રમાં તો કંઈ ખોટું છેજ નહિ. ઊલટું પત્રના અંતમાં કલ્હ્યું છે કે સતપંથના ભાઈઓને પૂરા સન્માન પૂર્વક સનાતન સમાજમાં સ્વીકારો. માટે આ મુદ્દા ઉપર જેરામભાઈ ખોટા છે.

2.28.ત્યાર બાદ વાત નીકળી CA બી. કે પટેલ (ભાઈલાલભાઈ કે પટેલ) અને સુરેશ વકીલના નામો ઉપરની. આ બન્ને ભાઈ મૂળ ૧૧ સભ્યોની સમિતિમાંથી નથી. તો તેમણે કેમ હાલની ૫ (પાંચ) સભ્યોની સમિતમાં લીધા છે? તેનો વિરોધ કરવો અને તેમનું નામ રદ્દ કરાવવું એવું નક્કી થયું.

2.29.તેવીજ રીતે સતપંથ તરફથી ૫ સભ્યોની જગ્યા એક વધારાના સભ્યો કેમ આવવા દીધા છે? ચંદુભાઈ, સતપંથના મહામંત્રી પણ આવેલ હતા. એટલે તેનો પણ વિરોધ કરવો એવું નક્કી થયું.

2.30.બીજી બાજુ વાત બગડે નહિ, તે માટે આપણે ફક્ત એટલી રજૂઆત કરવી કે સનાતન સમાજ અને સતપંથ સમાજ શું કરે તેની યાદી આપો, જેથી કરીને માત્ર મુદ્દા ઉપર ચર્ચા કેન્દ્રિત રહે.

2.31.સતપંથી ભાઈઓ સાથે પંચોની શું વાત થઇ એ પ્રત્યક્ષ રીતે અમોને જાણ નથી, એટલે એના પર અહીં કઈ વિશેષ કહીં ન શકાય, પણ સનાતનીઓ સાથે વાતચીતમાં જે જાણ પંચો દ્વારા કરવામાં તે સામેલ છે.

સનાતનના ભાઈઓને સાંભળવામાં આવ્યા

2.32.હવે સનાતનીઓની વાત સાંભળવાનો વારો હતો. શરૂઆતમાં જેરામભાઈ બોલ્યા કે સમિતિના ૫ સભ્યો સિવાય માત્ર પ્રમુખને બોલવામાં આવ્યા હતા, તો પછી પ્રમુખ સિવાય બાકી બધા બહાર જાય. તો તરતજ તેના વિરોધમાં સનાતનીઓએ કહ્યું કે આ નિયમ માત્ર અમારા માટે કેમ? જ્યારે સતપંથના વધારાના સભ્યો હતા, ત્યારે કેમ ચલાવી લીધું? તો પછી અમારા સામે આ ભેદભાવ શા માટે? ત્યાં ખુલાસો કરવામાં આવ્યો કે સતપંથ તરફથી ૬ (છ) જાણ આવ્યા હતા. એટલે અંતે એવું નક્કી થયું કે આવતી મિટિંગથી માત્ર સમિતિના સભ્યોજ હાજર રહે, બીજું કોઈ નહીં.

2.33.ત્યાર બાદ તરતજ પ્રેમજીભાઈએ સતપંથ તરફથી CA ભાઈલાલ પટેલ અને સુરેશ વકીલના નામોને કેમ ચલાવી લેવામાં આવ્યા, જ્યારે તેઓ મૂળ ૧૧ જણાની સતપંથની સમિતિમાં નહોતા? જો સતપંથવાળાઓ વકીલ લાવતા હોય, તો અમારા પાસે પણ વકીલો છે. તો અમો પણ શું વકીલો મોકલીએ? મારો ૨૩ વર્ષનો જુવાન દીકરો છે, તેને મગજનું કેન્સર (Brain Cancer) જેવી ભયાનક બીમારી છે, એવી કપરી પરિસ્થિતિ હોવા છતાં હું માતાજીની ગરિમા અને આદેશને માન આપવા આવ્યો છું.

હંસરાજભાઈએ જણાવ્યું કે અગાઉ વાત થયા પ્રમાણે મૂળ ૧૧ ની સમિતિમાંથીજ ૫ (પાંચ) જણને આ અમલીકરણ સમિતિમાં લેવું એ નિર્ણય પાછળનો હેતુ હતો કે આથી અગાઉ શું કાર્યવાહી થઇ છે તેની જણ હોય તો અમલીકરણ સહેલું થાય. તો તે પ્રમાણે આ લોકોએ મૂળ ૧૧ જણની સમિતિમાં નહોતા. તો તેઓ અહીં ન હોવા જોઈએ. માટે યાદી તપાસતાં જણાયું કે આ બન્ને જણના નામો મૂળ ૧૧ જણની સમિતિમાં નથી. અંતે એવો નિર્ણય કરવામાં આયો કે આ લોકોના નામો રદ્દ કરવા અને મૂળ ૧૧ જણની સમિતિમાંથીજ નામ લેવાં. જે આવતી મિટિંગથી અમલમાં આવશે.

2.34.જયંતીભાઈ કાલરીયાએ કહ્યું કે સતપંથ તરફથી એવી રજૂઆત આવી છે કે સતપંથમાં ૧૦ લાખ લોકો છે, અમો તો માત્ર ૩૫ હજાર જેટલા છીએ (હકીકતમાં આ આંકડો પણ ખોટો છે. હાલમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સતપંથીઓની સંખ્યા અંદાજે ૧૨-૧૫ હજાર જેટલી છે). એટલે અમે બધાને માનવી નહિ શકીએ. માટે કંઈ રસ્તો કાઢો. (મતલબ કે છૂટછાટ આપો જેથી પોતાનું ઇસ્લામ સાથેનું સંબંધ ટકાવી શકે). આના જવાબમાં પંચોએ સતપંથીઓને ચોખ્ખે ચોખ્ખું કહી દીધું કે પીરાણામાં અન્ય જ્ઞાતિના લોકો સાથે તેમને કોઈ સંબંધ નથી. આ ચુકાદો માત્ર કડવા પાટીદારો માટે છે. એટલે બાકીના ૯.૬૫ લાખ જેટલા લોકો પીરાણા જતા હોય તો ભલે જાય. તેમને જે કરવું હોય તે કરે. તેની વાત નથી. અહીં આપના કડવા પાટીદાર સનાતન ધર્મમાં કેવી રીતે પાછા ફરે તેની વાત કરો.

નોંધ: ચુકાદાને ઢીલો પાડવાની ચાલ નિષ્ફળ થઇ.

2.35.સનાતનીઓના મુદ્દાઓની રજૂઆતની શરૂઆત કરતાં શ્રી હંસરાજભાઈ ધોળુએ કહ્યું કે પહેલાં સેશનમાં જેરામભાઈ ગુસ્સે થઇ ગયા હતા. આપણે શાંતિથી ચર્ચા કરવી જોઈ. મેં મારી ટીમને સૂચન આપેલ છે કે આપણે સર્વે શાંતિથી ચર્ચાઓ કરીએ અને આગળ વધીએ.

2.36.શરૂઆતમાંજ જેરામભાઈ દ્વારા ઊભો કરેલ મુદ્દા ઉપર વાત ચાલી કે પ્રમુખશ્રી અબજીભાઈ દ્વારા બહાર પડેલ તા. ૦૧-નવેમ્બર-૨૦૧૭ના પત્રના કારણે સતપંથ સમાજમાં ચુકાદા અંગે માહોલ બગડ્યો છે. મૂળમાં જે તદ્દન ખોટો આક્ષેપ હતો એ વાત ઉપર ચર્ચા ચાલી. પ્રમુખશ્રી અબજીભાઈએ ખુલાસો કર્યો કે સતપંથ તરફથી સોસિયલ મીડિયા ઉપર ચલાવેલ ગેર-માર્ગે દોરતા અને થતા અપ-પ્રચારથી સમાજમાં અને સમાજની વિવિધ ઝોનમાં ખોટી અસર પડતી હતી. એટલે આ પત્ર લખવાની ફરજ પડેલ છે. જેરામભાઈ સામે મેં મારી ભૂલ કબૂલ કરી હોય તેવી વાતજ નથી. કારણને કોઈ ભૂલજ નથી. પત્રમાં ઉમિયા માતાજીના ચુકાદા બહારની કોઈ વાત નથી લખી. આ પત્રમાં ખોટું શું લખાયું છે એ જેરામભાઈ મને બતાવી નથી શક્યા.

2.37.ત્યારે વસંતભાઈએ સતપંથ તરફથી બહાર પાડેલ વોટ્સએપ પરના મેસેજ બતાવ્યો જેમાં "સતપંથ હિંદુ ધર્મ છે તેવું ઉમિયા માતાજી ઊંઝાએ સ્વીકારી લીધેલ છે" લખેલ છે. પ્રેમજીભાઈ કેશરાણીએ નખત્રાણાના ખાનામાં (જેણે સતપંથવાળા નિષ્કલંકી મંદિર કહે છે), તેમાં થયેલ સભામાં કરવામાં આવેલ ભાષણની ઓડીઓ રેકોર્ડીંગ ફોનમાં સંભળાવી. અને ધ્યાન દોર્યું કે આ મિટિંગમાં પ્રેમદાસ બાપુ, જે સતપંથ તરફથી ઊંઝામાં ચુકાદો સ્વીકારવા આવેલ હતા અને પોતાનું પ્રતિભાવ આપતા વક્તવ્યમાં ચુકાદાનું પાલન કરવાની બાંહેધરી આપેલ હતી, એજ માણસ નખત્રાણામાં પોતાના ભાષાણમાં સતપંથીઓને આવાહન કરે છે કે ગમે તેમ કરીને સતપંથ ધર્મને ટકાવી રાખવાની ફરજ આપણા સર્વેની છે.

2.38.ત્યાર બાદ ચંદ્રકાંતભાઈ છાભૈયાએ એવી રજૂઆત કરી કે જેમ-જેમ સતપંથ તરફી લોકો દ્વારા સોસિયલ મીડિયામાં ગેરમાર્ગે દોરતા મેસેજો આવતા હતા, તેમ-તેમ અમો એ મેસેજને દિલીપભાઈ નેતાજી, સુરેશભાઈ એન્જિનિયર, વસંત ચોકસી, નારાયણ લાલુ વગેરેને મોકલતા હતા. દિલીપભાઈને ખાસ ફોન ઉપર વિનંતી કરેલ હતી કે આપ આ ખોટા મેસેજોના કારણે લોકો ગેરમાર્ગે ન દોરાય એ માટે ઊંઝા સંસ્થા વતીથી જાહેર ખુલાસો બહાર પાડો. પણ દિલીપભાઈએ જવાબમાં એમ કહ્યું કે ઉમિયા માતાજીએ ચુકાદો આપી દીધો છે. સતપંથના લોકો જે ખોટું લખે છે તેનો ખુલાસો આપ આપના હિસાબે આપી દો. ચંદ્રકાંતભાઈની વાતને સુરેશભાઈ એન્જિનિયરએ ટેકો આપ્યો. જયંતીભાઈ કાલરીયાએ પૂછ્યું કે શું દિલીપભાઈએ આ પત્ર લખાવ્યો હતો? તો તેના જવાબમાં ખુલાસો કર્યો કે દિલીપભાઈએ પત્ર નહોતો લખાવ્યો. પણ દિલીપભાઈએ સતપંથના ગેરમાર્ગે દોરતા પ્રચાર સામે સનાતનીઓને પોતાના હિસાબે ખુલાસો કરવાનું કહેલ હતું. એટલે એ પત્ર બનાવ્યો અને તેની કોપી દિલીપભાઈને વોટ્સઅપ પર તરતજ મોકલી આપેલ હતી. ત્યાર બાદ જયંતીભાઈ કાલરીયાએ કહ્યું કે સોસિયલ મીડિયા ઉપર ખોટા મેસેજ ફરતા હોય, તો તેના સામે ખુલાસો એજ કરી શકે કે જે નિર્ણય આપનાર હોય. બીજા ન કરી શકે. માટે દિલીપભાઈને સૂચન કર્યું કે આ અંગે હવે પછી ધ્યાન રાખવામાં આવે. અને સનાતનીઓને કહ્યું કે આવું ભવિષ્યમાં થાય તો તેમના ધ્યાને વાત લાવવા વિનંતી કરેલ.

2.39.બીજી બાજુ જયંતીભાઈ લાકડાવાળાએ એમ કહ્યું કે પત્રમાં ખોટું શું છે, તે તપાસોને? કંઈજ ખોટું નથી. બલકે સતપંથીઓને આવકાર આપેલ છે. આવા મેસેજથી સમાજમાં ઘણો સારો માહોલ થયો છે. જયંતીભાઈની આ રજૂઆતનો કોઈએ વિરોધ ન કર્યો એટલે વાત ત્યાં પૂરી થઇ.

> **નોંધ:** જેથી પુરવાર થયું કે સતપંથી તરફી લોકોએ ચુકાદાના પાલનથી બચવા માટે અને મૂળ મુદ્દાથી વાતને ભટકાવવા માટે ખોટો હોબાળો કર્યો હતો.

2.40.આ રીતે મુખ્ય મુદ્દાથી મિટિંગને ભટકાવવાની મુખ્ય ચાલ નિષ્ફળ થઇ. કારણ કે હવે સાબિત થયું કે આ મુદ્દો ઉપાડતી વખતે જૂઠનો સહારો લેવામાં આવેલ હતો. જુઠ એ હતું કે પ્રમુખશ્રીએ ભૂલ સ્વીકારી લીધેલ છે. આવી વાત કરી સનાતનીઓને બેકફૂટ (દબાણ)માં મૂકવાની કોશિશ હોય, એવું દેખાતું હતું. આખા પ્રકરણમાં સોસિયલ મીડિયા ઉપર ભ્રામક મેસેજ મૂકવાનો વાંક તો સતપંથીઓનો જ નીકળ્યો. સનાતનીઓનો ક્યાંય વાંક દેખાયો નહીં.

2.41.ત્યાર બાદ હંસરાજભાઈએ જણાવ્યું કે આપના સૂચન પ્રમાણે મેં વાંઢાય ખાતે પાટીદારઓનું સંમેલન બોલાવેલ હતું. તેવીજ રીતે પંચોના આદેશ પ્રમાણે સનાતનીઓએ ચુકાદાનો સમાજના તમામ સમાચાર પત્રિકાઓમાં બહોળો પ્રચાર કરેલ છે. તો હવે અમારે વધારાનું શું કામ કરવું તે આપ જણાવશો?

2.42.ત્યારે વસંતભાઈ ધોળુએ ધ્યાન દોર્યું કે પંચનો આદેશ હોવા છતાં, સતપંથ તરફથી આ ચુકાદાનો કોઈ પણ પ્રકારે સકારાત્મક પ્રચાર કરવામાં આવેલ નથી. ચુકાદા પછી, આજ સુધી, સતપંથ સમાજની સમાચાર પત્રિકા એટલે સતપંથ

પ્રકાશના બહાર પડેલ ત્રણએ અંકોમાં, ચુકાદાના પાલન વિષે કોઈ પણ સમાચાર છાપવામાં આવેલ નથી. જેની ગંભીર નોંધ સર્વેએ લીધી.

2.43.પ્રેમજીભાઈએ જણાવ્યું કે ચુકાદા આવ્યા બાદ થોડા દિવસોમાંજ સતપંથ તરફથી ૧૧ લોકોમાંના શ્રી મણીભાઈ શામજી પટેલ વડાગામવાળા, કે જેમણે ચુકાદાનું પાલન કરવાનું વચન આપેલ હતું, તેણે તેમના પરિજનના દેહાંત પછી તેમણે દેશલપર (વાંઢાય) માં આવેલ સતપંથીઓની દાદા-દાદી વાડીમાં દફનાવ્યા હતા. જે હિંદુ શાસ્ત્ર પ્રમાણે નથી. ત્યારે જેરામભાઈ સતપંથના બચાવમાં કહ્યું કે આપણે દફનાવવામાં કોઈ રોક નથી લગાડી. ત્યારે તરતજ બધા બોલ્યા કે હિંદુ શાસ્ત્રો અને હિંદુ રીતરિવાજ પાળવા એવું ચોખ્ખે ચોખ્ખું આદેશમાં જણાવેલ છે. માટે દફનાવવું એ યોગ્ય નથી. ત્યારે જયંતીભાઈ કાલરીયાએ કહ્યું કે વાત સાચી છે, પણ વિનંતી કરી કે એકદમ ઝડપથી આદેશનો અમલીકરણ થાય તેવો આગ્રહ ન રાખીએ. ધીરે-ધીરે આ લોકોને હિંદુ સમાજમાં ભેળવશું.

2.44.ત્યાર બાદ જેરામભાઈ કહ્યું કે સમાજમાં સતપંથની સમસ્યા ઘણા લાંબા સમયથી ચાલે છે. સતપંથના ભાઈઓ ૧૫ વખત તેમને મળેલ છે. જેરામભાઈ જ્યાં-જ્યાં ગયા, ત્યાં લોકો સતપંથની સમસ્યાનું નિવારણ લાવવા માટે રજૂઆત કરતા હોય છે. માત્ર મોરબીમાં નહિ, પણ ઘણી જગ્યાના લોકો આવી વાતો કરે છે. તેમણે એક દાખલો આપ્યો નાસિકનો. ત્યાં કોઈ કાર્યક્રમ પછી અમુક મહિલાઓ, જેમાં સનાતન સમાજની મહિલાઓ પણ હતી, (જે ગળે ઉતરે એવી વાત નથી, કારણ કે નાસિકની સનાતન સમાજ મજબૂત છે. સતપંથના કાર્યક્રમમાં સનાતની મહિલાઓ જાય નહિ) તેમની સતપંથ અંગે રજૂઆત કરેલ હતી. જેરામભાઈએ જણાવ્યું કે આ સમસ્યા વિકટ છે. માટે ધીરે-ધીરે આનો ઉકેલ આવશે. સતપંથીઓ સાથે નજીક આવશું તો બધુજ સારું થશે. કેશરા પરમેશ્વરાના સમય કાળને આજે લગભગ ૨૫૦ વર્ષ થયા છે. ધીરે ધીરે તમે શૂન્યમાંથી ૯૦% થી પણ વધારે થઇ ગયા છો. તો પછી ચિંતા ન કરો સતપંથમાં બાકી રહી ગયેલ પણ આવી જશે.

2.45.વાત આગળ વધારવા માટે હંસરાજભાઈ ધોળુએ કહ્યું કે અમારે શું કરવાનું છે તે કહો. લિસ્ટ બનાવી આપો તો અમે આગળ વધીએ. તેવીજ રીતે સતપંથીઓને લિસ્ટ બનાવી આપો, જેના પ્રમાણે એ લોકો આગળ વધે.

2.46.આના જવાબમાં જયંતીભાઈ કાલરીયાએ કહ્યું કે આપણે સ્ટેપ બાય સ્ટેપ (Step-by-step) એટલે તબક્કા વાર કામ કરીએ. તેમને કહ્યું કે સતપંથીઓએ જણાવેલ છે કે તેમના દ્વારા કેન્દ્રીય સમાજ (અ.ભા.ક.ક.પા. સમાજ) ઉપર કરેલ હાલ ચાર (૪) કેસ કોર્ટમાં ચાલુ છે. માંડવી હોસ્ટેલ કાંડમાં તેમનો કોઈ હાથ નથી. વધારામાં તેઓએ એવું કહ્યું કે માંડવી હોસ્ટેલનું નામ બદલી કરતા હતા એટલે અમુક લોકોએ કેસ કરેલ છે. ત્યારે અબજીભાઈએ ચોખવટ કરી કે નામ બદલવાની કોઈ વાતજ નથી. હંસરાજભાઈએ કહ્યું કે હોસ્ટેલ મારા દાદાના નામે છે. અને કેન્દ્રીય સમાજે આ વિવાદ ઉકેલવા માટે એક પંચ નીમ્યો છે. જેનો હું અધ્યક્ષ છું. માંડવી હોસ્ટેલ કાંડમાં સીધી રીતે તેઓ ભલે નથી પણ કૌભાંડીઓ પાછળ સંપૂર્ણ હાથ તેમનો જ છે. આ વાતનું અનુમોદન જયંતીભાઈ લાકડાવાળા અને પ્રેમજીભાઈ કેશરાણીએ કર્યું.

2.47.ત્યાર બાદ જયંતીભાઈ કાલરીયાએ પૂછ્યું કે આના સિવાય કોઈ બીજા કેસો છે? તો તેના જવાબમાં પ્રમુખશ્રીએ કહ્યું કે વ્યક્તિગત કેસો છે. ચંદ્રકાંતભાઈએ કહ્યું કે ઘટક સમાજોમાં એટલે ગામડાઓમાં ઘણા કેસો છે. ડો. શાંતિલાલ સેંઘાણીએ પણ આ વાતનું અનુમોદન કર્યું. ત્યારે જયંતીભાઈ કાલરીયાએ કહ્યું કે આપણે તબક્કા વાર આગળ વધીએ. પહેલાં કેન્દ્રીય સમાજ ઉપર જે કેસો છે, તેને પાછા ખેંચાવડાવી લઈએ. જેરામભાઈએ કહ્યું કે પહેલાં કેન્દ્રીય સમાજ ઉપરના કેસો પાછા ખેચાઇ જાય એટલે ધીરે-ધીરે વ્યક્તિગત અને અન્ય સંસ્થાઓમાં થયેલ કેસો પણ પાછા ખેંચાવડાવી લઈએ.

2.48.જયંતીભાઈ કાલરીયાએ પૂછ્યું કે તમારા પ્રમાણે કેટલા કેસો છે? તેની જાણકારી અમોને આપશો. હંસરાજભાઈએ પ્રસ્તાવ મુક્યો કે આપણે ૧૫ દિવસનું ટાઇમ આપીએ અને બધા કેસના પેપર્સ ભેગા કરી લઈએ. અમોએ દરેક સમાજોમાં પત્ર લખી સતપંથ પ્રેરિત કેસોની વિગતો માંગેલ છે. માટે વિગતો આવવામાં થોડો સમય લાગશે. જયંતીભાઈએ આ વાત સ્વીકારી લીધી અને કહ્યું કે કેન્દ્રીય સમાજસામે કરેલ કેસોના પેપર્સ મને મોકલી આપો. જેથી હું તેનો અભ્યાસ કરી કેસ કેવી રીતે પાછા ખેંચવા તેના પર નિર્ણય કરી શકું. (પોતે જયંતીભાઈ કાલરીયા વકીલ છે).

2.49.ત્યાર બાદ જયંતીભાઈ કાલરીયાએ વધુ ખુલાસો કર્યો કે આપણે તબક્કા વાર કામ આગળ વધારીએ. કેન્દ્રીય સમાજ ઉપર કેસો પાછા ખેચાવડાવીએ અને સમાજમાં સતપંથીઓનું સભ્ય પદ જે રદ્દ થયેલ છે તેને પાછું પ્રસ્થાપિત કરીએ. સતપંથીઓની માંગ છે કે તેઓને કેન્દ્રીય સમાજમાં હોદ્દાઓ મળવા જોઈએ.

<u>નોંધ:</u> ક્રિકેટની ભાષામાં કહીએ તો આ હતી સતપંથની ગુગલી. આને ગાજર અને લાકડી વાળી પોલીસી પણ કહી શકાય. એક બાજુ કોર્ટ કેસ પાછા ખેંચવાની લાલચ આપે, જેથી કરીને આપણે લાલચમાં આંધળા થઇ જઈએ તો બીજી બાજુ સતપંથીઓ સનાતન સમાજમાં ઘૂસી જાય. સનાતનીઓ ભરોસામાં રહે કે આજ નહિ તો કાલે સતપંથવાળા સુધરી જશે, પણ અંતે એવું ન થાય. અમુક વર્ષો પછી સતપંથવાળા પોતાનો પગ એટલો મજબૂત કરી નાખે કે સનાતનીઓને પોતાનીજ સંસ્થાથી દૂર થવું પડે, અથવા સતપંથનો સ્વીકાર કરવો પડે. સતપંથ અને સનાતનમાં આપસમાં એટલા લગ્ન સંબંધો જોડાઈ જાય, કે પછી સતપંથીઓને સમાજમાંથી કાઢવા અશક્ય બને. કોઈ કોશિશ કરે એટલે તેને દબાવવા ખોટા કોર્ટ અને પોલીસ કેસો કરવામાં આવે. સનાતની સમાજનો અનુભવ અને ઈતિહાસ કહે છે કે સતપંથ છોડ્યા વગર અગર તેમને સનાતન સમાજના સભ્ય બનાવી નાખ્યા તો એ લોકો પછી ક્યારે સતપંથ સમાજ છોડતા નથી. બન્ને સમાજોમાં સભ્ય તરીકે રહે છે. સનાતની સમાજના કારણે તેમને હિંદુ ઓળખ મળે છે અને સતપંથનું અસ્તિત્વ ટકાવી રાખે છે. સનાતન સમાજના ભોગે સતપંથ સમાજને મજબૂત કરતા જાય. સતપંથવાળા સનાતન સમાજના સભ્ય બની જાય એટલે સનાતન સમાજમાં ધીરે ધીરે સતપંથ ધર્મનો અધિકારિત રીતે પ્રચાર પ્રસાર કરવા લાગે. પરિણામે જે સતપંથ ધર્મ લુપ્ત થઇને નષ્ટ થવાની અણીએ પહોંચ્યો છે એ પાછો ફળતો ફૂલતો થાય.

2.50.આના જવાબમાં ચંદ્રકાંતભાઈએ કહ્યું કે સતપંથીઓને અમો હમેશાં સ્વીકારતા આવ્યા છીએ. પણ સતપંથ સંપૂર્ણ રીતે છોડીને આવે તો. અહીં હંસરાજભાઈ બેઠા છે, જે એક સમયે સતપંથી હતા. જયંતીભાઈ લાકડાવાળા બેઠા છે, એ પણ સતપંથી હતા. પણ તેમને સતપંથ છોડીને ખુલ્લા મનથી સનાતન ધર્મનો સ્વીકાર્ય કર્યો છે. હંસરાજભાઈ આજે વાંઢાય ઉમિયા માતાજીના પ્રમુખ પદ જેવો ખૂબજ મોટો હોદ્દો સંભાળે છે. જયંતીભાઈ લાકડાવાલા યુવાસંઘના પ્રમુખ રહી ચૂક્યા છે. જેની જેવી લાયકાત હોય, તે પ્રમાણે તેમને હોદ્દો મળે છે. આમે સતપંથીઓને પૂરા માન સન્માનથી સ્વીકારીએ છીએ.

2.51.ત્યારે વસંત ધોળુએ હાલના ચુકાદા આવ્યા પછી જે સતપંથી લોકો સનાતનમાં આવેલ હતા, તેનો ફોટો બતાવી જાણકારી આપી. નખત્રાણાની બોર્ડીંગમાં સમાજના અગ્રણીઓ વચ્ચે સંપૂર્ણ માન સન્માન ભેર સતપંથીઓને અમો સ્વીકારેલ છે. એટલે અમોને સતપંથીઓને સ્વીકારવાનું સૂચન આપવાની જરૂર નથી. કારણ કે અમો આવું કરતાજ આવ્યા છીએ અને કરતા રહીશું. પણ શરત એટલીજ કે સતપંથને સદાય માટે છોડીને આવે તો.

2.52.જયંતીભાઈ કાલરીયાએ વાતની નોંધ લીધી અને કહ્યું કે કોર્ટ કેસ પાછા ખેંચાવીએ અને તેવીજ રીતે ધીરે ધીરે સતપંથીઓ સાથે લગ્ન સંબંધો કે જેના પર રોક છે, તેને પાછા શરુ કરીએ. એવી રીતે વ્યક્તિગત કેસો કે અન્ય સંસ્થાઓ ઉપર થયેલ કેસોને પાછા ખેંચાવડાવીએ.

2.53. વ્યક્તિગત લગ્ન સંબંધો એટલે કે બેટી વ્યવહાર શરુ કરવાનું સાંભળી સનાતની ટીમ ચોંકી ગઈ. સનાતનીઓ માટે આ સતપંથવાળાની ચાલ હતી. એક વખત યેન કેન પ્રકારે બેટી વ્યવહાર ચાલુ થઇ જાય, તો તેમનું ગાડું ચાલવા લાગે. સનાતનીઓનો અનુભવ છે કે સતપંથનું એક વખત કામ પૂરું થઇ જશે તો એ લોકો કોઈને ઓળખશે પણ નહિ. આ વાત સનાતનીઓ માટે ઘાતક છે. જયંતીભાઈ કાલરીયાના આ વિચારને અહીંજ રોકવાની જરૂર હતી.

2.54. માટે ચંદ્રકાંતભાઈ પોતાની જગ્યાપર ઊભા થઇ ગયા. અને મજબૂત રજૂઆત કરવાનું શરુ કર્યું. શરૂઆત કરી કેસરા પરમેશ્વરાથી. કહ્યું કે કેસરા પરમેશ્વરાએ ભલે સુધારાની શરૂઆત કરી હતી, પણ માત્ર થોડાજ એટલે ૫-૭ ગામો સિવાય તેમને કંઈ વિશેષ સફળતા મળેલ નહોતી. જ્ઞાતિ ઉપર સતપંથની પકડ કેશરા બાપા તોડી શક્યા નહોતા. ત્યાર બાદ લગભગ આજથી ૧૦૦ વર્ષ પહેલાં નારાયણ રામજી લીંબાણીએ લોકોને જાગૃત કર્યા. નારાયણ રામજી લીંબાણીએ એક પુસ્તક લખ્યું "પીરાણા સતપંથની પોલ". જેનાથી દુનિયાની સામે સતપંથની છૂપી ઓળખ ખુલ્લી થઇ. તેમજ સતપંથની છૂપી ધાર્મિક વિધિઓ અને ક્રિયાઓ ખુલ્લી કરી. સતપંથ ઉપર પહેલી વાર પદ્ધતિ સર સંશોધન કરનાર રસિયાના વ્લાદમીર ઈવાનોવએ આ વાતનો ઉલ્લેખ તેમના પુસ્તકમાં કરેલ છે. તેઓએ જણાવેલ છે કે સતપંથનું સંપૂર્ણ છુપાયેલું સત્ય દુનિયા સામે ખુલ્લું કરનાર અગર પહેલું પુસ્તક કોઈ હોય તો એ પીરાણા સતપંથની પોલ છે. એ પુસ્તક વાંચશો તો તમને ખબર પડશે કે કેવી રીતે અમારા વડીલોને સતપંથના પ્રચારકોએ હિંદુ ધર્મના નામે બેવકૂફ બનાવેલ છે. પણ ત્યાર બાદ નારાયણ રામજી લીંબાણીને પણ સફળતા ન મળી. કારણકે જે-જે ભાઈઓ સતપંથને ત્યાગતા, તેમને સતપંથીઓ જ્ઞાત બહાર તરતજ મૂકી દેતા. તેમનું અને તેમના પરિવારનું જીવન એટલું કઠણ કરી દેવામાં આવતું કે ગામના કૂવાઓમાંથી પાણી પણ ભરી ન શકતા. શરૂઆતના સનાતનીઓએ ગાડાંઓ નીચે રહીને દિવસો કાઢ્યા છે. પરિવાર અને સગાસંબંધીઓને પણ એટલો ત્રાસ આપવામાં આવતો કે સનાતની બનેલો માણસ છેલ્લે કંટાળીને સતપંથમાં પાછો ચાલ્યો જાય. આવી પરિસ્થિતિમાં વડીલ રતનશી ખીમજી ખેતાણી અને સંત શ્રી ઓધવરામ મહારાજ આવ્યા અને આજના સનાતન સમાજને ઊભો કર્યો છે. સતપંથના પ્રહારો સામે ટકી રહેવાનો યુક્તિ પૂર્વકનો સાચો રસ્તો બતાવ્યો. રતનશી બાપા એજ છે, જે અહીં બેઠેલા હિંમતભાઈના પિતાજી છે. સંત ઓધવરામ મહારાજ અને રતનશીબાપાની ટીમે સંપૂર્ણ જ્ઞાતિને સનાતની બનાવી. તેમને વાંઢાય ખાતેનું ઉમિયા માતાજીનું કચ્છનું પહેલું મંદિર બનાવ્યું. ગામો ગામ લક્ષ્મીનારાયણ મંદિર બંધાવ્યા. લોકોએ સતપંથના ખાનાઓને લક્ષ્મીનારાયણ મંદિરમાં ફેરવી નાખ્યા. વર્ષ ૧૯૩૭-૩૮માં હાલની કેન્દ્રીય સમાજની રચના કરી. સનાતનીઓની આ પહેલો સમાજ હતો. એ સમયમાં પણ પદ્ધતિ સર બંધારણ પ્રમાણે સમાજ ઊભો કરેલ અને એ પ્રમાણે ચલવવામાં આવતી હતી. આ સમાજને વર્ષ ૧૯૬૦માં કાયદા પ્રમાણે રજિસ્ટર કરવામાં આવી. એક સમયે સતપંથ ધર્મ નામક, મુસલમાન ધર્મમાં ફસાયેલા લોકો દ્વારા સનાતન ધર્મના પ્રચાર પ્રસાર અને હિત રક્ષણ માટે મહા પરિશ્રમે સનાતન સમાજ ઊભો કરેલ છે, તેની કદર કરવી જોઈએ.

2.55. આવા ભગીરથ કામોના કારણે સતપંથનો મોટો પ્રવાહ સનાતન સમાજમાં ભળતો ગયો. અમારો સમાજ ખૂબ મજબૂત થતો ગયો. સતપંથની સંખ્યા દિવસે દિવસ ઘટતી ગઈ. પીરાણાની સંસ્થા ઉપર દેવું થઇ ગયું. અમારી જ્ઞાતિમાં કોઈ પીરાણા જવા તૈયાર નહોતું. આવું લગભગ ૧૯૮૫ સુધી ચાલ્યું. ત્યારે કરસન કાકા ગાદી પર આવ્યા. અને ઇસ્લામી તાકિયાના પ્રયોગથી સતપંથનું બાહ્ય હિંદુ કરણ કર્યું.

2.56. ૧૯૮૫માં પીરાણા સતપંથના ગાદીપતિ જેણે બંધારણ પ્રમાણે કાકા કહેવામાં આવે છે, એ હતા શ્રી શવજી કાકા. જે પ્રેમજીભાઈ કેશરાણીના ગામ નાના-અંગિયાના હતા. પ્રેમજીભાઈ સામે હાથથી ઈશારો કરીને કહ્યું. તે સમય સતપંથના ધર્મ ગુરુ સૈય્યદ શમશુદ્દીન અહમદ અલી ખાકી હતા. આજે પણ સતપંથના ધર્મ ગુરુ સૈય્યદ સમાજથીજ છે. આજે શામ્શુદ્ધીનના દીકરા સલ્લાહુદ્દીન ખાકી તેમના ધર્મ ગુરુ છે. પણ છેલ્લા અમુક દાયકાઓથી આ વાત જાહેરમાં કહેવામાં આવતી નથી. તેમની રજા વગર પીરાણામાં કંઈ ન થાય. શમશુદ્દીન ખાકીની દસોન્દની આવક ઓછી થઇ હોવાના કારણે ૧૯૮૫ની આસપાસ તેમને પીરાણામાં એક બેઠક બોલાવી.

2.57.આ અંગેની બેઠકમાં શવજી કાકાએ કહ્યું કે અમારી જ્ઞાતિ એટલે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને ખબર પડી ગઈ છે કે સતપંથ ધર્મ એ મુસ્લિમ ધર્મ છે, જેના કારણે સતપંથને કોઈ સ્વીકારવા તૈયાર નથી. લોકો આવતા નથી એટલે કોઈ દાન આપતું નથી. પણ કોઈ રસ્તો કાઢવો જરૂરી હતું. ત્યારે ત્યાં હાજર લોકોએ કહ્યું કે આપ અમારા ધર્મ ગુરુ છો, માટે આપજ આનો રસ્તો કાઢો. ત્યારે શમશુદ્દીન અહમદ અલી ખાકીએ કહ્યું કે સતપંથને લોકો મુસલમાન સમજીને નથી આવતા, તો પછી જે મારા પૂર્વજ એટલે ઈમામશાહ બાવાએ જે કરેલ છે તે કામને તમે વધુ જોરથી કરો. તો ઈમામશાહએ શું કરેલ? સૈય્યદ ઈમામશાહ બાવા અને તેમના દાદા પીર સદ્દીન દ્વારા જે રીતે સતપંથનું હિંદુ કરણ કરેલ હતું, તે વધુ જોરથી કરવામાં આવે, એવું સૂચન આવ્યું. સ્વાભાવિક છે કે આ અંગે પ્રત્યક્ષ દસ્તાવેજી પુરાવાઓ ન હોય. પણ ત્યાર પછી બનેલ ઘટનાઓના સંદર્ભમાં જોશો, તો લોકો દ્વારા મોઢે કહેવામાં આવતી આ વાત તમને સાચી લાગશે. અમુક સંશોધનકારો દ્વારા પણ આ અંગે ઉલ્લેખ કરેલ છે.

2.58.પણ શવજી કાકા આ વાતથી સહમત ન થયા. તેમનું કહેવું હતું કે સતપંથના કલમાઓમાંથી ઇસ્લામી તત્ત્વ નીકળી જાય તો સતપંથમાં શું બચે? કંઈ નહિ. બેઠક ત્યાં નિષ્ફળ ગઈ. પણ એ બેઠકમાં બેઠેલા એક ભાઈએ બીજા દિવસે સૈય્યદને મળીને રજા લીધી કે હું આ કામ પૂરું કરી આપીશ. તે પ્રમાણ તેઓ શવજી કાકાને મળ્યા. એક બાજુ રાજીનામું આપવા માટે કાગળ અને પેન રાખી અને બીજી બાજુ બંદૂક રાખી, એવી વાતો સાંભળવા મળેલ છે. સ્વાભાવિક છે શવજી કાકાએ પોતાનું રાજીનામું આપી દીધું.

2.59.આમતો પીરાણાનું બંધારણ અને પરંપરા પ્રમાણે હમેશાં કાકા આજીવન માટે હોય છે. જ્યાં સુધી કાકાનું મૃત્યુ ન થાય અથવા તો તેઓ રાજીનામું ન આપે, ત્યાં સુધી તેઓ ગાદી પર બેઠા હોય છે. શવજી કાકાને વચ્ચેથી રાજીનામું આપવું પડ્યું. એક ફ્રેંચ (French) પુસ્તકમાં લખ્યું છે કે શવજી કાકાના રાજીનામાં પછી શંકાસ્પદ રીતે શવજી કાકાનું મૃત્યુ થયેલ છે. મોઢાની જાણકારી પ્રમાણે તેમનું ખૂન થયેલ છે, પણ કોઈ પાકા સબૂત મળેલ નથી.

2.60.શવજી કાકાના મૃત્યુ પછી, કરસન કાકાને ગાદી પર બેસાડવામાં આવ્યા. સતપંથના બંધારણ પ્રમાણે કાકાની જગ્યા ખાલી થાય ત્યારે પેટા કાકાઓમાંથી કોઈ એકને ગાદી પર બેસાડવામાં આવે છે. તેને બેડીઓ પહેરાવાની વિધિ કરવામાં આવે છે. અમુક પગલાં ભરતાં જ જો પગની બેડી ખૂલી જાય, તો ઈમામશાહની રજા છે, તેવું માનવામાં આવે છે. ત્યાર બાદ મુસલમાન સૈય્યદોના હાથે તેમની ધાર્મિક વિધિ કરાવ્યા બાદ તેમને ગાદી પર બેસાડવામાં આવે છે. અટકળ એવી છે કે તેમનું સુન્નત કરવામાં આવે છે, પણ પાકા દસ્તાવેજી પુરાવા નથી. પણ ઈસ્લામી નામકરણ થાય છે. એ પ્રમાણે કરસન કાકાનું સતપંથી નામ પીર કરીમ રાખવામાં આવ્યું હતું.

2.61.મુદ્દો એ છે કે શિવજી કાકાનું રાજીનામું લઇને કરસન કાકાને ગાદી પર કેમ બેસાડ્યા? સંશોધનકારો જણાવે છે કે કરસન કાકા ખાસ મુરીદ (શિષ્ય) હતા પીરાણાના આદ્ય ગુરુ સૈય્યદ શમશુદ્દીન અહમદ અલી ખાકીના. કરસન કાકાને ગાદી ઉપર બેસાડી તેમનું મુસલમાની નામ પીર કરીમ રાખવામાં આવ્યું. સ્વભાવે સામેવાળા ઉપર હાવિ થઇ જવાની તેમની વૃત્તિ હતી જેના કારણે કોઈ તેમની સામે બોલી ન શકતું. આવા માણસને સીધા કાકા બનાવી દીધા. બેડીઓ પહેરાવી અને સૈય્યદોના હાથે વિધિ કરાવી નાખી.

2.62.હવે કરસન કાકા ગાદી ઉપર આવ્યા એટલે તેમને સતપંથનો બાહ્ય દેખાવને બદલવાનું શરુ કર્યું. તેમને સૌપ્રથમ સતપંથના શાસ્ત્રોમાં ફેરફાર કર્યો. તેમના શાસ્ત્રોમાં જ્યાં-જ્યાં અરબી અને ઇસ્લામી શબ્દો હતા, ત્યાં તેમની જગ્યાએ ગુજરાતી, હિન્દી કે ભારતીય સમાનાર્થી શબ્દો મૂકી દીધા. બદલેલા પુસ્તકોને જોવાથી પહેલી નજરે એવું લાગશે કે આ પુસ્તકો હિંદુ ધર્મના જ છે. સતપંથના આરાધ્ય દેવ, હઝરત મૌલા અલીનું નામ બદલીને નિષ્કલંકી નારાયણ રાખીને કેવું સરસ હિંદુ દેવ જેવું ગોઠવી નાખ્યું. અમારા વડીલો પણ આવી છેતરામણીમાં ફસાઈ ગયા હતા.

2.63.નિષ્કલંકી નારાયણ હકીકતમાં કોણ છે? સતપંથના આરાધ્ય દેવનું સાચું નામ હઝરત મૌલા અલી છે. જે મુહંમદ પૈગંબરના જમાઈ છે અને શિયા મુસલમાનોના સર્વોચ્ચ દેવ છે. બધાજ શિયાઓ હઝરત મૌલા અલીને માને છે. બ્રિટીશ સરકારના વર્ષ ૧૮૯૯ના ગઝેટીઅરમાં સતપંથની આ પોલ ખુલ્લી થયેલ છે. સતપંથમાં એવી ગોઠવણ કરવામાં આવી છે કે **"બાહ્ય"** હિંદુ રૂપ રાખીને, (બાહ્ય શબ્દને ખાસ ધ્યાનમાં રાખજો) અંદરથી ઇસ્લામનો સંદેશ આપવામાં આવ્યો છે. કેવી રીતે હિંદુ દેવી દેવતાઓ જેવા કે રામ, કૃષ્ણ વગેરેના મોઢે ઇસ્લામનો સંદેશ આપેલ છે, તે બધુંજ આ ગઝેટીઅરમાં જણાવેલ છે. ઘણા અન્ય ગઝેટીઅરોમાં પણ આવી વાતો લખી છે. ગઝેટીઅરમાં જણાવેલ છે કે હઝરત મૌલા અલીને હિંદુઓમાં સ્વીકાર્ય બનાવવા માટે તેમને ભારતીય નામ એટલે કે હિંદુ નામ આપવામાં આવ્યું છે, જે નિષ્કલંકી નારાયણ છે. કેવું ભ્રામક નામ છે! ઈમામશાહનાં પત્નીને આદ્ય શક્તિ કહેવામાં આવી છે, જ્યારે વાસ્તવમાં તેમના શાસ્ત્રોમાં તેમનું નામ ફાતિમા બીબી છે.

2.64.પુસ્તકો સિવાય, કરસન કાકાએ હિંદુ સાધુ સંમેલનો આયોજિત કર્યા. વી.એચ.પી (VHP), અર.એસ.એસ. (RSS), ભાજપ (BJP) જેવી હિંદુ સંગઠનો દ્વારા કહેડાવ્યું કે સતપંથ હિંદુ ધર્મ છે. આના કારણે આમરા સમાજમાં બહુ ખોટી અસર પડી. લોકોમાં એવો સંદેશો ગયો કે સતપંથ હિંદુ ધર્મ છે. **આવા પ્રચારના કારણે મુસલામની સતપંથ ધર્મ છોડીને સનાતની બની ચૂકેલા લોકો પાછા સતપંથમાં જવા લાગ્યા.** સનાતન સમાજવાળા વિરોધ કરતા, તો અમને કહેવામાં આવતું કે તમે સાચા કે આ સાધુઓ અને હિંદુ સંગઠનોવાળા સાચા. સાધુ સંતો ખોટું ન બોલો. માટે કોઈ પણ અમારી વાત સાંભળતું નહોતું. આમાં સાધુઓનો કોઈ વાંક નથી. કારણ કે સુધારેલ સતપંથના શાસ્ત્રો તેમની સામે મૂકવામાં આવતા. ઊંડાણ પૂર્વક કોઈએ અભ્યાસ કર્યો નહિ. બીજી બાજુ તેમને એમ કહેવામાં આવતું કે પીરાણામાં જતા લોકોને મુસલમાન થવાથી રોકીને તેમને હિંદુ કરવામાં આવે છે. એટલે હિંદુ સાધુઓ અને સગંઠનોના લોકો સતપંથને સહયોગ કરી બેઠા. **આવી રીતે હિંદુ સંગઠનો સાથે આજે પણ છેતરામણી થઇ રહ્યો છે.** વિટંબણા એ છે કે આ લોકોને ખબર પણ નથી અને ખુશી ખુશી સામે ચાલીને છેતરાઈ રહ્યા છે.

2.65.આ બધું ચાલતું હતું ત્યારે બીજી બાજુ અમો સતપંથીઓને સાચા હૃદયથી સ્વીકારતા ગયા. જેમ તમે, જેરામભાઈ અને જયંતીભાઈ સામે જોઈને કહ્યું, જે પ્રમાણે આજની મિટિંગની શરૂઆતમાં અગાઉ કહેતા હતા કે, હિંદુ ધર્મ ગુરુઓએ જે મુસલમાન પાછા હિંદુ બનવા માંગતા હતા તે લોકોને સ્વીકાર્યા નહિ, તે મોટી ભૂલ હતી, તે ભૂલ અમારા સમાજમાં ન થાય, તે માટે આવનાર બધાજ સતપંથીઓને અમો ખુલ્લા મનથી સ્વીકારતા ગયા. કોઈ પણ જાતની શંકા કુશંકા ન કરી. અમોને એવું લાગતું હતું કે ધીરે-ધીરે તે લોકો સંપૂર્ણ રીતે હિંદુ બની જશે. પણ આવું ન થયું. અમારા સાથે દગો થયો. પરિણામ શું મળ્યું?

2.66.શું થયું અમારી સાથે? સતપંથી ભાઈઓને સમાજમાં અમોએ સભ્ય બનાવ્યા. તે લોકો ધીરે ધીરે સભ્ય બનતા ગયા અને હોદ્દા પર પણ આવ્યા. તે લોકોને હિંદુ ઓળખ મળી ગઈ અને હિંદુ ઓળખના દમ ઉપર પોતાનું ઇસ્લામી અસ્તિત્વ ટકાવી રાખું. અન્ય હિંદુ સમાજોમાં તે લોકો હિંદુ તરીકે સ્વીકાર્ય થઇ ગયા. કોઈએ તેમના પર શંકા ન કરી. અમુક લોકો અમારી ઉચ્ચ સંસ્થામાં મંત્રી પણ બની ગયા. અમોએ કોઈ શંકા ન કરી. સત્તા પર આવ્યા બાદ સનાતની કાર્યક્રમોને અટકાવવા લાગ્યા. સતપંથ તરફી કાર્યક્રમ હોય સુખરૂપે બધું સારું થાય. પરિસ્થિતિ એટલી વિકટ થઇ ગઈ હતી કે અમો અમારી સમાજમાં સનાતન ધર્મની જય પણ બોલાવી નહોતા શકતા. કોઈ સનાતન ધર્મની જય બોલાવે તો તરતજ સતપંથની જય, ઈમામશાહ બાવાની જય, નિષ્કલંકી નારાયણની જય બોલાવાતી. સનાતની લોકો આ વાતને કેવી રીતે સહન કરી શકે. સનાતનીઓની દૃષ્ટિએ ખૂબ ખરાબ પરિસ્થિતિ હતી.

2.67.આવી પરિસ્થિતિમાં તા. ૦૭-ઓગસ્ટ-૨૦૦૯ના અહીં બેઠેલા હિંમતભાઈએ ઐતિહાસિક ભાષણ કરીને સમાજની સનાતન ધર્મની જ્યોતનું રક્ષણ કર્યું. સમાજનો દરેક સભ્ય જાગૃત થયો. અમે લોકોએ સતપંથ વિષે અભ્યાસ કરવાનું શરુ કર્યું. આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત ચારે શંકરાચાર્યોએ (કોઈ ડુપ્લીકેટ – Duplicate શંકરાચાર્ય નહીં)

સતપંથને મુસ્લિમ હોવાનું પ્રમાણ પત્ર આપ્યું. ગઝેટીઅરોનો અભ્યાસ કર્યો, કોર્ટના કેસો જોયા, યુનિવર્સિટીમાં થયેલ રીસર્ચના દસ્તાવેજો જોયા. દેશ-વિદેશના સંશોધનકારોનો પુસ્તકો વાંચ્યા. બગડતી પરિસ્થિતિ કાબૂમાં લાવવા માટે અમોએ અસંખ્ય પગલાઓ ભર્યાં.

2.68.ત્યારે જેરામભાઈ અને જયંતીભાઈ કાલરીયા સામે જોઇને સવાલ કર્યો કે તમે વિચાર કર્યો છે કે સતપંથવાળા તમારા પાસે કેમ આવ્યા છે? કોઈને દાદ ન આપનાર લોકો આજે ઊંઝા સામે શા માટે આવ્યા છે? વાત આગળ ચાલવાથી પહેલાં જેરામભાઈની અંદરની આગ ભડકા રૂપી બહાર આવી ગઈ. તેમનું ધારેલું કામ ન થતા જોઇને તેઓ પોતાના પર કાબૂ ન રાખી શક્યા.

2.69.અપમાન જનક શૈલીમાં તેઓ બોલ્યા કે અમને બધી ખબર છે. સતપંથવાળા તમારા કારણે નથી આવ્યા. સતપંથવાળા મારા પાસે ૧૫ વખત આવ્યા છે. પોતાના મેળે આવેલ છે. પરિસ્થિતિને ઠંડી પાડવા ચંદ્રકાંતભાઈએ કહ્યું કે વાત એ નથી કે મારા લીધે સતપંથવાળા તમારી પાસે આવ્યા છે કે નહિ. વાત કંઇક જુદી છે. પણ જેરામભાઈ કાબૂમાં ન આવ્યા. એ બોલ્યા અમારે તમારી કોઈ વાત સાંભળવી નથી. અમને બધી ખબર છે. ચંદ્રકાંતભાઈએ કહ્યું કે ભાઈ આ વાત જુદી છે, તમે સમજો છો એ વાત નથી, હું જુદી વાત કરવાનો છું. તો તેમ વધુ જોર-જોરથી જેરામભાઈ બોલવા લાગ્યા. અમારે કોઈ વાત સાંભળવી નથી. તમારી બધી વાત સાંભળેલ છે. ત્યારે ચંદ્રકાંતભાઈએ કહ્યું કે જ્યારે અમે તા. ૧૩-માર્ચ-૨૦૧૬ના ઊંઝામાં સતપંથ વિષય ઉપર પાવરપોઈન્ટ પ્રેસેન્ટેશન (PPT Presentation) મારફતે રજૂઆત કરી હતી, ત્યારે તમે નહોતા. તો પછી તમે કેમ કહો છો કે તમે અમારી બધી વાત સાંભળેલી છે? જેરામભાઈને વધારે ગુસ્સો આવ્યો અને બોલ્યા કે શું એકલા તેજ (ચંદ્રકાંતભાઈએજ) અભ્યાસ કર્યો છે, અમે કંઈ અભ્યાસ નહિ કર્યો હોય? ત્યારે ચંદ્રકાંતભાઈએ જયંતીભાઈ કાલરીયાએ વિનંતી કરી કે જેરામભાઈને સમજાવોને. વસંત ધોળુ, પ્રેમજીભાઈ કેશરાણી, ડો સેંઘાણી વગેરે પણ ચંદ્રકાંતભાઈને સાથ આપ્યો. જયંતીભાઈએ મને કહ્યું કે ટૂંકમાં કહી દો. પ્રહ્લાદભાઈ મહેસાણાવાળાએ પણ કહ્યું કે ટૂંકમાં કહી દો.

> **નોંધ:** સનાતનીઓના દૃષ્ટિથી તેમના પર હાવી થઇ જઈ, તમના મજબૂત મુદ્દાઓ રજૂ ન કરવા દેવાની ચાલ હતી. મિટિંગનો રુખ વિરોધીઓ તરફી બદલી ન જાય, એ માટે, બરાબર સમય આવે એટલે એવો માહોલ ઊભો કરવો કે શ્રોતાઓ મુદ્દો સમજે અને મગજમાં ઉતારે તે પહેલાં ભટકાઈ જાય અને તેમના મગજમાં બીજીજ વાતો ઘુસાડી દેવી. જેથી મુખ્ય મુદ્દો ટળી જાય.

2.70.ત્યાર બાદ ચંદ્રકાંતભાઈ વાત આગળ વધારતા કહ્યું કે સતપંથીઓ સાથે રોટી-બેટીનો વ્યવહાર રાખીને તેમને જેટલા સનાતનમાં લાવી શકતા હતા એ લાવી ચૂક્યા છીએ. તમે કદાચ આજ આ વાત કરો છો, અમારા વડીલોએ આ રસ્તો કેટલાય દાયકાઓ (decades) પહેલાં અજમાવી ચૂક્યા છે. પણ આ રસ્તાનો હવે સતપંથીઓ દુરુપયોગ કરી રહ્યા છે. સનાતનીઓ સાથેના સંબંધોના દમ પર પોતે હિંદુ છે એવું ઓળખ ઊભી કરી, સનાતની બની ચૂકેલા લોકોને પાછા સતપંથ તરફ આકર્ષવા. જેના કારણે હાલની સતપંથ સમસ્યા નિર્માણ થઇ છે.

2.71.અમોએ સતપંથની સમસ્યા પર કાબૂ લાવવા માટે એવું નક્કી કર્યું છે કે સતપંથ સાથે રોટી-બેટીના વ્યવહારો બંધ કરી દેવા. આના કારણે તેઓની હિંદુ ઓળખ ખતરામાં આવી ગઈ છે. બીજી બાજુ સતપથવાળા લઘુમતીમાં છે. તે લોકોનો બેટી વ્યવહારમાં અટકી રહ્યા છે. માટે અત્યારે સતપંથીઓ આપણી સામે જો આવ્યા હોય, તો હિંદુ બનવાના રસ્તા શોધવા માટે નથી, પણ સતપંથમાં રહીને પોતાનું અસ્તિત્વ ટકવી રાખવાના રસ્તા શોધવા માટેજ આવ્યા છે. સતપંથ સાથે સામાજિક સંબંધ ન રાખવા એ અમારું બહુ મોટું હથિયાર છે. તેને નબળું ન પાડતા. માટે અત્યારે તેમની સાથે સંબંધો જોડવાની કોઈ ભલામણ ન કરશો એવી ભારપૂર્વક વિનંતી કરીએ છીએ. આવું થશે તો આખ્ખો સનાતની સમાજ તૂટી પડશે. જવાબમાં જયંતીભાઈ કાલરીયાએ કહ્યું કે તમારી વાત હું ખૂબ સારી રીતે સમજી ગયો છું.

2.72.ત્યારે જેરામભાઈ પોતાનો કાબૂ ખોઈ બેઠા. અને ચંદ્રકાંતભાઈને ખૂબ અપમાનજનક ભાષામાં કહ્યું અમારે કોઈની વાત સાંભળવી નથી. તું બીજી વખત મિટિંગમાં આવતો નહીં. ગરમા ગરમીનીએ ઘડીમાં ચંદ્રકાંતભાઈને મનમાં એક વખત થયું કે હમણાંજ કહી દઉં કે તમારે ન આવવું હોય તો ન આવતા, પણ હું તો આવીશ જ, તમે મને રોકી નહિ શકો. પણ ઉમિયા માતાજીની કૃપાથી ચંદ્રકાંતભાઈએ માનસિક સંયમ ન છોડ્યો. તેઓને જેરામભાઈને કડક અને મક્કમ તેમજ મોટા અવાજમાં કહ્યું કે “તમારી આ વાત ખોટી છે, તમે આ બોલો છો તે યોગ્ય નથી”. આટલું કહ્યું એટલે અબજીભાઈ, હંસરાજભાઈ, પ્રેમજીભાઈ, વસંતભાઈ, ડો શાંતિભાઈ અને બીજા સનાતની ભાઈઓ ઉપડી પડ્યા. ચંદ્રકાંતભાઈ પોતાની જગ્યા પર બેસી ગયા. ઊંઝાના વડીલો અને જયંતીભાઈ કાલરીયાએ પણ ચંદ્રકાંતભાઈને ટેકો આપ્યો.

2.73.વાત આગળ વધારતાં ચંદ્રકાંતભાઈએ કહ્યું કે અમોએ સતપંથ સાથે થયેલ સંબંધો તોડવાની કોઈ ભલામણ કરેલ નથી. માત્ર નવા સંબંધો ન બાંધવા એવી વાત છે. જે સાંભળીને જયંતીભાઈ કાલરીયાએ કહ્યું કે નવા સંબંધો બાંધવા ન બાંધવા એ વ્યક્તિગત વિષય છે. તેના પર સમાજ કંઈ ન કહી શકે. અબજીભાઈએ કહ્યું કે અમારી ભલામણ પ્રમાણે સતપંથ સાથે થયેલ જૂના સંબંધો વિવેક બુદ્ધિથી ટકાવી રાખવા એવું છે. સંબંધ તોડવાની કોઈ વાત છે જ નથી. જેની નોંધ જયંતીભાઈ કાલરીયાએ લીધી.

2.74.ત્યાર બાદ ઊંઝાના હાલના પ્રમુખ શ્રી પ્રહ્લાદભાઈ કામેશ્વર – અમદાવાદવાળા અને સુરેશ એન્જિનિયરે એવી રજૂઆત કરી કે સમાજ અને સંપ્રદાય અલગ રાખો. ત્યારે પ્રેમજીભાઈએ કહ્યું કે સમાજ અને સંપ્રદાય અલગ છે. અહીં પ્રશ્ન સમાજ અને ધર્મનો છે. હિંદુ સંપ્રદાયવાળા બધાજ સનાતનીઓ સમાજમાં છેજ. કોઈની સાથે ઝગડો નથી, માત્ર સતપંથ સાથે જ કેમ ઝગડો છે? કારણ સતપંથ મુસલમાન ધર્મ છે, હિંદુ ધર્મનો સંપ્રદાય નથી. સમાજ અને ધર્મ જુદા ન રહી શકે. ઊંઝાની સમાજ અને હિંદુ ધર્મ જુદા કરી શકો ખરા? ના. તેવીજ રીતે કચ્છ કડવા પાટીદાર સમાજ અને સનાતન ધર્મ જુદા ન કરી શકાય.

2.75.બીજી બાજુ જેરામભાઈએ પોતાની અસંતોષી વાણી ચાલુજ રાખી હતી. બેઠકનું વાતાવરણ બગાડે નહિ એટલે અમોને વિનંતી કરી કે આપ બહાર બેસો. ત્યાર બાદ સતપંથીઓને બોલાવ્યા. તે પહેલાં જયંતીભાઈ કાલરીયાએ ચંદ્રકાંતભાઈને બોલાવીને કહ્યું કે હું તમારી વાત સમજી ગયો છું. પછી તેમણે પ્રશ્ન કર્યો કે શું પીરાણામાં મુસલમાનો સાથેનું મૂળ ટ્રસ્ટ જુદું પડીને સતપંથીઓએ અલગ ટ્રસ્ટ ઊભું કર્યું છે? ત્યારે ચંદ્રકાંતભાઈએ કહ્યું કે કયું અલગ ટ્રસ્ટ? તેમનાં તો ઘણા ટ્રસ્ટો છે. જયંતીભાઈએ કહ્યું કે મેં તે જગ્યા જોઈ નથી પણ સતપંથીઓ કહે છે કે તે લોકો એ અલગ ટ્રસ્ટ કરેલ છે. શું તે સાચું છે? ચંદ્રકાંતભાઈએ કહ્યું ક વાત થોડી સાચી છે, પણ તમને પૂરી વાત સમજાવી પડશે. એટલે તેમને કહ્યું કે તમે મને ફોન કરજો.

2.76.ત્યાર બાદ સતપંથીઓ બેઠકના રૂમમાં આવી ગયા એટલે સનાતનીઓ બહાર નીકળી ગયા. આમ સનાતનીઓ માટે આ મિટિંગ પૂરી થઇ.

2.77.સતપંથ વાળાઓની બેઠકમાં શું વાત થઇ તેની જાણ અમોને કરવામાં આવેલ નથી. પણ પંચો સાથે થયેલ વાતચીત મારફતે જે જાણ અમોને થઈ, તે જણાવેલ છે.

2.78.**<u>તા.૦૯-જાન્યુઆરી-૨૦૧૮ ના જયંતીભાઈ કાલરીયાનો પ્રેમજીભાઈ કેશરાણી ઉપર આવેલ ફોન</u>**

1) જયંતીભાઈ કાલરીયાએ પ્રેમજીભાઈ કેશરાણીને તા. ૦૯-જાન્યુઆરી-૨૦૧૮ના ફોન કરેલ હતો. તેમાં તેઓએ જેરામભાઈ દ્વારા કરેલ પંચ તરીકે એકતરફી વર્તનનું ખંડન કરેલ હતું. તેઓએ જણાવેલ કે અન્ય સમિતિના સભ્યોએ પણ જેરામભાઈને ઠપકો પણ આપેલ છે. અને કહ્યું કે સનાતનીઓ એકદમ સાચા

રસ્તા પર છો. સનાતની ટીમની રજૂઆત ખૂબજ સારી હતી. પોઈન્ટ ટુ પોઈન્ટ હતી, મુદ્દાઓ ખૂબ સારી રીતે સમજાવ્યા. અમારા મનમાં કંઇક બીજું હતું હવે સાચી વાત સમજમાં આવવા લાગી છે. ટૂંકમાં સનાતની ટીમની રજૂઆતની ખૂબ મોટી અસર જયંતીભાઈ કાલરીયા પર પડી હતી અને તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા.

2) તેવીજ રીતે થોડા દિવસો પછી દિલીપભાઈ નેતાજી અને મણીભાઈ મમીનો પણ ચંદ્રકાંતભાઈને ફોન આવેલ હતો, જેમાં જેરામભાઈના એક તરફી વ્યવહાર માટે સમસ્ત લવાદ પંચો દ્વારા ઠપકો આપવામાં આવેલ છે, એની જાણ દિલીપભાઈ અને મણીભાઈએ કરી.

૧૧ અમલીકરણ સમિતિની બીજી મિટિંગ

સ્થળ: ઉમિયા માતાજી સોલા કેમ્પસ, અમદાવાદ

<u>ખાસ નોંધ:</u> અમલીકરણ સમિતિની પહેલી મિટિંગનો અહેવાલ ખૂબ વિસ્તૃત રીતે આપવામાં આવેલ છેજ. ત્યાર બાદ પાછું બીજી મિટિંગનો અહેવાલ એજ લાંબા વિસ્તૃત રીતે આપવામાં આવે તો કદાચ વિષય નીરસ થઇ જઈ શકે એવી શક્યતા છે. આ લેખમાં એવું ન થાય અને વિષય પર વાંચનનો રસ ટકી રહે એ માટે આ મિટિંગનો અહેવાલ માત્ર ટૂંકમાં મુદ્દાસરજ લેવામાં આવેલ છે. અમલીકરણ સમિતિની ૧લી મિટિંગના રિપોર્ટને વિસ્તૃત રીતે આવરી લેવાનો જે હેતુ હતો, તે અહીં કરવાની જરૂર જણાતી નથી. ૧ લી મિટિંગનો અહેવાલ ન વાંચ્યો હોય, તો પહેલાં તેને વાંચવા ખાસ આગ્રહ ભરી વિનંતી છે, જેથી આ લેખનો હાર્દ જલદીથી સમજાય.

મિટિંગના હાઈલાઈટ્સ:

1. સતપંથ હિંદુ ધર્મ છે કે નહીં તે માટે સાધુઓનો અભિપ્રાય લેવાના બહાને, ઊંઝાના ચુકાદાને બદલવાની ચાલ.
2. નિષ્કલંકી નારાયણ એ માત્ર ભગવાનનું નામ છે, સતપંથીઓ માને તો કલ્કી અવતારને છે. આવી રીતે વાક્ચાતુર્ય વાપરીને નિષ્કલંકી નારાયણને માન્યતા અપાવવાની ચાલ.
3. ઈમામશાહને છોડવાથી મિલકત મુસલમાનના હાથમાં ચાલી જશે. તેવો ડર ઊભો કરી, એ ડરનો કોઈ ઉકેલ નથી એવો મેસેજ આપીને ઈમામશાહ સાથે જોડાણ ટકાવી રાખવાની ચાલ.
4. બીજી બાજુ કોર્ટ કેસો પાછા ખેંચવાની લાલચ આપીને તેના બદલામાં સનાતન સમાજમાં ઘૂસવાની ચાલ.
5. ટૂંકમાં પીરાણા, સતપંથ, ઈમામશાહ, નિષ્કલંકી નારાયણ છોડયા વગર સનાતન સમાજમાં ઘૂસવાની ચાલ.

<u>પૂર્વ તૈયારીમાં સનાતની ટીમ દ્વારા વિચારેલ મુદ્દાઓ:</u>

1. જયંતીભાઈ લાકડાવાળા અમલીકરણ સમિતિના સભ્ય ન હોવાના કારણે તેમને બેઠકમાં આમંત્રણ નહોતું. પણ કેન્દ્રીય સમાજ વતીથી કોર્ટ કેસ સંભાળવાની જવાબદારી તેમના શિરે છે. માટે તેમની જરૂર પડે ત્યારે બેઠકમાં હાજર કરાવી લેવાના અને તે અંગે ઊંઝાના આગેવાનો પાસેથી છૂટ લઇ લેવી.
2. સતપંથ તરફથી ગઈ અમલીકરણ સમિતિની બેઠકમાં બે વ્યક્તિઓ ૧. બી.કે. પટેલ અને ૨. સુરેશ વકીલ, એ મૂળ ૧૧-૧૧ જણની સમિતિના સભ્ય ન હોવાના કારણે અમલીકરણ સમિતિના સભ્ય રહી ન શકે. આ વાતનો વાંધો આપણે ઉપાડેલ હતો. આ મિટિંગમાં પાછા આ લોકો ન આવી જાય એનું ધ્યાન રાખવું.
3. કોર્ટ કેસ પાછા ખેંચવાના મુદ્દા ઉપર એક પણ પગલું સતપંથીઓએ ભરેલ નથી. ચુકાદા પ્રમાણે આ પહેલું કામ કરવાનું છે. માટે આ વાત ઉપર આપણે અડીખમ રહેવું.
4. ઊંઝાના ચુકાદાને સતપંથ સમાજ દ્વારા સ્વીકારેલ હોય એવી વાતની જાણકારી ક્યાંયથી પણ આવેલ નથી. એ લોકો ચુકાદાને પોતાના સમાજના સમાચાર પત્રિકામાં કેમ છાપતા નથી?
5. હવે પછી સતપંથીઓની શું રણનીતિ હોઈ શકે? ખાસ કરીને જ્યારે આપણને પૂરે પૂરી ખાતરી છે કે તે લોકો ઊંઝાનો ચુકાદો કોઈ કાળે માનશે નહિ.
6. અગર ઉમિયા માતાજી ઊંઝા આ કિસ્સામાં હાથ ઊંચા કરી નાખે તો? દાખલા તરીકે એમ કહે કે તમે તમારા પરિવારો (નુખ) ના સંગઠનમાં સાથે છો, માત્ર કેન્દ્રીય સમાજમાં વાંધો ઉપાડો છો. અથવાતો આવો કોઈ અન્ય મુદ્દો ઉપાડીને, વાંક સનાતનીઓનો કાઢીને, પોતાના હાથ ઊંચા કરી કેસમાંથી છટકી જાય તો શું કરવું?

7. ચુકાદામાં "સતપંથ" અને "સનાતન" શબ્દનો વપરાશ કરવો નહીં. તે પ્રમાણે આપણે સનાતન શબ્દની વાત કરવા ન આપે તો શું? જવાબ: ચુકાદાના પોઈન્ટ ૬માં લખ્યું છે કે સનાતન હિંદુ ધર્મમાં ભળી જવું.

હાજરી:

ઊંઝા તરફથી હાજર:

1. પ્રહ્લાદભાઈ કામેશ્વર (કાર્યકારી પ્રમુખ) – અમદાવાદ
2. મણીભાઈ મમી -ઊંઝા
3. દિલીપભાઈ નેતાજી – ઊંઝા
4. C K સાહેબ (વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન) – અમદાવાદ
5. જેરામભાઈ વાંસજાળિયા (મોરબી)
6. જયંતીભાઈ કાલરીયા (રાજકોટ)
7. પ્રહ્લાદભાઈ (મહેસાણા)
8. વસંત ચોક્સી (ઊંઝા)
9. M A પટેલ – (અ.ભા.કુર્મી ક્ષત્રિયા મહાસભા) – અમદાવાદ

હાજર સનાતનીઓ:

1. હંસરાજ ધોળુ – ભુજ
2. CA ચંદ્રકાંત છાભૈયા – મુંબઈ
3. Dr. શાંતિલાલ સેંઘાણી – નખત્રાણા
4. Dr. વસંત ધોળુ – તલોદ
5. પ્રેમજી કેશરાણી – મુંબઈ
6. જયંતી રામાણી / લાકડાવાળા – અમદાવાદ

હાજર સતપંથીઓ:

1. દેવજી કરસન ભાવાણી – મુંબઈ -પ્રમુખ સતપંથ સમાજ
2. Adv. સુરેશ વકીલ – અમદાવાદ
3. શાંતિભાઈ ચોપડા – મુંબઈ
4. મોહન કાનજી છાભૈયા – પીરાણા
5. મણીલાલ શામજી – વડાગામ

મિટિંગની કાર્યવાહી તા. ૦૬-જૂન-૨૦૧૮ (માત્ર મુદાસર અહેવાલ)

1. મિટિંગની શુરુઆત લગભગ ૧૧ વાગે, ઉમિયા માતાજી અમદાવાદ સોલા કેમ્પસમાં થઇ.
2. સતપંથ તરફથી સુરેશ વકીલ, જે અમલીકરણ સમિતિના અધિકૃત સભ્ય નથી, એ હજાર હતા. એટલે સનાતની ટીમે તેનો વાંધો લીધો. પણ વાતાવરણ ન બગડે એટલે પ્રેમજીભાઈએ મિટિંગ હોલથી બહાર જઈને દિલીપભાઈ નેતાજીને મોબાઈલ ઉપર ફોન કરીને વિરોધ નોંધાવેલ. દિલીપભાઈએ વિનંતી કરી કે આપણે સતપંથી લોકો પાસેથી કામ કાઢવું છે, એટલે આપણે આ મુદ્દો જતો કરીએ. જેણે સ્વીકારી લેવામાં આવી. દિલીપભાઈએ, બદલામાં સનાતનીઓ તરફથી જયંતીભાઈ લાકડાવાળાને બેઠકમાં હાજર રહેવા અનુમતિ આપી દીધી.

3. ત્યાર બાદ પહેલાં સતપંથવાળાઓને એકલામાં સાંભળવાનું નક્કી થયું. એટલે સનાતનીઓ પોતાના રૂમમાં થોડી વાર માટે બેઠા. સતપંથીઓ સાથે શું વાત થઇ, એ પ્રત્યક્ષ રીતે સનાતનીઓને ખબર નથી. પણ ઊંઝાના વડીલો દ્વારા સનાતનીઓને જે વાતો કરી એ યોગ્ય જગ્યા ઉપર આવરી લીધેલ છે.
4. લગભગ ૪૦ મિનિટ પછી સનાતનીઓને બોલાવવામાં આવ્યા અને સતપંથવાળાઓને તેમના રૂમમાં બેસવાનું કહેવામાં આવ્યું.
5. શુરુઆતમાંજ પંચો વાતીથી, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના સી.કે. સાહેબે પૂછ્યું કે બન્ને પક્ષને પૂછવામાં આવે કે શું તમારે ઉકેલ લાવવો છે? તેનાં જવાબમાં સનાતનીઓને હા પાડી.
6. ત્યાર બાદ પૂછ્યું કે આપણા સામે બે રસ્તાઓ છે. રૂપક ભાષા (metaphorical)માં કહ્યું કે, ગૂમડાને કાપી નાખવાનો રસ્તો છે અને બીજો છે ગૂમડાને મટાડીને સતપંથીઓને સાથે રાખવાનો.
7. પંચો વતીથી સી.કે.સાહેબે જણાવ્યું કે સતપંથવાળા કહે છે કે તેમને સતપંથમાંથી બહાર નીકળવું છે. પણ પીરાણાની મિલકતનો પ્રશ્ન છે. મિલકત મોટી છે અને મુસલમાનોના હાથમાં નથી આપવી. **ત્યારે સી.કે સાહેબે તેમને કહી દીધેલ કે પૈસા મહત્ત્વના નથી. ગમે તેટલો મોટો ભોગ આપવો પડે તો આપજો. પણ સતપંથમાંથી બહાર નીકળી જાઓ.**
8. પંચોએ જણાવ્યું કે સતપંથ વાળાઓ કોર્ટ કેસ પાછા ખેંચવા તૈયાર થયા છે.
9. કેસના વિગત અંગે ચર્ચા થઇ. તેમાં નીચે પ્રમાણેના કેન્દ્રીય સમાજ લેવલના કેસો છે, જે ધ્યાને આવ્યા.
   a. બંધારણ કેસ – હાઈ કોર્ટમાં
   b. માંડવી હોસ્ટેલ કેસ – હાઈ કોર્ટમાં
   c. ચેરિટીમાં ૩ કેસ
   d. ફોજદારી ૧ કેસ

   આમાં માંડવી હોસ્ટેલ કેસમાં હંસરાજભાઈ તરફથી રજૂઆત થઇ કે આ કેસ સતપંથ સાથે લાગે વળગે નહીં. આના માટે હંસરાજભાઈની આગેવાની હેઠળ એક લવાદ/પંચ બનેલ છે, જે ચુકાદો આપશે. માટે આ કેસને અમલીકરણ સમિતિ ધ્યાને નહિ લે, એવું નક્કી થયું.

10. પંચો તરફથી જયંતીભાઈ કાલરીયાએ વાત રજૂ કરી કે...
    સતપંથવાળાઓની રજૂઆત આ પ્રમાણે છે:
    a. **સતપંથીઓ તરફથી લેખિતમાં ચુકાદાને સ્વીકાર કરવા બાબત:** સતપંથવાળાઓ લેખિતમાં આપવા તૈયાર છે કે તેઓ ચુકાદાનું સંપૂર્ણ પણે પાલન કરવા તૈયાર છે. આ પત્રને ઊંઝાવાળા સમાચાર પત્રોમાં છપાવશે. પાટીદાર સંદેશ, પાટીદાર સૌરભ વગેરે વગેરે. સનાતન ધર્મ પત્રિકામાં પણ છાપવાનું રહેશે. સતપંથવાળાએ ફરિયાદ કરી કે સનાતન ધર્મ પત્રિકામાં સતપંથવાળાનું કંઈ છાપવામાં આવતું નથી. ત્યારે જયંતીભાઈ કાલરીયાએ સતપંથીઓને પૂછ્યું કે શું તમે આ પત્ર મોકલેલ છે? જવાબ મળ્યો ના. માટે હવે આ પત્ર છાપવામાં આવે એવી વિનંતી સનાતનીઓને કરવામાં આવી. જે સ્વીકારી.

    b. **ઈમામશાહને છોડવા બાબત:** ઈમામશાહને સતપંથવાળા છોડવા તૈયાર થયા છે. પણ તેમના કહેવા પ્રમાણે રૂપિયા ૧૪૦૦ કરોડની મિલકત છે. ૧૨ લાખ અનુયાયી છે. તો આ બધી મિલકત જતી રહેશે. આનો રસ્તો કાઢો તો અમો ઈમામશાહને છોડવા તૈયાર છીએ.

       ચંદ્રકાંત છાભૈયાએ જવાબ આપવાનું શરુ કર્યું એટલે જેરામભાઈએ વાત સાંભળ્યા વગરજ એમને રોકીને કહ્યું કે તમે નહીં, તમારા પ્રમુખ એટલે હંસરાજભાઈ બોલે. જેના વિરોધમાં કડક અવાજમાં ચંદ્રકાંતભાઈએ કહ્યું કે આમ શા માટે? તો કોઈની પાસે જવાબ નહોતો.

૧૧ અમલીકરણ સમિતિની બીજી મિટિંગ

ત્યાર બાદ હંસરાજભાઈએ કહ્યુંકે પીરાણાની મિલકતમાં સનાતની વડીલોનો દસોન્દ અને અન્ય લાગાઓ આપેલ છે, માટે તેમનો પણ ભાગ છે. સતપંથ છોડ્યું ત્યારે મિલકતની પરવા ન કરી અને હિંદુ ધર્મ માટે બધું જતું કર્યું. ચંદ્રકાંત છાભૈયાએ કહ્યું કે ચુકાદા પ્રમાણે જણાવ્યું છે કે સતપંથવાળાઓએ સનાતન સમાજની મુખ્ય પ્રવાહમાં ભળી જવાનું છે. એનો અર્થ એમ થાય કે જ્યારે સતપંથવાળા સમાજમાં ભળી જશે, પછી વહીવટ સનાતન સમાજે કરવાનો રહેશે. સનાતન સમાજ વહીવટ કરવા માટે સક્ષમ છે. પીરાણાની મિલકત મુસલમાનોના હાથમાં જવાનો પ્રશ્નજ નથી રહેતો.

ત્યારબાદ વસંતભાઈ ધોળુએ જણાવ્યું કે પીરાણામાં બે ટ્રસ્ટ છે. એક ટ્રસ્ટ જેમાં સૈય્યદો સાથે છે, તેમાં ખાસ મિલકત નથી. એ મિલકત સૈય્યદોની છે. બીજું ટ્રસ્ટ સતપંથવાળાનું છે, તેમાંજ મોટા ભાગની મિલકત છે. અને એ ટ્રસ્ટની મિલકતમાં મુસલમાનો કંઈ ન કરી શકે. પીરાણામાં આવેલ મિલકતનો આંકડો રૂ. ૧૪૦૦ કરોડનો તદ્દન ખોટો છે. પૈસાનો મોટો આંકડો સામે રાખીને લોકોને આંજી દેવાનો પ્રયત્ન છે.

ત્યારબાદ ચંદ્રકાંતભાઈએ જણાવ્યું કે સતપંથના અનુયાયીઓની કુલ ૧૨ લાખની સંખ્યાનો જે દાવો છે, તે પણ તદ્દન જૂઠો છે. કારણકે જ્યારે કોર્ટે વર્ષ ૧૯૩૯માં પીરાણાનું બંધારણ બનાવ્યું, ત્યારે કૂલ ૧૧માંથી ૮ ટ્રસ્ટી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના અને ત્રણ ટ્રસ્ટી સૈય્યદોની જ્ઞાતિના બનાવ્યા. આ આકડાઓ વસ્તીના આધારે નક્કી કરવામાં આવ્યા હતા. પીરાણા સતપંથમાં કચ્છ કડવા પાટીદારોની સંખ્યા માત્ર ૧૨ થી ૧૫ હજાર છે. અગર સતપંથીઓનો ૧૨ લાખવાળો દાવો સાચો હોય તો પછી કોર્ટે ૧૨ લાખમાંથી માત્ર ૧૫ હજાર લોકોનેજ કેવી રીતે ટ્રસ્ટી બનવાનો લાભ આપ્યો? સાચી હકીકત એ છે કે અન્ય જ્ઞાતિના લોકો સતપંથમાં બહુજ ઓછા છે. નિષ્પક્ષ રીતે તપાસીએ તો પણ ખબર પડશે કે પીરાણા સતપંથના કાર્યક્રમોમાં મુખ્ય ભૂમિકા ક.ક.પા.જ્ઞાતિના લોકોજ ભજવે છે, મુખ્ય દાન પણ એજ લોકો આપે છે અને કાર્યક્રમમાં હાજરી આપનાર બહુસંખ્યક લોકો પણ એજ છે. માટે લોકોને ભરમાવવાની આ ચાલને ઓળખો અને આ મુદ્દાને અહીંજ પૂરો કરો.

c. **<u>વોટીંગ અધિકાર નહીં મળે:</u>** સતપંથવાળા અગર પીરાણાના ટ્રસ્ટમાંથી (ધી ઈમામશાહ બાવા રોઝા સંસ્થાન કમિટી ટ્રસ્ટ) રાજીનામું આપી દેશે, તો વહીવટ કરનાર નવા આગેવાનોને બંધારણ પ્રમાણે વોટીંગ અધિકાર નહિ રહે. માટે સનાતનીઓ વહીવટ નહિ કરી શકે. આનો રસ્તો કાઢો. તેના જવાબમાં ચંદ્રકાંતભાઈએ કહ્યું કે આ વાતના ઘણા રસ્તઓ કાઢી શકાય. સનાતની સમાજ સક્ષમ છે. વહીવટ અંગે ફિકર કરવાની કોઈ જરૂર નથી.

d. **<u>સતપંથ અને સનાતન શબ્દો વાપરવા નહીં:</u>** ચુકાદામાં “સતપંથ” અને “સનાતન” શબ્દ વાપરવા પર મનાઈ કરવામાં આવી છે. અમો સતપંથ શબ્દ કાઢવા તૈયાર છીએ. સનાતન વાળા આ શબ્દ કાઢવા તૈયાર છે?

સનાતનીઓ: હા પાડી. જો સતપંથવાળા સતપંથ શબ્દ કાઢવા તૈયાર હોય, તો અમને મંજૂર છે.

પંચો: તમારી સનાતન ધર્મ પત્રિકા ચાલે છે, તો તેનું નામ બદલવું પડશે. સનાતનીઓએ કહ્યું કે તો તેમનું સતપંથ પ્રકાશ નામની પત્રિકા ચાલે છે. તો શું તેઓ નામ બદલશે?
પંચો: અમને ખબર નથી, પણ એવું હશે તો તેમને પણ નામ બદલવું પડે.

 સનાતનીઓ: અમારા સમાજના નામમાં “સનાતન” શબ્દ છેજ નહીં, એટલે અમારે કંઈ કરવાનું રહેતું નથી. સતપંથની સમાજમાં “સતપંથ” અને “સનાતન” એમ બન્ને નામ છે. આ અંગે આ બન્ને શબ્દોને તેમની સમાજના નામમાંથી કાઢવાના રહેશે.
પંચો: વાત સ્વીકારી લીધી

e. **<u>કોર્ટ કેસ વિષે:</u>** બંધારણવાળા કેસમાં સતપંથવાળાએ કહ્યું કે કોર્ટમાં સનાતનીઓ ગયા છે. માટે સતપંથવાળાઓ માટે કેસ પાછા ખેંચવાના મુદ્દા પર કઈ કરવાનું રહેતું નથી.

સનાતનીઓ તરફથી જયંતી લાકડાવાળાએ કહ્યું કે હાઈ કોર્ટમાં કેસ પાછા ખેંચીએતો નીચલી કોર્ટનો આદેશ લાગુ પડી જાય, જે અમારા વિરુદ્ધ છે. માટે કેસ એવી રીતે ખેંચીએ કે અમારું મૂળ સુધારેલું બંધારણ પાસ થઇ જાય. એના માટે સતપંથવાળા તરફથી એવું લેખિત મળે કે બંધારણમાં થયેલ ફેરફાર સામે તેમને કોઈ વિરોધ નથી, તો હાઈ કોર્ટમાં બંધારણનો કેસ સનાતન તરફી ચુકાદો આવે.

જયંતી કાલરીયાએ કહ્યું કે બંધારણમાં વિવાદ શું છે? ત્યારે સનાતનીઓએ કહ્યું કે અમોએ એ બંધારણમાં એવી ચોખવટ કરેલ છે કે સનાતન હિંદુ ધર્મ પાળનાર વ્યક્તિજ આ સમાજના સભ્ય બની શકે. તેમાં ખોટું શું છે? સતપંથવાળા પણ એ મિટિંગમાં હજાર હતા. જેમાં ૨૫ હજાર લોકોની હાજરી હતી. તેમાં સર્વાનુમતે આ ઠરાવ પાસ થયો છે.

જયંતી કાલરીયા: તો પછી તમે કેસ કેમ હારી ગયા. **જયંતી લાકડાવાળા:** અમો કેસ હાર્યા નથી. મતલબ કે તેઓએ મિટિંગ ઉપર સ્ટે લાવ્યા હતા. તેમ છતાં અમોએ મિટિંગ કરી તે ટેકનિકલ કારણથી કેસમાં વાંધો પડ્યો છે.

પ્રેમજી કેશરાણી: જ્ઞાતિ રીત રિવાજના કલમ ૧૮ ના મુદ્દા (મૃત્ય પછી અગ્નિ દાહ કરવો, દફનાવવું નહીં) ઉપર સતપંથના લોકોએ અધિવેશનમાં ખુરસીઓ ઉછાળી, અમારા ઉપર કેસો કર્યા છે. હિંદુ ધર્મના ૧૬ સંસ્કારોમાંનો એક મહત્ત્વનો સંસ્કાર અગ્નિદાહ છે, તેનો વિરોધ સતપંથ વાળા કરે છે. તે બરાબર નથી. આ વિરોધથી એ લોકો પોતાની નિષ્ઠા હિંદુ ધર્મ સાથે નથી, એવો સંદેશ આપે છે.

જયંતી કાલરીયા: હવે જયારે સતપંથ વાળા ચુકાદાનું પાલન કરી રહ્યા છે અને સનાતન સમાજમાં ભળી જવા તૈયાર છે, તો પછી સુધારેલું બંધારણને એક બાજુ મૂકી દઈએ અને તેની જગ્યાએ જૂનું બંધારણ હોય તો તેમાં શું વાંધો છે?

ચંદ્રકાંત છાભૈયા: જે પ્રમાણે ચુકાદામાં ચોખ્ખું કહ્યું છે, તે પ્રમાણે સનાતન હિંદુ ધર્મ પાળવાનું છે. તો પછી સતપંથવાળાને પૂછોને કે બંધારણમાં જણાવેલ છે કે દરેકે સનાતન હિંદુ ધર્મ પાળવાનો છે, તો તેમાં તેમને વાંધો શું છે?

સી.કે (VUF): જયંતીભાઈ કાલરીયાને – શું એવું ચુકાદામાં લખ્યું છે? **કાલરીયા:** ના. **ચંદ્રકાંત:** હા, લખ્યું છે, કલમ ૬માં. ચુકાદો કાઢીને બતાવ્યો. **સી.કે.:** બરાબર છે, લખ્યું છે. મૂળ પ્રશ્ન તો એ છે કે સનાતન હિંદુ ધર્મમાં વાંધો શું છે? ઉમિયા માતાજીના સંતાન હોય એટલે સનાતન હિંદુ ધર્મ પાળતો હોય.

 જેરામભાઈ અને જયંતી કાલરીયાને વાત પસંદ ન પડી. તે લોકોએ કહ્યું કે તમે અત્યારે જે મળે છે તે લઇ લો. સતપંથવાળા ચુકાદો પાળવાની વાત લેખિતમાં આપવા તૈયાર થયા છે, કોર્ટ કેસો પાછા ખેંચવા તૈયાર છે. માટે સનાતનીઓને સલાહ આપી કે તમે અત્યારે ના ન પાડો. પછી કડક થવું હશે ત્યારે આપણે કડક થશું.

નોંધ: આ તાકિયાની ચાલ હતી. આ એક ગુગલી હતી (ક્રિકેટની ભાષામાં). ભવિષ્યમાં કડક પગલાં લેવાનો ભરોસો અપાયો હતો. સનાતનીઓને આવા ઘણાં અનુભવો થયાં છે, જેમાં આવા ભરોસાઓ અપાય અને પોતાનું કામ કાઢી લેવાય. પછી ભવિષ્યમાં જ્યારે હકીકતમાં પગલાં લેવાની વાત આવે, ત્યારે પહેલાં કોઈ ભેગા પણ ન થાય. અને થાય તો વાત જૂની થઇ ગઈ છે, હવે જવા દો, ઝગડાઓ ન કરો... એવું કહીને મુદ્દાને ડબ્બામાં પૂરી દો.

માંડવી હોસ્ટેલ કાંડના મુદ્દા ઉપર કલેકટર મહેન્દ્રભાઈ પટેલએ પણ આવુંજ કર્યું. જ્યારે પૂર્વ કલેકટરના આદેશ પ્રમાણે બન્ને પક્ષો તરફથી ૫-૫ લોકોની એક સંયુક્ત સંચાલન સમિતિ હોસ્ટેલનું સંચાલન કરતી હતી, ત્યારે સતપંથ તરફી લોકોએ દાદાગીરી કરીને સનાતન તરફી લોકોને બળજબરીથી હોસ્ટેલથી બહાર કાઢી નાખ્યા. આ વાતની શિકાયત જ્યારે કલેકટર મહેન્દ્રભાઈને કરી, ત્યારે મહેન્દ્રભાઈએ કહ્યું કે તમે હમણાં કંઈ કરતા નહીં. હું બેઠો છું બધુંજ ઠીક કરી નાખીશ. સનાતનીઓ કલેકટરને પોતાના સાચા હિતેચ્છુ સમજતા હતા કારણે કે સમાજની સામાન્ય સભામાં આવીને માંડવી હોસ્ટેલ કાંડના આરોપીઓને કડકમાં કડક સજા આપાવીશ એવું મંચ ઉપરથી આશ્વાસન આપતા. જ્યારે સતપંથીઓની બળ જબરી સામે પગલાં લેવાની વાત આવી ત્યારે પણ માત્ર આશ્વાસન આપતા રહ્યા. સનાતનીઓ મહેન્દ્રભાઈના ભરોસે રહ્યા અને છેવટે મહેન્દ્રભાઈની બદલી થઇ ગઈ. હોસ્ટેલ ઉપર જે ૫૦% કબજો સનાતનીઓનો હતો એ પણ ચાલી ગયો. એનું મૂળ કારણ હતું કે તે સમયે સનાતનીઓ મહેન્દ્રભાઈની ગુગલી ઓળખી ન શક્યા. પરિણામે જનતાની મિલકત અમુક વ્યક્તિગત સ્વાર્થી લોકોના હાથમાં ચાલી ગઈ. આ કિસ્સામાં કલેકટર મહેન્દ્રભાઈ પટેલને સનાતની સમાજ ક્યારેય માફ નહીં કરે. કારણકે તેમને કોઈ બીજાએ નહીં પણ પોતાનાએ દગો આપેલ હતો.

ટૂંકમાં સનાતનીઓએ જ્યારે-જ્યારે ભરોસો રાખ્યો છે ત્યારે-ત્યારે તેમની સાથે દગો થયો છે. આ રમતથી સંપૂર્ણ પણે જાણ હોવા છતાં, આગળ કેવી રીતે વધવું એ મહત્ત્વનો પ્રશ્ન હતો. એક બાજુ અગર સનાતનીઓ અટકાવતા હતા, તો તેમનો વાંક કાઢીને દોષનો ટોપલો તેનાં ઉપર નાખવાની સંભાવના હતી. બીજી બાજુ આપણને ખબર છે કે સતપંથવાળા સતપંથ છોડવાની વાત લેખિતમાં આપશે નહિ. પણ જેરામભાઈ અને જયંતીભાઈ કાલરીયાને કદાચ સતપંથની આ ચાલ સમજાતી નહોતી. એટલે સનાતનીઓએ યુક્તિ પૂર્વક કહ્યું કે હાલો હાલ પૂરતા અમે આ વાતનો વિરોધ નથી કરતા. એટલે હવે વાત જેરામભાઈ અને જયંતીભાઈ કાલરીયા પર આવી પડી. તેઓ ઉપર જવાબદારી આવી કે સતપંથીઓ ચુકાદો સ્વીકારે છે અને સતપંથ છોડી દેશે એવું સતપંથ સમાજ પાસેથી લેખિતમાં લેવું.

સનાતનીઓએ વિચાર કર્યો કે જયંતીભાઈ કાલરીયા દ્વારા પ્રસ્તુત આ યોજનાના મૂળમાં જોઈએ તો પહેલ સતપંથવાળાને કરવાની રહે છે. તેઓએ લેખિતમાં પત્ર આપવાનો રહેશે. એટલે હાલ પૂરતું સનાતનીઓને કોઈ નુકસાન થતું નથી.

f. **ચેરિટીના કેસો:** ચેરિટીમાં જે કેસો છે, તેના અંગે સતપંથવાળાની રજૂઆત હતી કે તેમના અમુક લોકોને કેન્દ્રીય સમાજમાં સ્વીકારી લો, તો પછી કેસ પાછા ખેંચવા તેઓ તૈયાર છે. હંસરાજભાઈએ કહ્યું કે અગાઉ મહેન્દ્રભાઈ કલેકટરની મધ્યસ્થીમાં (ઉપર જણાવેલ માંડવી હોસ્ટેલનો મુદ્દો અને આ મુદ્દો અલગ છે, જેની નોંધ લેશો)

 આના પર નિર્ણય આવેલ છે (ચુકાદાની વાગતો માટે જુઓ પેજ ૧૧૫, પોઈન્ટ: m). પણ સતપંથવાળા પાળતા નથી. કેન્દ્રીય સમાજે ઠરાવ કર્યો છે કે જો સતપંથ વાળા સતપંથ છોડી દે તો કેન્દ્રીય સમાજ આ લોકોને આમંત્રિત સભ્ય તરીકે લેવા તૈયાર છે. આ ચુકાદો મહેન્દ્રભાઈ પાસે આજે પણ છે.

ત્યારે સી.કે સાહેબે કહ્યું કે આપણે એક MOU બનાવી લઈએ. સતપંથવાળા ચેરિટીમાં કેસ પાછા ખેંચી લે અને ચુકાદાની બધી શરતો પૂરી થાય, ત્યારે કેન્દ્રીય સમાજમાં અમુક લોકોને ભેળવી લેવા.

g. **ફોજદારી કેસો:** જયંતીભાઈ કાલરીયા કહ્યું કે જે ફોજદારી કેસો છે, તેને સતપંથવાળા તરતજ પાછા ખેંચવા તૈયાર છે. બિન શરતે.

h. **સાધુનો અભિપ્રાય:** જયંતીભાઈ કાલરીયાએ કહ્યું કે સતપંથવાળાની રજૂઆત છે કે ઈમામશાહ તો માત્ર તેમના સદ્ગુરુ હતા. પણ સતપંથ હિંદુ ધર્મજ છે. માટે સાધુ સંતોનો અભિપ્રાય લેવામાં આવે. પછી તેમાં આગળ વધવામાં આવે.

સનાતનીઓ: હિંદુ ધર્મના ચારે ચાર મુખ્ય શંકરાચાર્યોના લેખિત પ્રમાણ પત્ર આપેલા છેજ. તો પછી સાધુઓનો અભિપ્રાય લેવાની શું ગરજ છે? હિંદુ ધર્મમાં શંકરાચાર્યથી મોટા કોઈ પણ નથી.

જેરામભાઈ: આપણે ખબર છે કે સતપંથ ખોટો છે. આપણે એવાજ સાધુના અભિપ્રાયો લેશું કે જે સતપંથને મુસલમાન કહે. હાલમાં જે તમને મળે છે તે એક વખત લઇ લો. પછી જરૂર પડે ત્યારે જોઈશું.

<u>નોંધ:</u> સનાતનીઓના દૃષ્ટિથી આ મુદ્દામાં એક બહુ મોટું ભય સ્થાન હતું. નિર્ણય કરવાનો અધિકાર ઊંઝાના પંચોથી કાઢીને સતપંથ તરફી લોકો પાસે મૂકવાની આ ઊંડાણ પૂર્વક છૂપું ષડ્યંત્ર હોવાનું દેખાતું હતું. એક વખત સાધુનો અભિપ્રાય લેવાની વાત સ્વીકારાઈ જાય, તો પછી સાધુઓનો જે અભિપ્રાય આવે, તેને માનવો પડે.

<u>હવે જુઓ કે આ એક તીરથી કેટલાં નિશાન સાધી શકવાની સંભાવના હતી:</u>

1. સાધુઓનો અભિપ્રાય લેવાની વાત આવે, તો પહેલો પ્રશ્ન એ આવે કે કયા સાધુઓ પાસેથી અભિપ્રાય લેવા. એટલે સાધુઓ નક્કી કરવાની વાત પર ઝગડો થઇ શકે. એટલે ચુકાદાનું અમલીકરણ ખોરંભે ચડાવી શકાય.
2. બીજું નિશાન એ હોઈ શકે કે બધા સાધુઓ એક મત નહિ થાય. એક સાધુ એક અભિપ્રાય આપશે અને બીજો સાધુ બીજો. એટલે સાધુઓના અભિપ્રાય એક સરખા નથી, એવું કહીને ચુકાદાના અમલીકરણને ઠંડા બસ્તામાં નાખી દઈ શકાય.
3. ત્રીજું નિશાન એ હોઈ શકે કે ઊંઝાવાળાઓએ ચુકાદો આપવાથી પહેલાં પૂરતો અભ્યાસ નથી કર્યો, જેથી કરીને પાછળથી સાધુઓનો અભિપ્રાય લેવો પડ્યો. એટલે અધૂરા અભ્યાસથી આપેલ ચુકાદાનું પાલન કરવું એ યોગ્ય નથી, એવું કહીને અમલીકરણ અટકાવી શકાય.
4. ચોથું નિશાન તો ચોખ્ખે ચોખ્ખું દેખાતું હતું. સતપંથવાળા હિંદુ સાધુઓના સંમેલનો રાખેલ હતા. એટલે ઘણા હિંદુ સાધુઓ, RSS, VHP, BJP વગેરે હિંદુ સંગઠનો તેમના પરિચયમાં હતા. આવા સંગઠનો સામે પીરાણાવાળા પૈસાની રેલમછેલ કરી, તેમને આંજી દે છે, એ બધાને ખબર છે. માટે

૧૧ અમલીકરણ સમિતિની બીજી મિટિંગ

આવા સંગઠનો પાસેથી સતપંથના હિતમાં અભિપ્રાય મેળવવો એ તેમના માટે ખૂબ સહેલું હતું. એટલે ચુકાદાનું અમલ સતપંથ પક્ષમાં કરાવી શકાય.

ઉપર જણાવેલ ચાલમાં સતપંથવાળાને કંઈ ગુમાવવાનું નહોતું. તેમનું સતપંથ, ઈમામશાહ, નિષ્કલંકી નારાયણ અને પીરાણા સાથેનું જોડાણ કાયમ રાખીને કોઈ રસ્તો કાઢવાની તેમની કાયમની કોશિશ રહેતી હોય છે. ચુકાદો જોઈએ તો તેઓ સંપૂર્ણ રીતે આ લડાઈમાં હારી ચૂક્યા છે. માટે ચુકાદાનું અમલીકરણ ન થાય એ તેમના હિતમાં હતું. પોતાના મોઢે ચુકાદાનું અમલીકરણ નહીં કરીએ એવું કહે તો જનતામાં તેમનો દોષ દેખાય. માટે એવો રસ્તો કાઢવા માંગતા હતા કે અમલીકરણ અટકાવવાનો દોષ તેમના પર ન આવે. ઉપર જણાવેલ ચાલો આ અંગેની હતી. ભલે અમુક લોકો આ ચાલને ઓળખી નહોતા શક્યા, પણ સદ્‌ભાગ્યે સનાતન સમાજવાળા આ ચાલની અપેક્ષા કરતા હતા. માટે જેવી ચાલ સામે આવી એટલે તરતજ ઓળખી ગયા. અને સમાજને થનાર નુકસાનથી બચાવી લીધી.

ચંદ્રકાંત છાભૈયા: માની લો કે કદાચ સાધુઓએ કહ્યું કે સતપંથ હિંદુ ધર્મ છે? તો વિચારો માતાજીના ચુકાદાનું શું થાય? **જેરામભાઈ** વચ્ચે વાત કાપીને એમને બોલવા ન આપ્યું. પણ થોડી વાર રહીને એજ વાત ફરીથી ચંદ્રકાંતભાઈએ સી.કે. સાહેબને કહી. સી.કે સાહેબે વાતની ગંભીરતા સમજી. પણ સી. કે સાહેબની વાતને પણ જેરામભાઈએ દબાવી દીધી. એમ કહીંને કે હમણાં એક વખત આ લોકો પાસેથી લેખિતમાં મળે છે, તે લઇ લો. જેરામભાઈએ આગ્રહ પૂર્વક વાત કરી કે હમણાં હા પાડો.

સનાતનીઓએ છેવટ સુધી આ વાતમાં સહમતી આપી નહીં.

i. **<u>જયંતીભાઈ કાલરીયા</u>**: સતપંથવાળાઓ સનાતન હિંદુ ધર્મ પાળવા માટે મિટિંગ બોલાવી ઠરાવ પણ કરવા તૈયાર છે. આપણે વાંઢાયમાં એક સભા બોલાવીને ત્યાં ઠરાવ કરીએ. વસંત ધોળુએ ના પાડી. વાંઢાય શા માટે? પીરાણામાં કેમ નહિ? સતપંથવાળાને જે કંઈ નિર્ણય લેવો હોય, તો તે પીરાણામાં મિટિંગ બોલાવીને ત્યાં નિર્ણય લેવો જોઈએ. વાંઢાયમાં મિટિંગ લેવાનો કોઈ અર્થ નથી.

નોંધ: સનાતનીઓની સોચ એ હતી (અનુભવના આધારે) કે સતપંથવાળા આવા પ્રસંગોનો ખોટો મેસેજ ફેલાવી લોકોને ભરમાવેશે કે સતપંથવાળાને સનાતનીઓએ સ્વીકારી લીધા છે. માટે આવો કોઈ મૌકો સતપંથવાળાને ન આપવો જોઈએ. સતપંથવાળાની સભા તેમની જગ્યામાં હોવી જોઈએ અને તેમના લોકોજ ઠરાવ કરવો જોઈએ. આ મિટિંગમાં ઊંઝાના વડીલોએ હાજરી આપવી જોઈએ, જેથી મિટિંગનો સાચો રિપોર્ટ મળી શકે.

j. **<u>સોસિયલ મીડિયા:</u>** વોટ્સઅપ પર “વસંત પટેલ”ના નામેથી ફરેલ એક મેસેજનો વાંધો સતપંથવાળાઓએ લીધો. કારણ કે તેમના પ્રમાણે આવા મેસેજથી “વાતાવરણ” બગડે છે. માટે જેરામભાઈએ કહ્યું કે સોસિયલ મીડિયા ઉપર કોઈએ મેસેજ કરવો નહીં. આ મેસેજની વિષે વસંત ધોળુ ઉપર આક્ષેપ હોવાની વાત કરી. ત્યારે વસંત ધોળુએ કહ્યું કે એ મેસેજ મેં મોકલેલ નથી. મારું નામ પણ નથી. પછી વસંત ધોળુએ સુરેશ દાઢી (જ્યોતિ સ્કુલ)ના ખોટા મેસેજની વાત કરી અને તે મેસેજને જાહેરમાં વાંચ્યો. છેલ્લે નક્કી થયું કે અમલીકરણ સમિતિના કોઈ પણ સભ્યે સોસિયલ મીડિયા ઉપર મેસેજ મૂકવો નહીં.

11. **સતપંથીઓને સનાતન સમાજમાં સમાવી લેવા:** ત્યાર બાદ જયંતી કાલરીયા દ્વારા કહેવામાં આવ્યું કે થોડા સતપંથના લોકોને સનાતન સમાજમાં સમાવી લો, એટલે ચેરિટીના પણ કેસો પાછા ખેંચાવી શકાય. જેનો મક્કમ અને મજબૂત વિરોધ સનાતનીઓએ કર્યો. સનાતનીઓએ કહ્યું કે આવું અગાઉ પણ થઇ ચૂક્યું છે અને આ લોકો અંદર ઘૂસીને સમાજ તોડે છે.

ત્યારે જેરામભાઈએ ઉગ્ર થઇને કહ્યું કે મને તો લાગે છે કે તમે (સનાતનીઓ) બધા ખોટા છો. આવું સાંભળ્યું એટલે ચંદ્રકાંતભાઈ અને વસંત ધોળુએ જેરામભાઈનો જોરદાર વિરોધ કર્યો. કારણ કે જેરામભાઈએ સનાતન સમાજનું અપમાન કર્યું હતું. માટે તેઓએ કહ્યું કે જેરામભાઈ તમારી વાત ખોટી છે. ત્યારે ઉગ્રતામાં જેરામભાઈએ કહ્યું કે તમે ખોટા છો. સનાતનીઓએ પણ વળતા જવાબ આપ્યો કે તમારી વાત ખોટી છે. આવો સામસામે ઉગ્ર દોર થોડી વાર ચાલ્યો. થાકીને જેરામભાઈ ગુસ્સે થઇને ઊભા થઇ ગયા અને કહ્યું કે હું પંચમાં નહીં રહું. મારું અપમાન થાય છે. મને મારી જિંદગીમાં કોઈએ ખોટો નથી કહ્યો. પરિસ્થિતિ બગડી ન જાય એટલે સી.કે. સાહેબ અને પ્રહ્લાદભાઈ કામેશ્વર, દિલીપભાઈ નેતાજી, વસંત ચોકસી વગેરે લોકોએ સનાતનીઓને કહ્યું કે તમે શાંત થઇ જાઓ. એટલે સનાતનીઓ શાંત થઇ ગયા. પણ જેરામભાઈ શાંત ન થાય. સી.કે સાહેબે શાંત કર્યા. છતાં શાંત થતા નહોતા. એટલે જેરામભાઈને સારું લગાડવા માટે, સી. કે. સાહેબે ચંદ્રકાંતભાઈને ભલામણ રૂપે કહ્યું કે પંચોનું ક્યાંય અપમાન ન થાય તેનું ધ્યાન રાખવું. ત્યારે ચંદ્રકાંતભાઈએ કહ્યું કે જેરામભાઈ છેલ્લી બે મિટિંગથી મને બોલવા આપતા નથી. મારો અવાજ દબાવવાનો સતત પ્રયત્ન કરે છે. આજની મિટિંગની શરૂઆતમાં પણ મને બોલવા ન દીધો. એક પંચ તરીકે તેમને આ શોભતું નથી. તો પહેલાં જેરામભાઈને કહેવામાં આવે કે અમારી સંપૂર્ણ વાત સાંભળવામાં આવે. અમને અમારી વાત રજૂ કરવાનો અધિકાર છે અને તેમને વાત સાંભળવાની ફરજ છે. સી.કે સાહેબે કહ્યું બરાબર છે. આવી રીતે પરિસ્થિતિ કાબૂમાં લાવી.

પ્રેમજીભાઈ: અમો બધા સમાજ વતીથી અધિકૃત વ્યક્તિઓ છીએ. અમે વ્યક્તિગત રજૂઆતો નથી કરવા આવ્યા. અમો ચાર લાખ માણસોનું પ્રતિનિધિત્વ કરીએ છીએ. અમારા ઉપર ખૂબ મોટી જિમ્મેદારી છે. સતપંથ સમસ્યા અંગે રજૂઆત કરવા અમોને અધિકૃત કરવામાં આવ્યા છે. માટે અમારી વાત તમારે સાંભળવી પડે, અમોને રોકી ન શકો.

સી.કે. સાહેબ: સતપંથવાળાને સાથે રાખવામાં ફાયદો છે કે કાપી નાખવામાં? એવો પ્રશ્ન ચંદ્રકાંતભાઈને પૂછ્યો. ત્યારે સર્વે સનાતનીઓએ કહ્યું કે કાપી નાખવામાં ફાયદો છે. **સી કે સાહેબ:** કેવી રીતે? આના જવાબમાં વાત કરવા ચંદ્રકાંતભાઈ તૈયાર થયા, ત્યારે જેરામભાઈએ મોટા અવાજના દમ પર વાત ચલાવવા ન દીધી અને બીજા મુદ્દા પર વાત ફેરવી નાખી. ફરીથી આ એક દાખલો હતો સનાતનીઓનો અવાજ દબાવવાનો.

12. **સતપંથના કાર્યક્રમમાં ભાગ ન લો:** મણીભાઈ મમીએ કહ્યું કે તમે તમારા લોકોને સતપંથના કાર્યક્રમમાં જવાથી રોકીને તમારા સમાજને સંભાળતા કેમ નથી? સનાતનીઓએ જવાબ આપ્યો કે એવું કરીને સંભાળીએજ છીએ. પણ ઉમિયા માતાજી ઊંઝા પાસેથી કોઈ ખોટો મેસેજ ન જવો જોઈએ તેની આ પેરવી છે. ભૂતકાળમાં ઉમિયા માતાજી ઊંઝાના આગેવાનો સતપંથના કાર્યક્રમમાં ગયા હતા. તેનાથી અમારા સમાજમાં ગેરસમજણ ફેલાણી કે ઊંઝા સતપંથ ધર્મને સ્વીકારે છે.

13. **પરિવારો ચોખ્ખાં કરો:** વડીલ મણીભાઈ મમીએ કહ્યું કે તમારા પરિવારોમાં તમે અને સતપંથવાળા સાથે કેમ છો? અને માત્ર સમાજમાંજ ઝગડા કેમ છે? ત્યારે ચંદ્રકાંતભાઈએ જવાબ આપ્યો કે ઘણા પરિવારો ચોખ્ખા થઇ ગયા છે. પ્રક્રીયા ચાલુ છે. ધીરે ધીરે પરિવારો ચોખ્ખા થતા જશે. તમે (ઊંઝાવાળા) અમોને સાથ આપો. સંપૂર્ણ સફાઈ

થઇ નથી શકી. આ કામને વેગ મળે, એટલા માટે તો તમારી પાસેથી સહયોગ લેવા આવ્યા છીએ. બધું સમુંસુથરું હોત, તો તમારી પાસે શા માટે આવત?

14. **દફન વિધિ:** પછી મણીભાઈ મમીએ કહ્યું ચંદ્રકાંતભાઈ મને એક જવાબ આપો. સતપંથવાળા દફન કરે તો તમને ફરક શું પડે છે? જાણે આ વિવાદથી કંટાળીને બોલ્યા હોય, એવું લાગ્યું. જેરામભાઈએ સૂર પુરાવ્યો. હિંદુ સમાજમાં ઘણા જ્ઞાતિઓ છે, જે દફનાવે છે. જેમ કે અતીત, હરિજન, બાવા વગેરે. તો પછી આપણને શું વાંધો? સી.કે સાહેબ પણ તેમની વાતમાં આવી ગયા.

નોંધ: આ હંમેશાંથી સતપંથીઓની દલીલ રહી છે. જુઓ ઊંઝાના વડીલોના મગજમાં પણ આ ખોટી વાત ભરાવવામાં સતપંથીઓ થોડી વાર માટે સફળ થઇ ગયા હતા.

પ્રેમજી કેશરાણી: બીજી જ્ઞાતિ શું કરે છે, તે આપણને જોવાની જરૂર નથી. કડવા પાટીદાર જ્ઞાતિમાં આ માન્ય છે? જો ઊંઝા માન્ય કરે તો અમોને વાંધો નથી. **સી.કે સાહેબ:** સાચી વાત છે. કડવા પાટીદાર જ્ઞાતિમાં અગ્નિ સંસ્કાર છે. દફનાવવાનું ચાલેજ નહીં.

મણીભાઈ મમી: ચંદ્રકાંતભાઈ તમને ફરી પૂછું છું કે દફનાવવામાં વાંધો શું છે, તમને?

ચંદ્રકાંતભાઈ: હું જવાબ આપું છું. સાંભળો જવાબ. મને વારે ઘડીએ રજૂઆત કરવાથી રોકવામાં આવી રહ્યો છે. માટે મને બોલવા દો. સવંત ૧૮૩૨ના પીરાણાના પ્રાગજી કાકા અને સૈય્યદ વલી મિયાએ જે ઠરાવો કર્યો અને અમને મુસલમાન બનાવવા માટે અમારા જ્ઞાતિમાં મુસ્લિમ રીત રિવાજો નાખ્યા. તેમાંનો દફનાવવાનો એક રિવાજ છે. અમારા માટે દફનાવું એ એક મુસ્લિમ રિવાજનું પ્રતીક છે. દફનાવવું એટલે મુસલમાન ધર્મને સ્વીકૃત કરવાની વાત છે. દફનાવવાની વિધિ સાથે સનાતનીઓની લાગણી દુભાય છે. અમારી ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચે છે. આ અમારી માટે ભાવાત્મક લાગણીઓનો વિષય છે. અમે ક્યારેય દફનાવવાનું સ્વીકારશું નહીં.

ચંદ્રકાંતભાઈની આ વાતનો કોઈની પાસે જવાબ નહોતો. બધા પંચોએ આ વાતને માની લીધી.

15. **કાયમ માટે સંપૂર્ણ રીતે સતપંથને પહેલાં છોડવું પડશે:** પૂર્ણતા તરફ જતા, ચંદ્રકાંતભાઈ ઊભા થઇને સહુને ચોખ્ખે ચોખ્ખું કહી દીધું કે સતપંથવાળાને સુધારવા માટે તમે સમય માંગો છો, તેના કરતાં પણ વધારે સમય આપવા તૈયાર છીએ. પણ અમારી માત્ર એકજ શરત છે. કે જ્યાં સુધી સતપંથવાળા સપૂર્ણ રીતે, કાયમ માટે, પહેલાં સતપંથને છોડી નહીં દે, ત્યાં સુધી અમો તેમને સનાતન સમાજમાં નહીં ભેળવીએ.

નોંધ: જેરામભાઈ વાંસજાળીયા અને જયંતીભાઈ કાલરીયાના મનમાં સનાતનીઓ માટે અણગમો ઉત્પન્ન થવાના જોખમે અને વ્યક્તિગત સંબંધો પણ બગડવાના જોખમે માત્ર સમાજના હિતમાં આ વાત કહેવાની જરૂરત હોવાથી હિમ્મત કરીને કહેવી પડી. અમલીકરણનો મામલો ઠંડો પડ્યા પછી આશા છે કે બન્ને વડીલોને સનાતનીઓની આ વાત સમજી શક્યા હશે અને તેમને સનાતન ધર્મ રક્ષા કાજે કરેલ કાર્યની ઊંડી કદર પણ હશે.

16. **સંયુક્ત બેઠક:** ત્યાર બાદ સતપંથીઓને મિટિંગ રૂમમાં બોલાવવામાં આવ્યા. બન્નેને સાથે બેસાડીને વાતો કરવામાં આવી. આ બેઠક દરમ્યાન સતપંથીઓની બધીજ રમતો ચોખ્ખી રીતે સમજમાં આવી. આ તબક્કે સનાતનીઓને

૧૧ અમલીકરણ સમિતિની બીજી મિટિંગ

પંચો તરફથી એવું કહેવામાં આવ્યું હતું કે તમે કંઈ પણ બોલતા નહીં. તમને ઉશ્કેરવાનો પ્રયાસ થાય તો પણ બોલતા નહીં. પંચોએ કહ્યું કે અમને આ મેટર સાંભળવા દો. એટલે સનાતનીઓ આ બેઠકમાં કંઈ પણ બોલ્યા નહીં.

a. મણીલાલ શામજી – વડગામ, અને સુરેશ વકીલ – અમદાવાદ વાળા: અમોને બે મુદ્દાઓ સિવાય ચુકાદો મંજૂર છે.
   1. ઈમામશાહ નહીં છોડીએ
   2. નિષ્કલંકી નારાયણ નહીં છોડીએ

b. સી.કે સાહેબે મજબૂત વિરોધ કર્યો. કહ્યું કે સંપૂર્ણ હિંદુ ધર્મ પ્રમાણે ચાલવું પડશે. તમારી કોઈ પણ શરત માનવામાં નહીં આવે. હિંદુ અને સનાતન ધર્મ એકજ છે. માટે સંપૂર્ણ હિંદુ ધર્મ પ્રમાણે ચાલવાનું રહેશે.

c. મણીલાલ શામજી વડાગામ: વારે ઘડીએ હિંદુ હિંદુ કહો છો તો અહીં મુસલમાન કોણ છે? અમો હિંદુ છીએ. ઉતારો પેન્ટને તપાસ કરી લો. સુરેશ વકીલ અને દેવજી કરસન ભાવાણીએ સાથ આપ્યો. વાતાવરણ ઉગ્ર થયું. ત્યારે સતપંથીઓને સારું લગાડવા માટે સી.કે. સાહેબ બોલ્યા કે તમે આટલા જોશથી હિંદુ છો એવું કહો છો, એટલા માટે અમોને તમારી આ વાત પર ગૌરવ છે.

d. ત્યારે જયંતીભાઈ કાલરીયાએ કહ્યું કે ઈમામશાહના મુદ્દા ઉપર સાધુઓનો અભિપ્રાય લીધા પછી એ મુદ્દા ઉપર આગળની કાર્યવાહી નક્કી કરવામાં આવશે. તેને સમય છે. માટે હમણાં આપણે બીજા મુદ્દા ઉપર આગળ વધીએ. (ખાસ નોંધ: અગાઉ જણાવ્યા પ્રમાણે સનાતનીઓ આ વાતથી સહમત નહોતા, પણ જયંતીભાઈ કાલરીયાએ પોતાના મનસ્વી રીતે વાત કરેલ. માહોલ બગાડે નહીં એટલે સનાતનીઓને પંચો દ્વારા ચૂપ રહેવાના સૂચનના કારણે સનાતનીઓ આ સમયે વિરોધ કર્યો નહીં)

e. **જયંતીભાઈ કાલરીયા:** મિટિંગને પૂરી કરવા માટે સારાંશ આપતા કહ્યું કે:
   1. હિંદુ ધર્મ પ્રમાણે છેલ્લો અવતાર કૃષ્ણ અવતાર છે. કૃષ્ણ અવતાર પછી કોઈ અવતાર થયો નથી. બીજો કોઈ અવતાર નથી. કથા વિધિ, અગ્નિ વિધિ એવી તમામ વિધિઓ હિંદુ ધર્મ પ્રમાણે કરવાની રહેશે.
   2. કોર્ટ કેસો પાછા ખેંચવાના રહેશે. બંધારણના કેસમાં સુધારાની જરૂર નથી. માટે સનાતનવાળા કેસ પાછો ખેંચશે. (નોંધ: આમાં પણ સનાતનીઓએ સહમતી આપેલ નહોતી).
   3. ચેરિટીના કેસમાં MOU બનાવવામાં આવશે. જેમાં સતપંથવાળાને સમાવવાની પ્રક્રીયા હશે.
   4. ફોજદારી કેસો સતપંથવાળાઓએ તરતજ પાછા ખેંચવાના રહેશે.
   5. સતપંથવાળાઓને કહ્યું કે તેમને હિંદુ ધર્મને માનવાનું છે, પણ કોઈ શરત નથી. કંઈ ગુમાવવાની જરૂર પડે તો ગુમાવી પણ દેવાનું છે.
   6. સોસિયલ મીડિયામાં બન્ને પક્ષે કોઈ મેસેજ કરવા નહિ. – જો થાય તો પંચોને કહેવું.

f. **દેવજી કરસન ભાવાણી:**
   1. ઈમામશાહને છોડવા તૈયાર છીએ પણ મિલકત અને વહીવટ માટેનો રસ્તો કાઢો.
   2. અમો કલ્કી અવતારનેજ માનીએ છીએ. પણ ભગવાનનું નામ માત્ર નિષ્કલંકી છે. તેમાં કોઈને વાંધો ન હોવો જોઈએ.

૧૧ અમલીકરણ સમિતિની બીજી મિટિંગ

g. **જેરામભાઈ:** દેવજીભાઈની વાતથી અસંમતી બતાવતાં કહ્યું કે દેવજીભાઈ તમારા સમાજના લેટર પેડમાં પત્ર તૈયાર કરવાનો છો. મુસદ્દો તૈયાર કરી મને (કાલરીયા સાહેબને) બતાવવાનો છે. જેમાં ચુકાદાનું, કોઈ પણ શરત વગર, સંપૂર્ણ રીતે પાલન કરવાનું લખાયેલું હોવું જોઈએ.

h. **<u>સી.કે. સાહેબ:</u>** તો બધા હાથ ઉપર કરીને, આ પ્રમાણેની વાત સ્વીકાર્ય હોય તો, માતાજીની જય બોલો. ત્યારે મણીલાલ શામજી અને સુરેશ વકીલે અડધા હાથ ઊંચા કર્યા. સી. કે સાહેબે અટકાવીને પૂછ્યું કે હાથ ઊંચા કેમ નથી કરતા? ત્યારે મણીલાલ શામજીએ કહ્યું કે બે શરત સિવાય. એમ કહીને એ બેઠકમાંથી ઊઠીને ચાલ્યા ગયા. કાલરીયા સાહેબે દેવજીભાઈને કહ્યું કે તેમને સમજાવો અને પાછા લઇ આવો. મણીભાઈ પાછા તો આવ્યા પણ તેઓએ મનથી વાત સ્વીકારી નહોતી એવું લાગતું હતું. સુરેશ વકીલે બેઠક બગાડવાનો પ્રયત્ન કર્યો. ઉગ્રતાથી સોસિયલ મીડિયાવાળો મુદ્દો ફરી કાઢ્યો. પણ તેમની સામે કોઈ ઉશ્કેરાયું નહીં.

આવી રીતે, છેલ્લે બેઠક પૂરી થઇ અને જમવા માટે ઊભા થયા. મણીલાલ શામજી અને સુરેશ વકીલ જમ્યા નહીં. બાકી બધાય સાથે બેસીને જમ્યા.

<u>મિટિંગ બાદ:</u> જમ્યા બાદ, સનાતનીઓ જ્યારે સોલા કેમ્પસથી નીકળવા લાગ્યા, ત્યારે જોયું કે ઊંઝાની ટીમ હોલમાં આરામ કરી રહી છે. અમોને જોઇને વડીલોએ અમોને બોલાવ્યા. જેરામભાઈનો સતપંથ તરફી પક્ષપાત ભર્યો વ્યવહારની વાત નીકળી. ત્યારે સનાતનીઓએ કહ્યું કે જેરામભાઈએ પોતાના મોઢે કહે છે કે સતપંથવાળા સાથે તેઓ ૩૦-૩૦ બેઠકો કરેલ છે. ગઈ કાલે સતપંથવાળા તેમના ઘરે ૩-૩ કલાક સુધી બેઠક કરેલ છે. પણ સનાતનીઓની વાત કેમ સાંભળતા નથી? જેરામભાઈ અગર કોઈ રણનીતિ બનાવતા હોય, તો સનાતનીઓને વિશ્વાસમાં કેમ લેતા નથી? કેમ સનાતનીઓ ઉપર પોતાનીજ વાત થોપી દેવાનો પ્રયત્ન સતત કરે છે? આજે ૫૦૦-૫૦૦ વર્ષથી સનાતનીઓ સતપંથ સામે લડે છે અને જીતતા આવ્યા છે. શૂન્યમાં થી ૯૫% પહોંચી ગયા છે, તો કંઇકતો બુદ્ધિ હશેને સનાતનીઓમાં. તેઓનો અનુભવ પણ હશે ને? કેમ એ બધું જાણ્યા વગર સનાતનીઓને અંધારામાં રાખીને માત્ર સતપંથીઓનીજ વાત સાંભળે છે? કેમ મિટિંગમાં સનાતનીઓનો અવાજ દબાવવાનો સતત પ્રયાસ કરી રહ્યા છે? તેમનું હેતુ શું છે, કંઈ સમજાતું નથી. ત્યારે મણીભાઈએ કહ્યું કે જેરામભાઈને તેમના મોઢા ઉપર તેમની ભૂલ છે, એવું કહી દેવામાં આવ્યું છે. જેરામભાઈ ઉગ્ર થાય એ બરાબર નથી. પંચ તરીકે તેમને ઉગ્ર થવાનો અધિકાર નથી. પક્ષકારને હોય છે. જેરામભાઈનો વ્યવહાર બરાબર નથી, એવું મણીભાઈ મમીએ કહ્યું.

ત્યાર બાદ ચંદ્રકાંતભાઈએ ઊંઝાના વડીલોને ચેતવતાં કહ્યું કે આપણે એક મોટી ભૂલ કરી રહ્યા છીએ. સાધુઓનો અભિપ્રાય વિષે. સતપંથ તરફી સાધુઓતો સતપંથને હિંદુ ધર્મ છે એવુંજ કહેશે. રાજકોટવાળા પરમાત્માનંદ કેવા સતપંથ તરફી છે, એ બધા જાણેજ છે. પરમાત્માનંદ, હંસદેવાચાર્ય અને અન્ય સતપંથ તરફી સાધુઓને હાથા બનાવી સતપંથ હિંદુ ધર્મ છે, એવો અભિપ્રાય સાધુ પાસેથી લાવવામાં તેઓ સફળ થઇ જાય તો? આવું થશે તો શું કરશો? શું ચુકાદાને તમે બદલશો? ત્યારે પ્રહ્લાદભાઈ અને મણીભાઈએ કહ્યું કે વાત સાચી છે. સાધુઓને પોતાના આશ્રમો ચલાવવાના હોય. અજ્ઞાનતાના કારણે અને બીજી બાજુ સતપંથને મુસલમાનથી બચાવવાની આદર્શવાદી વાતોમાં આવીને અજાણ સાધુઓ પાસેથી ગમે તેવું લખવી લે એ યોગ્ય નથી. માટે આપણે સતપંથના સાધુ નહિ, પણ ઊંઝા નક્કી કરે તે સાધુનો અભિપ્રાય લેશું. સનાતનીઓએ કહ્યું કે શંકરાચાર્યના અભિપ્રાયો છે, પછી શું જરૂર છે? ત્યારે તેમને કહ્યું કે હમણાં આપણે આપણું કામ કઢાવી લઈએ.

નોંધ: સનાતનીઓની ટીમને આ વાત ગમી નહિ. વાતની ગંભીરતાને હજી જોઈએ એટલી ઊંડાણથી બધા સમજી નથી શક્યા, એવું લાગ્યું. એટલે સતત ચિંતા અને ચિંતનમાં રહ્યા. આ વિષેની ચર્ચા માંડીને પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણીને કરી.

૧૧ અમલીકરણ સમિતિની બીજી મિટિંગ

મિટિંગમાં ધ્યાને આવેલ સતપંથની ચાલ પાછળના સંભવિત હેતુઓ

આ મિટિંગમાં જે વાચચીત થઇ, તેનાં પરથી સતપંથીઓની ચાલ શું દેખાઈ આવી એ આપણે જોઈએ. સતપંથની ચાલના મુખ્ય બે પહેલું;

1. **<u>હિંદુ સમાજમાં ઘૂસી જવા માટે:</u>** કોર્ટ કેસો પાછા ખેંચવા માટે શરતો મૂકવી કે અમારા થોડો લોકોને લઇ લો, તો અમે કેસ ખેંચીએ. કોર્ટ કેસમાંથી સમાજને મુક્તિ મળી જાય, એ લાલચમાં આવીને અગર સનાતની કર્તાહર્તા અંજાઈ જાય અને જો આ શરત સ્વીકારી લે તો સતપંથીઓ અધિકૃત રીતે સનાતન સમાજમાં સભ્ય બની જાય. એટલે એક વખત હિંદુ સમાજમાં ઘૂસી જાય અને પછી પોતે હિંદુ છે તેવી ઓળખ ઊભી કરી લે. પછી જેમ મૂળ સતપંથના સ્થાપકો આવી ઓળખના દમ પર હિંદુ લોકોને વટલાવીને આજે ખોજા મુસલમાન બનાવી ગયા, તેમજ પીરાણા સતપંથના પ્રચારકો દ્વારા ધીરે ધીરે ક.ક.પા. હિંદુ સમાજને મુસ્લિમ કરી શકશે. કારણકે ત્યારે આનો વિરોધ કરવા માટે હિંદુઓનું કોઈ મજબૂત સંગઠન બચ્યું નહીં હોય.

   સતપંથમાં આજ સુધી કોઈ પાકો મુસ્લિમ આકર્ષિત નથી થયો. હિંદુઓજ આકર્ષિત થાય છે. માટે સતપંથનો વિકાસ કરવો હશે, તો હિંદુ સમાજના લોકોથી જ થશે. માટે કોઈ પણ કીમતે હિંદુ લોકો સાથે કનેક્શન ન તૂટી જાય એ માટે સતપંથની હિંદુ ઓળખ જરૂરી છે. તેનાં માટે સતપંથીઓ હિંદુ સમાજના સભ્ય બને એ જરૂરી છે.

2. **<u>બીજી બાજુ સતપંથને ટકાવી રાખવા માટે:</u>**
   a. **<u>સતપંથને ન છોડવા માટે:</u>** સતપંથ ધર્મ વિષે સાધુઓનો અભિપ્રાય લઈએ કે સતપંથ હિંદુ ધર્મ છે કે નહીં. આમ કહીને ઊંઝાના ચુકાદાને વિવાદમાં મૂકી દેવાની ચાલ દેખાઈ. કારણ કે સતપંથના સાધુઓ અને સતપંથ તરફી હિંદુ સાધુઓના મારફતે સતપંથ હિંદુ ધર્મ છે એવોજ અભિપ્રાય મળવાનો છે. સનાતનીઓ દ્વારા લાવવામાં આવેલ સાધુઓનો અભિપ્રાય જેમાં સતપંથ મુસ્લિમ ધર્મ છે, એ વાત સામે આવે એટલે એવું કહેવું કે સતપંથ ધર્મ હિંદુ છે કે મુસ્લિમ તેના પર સાધુ સમાજ એક મત નથી. માટે ઊંઝા માતાજીના ચુકાદો ક્યાંક ભૂલ ભર્યો છે, જલદીમાં અપાયેલ છે, અથવા વિવાદિત છે. આના દમ ઉપર અમલીકરણની આખી પ્રક્રિયાને લંબાવી નાખવી. જેથી લોકો લોકોને કંટાળાની પરિસ્થિતિમાં મૂકી દઈને આ અંગે તેમને નીરસ કરી દેવામાં આવે. પરિણામે અંતે કોઈ નિર્ણય ન આવે તો પણ ચાલે કારણ કે પીરાણા સતપંથ તો ચાલુજ છે.

   b. **<u>નિષ્કલંકી નારાયણને ન છોડવા માટે:</u>** સતપંથીઓ દલીલ કરે છે કે "નિષ્કલંક નારાયણ" તો હિંદુ નામ છે ને. તો તેમાં ક્યાં વાંધો છે? અમે માનીએ તો કલ્કી અવતારને જ છીએ, પણ અમારા ભગવાનનું નામ માત્ર નિષ્કલંકી નારાયણ છે. અમો હિંદુ છીએ. નિષ્કલંકી નારાયણતો અમારા ઈષ્ટદેવ છે, વગેરે વગેરે.

   આમ કહીને પોતાના ધર્મના શાસ્ત્રો સાથે કનેકશન/જોડાણ ટકાવી રાખશે. જો નિષ્કલંકી નારાયણને સનાતનીઓ સ્વીકાર્ય કરે તો તેનો મતલબ થાય કે તેમના જે ધર્મના ગ્રંથોનો સ્વીકાર કરવો. પછી સતપંથના ગ્રંથોનો વિરોધ ન કરી શકાય. સતપંથ ધર્મના શાસ્ત્રો પ્રમાણે નિષ્કલંકી નારાયણનું મૂળ નામ છે હઝરત મૌલા અલી. પરિણામે હઝરત મૌલા અલી હિંદુ સમાજમાં સ્વીકાર્ય થઇ જાય.

   બીજી વાત એમ છે કે નિષ્કલંકી નારાયણનો ઉલ્લેખ કોઈ પણ હિંદુ શાસ્ત્રોમાં નથી. તેનો ઉલ્લેખ માત્ર મુસ્લિમ શાસ્ત્રોમાં છે. આનો અર્થ એમ પણ થાય કે મુસ્લિમ શાસ્ત્રોને આપણે અનુમતિ આપી દીધી.

૧૧ અમલીકરણ સમિતિની બીજી મિટિંગ

c. **ઈમામશાહને ન છોડવા માટે:** ઈમામશાહ મુસ્લિમ નામ છે, માટે તેને કાઢવાનો સીધો વિરોધ સતપંથીઓ ન કરી શકે. આના માટે તેઓએ એવી દલીલ કરે છે કે પીરાણાની મિલકત અને આવક મુસલમાનોના હાથમાં જતી ન રહે, તે માટે અમો કામ કરીએ છીએ. આવા સારા કામમાં તમે અમારી મદદ કરો. આ પ્રકારની ભાવાત્મક અપીલો કરશે. પીરાણાની મિલકત રૂ ૧૪૦૦ કરોડની છે અને સતપંથમાં ૧૨ લાખ અનુયાયી છે એવી મોટી મોટી જૂઠી વાતો કરીને લોકોને આંજી દેવાના પ્રયત્ન કરે છે.

d. **ઈમામશાહને ન છોડવા માટે:** પીરાણાથી સતપંથીઓને કોઈ કાઢવાની વાત ન કરે, તેનાં માટે બે મુદ્દાઓ સામે મૂકવામાં આવે છે.

1. જો અમો સતપંથ છોડી દેશું, તો બંધારણના વહીવટમાં આવનાર સનાતનીઓને વોટીંગ અધિકાર નહીં મળે. માટે અમારું સતપંથનું સભ્યપદ ટકાવવું જરૂરી છે. આમ કહીને પીરાણાનો વહીવટ સતપંથીઓ પાસેજ રહી જાય.
2. પીરાણામાં ખૂબ મોટાં દાન મળે છે. જો પીરાણાને છોડી દઈએ તો આ રકમ મુસલમાનોને મળે. અને આખરી મુસલમાનો એ રકમ હિંદુઓના વિરુદ્ધમાંજ વાપરશેને? એટલે હિંદુઓનું નુકસાન ન થાય તે માટે અમે પીરાણામાં બેઠા છીએ.

નોંધ ૧: પીરાણાની મિલકતમાં બે ભાગ છે. મુખ્ય સ્થળ જે છે, જ્યાં ઈમામશાહની કબર છે, તે મુસ્લિમ કબ્રસ્તાનમાં આવેલ છે. એ કબ્રસ્તાનમાં મુસલમાનોની ઘણી બધી કબરો છે. એ કબરોની વચ્ચે ઈમામશાહની કબર છે અને તેનાં ઉપર દરગાહ બાંધવામાં આવેલ છે. એ જગ્યાના માલિક સૈય્યદો છે. સૈય્યદોની પરવાનગી સિવાય, ત્યાં કોઈને પણ દફનાવી ન શકાય. બંધારણ પ્રમાણે આ કબ્રસ્તાનનો વહીવટ માત્ર (માલિકી હક્ક નહીં) એક કમિટી (ધી ઈમામશાહ બાવા રોઝા સંસ્થાન કમિટી ટ્રસ્ટ) પાસે છે, જેમાં ૮ કચ્છ કડવા પાટીદારો અને ૩ સૈય્યદો છે. આ મિલકત મુસલમાનોની માલિકીની છે, કડવા પટેલોની માલિકી નથી. એટલે આ મિલકતની ગમે તેટલી કિંમત હોય, તેનાથી આપણને કોઈ ફરક પડે નહીં. વાસ્તવિકતામાં આ મિલકતની કોઈ ખાસ કિંમત નથી.

નોંધ ૨: ઈમામશાહની કબરની બાજુમાં બીજી મિલકતો છે, જેમાં યાત્રીઓ માટે ઉતારા અને ખાવા પીવાની વ્યવસ્થા છે. ઓપન ગ્રાઉન્ડ છે, કરસન કાકાને દફનાવામાં આવેલ એ જગ્યા છે વગેરે વગેરે. આ મિલકત સંપૂર્ણ પણે એક જુદા ટ્રસ્ટમાં છે, એવું સાંભળવા મળેલ છે. આ ટ્રસ્ટના માલિક કડવા પટેલો છે. આ મિલકત કોઈ કાળે મુસલમાનોના હાથમાં જાય તેમ નથી.

નોંધ ૩: આ બન્ને મિલકતો વચ્ચે, એક દરવાજો છે, જેને બંધ કરવા માત્રથી બન્ને મિલકતો જુદી પડી જશે. કબ્રસ્તાનનો મૂળ દરવાજો, જે ઈમામશાહના સમયથી હતો, તે દરવાજો કબ્રસ્તાનના દક્ષિણ ભાગમાં આજે પણ છે. આ દરવાજો ખુલ્લો કરવાની માંગ સૈય્યદો વર્ષોથી કરી રહ્યા છે. માટે આ દરવાજો ખુલ્લો કરવાથી કોઈ વિવાદ ઊભો નહીં થાય. બધા ખુશ થશે અને ઈમામશાહને કાયમ માટે છોડી શકાશે. આવી રીતે પીરાણાની મિલકતો જુદી પાડીને ઊંઝાના ચુકાદાનું અમલીકરણ કરવા માટે પહેલું પગલું ભરી શકાય એમ છે. મુસલમાનોની મિલકત એમને મળી જાય તો એ લોકો પણ રાજી. પીરાણાની હિંદુઓની મિલકત જુદી પડી જાય તો હિંદુઓ રાજી. ઊંઝાના ચુકાદા પ્રમાણે સતપંથીઓ ઈમામશાહને છોડી પણ દે.

પણ સેંકડો વર્ષોના અનુભવના આધારે એવું કહી શકાય કે સતપંથીઓ ઈમામશાહને છોડશે નહીં. જરૂર જણાશે તો ઈમામશાહને ભારતીય અથવા હિંદુ નામ આપી દેશે. તેમણે સદ્ગુરુ તો કહે છે એ આપણને ખ્યાલ છે, પણ ઘણા પુસ્તકોમાં ઈમામશાહને સતપંથમાં બ્રહ્મા કહે છે અને અમુક વખત બ્રહ્માનો અવતાર ગણાવે છે.

e. **પીરાણાને ન છોડવા માટે:** ઉપર જણાવ્યા પ્રમાણે પીરાણાની મિલકત અને આવક મુસલમાનના હાથમાં જતી ન રહે, એવી વાત કરીને પંચોને અને સનાતનીઓને મનાવવાના પ્રયત્ન થશે. સમયની માંગ છે માટે માત્ર વહીવટ પૂરતા અમારા લોકોને પીરાણાની સંસ્થામાં જોડાઈ રહેવા અનુમતિ આપો. આમ કહીને વહીવટ કરવા અનુમતિ મળી જાય, તો તેમનું સંબંધ ઉર્ફે કનેક્શન પીરાણા / ઈમામ શાહ / નિષ્કલંકી નારાયણ / સતપંથ સાથે ટકી રહેશે.

અગર સતપંથીઓને ખરે ખર ઊંઝાનો ચુકાદાનું પાલન કરવું હોય તો પીરાણામાં થતા તમામ ધાર્મિક કાર્યક્રમો તેમજ કોઈ પણ અન્ય કાર્યક્રમોને બંધ કરી શકે છે. આમ સનાતનીઓ આડા નહીં આવે. તેમજ મુસલમાનો પણ આડા નહીં આવે. પણ સતપંથ છોડવું નથી એટલે આવું નહીં કરે.

આવી રીતે હિંદુ સમાજમાં સભ્ય બની ગયા બાદ, મૂળ સતપંથ ધર્મ સાથે ગમે તેમ કરીને કનેક્શન/સંબંધ/જોડાણ ટકાવી રાખીને પોતાનું અસ્તિત્વનો બચાવ કરવાની આ ચાલ છે. ઊંઝાના વડીલોને આના માટે જૂઠા વાયદાઓ આપીને તેમનો વિશ્વાસ મેળવી લેવાના પ્રયત્નો થશે. સનાતનવાળા જીદ્દી છે, અક્કડ વલણ રાખનાર છે, બાંધછોડ કરતા નથી, સમસ્યાનો ઉકેલ આવતો નથી, તેવી સતત વાતો કરીને ઊંઝાવાળાના મગજમાં સનાતનીઓ માટે ઘૃણા અને પૂર્વગ્રહ નિર્માણ કરવાના પ્રયત્ન થશે. પંચોના મનમાં સનાતનીઓ માટે નફરત પેદા કરી દેવાના પ્રયત્નો થશે. આવું કરવામાં સતપંથીઓ અગર સફળ થઇ જાય તો તેમના માટે ખૂબ સારું થાય. જ્યારે સનાતનીઓ સતપંથીઓની ઉપર જણાવેલ રમતોને ઊંઝાના પંચો સમક્ષ ખુલ્લા કરવાની કોશિશ કરે, ત્યારે ઊંઝાના વડીલોના મગજમાં ભરાયેલ પૂર્વગ્રહના કારણે એ વાત સ્વીકારે જ નહીં. બદલામાં સતપંથના જૂઠા આશ્વાસનો પર વિશ્વાસ મૂકીને ઉપર જણાવ્યા પ્રમાણે હિંદુ સમાજમાં સભ્ય બની, પોતાનો ઇસ્લામી ધર્મ ટકાવી, હિંદુઓને સતપંથમાં આકર્ષિત કરવાનું કામ કરતા રહે. જેથી ભવિષ્યમાં આ લોકોને સંપૂર્ણ રીતે મુસલમાન બનાવી શકાય. સતપંથીઓની આ સંભવિત ચાલ સનાતનીઓના ધ્યાનમાં આવી છે.

સનાતન સમાજના પ્રમુખ શ્રી અબજીભાઈ કાનાણી અને ઊંઝાના...
દિલીપભાઈ નેતાજી (તત્કાલીન મંત્રી) સાથે તા. ૦૮-જૂન-૨૦૧૮ ના ફોન ઉપર થયેલ વાત અને
મણીભાઈ મમી (તત્કાલીન પ્રમુખ) સાથે તા. ૧૧-જૂન-૨૦૧૮ના ફોન ઉપર થયેલ વાત

અબજીભાઈ દ્વારા મુકવામાં આવેલ વાત, જેમાં મણીભાઈ મમી અને દિલીપભાઈ નેતાજી સંપૂર્ણ રીતે સહમત થયા.

પ્રશ્ન રૂપે આ વાતો છે, જેના જવાબો પણ એજ પ્રશ્નોમાં છે.

1. સાધુઓનો અભિપ્રાય લેવાની વાત ક્યાંયથી આવી? તા ૦૪-જુલાઈ-૨૦૧૫ની પહેલી બેઠક, જેમાં ઉકેલ લાવવાની પ્રણાલિકા નક્કી કરવામાં આવી હતી, તે મિટિંગમાં આવી કોઈ પ્રણાલિકા કરવાની વાત નક્કી કરવામાં નહોતી આવી.
2. સાધુઓનો અભિપ્રાય લેવાની વાત આવે છે, તો શું ઉમિયા માતાજીએ બરાબર અભ્યાસ કર્યા વગર ચુકાદો આપેલ છે?
3. જો આવું થાય તો ઉમિયા માતાજીની ગરિમાનું શું થાય?
4. જેરામભાઈનો પક્ષકાર તરીકેનો વ્યવહાર બરાબર નથી. સતપંથવાળા સાથે પોતાના ઘરે વારે ઘડીએ મળે અને રમતો નક્કી કરે એ બરાબર નથી.
5. સનાતન સમાજ તરફથી અમલીકરણ ટીમના દરેકે દરેક સભ્ય સંપૂર્ણ જવાબદારી સાથે આવે છે. સનાતન સમાજ તરફથી બધી વાતો રજૂ કરવાનો તેમને પૂરે પૂરો અધિકાર આપવામાં આવેલ છે. સનાતનીઓને પોતાની રજૂઆત કરવાથી અટકાવવામાં આવે એ વાત બરાબર નથી. સભ્યનું અપમાન પણ ન થવું જોઈએ. દરેકે દરેક સભ્યને સન્માન મળવું જોઈએ. આ અંગે જેરામભાઈનો વ્યવહાર બરાબર નથી.

મણીભાઈ મમી અને દિલીપભાઈએ કબૂલ કર્યું કે સાધુઓનો અભિપ્રાય લેવાની વાત બરાબર નથી. એટલે એમાં આગળ વધવાનું હવે રહેતું નથી. જેરામભાઈનો વ્યવહાર અમોને પણ ઠીક નથી લાગ્યો. તેમને કહી દેવામાં આવ્યું છે કે તમે આ રીતે વ્યવહાર કરો એ બરાબર નથી.

૧૨ સનાતનીઓ તરફથી સકારાત્મક પ્રતિક્રિયા

ઊંઝાના ચુકાદા પછી સનાતનીઓ તરફથી આવેલ મહત્ત્વની નોંધપાત્ર પ્રતિક્રિયાઓ આ પ્રમાણે છે.

1. ઊંઝાના ચુકાદા આવતાંજ માત્ર બે દિવસમાં એટલે તા.૧૦-ઓક્ટોબર-૨૦૧૭ના આપણી સનાતની કેન્દ્રીય સમાજે ચુકાદાને આવકારતો એક જ્ઞાતિજોગ સંદેશો બહાર પાડેલ હતો.

2. સનાતન સમાજની તમામ સમાચાર પત્રિકાઓમાં તેમજ વ્યક્તિગત રીતે સનાતની લોકોએ સોસિયલ મીડિયામાં ઊંઝા દ્વારા આપેલ ચુકાદાને આવકાર આપી તેને પુરા જોશથી પ્રસિદ્ધિ આપી. દરેક સનાતનીઓના ઘર ઘર સુધી આ ચુકાદાની જાણકારી પહોંચાડી. જેની સકારાત્મક નોંધ ઊંઝાના વડીલોએ ખાસ લીધેલ છે.

3. સતપંથ સમાજના ભાઈઓને આપણી હિંદુ પાટીદાર જ્ઞાતિમાં ભેળવવા માટે આસાની રહે, સનાતનીઓ સાથે નજીક આવશે તો તેમના મનના ઘણા પ્રશ્નોનું નિવારણ આવી જશે. પોતાના મનના સંકોચો દૂર કરી સનાતન સમાજમાં ભળવા માટે પ્રેરાય તેવા ઉમદા હેતુથી, ઊંઝાના પંચોએ આપેલ સૂચન પ્રમાણે તા.૨૫-ઓક્ટોબર-૨૦૧૭ના ઉમિયા માતાજી વાંઢાય સંસ્થાએ કચ્છના સમસ્ત પાટીદાર જ્ઞાતિનું એક સ્નેહ મિલન ગોઠવેલ હતું. જેમાં સતપંથીઓ પણ હાજર રહેલ હતા.

4. સનાતનીઓ તરફથી સમાજના પ્રમુખ શ્રી અબજીભાઈ કાનાણીએ તા. ૦૧-નવેમ્બર-૨૦૧૭ના "સતપંથ વિવાદનો સુખદ અંત લાવવા જ્ઞાતિ જનોને માર્ગદર્શન આપતો... જ્ઞાતિ જોગ સંદેશ" બહાર પાડ્યો. આ સંદેશમાં સનાતની સમાજે ઊંઝાના ચુકાદાનું સ્વાગત કરેલ અને ચુકાદાના પાલનમાં એકરૂપતા જાળવીને સકારાત્મક રીતે આગળ વધવા માટે જરૂરી સૂચનાઓ આપેલ. આ અંગે માર્ગદર્શન પણ આપેલ. આવનાર સતપંથીઓને માન સન્માનથી સ્વીકારવામાં આવે એવી ભલામણ કરવામાં આવેલ.

5. તા. ૨૧-નવેમ્બર-૨૦૧૭ ના કેન્દ્રીય સમાજના પ્રમુખ દ્વારા ફરીથી એક આવાહન બહાર પાડવામાં આવ્યો. આ આવાહનમાં ચુકાદાને ધ્યાનમાં લઇને સમાજ જૂના વાદ-વિવાદો ભૂલી એક થવાના વિચારો રજૂ કરેલ હતા.

6. સતપંથ ધર્મ ત્યાગીને સનાતનીઓની ધાર્મિક શ્રદ્ધા મજબૂત કરવા અને સનાતનીઓને એક કરવાના હેતુથી સનાતની સમાજ દ્વારા ઊભું કરવામાં આવેલ કચ્છ, વાંઢાયમાં આવેલ ઉમિયા માતાજીમાં અખતરા કે પ્રયોગ માટે અમુક સતપંથીઓને "આમંત્રિત" સભ્ય તરીકે તા. ૨૮-જાન્યુઆરી-૨૦૧૮ની સામાન્ય સભામાં નિર્ણય કર્યો. ઊંઝાના પંચના એક સભ્યની વ્યક્તિગત વિનંતીથી સતપંથના ત્રણ સભ્યોને, જેમાં તત્કાલીન સતપંથ સમાજના પ્રમુખ દેવજી કરસન ભાવાણી, રતનશી લાલજી વેલાણી, ધનજી રામજી ધોળુ વગેરે સામેલ છે. આ ત્રણ સતપંથીઓને વાંઢાયની કારોબારીમાં આમંત્રિત સભ્ય તરીકે લેવામાં આવ્યા. (આ નિર્ણયનો જાહેર સનાતની જનતાએ ખૂબ વિરોધ કર્યો જેનાથી નિર્ણય વિવાદમાં આવી ગયો. પણ નિર્ણય લીધા પછી અખતરો પૂરો કરવામાં બધા સહમત થયા હતા.) લેવામાં આવેલ આ સતપંથી સભ્યો દ્વારા વાર્ષિક સામાન્ય સભામાં મંચ ઉપરથી વારેઘડીએ એવી બાહેંધરી આપવામાં આવી હતી, કે અમોને વાંઢાયમાં લેવાથી સતપંથીઓ સંપૂર્ણ પણે સનાતન હિંદુ ધર્મ સ્વીકારીને સનાતન સમાજમાં ભળી જશે. સતપંથ સમાજના અગ્રણીઓની જાહેર જનતાને આપેલ ભરોસા ઉપર વિશ્વાસ મૂકીને નિયમો અને પ્રણાલિકાના બહાર જઈને તેમને સનાતન સમાજમાં ભેળવવાનો એક પ્રયોગ કર્યો.

નોંધ: પણ દુર્ભાગ્યે આ સતપંથીઓએ સનાતન સમાજ સાથે વિશ્વાસઘાત કર્યો. આ પુસ્તકમાં આગળ જણાવેલ છે તે પ્રમાણે આ લોકોનો સાચો ઈરાદો ક્યારે સતપંથ છોડવાનો નહોતો. થોડા દિવસોમાંજ સતપંથ સમાજે વાક્ચાતુર્ય યુક્ત એવો જ્ઞાતિ જોગ સંદેશ બહાર પાડ્યો કે જેમાં તેઓએ એવો ચોખ્ખે ચોખ્ખો સંદેશો આપ્યો છે કે તેઓ ઊંઝાના ચુકાદાનું પાલન નહીં કરે. આ વાતની ગંભીર નોંધ લઇને તા. ૨૪-ઓગસ્ટ-૨૦૧૮ના વાંઢાય ખાતે યોજાયેલ સભામાં આ સતપંથીઓના નામોને આમંત્રિત સભ્યોની યાદીમાંથી બેદખલ કરી નાખવામાં આવ્યા.

7. સમાચાર પત્રિકાઓમાં, સોસિયલ મીડિયામાં અને નાની મોટી સમાજના બેઠકોમાં, સભાઓમાં આ ચુકાદા અંગે ખૂબજ સકારાત્મક ચર્ચા વિચારોની આપલે સતત કરવામાં આવી. અને તેનો ખૂબ સારો પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો.

8. તા. ૧૧-મે-૨૦૧૮ના સુરત SUV સ્કૂલના દશાબ્દી ઉત્સવના કાર્યક્રમ દરમ્યાન, ભારતભરના દરેક સમાજોમાંથી આવેલ લોકોના હાજરીમાં ઉમિયા માતાજી ઊંઝાનું અભિવાદન કાર્યક્રમ રાખવામાં આવ્યો. આ કાર્યક્રમ મારફતે સનાતની સમાજે ઉમિયા માતાજી ઊંઝા દ્વારા જ્ઞાતિ સુધાર કાર્યોની વિશેષ નોંધ લઇને તેમના દ્વારા કરવામાં આવેલ ત્રણ ત્રણ વર્ષ સુધીના અથાગ પ્રયાસોનું ઋણ સ્વીકારવામાં આવ્યું.

આવી રીતે એકદમ કટિબદ્ધ થઇને સનાતની સમાજ ઊંઝાના ચુકાદાના સંપૂર્ણ પણે પાલનની દિશા તરફ મક્કમ રીતે આગળ વધી રહ્યા છે. કહેવાનો મતલબ એટલોજ છે કે સનાતનીઓ ઉમિયા માતાજી ઊંઝાના ચુકાદાનો સંપૂર્ણ પણે પાલન કર્યું. જે સનાતનીઓની કથની અને કરણીથી સાબિત થાય છે.

૧૩ સતપંથીઓ તરફથી નકારાત્મક પ્રતિક્રિયા

સતપંથીઓ તરફથી આવેલ પ્રતિક્રિયાઓનું વિશ્લેષણ આ પ્રમાણે છે.

1. સત્ય અને જૂઠ જાણવાની સાચી રીત:

કહેવાય છે ને કે કોઈકની સાચી પરખ એની વાણીથી નહીં પણ વર્તનથી થાય. તેવીજ બીજી કહેવત છે કે કોઈના સાચા ઈરાદા જાણવા હોય તો તેની કથની પર નહીં પણ કરણીને ધ્યાને લેવું પડે. કહેવાનો મતલબ એટલો છે કે જ્યારે આપણને એવી પરિસ્થિતિનો સામનો કરવો પડે કે જેમાં આપણને સાચા કે ખોટાનો નિર્ણય કરવો પડતો હોય, ત્યારે મોઢાંની સારી સારી વાતો પર નહીં, પણ સામેવાળાએ કરેલ કર્મો, લીધેલા પગલાંઓ, કરેલ વર્તનનું અવલોકન કરીને પછીજ કોણ સાચું કે ખોટું એનો નિર્ણય લેવો જોઈએ. સામાન્ય ભાષામાં કહીએ તો એક ખોટા બોલા માણસને પકડવો હોય, તો તેની વાતોથી નહીં પકડી શખાય, તેને તેનાં કામોથીજ પકડવો પડે.

જ્યારે બન્ને પક્ષ એકબીજાને ખોટા કહેતો હોય ક્યારે સાચા પક્ષ અને ખોટા પક્ષને ઓળખવો કેવી રીતે? ત્યારે આપણે પરિસ્થિતિ પ્રમાણે બન્ને પક્ષો તરફથી **અપેક્ષિત પ્રતિક્રિયાની** સામે તેમની **વાસ્તવિક પ્રતિક્રિયા (Expected Reaction vs Actual Reaction)** થી સરખાવવી પડે. જ્યારે આપણે સતપંથ સમાજ તરફથી અપેક્ષિત પ્રતિક્રિયા અને વાસ્તવિક પ્રતિક્રિયાને સરખાવશું, ત્યારે આપણે ચુકાદાના અમલીકરણ વિષે સતપંથ સમાજનો સાચો ઈરાદો અથવા તો આશય ખબર પડશે.

દાખલા તરીકે જ્યારે સતપંથ સમાજ કહેતો હોય કે અમે ઉમિયા માતાજી ઊંઝાના ચુકાદાનું પાલન કરીશું, ત્યારે સતપંથ સમાજ પાસેથી અપેક્ષા હોય કે ચુકાદાને જાહેરમાં આવકારે અને ચુકાદામાં જણાવ્યા પ્રમાણે પહેલાં તમામ કોર્ટ કેસો પાછા ખેંચી લે. આ છે તેમની પાસેથી અપેક્ષિત પ્રતિક્રિયા. તેની સામે સતપંથવાળાઓએ શું પ્રતિક્રિયા આપી એ સરખાવીને જોઈએ. આજ દિવસ સુધી ચુકાદાને સતપંથ સમાજે જાહેરમાં આવકાર્યો નથી. સતપંથવાળાએ કોર્ટ કેસ પાછા ન ખેંચ્યા. ઈમામશાહને છોડવાના બદલે ઈમામશાહની શિક્ષાપત્રીમાં બતાવેલ રસ્તા પર આગળ વધવાનું જાહેર નિવેદન સતપંથ સમાજના પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું. નિષ્કલંકી નારાયણને છોડવાના બદલે નવા કહેવાતા મંદિરો ઊભા કરવામાં આવ્યા. પીરાણાને વધુ મજબૂત કેમ કરવું તેનાં માટે ચિંતન સભાઓ કે વિચાર ગોષ્ટી સભાઓ યોજવામાં આવી. ચુકાદાનું પાલન ખોરંભે ચડી જાય એ માટે અવનવી શરતો અમલીકરણ સમિતિની બેઠકોમાં રાખવામાં આવી. જેવી કે સતપંથના સાધુને પૂછીને ચુકાદાનું અમલ કરીશું, મિલકત મુસલમાનોના હાથમાં ન ચાલી જાય વગેરે વગેરે. ટૂંકમાં ઉમિયા માતાજી ઊંઝા દ્વારા રોક લગાડેલ તમામ કાર્યો કરવાની પ્રતિક્રિયા સતપંથ સમાજે આપનાવી. જેના પરથી આપણે ખ્યાલ આવે છે કે સતપંથ સમાજનો ઈરાદો ઊંઝાના ચુકાદાનું પાલન ન કરવાનો છે. પાલન કરવાના બદલે એ લોકો ઉમિયા માતાજી ઊંઝાનું અપમાન કરી રહ્યા છે.

આજ પદ્ધતિથી આપણે જાણીશું કે સતપંથીઓ દ્વારા ઊંઝાના ચુકાદાનું સંપૂર્ણ પણે પાલન કરવાની જે ઉપર છેલ્લી વાતો થાય છે તેની પાછળના તથ્યોમાં માત્ર સતપંથ ધર્મ છોડ્યા વગર સનાતન સમાજમાં ઘૂસવાનું ષડ્યંત્ર છે. આવું કરવાથી તેમને મળેલ હિંદુ ઓળખના દમ ઉપર પોતાની સતપંથ સમાજને છોડવાના બદલે તેને વધુ મજબૂત બનાવવાનો ઈરાદો છે. ત્યાર બાદ લાંબા ગળે, મૂળ સતપંથ ધર્મ પાળીને જે રીતે હિંદુ લોહાણાઓને ધીરે ધીરે ખોજા મુસલમાન બનાવી નાખવામાં આવ્યા, તેવી રીતે પીરાણા સતપંથમાં પણ હિંદુઓને મુસલમાન બનાવવાની ચાલ અનુકૂળ સમયે રમી શકાય, તે માટે હમણાંથીજ હિંદુ સમાજને નબળો (vulnerable) કરતા જવાનું પ્રપંચ છે.

2. સતપંથીઓની પ્રતિક્રિયા:

સતપંથવાળા તરફથી આવેલ નોંધ લેવા પાત્ર અમુક પ્રતિક્રિયાઓ તરફ નજર કરીએ.

2.1. ઊંઝાના ચુકાદાનો સ્વીકાર કરી બિનશરતે તેના પાલન માટે આવાહન કરતો કોઈ પણ જાહેર સંદેશો આજ દિવસ સુધી સતપંથ સમાજ તરફથી આવેલ નથી.

2.2. અમલીકરણ સમિતિની બીજી મિટિંગમાં નક્કી થયેલ વાત કે સતપંથવાળા સતપંથ ધર્મ છોડી કાયમ માટે સનાતન ધર્મમાં સ્વીકારશે અને ઊંઝા દ્વારા આપેલ ચુકાદાને કોઈ પણ શરત વગર, સંપૂર્ણ પણે પાલન કરવા તૈયાર છે, એવો પત્ર આજ દિવસ સુધી આપેલ નથી.

2.3. સતપંથ હિંદુ ધર્મ છે એવો ઉમિયા માતાજી ઊંઝાએ ચુકાદો આપેલ છે. આવી તદ્દન જૂઠી વાત તા. ૦૯-ઓક્ટોબર-૨૦૧૭ના સોસિયલ મીડિયામાં વોટ્સએપ પર મેસેજ ફરતો થયો હતો. અને આ મેસેજની સાથે એક ફોટો પણ ફરતો થયો હતો, જેમાં ઉમિયા માતાજી ઊંઝામાં ચુકાદો આપતી વખતે ભેગા થયેલ બન્ને પક્ષોના લોકો માતાજીની મૂર્તિ સામે ઊભા છે. આ મેસેજ ખોટો છે, એવું સતપંથ સમાજ તરફથી કોઈ ખંડન આવ્યું નથી.

2.4. પ્રિન્સીપાલ સુરેશભાઈ ખેડબ્રહ્માવાળાએ, જે પોતે સતપંથ સમાજના પ્રખર આગેવાન છે, તેમના નામથી તા. ૧૦-ઓક્ટોબર-૨૦૧૭ના વોટ્સએપ મેસેજ ફરતો કર્યો હતો. તેમાં પણ ઉપર જણાવેલ ભ્રામક વાત લખી હતી.

2.5. નખત્રાણાના નિષ્કલંકી નારાયણ ખાનામાં (ઉર્ફે મંદિરમાં) તા. ૨૭ થી ૨૯-ઓક્ટોબર-૨૦૧૭ વચ્ચે એક મિટિંગ બોલાવવામાં આવી હતી. તેમાં મંચ ઉપરથી એવું આવાહન કરવામાં આવ્યું કે ગમે તે ભોગે સતપંથ ધર્મને ટકાવી રાખવો પડશે. તેમાં જાહેરમાં સ્વીકારવામાં આવ્યું કે તેમનું કર્મકાંડ જેણે વારિયજ્ઞ કહેવામાં આવે છે, તે મુસલમાન ધર્મના કર્મકાંડો સાથે સંલગ્ન છે. કોઈ ફરક નથી. ફરક માત્ર ભાષાનો છે. ઊંઝાના ચુકાદામાં આદેશ આપેલ છે કે તેઓએ સતપંથના ક્રિયાકર્મો છોડી દઈને હિંદુ ધર્મના ક્રિયાકર્મો કરવાનું કહેલ છે. ઊંઝાના ચુકાદાનું અપમાન કરતો આદેશ આ દિવસે આપવામાં આવ્યો કે સતપંથની તમામ સંસ્થાઓમાં, ખાનાઓ (ઉર્ફે મંદિરો)માં, સતપંથની સમાજોમાં આ ક્રિયાકાંડો જે વર્ષોથી કરી રહ્યા છે, તેને વળગી રહેવાનું છે.

2.6. સનાતની સમાજ તરફથી ચુકાદાને આવકાર આપતો તા. ૦૧-નવેમ્બર-૨૦૧૭નો જાહેર સંદેશના પ્રત્યુત્તરમાં સતપંથી આગેવાનો તા.૦૨-નવેમ્બર-૨૦૧૭ના એક પેમ્પલેટ મારફતે અનામી મેસેજ વોટ્સએપ પર ફરતો કરવામાં આવ્યો, જેનામાં તેઓ ઘણી બધી બનાવટી વાતો લખી છે. તેમાં મુખ્ય છે કે...

- "અખિલ ભારતીય સંત સમિતિ અને હિંદુ ધાર્મિક અખાડાઓ દ્વારા સતપંથ સંપ્રદાયનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ તેને હિંદુ ધર્મનો અંગ તરીકેની માન્યતા આપેલ જ છે."

- ચુકાદામાં લખેલ "ઈમામશાહ શબ્દ મુસ્લિમ (ઈસ્લામધર્મ) સાથે જોડાયલો છે, જેથી મુસ્લિમ (ઈસ્લામધર્મ) ના કોઈપણ ક્રિયાકર્મ-વિધિ વિધાન સતપંથ સમાજે કરવી નહીં". આ વિષે કંઈ લખવામાં આવેલ નહોતું. શા માટે? કંઇક છુપાવવા માટે જ હોય ને?

- ચુકાદામાં લખેલ હજી એક મહત્ત્વનો મુદ્દો કે પીરાણા પંથ વિષ્ણુ ભગવાનના દસ અવતારોમાં દસમાં અવતાર "નિષ્કલંકી નારાયણ" એ હિંદુ ધર્મની માન્યતા વિરુદ્ધ છે. આ મહત્ત્વના વિષય ઉપર પણ

 મેસેજમાં કંઈજ જણાવેલ નહોતું. જેથી લોકોને સંપૂર્ણ હકીકતથી વંચિત રાખી, તેમને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ હતો.

આ પેમ્ફલેટ (Pamphlet) નું જાહેર ખંડન સતપંથ સમાજ તરફથી આવેલ નથી.

2.7. ચંદુલાલ કરમશી કરીને કોઈ એક વ્યક્તિએ તા.૦૯-નવેમ્બર-૨૦૧૭ના સતપંથ તરફી ઊંઝાના ચુકાદા વિરુદ્ધ સોસિયલ મીડિયામાં એક પેમ્પલેટ ફેરવાયું હતું.

2.8. ચુકાદામાં આદેશ આપેલ છે કે બન્ને સમાજો ભળી જઈને એક સમાજ તરીકે વ્યવહાર કરવાનો છે. સતપંથ પાસેથી અપેક્ષિત પ્રતિક્રિયા હતી કે તેઓ કમ સે કમ જ્યાં જ્યાં સતપંથ અને સનાતનની સમાજ ભેગી છે, ત્યાં માહોલ બગાડે નહીં. પણ વાસ્તવિક પ્રતિક્રિયા કેવી આપી? ગામ વિરાણી (ગઢ) માં જ્યાં સતપંથ અને સનાતનવાળાઓની વર્ષોથી સંયુક્ત સમાજ ચાલતી હતી, તેનાંમાંથી સતપંથ સમાજવાળાઓએ સનાતન વાળાને કાઢી નાખ્યા. પહેલાં તા.૧૨-ડીસેમ્બર-૨૦૧૭ના બન્ને સમાજોના સંયુક્ત વાસણો હતા, તેને સનાતનીઓને આપવાની ના પાડી દીધી. ત્યાર બાદ તા. ૧૯-એપ્રિલ-૨૦૧૮ થી સંયુક્ત સમાજવાડી પણ સનાતનીઓને વાપરવાથી રોકી દીધા. સતપંથવાળા આવું એટલા માટે કરી શક્યા કારણ કે એકતા, સંપ, સંગઠન, ગામમાં ભાગલા ન જોઈએ, સતપંથ અને સનાતન એકજ છે, એવી આદર્શવાદી વાતો કરીને, જનતાને ભોળવીને સમાજનું સંચાલન સતપંથવાળાઓએ પોતાની પાસે રાખેલ હતું. તેમનો અનુકૂળ સમય આવ્યો એટલે સનાતનીઓ સાથે વિશ્વાસઘાત કરી, સનાતનીઓને સમાજની મિલકતમાંથી બહાર કાઢી નાખ્યા. આ સંપૂર્ણ કાંડ ઊંઝાના ચુકાદાની અવગણના કરીને કરવામાં આવેલ છે.

2.9. ચુકાદાનો એક મહત્ત્વનો ભાગ હતો કે હાલના સતપંથીઓ પીરાણાથી નીકળી જાય અને તેનું પીરાણાનું સંચાલન કેન્દ્રીય સમાજ કરે. જેથી કરીને લાંબે ગાળે કડવા પાટીદારો પીરાણામાં આવતા જતા ઓછા થઇ જાય. કેન્દ્રીય સમાજ પોતાના નીતિ નિયમો પ્રમાણે વહીવટ કરે, એવો આદેશ ચુકાદામાં આપેલ છે. જ્યારે સતપંથ પાસેથી અપેક્ષિત હતું કે પીરાણાના સંચાલનના હસ્તાંતરણ અંગે કેન્દ્રીય સમાજના આગેવાનોની સાથે વાતચીત કરી આગળ વધે. તેની જગ્યાએ સતપંથવાળાઓએ તા.૩૧-ડીસેમ્બર-૨૦૧૭ના પીરાણામાં એક ચિંતન સભા બોલાવી પીરાણાને કેમ ધમધમતું કરવું જેથી કરીને વધુમાં વધુ સંખ્યામાં લોકો પીરાણા આવજાવ કરે અને પીરાણા સાથે જોડાય.

2.10. ઉમિયા માતાજી વાંઢાયમાં સતપંથવાળાઓને સનાતન સમાજમાં આવકારવા માટે ભરેલું સકારાત્મક પગલાંનો પ્રતિકાર સતપંથ તરફથી કેવો નકારાત્મક રીતે આવ્યો એ જોઈએ. કોલ્હાપુરના વીરજી લધા ભાદાણી, મૂળ દેશલપર (ગુંતલી) પરિવારની આ વાત છે. જેમના દીકરા રામજીભાઈ સતપંથના તત્કાલીન માજી પ્રમુખ છે. આ આખો પરિવાર **સતપંથ ધર્મને કાયમ માટે છોડીને** સનાતન સમાજમાં આવવા માટે તૈયાર હતો. પ્રક્રિયા નક્કી કરવા કોલ્હાપુર સનાતન સમાજ સાથે અવારનવાર અનેકવાર મિટિંગ પણ કરી ચૂક્યા હતા. બધા મુદ્દાઓનું સમાધાન થઇ ગયું હતું. બધુંજ નક્કી હતું. કોર્ટમાં જઈને માત્ર સહીં કરવાનું કામ બાકી હતું. અગાઉ એકાદ બે વખત કોર્ટમાં જજ સામે પોતાની આ ઈચ્છા ભાદાણી પરિવારે વ્યક્ત પણ કરેલ હતી. પણ વાંઢાયમાં સતપંથીઓને લેવાના કારણે એવી ભ્રમણાઓ ફેલાવવામાં આવી કે સનાતન સમાજવાળાઓએ હવે સતપંથને સ્વીકારી લીધો છે. જુઓ એટલેજ સનાતનીઓએ સતપંથવાળાને તેમની ઉમિયા માતાજી વાંઢાયની ધાર્મિક સંસ્થામાં લીધા છે. સતપંથ ધર્મ હિંદુ છે, એટલેજ હિંદુ ધર્મની આ સંસ્થામાં તેમને સ્થાન આપવામાં આવ્યું છે. આવી ભ્રમણાઓના કારણે તા. ૦૮-ફેબ્રુઆરી-૨૦૧૮ના અરસપરસ કોલ્હાપુરના આ ભાદાણી પરિવાર પોતાના

 નિર્ણયથી ફરી ગયું અને સતપંથમાં અટકીને રહ્યા. સનાતની સમાજની સકારાત્મક પગલાંનો કેવો દુરુપયોગ કરી સતપંથ સમાજને બચાવવમાં આવ્યો, તેની નોંધ લેવા ખાસ વિનંતી.

2.11. તેજ અરસામાં એટલે કે લગભગ તા. ૦૮-ફેબ્રુઆરી-૨૦૧૮ની આસપાસ, લોનાવાલામાં સતપંથના પ્રેમદાસબાપુની એક શિબિરમાં ઊંઝાના ચુકાદાના અમલવારી વિષે પ્રશ્ન ઊભો થયો. ત્યારે જવાબ આપવામાં આવ્યો કે આપણે એટલે કે સતપંથ હિંદુ ધર્મજ છે. અને સનાતન સમાજવાળાઓને આપણને સ્વીકારી લીધા છે. જુઓને એટલેજ આપણા પ્રમુખ દેવજીભાઈ ભાવાણી, રતનશી લાલજી દીવાણી વગેરેને ઉમિયા માતાજી વાંઢાયમાં લીધા. સનાતનીઓને સકારાત્મક પગલાંનો કરેલ દુરુપયોગનો આ એક બીજો દાખલો છે.

2.12. ઊંઝાના ચુકાદામાં આદેશ આપેલ છે કે નિષ્કલંકી નારાયણ હિંદુ ધર્મની માન્યતા વિરુદ્ધ છે. માટે સતપંથીઓએ નિષ્કલંકી નારાયણને માનવું નહીં. તેનાં બદલામાં કચ્છના ભારાપર (દુર્ગાપુર) ગામમાં નિષ્કલંકી નારાયણનું નવું મંદિર બંધાવવા માટે તા.૨૧-ફેબ્રુઆરી-૨૦૧૮ ના પાયાવિધિ કરવામાં આવી. આ પ્રસંગના ફોટોમાં વાંઢાયમાં સનાતન હિંદુ ધર્મને સંપૂર્ણ પણે સ્વીકારવાની બાહેંધરી આપનાર સતપંથના માજી પ્રમુખ શ્રી રતનશી લાલજી વેલાણી પણ દેખાય છે. જ્યારે ઉમિયા માતાજીના ચુકાદામાં આદેશ છે કે સતપંથ અને નિષ્કલંકી નારાયણને ત્યાગવાનું છે. ત્યારે સતપંથના લોકો નવેસરથી નિષ્કલંકી નારાયણના નવા કહેવાતા મંદિરો ઊભા કરવા લાગ્યા. સતપંથવાળાની આ નકારાત્મક પ્રતિક્રિયા દ્વારા તેઓએ માત્ર ઉમિયા માતાજી ઊંઝાના ચુકાદાનું નહીં પણ સનાતનીઓ દ્વારા બન્ને સમાજો વચ્ચે સદભાવ ઊભો કરવા માટે વાંઢાયમાં અપનાવેલ સકારાત્મક વલણનું સરાસર અપમાન કર્યું હતું. આ પ્રતિક્રિયાથી સનાતનીઓને એવો સંદેશ મળ્યો કે ગમે તેવા સારા પગલાં તમે ભરો, અમે ઈમામશાહ, નિષ્કલંકી નારાયણ, પીરાણા અને સતપંથને છોડશું નહીં. ઊંઝાનો ચુકાદાને અમો ગણકારશું નહીં.

2.13. જ્યારે નિષ્કલંકી નારાયણને પૂજવાનું બંધ કરવાનો આદેશ ઊંઝાના ચુકાદામાં છે, ત્યારે તા.૧૧-મે-૨૦૧૮ના કુરબઈ ગામમાં એક નિર્ણય લેવામાં આવ્યો કે સતપંથ અને સનાતનની સંયુક્ત મિલકતમાં જૂના નિષ્કલંકી મંદિરને તોડીને નવું નિષ્કલંકી મંદિરને બાંધવું.

2.14. સતપંથ સમાજના સંબંધો સનાતની સમાજથી કપાઈ ન જાય અને સતપંથને સનાતન સમાજવાળા સ્વીકારી લે, જેથી કરીને તેમનું અસ્તિત્વ ટકી રહે, તે હેતુથી તા. ૨૨-અપ્રિલ-૨૦૧૮ ના દેશલપર (વાંઢાય) ગામમાં સતપંથવાળાઓએ દીકરીઓ પ્રત્યેની લાગણીનો દુરુપયોગ કર્યો. નીયાણીને દાન આપવું છે, નીયાણીતો બધાની છે, નીયાણીઓમાં ધર્મ વચ્ચે ન લાવવો જોઈએ, એવી ડાહી ડાહી વાતોની આડમાં સનાતનીઓ સાથે એક સંયુક્ત કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં સતપંથ અને સનાતન બન્નેની દીકરીઓ અને જમાઈઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રચાર એવો હતો કે આ તો નીયાણાઓનો કાર્યક્રમ છે. આમાં ધર્મ ન હોય. એટલે આવા કાર્યક્રમ મારફતે સનાતનીઓ સાથે સતપંથના સંબંધો યેન કેન પ્રકારે જળવાઈ રહે. જેથી સતપંથ ધર્મ બંધ થવાના બદલે ચાલતો રહે. આ પ્રતિક્રિયા પણ ઊંઝાના ચુકાદાના વિરુદ્ધમાં હતી.

2.15. સતપંથ સમાજની માસિક પત્રિકા સતપંથ પ્રકાશના ૧૫-જૂન-૨૦૧૮ના અંકના પાના ક્રમાંક ૧૦માં સતપંથ સમાજના પ્રમુખ શ્રી દેવજી કરસન ભાવાણીએ પ્રમુખીય નિવેદન બહાર પાડ્યું છે. એક બાજુ તેઓ સતપંથના મૂળ મૂલ્યો જેવા કે સદ્ગુરુ સૈય્યદ ઈમામશાહ બાવા દ્વારા પ્રસ્થાપિત ધર્મના ઉપદેશો અને શિક્ષાપત્રીને જાળવી રાખવા, સતપંથ ધર્મને ટકાવી રાખવા, નિષ્કલંકી નારાયણની પૂજા કરતા રહેવા માટે આવાહન કરેલ છે. અને બીજી બાજુ ઊંઝાના ચુકાદાનો “સકારાત્મક અર્થ” કાઢીને આગળ વધવાનું જણાવેલ છે. અહીં “સકારાત્મક અર્થ” શબ્દો વપારવા પાછળનો ઉદ્દેશ શું હોય શકે તે સમજવાની જરૂર છે. પ્રમુખીય નિવેદનમાં જણાવ્યા પ્રમાણે સતપંથીઓને

સત્પંથી અનુયાયીઓ જોગ
: પ્રમુખીય નિવેદન :



પ્રમુખશ્રી : દેવજીભાઈ કે. ભાવાણી-શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન સત્પંથ સમાજ, પ્રેરણાપીઠ-પીરાણા

સદ્ગુરુના આદેશ અનુસાર સદાચારી જીવન દ્વારા માનવ જીવનમાં સત્પંથ-સંપ્રદાયની સુવાસ પ્રસરાવી રહેલા સર્વે સત્પંથી ભાઈઓ તથા બહેનોને મારા જય ગુરુદેવ.

આપ સર્વે વિદિત છો કે પ્રેરણાપીઠ પીરાણા ખાતે ધર્મસભાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સદ્ગુરુ શ્રી તરફથી પ્રસ્થાપિત થયેલ હિંદુ પરંપરા મુજબ વૈદિક સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર માટે ગહનપૂર્વક ચિંતન-મનન થયું. આ પ્રસંગે આધ જગદ્ગુરુ શ્રી કરસનદાસ મહારાજના ભગીરથ કાર્યોને સરાહનીયતા સાથે સંસ્મરણ કરવામાં આવ્યાં અને તેમનાં અધૂરાં રહેલાં કાર્યોને ખંત અને ઉત્સાહથી આગળ ધપાવવા આપણે પ્રયત્નશીલ રહીએ તેવી ભાવના સૌ સંતો તથા સમાજના અગ્રણીય મહાનુભાવીએ દર્શાવી.

વેદ તથા પુરાણના સિદ્ધાંતો પર રચિત શુદ્ધ સનાતન સત્પંથ સંપ્રદાયને અપભ્રંશતા દ્વારા દુષિત કરવાના ઘણા પ્રયાસો ભૂતકાળમાં થયા પરંતુ સદ્ગુરુ મહારાજની કૃપાથી ક્રમશઃ મહત્તમ બદીઓને દૂર કરી મૂળ શુદ્ધ સ્વરૂપે સ્થાપિત કરવામાં આપણે સૌ સફળ થયા છીએ. આવા વૈદિક પરંપરા મુજબના સદ્ગુરુના આદેશોને દૈનિક જીવન વ્યવહારમાં વણી લઈને આપણા જીવનનું કલ્યાણ કરવામાં જ ખરી સમજદારી છે. વારિયજ્ઞ-મહાપૂજા તેમજ સદ્ગુરુદેવના આધ્યાત્મિક ઉપદેશોમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી તથા કલિયુગમાં દસમો અવતાર શ્રી કલ્કી નારાયણ પ્રધાનપદે હોવાથી તેમના મંત્રજાપનું મહત્ત્વ હોઈ 'ૐ શ્રી નિષ્કલંકી નારાયણ નમઃ' તેમજ પોતાના ગુરુ મહારાજશ્રીએ આપેલ મંત્રના જાપ થકી માનવજીવનને સાર્થક કરીએ તેવી અભિલાષા.

વિશેષમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા તરફથી આવેલ ચુકાદાને લઈને સમાજમાં ફેલાતી ખોટી અફવાઓથી કોઈ ગેરમાર્ગે દોરાશો નહીં અને ચુકાદાને માન દઈને સકારાત્મક અર્થને સમજીને આપ સૌને આગળ વધવા હું નમ્ર નિવેદન કરું છું.

અંતમાં આપ સૌ સત્પંથી અનુયાયીઓને નમ્ર ભાવે વિનંતી કરું છું કે સદ્ગુરુ મહારાજે ઉપદેશીત કરેલ શિક્ષાપત્રી દ્વારા સૂચિત કરેલ સત્માર્ગના આદેશોને આપણા જીવન વ્યવહારના આચરણ મૂકી આપણા જીવનમાં અંગીકાર કરીએ અને તેના દ્વારા આપણે સૌ આર્થિક, પારિવારીક, સામાજિક અને આધ્યાત્મિક સ્તરે ઉચ્ચત્તમ દિવ્ય જીવન પથ પર પ્રગતિ કરીએ. સાથે સાથે શ્રી ઉમિયા માતાજી સંસ્થાની યથાર્થતા માટે 'વસુદેવ કૌટુંબિક' જેવી સામાજિક એકતાની ભાવના દ્વારા સુદૃઢ સંસ્કારી સમાજના વિકાસને સાર્થક કરીએ તેવી શુભ ભાવના અને હાર્દિક શુભેચ્છાસહ સૌને મારા જય ગુરુદેવ.

લિ. સહૃદયી
પ્રમુખ શ્રી : દેવજીભાઈ કે. ભાવાણી
શ્રી અખિલ ભારતીય ક.ક.પા.સ.સમાજ ટ્રસ્ટ-ગુરુકુળ, પ્રેરણાપીઠ-પીરાણા.

આમાં દેવજીભાઈ એ ચુકાદાનું અર્થઘટન કેવી રીતે કર્યું છે?
પીરાણા, નિષ્કલકી નારાયણ , સતપંથ અને ઇમામશાહને રાખીને ચુકાદાનું પાલન કરવું...
જ્યારે ચુકાદામાં આજ વસ્તુઓ છોડવાનું કહ્યું છે.
લેખમાં લખ્યું છે કે ચુકાદાની સકારાત્મક અર્થને સમજવાની વાત કરી છે..., જ્યારે હકીકતમાં 'સકારાત્મક' નથી પણ 'સગવડાત્મક' વાતો છે...

 ઈમામશાહ, નિષ્કલંકી નારાયણ, સતપંથ અને પીરાણા છોડવું નથી. જ્યારે ઊંઝાના ચુકાદામાં તો ઈમામશાહ, સતપંથ, નિષ્કલંકી નારાયણ અને પીરાણાને છોડવાનું કહેલ છે. ઊંઝાનો ચુકાદો સતપંથ સમાજના વિરુદ્ધ છે. એટલે ચુકાદાને સતપંથ સમાજ સાથે સુસંગત કરવો હોય તો ચુકાદાનું એવું અર્થઘટન કરવું કે જેનાથી એવી અફવા ફેલાવી શકાય કે ચુકાદો સતપંથ વિરુદ્ધ નથી. એટલે પ્રમુખીય નિવેદનમાં "સકારાત્મક અર્થ" શબ્દ વાપરીને ચુકાદાનું અર્થઘટન પોતાને સગવડ થાય એ રીતે કરેલ છે. સતપંથ સમાજ તરફથી નકારાત્મક પ્રતિક્રિયાનો આ એક બહુ મોટો દાખલો અને પુરાવો છે.

2.16. તા. ૦૪-જુલાઈ-૨૦૧૮ ના સતપંથ સમાજના પ્રમુખ શ્રી દેવજીભાઈ કરસન ભાવાણી દ્વારા જ્ઞાતિજોગ સંદેશ બહાર પાડવામાં આવેલ હતો. આ સંદેશની નકલ ઉમિયા માતાજી ઊંઝા, ઉમિયા માતાજી વાંઢાય અને જેરામભાઈ વાંસજાળિયા તેમજ જયંતીભાઈ કાલરીયાને પત્ર મારફતે મોકલેલ હતી. આ પત્રમાં વાક્ચાતુર્ય (શબ્દોની રમત) વાપરીને એવો સંદેશ આપવામાં આવ્યો છે કે ઉમિયા માતાજી ઊંઝાનો ચુકાદો સતપંથવાળાને મંજૂર નથી. અને તેઓ પાલન કરવાના નથી. આ જ્ઞાતિજોગ સંદેશમાં જાણાવ્યું છે કે ચુકાદાની કલમ ૨ (એટલે ઈમામશાહને છોડવા) અને કલમ ૭ (એટલે નિષ્કલંકી નારાયણને છોડવા) ના મુદ્દા ઉપર સતપંથ ધર્મના સંતો અને તેમના લગતાવળગતા સંતોના માર્ગદર્શન હેઠળ ઉકેલ લાવીને આગળ વધશે. (સમજવાની વાત અહીં એ છે કે સતપંથના સંતો ક્યારે પણ સતપંથીઓને ઈમામશાહ કે નિષ્કલંકી નારાયણને છોડવાનું નહીં કહે. કારણ કે એવું કરશે તો તેમની દુકાન બંધ થઇ જશે). સંદેશમાં એમ પણ જણાવ્યું છે કે ચુકાદાના અમલીકરણમાં "અર્થઘટનની અસ્પષ્ટતા" છે એટલે "યોગ્ય અર્થઘટન" દ્વારા અમલીકરણ થાય એવી અપેક્ષા રાખે છે. અર્થઘટનના મુદ્દા ઉપર ઊંઝાના વડીલોએ સાફ શબ્દોમાં જણાવી દીધું છે કે ચુકાદો એકદમ સ્પષ્ટ છે. ઈમામશાહ, નિષ્કલંકી નારાયણ, સતપંથ અને પીરાણા છોડવાનું છે. પણ કારણ કે સતપંથવાળાઓને ચુકાદાનું પાલન નથી કરવું એટલે ચુકાદાનું મનગમતું અર્થઘટન કરવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. આ નકારાત્મક પ્રતિક્રિયાથી સતપંથ સમાજવાળા એ સ્પષ્ટ કરી દીધું છે કે ઊંઝાના ચુકાદાને તેઓ માનવાના નથી.

3. સતપંથની પ્રતિક્રિયાઓનું વિશ્લેષણ:

3.1. ઊંઝાના ચુકાદાનું પાલન કરવાની પહેલી ફરજ સતપંથ સમાજની છે. જેમાં કોર્ટમાં કરેલ કેસોને પાછા ખેંચવાથી લઇને ઈમામશાહ, નિષ્કલંકી નારાયણ, સતપંથ ધર્મને કાયમ માટે છોડવાનું છે અને પીરાણાનો વહીવટ કેન્દ્રીય સમાજને સોંપી દેવાનું છે. આ હતી સતપંથ સમાજ તરફથી અપેક્ષિત પ્રતિક્રિયા. સતપંથ સમાજવાળાઓ તરફથી આવેલ વાસ્તવિક પ્રતિક્રિયા જો અપેક્ષિત પ્રતિક્રિયા સાથે સુસંગત હોત તો તેમનો ઈરાદો ઊંઝાના ચુકાદાનું પાલન કરવાનો છે એ દેખાઈ આવ્યું હોત. પણ એવું ન થયું.

3.2. વાણીથી તેઓ હંમેશાં એવું કહેતા આવ્યા છે કે ઊંઝાના ચુકાદાનું તેઓ સન્માન કરે છે, તેનું પાલન કરશે. પણ તેમનું વર્તન કંઇક બીજુંજ બતાવી રહ્યું છે.

3.3. પોતાના વર્તનથી સતપંથ સમાજવાળાની ઉપર જણાવેલ પ્રમાણે વાસ્તવિક પ્રતિક્રિયાઓને બે ભાગમાં બાટીને સમજવી પડે.

1) સતપંથ ધર્મને ટકાવી રાખવા કરવા માટે થતા તમામ પ્રયાસો કરવા. (દાખલા તરીકે: ઈમામશાહ, નિષ્કલંકી નારાયણને પકડી રાખવાના પ્રયાસો)

॥ ૐશ્રી નિષ્કલંકી નારાયણ નમઃ ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સત્પંથ સનાતન સમાજ ટ્રસ્ટ

ટ્રસ્ટ રજી. નં.- એફ ૨૩૮૪ તા. ૧૬/૦૯/૯૧ અમદાવાદ.

જ્ઞાતિજોગ સંદેશ

તા. ૦૪-૦૭-૨૦૧૮

શ્રી ઉમિયા માતાય નમઃ
ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝા
પ્રમુખશ્રી/સમાધાન સમિતિના સભ્યો

૧) શ્રી મણીબાપા (મમ્મી બાપા)
ઉમિયા માતાજી સંસ્થાન, ઉંઝા.

૨) શ્રી જયંતિભાઇ કાલરીયા,
શ્રી જયરામબાપા, રાજકોટ.

૩) શ્રી હંસરાજભાઇ ધોળુ,
ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય, કચ્છ.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઉંઝા દ્વારા લવાદ સમિતિએ આપેલા ચુકાદાના અમલીકરણ બાબતે શ્રી દેવજીભાઇ કે. ભાવાણી પ્રમુખશ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ ટ્રસ્ટ, પ્રેરણા પીઠ, પીરાણા દ્વારા જ્ઞાતિ જોગ અપીલ.

સર્વે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિજનોને મારા જય ગુરૂદેવ.

આપ સૌ જાણો છો કે છેલ્લા કેટલાક વર્ષોથી આપણી જ્ઞાતિમાં સાંપ્રદાયિક વાદ-વિવાદ ચાલી રહ્યો હતો. જેના ઉકેલ માટે ઉમિયા માતાજી સંસ્થાન, ઉંઝાની લવાદ સમિતી દ્વારા બંને પક્ષોને સાંભળ્યા પછી ખુબજ લાંબી ચર્ચા-વિચારણાનાં અંતે બંને સમાજોએ સાંપ્રદાયિકતાના ભેદભાવ ત્યાગી સમાધાનના રસ્તે ચાલીને ઉમિયા માતાજીના એક સંતાન છીએ તેવા ભાવ સાથે એકતા જાળવવાના સારાંશવાળો ઐતિહાસિક ચુકાદો આપેલ હતો. જેમાં બે મુદ્દાઓ કે જે ચુકાદાના

હેડ ઓફિસઃ નવસારીલાટ (પીરાણા), તા. દસક્રોઈ. જિ. અમદાવાદ-૩૮૨૪૨૫. બ્રાંચ - નખત્રાણા (કચ્છ)
૦૨૭૧૮-૨૮૮૮૭૨ પ્રમુખશ્રી/મંત્રી | ૦૨૭૧૮-૨૮૮૨૨૦ ગુરૂકુળ હોસ્ટેલ | ફેક્સઃ ૦૨૭૧૮-૨૮૮૮૭૨
૦૨૭૧૮-૨૮૮૨૨૯ કાર્યાલય | ૦૨૭૧૮-૨૮૮૩૨૦ ગુરૂકુળ સ્કૂલ | E-Mail : kkp_pirana@yahoo.com

॥ ૐશ્રી નિષ્કલંકી નારાયણ નમઃ ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સત્પંથ સનાતન સમાજ ટ્રસ્ટ

ટ્રસ્ટ રજી. નં.- એફ ૨૩૮૪ તા. ૧૬/૦૯/૯૧ અમદાવાદ.

...૨...

મુદ્દાન નં. (૨) અને (૭) મુજબની બાબતો અંગે આ મુદ્દાઓ ધાર્મિક બાબત હોવાથી અખિલ ભારતીય સંતોના તેમજ સતપંથ ધર્મના સંતોના માર્ગદર્શન હેઠળ તેનો ઉકેલ લાવી તે મુદ્દાને અમલીકરણ કરવાનું રહેશે. તે દરમ્યાન બાકીના મુદ્દાઓનું સમાધાનનું અમલીકરણ ચાલુ કરવું.

આપણી સમાજમાં પુનઃ એકતા, ભાઇચારો, સમરસતા સ્થપાય તે માટે ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા આપેલ સાંપ્રાદાયિક બાબતોથી મુકત સમાજ નિર્માણના ચુકાદાનું વહેલી તકે અમલીકરણ થાય તે માટે હું જ્ઞાતિજનોને નમ્રભાવે આહવાન કરૂ છું. આપણી જ્ઞાતિના સતપંથ સંપ્રદાયના અનુયાયીને પણ આ ચુકાદાના અમલીકરણ કરવાના સહકાર માટેની અપીલ કરૂ છું. આ ચુકાદાના અમલીકરણમાં અર્થઘટનની અસ્પષ્ટતા દ્વારા આવતી અડચણો માટે લવાદ સમિતિ સાથે બેસી, યોગ્ય અર્થઘટન દ્વારા વહેલી તકે અમલીકરણ થાય તેવી અપેક્ષા સેવું છું.

ઉપરોક્ત ચુકાદો આપવા બાબતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝા તથા સીદસર તેમજ માતાજીની અન્ય સંસ્થાના કર્ણધારો એ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં પુનઃ એકતા સ્થાપિત કરવા માટે જે જેહમત ઉઠાવેલ છે તેનો સતપંથ સંપ્રદાય અનુયાયઓ વતી હૃદયપુર્વક આભાર વ્યક્ત કરૂ છું.

Devjibhai

લી. શ્રી દેવજીભાઇ કે. ભાવાણી પ્રમુખશ્રી,

શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ ટ્રસ્ટ

પ્રેરણાપીઠ, પીરાણા

Received on 7/8/2018

હેડ ઓફિસઃ નવસારીલાટ (પીરાણા), તા. દસક્રોઈ. જિ. અમદાવાદ-૩૮૨૪૨૫. બ્રાંચ - નખત્રાણા (કચ્છ)
૦૨૭૧૮-૨૮૮૮૭૨ પ્રમુખશ્રી/મંત્રી | ૦૨૭૧૮-૨૮૮૨૨૦ ગુરૂકુળ હોસ્ટેલ | ફેકસઃ ૦૨૭૧૮-૨૮૮૮૭૨
૦૨૭૧૮-૨૮૮૨૨૯ કાર્યાલય | ૦૨૭૧૮-૨૮૮૩૨૦ ગુરૂકુળ સ્કૂલ | E-Mail : kkp_pirana@yahoo.com

2) સતપંથ ધર્મને સનાતનીઓ દ્વારા સ્વીકાર્ય કરવા માટે અને પોતાને ફાયદાકારક હોય એવા મુદ્દાઓનું અમલીકરણ કરવા માટે તત્પર રહેવું. (દાખલા તરીકે નીયાણીઓનો સંયુક્ત કાર્યક્રમ કરવો, અમલીકરણ સમિતિમાં ચર્ચા કરવી કે સમાજના નામોમાં “સનાતન” શબ્દ કાઢી નાખવો વગેરે)

3.4. કોઈ પણ વિવાદ કે સમસ્યાના સમાધાન માટે જ્યારે પંચો ચુકાદો આપતા હોય છે, એ ચુકાદો બન્ને પક્ષને લાગુ પડે, માત્ર એક પક્ષને લાગુ પડે નહિ, જે સર્વવ્યાપી સામાન્ય સિદ્ધાંત તેમજ નિયમ છે. તેજ પ્રમાણે, ચુકાદાના પાલનની વાત આવે ત્યારે ચુકાદાનું સંપૂર્ણ રીતે પાલન કરવાનું હોય છે. ચુકાદાને તોડી મરોડીને માત્ર પોતાને ગમતા હોય એવા મુદ્દાઓના પાલનની વાત કરવી કે આગ્રહ રાખવો એ ચુકાદાનું અપમાન છે. તેવીજ રીતે ચુકાદાનું ખોટું અર્થઘટન કરી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખી શકાય એવા હતુંથી ચુકાદાનું હાર્દને બદલવાની કોશિશ કરવી એ પણ ચુકાદા અને પંચોનું અપમાન છે. ઉમિયા માતાજી ઊંઝા દ્વારા તા. ૦૮-ઓક્ટોબર-૨૦૧૭ના ચુકાદાના સાચા અમલીકરણથી બચવા માટે ઉપર જણાવેલ રીતે પોતાને ગમતા હોય એવા મુદ્દાઓનું પાલન કરવા અને પોતાને સગવડ થાય એ રીતે ચુકાદાનું અર્થઘટન કરવાની વાતો સતપંથ સમાજ તરફથી કરવામાં આવી.

4. સતપંથવાળાઓએ ખૂબ ચતુરાઈથી “વાક્ચાતુર્ય ભરી” વાતોથી સ્પષ્ટ સંદેશ આપેલ હતો કે ઊંઝાના ચુકાદાનું અક્ષરે અક્ષર તેમજ હાર્દને બદલ્યા વગર ચુકાદાનું પાલન કરવા તેઓ તૈયાર નથી. સતપંથ સમાજની વાસ્તવિક પ્રતિક્રિયા એ તેમની અપેક્ષિત પ્રતિક્રિયાથી બિલકુલ વિપરીત હતી. જેનાથી સ્પષ્ટ થઇ ગયું કે સતપંથ સમાજવાળાનું માનસ ઊંઝાના ચુકાદાનું પાલન ન કરવાનું છે.

5. સતપંથ સમાજ દ્વારા ચુકાદાના પાલનથી હાથ ઉપર કર્યા બાદ સનાતન સમાજની પ્રતિક્રિયા મહત્ત્વની હોઈ, સનાતની સમાજે તા. ૨૬-ઓગસ્ટ-૨૦૧૮ના નખત્રાણા ખાતે એક વિશેષ સભા બોલવવાનું નક્કી કર્યું. એ સભામાં ચંદ્રકાંતભાઈ છાભૈયા તરફથી તેમના ટીમ દ્વારા સતપંથ અંગે ભેગા કરેલ પુરાવાઓ પાછળની મહેનત અને ઊંઝામાં થયેલ પ્રક્રિયાની સંપૂર્ણ વિગતવાર જાણકારી આપી હતી. જે લગભગ પોણા બે કલાક સુધીની લાંબી રજૂઆત હતી. જે આ પુસ્તકના પેજ ક્ર ૭૭ થી ૧૦૫ માં આપવામાં આવેલ છે. આ રજૂઆતની એટલી ઊંડી અસર થઇ કે એજ સભાએ સર્વાનુમતે ૮ ઠરાવો પસાર કરવામાં આવ્યા. (જુઓ પેજ ક્ર.૧૮૮) જેણે બીજા દિવસે એટલે તા. ૨૭-ઓગસ્ટ-૨૦૧૮ની સામાન્ય સભામાં પણ સર્વાનુમતે પાસ કરવામાં આવ્યા. આ બન્ને સભાઓમાં વિરોધ તો દૂર, ઠરાવોને ઠેલવાનું કે ઢીલા કરવાનું સૂચન પણ આવ્યું નહિ. ચંદ્રકાંતભાઈની આ રજૂઆતના વીડિઓને અમુક સમાજોએ પોતાના સભ્યોને જાણ થાય એ હેતુથી ખાસ કાર્યક્રમ યોજી મોટા સ્ક્રીનમાં ચલાવ્યો.

૧૪ વિશેષ સભા

તા. ૨૬-ઓગસ્ટ-૨૦૧૮ના સતપંથ સમસ્યાના નિવારણ માટે બોલાવેલ ઐતિહાસિક વિશેષ સભામાં થયેલ કાર્યવાહીનો અહેવાલ. સનાતનીઓની કેન્દ્રીય સમાજ માટે સતપંથ વિષય ઉપર આ એક અભૂતપૂર્વ સભા હતી.

1. આથી અગાઉ આ પુસ્તકમાં આપણે જોયું કે સનાતનીઓની સકારાત્મક અને આવકારવાની પ્રતિક્રિયા હોવા છતાં સતપંથઓએ નકારાત્મક પ્રતિક્રિયા આપી. સતપંથવાળાઓએ તેમના સમાજની માસિક પત્રિકા સતપંથ પ્રકાશના જૂન ૨૦૧૮ અંકના પાના ક્રમ ૧૦ માં જણાવ્યા પ્રમાણે, તેમજ ઉમિયા માતાજી ઊંઝાને તા. ૦૪-જુલાઈ-૨૦૧૮ના પત્ર પ્રમાણે, ખૂબ ચતુરાઈથી વાક્યાતુર્ય ભરી વાતોથી સ્પષ્ટ સંદેશ આપેલ હતો કે ઊંઝાના ચુકાદાનું અક્ષરે અક્ષર તેમજ ચુકાદાના હાર્દને બદલ્યા વગર ચુકાદાનું પાલન કરવા તેઓ તૈયાર નથી. જ્યારે તે લોકો પાસેથી સતપંથ ધર્મ છોડીને સનાતન ધર્મનો સ્વીકાર કરવાની અપેક્ષા હતી.



ઊંઝાના ચુકાદા અંગે વિગતવાર જાણકારી આપવા બોલાવેલ વિશેષ સભામાં મંચ ઉપર બીરાજમાન સમાજના હોદેદારો અને અન્ય અગ્રણીઓ

2. ત્યારે જે સનાતનીઓની પોતાના સતપંથી ભાઈઓ માટે ઉચ્ચ લાગણીઓ બતાવી હતી તે લાગણીઓનો દુરુપયોગ કરી સતપંથીઓએ સતપંથ ધર્મને છોડવાના બદલે સતપંથ ધર્મને ટકાવી રાખવા તેમજ મજબૂત કરવાના પ્રયત્નો કર્યા. આવા ઊંડાણ પૂર્વક છુપા પ્રપંચોના કારણે સામાન્ય સનાતનીઓ ભોળવાઈ ન જાય અને સનાતન સમાજને નુકસાન ન થાય તે હેતુથી સનાતની સમાજ દ્વારા કેવા પગલાં ભરવામાં આવે એવા મુખ્ય હેતુથી ઉપર જણાવ્યા પ્રમાણે એક વિશેષ સભા બોલવામાં આવી.

3. કોઈ પણ વિવાદ કે સમસ્યાના સમાધાન માટે જ્યારે પંચો ચુકાદો આપતા હોય છે, એ ચુકાદો બન્ને પક્ષને લાગુ પડે, માત્ર એક પક્ષને લાગુ પડે નહિ, જે સર્વવ્યાપી સામાન્ય સિદ્ધાંત તેમજ નિયમ છે. તેજ પ્રમાણે, ચુકાદાના પાલનની વાત

આવે ત્યારે ચુકાદાનું સંપૂર્ણ રીતે પાલન કરવાનું હોય છે. ચુકાદાને તોડી મરોડીને માત્ર પોતાને ગમતા હોય એવા મુદ્દાના પાલનની વાત કરવી કે આગ્રહ કરવો એ ચુકાદાનું અપમાન છે. તેવીજ રીતે ચુકાદાનું ખોટું અર્થગઠન પોતાની સગવડ પ્રમાણે કરીને ચુકાદાનું હાર્દ બદલવાની કોશિશ કરવી એ પણ ચુકાદા અને પંચોનું અપમાન છે. ઉમિયા માતાજી ઊંઝા દ્વારા તા. ૦૮-ઓક્ટોબર-૨૦૧૭ના ચુકાદો આવ્યા બાદ અમુક લોકો દ્વારા ચુકાદાના સાચા અમલીકરણથી બચવા માટે ઉપર જણાવેલ રીતે પોતાને ગમતા હોય એવા મુદ્દાઓનું પાલન કરવા અને પોતાને સગવડ થાય એ રીતે ચુકાદાનું અર્થગઠન કરવાની વાતો ફેલાવામાં આવેલ હતી. જેનું સીધેસીધું નુકસાન સનાતની સમાજને થાય એ ષડ્યંત્ર દેખાવા લાગ્યું. આવા ષડ્યંત્રકારી પરિબળો જે લગભગ પરોક્ષ રીતે કામ કરતા હોય, એમનાથી દરેકે બચવું અત્યંત જરૂરી છે. આવી પરિસ્થતિઓથી બચવા માટે કેન્દ્રીય સમાજએ આ વિશેષ સભા બોલાવેલ હતી. આ પણ એક મહત્ત્વનું કારણ હતું.

4. આ વિશેષ સભાથી પહેલાં તા. ૧૮-ઓગસ્ટ-૨૦૧૮ના ફોન ઉપર ઊંઝાના તત્કાલીન પ્રમુખશ્રી મણીભાઈ મમી અને સનાતની સમાજ ઉર્ફે કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી અબજીભાઈ કાનાણીની ચર્ચા થઈ. ઊંઝાના ચુકાદાને લઈને વિશેષ સભામાં સનાતનીઓ શું કરવા જઈ રહ્યા છે, તેનાં વિષે મણિબાપાની સાથે વિસ્તૃત ચર્ચા થઇ. ચર્ચામાં અબજીભાઈએ જણાવ્યું કે ઊંઝાનો ચુકાદો આવ્યા બાદ પણ સતપંથ તરફથી કોઈ પણ સકારાત્મક પગલાં ભરવામાં નથી આવ્યા. સનાતની સમાજે વાંઢાયની પોતાની સંસ્થામાં સતપંથીઓને આમંત્રિત સભ્ય તરીકે લઇને સદભાવનાનું વાતાવરણ ઊભું કર્યું હોવા છતાં, સતપંથીઓએ સનાતનીઓને નુકસાન થાય અને પોતાનો સતપંથ ધર્મ વધુ મજબૂત થાય એવી રીતે વરતે છે. બીજીબાજુ ઊંઝાના ચુકાદાને લઇને જાહેર જનતામાં તદ્દન ખોટી વાતો ફેલાવે છે કે સતપંથ હિંદુ ધર્મ છે, એવી માન્યતા ઊંઝાએ આપી દીધી છે. આ પુસ્તકમાં અગાઉ જણાવેલ સતપંથ તરફથી આવેલ નકારાત્મક પ્રતિક્રિયાઓના દાખલાઓ આપવામાં આવ્યા અને સનાતની સમાજ કેવી રીતે મજબૂર થઇ છે કે પોતાના બચાવ માટે કોઈક નક્કર પગલાં લે. મણિબાપા દ્વારા અમલીકરણ સમિતિની બેઠકમાં ઉપાડેલ મુદ્દો હતો કે જેમાં “પરિવાર” (ગોત્ર પ્રમાણે) મિલનમાં સતપંથ અને સનાતન સાથે રહે છે, એ પણ યોગ્ય નથી.



વિશેષ સભામાં મંત્રમુગ્ધ થઇને સાંભળતા લોકો

આ મુદ્દા ઉપર પણ સનાતનીઓને જાગૃત કરવાની જરૂર છે એવી ચિંતા અબજીભાઈએ મણિબાપા સામે વ્યક્ત કરી .

5. વિશેષ સભા બોલાવવાના પાછળનો ઉમદા હેતુ જાણીને મણિબાપા ખૂબ ખુશ થયા. તેઓને અબજીભાઈને જણાવ્યું કે તેમની સતપંથના તત્કાલીન પ્રમુખ શ્રી દેવજી કરસન ભાવાણી સાથે ફોન ઉપર ચર્ચા થઇ છે અને દેવજીભાઈને સ્પષ્ટ શબ્દોમાં કહી દેવામાં આવ્યું છે કે ઊંઝાના ચુકાદામાં કોઈ પણ જાતનો એક પણ શબ્દમાં ફેરફાર કરવામાં નહીં આવે. ત્યાર બાદ મણિબાપાએ જાણકારી આપી કે રાજકોટવાળા જયંતીભાઈ કાલરીયાએ આજે (તા. ૧૮-ઓગસ્ટ-૨૦૧૮) દેવજીભાઈ સાથે ૪૫ મિનિટ સુધી લાંબી ફોન ઉપર ઊંઝાના ચુકાદાના અમલીકરણ અંગે ચર્ચા થઈ. ચર્ચામાં દેવજીભાઈએ જયંતીભાઈ કાલરીયાને સ્પષ્ટ શબ્દોમાં કહીં દીધું કે એ લોકો સતપંથના અને તેમની સાથે જોડાયલા અન્ય સાધુઓનો અભિપ્રાય લીધા પછીજ આગળ વધશે. જયંતીભાઈ કાલરીયાએ દેવજીભાઈને સમજાવવાની ઘણી કોશિશ કરી અને કહ્યું કે આ તો તમે માતાજીનું અપમાન કરી રહ્યા છો. પણ દેવજીભાઈ કોઈ પણ રીતે માનવા તૈયાર ના થયા એટલે જયંતીભાઈ કાલરીયાને છેવટે મણિબાપાને કહેવું પડ્યું કે હવે ચોખ્ખું થઇ ગયું છે કે સતપંથ વાળા માત્ર સમય પસાર કરવા માંગે છે. ચુકાદાના હાર્દ બદલ્યા વગર તેનું પાલન કરવા તેઓ તૈયાર નથી.

6. એટલે બન્ને વડીલો એ વાત ઉપર એક અવાજે સહમત થયા કે જે સતપંથીઓ સતપંથ ધર્મને કાયમ માટે સંપૂર્ણ રીતે છોડીને સનાતન ધર્મને સ્વીકારે, એ લોકોને સનાતનીઓની કેન્દ્રીય સમાજ સ્વીકારે. ઊંઝાના ચુકાદાનું અપમાન કર્યા પછી હવે સતપંથીઓ સાથે કોઈ પણ પ્રકારની વાતચીત કરવાનો કોઈ અર્થ નથી અને વાતચીત બંધ કરી નાખવી જોઈએ. સતપંથી દ્વારા લોકોને ભરમાવવા હેતુથી રમાતી ચાલોથી સનાતનીઓને બચાવવા માટે જરૂરી તમામ પગલાંઓ તત્કાલીન ધોરણે ભરવા જોઈએ. જેવા કે પરિવારોના મિલન, નીયાણીઓના કાર્યક્રમો, ધર્મ અને સમાજ જુદા છે એવી ખોટી આદર્શવાદી વાતની આડમાં થતા સંયુક્ત ધાર્મિક કાર્યક્રમ વગેરે પર રોક લગાડવી. ટૂંકમાં કહીએ તો ઊંઝાના માર્ગદર્શન અને આશીર્વાદ વિશેષ સભાને મળેલ હતો.

7. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું વિદ્યાર્થી હોસ્ટેલના મુખ્ય કાર્યાલયમાં તા. ૨૬-ઓગસ્ટ-૨૦૧૮ના એક વિશેષ ચિંતન સભા બોલાવવામાં આવી. આ સભામાં સતપંથ સમસ્યા બાબતે ઊંઝામાં થયેલ કાર્યવાહીની વિસ્તૃત જાણકારી ચંદ્રકાંતભાઈએ આપી. આ સભામાં ઉમિયા માતાજી વાંઢાય, શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામ દેસલપર વાંઢાયના હોદેદારો, સમાજની ૨૯ ઝોન ના હોદેદારો, કારોબારી સભ્યો, ઘટક સમાજના મુખ્ય કર્ણધારો હાજર હતા. આ સભામાં ભારતના ખૂણે ખૂણેથી બુદ્ધિજીવીઓ, ચિંતકો, નિષ્ણાંતો, અનુભવીઓ પણ હાજર રહ્યા. આ સભામાં ઉમિયા માતાજી ઊંઝાના લવાદ સામે થયેલ તમામ પ્રક્રિયા, જે આ પુસ્તકમાં પેજ ૭૭ થી ૧૦૫ માં જણાવેલ છે, તેની લોકોને જાણ કરવામાં આવી. રજૂઆત કરવામાં લગભગ પોણા બે કલાક સુધી લાંબો સમય લાગી ગયો. પણ સભા આં રજૂઆતને એટલા રસપૂર્વક સંભાળતી હતી કે લગભગ ૧ કલાક પછી જ્યારે ચંદ્રકાંતભાઈ પોતાની વાત જલ્દીથી પૂરી કરવાની વાત કરી, ત્યારે સભાએ સામેથી કહ્યું કે કોઈ જલદી કરવાની જરૂર નથી. તમારી બધી વારો પૂરે પૂરી રીતે જણાવો, કોઈ વાત અધુરી



વિશેષ સભામાં ઊંઝામાં થયલ કાર્યવાહીની જાણકારી આપતા શ્રી ચંદ્રકાંતભાઈ છાભૈયા

ન રહેવી જોઈએ. ત્યાર બાદ પ્રમુખશ્રી અબજીભાઈએ સહમતી આપી અને કહ્યું કે આવી મહત્ત્વની રજૂઆત માટે આપણે જોઈએ એટલો પુરતો સમય આપીએ છીએ. જાણકારી મેળવીને લોકો એવા પ્રભાવિત થયા કે સભામાં જણાવેલ વાતો લોકોના દિલને સ્પર્શી ગઈ.

આ રજૂઆતનો વિડીઓ અહીં જોઈ શકો છો:
www.abkkpsamaj.org/satpanthchhodo/links/visheshsabhaspeech

આ રજૂઆતથી લોકોએ કોઈ પણ વિરોધ કર્યા વગર, કોઈ જાતના અન્ય સુજાવ પણ આપ્યો વગર, સર્વાનુમતે સતપંથ અંગે ૮ ઠરાવો નક્કી કર્યા, જે આ પુસ્તકમાં પ્રકાશિત કરેલ છે. સભામાં પોતપોતાના મોઢે ઘણા સભાજનોએ મન મૂકીને પોતાના અભિપ્રાયો આપેલ હતા, જેણે પસાર કરેલ ૮ ઠરાવોમાં આવરી લેવામાં આવ્યા હતા. જેણે “જ્ઞાતિ સુધાર ઠરાવો / વિશેષ સભા ઠરાવો” કહેવામાં આવે છે. બીજા દિવસે એટલે તા. ૨૭-ઓગસ્ટ-૨૦૧૭ના આ ઠરાવોને સનાતની સમાજની વાર્ષિક સામાન્ય સભામાં પણ પાસ કરવામાં આવ્યા. બન્ને દિવસે આ ઠરાવો સર્વાનુમતે પાસ કરવામાં આવ્યા. કોઈ પણ જાતનો વિરોધની વાત તો દુર, પણ કોઈ પણ જાતનો ફેરફારનો સુજાવ પણ કોઈએ આપ્યો નહીં. આ ૮ ઠરાવો અહીં અક્ષરશ: પ્રકાશિત કરવામાં આવેલ છે.

8. વિશ્વના સમસ્ત કડવા પાટીદારોની એક માત્ર માતૃ સંસ્થા એટલે કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનું અપમાન માના સાચા દીકરાઓ કોઈ દિવસ ન કરી શકે. આ હેતુથી વિશેષ સભાનો પહેલો ઠરાવ ઉમિયા માતાજીના ચુકાદાનું પાલન કરવા સનાતની સમાજ કટિબદ્ધ છે, એવો સંદેશ આપવાના હેતુથી કરવામાં આવેલ છે. પણ સતપંથ સમાજ ચુકાદાનું સંપૂર્ણ રીતે પાલન કર્યા બાદ સનાતની સમાજની ફરજ આવે છે. ઊંઝાની આપણી માતૃ



વિશેષ સભામાં મંત્રમુગ્ધ થઇને સાંભળતા લોકો

સંસ્થાનું માન, સન્માન અને ગરિમા સાચવવાની ફરજ દરેક સનાતનીઓની છે. એટલે સનાતની સમાજે ઊંઝા સાથેની પોતાનો સદભાવ અને સન્માન દર્શાવવા માટે વિશેષ સભાનો પહેલો ઠરાવ પાસ કરેલ છે.

9. ઊંઝાના ચુકાદાનું પાલન કરવાની પહેલી ફરજ સતપંથ સમાજની છે. જેમાં કોર્ટમાં કરેલ કેસોને પાછા ખેંચવાથી શરુ કરીને ઈમામશાહ, નિષ્કલંકી નારાયણ, સતપંથ ધર્મને કાયમ માટે છોડવાનું છે અને પીરાણાનો વહીવટ કેન્દ્રીય સમાજને સોંપી દેવાનું છે. સતપંથ સમાજ દ્વારા તેમના ભાગે લેવામાં આવતા પગલાંઓ લીધા પછી, સનાતની સમાજે માત્ર તેમને અવકારવાના છે. જ્યારે સતપંથ સમાજ દ્વારા ઉપર જણાવેલ પ્રમાણે જાહેર કરવામાં આવેલ છે કે તેઓ ચુકાદાનું પાલન નહીં કરે એટલે ત્યાર બાદ સ્પષ્ટ થઇ ગયું છે કે સતપંથ સમાજ ચુકાદાનું પાલન નહીં કરે. એટલે જો સતપંથ સમાજ ચુકાદાનું પાલન ન કરતી હોય, તો સનાતન સમાજ દ્વારા ચુકાદાનું પાલન કરવામાં આવે એવો પ્રશ્ન મૂળથીજ અસ્થાને છે. તેમાંય ચુકાદામાં જણાવેલ એક ભાગ જે સતપંથને ફાયદાકારક હોય, તેવા ભાગનું પાલન કરવાની કોઈ વાત રહેતીજ નથી. માટે વિશેષ સભાના ઠરાવ ક્રમ ૦૨ થી ૮માં જણાવ્યા પ્રમાણે સતપંથીઓ જોડે બિલકુલ વ્યવહાર ન કરવા એ વિશેષ સભાનો સર્વાનુંમતે કરેલ નિર્ણય છે, જેની નોંધ ખાસ લેશો.

10. આ ૮ ઠરાવો ઉપરાંત, સામેજ અગાઉ કરેલ નિર્ણય કે સતપંથ સાથે લગ્ન સંબંધ સાથે જોડાયલા હોય તો તેને વિવેક બુદ્ધિ પૂર્વક, કોઈ પણ જાતના ભભકો કર્યા વગર, એકદમ સાદાઈથી વ્યવહાર ને જાળવી શકશે. ખાસ મામેરામાં આ વાતનું ધ્યાન રાખવા વિનંતી કરેલ કે ખૂબજ વિવેક ભરેલ કાર્યક્રમ હોય, જે થી અન્યને ખોટી પ્રેરણા ન થાય અને સતપંથીઓ સાથે નવા લગ્ન સંબંધ ન જોડે. કારણ કે દરેક સનાતનીના મનમાં ક્યાંકને ક્યાંક પીડા રહેતી હોય છે કે આપણી દીકરી ભૂલથી સતપંથમાં અપાઈ ગઈ છે, તેનું દુ:ખ અનુભવતા હોય છે. આ અંગે સામેજ અગાઉ આપેલ દિશાસૂચન Guidelines પ્રમાણે ચાલવાનું રહેશ. આ guideline આ પ્રમાણે છે.

> "આપણી જ્ઞાતિના પંચમ અધિવેશનમાં સનાતની સ્પષ્ટ નીતિ જાહેર કર્યા પહેલાં દીકરા-દીકરીનાં સગપણ હિંદુ સનાતન વૈદિક ધર્મ પાળતા ન હોય તેવા પરિવારમાં થયેલ હોય તો તેવા સંબંધો વિવેકબુદ્ધિથી જાળવી રાખવાના રહેશે. દીકરા કે દીકરીને ત્યાં લગ્ન-વ્યવહારિક પ્રસંગ હોય તો મામેરા વગેરે પ્રસંગે સીમિત સંખ્યામાં જવું. વધારેમાં વધારે દીકરાના દાદા કુટુંબના લોકોએજવાનું રહેશે. દીકરીને ત્યાં મરણ પ્રસંગ હોય ત્યારે મરણ બાદની વિધિ સનાતન હિંદુ વૈદિક ધર્મ મુજબ થયેલ હોય તો જ જવાનું રહેશે, અન્યથા જવાનું રહેશે નહીં."

નોંધ: સતપંથ ધર્મ એ સનાતન વૈદિક ધર્મની શાખા તરીકે ગણવી નહીં. એ મુસલમાન ધર્મની શાખા છે.

11. આ વિશેષ સભાના ઠરાવોની આવી જોરદાર અસર થઇ કે ભારતભરમાં સનાતનીઓના સંગઠનોમાંથી સતપંથીઓને દૂર કરવાની મોહીમે ખૂબ જોર પકડ્યું. દાખલા તરીકે ઘાટકોપર-મુંબઈ, બીલીમોરા, દક્ષિણ ભારત, રામપર, દેવપર, નાગવીરી, ગાંધીનગર, ગુજરાતના કંપાઓમાં વગેરે ગામોની સમાજો દ્વારા એવા નિર્ણય લેવામાં આવ્યા કે હવે પછી સતપંથ વિષય ઉપર કોઈ પણ રીતે બાંધછોડ કરવામાં નહીં આવે. જે લોકો આપણી મા ઉમિયાનું અપમાન કરે, તેની સાથે આપણે નથી રહેવું. લોકોના એવા ઉદ્‌ગારો નીકળ્યા કે **જે લોકો આપણી માના નથી, એ આપણા ભાઈ નથી**.

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org



આપણી સર્વોચ્ચ સંસ્થા, કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનો તા.૦૮/૧૦/૨૦૧૭ ના આદેશ અને ચુકાદાની સમીક્ષા તેમજ ચિંતન માટે આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની માતૃ સંસ્થા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની તા.૨૬/૦૮/૨૦૧૮ના મળેલ વિશેષ સભામાં આપણી ત્રણેય મુખ્ય સંસ્થાઓ, (૧) શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા, (૨) શ્રી ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, વાંઢાય, (૩) શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, દેશલપર (વાંઢાય)ના, તેમજ દેશભરના દરેક ઝોનો અને ઘટક સમાજોના પ્રતિનિધિઓની ઉપસ્થિતીમાં નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે.

વિશેષ સભા ઠરાવો

(૧) ઊંઝા ચુકાદાનું પાલન:

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની દરેક ઝોન તથા ઘટક સમાજો, યુવાસંઘ, મહિલાસંઘ, પરિવાર સંસ્થાઓ અને સંસ્થાનો તેમજ અન્ય સંલગ્ન સંસ્થાઓ તથા સંસ્થાનોએ કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના ચુકાદાનું અને આદેશનું સંપૂર્ણ રીતે પાલન કરવાનું રહેશે.

(૨) સતપંથીઓ જોડે કાર્યક્રમોમાં ભાગ લેવા બાબતે:

જ્ઞાતિમાં આવેલા ઉપાસનાનાં કોઇ પણ શ્રધ્ધા કેન્દ્રો, દેવ-દેવી કે પિતૃઓના મંદિરો, તેમજ તમામ ધાર્મિક સંસ્થાઓ અને સંસ્થાઓના ઉત્સવો, જિર્ણોધ્ધારો, પુન:પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવો, સામાજીક અને ધાર્મિક મેળાવડાઓ, પારાયણો, પરિવાર મિલનો તથા જ્ઞાનસત્રો વગેરેના આયોજનો અને કાર્યક્રમો સતપંથ એટલે કે ઈમામશાહ, પીરાણાપંથ કે નિષ્કલંકી નારાયણને માનતા લોકોની સાથે કરવાના રહેશે નહી. તેમાં સમાજના જ્ઞાતિજનોએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાઇને સહકાર આપવાનો કે ભાગ લેવાનો રહેશે નહીં. તેવુ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

:: 1 ::

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org



(૩) પારિવારિક મિલનો તેમજ નીયાણીઓના કાર્યક્રમો બાબતે:
નિયાણીઓના પ્રસંગોના નામે કે પરિવારોના જુદા જુદા સ્નેહ મિલનો કે કાર્યક્રમના આયોજનોના નામે તેમજ માનવતાના નામે થતા સેવાકીય કાર્યો, તેમજ રાજકીય મુદ્દાની ઓથમાં કહેવાતી એકતા અને ધર્મ નિરપેક્ષતાના નામે જે આયોજનો થાય છે તેમાં સમાજની સનાતની વિચારધારાને નબળી પાડવાની સતપંથીઓની મુરાદ હોય છે, આથી આવા કોઇ પણ કાર્યક્રમમાં વ્યક્તિગત કે સામુહિક રીતે સહકાર આપવો નહી અને તેમાં ભાગ લેવો નહીં.

(૪) સતપંથીઓ જોડે વાટાઘાટો કે સમાધાનો બાબતે:
વિશ્વના સમસ્ત કડવા પાટીદારોની સર્વોચ્ચ સંસ્થા કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાએ લગભગ ત્રણ વર્ષના તલ સ્પર્શી અભ્યાસ અને આધારભુત પુરાવાઓ અને બન્ને પક્ષો સાથે વિસ્તૃત ચર્ચાઓના અંતે સત્યનું સંશોધન કરી ચુકાદો આપેલ છે. તેથી હવે પછી આપણી ત્રણેય સંસ્થાઓએ અને તમામ સંલગ્ન સંસ્થાઓએ સતપંથ સાથે કોઇ પણ પ્રકારની વાટાઘાટો અને સમાધાનો કરવાના રહેશે નહીં. જે લોકો સંપુર્ણપણે ઇમામશાહ, સતપંથ, નિષ્કલંકી નારાયણ અને પીરાણા ધર્મને છોડીને આવે તેની સંપૂર્ણ ખાતરી થયા બાદ તેવા વ્યક્તિને અથવા કુટુંબને સ્વીકારવામાં આવશે.

(૫) કેન્દ્રિય સમાજની મંજૂરી બાબતે:
આપણા સ્પષ્ટ ઠરાવ પછી પણ સતપંથી દ્વારા ગામના, પરિવારના, સમાજના, મંદિરોના, નિયાણીઓના કે પરિવારોના સ્નેહમિલનો, જ્ઞાનયજ્ઞો જેવાં સામાજીક અથવા ધાર્મિક કાર્યક્રમો સંયુક્ત રીતે યોજવા માટે લોભામણી વાતો કરી સાથે રહેવાનો દંભ કરશે, તો તેમાં છેતરાવું નહી. હવે પછી સ્થાનિક કે ઘટક સમાજોને આ બાબતે કે સતપંથ સંદર્ભે કોઇપણ મુદ્દો કે પ્રશ્ન હોય તો આપણી કેન્દ્રીય સમાજને વિશ્વાસમાં લીધા વગર આગળ વધવું નહીં.

:: 2 ::

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

(૬) <u>પીરાણા સતપંથના કાર્યક્રમોમાં હાજરી આપતા સાધુ, સંતો, બ્રાહ્મણો વિગેરે બાબતે:</u>
જે સાધુ, સંતો, બ્રાહ્મણો વિગેરે સતપંથના કાર્યક્રમમાં હાજર રહેતા હોય કે સતપંથીઓનું સામાજીક, ધાર્મિક મનોબળ (મોરલ સપોર્ટ) વધારતા હોય, તેવા સાધુ, સંતો, બ્રાહ્મણો વિગેરેને સમાજના તેમજ વ્યક્તિગત કોઇ પણ કાર્યક્રમમાં બોલાવવા નહીં, એવી ભલામણ કરવામાં આવે છે.

(૭) <u>સતપંથીઓ જોડે ધંધાકીય, વ્યવસાયિક ભાગીદારી બાબતે:</u>
આ સમાજના જે જ્ઞાતિજનો અત્યાર સુધી સતપંથીઓ જોડે ધંધાકીય અથવા તો વ્યવસાયિક ભાગીદારીમાં જોડાયેલા છે, તેવા ભાઇઓએ પોતાની વિવેક બુધ્ધીથી આવા સંબંધો પૂર્ણ કરવાના તેમજ આવા નવા સંબંધો જોડવા નહીં, એવી ભલામણ કરવામાં આવે છે.

(૮) <u>સંયુક્ત મિલકતો બાબતે:</u>
સતપંથીઓ સાથે સંયુક્ત મિલ્કતો હોય, તો અનુકૂળતાએ સ્વતંત્ર કરી લેવા ભલામણ કરવામાં આવે છે.

ઉપરોક્ત તમામ ઠરાવોને આજ તા.૨૭/૦૮/૨૦૧૮ની શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની સામાન્ય સભા સર્વાનુમતે મંજુર કરે છે અને આ ઠરાવો આજ તા.૨૭/૦૮/૨૦૧૮ થી લાગુ કરી દેવામાં આવે છે.

પ્રમુખ શ્રી
અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી

મહામંત્રીશ્રી
પુરષોત્તમભાઈ રવજીભાઈ ભગત

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

:: 3 ::

૧૫ સતપંથીઓએ સનાતનીઓને સાચા સિદ્ધ કરી દીધા

1. વિશેષ સભા પછી તરતજ માત્ર ગણતરીના દિવસો પછી એટલે તા. ૦૮-સપ્ટેમ્બર-૨૦૧૮ના મુંબઈ પાસે આવેલ બદલાપુર ગામમાં સતપંથીઓએ ખાસ યુવાનોને ઉદ્દેશીને એક વિચાર ગોષ્ઠી સભા રાખેલ હતી. વિશેષ સભાના ઠરાવોની સતપંથીઓના આગેવાનો ઉપર કેવી અસર પડી એ આ સભામાં જોવા મળ્યું. સતપંથનો એક સાધુ શ્રી જનાર્દન મહારાજ, ફેજપુરવાળાએતો પોતાની ભાષા ઉપર સંયમ ખોઈ દીધો. વિશેષ સભા માટે એમને અભદ્ર, અશોભનીય, અસામાજિક અને કોઈ પણ સાધુને શોભે નહીં એવી ભાષાનો ઉપયોગ કર્યો. વિશેષ સભામાં પ્રસ્તુત કરેલ પુરાવાઓની સામે કોઈ સંતોષકારક જવાબ આપી ન શક્યા. માત્ર ઉડાઉ વાતો કરવા સિવાય કંઈ વિશેષ કહીં ન શક્યા. સતપંથ સમાજના પ્રમુખ શ્રી દેવજી કરસન ભાવાણીની હાજરીમાં સતપંથ તરફથી અમલીકરણ સમિતિના એક સભ્ય શ્રી સી.એ. ભાઈલાલ કે પટેલએ સતપંથને ટકાવી રાખવા માટે નવા ફોર્મ્યુલાની વાત કરી. તેમને જણાવ્યું કે **સતપંથના મૂળ બદલ્યા વગર સતપંથનો બાહ્ય દેખાવ બદલવા માટે સતપંથ ધર્મનું બ્રાન્ડીંગ અને પેકેજિંગ બદલવાની જરૂર છે.** વર્ષો સુધી સનાતનીઓ જે આક્ષેપ સતપંથ ઉપર લગાડી રહ્યા છે, એ વાત ખુદ સતપંથવાળા પોતાના મોઢે જાહેરમાં કહેવા લાગ્યા. ઊંઝાની અમલીકરણ સમિતિ પણ આજ મુદ્દા ઉપર આવીને અટકી ગઈ. સનાતનીઓનું કહેવું હતું કે સતપંથના મૂળને (ઈમામશાહ, નિષ્કલંકી નારાયણ, પીરાણા અને સતપંથ) છોડી દો. ત્યારે સતપંથવાળાનું કહેવું હતું કે સતપંથનું મૂળ ક્યારેય નહીં છોડીએ. બીજા બાહ્ય ફેરફારો જે કહો તે કરવા તૈયાર છીએ. પણ જ્યાં સુધી સતપંથનું મૂળ છૂટે નહીં, ત્યાં સુધી બાહ્ય ફેરફારનો કોઈ અર્થ નથી. આ દિવસ સુધી સતપંથની છૂપી ચાલ લોકોને સમજાવવા માટે ખૂબજ મહેનત લાગતી હતી. પણ આ સભા પછી જનતા સતપંથની રમતોને સારી રીતે સમજવા અને સ્વીકારવા લાગી ગઈ છે.

2. ત્યાર બાદ તા. ૨૩-સપ્ટેમ્બર-૨૦૧૮ના પીરાણા સતપંથની સર્વોચ્ચ તેમજ માતૃ સંસ્થા ધી ઈમામશાહ બાવા રોઝા સંસ્થાન કમિટી ટ્રસ્ટ (ટૂંકમાં ધી ઈમામશાહ બાબા સંસ્થા કમિટી, પીરાણા) એ જાહેર સમાચાર પત્રોમાં એક "જાહેર જનતા જોગ ખુલાસો" પ્રકાશિત કર્યો. આ ખુલાસામાં **તેઓએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના તા. ૦૮-ઓક્ટોબર-૨૦૧૭ના રોજે આપેલ ચુકાદાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યો. સાથે એવું જણાવવામાં આવ્યું કે ઊંઝાના લવાદના આ નિર્ણયને અનુયાયીઓ સ્વીકારતા નથી.** આ જાહેર ખુલાસાને કચ્છ મિત્ર (ભુજ – પાના ક્ર. ૫), ગુજરાત સમાચાર (અમદાવાદ – પાના ક્ર. ૧૫), (રાજકોટ - પાના ક્ર. ૧૩), (ભુજ - પાના ક્ર. ૧૫), સંદેશ (અમદાવાદ - પાના ક્ર. ૫) માં વાંચવા મળેલ છે. પીરાણા સતપંથનો આ જાહેર ખુલાસો આ પુસ્તકમાં પણ પ્રકાશિત કરવામાં આવેલ છે.

જાહેર જનતા જોગ ખુલાસો

અમદાવાદ જિલ્લાના દશકોઈ તાલુકાના પીરાણા ગામે ધી ઈમામશાહ બાવા સંસ્થા આવેલી છે. આ સંસ્થા સતપંથ વૈદિક પરંપરામાં માને છે. અઢારે વર્ણમાં તેના અનુયાયીઓ છે. અને સર્વધર્મના લોકો પોતાની મનોકામના પૂર્ણ કરવા માટે માથુ ટેકવે છે અને અહી સંસ્થાનું નામ જોતા લોકો એવું સમજે છે કે આ સંસ્થા મુસ્લિમ પરંપરાની હશે, પરંતુ આવું નથી.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના કેટલાક પરિબળોએ ધી ઈમામશાહ બાવા સંસ્થા સાથે જોડાયેલા કચ્છ કડવા પાટીદાર સતપંથ સમુદાયને કલંકિત કરવા માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાની સમાધાન કમિટી ધ્વારા જે નિર્ણય તા. ૦૮-૧૦-૨૦૧૭ ના રોજ લેવાયો છે તેને અમારી સંસ્થા સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે.

સર્વધર્મ સમભાવ માં માનનારી આ સંસ્થાના દર્શનાથે લાખો શ્રધ્ધાળુ આવે છે. આ સંસ્થામાં કોઈ નાતજાતના ભેદભાવ રાખતી નથી. અમારી આ સંસ્થાનો વહીવટ આશરે ૬૦૦ વર્ષ પૂર્વેથી કચ્છના કડવા પાટીદારો આજે પણ ચલાવી રહ્યા છે. જે સંપૂર્ણ રીતે સમગ્ર માનવજાતના કલ્યાણ અર્થે કાર્ય કરી રહ્યા છે. જેવાકે ગુરૂકુળ, ગૌ-શાળા, હોસ્પિટલ, અન્નક્ષેત્ર, બાળ સંસ્કાર શિબિરો વગેરે. કોઈ ધર્મના વાડાઓ અહિંયા નથી માટે ઊંઝાનો આ લવાદ નિર્ણયને અનુયાયીઓ સ્વીકારતા નથી જે જાહેર જનતા જોગ જાહેરાત કરવામાં આવે છે.

॥ सनातन सत्पंथ ॥

તા. ૨૦-૯-૨૦૧૮


ધી ઈમામશાહ બાબા સંસ્થા કમિટી,
પીરાણા, તા. દશક્રોઈ, જી. અમદાવાદ

3. પીરાણા સતપંથની માતૃ સંસ્થા તરફથી સ્પષ્ટ શબ્દોમાં આવેલ ખુલાસા પછી ઊંઝાના ચુકાદાના અમલીકરણ માટે કોઈના મનમાં હવે કોઈ આશા બચી નહીં. સતપંથીઓ માટે કુમળું વલણ રાખનારાઓએ પણ હવે સતપંથની તરફદારી કરવાનું છોડી દીધું.

4. મજાની વાત અહીં એ છે કે ઉપર જણાવ્યા પ્રમાણેનો જાહેર ખુલાસો આવ્યા બાદ પણ સતપંથવાળા ઊંઝાવાળાને એવી બાહેંધરી આપતા હતા કે અમે ઊંઝાનો ચુકાદો સ્વીકારવા તૈયાર છીએ. અમારામાં અમુક કટ્ટરવાદી લોકો છે, એ લોકોના દબાણમાં આ જાહેરાત થઇ છે. ઊંઝા પંચના વડીલોએ જણાવ્યા પ્રમાણે જ્યારે એ લોકોને પૂછવામાં આવતું કે આવા કટ્ટરવાદી લોકો કોણ છે? તેમના નામ આપો. તેમની સાથે ફોન ઉપર વાત કરાવો. અમે તેમને સમજાવશું, ત્યારે સતપંથવાળા કોઈ જવાબ આપી શકતા નહોતા. જેથી સ્પષ્ટ થઇ ગયું કે કટ્ટરવાદી માણસોની વાત એ માત્ર એક બહાનું હતું.

5. તેમ છતાં મળેલ જાણકારી પ્રમાણે ઊંઝાના વડીલોએ સતપંથના પ્રમુખશ્રી દેવજીભાઈ કરસન ભાવાણીને કહ્યું કે સતપંથ સમાજ તરફથી તમે એક જાહેર ખુલાસો છાપાંઓમાં પ્રકાશિત કરો કે ઊંઝાના ચુકાદાને સતપંથ સમાજ સ્વીકારે છે અને ચુકાદાનું હાર્દ બદલ્યા વગર સંપૂર્ણ રીતે પાલન કરશે. આજ દિવસ સુધી આવો કોઈ જાહેર ખુલાસો સતપંથ સમાજ તરફથી આવેલ નથી. જેથી ફરીથી એજ વાત સ્પષ્ટ થાય છે કે સતપંથવાળાઓ ઊંઝા માતાજીનું અપમાન કરી રહ્યા છે.

6. ત્યાર બાદ પીરાણા સતપંથની સર્વોચ્ચ અને માતૃ સંસ્થા ધી ઈમામશાહ બાવા રોઝા સંસ્થાન કમિટી ટ્રસ્ટ જેણે ઊંઝાના ચુકાદાને વખોડતો જાહેર ખુલાસો પ્રકાશિત કરેલ હતો અને કહ્યું હતું કે પીરાણા સંસ્થાનો મુસલમાન ધર્મ સાથે કોઈ સંબંધ નથી, એજ સંસ્થાના ત્રણ મુસલમાન સૈય્યદ ટ્રસ્ટીઓએ તા. ૨૮-સપ્ટેમ્બર-૨૦૧૮ના દિવ્ય ભાસ્કર – અમદાવાદ – પાનાં ક્ર. ૧૫ માં એક ખુલાસો પ્રકાશિત કર્યો. આ ખુલાસામાં તેઓએ જનતાને જણાવ્યું કે આ સંસ્થા ચેરિટી કમિશ્નરના કચેરીમાં ઈ-૭૩૮ ક્રમથી રજીસ્ટર્ડ છે. આ સંસ્થાના સરકારી અને રજિસ્ટર્ડ રેકર્ડ મુજબ સંસ્થાના ઉદ્દેશ્યો નીચે મુજબ છે.


૨૦/૯/૨૦૧૮ ના ધી ઇમામશાહ બાવા રોજા સંસ્થા કમિટીના ડીફેક્ટો નાનજીકાકા ગુરૂકરશન કાકા દ્વારા આપવામાં આવેલ જાહેરાતનો ખુલાસો

તા.૨૦/૯/૨૦૧૮ ના રોજ ધી ઈમામશાહ બાવા રોજા સંસ્થા કમિટીના ડીફેક્ટો નાનજીકાકા ગુરૂકરશન કાકા દ્વારા જે ખુલાસો જાહેર કરેલ છે તે તદ્દન ખોટો અને ગેરમાર્ગે દોરનારો છે. આવી જાહેરાત આપતા અગાઉ સંસ્થાના ટ્રસ્ટીઓ સાથે ચર્ચા વિચારણા કે વિશ્વાસમાં લીધા વગર ખોટી હકીકતો જાહેર કરેલ છે. ખરેખર ધી ઈમામશાહ બાવા રોજા સંસ્થા નાયબ ચેરીટી કમિશનર ની કચેરીમાં ઈ-૭૩૮ થી નોંધાયેલ છે સદર સંસ્થાના સરકારી અને સર્ટિફાઈડ રેકોર્ડ મુજબ સંસ્થાના ઉદ્દેશો નીચે મુજબ છે.

૧. હઝરત પીર ઈમામશાહ બાવાની દરગાહ શરીફ પર નિયમિત રીતે રાત-દિવસ ચાલુ ચિરાગ, સંદલ, ઉર્ષ, નિયાઝ, ફાતેહા વગેરે ધાર્મિક ક્રિયાઓ કરવા.
૨. દરગાહની જાળવણી કરવા.
૩. હઝરત પીર ઈમામશાહ બાવાના વંશજ સૈયદોને સ્કીમ સાથેના એપેડીક્ષ પ્રમાણેના હક્કો આપવા વગેરે એવા અન્ય ઉદેશો પણ છે.

તેઓના જાહેર જનતા જોગ ખુલાસાના પહેલા ફકરામાં જણાવ્યા પ્રમાણે સંસ્થા મુસ્લિમ પરંપરાની નથી તે હકીકત તદન ખોટી અને જનતાને ગેરમાર્ગે દોરનારી છે. ખરેખર સદરહુ સંસ્થાના PTR ના ઉદેશોને જોતા પણ સાબિત થાય છે કે સદર સંસ્થા એ મુસ્લિમ રીત-રિવાજો અને પરંપરાના સાથે સંબંધ ધરાવે છે.

તેઓના જાહેર ખુલાસાના ત્રીજા ફકરામાં જણાવ્યા મુજબ આ સંસ્થાનો વહીવટ ૬૦૦ વર્ષથી કચ્છ કડવા પાટીદારો ચલાવી રહ્યા છે એ હકીકત પણ તદન ખોટી છે. ખરેખર ધી ઈમામશાહ બાવા રોજા સંસ્થાના વહીવટ માટે નામ. કોર્ટ દ્વારા દી.મુ. નં. ૧૬૮/૧૯૩૧ ના કામે સ્કીમ બનાવેલ છે અને તે મુજબ ૩ સૈયદ ટ્રસ્ટી અને ૭ સતપંથી ટ્રસ્ટી દ્વારા કમિટી બનાવી ધી ઈમામશાહ બાવા રોજા સંસ્થાનો વહીવટ કરવામાં આવે છે. આમ ઉપરોક્ત જણાવ્યા મુજબની ખરી સાચી હકીકતો રેકર્ડ ઉપર હોવા છતાં આવી જાહેર જનતા જોગ ખુલાસા ખોટી રીતે આપવા પાછળ તેઓનો શુદ્ધબુદ્ધીપૂર્વકનો ઈરાદો જણાતો નથી તેથી જાહેર જનતાને આ ખરી સાચી માહિતી મળી રહે તેવા શુભ આશયથી આ જવાબ અને ખુલાસો અમોએ જાહેર કરેલ છે.

ધી ઇમામશાહબાવા રોજા સંસ્થા ટ્રસ્ટી, પીરાણા, તા. દસક્રોઇ, જી. અમદાવાદ
સૈયદ ઝૈનુલ આબેદીન રીયાઝહુસૈન (પીરાણા વિભાગ ટ્રસ્ટી)
સૈયદ નદીમએહમદ સફીમિયા (પેટલાદ), સૈયદ આસિફ રફીમોહંમદ (કાનમ)

1) હજરત પીર ઈમામશાહ બાવાની દરગાહ શરીફ ઉપર નિયમિત રીતે રાત-દિવસ ચાલુ ચિરાગ, સંદલ, ઉર્ષ, નિયાઝ, ફાતેહા વગેરે ધાર્મિક ક્રિયાઓ કરવા.
2) દરગાહની જાળવણી કરવા.
3) હઝરત પીર ઈમામશાહ બાવાના વંશજ સૈયદોને સ્કીમ સાથે એપેન્ડીક્ષ પ્રમાણેના હક્કો આપવા વગેરે એવા અન્ય ઉદ્દેશ્યો પણ છે.

સૈયદોના આ ખુલસામાં એવું જાણવવામાં આવ્યું કે પીરાણાની સંસ્થાના PTR ના ઉદ્દેશો જોતાં પણ સાબિત થાય છે કે સદર સંસ્થા એ મુસ્લિમ રીત-રિવાજો અને પરંપરા સાથે સંબંધ ધરાવે છે. આ ખુલાસો પણ અહીં પ્રકાશિત કરવામાં આવેલ છે.

સૈયદો તરફથી આવેલ આ જાહેર ખુલાસો, જેનો આધાર કોર્ટ દ્વારા ગડવામાં આવેલ પીરાણાના બંધારણ અને ચેરિટી કમિશ્નરની કચેરીમાં રજિસ્ટર્ડ દસ્તાવેજો હતું, તેની સાથે પીરાણા સતપંથની સંસ્થામાં ત્રણ મુસ્લિમ સૈયદ ટ્રસ્ટી છે, એ હકીકત દ્વારા જાહેર જનતાને સાબિતી મળી ગઈ કે પીરાણા સતપંથ મુસ્લિમ ધર્મ છે.

7. તેનાં પછી, સનાતન સમાજની મુખ્ય સંસ્થાઓ એટલે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ – નખત્રાણા, શ્રી ઉમિયા માતાજી ઈશ્વરરામજી અન્નક્ષત્ર ટ્રસ્ટ – વાંઢાય, શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ – દેસલપર વાંઢાય, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ – રવાપર, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ – નખત્રાણા, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘ-નખત્રાણા એ એક જાહેર ખુલાસો સમાચાર પત્રોમાં પ્રકાશિત કર્યો. તા. ૦૭-નવેમ્બર-૨૦૧૮ના કચ્છ મિત્ર, ભુજ – પાનાં ક્ર.૧૫, ગુજરાત સમાચાર, અમદાવાદ – પાનાં ક્ર. ૩, વડોદરા – પાનાં ક્ર. ૩ , ભુજ – પાનાં ક્ર. ૩, રાજકોટ – પાનાં ક્ર. ૩, સુરત – પાનાં ક્ર. ૩ અને તા. ૦૮-નવેમ્બર-૨૦૧૮ના મુંબઈની આવૃત્તિ – પાનાં ક્ર.૩ માં પ્રકાશિત થયેલ. આ ખુલાસામાં ઊંઝાના ચાલેલ ત્રણ વર્ષ સુધી લાંબી પ્રક્રિયાની જાણકારી આપવામાં આવેલ અને પીરાણા સતપંથના કારણે હિંદુ ધર્મ પાળતા કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિનું ગૌરવ અને લાગણી દુભાય છે. ઊંઝા સંસ્થાનો અનાદર સતપંથીઓ કરે છે એટલે એવા લોકો સાથે ધાર્મિક અને સામાજિક સંબંધો જાળવવા અસમર્થ છે. ચુકાદા પ્રમાણે અગર સતપંથીઓ ઈમામશાહ બાવા, સતપંથ, નિષ્કલંકી નારાયણ વગેરેને કાયમ માટે છોડીને આવશે ત્યારે તેમને સ્વીકારવા તૈયાર છે, એવો વધારાનો ખુલાસો પણ કરેલ હતો. આ સંપૂર્ણ ખુલાસો પણ અહીં છાપવાવાળા આવેલ છે.


સમગ્ર હિન્દુ તથા સમગ્ર પાટીદાર સમાજ જોગ ખુલાસો

અમદાવાદ નજીક દશક્રોઈ તાલુકાના પીરાણા ગામે સતપંથ ધર્મનું મૂળ સ્થાન છે. જેના સ્થાપક મુસલમાન સૈયદ ઈમામશાહ બાવા (કબીરુદ્દીન સૈય્યદનો પુત્ર) અને નિષ્કલંકીને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો ખુબ જ નાનો સમુદાય હજુ પૂજે છે. જેના કારણે અન્ય જ્ઞાતિઓ કચ્છ કડવા પાટીદારોને શંકાની નજરે જુએ છે. જેથી સનાતન હિંદુ ધર્મ પાળતા મોટા સમુદાયનું ગૌરવ અને લાગણી દુભાય છે.

આ અંગે કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા નિમાયેલ પંચે ત્રણ વર્ષ બન્ને પક્ષોને સાંભળ્યા, બધા આધાર પૂરાવાઓનો તલસ્પર્શી અભ્યાસ બાદ તા.૦૮-૧૦-૧૭ના ચુકાદામાં ઈમામશાહ (ઈસ્લામ ધર્મ) મુસ્લિમ સાથે જોડાયલ છે, નિષ્કલંકી નારાયણ હિંદુ ધર્મ માન્યતા વિરુદ્ધ છે, માટે સતપંથને છોડી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના હિંદુ ધર્મ પાળતા મોટા સમુદાયમાં ભળી જવું, એવો નિર્ણય આપેલ છે.

દશક્રોઈ તાલુકા પીરાણા ધી ઈમામશાહ બાવા રોઝા સંસ્થાન કમિટી ટ્રસ્ટના ચેરમેન નાનજીકાકાએ ઉમિયા માતાજી ઊંઝાનો ચુકાદો વખોડતાં જાહેર જનતા જોગ ખુલાસામાં તા.૨૧-૯-૨૦૧૮ના વિવિધ સમાચારપત્રોમાં જણાવ્યું કે લવાદનો નિર્ણય સતપંથના અનુયાયીઓને સ્વીકાર્ય નથી અને પોતાની સંસ્થા મુસ્લિમ પરંપરાની નથી.

જેથી, તે ઈમામશાહ બાવા રોઝા સંસ્થાન કમિટી ટ્રસ્ટના ત્રણ મુસ્લિમ સૈયદ ટ્રસ્ટીઓએ દિવ્ય ભાસ્કર સમાચારપત્રમાં તા. ૨૮-૦૯-૨૦૧૮ના નાનજીકાકાનો ખુલાસો તદ્દન ખોટો, ગેરમાર્ગે દોરનારો જણાવેલ છે. તે ઈમામશાહબાવા ટ્રસ્ટમાં મુસ્લિમ રીત-રીવાજોની પરંપરાના હઝરત સૈયદ ઈમામશાહ દરગાહ શરીફની નિયમિત જાળવણી, રાત-દિન ચાલુ ચિરાગ, સંદલ, નિયાઝ, ફાતેહા, ઉર્ષ જેવી ધાર્મિક ક્રિયાઓ, ઈમામશાહના વંશજ સૈયદોને હક્કો આપવા જેવા ઉદ્દેશ્યો ચેરીટી કમિશ્નરના PTRમાં નોંધાયેલ છે, તેવું પણ જાહેર કરેલ.

આમ વિશ્વભરના કડવા પાટીદારોની માતૃસંસ્થાનો કચ્છના સતપંથીઓએ અનાદર કરેલ છે. જેથી સતપંથ પાળતા કુટુંબોથી અમો ધાર્મિક અને સામાજિક સબંધો જાળવવા અસમર્થ છીએ. તેઓ જ્યારે ચુકાદાના તમામ મુદ્દાઓ અનુસાર ઈમામશાહ, સતપંથ અને નિષ્કલંકી નારાયણ વિગેરેને કાયમ માટે છોડીને આવશે ત્યારે અમો આવકારશું. આમ સતપંથ ધર્મને કાયમ માટે છોડી દેનાર લોકોને હિંદુ સનાતન સમાજમાં સ્વીકારવાની પ્રક્રિયા વર્ષોથી ચાલુ જ છે.

હિન્દુ સનાતન ધર્મની સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની મુખ્ય સંસ્થાઓ

- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
- શ્રી ઉમિયા માતાજી ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ
- શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ
- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ
- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ
- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલાસંઘ

8. બીજી બાજુ સતપંથીઓ દ્વારા વાક્ચાતુર્ય (તાકિયા) ભરી છેતરામણી યુક્ત વાતો ચાલુ જ રહી. જેમ કે જ્યારે ઊંઝા માતાજીના અપમાનના મુદ્દા ઉપર સનાતનીઓ આક્રોશમાં આવે ત્યારે સતપંથી લોકો દ્વારા નિવેદનો અને રજૂઆત કરવામાં આવે કે...

"અમે (સતપંથી) લોકો હિંદુ ધર્મના રીત રિવાજો અને ધાર્મિક ઉદ્દેશો પ્રમાણે ચુસ્ત રીતે પાલન કરવા માટે કટિબદ્ધ છીએ."

પહેલી નજરે આ નિવેદન સાંભળીને કોઈ પણ સનાતની કે હિંદુ ખુશ થાય. પણ ઊંડાણથી વિચારો તો આની પાછળનું વાક્ચાતુર્ય દેખાશે. સતપંથ વાળા કાયમ (ખોટો) પ્રચાર કરતા આવ્યા છે (પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે) કે સતપંથ એ હિંદુ ધર્મનો ફાંટો છે. એક ચતુરાઈ અહીં એ છે કે ઉપરના વાક્ય પ્રમાણે એ લોકો હિંદુ ધર્મના રીત રીવાજ (એમની ભાષામાં સતપંથ ધર્મના રીત રીવાજ) વગેરે વગેરે પાળવા તૈયાર છે. એટલે એક બાજુ સામાન્ય હિંદુઓ એટલે સનાતનીઓને ઉપર જણાવેલ વાક્યથી ખુશ કરી દે. બીજી બાજુ પોતાનો સતપંથ ધર્મ છોડે નહીં. આવી પરિસ્થિતિમાં આ લોકો પાસેથી એવું નિવેદન કે રજૂઆત નહીં આવે કે...

"અમે લોકો સતપંથ ધર્મને સંપૂર્ણ રીતે તેમજ કાયમ માટે છોડીને હિંદુ ધર્મના રીત રિવાજો અને ધાર્મિક ઉદ્દેશોનું ચુસ્ત રીતે પાલન કરીશું. અમારા માટે સતપંથ ધર્મ એ હિંદુ સનાતન ધર્મનો ભાગ નથી"

આવોજ વાક્ચાતુર્યનો એક બીજો દાખલો છે ઈમામશાહને લઇને. જ્યારે ઈમામશાહ મુસ્લિમ છે માટે એક સતપંથી મુસલમાનને માને છે એવી વાતના કારણે જાહેરમાં જ્યારે સતપંથીને શરમ આવે, ત્યારે વાક્ચાતુર્ય વાપરીને પોતાના જવાબમાં એવું કહેશે કે...

"ઈમામશાહ કહી ગયા છે કે તેઓ જ કરે તેમ ન કરવું પણ જેમ કહ્યું છે તેમ કરવું"

તેવી રીતે કહેવામાં આ આવે છે કે...

"અમે ભગવાન વિષ્ણુના પહેલા ૯ અવતારને "વંદન" કરીએ છીએ અને ૧૦ અવતારને "નમન" કરીએ છીએ."

આમાં "વંદન" અને "નમન" શબ્દોની રમત છે. એટલે કે ભગવાન વિષ્ણુના પહેલા ૯ અવતારોની માત્ર "પ્રશંસા" કરીએ છીએ અને ૧૦ અવતાર (નિષ્કલંકી નારાયણ) સામે નમીએ છીએ એટલે પૂજીએ છીએ.

સામાન્ય રીતે સતપંથથી અજાણ વ્યક્તિને પ્રતિક્રિયા શું આપવી એ ખબર ન પડે. એટલે પેલો સતપંથી જાહેરમાં શરમ અનુભવવાથી પોતાનો બચાવ કરી જાય. આ છે વાક્ચાતુર્ય રમત.

વાક્ચાતુર્યના વપરાશના કારણે સતપંથી લોકો સતત તેમના હિંદુ ભાઈઓની લાગણી અને ભાવનાઓ સાથે રમત કરતા આવ્યા છે. અમે હિંદુ રીત રિવાજો પાળવા તૈયાર છીએ કહીને પોતાના મુસલમાની સતપંથ ધર્મને હિંદુ ધર્મનો ભાગ ગણાવી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખતા હોય છે. જ્યારે સનાતનીઓ આવી વાક્ચાતુર્યને ઓળખી જશે, ત્યારે સતપંથીઓની ચાલો ખુલ્લી થઇ જશે. હાલના સમયગાળામાં સતપંથની તમામ ચાલો અને રમતો જાહેરમાં ખુલ્લી થઇ રહી છે. જેના કારણે સનાતનીઓમાં વધુ જાગૃતિ ફેલાઈ રહી છે.

9. વિશેષ સભા પછી સતપંથીઓ દ્વારા ઉપર જણાવ્યા પ્રમાણે લીધેલ પગલાંઓના કારણે, પોતાના વર્તન અને વાણીથી સાબિત કરી દીધું કે એ લોકો ઊંઝાનો ચુકાદો કોઈ કાળે સ્વીકારશે નહિ. એનાથી વધુ એક વાત સાબિત થાય છે કે નખત્રાણા ખાતે તા. ૨૬-ઓગસ્ટ-૨૦૧૮ની લેવાયેલ વિશેષ સભામાં કરેલ ઠરાવો સાચા અને સમય પ્રમાણે ખૂબજ જરૂરી હતા.

10. ઉપર જણાવેલ તમામ મુદ્દાઓ પરથી જણાઈ આવે છે કે સનાતનીઓ સાચા છે એવું સિદ્ધ સતપંથીઓએજ કરી આપેલ.

૧૬ મવાળ – એક સળગતી સમસ્યા

મવાળ એટલે કોણ?:



મવાળ એટલે એવો વ્યક્તિ જે "મધ્યમ-માર્ગી" અને "સહિષ્ણુ"ની છબી અપનાવી, આદર્શવાદી વાતો અને સુફિયાણી સલાહોની આડમાં સનાતનીઓના હિતના ભોગે સતપંથીઓને છાવરવા સનાતન સમાજના વિરોધમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કામ કરતો હોય છે.

સરળ ભાષામાં કહીએ તો હાલની પરિસ્થિતિ અને સંજોગ પ્રમાણે, કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં મવાળ એટલે સનાતન સમાજ વિરુદ્ધ કામ કરનાર સમાજ દ્રોહી, વિશ્વાસઘાતી, સતપંથનો દલાલ તેમજ સનાતન સમાજનો ગદ્દાર. જે રીતે છેલ્લા અમુક દાયકાઓમાં સનાતન સમાજમાં રહીને મવાળોએ સનાતન ધર્મની ચળવળને ઢીલી કરવા માટે કામો કર્યાં છે, તેનાં કારણે "મવાળ" મહદ અંશે "ગાળ"ના રૂપમાં જોવામાં આવે છે.

આ લોકો રહે સનાતન સમાજમાં પણ વાતો સતપંથના તરફેણની કરી એટલે તેમને "દૂધ-દહીં" વાળા પણ કહેવામાં આવે છે.

મવાળની કાર્યપધ્ધતિ:

એક મવાળ દ્વારા સહુથી પહેલું મહત્ત્વનું કામ જે કરવામાં આવે એ છે કે સનાતન ધર્મ તેમજ સનાતન સમાજનો સાચો હિતેચ્છુ હોવાનો ઉપરછલ્લો દેખાવ અપનાવીને સનાતન સમાજના વહીવટી તેમજ સંચાલક વર્તુળમાં ભળી જાય. અંદર આવીને પોતાના મૂળિયાં મજબૂત કરે. ત્યાર બાદ પોતાના સાથીદારોને પણ વહીવટ અને સંચાલનમાં સામેલ કરી લે. ત્યાર બાદ ધીરે ધીરે પ્રખર સનાતનીઓને સત્તાથી દૂર કરી પોતાના નિયંત્રણમાં સત્તા હાંસલ કરી લે. એક વખત સત્તા પોતાના હાથમાં આવી ગયા બાદ, ધીરે ધીરે સનાતનીઓનું ગૌરવ, અને ગરિમાને નબળું પાડવામાં આવે. બીજી બાજુ, સર્વ ધર્મ સમભાવ, ઈશ્વર એક જ છે, બધા ધર્મનો ઉપરવાળો તો એક એકજ છે, બધા ધર્મ સારા છે, માનવ ધર્મ એ ઉત્તમ ધર્મ છે, સતપંથને મુસલમાન ન કહેવો જોઈએ, સતપંથીઓ આપણા જ ભાઈ છે, તેમને સાથે રાખશું તો તેઓ ધીરે ધીરે સુધરશે, આવી વાતો કરી લોકોના મનમાં સતપંથ માટે નરમાઈ લાવે. પોતાની વાત લોકોના ગળે ઉતારવા માટે તાકિયાનો પણ ખૂબજ મોટે પાય પ્રયોગ કરવામાં આવે છે. આદર્શવાદી અને સુફિયાણી વાતો એટલી ચતુરાઈથી કરવામાં આવે કે કોઈ પણ માણસ એનો વિરોધ કરવાનું વિચારી પણ ન શકે.

ટૂંકમાં કહીએ તો મવાળોની કાર્ય પદ્ધતિ ક્રમશઃ આ રીતે હોય છે.

૧) સનાતની સમાજ એક વખત સતપંથને સ્વીકૃત કરતું થઇ જાય.
૨) ધીરેથી સતપંથીઓને સનાતન સમાજમાં ભેળવવાના પ્રયાસો કરવામાં આવે.
૩) તેમને સનાતની સમાજમાં સભ્ય પણ બનાવવામાં આવે.
૪) ધીરે ધીરે સનાતની સમાજના વહીવટમાં પણ સામેલ કરી દેવામાં આવે.
૫) ત્યાર બાદ સનાતની સમાજમાં સતપંથ ધર્મનો પ્રચાર કરવામાં આવે.

આવી રીતે હિંદુ સનાતનીઓને મુસલમાની સતપંથ ધર્મના રસ્તા પર ચાલતા કરી દેવાની આ સંપૂર્ણ પ્રણાલિકા છે.

૧૬ મવાળ – એક સળગતી સમસ્યા

ઉપર નજર નાખીશું તો દેખાશે કે એક મવાળ પોતાનું કામ કેવી રીતે શરુ કરે અને પોતાનું ટોળું કેવી રીતે તૈયાર કરે. શરૂઆતમાં સમાજની ગતિવિધિઓ ઉપર શંકા કરતી તેમજ ખામીઓ ઉપર ધ્યાન દોરીને આગેવાનો ઉપર આંગળી ચીંધવાનું કામ કરશે. તેમની આ વાતને ગળે ઉતારવા અમુક ખાસ નબળી વિચાર શ્રેણી વાળા તેમજ આ રમતથી અજ્ઞાની ભોળા લોકો સાથે સંપર્ક મેળવીને તેમનો વિશ્વાસ જીતવાનો પ્રયત્ન કરશે. ત્યાર બાદ એવા લોકોને બંધન એટલે obligation માં રાખવા તેમના ફાયદાઓની વાતો કે કામો કરી આપશે. આથી આ લોકો એ મવાળનો વિરોધ ન કરી શકે. એવી રીતે સમાજમાં કોઈ અસંતોષ થયો હોય કે મનદુ:ખ થયું હોય એવા વ્યક્તિનો પણ સંપર્ક કરી તેને માનસિક ટેકો આપશે અને તેને પોતાના પક્ષમાં કરી લેશે. આવી રીતે ધીરે ધીરે મવાળ પોતાની ટોળકી મોટી કરતા જાય છે.

ટોળકી મોટી થઇ જાય ત્યારે આદર્શવાદી વાતો અને સુફિયાણી સલાહની આડમાં સતપંથીઓને છાવરવાની વાતો તેમજ સનાતન સમાજને નુકસાન કરનારી વાતો નાના નાના પ્રમાણમાં ફેલાવવામાં આવે છે. એ વાતોને ઊંડાણથી વિચાર કર્યા વગર મવાળની ટોળકીના લોકો સહયોગ આપવા લાગી જાય. આનાથી સનાતનીઓના મનમાં પોતાની સમાજ પ્રત્યેની લાગણી ધીરે ધીરે ઓછી થતી જાય. ભોળા અને અજાણ લોકોના મનમાં સમાજમાં થતી કાર્યવાહી અંગે શંકા કુશંકા ઉત્પન્ન થાય. એટલે મનથી સમાજની ગતિવિધિઓ અને કાર્યક્રમોમાં ભાગ લેવામાં અચકાય. આવી રીતે સંપૂર્ણ સમાજ ધીરે ધીરે નબળો પડી જાય અને ધીરે ધીરે એવા સ્તરે પહોંચાડી દેવામાં આવે કે ગમે ત્યારે પડી ભાંગવાની સ્થિતિમાં આવી પહોંચે.

મવાળવાદી પ્રવૃત્તિનું પરિણામ:

રાવણ જેવા શક્તિશાળી રાજાને કોઈ હરાવી નહોતું શકતું. સોનાની એ લંકામાં કોઈ દુશ્મન ઘૂસી નહોતો શકતો. પણ એક વિભીષણના લીધે રાવણ હારી ગયો. માટે કહેવત પડી ગઈ છે કે “ઘર કા ભેદી લંકા ઢાહે”.

તેવીજ રીતે કહેવાય છેને કે અગર, જેચંદ ન હોત તો આજે ભારતનો ઈતિહાસ કંઇક જુદો હોત. જેચંદ પોતાના આક્રોશ ઉપર કાબૂ ન રાખી શક્યો અને મુહમ્મદ ઘોરીનો હાથો બનીને મહારાણા પ્રતાપને હરાવ્યો. નહીં તો મુહમ્મદ ઘોરીની કોઈ તાકાત નહોતી કે એ મહારાણા પ્રતાપને હરાવી શકે. તેવીજ રીતે બંગાલમાં સિરાજ ઉદ-દૌલાહ પોતાના વઝીર મીર જફરના દગાના કારણે અંગ્રેજો સામે હારી ગયો. ઈતિહાસની આવી ઘટનાઓના કારણે “જેચંદ” અને “મીર-જાફર” શબ્દોના અર્થ પીઠ પાછળ વાર કરવો અને દગો આપવો બની ગયા છે. એ શબ્દો એક ગાળ બની ગયા છે.

ઈતિહાસ ગવાહ છે કે આપણે હંમેશાં આપણાથીજ હાર્યા છીએ. બહારવાળાની કોઈ તાકાત નહોતી કે આપણા સામે એ જીતી શકે અગર આપણાએ આપણને દગો ન આપ્યો હોત તો. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં પણ મવાળોના કારણે સનાતન સમાજ થાપ ખાતી હતી.



૧૬ મવાળ – એક સળગતી સમસ્યા



મવાળવાદી પ્રવૃત્તિના કારણે આજે સનાતની સમાજને ખૂબ ભોગવવું પડે છે. મુખ્ય સનાતની ચળવળની શરૂઆતને આજે ૧૦૦ વર્ષ થયાં છે. પણ ૧૦૦ વર્ષ પછી પણ આપણે સતપંથ સમસ્યાથી છૂટી નથી શક્યા. એમ કહીએ કે મવાળોએ આપણે છૂટવા નથી દીધા. સમાજનો મહિલા વર્ગ આ કારણે ખૂબજ પીડાય છે. સનાતની સંસ્કૃતિ અને હિંદુ ધર્મના ગૌરવ સાથે મોટી થયેલ દીકરી જ્યારે અચાનક મુસલમાની સતપંથના ઘરમાં જાય, ત્યારે એવી પીડા અનુભવતી હશે, એ તો કલ્પના જ કરવી.

ક્યારેક નીયાણી, ક્યારે ભાઈ-ભાઈ, ક્યારેક સમાજ, ક્યારે દોસ્તી, ક્યારેક ધંધા વગેરેના સંબંધોની આડ/ઢાળ લઇને સતપંથ સમસ્યા સળગતી રહી છે. સમાજનો સાચો વિકાસ અને પ્રગતિમાં અવરોધો આવ્યા છે. માંડવી હોસ્ટેલ કાંડ હોય, રવાપર નવાવાસ હોય કે વિરાણી (ગઢ) હોય કે કુરબઈ હોય. તામિલનાડુમાં તામ્બરમ હોય, તિરુપુર હોય કે પોલાચી હોય. મુંબઈ ટ્રસ્ટ ફંડ હોય કે બીલીમોરા હોય. આવી અનેક સમાજોમાં જ્યાં જ્યાં સતપંથની સમસ્યા છે એ મવાળોની દેન છે. ક્યાંક કોઈ જાણતે અજાણતે સતપંથને સહયોગ કરી બેઠું હતું તેનાં કારણે પાછળની પેઢીને આજે ભોગવવું પડી રહ્યું છે.

આજે હિંદુઓને મુસલમાન બનાવવાનો રસ્તો અગર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ખુલ્લો હોય, તો તેનાં પાછળ મવાળોજ મુખ્ય રીતે જવાબદાર છે. અગર હિંદુઓને વટલાવવાનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હોત, તો વિચારો કે સનાતન સમાજ આજે કેટલો ખુશ હોત અને પ્રગતિના અવનવા ઊંચા આયામો સર કરી ચૂક્યો હોત. સનાતન સમાજે ખૂબ સારી પ્રગતિ કરી છે. પણ તેમ છતાં ધારી પ્રગતિ નથી થઇ શકી તેનાં પાછળના મુખ્ય પરિબળોમાં મવાળો મોખરે છે.

મવાળને કેવી રીતે ઓળખાય?:



કોઈ પણ વ્યક્તિના માથા ઉપર લખ્યું ન હોય કે એ મવાળ છે કે નહીં. એક મવાળને પકડવો બહુજ કઠિન હોય છે. કારણ કે જ્યારે પોતે ફસાય (અથવા જ્યારે જરૂર હોય) ત્યારે એ એક કટ્ટરવાદી સનાતનીની જેમ વાતો કરે અને આચરણો અપનાવે. પોતાની પોલ ખુલ્લી પડી જવાની નિર્ણાયક ઘડીએ એવો બનાવટી વ્યવહાર કરે કે જાણે એ સનાતનીઓની સાથેજ છે. જેથી કરીને સનાતનીઓ તેની વાતમાં આવી જાય અને તેને શંકાના દાયરાથી મુક્ત કરી દે. પણ સનાતનીઓનો વિશ્વાસ જીતીને અનુકૂળતા પ્રમાણે સતપંથની દલાલી કરવાનું કામ, ઓછા-વધુ પ્રમાણમાં, કરતાજ રહે. ક્યારેક પ્રત્યક્ષ રીતે તો ક્યારેક અંદર ખાને રહીને કામ કરે. દાખલા તરીકે સનાતનીઓ સાથે ભળી જઈને તેમની તૈયારીઓની તેમજ તેમની નબળાઈઓની તમામ જાણકારી સતપંથીઓને આપે.

પહેલી નજરે જોઈએ તો એક મવાળની વાતો સામાન્ય રીતે કોઈ પણ સાધારણ સનાતનીઓ જેવીજ હોય. **સનાતનીઓનો વિશ્વાસ જીતવા માટે પોતે કટ્ટર સનાતની છે એવી છબી ઊભી કરવા માટે મીઠી મીઠી સનાતન હિતની**

વાતો પણ કરે. આવી પરિસ્થિતિમાં મવાળને ઓળખવું ખૂબ અઘરું હોય છે. પણ અશક્ય નથી. મવાળને તેના અમુક ખાસ લક્ષણો એટલે કે અમુક પ્રકારની વાતો અને વર્તનથી ઓળખી શકાય. માટે મવાળના ખાસ લક્ષણોવાળી અમુક વાતો કેવી હોઈ શકે, એના તરફ એક નજર કરીએ.


1. સમાજ અને ધર્મ જુદો છે. સમાજમાં ધર્મ ન લઇ આવો.
2. સમાજમાં એકતા, સંપ, સંગઠન હોવી જોઈએ. એકતા હશે તોજ વિકાસ અને પ્રગતિ કરી શકીશું.
3. પ્રેમ ભાવ, ભાઈચારો અને સુમેળ હોવો જોઈએ.
4. પાણીમાં ધોક્કો નાખો તો પાણી અલગ ન થાય.
5. તમારો ધર્મ કયો? એમ પૂછો તો જવાબ મળશે કે હું તો માનવ ધર્મમાં માનું છું.
6. હું ધર્મમાં માનતો નથી. બધા ધર્મ એક સરખા છે.
7. આપણે બધા એકજ છીએ. તમે જાહેરમાં સતપંથનો વિરોધ કરો છો અને હું સતપંથને અંદર ખાનેથી તોડીને તમારુંજ કામ કરું છે.
8. પોતે સનાતન સમાજનો સભ્ય હોય પણ સતપંથ સમાજના કાર્યક્રમોમાં જાય. સતપંથના કાર્યક્રમોમાં દાનો પણ લખાવે. સતપંથ અંગે જાહેરમાં ખૂબ વખાણ કરે. એક ભારતીય નાગરિક પાકિસ્તાનમાં દાન આપે અને તેમના વખાણ કરે એવું કામ કરે. પોતાના આ સમાજ દ્રોહી કાર્યોને વાજબી ગણાવવા એવી દલીલી કરે કે આપણે કોઈ ધર્મની ટીકા ન કરવી જોઈએ. બધા ધર્મો એકજ છે. દાન તો કોઈ પણ વ્યક્તિ કોઈને પણ આપી શકે, એમાં કોઈ રોકી ન શકે.
9. દીકરીઓ/નીયાણીનો શું વાંક? નીયાણી તો બધાની છે. તેમાં ધર્મ ન લઇ આવો, એવી વાતો કરનાર.
10. સંયુક્ત પરિવાર (નુખ/ગોત્ર પ્રમાણે) મિલનના પ્રખર હિમાયતી હોય.
11. રાજકારણમાં આગળ વધવું હશે તો એકતા જરૂરી છે. આવી રીતે રાજકારણનો ડર બતાવીને સતપંથને છાવરવાની વાતો કરનાર.
12. સતપંથ અને સનાતન એકજ છે. હવે સતપંથમાં પહેલાં જેવું મુસલમાની નથી રહ્યું. સુધારા થઇ ગયા છે. તેમના ધાર્મિક પુસ્તકો બદલી ગયાં છે. સતપંથ પણ હિંદુ ધર્મનો એક સંપ્રદાય છે. કોઈ લક્ષ્મીનારાયણને પૂજે છે, કોઈ સ્વામીનારાયણને, તેવીજ રીતે સતપંથવાળા નિષ્કલંકી નારાયણને પૂજે છે. હિંદુઓ જેમ વેદોને માને છે, તેવી રીતે સતપંથીઓ કલિયુગમાં અથર્વવેદને (નોંધ: હિંદુ અથર્વવેદ નહીં, પણ સૈય્યદ ઈમામશાહ રચિત અથર્વવેદ) પ્રાધાન્ય આપે છે અથવા માને છે.
13. રાતો રાત સતપંથ છોડીને સનાતનમાં ન આવી શકે. શ્રદ્ધાનો વિષય છે. થોડો સમય આપો. (જાણે ૫૦૦-૫૦૦ વર્ષો ઓછા હોય)
14. સનાતની ચળવળકારોને કટ્ટરવાદી, સમાજ તોડું, સમાજમાં ઝગડાઓ કરનારા કહીને બદનામ કરવા.
15. સતપંથ અને સનાતનની લડાઈ/ઘર્ષણમાં આદર્શવાદી અને ભ્રામક વાતો ફેલાવીને સનાતની પક્ષ ઢીલો અને નબળો કરવા માટે સતત પ્રયત્નશીલ રહે.
16. સનાતનીઓ કડક રણનીતિ તૈયાર ન કરી શકે, અને કરે તો તેમાં સતપંથીઓ માટે ક્યાંકને ક્યાંક છટક બારી રહી જાય, એવા પ્રયત્નો કરે.
17. સતપંથના બચાવ માટે, સમાજ રક્ષાની આદર્શવાદી વાતોની આડમાં ઉગ્રતાથી સનાતનીઓનો વિરોધ કરે. પણ સનાતન સમાજનું જ્યારે નુકસાન થતું હોય ત્યારે એ માણસ ચૂપ બેસે.
18. સતપંથ સાથે દોસ્તી રાખનાર નેતાઓને મવાળો અને સતપંથીઓ પૂરેપૂરો ટેકો આપે. એમની આગેવાની હેંઠલ તમામ કામો નિર્વિઘ્ને પાર પાડવા. સનાતની ની આગેવાની હેંઠળ થનાર કામમાં ઝગડા અને અવરોધો ઊભા કરે. આવું કરીને કાર્યક્રમને નિષ્ફળ કરે. જેથી જનતામાં સનાતની નેતાગીરી નબળી છે એવી છાપ પડે.

19. સનાતની ચળવળનો સીધો વિરોધ ન કરી શકે. એટલે આડકતરી રીતે અવરોધો નાખે. કહેશે કે વારે ઘડીએ સતપંથને લઈને બેઠા છો. સતપંથને વખોડવાનું હવે બંધ કરો. કોઈ ફાયદો નથી. એજ સતપંથ-સતપંથની વાતોથી હવે બધા કંટાળી ગયા છે. હવે સતપંથ વિષે લોકોને બધી ખબર પડી ગઈ છે. આવી વાતોના માધ્યમથી સનાતની ચળવળકારોને હલકા ચીતરી તેમનું મનોબળ નબળું કરવામાં આવે.

આ યાદી પરિપૂર્ણ નથી. તેમાં માત્ર અમુક ટૂંકાં દૃષ્ટાંતો આપેલ છે. આના સિવાય બીજા પણ ઘણાં મુદ્દાઓ હોઈ શકે છે, તે ધ્યાને રાખશો.

મવાળોના પ્રકારો:

હમણાં સુધી મવાળોના મુખ્ય ચાર પ્રકારો જોવા મળ્યા છે.



1. **ગુપ્ત સતપંથી મવાળ:** આ વ્યક્તિની મૂળમાં નિષ્ઠા સતપંથ ધર્મ માટે હોય છે. પણ માત્ર બાહ્ય હિંદુ દેખાવ અપનાવવા માટે સનાતન સમાજમાં સભ્ય બનેલ છે.
2. **આશ્રિત મવાળ:** ધંધાકીય, રાજકીય અને આર્થિક રીતે સતપંથીઓ અને અન્ય મવાળો સાથે સંકળાયલા હોય. એવા લોકોને સતપંથી (તેમજ અન્ય મવાળ)ના આશ્રિત પણ હોઈ શકે. સતપંથી (તેમજ અન્ય મવાળ) સગાવાદ અને મિત્ર વર્તુળના કારણે પણ સતપંથની તરફેણ કરે. અગર તરફેણ ન કરી શકે તો નિર્ણાયક ઘડીમાં સનાતનીઓના હિતમાં ખુલ્લો સહયોગ ન કરે. તેમજ અન્ય મજબૂરીના કારણે સતપંથ તરફી વલણ રાખનાર વ્યક્તિ.
3. **અહમ્‌માં ફસાયેલ મવાળ:** પોતાના ખોટા અહમ્‌ને પોસવા માટે, વિરોધીને નીચા દેખાડવાની ક્રોધાગનીમાં સનાતન-સતપંથની ભેદ રેખા પાર કરી સતપંથના ખોળામાં જઈને બેસી જનાર વ્યક્તિ આ પ્રકારમાં આવે છે. આવા ક્રોધી વ્યક્તિના ઘાયલ અહમ્‌ને જે કોઈ અન્ય વ્યક્તિ પોસે, એ અન્ય વ્યક્તિની વાતોમાં આવી જાય. અગર કોઈ ચતુર સતપંથી આવા ઘાયલ અહમ્‌વાળા વ્યક્તિને પોસવા લાગે તો એ વ્યક્તિ સતપંથની તરફેણ કરવા લાગી જાય.
4. **લાલચમાં ફસાયેલ મવાળ:** એવોજ એક વર્ગ છે લાલચમાં ફસાયેલ મવાળ. સતપંથીઓની થોડી ખુશામદ કરું તો મારું કામ થઇ જાય. આવી ભાવના રાખવાવાળા લોકો ઈ વાત ભૂલી જાય છે કે તેમને હાથા બનાવી સતપંથીઓ સનાતન સમાજને નુકસાન કરે છે.

મવાળ પેદા થવા પાછળના અમુક કારણો:

1. **સનાતની અસ્મિતા, ગૌરવ અને ગરિમામાં કમી:** અગર સમાજમાં એવું વાતાવરણ હોય કે લોકોમાં સનાતન ધર્મ અને સનાતન સમાજ માટે ઉચ્ચ ગૌરવ હોય, તો તેનાં વિરુદ્ધમાં થતી કોઈ નબળી વાતને સહન એક ઘડીએ પણ સહન નહીં કરે. આવી નબળી વાતોનો તરતજ મક્કમ વિરોધ કરશે. જે વ્યક્તિને પોતાના સમાજ માટે ગૌરવ હોય, ગરિમા હોય અને ઉચ્ચ અસ્મિતાની લાગણી અનુભવતો હોય તો, તેવા સમાજ માટે લોકો લડવા તરતજ તૈયાર થઇ જાય. એને લડવા માટે કહેવું ન પડે.

મવાળ – એક સળગતી સમસ્યા



સર્વ ધર્મ સમભાવ. ઉપરવાળો એકજ છે. સતપંથીઓ પણ આપણા ભાઈઓ છે. આપણે એવું કંઈ ન કરવું જોઈએ જેનાથી સનાતન સમાજ સતપંથ કરતાં ચડિયાતો છે એવો સંદેશ જાય, કારણ કે એવું થશે તો સતપંથીઓનો અહમ્ ઘવાશે અને તે લોકો સનાતનમાં નહીં આવે. જ્યારે પણ સનાતનીઓ દ્વારા કડક પગલાં ભરવાની વાત આવે ત્યારે આવી સુફિયાણી વાતો કરીને સનાતનીઓને ભરમાવીને મૂંઝવણમાં મૂકી દઈને કડક પગલાં ભરવાથી રોકવાના પ્રયત્નો કરવામાં આવે. પરિણામે જનતા પણ મૂંઝવણમાં પડી જાય કે સનાતન મુદ્દા ઉપર આપણે ગૌરવશાળી વાતો કરવી કે નહીં. આવી પરિસ્થિતિમાં ક્યાંક સનાતનીઓ આવી ડાહી-ડાહી, આદર્શવાદી અને સુફિયાણી વાતોનો શિકાર બની ગઈ છે. જેના કારણે સનાતન ધર્મ અને સનાતની સમાજમાં અસ્મિતા, ગૌરવ અને ગરિમાનું સિંચન યુવા પેઢીમાં જોઈએ એ પ્રમાણમાં નથી કરી શકાયું.

બીજી બાજુ, છેલ્લા ૩૦ વર્ષ પહેલાં સતપંથ સાથે જોડાયલા હોવાની વાત જાહેરમાં કહેવામાં શરમાતા લોકોની મૂંઝવણને દૂર કરી એજ વાતને ગૌરવમાં ફેરવી નાખી છે. કરસન કાકા (સતપંથી નામ પીર કરીમ) દ્વારા તાકિયા વાપરીને સતપંથને બાહ્ય હિંદુ દેખાવ આપીને સતપંથની એવી છબી ઊભી કરવામાં સફળ થયા છે જેના થકી સતપંથની યુવા પેઢી કરસન કાકાની વાતમાં આવી ગઈ. સતપંથના યુવાનો કરસન કાકાની ચાલની શિકાર થઇ ગયા. સતપંથ હિંદુ ધર્મ છે એવો સતત પ્રચાર પ્રસારનો મારો કરી હિંદુ કહેવડાવતા યુવાનોને મુસલમાની સતપંથ ધર્મમાં ગૂંથી રાખ્યા, જે એક છેતરામણી છે. અગર આવું ન કરત, તો કદાચ સતપંથના યુવાનોનો મોટો વર્ગ આજે સતપંથમાં ન હોત. કરસન કાકાના આ જૂઠને સાચું સમજીને પોતે હિંદુ (ખોટી રીતે) હોવાનું ગૌરવ સતપંથના આજના યુવાનો અનુભવે છે.

સનાતન સમાજમાં એક એવો માહોલ ઊભો કરવો જોઈએ કે સનાતન ધર્મની અને સનાતન સમાજની અસ્મિતા, ગૌરવ અને ગરિમાને કેન્દ્રમાં રાખીને તમામ કામો થવા જોઈએ. પછી, ભલે એ સામાન્ય મિટિંગો હોય, ધાર્મિક કાર્યક્રમો હોય, સામાજિક કાર્યક્રમો હોય, બાલ શિક્ષણ શિબિર હોય, યુવા-યુવતી તાલીમ શિબિર હોય કે ઘરોઘરમાં થતી રોજબરોજની રીતરિવાજો અને પ્રથાઓ હોય. રીતિરિવાજો અને પ્રથાઓમાં આ અંગેની પૂરી સમજણ સચવાઈ રહે એ રીતે વણી લેવા જોઈએ. માત્ર ઔપચારિક પૂરતી વાત સીમિત ન થઇ જાય એનું ધ્યાન રાખવું ખાસ જરૂરી છે. દાખલા માટે જૂઓ શીખ સમાજના ગૌરવ, ગરિમા અને અસ્મિતાના સ્તરને.

આવું કરવાથી લોકોના મગજમાં એક વાત મક્કમ રીતે બેસી જશે કે ગમે તે થાય, સનાતન ધર્મ અને સમાજના ગૌરવ, ગરિમા અને અસ્મિતાના વિરુદ્ધમાં કંઈ પણ કરી ન શકાય. અને કરીશ તો કોઈ મને છોડશે નહીં.

2. **સતપંથ સાથે સંબંધ:** મવાળો પેદા થવા પાછળનું એક કારણ એ પણ છે કે સનાતની સમાજનો સતપંથ સમાજ સાથે થોડા અંશે ચાલતો રોટી-બેટી વ્યવહાર અને સંયુક્ત સામાજિક મિલકતો. સતપંથીઓ આવા સંબંધોનો દુરુપયોગ કરીને સનાતન સમાજમાં “ગુપ્ત સતપંથી મવાળ”ને ઘુસાડી/રોપી દે છે. એના પછી ધીરે ધીરે “આશ્રિત મવાળો”, “અહમ્‌માં ફસાયેલા મવાળો” અને “લાલચમાં ફસાયેલા મવાળો”ને ઊભા કરવામાં આવે છે.
3. **ભય રહિત માહોલ:** સમાજમાં મવાળો એટલા માટે સક્રિય છે કારણ કે તેમને કોઈ પણ જાતનો ભય નથી. એકતા, સંપ, સંગઠન, વિકાસ, પ્રગતિ, રાજકીય સત્તા વગેરે આદર્શવાદી વાતોની આડમાં પોતાના ખોટા કામોને વાજબી ગણાવી પોતાના કામનું મહત્ત્વ જાળવી રાખે છે. આવી રીતે પોતાના માટે સમાજમાં અનુકૂળ વાતાવરણ ઊભું કરી લેતા હોય છે. સમાજના અમુક કહેવાતા બૌધિકો અને મીડિયાઓ આ વાતને જાણતે-અજાણતે સહયોગ કરી બેઠા અથવા તો તેનો વિરોધ કરવામાં અસફળ રહ્યા છે.

મવાળ – એક સળગતી સમસ્યા



વાણી સ્વતંત્રતા અને વિચારોની અભિવ્યક્તિ જેવી આદર્શવાદી સિદ્ધાંતોની આડ લઇને મવાળો પોતાની સમાજ વિરોધી વાતો સમાજમાં ખુલ્લે આમ કરતા રહ્યા છે. જ્યારે પકડાઈ જાય ત્યારે આ મારા માત્ર વિચારો છે કે સૂચન છે. વિચારો કહેવાની બધાને છૂટ છે. એવું બહાનું કાઢીને પોતાનો બચાવ કરે લે છે. પણ આવી વાતમાં અગર કોઈ એકાદ અજાણ માણસ પણ ફસાઈ જાય કે ટેકો આપી દે, તો પણ તેનાં માટે ઘણું છે.

આજની તારીખમાં કોઈ મવાળને કદાચ કોઈ છટકબારી ન મળે અને ફસાઈ જાય, તો તેવા મવાળ સામે સનાતની સમાજ શું પગલાં ભરે છે? અપવાદો સિવાય કોઈ કડક અસરકારક પગલાં ભર્યા હોય એવું ક્યાંય જોવા નથી મળ્યું. એટલે મવાળોને ખાતરી છે કે તેમને ખાસ નુકસાન થશે નહીં. એવી ખાતરી યુક્ત માહોલ હોવાના કારણે મવાળો સનાતની સમાજ સાથે દગો કરવાની હિમ્મત રાખે છે. આ જગ્યાએ અગર સમાજમાં, આ મુદા ઉપર, માનસિક અને નૈતિક રીતે ડરનો માહોલ હોય, તો મવાળવાદી વાતો કરવાથી પહેલાં હજાર વખત અચકાય.

4. **તાકિયા અને મવાળ પ્રત્યે અજ્ઞાનતા:** આપણને પોતાને ખબર નથી પડતી કે આપણે ક્યારે બીજાના હાથા બની ગયા છીએ. આ છે આપણી જ્ઞાતિની મુખ્ય ખામી. આપણામાં મવાળ અને તાકિયાનું જ્ઞાન એટલું ઓછું છે કે આપણા સાથે થતી રમતોને આપણે ઓળખી નથી શકતા. માટે તાકિયા અને મવાળ વિષેની જાણકારી ફેલાવી ખૂબજ જરૂરી છે. આ એક પ્રકારની જેહાદ છે. આ એક પ્રકારનું ધર્મ યુદ્ધ છે. આપણા અંદરના રાગ દ્વેષને થોડા સમય માટે એક બાજુ મૂકી દઈને આ ધર્મના કાર્યમાં આપણે એક બીજાને સાથ ન આપી શકીએ તો કંઈ નહીં, પણ સતપંથના હાથા ન બનીએ. સતપંથવાળાઓ આપણી સાથે મીઠી મીઠી વાતો કરે, આપણને ઉશ્કેરે, આપણી ઈર્ષા/લાલચ/બળતરાને પોષે, તેણે ઉશ્કેરે અને આપણે કંઈ વિચાર કર્યા વગર માત્ર ઘેલા થઇને તેમને સારું લગાડવા અને આપણા અંદરની બળતરાને શાંત કરવા સતપંથના હાથા બની જઈએ છે. એ ન થવું જોઈએ.

5. **ઉદારવાદી માહોલ:** અમુક વર્ષો પહેલાં આપણી જ્ઞાતિના નેતાઓમાં ઉદારવાદી હોવાની એક ફેશન ચાલી પડી હતી. પણ સોચ્યા સમજ્યા વગર ઊભો થયેલ ઉદારવાદનો ભૂત, આજે પોતાને જ ભક્ષી ગયો. ઉદારવાદના નામે સતપંથીઓના કરતૂતો સામે આંખ આડા કાન કરવામાં આવતા. ધીરે ધીરે સુધરી જશે. એમને રોકશું તો કટ્ટર થઇ જશે, સમય આપો વગેરે વગેરે વાતો પ્રચલિત હતી. આના કારણે સતપંથીઓને સનાતન સમાજમાં ઘૂસી પોતાની પ્રવુત્તિઓ ચાલુ રાખવા માટે મોકળું મૈદાન મળી ગયું. એટલે સતપંથીઓ સમજી ગયાં કે આપણું અસ્તીતીવ ટકાવી રાખવું હશે તો ઉદારવાદી માહોલને જેટલું વધારે પ્રોત્સાહન આપીએ એટલું આપણે સુરક્ષિત રહેશું. જ્ઞાતિના ઘણા આગેવાનો આ ચાલમાં ફસાઈ ગયાં અને સતપંથીઓને સાથ આપવા લાગી ગયાં. જે રીતે ભારતમાં મુસલમાનોનું વોટબેંકના નામે તૃષ્ટિકરણનો માહોલ છે, એ રીતે ઉદારવાદના નામે મવાળવાદી પ્રવુત્તિ ચલાવવાનો માહોલ સમાજમાં તૈયાર થઇ ગયો હતો, જે આજે નથી.

મવાળોનો સામનો કેવી રીતે કરવો?:



1. **ભયનું વાતાવરણ:** મવાળવાદી કામ કરવાથી લોકોને ભય/ડર લાગશે તો તે કામ કરવા પહેલાં હજાર વખત વિચારશે. ડર લાગશે તો લગભગ મવાળવાદી કામ કરશે પણ નહીં. એટલે સમાજમાં એવું વાતાવરણ પેદા કરવું જોઈએ કે સમાજમાં જાહેરમાં કોઈ મવાળ તરતજ ખુલ્લો પડી જાય. એક વખત ખુલ્લો પડી ગયો, એટલે એનો કોઈએ બચાવ કરવો નહીં. અને મવાળને સામાજિક બદનામીથી લઇને સમાજ બહાર કરવા સુધીના તમામ **સજાઓ** જરૂરિયાત પ્રમાણે આપી શકાય એવી વ્યવસ્થા હોવી જોઈએ. સમાજમાં મવાળ વિરોધી વાતાવરણ બનાવવામાં યુક્તિ પૂર્વક સોસિયલ મીડિયાનો સકારાત્મક ઉપયોગ પણ કરી શકાય છે.

2. **મનને તૈયાર કરવું:** આપણે આપણા મનને અમુક બાબતોમાં શીખવવું / તૈયાર કરવું પડશે. આપણામાં એક મોટી ખામી છે. કોઈ અણગમતા લોકો વ્યવસાય, સમાજ કે અન્ય ક્ષેત્રમાં આગળ વધે કે પછી લોક ચાહના મેળવે, તો ઘણા લોકોથી સહન થતું નથી. આપણા અંદરની ઈર્ષાને કાબૂમાં કરવાના સદગુણો આપણે શીખવા પડશે. બળાપો કેવી રીતે અને કયા સમયે બહાર કાઢવો એ પણ શીખવું પડશે. સામાન્ય રીતે આપણે તરતજ મોકો શોધીએ કે મારું નામ બહાર આવ્યા વગર, મારા વિરોધીને કેમ હરાવી નાખું? આના માટે અવનવા રસ્તાઓ શોધવા લાગી જઈએ. આવા લોકોને સતપંથવાળા ખૂબ સરળતાથી શિકાર બનાવી લે અને મવાળમાં ફેરવી નાખે છે. માટે આપણે નાનપણથી આ અંગે સ્પષ્ટ સૂચનો અને સંસ્કાર મળેલ હોય, તો અનાયાસે મવાળ બનવાથી બચી શકીએ. મહિલા મંડળ આ અંગે જરૂર વિચાર કરશે એવો વિશ્વાસ છે.

3. **બૌદ્ધિકો અને મીડિયા જગતમાં જાગૃતિ:** સમાજની કોઈ સાચી સળગતી સમસ્યા અગર કોઈ હોય તો એ છે મવાળ. આના પર બૌદ્ધિકો અને સમાચાર પત્રોએ સમાજનું વારે ઘડીએ ધ્યાન દોરવું જોઈએ. સતપંથના હાથા બનવા વગર, સમાજને નુકસાન કર્યા વગર, કેવી રીત આપણા અંદર લાગેલ બળતરા રૂપી આગને ઠંડી પાડી શકાય, તેનાં રસ્તા સમાજના સાચા બૌદ્ધિકોએ શોધવા પડશે. આ ઉપાયોને જનતાના ગળે ઉતારવા સમાચાર પત્રોએ મહત્ત્વની ભૂમિકાઓ ભજવવી પડશે. ત્યારેજ આપણે સાચા અર્થમાં સામાજિક ક્રાંતિ લાવી શકીશું. સમાજની સળગતી સમસ્યા સાચા અર્થમાં એ છે કે લોકો સતપંથના હાથા કેમ બની જાય છે, તેની ખબર નથી પડતી. મીડિયા જગત દ્વારા આ અંગે ખૂબજ મોટું કામ કરવાનું બાકી છે અને સમાજની તેમની પાસે આ અંગે ભવિષ્યમાં ખૂબ મોટી આશા પણ રહેશે.

4. **મવાળવાદી પ્રવૃત્તિને ઓળખવી:** દરેક સનાતનીએ નીચે જણાવેલ મુદ્દાઓ ઉપર પારંગત થવું પડશે.

   a. પીઠ પાછળ થતા વાર ના સંકેતોને વહેલી તકે ઓળખતા શીખવું પડશે. જેમ કે પીઠ પાછળ વાર કરવો હોય તો પહેલાં દુશ્મનને આપણા નજીક આવું પડે. એટલે કોઈ વ્યક્તિ જ્યારે કોઈ વાતને લઇને વધુ પડતી ચીકણાઈ કરતો હોય કે વધુ પડતી દોસ્તી કરવા માંગતો હોય ત્યારે આપણે સાવધાન થઇ જવાની જરૂર છે.

   b. મવાળવાદી પ્રવૃત્તિઓને નજરઅંદાજ (ignore) કરવું નહીં. વાસુદેવ કુટુંબકમ, મને કોઈ તકલીફ નથી, આપણે આપણી લીટી લાંબી કરીએ... આવી પરિસ્થિતિમાં અર્થહીન વાતોને મહત્ત્વ ન આપીને મવાળોને જાહેરમાં ખુલ્લા પાડવાની સખત જરૂરીયાત છે. આવા લોકોની સામે આંખ આડા કાન કરવાના બદલે તેમનો સામનો કરી તેમને તેમની જગ્યા બતાવી દેવી પડશે.

   c. શંકાસ્પદ ઘટનાઓની લેખિત નોંધ કરતા જવું. જ્યારે સંપૂર્ણ રીતે ખાતરી કરવાનો વારો આવે કે કોઈ વ્યક્તિ મવાળ છે કે નહીં, ત્યારે આ નોંધ કામ આવશે.

d. અગર કોઈના પર શંકા હોય તો તેવા વ્યક્તિને સતપંથ વિષય ઉપર “કાયમી, ચકાસી શકાય એવા અને પાછળથી ફેરફાર ન કરી શકાય” (“sustained, verifiable and irreversible”) એવા પગલાં ભરવાની વાત કરો. અગર શંકાસ્પદ વ્યક્તિ આવું ન કરે એ વ્યક્તિ મવાળ હોવાની શક્યતા પૂરે પૂરી હોય છે.

e. અગર શરૂઆતનો તબક્કો હોય અને શંકાસ્પદ વ્યક્તિની ખાતરી ન થઇ હોય તો, એવા વ્યક્તિની સાથે બેસીને તેમના પ્રત્યે ઉદ્‌ભવતી શંકાના કારણોની યુક્તિ પૂર્વક તપાસ કરવી જોઈએ.

f. મવાળવાદી કામ સામે આંખ આડા કાન કરવા નહીં. મવાળવાદી કામ અને મવાળ સમસ્યાનો મક્કમતાથી સામનો કરવો. ગૂમડૂં જેટલું જૂનું થાય, એટલું વધારે તકલીફ આપે. **સમાજ માટે હું ખારો શું કામ થાઉં, એના બદલે હું સમાજ માટે ખારો કાં ન થાઉં?** એ વાતને પ્રાધાન્ય આપવું જોઈએ.

g. મવાળોનો સામનો કરવાના અનુભવથી શીખ લઇને આગળ વધો. જરૂર પડે તો સમજ અને રણનીતિમાં જરૂરી સુધારાઓ કરતા રહો. પણ જ્યાં સુધી સમાજ મવાળ મુક્ત ન થાય, ત્યાં સુધી મવાળ સાથે લડતા રહો.

h. તમારા અનુભવોને વિશ્વાસ પાત્ર પ્રખર સનાતની લીડરો સાથે શેર (share) કરતા રહેજો. જેથી કરીને બીજા લોકોને તમારા અનુભવનો લાભ મળે.

5. **મજબૂત માહિતી મેળવવાનું નેટવર્ક:** મવાળવાદી વાતો સાંભળો એટલે તરતજ સમજી જજો કે આ લોકોથી આપણને બચવું છે. આવા લોકોની તમામ વાતો સનાતની લીડરોને અચૂક પહોંચાડજો. તેમને ખબર હોય તો પણ તમારી વાત પહોંચાડજો. તમે તમારી ફરજ પૂરી કરજો. તેમને બધી વાતની જાણ કરજો. સનાતનીઓનું માહિતી મેળવવાનું નેટવર્ક એકદમ સજ્જડ બનાવજો. અને એવી પરિસ્થિતિ નિર્માણ કરો કે લોકોને લાગવું જોઈએ કે ક્યાંક આપણે નબળી વાત કરીશું કે નબળા કામમાં સહયોગ આપીશું, તો કદાચ આપણને સમાજ બહાર થવાનો વારો આવી જશે.

6. **મવાળ મુક્ત સમાજ અભિયાન ચલાવવાની જરૂર છે:** સમાજને મવાળ મુક્ત કરવા માટે નાના મોટા પ્રોગ્રામોમાં પ્રવચનો કે અન્ય માધ્યમથી સતત સંદેશાઓ વહેતા થવા જોઈએ. “મવાળને મર્દ” બનાવવા યુક્તિ પૂર્વક સફળ યોજનાઓ ઘડી અને એ પાર પાડી જાય એવી મજબૂત યોજના ચલાવી પડશે. સમાજ જાગૃતિ માટે સુંદર રસ મય નાટકો ભજવી શકાય. સમાજના યુવાનો ખૂબ હોશિયાર છે. માટે સૂચન માત્રથી આ વાત અહીં પૂરી કરવામાં આવી છે. આના માટે આ પુસ્તકના પેજ ૨૪૦ માં જણાવેલ પોઈન્ટ G પ્રમાણે દરેક સમાજે પગલાં ભરવા જોઈએ.

મવાળો અને જનતાને અપીલ:

1. **સમાજ સાથે દગો ન કરવો:** જે લોકો પોતાના અંદરની ઈર્ષા/લાલચ અને બળતરા ઉપર નિયંત્રણ નથી લાવી શકતા, તેને મારી નમ્ર વિનંતી છે, કે જરૂર પડે તો ગમ ખાઈ જજો. પણ આપણી મા સમાન સનાતની સમાજની લાજને દાગ લાગે એવું કોઈ કામ કરતા નહિ. કારણ કે ઈતિહાસ કહે છે કે જેણે પોતાનો અહમ્ પોષવા માટે પોતાની મા નો સોદો કર્યો છે, એ પોતે તો ઠીક, પણ હજારો વર્ષોસુધી તેની ભાવિ પેઢીને તેની કિંમત ચૂકાવી પડે છે. કંઈ નહીં તો છેલ્લે એ કિંમત લોહીને આંસુથીતો ચૂકવવી પડે છેજ. મારી વાત પર વિશ્વાસ ન હોય તો પૂછી જોજો જેચંદ અને મીરજાફરના વંશજોને. આજે તેઓને પોતાના પૂર્વજોનું નામ લેવામાં કેવી શરમ આવી રહી છે, એ શરમ તમારી ભાવિ પેઢીને ન આવે એવું પાપ ન કરતા.

2. **લોક ચાહના:** જ્યારે સમાજની સમાજમાં કોઈ મવાળ ખુલ્લો થઈ જાય ત્યારે જાણે કોઈ દેશદ્રોહી પકડાઈ ગયો હોય એવી રાહત જનતા અનુભવતી હોય છે. દેશના ટુકડા ટુકડા કરવાની માંગ કરનારાઓ દેશમાં રહીને દેશ વિરોધી કામ કરતા હોય, એવા લોકોની જેમ સનાતની સમાજમાં છુપાઈ બેઠેલા મવાળોને જનતા વચ્ચે ખુલ્લા કરવાની જરૂરત છે. કહેવાનો મતલબ એટલો છે કે સામાન્ય જનતા મવાળો પ્રત્યે ઘૃણા અને તિરસ્કૃતની ભાવનાથી જુએ છે. આવા લોકોને જનતાની હાય લાગે છે અને એ પાપના ભાગીદાર બને છે.

3. **માત્ર સનાતની લીડરોનેજ સહયોગ આપશો:** મારી જનતાને બે હાથ જોડીને કર બદ્ધ વિનમ્ર વિનંતી છે કે તમે તમારા ખરા સનાતની લીડરોને ઓળખજો. જે લોકો સતપંથને સાથે રાખવાની ડાહી-ડાહી વાતો કરે છે, એજ લોકો સમાજના સાચા દુશ્મન છે. આવા લોકોને તેમની સાચી જગ્યા બતાવી દેજો. અને સનાતની લીડરોને તન, મન, ધન થી સહયોગ આપજો. આપણે તકલીફ સતપંથીઓથી નથી, પણ આપણા બનીને આપણા વચ્ચે બેઠેલા મવાળોથી છે. સનાતની લીડરો ક્યાંક નબળા પડતા હોયને, તો પણ તેમને ચલાવી લેજો. પણ મવાળવાદી વિચારને ક્યારે સાથ આપતા નહીં. સમાજ મવાળ મુક્ત ન થાય ત્યાં સુધી સતત પ્રયત્ન કરતા રહેજો અને અંતે જીત મેળવીને જ જંપજો.

૧૭ કપટ, છેતરપિંડી અને વિષયાંતર – ત્રિ સ્તરીય માનસિક યુદ્ધ

Deceit, Deception and Diversion – The 3D Mental Warfare

A. પૂર્વભૂમિકા:



સતપંથનો પાયો ઇસ્લામના "તાકિયા" પ્રમાણે જુઠ્ઠાણા અને છેતરપિંડી ઉપર રાખવામાં આવેલ છે, એ હવે પૂરેપૂરી રીતે સમજાય એવી વાત છે. જેવું કોઈ જુઠ્ઠાણું પકડાય એટલે પોતાની પોલ છુપાવવા બીજું નવું જુઠ્ઠાણું તૈયાર કરવામાં આવે. બીજું પકડાય એટલે ત્રીજું. આવી રીતે નવા-નવા જુઠ્ઠાણાઓ તૈયાર કરવાની પરંપરા આજ દિવસ સુધી ચાલુજ છે. છેતરપિંડી એટલી ઊંડી અને છુપાયેલી હતી કે સતપંથના અનુયાયીઓને પણ ખબર ન પડી કે તેઓ કોઈના શિકાર બની રહ્યા છે. કલિયુગનો સાચો હિંદુ ધર્મ એટલે સતપંથ, મૂળ હિંદુ ધર્મ નહીં. આવી છેતરામણી ભરી વાતોના દમ ઉપર સતપંથમાં લોકોને આકર્ષિત કરવામાં આવ્યા. સતપંથની પોલ દુનિયા સામે ખુલ્લી ન થઇ જાય એ માટે અનુયાયીઓને પોતાના નવો ધર્મ ગુપ્ત રાખવા માટે ધાર્મિક રીતે સાચા ખોટા પ્રલોભનો અને લાલચો આપવામાં આવતી.

ગોઠવણ એટલી સજ્જડ હતી કે સતપંથ તરફ આકર્ષિત થનાર લોકોને કોઈ પણ જાતની કલ્પના ન આવે કે તેમનું ધર્મ પરિવર્તન થઇ રહ્યું છે. સતપંથમાં આકર્ષિત થનાર લોકો પોતાને એક સાચા હિંદુ કરતાં પણ ઉચ્ચ કોટીનો હિંદુજ સમજતા રહે. કડવા પાટીદાર જ્ઞાતિની પીરાણા સતપંથ સામેની લડાઈને આજે લગભગ ૫૦૦ વર્ષ થયા છે. ઊંઝાની આસપાસના વિસ્તારોમાં રહેતા પીરાણા સતપંથીઓને જ્ઞાત બહાર કરવામાં આવેલ ઘટનાથી શરુ થયેલ આ લડાઈ છે.

માનસિક યુદ્ધ નીતિથી શરુ થયેલ સતપંથ ધર્મની તાકિયા રણનીતિ ૫૦૦ થી પણ વધારે વર્ષ સુધી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ માટે છૂપી રહી. પીરાણા સતપંથીઓની સમાજ તાકિયાથી અજાણ હોવા છતાં, તેનો ખૂબ મોટો વર્ગ (આજે ૯૫% જેટલા) પીરાણા સતપંથને છોડી શકવામાં કામિયાબ રહ્યો છે. તેની પાછળનો મુખ્ય કારણ છે, તેમના સાથે થયેલ છેતરપિંડીની જાણ થતા, તેઓના મનમાં પીરાણા સતપંથ માટે નિર્મિત ઘૃણા.

જ્યારે પોતે એક હિંદુ હોવાનું ગૌરવ લેતા વ્યક્તિને ખબર પડે કે પોતે હકીકતમાં મુસલમાન બનવાના રસ્તા પર ચાલી રહ્યો છે, ત્યારે તેની માનસિક દશા કેવી ભૂંડી થાય એ તો કલ્પના જ કરવી રહી. રાતો રાત એના મિત્રો, સગાં સંબંધીઓ, અન્ય હિંદુ જ્ઞાતિના લોકો તરફથી મળતી પ્રતિક્રિયાઓમાં મોટો ફેરફાર દેખાવા લાગે. આવી પરિસ્થિતિમાં પીરાણા સતપંથનો સમાજ ખાસ છેલ્લા ૧૦૦ વર્ષથી ચાલે છે. તેનાં કારણે તેમની સંખ્યા દિવસે દિવસ ઘટતી જાય છે.

પોતાની ઘટતી જતી સંખ્યાને અટકાવવા માટે, પીરાણાના પ્રચારકોએ ફરીથી સુધારેલ તાકિયાનો પ્રયોગ શરુ કર્યો. સતપંથના ધાર્મિક પુસ્તકોને હિંદુ રૂપ આપવામાં આવ્યું. અજાણ અને ભોળા હિંદુ સાધુ સંતોના મદદથી પીરાણા સતપંથ એ હિંદુ ધર્મનો ભાગ છે એવો બાહ્ય દેખાવ ઊભો કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. BJP, VHP, RSS જેવા ધાર્મિક સંગઠનોનો પણ લાભ લેવામાં આવ્યો. સતપંથ હિંદુ ધર્મ નથી એ વાત છુપાવવા, પીરાણા સતપંથના પ્રચારકો દ્વારા તાકિયાના પાયા ઉપર માનસિક લડાઈ (Mind War / Mental Warfare) શરુ કરવામાં આવી.

B. સત્ય અને માનસિક લડાઈનું જોડાણ બેજોડ છે:

ટૂંકમાં કહીએ તો પીરાણા સતપંથ એ હિંદુ ધર્મ નથી, એ વાત જ્યારે ૯૫% જેટલી જ્ઞાતિ સ્વીકારતી હોય, ત્યારે ઝગડો હવે સાચું શું છે કે ખોટું શું છે એનો નથી રહ્યો. હવે ઝગડો છે સતપંથના અસ્તિત્વ ટકાવવાનો. પીરાણા સતપંથના પ્રચારકોએ પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે હિંદુઓને બેવકૂફ બનાવતી રણનીતિઓને નવા રૂપમાં એટલે સુધરેલા તાકિયાના રૂપમાં અમલમાં મૂકી છે. માટે આ માનસિક લડાઈ શું છે અને તેને કેવી રીતે લડી શકાય એના તરફ આપણે નજર કરીશું.

1. હાલના સમયમાં લડાઈનો પ્રકાર બદલી ગયો છે. સામાન્ય રીતે સમાજમાં લડાઈ સાચું શું છે એ સાબિત કરી પોતાનું લક્ષ્ય સાધવા માટેની હોય છે. **આને કહેવાય સત્યની લડાઈ.** પણ હાલની લડાઈનો ઉદ્દેશ્ય બદલી ગયો છે. હાલની લડાઈ માનસિક રીતે સર્વોચ્ચતા જાળવવા માટે થઇ રહી છે.

2. સતપંથની માનસિક લડાઈમાં તેઓ સત્યને કેન્દ્રમાં રાખીને લડી નહીં શકે. તેઓનું લક્ષ સામેવાળાના મગજ ઉપર હાવિ થઇ તેને થકાવવાનું છે. સામેવાળાને માનસિક રીતે થકાવવા અથવાતો માનસિક રીતે પોતાના વશમાં કરી લેવાની લડાઈ સતપંથવાળાઓની હોય છે. **જેણે માનસિક લડાઈ કહેવામાં આવે છે.** જેણે બૌદ્ધિક આતંકવાદ પણ કહી શકાય.

3. એક પક્ષ (હિંદુ સનાતન સમાજ) સતપંથ શું છે, એની સચ્ચાઈ લોકો સામે ઉજાગર કરવાના હેતુથી પ્રયાસો કરી રહી છે. ત્યારે બીજો પક્ષ (સતપંથ સમાજ) જાણે માત્ર માનસિક સર્વોચ્ચતા મેળવવા કહો કે માનસિક રીતે હાથ ઉપર રાખવા પ્રયાસો કરી રહી છે, એવું સ્પષ્ટ દેખાઈ આવે છે. આ છે બન્ને પક્ષો માટે લડાઈનો સાચો હેતુ.

4. બન્ને પક્ષોના લડાઈ કે પ્રયાસો પાછળના હેતુઓ જ્યારે જ્યારે જુદા જુદા હોય, ત્યારે લડાઈ ક્યાં આવીને અટકે? સનાતનીઓ સચ્ચાઈ મેળવી લે ત્યારે લડાઈ પૂરી કરે ત્યારે સતપંથવાળા લડતા રહેશે. કારણકે તેમનો હેતુ માનસિક સર્વોચ્ચતા મેળવવાનો છે. સતપંથવાળા માનસિક સર્વોચ્ચતા મેળવી લે અને લડાઈ પૂરી કરવા ચાહે, ત્યારે સનાતની પૂરી ન કરી શકે કારણ કે એ જૂઠના દમ પરજ હોય. સચ્ચાઈ જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી લડાઈ પૂરી કરવા સનાતનીઓ નહીં આપે. તો પછી આનો અંત કેવી રીતે આવે?

5. આવી લડાઈઓમાં સામાન્ય રીતે માનસિક લડાઈ લડવાવાળાઓ વધારે પડતા કિસ્સાઓમાં જીતતા હોય છે. જે પક્ષ સચ્ચાઈ મેળવવા માટે લડતો હોય, એ થોડા સમય માટે બીજા પક્ષને અટકાવી શકે, પણ ખૂબ જૂજ કિસ્સાઓમાં એ પક્ષ જીતતો હોય છે. જ્યારે બીજો પક્ષ જે માનસિક લડાઈ લડી રહ્યો હોય એની લડાઈ જીતવાની સંભાવના સારી હોય છે. માનસિક લડાઈ લડતા પક્ષની હાર થવાની શક્યતા ખૂબ ઓછી હોય છે, કારણને ખૂબ ઊંડી રણનીતિથી લડાઈની તૈયારી કરવામાં આવેલ હોય. જ્યારે બીજો પક્ષની પાસે કોઈ ખાસ તૈયાર ન હોય.

6. માનસિક રીતે લડતો પક્ષ ત્યાં સુધી નથી હારતો કે જ્યાં સુધી એ પોતે માનસિક રીતે હાર સ્વીકારી ન લે. જ્યાં સુધી એ હાર સ્વીકારતો નથી ત્યાં સુધી એના મગજમાં પોતાના વિરોધીને હરાવવા અવનવા પ્રપંચો તૈયાર થતાં હોય.

7. પણ સત્યની લડાઈ લડવા વાળાને નિરાશ થવાની જરૂર નથી. **સત્ય અને માનસિક લડાઈનું જોડાણ ખૂબજ ઘાતક હોય છે.** આ જોડાણથી જૂઠ્ઠા પક્ષને હરાવી શકાય છે. સનાતનીઓના પક્ષમાં પહેલાંથીજ સત્ય તો છેજ, જે સતપંથના પક્ષમાં નથી. માટે આ લડાઈમાં સનાતનીઓનો હાથ ઉપર રહી શકે એમ છે. માત્ર થોડી માનસિક લડાઈની અટકળો/તકનીકો શીખવી જરૂરી છે. તેનું અમલીકરણ પોતાના મેળે થઇ જશે. સત્ય અને માનસિક લડાઈનું જોડાણનો કોઈ તોડ નથી. પીરાણા સતપંથીઓ પાસે સત્ય નથી એટલે તેઓ આવું જોડાણ કરી શકે એમ નથી.

c. માનસિક (બૌદ્ધિક) પ્રહારો:

હવે ભવિષ્યમાં સંઘર્ષો /લડાઈઓ મગજથી લડાશે. વિરોધીઓના મગજને પોતાના નિયંત્રણમાં રાખવા માટેની લડાઈઓ થશે. લોકોના મગજને ભ્રષ્ટ કરી સ્વતંત્ર રીતે વિચર કરવાની તેમની શક્તિને પાંગળી કરી નિષ્પક્ષ (fair) અને તર્કસંગત (rational) વિચાર કરવાની ક્ષમતામાં અવરોધો લાવવા માટે પ્રયત્નો થતા રહેશે. માનસિક હમલાવરની કોશિશ એવી રહેશે કે પોતાના વિરોધીનું મગજ એટલુંજ ચાલે જેટલું એ ઈચ્છે. આ હશે બૌદ્ધિક આતંકવાદની ચરમ સીમા. આપણી ભાવિ પેઢીને આવી મગજની લડાઈઓ માટે તૈયાર કરવી પડશે.

મગજની લડાઈ ઉર્ફે માનસિક લડાઈમાં કપટ, છેતરપિંડી અને વિષયાંતર (Deceit, Deception and Diversion = 3D) મુખ્ય હથિયારો હોય છે. તેની સાથે મૂંઝવણ અને ભ્રષ્ટતા (Confusion and Corruption = 2C) નો સહારો લેવામાં આવે છે.

હમણાં સુધી જે માનસિક પ્રહારોનો સામનો સનાતન સમાજને કરવો પડ્યો છે, તેનાં અમુક મહત્ત્વના દાખલાઓ નીચે પ્રમાણે છે;



1) પોતાની માનસિક સર્વોચ્ચતા જાળવવા, વિવાદો (ઉર્ફે લડાઈ)માં પોતાનો હાથ યેન કેન પ્રકારે ઉપરજ રાખવો. તેના માટે ખોટું બોલવું, સામેવાળાને ખોટી રીતે ઉતારી પાડવું, જૂઠ્ઠા આક્ષેપો નાખવા, વાયદાઓ આપીને ફરી જવું, વગેરે વગેરે. જે પણ કરવું પડે તે કરવું. પણ પોતાનો હાથ ઉપર રાખી પોતાનો અહમ્ ટકાવી રાખવો અને એવી છાપ ઊભી કરવી કે જાણે સતપંથવાળાજ સાચા છે. ભલે પછી ન હોય તો પણ પોતાની ગરિમાને ઠેસ પહોંચાડવા નજ દેવી. આવા વિવાદો કે લડાઈમાં હંમેશાં સત્યનો ભોગ લેવાતો હોય છે.

2) પ્રેમ, એકતા, સંપ, સંગઠન, માનવ ધર્મ, સર્વધર્મ સમભાવ વગેરે આદર્શવાદી સિદ્ધાંતોને હથિયાર તરીકે વાપરવામાં આવે. આવી વાતોના કારણે લોકો મુંઝાઈ જાય કે ધર્મના બાબતમાં શું કરવું અને પોતાના જીવથી પણ વહલા સનાતન હિંદુ ધર્મ પ્રત્યે મક્કમતા બતાવવામાં સંકોચ અનુભવે અથવા મક્કમતાને ઢીલી કરી દે. ધીરે ધીરે અન્ય પરધર્મની વાતોને સ્વીકાર્ય કરતા થાય. જે લોકો પહેલાં સનાતન ધર્મને સર્વોચ્ચ માનતા હોય, એ લોકો હવે બીજા ધર્મને પણ સારો ગણતા થઇ જાય. સૌમ્ય રીતે કરવા આવતા ધર્મ પરિવર્તનનો આ પહેલું પગલું છે.

3) સમય પસાર કરવાની રણનીતિ અપનાવામાં આવે. દીવા જેવી ચોખ્ખી વાત હોય અને એને સ્વીકારવી ન હોય તો શ્રદ્ધાનો વિષય છે, ધીરે ધીરે લોકોને શ્રદ્ધાને બદલવી પડે. રાતો રાત શ્રદ્ધા બદલી ન શકાય, આવી વાતો કરી સમય પસાર કરવાની ચાલ રમવામાં આવે. સનાતનીઓની કેન્દ્ર સમાજ બની ત્યારથી આવી વાતો સાંભળવા મળેલ છે. અમે તો સનાતનમાં માનીએ છીએ, પણ મોટી ઉંમરના અમારા વડીલો છે, ત્યાં સુધી અમને સતપંથમાં રહેવાની છૂટ આપો. પછી સનાતનમાં આવી જશું. આજે એ વાતો કરનારા પોતે મોટી ઉંમરના થઇ ગયા છે, તો તેમના સંતાનો પણ આવીજ વાતો કરીને સમય પસાર કરવાની ચાલ રમી રહ્યા છે. સતપંથ સામેની લડાઈને આજે ૫૦૦ વર્ષ થઇ ચૂક્યા છે. હવે કેટલો સમય આપવો?

4) વ્યક્તિગત "લાલચ" અને "અહમ્" નો પણ ભરપૂર દુરુપયોગ કરવામાં આવે છે. કોઈની નબળી આર્થિક પરિસ્થિતિ હોય કે કોઈનો ઘાયલ અહમ્ હોય, તો તેવા વ્યક્તિઓને હાથા બનાવીને તેમને "મવાળ" બનાવી સનાતન સમાજના અંદર રહી સતપંથ તરફી કામ કરાવડાવું, એ પણ એક મોટી ચાલ છે. આ પુસ્તકમાં "મવાળ" ઉપર જે લેખ છે, એનો અભ્યાસ કરવા ખાસ આગ્રહ ભરી વિનંતી.

5) ભ્રમણાઓ ફેલાવી લોકોને મૂંઝવણમાં નાખી દેવા અને સાચી વાતથી લોકો સુધી ન પહોંચવા દેવી એ પણ એક પ્રકારનો પ્રહાર છે. "If you can't convince them, confuse them." (સામેવાળાને મનાવી ન શકતા હો તો મૂંઝાવી નાખો) આ સૂત્રનો ભરપુર લાભ લેવામાં આવે છે. દાખલા તરીકે;

a) આ પુસ્તકમાં જણાવેલ તમામ પુરાવાઓ અને દસ્તાવેજો સતપંથ નામક મુસલમાની ધર્મના છે. અમારો સતપંથ ધર્મ તો હિંદુ છે. માટે આ પુસ્તક અમને બદનામ કરવા માટે તૈયાર કરેલ છે. આ પુસ્તક તદ્દન ખોટું છે. આવી વાતો કરીને આ પુસ્તકની વિશ્વસનીયતા ઉપર સવાલ ઊભો કરીને લોકોને મૂંઝવણમાં નાખવામાં આવશે.

b) પીરાણા સતપંથ ધર્મ હિંદુ ધર્મ છે અને તેનાં વડાને જગદગુરુ સતપંથાચાર્ય કહેવામાં આવે છે. એવી વાતો સામે આવશે. તો પછી પ્રશ્ન અહીં એ છે કે એવો કયો હિંદુ ધર્મ છે કે તેનાં વડાની ધાર્મિક ક્રિયાઓ મુસલમાન સૈય્યદોના હાથે કરવામાં આવતી હોય. પીરાણાના બંધારણના વહીવટી સ્કીમની કલમ ૬ પ્રમાણે જ્યારે પણ પીરાણાના કાકા (જેવાકે નાનજી કાકા અને હાલમાં ગંગારામ ખીમજી કાકા ઉર્ફે જ્ઞાનેશ્વરદાસ કાકાને ગાદી ઉપર બેસાડવામાં આવે છે, ત્યારે સતપંથના ધર્મ ગુરુ સૈય્યદો તરફથી તેમની ધાર્મિક વિધિ કરવામાં આવે છે. તેમનું સતપંથી નામકરણ કરવામાં આવે છે. જે રીતે કરસન કાકાનું નામ "પીર કરીમ" રાખવામાં આવ્યું હતું. કાકાની નિમણૂંક વખતે સૈય્યદોએ આપેલ સહમતી વાળો દતાવેજ જે RTI મારફતે મેળવેલ છે પેજ ક્ર ૧૧૨ માં જુઓ. બંધારણના વહીવટી સ્કીમની કલમ ૧૭/૧૮ પ્રમાણે પીરાણાના પેટા કાકાની નિમણૂંક માત્ર મુસલમાન સૈય્યદોજ કરી શકે છે. પેટા કાકાઓમાંથી મુખ્ય કાકા ઉર્ફે ભાગવા કાકાની નિમણૂંક થાય છે. આવી રીતે પીરાણાના કાકાની નિમણૂંક સૈય્યદોના નિયંત્રણમાં છે. હવે તમે વિચારો કે શું આ ધર્મ સાચે હિંદુ ધર્મ છે? જવાબ મળશે ના.

c) સતપંથ પણ સનાતન છે. ઈમામશાહ બાવાએ તો માત્ર ધર્મનો સાચો રસ્તો બતાવ્યો છે. તેઓએ નવો ધર્મ નથી સ્થાપ્યો. આવી દલીલો કરવામાં આવે છે. અહીં સમજવાની વાત એ છે કે સનાતન હોવું અને સનાતન કહેવડાવવું એ બે જુદી વાતો છે. ઇસ્લામ પણ પોતાને હંમેશાં સનાતનજ કહેડાવે છે. જેવી રીતે ઇસ્લામના મુહમ્મદ પૈગંબર, ઈસાઈ ધર્મના જીસસ, બૌધ્દ ધર્મના ગૌતમ બુદ્ધ, યહોદીના મોસેસ આ બધાયે પોતપોતાના નવા ધર્મોની સ્થાપના કરી છે પણ તેમના ધર્મના પુસ્તકોમાં પ્રચાર એવો છે કે આ બધા ધર્મો સનાતનજ છે. આ ધર્મોના સ્થાપકોએ તો માત્ર ધર્મનો સાચો રસ્તો બતાવ્યા છે. એવી રીતે ઈમામશાહ માટે પણ કહેવામાં આવે છે. સતપંથીઓ તરફથી આ એક યુક્તિ પૂર્વક દલીલ છે. જે આપણે સ્વીકારતા નથી.

d) ઈમામશાહના દાદા પીર સદૃદીન દ્વારા શરુ કરવામાં આવેલ સતપંથ ધર્મના પ્રચાર પ્રસાર માટે ઈમામશાહે પીરાણામાં આવીને કામ કર્યું. પોતે મુસલમાન હતા તો પછી તેમને હિંદુ ધર્મનો નવો પંથ શરુ કરવાનો અધિકાર કેવી રીતે મળ્યો? હિંદુ ધર્મનો પંથ શરુ કરવા માટે તેમને પોતે હિંદુ તો બનવું પડે ને? ઈમામશાહ હિંદુ હોત તો તેમના દીકરા અને પરિવારજનો આજે હિંદુ હોત. જે આજે પણ નથી. આવા પ્રશ્ન સામે સતપંથ તરફી લોકો તરફથી જવાબ મળશે કે ઈમામશાહ બ્રાહ્મણનો દીકરો હતો અથવાતો રાજાનો દીકરો હતો, પારસીના ત્યાં મોટો થયો વગેરે. હવે તાજી નવી વાત એવી આવે છે કે ઈમામશાહ મુસલમાન હતા. (કારણ કે પીરાણાના દસ્તાવેજોમાં ક્યાંકકે ક્યાંક ઈમામશાહ મુસલમાન હતો, એવું લખેલ છે.) પણ ઈમામશાહ પાછળથી હિંદુ બની

 ગયા. ઈમામશાહે તેનાં ઘરવાળા અને દીકરા સાથે તમામ સંબંધો કાપી નાખ્યા. પોતે હિંદુ બની ગયા અને હિંદુ ધર્મનો પ્રચાર કર્યો. જે તમામ વાતો જૂઠી છે. ઈતિહાસના દસ્તાવેજોથી તદ્દન વિરુદ્ધ છે. માટે કાલે ઊઠીને ઈમામશાહને હિંદુ નામ પણ આપવામાં આવે તો નવાઈ પામતા નહીં. અને આવું થાય તો છેતરાઈ ન જવાની તૈયારી રાખજો.

e) ઈમામશાહે તો હિંદુ ધર્મના ગ્રંથો લખ્યા હતા. પણ પીરાણામાં મુસલમાનોનું બહુ મોટું દબાણ હતું. એટલે ધાર્મિક પુસ્તકો બદલાવીને તેમાં ઇસ્લામી તત્ત્વો નાખી દીધા હતા. અયોધ્યામાં ભગવાન રામનું મંદિર હિંદુઓ બનાવી નથી શકતા, તો વિચાર કરો અમારી શું દશા થઇ હશે? પણ અમે આવ્યા પછીએ આ તત્ત્વો હટાવીને મૂળ હિંદુ તત્ત્વો નાખ્યા છે. જ્યારે વાસ્તવિકતા એવી છે કે ઈમામશાહના દીકરાના લગ્ન અમદાવાદના બાદશાહ મુહમ્મદ બેગડાના દીકરી સાથે થયેલ હતા. ઔરંગઝેબએ પીરાણા માટે ૪૫ વીઘા જમીન અને દીવાના ઘી માટે દર મહીને પાંચ રૂપિયા પાંચ પ્રમાણે સાલિયાણું બાંધી આપેલ હતું. મુસલમાન રાજાઓએ ઈમામશાહની હયાતી સમય કાળથી હંમેશાં સતપંથને સહયોગ આપેલ છે કારણ કે એ મુસલમાન ધર્મ છે. બીજી વાત એવી છે કે ભલે અમદાવાદમાં મુસલમાન રાજા હતા. પણ કચ્છમાં તો હિંદુ રાજા હતા ને. ઈમામશાહેજ પોતાના હયાતીમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સતપંથીઓને કચ્છ જઈને વસવાની સલાહ આપી. તો પછી કચ્છમાં ધાર્મિક પુસ્તકો અને રીત રિવાજો મુસલમાની કેમ થયાં? ત્યાંનો હિંદુ રાજા હતા ને? ભવિષ્યમાં આ સવાલ માટે ખોટી વાર્તા તૈયાર કરીને જૂઠો જવાબ ઉપજાવી કાઢે તો નવાઈ પામતા નહીં.

f) સતપંથના ધાર્મિક પુસ્તકોમાં જે કોઈ ફેરફાર અત્યારે કરવામાં આવી રહ્યા છે, તેનો આધાર સતપંથના "મૂળબંધ" નામના ગ્રંથ ઉપર છે, એવું કહેવામાં આવે છે. પણ એ મૂળબંધ પુસ્તક કેમ છુપાવી રાખેલ છે. તેને કેમ છપાવતા નથી? પીરાણાની માતૃ સંસ્થાએ મૂળબંધ પુસ્તક છપાવવું જોઈએ. એવો કયો ધર્મ હોય કે એ તેનાં મૂળ ધાર્મિક પુસ્તકો છુપાવી રાખતો હોય? જરૂર દાળમાં કાળું છે.

g) પીરાણાનું મુખ્ય શ્રદ્ધાનું કેન્દ્ર તો ઈમામશાહની કબર છે, જે મુસલમાનોની કબ્રસ્તાનમાં આવેલ એક દરગાહમાં સ્થિત છે. એ જગ્યાના માલિક પણ મુસલમાનો છે. સતપંથવાળા જો સાચે હિંદુ હોય તો એ જગ્યાને છોડી કેમ નથી દેતા? આનો જવાબ એમ મળશે કે અમે ત્યાં બળતી જ્યોત સિવાય કોઈને માનતા નથી. તો પછી જ્યોતને લઇને તમે કેમ નીકળી નથી જતા? કોણ રોકે છે તમને? તમે જ્યોત લઇ જશો તો મુસલમાનો તમને રોકશે નહીં. તમે પીરાણા ખાલી કરશો તો એ લોકો ખૂબ રાજી થશે. આ પ્રશ્નના જવાબમાં હજી સુધી કોઈ નવી વાર્તા સાંભળવામાં નથી આવી. પણ ભવિષ્યમાં આવશે.

h) ઊંઝાના વડીલોને પણ મૂંઝવણમાં નાખવાના પ્રયત્નો થયાં. ત્યાં સતપંથ તરફથી એવી વાત કરવામાં આવી કે જુઓ અમે માનીએ છીએ કે અમારામાં કંઇક ખોટું છે. પણ અમોને દૂર કરશો તો એક દિવસ અમારો સમાજ મુસલમાન બની જશે. ભારતમાં કોઈ મુસલમાન નહોતા, અહીંના લોકો વટલાઈને મુસલમાન બની ગયા. આવા વટલાઈ ગયેલા લોકોને હિંદુ ધર્મમાં પાછા ન સ્વીકાર્યા એટલે ભારતમાં મુસલમાનોની સંખ્યા વધતી ગઈ છે. આપણામાં આવું ન થાય તેની કાળજી રાખવી જરૂરી છે. આવી દલીલો સામે ઊંઝાવાળા વડીલો પણ થોડી વાર માટે મુંઝાઈ ગયા. ઘટનાનું સંપૂર્ણ વિવરણ માટે જુઓ પેજ ક્ર. ૧૫૩ પોઈન્ટ ૨.૬૫ અને ૨.૬૬

6) લાગણીઓ અને ભાવનાઓનો દુરુપયોગ પણ કરવામાં આવે છે. નીયાણીઓ (દીકરીઓ) નો શું ગુનો છે? નીયાણી દુઃખી ન થવી જોઈએ. નીયાણીઓ તો સહુ (સતપંથ અને સનાતન) ની સહિયારી છે. એવી રીતે ગામમાં હનુમાનનું મંદિરના જીર્ણોદ્દારના બહાને કહેવામાં આવે કે હનુમાનતો સહિયારા છે, આમાં ધર્મ ક્યાંયથી આવ્યો? આવી લાગણી અને ભાવનાઓ ભરી વાતો કરી લોકોને સતપંથનો વિરોધ કરવામાં મુંઝાવી નાખે અને વિષયાંતર કરી નાખે.

7) સતપંથીઓ સાથે ઘણી જગ્યાએ પારિવારિક સંબંધો છે. હવે એ સ્તર છે કે આવા સંબંધ તૂટી ન શકે. માટે સતપંથીઓને અપનાવી લેવા સિવાય કોઈ રસ્તો નથી બચતો. આવું મવાળો મારફતે વાત ફેલાવીને સનાતનીઓનું મનોબળ ઢીલું કરે છે. અને સતપંથનું અસ્તિત્વ ટકાવવા માટેનું કામ કરવામાં આવે છે.

8) સનાતની ચળવળકારો સમાજમાં ફાવી ન જાય અને સમાજ સંપૂર્ણ પણે ચોખ્ખી સનાતની ન બની જાય, એ માટે એવા સનાતની આગેવાનોને વ્યક્તિગત રીતે બદનામ કરવામાં આવે. આ લોકો સમાજ તોડું છે, એવા લેબલ આપવામાં આવે. સત્તા માટે દોડી રહ્યા છે, એવા આક્ષેપો લગાડવામાં આવે. જ્યારે વાસ્તવિકતા એવી છે કે સનાતની ચળવળકારો કંઈ સતપંથીઓના દુશ્મન નથી. એ લોકો સતપંથીઓને સનાતનમાં લાવવા માટે કોશિશ કરી રહ્યા છે. ધર્મના મુદ્દા ઉપર પોતાના સતપંથીભાઈ પાછા સાચા રસ્તા પર આવી જાય અને ભાઈ-ભાઈના સંબંધો જળવાઈ રહે એવી ઉચ્ચ ભાવનાથી કામ કરી રહ્યા છે. બીજી બાજુ સતપંથીઓ પણ પોતાને સનાતની હિંદુ કહેવડાવતા હોય, તો પછી સનાતની ચળવળકારો તેમના દુશ્મન કેવી રીતે થયા? સમજવાની વાત એ છે કે સતપંથીઓને સનાતની બનવું નથી, એટલે વિરોધ કરે છે.

9) હાલમાં એક નવી વાત સાંભળવા મળી રહી છે કે સતપંથ એક સાચો “આધ્યાત્મિક” ધર્મ છે. જ્યારે સતપંથ હિંદુ ધર્મ નથી, ત્યારે આધ્યાત્મ શબ્દ લાવીને વિષયાંતર કરવાનો પ્રયાસ દેખાઈ આવે છે. અધ્યાત્મની વાતો તો બધા ધર્મો કરે છે. ઇસ્લામના અનુયાયી પણ ઇસ્લામને સાચો આધ્યાત્મિક ધર્મ કહે છે.

10) જ્યારે કોઈ સાધારણ માણસ સતપંથ વિશે કોઈ અણગમતી વાત કરતો હોય, ત્યારે તેને અજ્ઞાની બતાવી, તેના પાસેથી સબૂત માંગવામાં આવે. સ્વાભાવિક છે કે મિટિંગો અને બેઠકોમાં સામાન્ય માણસ સબૂત લઇને ફરતા ન હોય, તેને નાની નાની બાબતો યાદ પણ ન હોય. સાધારણ માણસ થોડો વિચારમાં પડી જાય એટલે, તેના ઉપર એવું દબાણ કરવામાં આવે કે એનો અવાજ જ દબાઈ જાય.

11) સતપંથ ધાર્મિક સ્થળોના સમય સમય ઉપર નામો બદલવામાં આવે છે. ઈતિહાસ જણાવે છે કે ઈમામશાહના સમયમાં સતપંથના ધાર્મિક સ્થળને “જમાત ખાના” કહેવામાં આવતું. (જમાત = અનુયાયી, ખાના = જગ્યા). ત્યાર બાદ એનું ટૂંકું નામ આપવામાં આવ્યું “ખાનું”. ત્યાર બાદ “જગ્યું”. બાદ “જ્યોતિ ધામ”, “જ્યોતિ મંદિર”, “અથર્વ વેદી મંદિર”, “નિષ્કલંકી નારાયણ મંદિર” અને હવે અમુક જગ્યાએ “ઉમિયા માતાજી મંદિર નિષ્કલંકી નારાયણ મંદિર” નામ રાખવામાં આવે છે. કોણ જાણે કાલે ઊઠીને હજી એક નવું નામ રાખવામાં આવે. જેવું કે “ત્રિદેવ મંદિર”, “ત્રિમૂર્તિ મંદિર” વગેરે. પોતાની બાહ્ય હિંદુ ઓળખ બતાવવા માટે, સમય અનુસાર નામોમાં ફેરફાર કરીને અજાણ્યા લોકોના અજ્ઞાનતાનો લાભ લેવામાં આવે છે. આવીજ રીતે તેમની સમાજનું નામ પણ સમય સમય પર બદલવામાં આવે છે. દાખલા તરીકે “સતપંથ”, “સતપંથ સનાતન” અને “સનાતન સતપંથ”. સૈયદ ઈમામશાહ બાવાનું નામ પણ બદલીને “ઈમામશાહ મહારાજ” રાખવામાં આવ્યું છે.

12) સતપંથીઓ દ્વારા સનાતની ઉપર પ્રહાર કર્યા બાદ જ્યારે સનાતનીઓ વળતો પ્રહાર કરવા જાય ત્યારે સનાતનીઓને ઠંડા પાડવા માટે આવી વાતો કરવામાં આવે કે ઝઘડો કે લડાઈથી કોઈનું ભલું નથી થયું. આખરે વાતચીતથી જ સમસ્યાનો ઉપાય નીકળશે. પોતાની આવી નબળી વાતની લોકોના ગળે ઉતારવા માટે દાખલાઓ આપવામાં આવે કે જુઓ કશ્મીરમાં લડાઈથી શું ફાયદો થયો. આતંકવાદી હુમલા તો ચાલુજ છે. આપણે કડક પગલાં લેશું તો સામે વાળા વધારે કટ્ટર બનશે. આપણે તેમની સાથે વાતચીત કરવી જોઈએ. આવું વાતાવરણ નિર્માણ કરીને સતપંથના કટ્ટરવાદીઓને છાવરવામાં આવે છે. વાસ્તવમાં લડાઈથી સારા ઉકેલ આવવાના પણ ઘણા દાખલાઓ છે. વિશ્વ યુધ્ધમાં જર્મની સાથે વાતચીત નિષ્ફળ થઈ ત્યારે લડાઈ કરવી પડી ને? જાપાનને ચૂપ કરવા એટમ બોમ્બ નાખવો પડ્યો ને? ભારત આઝાદ થયું ત્યારે હૈદરાબાદ, જૂનાગઢ, ગોવા વગેરેની સમસ્યા વાતચીતથી ન સુલજી ત્યારે સરદાર

વલ્લભભાઈ પટેલે લડાઈ કરીને સમસ્યાનો ઉકેલ લાવ્યા ને. એટલે વાતચીતથીજ બધા રસ્તા નીકળે એ જરૂરી નથી. વાતચીતથી સમસ્યા ઊકલે નહીં તો લડાઈ પણ કરવી પડે.

13) સંઘર્ષ ચાલતો હોય ત્યારે સનાતનીઓને એમ કહીને સમજાવવામાં આવે કે સતપંથવાળા જિદ્દી છે, નહીં છોડે, તમે જવાદો. કેટલા દિવસ માથાકૂટ કરીશું. સતપંથવાળાનું સંચાલન પીરાણાથી છે, આપણે પહોંચી નહીં વળીએ. આવી રીતે સનાતનીઓને ડરાવીને છેવટે સનાતનીઓના ભોગે સતપંથના તરફેણમાં સમાધાન કરવામાં આવે.

14) હિંદુ ધર્મના ચારે મુખ્ય શંકરાચાર્યો (આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત મૂળ ચારે-ચાર પીઠોવાળા) દ્વારા સતપંથ મુસલમાન ધર્મ છે, એવા પ્રમાણ પત્રો જે આવ્યા છે, એ પ્રમાણ પત્રોને ખોટા છે અથવા તો શંકરાચાર્યોને ભરમાવીને લીધેલ છે, એવું સાબિત કરવાની કોશિશ સતપંથી દ્વારા ભવિષ્યમાં થઇ શકે છે. હાલમાં પ્રયાગરાજ (ઇલાહાબાદ) ના શંકરાચાર્ય દ્વારા આપાયેલ પ્રમાણ પત્ર વિષે આવી કોશિશ થઇ. પણ સદ્‌ભાગ્યે સનાતન સમાજની એક ટીમ પાછી એ શંકરાચાર્યને મળી અને વાત સમજાવી ત્યારે શંકરાચાર્યએ ફરીથી એક બીજો પત્ર આપ્યો. અને તેમના જે શિષ્યને ભરમાવીને સતપંથ વાળાઓએ તેમના મોઢે કહેડાવ્યું હતું, એ શિષ્યને વાત સાચી જણાવી અને ફરીથી આવું ન થાય, તેનાં માટે સૂચના પણ આપી. સંપૂર્ણ વિગત માટે જુઓ પેજ ક્ર. ૯૪

15) સતપંથની સારી છબી ઊભી કરવા માટે જાહેરમાં એવી વાતોનો મારો ચલાવવામાં આવે કે સતપંથતો વ્યસન મુક્ત સમાજ છે. શિક્ષાપત્રીનું ચુસ્તપણે પાલન કરે છે. માટે સતપંથ સારો ધર્મ છે. હકીકતમાં સતપંથીઓના ઘરમાં જઈને કોઈ જોવા જવાનું નથી કે સતપંથીઓ કેટલું વ્યસન કરે છે કે નહિ. વાસ્તવમાં લોકોને ભરમાવવા માટે આવી વાતો ફેલાવવામાં આવે છે. મુદ્દો સતપંથ મુસલમાન ધર્મ છે એનો છે. અરબના દેશોમાં દારુ ઉપર બંધી છે. તો શું એના માટે અરબ દેશવાળો મુસલમાન ધર્મ પાળવો જોઈએ?

16) સતપંથ સમસ્યાના ઉકેલ માટે જ્યારે નાની મોટી બેઠકો થતી હોય, ત્યારે સનાતનીઓને ખાસ પ્રકારની વાતો સાંભળવા મળતી હોય છે.

બેઠક કે મિટિંગ પહેલાં નીચે પ્રમાણેનું વાતાવરણ નિર્માણ કરવામાં આવે.

a) એવી મીઠી મીઠી વાતો કરવામાં આવે કે આપણે કેટલા લડશું. આપણે શાંતિથી આ ઝગડો મટાડી દઈએ તો બધા શાંતિથી જીવે. એટલે આપણે નક્કી કરી લઈએ કે આપણે શું જોઈએ છે. આપણે ખોટી માથાકૂટ ન કરવી જોઈએ. મવાળોના મારફતે આવી વાતોની આડમાં એ જાણવાની કોશિશ કરવામાં આવે કે સનાતનીઓની તૈયાર કેટલી છે અને કેટલું બાંધછોડ કરવા તૈયાર છે.

b) મવાળો મારફતે એવું જાણવા પ્રયત્નો થાય કે હવે મિટિંગમાં આપણે શું રજૂઆત કરીશું. કોણ બોલશે, શું બોલશે, આવી વાતો કરીને ધીરે ધીરે સનાતનીઓની રણનીતિ જાણવાની કોશિશ કરવામાં આવે.

c) સતપંથીઓ હવે થાકી ગયા છે. તેઓ હવે આપણી બધીજ શરતો માની લેવા તૈયાર છે. આપણે મિટિંગમાં કોઈ વાંધો નથી આવવાનો. આવી સારી સારી વાતો કરીને સનાતનીઓને ઊંઘતા રાખે.

d) સતપંથીઓ તરફથી મિટિંગમાં સામનો કરવા કોઈ આવવા તૈયાર નથી. એ લોકો ખૂબ ગભરાઈ ગયા છે. એવી વાતો કરીને સનાતનીઓને ખોટા આત્મવિશ્વાસમાં રાખે.

 પણ જ્યારે હકીકતમાં બેઠક કે મિટિંગ થાય ત્યારે કંઈક જુદુંજ થાય.

e) બેઠક કે મિટિંગમાં સતપંથ તરફથી અગર પાંચ લોકોની હાજરીની વાત હોય તો એ જગ્યાએ પચાસ લોકો હાજર થાય.

f) સનાતનીઓની રણનીતિઓ જાણી, કોણ કોણ સનાતન તરફથી બોલશે, શું બોલશે, કેટલી બાંધછોડ કરશે એ બધું જાણી લીધા પછી, સંપૂર્ણ રીતે ખૂબ મજબૂત તૈયારી સાથે વાત રજૂ કરે અને સનાતનીઓ ઉપર અચાનક એવો હુમલો થાય કે સનાતનીઓ હેબતાઈ જાય. થોડી વાર તો શું થઇ રહ્યું છે, એ સમજાય પણ નહીં.

g) મિટિંગમાં એવા મુદ્દાઓ રજૂ કરવામાં આવે કે જેના થકી પોતે Victim Card (શિકાર / ભોગ બની ગયા હોવાનું રડ્યા રાખવું) રમી શકે. બધું સમું સુથરું ચાલતું હતું પણ અમુક સનાતની ભાઈના અમુક પગલાંના કારણે માહોલ/પરિસ્થિતિ ખરાબ થઇ ગઈ છે. અમારો કોઈ વાંક નથી. અમારા લોકો હવે નારાજ થઇ ગયા છે. પણ અમે તેમને સમજાવવામાં લાગ્યા છીએ. ધીરે ધીરે સમજાવી લેશું. તમે જલદી ન કરો. સમય આપો. બધું સારું થઇ જશે. અમુક ભાઈઓના કડક વલણના કારણે સમાધાન થતું નથી. એવો આક્ષેપ નાખે. ત્યાર બાદ બાકી રહી ગયલી વાતો મવાળો ઉપાડીને બેઠકમાં સનાતનીઓમાં મૂંઝવણ ફેલાવી નાખે. આવી રજૂઆત લગભગ મિટિંગની શરૂઆતમાંજ કરવામાં આવે જેથી શરૂઆતથીજ સનાતનીઓનું આત્મબળ તૂટી જાય. અગર શરૂઆતમાં આ વાત ન કરવામાં આવી તો એવી પરિસ્થિતિમાં આવી વાતો કરવામાં આવે કે જ્યારે સતપંથીઓને એવું લાગે કે હવે આ મિટિંગ તેમના ધારેલ દિશા તરફ નથી જઈ રહી. જેથી મિટિંગ કોઈ નિર્ણય લીધા વગર બરખાસ્ત થઈ જાય અને સનાતનીઓને સફળતા ન મળે.

17) કોઈ પણ વિવાદ કે સમસ્યાના સમાધાન માટે જ્યારે પંચો ચુકાદો આપતા હોય છે, એ ચુકાદો બન્ને પક્ષને લાગુ પડે, માત્ર એક પક્ષને લાગુ પડે નહિ, જે સર્વવ્યાપી સામાન્ય સિદ્ધાંત તેમજ નિયમ છે. તેજ પ્રમાણે, ચુકાદાના પાલનની વાત આવે ત્યારે ચુકાદાનું સંપૂર્ણ રીતે પાલન કરવાનું હોય છે. ચુકાદાને તોડી મરોડીને માત્ર પોતાને ગમતા હોય એવા મુદ્દાઓના પાલનની વાત કરવી કે આગ્રહ રાખવો એ લોકોને ગેરમાર્ગે દોરવાનું કામ છે. તેવીજ રીતે ચુકાદાનું ખોટું અર્થઘટન પોતાની સગવડ પ્રમાણે કરીને ચુકાદાનું મર્મ/હાર્દ બદલવાની કોશિશ કરવી એ પણ કપટ અને છેતરપિંડી છે. ઊંઝાના ચુકાદાના અમલીકરણ વિષય ઉપર આપણે જોયું કે સતપંથીઓ તરફથી આવા પ્રયાસો કરવામાં આવ્યા છે.

18) સતપંથના જુઠ્ઠાણાઓ જનતામાં પકડાઈ ન જાય એટલે તેમના ફાયદાનું સગવડિયું અસત્ય ઊભું કરવામાં આવે અને તે અસત્યની સાથે અડધું સત્યને ભેળવીને નવી વાર્તા ઊભી કરવામાં આવે. પોતાની ખોટી વાત તરફ આંગળીઓ ઊપડે ત્યારે અર્ધસત્ય તરફ ધ્યાન દોરીને એવી વાત કરવામાં આવે કે જુઓ અમારી વાત સાચી છે. બીજી બાજુ તેમના અર્ધસત્યને ખુલ્લું પાડનાર લોકો કોઈ મેલી મુરાદ અને ષડ્યંત્રના ભાગ રૂપે કામ કરી રહ્યા છે, એવી ખોટી વાત કરીને તેમની વિશ્વસનીયતાને ખતમ કરવાની કોશિશ કરવામાં આવે. જેથી કરીને લોકો મૂંઝાઈ જાય અને સતપંથની વાતનેજ સાચી માની લે.

19) છેલ્લે બધાજ પેંતરાઓ અને કોશિશો નિષ્ફળ થાય, ત્યારે કોઈ પણ મુદ્દા ઉપર ઝગડો કરી નાખવો. અને એવી પરિસ્થિતિ નિર્માણ કરી દેવી કે કોઈ પણ નિર્ણય લઇ ન શકાય. જેથી કરીને સતપંથના વિરુદ્ધનું પણ નિર્ણય ન આવે.

સતપંથ સાથે થયેલ ચર્ચા કે સમાધાનની કોશિશો જ્યારે નાકામ થઇ હોય ત્યારે તેનાં પાછળના કારણો ઉપર વિચાર કરશો તો ઉપર જણાવેલ કારણોમાંથીજ કોઈ કારણ તમારા નજર સામે આવશે. સાર અહીં એવો છે કે એક પક્ષ સત્યની લડાઈ લડતો હોય અને બીજો પક્ષ માનસિક લડાઈ લડતો હોય, ત્યારે મોટાં ભાગે સત્ય ભોગ બનતું હોય છે. સત્યની જીત થતી નથી. “સત્યમેવ જયતે” સૂત્ર નિષ્ફળ જાય છે. પણ **અગર સત્યની લડાઈ લડવાવાળા માનસિક લડાઈના હથિયારો**

અપનાવે અને પછી ખોટા પક્ષ સામે લડાઈમાં ઉતારે તો સામેવાળાને હરાવી શકવાની સંભાવના ખૂબજ વધી જાય છે.

ઉપર જે જે દાખલાઓ ટાંકવામાં આપ્યા છે એ અમારા વડીલોને યાદ હતા અને અમોને કહ્યા છે એ પ્રમાણે જણાવેલ છે. તેનાંથી અગાઉ પણ છેતરપિંડીની આવી ઘણી બધી વાતો થઇ હશે. જે રીતે તેમનું એક જુઠ્ઠાણું કે પોલ પકડતી કોઈ વાત બહાર આવે તો તરતજ તેનાં બચાવમાં કોઈ નવું જુઠ્ઠાણું તૈયાર કરવામાં આવે. આ પુસ્તકમાં ઘણી જગ્યાએ સતપંથના જુઠ્ઠાણાઓ અને ખોટી વાતો પકડી પાડી છે. **સતપંથ એક મુસલમાન ધર્મ છે અને તેને હિંદુ ધર્મમાં ખપાવવાનું ષડ્યંત્ર ખુલ્લું કર્યું છે. આ વાતો આ પુસ્તકમાં સાબિત કરવાની જ્યાં જ્યાં કોશિશ કરી છે અને પુરવાર કરી દીધું છે, એ જુઠ્ઠાણું એમનું પકડાઈ જશે અને પકડાઈ ગયું છે, એટલે આ જુઠ્ઠાણાઓને છુપાવવા કરવા માટે નવી દલીલો સતપંથીઓ તરફથી શોધવામાં આવશે. આ પુસ્તક અને પુસ્તકના લેખકોની નિષ્ઠા અને વિશ્વસનીયતા ઉપર પ્રહારો કરી દલીલો થશે. માટે આવી દલીલો ઉપર વિશ્વાસ કરતા નહીં, એવી દરેક વ્યક્તિને આગ્રહ ભરી વિનંતી છે.**

<u>સાર:</u> માનસિક લડાઈના કપટ, છેતરપિંડી અને વિષયાંતર (Deceit, Deception and Diversion = 3D) અને તેની સાથે મૂંઝવણ અને ભ્રષ્ટતા (Confusion and Corruption = 2C) એટલે (3D અને 2C) નો ફોર્મુલા સનાતનીઓના મગજમાં હશે તો સતપંથના પ્રહારોથી બચી શકશે, સનાતની સમાજને બચાવી પણ શકશે અને સતપંથીઓને હરાવી પોતાની જીત મેળવી શકશે.

D. માનસિક (બૌદ્ધિક) લડાઈ લડવા માટે અમુક વ્યૂહરચનાઓ



1) **<u>દુશ્મનના દિમાગને ઓળખો:</u>** દુશ્મનના દિમાગને લક્ષ્ય બનાવો. દુશ્મનના સમૂહમાં નિર્ણય કોણ લે છે એને ઓળખો. જો તમે દુશ્મનના સોચવાની રીત સમજી લેશો તો તેને ભોળવીને તમારા નિયંત્રણમાં રાખવાની ચાવી મળી જશે. તમે લોકોને સમજવાના પ્રયાસો કરતા રહેશો, તેમના મનની જાણે-આજાણે કહેલ છૂપી વાતો અને હેતુઓને પકડી પાડવામાં નિષ્ણાત બનો.

2) **<u>ભૂતકાળમાં ખાધેલ થાપથી બહાર નીકળો:</u>** પોતાના મગજ સાથે ગુરિલ્લા યુદ્ધ લડો. તમારા પગ પાછા નખાવવામાં અને તમને થાકાવવામાં તમારી અતીતની પીડાનો મોટો ફાળો હોય છે. તમારે સજાગ રહીને હાલની પરિસ્થિતિ અનુસાર પ્રતિક્રિયાઓ આપતા રહેવા માટે સતત કોશિશ કરતા રહેવું પડશે. પોતે પોતાના ઉપર ક્રૂર બનો. પોતાના દિમાગ ઉપર ગુરિલ્લા યુદ્ધ કરો. પોતાના બચાવ માટે એકજ રણનીતિ રાખવી નહીં. રણનીતિમાં યોગ્ય ફેરફાર કરતા રહો.

3) **<u>ગભરાટના સમયમાં પોતાના મગજ ઉપર સંયમ છોડવો નહીં:</u>** બહસની ગરમાગરમીમાં મગજ ઉપર સંતુલન છૂટી જાય. ગમે તેવી પરિસ્થિતિ હોય તેમાં પણ માનસિક તાકાત કેળવી પોતાના મગજ ઉપર સંયમ રાખવો ખૂબજ જરૂરી છે. મગજની સામે પ્રતિકુળ પરિસ્થિતિઓ લાવી, મગજને મક્કમ બનાવવાની જરૂર છે. રણભૂમીની (બહસની) અંધાધૂંધીથી પોતાનો બચાવ કરતા શીખી લેવાની જરૂર છે.

4) **<u>પહેલો ઘા રાણાનો:</u>** પહેલો વાર કરી દુશ્મનને વિચારવાનો અને તૈયારી કરવાનો સમય ન આપો. આવું કરવાથી તેઓ ગભરાઈ જઈ, સંતુલન ખોઈ ભૂલો કરી બેસે. દુશ્મનના દિમાગ ઉપર નિયંત્રણ મેળવવા પ્રયાસો કરો. જેથી કરીને એ લોકો સાવ ગભરાઈ જાય અને ભૂલો ઉપર ભૂલો કરતા જાય.

5) **<u>બાજી પલટો:</u>** પહેલો પ્રહાર કરવાથી ઘણી વાર ગેરલાભ પણ થઇ શકે. તમારી રણનીતિ ખુલ્લી પડી શકે, જેથી તમારા વિકલ્પો પણ ઓછા થઇ શકે. સમય અનુસાર પોતાના પ્રહારોને રોકી રાખો. ભલે વિરોધી પહેલો હમલો કરે, જેથી કરીને આપણા જવાબી હમલામાં સુગમતા રહે. અગર વિરોધીઓ ખૂબ આક્રમક પ્રહાર કરે છે, તો તેમને કોઈ ઉતાવળું પગલું ભરવા માટે ઉશ્કેરો, જેથી કરીને તેમની પરિસ્થિતિ નબળી પડી જાય. એમની દુ:ખતી જગ્યાએજ વાર કરો.

6) **<u>તમારા ઉપસ્થિતિ માત્રથી ડર ઊભો કરો:</u>** આક્રમણકારોને દૂર રાખવાનો સહુથી સારો ઉપાય છે કે તેમને આક્રમણ કરવાથી રોકી રાખો. તમારી એવી છબી ઊભી કરો કે સામેવાળાને એવું લાગે કે આ માણસનો કોઈ ભરોસો નહિ કે શું કરી નાખે. આવા માણસ સામે લડાય નહીં. ખુલ્લા ડરથી ક્યારેક અનિશ્ચિતતા સારી. તમારા સાથે નડવાથી તેમને કેટલું નુકસાન થશે એની ખબર અગર તમારા વિરોધીઓને નહીં હોય, તો કદાચ તમારા સાથે નડશે નહીં.

7) **<u>જોડી રાખતા તત્ત્વો પર વાર:</u>** કોઈ ને કોઈ શક્તિ ઉપર દરેક નિર્ભર હોય. તમારા વિરોધી પક્ષમાં ઊંડાણથી તપાસ કરો કે એવી કઈ શક્તિ છે કે જેના કારણે વિરોધીઓ એક છે. આવી શક્તિ ઉપર પ્રહાર કરવાથી ખૂબ મોટું નુકસાન થાય. સામેવાળાને જે સહુથી વહાલું છે અને જેનું રક્ષણ કરતા હોય તેનાં ઉપર વાર કરો.

8) **<u>ભાગલા પાડો અને જીતો:</u>** દુશ્મનના તાકાતથી કોઈ દિવસ ગભરાશો નહીં. તેનાં બદલે દુશ્મનના અલગ અલગ અંગો જેનાથી એ લોકો એક થયાં હોય, એવા અંગો ઉપર ધ્યાન દો. અંગોને જુદા કરી અસંતોષના બીજ નાખી ભાગલા પાડવાથી મોટામાં મોટા દુશ્મનને હરાવી શકાય છે. જ્યારે કોઈ મોટી સમસ્યાનો સામનો કરવો પડે, તો મોટી સમસ્યાને નાના ટુકડામાં બાંટી નાખો અને સમય પ્રમાણે એક એક ટુકડાને હરાવતા જાઓ.

9) **<u>વાટાઘાટો ચલાવતા આગળ વધતા જાઓ:</u>** વાટાઘાટો વખતે અને તે પહેલાં તમારે આગળ વધતાજ રહેવું જોઈએ. સામેવાળા ઉપર દબાણનું જોર સતત વધારતા જવું. જેથી કરીને વિરોધી તમારા શરતે સમજૂતી કરવા તૈયાર થઇ જાય. આગળ વધટી વખતે જેટલું કબજે કરો એટલી અર્થવગરની છૂટછાટો આપી શકો. તમારી છબી એવી ઊભી કરો કે તમે કડક છો અને કોઈ બાંધછોડ નહીં સ્વીકારો. જેથી કરીને તમને મળવાથી પહેલાંજ લોકો પગ પાછા નાખતા થઇ જાય.

10) **<u>વાસ્તવિકતા અને કાલ્પનિક વાતોનો અખંડિત મિશ્રણ:</u>** વાસ્તવિકતા અને કાલ્પનિક વાતોનું એવું મિશ્રણ તૈયાર કરો કે તમારા દુશ્મનને સમજણ ન પડે કે તેમની આસપાસ શું થઇ રહ્યું છે. તમે પણ શું કરી રહ્યા છો એ પણ સમજણ ન પડે. લડાઈની શરૂઆતથી પહેલાંજ વિરોધીઓને ભ્રમણામાં રાખો કે જીત આસન છે અને જલદી મળશે. તેમના સામે એવા વિકલ્પો મુકો કે એ લોકો મૂંઝાઈ જાય અને પરિસ્થિતિ એવી ઊભી કરો કે વિરોધી માટે તમામ વિકલ્પો ખરાબ નીવડે. દુશ્મનની અપેક્ષાઓ અને ઈચ્છોને પરિપૂર્ણ કરતી બનાવટી સચ્ચાઈનું નિર્માણ કરો, જેથી કરીને દુશ્મન મૂરખ બની જાય.

11) **<u>ધારણાઓમાં માત દો:</u>** તમારી છબી અને અપેક્ષાઓના અનુરૂપ તમારા વ્યવહારની ધારણા લોકો કરતા હોય છે. લોકોની આ ધારણાને ખોટી પાડવી એ એક વ્યૂહરચના પણ હોઈ શકે. પહેલાં સાધારણ રીતે વાર કરીને લોકોની ધારણા સાચી પાડો. પછી અસાધારણ પગલાંથી સામે વાળા પર મોટો વાર કરો. અનપેક્ષિત વારથી વિરોધીઓમાં બહુ મોટો ગભરાટ ફેલાઈ જાય.


12) **<u>વિશ્વાસઘાતી (મવાળો) નો સામનો કરો:</u>** જીવનમાં બાહ્ય દુશ્મન કરતા તમારા પોતાના સગાં અને મિત્રો, જે તમારા બનીને બેઠા હોય પણ કામ દુશ્મનનું કરતા હોય, એવા લોકોથી વધારે ખતરો હોય છે. આવા લોકો દેખાવતો એવો કરે કે જાણે એ તમારા હિત માટે કામ કરે છે પણ વાસ્તવમાં તમારામાં ભાંગફોડ કરતા હોય. આવા પોતીકા બનીને બેઠેલા મવાળોને શંકામાં તેમજ અસુરક્ષિત રાખવા માટે પગલાં ભરો. તેમને એવા વિચારોના ચક્રવ્યૂહમાં નાખી દો કે એ વિચારોમાં ગૂંચવાયો રહે અને પોતાના બચાવ કરવામાંજ રચ્યો પચ્યો રહે.

<u>આ લેખ મારફતે માનસિક લડાઈ અંગે આછેરી જાણકારી આપવામાં આવી છે, તેનાં પાછળનો મુખ્ય હેતુ સનાતનીઓ પોતાની સામે થતા પ્રહારોને ઓળખી પોતાનો યથા યોગ્ય બચાવ કરવા માટે તૈયારીઓ કરી શકે.</u>

૧૮ રણનીતિઓ, દલીલો, હથિયારો અને તોડ

સતપંથ ધર્મ, તેમાય ખાસ કરીને, પીરાણા સતપંથ ધર્મ જે પદ્ધતિથી હિંદુ સમાજમાં રહીને પોતાનો ધર્મનો પ્રચાર કર્યો છે તેવીજ રીતે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા જે રણનીતિઓ, પ્રચારો અને હથિયારોનો પ્રયોગ કરવામાં આવ્યા, તેનાં પર પહેલાં નજર નાખીશું. અને ત્યાર બાદ આપણે સમજવાનો પ્રયત્ન કરીશું કે આવી લડાઈનો તોડ કેવી રીતે કાઢવો જોઈએ.

A. રણનીતિઓ:



મૂળ સતપંથના સ્થાપક પીર સદૃદીન (ઈમામશાહ બાવાના દાદા) એ હિંદુઓને સહેલાઇથી વટલાવવા માટે એક યોજના તૈયાર કરેલ હતી. આ યોજના એવી હતી કે જે વ્યક્તિનું ધર્મ પરિવર્તન થઇ રહ્યું હોય, એવા શિકાર (વ્યક્તિ)ને પણ ખબર ન પડે કે તેનું ધર્મ પરિવર્તન થઇ રહ્યું છે. યોજનામાં ગોઠવણ એવી સજ્જડ હતી કે સતપંથના અનુયાયીઓ કોઈ પણ શંકા કે સંકોચ કર્યા વગર સતપંથને ખુશીથી સ્વીકારી લે. આ યોજનાની સંપૂર્ણ જાણકારી આ પુસ્તકના ભાગ બે માં જણાવેલ પ્રસ્તુતિ (PPT Presentation) ના સ્લાઈડ ક્ર. ૩૧ થી ૩૬, પેજ ૨૭૮ થી ૨૮૦માં જણાવેલ છે.

<u>આ યોજનાને સફળ કરવા માટે અપનાવેલ મુખ્ય રણનીતિઓ નીચે પ્રમાણેની છે</u>

1. **<u>Victim Card (શિકાર / ભોગ બની ગયા હોવાનું નાટક કરવું):</u>** જ્યારે સતપંથની સામે કોઈ અવાજ ઉપાડે અથવા તો વિરોધ દર્શાવે ત્યારે બચાવમાં પહેલું કામ એ કરવામાં આવે કે પોતે (એટલે સતપંથ) કોઈના ઊંડા ષડ્યંત્રનું શિકાર બની ગયું છે. કોઈ તેને ખોટી રીતે બદનામ કરવા માંગે છે, સતપંથ ખોટા પ્રચારનું ભોગ બની ગયું છે એવી વાત કરવામાં આવે. જરૂર પડે તો કોઈ વ્યક્તિ કે સંસ્થા ઉપર આરોપ પણ નાખી દેવામાં આવે.

   ત્યાર બાદ આદર્શવાદી વાતોની મદદ લેવામાં આવે. જેવી કે કોઈએ ધર્મની ટીકા ન કરવી જોઈએ. બધા ધર્મો એક સરખા છે. બધા સંપ્રદાયો સારા છે. ધર્મની ટીકા ટીપ્પણી કરવાથી સમાજમાં ઝગડાઓ થાય. વૈમનસ્ય ઊભું થાય, વર્ગવિગ્રહ થાય, સમાજમાં ભાગલા પડી જાય, સમાજમાં એકતા, પ્રેમ, સંગઠનને નુકસાન થાય વગેરે વગેરે. અને છેલ્લે સમાજમાં શાંતિનું વાતારણ ડહોળાય, કોમી ઝગડાઓ થઇ શકે, રમખાણો થઇ શકે, સમાજ તૂટે, સમાજ વ્યવસ્થા બગડી જાય વગેરે એવો ભય બતાવવામાં આવે. એવા-એવા ભય સ્થાનો બતાવવમાં આવે કે જેના માટે કોઈ માપદંડજ હોય નહીં.

   પોતે, એટલે કે સતપંથ આવા (ઉપજાવી કાઢેલ અને બનાવટી) તત્ત્વોની ચાલોનું શિકાર બન્યું છે, એટલે સતપંથને બચાવવાની જરૂર તેમજ ફરજ બધાની છે. આવી વાતો કરીને પોતે બિચારા બની જઈને પોતાનું અસ્તિત્વ સુનિશ્ચિત કરવા માટેની વાતો કરવામાં આવે.

   <u>દાખલો ૧</u>: શરૂઆતના સતપંથના પ્રચારકો હિંદુ સાધુના વેશમાં હિંદુ ધર્મનો જ પ્રચાર કરવાનો ડોળ કરી, અંદર ખાને સતપંથનો છૂપો પ્રચાર કરતા હતા. જ્યારે તેની પોલ ખુલ્લી પડે ત્યારે કહેવું કે અમે હિંદુ ધર્મના જ સાધુઓ છીએ અને હિંદુ ધર્મનો જ પ્રચાર કરીએ છીએ. કોઈ અમારા વિરુદ્ધ ઊંડું ષડ્યંત્ર રચી રહ્યું છે. અમારાં કપડાં જુઓ... હિંદુ સાધુના

છે. અમારો ધર્મ પ્રચાર જુઓ... હિંદુ દેવ-દેવતાનો છે. ભગવાન રામ, કૃષ્ણ, ભક્ત પ્રહ્લાદ, પાંડવો, વેદોનો હવાલો દઈને કહે કે આ શું હિંદુ ધર્મના તત્ત્વો નથી? અમોને કોઈ ખોટી રીતે બદનામ કરવામાં આવી રહ્યું છે. આવું કહીને પોતાના બચાવ માટે અજાણ ભોળા લોકો પાસે બિચારા બની જાય.

દાખલો ૨: હાલમાં પીરાણા સતપંથવાળા ઉપર તેમનીજ જ્ઞાતિના સનાતની હિંદુ ભાઈ દ્વારા પીરાણા છોડવાનું દબાણ નાખવામાં આવી રહ્યું છે. પણ સતપંથવાળાઓને પીરાણા છોડવું નથી. એટલે આવી પરિસ્થિતિમાં પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે હિન્દુવાદી સંગઠનો જેવા કે BJP, RSS, VHP અને હિંદુ સાધુ સંતો પાસે જઈને સતપંથવાળા આવી વાત કરે છે કે અમે પીરાણામાં મુસલમાનોના ધાર્મિક સ્થળ ઉપર કબજો જમાવીને બેઠા છીએ. જેથી કરીને આવનાર હિંદુઓ મુસલમાન ન બની જાય. ત્યાં થનાર પૈસાઓની આવક મુસલમાનોના હાથમાં જવા નથી દેતા. આ વાત મુસલમાનોને ગમતી નથી એટલે મુસલમાનો (સૈય્યદો) પીરાણાને પોતાના કબજે લેવા માંગે છે. માટે અમે જે હિંદુ ધર્મના રક્ષણનું કામ કરીએ છીએ, એ કામમાં તમે અમારી મદદ કરો. આવી રીતે Victim Card (શિકાર બનવાનો ડોળ) રમી અજાણ હિંદુવાદી સંગઠનો અને સાધુ સંતોનું દિલ જીતી લે. પરિણામે એ લોકો પીરાણાની મદદ કરવા તૈયાર થઇ જાય. એ લોકોને એવું લાગે કે અમે હિંદુ ધર્મ માટે ખૂબ સારું કામ કરી રહ્યા છીએ. પણ વાસ્તવમાં એ લોકો અસલમાં હિંદુઓને વટલાવવા બનેલ સતપંથ ધર્મને સહયોગ આપી ધર્મ પરિવર્તનના મિશનનો બચાવ કરી રહ્યા છે. પોતાના હાથે હિંદુ ધર્મ વિરોધી કામ થાય છે એવી લેશમાત્ર કલ્પના પણ તેમને આવે નહીં.

દાખલો ૩: દર વર્ષે પીરાણામાં સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર યોજવામાં આવે છે. આધારભૂત સૂત્રોથી એવી વાતો સંભાળવા મળે છે કે આ શિબિરમાં નાના છોકરાંઓને એવી વાર્તા કહેવામાં આવે છે કે અહીં (એટલે પીરાણામાં) પહેલાં મંદિર હતું. જેણે ઔરંગઝેબએ તોડીને દરગાહ બનાવી નાખી. પણ આના કોઈ પાકા પુરાવા હજી હાથે નથી લાગ્યા એટલે પાકા પાયે કહીં નથી શકાતું. પણ સતપંથીઓ દ્વારા આવી દલીલો અને વાર્તાને મળતા પ્રવચનો જાહેરમાં કરવામાં આવે છે. જેના પરથી એવું દેખાઈ આવે છે કે સતપંથના પ્રચારકો તેમના અનુયાયીઓની પેઢીને હલાહલ જુઠ્ઠાણું પીરસી રહી છે. વધારામાં એક એવી પણ વાત સાંભળવા આવી છે કે પીરાણાના મુસ્લિમ સૈયદ ટ્રસ્ટી દ્વારા જ્યારે સતપંથી ટ્રસ્ટી/કર્તાહર્તાને પૂછવામાં આવ્યું કે તમે શા માટે આવું જૂઠ્ઠું બોલો છો? જ્યારે મોટાં થઇને આ છોકરાંઓને ખબર પડશે ત્યારે એ લોકો સતપંથ છોડી દેશે. ત્યારે વળતાંમાં એવો જવાબ મળ્યો કે જો આવું નહીં કરીએ તો આ લોકો હમણાંજ ભાગી જશે. (આ વાતનો પણ હાલ કોઈ નક્કર પુરાવો હાથે લાગ્યો નથી, એની નોંધ લેશો.) સતપંથી ટ્રસ્ટી/કર્તાહર્તાની વાતથી સ્પષ્ટ થાય છે કે સતપંથ છોડી હિંદુ બનવા માંગતા સતપંથીઓને હિંદુ બનવાથી રોકવા માટે નવી નવી રમતો રમી રહ્યા છે.

દાખલો ૪: ભવિષ્યમાં આ પુસ્તકને બદનામ કરી તેની વિશ્વસનીયતાને ખતમ કરવા એવો પ્રચાર કરવામાં આવી શકે કે ઊંઝાના પંચો સામે જૂઠા દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા. સતપંથી તરફથી રજૂઆત કરનારા લોકો નબળા હતા એટલે ઊંઝાના ચુકાદાનો આધાર ખોટી વાતો ઉપર છે. માટે આ પુસ્તક અને ઊંઝાના ચુકાદાને ધ્યાનમાં લેવા લાયક નથી. પણ વાસ્તવમાં આ પુસ્તકમાં ઈમામશાહ અને સતપંથ અંગેના દસ્તાવેજોનો જ આધાર લેવામાં આવ્યો છે. આખરે પીરાણાના સૈયદ ઈમામશાહ બાવા એકજ છે. મુસલમાનના ઈમામશાહ અલગ અને હિંદુના ઈમામશાહ અલગ નથી. વ્યક્તિ એકજ છે, એનો ઈતિહાસ એકજ છે. કદાચ એવું પણ થાય કે ઈમામશાહનું નામ બદલી નાખવામાં આવે અને પછી કહેવામાં આવે કે આ પુસ્તક અમારા વિષે નથી. આવા ઘણા હથકંડાઓ વાપરવામાં આવી શકે એવી પૂરે પૂરી શક્યતા છે, જેનાથી સાવધ રહેવું જરૂરી છે.

2. **Acceptability (સ્વીકૃતતા મેળવી લેવી):** એક વખત સતપંથ કોઈ ઊંડા ષડ્યંત્રનું “શિકાર” થયું છે એ પ્રચાર કરવામાં સફળ થાય, એટલે સ્વાભાવિક છે કે તેના બચાવમાં લોકો તૈયાર થાય. તેનો બચાવ થયો એટલે લોકોના નજરમાં સતપંથ

નિર્દોષ અને બિચારું બની જાય. એક વખત નિર્દોષ અને બિચારા બની ગયા એટલે એની પોતાની મેળે લોકો સ્વીકૃત કરતા થઇ જાય. સતપંથ સ્વીકૃત થયું એટલે લોકોની સાથે સંબંધો મજબૂત કરવામાં આવે.

__દાખલો ૧:__ "હિંદુ ચીની ભાઈ-ભાઈ" આ સૂત્ર બધાને ખબર છે. ભારત ચીનની લડાઈમાં ચીનના સૈનિકો દ્વારા ભારતના સૈનિકો દ્વારા આવકાર મળે તે માટે આ સૂત્ર વાપરવામાં આવેલ હતું. ભારતીય સૈનિકોના આવકારનો કેવો દુરુપયોગ ચીનની સેનાએ કર્યો એ તો ઈતિહાસની વાત થઇ ગઈ છે.

__દાખલો ૨:__ હિંદુ સાધુ સંતો અને ધાર્મિક સંગઠનો સામે સતપંથીઓ એવી લાગણી સભર બનાવટી રજૂઆત કરે છે કે અમો મુસલમાન સામે લડી રહ્યા છીએ. પણ અમો હિંદુજ છીએ. એટલે અમોને હિંદુ સમાજ સ્વીકારે. આવી વાત કરીને સામાન્ય હિંદુઓના મનમાં પોતાને સ્વીકાર્ય કરવાની ચાલ રમી રહ્યા છે.

__દાખલો ૩:__ એક એવી દલીલ કરવામાં આવે છે કે ભારતભરમાં મુસલમાનોએ હિંદુઓના ધર્મના ઘણા સ્થાનકો ઉપર કબજો કરેલ છે. પણ પીરાણાજ એક માત્ર એવું સ્થાનક છે જ્યાં હિંદુઓએ મુસલમાનોના ધર્મના સ્થાનક ઉપર કબજો કરેલ છે. માટે દરેક હિંદુને પીરાણા સતપંથ ઉપર ગૌરવ હોવું જોઈએ. માટે સતપંથ હિંદુ ધર્મ છે.

> __નોંધ:__ પણ વાસ્તવિકતા આની બરાબર ઊલટી છે. હિંદુઓને હાથા બનાવી "તાકિયા"નો ઉપયોગ કરી પીરાણાને હિંદુ સ્થાનક બતાવી મુસલમાનોની ડૂબતી સંસ્થાને જાગતી રાખવા આવો પ્રચાર કરવામાં આવેલ છે. આ પ્રચારમાં ભોળા હિંદુઓ ફસાઈ જાય અને પીરાણા સતપંથ સાથે જોડાયલા રહે તો ભવિષ્યમાં આ લોકોને મુસલમાન બનાવી શકાય એ મુસલમાનોની ચાલને VHP, BJP, RSS તેમજ ઘણા હિંદુ સાધુ સંતો ઓળખી નથી શક્યા. પોતાને હિંદુ કહેવડાવાનો આગ્રહ રાખનારા આ સતપંથીઓનો તેનાં ચોખ્ખા સનાતન હિંદુ સમાજની સંસ્થાઓને તોડવા માટે કરવામાં આવતા ખોટા કોર્ટ અને પોલીસ કેસોની હકીકતોને ધ્યાનમાં લેશો તો આ વાત સમજાશે. એક તરફ ઉપર જણાવ્યા પ્રમાણે પીરાણા સતપંથ સાથે જોડાણ ટકાવી રાખવું અને બીજી બાજુ હિંદુ સમાજને તોડી તેને પાછા સતપંથમાં જોડવા માટે પ્રપંચો કરવાની આખી રમત ખ્યાલ આવશે. અગર સતપંથવાળા સાચે હિંદુ બનવા માંગતા હોય તો તેનાં હિંદુ ભાઈઓની સામે ખોટા કોર્ટ કે ખોટી પોલીસ ફરિયાદો કોઈ દિવસ ન કરે. ઉલટાં તેનાં હિંદુ ભાઈઓની સમાજ સાથે સુમેળ સાધી તેમાં ભળી જવાના પ્રયત્નો કરે. પણ એવું ન કરીને તેઓ પોતાની મનની ઇસ્લામ પ્રત્યેની છૂપી શ્રદ્ધાને પ્રગટ કરી રહ્યા છે, એવું ચોખ્ખું જણાઈ આવી રહ્યું છે.

__દાખલો ૪:__ હિંદુ ધાર્મિક સંગઠનો અને હિંદુ સાધુ સંતો દ્વારા સતપંથને સ્વીકૃત કરી તેમને હિંદુવાદી સંગઠનોમાં આમંત્રિત કરવામાં આવે. એમના બચાવ માટે સતપંથને હિંદુ સંગઠનોમાં સભ્યપદ પણ આપવામાં આવે. સતપંથને સ્વીકાર્ય કરવા પાછળનો તેમની ગલત સોચ એ છે કે સતપંથને હિંદુ લેબલ આપીશું તો એ ધીરે ધીરે સંપૂર્ણ હિંદુ બની જશે. પણ આ લોકોને (હિંદુ સંગઠનવાળાઓને) એ ખબર નથી કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સતપંથીઓનું કેવું હિંદુ ધર્મ વિરુદ્ધનું વર્તન છે. આ લોકોને એ ખબર નથી કે ઇસ્લામ ધર્મનું સહુથી ખતરનાક હથિયાર એટલે "તાકીયા"નો ઉપયોગ કરી સતપંથવાળા હિંદુ સંગઠનોને છેતરે છે અને તેમનો દુરુપયોગ કરી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે.

3. **__Infiltrate (અંદર ઘૂસીને પસરી જવું):__** એક વખત લોકોમાં સ્વીકૃત થઇ ગયા પછી, પોતાના શિકાર એટલે કે દુશ્મનના ખેમામાં ઘૂસી જવું. સીધા શબ્દોમાં હિંદુ ધર્મની સંસ્થાઓમાં ઘૂસી જવું તેમજ હિંદુ અનુયાયીઓની સમાજોમાં ઘૂસી જવું. લોકોમાં સ્વીકૃતતા મેળવી લીધી હોવાના કારણે, કોઈ પણ માણસ તેમના પર શંકા ન કરે. આવી રીતે દુશ્મનના ખેમામાં, સંસ્થાઓમાં, સમાજોમાં ઘૂસી ગયા પછી તેમાં ધીરે ધીરે ઉચ્ચ હોદ્દાઓ મેળવવા. સત્તા પોતાના નિયંત્રણમાં

કરી લેવી. જેથી કરીને દુશ્મનને સંપૂર્ણ રીતે પાંગળો કરી નાખવો. પરિણામે તેમની સંસ્થાઓ અને સમાજો સતપંથ સામે કોઈ પગલાં ન ભરી શકે એવી પરિસ્થિતિ નિર્માણ કરી નાખવી.

દાખલો ૧: પીરાણા સતપંથના સાધુ શ્રી જનાર્દન મહારાજને હિંદુ ધર્મના મહામંડળેશ્વરની પદવી આપવામાં આવી છે. આ દર્શાવે છે કે સતપંથના પ્રચારકો હિંદુ ધર્મની સંસ્થાઓમાં ઘૂસી ગયા છે. હિંદુ ધર્મના સાધુઓને ઉપર જણાવેલ રમતની જાણ નથી, એટલે તેમને સ્વીકૃત કરી લીધા છે. જેથી તેમની સંસ્થાઓમાં સતપંથીઓ હાલપૂરતા ઘૂસવામાં સફળ રહ્યા છે.

દાખલો ૨: એક વખત સ્વીકૃતિ મળી જાય એટલે હિંદુ સમાજમાં ઘૂસીને અંદરો અંદર સંસ્થાઓમાં પ્રસરી જવાનું કામ કરે છે. લગ્ન સંબંધો જોડી નાખે છે. આપસમાં લગ્ન સંબંધો ગૂંથાઈ ગયા બાદ સતપંથીઓને હિંદુ સમાજમાંથી કાઢવાનું બહુજ મુશ્કેલ કે લગભગ અશક્ય બની જાય. આવી પરિસ્થિતિ નિર્માણ થાય ત્યાં સુધી સાચા ખોટા વાયદાઓ આપીને સમય કાઢતા જાય. પણ સતપંથના મૂળ સાથેના જોડાણને, વર્ષો જૂની શ્રદ્ધા છે વગેરે, એવી સુફિયાણી વાતોની આડમાં પોતાનું જોડાણ કોઈ પણ કીમતે તોડવા ન દે. એક વખત પરિસ્થિતિ અનુકૂળ થઇ જાય, ત્યારે હિંદુઓની સંસ્થાઓમાં અને સમાજોમાં સતપંથનો ખુલ્લો પ્રચાર કરવામાં આવે. જે હિંદુ સમાજમાં સતપંથી ફેલાઈ/પ્રસરી જાય, તે સમાજના હિંદુ લોકોને પણ ધીરે ધીરે વટલાવવાનું કામ શરુ કરવામાં આવે. ઈતિહાસમાં આવી રીતે હિંદુ લોહાણાની સમજોમાં ઘૂસીને સતપંથવાળાઓએ ઘણા હિંદુ લોહાણાઓને આજે ખોજા મુસલમાન કરી નાખ્યા છે. આ વાત સુમરા જ્ઞાતિને પણ લાગુ પડે છે. વાંકાનેરની આસપાસ રહેતી કડવા પાટીદાર જ્ઞાતિને પણ લાગુ પડે છે.



4. **Corrupt the pillars of strength (મૂળભૂત પાયાઓની શક્તિને ભ્રષ્ટ કરી નાખવી):** એક વખત દુશ્મનની સંસ્થાઓમાં ઘૂસી ગયા બાદ, એ સંસ્થાની સત્તા પોતાના નિયંત્રણમાં લીધા બાદ, એ સંસ્થાના મૂળભૂત પાયાઓને ઉધઈની જેમ કોરી ખાઈને નબળા કરી દેવાનું કામ કરવામાં આવે છે. આના માટે સંસ્થાના મૂળભૂત સિદ્ધાંતોને ભ્રષ્ટ કરવામાં આવે.

મૂળભૂત સિદ્ધાંતો અને મૂલ્યો (જેમાં ધર્મ/સમાજનું ગૌરવ, ગરિમા અને અસ્મિતા સામેલ છે) ભ્રષ્ટ કર્યા એટલે તેને માનતા લોકોની પોતાના સમાજ/ધર્મ પ્રત્યેની કટ્ટરતા ઢીલી થઇ જાય. એટલે એ ધર્મ/સમાજ નબળો થઇ જાય. કારણ કે તેનાં બચાવ માટે કટ્ટરતાથી લડવાવાળું કોઈ બચેજ નહીં.

દાખલો ૧: હિંદુ દશાવતાર ગ્રંથને ભ્રષ્ટ કરી, સતપંથી દશાવતાર ગ્રંથ બનાવવામાં આવ્યો. એમાં ભગવાન વિષ્ણુના દસ અવતારોને ભ્રષ્ટ કરવામાં આવ્યા છે. તેમાં કૃષ્ણ અને બુદ્ધ ભગવાનના મોઢે બ્રાહ્મણો, ધાર્મિક સ્થળો, જનોઈઓ, ગંગા નદી, વેદો, ગાય, ૬૮ તીર્થ સ્થાનો જેવા હિંદુ શ્રદ્ધાના કેન્દ્રો, મૂલ્યો અને આદર્શોને હલકા અને ઉતરતા ચીતરવામાં આવ્યા. હિંદુ ધર્મના કલ્કી અવતારને ભ્રષ્ટ કરીને શિયા ઇસ્લામ ધર્મના સ્થાપક હઝરત મૌલા અલીને ભગવાન વિષ્ણુનો

૧૦મો અવતાર બતાવવામાં આવ્યો. આ મૌલા અલીને હિંદુઓ જલદીથી સ્વીકારી લે એ માટે હઝરત મૌલા અલીને હિંદુ નામ નિષ્કલંકી નારાયણ રાખવામાં આવ્યું.

અગર કોઈ મૂળભૂત સિદ્ધાંત અને મૂલ્યને ભ્રષ્ટ ન કરી શકાય, તો તેના પાછળના સંદેશના અર્થગઠનને ભ્રષ્ટ કરવામાં આવે. મુદ્દાને તોડી મરડીને એવી રીતે લોકો સામે પ્રસ્તુત કરવામાં આવે કે આ સિદ્ધાંત અને મૂલ્ય ઇસ્લામ સાથે સુસંગત છે.

<u>દાખલો ૨:</u> હિંદુ અથર્વવેદનું અર્થગઠન એકદમ ભ્રષ્ટ રીતે કરવામાં આવે અને તેનાં દમ ઉપર એવું કહેવામાં આવે કે મડદાને દાટવાની ક્રિયા અથર્વવેદમાં જણાવેલ છે. જ્યારે હિંદુ શાસ્ત્રો પ્રમાણે અંતિમવિધિની ક્રિયાઓની જાણકારી માત્ર યજુર્વેદમાંજ આપેલ છે, અથર્વવેદમાં નથી.

5. **<u>Attack Pride and Glory (ગૌરવ, ગરિમા અને અસ્મિતા પર પ્રહાર):</u>** જ્યારે ધર્મ કે સમાજમાં ગૌરવ, ગરિમા અને અસ્મિતાનો અંત થઇ જાય છે, ત્યારે એ ધર્મ/સમાજના લોકો તેની સાથે જોડવામાં શરમ અને સંકોચ અનુભવવા લાગે. ત્યારે તેનું સ્વાભિમાનને ધક્કો લાગે. એટલે પોતાનું સ્વાભિમાન ટકાવવા માટે કોઈ એવા ધર્મ/સમાજ/સંસ્થાને શોધે જેમાં તેની કોઈ મજાક ન ઉડાડે અને તેને માન સન્માનની નજરે જોવામાં આવે.

   આ એક એવો પ્રહાર છે, જેની જાણ તેનાં શિકારને પણ ખબર ન પડે. પરિણામે શિકારની માનસિકતા એટલી નબળી થઇ જાય કે એ પોતાના જૂના/અસલ ધર્મને છોડીને નવા ધર્મને અપનાવવા માટે પોતે તૈયાર થઇ જાય. આ પ્રહારના માધ્યમથી સતપંથને સ્વીકાર્ય કરવા માટે લોકોની માનસિકતાને તૈયાર કરવામાં આવે છે.

   <u>દાખલો ૧:</u> સતપંથના શાસ્ત્રોમાં હિંદુ ધર્મના મૂલ્યો અને આદર્શોને હલકા અને ઉતરતા બતાવવામાં આવ્યા છે. જેવા કે બ્રાહ્મણોને કલિયુગમાં કોઈ જ્ઞાન નથી. કલિયુગમાં ગંગાનું કોઈ મહત્ત્વ નથી, ગંગાતો પ્રદૂષિત થઇ ગઈ છે, ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદનો કલિયુગમાં ખાલી થઇ ગયા છે, સાચી ગંગાતો ગતગંગા (એટલે લોકોનો સમૂહ) છે. હિંદુ ધર્મના ૬૮ તીર્થોમાં દૈવી તત્ત્વ નથી રહ્યું. જનોઈ અપવિત્ર છે, એટલે ઉતારી નાખવી જોઈએ. વગેરે વગેરે. હિંદુઓ પોતાના ધર્મના મૂલ્યો અને આદર્શોને હલકા તરીકે સ્વીકારી લે તે માટે હિંદુ દેવતાઓના મોઢે હિંદુ ધર્મના મૂલ્યો અને આદર્શોને હલકા બતાવવામાં આવે.

   <u>દાખલો ૨:</u> સતપંથ દશાવતાર ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે ભગવાન કૃષ્ણના મોઢે બ્રાહ્મણોને અજ્ઞાની બતાવવા. બુદ્ધ અવતારમાં ભગવાન બુદ્ધના મોઢે હિંદુ વેદોમાંથી બ્રહમ જ્ઞાન નીકળી ગયું એવું કહેવડાવવું. પાંડવોના પાપો ધોવડાવવા માટે મહાભારતના યુદ્ધ પછી પાંડવોના હાથે કામધેનું ગાયના વધની બનાવટી વાતો કરેલ છે.

6. **<u>Show all things connected with Islam to be superior than that of Hindus (ઈસ્લામ સાથે જોડાયેલ તમામ વાતો હિંદુ ધર્મ કરતા ઉચ્ચ છે એવો દેખાવ કરવો):</u>** આ તબક્કામાં ઇસ્લામ સાથે જોડાયેલ વાતો, મૂલ્યો અને આદર્શોને સર્વોચ્ચ બતાવવામાં આવે. મરણ પછી અગ્નિદાહના બદલે દફન વિધિનો પ્રચાર કરવો. સૈયદ ઈમામશાહ બાવાને ધર્મનો સાચો રસ્તો બતાવનાર ગુરુ તરીકે પ્રસ્તુત કરવા. ઈસ્લામ ધર્મના શાસ્ત્રો પ્રમાણે ઇસ્લામના એક દેવ એટલે નિષ્કલંકી નારાયણને કલિયુગના સાચા ભગવાન બતાવવા. “ચમત્કાર કો નમસ્કાર”ના સિદ્ધાંતનો ઉપયોગ કરી ઈમામશાહની ચમત્કારોની સાચી ખોટી વાતો કરીને લોકોને અંધશ્રદ્ધામાં ફસાવવા. સાચા સતપંથીને મરણ પછી હિંદુઓના સ્વર્ગથી પણ સારું અને ઉચ્ચ સ્વર્ગ એટલે અમરાપુરી મળશે અને દરેક અનુયાયીને ૭૨ હુરુંઓ મળશે, એવી વાતો કરવી.

7. **Make opposition vulnerable (વિરોધીને નબળા પરિસ્થિતિમાં મૂકી દેવા):** ઉપર જણાવેલ છેલ્લા ત્રણ પ્રહારોના કારણે વિરોધીઓને એકદમ નબળી પરિસ્થિતિમાં મૂકી દેવામાં આવ્યા બાદ છેલ્લા ત્રણ પ્રહારો કરવામાં આવે...

   a. મૂળભૂત પાયાને ખોખરો (hollow) કરવો
   b. ગૌરવ, ગરિમા અને અસ્મિતા પર પ્રહાર
   c. ઈસ્લામ સાથે જોડાયેલ તમામ તત્ત્વોને હિંદુ ધર્મ કરતાં ઉચ્ચ બતાવવા

   શિકાર વ્યક્તિના મન પર પ્રહારોનું પરિણામ એવું થાય કે લોકો પોતાના હિંદુ મૂળ/સમાજ સાથે જોડવામાં શરમ અનુભવવા લાગે. પોતાની હિંદુ તરીકેની ઓળખ જાહેર કરવામાં સંકોચ અનુભવે. બીજી બાજુ સતપંથ અથવા ઈસ્લામ સાથે જોડાયલા હોવાનો દેખાવ માત્ર કરવાથી તેઓ શરમથી રાહત મળે. ધીરે ધીરે ભાવિ પેઢી વધુ કટ્ટર મુસલમાન હોવાનો દેખાવ કરવામાં ગૌરવ લે. એક વ્યક્તિને આવી પરિસ્થિતિમાં નાખી દેવાથી ધીરે ધીરે તેની ભાવિ પેઢી મુસલમાન ધર્મમાં પરિવર્તિત થઇ જવાના પૂરેપૂરી સંભાવના હોય છે.

   એટલે હિંદુ ધર્મની દૃષ્ટિએ પોતાના ધર્મ/સમાજને કોઈ પણ કીમતે નબળી પરિસ્થિતિમાં ન મૂકવી જોઈએ. આ વાતને મગજમાં ઉતારવી ખૂબજ જરૂરી છે.

8. **Final Assault (આખરી પ્રહાર):** વિરોધી (હિંદુ ધર્મ/સમાજ)ને નબળી પરિસ્થિતિમાં મૂકી દેવાથી, પોતાની જીત સુનિશ્ચિત કરવા માટે લડાઈનું મેદાનને અનુકૂળ રીતે તૈયાર કરી દેવામાં આવે છે. પોતાની મજબૂત માનસિકતાની સામે, નબળી પરિસ્થિતિમાં ઉતરેલો વિરોધીની હાર લગભગ નક્કીજ હોય છે.

   નબળી પરિસ્થિતિમાં સપડાયેલા વિરોધી ઉપર આખરી પ્રહાર કરવામાં આવે અને તેનું સંપૂર્ણ રીતે ધર્મ પરિવર્તન કરવામાં આવે.

B. દલીલો કરવાની રીત:

જ્યારે પણ સતપંથ મુદ્દા ઉપર સનાતન સમાજ અને સતપંથ સમાજના આગેવાનો સાથે ચર્ચાઓ થાય ત્યારે સતપંથીઓ તરફથી થતી દલીલની રીત ઉપરથી નીચે મુજબના મહત્ત્વના મુદ્દાઓ ધ્યાને આવેલ છે.

1. **મુદ્દાથી ભટકાવવા:** જ્યારે એવી ચર્ચા થાય જેની અસર સતપંથ ઉપર થવાની હોય, ત્યારે ચર્ચાને મેરીટ (merit) ઉપર ન થવા દેવી અથવા ચર્ચા પૂરી ન થવા દેવી.



2. **વિરોધીને માનસિક રીતે થાકાવવા:** મુદ્દાને એવા આડા અવળા રસ્તા પર ચડાવી દેવા કે સતપંથના વિરોધી કંટાળી જાય. પરિસ્થિતિ એવી ઊભી કરી નાખવી કે વિરોધી બહુજ થાકી જાય, ત્રાસી જાય. છેલ્લે એટલો કંટાળો કરવામાં આવે કે માણસને લાગે કે સતપંથી સાથે ચર્ચાનો કોઈ અર્થ નથી. એટલે ચર્ચામાં ભાગ લેવાનું બંધ કરી નાખે. બીજી બાજુ સતપંથીઓ દલીલો કરતાજ જાય. વિરોધીઓ ચર્ચા બંધ કરી નાખે એટલે આવી પરિસ્થિતિમાં સતપંથીઓની વાત છેલ્લે રહી જાય. એટલે સતપંથીઓને કહેવાનો મોકો મળે કે જુઓ અમે સાચા હતા એટલે અમારી વાત છેલ્લે રહી ગઈ.
3. **સગવડિયા મુદ્દાઓને જ પકડી રાખી મૂળ મુદ્દાને આગળ ન આવવા દેવો:** કોઈ ઘટના કે કિસ્સો બન્યો હોય, તો એ ઘટના કે કિસ્સાના વિવિધ પાસાંઓમાં જે પાસું સતપંથને યોગ્ય લાગે એનેજ પકડી રાખે. જ્યારે હકીકતમાં કિસ્સાના બધાજ પાસાંઓને સાથે ધ્યાનમાં રાખીને આગળ વધવું જોઈએ. પણ એમ ન કરી, પોતાનો હાથ ઉપર રહે એ દૃષ્ટિથી જે સગવડિયું પાસું હોય એ મુદ્દો પકડી રાખે અને ચર્ચાને પૂરી થવા ન દે.
4. **દોષનો ટોપલો વિરોધી ઉપર નાખવો:** ચર્ચા અગર સતપંથીઓના તરફેણમાં ન ચાલે, તો ચર્ચા પૂરી ન કરવા દેવાની કોશિશ કરવામાં આવે. અને ચર્ચા પૂરી ન થઇ એનો દોષનો ટોપલો તેમના વિરોધી ઉપર ઢોળાય, એવા પ્રયત્નો કરવામાં આવે અને સતપંથીઓ બિચારા છે, એવી છબી ઊભી કરવામાં આવે.
5. **પોતાની ફરજથી બચવા માટે બહાનાઓ કાઢવા:** જ્યારે કોઈ અણગમતો મુદ્દાનું પાલન કરવાની ફરજ પડે પણ એ મુદ્દાનું અમલ ન કરવું હોય, તો એક સરસ બહાનું કાઢે કે તમારો મુ દ્દો સાચો છે. અમારે મુદ્દાનું પાલન કરવું જોઈએ, પણ હું શું કરું? અમારામાં અમુક કટ્ટર વાદી લોકો છે જે આ મુદ્દાને માનવા તૈયાર નથી. અમે તેમને મનાવવાની કોશિશ કરી રહ્યા છીએ. તમે અમને સાથ આપો. (આમ કહીને સમય કાઢી નાખવાનો પ્રયત્ન કરવામાં આવે).
6. **સમસ્યાનો પ્રામાણિક ઉકેલ લાવવાના બદલે પોતાનો હાથ ઉપર રાખવામાં રસ ધરાવે:** સમસ્યાના ઉકેલ માટે બેઠકમાં નક્કી થયેલ સાચો અને પ્રામાણિક ઉકેલ લાવવાથી અગર સતપંથનું કે સતપંથીને નીચું જોવું પડતું હોય તો એમનો પ્રયત્ન એજ રહે કે ગમે તેમ સતપંથનો હાથ ઉપર રહે.

C. હથિયારો:



1. **<u>તાકિયા</u>**: રીસર્ચરો, સરકારી ગઝેટીયરો, કોર્ટ કેસો, બૌદ્ધિકો વગેરેના દસ્તાવેજો જણાવે છે કે સતપંથની રચના, સ્થાપના અને પ્રચાર-પ્રસારમાં ઈસ્લામનું સહુથી ખતરનાક હથિયાર "તાકિયા"નો પ્રયોગ કરવામાં આવે છે. તાકિયા એટલે યુક્તિ પૂર્વક છેતરામણી અને દગો આપીને પોતાનું કામ કરાવી લેવું. આપણને જોવા મળ્યું છે તે પ્રમાણે આ સંસ્કાર પીરાણાના સતપંથીઓના લોહીમાં એટલો ઊંડો ઉતારી ગયા છે કે સતપંથના બચાવ માટે ખોટું બોલવું, દગો આપવો, છેતરવું, વિશ્વાસ ઘાત કરવું એ મામૂલી વાત છે. ખોટું કરવામાં તેમના પેટનું પાણી પણ હલતું નથી.

સંસ્કાર એટલા ઊંડા ઊતરી ગયા છે કે સતપંથના ઘણા લોકો તાકિયા શબ્દ જાણતા નથી તો પણ તેમના વાણી, વ્યવહાર અને વર્તનમાં તાકિયા ઊતરી ગયું છે. પોતાના સ્વાર્થ માટે કોઈ પણ સંકોચ વગર "તાકિયા" માં જણાવેલ પદ્ધતિનો ઉપયોગ કરતા થઇ ગયા છે. તાકિયા શું છે તે સમજાવવા માટે આ પુસ્તકમાં એક અલગ વિભાગ છે (જુઓ પેજ ક્ર.૧૦૧), તેને જરૂરથી ધ્યાને લેવા ખાસ વિનંતી છે.

સતપંથનું વર્ષો જૂનું હથિયાર એટલે "તાકિયા"ની રમતોની સંપૂર્ણ જાણકારી હોવી જોઈએ. એના રૂપે ચર્ચાને મૂળ મુદ્દાથી ભટકાવવા, પોતાનો હાથ ગમે તેમ કરીને ઉપર રાખવા (મોરલ હાઈ ગ્રાઉન્ડ રાખવા) વળી ડાહી ડાહી સુફિયાણી વાતો કરવામાં આવશે. આવી પરિસ્થિતિમાં અગર આપણે આના પાછળની ચાલ ખબર ન હોય, તો મૂંઝવણમાં પડી જઈએ અને કેવી પ્રતિક્રિયા આપવી એ સમજાય નહીં. આપણા તરફથી પ્રતિક્રિયા ન આવે ત્યારે એવું લાગે કે સતપંથીઓની વાત સાચી છે (જ્યારે વાત ફક્ત મૂળ મુદ્દાથી ભટકાવવા માટે હોય). આવી રીતે થોડી વધારે ૪-૫ સુફિયાણી આદર્શવાદી વાતો આપણા સામે મૂકવામાં આવે એટલે આપણે સંપૂર્ણ રીતે મુંઝાઈ જઈએ. થોડી વાર પછી એવો માહોલ બને કે સતપંથવાળા તરફથી આવતી ડાહી-ડાહી વાતો સામે આપણને આપણી વાત ગૌણ લાગે. ત્યારે આપણી વાત મક્કમતાથી મૂકવાની હિમ્મત આપણે ખોઈ બેસીએ. આપણો આત્મવિશ્વાસ તૂટી જાય અને અંતે આપણે સાચા હોવા છતાં લડાઈ હારી જઈએ. સામેવાળા મૂળ મુદ્દાથી આપણને ભટકાવવામાં સફળ થાય. મૂળ મુદ્દો એમનો ખોટો હોય, તો પણ એ જીતી જાય. આ છે તાકિયાના પ્રયોગની અસર.

2. **<u>ખોટા કોર્ટ અને પોલીસ કેસો:</u>** વિરોધીઓનો અવાજ દબાવવા માટે કાયદાકીય પ્રણાલિકાઓનો ભરપૂર દુરુપયોગ કરવામાં આવે. ખોટા કોર્ટ, પોલીસ અને કાયદાકીય ફરિયાદોના દમ ઉપર લોકોને સરકારી તંત્રના ધક્કાઓ ખાતા કરી દેવામાં આવે. આના પરિણામે સામાન્ય લોકો કોર્ટ, પોલીસ અને સરકારી ઑફિસના ચક્કરોથી ડરીને સતપંથીઓનો વિરોધ કરવાનું બંધ કરી દે.

   સતપંથના વિરુદ્ધમાં કોઈ બોલે અથવાતો તેની પોલ ખોલતો હોય તેવા વ્યક્તિને વ્યક્તિગત ધોરણે ફોન કરશે અને ફોન ઊપર સીધી કે આડકતરી રીતે ધમકી આપવાનો પ્રયાસ કરવા, માનસિક ત્રાસ આપવો... કંટાળો લાવીને ટોર્ચર કરવા જેવા પ્રયત્નો થઇ શકે.

   જ્યારે આવો કોઈ ફોન આવે ત્યારે સનાતાનીઓએ માત્ર એટલું કહેવું કે બોલો શું કહેવું છે? હું સાંભળી લઉં છું.... સામેવાળો ગમે એટલી કોશિશ કરે આપણને ઉશ્કેરવાની કે ચર્ચામાં આપણા તરફથી જવાબ કે પ્રત્યોત્તર મેળવવાની, આપણે અગર કોઈ બાબતે જવાબ ખબર હોય તો પણ જવાબ આપવો નહીં. છેવટે સામેવાળો એક તરફથી બોલી બોલીને આખરે થકી જાય એટલે પોતે ફોન પૂરો કરશે. આવા ફોનમાં થયેલ વાતો પરથી આપણને જે જોઈતું હોય એટલું લઈ લેવું અને આપણો પક્ષ મજબૂત કરવો. ધીરે ધીરે સામેવાળા સમજી જશે કે સનાતનીઓને કહેવાથી કોઈ ફરક પડતો નથી, ત્યારે આવા ધમકીઓ તેમજ ત્રાસ આપતા ફોન આવવાના બંદ થઈ જશે.

3. **<u>ધાર્યા કરતાં મોટી સંખ્યામાં હાજરી:</u>** જ્યારે પણ સતપંથીઓને કોઈ ચર્ચા કે બેઠકમાં જવાનું હોય અને તેમને ભય હોય કે તેમના ઉપર દબાણ આવશે, તેવા બેઠકમાં નિયત કરેલ સંખ્યાથી પણ વધારે સંખ્યામાં હાજરી આપે. ધારો કે એવું નક્કી થયેલ હોય કે બન્ને પક્ષો તરફથી ૫-૫ લોકોએ હાજરી આપવી. તો તેવા બેઠકમાં સતપંથીઓ ૫ ના બદલે ૨૫ લોકો હાજરી આપે. આથી આવા બેઠકમાં સતપંથનો પક્ષ બહુમતીમાં આવી જાય, જ્યારે બીજો પક્ષમાં માત્ર નક્કી કરેલ લોકોજ હાજરી આપે.

   મોટી સંખ્યામાં હાજરી આપવા પાછલુંનું એક કારણ એ પણ છે કે જે લોકોને ખોટું બોલવું હોય અને તાકિયા પાળવું હોય, એ લોકો ક્યાંકને ક્યાંક વાતોમાં ફસાય, ત્યારે સાથે આવેલ કોઈક માણસ તેમને બચાવી શકે. જરૂર પડે તો મુદ્દો બદલાવી પણ નાખે. જેથી જૂઠ બોલવાવાળાને શરમથી બચાવી શકાય.

4. **<u>વિરોધીને ઊંઘતા ઝડપી લે:</u>** કટોકટીની બેઠકોમાં એવી અફવા ફેલાવવામાં આવે કે સતપંથવાળા થાકી ગયા છે. એ લોકોએ હથિયાર મૂકી દીધા છે. ચર્ચાઓમાં વિશેષ ભાગ નહીં લે. આવી વાતો કરીને સામે વાળાઓના ખેમામાં એવો માહોલ ફેલાવાય કે જાણે હવે સતપંથવાળા હારી ગયા છે. માટે હવે આપણે કોઈ વિશેષ તૈયારી અને રણનીતિ ઘડવાની જરૂર નથી. આવા ખોટા વિશ્વાસના કારણે સતપંથના વિરોધીઓ કોઈ ખાસ તૈયારી ન કરે. જ્યારે બીજી બાજુ સતપંથવાળા અંદરો અંદર તૈયારીઓ પૂરે પૂરી રીતે કરે. બેઠકમાં સતપંથ તરફી કોઈ આવવાનું નથી કહેતા રહે, પણ ટાઇમ ઉપર પૂરી તૈયારી સાથે મોટી સંખ્યામાં હાજર થઇ જાય. આવી રીતે સતપંથના વિરોધીને ઊંઘતા ઝડપી લે અને બેઠકમાં નિર્ણય પોતાના પક્ષમાં કરાવી લે.

5. **<u>ખોટું અર્થઘટન તૈયાર કરવામાં આવે:</u>** કોઈ પણ સમાધાન કે સમજૂતીની બેઠકમાં જ્યાં સુધી સતપંથવાળાનો હાથ ઉપર ન રહે, ત્યાં સુધી એ બેઠકમાં કોઈ આખરી નિર્ણય લેવામાં સહમત ન થાય. અગર એ બેઠકનો નિર્ણય તેમના વિરુદ્ધ થાય, તો પણ સતપંથનો હાથ ઉપર છે તે માટે ખોટા અર્થઘટનો રજૂ કરી સાચી ખોટી વાતો ભેળવીને અફવાઓ ફેલાવવામાં આવે.

6. **<u>Intellectual Terrorism and Confusion (બૌદ્ધિક આતંકવાદ અને મૂંઝવણ):</u>** બાજી સતપંથના હાથથી છૂટી ન જાય એ માટે વિરોધી પક્ષની સામે મૂંઝવણનો હથિયાર વાપરવામાં આવે છે. વિરોધીના મગજ ઉપર બૌદ્ધિક પ્રહારો એવી રીતે કરવામાં આવે કે વિરોધીની સ્વતંત્ર રીતે સોચવાની શક્તિજ ખતમ થઇ જાય. જેણે આ પુસ્તકમાં બૌદ્ધિક આતંકવાદ કહેવામાં આવે છે. કારણ કે અહીં બૌદ્ધિક દલીલો કરવા પાછળનો હેતુ સત્ય જાણવાનો કે ન્યાય મેલેવવાનો નથી હોતો પણ પોતાની જૂઠી વાતને ખરી કરવાનો હોય છે.

<u>બૌદ્ધિક આતંકવાદના અમુક દાખલાઓ:</u>

a. સમાજ અને ધર્મ જુદા છે, સમાજમાં ધર્મ ન લઇ આવવો. (જ્યારે ધર્મ વગર સમાજ ચાલીજ ન શકે)
b. એકતા, સંપ, સંગઠન હશે તો આપણો વિકાસ થશે, આપણી પ્રગતિ થશે. (તો પછી સતપંથવાળાઓએ પોતાનો સમાજ કેમ અલગ કરી છે. કેન્દ્રીય સમાજના આદેશનું પાલન કેમ નથી કરતા. પોતાની શ્રદ્ધાને એક બાજુ કેમ મૂકી નથી દેતા? કેન્દ્ર સમાજના વિરુદ્ધ કામ કરે છે, ત્યારે એકતા, સંપ, સંગઠન તૂટી જશે એનો ખ્યાલ કેમ નથી આવતો તેમને?)
c. રાજકીય સ્તરે આપણે આગળ વધવું હશે તો આપણે એક થવું પડશે.
d. આપણું લોહી એક છે. પાણીમાં ધોકો નાખશો તો પાણી જુદું નહિ થાય.
e. ઈમામશાહ બાવાએ હિંદુ ધર્મનો સાચો રસ્તો બતાવ્યો છે. એને સતપંથ કહેવામાં આવે છે. સત એટલે સાચો અને પંથ એટલે રસ્તો. માટે સતપંથ એટલે ધર્મનો સાચો રસ્તો. (વાસ્તવમાં હિંદુઓને સહેલાઇથી ઇસ્લામમાં આકર્ષિત કરીને મુસલમાન બનાવી શકાય એ હેતુથી ઈમામશાહએ સતપંથનો પ્રચાર પ્રસાર કરેલ છે. ઈમામશાહએ જીવનભાર હિંદુઓને મુસલમાન બનાવવાનુંજ કામ કરેલ છે.)
f. નીયાણીઓ તો બધાની એક છે. નીયાણીઓનો શું વાંક? નીયાણીઓને દુ:ખી ન કરવી જોઈએ. (નીયાણી એટલે નુખ/શાખના પરિવારોમાં જન્મેલ તમામ દીકરીઓ). નીયાણીઓને દાન આપવાના કાર્યક્રમમાં આપણે ભેગા થવું જોઈએ. (આવી રીતે સતપંથ સાથે સનાતનીઓ સંબંધ ન કાપી નાખે તેની પેરવી કરવામાં આવે છે.)
g. સમાજ કેવી શાંતિથી ચાલતો હતો. અમુક લોકો સમાજમાં સત્તા મેળેવવા માટે સમાજ તોડી રહ્યા છે. તેમનાથી ચેતજો. (જ્યારે વાસ્તવમાં સતપંથવાળાઓએ સનાતનીઓને આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાં સમાજ બહાર કરેલા છે. સનાતન સમાજ તો સતપંથમાંથી જ્ઞાત બહાર થયેલ લોકોએ બનાવેલ નવી સમાજ છે. માટે હકીકતમાં સમાજતો સતપંથીઓએ તોડ્યા છે.)

h. સતપંથીઓને દૂર કરીશું તો તેઓ મુસલમાન થઇ જશે. ઈતિહાસમાં ભૂલથી બનેલા મુસલમાનોને પાછા હિંદુ ધર્મમાં સ્વીકાર્યા નહિ, એટલે આજે તેઓ મોટી સંખ્યામાં થઇ ગયા છે. આપણે પણ આવી ભૂલ કરવી ન જોઈએ. (જ્યારે વાસ્તવમાં સનાતન સમાજવાળાઓ સતપંથીઓને દૂર નથી કરતા, તેમને સ્વીકારે છે. સતપંથીઓ પોતાને હિંદુ કહેડાવે છે અને સનાતન સમાજવાળા તેમને સ્વીકારે છે. તો પછી તેઓ સતપંથને શા માટે છોડતા નથી? કારણ કે તેમની ઊંડી શ્રદ્ધા પીરાણાના મુસલમાની સતપંથ ધર્મમાં છે. એ આપણે સમજવાનું રહ્યું.)

D. સતપંથની રણનીતિઓનો તોડ:

1. **<u>વિરોધીઓની રણનીતિ અને હથિયારોનો સંપૂર્ણ અભ્યાસ</u>**: કોઈ પણ લડાઈમાં ઊતરવાથી પહેલાં દુશ્મનના હથિયારો અને રણનીતિનો ઊંડો અભ્યાસ કરવો જરૂરી છે. દુશ્મનની તાકાત અને કમજોરીના અભ્યાસ વગર લડાઈમાં જેવું એ બેવકૂફી છે. એવીજ રીતે સતપંથની રણનીતિ અને હથિયારોનો અભ્યાસ કરવો જરૂરી છે. સમય અને જરૂરિયાત પ્રમાણે રણનીતિઓ અને હથિયારો બદલતા પણ રહેવું પડે. માટે ભવિષ્યમાં જ્યારે પણ સતપંથ સાથે સંઘર્ષમાં ઉતરવાનો વારો આવે, ત્યારે આ પુસ્તકમાં આપેલ જાણકારી થી શરુ કરી, વિષય ઉપર વધારાની ખૂટતી જાણકારી મેળવી પરિસ્થિતિનો પૂરે પૂરો અભ્યાસ કરી લેવો જોઈએ.



“સહુથી પહેલાં સમાજ તેનાં પછી પ્રેમ, સંઘ, સંગઠન અને માણસાઈ આવે”.

2. **<u>સમાજનું ગૌરવ (Pride), ગરિમા (Dignity) અને અસ્મિતા (Identity/Honour) ને સહુથી ઉચ્ચ ગણવા:</u>** સામાન્ય રીતે સમાજમાં એવું વાતાવરણ જોવા મળતું હોય છે કે સમાજમાં “પ્રેમ, એકતા, સંપ, સંગઠન” હશે તો સમાજ વિકાસ કરી શકશે. આ આદર્શવાદી મોટા ભાગે વાત સાચી છે, પણ છેલ્લા અમુક દાયકાઓમાં આપણને જોવા મળ્યું છે કે આ વાતનો ગેરલાભ મવાળો અને સતપંથીઓએ લીધેલ છે. ખાસ કરીને સમાજમાં મવાળને છાવરવા અને સતપંથ તરફી તેમજ સમાજ વિરોધી તત્ત્વોને બચાવવા આ સિદ્ધાંતનો દુરુપયોગ કરેલ છે. કોઈ મવાળ કે સમાજ વિરોધી તત્ત્વ સમાજના નિયમો ભંગ કરવાવાળા સાથે પ્રેમ, એકતા, સંપ, સંગઠનની વાતો કરે એ યોગ્ય નથી. એની સાથે આવી વાતો કરશો તો એ વધુ નિયમોનું ભંગ કરશે કારણ કે તેને કોઈનો ડર નહીં હોય. એને ખબર છે કે જરૂર પડશે ત્યારે પ્રેમ, એકતા, સંપ, સંગઠનનો હવાલો દઈને તેનાં વિરુદ્ધ સંભવિત દંડાત્મક કાર્યવાહીને અટકાવી શકાશે. એટલે પોતાનું ધાર્યું કામ કરાવી જશે અને ભોગ સમાજ બનશે. આવા સિદ્ધાંતો પર સમાજ વધારે વાર ચાલી ન શકે.

આપણે ભારત દેશમાં પણ જોઈએ છીએ કે દેશના ટુકડા ટુકડા કરવાની વાતો કરનારા લોકો દેશવિરોધી કામ કરતા હોવા છતાં, પ્રેમ, એકતા, સંપ, સંગઠનની આદર્શવાદી વાતોની આડમાં આરામથી કોઈના ડર વગર દેશમાં રહી શકે છે. દેશની અંદર રહી ઉધઈની જેમ દેશને કોરી ખાય છે. આવીજ પરિસ્થિતિ આપણા સમાજમાં છે. **માટે હવે પ્રેમ, એકતા, સંપ, સંગઠનથી વધારે પ્રાધાન્ય સમાજના “ગૌરવ, ગરિમા અને અસ્મિતા”ને આપવું જોઈએ.**

સમાજના ગૌરવ, ગરિમા અને અસ્મિતાને કોઈ પણ કીમતે નુકસાન ન કરી શકાય, અને નુકસાન કરનાર બચી ન શકે, એવું વાતાવરણ હોય તો સમાજ વિરુદ્ધ કામ કરવાની કોઈની હિંમત પણ નહીં થાય. માંડવી હોસ્ટેલ કાંડ જેવા ષડ્યંત્રોનો જન્મ પહેલાં મરણ થઇ જાય. જ્યારે સમાજનું ગૌરવ, ગરિમા અને અસ્મિતા સર્વોચ્ચ હશે ત્યારે પ્રેમ, એકતા, સંપ, સંગઠનની ભાવના સમાજમાં પોતાના મેળે જળવાઈ રહેશે.

સમાજમાં ગૌરવ, ગરિમા અને અસ્મિતાને સર્વોચ્ચ સ્તરે રાખવાનો બીજો એક મહત્ત્વનો લાભ એ થાય કે સમાજનો પાયો ખૂબ મજબૂત થઇ જાય. જ્યારે સમાજ પ્રત્યે લોકોના મનમાં ગૌરવ હશે, સમાજના મુદ્દા ઉપર ગરિમા જાળવીને વાણી અને વ્યવહાર થતો હશે અને પોતાના સમાજ કે ધર્મ સાથે જોડાયલા હોવાની અસ્મિતા (ગૌરવ ભરી ઓળખ) હોય, ત્યારે સમાજ સુરક્ષિત રહેશે. કારણ કે સમાજ માટે લડવા લોકો ત્યારેજ તૈયાર થાય કે જ્યારે તેઓમાં સમાજ અને ધર્મ પ્રત્યે ગૌરવ, ગરિમા અને અસ્મિતા હોય. લોકોમાં આ સદગુણ હોય ત્યારે સમાજ અને ધર્મને આંચ આવવા ન દે.

પોતાના અંગત સ્વાર્થથી વધારે મહત્ત્વ સમાજનું ગૌરવ, ગરિમા અને અસ્મિતા છે એવો માહોલ ઊભો થાય ત્યારે સમાજના બચાવ માટે ઊભા રહેનાર લોકોની કમી નહીં હોય.

3. પ્રેમ, એકતા, સંપ, સંગઠન – હાલ નિષ્ફળ નીવડેલી રણનીતિ:

a. સતપંથને સાથે રાખીને તેમને ધીરે ધીરે (પ્રેમ, એકતા, સંપ, સંગઠન ના માર્ગે) વટલાવવાનો જે રસ્તો છે, તે રસ્તો સનાતની સમાજે આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાં ખૂબજ પ્રભાવી અને સફળ રીતે વાપરી લીધેલ છેજ. તેના પરિણામે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં શૂન્યમાંથી આજે ૯૫% થી પણ વધારે લોકો હિંદુ બન્યા છે. માટે આ રસ્તા કેવી રીતે અપનાવવો અને તેનાં કેવા ફાયદાઓ થાય તે સમજાવવાની સનાતન સમાજને કોઈ ખાસ જરૂર નથી. કારણને સનાતન સમાજ આ રસ્તા પર ખૂબજ સફળ રીતે ચાલી ચૂક્યો છે.

b. સતપંથવાળાને સાથે રાખીનેને હિંદુ બનાવવાનું રણનીતિ જે છે, એ રણનીતિ હાલના સમયમાં હવે સનાતનીઓ માટે નુકસાનકારક છે. કારણ કે સાથે રાખવાના હથિયારના વિરુદ્ધમાં સતપંથવાળાઓએ વર્ષ ૧૯૮૫થી તાકિયાનો હથિયારને વાપરવા લાગ્યા છે. જેમાં તે લોકોને થોડા અંશે સફળ પણ થાય છે.



સતપંથના લોકોએ સતપંથના ધાર્મિક પુસ્તકોમાં બાહ્ય હિંદુ દેખાવ યુક્ત બદલાવ કરેલા છે. સતપંથીઓ (પીરાણામાં) મુસલમાનોની વચ્ચે બેઠા છે અને હિંદુઓને મુસલમાન બનવાથી અટકાવી રહ્યા છે, માટે મુસલમાનોની સામે લડાઈમાં સતપંથની મદદ કરો, એવી લાગણી સભર અપીલ હિંદુ સંગઠનોને કરે છે. આવી અપીલના કારણે અજાણ અને ભોળા હિંદુ સાધુઓ અને ધાર્મિક સંગઠનો, કોઈ પૂરતી તપાસ કર્યા વિના, આવનાર પરિણામોની ચિંતા કર્યા વિના, સતપંથ હિંદુ ધર્મ હોવાની વાત કરી નાખે છે. આના દમ ઉપર સતપંથીઓએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં એવો પ્રચાર કર્યો કે જુઓ અમો બધા બદલાવ કરી ચૂક્યા છીએ. ધાર્મિક ચોપડીઓ બદલાવી નાખી છે. બીજા પણ ઘણા ફેરફારો કરી નાખ્યા છે. બધા મુસલમાન તત્ત્વોને કાઢી નાખ્યા છે. હજી કંઈ બાકી રહી ગયું હશે

તો ધીરે ધીરે બદલાવી નાખશું. માટે હવે ધર્મના ઝગડાઓ ન કરો. અમોને મદદ કરો. અમો હિંદુ બની રહ્યા છીએ અને અમારા પર શંકા કુશંકા ન કરો. જ્યારે વાસ્તવમાં આ માત્ર તાકિયાનો પ્રયોગ હોય છે. સતપંથવાળાઓ ક્યારે પણ સતપંથના બીજ/મૂળને છોડ્યું નથી. માત્ર અલઅલગ હિંદુ દેખાવ અપનાવી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા આવી વાતો કરતા હોય છે. આવી હિન્દુવાદી છબીના કારણે કચ્છ કડવા પાટીદારના સનાતની લોકો જે સતપંથને છોડી ચૂક્યા હતા, તે પાછા સતપંથમાં આકર્ષાયા અને છોડી ચૂકેલા સતપંથને પાછા સ્વીકારવા લાગ્યા.

આવા ઘાતક તાકિયાને સનાતન સમાજવાળા સમય પર ઓળખી ન શક્યા. માટે ઘણા વર્ષો સુધી આ પ્રચાર ચાલ્યો અને અમુક સનાતની લોકો ધીરે ધીરે સતપંથમાં પાછા જવા લાગ્યા. બીજી બાજુ સતપંથના અમુક ઝેરીલા આગેવાનો જે સનાતન સમાજમાં સભ્ય બની ચૂક્યા હતા, (જેમને સનાતન સમાજવાળાઓએ હવે કાઢી નાખ્યા છે), તે લોકો માથું ઊંચકવા લાગ્યા. સનાતન સમાજમાં રહીને સમાજની અંદરની સામાન્ય ફાટફૂટોનો લાભ લઇને સમાજમાં સત્તા પર આવવા લાગ્યા. પરિસ્થિતિ એવી થઇ ગઈ હતી કે સનાતન સમાજમાં સનાતન ધર્મની જય નહોતા બોલાવી શકતા. કારણ કે સનાતન ધર્મની જયની સામે સતપંથ ધર્મની જય બોલાતી. લક્ષ્મીનારાયણના જયની સામે નિષ્કલંકી નારાયણની જય બોલાતી. ઉમિયામાની જયની સામે ઈમામશાહની જય બોલાતી. હિંદુ સમાજમાં એક મુસલમાનની જય બોલવામાં આવે એ કોઈ સનાતનીથી ક્યારેય સહન ન થાય.

સતપંથ વાળાઓએ પરિસ્થિતિ એવી ઊભી કરી કે સતપંથને સાથે રાખવાની જે રણનીતિ સનાતનીઓએ અપનાવેલ હતી, તે રણનીતિથી હવે સનાતનીઓનેજ નુકસાન થવા લાગ્યું. ઇસ્લામી તાકિયા નામક હથિયારની સામે લડવા માટે હવે નવા હથિયારોની જરૂરત પડી.

c. સનાતની વડીલોને જ્યારે જાણ થઇ કે સતપંથીઓને સાથે રાખવાની રણનીતિ હવે ખુદ તેમને નુકસાન કરી રહી છે, ત્યારે તેઓ ખૂબ બુદ્ધિપૂર્વક રણનીતિ બદલી.

પરિસ્થિતિ વિકટ હતી. સતપંથના હથિયારનો તોડ શોધવાની જરૂર હતી. આવી પરિસ્થિતિમાં સતપંથની કમજોરી શોધવાની જરૂરત હતી. ત્યારે સતપંથની તાકાતજ સતપંથની મોટી કમજોરી છે એ વાત ધ્યાને આવી. બીજા શબ્દોમાં સતપંથની તાકાતને કમજોરીમાં ફેરવી નાખવાની રણનીતિ અપનાવવામાં આવી.

પીરાણા સતપંથની તાકત હતી કે સતપંથ હિંદુ ધર્મ છે એવો તેમનો પ્રચાર. આ પ્રચારના કારણે પીરાણા સતપંથનો યુવાન વર્ગ, જેને સતપંથનું મુસ્લિમ મૂળની પૂરી જાણકારી નથી, એ વર્ગ પોતે હિંદુ છે એ વાતનું ગૌરવ લેતી હતી. આ ગૌરવને શરમમાં ફેરવી નાખવાની રણનીતિ જરૂરી છે. આ ગૌરવને શરમમાં કેવી રીતે ફેરવાય?

અગર પીરાણા સતપંથ ઉપર હિંદુ ઓળખની છત્રી છિનવાઈ જાય તો શું થાય? એ પહેલાં સમજી લઈએ. જો પીરાણા સતપંથ હિંદુ ધર્મ નથી, પણ મુસ્લિમ ધર્મ છે, આવો અસરકારક પ્રચાર થાય, તો પીરાણા સતપંથનો યુવાન વર્ગ, જેણે પોતે હિંદુ હોવાનું ગૌરવ છે, એ કોઈ દિવસ મુસલમાન નહિ થાય. સતપંથ મુસ્લિમ છે જાણીને શરમ અનુભવશે અને સતપંથથી દૂર ભાગશે. પીરાણ સતપંથના અનુયાયી મુખ્ય રીતે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિના જ છે. આ જ્ઞાતિમાં સતપંથ સમાજ સિવાય એક ખૂબજ મોટો અને શક્તિશાળી ગૌરવવંત સનાતન સમાજ પણ છે. આ સનાતન સમાજ આજે પણ સતપંથ છોડીને આવનાર

ભાઈઓને સ્વીકારે છે. સતપંથનો યુવાન વર્ગ અગર પીરાણા સતપંથથી દૂર ભાગે એવી પરિસ્થિતિ નિર્મિત થાય તો એ બીજે ક્યાં જાય? તેમની પાસે સનાતન સમાજમાં જવા સિવાય કોઈ રસ્તો બચતો નથી.

આ એક એવી રણનીતિ એવી છે, જે પીરાણા સતપંથના હિંદુ દેખાવવાળા તાકિયાના પ્રયોગનો તોડ કાઢી શકે તેમ છે. આ રણનીતિને સનાતન સમાજમાં "અસહકાર રણનીતિ" નામથી ઓળખાય છે. સતપંથ સાથે તમામ વ્યવહારો બંધ કરી દેવા, નવા સગપણો નહિ કરવા, સતપંથના ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોમાં નહિ જવા, સહિયારી મિલકતોના ભાગલા કરી નાખવા, આવા તમામ પગલાંઓ સનાતની સમાજ ભરી રહ્યો છે.

આવા પગલાંઓના કારણે, જ્ઞાતિમાં ખૂબજ મોટી જાગૃતિ આવી ગઈ છે. ઘણા લોકો સતપંથ છોડીને સનાતન હિંદુ ધર્મમાં પાછા આવવા લાગ્યા છે. સતપંથ હિંદુ ધર્મ નથી તેવી જાગૃતિ ભર્યું વાતાવરણ ઊભું કરી સતપંથ સાથે જોડાવવામાં લોકોને શરમ આવે એવું વાતાવરણ ઊભું કરી શક્યા છે.

આ વાત હવે દરેક સનાતનીઓના ગળે ઊતરી ગઈ છે. અને સંપૂર્ણ રીતે તેઓ અસહકારની રણનીતિમાં સમાજના આગેવાનોને સહયોગ કરી રહ્યા છે. માટેજ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી કે હાલની પરિસ્થિતિમાં "પ્રેમ, એકતા, સંપ, સંગઠન" ની રણનીતિ નિષ્ફળ થઇ છે અને અસહકારની રણનીતિ ચોક્કસ રીતે સફળતા મેળવી રહી છે.

આવી પરિસ્થિતિમાં આ "અસહકાર"ના હથિયારને તોડવા માટે સતપંથવાળા પાછા ઇસ્લામી તાકિયાનો પ્રયોગ કરવા મથી રહ્યા છે. પોતે હિંદુ છે, સંપૂર્ણ હિંદુ બનવું છે, અગાઉ મુસલમાનોએ અમારા ધર્મમાં હસ્તક્ષેપ કરીને અમોને મુસ્લિમ બનાવવાના પ્રયત્ન કરેલ છે, અમારા પુસ્તકોમાં મુસલમાનો ચેડા કરેલ છે, મુસલમાનો સામે લડી રહ્યા છીએ – મદદ કરો, આવી લાગણી સભર વાતો કરે છે. આવતા સમય કાળમાં કદાચ મોટાં મોટાં સાધુ સંમેલનો સતપંથીઓ દ્વારા યોજવામાં આવે, તો નવાઈ પામતા નહીં. (બીજી બાજુ ખૂબજ યુક્તિ પ્રયુક્તિ મારફતે પીરાણા, ઈમામશાહ, સતપંથ અને નિષ્કલંકી નારાયણ સાથે સંબંધ તોડવા નથી આપતા.)

દુનિયામાં જેટલી પણ સમાજો છે, તેના ધર્મો જુદા છે. શું હિંદુ લોહાણાઓની સમાજ અને સતપંથ ધર્મપાળીને ખોજા મુસલમાન બનેલા લોહાણાઓની સમાજ એક છે? નથી. તેવીજ રીતે હિંદુ બ્રાહ્મણો અને બ્રાહ્મણોમાંથી વટલાઈને બનેલા મુસલમાન વોહરાઓનો સમાજ પણ જુદો છે. હિંદુમાંથી ક્રિશ્ચિયન બનેલા લોકોના સમાજો જુદા છે. જો સમાજ એક હોય, તો રોજ ઝગડાઓ થયાજ કરે. બન્નેના ધાર્મિક અને સામાજિક મૂલ્યોમાં ઘર્ષણ સતત થયાજ કરે. આ પરિસ્થિતિમાં સમાજ સંયુક્ત રીતે કેવી રીતે સાથે ચાલી શકે? ન જ ચાલી શકે. માટે આપણે આપણી સમાજમાં શાંતિ, સુખ, પ્રગતિ, નિરાંતની ઊંઘ, એક બીજા પર વિશ્વાસ અને એકતાની સાચી મીઠાસ, જોઇતી હશે તો આપણે આપણા સમાજમાં એક જ ધર્મ રાખવો પડશે. અને એ છે સનાતન ધર્મ. જેમાં સતપંથ ધર્મનું કોઈ સ્થાન નથી. લાગણી સભર આપણે આટલા વર્ષો સુધી સતપંથની સમાજ સાથે કદાચ સંબંધો રાખ્યા હશે, તો હવે એ નહિ ચાલી શકે, એ સ્પષ્ટ દેખાય છે.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં પણ સતપંથ સમાજ વર્ષોથી જુદો છે. સનાતન સમાજ તો સતપંથમાંથી જ્ઞાત બહાર થયેલ લોકોનો જુદો સમાજ છે. સનાતનીઓના આદર્શો નારાયણ રામજી, રતનશી ખીમજી, નથુ નાનજી, કેશરા પર્મેશ્વારા, સંત ઓધવરામ, સંત લાલરામ મહારાજ વગેરે છે. સતપંથ છોડવાનો આદેશ આપનારાએ મહાન વડીલો અને સંતો શું ખોટા હતા? નહીં. તો પછી સતપંથને સનાતન ધર્મનો ભાગ તરીકે

સ્વીકારીને શું આપણે આ મહાન જ્ઞાતિ સુધારક વડીલો અને સંતો ખોટા હતા એવું કહેવા માંગીએ છીએ? ના. તો પછી સતપંથ અને સનાતન સમાજ જુદો છે અને રહેશે એ વાત સ્પષ્ટ મગજમાં ઉતારી લેજો.

આપણને કોઈને નીચા નથી દેખાડવા. કોઈને હડધૂત પણ નથી કરવા. કોઈનાથી ક્યાંક ભૂલ થઇ ગઈ હોય અને તેને સાચો પશ્ચાત્તાપ હોય, તો તેવા બધાને સાથે રાખવાના છે. બધાને સરખું માન-સન્માન આપવાની વાત છે. પણ સતપંથીઓને લેવાથી સનાતની સમાજમાં ફૂટ પડે કે સનાતનીઓને તકલીફ થાય, આપસમાં મતભેદ થાય, એવી રીતે તેમને ન લેવા જોઈએ. સતપંથીઓને લેવાથી સનાતનીઓના હાથમાંથી સમાજની સત્તા ચાલી ન જાય, તેનું પણ ધ્યાન ખાસ રાખવું જરૂરી છે.

આપણે સનાતનીઓ એક થઇને રહીશું તો શું મજાલ છે કે કોઈ આપણો વાળ પણ વાંકો કરી શકે? આપણા અંદરોઅંદરના રાગદ્વેષના ઝેરને શંકર ભગવાનની જેમ માનવ કલ્યાણ માટે પી જઈએ, એ સમયની માંગ છે. પણ સનાતન સમાજને નુકસાન ક્યારેય ન કરીએ. બસ આટલું ધ્યાન રાખીશું તો ભગવાન લક્ષ્મીનારાયણ આપણને જરૂર જલદીથી યશ આપશે, એમાં બે મત નથી.

4. **<u>પીરાણા સતપંથવાળાનો નવો ભ્રામક પ્રચાર – પીરાણામાં ઘણા બધા બદલાવો કરી હિંદુ સ્થાનક જેવું કરી નાખ્યું છે. જૂના જગડાઓ ભૂલીને હવે આપણે એક થઇ જવું જોઈએ. કેટલા દિવસ જગડાઓ કરીશું?:</u>**
હિંદુઓ આપસમાં જગાડતા રહ્યા એટલે બહારથી મુસલમાનો આવ્યા અને આ દેશમાં ફાવી ગયા. પીરાણામાં મુસલમાનોએ બળજબરીથી (જે તદ્દન જુઠ્ઠી અને બનાવટી ઉપજાવી કાઢેલી વાત છે) ફેરફારો કરી નાખ્યા હતા, જે અમે હવે સુધારી નાખ્યા છે. થોડા બાકી હશે તો હજી આપણે સુધારી નાખીશું. આપણા પૂર્વજો ઘણા જગડ્યા. હવે આપણે જૂનું ભૂલીને એક થઇ જઈએ. હાલમાં આવી આદર્શવાદી વાતો કરવાનું શરુ થયું છે. અને અન્ય જ્ઞાતિના લોકોને આવી વાતો કરીને તેમને મધ્યસ્તિ કરવા માટે માનસિક તૈયાર પણ કરવામાં આવી રહ્યા છે.

આવા ભ્રામક પ્રચાર સામે આપણે (સનાતાનીઓએ) કઈ રીતે જવાબ આપવો એ સમજવું જરૂરી છે. ઊપર જણાવેલ સતપંથીઓની વાત સ્વીકારીએ તો તેનું પરિણામ શું આવે તે આપણા મગજમાં પહેલાં ઊતરવું પડશે. આજની પરિસ્થિતિમાં સતપંથ ઊપર ચારેબાજુથી દબાણ છે. જ્ઞાતિની અંદર લોકો સતપંથને છોડવા લાગ્યા છે અને જ્ઞાતિની બહાર, ઊંઝા તરફથી ચુકાદાનું પાલન કરાવવા માટે મોટું દબાણ છે. સતપંથનો ઈતિહાસ રહ્યો છે કે જ્યારે સતપંથવાળા આવા દબાણમાં આવે ત્યારે પોતાના ઊપર દબાણ હલકું કરવા, સામેવાળાની બધીજ શરતો મંજૂર કરવાની વાતો કરશે. દબાણ હલકું થાય એટલે પાછા જેમ હતા તેમ. આમ કરીને તેઓ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખતા આવ્યા છે.

હવે આપણે એટલે સનાતન સમાજ, જો સતપંથીઓને સ્વીકાર્ય કરી લઇએ તો પરિણામ એ આવે કે સતપંથનો વિરોધ કાયમ માટે ખતમ થઇ જાય. જુના જગડાઓ ભૂલીને આપણે એક થઇ ગયાં છીએ આ સિદ્ધાંત ઉપર જ્યારે સમાજ ચાલશે ત્યારે સમાજમાં સનાતનની જય બોલાશે ત્યારે સતપંથની પણ જય બોલાશે. ત્યારે તેનો વિરોધ કોણ કરશે? કોઈ નહીં. કરણને સતપંથને સ્વીકારી લીધો છે. હવે તો સતપંથ અધિકૃત રીતે સમાજમાં આવી ગયો. એટલે ધીરે ધીરે સતપંથની વટાળ પ્રવૃત્તિ શરુ થઇ જાય અને સનાતન સમાજની કેન્સરની આ ગાંઠ પાછી વધવા માંડે. કેન્સરની આ ગાંઠનું જ્યારે ઓપરેશન કરીની કાઢવા જઈ રહ્યા છીએ ત્યારે સતપંથને સ્વીકાર્ય કરીને ઊલટું એ ગાંઠને આપણે વધવાનો મૌકો આપીશું. જે રીતે હિંદુ લોહાણા જ્ઞાતિ સાથે થયું એવી રીતે સતપંથ ધીરે ધીરે એટલો વધતો જશે કે એક દિવસ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ મુસલમાન બની જશે. માત્ર આટલું જ નહીં. હવે આપણે ઊંઝાથી સંકળાયલા છીએ. કાલે આ સમસ્યા રૂપી ગાંઠ ઊંઝામાં પણ ફેલાઈ જશે, ત્યારે કોઈ એને રોકવાવાળું નહીં રહે.

બીજું પરિણામ એ આવે કે સતપંથને સ્વીકારવાથી આપણેજ આપણા એટલે સનાતન સમાજના સંતો અને વડીલોને ખોટા ઠરાવશું. અને સતપંથના સંતો અને વડીલોને સાચા ઠરાવશું. શું આપણે આવું કરવા માંગીએ છીએ? આપણને સારું લગાડવા, સનાતનના વડીલો અને સંતો સાચા હતા એવું બતાવવાના ઘણા પ્રયત્નો થશે, પણ સતપંથને સ્વીકારશું તો વાસ્તવમાં આપણે તેમને ખોટા જ ઠરાવશું. આપણે આવું કોઈ દિવસ ન કરી શકીએ. કોઈ પણ કિંમતે ન કરી શકીએ.

જે હિસાબે સતપંથ મુદ્દે આપણા સમાજમાં ચળવળો થઇ છે, તે હિસાબે અગર કોઈ નેતા ઊપર જણાવ્યા પ્રમાણે બન્ને પક્ષોને એક કરવાનો પ્રયત્ન કરશે તો સમાજની જનતા તેને સ્વીકારશે નહીં. માટે આ મુદ્દા ઊપર આગળ વધવાથી મળનારી કહેવાતિ શાંતિ ઘણો સમય સુધી ટકશે નહીં.



સતપંથવાળાને ખરેખર જો બધું ભૂલીને આગળ વધવું હોય અને સનાતન સમાજ સાથે દોસ્તી કરવી હોય, તો બન્ને વચ્ચે જે આજે વિશ્વાસની કમી છે, તેને દૂર કરવી પડે. વિશ્વાસની કમી પાછળનું મુખ્ય કરણ સતપંથીઓએ કરેલ ખોટા કોર્ટ કેસો છે. એટલે વિશ્વાસની કમી દૂર કરવાની જવાબદારી માત્ર સતપંથીઓની જ છે, સનાતાનીઓની નહીં. સનાતન સાથે દોસ્તી કરવી હોય તો તેમના માથા ઊપર બંદુક રાખીને દોસ્તી કરવા માટે મજબૂર ન કરી શકાય. સતપંથીઓની નિષ્ઠા સાચી હોય તો પહેલાં તમામ કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદો બિન શરતે પાછા ખેચવા પડે. પણ આવું નહીં કરે. કહેશે કે પહેલાં અમોને સનાતન સમાજમાં સ્વીકારો, પછી ધીરે ધીરે બધા કેસો પાછા ખેંચી લેશું. અમારામાં કટ્ટરવાદી લોકો છે, એમને સમજાવવામાં સમય લાગશે. તમે અમોને સ્વીકારશો તો અમે અમારા કટ્ટરવાદી લોકોને સમજાવી શકશું. આવી રીતે વાયદાઓના દમ ઉપર સમાજમાં ઘુસી જશે, અને પછી કહેશે કે ફેલાણું થયું ધીકડું થયું, કોઈકનો સાચો ખોટો વાંક કાઢશે અને કહશે જે હવે અમારા લોકો માનતા નથી. સનાતાનીઓ કડક પગલાંઓ ન ભારે એટલે ઉપરથી કહેશે કે અમારા પ્રયત્નો ચાલુ છે, થોડો સમય આપો અમે બધાને સમજાવી લેશું. એટલે પાછું સતપંથનું ગાડું ચાલતું રહે અને સનાતાનીઓ માત્ર રાહજ જોયા કરે.

સતપંથીઓ કહે છે કે અમે મુસલમાનો સામે લડીએ છે. તો કોઈ એમને કહો કે તેઓ એકલા શા માટે લડે છે? આપણે બધા સાથે મળીને લડીએ. ઊંઝાના ચુકાદા પ્રમાણે પીરાણાનો વહીવટ સનાતનીઓને સોંપી દો. પછી આપણે બધા સાથે મળીને લડશું. આમ આપણી શક્તિમાં ખૂબ વધારો થશે. જેમાં સતપંથીઓ પણ સાથે હશેજ. તો સતપંથીઓને કોઈ પૂછે કે એ લોકો ક્યારે પીરાણાનો વહીવટ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની મુખ્ય ધારા એટલે સનાતન સમાજને સોંપે છે?

5. **<u>લક્ષણોને કરતાં મૂળ કારણોનો ઈલાજ કરવો જરૂરી:</u>** મવાળો ઊભા થવા પાછળનું મૂળ કારણ છે નબળી માનસિકતા અને સોચ, જેના ઉપર કામ કરવાની જરૂર છે. ઉપર જણાવ્યા પ્રમાણે સમાજના ગૌરવ, ગરિમા અને અસ્મિતાને અગર સર્વોચ્ચ ગણવામાં આવે તો ધીરે ધીરે આપણે જોઈશું કે સમાજના વિરુદ્ધ કામ કરનારાઓનો સામે સામાન્ય જનતાનો તરતજ અવાજ ઊપડશે. સમાજ અને ધર્મમાં ગૌરવ, ગરિમા અને અસ્મિતાને સર્વોચ્ચ હશે તો સમાજમાં મવાળનો જન્મ લગભગ અશક્ય બની જાય. જાપાન અને ઇઝરાયેલ જેવા દેશો આ સિદ્ધાંત ઉપર ચાલે છે એટલે આજે પૂરા વિશ્વમાં આ દેશો પ્રત્યે લોકોને માન છે.



મવાળ અને તેમની કાર્યપ્રણાલી વિષે ઊંડાણમાં જાણકારી આ પુસ્તકના પેજ ક્ર.૧૯૫ માં આપેલ છે

6. **<u>Turn the tables (બાજી પલટાવી નાખવી):</u>** આપણને ખબર છે કે સતપંથનો પાયો તાકિયા ઉપર રાખેલ છે. તાકિયા એટલે છેતરામણી, જૂઠ અને ભ્રમણા. સતપંથની સ્થપના, પ્રચાર અને પ્રસારમાં તાકિયાનો ભરપૂર ઉપયોગ કરવામાં આવેલ છે. તાકિયાના સંસ્કારોના કારણે સતપંથીઓ પોતાની દલીલોમાં પણ તાકિયાનો ઉપયોગ કરે છે. સતપંથની દૃષ્ટિએ તાકિયા તેમની તાકત છે. પણ અગર સતપંથની એ તાકાતને સતપંથની કમજોરીમાં પલટી નાખીએ તો સતપંથ ખૂબ નબળું પડી જાય.

તાકિયાને કમજોરીમાં પલટી નાખવા માટે આપણે એ સમજવું પડશે કે જૂઠ, છેતરામણી અને ભ્રમણાઓનો પ્રયોગ કેવી રીત કરવામાં આવે છે.

સહુથી પહેલાં એ સમજવું પડે કે અગર તાકિયામાં માત્ર હળહળતું જૂઠ વાપરવામાં આવે તો તે તરતજ પકડાઈ જાય. એટલે તાકિયામાં જૂઠ વાપરવાની એક ખાસ રીત છે. જે ત્રણ તબક્કામાં જાણી શકાય.

a. ઘટના પાછળના તત્ત્વો અને હકીકતોમાંથી પોતાને સગવડ હોય એવા તત્ત્વો અને હકીકતોને ઉપયોગમાં લેવામાં આવે. બાકીના તત્ત્વો અને હકીકતોને દબાવી દેવામાં આવે.
b. એવા સગવડિયા તત્ત્વો અને હકીકતો સાથે સંદર્ભ તેમજ સંબંધ બહારના તત્ત્વો સાથે ભેળવી નાખવામાં આવે.
c. ઉપર જણાવેલ ભેળસેળ યુક્ત મિશ્રિત વાતોને, જેણે “અર્ધસત્ય વાતો” કહેવાય, એ અર્ધસત્ય વાતોને ખોટી વાતો સાથે ભેળવીને એક નવી વાર્તા ઊભી કરવામાં આવે. આ ખોટી વાર્તાને સાચી વાર્તા તરીકે લોકો સામે રજૂ કરવામાં આવે.

તાકિયાના પ્રયોગ માટે ઉપર જણાવેલ પદ્ધતિથી નિર્મિત જૂઠને અગર કોઈ પકડી પડવાની કોશિશ કરે, તો તેવા જૂઠમાં છુપાયેલ અર્ધ-સત્ય, અર્ધ-હકીકતો તરફ ધ્યાન દોરીને કહેવામાં આવે કે અમારી વાત તો સાચી છે. જૂઠ તરફ ધ્યાન દોરનાર વ્યક્તિ ઉપર વ્યક્તિગત પ્રહાર કરીને તેને નીચો દેખાડવાના પ્રયત્નો કરવામાં આવે, જેથી બીજા લોકો ડરી જાય અને ચૂપ બેસી જાય.

દાખલાઓ: ખૂબ યુક્તિ પૂર્વક અર્ધસત્ય અને જુઠનું મિશ્રણ કરી લોકોને ભરમાવીને ખોટા રસ્તે લઇ જવા માટે થયેલ પ્રયત્નોના બે દાખલાઓ;

૧. "સમાજ ભક્તિની સચ્ચાઈ": વર્ષ ૨૦૧૫માં પ્રકાશિત પુસ્તક "સમાજ ભક્તિની સચ્ચાઈ" જેના લેખક છે શ્રી દેવજીભાઈ માવજી લીંબાણી. આ પુસ્તકમાં દાવો કરવામાં આવ્યો છે કે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રિય) ના હિતમાં આ પુસ્તકને તૈયાર કરવામાં આવ્યું છે. પણ વાસ્તવમાં કેન્દ્રિય સમાજમાં સતપંથીઓનું અસ્તિત્વ ટકાવી રાખવા અને તેમને સ્વીકારવા માટે અમુક ચુનિંદા, તેમની વાત સાથે સંલગ્ન હોય માત્ર એવાજ દસ્તાવેજોની નકલો જોડેલ છે. (જે અર્ધ સત્ય છે). બીજી બાજુ યુક્તિ પૂર્વક એવા તમામ દસ્તાવેજો કે જેના માધ્યમથી ખબર પડે કે કેન્દ્રિય સમાજમાં સતપંથીઓનું કોઈ સ્થાન નથી અને નહીં રહે, એ તમામ દસ્તાવેજો અને વાતો દબાવી રાખી. કોઈ અજાણ વ્યક્તિ આ પુસ્તકને વાંચે તો એવુંજ લાગે કે કેન્દ્રિય સમાજમાં સતપંથીઓ સાથે અન્યાય થઇ રહ્યો છે. આં છે અર્ધ-સત્યની રણનીતિ અને તેની અસર.

૨. વૈદિક અથર્વવેદ સતપંથ ઈતિહાસ એક ઝલક: વર્ષ ૨૦૧૩માં પ્રકાશિત આ પુસ્તકના લેખક નિવૃત્ત પ્રિન્સિપાલ શ્રી વિશ્રામભાઈ રતનશીભાઈ રૂડાણીએ તો હદ્દ કરી નાખી. તેમણે ઈમામશાહ ઊપર તદ્દન જૂઠી અને બનાવટી વાર્તા રચી નાખી. સરકારી રેકર્ડ, ગઝેટીયારો, યુનિવર્સીટીમાં રીસર્ચ થયેલ કામો, વિશ્વકોશ (એનસકલોપીડિયા), હાઈ કોર્ટના જજમેંટો, ક.ક.પ. જ્ઞાતિનો ધાર્મિક ઈતિહાસ, ઉમિયા માતાજી ઊંઝાના દસ્તાવેજો વગેરે તેમજ ખુદ પીરાણાના પોતાની પુસ્તકોમાં બતાવેલ ઈતિહાસના વિરુદ્ધમાં જઈને મનઘડંત બનાવટી પુસ્તક રચી નાખ્યું. ઈમામશાહને તેઓએ મુસલમાનની જગ્યાએ પારસી બનાવી નાખ્યા. તેમને રાજાનો દીકરો બનાવી નાખ્યો. નર્મદાના કિનારે કોઈક અજાણ વિદ્વાનને તેમનો શિક્ષક બનાવી નાખ્યો. એમના પાસેથી શિક્ષા લીધા પછી ઈમામશાહને હિંદુ ધર્મના શાસ્ત્રોનો જ્ઞાની બનાવી નાખ્યા. જ્યારે ઈમામશાહએ તો જીવનભર ઇસ્લામ ધર્મના જ પ્રચાર કરેલ હતો. આવા ગપગોળા વચ્ચે ઉમિયા માતાજી ઊંઝા દ્વારા પ્રકાશિત કુર્મી ક્ષત્રીય ઈતિહાસ નામના પુસ્તકમાંથી ઊપર જણાવેલ ખોટી વાર્તાને સાચી ઠરાવવાની દૃષ્ટિએ કોઈ પણ રીતે બંધબેસતી ન હોય અને સંદર્ભ વગરની હોય એવી વાતને જોડી દીધી. આના મારફતે એવો સંદેશ આપવાનો પ્રયત્ન કર્યો કે પોતાની આ બનાવટી ચોપડી સાચી છે અને ઊંઝાના દસ્તાવેજો સાથે સંલગ્ન છે.


આ બન્ને કિસ્સાઓમાં મુખ્ય મીડિયા પણ ચુપ્પી સાધી બેઠી છે. જેના પરથી આ રણનીતિની અસરકારકતાનો ખ્યાલ આવશે. સોસીઅલ મીડિયામાં આ અંગે વિરોધ દેખાયો ત્યારે લોકોમાં જાગૃતિ આવી.

અગર ઉપર જણાવેલ જૂઠ નિર્માણ કરવાની પદ્ધતિનું જ્ઞાન હશે તો સતપંથના જૂઠને દુનિયા સામે ખુલ્લું કરી શકવાની તાકાત આપણામાં આવી જશે. જ્યારે અર્ધ-સત્ય અને અર્ધ-હકીકતની વાતો જણાવીને પોતાનું ખોટાને ખરું કરવાની કોશિશ કરવામાં આવે ત્યારે તેમનીજ વાતમાં વણાયેલ જૂઠી વાતો, જૂઠા હકીકતો, સંદર્ભ વિહીન અને સંબંધ બહારના તત્ત્વો વિષે યુક્તિ પૂર્વક પ્રશ્ન કરવાથી લોકોના મનમાં સતપંથ ઉપર શંકા કરતા કરી નાખી શકાય. એટલે તાકિયા નામનું જે હથિયાર સતપંથીઓ વાપરતા હોય, એજ હથિયારને તેમની સામે વાપરી નખાય. આવી રીતે સતપંથની બાજી પલટી નાખી શકાય. માત્ર થોડો અભ્યાસ અને થોડી પ્રેક્ટીસ (practice) ની જરૂર છે.

તેમની આ લડાઈ તેમના જ આંગણે લઇ જવાની જરૂર છે. તેમની રણનીતિનો લાભ સામેવાળા કરતા આપણ ફાયદા માટે લેવો જોઈએ. બાજી એ લોકો બિછાવે, પણ લાભ આપણે લઇ જઈએ, એવી ગોઠવણ કરી શકાય એમ છે. **તેમનું હથિયાર (ખાસ કરીને તાકિયા)ને તેમના જ વિરુદ્ધમાં વાપરવું જોઈએ. આ છે મૂળ મંત્ર .**

સતપંથીઓના તાકિયા સામે આપણે ખુલાસાઓ અને જવાબો આપવાનું બંધ કરી દેવું જોઈએ. કારણ કે જેટલા ખુલાસાઓ અને જવાબો આપીશું, તેટલા વધારે પ્રશ્નો આપણા સામે કરવામાં આવશે. આ ચક્રનો કોઈ અંત નહીં આવે. પણ જ્યારે સતપંથવાળાઓને તેમનીજ ભાષામાં જવાબ આપીશું (ઉપર જણાવ્યા પ્રમાણે) ત્યારેજ તેઓ થાકશે અને હારશે. અંતે ધીરે ધીરે નબળા પડશે અને તેઓ હારશેજ.

7. <u>સતપંથીઓની છૂપી અને સાચી નીતિને બહાર લાવવા યુક્તિ પૂર્વક દલીલો કરવી:</u> બાજી પલટાવી નાખવાની ચાલથી સતપંથની છૂપી નીતિઓ (પીરાણા, ઈમામશાહ, નિષ્કલંકી નારાયણ ન છોડવાની) ને કેવી રીતે ઉજાગર કરી શકાય, તેનાં પર નજર કરીશું.



આ અંગે અમલીકરણ સમિતિની બેઠકોમાં થયેલ ચર્ચાવિચારણા તેમજ ત્યારબાદ સતપંથીઓ દ્વારા લેવામાં આવેલ તમામ પગલાંઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે. હજી પણ સતપંથવાળા ઊંઝાનો ચુકાદો પાળવા તૈયાર છે એવી વાતો કરનાર લોકોની આંખો ખોલવા માટે, સતપંથીઓ માટે ભરવા લાયક અમુક એવા પગલાં સૂચવવા જોઈએ કે જે ભરવાથી સતપંથવાળા (અગર સાચી રીતે હિંદુ બનવા માંગતા હોય તો તેમને કોઈ વાંધો ન હોવો જોઈએ) ઇસ્લામથી છૂટા પડીને હિંદુ બનવાના રસ્તા ઉપર આવી શકશે. દાખલા રૂપે...

i. પીરાણામાં મુસલમાનોનું કબ્રસ્તાન અને સતપંથીઓ મિલકત વચ્ચે જે દરવાજા છે તેને કાયમ માટે બંધ કરી નાખવા જોઈએ. તેનાં બદલામાં કબ્રસ્તાનના દાક્ષિણમાં જે મૂળ દરવાજો છે, જે ઈમામશાહના સમય કાળથી બનેલો છે અને જે માત્ર અમુકજ વર્ષો પહેલાંજ બંધ કરેલ છે, તેને પાછો ખોલી નાખવો જોઈએ. આ દરવાજો ખોલવાની માંગણી પીરાણાના મુસલમાનો હંમેશાંથી કરી રહ્યા છે. માટે આમાં કોઈ વાંધો આવે નહિ.

   આમ કરવાથી ઈમામશાહની કબર અને પીરાણા સ્થિત સતપંથવાળાઓની મિલકત જુદી પડી જશે. આમે પીરાણાની કબ્રસ્તાન વાળી મિલકતના માલિક કાયદાકીય રીતે આજે પણ મુસલમાન સૈય્યદોજ છે. તેનાથી સતપંથવાળાને વાંધો ન હોવો જોઈએ.

ii. પીરાણા સતપંથના ધાર્મિક પુસ્તકો હિંદુ ધર્મ પ્રમાણે નથી. તે પુસ્તકો**ને** ખરા અર્થમાં બદલી નાખવાથી સતપંથીઓને કોઈ રોકી શકે નહીં. અહીં પુસ્તક**માં** બદલાવ કરવાની વાત નથી. સતપંથના પુસ્તકોને તિલાંજલિ આપી દેવાની વાત છે. તેની જગ્યાએ મૂળ હિંદુ ધર્મના (સતપંથના નહીં) પુસ્તકો લાવવાની જરૂર છે. માટે સતપંથના તમામ ધાર્મિક પુસ્તકોને રદ્દ કરી ઉમિયા માતાજી ઊંઝા દ્વારા માન્ય પુસ્તકોને ધાર્મિક પુસ્તકો તરીકે પ્રસ્થાપિત કરી શકાય. જો સતપંથવાળા સાચે હિંદુ થવા માંગતા હોય, તો સતપંથના તમામ પુસ્તકોને રદ્દ કરી નાખવામાં તેમને કોણ રોકી રહ્યું છે?

iii. સતપંથના તમામ ખાનાઓ, જેણે સતપંથવાળા હાલમાં નિષ્કલંકી નારાયણ મંદિર કહે છે, તે ખાનાઓમાં ઈમામશાહનો ફોટો રાખવામાં આવે છે. તે ઈમામશાહને સંપૂર્ણ રીતે કાઢી નાખવામાં આવે. આવા તમામ

iii. સતપંથના તમામ ખાનાઓ, જેણે સતપંથવાળા હાલમાં નિષ્કલંકી નારાયણ મંદિર કહે છે, તે ખાનાઓમાં ઈમામશાહનો ફોટો રાખવામાં આવે છે. તે ઈમામશાહને સંપૂર્ણ રીતે કાઢી નાખવામાં આવે. આવા તમામ ખાનાઓના માલિકો સતપંથીઓજ છે. તેમાં મુસલમાનોનો કોઈ હક્ક કે દાવો નથી. તો આવા તમામ મંદિરોમાંથી ઈમામશાહ અને નિષ્કલંકી નારાયણને કાયમી રીતે કાઢી નાખવા જોઈએ.

iv. નિષ્કલંકી નારાયણ હિંદુ નથી એ તો સાબિત થઇ ગયેલ વાત છે. માટે સાચા હિંદુ કોઈ દિવસ નિષ્કલંકી નારાયણને પૂજે નહીં. ઉપર જણાવ્યા પ્રમાણે સતપંથના ખાનાઓ / મંદિરોમાંથી નિષ્કલંકી નારાયણને પણ કાયમ માટે કાઢી નાખવા જોઈએ.

v. પીરાણા સતપંથની દસવાતર કથા જેમાં નિષ્કલંકી નારાયણની કથા છે, તે કાયમ માટે બંધ કરીને ઉમિયા માતાજી ઊંઝા દ્વારા માન્ય વક્તાઓ મારફતે (સતપંથના વક્તાઓ મારફતે નહીં) શ્રીમદ્ ભગવદ્ કથાઓ કે અન્ય કથા કરવી જોઈએ.

vi. સતપંથના સાધુઓને કાયમ માટે રજા આપી દેવી. સતપંથના સિદ્ધાંતોનો પ્રચાર રોકવા માટે આ એક મોટું પગલું છે. સતપંથના ખાનાઓ / મંદિરોમાં સનાતન હિંદુ ધર્મની પરંપરા પ્રમાણે બ્રાહ્મણોને પુજારી તરીકે નિયુક્ત કરવા જોઈએ. હાલ સતપંથના પ્રચારકો, કાકાઓ, મુખીઓ વગેરે જેની ધર્મ પ્રચાર તેમજ પૂજા વિધિ કરવાની જવાબદારી છે તેમને તેમની જવાબદારીથી મુક્ત કરવા જોઈએ. સતપંથની પૂજા જ્યાં સુધી આવા કાકાઓ અને મુખીઓ કરશે, ત્યાં સુધી સતપંથવાળાને ચોખ્ખા હિંદુ બનવામાં અનેક તકલીફો આવશે.

vii. જો સતપંથવાળા સાચે હિંદુ બનવા માંગતા હોય અને માત્ર પીરાણાની મિલકત મુસલમાનોના હાથના ન જતી રહે તેનાં માટે કામ કરતા હોય તો સહુથી પહેલાં પીરાણામાં કોઈપણ જાતના કાર્યક્રમ કરવા ઉપર બંધી લગાડી શકે છે. સતપંથવાળાઓના તમામ કાર્યક્રમોને પીરાણામાં કરવાની કોઈજ જરૂરત નથી. પીરાણામાં કાર્યક્રમ બંધ થાય તો ધીરે ધીરે પીરાણાનું મહત્ત્વ ઘટતું જશે અને ઊંઝાના ચુકાદાનું અમલીકરણ પણ એક રીતે થશે.

viii. સતપંથની તમામ સમાજ વાડીઓ, સ્કૂલો અને સંસ્થાઓમાં પણ ઉપર પ્રમાણે બધાજ ફેરફારો કરવા જોઈએ.

ix. સતપંથવાળાઓનો ઇસ્લામી તાકિયા પદ્ધતિ પ્રમાણે પ્રચાર રહ્યો છે કે સતપંથ એ સનાતન હિંદુ ધર્મ છે. માટે સતપંથ સમાજ દ્વારા એવો ઠરાવ પાસ કરવો કે સતપંથ ધર્મ એ સનાતન હિંદુ ધર્મ નથી. માટે હવે પછી સતપંથ ધર્મવાળાઓએ સતપંથ ધર્મને કાયમ માટે સંપૂર્ણ રીતે છોડી સનાતન હિંદુ ધર્મ પાળવાનો રહેશે.

x. પહેલા તબકકે એટલા સુધારાઓથી શરુઆત કરવી. ધીરે ધીરે સતપંથનું જોડાણ / કનેક્શન, જેવા કે પીરાણાનો વહીવટ છોડવો. પીરાણાની મિલકત વેચી નાખવી જેવા પગલાંઓ ભરી શકાય.

ઊંઝાના ચુકાદાનું પાલન ન કરવા પાછળ સતપંથવાળા ખોટી રીતે યેનકેન પ્રકારે સનાતનીઓ ઉપર દોષ નાખીને બહાનું કાઢતા હોય છે. ઉપર જણાવેલ તમામ પગલાંઓમાં સનાતનીઓનો કોઈ રોલ નથી. જે કંઈ કરવું છે એ સતપંથવાળાઓને પોતાના ઘરની અંદર રહીને કરવું છે.

ઉપર જણાવેલ તમામ પગલાંઓ સતપંથીઓએ પોતાના સમાજમાં રહીને ભરવાના છે. એ પગલાં ભરવાથી તેમને કોઈ રોકી શકે નહીં. અગર સતપંથીઓ સાચા રીતે હિંદુ થવા માંગતા હોય, તો તેઓએ ઉપર જણાવેલ પગલાં ભરીને પોતાનો ઈરાદાને પોતાનાં કર્મ કે વર્તનથી બતાવવાં જોઈએ. આ પગલાંઓમાં મુસલમાન સૈય્યદો પણ ખુશ થશે, સનાતન સમાજવાળા પણ આવકારશે અને સતપંથવાળાને કોઈ રોકી શકશે નહીં. એટલે ઊંઝાનો ચુકાદો તેમને સાચી રીતે પાળવો હોય તો કોઈ પણ બહાનાઓ કાઢ્યા વગર શરૂઆતમાં એટલું તો સતપંથવાળા કરી શકે તેમ છે.

સતપંથની સમસ્યા સામે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સેંકડો વર્ષોથી ઝઝૂમતો આવ્યો છે. સતપંથીઓ ધાર્મિક રીતે કેટલા સનાતન હિંદુ બન્યા છે કે ભળવાનો માત્ર ડોળ કરી રહ્યા છે, તેનાં ઉપર જે રીતે નઝર અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ રાખી શકે, તેવી નઝર કોઈ બીજા રાખી શકે તેમ નથી. સતપંથ સમસ્યાના સાચા ઉકેલ તેમજ સતપંથીઓને મુખ્ય ધરામાં ભેળવવા માટે પણ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની મંજૂરી ખૂબ જરૂરી છે. પૂરતી તપાસ કર્યા વગર માત્ર આવેશમાં આવીને, મુસલમાન છોડીને સતપંથ હિંદુ બને એવા ઉપરછલ્લા વિચારોને લઈને, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની મંજૂરી લીધા વગર, અગર સતપંથીઓને મુખ્ય ધારામાં ભેળવવામાં આવશે તો સમસ્યા રૂપી આ ગૂમડું મટવાના બદલે ભવિષ્યમાં મોટું થશે અને આખો કચ્છ કડવા પાટીદાર સમાજમાં ફેલાઈ જશે. ત્યારે તેને રોકવાવાળું કોઈ નહીં હોય. માટે જ્યાં સુધી સતપંથીઓને અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજવાળા સ્વીકારે નહીં, ત્યાં સુધી ઉમિયા માતાજી ઊંઝા અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ પણ સ્વીકારી ન શકે.

8. **અંતે સહુને મનાવી નહીં જ શકાય:** સતપંથ સમસ્યા અંગે લેવામાં આવતા નિર્ણયોમાં સર્વ સહમતી મેળવી હિતાવત છે. પણ ઘણી વખત એવું બને કે બધા લોકો એક મતમાં સહમત ન પણ થાય. કારણ કે સમાજમાં અમુક લોકો એવા નીકળવાના છેજ કે જેઓને ગમે તેટલું સમજાવશો તો પણ એ લોકો સમજવા તૈયાર નહીં થાય. પણ આપણને આગળ વધવું પડે. સહમતીના અભાવે સમાજ ત્યાંને ત્યાં અટકી ન રહી શકે. આવા લોકોને બીજા રસ્તાઓથી સમજાવવા પડે. તેમની સાથે વાતચીત, ચર્ચાઓ, સમજાવટ કામ નહીં આવે. ત્યારે સામાજિક દબાણ કામ કરે છે. સ્થાનિક સમાજ, સગાં સંબંધીઓ, મિત્ર વર્તુળ વગેરે લોકોથી સમજાવટભર્યું દબાણ લાવી શકાય. કોઈનો વ્યવહાર બરાબર ન હોય તો તેમને સગપણ સંબંધોમાં પણ ખૂબ મોટી સમસ્યા નડતી હોય છે. આવા અલગ અલગ સામાજિક દબાણોને ઉપયોગમાં લેવામાં આવતા હોય છે. આ પ્રક્રિયા થોડી લાંબી છે અને શરૂઆતમાં થોડા અવરોધો પણ આવે, પણ છેવટે બધાને સમાજના શરણે આવવુંજ પડે છે.

9. **સામાજિક સંબંધોમાં કાપ:** જ્યાં સુધી સતપંથ સમસ્યા સમાજમાં છે, ત્યાં સુધી સનાતન સમાજના બચાવ માટે સતપંથીઓ સાથે (વિશેષ સભાના ઠરાવ પ્રમાણે) સામાજિક, ધાર્મિક, પારિવારિક, નવા સગપણ, ધંધાકીય, રાજકીય, વગેરે સંબંધો વિવેક બુદ્ધિથી કાપી નાખવાની જરૂર છે. જેથી કરીને સનાતન સમાજ ઉપર થતા સતપંથના પ્રહારોથી સમાજને રક્ષણ આપી શકાય.

10. **સંશોધન અને અભ્યાસ ચાલુજ રાખવા:** જ્યાં સુધી સતપંથ સમસ્યા જડમૂળથી ખતમ ન થઇ જાય અને તેની સંપૂર્ણ રીતે ખાતરી ન થઇ જાય, ત્યાં સુધી સતપંથ અંગે સંશોધનો ચાલુજ રાખવા પડશે. સતપંથ અંગે અભ્યાસ કરતા રહેવું પડશે. આપણે સતપંથ અંગેની આપણા સમાજમાં સુધારો કરતા રહેવું પડશે અને આપણી જવાબી રણનીતિઓ પણ તૈયાર કરતા રહેવું પડશે. આ લડાઈ લાંબી ચાલવાવાળી લડાઈ છે. આ પુસ્તકમાં આપેલ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને નવા સિદ્ધાંતોનું સંશોધન કરી, સતપંથની બદલતી રણનીતિઓનો તોડ કાઢતા રહેવું પડશે.

11. Documentation / દસ્તાવેજીકરણ: સતપંથ સામે કરવામાં આવેલ તમામ સંઘર્ષો / લડાઈઓના બારામાં તમામ વિગતો જે તે સમયે તરતજ લેખિતમાં નોધવી જરૂરી છે. આપણને આવેલ મહત્ત્વના વિચારો, ધ્યાને લીધેલ મુદ્દાઓ, તેના આધારે તૈયાર કરવામાં આવેલ સંભવિત રણનીતિઓ અને તેનામાંથી કયા કારણે કઈ રણનીતિ પસંદ કરી, આવી તમામ બાબતોને જેટલી સારી રીતે લેખિતમાં તૈયાર કરીશું, એટલી આપણી તૈયારી સારી થશે. ત્યાર બાદ સતપંથ સામે લડાઈ કે સંઘર્ષના જે જે પ્રસંગો બને, તેની તમામ વિગતો પણ લેખિતમાં નોંધવી જોઈએ. આં તમામ પ્રક્રિયાને દસ્તાવેજીકરણ કહેવામાં આવે છે. નારાયણ રામજી લીંબાણીએ પણ દસ્તાવેજીકરણ કરેલ અને તમારા હાથમાં આવેલ આ પુસ્તક પણ એજ દસ્તાવેજીકરણનું પરિણામ છે.



પહેલી નજરે આ કામ સહેલું લાગે છે, પણ આ ખૂબ મહેનત માંગી લે એવું કઠિન કામ છે. આ કામ માટે સારા પૈસા પણ ફાળવવા જરૂરી છે અને સારા હોંશિયાર લોકોને પણ રોકવા જોઈએ. સમય પણ પુરતો આપવો જોઈએ. કારણને આપણે હાલ જે લડાઈ લડી રહ્યા છે એ લડાઈથી આપણી ભાવિ પેઢીને બચાવવી હોય, તો આવા દસ્તાવેજીકરણ તેમની મદદે આવશે. આપણી ભૂલોથી ભાવિ પેઢી શીખશે અને સારી રીતે પોતાને ભવિષ્યમાં તૈયાર કરી શકશે. અંગ્રેજો જ્યારે ભારત આવ્યા ત્યારે આપણા અને તેમનામાં આ એક ફરક હતો જે બહુજ નિર્ણાયક નીવડ્યો અને તેઓ મુઠ્ઠીભર હોવા છતાં કરોડો ભારતીયો પર રાજ કરી શક્યા. વિવેક બુદ્ધિનો પ્રયોગ કરી સમયાનુસાર જેમ જેમ જરૂર હોય તેમ માત્ર એવાજ દસ્તાવેજો જનતા સામે મુકજો, જેનાથી આપણા વિરોધીઓ આપણું કંઈ ખાસ નુકસાન ન કરી શકે અને આપણા સનાતની લોકોને પ્રેરણા મળે, શીખ મળે તેમજ ગૌરવ અનુભવે.

12. સતપંથી ભાઈઓ માટે ભયસ્થાન: હાલની પરિસ્થિતિમાં પીરાણા સતપંથવાળાને પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે હિંદુ ઓળખ અને હિંદુ છત્રીની જરૂર છે. એના માટે તેઓ હિંદુ સાધુ સંમેલનો બોલાવશે, BJP, VHP, RSS જેવી હિંદુવાદી સંગઠનો પાસેથી સતપંથ હિંદુ છે તેવી વાતો કરાવશે. પણ જે પ્રમાણે સનાતન સમાજે સતપંથ સાથે તમામ સંબંધો કાપવાનો નિર્ણય લીધો છે, તેની અસર જેમ-જેમ થશે, તેમ-તેમ સતપંથ હિંદુ ધર્મથી વિમુખ થતું જશે. એક દિવસ એવી પરિસ્થિતિ આવશે, જ્યારે સતપંથમાં ફસાયેલા પોતાને હિંદુ ગણતા લોકો પાસે હિંદુ સમાજમાં પાછળ વળવાનો કોઈ રસ્તો નહીં બચે. ત્યારે "reverse taqiyya/ઊલટું તાકિયા"ની ચાલ રમવામાં આવશે. ભવિષ્યમાં એવો પ્રચાર થઇ શકે કે સતપંથના માજી (એટલે હાલના) પ્રચારકો નબળા હતા. હિંદુ ધર્મના દબાણમાં આવીને ઈમામશાહના મૂળ સંદેશ અને ચોપડામાં ફેરફાર કરી નાખ્યા છે. માટે આપણે ઈમામશાહના મૂળ સંદેશ અને પુસ્તકોને સમાજમાં લાવવા જોઈએ. આવું કહીને ઈમામશાહ દ્વારા લેખિત મૂળ ઇસ્લામી ધર્મના સંદેશઓ આપતા પુસ્તકો પાછા પ્રચલિત કરવામાં આવશે. ઈસ્લામમાં સતપંથીઓ ગૌરવ અનુભવે આવું વાતાવરણ ધીરે-ધીરે નિર્માણ કરવામાં આવશે. ત્યાર બાદ અમુક દાયકાઓ પછી સતપંથનું સંપૂર્ણ ઇસ્લામી કરણ કરવામાં આવશે.

આ કંઈ માત્ર કાલ્પનિક વાત નથી. હિંદુ લોહાણા જ્ઞાતિના લોકો જે મૂળ સતપંથમાં ફસાયા હતા, તેમની સાથે આવુંજ કરવામાં આવ્યું છે. આજે એ લોકો પોતાને મુસલમાન કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. લોહાણા જ્ઞાતિના જે લોકોને આ વાત પસંદ નથી, એ લોકો આજે પાછા લોહાણા હિંદુ સમાજમાં આવવા માંગતા હોત તેમની પાસે કોઈ વિકલ્પ નથી રહ્યો. એ લોકોને નાછૂટકે ઇસ્લામ ધર્મમાં રહેવું પડે છે. માટે આપ સૌ, જે પોતાને સાચા હિંદુ સમજો છો, એવા સતપંથી ભાઈઓને વિનંતી કે આ વાતથી જરૂર ચેતજો. જે લોકોની આસ્થા ઈમામશાહના મૂળ ઇસ્લામી સંદેશવાળા સતપંથમાં છે, તેમને અમારી શુભેચ્છાઓ. તેમને તેમનો ધર્મ મુબારક. તેમના માટે અમારે કંઈ કહેવું નથી. પોતાને હિંદુ સમજતા સતપંથીઓને ખાસ વિચારવાનું છે કે તેમને તેમની ભાવિ પેઢીને હિંદુ તરીકે જોવી છે કે મુસલમાન તરીકે જોવી છે?

૧૯ આગળનો રસ્તો / The Way Forward

A. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ: કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સતપંથની સમસ્યા છેલ્લા ૫૦૦ વર્ષથી ચાલી રહી છે. અને ભવિષ્યમાં પણ ચાલતી રહેશે. સતપંથ છોડીને સનાતન હિંદુ ધર્મ સ્વીકારનારા લોકો જ્ઞાતિમાં લગભગ ૯૫% થી પણ વધારે જેટલા છે. આ વાતના આધારે એવું કહી શકાય કે મોટા ભાગની જ્ઞાતિ સતપંથથી છૂટી થઇ ગઈ છે. પણ જ્યાં સુધી સમસ્યા છે, તો ત્યાં સુધી સમસ્યાનું સમાધાન થઇ ગયું એમ કહી ન શકાય. જેવી રીતે શરીરમાં ગૂમડું હોય ત્યાં સુધી શરીર નીરોગી ન કહી શકાય. સતપંથ સમસ્યાનો ઉકેલ ત્યારે થશે કે જ્યારે સતપંથ અને સનાતન સમાજ બન્ને કાયમ માટે જુદા પડી જાય (બન્ને સમજો વચ્ચે બેટી વ્યવહાર બંધ થઇ જાય, સહિયારી સામાજિક મિલકતો જુદી કરી નાખવામાં આવે અને કોઈ પણ મુદ્દા ઉપર સંયુક્ત સામાજિક કે ધાર્મિક કાર્યક્રમ ન કરવામાં આવે), અથવાતો સતપંથ ધર્મ છોડીને બધા સનાતન ધર્મમાં જોડાઈ જાય.

બન્ને સમાજો વચ્ચે જ્યાં સુધી સંબંધો છે, ત્યાં સુધી સતપંથ સમાજવાળા સનાતન સમાજ ઉપર પ્રહારો કરતા રહેશેજ. હાલ તા. ૨૧-મે-૨૦૧૯ ના પત્ર મારફતે ચેરિટી કમિશ્નરની કચેરી રાજકોટમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ ટ્રસ્ટ (રજી નં એફ-૨૩૮૪) ઉર્ફે સતપંથ સમાજે સનાતની કેન્દ્રીય સમાજનું બંધારણ અટકાવવા માટે અરજી કરેલ છે. જે દર્શાવે છે કે સતપંથ સમાજ અધિકૃત રીતે સનાતની સમાજ ઉપર પ્રહાર કરી રહ્યું છે. માટે જ્યાં સુધી સતપંથ સમસ્યાનો કાયમી ઉકેલ ન આવે, ત્યાં સુધી સનાતની સમાજને સતપંથના પ્રહારોથી બચાવવા અને સનાતનીઓનું સંગઠન મજબૂત કરવા માટે શું કરવું કોઈએ, એનાં ઉપર આપણે થોડું ચિંતન કરીએ.

જે મોડ ઉપર આજે સનાતન સમાજ ઊભો છે, તેના પ્રમાણે સનાતન સમાજ પોતાના બચાવ માટે બે પ્રકારના પગલાંઓ ભરી શકે.

1. **Domination / પ્રભુત્વ કે વર્ચસ્વ**
2. **Resistance / પ્રતિકાર કે પ્રતિરોધ**



જ્ઞાતિ સ્તરે લોકોમાં સનાતન સમાજનું પ્રભુત્વ/વર્ચસ્વ જાળવીને સતપંથના પ્રહારો સામે પ્રતિકાર/પ્રતિરોધ કરવાની કળાને શીખવી પડશે અને તેમાં માહિર થવું પડશે. આ એક કલા છે અને એક પ્રકારનું વિજ્ઞાન પણ છે જેના ઉપર સતત અભ્યાસ અને ચિંતન કરતા રહેવું પડશે. આપણે જણાશે કે આપણા દ્વારા લેવા લાયક જે કોઈ પગલાંઓ હશે એ ઉપર જણાવેલ બે પ્રકારોમાંથી કમ સે કમ એક પ્રકારના હશે.

B. ઈતિહાસ વાગોળતા રહેવું: એક કહેવત છે કે **"જે લોકો પોતાનો ઈતિહાસ ભૂલી જાય છે, એને ઈતિહાસ એક દિવસ ભૂલી જાય છે"**. આ વાતનો અનુભવ ભારત દેશના હિંદુઓથી વધારે બીજા કોઈને નહીં થયો હોય, કદાચ. પણ સમય આવી ગયો છે કે આ અંગે આપણે કોઈક મક્કમ પગલાં ભરવાં જોઈએ. દ્વિતીય વિશ્વ યુદ્ધમાં ઇંગ્લેન્ડને હારના મોઢામાંથી બહાર કાઢીને જીત મેળવી અપાવનાર પ્રધાનમંત્રી વિન્સ્ટન ચર્ચિલએ વર્ષ ૧૯૪૮માં એક ભાષણમાં કહ્યું હતું કે "ઈતિહાસની ભૂલોથી બોધ ન લેનારા એ ભૂલનું પુનરાવર્તન કરતા હોય છે." કહેવાનો મતલબ એ છે કે ઈતિહાસ હંમેશાં એક કે બીજા રૂપમાં ફરી ફરીને પાછો આવતો હોય છે. માટે ઈતિહાસની ભૂલોથી અગર આપણે શીખીશું નહીં તો પાછી એજ ભૂલો કરતા રહીશું અને આપણા દુશ્મનો આપણને ખતમ કરી નાખશે.



હાલની પેઢીને સતપંથની સમસ્યાનો સામનો કરવો પડે છે તેની પાછળનું કારણ આપણા વડીલોએ સતપંથ વિષેનો ઈતિહાસથી હાલની પેઢીને મોટે ભાગે દૂર રાખી. તેનાં કારણે હાલની પેઢી સતપંથવાળાઓની એકતા, સંપ સંગઠન વગેરે આદર્શવાદી વાતોમાં ભોળવાઈ ગઈ અને સતપંથીઓને પોતાના શુદ્ધ સનાતની સમાજમાં સામેલ કર્યા. ઈતિહાસથી અજ્ઞાન હોવાના કારણે જે સમસ્યા ઉકેલ તરફ આગળ વધી રહી હતી, એ વધુ વિકરાળ બની. માટે સહુથી પહેલાં તો આપણે હંમેશાં સતપંથનો ઈતિહાસ વાગોળતા રહેવું પડશે. કેન્દ્ર સમાજ હોય કે સ્થાનિક સમાજ હોય. સમાજની નવી કારોબારીની રચના થાય ત્યારે એક કાર્યશાળા રાખવામાં આવી જોઈએ જેમાં સમાજ અને જ્ઞાતિનો ધાર્મિક ઈતિહાસ ઉપર એક સેશન હોવું ખૂબજ જરૂરી છે. આપણે આપણા વાર્ષિક મિલનોના કાર્યક્રમોમાં આપણા સનાતન સમાજના આદર્શ વડીલો, સંતો, માતાઓ અને તેમના કામો ઉપર યુવાન દીકરા-દીકરીઓને ફરજિયાત એક કાર્યક્રમ કરવાની ફરજ પડાવી જોઈએ. દિવાળી કે દશહરા જેવા મહત્ત્વના દિવસે સનાતન સમાજની યશ ગાથા ઉપર એકાદ ભાષણ તો અચૂક હોવું જોઈએ. નવરાત્રી ઉપર જેમ બહેનો અગાઉથી નક્કી કરે તે દિવસે એકજ રંગ કે એકજ પ્રકારના કપડાં પહેરે, એવી રીતે એક દિવસ સનાતની દિવસ નક્કી કરી તે દિવસે અમુક ખાસ ડ્રેસ કોડ નક્કી કરીને પહેરી શકાય.

C. ચતુરાઈ અપનાવો: આજે સોફ્ટપાવર (softpower)નો જમાનો છે. સોફ્ટપાવર એટલે બૌદ્ધિક શક્તિ. વિશ્વ યુદ્ધ પછી અમેરિકા અને રસિયા વચ્ચે ચાલેલ કોલ્ડવોર જેમ એક પ્રકારની લડાઈ છે, એમ સોફ્ટવોર પણ એક પ્રકારની લડાઈ છે. આ લડાઈમાં એક બીજાની બૌદ્ધિક ક્ષમતા ઉપર નિયંત્રણ મેળવવાની લડાઈ હોય છે. આ પુસ્તકમાં અગાઉ આપણે જોયું કેવી રીતે માનસિક લડાઈ આપણા ઉપર થોપવામાં આવી છે અને આપણે કેવી રીતે એનો પ્રતિકાર કરવો જોઈએ. હવે પછી ભવિષ્યમાં સતપંથ સામેની લડાઈ માનસિક લડાઈ હશે. આ લડાઈમાં વાર સામેવાળાની વિચાર શક્તિ પર પ્રહાર કરવામાં આવે છે તેમજ સામેવાળાને આપણા દૃષ્ટિકોણથી વિચારતા કરી દેવા માટે મજબૂર કરવામાં આવે છે. આપણા બચાવમાં વિચોરોને ભ્રષ્ટ થવાથી ન દેવા જોઈએ. વિચારોને ભ્રષ્ટ કરવાના પ્રયાસોને સમય ઉપર ઓળખી લેવા જોઈએ. ખૂબજ ચાંપતી નજર રાખવાની જરૂર છે. આમાં ખૂબ બૌદ્ધિક / વૈચારિક દલીલો કરવામાં આવશે. આપણને વૈચારિક રીતે મૂંઝવણમાં નાખીને બૌદ્ધિક રીતે આપણને પાંગળા કરવામાં આવશે. આને એક પ્રકારનું બૌદ્ધિક કે વૈચારિક આતંકવાદ પણ કહી શકાય. સતત બૌદ્ધિક પ્રહારો એટલા હદ સુધી કરવામાં આવે કે જ્યાં સુધી તમારી હાલત એવી ન થઇ જાય કે તમારા સામે આવનાર તમામ સાચી ખોટી વાતો ઉપર ચિંતન કરવાનું તમે છોડી ન દો અને તમારી સામે મૂકવામાં આવેલ વાતોનો કોઈ પણ વિરોધ કર્યા વગર તેને સહર્ષ સ્વીકારી લો. બૌદ્ધિક રીતે એટલા પાંગળા કરી નાખવામાં આવે છે કે તમારા માટે શું સારું છે કે શું ખોટું છે, તેણે તમે પારખીજ ન શકો. એક પ્રકારનું બ્રેનવોશિંગ (Brainwashing) કરવામાં આવે. આવી પરિસ્થિતિમાં ચતુરાઈજ આપણને ઉગારી શકે. માટે ચતુરાઈના ભક્ત બનો.

સમાજ સ્તરે ચતુરાઈ જાળવી રાખવી સહેલું નથી. માટે યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ઉપર રીસર્ચ (સંશોધન) કરવા પ્રોત્સાહિત કરી શકાય. તેમની Ph.D ની ડીગ્રીનો વિષય જ્ઞાતિની સતપંથ સમસ્યા હોઈ શકે. તેમના આ વિષયના અભ્યાસ ઉપર તેમને સ્કોલરશીપ આપી શકાય. આપણને મૂંઝવતા પ્રશ્નો તેમની સામે મૂકવાથી તેઓ અભ્યાસ કરીને સારો ઉપાય બતાવી શકે. આ રીતે સતપંથ ઉપર આપણી જ્ઞાતિને ઉચ્ચ સ્તરીય જ્ઞાન હંમેશાં મળતું રહેશે અને આપણા સમાજના આગેવાનોને દિશાસૂચન મળતું રહેશે. દુનિયાની પ્રગતિશીલ જ્ઞાતિઓ વિશ્વની સારી સારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સ્પોન્સર કરી પોતાના હિતના રક્ષણ માટે આવી રીતે બૌદ્ધિક સૈનિકો તૈયાર કરે છે. આપણે પણ આમાંથી કંઇક શીખવું જોઈએ.



D. મક્કમતાની ચરમ સીમા: આ લડાઈમાં મૂંઝવણ (Confusion) નો ખૂબ પ્રયોગ કરવામાં આવે. તો આવી પરિસ્થિતિથી બચવું કેવી રીતે? આનો રસ્તો શું? આવી પરિસ્થિતિમાં આપણા વિચારો સ્પષ્ટ અને મક્કમ હોવા જોઈએ. એટલા મક્કમ કે કદાચ ભગવાન આવીને પણ કહેને કે સતપંથ હિંદુ ધર્મ છે, તો પણ તેમને કહી દેવામાં સંકોચ ન હોવો જોઈએ કે ભગવાન તમે ક્યાંક ભૂલ કરી રહ્યા છો. જો આપણને વધારે સમજણ ન પડે કે આવડત ન હોય, તો એટલું તો કરવું જોઈએ કે આપણા મનમાં ગાંઠ બાંધી નાખો કે સતપંથ હિંદુ ધર્મ નથી. ગાંઠ એટલી કડક બંધો કે ખુદ તમે ચાહો તો પણ ખોલી ન શકો. આવી બીજી મજબૂત ગાંઠ બાંધજો કે જેનાથી આપણને સદાય ખ્યાલ રહે કે સતપંથવાળા ગમે એટલા સારા કેમ ન હોય, તો પણ એ આપણી સનાતની સમાજ માટે નથી. આપણે દલીલોમાં કોઈ ગમે તેમ કરીને મનાવવાની કોશિશ કરે તો તેમને કહી દેજો કે બાકી બધું ઠીક પણ સતપંથવાળા અમારા નથી. અમારે કોઈ બીજી દલીલ નથી કરવી.

E. ભાવનાઓ પર નિયંત્રણ: સતપંથીઓને સમજાવવાના છેલ્લા પ્રયાસ રૂપે ઊંઝામાં ત્રણ ત્રણ વર્ષો સુધી તલસ્પર્શી અભ્યાસો કરવામાં આવ્યા. દેશ અને દુનિયા ભરમાં થી સજ્જડ સબૂતો અને પુરાવાઓ ચકાસવામાં આવ્યા. વિશ્વ વિખ્યાત લાઈબ્રેરીઓ (libraries), અંગ્રેજ અને હાલની આઝાદ સરકારના ગઝેટીયરો (gazetteers), રીસર્ચ થીસીસઓ (research thesis), વિશ્વસનીય ઈતિહાસકારો, મુંબઈ હાઈ કોર્ટ અને અન્ય કોર્ટ કેસો, સ્કૂલના પાઠ્ય પુસ્તકો, દેશ-વિદેશની નામી યુનિવર્સિટીઓ, ભારત સરકારનું પુરાતત્ત્વ વિભાગ (Archeaological Survey of India) ના દસ્તાવેજો, વિશ્વપ્રખ્યાત બૌધિકો અને પ્રોફેસરોના અભિપ્રાયો તેમજ સામાજિક ઈતિહાસના દસ્તાવેજો, ઊંઝાના ઇતિહાસના દસ્તાવેજો, ઈન્ટરનેટ પર ઉપલબ્ધ દુનિયા ભરની જાણકારીઓનો આધાર લેવામાં આવ્યો છે.



માટે ઊંઝાના ચુકાદા પછી હવે આ લોકો સાથે વાદ - વિવાદ / ચર્ચામાં ઉતારવાની કોઈજ જરૂર નથી. બધીજ પ્રકારની ચર્ચાઓ થઇ ચૂકી છે. વાદો, સંવાદો થઇ ચૂક્યા છે. હવે ચર્ચાઓ માટે કોઈ સ્થાન રહ્યું નથી. સમજાવટનો દોર પૂરો થઇ ગયો. આપણી કુળદેવી ઉમિયા માનું અપમાન કરે તેની સાથે આપણે ન જ રહી શકીએ. આપણે આપણી માને પૂજીએ અને એ આપણી માનું અપમાન કરે. માટે આવા લોકો સાથે આપણે ન જ રહી શકીએ. હવે લાગણીઓમાં તણાઈ ન જઈએ. સગાવાદ એટલે વેવાઈ, કાકા, બાપા, દીકરા, મિત્રો, સારા વ્યક્તિ જેવી લાગણીઓમાં અંજાઈ નથી જવાનું. આ બધી લાગણીઓ સતપંથીઓને કેમ નથી નડતી? આ બધા સંબંધો એમને વહાલા હોત તો સતપંથ છોડીને ક્યારના સનાતનમાં આવી ગયા હોત.

સતપંથ સાથે ભેળસેળિયા પ્રયાસોને જન્મવા જ ન દેવા જોઈએ. આ એક એવું મૂળ માત્ર છે જેણે આપણે ગાંઠ બાંધીને રાખવું પડશે. ક્યાંક આડકતરી રીતે ભેળસેળિયા પ્રયાસો કરવામાં આવશે. દાખલા તરીકે રાજકીય સ્તરે, વૈદકીય (મેડીકલ) સ્તરે, ગ્રામ સ્તરે, પાટીદારોની એકતા ના નામે વગેરે વગેરે. આવી કોઈ વાત તમારી સામે આવે એટલે તરતજ સાવચેત થઇ જઈને યોગ્ય નિર્ણય લેવા જોઈએ. પણ કોઈ કીમતે કોઈ પણ સંગઠનમાં સતપંથ સાથે સંબંધ જળવાઈ કે બંધાય એવા પ્રયત્નોને જડમૂળથી કાપી નાખવા પડશે.

F. વકીલોની પેનલ: સતપંથવાળાઓ હંમેશાંથી સનાતનીઓના અવાજને દબાવવા કાયદાકીય અને સરકારી માળખાનો દુરુપયોગ કરતા આવ્યા છે. ખોટા કોર્ટ કેસો, ખોટી પોલીસ ફરિયાદો અને સરકારી તંત્રનો દુરુપયોગ સામેલ છે. કેશરા પરમેશ્વરાના સમયથી સતત સનાતનીઓ વિરુદ્ધ આ પ્રક્રિયા કરવામાં આવી રહી છે. આપણી સનાતની સમાજ બની છે ત્યારથી વ્યક્તિગત કે સામાજિક સ્તરે સનાતની મોહીમને ઢીલી કરવા આ હથિયારનો પ્રયોગ સતપંથવાળા કરતા આવ્યા

છે. સનાતનીઓ ગૌરવ લેતા હોય કે સતપંથીઓ દ્વારા અનેક કેસો કરવામાં આવ્યા હોવા છતાં આપણે સતપંથ ઉપર એક પણ કેસ કર્યો નથી. જુઓ આપણે કેટલું સંયમ જાળવીએ છીએ. આપણે કેટલા સારા છીએ? ક્યાંક આવી આદર્શવાદી વાતોની આડમાં કદાચ અમુક સનાતનીઓ પોતાની નબળાઈ છુપાવી પણ હશે. આના પરિણામો સારા કરતા ખરાબ વધારે આવ્યા છે.

વર્ષો સુધી આ રીતે સનાતનીઓ પોતાની નબળાઈ છુપાવતા રહ્યા છે. એના કારણે ખોટા કોર્ટ કેસો કે પોલીસ ફરિયાદો કરવાથી સતપંથીઓ ડરતા નથી. બીજી બાજુ સનાતનીઓમાં થોડા અંશે એવો ડર ફેલાઈ ગયો છે કે આપણે સતપંથીઓ સામે બોલશું તો સતપંથવાળા આપણે ક્યાંક કાયદાની આંટીમાં ચડાવી દેશે. સતપંથીઓ તરફથી તેમની ધાર્મિક સંસ્થા પીરાણાની સંસ્થા કેસ લડે છે, સનાતનીઓને તો વ્યક્તિગત રીતે કેસ લડવો પડશે. આપણી ધાર્મિક સંસ્થા દેશલપર (વાંઢાય)નું સંસ્કાર ધામ, વાંઢાયનું માતાજીની સંસ્થા આ અંગે આપણી મદદ નહિ કરે. કેન્દ્ર સમાજ મદદ કરે છે, પણ મર્યાદિત રીતે કરી શકે છે. આવા ડરના કારણે વાદવિવાદની પરિસ્થિતિમાં સતપંથીઓ ખોટા હોય તો પણ સનાતનીઓ તેમની સામે જોઈએ એટલી મક્કમતાથી અવાજ ઉપાડી નથી શકતા.

આવી પરિસ્થિતિનો સામનો કરવા માટે આપણી ત્રણે માતૃ સંસ્થા તરફથી વકીલોની એક યોગ્ય પેનલ તૈયાર કરવી જોઈએ. સતપંથ અંગે કોઈ પણ બાબત આવે, વ્યક્તિગત હોય કે સામાજિક ફરિયાદ હોય, સનાતનીઓ તરફથી આ પેનલ આ કેસો સંપૂર્ણ રીતે સંભાળે એવી સજ્જડ વ્યવસ્થા ગોઠવવી જોઈએ. સનાતની વ્યક્તિ માત્ર સહી કરવા અને કોર્ટમાં હાજરી આપવા આવે. બાકીની તમામ તૈયારીઓ અગર આ પેનલ અને સનાતની સંસ્થાઓ સંભાળી લે તો સતપંથ સામે બોલવાની સનાતનીઓની હિંમતમાં બહુ મોટો અને સારો ફરક દેખાશે. સનાતનીઓ પોતાના વિચારો સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકશે. ખરા અર્થમાં તેમને અભિવ્યક્તિની આઝાદીનો (freedom of expression) અનુભવ થશે. સનાતનીઓનું ગૌરવ પણ ખૂબ ઊંચું થશે.

<u>G.</u> <u>બધારણમાં ચોખવટ:</u> સતપંથીઓ હંમેશાંથી સતપંથને હિંદુ ધર્મના એક પંથ તરીકે ખપાવવાની કોશિશ કરતા રહ્યા છે. ખુદ ઈમામશાહ પણ આવોજ પ્રચાર કરીને હિંદુઓને સતપંથ તરફ આકર્ષિત કર્યા હતા. ઊંઝાના ચુકાદા પછી આ દિશામાં સતપંથીઓના પ્રયાસો વધુ તીવ્ર થયાં છે. ભવિષ્યમાં આ અંગે સતપંથવાળા અમુક મોટા કાર્યક્રમો કરવા જઈ રહ્યા છે એવી વાતો પણ સાંભળવા મળી રહી છે. આ બધા પ્રયાસોના મારફતે સતપંથ હિંદુ ધર્મ છે એવી છબી ઊભી કરવાના પ્રયત્નો કરી ભવિષ્યમાં સનાતન સમાજમાં વિવાદ ઊભો કરી સતપંથીઓને સનાતન સમાજમાં લેવાના પ્રયાસો કરી શકાય એવી રમત દેખાય છે.



<u>આ પ્રયાસોમાં સતપંથીઓ સફળ ન થાય એના માટે દરેક સનાતની સમાજે પોતાના બંધારણમાં સુધારો કરી એક કલમ ઉમેરવી જોઈએ કે...</u>

"સતપંથ ધર્મ ઉર્ફે સતપંથ મત ઉર્ફે પીરાણા સતપંથ ઉર્ફે ઈમામશાહી પંથ તેમજ તેમના દ્વારા સમય સમય ઉપર અપનાવવામાં આવેલ કોઈ પણ નામથી ચાલતા ધર્મ કે પંથને આ સમાજ હિંદુ ધર્મનો ભાગ ગણતી નથી. માટે આવા સતપંથ ધર્મને માનનારા તેમજ સતપંથ સમાજ સાથે જોડાયલા લોકો આ સમાજના સભ્ય બની શકે નહીં. કોઈ પણ સનાતની સભ્ય ઉપર જણાવેલ સતપંથ ધર્મ સ્વીકારે અથવા તો સતપંથ સમાજના સભ્ય બને તો તેનું સભ્યપદ પોતાના મેળે તે દિવસથીજ રદ્દ થયેલું ગણાશે. સભ્યપદ રદ્દ થવાના કારણે એવા સભ્યને કોઈ પણ પ્રકારની વળતર કે સભ્યએ આપેલ દાનની રકમ કે સભ્ય ફી પાછી આપવામાં આવશે નહીં. આ કલમમાં ફેરફાર કરવો હોય તો શ્રી અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજ પાસેથી લેખિત મંજૂરી મેળવ્યા બાદ, બંધારણ સુધારા માટે ખાસ બોલાવવામાં આવેલ વિશેષ સભામાં સર્વાનુમતે મંજૂરી મેળવીનેજ ફેરફાર કરી શકાશે. સતપંથ અંગે શ્રી અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજના નીતિનિયમો અને આદેશોનું પાલન કરવું પણ સર્વે સભ્યોની ફરજમાં આવે છે."

<u>તેવીજ રીતે મવાળોની સળગતી સમસ્યાનો સામનો કરવા માટે નીચે પ્રમાણેની કલમ ઉમેરવી જોઈએ.</u>

સમાજમાં મવાળ એક સળગતી સમસ્યા છે. મવાળવાદી પ્રવૃત્તિ એટલે સનાતન સમાજમાં રહી સતપંથને છાવરવું તેમજ તેની પેરવી કરવી. આવી પ્રવૃત્તિઓથી સમાજને ખૂબ મોટું નુકસાન થતું હોય છે. જેનાથી સમાજનો બચાવ કરવા માટે નીચે મુજબનો નિર્ણય કરવામાં આવેલ છે.

સનાતન સમાજનો કોઈ પણ સભ્ય કે વ્યક્તિ સતપંથના ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોમાં હાજરી આપે તેમજ ભાગ લે તેમજ અન્ય કોઈ મવાળવાદી પ્રવૃત્તિમાં સામેલ હોય, તો તેવા વ્યક્તિનું સભ્યપદ રદ કરવાને પાત્ર ગણાશે. આવી મવાળવાદી પ્રવૃત્તિઓમાં અગર કોઈ વ્યક્તિ શંકાસ્પદ લાગે તો નિર્દોષ પુરવાર ન થાય ત્યાં સુધી તેનું સભ્યપદ સસ્પેન્ડ (suspend) થઇ શકે છે. કઈ પ્રવૃત્તિ મવાળવાદી છે કે નહીં એ નક્કી કરવાનો અબાધિત અધિકાર સમાજની કારોબારી સભાને છે. આ અંગે કોઈપણ પુરાવા કે સાબિતી આપવા માટે કારોબારી બંધાયેલી રહેશે નહીં. મૌખિક રીતે મળેલ જાણકારીના આધારે પણ કારોબારી કડક પગલાં ભરી શકે છે. આરોપી વ્યક્તિની પોતાના નિર્દોષતાના સંતોષકારક યોગ્ય પુરાવાઓ આપવાની જવાબદારી રહેશે.

આ અંગે કારોબારી સભાએ લીધેલ નિર્ણય સર્વોપરી રહેશે. અને આવા નિર્ણયની કોઈ પડકારી શકશે નહિ. સભ્યપદ રદ્દ થનાર વ્યક્તિને કોઈ પણ જાતની વળતર કે આપેલ દાન, સભ્ય ફી કે અન્ય કોઈ પણ જાતની રકમ પાછી આપવામાં આવશે નહીં. સમાજની કોઈ પણ મિલકત ઉપર કે સમાજ ઉપર કોઈ પણ જાતનો હક્ક કે દાવો કરી શકશે નહીં.

<u>H. માત્ર સગપણ માટે સતપંથીઓ સનાતની બને:</u> હાલમાં જે રીતે સતપંથીઓ મોટી સંખ્યામાં સનાતન સમાજમાં આવવા તૈયાર થયા છે, તેનાંથી સનાતનીઓમાં ભય નિર્માણ થયો છે. સનાતનીઓને આશંકા છે કે આ સતપંથીઓ માત્ર સગપણ કરવા માટે સનાતની બની રહ્યા છે. એક વખત તેમના દીકરા દીકરીના લગ્ન સનાતનીઓ સાથે થઇ જશે તો પાછા સતપંથમાં ચાલ્યા જશે. ભૂતકાળમાં ઘણી જગ્યાએ આવા દાખલાઓ જોવા મળ્યા છે.



આવી પરિસ્થિતિનો સામનો કરવા માટે આપણે સૌ પ્રથમ આપણી દીકરીઓને શિક્ષિત (train) કરવી પડશે. શંકાસ્પદ માજી સતપંથીઓના ઘરે આપણે દીકરી વળાવતા હોઈએ એ પહેલાં સતપંથ શું છે, તેના પ્રચારોમાં કેવી રમતો છુપાયલી છે, હિંદુ દેવ દેવીઓના નામે છેતરપિંડી કરવામાં આવી રહી છે એવની સંપૂર્ણ જાણકારી આપવી જોઈએ. સતપંથ ધર્મ ભલે પોતાને હિંદુ કે સનાતન ધર્મ કહેવડાવતો હોય તો પણ એ મુસલમાન ધર્મ છે એ આપણી દીકરા-દીકરીને બરાબર ઠસાવી દેવું જોઈએ. તેની સાથે-સાથે દુનિયાનો સર્વોચ્ચ ધર્મ એટલે સનાતન ધર્મ છે એવું તેનાં મનમાં બેસાડવું જોઈએ. સનાતન ધર્મની ઊંડી ઊંડી સારી સારી વાતોથી તેનાં મનમાં સનાતન ધર્મ પ્રત્યે ઉચ્ચ ગૌરવની લાગણી નિર્માણ થાય એવી ગોઠવણ કરવી જોઈએ. લગ્ન પછી દીકરીના સસરા પરિવાર વાળા અગર સનાતનીઓને દગો આપીને સતપંથમાં જવાનું વિચાર કરશે તો આપણી દીકરી ત્યાં પગ ભેરવીને કેવી રીતે ઊભી રહી શકે, તેનાં માટે તેને કોણ કોણ મદદ રૂપ થઇ શકે એ બધી વાતની તૈયારીઓ અને સમજણ આપણી દીકરીને આપવી જોઈએ. થનાર જમાઈને પણ ખૂબ સારી રીતે સમજાવી દેવા જોઈએ. આપણી દીકરી તેનાં સસરાંમાં સુખી રહે એવું ઈચ્છીએ છીએ, પણ આપણી દીકરીનો કોઈ દુરુપયોગ કરે એ કોઈ દિવસ સહન નહિ કરીએ, એવું વાતાવરણ સમાજમાં ઊભું કરવું પડશે.

પીરાણામાં દીકરા કે દીકરીને પગે લગાડવા લઇ જવા માટે વડીલોની માનતા છે એવું ખૂબ સરસ બહાનું કાઢવામાં આવે છે. આવી માનતાઓજે કોઈ હોય એ તમામ માનતાઓ સનાતન સમાજમાં આવી ગયા બાદ પૂરી થઇ ગઈ છે એવું સમજાવી દેવું અને હવે કોઈ આવી માનતા ઉતારવાની બાકી રહેતી નથી એવું ચોખ્ખું કહી દેવું જોઈએ.

<u>I. રાજકીય અને ધાર્મિક સંસ્થાઓમાં સક્રિયતા વધારવી:</u> ઊંઝાના ચુકાદામાં મળેલ હારના કારણે સતપંથીઓ મુસલમાન છે એવું પુરવાર થઇ ગયું છે. માટે હવે સતપંથીઓ રાજકીય અને હિંદુ ધાર્મિક સંસ્થાઓમાં વધુ સક્રિય ભાગ ભજવીને પોતાના પગ એ સંસ્થાઓમાં મજબૂત કરવા પ્રયત્નો કરશે. ભાજપ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિંદુ પરિષદ (BJP, RSS, VHP) અને સાધુઓની સંસ્થાઓમાં સતપંથીઓ ખૂબ ઊંડા ઊતરી ગયા છે. સનાતનીઓને માનવું પડશે કે આ મોરચામાં સતપંથીઓ તેમનાથી આગળ છે.

પણ આ મોરચામાં પણ સતપંથીઓને હરાવી શકાય એમ છે. હાલમાં પૈસાના જોરે સતપંથવાળા હિન્દુ સાધુ સમાજ, BJP, RSS, VHP જેવા સંગઠનોમાં ઘૂસ્યા છે. ધીરે ધીરે સનાતનીઓએ પણ આવી સંસ્થાઓમાં ઘૂસતા જવું પડશે. આમાં સનાતનીઓની સંખ્યાબળનો ભરપૂર લાભ લઇ શકાય. આવી સંસ્થાઓમાં ઘૂસ્યા બાદ માથું નીચું રાખીને કામ કરતા રહીને ધીરે ધીરે પોતાના પગ જમાવતા જવું પડશે. પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે સનાતનીઓની સંખ્યાબળનો તેમજ અન્ય શક્તિઓનો લાભ લેતા રહેવું પડશે. બીજી બાજુ સતપંથીઓના વખાણ કરી તેમને બને એટલા ખર્ચમાં ઊતરતા જવાના. એક સમય આવશે કે જ્યારે સતપંથવાળા જરૂર નબળા પડશે. આવો સમય આવે એટલે પૂરી ખાતરી કરીને તેમના પર યુક્તિ પૂર્વક એવું દબાણ નાખવું કે તેમની કમર જ તૂટી જાય. તેઓને આવી સંસ્થામાંથી નીકળી જવું પડે એવી પરિસ્થિતિ નિર્માણ કરી નાખવી. આવી પરિસ્થિતિ વચ્ચે સતપંથની સાચી પોલ એ સંસ્થાના આગેવાનો સામે ખોલી દેવાની. જેથી સંસ્થામાં સતપંથીઓ અણગમતા થઇ જાય અને સંસ્થાની છત્ર છાયાનો જે ખોટો લાભ એ લોકો લેતા હતા એ છિનવાઈ જાય.

<u>J. બાજી પલટાવી નાખવી:</u> ઊંઝાનો ચુકાદો પછી અને ખાસ કરીને તા. ૨૬-ઓગસ્ટ-૨૦૧૮ની વિશેષ સભા પછી સતપંથીઓની પ્રતિક્રિયા અને તેમના દ્વારા લેવામાં આવેલ પગલાં આપણી અપેક્ષા પ્રમાણેનાં જ નીવડયાં. સનાતનીઓને

ખબર હતીજ કે સતપંથીઓ ઊંઝાના ચુકાદાનું પાલન નહીં કરે. તેઓએ જે વ્યૂહરચના તૈયાર કરી છે તેમાં એક મૂળભૂત ખામી છે. આ ખામીનો લાભ લઇને તેમની બાજી પલટાવી શકાય એમ છે. લાંબા ગાળે એમની વ્યૂહરચના એમના જ વિરુદ્ધ જશે. સ્વાભાવિક છે કે આ ખામીની ચર્ચા હાલ જાહેરમાં કરવી યોગ્ય નથી. સમય આવશે ત્યારે એની પણ ચર્ચા કરીશું.



હોંશિયારી પૂર્વક બાજી પલટાવી નાખવી

સનાતનીઓ અગર યુક્તિ પૂર્વક પગલાં ભરશે તો સતપંથની વ્યૂહરચનાની ખામીઓને સપાટીમાં લાવવા વેગ આપી શકશે. એનાથી એમનો યુવાવર્ગ મૂંઝવણમાં એવો ફસાઈ જાય કે સતપંથ ઉપર વિશ્વાસ ખોઈ દે અને આદર-સન્માન પણ ખોઈ દે. આ પુસ્તકમાં ઘણી જગ્યાએ જોવા મળશે કે સતપંથએ પોતાના બચાવમાં હંમેશાં જૂઠ, છેતરામણી અને તાકિયાનો સહારો લીધો છે. સતપંથ એક મુસલમાન ધર્મ છે એવી વાત કરીને પોતાનો સાચો બચાવ ક્યારે કર્યો નથી. આવડા વર્ષો તેઓ સફળ રહ્યા. પણ હવે જ્ઞાતિમાં બધાને ખબર પડી ગઈ છે કે સતપંથનો પાયો નબળો છે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના હિંદુઓ જે **૫૦૦-૫૦૦ વર્ષથી સતત બેવકૂફ બની રહ્યા હોય એવા સતપંથ ધર્મમાં કોઈ ગૌરવ નજ હોય.** આવી વાતોથી લોકોને અવગત કરીને જ્યાં બને ત્યાં સતપંથીઓ માટે મીઠી/સૌમ્ય શરમ અને અકળામણની પરિસ્થિતિ નિર્માણ કરી શકાય. જેથી કરીને તેઓને સનાતન સમાજમાં આવવાની ઈચ્છા જાગે.

એવું વાતાવરણ બનાવું જોઈએ કે જનાથી સતપંથીઓને એવું લાગે કે સનાતનીઓ આગળપડતા, હોશિયાર અને ઉચ્ચ છે. તેની સામે સતપંથીઓ હજી ઘણા પાછળ છે, જે મહદ અંશે હકીકત પણ છે. એક વાત તો સ્પષ્ટ છે કે સમાજ કલ્યાણના નવા નવા અદ્‌ભુત વિચારો અને પગલાંઓ ભરવામાં સનાતન સમાજેજ પહેલ કરી છે. જ્ઞાતિમાં સામાજિક સંગઠનની સ્થપના, કેળવણીનો વ્યાપ વધારવાથી લઇને યુવાસંઘથી માંડીને યુવા સુરક્ષા કવચ (YSK) જેવા ક્રાંતિકારી કાર્યક્રમો પહેલાં સનાતન સમાજે અમલમાં મૂક્યા અને પછી સતપંથ સમાજે માત્ર નકલ કરી છે. સતપંથીઓ ભલે પોતાને સારા બતાવવા માટે મોટી મોટી વાતો કરતા હોય, પણ વાસ્તવિકતા તમારા સામે છે.

<u>K. સંયમ જાળવવો:</u> સનાતન સમાજના પ્રેમથી સમજાવટ ભર્યું વલણના (જેણે આ પુસ્તકમાં સરળ શબ્દોમાં સમાજવા માટે "દબાણ" કહેવામાં આવ્યું છે) કારણે સતપંથમાં ફસાયેલો સામાન્ય/નબળો વર્ગ સનાતન સમાજમાં ભળી ગયો. હવે સતપંથમાં એવો વર્ગ બચ્યો છે જે સામાજિક રીતે કે આર્થિક રીતે મજબૂત છે. કારણકે સમાજના દબાણની આસાર આવા વર્ગ ઉપર મોડી થાય. જેનાથી દબાણની અસર બહાર દેખાવામાં થોડો વધુ સમય લાગશે. સનાતન સમાજે દબાણ ચાલુજ રાખવું પડશે. સતપંથના મજબૂત વર્ગનું હાલમાં કંઈ અટકતું નથી, એટલે એ લોકો સનાતનમાં જલદીથી આવશે નહીં. એ લોકો બેઠા બેઠા બીજા લોકોને બગાડતા રહેશે. એમના આસરા ઉપર જેમની રોજી રોટી ચાલતી હોય, એવા લોકો પણ સનાતન સમાજમાં નહીં આવે.

પણ પરિસ્થિતિ જરૂર બદલે છે. મજબૂત માણસનો પણ ખરાબ સમય આવે. એમના સનાતની સગાંસંબંધી મારફતે દબાણ ચાલુ થાય. તેમને સગપણમાં પણ તકલીફ થવાનીજ છે. માટે સનાતની સમાજ "દબાણ" ચાલુ રાખશે તો ક્યાંકને ક્યાંક તેમને વાત સમજાશે અને છેવટે સનાતન સમાજમાં આવી જશે. ફરક માત્ર એટલો છે કે પ્રક્રિયા થોડી લાંબી ચાલશે. માટે સંયમ જાળવવો પડશે.



1. સૈધ્દાંતિક અને માનસિક સશક્તિકરણ લાવવું જોઈએ. સતપંથ ધર્મ ઉપર સતપંથીઓ અને સનાતનીઓ વચ્ચે થતી ચર્ચાઓમાં એવું જોવા મળે છે કે સનાતનઓને વિષયનું પૂરું જ્ઞાન ન હોવાના કારણે તેઓ બોલી નથી શકતા. સતપંથીઓ તરફથી થતી યુક્તિ પૂર્વક દલીલોને ઓળખવામાં સનાતનીઓ ક્યારેક નબળા પડી જાય છે. સતપંથની યુક્તિ પ્રયુક્તિઓની પૂરે પૂરી ખબર ન હોય એટલે સનાતનીઓ મક્કમતાથી બોલી નથી શકતા. અગર કોઈ વ્યક્તિ થોડી હિંમત દેખાડીને સતપંથ સામે દલીલ કરવા પ્રયત્ન કરે અને ક્યાંક કોઈ મુદ્દા ઉપર અટકી જાય, ત્યારે એવા વ્યક્તિને અન્ય લોકો વચ્ચે મજાકમાં ખપાવી તેનું અપમાન કરી તેનું મનોબળ તોડવામાં આવે છે. લોકોની વચ્ચે ઊડતી આવી હસીના કારણે બીજા લોકો પણ સતપંથના વિરુદ્ધમાં બોલવાની હિંમત ન કરે? એટલે સમાજમાં એક એવું વાતાવરણ નિર્માણ થાય કે જેનાથી લોકો બોલવા લાગે કે મૂકોને સતપંથીઓ સાથે કોણ માથાકૂટ કરે. પરિણામે સતપંથીઓ પોતાનું જૂઠ ચલાવવામાં ફાવી જાય.

2. આવી પરિસ્થિતિનો સામનો કરવા માટે આપણે દરેક સનાતનીને સિંહ બનાવવા છે. સનાતનીઓ એવી મક્કમ અને ઠોસ રજૂઆત કરતા થાય કે સતપંથીઓ તેમની સામે સતપંથ ધર્મનો વિષય કાઢતાં ડરે. આપણા બાળકો માટે ખાસ શિક્ષણ શિબિરો રાખવી પડશે, જેમાં તેમને સનાતની સંસ્કાર પીરસવામાં આવે. પોતાના ધર્મ માટે કટ્ટરતા આવે અને સ્વાભિમાન ભર્યું મક્કમતાથી ધર્મના રક્ષણ માટે ચર્ચામાં ઊતરી શકે, તેવી ક્ષમતા વિકસાવતી જોઇશે. તેમજ સંઘર્ષમાં પણ ભાગ લઇ શકે. દરેક પરિવારના વડા સમાજ સાથે સંપર્કમાં રહે, એવી વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે.

3. આવું કરવા માટે સતપંથ વિષયના જાણકાર વ્યક્તિઓની ખાસ ફરજ છે કે સનાતનીઓને એવા મુદ્દાઓ આપે અને એવી સમજ આપે કે જેના દમ ઉપર કરવામાં આવેલ દલીલમાં સનાતનીઓનો હાથ હમેશાં ઉપર રહે. સનાતનીઓનો આત્મવિશ્વાસ એટલો ઊંચો પહોંચે કે જેનાથી સતપંથનો વિરોધ કરવા માટે લોકો હમેશાં તૈયાર રહે. કોઈ જાતનો તેમને સંકોચ કે કોઈ ડર ન રહે. સનાતનીઓને માત્ર જાણકારી આપવાની જરૂર છે અને તેની સાથે દસ્તાવેજી આધાર પુરાવાઓ આપીએ તો સનાતનીઓનો હાથ દલીલોમાં ઉપર રહેશેજ.

4. આપણે લોકોને સૈધ્દાંતિક અને માનસિક રીતે સશક્ત કરવા છે, જેથી કરીને સતપંથનો વિરોધ ખુલ્લે આમ કરી શકે. આ રીતે સનાતન સમાજને અંદરથી મજબૂત કરવાનો છે. આ પુસ્તક પ્રકાશિત કરવા પાછળનો એક માત્ર મુખ્ય હેતુ આ છે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં શાંતિ, સુખ, પ્રગતિ, નિરાંતની ઊંઘ, એક બીજા પર વિશ્વાસ, એકતાની સાચી મીઠાશ જોઈતી હશે અને જીવન જીવવાની મઝા માણવી હશે તો સનાતનીઓને મજબૂત થવું પડશે. ભવિષ્યની લડાઈને રોકવા માટે આજે તૈયારી કરવી પડશે.

સતપંથ સમસ્યાનો સામનો કરતી વખતે આપણને ધ્યાનમાં રાખવા લાયક અમુક મહત્ત્વના મુદ્દાઓ છે. આ મુદ્દાઓ ઉપર આપણે ખૂબજ બારીકાઇથી ધ્યાન રાખશું તો આપણે સતપંથ સામેના સંઘર્ષનો મજબૂતાઈથી સામનો કરી શકશું, એમાં બેમત નથી. અગાઉ જણાવ્યા પ્રમાણે સમય સમય ઉપર આ વિષય ઉપર સતત ચિંતન મનન ચાલુ રાખવું ખૂબજ જરૂરી છે.

વિભાગ ૨
Section 2

ઉમિયા માતાજી ઊંઝાના પંચો સામે રજુ કરેલ દસ્તાવેજો

This page is intentionally left blank

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

તા.: ૧૩-માર્ચ-૨૦૧૬

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી,
ઉમિયા માતાજી સંસ્થાન – ઊંઝા.

આદરણીયશ્રી,

સંદર્ભ :- પીરાણા સતપંથ બાબતે વર્ષોથી ચાલતા વિવાદો ઉકેલવા આપનો તા.૨૫-૦૬-૨૦૧૫નો મળેલ પત્ર

વિષય :- પીરાણા સતપંથની મૂળ જાણકારી તથા આપણી જ્ઞાતિ અને અમારા સમાજે ભોગવેલી યાતનાઓ અને વિટંબણા તેમજ અનુભવોનો નીચોડ

જય માતાજી,

1. **વિધર્મીઓનું ભારતમાં આગમન અને હેતુ:** ભારતના સનાતન હિંદુ ધર્મ વડે લોકોની અજોડ ધાર્મિક, આધ્યાત્મિક, નૈતિક, બૌધિક અને આર્થિક સમૃદ્ધિથી આકર્ષાઈને વિધર્મીઓ ભારતમાં આવ્યા. પોતાની સત્તા અને દબદબો મજબૂત કરવા માટે વિધર્મીઓએ જોયું કે, જ્યાં સુધી ભારતમાં અમારો ધર્મ પાળતા સ્થાનિક લોકો નહિ હોય ત્યાં સુધી અમે ફાવી નહીં શકીએ અને હિંદુ ધર્મને પછાડી નહીં શકાય. તેનું કારણ એ હતું કે હિંદુ ધર્મના મુલ્યો એટલા ઊંચા હતાં કે ઇસ્લામ તેની બરાબરી કરી શકતું ન હતું. તે ઉપરાંત હિંદુ ધર્મની વર્ણવ્યવસ્થા એવી મજબૂત હતી કે જે માણસ અન્ય ધર્મ અપનાવવાના કારણે જો પોતાના સમાજથી વિમુખ થાય તો તેનું ટકી રહેવું અસંભવ બની જતું.

2. **વિધર્મીઓ દ્વારા ઇસ્લામનો પ્રચાર અને હિન્દુઓનું ધર્મ પરિવર્તન:** આવી પરિસ્થિતિમાં ઇસ્લામના પ્રચારકોએ એવી યુક્તિ શોધી કાઢી કે જેનાથી મજબૂત વર્ણવ્યવસ્થા ભેદી શક્યા અને ઇસ્લામમાં ધર્મપરિવર્તન કરવાનું કામ સહેલું કરી લીધું. તે યુક્તિ એવી ઘાતક હતી કે ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિ પોતાના હિંદુ સમાજમાં જ રહીને ઇસ્લામ ધર્મ પાળી શક્યો. **એ યુક્તિનું નામ છે સતપંથ...** સુન્નીઓ તલવારને જોરે તેમજ શિયાઓ યુક્તિ-પ્રયુક્તિના જોરે ધર્માંતરણ કરાવતા, તેનો જ શિકાર આપણી જ્ઞાતિ બની. શિયા મુસ્લિમના પેટા શાખા ઈસ્માઈલી તેની પેટા શાખા નીઝારીની એક પેટા શાખા એજ સતપંથ ધર્મ છે.

દાખલ તારીખ
૧૩.૩.૦૧૬

મેનેજર
કડવા પાટીદાર કુળદેવી
શ્રી ઉમીયા માતાજી સંસ્થાન,
ઉંઝા-૩૮૪૧૭૦ (ઉ.ગુ.)

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

3. **<u>ઈરાનથી આવેલ મુસ્લિમોની તાકિયા પદ્ધતિ:</u>** સતપંથ ધર્મનો એવો ઢાંચો તૈયાર કરવામાં આવ્યો છે કે તેનું સ્વરૂપ અને બાહ્ય આચારો-વિચારો હુબહુ હિંદુ ધર્મ જેવા જ રાખ્યા. જેમાં રામ, કૃષ્ણ, બુદ્ધ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે હિંદુ દેવોનાં નામનો ઉપયોગ કર્યો. જો ઊંડાણમાં ઉતરશો તો ગુપ્ત રીતે અલ્લાહના સ્વરૂપને જ પૂજવાની વ્યવસ્થા ગોઠવી છે. હિંદુ દસાવતારને ભ્રષ્ટ કરી તેમાં ઇસ્લામીકરણ ઘુસાડી સતપંથનો મૂળ ધાર્મિક ગ્રંથ દસાવતાર બનાવાયો. તેમાં હજરત અલીને ભગવાન વિષ્ણુનો ૧૦મો અવતાર સાથે હજરત અલીની પત્ની-બીબી ફાતિમાને માં આદ્યશક્તિ કહ્યાં છે. આ બધી પદ્ધતિને ઇસ્લામમાં તાકિયા કહે છે, જેમાં છેતરામણીનો પુરેપુરો ઉપયોગ કરવાની બધી જ રીતે છૂટ છે. આવા ધર્મના ઢાંચાના કારણે સતપંથના અનુયાયીઓ હિંદુ દેખાવ જાળવીને હિંદુ સમાજમાં રહી શક્યા અને કોઈ જાણે નહિ તેમ ઇસ્લામ ધર્મ પાળી શક્યા. આવી રીતે હિંદુ ધર્મને ભેદવામાં સતપંથ સફળ રહ્યો.

4. **<u>પીરાણા સતપંથ ધર્મની સ્થાપના:</u>** સતપંથ ધર્મનો અભિગમ આગળ ધપાવવા માટે ઇમામુદ્દીન અબ્દુરરહીમ સૈયેદ ઉર્ફે ઈમામશાહ બાવા ઈરાનથી ગુજરાત આવી પીરાણા સતપંથ ધર્મની સ્થાપના કરી. તેઓ ઘણા હિન્દુઓને વટલાવવામાં સફળ રહ્યા. કડવા પાટીદાર જ્ઞાતિનો કેટલોક વર્ગ ઇમામુદ્દીન (ઈમામશાહ)નો શિકાર બન્યો.

5. **<u>પૂર્વજોનું સતપંથ ધર્મનો સ્વીકાર અને કચ્છ તરફ સ્થળાંતરની ફરજ:</u>** અંદાજે ૫૦૦ વર્ષ પૂર્વે, હાલના કચ્છ કડવા પાટીદાર સમાજના પૂર્વજો, ઉત્તર ગુજરાત થી ચરોતર વચ્ચેના વિસ્તારમાં રહેતા હતા. તે સમયે સતપંથ ધર્મ અંગીકાર કરવાથી આપણા જ ભાઈઓએ અમારા પૂર્વજોને તિરસ્કૃત/અપમાનિત/હડધુત કરવામાં આવ્યા તેથી કચ્છમાં જવાની ફરજ પડી. છતાં અમારા અમુક પૂર્વજો સમયે સમયે જ્ઞાતિને ચેતવતા રહ્યા અને આ દોજખમાંથી બહાર કાઢવાના સુધારાવાદી પ્રયત્નો કરતા રહ્યા. તેમાં મુખ્ય પૂર્વજો હતા....
   1. વિશ્રામભાઈ નાકરાણી *(જેમણે જ્ઞાતિને મુસ્લિમ થતા બચવા માટે સૈયેદોની મનાઈ છતાં જન્માષ્ટામીનો તહેવાર છોડવો નહીં અને માંસ નહીં ખાવું તેવું જ્ઞાતિને વચનબદ્ધ કર્યા)*
   2. કેસરા મુખી સાંખલા *(જેમણે સતપંથ છોડાવીને સ્વામીનારાયણ સંપ્રદાય તરફ જ્ઞાતિને વાળવા પ્રયત્ન કર્યો)*

3. નારાયણ રામજી લીંબાણી *(જેમણે પુસ્તક પ્રકાશિત કરીને પીરાણા સતપંથની પોલ દુનિયા સામે ખોલી અને સમજાવ્યું કે પીરાણા સતપંથ ધર્મ એ હિંદુ ધર્મ નથી. જે વાંચવાથી કોઈપણ હિંદુનું હૃદય દ્રવી ઉઠશે. સતપંથ એ હિંદુ ધર્મ નથી પણ હિંદુઓને વટલાવીને મુસ્લિમ બનાવાનો એક પ્રપંચ જ છે. આમ તેમણે જ્ઞાતિને વૈદિક સનાતન ધર્મનો રાહ ચીંધ્યો)*
4. રતનશી ખીમજી ખેતાણી *(જેમણે સંતશ્રી ઓધવરામ મહારાજની સલાહ પ્રમાણે જ્ઞાતિમાં કુળદેવી ઉમિયા માતાજીનો પ્રચાર કર્યો અને લક્ષ્મીનારાયણ ભગવાનને ઇસ્ટ દેવ તરીકે જ્ઞાતિમાં પ્રસ્થાપિત કર્યા)*

6. <u>જ્ઞાતિમાં સનાતન ધર્મ બાબતે જાગૃતિ અને ક્રાંતિ:</u> ઉપરોક્ત ચળવળોના પરિણામે સનાતન ધર્મની જબરદસ્ત જાગૃતિ જ્ઞાતિમાં ફેલાઈ. એવા સમયે સંત લાલરામજીના કહેવાથી તેમના પટ શિષ્ય સંત ઓધવરામ મહારાજ અને વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી જ્ઞાતિમાં બહુ મોટી સફળ ક્રાંતિ લાવ્યા. તેના કારણે ગામે ગામમાં સતપંથના ખાનાઓ હટાવી લક્ષ્મીનારાયણ મંદિરો બન્યાં. ત્યારબાદ શુદ્ધ સનાતની સમાજની સ્થાપના કરાઈ જે આગળ જતાં સન ૧૯૬૦માં કાયદેસર રૂપ આપી આજની શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની સ્થાપના થઇ.

7. <u>મહદ અંશે જ્ઞાતિમાં જાગૃતિ હોવા છતાં, અમુક સતપંથીઓનું અકડ વલણ:</u> આ સફળ ચળવળના પરિણામે ગામે ગામમાં સનાતની સમાજો બનવા લાગી, જેમાં બહુ મોટો વર્ગ જોડાઈ ગયો. સતપંથીઓ અલ્પ સંખ્યામાં રહી ગયા. આ સ્થિતિમાં પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે સતપંથીઓ સહાનુભૂતિ ધરાવતી ચાલ રમ્યા. આજથી લગભગ ૬૦-૭૦ વર્ષ પહેલાં સતપંથ અને સનાતન સમાજ સંપૂર્ણ રીતે જુદા થઈ ગયા હતા, ત્યારે એવી રજૂઆત સતપંથી લોકોએ કરી કે અમો બધા સનાતન સમાજમાં ભળી જઈશું. પણ સતપંથ ધર્મમાં આસ્થા ધરાવતા અમારા વડીલો જ્યાં સુધી હયાત છે ત્યાં સુધી અમને છૂટ આપો. આ માત્ર છેતરામણીભરી ઇસ્લામી તાકિયાની ચાલ હતી જેને અમારા વડીલો ઓળખી શક્યા નહીં અને સતપંથીઓ પ્રત્યે અમારા સનાતની વડીલોએ સહાનુભૂતિભર્યું વલણ રાખી કેટલીક છૂટછાટો આપી. આવી રીતે સનાતની સમાજ (આજની કેન્દ્રીય સમાજ)ની આડસમાં રહીને

પોતાને હિંદુ તરીકે ઓળખવતા રહ્યા પણ અંદરખાનેથી પીરાણા સતપંથ ધર્મને જ વફાદાર રહ્યા.

8. **પીરાણા સતપંથીઓની ભ્રામક જાહેરાતો અને પ્રચાર:** જ્યારે જ્યારે સતપંથ સામે વિરોધ જાગતો ત્યારે સુધારાને નામે ફક્ત નવા નામો શોધી શોધીને છેતરપીંડી કરવામાં આવતી. જેમ કે જમાતખાના (ખાનું) – જગ્યું – જ્યોતીધામ – જ્યોતિમંદિર – અથર્વવેદમંદિર – સતપંથમંદિર – સતપંથસનાતન મંદિર - નિષ્કલંકી નારાયણ મંદિર વગેરે... આમ છેલ્લાં ૫૦-૬૦ વર્ષમાં તેમના ધાર્મિક સ્થાનોના નામોને ઘણી વખત બદલવામાં આવ્યા છે. એટલુજ નહીં પીરાણા સતપંથના સ્થાપક સૈયદ ઇમામુદ્દીન અબ્દુરરહીમ સૈયદને પણ સમયે સમયે ઈમામશાહ બાવા, સદગોર, સદગુરુ, બ્રહ્મસ્વરૂપ અને છેલ્લે હવે ઈમામશાહ મહારાજ વગેરે નામોથી સંબોધીને હિન્દુઓને ભ્રમિત કરવામાં આવે છે. એવા ફેરફારોથી હિન્દુને અને હિંદુ સંગઠનોને પણ છેતરે છે. આમ પોતાનું નકલી હિંદુ ઓળખવાળું અસ્તિત્વ ટકાવવાના માત્ર હવાતિયા જ છે. જેમાં તેઓ સફળ રહ્યા છે. તે ઉપરાંત દસોન્દ-વિસોન્દની આવકના કારણે ઉભી થયેલ આર્થિક મજબૂતીના જોરે વ્યવસાયિક ધોરણે સાધુ સંતો, વિદ્વાનો, પ્રચારકો વગેરે તેમજ રાજકીય, હિંદુ ધાર્મિક અને સામજિક સંગઠનોના સહયોગથી એક એવું સજ્જડ માળખું ઉભું કર્યું છે કે જેનાથી સનાતનીઓને ભરમાવાનું કામ સહેલું બન્યું છે.

9. **તાકિયાનો વારંવાર ઉપયોગ:** વર્ષ ૧૯૮૩-૮૪ સુધી સતપંથીઓ ઉપર સનાતની સમાજનું દબાણ હોવાના કારણે સતપંથ સમાજ સીમિત થતો ગયો. આ સ્થિતિમાં પીરાણાની ગાદી પર કરસન કાકાને બેસાડવામાં આવ્યા. ત્યારના ધર્મગુરુ સૈયદ સમસુદ્દીન અહેમદ અલી ખાકીના દોરી સંચાર પ્રમાણે સતપંથ ધર્મનો બાહ્ય દેખાવ વધુ હિંદુ ધર્મ જેવો કરવામાં આવ્યો. ખોટી રીતે હિંદુ છબી ઊભી કરવા માટે ઇસ્લામી તાકીયાનો ભરપુર ઉપયોગ થયો. તેમાં મુખ્યત્વે સતપંથના ધાર્મિક પુસ્તકોનું હિન્દી/ગુજરાતી/સંસ્કૃત શબ્દોમાં અનુવાદિત કર્યાં. ધર્મનાં મૂળ પુસ્તકોમાં જ્યાં જ્યાં ઇસ્લામી/ઉર્દૂ/અરબી શબ્દો હતા તેને હટાવીને સમાનાર્થી હિંદુ/ભારતીય શબ્દો મૂકી દેવામાં આવ્યા. પણ મૂળ ઇસ્લામી અંશો ટકાવી રાખવામાં આવ્યા. આ અંગે ઘણાં લેખકો અને ઈતિહાસકારો તેમજ સંશોધનકારોના દસ્તાવેજો તે બનાવટી ચાલનું અનુમોદન કરે છે.

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

10. <u>નિષ્કલંકી નારાયણની સાચી ઓળખ હજરત અલી તરીકેની:</u> જેમકે હજરત અલીની જગ્યાએ નિષ્કલંકી નારાયણ, અલ્લાહની જગ્યાએ હરી, બીબી ફાતિમાની જગ્યાએ આદ્યશક્તિ (ઉમીયામાં), પીરની જગ્યાએ સદગુરૂ જેવા ભ્રામક હિંદુ નામો અપનાવ્યા. પરિણામે બાહ્ય હિંદુ દેખાવથી આકર્ષાઈ અમારા જ સનાતનીઓ ભોળવાયા અને સતપંથને **ફરીથી પાળવા** લાગ્યા. કરસન કાકા અને સૈયદ સમસુદ્દીન અહેમદ અલી ખાકીની તાકિયાની ચાલ કામ કરી ગઈ. કચ્છ અને ગુજરાતના કંપાના ગામે ગામ સતપંથના ખાનાઓ જેમને તેઓ નિષ્કલંકી નારાયણના મંદિર તરીકે ઓળખાવે છે તેમાં ઈમામશાહ બાવાની કબરના પ્રતિક રૂપે પાટ રાખવામાં આવે છે, જેણે બ્રહ્માજીનો પાટ તરીકે ઓળખાવે છે. તેની બાજુમાં બીબી ફાતિમાની (જેણે આધ્યા શક્તિ કહે છે) જ્યોત પીરાણાથી લાવીને રાખવામાં આવે છે અને પોતાની હિંદુ તરીકેની છબી ઉપસાવવા માટે, ઉમિયા માતાજીની છબી રાખીને ભરપુર દુરુપયોગ કરવામાં આવે છે. હવે નિષ્કલંકી નારાયણની સાચી ઓળખ હજરત અલી તરીકે આમ જનતામાં ઉઘાડી પડતાં સતપંથના સભ્યો શર્મ અનુભવી રહ્યા છે. **તો હવે પછી કદાચ તેના ધાર્મિક સ્થાનોને ત્રિદેવ મંદિર તરીકે ઓળખાવે તો તેમાં નવાઈ નહીં!**

11. <u>પીરાણા સતપંથ દ્વારા હિંદુ સંગઠનોને ભરમાવ્યા:</u> આવી રીતે હિંદુ દેખાવનો સહારો લઈને ઘણાં હિન્દુઓને મુસ્લિમ ધર્મના રસ્તા પર ચાલતા કરી દેવામાં આવ્યા. અમારી જ્ઞાતિના છેલ્લા ૩૦ વર્ષની ઘટનાઓને ધ્યાને લેશો તો જણાશે કે ઘણાં ગામોમાં સતપંથનાં કહેવાતા મંદિરો બંધાયા છે. દસોન્દ વિસોન્દના પૈસાને જોરે હિંદુ સંગઠનોને ભરમાવી, સાધુ-સંતોને આગળ રાખીને સંત સંમેલનો યોજવામાં આવે છે. જેમાં સતપંથ ધર્મનો પ્રચાર કરવામાં આવે છે જેથી સનાતનીઓની ગેર સમજથી પીરાણાના કાર્યક્રમોમાં જોડાય છે, જેમાં વારી યજ્ઞના નામે પીરાણાની કબરની માટીથી, હિંદુ સમાજને ભ્રસ્ટ કરનાર, ગોળીનું પાવળ બનાવીને પીવડાવવામાં આવે છે. આવા કાર્યક્રમમાં સનાતનીઓ સહયોગ કરી બેસે છે અને સતપંથ હિંદુ ધર્મ છે તેવો ખોટો સંદેશો જાય છે. જેના કારણે વિવાદ ઊભા થાય છે. અમારા વડીલોની લાગણી અને ભલમનસાઈનો દુરઉપયોગ કરી સતપંથીઓ અમારી સાથે મોટો દગો કરી રહ્યા છે.

12. <u>પીરાણા સતપંથ દ્વારા સનાતની સમાજમાં વાદવિવાદ:</u> આવી સફળતાથી સતપંથીઓની હિંમત વધી ગઈ. હવે સનાતનીઓની સમાજો અને સંસ્થાઓ તેમના નિશાના પર હતા.

સનાતનીઓ અને સતપંથીઓ વચ્ચેના સબંધોનો ઉપયોગ કરીને સતપંથીઓ સનાતની સમાજો અને સંસ્થાઓમાં સત્તા પર કબજો કરવા લાગ્યા. સત્તા પર આવ્યા બાદ સનાતની કાર્યક્રમોમાં ખોટા વાદવિવાદ કરવા લાગ્યા તેમજ સતપંથી તરફી કાર્યક્રમોને પ્રોત્સાહિત કરવા લાગ્યા. સનાતનીઓને આ વાતની જાણ થઇ જયારે અવાજ ઉઠવા લાગ્યા ત્યારે તેઓને સમાજ તોડું, એકતાના વિરોધી, અસામાજિક તત્વો જેવા વિશેષણો આપી તેમને બદનામ કરી સનાતની અવાજને દબાવા ચાલ રમવા લાગ્યા. સાથે સાથે સનાતની અવાજ ઉપાડનાર નેતાઓના વિરુદ્ધમાં ખોટી પોલીસ ફરિયાદો અને ખોટા કોર્ટ કેસો કરી, ધાક-ધમકી આપી, તેમને હેરાન પરેશાન કરવાના કાવતરાઓ કરે છે. જેથી કરીને તેઓ કંટાળી જાય અને સતપંથ વિરુદ્ધમાં કશું બોલે નહીં. તે જ રીતે ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા તેમજ વાંઢાયની કારોબારીમાં પણ સતપંથી વધુ સંખ્યામાં રહે તેવી પેરવી કરતા રહે છે.

13. <u>**સનાતનીઓને ખોટી રીતે હેરાન પરેશાન કરવાના પ્રયત્નો:**</u> આવી જ રીતે અમારી કેન્દ્રીય સમાજ, અમારી માંડવી હોસ્ટેલ, મોડાસા ઉમીયામાતાજીનું મંદિર, રવાપર-નવાવાસ વાડી, કાદીયા, કોટડા, નાની વિરાણી, મંગવાણા લગભગ દરેક મુખ્ય ગામો તથા ગુજરાતના કંપાઓમાં ખોટા કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદોના દમ પર સમાજો અને લોકો પર અત્યાચાર ગુજારવામાં આવે છે. જે લોકો સતપંથની સચ્ચાઈ લોકો સામે બાહર લાવે અને જે લોકો સનાતન ધર્મનો પ્રચાર કરે, તેમને ઢીલા પાડવા હેતુ અને તેમનું કામ બંદ કરવા હેતુ, તે લોકો સામે, પણ ખોટા કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદો કરવામાં આવે છે. આવા અત્યાચારોથી લોકો કંટાળી જાય અને સારા લોકો સમાજમાં રસ લેતા બંધ થાય ત્યારે તેનો દોર સતપંથીઓ પોતાના હાથમાં લઈ સનાતાનીઓને નુકસાન પહોંચાડવાનો મકસદ હોય છે.

14. <u>**સનાતની સમાજને સતપંથના દૂષણોથી કેમ બચાવવી:**</u> હાલની પરિસ્થિતિ એવી ખરાબ છે કે જો આ બધું અટકાવવાના પગલાં ભરવામાં નહીં આવે તો આ જ્ઞાતિમાં સતપંથ રૂપી સડો એટલો ફેલાઈ જશે કે એક દિવસ જે રીતે સતપંથ ધર્મ પાળીને લોહાણાઓ ખોજા મુસલમાન થયા તેમજ બ્રાહ્મણો વોરા-મુસલમાન થઇ ગયા તે રીતે આ જ્ઞાતિ પણ મુમના રૂપે મુસલમાન થઇ જશે. આનો ઉકેલ એજ છે કે સતપંથ સાથે તમામ સામાજિક સંબંધો ત્વરિત કાપી નાખવામાં આવે, રોટી-બેટીના નવા સંબંધો પર રોક લગાડવામાં આવે, સહિયારી

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

સામાજિક મિલકતોના ઉભી ન કરવમાં આવે, તો જ સતપંથના પ્રપંચથી આ સમાજ બચી શકશે. જો રોટી-બેટીના સબંધ કાપવા જેવા કડક પગલાં લેવામાં નહિ આવે, તો આ જ્ઞાતિના સનાતનીઓ પણ ભરમાઇને પીરાણા સતપંથમાં આવતા જતા થશે અને કાળક્રમે લોકો સતપંથ ધર્મ પાળતા થઇ જશે. જયારે આમારી જ્ઞાતિમાં સતપંથ ધર્મ પાળનાર લોકો મજબૂતીમાં આવી જશે ત્યારે તેમના ગુપ્ત એજેન્ડા (Hidden Agenda) પ્રમાણે મૂળભૂત ઇસ્લામિક ધાર્મિક ક્રિયાઓ લાવવામાં આવશે અને સંપૂર્ણ જ્ઞાતિ મુમના બની જશે. એવી અમોને ભીતિ છે.

15. **<u>સતપંથીઓ પોતે હિંદુ તરીકે ખપાવવા સનાતની સમાજની આડસ:</u>** સતપંથીઓ સમજે છે કે આજની પરિસ્થિતિમાં જો તેઓ સનાતનીઓથી જુદા પડી જશે તો તેમની હિંદુ ઓળખ છીનવાઈ જશે અને તેઓ મુસ્લિમ છે તેવું અન્ય જ્ઞાતિમાં પ્રસ્થાપિત થઇ જશે. જે તેઓ કોઈપણ કાળે થવા નહિ દેવાનાં પ્રયત્નો કરશે. કારણ કે જો સતપંથ મુસ્લિમ ધર્મ છે તેવી છબી પ્રજામાં ઊભી થાય તો સતપંથના મોટાભાગના અનુયાયીઓ સતપંથને ત્યાગી દેશે. બીજીબાજુ જો સતપંથ ધર્મને વધારવો હોય તો તે હિન્દુઓને વટલાવીને જ થઇ શકે તેમ છે. સતપંથની ધર્માંતરણની ડીઝાઇન પ્રમાણે હિન્દુઓને ભરમાવીને પીઠ પાછળ વાર કરીને જ સતપંથનો વિકાસ શક્ય છે. માટે તેમને હિંદુઓ સાથે સંબંધો રાખવા ખૂબ જ જરૂરી છે.

અમારા જે વડીલો સતપંથને ઓળખી ગયા તેમને જ્ઞાતિમાં પોતાના વિચાર મુકવાની શરૂઆત કરી તો સતપંથી આગેવાનો દ્વારા તેમને નાત બહાર કરવામાં આવ્યા. પરંતુ તે વડીલોએ પોતાનું કામ ચાલુ રાખ્યું. લોકો સતપંથ છોડી સનાતની વડીલો સાથે જોડતા ગયા. વડીલોને સંત શ્રી ઓધવરામ મહારાજનો સાથ મળ્યો. જેના કારણે ગામે ગામ ભગવાન લક્ષ્મીનારાયણ મંદિરોની સ્થાપના થવા લાગી. મહારાજશ્રીની સલાહથી ૧૯૪૦માં સનાતની સમાજની સ્થાપના વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીના પ્રમુખ પદે કરી. વાંઢાયમાં મા ઉમીયાના મંદિરમાં ઉંઝાથી જ્યોત લાવી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. સતપંથી આગેવાનોએ તેનો ખુલ્લો વિરોધ કર્યો છતાં લોકોમાં વડીલોએ સનાતન ધર્મનો પ્રચાર ચાલુ રાખ્યો અને લોકો વડીલો સાથે જોડતા ગયા. મહારાજશ્રી ઓધવરામ બાપાની સલાહ હતી કે જેમ જ્ઞાતિમાં એજ્યુકેશનનો વ્યાપ વધશે તેમ લોકો સતપંથને ઓળખતા થશે અને તેને છોડી દેશે. આ સલાહ મુજબ વડીલો આગળ વધ્યા. સૌ પ્રથમ ધનસુરા મુકામે

બોર્ડીંગ શરૂ કર્યું. ત્યારબાદ ૧૯૬૦મા નખત્રાણા મુકામે બોર્ડીંગ તૈયાર થયું. બોર્ડીંગના ઉત્ઘાટન પ્રસંગે જ્ઞાતિનું અધિવેશન ભરી તેમાં જ્ઞાતિના રીતરિવાજના ઠરાવો નક્કી કરવાનું નક્કી કર્યું. ત્યારે સત્પનથીઓ એ અધિવેશનનો બહિષ્કાર જાહેર કર્યો. ત્યારે અમુક સતપંથી વડીલોએ બહિષ્કાર ટાળવાના પ્રયત્નો કર્યા અને સનાતન ધર્મ અપનાવી લેવાની બહેન્દરી આપી એટલે સનાતની વડીલોએ તેમને સાથે રાખીને કર્યા ચાલુ રાખ્યું. જે સતપંથી લોકો સનાતની સમાજની મુખ્ય ધારામાં આવતા જાય તેમના માટે દરવાજા ખુલ્લા રાખ્યા, છાત્રાલયમાં પણ બધા માટે પ્રવેશ ખુલ્લો રાખ્યો. તેના પરિણામે સનાતની સમાજની ગ્રોથ વધીને ૯૦% જેટલો થઇ ગયો છે.

આ વાત પછી તમને સવાલ થશે તો પછી હવે ૧૦% સામે વિરોધ શા માટે આનો જવાબ પણ અહીં આપવાનો પ્રયત્ન છે. ૧૯૬૦ પછી સમાજના ચાર અધિવેશન એટલે કુલ મળીને પાંચ અધિવેશન મળ્યા તે બધા સનાતની વડીલોના પ્રયાસને લીધે મળ્યા અને બધી વખતે બહિષ્કારની વાત સતપંથી તરફથીજ આવે. ત્યારે અમારા વડીલો તેમની સાથે વાટાઘાટો કરી સમજાવટ કરે છતાં અધિવેશનમાં અમુક ઠરાવનો વિરોધ કરી મારામારી સુધી આવતા રહ્યા છે. હવે છેલ્લે અમુક વર્ષોથી અમારી છૂટને કારણે સમાજના સભ્યો બની ગયા છે. અને સનાતની સમાજના ટ્રસ્ટીઓ હોદ્દેદારો અને કારોબારી સભ્યોની નિમણુક પણ સતપંથીઓની મરજી મુજબ થાય એવી તૈયારી સાથે કામ કરવા લાગ્યા. પરંતુ બહુમતના આધારે તેમની પસંદગીના કાર્ય ન થતા, અન્ય સનાતની લોકો સામે સમાજ તોડવાના ખોટા આરોપ લગાવ્યા અને ખોટા કોર્ટ અને પોલીસ કેસોમાં ફસાવ્યા અને સમાજનો વિકાસ અટકાવ્યો છે. અમારા વડીલોની ઉદારતાનો ખોટો લાભ લઇ, અમારી સાથે વિશ્વાસ ઘાત કરી, આજે કેન્દ્રિય સમાજ ઉપર પોતાનો અધિકાર બતાવે છે. અને બીજી તરફ પોતાનો સતપંથ સમાજ જુદો ચલાવે છે. આટલા વર્ષો સુંધી સતપંથ સમાજના આગેવાનો (ગેધેરાઓ) નો અત્યાચાર સહન કર્યો છે, સનાતનીઓને નાત બહાર પણ કર્યા. જે લોકો નાત બહાર થયેલ હતા તે લોકોએ આ સનાતની સમાજ ઉભી કરી છે. હવે નાત બહાર થયેલાઓની આ સનાતની સમાજ ઉપર પોતે અધિકાર જમાવવાની કોશિશ કરી રહ્યા છે. જે આજના જ્ઞાતિજનો ને અને યુવાનોને કબુલ નથી. અમારા જ્ઞાતિજનો એવું ઈચ્છી રહ્યા છે કે અમારા વડીલોની પસીનાની કમાઈમાંથી દશોંદ વિશોંદ આપી સતપંથી સમાજને મજબુત કર્યો છે. તે સમાજ પોતાનું કાર્ય કરે અને જે નાત બહાર કરેલ વડીલો સાથે રહી નવા સમાજની રચના કરી છે

તેને પોતાની રીતે કામ કરવા દે, ખોટી માથાકૂટ ન કરે. સતપંથ બાબત આટલા ખુલાસા અને સચ્ચાઈ સામે આવ્યા પછી જે લોકો સતપંથ છોડવાની ઈચ્છા ન રાખતા હોય તો અમે પણ તેમના સાથે જબરજસ્તી નથી ઈચ્છતા. તેઓ તેમના રસ્તે અને અમે અમારા રસ્તે.

છેલ્લે અમારા એક સવાલનું સમાધાન જરૂર માંગશું. સવાલ છે કે અમારા સનાતની ભાઈઓનો વિચાર છે કે પીર ઈમામશાહનો સતપંથ જે અમારા વડીલો પાળતા હતા તે આપણા સનાતન ધર્મની વિચારધારાને અનુરૂપ નથી. સતપંથી આ બાબતનો વિરોધ કરે છે અને બીજી તરફ અંદરો અંદર સતપંથના મૂળ ધાર્મિક પુસ્તકો છુપાવીને પૂજા પાઠ મંત્રોને બદલીને છાપવામાં આવે છે અને ગામે ગામ મુખી મૂળ મંત્રોથી પૂજા પાઠ કરાવે છે. જો ઈમામશાહનો સતપંથ સનાતની વિચારધારાને અનુરૂપ હોયતો પુસ્તકો છુપાવવા મંત્રો બદલાવવા આવું બધું કરવાનું કારણ શું? આજ સુધી પૃથ્વી પર જે આધ્યાત્મિક વિચારધારાઓ ચાલે છે તે બધા ધર્મ, પંથ કે સંપ્રદાયમાં તેમના સ્થાપક સિવાય કોઈને ફેરફાર કરવાનો અધિકાર નથી. ઠીક ન લાગે તેને પંથ છોડવો પડે છે. તો ઈમામશાહ પીર સતપંથમાં ફેરફાર કરવાનો અધિકાર બીજાને ન હોય. પુરા ઈમાન સાથે તેનું મૂળ રૂપે અનુકરણ કરો અથવા અમારી જેમ છોડી દયો.

16. <u>કડવા પાટીદારની માતૃ સંસ્થા ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાને વિનંતી:</u> આ વાતથી સતપંથના પ્રચારકો ખુબ સારી રીતે પરિચિત છે એટલે એકતા, સંગઠન, પ્રેમ, બિનસંપ્રદાય, સમાજમાં ધર્મ વિવાદ જોઈએ નહીં, એક જ કુળદેવીના સંતાન છીએ, શાંતિ રાખવી જેવી આદર્શવાદી વાતો કરી વાક્ચાતુર્યતાથી જ્ઞાતિને અને લોકોને છેતરે છે. આવી જ વાતો આપની પાસે પણ આવશે કે થશે. પણ ૬૦-૭૦ વર્ષ પહેલાં અમારા વડીલો ઇસ્લામી તાકિયા પદ્ધતિ કારણે છેતરપીંડીના શિકાર થઇને જે ભૂલ કરી તેવી ભૂલ થાય નહીં તેવી આપશ્રીને નમ્ર વિનંતી છે.

તે વખતે અમારી સમાજે સતપંથીઓ સાથે બધાજ સંબંધો સમાપ્ત કરી દીધા હોત તો અમને અને અમારી સમાજોને હાલના અત્યાચારો અને દુ:ખો સહન કરવા ન પડ્યા હોત.

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

હિન્દુઓને મુસ્લિમ બનાવનાર સતપંથ નામનું યુક્તિ-પ્રયુક્તિ યુક્ત આ પ્રપંચ હમેશને માટે ખતમ થઇ ગયું હોત.

આપ, ઊંઝાના કડવા પાટીદારો પોતાની સનાતની તરીકેની આગવી ઓળખ એટલા માટે જાળવી શક્યા છો કે તમોએ સતપંથ પાળતા અમારા વડીલો સાથે બધાજ સંબંધો કાપી નાખ્યા હતા. જો તેવું ન થાત તો તમો ઊંઝાના વડા પણ તાકિયાના શિકાર બન્યા હોત. **જે કામ તમારા પૂર્વજોએ કર્યું તે જ કામ અમો કરવા માંગીએ છીએ. પણ જે સતપંથી ભાઈઓ પીરાણા સતપંથનો સદંતર ત્યાગ કરીને સંપૂર્ણ નિષ્ઠાથી સનાતન ધર્મ સ્વીકારશે, તે ભાઈઓને અમારો સનાતન સમાજ પોતાનામાં ભેળવી લેશે. આ અમારો માત્ર આપણી જ્ઞાતિને બચવાનો જ અભિગમ છે તેમાં અમોને સફળતા મળે તેવી માં ઉમિયાને પ્રાર્થના છે અને આપણી માતૃ સંસ્થા ઊંઝા સંસ્થાનના સહયોગની અપેક્ષા રાખે છે.**

ઉપરોક્ત તમામ મુદ્દાઓને ધ્યાનમાં લઈને આપશ્રીને અમારી વિનંતી છે કે પીરાણા સતપંથ ધર્મના અનુયાયીઓને નિર્દેશ આપવામાં આવે કે ઈમામશાહનું ભારતમાં આવ્યા પહેલાની જે પરિસ્થિતિ આપણી જ્ઞાતિમાં હતી, જેમાંથી લગભગ ૯૦% લોકો પીરાણા સતપંથ છોડીને સનાતની મુખ્ય ધારામાં આવી ગયા છે, એજ રીતે બાકી રહેલા આપણા ભાઈઓ સનાતન ધર્મમાં આવી જાય. ઘર વાપસીનું જે કાર્ય કેશરાબાપા, નારાયણ બાપા, સંત લાલરામજી મહારાજ અને સંત ઓધવરામજી મહારાજે કરેલ છે, તે કાર્ય પરીપૂર્ણ થાય. અને સમાજમાં એકતા, શાંતિ, સંગઠન, ભાઈચારો જળવાશે અને સામાજિક, રાજકીય અને ધાર્મિક વિકાસમાં સમાજની શક્તિઓ વપરાશે. જેથી સમાજનો ખુબ મોટા પાયે વિકાસ થશે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

ગંગારામપટેલ

પ્રમુખશ્રી ગંગારામભાઈ સાંખલા

નોંધ: આ પત્રમાં જણાવેલ મુદ્દાઓની વિસ્તૃત છણાવટ અને પુરાવાઓ જોડેલ છે.

પાવર પોઈન્ટ (પી.પી.ટી.) પ્રસ્તુતિ

Power Point (PPT) Presentation

સુચના – સ્લાઈડથી Annex તરફની લીંક માટે

PPT સ્લાઈડ નીચે Annex: _<number>_ જણાવેલ છે. એનો અર્થ એ છે કે એ PPT સ્લાઈડ માં જે મુદ્દાઓ જણાવેલ છે એ વિષે મહત્વના દસ્તાવેજો/પુરાવાઓની નકલ આગળ જોડેલ Annex :_<number>_ માં છે. દાખલા તરીકે અગર "Annex: 50.2" જણાવેલ છે, તો આ પુસ્તકના "જોડાણ/બીડાણ/Annexures" વિભાગમાં Annex 50 ના પેજ 2 માં એ પુરાવાની નકલ જોડેલ છે.

PPT સ્લાઈડનું સ્કીનશોટ

આસપાસની ફળદ્રુપ જમીનો છોડીને કચ્છની સુકીઠઠ ધરતીમાં જઈને વસવાટ કરવો પડ્યો.

5

Annex: 50.2, 50.3, 51.3, 52.3, 52.6, 70.3

Annexનું સ્કીનશોટ

Patidar Encyclopedia | Annex 50.2

S-5

કડવા પાટીદારોનું કચ્છમાં સ્થળાંતર

ડૉ. ઇશ્વરલાલ ઓઝા

જરાતના ઇતિહાસનું આનુવંશિક પરિપ્રેક્ષ્યમાં પરિશીલન કરવામાં આવે તો સ્પષ્ટ થશે કે ગુજરાતી પ્રજાનો

નોંધપાત્ર છે. અત્યારે તેમની સંખ્યા ચાર લાખ ઉપરાંત છે. જેમાં દોઢલાખ તો કચ્છમાં નખત્રાણા, માંડવી, ભુજ, લખપત અને અંજાર તાલુકાનાં કુલ ૧૪૦ જેટલાં ગામોમાં વસે ...

આ અંગે સંબંધિત જાણકારી માટે જુઓ પેજ ૩૭૬

એક મુદ્દાને લગતા વળગતા ઘણા દસ્તાવેજો હોઈ શકે. પણ અહીં મહત્વના અમુક દસ્તાવેજોનેજ લીંક કરવામાં આવેલ છે. પુસ્તકનો ઊંડાણથી અભ્યાસ કરવાથી ખ્યાલ આવશે કે એક મુદ્દાને સમજાવવા માટે નિયત લીંક શિવાય અન્ય દસ્તાવેજો પણ જોડેલ છે.

PPT Slide Index (પી.પી.ટી. સ્લાઈડની અનુક્રમણિકા)

PPT Slide Index (પી.પી.ટી. સ્લાઈડની અનુક્રમણિકા)

PPT Slide Index (પી.પી.ટી. સ્લાઈડની અનુક્રમણિકા)

PPT Slide Index (પી.પી.ટી. સ્લાઈડની અનુક્રમણિકા)

|| જય માતાજી ||



કુળદેવી મા ઉમિયાના આશીર્વાદ થી...

1

સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ
સતપંથ ધર્મથી શા માટે પીડાઈ રહી છે.
તેના વિષે ટૂંકમાં

તા.: ૧૩-માર્ચ-૨૦૧૬

ઉમિયા માતાજી – ઊંઝા, માટે પ્રસ્તુતિ
ફક્ત માહિતી અને અભ્યાસ માટે

૨

સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા...

- લગભગ ૫૦૦ વર્ષ પહેલા ૧૫મી સદીમાં ઇમામુદ્દીન અબ્દુર રહીમ સૈય્યદ (ઉર્ફે ઈમામ શાહ) શિયા ધર્મના પ્રચાર માટે ઈરાનથી ગુજરાત આવ્યા.
- ગુજરાતમાં તેઓ અમદાવાદ નજીક પીરાણા નામના ગામમાં આવીને વસ્યા.
- તેમનું મુખ્ય કામ હતું કે તેમના દાદા પીર સદ્દીન દ્વારા સ્થાપેલ સતપંથ ધર્મનો પ્રચાર પ્રસાર કરવો. **જે મૂળમાં શિયા ઇસ્લામ ધર્મના એક પંથનું ભારતીય નામ છે. એ પંથનું સાચું નામ છે – "નીઝારી ઈસ્માઈલી પંથ". જે દુનિયાના ૨૫થી પણ વધારે દેશોમાં પળાય છે.**
- જાદુ, ચમત્કારો અને વાર્તાઓની મદદથી તેમજ હિંદુ ધાર્મિક સાહિત્યોમાં ભેળસેળ કરીને અમુક ભોળા, અભણ, નિર્ધન અને શંકા ન કરનાર લોકોને તેઓ આકર્ષવામાં સફળ થયા.
- ફસાયેલ લોકોમાં કડવા પાટીદારો પણ હતા. અન્ય જ્ઞાતિમાં લેવા પાટીદારો, બ્રાહ્મણો, ભાનુશાળી, ભાટિયા, લોહાણા, ભરવાડો વગેરે લોકો હતા.

3

Annex: 2.2, 3.4, 6.2, 6.5, 7.2, 8.3, 10.2, 45.3, 46.3, 47.3, 51.3, 62.3, 63.2, 64.3, 75.2, 89.2, 89.3

Slide Number (ex. S-3)

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- ઈમામ શાહ દ્વારા બતાવેલ શિયા ઇસ્લામ ધર્મ જેનું ભારતીય નામ "સતપંથ ધર્મ" છે, તે કળિયુગનો સાચો હિંદુ ધર્મ છે, તેવું અનુયાયીઓના મનમાં ઠસાવવામાં ઈમામ શાહ સફળ રહ્યા.
- તે સમયની પરિસ્થિતિ પ્રમાણે ભારતની પ્રજામાં ખુબ ગરીબી, અજ્ઞાનતા, અને અંધ-શ્રદ્ધાઓનો દોર ચાલતો હતો.
- કડવા પાટીદાર જ્ઞાતિ, મૂળભૂત રીતે ખેતી કરનાર હોવાના કારણે, ઉપર જણાવેલ સર્વે પીડાઓથી ઘેરાયેલી હતી. માટે કડવા પાટીદાર જ્ઞાતિનો અમુક વર્ગ ઈમામ શાહના "બનાવટી ચમત્કારો અને લુભામણી પરચાઓ" ની વાતોમાં તરત જ ફસાઈ ગયો.
- સતપંથ ધર્મ સસ્વીકારનાર કડવા પાટીદાર લોકોની ઓળખ મોમના/મુમના મુસલમાન તરીકે થઇ.

4

Annex: 2.2 to 2.4, 2.6, 2.7, 6.2, 8.3, 12.9, 12.18, 12.19, 12.25, 12.26, 12.28, 12.29, 22.1, 23.4 to 23.7, 23.14, 23.19 to 23.23, 28.1, 28.2, 29.2, 34.2, 40.1, 40.2, 44.2, 44.3, 45.3, 45.4, 46.3, 47.3, 47.4, 58.5, 62.3, 63.2 to 63.12, 64.4, 66.11, 66.12, 66.18, 66.19, 66.24, 66.25, 75.5, 78.6 to 78.8, 778.14, 78.16, 80.8, 80.9, 82.9, 82.11, 82.14, 82.18, 89.4, 94.1, 94.2

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- આ વાતની જાણ જયારે ગુજરાતના કડવા પાટીદાર જ્ઞાતિને થઇ, ત્યારે સતપંથ ધર્મ પાળનારા લોકોનો ત્યાગ કરવાનું લોકોએ નક્કી કર્યું.
- જે લોકોએ સતપંથ ધર્મનો ત્યાગ ન કર્યો, તેવા લોકોને તિરસ્કૃત કરી જ્ઞાતિ બહાર કરવામાં આવ્યા.
- આવા તિરસ્કૃત થયેલ લોકોને પોતાનો મૂળ વિસ્તાર છોડીને સ્થળાંતર કરવાની ફરજ પડી.
- માટે આવા જ્ઞાતિ બહાર લોકોને મજબૂરીમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની આસપાસની ફળદ્રુપ જમીનો છોડીને કચ્છની સુકીઠઠ ધરતીમાં જઈને વસવાટ કરવો પડ્યો.

5

Annex: 50.2, 50.3, 51.3, 52.3, 52.6, 70.3

... સતપથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- આમ જ્ઞાતિ-અને-દેશ બહાર થયેલ વર્ગ, કચ્છમાં આવીને સૌ પ્રથમ કચ્છ વાગડના ભચાઉ નજીકના "સીકરા" નામના ગામમાં આવીને વસ્યો. અને અમુક સમય અંતરે ધીરે ધીરે કચ્છના અંદરના ગામોમાં ફેલાતો ગયો.
- આવી રીતે આ જ્ઞાતિની ઓળખમાં "કચ્છ" શબ્દ ઉમેરાયો અને તેની ઓળખ "કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ" તરીકે થઇ.
- કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું મુખ્ય મથક સીકરા ગામથી સમયાંતરે માનકુવા ગામ અને ત્યાર બાદ નખત્રાણા ગામમાં ફેરવાયું.
- આજે આ જ્ઞાતિનું મુખ્ય કેન્દ્ર / મથક નખત્રાણા ગામમાં છે.

6

Annex: 2.6, 2.7, 3.4, 3.5, 4.2, 5.3, 5.4, 6.4, 7.3, 9.2, 29.2, 46.3, 65.2, 66.17, 78.9, 78.10

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- મૂળભૂતમાં ઈમામ શાહની "બનાવટી અને લુભામણી" વાતોથી ફસાયેલી આ ભોળી જ્ઞાતિ હમેશા પોતાને સાચા હિંદુ તરીકે જ માનતી હતી.
- ફરક માત્ર એટલો જ હતો કે ઈમામ શાહે બતાવેલ ઇસ્લામ ધર્મને કળિયુગનો સાચો હિંદુ ધર્મ છે તેવી માન્યતા/ભ્રમમાં ફસાઈ ગયેલ હોવાના કારણે હિંદુ ધર્મ છે તેવું સમજતી હતી.
- સતપંથ ધર્મની પૂજા કરવાનું સ્થળ એટલે "ખાનાં" (જમાતખાનાનું ટૂંકું નામ) ને ગામેગામ સ્થાપવામાં આવ્યા. કચ્છની અન્ય હિંદુ જ્ઞાતિઓમાં પણ "મોમના/મુમના" તરીકેની ઓળખ સ્થપાઈ ગઈ. તેથી અન્ય હિંદુ જ્ઞાતિઓ મોમના મુસલમાન તરીકે આ જ્ઞાતિને ઓળખતી હતી.
- આ ખાનાઓને સમય અંતરે "ખાનું", "જગ્યા", "જ્યોતિષ ધામ", "જ્યોતિ મંદિર" "સતપંથ મંદિર", "નિષ્કલંકી ધામ" અને હાલમાં "નિષ્કલંકી નારાયણ મંદિર" જેવા હિંદુ લુભામણા નામો આપવામાં આવ્યા. પરંતુ હિંદુ દેખાવની આડસમાં તેનું મૂળ ઇસ્લામી તત્વ જાળવી રાખવામાં જ આવ્યું છે.
- કચ્છમાં સ્થળાંતર થયા બાદ સતપંથ ધર્મના ધાર્મિક ગુરુઓ જેને "સૈય્યદો" કહેવામાં આવે છે, તેવા સૈય્યદો ધાર્મિક ક્રિયાઓ કરાવતા. પણ લોકો પોતે સાચા હિંદુઓ છે તેવી છાપ ઉભી કરવા માટે બધી ધાર્મિક અને લગ્નની ક્રિયાઓ સવંત ૧૮૩૨ પહેલા બ્રાહ્મણોના હાથે પણ કરાવતા.

7

Annex: 2.6, 2.7, 3.4, 3.5, 5.3, 6.2, 6.4, 9.2, 9.3, 29.2, 62.3, 65.2, 66.17, 78.9, 78.10

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- આ જ્ઞાતિના ઘરોમાં સૈય્યદોની સતત અવર-જવર હોવા છતાં આ જ્ઞાતિ મુસલમાનો ખાય તેવી રીતે પરમાટી (માંસ) ખાતી ન થઇ. (અહીં સૈય્યદો જે છે એ ઈમામ શાહના વંશજો જ હોય છે, તેની નોંધ લેવી.)
- જ્ઞાતિના વહીવંચા શ્રી ખંડેરાવ બારોટ પાસેની નોંધ પ્રમાણે, તેનું કારણ, તે સમયે સીકરા ગામમાં રહેતા જ્ઞાતિના મહાન વડીલ શ્રી વિશ્રામબાપા નાકરાણીએ જ્ઞાતિને લેવડાવેલ એક વચન/પ્રણ હતું.
- વિશ્રામબાપા નાકરાણી જ્ઞાતિના ખુબ માનીતા, લોક ચાહના ધરાવતા ગેઢેરા/આગેવાન હતા. અને દીર્ઘ દૃષ્ટા વ્યક્તિ હતા. તેઓ જાણી ગયા હતા કે જ્ઞાતિ એક મુસલમાનને ધર્મગુરૂ માનીને ધર્મના અવળે રસ્તે ચાલતી થઇ ગઈ છે, તે મોટી ભૂલ થયેલ છે.
- આ પીડાથી, તેમનો આખરી સમયે તેમનો જીવ રૂંધાયા કરતો હતો, તેથી જ્ઞાતિના અન્ય વડીલો પાસે તેમણે વચન/પ્રણ લેવડાવ્યું કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ક્યારેય પણ માંસાહાર નહિ કરે અને ક્યારેય કૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ ઉજવવાનું બંધ નહિ કરે.

8

Ref: Slide 7

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- જન્માષ્ઠમી તહેવારને અટકાવવા માટે સૈય્યદો દ્વારા ખાનાઓમાં જન્માષ્ઠમી મનાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો. તેવી પરિસ્થિતિમાં જન્માષ્ઠમી તહેવારને ખાનાઓની બહાર ચાલીમાં ઉજવવાની પ્રથા શરુ કરવામાં આવી. પણ જ્ઞાતિએ જન્માષ્ઠમી ઉજવવાનું છોડ્યું નહિ. આગાઉ જણાવ્યા પ્રમાણે જન્માષ્ઠમી તહેવાર ન છોડવાના વિશ્રામબાપા નાકરાણીને આપેલ વચન પર જ્ઞાતિ કાયમ રહી.
- માંસાહાર ન કરવો અને જન્માષ્ઠમી ઉજવવાની પ્રથાના કારણે આ જ્ઞાતિનું હિંદુ ધર્મ સાથે જોડાણ તોડી શકવામાં સૈય્યદો ક્યારેય સફળ ન થયા.
- તેમ છતાં સૈય્યદો દ્વારા જ્ઞાતિને હિંદુ ધર્મથી છોડાવીને ઇસ્લામ સાથે જોડવાના પ્રયત્નો ચાલુ જ રહ્યા.
- સવંત ૧૮૩૨, તા. ૧૯-૦૧-૧૭૭૬ અને શુક્રવારના પીરાણાના કાકા, પ્રાગજી કાકા (કાકા એટલે કે કબરની દેખરેખ કરવા માટે નિમાયેલ વિશ્વાસુ મુજાવર. હાલે પીરાણાની આ ગાદી પર નાનકદાસ કાકા ઉર્ફે મહારાજ છે) અને સૈય્યદ વલીમીયાંએ ગામ નખત્રાણામાં જ્ઞાતિ પંચની એક સભા બોલાવી.
- આ સભામાં નિર્ણય લેવડાવવામાં આવ્યો કે જ્ઞાતિએ હવે પછી ધાર્મિક અને લગ્ન ક્રિયાઓ બ્રાહ્મણો પાસેથી કરાવવી નહિ. માત્ર સૈય્યદો દ્વારા નીમાયેલા ગામના મુખી દ્વારા જ કરાવવી.

9

Annex: 3.5, 51.4 to 51.7, 60.7, 60.8, 78.8

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- તેમજ, હિંદુ ધર્મ સાથે જોડી રાખતું વધારાનું એક પરિબળ એટલે કે ભાટ-ચારણ અને વહીવંચાઓને બોલાવીને જ્ઞાતિનો ઈતિહાસ સાંભળવો નહિ અને તેમજ વહીવંચાઓ પાસે કોઈએ જન્મ અને મરણ જેવી નોંધ પણ કરાવવી નહિ. ટૂંકમાં એ લોકોનો ત્યાગ કરી છોડી દેવા.
- આવા નિર્ણય પાછળની મેલી મુરાદ હતી કે સમય જતા પાટીદારોમાં સગોત્રે સગપણ જોડાય, જેથી લોકો હિંદુ મૂળથી કપાઈ જાય. આ ઠરાવ પાછળની મેલી મુરાદને ગામ નેત્રાના મુખી (મુખી એટલે "ખાના કે જગ્યા"ના મુખ્ય કરતા-હરતા) શ્રી કેશરા મુખી સાંખલા ઓળખી (જન્મ તા. ૦૨.૦૪.૧૭૬૮) ગયા. માટે જેમ જાણ થયા ત્યારે તેઓએ આ ઠરાવનો વિરોધ કરીને, તેમના ગામની આસપાસના ૭ ગામોમાં પ્રચાર કરી, સતપંથ ધર્મનો બહિષ્કાર કરાવીને, સ્વામીનારાયણ સંપ્રદાયમાં જોડી દીધા.
- આ ઘટનાથી જ્ઞાતિના લોકોમાં એક મોટો સંદેશો ગયો કે સતપંથ ધર્મમાં કંઇક ખોટું તો છે જ.

10

Annex: 60.7, 60.8

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- ત્યાર બાદ જ્ઞાતિમાં મહાન જ્ઞાતિ સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણી/કોન્ટ્રાકટરનું આગમન થયું. તેમનો જન્મ તા. ૨૨-૦૫-૧૮૮૩ના કચ્છ વિરાણી મોટી ગામમાં થયો હતો.
- સતપંથ સમાજ દ્વારા જ્ઞાતિ બહાર કરવા બાદ પણ તેઓ સતપંથ ધર્મની પોલ લોકો સામે ખુલ્લી પાડતા રહ્યા અને સતપંથ ધર્મનું ષડ્યંત્ર જ્ઞાતિના લોકો સામે ખુલ્લું કરતા ગયા.
- તેમણે લખેલ "પીરાણા સતપંથ ધર્મની પોલ અને સત્યનો પ્રકાશ" નામનો ગ્રંથ સંશોધનકારોમાં વિશ્વ પ્રખ્યાત થયો.
- ઉમિયા માતાજી ઊંઝા સાથે સંકળાઈને કડવા પાટીદાર સમાજ સુધારક વડીલો જેમ કે વિરમગામ વાળા શ્રી ચંદુભાઈ મણિલાલ દેસાઈ, ધર્મજવાળા શેઠ તુલસીદાસ વલ્લભદાસ પટેલ, કાછીયા જ્ઞાતિ સુધારક અમદાવાદ વાળા શ્રી રણછોડભાઈ દલસુખભાઈ ભગત વગેરે વડીલો સાથે રહીને તેઓએ કચ્છના કડવા પાટીદારોને સુધારવાના પ્રયત્નો કર્યા.

11

Annex: 54.1 to 54.15, 57.1 to 57.37, 75.19

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- સુરત જીલ્લામાં પીરાણા સતપંથ વિરુદ્ધ જુંબેશ ઉઠાવનાર શ્રી છીમાભાઈ ભૂલાભાઈ – ગામ ભાટપુર, મુખી શ્રી હરિભાઈ દેવા – ગામ ભાઠા અને શ્રી નારણજી માસ્તર – ગામ ભાઠા, જેવા સમાજ સુધારકો સાથે તેઓએ કામ કર્યું.
- તેવીજ રીતે વિરમગામ વાળા શ્રી પુરૂષોત્તમ લલ્લુભાઈ પારેખ તથા અમરસિંહ દેસાઈ અને અમદાવાદ વાળા શ્રી મગનભાઈ ગોવિંદલાલ એન્જીનીયર જેવા મૂળ પ્રખર સુધારકોના લક્ષ્યોને શ્રી નારાયણજીભાઈએ આગળ ધપાવ્યા.
- તેમના આ કામમાં રાજકોટ નજીક ઢોલેરા ગામ સ્થિત વેદશાસ્ત્ર સંપન્ન શ્રી રામેશ્વર મોરારજી મહારાજના માર્ગદર્શન પ્રમાણે જ્ઞાતિ સુધારણાનું કામ કરતા રહ્યા.
- શ્રી નારાયણજીભાઈની કામગીરી જોઇને તેમને વર્ષ ૧૯૧૬માં નિમાડ કડવા પાટીદારોની પહેલી સભાના પ્રમુખ તરીકેની જવાબદારી સોપવામાં આવી.

12

Annex: 57.1 to 57.37

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- નારાયણ રામજી દ્વારા સતપંથ ધર્મની પોલ ખોલતું જ્ઞાન જાણીને અને કડવા પાટીદારોનો ગર્વ ભર્યો મહાન ક્ષત્રિય કુળનો ઈતિહાસ જાણવાથી લોકો ધીરે ધીરે સતપંથ ધર્મને તિલાંજલિ આપવા લાગ્યા અને સૌ સનાતન ધર્મ અપનાવવા લાગ્યા.
- સાચા જ્ઞાનનો ફેલાવો વધારવા માટે ઘણા ગામોમાં લાઈબ્રરીઓ સ્થાપવામાં આવી.
- ઈમામ શાહ દ્વારા બનાવટી અને લુભામણી જુઠ્ઠી વાર્તાઓ પર નાખેલ ધર્મ પરિવર્તનનો કાચો પાયો, જન્માષ્ઠમી તહેવારના કારણે હિંદુ ધર્મ સાથે કાયમ રહેલ જોડાણ, અન્ય જ્ઞાતિઓ દ્વારા પીરાણા સતપંથ ધર્મને કારણે થતું અપમાન અને મનથી લોકો પોતે હિંદુ રહેવા માંગતા હોવાની ઈચ્છાના કારણે સતપંથ ધર્મનો ત્યાગ કરવા લોકો કટિબદ્ધ થયા.
- જે જે લોકો સતપંથ ધર્મને તજીને સનાતન ધર્મ કે હિંદુ ધર્મ અપનાવતા, તે લોકોને સતપંથ ધર્મના ગેઢેરાઓ એટલે કે આગેવાનો, તરત જ જ્ઞાતિ બહાર કરી દેતા. પીવાનું પાણી પણ બંધ કરવામાં આવતું. થયેલ લગ્ન/સગપણો તોડાવી નાખવામાં આવતા. અને તેમના અને તેમના સગા-સબંધીઓ પર પણ અસહ્ય ત્રાસ ગુજારવામાં આવતો. જેથી તેઓનું જીવન યાતનામય બની જતું. આવી રીતે સતપંથ ધર્મના ગેઢેરાઓ જ્ઞાતિ ઉપર પોતાની પકડ મજબુત કરવાના પ્રયત્નો કરતા રહ્યા. આમ સતપંથની સમસ્યા જ્ઞાતિમાં ચાલતી જ રહી.
- જ્ઞાતિ બહાર પડેલા લોકોની મુશ્કેલી ચરમ સીમા પર હતી. ત્યારે વર્ષ ૧૯૨૧-૨૨માં જ્ઞાતિમાં આગમન થયું મહાન સમાજ સુધારક સંત શ્રી ઓધવરામજી મહારાજનું (જન્મ ૦૯-૦૪-૧૮૮૯ – રામ નવમીના દિવસે).

13

Annex: 57.1 to 57.37

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- કડવા પાટીદારોને સનાતન ધર્મમાં પાછા ફેરવવા માટે ઓધવરામ મહારાજ સામે મુખ્ય અવરોધ કે વિઘ્ન હતું... સતપંથના ગેઢેરાઓ દ્વારા સનાતનીઓને જ્ઞાતિ બહાર મુકવાથી તેમના ઉપર ગુજરેલ વિપત્તિઓ / મહામુશ્કેલીઓમાંથી એવો રસ્તો કાઢવો કે જેથી કરીને સનાતન ધર્મ તરફ વળતા લોકોનો પ્રવાહ ફરીથી શરુ થાય.
- આવી પરિસ્થિતિમાં સંત ઓધવરામ મહારાજનો અચાનક ભેટો થયો જ્ઞાતિ વીર શ્રી રતનશી ખીમજી ખેતાણી સાથે.
- શ્રી રતનશી ખીમજી ખેતાણી સનાતન ધર્મના કાર્યમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા હતા અને શ્રી નારાયણ રામજી લીંબાણીના તેઓ જમણો હાથ સમાન હતા.
- શ્રી રતનશીભાઈ તે સમયની પરિસ્થીતીથી ખુબ વાકેફ હતા અને સંત ઓધવરામ મહારાજના વિચારોથી ખુબ પ્રભાવિત થયા.

14

Ref: કચ્છ કડવા પાટીદારનો ઈતિહાસ / અભકકપ સમાજ / વિરાણી ઈતિહાસ / નખત્રાણા ઈતિહાસ, Annex: 75.20, 75.21

… સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા …

- સંત ઓધવરામ મહારાજ અને શ્રી રતનશીભાઈની જોડી સતપંથ માટે ઘાતક નીવડી.
- સંત ઓધવરામ મહારાજના નિર્દેશન અને વડીલ શ્રી રતનશીબાપા અને તેમની ટીમે ગામો ગામ એવી વ્યૂહ રચના ગોઠવી કે લોકો માટે સનાતન ધર્મમાં પરિવર્તનનું કામ ખુબ જ સરળ થઇ ગયું.
- લોકો મોટી સંખ્યામાં સતપંથ ધર્મને ત્યાગતા ગયા અને સનાતન ધર્મને અપનાવતા ગયા.
- જ્ઞાતિની પહેલી સનાતન સમાજ વર્ષ ૧૯૪૦માં ઊભી કરવામાં આવી. જેનું નામ હતું "કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ" અને તેના સ્થાપક પ્રમુખ શ્રી રતનશી ખીમજી ખેતાણી, તેમજ મહામંત્રી શ્રી નથુભાઈ નાનજી કેશરાણી હતા.

15

Ref: કચ્છ કડવા પાટીદારનો ઈતિહાસ / અભકકપ સમાજ / વિરાણી ઈતિહાસ / નખત્રાણા ઈતિહાસ

… સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા …

- સનાતન ધર્મનો વ્યાપ વધે અને લોકોમાં તેઓ કુળદેવી ઉમિયા માતાજીના સંતાન છે, તેવું પ્રસ્થાપિત થાય, તે માટે સંત ઓધવરામજી મહારાજ અને તેમના પટશિષ્ય દયાલદાસજી મહારાજની પ્રેરણાથી, સાબરકાંઠા તેમજ કચ્છના ભાઈઓના ખાસ સહકારથી, રતનશીબાપાના પ્રમુખ પદે, કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજે કચ્છમાં પ્રથમ, વાંઢાય ગામમાં, વર્ષ સને ૧૯૪૫માં ઉમિયા માતાજીનું મંદિર બાંધ્યું.
- તે સમયે, સતપંથ ધર્મના કારણે સેંકડો વર્ષો સુધી હિંદુ ધાર્મિક શાસ્ત્રોથી વિમુખ, હિંદુ ધર્મની ક્રિયાઓથી વિમુખ, પાયમાલ બૌધિક પરિસ્થિતિ, કેળવણીની ખામી, દારુણ ગરીબી, અજ્ઞાનતા, ભોળપણ, લોકોમાં ફેલાયલી અંધશ્રદ્ધાઓ અને કુરિવાજો જેવી નબળી સામાજિક પરિસ્થિતિ હતી.
- તેમજ સતપંથ દ્વારા હઝરત અલીને નિષ્કલંકી નારાયણ એટલે ભગવાન વિષ્ણુનો અવતાર બતાવીને લોકોને ખોટી રીતે હઝરત અલીને પૂજતા કરી દીધાની પરિસ્થિતિ, હજરત અલીના પત્ની બીબી ફાતિમાને આદ્યશક્તિ (એટલે કે આપણા ઉમિયામાંનું સ્વરૂપ) બતાવીને બીબી ફાતિમાને પૂજતા કરી દીધાની પરિસ્થિતિ હતી.
- આવી નબળી પરિસ્થિતિમાંથી છોડાવીને સનાતન ધર્મમાં લોકોને લાવવા માટે સંત ઓધવરામ મહારાજે જ્ઞાતિના લોકોને, સનાતન ધર્મમાં મૂળ ગણાય એવા ભગવાન લક્ષ્મીનારાયણને, પોતાના આરાધ્ય દેવ તરીકે પૂજવાની પ્રેરણા આપી.

16

Ref: ઉમિયા માતાજી સ્થાપના અહેવાલ – વાંઢય / વિરાણી અહેવાલ / કચ્છ કડવા પાટીદારનો ઈતિહાસ, Annex: 14.3, 20.1 to 20.4, 26.6, 26.10, 27.2 to 27.4, 32.6, 32.10, 32.11, 35.2, 57.23, 71.9, 78.20, 86.3

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- શ્રી રતનશી બાપા અને ઓધવરામજી મહારાજ તેમજ તેમના પટ શિષ્ય શ્રી દયાલદાસજી મહારાજના હસ્તે લગભગ ૬૫ ગામોમાં ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપના કરવામાં આવી. ત્યાર બાદ કચ્છના ગામેગામમાં ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો ઉભા થવા લાગ્યા. સતપંથના પાટોને ઘણા ગામોમાંથી તિલાંજલિ આપવામાં આવી.
- બીજી બાજુ ગામેગામમાં સનાતન સમાજની વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી. તેમજ ગામેગામમાં યુવક મંડળો પણ સ્થાપવામાં આવ્યા.
- બીજી બાજુ જ્ઞાતિની સહુથી મોટી કમજોરી હતી કેળવણીનો આભાવ. માટે સંત ઓધવરામ મહારાજની પ્રેરણાથી વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલો બાંધવામાં આવી. તેમજ ગામ સ્તરે સનાતનીઓની આગેવાની હેઠળ બાળ મંદિરો શુરુ કરવામાં આવ્યા.
- જ્ઞાતિની પહેલી હોસ્ટેલ સંત ઓધવરામ મહારાજની પ્રેરણાથી ધનસુરા ખાતે શરુ કરવામાં આવી. ત્યાર બાદ નખત્રાણા ગામમાં હોસ્ટેલ સ્થાપવામાં આવી. ત્યાં આજે સનાતની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું મુખ્ય મથક છે. વર્ષ ૧૯૪૦માં સ્થાપેલ જ્ઞાતિની પ્રથમ સનાતની સમાજને કાયદાકીય રૂપ આપી રજિસ્ટર કરવામાં આવી જેનું નામ આજે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ છે.

17

Ref: Slide 16

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- જ્ઞાતિમાં સનાતન ધર્મની જાગૃતિ લાવવા હેતુથી વર્ષ ૧૯૯૬માં લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિ રચવામાં આવી. એ સમિતિના પહેલા પ્રમુખ હતા શ્રી પ્રેમજી પુંજા વાસાણી, જે કેન્દ્રિય સમાજ એટલે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પૂર્વ પ્રમુખ પણ હતા.
- હાલમાં ઈ.સ. ૨૦૧૧માં દેસલપર (વાંઢાય) ગામ નજીક જ્ઞાતિના ૨૩૦ લક્ષ્મીનારાયણ મંદિરોને એક સુત્રે બાંધવા હેતુ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું કેન્દ્રિય સ્થાન ઉભું કરવામાં આવેલ છે. જે જ્ઞાતિના અંદાજે ૮૫% થી ૯૦% જેટલા બોહળા સમુદાયનું શ્રદ્ધાનું કેન્દ્ર છે.
- ઉમિયા માતાજીના મંદિરો, ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો, સનાતની સમાજો, યુવક મંડળો, લાઈબ્રેરીઓ, હોસ્ટેલો વગેરેની સ્થાપનાઓના કારણે સનાતનીઓની સ્થિતિ ખુબ મજબુત થઇ ગઈ.
- ઉમિયા માતાજી ઊંઝા દ્વારા પણ સનાતની સમાજને ખુબ સહયોગ મળ્યો. ઉમિયા માતાજી ઊંઝાની કારોબારી દ્વારા તા. ૧૬-૧૧-૧૯૭૮ના પીરાણા સતપંથમાં ફસાયેલ જ્ઞાતિજનોને સનાતન ધર્મની સાચી સમજણ આપી સતપંથ ધર્મ તરફ જતા અટકાવવાનો નિર્ણય કરવામાં આવેલ હતો.

18

Ref : લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામ, દેશલપર, Annex: 53.1

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- સમાજ-પ્રગતિની આવી સજ્જડ વ્યવસ્થાની સામે સતપંથના ગેઢેરાઓ/આગેવાનો ટકી ન શક્યા. હવે સતપંથ ધર્મની ગેઢેરાઓની જ્ઞાતિ પરની પકડ ઢીલી થઇ ગઈ હતી.
- લક્ષ્મીનારાયણ મંદિરોને અટકાવવા માટે કે સનાતની સમાજની મિલકતો માટે ખોટા કોર્ટ કેસો, ખોટા ફોજદારી કેસો, જેવા અનેક પ્રયત્નો સતપંથી દ્વારા કરવામાં આવેલ હતા. જે મહદ અંશે નિષ્ફળ થવા લાગ્યા.
- બીજી બાજુ જે સતપંથી લોકો, મંદિર કે સમાજના કાર્યમાં માત્ર દૂરથી જોવા આવતા અને મોકો જોઇને કાર્યમાં વિઘ્નો નાખવા આવતા, તેવા લોકો ઉલટા સનાતનીઓના કાર્યથી પ્રભાવિત થઇને પાછા જતા અને સાચી વાત જાણીને સનાતની સમાજમાં મોટી સંખ્યામાં જોડાવા લાગ્યા.
- આનું કારણ હતું કે ઈમામ શાહે બનાવટી અને લોભામણી વાતોથી નાખેલ સતપંથનો પાયો. જે લોકો આવી વાતોથી અંજાયેલા હતા, તેઓ સતપંથ છોડી મૂળ સનાતન ધર્મમાં આવી ગયા.

19

Ref : કચ્છ કડવા પાટીદારનો ઈતિહાસ / વિવિધ કચ્છ ગામના લક્ષ્મી નારાયણ મંદિર ઈતિહાસ / અભકકપ બોઆર્ડીંગ અહેવાલ / ઉમિયા માતાજી સ્થાપના અહેવાલ – વાંઢય / ઈશ્વર વિહારી વિલાસ–ઓધવરામ મહારાજ Annex: 20.1 to 20.4 / વિરાણી અહેવાલ / કચ્છ કડવા પાટીદારનો ઈતિહાસ

... સતપંથ સમસ્યા પૂર્વભૂમિકા ...

- ઓધવરામ મહારાજની ચતુર રણનીતિ અને રતનશી ખીમજી ખેતાણી તેમજ નથુભાઈ નાનજી કેશરાણીની વગેરે લોકોની ટીમની જોડી સનાતન ધર્મ માટે સારા સફળ પરિણામ લાવી અને તેમના દ્વારા નાખવામાં આવેલ સનાતની સમાજનો પાયો મજબુત નીવડ્યો.
- આજે સતપંથ દ્વારા સમાજ બહાર કરેલ સનાતનીઓની સંખ્યા હવે ખુબ મોટી થઇ ગઈ છે. સનાતની સમાજમાં આજે લગભગ ૯૦% થી વધુ લોકો છે અને પીરાણા સતપંથ સમાજમાં માત્ર ૧૦% થી પણ ઓછા લોકો છે.

20

Ref: Slide 19

... પૂર્વભૂમિકાનું સારાંશ

- કોઈપણ મુસલમાનને પાછા સનાતન હિંદુ ધર્મમાં આવવું હોય... ત્યારે સામાન્ય રીતે હિંદુ સમાજ તેને સ્વીકારતો નથી. પરંતુ અહીં અમારી જ્ઞાતિ એવી છે કે જે આજે પણ જે લોકો સતપંથ ધર્મને સંપૂર્ણપણે ત્યાગીને સનાતન સમાજમાં આવવા તૈયાર હોય, તેમના માટે સનાતની સમાજના દરવાજા ખુલ્લા જ છે. પણ પોતે સનાતની હોવાનું આગ્રહ રાખનારા સતપંથીઓ જો સનાતન સમાજમાં ભળતા ન હોય તો આ વાત દર્શાવે છે કે સતપંથીઓની નીતિમાં કંઈક ખોટ છે. તેઓને માત્ર સનાતની હિંદુની ઓળખ જોઈએ છે અને તેની આડમાં તેમનું ઇસ્લામ ધર્મ પાળવો છે.
- **આજે સતપંથ સમાજની પરિસ્થિતિ એવી છે કે જો તેમની મુસલમાની સાચી ઓળખ ખુલ્લી પડી જાય, તો તેઓનું જીવન અશક્ય બની જશે અને તેમના અનુયાયીઓ મૂળ સનાતન હિંદુ ધર્મમાં આવી જશે. જો આવું થાય તો સતપંથ ધર્મ કાયમ માટે બંધ થઇ જશે. માટે સતપંથ ધર્મના પ્રચારકો યેનકેન પ્રકારે પોતાના અનુયાયીઓ ટકાવી રાખવા માંગે છે.**
- સતપંથની સમસ્યા આજે પણ એક યા બીજી રીતે કાયમ છે.

21

ગુપ્ત પંથ / પીરાણા સતપંથ અથવા

સતપંથ શું છે

હિંદુઓનો મુખવટો છે...
પણ છે ઇસ્લામી વિચારધારા આધારીત...
તો પછી આ ધર્મ છે કયો?

ચરણ ૧

આ પ્રસ્તુતિને નીચે પ્રમાણે વિભાગોમાં વિભાજીત કરવામાં આવેલ છે;

1. ભાગ ૧: સતપંથની સ્થાપના અને ઇમામ શાહ સુધીનો કાળ
2. સરકારી દસ્તાવેજ અને સંશોધનકારોનો નિષ્કર્ષ
3. તાકિયા – સતપંથના સ્થાપકોની મૂળ રણનીતિ

23

1. ચરણ ૧ - ભાગ ૧

ઇમામ શાહ સુધીનો કાળ

 24

મુદ્દાઓ

ચરણ ૧માં નીચે મુજબના મુદ્દાઓને આવરી લેવામાં આવેલ છે;

1. *સતપંથનું મૂળ*
2. *ધર્મ પરિવર્તનની પદ્ધતિ*
3. *પ્રચાર પદ્ધતિ – પ્રોપગંડા / Propaganda*
4. *ધર્મનો સિદ્ધાંત*
5. *દસ અવતાર – હિંદુઓના દસ અવતારનું ભ્રામક નામ શા માટે છે?*
6. *સતપંથના સાહિત્યો – ગીનાન અને દુઆ / કલમા*
7. *સારાંશ*

25

1.1 સતપંથનું મૂળ

એક ટૂંકી નોંધ...

26

Annex: 78.1 to 78.20, 82.5

સતપંથનું મૂળ ...

- ઇસ્લામના સ્થાપક એટલે મોહમ્મદ પેગંબરના મૃત્યુ પછી ઇસ્લામ ધર્મના બે મુખ્ય પંથ ઉભા થયા... "શિયા" અને "સુન્ની".
- શિયા પંથ પાળવાવાળા, મોહમ્મદ પેગંબરના જમાઈ એટલે "હજરત અલી મૌલા"ને તેમના અલ્લાહ માને છે.
- હજરત અલીની મૃત્યુ પછી તેમના વંશના લોકો, જે અલીની ગાદી પર બેસે, તેમને અલીનો જીવતા અવતાર તરીકે માને છે. (આ જીવતા અવતારને "ઈમામ" પણ કહેવામાં આવે છે)
- ધીરે ધીરે જેમ સમય પસાર થતો ગયો અને આંતરિક ઝગડાઓ, મતભેદો, ખુન જેવાં કારણોના લીધે શિયા પંથમાં ફાટફૂટ પડી અને અલીની ગાદીના અલગ અલગ દાવેદાર ઉભા થયા.

27

Annex: 78.1 to 78.20, 82.5

... સતપંથનું મૂળ

- ઇસ્લામ -> શિયા -> ઈસ્માઈલી -> નિઝાર પંથની સ્થાપના વર્ષ ૧૦૯૪માં અલામત (હાલ ઈરાન)માં એક ઈસ્માઈલી દાઈ (પ્રચારક) હસન-બિન-સબ્બાહ દ્વારા કરવામાં આવેલ છે. હસન-બિન-સબ્બાહ, ઈમામ "નિઝાર" માટે દાઈનું કામ કરતા હતા. એટલે તેના કારણે "નિઝાર" કે "નિઝારી" શબ્દનો પ્રયોગ આ પંથના નામમાં કરવામાં આવેલ છે.
- સતપંથ, એ નિઝારી પંથનો એક પેટા ફાંટો કે પંથ છે.
- સતપંથની બે મુખ્ય શાખાઓ છે;
  ૧) ખોજા -- જેઓ આગા ખાનને ઈમામ તરીકે માને છે.
  ૨) ઈમામ શાહી -- કે જેઓ ઈમામ શાહના વંશજોને ઈમામ તરીકે માને છે.
  આ પંથને "પીરાણા પંથ", "ઈમામ શાહી પંથ", "કાકા પંથ", "મતિયા પંથ" અથવા "મુમના પંથ" તરીકે પણ ઓળખવામાં આવે છે.

28

Annex: 2.1 to 2.8, 3.1 to 3.6, 4.1 to 4.2, 5.1 to 5.4, 6.1 to 6.5, 7.1 to 7.3, 11.2, 62.1 to 62.4, 64.1 to 64.4, 65.1 to 65.2, 66.1 to 66.27, 67.1 to 67.6, 68.1 to 68.6, 72.1 to 72.4, 74.1 to 74.6, 79.1 to 79.3, 80.1 to 80.9, 82.7, 85.1 to 85.17, 97.1 to 97.2

સ્થાપના – એક આછી રૂપરેખા ...

- "પીર શમ્સ"નો પ્રપૌત્ર "પીર સદરૂદ્દીન" હતા અને એ સતપંથના મુખ્ય પ્રચારક હતા. પીર સદરૂદ્દીનની કબર પાકિસ્તાનના "ઉચ" ગામમાં છે.
- એમના દીકરા અને ઉત્તરાધિકારી "પીર કબીરુદ્દીન" (પૂરું નામ – "અબુ કલંદર હસન કબીરુદ્દીન") એ તેમના પિતાના કામને આગળ વધાર્યું. તેમની કબર પણ "ઉચ" ગામમાં છે.
- પીર કબીરુદ્દીનના દીકરા, "ઈમામ શાહ" (પૂરું નામ – "ઇમામુદ્દીન અબ્દુર રહીમ સૈય્યદ"), એ પીરાણા સતપંથના સ્થાપક છે. તેમની કબર પીરાણામાં છે.
- ઇસ્લામ "બળ" અને "કળ" થી ધર્મ પરિવર્તન કરાવતા આવ્યું છે. તેમાંથી "કળ" વડે ધર્મ પરિવર્તનના દાખલા રૂપે સતપંથ મોખરે છે.

29

Ref: Slide No 28, Annex: 38.3, 73.2, 77.1 to 77.55

... સ્થાપના -એક આછી રૂપ રેખા

- ભારતમાં સતપંથની સ્થાપના પાછળની હિલચાલ ૧૪મી સદીમાં ઈસ્માઈલી ધર્મ પ્રચારકો, કે જેઓ ઈરાન (પર્શિયા / ફારસ)થી આવ્યા હતા, તેમના દ્વારા કરવામાં આવી.
- હોંશિયાર અને ભણેલા ધર્મ પ્રચારકોએ સહુથી પહેલાં સ્થાનિક ભાષા અને ખાસ કરીને સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરુ કર્યો. સાથે સાથે હિંદુ ધર્મના સાહિત્યો પર પ્રભુત્વ હાંસલ કર્યું. સાથે સાથે તે સમયના લોકોની સામાજિક અને માનસિક પરીસ્થિતનો પણ ઊંડાણ પૂર્વક અભ્યાસ કર્યો.
- હિંદુ અને ઇસ્લામના સિદ્ધાંતોને સતપંથમાં યુક્તિ પૂર્વક ભેળવીને, અનુયાયીઓને ઇસ્લામ તરફ લઈ જવાનો એવો રસ્તો તૈયાર કર્યો, કે જેથી ધર્મ પરિવર્તન કરવાના કાર્યમાં સરળતા રહે.
- હિંદુ ધર્મની રચના અને સિદ્ધાંતોને વર્ણવતી, નવી, પણ નકલી – જે ઇસ્લામ સાથે જોડાણ કરતી હોય એવી - વ્યાખ્યાઓ તૈયાર કરી અને સંસ્કૃત ભાષાના શ્લોકોના ઢાળોને સ્થાનિક ભાષામાં ઢાળીને પ્રચાર કરવાનું શરુ કર્યું.

30

Annex: 37.6, 42.4, 42.8, 73.3, 77.12, 78.8, 78.11 to 78.15, 78.20, 82.8 to 82.10, 82.16, 82.17

1.2 ધર્મ પરિવર્તનની પદ્ધતિ

સતપંથના સ્થાપક... પીર સદરૂદ્દીન દ્વારા...
ધર્મ પરિવર્તન કરાવવા માટે અપનાવેલી પદ્ધતિ કેવી હતી?

31

પીર સદરૂદ્દીનની પદ્ધતિ

- "ઇસ્લામ ઇન નોર્થન ઈન્ડિયા" (અલીગઢ, 1993, p. 371) માં લેખક મુહમ્મદ ઉમર લખે છે કે,

> "હિંદુઓમાં ઇસ્લામ લોકપ્રિય થવા પાછળનું મુખ્ય કારણ એ હોઈ શકે કે, મુસ્લિમ પ્રચારકો દ્વારા નવા હિંદુ અનુયાયીઓ પર પોતાના પરંપરાગત રીત રિવાજ છોડી દેવા માટે મજબૂર ન કરવામાં આવ્યા. તેઓએ એવી પરિકલ્પના કરી કે અનુયાયીઓ પોતાની મેળે ધીરે-ધીરે બિન-ઇસ્લામી રીત-રિવાજો છોડી દેશે. આના કારણે હિંદુ દ્વારા ઇસ્લામ ધર્મ અપનાવ્યા બાદ પણ પોતાના પરંપરાગત રીત-રિવાજો પાળતા હોવાના ઉલ્લેખો મળે છે."

- તેવી જ રીતે, ગીનાનોના, સાહિત્યોના અને પરંપરાના મૂળ સાર પરથી સમજાઈ આવશે કે પીર સદરૂદ્દીનનો મુખ્ય ઉદ્દેશ લોકોનો ધીરે-ધીરે, ત્રણ (3) ચરણમાં, ધર્મ પરિવર્તન કરાવવાનો હતો. જે પદ્ધતિ તેમણે અપનાવી હતી તે ખાસ પ્રકારના ધર્મ પ્રચારના ઢાંચા ઉપર આધારિત હતી.

32

Annex: 22.1 to 22.4

પીર સદરૂદ્દીનની પદ્ધતિ
ચરણ ૧: પ્રારંભિક અવસ્થા

- શિષ્યોને, નૈતિક અને સૈદ્ધાંતિક મૂલ્યોની મદદ દ્વારા, સતપંથનો સરળ બોધ આપવામાં આવતો. પ્રવચનો, ગીનાનો અને સાહિત્યોમાં, લોકોની ભાષા અને બોલીનો ઉપયોગ કરી, સ્થાનિક સાંકેતિક પરિભાષા, જેમકે અલખ નિરંજન (અવર્ણનીય), ગુરુ બ્રહ્મા (મોહમ્મદ), નર નકલંક (અલી), નર (ઇમામ), ઘટ-પાટ, જાપ વગેરેનો પ્રયોગ કરવામાં આવતો.
- ગ્રામ જનોની ભાષામાં, ઉત્તમ કુશળતા વાપરીને, ખાસ ગીનાનો રચવામાં આવ્યા. જેથી લોકોને તેમના પરંપરાગત ભજનો જેવી લહેજત મળે. જેમાં પીર સદરૂદ્દીન પોતાને હિંદુ નામ સહદેવ અને હરીશચંદ્ર ધારણ કરીને પદોની રચના કરી છે.
- હિંદુઓને મુસલમાન બનાવવાની પ્રક્રિયાને સરળ બનાવા માટે ભાર આપવામાં આવ્યો છે.

33

Ref: Slide 32

પીર સદરૂદ્દીનની પદ્ધતિ
ચરણ ૨: મધ્યમ અવસ્થા

- બીજા ચરણમાં, શિષ્યોને એકાંતમાં, મધ-રાત્રે, જપ કરવા માટે, ગુરુ મંત્ર / સત શબ્દ આપવામાં આવે છે.
- શિષ્યોને જાણ કરવામાં આવે છે કે, ભગવાન વિષ્ણુનો દસમો અવતાર, અલી રૂપે અરબ ખંડમાં જન્મી ચૂક્યો છે અને હાલે “ઇમામ”ના રૂપમાં ઈરાનમાં વસે છે.
- ટૂંકમાં આ અવસ્થામાં, નવા અનુયાયીઓ સતપંથને પોતાની જૂની શ્રદ્ધા એટલે હિંદુ ધર્મને મજબુતી આપતા, પૂરક તરીકે જોતાં થઈ જાય છે. મોહમ્મદ પેગંબર અને અલીને પોતાના પૂર્વજોની પરંપરા સાથે સુસંગત સમજવા લાગે છે.

34

Ref: Slide 32

પીર સદરૂદ્દીનની પદ્ધતિ
ચરણ ૩: પરીવર્તન અવસ્થા

- શિષ્યોને ધ્યાનમાં લીન થઈ જવા પર ભાર આપવામાં આવે છે.
- ત્યાર પછી, નવા અનુયાયીઓને તેમના જૂના રીત રિવાજોથી વિમુખ કરવાનું કામ શરૂ કરવામાં આવે છે. હિંદુઓની ક્રિયાઓની, તર્કના આધારે, નિંદા કરવાનું શરૂ કરવામાં આવે. જેવા કે વર્ણ ભેદ, મૂર્તિ પુજા, ધાર્મિક સ્નાન, હિંદુ ફિલોસોફીની ૬ મુખ્ય વિચાર વાળી શાળાઓ, સન્યાસ અને ત્યાગની પરંપરા, વગેરે.

આવી રીતે, પીર સદરૂદ્દીને લોકોની શ્રદ્ધાનું સૌમ્ય રીતે ઇસ્લામી કરણ કરી નાખ્યું હતું. પણ તેની સાથે સાથે, તેણે લોકોની સંસ્કૃતિ સાથે ક્યારે પણ છેડછાડ નહોતી કરી. આના કારણે હિંદુ સમુદાયે ભારતીય રૂપ ધરાવતા ઇસ્લામના સિદ્ધાંતો વાળો ધર્મ અપનાવી લીધો.

35

Ref: Slide 32

ધર્મ પરિવર્તન સૂત્ર

મુંબઈ હાઈ કોર્ટના ૧૮૬૬ના વિખ્યાત "આગા ખાન કેસ"માંથી મેળવેલ નિષ્કર્ષ

- ધર્મ પરિવર્તનના સુત્ર રૂપે ઈસ્માઈલી દાઈઓને (એટલે કે ધર્મ પ્રચારકોને) નિર્દેશન આપવામાં આવ્યું હતું કે. "જો તેમણે એક ઈસાઈને પ્રભાવમાં લઈને ધર્મ પરિવર્તન કરવું હોય તો, તેમણે યહૂદીઓના જીદ્દીપણા અને મુસલમાનોના અજ્ઞાન ઉપર લાંબી લચક વાતો કરવી. ઈસાઈ ધર્મની મુખ્ય માન્યતાઓ પર શ્રદ્ધા દર્શાવીને ધીરેથી ઈશારો મૂકી દેવો કે એ બધું સાંકેતિક છે અને તેમાં કંઈ મોટું રહસ્ય છે. તેની સાચી હકીકત ફક્ત ઈસ્માઈલી ધર્મ આપી શકે તેવી વાતો કરવી. ઈસાઈઓએ ક્યાંક સાચી વાત સમજવામાં ભૂલ કરી છે અને સાચો ધર્મ એજ છે જે ઈસ્માઈલી ધર્મ પ્રચારક બતાવે તે."
- તેવી જ રીતે, જો એક યહૂદીનું ધર્મ પરિવર્તન કરાવવું હોય તો તેમને પહેલાં, ઈસાઈ અને મુસલમાનો વિરૂદ્ધ બોલી તેનો વિશ્વાસ જીતીને કહવું કે સાચો "મસીહા" આવશે અને એ બીજો કોઈ નહિ પણ "અલી" હશે.
- **સાર: યોજના એવી છે કે પહેલાં, અનુયાયીઓના પોતાના જુના ધર્મનો પ્રચાર કરવો અને તેની સાથે ભળી તેનો વિશ્વાસ જીતી તેને ધીરે ધીરે એમ સમજાવવું કે એ જે ધર્મ પાળે છે એ ફક્ત સાંકેતિક છે. સાચો ભગવાન અલી છે અને સાચો ધર્મ શિયા મુસલમાન ધર્મ છે.**

36

Annex: 12.1 to 12.35, 15.1 to 15.4, 56.10 to 56.13

1.3 પ્રચાર પદ્ધતિ

પ્રોપગંડા / PROPAGANDA

ઈસ્માઈલી ધર્મ પ્રચારકોની સફળતા પાછળની...
એક અસરકારક રણનીતિ

37

શિયા ધર્મ પ્રચારકોને ભારતમાં
મોટી સફળતા મળવા પાછળ
મૂળભૂત પ્રચાર પદ્ધતિ અથવા
અંગ્રેજીમાં **પ્રોપગંડા**

(Propaganda)

 38

પ્રોપગંડા (પ્રચાર) -પૃષ્ઠભૂમિ

- ઇસ્લામ હમેશાં ધર્માંતરણ કરાવનાર રહ્યો છે અને આજે પણ એ પ્રવૃત્તિ ચાલુ છે.
- જે ગતિથી અન્ય દેશોમાં તેનો ફેલાવો થયો તે ઇતિહાસમાં અજોડ છે.
- યહૂદી, હિબ્રૂ અને અરબી ભાષી લોકોના દેશોમાં ઇસ્લામને ખૂબ સફળતા મળી.
- પણ જે દેશોમાં અલગ સાંસ્કૃતિક વિચાર ધારા ચાલતી હતી, જેમ કે યુરોપ, ભારત, ચીન વગેરે, તેમાં ઇસ્લામને શરૂવાતમાં ખાસ સફળતા ન મળી. પરંતુ સેંકડો વર્ષોના સમયગાળા પછી જ ધીરે ધીરે ઇસ્લામની પ્રગતિ થઈ શકી છે.

39

Annex: 78.7

પ્રોપગંડામાં નડતર (વિઘ્નો)

- અરબી સંસ્કૃતિ ન ધરાવતા દેશોમાં ઇસ્લામને કેવા વિઘ્નોનો સામનો કરવો પડ્યો, તેના પર નજર નાખીએ;
  1. *બિન-અરબી અનુયાયી માટે વિદેશી ભાષામાં દર્શાવેલ ધાર્મિક વિચારો તેમજ વિદેશી ધાર્મિક માપ-દંડ (Standards)ને અપનાવવું જરૂરી હતું.*
  2. *વર્ણ આધારિત સામાજિક વ્યવસ્થા, જેવી કે ભારતમાં પ્રચલિત છે, તેમાં એક સમાજ વિહોણી વ્યક્તિ કે જ્ઞાતિથી અલગ થયેલ વ્યક્તિનું કોઈ અસ્તિત્વ જ નથી. તેવા સંજોગોમાં સામુહિક ધર્મ પરિવર્તન જ કામ કરી શકે. એટલે કે એક વ્યક્તિ નહિ પણ પૂરી જ્ઞાતિ કે સમાજનું ધર્મ પરિવર્તન કરવું જરૂરી છે.*
- આ વિઘ્નોના કારણે અન્ય દેશોની તુલનામાં ઇસ્લામને ભારતમાં ઓછો પ્રતિસાદ મળ્યો.
- પણ... કુશળ અને ઠોસ રણનીતિ અપનાવીને, નિઝારી ધર્મ પ્રચારકોએ એવી પદ્ધતિ અપનાવી કે જેના કારણે ઉપર જણાવેલ વિઘ્નોનો ઉપાય શોધી શક્યા.

40

Annex: 78.8

પ્રોપગંડા (પ્રચાર) –નડતરનો ઉપાય ...

- આવા સંજોગોમાં ધર્મ પરિવર્તન બે મુખ્ય સિદ્ધાંતો પર નિર્ભર કરે છે;
  1. ***ઇસ્લામનો મતલબ અને સંદેશને કડક અરબી આવરણથી જુદું પાડવાની*** *સાહસિક વ્યૂહરચના.*
  2. *અમુક **ખાસ જ્ઞાતિને લક્ષ બનાવીને** ધર્મ પરિવર્તનના **પ્રયાસો કેન્દ્રિત કરવા.** ખાસ કરીને પછાત વર્ગ ઉપર ધ્યાન આપવું, કારણ કે અન્ય વર્ગની તુલનામાં આવા વર્ગના લોકો પર સમાજ કે જ્ઞાતિની પકડ ઓછી હોય છે.*
- *ઇસ્લામના ધર્મ પ્રચારકોએ ઇસ્લામના ઉચ્ચ આદર્શોને અનુયાયીઓના પૂર્વજોના ધર્મ (એટલે હિંદુ ધર્મ) ની પરિભાષા અને સંસ્કૃતિ અનુરૂપ સમજાવ્યા.*
- હિંદુ ધર્મના પ્રચલિત અને સુંદર આદર્શો, સંસ્કારો, રીત-રિવાજો, માન્યતાઓ, બંધનો વગેરેને ઇસ્લામ ધર્મના ઉપદેશોને કેન્દ્રમાં રાખી તેની આસપાસ જોડવામાં આવ્યા.

41

Annex: 28.3, 30.1, 31.2, 31.5, 31.6, 32.7 to 32.12, 32.19, 32.23 to 32.25, 34.6, 74.3, 78.8

... પ્રોપગંડા (પ્રચાર) –નડતરનો ઉપાય ...

- વ્યક્તિગત ધર્મ પરિવર્તન અને સામુહિક ધર્મ પરિવર્તન, આ બન્નેમાંનો ફરક જે છે, તે ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિ માટેની સૂગમતાનો હોય છે.
- સામુહિક ધર્મ પરિવર્તનથી લોકોને ઘણી જ સરળતા થઈ પડે છે. તેમજ સાથ-સોબત, સંગતની અસર અને પ્રભાવ થકી ધર્મ પરિવર્તન સહેલું થઈ જાય છે.
- સામુહિક રીતે ધર્મ પરિવર્તન થઈ શકે તે માટે ધર્મ પ્રચારકો તેમના ઈસ્માઈલી ધર્મના સંતોની ચમત્કારિક વાર્તાઓ કહીને, તેની અલૌકિક શક્તિની વાતોમાં લોકોને આંજી દેતા. આવી રીતે પરિવર્તનનો રસ્તો સરળ બનાવતા.
- આ રીતે નવા અનુયાયીઓ, પોતાના *ગમા-અણગમા અને વિરોધ છોડીને,* સતપંથ ધર્મના *સનિષ્ઠ અને ચુસ્ત અનુયાયી બની,* ધર્મ પ્રચારકની વાતો પાળવા તૈયાર થઈ જતા.

42

Annex: 78.8. 78.9, 78.11

... પ્રોપગંડા (પ્રચાર) –નડતરનો ઉપાય ...

- "અલૌકિક શક્તિ" અને "પરચાઓ" વાળી વાર્તાઓની મદદથી નવા અનુયાયીઓ જલદીથી નવો ધર્મ અપનાવી લે અને પોતાના અણગમા અને શંકાઓ છોડી દે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.
- *ઇસ્લામને છેલ્લા યુગ, એટલે કલિયુગનો, ધર્મ* તરીકે લોકોના મગજમાં ઠસાવવામાં આવે છે.
- હિંદુ ધર્મના સિદ્ધાંતોને ઇસ્લામમાં ભેળવવાના પ્રચાર સિદ્ધાંત મુજબ, "પહેલા ઈમામ, અલી તાલિબ"ને ભગવાન વિષ્ણુનો દસમો અવતાર તરીકે લોકો સમક્ષ રજુ કરવામાં આવ્યા.
- તેવીજ રીતે, ઈસ્માઈલી (શિયા ધર્મનું ફાંટું) સંબંધ જાળવીને ઈમામને (શરૂઆતથી જ) ભગવાન વિષ્ણુનો અવતાર બતાવામાં આવ્યો છે અને ઈમામને નારાયણ અને નકલંક (નિષ્કલંકી) અવતાર તરીકે નામ આપી ઓળખાવવામાં આવે છે.

43

Annex: 32.6, 73.5, 74.3, 78.9, 78.10, 86.3

... પ્રોપગંડા (પ્રચાર) –નડતરનો ઉપાય

- કુરાનને આખરી વેદ (અથર્વ વેદ) તરીકે જાહેર કરવામાં આવેલ છે. અન્ય હિંદુ ધાર્મિક પુસ્તકો અને સાહિત્યોને રદ્દ કરવામાં આવ્યા છે, તેવું જાહેર કર્યું છે.
- બીજી બાજુ હિંદુ દસાવતાર પ્રમાણે ભગવાન વિષ્ણુના અવતારની હિંદુ પરંપરા ચાલુ રાખી છે.
- ખોટી વાર્તા આગળ વધારવા એવું બતાવવામાં આવ્યું છે કે અલી તાલિબ, જે ૧૦મો અવતાર છે, એ કોઈ સાધારણ ધાર્મિક નાયક નહોતો, કે જે ઇતિહાસમાં પ્રગટ થઇ પોતાના ચમત્કાર બતાવીને અનંતમાં ગાયબ થઈ ગયો.
- અલીની દૈવી શક્તિ, તેનાં ઉત્તરાધિકારી ઈમામમાં, કહેવાતા ***"નિરંતર"*** રૂપે, અવતાર લીધા રાખે છે.

44

Annex: 14.2, 78.9, 78.10, 78.11, 80.9, 83.5

પ્રોપગંડા (પ્રચાર)
રૂઢિવાદી ઇસ્લામ સાથે સંલગ્ન

1) **સતપંથની સ્થાપના:** સતપંથની સ્થાપનાનો હેતું તાકિયાની મદદથી હિંદુઓને મુસલમાન બનાવવાનો છે. તેનાં કારણે લોકો હિંદુ ઓળખ રાખીને, ધીરેધીરે ઇસ્લામી પ્રથાઓને ક્રમવાર અપનાવી શકે.

2) **હિંદુ ધાર્મિક પુસ્તકોને ભ્રષ્ટ કર્યા:** અથર્વ વેદ, ગીતા, પુરાણ, ભગવાન વિષ્ણુના દસ અવતાર, જેવાં હિંદુ ધાર્મિક પુસ્તકોને ભ્રષ્ટ કર્યા. કલિયુગમાં કુરાનને અથર્વ વેદ તરીકે જાહેર કરવામાં આવ્યો. હિંદુઓને ભ્રમિત કરીને તેમને મુસલમાન બનાવવાની ચાલને યુક્તિ પૂર્વક ઘડી કાઢવામાં આવેલી છે.

143

Annex: 2.2 to 2.4, 2.6, 2.7, 3.5, 12.25 to 12.29, 22.1 to 22.4, 23.1 to 23.23, 26.2, 26.4 to 26.8, 27.2 to 27.4, 28.1 to 28.3, 30.1 to 30.7, 31.2 to 31.6, 32.1 to 32.25, 34.2, 34.3, 35.2, 35.6, 41.2, 42.1 to 42.8, 43.2, 45.3, 45.4, 46.3, 47.3, 47.4, 57.1 to 57.37, 63.2, 64.4, 66.11, 66.18, 66.24, 66.25, 77.12, 77.48, 78.6, 78.8 to 78.12, 78.14 to 78.16, 80.8, 80.9, 81.8, 81.10, 81.13, 82.8, 82.9, 82.14, 82.16 to 82.18, 82.22, 93.1, 94.1, 95.1 to 95.7, 96.1

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

3) **હિંદુ દેવોના અવતારને ભ્રષ્ટ કરવા –બુદ્ધ અવતાર, કલ્કી અવતાર (દસ અવતાર) વગેરે:** હિંદુ દેવોના અવતારને ભ્રષ્ટ કરીને તેમાં ઇસ્લામી તત્વો ઘુસાડી દીધા. ત્યાર બાદ એવું ઠસાવવામાં આવ્યું કે જો મોક્ષ જોઈતો હોય તો, ઇસ્લામનો અંગીકાર કરવો પડે.

4) **ઇસ્લામના ધર્મવીરોને હિંદુ દેવોના નામો અપાયા:** હઝરત અલીનું નામ નિષ્કલંકી નારાયણ, બીબી ફાતિમાને આધ્ય શક્તિ, મોહમ્મદ પેગંબરને બ્રહ્મા, ઈમામ શાહને બ્રહ્માનો અવતાર, ઈમામ શાહ બાવાનું નામ ઈમામ શાહ મહારાજ, વગેરે વગેરે.

સવાલ: જો સતપંથ ચોખ્ખો હોત, તો શા માટે આવા ભ્રામક નામ રાખવા પડયા?

144

Ref : Slide 143, Annex: 55.1 to 55.11

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

5) **હિંદુ વિધિઓ ભ્રષ્ટ કરી:** હિંદુ ધાર્મિક વિધિઓને એવી રીતે ભ્રષ્ટ કરવામાં આવી કે જેના થકી હિંદુ ધર્મીઓમાં મુંજવણ ઉભી થાય અને પરિણામે આવા અપપ્રચાર સ્વીકારી શિકાર બની જાય. જેમ કે, *જનોઈ* ઉતરાવવામાં આવી, મુડદાઓને અગ્નિસંસ્કાર આપવાને બદલે દાટવાની પ્રથા શરૂ કરવામાં આવી, વગેરે વગેરે.

6) **હિંદુઓની આસ્થાને ભ્રષ્ટ કરવામાં આવી:** ગાયને મારવાથી સ્વર્ગ મળે. ગંગા નદી, મંદિરો, મૂર્તિ પૂજા, બ્રાહ્મણો વગેરેને શાપિત બતાવીને લોકોના હૃદયમાંથી ઉતારી દેવામાં આવ્યા, વગેરે વગેરે. (વાંચો બુદ્ધ અવતાર ગીનાન). તેવી જ રીતે ગીનાનમાં એવું પણ બતાવામાં આવ્યું છે કે, પથ્થર, પશુ અને વૃક્ષને પૂજવા નહિ. જો પુજશો, તો સવાપોર દિવસ ચડશે ત્યાં લગી છાતી પર પથ્થર લઈને ફરશો. તેથી આ ત્રણેને પૂજવા નહિ. આવી રીતે લોકોને ડરાવીને હિંદુ ધાર્મિક રીત રિવાજોને પાળતા બંધ કરાવામાં આવ્યા.

145

Ref : Slide 143

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

7) **હિંદુ ધાર્મિક / ભક્તિ ભજનો અને ગીતોને ભ્રષ્ટ કરવામાં આવ્યા:** નવરાત્રીમાં ગવાતી ગરબીને, પહેલો શિકાર બનાવી, ભ્રષ્ટ કરવામાં આવી. જુવો પીર સદરૂદ્દીન લીખીત ગરબી ગીનાન.

8) **જન્નતપૂરી અને મોમીન ચેતામાણી, જેવી છેતરામણી વાર્તાઓ રચવામાં આવી.**

- ***જન્નતપુરી*** – *લોકોને સતપંથ તરફ આકર્ષવા વાર્તા રચવામાં આવી.*
- ***મોમીન ચેતામાણી*** – *ઈમામ અને સતપંથ ધર્મ ઉપર અનુયાયીઓ શંકા કરે અને દસોન્દ ન આપે તો, તે લોકોને તેના કહેવાતા ખરાબ પરિણામોથી ડરાવવા માટે વાર્તા રચી.*

146

Ref : Slide 143

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

9) **હિંદુઓને તેમના મૂળથી ઉખડી કાઢવાનો પ્રયત્ન:** પ્રાગજી કાકા અને ઈમામ શાહના વંશજ સૈય્યદ વલીમિયાએ કચ્છના પાટીદારોના ત્રણે પાંચાડાઓથી બનેલી જ્ઞાતિની તા. ૧૯-૦૧-૧૭૭૬ ના એક સભા બોલાવીને ક.ક.પા. જ્ઞાતિના લોકોને બ્રાહ્મણોના હાથે ક્રિયા કરાવવા પર પ્રતિબંધ મુકવાનો આદેશ આપ્યો.

10) **ભાટ અને ચારણોનો બહિષ્કાર,** તેવી જ રીતે, જ્ઞાતિમાં વહીવંચાઓની અવરજવર પર પ્રતિબંધ મુકીને, તેમની પાસે પોતાના પરિવારની વિગતો આપી, નોંધ ન કરાવવાના આદેશ બહાર પાડ્યા. જેથી કરીને વખત જતા લોકો પોતાના પરિવારોનો અને કુળનો ઇતિહાસ ભૂલી જાય અને નવી અપનાવેલી પ્રથાઓને જ સાચો ધર્મ સમજી લે.

ભાટ અને ચારણો: *એવી જ્ઞાતિ જે રાજા અને પ્રજાને બોધ આપવાનું કામ, કાવ્યમય શૈલીમાં કરે અને તેની સાથે તેમનામાં અસ્મિતા, શૌર્યતા અને ખુમારી જગાડી બહાદુર બનાવે.*

વહીવંચાઓ: *લોકોના પરિવારમાં જન્મતા સંતાનો અને વંશજોની નોંધ રાખવાનું કામ અને ઇતિહાસની નોંધ કરવાનું પેઢી દર પેઢી કામ કરતી જ્ઞાતિ.*

11) આ બધા આદેશોનો મૂળ હેતું લોકોને તેમના હિંદુ મૂળથી જુદા કરવાનો હતો.

147

Ref :Slide 143

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

12) **યોગ અને જ્ઞાન શિબિર (1/2):**

1. હાલમાં સતપંથીઓએ, સનાતનીઓને તોડવા માટે, એક નવી તરકીબ શોધી છે. આપણે સહુ જાણીએ છીએ કે આજે ભારત અને વિશ્વના ઘણા દેશોમાં યોગાસનો બહુજ પ્રચલિત થયાં છે. આનો ફાયદો ઉઠાવી સતપંથના ધર્મ પ્રચારકો...
2. યોગ (યોગા) અને જ્ઞાન આપવાના બહાને શિબિરો યોજે છે.
3. આવી શિબિરો ખાસ કરીને મહિલાઓને આકર્ષવાના હેતુને કેન્દ્રમાં રાખીને યોજવામાં આવે છે.
4. આ શિબિરોનો સંપૂર્ણ રીતે દેખાવ હિંદુઓનો જ હોય અને તેનું થોડું આધ્યાત્મિક અને ધાર્મિક સ્વરૂપ પણ હોય છે.
5. લોકોના અને ખાસ કરીને મહિલાઓના મનમાં કોઈ પણ જાતની શંકા ઉભી ન થઈ જાય કે આવી શિબિરો દ્વારા પીરાણા સતપંથ ધર્મનો પ્રચાર થઈ રહ્યો છે, તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

148

Ref : Slide 143

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

12) **યોગ અને જ્ઞાન શિબિર (2/2):**

6. આ શિબિરોને ચલાવવા માટે એવા લોકોને નિયુક્ત કરવામાં આવે કે જેઓ પાકા સતપંથી હોય પણ દેખાવ પાકા સનાતનીઓનો કરે.
7. ધીરે ધીરે જ્યારે લોકોનો વિશ્વાસ જીતે લે, ત્યારે મહિલાઓના સ્વભાવ મુજબ પોતાના અંગત પ્રશ્નો, જેમ કે ઘરમાં શાંતિ નથી, છોકરા ભણતા નથી, પતિના ધંધામાં બરકત નથી, વગેરે વગેરે, યોગ અને જ્ઞાન શીખાડનાર તેમના કહેવાતા ગુરુ સામે મૂકતા થઈ જાય.
8. ત્યારે આવી મહિલાઓને, તેમની તકલીફોના ઉપાય રૂપે તેમને બાધા, માનતા અને પીરાણાના દર્શનના બહાને, તેમને પીરાણા આવતાં જતાં કરી દેવામાં આવે છે.

આવી રીતે મહિલાઓથી શરૂ કરી તેમની શ્રદ્ધા પીરાણા સતપંથ ધર્મ તરફ લઈ આવવાનો પ્રપંચ રચાય છે. પહેલા ઘરની મહિલાઓ અને પછી ઘરના બધા જ લોકોને સતપંથના અનુયાયીઓ બનાવવામાં આવે છે.

149

Ref : Slide 143

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

13) **સનાતની નેતાઓને બદનામ કરવાનો પ્રપંચ (1/2):** તાકિયાની એક રણનીતિ પ્રમાણે સનાતનીઓના હિતની વાત કરવાવાળા લોકો સામે તદ્દન ખોટા વ્યક્તિગત આક્ષેપો કરવામાં આવે છે. દાખલા તરીકે નારાયણ રામજીએ લક્ષ્મીનારાયણ સંપ્રદાય સ્થાપવાની બનાવટી વાર્તા. તેમજ સંત ઓધવરામ, હિમ્મતભાઈ, રમેશભાઈ વગેરેના સામે પણ હડહડતા ખોટા ઊપજાવી કાઢેલા આંક્ષેપો કરે છે. હાલમાં સનાતનીઓને બદનામ કરવાના હેતું સાથે જે ઈમૈલો સતપંથીઓ દ્વારા મોકલવામાં આવે છે, તેમાં વપરાતી ભાષાએ તો સામાજિક વિવેકની બધી મર્યાદાઓ પાર કરી દીધી છે.

- સતપંથીઓ દ્વારા સનાતની નેતાઓને વ્યક્તિગત રીતે ઉતારી પાડવાની કોશિશનો મુખ્ય હેતું સનાતની નેતાઓને બદનામ કરીને તેમની સચ્ચાઈ અને ઈમાનદારી પર સવાલ મૂકી દેવો. જેથી સતપંથ વિરુદ્ધ તેમના દ્વારા જાણવા મળતી સાચી વાતો પર લોકો શંકા કરતા થઇ જાય.
- સનાતનીઓને સતત બદનામ કરવાનો હેતું, લોકોના મનમાં મુજવણમાં ઉભી કરી, સનાતની નેતાઓના કામ પ્રત્યે, લોકોનું માન ઓછું કરવાનું પણ છે.

150

Ref : Slide 143

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

14) **<u>મનગડંત સિદ્ધાંતો ઉભા કરવામાં આવે (1/2):</u>**

- સતપંથીઓ તેમના જુઠ્ઠાણાઓ છુપાવવા "નવી નવી" ચાલો રમતા રહે છે. અને તેમની ચાલોને વ્યાજબી ઠરાવવા માટે એ ચાલોને પોતાનાજ ધર્મના સિધાંતો રૂપે રજુ કરી, એ બાબતનો જોર શોરથી પ્રચાર/પ્રસાર/જાહેરાત કરતા રહે છે.
- ઉપર જણાવ્યા પ્રમાણે તેઓએ એક નવી તરકીબ શોધી કાઢી છે. જેમાં નવી (બદલેલી) ધાર્મિક ચોપડીઓ બહાર પાડવાના પગલાંને વ્યાજબી ઠરાવવા માટે ઉપયુક્ત અવનવા કારણો દેખાડવા. આ મુજબ એમ કહેવામાં આવે છે કે, મુસલમાન રાજાઓએ સતપંથના ધાર્મિક પુસ્તકો બદલી નાખ્યાં હતા. એટલે તેમને પાછાં બદલીને અસલ/મૂળ પુસ્તકો રજુ કરવામાં આવી રહ્યા છે.
- વાસ્તવમાં કોઈપણ મુસ્લિમ રાજાએ સતપંથના સાહિત્યો સાથે કોઈ બદલાવ નથી કરાવ્યા. ક.ક.પા. જ્ઞાતિએ હિંદુ રાજાઓની પ્રજા તરીકે આ ધર્મને સેંકડો વર્ષો પાળ્યો. સાહિત્યો બદલવા પર કોઈ જોર નહોતું.
- ભારતમાં હિંદુઓ માટે ઔરંગઝેબથી વધારે ક્રૂર કોઈ પણ મુસલમાન રાજા થયો નહોતો. એક બાજુ એવા ઔરંગઝેબ પાસેથી પ્રમાણ પત્ર મળવાની અને દાન મળવાની ઉંચી ઉંચી વાતો કરે છે, તો બીજી બાજુ તેનાં જેવાં મુસ્લિમ રાજાઓએ પુસ્તકો બદલી એવાં આક્ષેપો કરે છે. કેટલી વિરોધાભાષી વાતો છે. કઈ સાચી? અને કઈ ખોટી? –તાકિયાનો વપરાશ છે.

151

Annex: 33.1 to 33.4, 34.1 to 34.9, 36.1 to 36.3, 40.1, 40.2, 41.3 to 41.24, 43.1 to 43.5, 75.5, 75.11, 75.18 to 75.25, 76.4, 76.5, 81.14, 81.16, 81.18 to 81.20, 81.23, 84.5 to 84.7, 95.3

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

<u>નોંધ:</u> ઔરંગઝેબ એક એવો બાદશાહ હતો કે જેણે હિંદુ ધર્મ ઉપર ઘોર નફરત હતી. જેણે કશી વિશ્વનાથ મંદિર અને હજારો હિંદુ મંદિરો તોડ્યા હોય, એ માણસ પીરાણાને ૪૮ વિગા જમીન અને દીવા માટે તેલના પૈસા આપતો હોય, તો સમજી શકાય તેવી વાત છે કે તે ઇસ્લામ ધર્મના વધારા માટેજ આપતો હતો.

ઔરંગઝેબ એ આપણા દેશ માટે કલંક છે. હિંદુઓ માટે એ અત્યાચાર અને ગુલામીનો પ્રતિક છે. જેમ અંગ્રેજોના પ્રતીકો દા.ત. વિક્ટોરિયા ટર્મિનસને છત્રપતિ શિવાજી ટર્મિનસ નામ આપ્યું, એમ ઔરંગઝેબના આ પ્રતિકને જડમૂળથી ઉખેડી નાખવાની જરૂર છે. ઔરંગઝેબના પ્રતિક આ પીરાણામાં જઈને ઈમામ શાહની કબરને પૂજવું એ કોઈ સ્વાભિમાની હિંદને શોભે ખરું? આપણે પોતાને ઔરંગઝેબના ઓલાદમાં ન ગણાવું હોય તો પીરાણાને સદંતર ત્યાગવુંજ પડે. આમાં કોઈ ફેરફાર પણ ન ચાલે.

152

Annex: 23.3, 24.1 to 24.7, 26.10, 34.5

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

14) **મનગડત સિદ્ધાંતો ઉભા કરવામાં આવે (2/2):**

- ભારત આઝાદ થયું એને ૬૦ થી પણ વધારે વર્ષ થયાં. તે પહેલાં ૨૦૦ વર્ષ અંગ્રેજોએ રાજ્ય કર્યું. એટલે છેલ્લા ૨૬૦ વર્ષમાં તો કોઈ મજબુરી ન હતી ને? જો મુસલમાનોએ સાહિત્યો બદલી નાખ્યા હતાં, તો ૨૬૦ વર્ષ સુધી કેમ પાછા મૂળ સાહિત્યો ન લઈ આવ્યા.
- હકીકતમાં, હાલમાં, કહેવાતા નવા સાહિત્યો, બહાર પાડ્યા, તે પહેલાં, ઈમામ શાહના કાળથી જ, સતપંથના સાહિત્યો, કોઈ પણ ફેરફાર વગર ચાલતા રહ્યા છે.
- આ બધું સૂચવે છે કે, તાકિયા વાપરીને, મનગડંત રીતે નવી નવી વાતો ધર્મના “સિદ્ધાંત” તરીકે રજુ કરવામાં આવે છે. આ બધું પહેલી નજરમાં ભલે સાચું લાગે, પણ જરા ઊંડો વિચાર કરીએ તો, સચ્ચાઈ શું છે તે સામે આવી જ જાય છે.

153

Ref : Slide 151

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

15) **મૂળ સાહિત્યોને છુપાવામાં આવે છે (1/2):**

- સતપંથના સાહિત્યોને શા માટે છુપાવી રાખવામાં આવે છે? સતપંથના “બધા” સાહિત્યોને શા માટે છપાવીને પ્રસિદ્ધ નથી કરવામાં આવતા? તેમની પાસે જેટલાં સાહિત્યો છે, તેની યાદી પણ બહાર નથી પાડતા.
- તેમનું કહેવાતું મુખ્ય સાહિત્ય જેને “મૂળબંધ” કહે છે અને ઈમામ શાહના સ્વ-હસ્ત લેખીત હોવાનો દાવો કરવામાં આવે છે, જેમાંથી દસ અવતાર અને તેના જેવાં બીજા સાહિત્યો બહાર પાડવામાં આવ્યા છે, તેવાં **“મૂળબંધ”**ને શા માટે છુપાવી રાખેલ છે? જો તેઓ સાચા છે તો કોઈ પણ કાના માત્રા બદલાવ્યા વગર, ઈમામ શાહે જેમ લખ્યું હોય તેમ, તે પુસ્તકને સતપંથના અનુયાયીઓ માટે છપાવીને પ્રસિદ્ધ કરવું જોઈએ. જે કોઈ અકળ કારણો સર નથી કરવામાં આવતું.
- આજ સુધી સાહિત્યોમાં કરેલા ફેરફારોનો આધાર મૂળબંધ છે એમ કહીને નવા સાહિત્યો બહાર પાડવામાં આવ્યા. પણ જો એક વખત મૂળબંધ બહાર પાડે તો વારંવાર સાહિત્યો બદલાવવાનો રસ્તો બંધ થઇ જાય અને પોલ ખુલી જાય, એટલા માટે મૂળબંધને આજ સુધી બહાર પાડવામાં નથી આવ્યો એવું સ્પષ્ટ રીતે પુરવાર થાય છે.

154

Ref : Slide 151

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

15) **મૂળ સાહિત્યોને છુપાવામાં આવે છે (2/2):**

- હિંદુઓની ગીતાને અને મુસલમાનોનું કુરાનને ક્યારેય છુપાવવામાં નથી આવ્યું. તો પછી સતપંથીઓ શા માટે મૂળબંધને છુપાવે છે? આ ભેદ સમજાય તેવો નથી.
- બીજો દાખલો; ઈમામ શાહએ લખેલા દસ અવતારની ચોપડી, તેઓ ગુજરી ગયા તેના લગભગ ૫૦૦ વર્ષ પછી, ઈમામ શાહ લિખિત, દસ અવતાર પુસ્તકની ***પહેલી*** આવૃત્તિ વર્ષ 2002માં પીરાણા સ્થિત સતપંથની અધિકૃત સંસ્થાએ બહાર પાડી. ૫૦૦ વર્ષ પછી તેમને આ ચોપડી ક્યાંથી મળી? ઈમામ શાહના કાળથી, સેંકડો વર્ષોથી દસ અવતારની જે ચોપડી લોકો વાંચતા હતાં, તે ક્યાંથી આવી હતી? તેમને, મૂળ દસ અવતારની, ચોપડી બદલવાનો હક્ક, કોણે આપ્યો? પૂછવા માટે આના જેવાં ઘણા સવાલો છે, પણ સંતોષ કારક જવાબ આપવા તૈયાર નથી.
- તે ચોપડીઓ વિષે બીજી મજાની વાત એ છે કે જ્યારે કોઈ ચોપડીને ચોખ્ખા હિંદુ ધર્મ સાથે જોડી ન શકાય, ત્યારે તે ચોપડીની પ્રસિદ્ધિની તારીખ છાપવામાં નથી આવતી. તેમજ છાપવાનાર વ્યક્તિનું નામ સરનામું પણ છાપવામાં નથી આવતું. જેથી તેમને ક્યારે કાયદાકિય રીતે તકલીફ ન થાય.
- પીરાણામાં પુસ્તક વેચવાની દુકાનમાં પુસ્તકોનું બિલ પણ નથી આપવામાં આવતું. બિલ માંગીએ તો પુસ્તકોમાં છપાયલી કિંમત બતાવી દેવામાં આવે છે.

155

Ref : Slide 151

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ ...

16) **હિંદુઓની ધારણાઓને બદલવાનો પ્રયત્ન:**

- સંપૂર્ણ માનવ જાતમાં, કોઈ ઉચ્ચ માનવ જાતિ હોય તો, એ મુસલમાન જ છે. એવી વાહિયાત માન્યતા ક.ક.પા. જ્ઞાતિમાં ઠસાવેલ હતી. જેમ કે....
- જે સમયે નીચલા વર્ણના લોકોને અડવાથી આભડછેટ લાગતી હતી, ત્યારે છાંટ લેવાની પ્રથા હતી. જેમકે કોઈ નીચલા વર્ણના માણસને અડી ગયા પછી, પાણીની છાંટ લીધા વગર ઘરમાં ન જવાતું.
- પણ ક.ક.પા. જ્ઞાતિમાં, તાકિયાનો ઉપયોગ કરી, એવું ઠસાવામાં આવ્યું હતું કે, જો નીચલા વર્ણના માણસને અડ્યા પછી એટલે કે અભડાયા પછી, કોઈ મુસલમાનને સ્પર્શ કરી લો તો, છાંટ લેવી પડે નહિ અને પવિત્ર થઇ જવાય.
- જ્યારે બીજા હિંદુઓ, મુસલમાનોથી દૂરી જાળવતા, ત્યારે ઉપર જણાવ્યા પ્રમાણે, મુસલમાનોને ઉચ્ચ ગણાવી, તેમને સતપંથીઓની નજીક લાવવાના પ્રયાસ કરવામાં આવતા.

156

Ref : Slide 151

... પીરાણા સતપંથ દ્વારા તાકિયાનો પ્રયોગ...

17) સામાન્ય રીતે મુસ્લિમ ધર્મમાં સ્વ-બચાવ માટે તાકિયાનો ઉપયોગ કરવા માટેની છૂટ અને ભલામણ કરવામાં આવેલ છે. બીજી બાજુ સતપંથની વાત કરીએ, તો તેઓનો જીવ જોખમમાં ન આવતો હોવા છતાં, તાકિયાનો ઉપયોગ કેવળ હિંદુઓને છેતરવા માટે કરીને અને સતપંથને હિંદુ ધર્મ તરીકે ખપાવી દેવા માટેનો પ્રયત્ન હતો. અને તે પ્રક્રિયા આજ દિવસ સુધી નિરંતર ચાલુ રાખવામાં આવેલ છે. આ હકીકતને યથાર્થ ઠરાવવા માટે વાચકોને ખાસ વિનંતી કે આથી અગાઉની સ્લાઈડસને ધ્યાનમાં લેવી અત્યંત જરૂરી છે.

18) તાકિયા એટલો અસરકારક હતો કે લોકોને કોઈ જાતની શંકા ન થઈ કે તેમની સાથે કઈક ખોટું થઈ રહ્યું છે.

157

Ref: Slide 151

ચરણ ૧... સાર

- સરકારી દસ્તાવેજો, દુનિયાભરના સંશોધકોના નિષ્કર્ષો, કડવા પાટીદાર જ્ઞાતિના દસ્તાવેજો, કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો ઈતિહાસ, સતપંથ ધર્મ છોડીને સનાતન ધર્મમાં પાછા ફરેલ લાખો લોકોના અનુભવો વગેરે જણાવે છે કે...

"સતપંથ ધર્મ એક મુસલમાની ધર્મ છે."

- સતપંથની મુસ્લિમ ઓળખ બહાર આવી જવા ના કારણે સતપંથના પ્રચારકો દ્વારા અનુયાયીઓની સંખ્યા વધારવા માટે સતપંથને વધુ હિંદુ રૂપ આપવામાં આવ્યું, જેથી અજ્ઞાની અને અજાણ લોકો સતપંથને હિંદુ ધર્મ ચી તેવું સમજીને પાળવા લાગ્યા.
- ઇસ્લામમાં વર્જિત હોવા છતાં, સતપંથે હિંદુ દેખાવ અપનાવ્યો છે, તેની પાછળ મૂળ મંત્ર છે... "તાકિયા". હિંદુ દેખાવ હોવા છતાં સતપંથનો ઇસ્લામ સાથે સબંધ ટકાવી રાખવામાં તાકિયા મૂળભૂત કારણ છે.

158

4. ચરણ ૨

ઇમામ શાહ પછીનો કાળ

159

મુદ્દાઓ

- આ ચરણમાં નીચે મુજબની વસ્તુઓ પર નજર કરીશું;
  1. ઈમામ શાહની ભૂમિકા
  2. ઈમામ શાહી પક્ષની ફૂટ
  3. કાકાની ભૂમિકા
  4. ઈમામ શાહની વંશ પરંપરાગત પેઢી
  5. નવનિર્મિત તાકિયા

 160

4.1 ઈમામ શાહની ભૂમિકા

ઈમામ શાહ કોણ હતા?
શું તેમને "ઈમામ" તરીકે નીમવામાં આવેલ હતા?
તેમનો ભારત આવવા પાછળ મકસદ શું હતો?

161

ઈમામ શાહની ભૂમિકા ...

- ઈમામ શાહના નામમાં "ઈમામ" શબ્દ એ કંઈ પદવી સૂચક નથી. તેમને "ઈમામ" તરીકે નીમવામાં આવેલ છે એવું પણ નથી દર્શાવતું. તેમના માટે "ઈમામ" શબ્દ તો ફક્ત તેમનું પૂરું નામ "ઇમામુદ્દીન" નું સંક્ષિપ્ત રૂપ છે.
- સૈય્યદ ઈમામ શાહનો (પૂર્ણ નામ ઇમામુદ્દીન અબ્દુર રહીમ સૈય્યદ) જન્મ ઉચમાં (પાકિસ્તાનમાં) થયો હતો અને તેમની ૧૯ વર્ષની ઉમરમાં, તેમના પિતા, પીર કબીરુદ્દીનનો, દેહાંત થઈ ગયો.

<u>ઈમામ શાહ લિખિત - જન્નતપૂરી ગિનાન પ્રમાણે, નીચે જણાવેલ વાતો મુખ્ય છે.</u>

- તેમના પિતાના મૃત્યુ વખતે ઈમામ શાહ ઉચમાં હાજર નોહતા પણ ચમત્કારિક રીતે તેમને પિતાના મૃત્યુની માહિતી મળી અને તેમની ઠાઠડીને લઈ જવાની ઘડીએ ઈમામ શાહ પહોંચી ગયા.
- ત્યાં તેમને ખબર પડી કે તેમના ૧૭ ભાઈઓએ પિતાની મિલકત વેંચી લીધી છે અને પોતાના માટે કંઈજ રાખ્યું નથી.
- તેમને એ પણ ખબર પડી કે તેમના કાકા તાજુદ્દીનને પીરની ગાદીના ઉત્તરાધિકારી તરીકે નીમવામાં આવ્યા છે.

162

Annex: 8.3, 13.3, 38.3, 45.3, 45.4, 72.3, 73.3, 74.4, 75.16, 77.1 to 77.55, 83.3, 85.5 to 85.16, 88.2, 88.3

... ઈમામ શાહની ભૂમિકા ...

- ઠાઠડીને આગળ વધતાં અટકાવીને ઈમામ શાહ તેમના પિતાની મિલકતમાં પોતાનો ભાગ, તેમના ૧૭ ભાઈઓ પાસેથી માંગવા લાગ્યા.
- જ્યારે તેમના ભાઈઓએ ઈમામ શાહની વાત ન માની ત્યારે ઠાઠડીમાથી એક "માળા" અને "સાકર" સાથે એક હાથ બહાર આવ્યો.
- સાથે એક આવાજ બહાર આવ્યો અને ઈમામ શાહને ઈરાન જઈને તેમના કાકા પાસેથી પોતાનો હક્ક માંગવાનું કહ્યું.
- ઈમામ શાહ તરત જ ઈરાન માટે રવાના થયા અને ત્યાં જઈને ગાદીપતિ "ઈમામ"ને મળ્યા પણ પોતાને "પીર" તરીકે નીમાવવામાં સફળ ન થયા.

163

Ref : Slide 162

... ઈમામ શાહની ભૂમિકા

- ઈમામ શાહ ભારત પાછા વળ્યા અને ગુજરાત તરફ રવાના થયા.
- ઈમામ શાહ અમદાવાદની બાજુમાં ગીરમથા ગામની બહાર "પીરાણા"માં (મતલબ "પીર કા આના") આવીને સ્થાયી થયા. આ જગ્યાને ઈમામપુરા / ઈમામપૂરી પણ કહેવામાં આવે છે.
- ભારત આવીને તેમના પિતા અને દાદાનું અધૂરું રહેલું કામ આગળ વધારવાનું ચાલુ રાખ્યું.
- ચમત્કારિક વાતોની મદદથી, ઘણા હિંદુઓને સતપંથ ધર્મ તરફ વટલાવ્યા.
- ૬૩ વર્ષની ઉમરમાં તેઓ ગુજરી ગયા અને તેમને પીરાણાની દરગાહમાં દફન કરવામાં આવ્યા છે.
- તેમની ગાદીના ઉત્તરાધિકારી તરીકે, તેમના દીકરા, નૂર મુહમ્મદ શાહને નીમવામાં આવેલ છે. તેમના નામ આગળ "નૂર" શબ્દ (Eternal Light/અખંડ જ્યોત) એ દર્શાવે છે કે, પીરાણા પંથીઓ (પીરાણા સતપંથીઓ) માટે તેઓ "ઈમામ" હતા.

164

Ref : Slide 162

4.2 ઈમામ શાહી પક્ષની ફૂટ

કેવા સંજોગોમાં અને કયા કારણો સર...
ઈમામ શાહીઓ, મૂળ સતપંથીઓ (એટલે કે ખોજાઓ) થી..
અલગ થયા?

165

ઈમામ શાહના ગુજરી જવા પછી...
તેમની ગાદી પર...
તેમના પુત્ર અને ઉત્તરાધીકારી...
નર ("નુર") મહમ્મદ શાહ...
("નર અલી") બેઠા.

 166

ઈમામ શાહી પક્ષની ફૂટ ...

- સતપંથના મૂળ સિદ્ધાંતમાં, અનુયાયીઓ દ્વારા દસોન્દ (આવકનો દસમો ભાગ) અને અન્ય ધાર્મિક ભેટો/લાગાઓ /કરના (religious tax) પૈસા, આપવાનું આવે છે.
- આવા પૈસા પર ઈરાનના ઈમામનો હક્ક રહેતો હતો. એટલે જે રકમ ભેગી થાય તે ઈરાન સ્થિત ઈમામને મોકલી આપવામાં આવતી.
- આ પરંપરા ઈમામ શાહના કાળ/સમય સુધી પ્રચલિત હતી અને તેમના પછી, તેમના દીકરા, નર મોહમ્મદ શાહના શરૂઆતના સમયમાં પણ ચાલતી હતી.
- એટલે ધર્માન્તરણ કરેલા લોકોનો નવો સમુદાય શરૂઆતમાં ઈરાનના ઈમામ સાથે વફાદાર હતો.
- એટલે તે સમય સુધી સતપંથમાં કોઈ ફૂટ નહોતી પડી.

167

Annex: 69.1 to 69.6, 72.4, 77.27, 80.6, 83.4, 89.4, 97.1,

... ઈમામ શાહી પક્ષની ફૂટ ...

- સતપંથના સાહિત્યો પ્રમાણે, દસોન્દ અને અન્ય ધાર્મિક કર આપવા પાછળનો તર્ક એવો સમજાવ્યો છે, કે જ્યારે કયામત વખતે અલ્લાહ તમારા કર્મોનો હિસાબ કરશે ત્યારે, ગમે તેટલા ભયાનક પાપો કેમ ન કર્યા હોય, પણ જો તમે ઈમાનદારીથી ઈમામને (નિષ્કલંકી નારાયણને) દસોન્દ આપેલ હશે, તો તમને સ્વર્ગથી પણ સારું અમરાપુરી મળશે અને દરેક સાચા અનુયાયીને હજારો વર્ષો સુધી ધરતી પર રાજ કરવા મળશે. પણ જો તમે દસોન્દ આપવામાં ક્યાંક કચાસ કરી હશે, તો તમને નરકથી પણ વધારે ખરાબ યાતનાઓ ભોગવવી પડશે.
- હવે નુર મોહમ્મદે જ્યારે પોતે નિષ્કલંકી નારાયણ, એટલે ઈમામ હોવાનું જાહેર કર્યું, ત્યારે જો દસોન્દ અને અન્ય કરના પૈસા ઈરાન મોકલવામાં આવે તો તની ઈમામીયત પર પ્રશ્ન ચિહ્ન લાગે. એટલે દસોન્દ અને અન્ય લાગોના પૈસા ઈરાન સ્થિત મુખ્ય ઈમામ પાસે જતાં અટકાવવા જરૂરી બની ગયા.
- નર મોહમ્મદ શાહે, ઈમામ શાહી પંથને (ઈમામ શાહને માનવાવાળા પંથ) મુખ્ય સતપંથમાંથી ૧૬મી સદીમાં અલગ કર્યો.
- સતપંથના *"સતવેણી જી વેલ"* નામના ગીનાનમાંથી આ ઐતિહાસિક માહિતી મળી આવે છે.

168

Ref : Slide 167

... ઈમામ શાહી પક્ષની ફૂટ

- નર મોહમ્મદ શાહના સત્તાના શરૂઆતના દિવસોમાં પણ પરંપરા પ્રમાણે ઈરાન સ્થિત "ઈમામ" સુધી રકમ મોકલવામાં આવતી.
- પણ ત્યાર બાદ, નર મોહમ્મદ શાહે વિદ્રોહ કરીને પૈસા મોકલવાનું બંદ કર્યું અને એક ખેતા નામના અનુયાયી, કે જેને ૧૮૦૦૦ હિંદુઓનો સાથ હતો, તેવાને, નર મોહમ્મદ શાહએ આદેશ કર્યો કે હવે પછી, જે કંઈ રકમ ભેગી થાય, તે તેમને આપવી. ઈરાન મોકલવી નહિ.
- ખેતાએ ચોખ્ખી "ના" પાડી દીધી અને લાંબો ઝગડો ચાલ્યો. જ્ઞાતિ બહાર કરવાનું થયું અને છેલ્લે ફૂટ પડી.
- આના કારણે વિધિસર ઈમામ શાહીઓ (પીરાણા સતપંથીઓ), મુખ્ય સતપંથ (એટલે ખોજા કોમ) થી અલગ થઈ ગયા.

169

Ref : Slide 167

ફૂટની અસર

ઈમામ શાહીઓ પર ફૂટની કેવી અસર પડી:

- નર મોહમ્મદ શાહે જે ફૂટ પાડી હતી, તેનાં કારણે દસોન્દ વિસોન્દના પૈસાઓ હવે પીરાણા સ્થિત સૈય્યદો અને કાકાઓ પાસેજ રહેવા લાગ્યા.
- ઈસ્માઈલી ધર્મના અનુયાયી બનવા કરતાં, તેઓ "પીરાણાવાળા" તરીકે, હલકા હિંદુઓ અને ઉતરતા મુસલમાનોની કોમ બનીને રહી ગયા.
- બીજી બાજુ, મુખ્ય સતપંથ કોમ, એટલે ખોજા કોમ, ધીરે-ધીરે, ઇસ્લામને અપનાવતી ગઈ.

170

Ref : Slide 167

4.3 કાકાની ભૂમિકા

રોઝા / દરગાહની દેખરેખ કરતા મુજાવર / કાકાની ભૂમિકા

171

કાકાની ભૂમિકા ...

- અહીં “કાકા” એક અરબી શબ્દ છે, જેનો અર્થ થાય “નોકર”. સૈય્યદોએ દરગાહની દેખ રેખ રાખવા માટે મુજાવર અને અનુયાયીઓ સાથે સંપર્ક તથા તેઓએ આપેલ દાન અને ભેટને સંભાળી રાખવા માટે જે નોકર નીમવામાં આવતા, તેને “કાકા” કહેવાતા.
- ઈમામ શાહીવાળા સમુદાયમાં બધા અનુયાયીઓ હિંદુ હતા. (કારણ કે, ઈમામ શાહને માનનારા મુસ્લિમ લોકો, સતપંથને માનતા નથી. તેવો ઇસ્લામ સાથે પહેલેથી જ વફાદાર તો હતા. સતપંથને પાળવાની કોઈ જરૂર નહોતી.)
- સ્વ-બચાવ અને વ્યૂહાત્મક કારણોને લઈને અનુયાયીઓ, પોતાના ધર્માન્તરણને છુપું રાખતા. તેઓને બાહ્ય દેખાવ હિંદુઓ જેવો રાખવાની છૂટ હતી.
- અને જે લોકોએ પોતાનું ધર્મપરિવર્તન નહોતું છુપાવ્યું, તેઓ પણ પોતાની મૂળ જ્ઞાતિથી અલગ થવા નહોતા માગતા.
- સતપંથના પ્રચારકો અને અનુયાયીઓ વચ્ચે પરસ્પર સમજૂતી રહે અને એક બીજાં સાથે સંપર્કમાં રહે તે માટે, કાકાને નીમવામાં આવતા. અનુયાયીઓને સલાહ આપીને તેમની મુંઝવણ દૂર કરવાના કામની સાથે તેનું મુખ્ય કામ દસોન્દ અને લાગાના નાણાંને, અનુયાયીઓ પાસેથી, વસુલ કરીને, સૈય્યદો/પીર સુધી પોચાડવાનું હતું.

172

Annex:1.3, 1.9, 1.12, 1.14 to 1.17, 1.21, 60.7 to 60.8, 61.1 to 61.3, 73.6, 77.1 to 77.55, 89.6, 90.2

... કાકાની ભૂમિકા ...

- જ્યારે કાકાને નીમવામાં આવે છે, ત્યારે તેની ધાર્મિક વિધિ સૈય્યદો દ્વારા કરવામાં આવે છે.
- **પરંપરાગત રીતે કાકાના બે નામ હોય છે, એક હિંદુ નામ અને બીજું સતપંથી નામ / મુસ્લિમ નામ. દાખલા તરીકે, "નાયા" કાકાને પીર "નસીરુદ્દીન" કહેવામાં આવતા. તેવી રીતે "કરસન" કાકાને પીર "કરીમ" કહેવામાં આવતા.**
- કાકાની "ગાદી" એક "સંસ્થા" છે. જેની શરૂઆત ગામ સ્તરે ચાલુ કરવામાં આવી અને ધીરે ધીરે કેન્દ્ર સ્થાનમાં પ્રસ્થાપિત થઈ.
- પીરાણાના કેન્દ્રમાં કાકાને લાવવાનું મુખ્ય કારણ નર મોહમ્મદ શાહના દીકરાઓ વચ્ચે આપસમાં વેર અને ઝગડા હતું.
- પોતાના મરણ પછી, ઝગડતા દીકરાઓમાં, નિષ્પક્ષ રીતે પીરાણાની કમાઈનો બટવારો થાય તે માટે, એક વ્યવસ્થાની જરૂર સમજી, નર અલીએ (મોહમ્મદ શાહનું બીજું નામ), કાકાની ભૂમિકા વધારી નાખી. પૈસા ભેગા કરવા માટે, પેટા કાકાઓમાંથી એક મુખ્ય કાકાને નીમ્યા અને જેમનું વધારાનું કામ કબરની દેખરેખ કરવાનું પણ હતું. એટલે કે મુજાવર તરીકેની ફરજ બજાવવાનું પણ હતું.

173

Ref : Slide 172

... કાકાની ભૂમિકા

- કાકાને આજીવન માટે નીમવામાં આવતા અને કાકાને ગૃહ સંસારનો ત્યાગ કરવો પડતો. વળતરમાં કાકાને ખાવાનું અને કપડાં મળતાં.
- સંશોધનકારોના કહેવા પ્રમાણે, વાસ્તવમાં કાકાની ગાદી કાવતરાઓ, કપટ અને કાવાદાવાઓનો અખૂટ ભંડાર છે.
- સમય કાળે, પૈસાના જોરે, કાકાની તાકાત ધીરેધીરે વધતી ગઈ. પોતાને ધર્મ ગુરુ અને પંથના સર્વેસર્વા માનવા લાગ્યા.
- બંધારણ પ્રમાણે પીરાણાના મુખ્ય કાકાની નિમણુક પેટા કાકાઓમાંથી જ થાય છે. અને પેટા કાકાઓની નિમણુક, બંધારણની કલમ ૧૭ પ્રમાણે, માત્ર સૈય્યદોના નિયંત્રણમાં છે. એટલે પેટા કાકાઓ સૈય્યદોની પસંદગીના હોય છે. આવા સૈય્યદો દ્વારા પસંદ કરેલ પેટા કાકામાંથી જ્યારે મુખ્ય કાકા નીમવામાં આવતા હોય, ત્યારે સ્વાભાવિક છે કે મુખ્ય કાકા પણ સૈય્યદોની પસંદનાજ હોય છે. તો સમજાય છે કે આ ધર્મમાં મુસ્લિમનો જ કંટ્રોલ છે તેને હિંદુ ધર્મ કેમ કહેવો.

174

Ref : Slide 172

પીરાણાના કાકાઓની યાદી					
1	શાણા	11	નૂર મોહમ્મદ	21	નથુ (3)
2	શેરમોહમ્મદ	12	ભૂલા	22	પેથા
3	અબ્દુલ્લાહ	13	પોચા	23	કરમશી
4	ઈબ્રાહીમ	14	પ્રાગજી	24	લક્ષ્મણ
5	રહીમ (1)	15	નથુ (1)	25	રામજી
6	કરીમ મોહમ્મદ	16	દીપા (અબ્દુર રહીમ)	26	સવજી
7	સામદ	17	મનજી	27	કરસન (પીર કરીમ)
8	હસન	18	નથુ (2)	28	નાનક દાસ (હાલ)
9	રહીમ (2)	19	નાગજી		
10	રાજે મોહમ્મદ	20	શામજી		

નોંધ: અમુક જગ્યાએ, તાકિયાના કારણે, મુસલમાન કાકાઓના નામ બદલીને હિંદુ નામો રાખવામાં આવ્યા છે.

175

Annex: 39.2, 39.3, 57.25

4.4 ઈમામ શાહની પેઢી

ઈમામ શાહના, પેઢી દર પેઢીના, ઉત્તરાધિકારીઓની નોંધ
(એટલે કે કહેવાતા હરિવંશની નોંધ)

 176

પાવર પોઈન્ટ (પી.પી.ટી.) પ્રસ્તુતિ

1
- ઈમામ શાહ
- જન્મ:1452 મરણ: 1513 (62 years)
- કબર: પીરાણા

2
- નર મોહમ્મદ
- જન્મ: 1469-70 મરણ: 1533-34
- કબર: પીરાણા, ઈમામ શાહની કબરની બાજુમાં

3
- સૈદુદ્દીન (સેદ) ખાન
- જન્મ: --- મરણ: 1572
- કબર: પીરાણા, ઈમામ શાહાની દરગાહની બાજુમાં

4
- અબુ અલી હાશિમ
- જન્મ: 1559-60 મરણ: 1612
- કબર: ----

5
- અબુ મોહમ્મદ હાશિમ
- જન્મ: 1597 મરણ: 1636
- કબર: ----

આગળ જુઓ...

177

Annex : 77.1 to 77.55

6
- મોહમ્મદ શાહી દુલા બુરહાનપૂરી
- જન્મ: 1624 મરણ: 1657
- કબર: બહાદરપુર, ફેઝ્પુરની બાજુમાં

7
- અબુ મોહમ્મદ શાહી મીરાં
- જન્મ: --- મરણ: 1691
- કબર: પીરાણા

8
- મોહમ્મદ શાહ
- જન્મ: 1679 મરણ: 1718
- કબર: અહમદનગર

9
- મોહમ્મદ ફાદીલ
- જન્મ: 1717 મરણ: 1746
- કબર: ચંપાનેર

10
- સૈય્યદ શરીફ
- જન્મ: 1731 મરણ: 20th Feb 1775
- કબર: ----

આગળ જુઓ...

178

Ref : Slide 177

પાવર પોઈન્ટ (પી.પી.ટી.) પ્રસ્તુતિ

11
- બદરુદ્દીન (બડા મિયાં)
- જન્મ: 1775 મરણ: 1827
- કબર: ---

12
- બાકર અલી
- જન્મ: --- મરણ: 1835
- કબર: ---


--
- પેઢીનો અંત
- બાકર અલીનો કોઈ વારસદાર નહોતો. તેઓ ઉત્તરાધિકારી નીમ્યા વગર ગુજરી ગયા.

ઈમામ શાહની ગાદીનો અંત થઈ ગયો છે. તેનો બીજો અર્થ એમ થાય કે સતપંથીઓ જે વિષ્ણુના અવતારની અખંડ પરંપરાને માને છે, તે તૂટી ગઈ છે. પીરાણા સતપંથના હરિવંશનો અંત થઈ ગયો છે.

નોંધ: ઘણા સતપંથી ભાઈઓ આ વાતથી અજાણ છે અને એક સૈય્યદ, સલાઉદ્દીન ખાકીને આંખ બંધ કરીને માને છે. જો એ દાવો સાચો હોય તો, સતપંથ ધર્મ સિદ્ધાંત પ્રમાણે આ સૈય્યદ જીવતો ઈમામ અને અલી / વિષ્ણુનો દસમો અવતાર હોઈ શકે. પણ એ દાવો સાચો હોય તેવું લાગતું નથી.

179

Ref : Slide 177



ઈમામ શાહ બાવાની પેઢી દર્શાવતો શિલા લેખ. અગાઉ જણાવેલ પેઢીની યાદી અને આ લેખમાં થોડો ફરક છે.

180

નવો સિદ્ધાંત ઊભો કરવામાં આવ્યો


- હરિવંશનો અંત થયો હોવા છતાં, પીરાણા પંથીઓ માને છે કે ઈમામની ગાદીના ઉત્તરાધિકારી અશરફ શાહ સૈય્યદ છે. આ જુઠ્ઠું છુપાવવા માટે એક નવો દિલચસ્પ સિદ્ધાંત ઊભો કરવામાં આવ્યો છે. એ વાત પ્રમાણે, હિંદુઓ પર અત્યાચાર કરનારો, કુખ્યાત અને ક્રૂર મુસલમાન રાજા ઔરંગઝેબે જુઠ પ્રમાણીત કર્યું કે અશરફ શાહ બાવા, ઈમામ શાહની ગાદીના ઉત્તરાધિકારી છે.
- આવું જુઠ્ઠું કરવા પાછળ ઔરંગઝેબે શિયા મુસલમાનોને ખુશ કરી પોતાની સ્થિતિ ગુજરાતમાં મજબુત કરવા માટે દાન અને ખોટું પ્રમાણ પત્ર આપ્યું હતું.
- હરિવંશના "ઉત્તરાધિકારી" સૈય્યદનો એવો પ્રચાર રહ્યો છે કે "ગાદીપતિ" સૈય્યદ શિવાય કોઈ પણ અન્ય સૈય્યદોને માનવા નહિ. પછી ભલે હરિવંશના સૈય્યદનો સગો ભાઈ કેમ ન હોય.

181

Ref : Slide 152, Annex: 82.19 to 82.22



ગુજરાત સમાચાર, ભુજ આવૃત્તિ - તા.૦૩ જુલાઈ ૨૦૧૧, પેજ: ૨



બેસણું

પીરશ્રી સૈયદ ઈમામશાહ બાવા (મુ.પીરાણા)ના ૧૪માં (ચૌદમાં) સજ્જાદાનશીન અને સતપંથ સનાતન વૈદિક ધર્મના પીરશ્રી પીરઝાદા સૈયદ શમ્સુદ્દિન બાવા સાહેબ "ખાકી" નું દેહાન્ત તા. ૧-૭-૧૧ના રોજ થયેલ છે. આપશ્રીનું બેસણું તા. ૪-૭-૧૧, સોમવારના રોજ સવારે ૯થી ૧૧ના સમયે "ખાકી" બાવાનું મકાન, મુ.પીરાણામાં નિર્ધારીત કરેલ છે.

લિ. સજ્જાદાનશીન પીરઝાદા સૈયદ સલાઉદ્દીન શમસુદ્દીન તથા પીરઝાદા સૈયદ મહંમદ અશરફ શમ્સુદ્દિન

શમશુદ્દીન બાવા ખાકી

ઈમામ શાહની ગાદીના ૧૪માં ગાદીપતિ

- ઉપર – એક સારા સમયમાં શમશુદ્દીન બાવાનો ફોટો.
- નીચે – શમશુદ્દીન બાવા ખાકીના મૃત્યુ બાદ, તેમના બેસણાંની જાહેરાત તા. ૦૩-૦૭-૨૦૧૧ના ગુજરાત સમાચાર છાપાંની ભુજ આવૃત્તિમાં પાનાં નં. ૨માં અને અમદાવાદ આવૃત્તિમાં પણ પ્રકાશિત થઈ હતી.
- આ જાહેરાતમાં તેમની "સતપંથ સનાતન વૈદિક ધર્મના પીર" હોવાની ઓળખ વર્ણવેલ છે.
- પીરાણા સતપંથીઓની, મુખ્ય કેન્દ્રિય સંસ્થા, ધી ઈમામ શાહ બાવા રોઝા સંસ્થાન કમીટી ટ્રસ્ટ, રજી નં E-૭૩૮, એમણે આ છપાવેલ હકીકતનો કોઇ જ રદિયો આપેલ નથી.

182

Annex : 59.1 to 59.7

4.5 નવનિર્મિત તાકિયા

કરસન કાકાને ગાદી પર બેસાડીને પીરાણાને હિંદુ સંસ્થા તરીકે પ્રસ્થાપિત કરવાના હવાતિયા

183

ધર્મ સિદ્ધાંત ...

- સતપંથમાં, સૂફી ભાવ પ્રમાણે બાહ્ય દેખાવ પર ક્યારેય ભાર આપવામાં આવ્યો નથી. હમેશાં ઉપદેશોને મહત્વના ગણવામાં આવેલ છે.
- ધાર્મિક જીવનમાં નૈતિક અને આધ્યાત્મિક પળો પર ભાર મુકવામાં આવેલ છે. સૂફી ભાવ પ્રમાણે ક્યારેય પણ દાર્શનિક ધાર્મિકતા પર વિશેષ લક્ષ્ય નથી આપવામાં આવતું.
- આ વસ્તુ એક બાજુ ફાયદાકારક હતી, ત્યારે બીજી બાજુ એટલી જ જોખમી હતી.
- ફાયદાકારક: પ્રભુની દૈનિક પ્રાર્થના (નમાઝ વગેરે)નો પાઠ કરવા માટે કોઈ બંધન ન હોવાના કારણે, હિંદુ અનુયાયીઓને વટલાવવાનું કામ બહુ સરળ બની ગયું.
- **જોખમી: પણ ઇસ્લામ સાથે સંબંધ ધરાવતા બાહ્ય ચિન્હોના અભાવના કારણે, હિંદુ ધર્મની પકડ તેમના પર કાયમ રહે, તેવી શક્યતાઓ બની રહી.**

184

Ref: Slide No. 121

... સૂફી ભાવ

- આના કારણે, જે અનુયાયીઓ ખરી ઈસ્માઈલી વિચાર ધારાને માનતા હતા, દા.ત. ખોજાઓ, ફેરફાર કરતા-કરતા, શુદ્ધ ઇસ્લામ ધર્મ અપનાવતા ગયા અને હિંદુ ધર્મ અને તેના રીત રિવાજો છોડતા ગયા.
- **બીજી બાજુ, જે લોકો ઈમામ શાહી પીરોને માનતા હતા (ખોજાથી અલગ થયા પછી) હિંદુત્વના નિયમિત દબાવના કારણે ઇસ્લામથી બાહ્ય રીતે દૂર રહેવા લાગ્યા.**
- આ ખામીને પહોંચી વળવા માટે, પીરાણા સતપંથ દ્વારા **તાકિયાનો** ઉપયોગ પોતાનો ધર્મ વિકસાવવા અને વધારવા માટે કઈ રીતે ઉપયોગ કરે છે, તે આપણે આગળ જોઈશું.

185

Ref : Slide No. 121

નવનિર્મિત તાકિયા ...

1. પુષ્ઠભૂમિ (Background):

- ૧૯૩૦ અને ૧૯૯૦ વચ્ચેના થોડા જ દાયકાઓમાં કચ્છના ઈમામ શાહી પાટીદારોની બહુમતી ધરાવતા સતપંથી ગામોમાં શાનદાર પરિવર્તન થયાં.
- ગામે ગામે પરંપરાગત સતપંથી (જુના) "ખાના"ઓની (ઈસ્માઈલી "જમાત ખાના" નું ટૂંકું નામ) બાજુમાં, નવાં "નિયમિત" હિંદુ લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો બંધાયા.
- જે સંખ્યામાં લોકો સતપંથ છોડવા લાગ્યા, એ પીરાણાના સુત્રધારો માટે બહું મોટી ચિંતાનો વિષય બની ગયો.
- આ સમયે, સજ્જાદ નશીનનો દાવો કરનાર શમશુદ્દીન ખાકી જે પોતાને પીર અને છુપા ઈમામનો મુખ્ય ઉત્તરાધિકારી હોવાનો દાવો કરતો હતો, તેણે પાછી તાકિયાની રીત અજમાવાનું શરૂ કરી દીધું.
- પોતાના પાટીદાર મિત્રોની મદદ લઈને પોતાના જુના મિત્ર પટેલ કરસન અરજણ છાભૈયાને "કાકા"ની ગાદી પર બેસાડી દીધા.

186

Annex : 13.4, 36.1 to 36.3, 37.1, 37.4, 37.7, 75.22 to 75.25, 81.9, 81.10, 81.13, 81.16 to 81.20, 81.23, 82.1 to 82.26, 84.1 to 84.7

... નવનિર્મિત તાકિયા ...

2. નવનિર્મિત તાકિયા - (1 / 3):

- સતપંથનું અસ્તિત્વ ખતરામાં જોઈને, ગુપ્તી સમુદાયના નેતા એટલે મુખ્ય કાકા, એટલે કબરના મુજાવર કે રખેવાળે, પીરઝાદા શમસુદ્દીન બાવા ખાકી (સજ્જાદ નશીનનો દાવો કરનાર)ના માર્ગદર્શન હેઠળ, સતપંથમાં **બાહ્ય** હિંદુવાદી સુધારા કરવાનું શરૂ કર્યું.
- આનો હેતુ એટલો જ હતો કે સતપંથના અનુયાયીઓને સનાતની ભાઈઓની નિંદા ન સહવી પડે અને સતપંથને મુસ્લિમ ધર્મ સમજીને છોડીને ગયેલા અનુયાયીઓ પાછા સતપંથમાં વળે.
- આના કારણે "ગુપ્તી"ઓ (જે લોકો પોતાની ધાર્મિક ઓળખ છુપાવતા હોય છે) પોતાની ઓળખ એક રૂઢીવાદી હિંદુ તરીકે હોવાનો મજબુત દાવો કરી શકે અને ઇસ્લામનો કોઈ પ્રભાવ ન હોવાનું પણ કહી શકે.
- તેમના નવા બંધાયેલા "*ખાનાઓ*"નો આકાર પણ એક પરંપરાગત હિંદુ મંદિરોના જેવો આપવામાં આવ્યો. તે ખાનાઓના નામ વિષ્ણુના ૧૦માં અવતાર આધારિત "*નિષ્કલંકી મંદિર*" તરીકે હિંદુ નામ રાખવામાં આવ્યા.
- તેવી જ રીતે પીરાણાની દરગાહનું નામ બદલીને *"સમાધી"* રાખવામાં આવ્યું અને પીરાણાને "*પ્રેરણા પીઠ*"નું નામ આપવામાં આવ્યું. કાકાને "*મહારાજ*" તરીકે સંબોધવાનું શરૂ કર્યું, તેમજ કાકાને જગદગુરુ તરીકે સંબોધવામાં આવ્યા.

187

Ref : Slide 186

... નવનિર્મિત તાકિયા ...

2. નવનિર્મિત તાકિયા - (2 / 3):

- જાણકાર અને વિદ્વાન સતપંથીઓને "ગીનાન" ફરીથી લખવાનું નાજુક કામ આપવામાં આવ્યું, જેના ભક્તિમય ગીતોમાં ઇસ્લામી શબ્દો અને સંદર્ભોને બદલાવીને તેની જગ્યાએ હિંદુ શબ્દો મુકવામાં આવ્યા.
- હાલના પીરનો દાવો કરનાર શમશુદ્દીન ખાકીના સ્વર્ગસ્થ પિતા અહમદ અલી ખાકીએ સતપંથ પર લખી છપાવેલા પુસ્તકો અને લેખો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો. ઉપર જણાવ્યા પ્રમાણે ફરીથી લખાયેલા, (જુના પુસ્તકોનો મૂળ ઇસ્લામી સંદેશ બદલ્યા વગર), બાહ્ય હિંદુ રૂપ ધરાવતા, નવા પુસ્તકોનું જાહેરમાં પીરાણાના પુસ્તકાલયમાં પ્રદર્શિત કરીને તેનું વેચાણ કરવાનું શરૂ કર્યું.
- એક પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત લેખક અને સંશોધનકાર જેઓ ઈમામ શાહીઓના લેખો પર અધિકાર ધરાવતા હોય એવું મનાય છે. તેવા આ લેખ્ક સંયોગ વશ કચ્છના એક ગામમાં સતપંથના જૂના ધાર્મિક સાહિત્યોને બાહ્ય હિંદુ રૂપ આપવાનું કામ કરતા એવા એક વ્યક્તિને પણ મળ્યાં હતા.

188

Ref : Slide 186

અમુક બદલાવોના દાખલાઓ

જુની પરિભાષા	નવી પરિભાષા
હુસૈનના પરિવારમાં	હરિવંશમાં
અલી શાહ / નર મોહમ્મદ શાહ	નિષ્કલંકી નારાયણ
શાહ / ઈમામ	સાહેબ / હરી / વિષ્ણુ
મસ્જીદ / ખાનું / જગ્યા	મંદિર
સદ્દીન	સહદેવ
કુદરતી ધર્મ	મહા ધર્મ
ખુદા	નિષ્કલંકી
કબર	સમાધી
વફાત પામીયા	સમાધી લીધી
સાહેબજી	પરમાત્મા
સજદો કરવો	પૂજા કરવી

189

Ref: Slide 186

ફેરફારોને કેવી રીતે સમજાવવામાં આવ્યા?

- ભાષા તો ફક્ત વિચારોની આપલે કરવાનું એક માધ્યમ છે, આ સિદ્ધાંતની મદદ લેવામાં આવી.
- હિંદુ દેખાવના હિમાયતીઓ માટે એવું સમજવામ આવે છે કે મોટા ભાગના અનુયાયીઓ અરબી ભાષાને મુસલમાનો સાથે જોડે છે અને તેનાં કારણે અસુવિધા અનુભવે છે. બીજી કોમ સામે અરબી ભાષાના શબ્દો ધરાવતા ધર્મની વાતો કરવામાં શરમાય છે. એટલે અરબી શબ્દોને હટાવીને હિંદુ/ભારતીય શબ્દો મૂકી દેવાંમાં આવ્યા છે. જેથી તેમની અડચણ દૂર થઇ ગઈ છે. અને જો આ બદલાવો ન કરત તો મોટા ભાગના અનુયાયીઓ સતપંથને છોડી દેત, જે સતપંથને પોસાય તેમ નહોતું.
- બીજી બાજુ, ઇસ્લામ માટે લાગણી ધરાવતા પક્ષના સતપંથ અનુયાયીઓ માટે એમ સમજવામાં આવ્યું કે... કોની પૂજા કરો છો એ મહત્વનું છે ન કે કઈ ભાષામાં કરો છો. “નિષ્કલંકી નારાયણ” કહો કે “અલી” કહો, કોઈ ફરક પડતો નથી. બન્ને “અલ્લાહના” નામ છે. આ હિંદુ દેવોના નામ નથી. આવી રીતે સમજાવીને ઇસ્લામના મૂળ તત્વોને પાછળના દરવાજે ધુસાડવાનું સુનિશ્ચિત કર્યું છે.
- આવી રીતે સમજાવ્યા બાદ કોઈ સતપંથી જો ન સમજે અને જૂના/અસલી પુસ્તકો અને વાતો પકડી રાખે, તો તેને એવો જવાબ આપવામાં આવે છે કે; જો તમને એમ લાગતું હોય કે મૂળ શબ્દો નહોતા બદલવા, તો મૂળ પુસ્તકો વાંચવાથી તમને કોણ રોકે છે? મૂળ પુસ્તકો વાંચોને. આમ કાસમ પણ ખુશ અને કાનજી પણ ખુશ.
- આજે પણ ઘણા સતપંથી ઘરોમાં જૂના/અસલ પુસ્તકો વપરાય છે. બીજી બાજુ મોટા વર્ગમાં નવી પુસ્તકો વંચાય છે. મૂળમાં બન્ને એકજ ભગવાન/અલ્લાહને માને છે.

190

Ref: Slide 186

... નવનિર્મિત તાકિયા ...

2. નવનિર્મિત તાકિયા - (3 / 3):

- ગુજરાતમાં હિંદુ રાષ્ટ્રીયતાની ભાવના મજબુત હોવાના કારણે પીરાણા પરંપરાને બચાવવાના હેતુથી આ ફેરફારો કરવામાં આવ્યા.
- "અધિકુત" રીતે કરેલાં ફેરફારો/બદલાવો તાકિયાના કારણે કરવામાં આવેલ છે.
- તાજા ફેરફારોના કારણે, એવું જોવામાં આવ્યું છે, કે સતપંથી સમાજની નવી પેઢી આ ફેરફારોને તરત જ સ્વીકારી લે છે, જેના કારણે તેઓ સનાતની ભાઈઓ સાથે એકતા અને સહકાર જાળવી શકે. સાથે-સાથે "હિંદુ વાદી" પરિસ્થિતિમાં રાહત અનુભવી શકે.
- આના પરિણામે નવયુવાન વર્ગ, સતપંથનો ઇસ્લામ સાથે સંબંધ છે, તે હકીકતથી સંપૂર્ણ રીતે અજાણ છે.

191

Ref : Slide 186

... નવનિર્મિત તાકિયા ...

3. મૂળ ઓળખને ટકાવવી – (1 / 2):

- મક્કમ પણે હિંદુ દેખાવ અપનાવીને, સાહિત્યો અને ક્રિયાઓમાં "ફેરબદલ" કરવાનું મુખ્ય કારણ સતપંથની આગવી ઓળખ ટકાવી રાખવાનો પ્રયત્ન હતો.
- શમશુદ્દીન ખાકીએ, એવા સમયે કે જ્યારે અનુયાયીઓની સંખ્યા ચિંતા જનક રીતે ઘટતી હતી, ત્યારે હિંદુત્વના હિમાયતીઓ દ્વારા થતી ટીકાને અટકાવીને, સતપંથનું અસ્તિત્વ સુનિશ્ચિત કર્યું.
- આ કોશિશ કંઈ સહેલી નહોતી. સર્કસની કળાબાજીમાં સંતુલન જાળવવા જેવું કઠીન કામ હતું. એક બાજુ સતપંથને હિંદુ રૂપ આપવાનું કામ હતું ત્યારે બીજી બાજુ તેની આગવી ઓળખ સચવાઈ રહે (હિંદુ ધર્મમાં ભળી ન જાય) તેનું ખાસ ધ્યાન રાખવાની જરૂર હતી.
- બીજી બાજુ, તેમના પિતા, અહમદ અલી ખાકી દ્વારા છપાયેલા પુસ્તકો અને લેખોએ તેમનું કામ સહેલું કરી દીધું હતું. કારણ કે તે લેખોને "હિંદુ" સંદર્ભ વાપરીને પહેલાંથી જ તૈયાર કરવામાં આવેલ હતા.

192

Ref : Slide 186

... નવનિર્મિત તાકિયા

3. મૂળ ઓળખને ટકાવવી – (2 of 2):

- મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ હેઠળ પીરાણાનું ટ્રસ્ટ કેટેગરી "E" માં નોંધાયેલું હોવાના કારણે કરસન કાકાને મદદ મળી. અક્ષર "E" માં બિનસાંપ્રદાયિક સંસ્થાઓને નોંધવામાં આવે છે. એટલા માટે, અધિકૃત રીતે, સતપંથની ક્રિયાઓ ચોખ્ખી મુસ્લિમ અને ચોખ્ખી હિંદુ ક્રિયા છે એમ ન કહી શકવાનું તેમને કારણ મળી ગયું.
- ૧૩-૦૮-૧૯૯૮ના કરસન કાકા સામે દાખલ થયેલા એક કોર્ટ કેસમાં જવાબ આપતા કરસન કાકાએ રજૂઆત કરી હતી કે પીરાણામાં પૂજા કરવા હેતુ ભગવાનના ત્રી-આયામી (મૂર્તિઓ) ચિત્રો નથી લગાડવામાં આવ્યા. જે ચિત્રો છે, તે ફક્ત સજાવટ માટે જ છે.
- હિંદુઓના ધાર્મિક અને પૂજ્ય "ૐ" ચિન્હનું બેવડું અર્થ ઘટન કરીને સતપંથી પુસ્તકોમાં એવી રીતે છાપવામાં આવ્યું કે હિંદુના ૐ ને જમણેથી ડાબી બાજુ વાંચે તો, અરબી શબ્દોમાં, "અલી" વંચાય
- તાકિયાના સિદ્ધાંતો પ્રમાણે, સુધારાઓ ફક્ત બાહ્ય હતા. સાચી ઓળખ ક્યારેય પણ બદલવામાં આવી નહોતી.
- રણનીતિ બહુ સરળ હતી. તાકિયા વાપરીને એવી પરિસ્થિતિ નિર્માણ કરવી, કે જેમાં જ્યારે જોઈએ ત્યારે સતપંથને હિંદુ ધર્મ સાથે જોડી શકાય અને જરૂર જણાય ત્યારે ઇસ્લામનો ભાગ પણ બતાવી શકાય. સાહિત્યો અને ક્રિયાઓમાં બેવડું અર્થઘટન કરી, જરૂર પ્રમાણેનો અર્થ ઉભો કરી હિંદુ કે મુસ્લિમ ધર્મ સાથે જોડી શકાય.

193

Ref : Slide 186

હિંદુ ધાર્મિક નેતાઓની ભૂમિકા

- ૧૯૯૦ થી ૨૦૦૦ વચ્ચેના દાયકામાં સતપંથીઓ દ્વારા, તાકિયા વાપરીને, સાધુ સંમેલનો પણ આયોજીત કરવામાં આવ્યા. અને તેમાં તેમને મહદ અંશે સફળતા પણ મળી.
- ત્યાર પછી અવિચલદાસ મહારાજ જેવા અમુક હિંદુ ધાર્મિક નેતાઓએ પીરાણા સતપંથને એક હિંદુ પંથ તરીકે જાહેર કર્યો.
- પણ એવું સાંભળવા મળે છે કે, હિંદુ નેતાઓએ કહેવાતા આ પ્રમાણ પત્રો અમુક શરતોને આધીન આપ્યા હતા. તે શરતો હતી કે પીરાણાના સંચાલકોએ પંથને હિંદુ ધર્મ તરફ વાળવો અને સતપંથને ઇસ્લામ તરફ જતાં અટકાવવો.
- પણ હિંદુ ધાર્મિક નેતાઓને પીરાણા દ્વારા તાકિયાના થતા પ્રયોગની જાણ ન હોવાની પૂરે પૂરી સંભાવના દેખાય છે. અને વાસ્તવમાં હિંદુ ધાર્મિક નેતાઓ તાકિયાના શિકાર થયા છે એવું ચોખ્ખું દેખાઈ આવે છે.
- આના કારણે કાકાનો બન્ને પક્ષો સાથે સારો સંબંધ જળવાઈ રહ્યો. હિંદુઓ તેમના કામને પસંદ કરવાં લાગ્યા અને તેમને સાથ આપવા લાગ્યા. ત્યારે બીજી બાજુ, મુસ્લામનોને ખબર હતી કે કાકા તાકિયાનો પ્રયોગ કરી રહ્યા છે. એટલે હાલની પરિસ્થિતિ થોડા દિવસ માટેજ છે. જ્યારે હિંદુઓનું દબાણ ઓછું થઈ જશે, ત્યારે તેઓ પાછા ઇસ્લામી મૂળ તરફ વળી જશે.

194

Ref: Slide 186

5. સારાંશ

195

સારાંશ ...

- સતપંથ એ ઇસ્લામ ધર્મનું ફાંટું છે. હિંદુ ધર્મનું નથી.
- આ પ્રસ્તુતિ (Presentation) દ્વારા એક વાત ચોખ્ખી સમજાઈ આવે છે અને એ છે કે સતપંથીઓએ તાકિયાની મદદથી ચતુરાઈ ભરી રણનીતિ તૈયાર કરી છે. પરિસ્થિતિ પ્રમાણે કાંચીડાની જેમ રંગ બદલે અને અમીબાની (આકાર બદલતો જીવ) જેમ આકાર બદલી શકે.
- જ્યારે લઘુમતીમાં હશે ત્યારે તેમના હાવ ભાવ, વેશ ભૂષા અને આચરણ બહુમતી જેવાં હશે.
- પણ, એક વખત તેમની પાસે નિયંત્રણ આવી જશે, ત્યારે તેમનું ખરું ઇસ્લામી રૂપ અને આચરણ અપનાવી લેશે.

 196

... સારાંશ ...

- સનાતની સાથે છેલ્લાં ઘણાં વર્ષોથી અનેક સમાધાનો માટે અનેક બેઠકો થઇ છતાં તાકિયા નીતિ અપનાવીને તેઓ કોઈપણ બહાનાં આપી ફરી જવું તે કાયમી ધોરણે બનતું આવ્યું છે.
- આજે સતપંથીઓ બધી બાજુથી સપડાઈ ગયા છે. એટલે સતપંથને બાજુએ રાખીને બાહ્ય હિંદુ દેખાવ અપનાવી લેશે, જાણે હિંદુ ધર્મ સ્વીકારી લીધો હોય.
- આવી બાબતોને લઈને તેમના પર વિશ્વાસ રાખવો અસંભવ છે અને કદાચ રાખો તો એ નરી મૂર્ખતા છે. તેથી તેમની વાતો અને આચરણો પર ભરોસો મૂકી શકાય નહી.

197

ચરણ ૨... સારાંશ

- **આ પરિસ્થિતિમાં જાણવા જેવી મહત્વની વાત એ છે કે, પરિસ્થિતિ અનુરૂપ સતપંથીઓની ઓળખ, સાહિત્યો અને શ્રદ્ધા, તેમની સંસ્થાઓ, વગેરે ત્રણ મુદ્દાઓની આસપાસ ફર્યા રાખશે.**
  1. ***ઈમામ શાહ***
  2. ***હઝરત અલી / નિષ્કલંકી નારાયણ***
  3. ***પીરાણા સ્થિત ઈમામ શાહની દરગાહ***

  નોંધ: ભવિષ્યમાં તેઓ નામો બદલશે, નવી વ્યાખ્યાઓ ઉભી કરશે, સાહિત્યો બદલશે, (તાકિયા પાળશે) પણ તેમની ઓળખ, ઉપરોક્ત જણાવેલ ત્રણ મુદ્દાઓની આસપાસજ ફર્યા રાખશે.
- **સતપંથ અને સતપંથી ઉપર નજર રાખવાવાળાઓએ, વિશ્વાસ રાખવાવાળાઓએ તેમજ કુમળું વલણ રાખી સબંધો જાળવવા વાળાઓએ ઉપર જણાવેલ મુખ્ય ત્રણ મુદ્દાઓને જરૂર ધ્યાનમાં રાખવા પડશે.**

198

ચરણ ૨... સારાંશ

- માટે કોઈ પણ સંજોગોમાં સતપંથીઓ...
  1. ઈમામ શાહ
  2. નિષ્કલંકી નારાયણ
  3. પીરાણા

  .... થી સબંધ કાયમ માટે તૂટી જાય તેવા કોઈ પણ ફેરફાર સ્વીકારશે નહિ.

- કારણ કે જો એવા ફેરફાર સ્વીકારાય તો, સતપંથનું અસ્તિત્વ સમાપ્ત થઇ જશે.
- માટે એકતા, સંપ, સંગઠન, જેને જે ધર્મ પાળવો હોય - તે પાળવા દો, જેવી આદર્શવાદી વાતો કરીને પણ સતપંથનો છેડો ઉપર જણાવેલ ૩ (ત્રણ) મુદ્દાથી સાથે ટકાવી રાખશે.

199

6. સતપંથ ધર્મથી ઉદ્દભવેલ વિટંબણાઓ

કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિમાં...

6.1 સતપંથના કારણે શું શું ભોગવવું પડ્યું?...

- પીરાણા સતપંથ ધર્મ સ્વીકારવાના કારણે, ૫૦૦-૬૦૦ વર્ષ પહેલાં, અમોને અમારા જ ભાઈઓએ ગુજરાત છોડાવી કચ્છમાં હાંકી કાઢ્યા.
- કડવા પાટીદાર હોવા છતાં કચ્છમાં મોમના તરીકે અન્ય જ્ઞાતિઓ દ્વારા પણ તિરસ્કૃત થયા.
- સતપંથ ધર્મ પાળવાના કારણે મુસ્લિમ સૈય્યદોને ગુરુ માની પૂજવા પડતા. તેમની સેવા સુશ્રુષા માટે આપણી બહેન દીકરીઓને મોકલવી પડતી. સૈય્યદો માટે માંસાહારી ભોજનની બહારથી વ્યવસ્થા પણ કરવી પડતી.
- આર્થિક દરિદ્રતા હોવા છતાં મુસ્લિમ સૈય્યદોને ધાર્મિક લાગાઓ, દસોન્દ, વિસોન્દ જેવા ધાર્મિક કર આપવા પડતા.
- હિંદુ ધર્મની ઉચ્ચ અને ભવ્ય પરંપરા છોડીને મુસલમાનોની જેમ મધ્ય રાત્રીએ દુઆ અને કલમા વડે ધાર્મિક ક્રિયાઓ કરવી પડતી. જુમ્મે-રાતની ઇસ્લામી પૂજાનું બહુ મહત્વ હતું, જે હાલમાં પણ ચાલુ છે.
- મુસ્લિમ સૈય્યદ ગુરુઓની ઘરે પધરામણી વખતે થુંકથી બનાવેલ પાવળ પીવા પડતા. સતપંથના ખાનાઓમાં પાવળ બનાવવા માટેની ગોળીઓ પીરાણાથી મોકલવામાં આવતી.

201

... સતપંથના કારણે શું શું ભોગવવું પડ્યું?

- ઈમામ શાહની દરગાહના ઉર્સના દિવસે, તેની કબર ઉપર સંદલ-ક્રિયા કરવામાં આવે છે. તેમાં ઈમામ શાહની કબર પર લેપ લગાડવામાં આવે છે પછી કબરને પાણીથી ધોઈને તેની સાથે અન્ય તત્વો ભેળવીને ગોળીઓ તૈયાર કરી સતપંથના ખાનાઓમાં ગામેગામ મોકલવામાં આવે છે. આ ગોળીઓને પાણીમાં ભેળવીને પાવળ બનાવી, ચરણામૃત તરીકે અનુયાયીઓને પીવડાવામાં આવે છે.
- તેમજ સૈય્યદોનું અધૂરું રાખેલ એંઠું જમણમાં બીજું જમણ ભેળવીને પ્રસાદી રૂપે ખાવું પડતું.
- મુસ્લિમ સૈય્યદો દ્વારા પૂજા પદ્ધતિમાં લોકોનું માનસ હિંદુ વિરુદ્ધ થાય તે માટે લોટની ગાય કપાવતા અને તેના પર લોહીના રંગનું દ્રવ્ય ભેળવીને પ્રસાદી કરવામાં આવતી. શ્રી સત્પંથ પ્રકાશ દસાવતાર, સતપંથ ધર્મનું મૂળ શાસ્ત્ર, માં પાના ક્રમ ૩૪૮, ૩૪૯, ૩૫૭, ૩૫૯ માં "ગૌમેધ યજ્ઞ" અને બુદ્ધ અવતારમાં ગાયનું વધ / માંસાહાર કરવાનું કહેલ છે.

202

6.2 જ્ઞાતિ કેવી રીતે પછાત રહી ગઈ?...

1. **બૌધિક રીતે પછાત:** મુસ્લિમ સૈય્યદોની પકડ જ્ઞાતિ પરથી છૂટી ન જાય અને તેમને મળતા લાભો અને પૈસાથી તેઓ વંચિત ન થાય, તે માટે બાળકોને શાળામાં મોકલવાની અને અભ્યાસ કરવાની મનાઈ ફરમાવવામાં આવતી. "દીકરા ભણાવશો કુળ લજાવશે, જાગો મારા ભાઈ" આવું સૂત્ર આપવામાં આવેલ હતું. જેથી અમારી જ્ઞાતિનો બૌધિક વિકાસ રૂંધાઇ ગયો.
2. **આર્થીક રીતે પછાત:** તેમજ ગામ બહાર મોટા શહેરોમાં જઈને પૈસા કમાવવા વાળાઓ પર મુસ્લિમ સૈય્યદો દ્વારા નિયંત્રણ રાખવામાં આવતું. જે બહાર કમાવા જનાર વ્યક્તિ જયારે પાછો પોતાના ગામ આવે, ત્યારે તેને પ્રથમ ખાનામાં જવું પડતું. ત્યાં મુખી દ્વારા છાંટ નખાવીને "પવિત્ર" કરવામાં આવતો, તેને દંડ રૂપે લાગો (કર) આપવો પડતો. પછી જ પોતાના ઘરે જઈ શકતો. આ કારણે અમારો આર્થીક વિકાસ પણ ન થયો.
3. **સામાજિક રીતે પછાત:** પીરાણાના સૈય્યદો પોતાની પકડ જ્ઞાતિ ઉપર જાળવી રાખવા માટે અમારી જ્ઞાતિના ગેઢેરાઓ / આગેવાનો જે લોકો પર વગ ધરાવતા, તેઓને હાથા બનાવીને જ્ઞાતિમાં સમાજ વ્યવસ્થા દાખલ કરવા ન આપતા. માટે સામાજીક વિકાસ પણ રૂંધાયો.

203

... જ્ઞાતિ કેવી રીતે પછાત રહી ગઈ?

4. **ધાર્મિક રીતે પછાત:** સૈય્યદોની આગેવાની હેઠળ એવો ઠરાવ જ્ઞાતિમાં કરવામાં આવ્યો કે બ્રાહ્મણો, વહીવંચાઓ, ભાટ-ચારણ વગેરેને તિલાંજલિ આપી. આના કારણે ઇસ્લામની દુઆ/કલમા દ્વારા લગ્ન વિધિ અને મરણ પછી દફન વિધિ પ્રથા શરુ કરાવી. આવી રીતિ હિંદુ ધાર્મિક પ્રગતિથી જ્ઞાતિને વિમુખ કરવામાં આવી.

- સતપંથ ધર્મ અપનાવવાથી બૌધિક વિકાસ, આર્થીક વિકાસ, સામાજિક વિકાસ અને ધાર્મિક વિકાસ ન થવાના કારણે જ્ઞાતિ ખુબ પછાત રહી ગઈ.
- જ્ઞાતિનું સ્તર એટલું નીચું થઇ ગઈ કે સનાતની થયા બાદ પણ અમારી જ્ઞાતિના દીક્ષા લેનાર સાધુઓ અને સાંખ્યયોગી સાધ્વીઓને, મુસલમાન મોમના / મોમની સમજી, સ્વામીનારાયણ સંપ્રદાયમાં તેના બીજા સાધુઓની સરખામણીમાં ઊતરતા ગણી, તેમની ખાનપાન/ભોજન વ્યવસ્થા અલાયદી રાખવામાં આવતી. આ બાબત એ સાબિત કરે છે કે કડવા પાટીદાર સિવાયની અન્ય જ્ઞાતિઓમાં કચ્છના કડવા પાટીદારોની છબી કેટલી નિમ્ન કક્ષાની હતી.

 204

6.3 સુધારાઓની શરૂઆત

- ઉપરોક્ત વારસામાં મળેલ ખરાબ પરિસ્થિતિમાં જ્ઞાતિના અમુક વડીલોને જ્યારે સતપંથ ધર્મ એ હિંદુ ધર્મ નથી પણ મુસ્લિમ ધર્મ છે એવું જ્ઞાન થયું અને આપણે હિંદુ છીએ ત્યારે સતપંથમાંથી છુટા પડીને સનાતન સમાજની રચના કરી.
- **સનાતન સમાજનો ઉદ્દેશ:** અગાઉ જણાવ્યા પ્રમાણે, જે મુખ્ય કારણોથી જ્ઞાતિનો વિકાસ રુધાયો હતો, તે કારણોને દૂર કરીને જ્ઞાતિનો સર્વાંગી વિકાસ કરવાનો ઉદ્દેશ સનાતન સમાજનો હતો.

205

Annex : 75.17, 75.18, 75.21

6.4 સનાતન સમાજની સ્થાપના

- સનાતન સમાજનો પાયો મૂળભૂત રીતે સનાતન ધર્મ ઉપર રાખવામાં આવ્યો હતો. માટે સતપંથ ધર્મ સાથે બધાજ સબંધો સદંતર રીતે કાપી નાખવા માટે નીચે જણાવેલ મૂળભૂત સિદ્ધાંતો રાખવામાં આવ્યા.
  1. જ્ઞાતિમાં સનાતન ધર્મ પાળવો. (સનાતની સમાજનું બંધારણ – ઓધવરામ મહારાજના પ્રવચન)
  2. સનાતન સમાજે કુળદેવી ઉમિયા માતાજીનું મંદિર સ્થાપીને ઊંઝા ઉમિયા માતાજી સંસ્થા સાથે ૫૦૦ વર્ષથી તૂટી ગયેલ સબંધોને ફરીથી જોડ્યા.
  3. સતપંથના કોઈ પણ ધાર્મિક કાર્યક્રમમાં આવવા-જવાની મનાઈ કરવામાં આવી.
  4. લગ્ન હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી, તેમજ મરણ બાદ અગ્નિસંસ્કાર વિધિ કરવી.
  5. સતપંથીઓ સાથે બેટી વ્યવહાર બંધ કરવામાં આવ્યો.
  6. સતપંથ સમાજથી છુટા પડી ગામેગામ અલગ સનાતની સમાજની રચના કરી.
  7. અન્ય જ્ઞાતિમાં અમારી જ્ઞાતિની ઓળખ એક મુમના મુસલમાન તરીકે થતી. અમારી જ્ઞાતિના લોકો માટે આ કલંક અસહ્ય હતું. તેને દૂર કરવા સનાતની સમાજની સ્થાપના થઇ.

206

6.5 સનાતની સમાજને રોકવાના પ્રયત્નો...

- જે જે ગામોમાં સનાતની સમાજની રચના કરવામાં આવતી, તે ગામોમાં સતપંથીઓ તરફથી વિઘ્નો નાખવામાં આવતા. જેવા કે..

1. ખોટા પોલીસ કેસો કરવા અને ખોટા કોર્ટ કેસો કરવા, તેમજ સરકારી પજવણી કરવામાં આવતી.

   દા.ત.: મોડાસા ઉમિયા માતાજી મંદિર અટકાવવું. બીલીમોરામાં સનાતની ભાઈઓ પર માર પીટ કરવી, કચ્છના જુદા જુદા ગામો જેમ કે કોટડા જડોદર, નાની વિરાણી, રવાપર નવાવાસ, દેસલપર વાંઢાય, કાદિયા, અંગિયા નાના, મંગવાણા, નાગવીરી, ખોમ્ભડી, તેમજ સાબરકાંઠાના કંપામાં કિસ્સાઓ તેમજ સનાતનીઓ પર ધર્મ પ્રેરિત વ્યક્તિગત હુમલાઓ અને પોલીસ અને કોર્ટ કેસો છે અને આ પ્રક્રિયા સતત ચાલુ જ છે. રાજુ સુરાણીને મારવા માટે પ્રયત્ન કરેલ.

2. ઊભા કરવામાં આવતા સનાતની મંદિરોને ભ્રષ્ટ કરવાના પ્રયત્નો કરવામાં આવતા તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓ જેમ કે સાતમ રમવી વગેરે અટકાવવાના પ્રયત્નો કરવામાં આવતા..

   દા.ત.: અંગિયા નાના, લક્ષ્મીપર નેત્રા, મોડાસામાં ઉમિયા માતાજી મંદિરમાં નવરાત્રી અટકાવી, ખેડોઇ, અંગિયા નાના, વિરાણી મોટી જેવા ગામોના મંદિરોની જગ્યામાં હાડકાઓ અને મળ-મૂત્ર નાખવા જેવી અસંખ્ય કિસ્સાઓ અને કનડગતો છે જેને અહીં લખી શકાય તેમ નથી.

207

...સનાતની સમાજને રોકવાના પ્રયત્નો

3. મંદિરો અને સમાજ વાડીઓના બાંધકામ અટકાવવામાં આવતા.

   દા.ત.: કોટડા જડોદર, મંગવાણા, કાદીયા, નવાવાસ રવાપર વગેરે

4. સતપંથીઓ ઘરમાં જે સનાતની દીકરીઓ હતી, તેમને હડધુત કરવામાં આવતી. છૂટાછેડા પણ કરવાના કિસ્સાઓ જાણવા મળેલ છે.

5. સતપંથ ધર્મ છોડીને સનાતન ધર્મ સ્વીકારનારને ખુબ ત્રાસ આપવામાં આવતો.

6. બન્ને સમાજની સંયુક્ત મિલકતો પર યેનકેન પ્રકારે કબજો જમાવી સરકારી દસ્તાવેજોમાં ખોટી રીતે નામો ફેરવીને સનાતની સમાજને નુકસાન પોહ્ચાડે છે. અને તેમને દોડતા કરી દે છે.

   દા.ત.: કોટડા જડોદર, નવાવાસ રવાપર, મંગવાણા, દેસલપર, વગેરે

7. સનાતન ધર્મ પ્રચારકો સામે તેમની ગેરહાજરીના પ્રસંગોમાં હાજર બતાવીને જુઠ્ઠા પોલીસ ફરિયાદો અને કોર્ટ કેસો કરવામાં આવે.

   દા.ત.: રમેશ વાગડિયા પીરાણા નોહતા ગયા તો પણ પીરાણા ગયા અને મારકૂટ કરી, હિંમતભાઈ, પ્રેમજીભાઈ, કેશુભાઈ માંડવી માં હાજર નોહતા તો પણ તેના પર માર કૂટ કરવાના કેસો, પ્રેમજીભાઈ મોડાસાની બાજુમાં ચામું કંપામાં હાજર નોહતા, અબજીભાઈ કાનાણી પર આદ્યા સુધારક નારાયણ બાપાના પુસ્તકનું સંકલન કરી પ્રકાશિત કરેલ તે માટે પોલીસ કેસ કરેલ.

208

6.6 સનાતની સમાજને તોડવાના પ્રયાસો...

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ એટલે કેન્દ્રિય સમાજ સ્તરે...

- જ્ઞાતિ સુધાર ખાતર બોલાવેલ જ્ઞાતિ અધિવેશનોમાં સનાતન હિંદુ ધર્મ અપનાવવાના નિર્ણયો સામે હિંસક વિરોધ કરી ભાંગફોડ કરી સભાને વેરવિખેર કરવાના પ્રયત્નો કરતા.

ઠરાવ ક્રમાંક ૧૮ વિષે:

- વર્ષ ૧૯૭૭નું જ્ઞાતિનું બીજું અધિવેશન, વર્ષ ૧૯૮૫નું ત્રીજું અધિવેશન, વર્ષ ૧૯૯૩ના ચોથું અધિવેશન અને વર્ષ ૨૦૧૦નું પંચમ અધિવેશન.
- ઉપર જણાવેલ અધિવેશનોમાં સનાતન હિંદુ ધર્મને અનુરૂપ ઠરાવ ક્રમાંક ૧૮, જેનો ઉગ્ર વિરોધ સતપંથીઓએ કર્યો હતો, તે ઠરાવનો મુખ્ય સાર નીચે પ્રમાણે છે...

"... જન્મથી મરણોત્તર સુધીના સંસ્કારો હિંદુ રીત રીવાજો મુજબ પાળવા (આચરવા)ના રહેશે." (વર્ષ ૨૦૧૦માં છણાવટ કરતા વધારામાં લખવામાં આવ્યું કે... "મરણ પછી અગ્નિ સંસ્કારવિધિ કરવાની રહેશે"

209

... સનાતની સમાજને તોડવાના પ્રયાસો ...

ઠરાવ ક્રમાંક ૧૯ વિષે:

- વર્ષ ૨૦૧૦નું પંચમ અધિવેશનમાં સામાજિક અને ધાર્મિક પ્રશ્નોના શાંતિ પૂર્વક નિવારણ અંગે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવેલ છે...

"સમાજમાં ઉપસ્થિત થતા ધાર્મિક અને સામાજિક પ્રશ્નોનો સમાજ લેવલે નિરાકરણ લાવવા માટે અલગ પેટા નિયમો સાથેની કેન્દ્રિય સામાજિક ન્યાય સમિતિની નિમણુક કરવામાં આવેલ છે. તેથી સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો બાબત સમાજમાં મતભેદ ઉભા થાય તેવા સંજોગો માં તેનો નિકાલ સામાજિક ન્યાય સમિતિ દ્વારા કરવો અને તે નિર્ણય અંતિમ રહેશે. કોર્ટ તેમજ પોલીસનો આસરો લેવો નહિ.

નોંધ: જ્ઞાતિ જનોએ આ ઉપરોક્ત ૧૮ અને ૧૯ ઠરાવોનું અચૂક પાલન કરવાનું રહેશે અને જે કોઈ તેનું ઉલ્લંઘન કરે તો કોઈએ તેને સહકાર આપવો નહિ."

- **જો સતપંથીઓ સાચા હિંદુઓ હોય, તો પછી આ બન્ને ઠરાવોનો વિરોધ શા માટે કરે છે? સમજીએ તો સ્પષ્ટ જણાય છે કે તેની પાછળ તેમની મેલી મુરાદ શું છે.**

 210

... સનાતની સમાજને તોડવાના પ્રયાસો ...

- સનાતની કેન્દ્રિય સમાજની સ્થાપના નિમિત્તે સ્વર્ણિમ મહોત્સવ કાર્યક્રમ વખતે સમાજનો ઈતિહાસ રજુ કરતું પુસ્તક "કચ્છના કડવા પાટીદારોનો ઈતિહાસ" બહાર ન પડે તે માટે સતપંથીઓ ચેરીટી કમિશનર દ્વારા પુસ્તક વિમોચનને રોકવાનો હુકુમ લાવ્યા. એટલા માટે આ પુસ્તકને સ્વર્ણિમ મહોત્સવ આયોજન સમિતિ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું.
- તેમજ આ પુસ્તકનું વિમોચન ગુજરાતના ગવર્નરના હસ્તે કરવાનું હતું. પણ ગવર્નરને પણ સતપંથી લોકો મળી આવ્યા આને યેનકેન પ્રકારે તેમને સમજાવી લીધા અને છેવટે ગવર્નર આ કાર્યકર્મમાં હાજર ન રહ્યા.
- કેન્દ્રિય સમાજના મુંબઈ ઝોન દ્વારા બોલાવેલ તા. ૦૧-૧૨-૨૦૧૨ની મીટીંગમાં કેન્દ્રિય સમાજના પ્રમુખ શ્રી ગંગારામભાઈ મંચ ઉપર બિરાજમાન હતા અને પોતાનું વક્તવ્ય આપવાની શરૂઆત કરી ત્યારે બંદુકની ધાકે દાદાગીરી કરી તાત્કાલિક સભાને પૂર્ણ કરી આટોપી લેવાની જોહુકમી કરવામાં આવી. અને તેમની સાથે આવેલ સમાજના અન્ય હોદ્દેદારોને ખુબજ અપમાનિત કરી અને ચુપ રહેવાની ફરજ પાડવામાં આવી. આ કામ માટે મુંબઈ બહારથી સતપંથીઓને બોલાવવામાં આવેલ હતા.
- વર્ષ ૨૦૧૨ ના માંડવી કંઠી વિભાગના લક્ષ્મીનારાયણ સમાજ દ્વારા આયોજિત સમૂહ લગ્ન કાર્યક્રમને અટકાવવા પ્રયત્નો કરેલ અને તેના કારણે સમૂહલગ્ન કાર્યક્રમને છેલી ઘડીએ સ્વામીનારાયણ સંકુલમાં ફેરવવાની ફરજ પડી.

211

... સનાતની સમાજને તોડવાના પ્રયાસો ...

- સનાતનીઓના ભગવાન લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાનની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વખતે સતપંથીઓ દ્વારા સરકારી ખાતાઓમાં ફરિયાદો નોંધાવીને કાર્યક્રમમાં સમાજનો સનાતન ધાર્મિક ઈતિહાસ લોકો સામે રજુ ન થાય તેવા પ્રયત્નો કરેલ હતા.
- હિંમતનગર ખાતે, સનાતનીઓમાં સનાતન ધર્મ પ્રત્યે સાચી જાગૃતિ ઊભી થાય તે માટે, "સમજે પાટીદાર" નામનો એક કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિ જનો ઉપસ્થિત હતા. જેમાં ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના તત્કાલીન પ્રમુખ સ્વ. શ્રી કેશવલાલ શેઠની વિશેષ ઉપસ્થિતિ હતી. ચાલુ કાર્યક્રમ દરમ્યાન સનાતની વક્તાઓને સતપંથના આગેવાનો દ્વારા ચુપ રહેવા માટે ધમકી ભર્યા ફોન કરીને કાર્યક્રમમાં વિક્ષેપ નાખવાની ભરપુર કોશિષો કરવામાં આવી.
- તે જ રીતે જોરાવરનગરની સનાતન ધર્મ પ્રચારની સભામાં હળવદ તેમજ આસપાસના ગામોના સનાતનીઓ સભામાં ન જાય તે માટે ખુલ્લી ચેતવણીઓ અને ધમકીઓ સતપંથીઓ દ્વારા આપવામાં આવી.

212

... સનાતની સમાજને તોડવાના પ્રયાસો ...

- ધનપુરા લક્ષ્મીનારાયણ મંદિર પ્રાણપ્રતિષ્ઠા વખતે ધનપુરામાં મામલતદાર, પોલીસ ખાતાના અમલદારો અને કલેકટર વિભાગને જુઠ્ઠી ફરિયાદ કરી કે સતપંથ વિરુધ કાર્ય કરવામાં આવે છે તેવું ચિત્ર ઉભું કરી લોકોમાં વર્ગવિગ્રહ ઉભો થશે એવી દહેશત ફેલાવી. પરંતુ ઉપરોક્ત અધિકારીઓએ જાત તપાસ કરીને અમારી સ્પષ્ટતાને ધ્યાનમાં રાખીને આ પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમને સુખરૂપ સંપન્ન કરવા દીધો.
- દહેગામ ખાતે ઓધવરામ ભવન (સમાજ વાડી)ના ઉદઘાટન વખતે બોલાવેલ મુખ્ય વક્તાઓને મંચ પરથી સતપંથ મુદ્દા ઉપર કોઈ પણ પ્રકારનું પ્રવચન ન કરવા દેવા માટે પોલીસ ખાતાંમાં ફરિયાદ કરી તેમજ કાર્યક્રમના સંચાલકોને ખુલ્લી ધમકીઓ આપી. સનાતન જ્ઞાતિમાં પોતાનો સાચો ધાર્મિક ઈતિહાસ રજુ થાય તો સતપંથીઓની પોલ ખુલ્લી પડી જાય એવી દહેશત સાથે આવા દરેક કાર્યક્રમોમાં આડખીલી ઉભી કરતા રહે છે.

213

... સનાતની સમાજને તોડવાના પ્રયાસો ...

- વર્ષ ૧૯૯૩ના કેન્દ્રિય સમાજના મુખ્ય કાર્યાલય એટલે નખત્રાણામાં જ્ઞાતિ સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણીની પ્રતિમા બેસાડવામાં આવી. એ પ્રતિમા દર્શાવે છે કે આ જ્ઞાતિ સનાતન ધર્મને વળગી રહેનાર લોકોની છે. નારાયણબાપાને તો ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન પણ ખુબ માન અને આદર સત્કારથી જુવે છે. પણ સતપંથીઓએ આવા આદરણીય વડીલ અને સર્વ માન્ય સમાજ સુધારકના પ્રતિમાનો પણ વિરોધ કરીને દર્શાવ્યું કે સનાતન હિંદુ ધર્મના તેઓ સખત વિરોધી છે.
- જ્ઞાતિના લોકોને પોતાનો કેન્દ્રિય સમાજનો ઈતિહાસ અને વડીલો દ્વારા પુનઃસ્વીકારેલ સનાતન ધર્મનો ઈતિહાસથી લોકો વાકેફ થાય તેમજ જ્ઞાતિમાં સનાતન ધર્મનો પ્રચાર પ્રસાર થાય અને તેથી સનાતન ધર્મનો મહિમા વધે, તેવા ઉમદા હેતુથી શ્રી હિંમત રતનશી ખેતાણીની આગેવાની હેઠળ સનાતન ધર્મ જાગૃતિ સમિતિની રચના થઇ અને તે સમિતિ દ્વારા દેશભરમાં લગભગ ૫૬ જેટલી અલગ અલગ જગ્યા પર સભાઓ કરવામાં આવી. પરિણામે લોકોને પોતાનો સામાજિક અને ધાર્મિક ઈતિહાસની જાણ થઇ અને લોકોની કેન્દ્રિય સમાજ પ્રત્યે લાગણી વધી. તેવીજ રીતે લોકોમાં આવેલ ધાર્મિક જાગૃતિના પરિણામે લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાનમાં લોકો સર્વ પ્રકારથી રસ લેવા લાગ્યા, દાનો મળવા લાગ્યા અને તેના કારણે લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાનનું કામ પણ ખુબ વેગથી આગળ વધવા લાગ્યું.

214

... સનાતની સમાજને તોડવાના પ્રયાસો ...

- ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના તત્કાલીન પ્રમુખ શ્રી કેશવલાલજી શેઠએ લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાનની મુલાકાત લઈને લેખિત શુભેચ્છાઓ પણ આપેલ હતી.
- લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાનની પ્રતિષ્ઠા વખતે પૂરીના શંકરાચાર્યના હસ્તે વેદોની પ્રતિસ્ઠા કરેલ હતી અને અન્ય ત્રણ શંકરાચાર્યોના આશીર્વાદ પણ હતા.
- કેન્દ્રિય સમાજના બંધારણમાં સનાતન હિંદુ ધર્મને આધારિત ચોખવટ કરતા સુધારા, જે અસાધારણ સામાન્ય સભામાં સર્વાનુમતે મજૂર થયેલ હોવા છતાં, તે બંધારણને સતપંથીઓ દ્વારા કોર્ટમાં કેસો કરીને અટકાવવામાં આવેલ છે.
- સતપંથીઓ સનાતન હિંદુ ધર્મના વિરુદ્ધ છે, તેનો આ એક વધારાનો પુરાવો છે.
- સામાન્ય સભા કે કારોબારીમાં તેમના હાથાઓ દ્વારા સતપંથ વિષય ઉપાડીને સભાની કાર્યવાહી ખોરંભવાના પ્રયત્નો કરાવતા રહે છે. તે ઉપરાંત સામાન્ય સભાની કાર્યવાહી અટકાવવા માટે વારે ઘડીએ ચેરીટી કમિશનર અને કોર્ટ પાસેથી મનાઈ હુકુમ લાવે છે.
- જો સમાજ સામાન્ય સભા જ બોલાવી ન શકે તો સમાજ કેવી રીતે ચાલે? સમાજ ન ચાલે તો સતપંથીઓને જ ફાયદો થાય. આમ આવી મેલી મુરાદો સતપંથીઓ કાયમ આચરતા રહે છે.
- પોતાની સમાજમાં સતપંથીઓ કાયમ વિકાસ કરતા રહે છે પણ કેન્દ્રિય સમાજના વિકાસમાં અવરોધ કરતા જાય છે.

215

... સનાતની સમાજને તોડવાના પ્રયાસો ...

- માંડવી હોસ્ટેલ પ્રકરણ: કેન્દ્રિય સમાજની માલિકીની માંડવી સ્થિત વિદ્યાર્થી હોસ્ટેલની સંપૂર્ણ મિલકતને હોસ્ટેલના અમુક સંચાલકોએ, સમાજના બે ટ્રસ્ટીઓ અને સતપંથીઓ સાથે મળી, કેન્દ્રિય સમાજને અંધારામાં રાખી, ચોરી છુપીથી સમાજ સાથે વિશ્વાસઘાત કરી, તેમજ મહેસૂલ વિભાગના અધિકારીઓ સાથે સાંઠ-ગાંઠ કરીને નવ રચિત ટ્રસ્ટના નામે ગેરકાયદેસર રીતે તબદીલ કરી નાખેલ છે.
- શ્રી ગંગારામભાઈ કેન્દ્રિય સમાજના સામાન્ય સભામાં કાયદેસર ચૂંટાયલા પ્રમુખ હોવા છતાં, સતપંથ સમાજના અગ્રણી અને માજી પ્રમુખ શ્રી રતનશી લાલજી વેલાણીને કેન્દ્રિય સમાજના જુઠ્ઠી રીતે પ્રમુખ જાહેર કર્યા. વળી નિવેદનો અને જાહેરાતો કચ્છ મિત્ર અને અન્ય સમાચાર પત્રોમાં છપાવ્યા. ત્યાર બાદ જે દિવસે કેન્દ્રિય સમાજની કારોબારી સભા હોય, તેજ દિવસે સતપંથી સાથીદારો સાથે મળીને કારોબારી સભા રાખેલ છે તેવી જાહેરાત કરી, બીજા દિવસે એ બનાવટી સભાના ફોટાઓ અને અહેવાલો છાપામાં પ્રકાશીત કર્યા.
જ્યારે પાંડવે તો માંડયો છે યજ્ઞ ગૌમેધ,
ત્યાં આપો આપ શ્રી હરિ ભણિયા વેદ. ૯૦૮
સ્વર્ગ ભોવનથી આણી હરિએ ગાએ,
ત્યાં તેને તો પ્રેમે પૂજી યુધિષ્ટિર રાએ. ૯૦૯
રાજાએ મસ્તક કાપીને અળગોરે ધર્યો,
તેના કાપી ચાર પગને જુજવે કર્યો. ૯૧૦
જ્યારે ખાલડી ઉતારીને અલગી ધરે,
ત્યારે શ્રી બુદ્ધારૂપે વાણી ઓચરે. ૯૧૧
ખાલડીને તો ઓડાડો કુંતારે માએ,
અને મુસ્તક માથે ધરે યુધિષ્ટિર રાએ. ૯૧૨
ચારે ચરણ બાંધવ જે ચારે તો ધરો,
અને હસ્તીનાપુર વચે સૌ સાથે નીશરો. ૯૧૩
શ્રી હરિ કહે પાંડવો ! કહ્યું હમારૂં કરો,
હસ્તિનાપુરના ચોરાસી ચૌટા લેઇ ફરો. ૯૧૪
જ્યારે પાંડવોને ચોપાસે રક્ત ઉતરે,
ઝરી ઝરી પાંડવ અંગથી હેઠો પડે. ૯૧૫
હરિ ઇચ્છાએ તેના હિરા માણેક થઇ સરે,
'શ્રી બુદ્ધા' પાંડવ જાપ મુખથી ઓચરે. ૯૧૬
લોહીની બુંદો જે પૃથ્વીએ પડતી જાએ,
ત્યાં તેનાં માણેક મોતી પરવાળા થાએ. ૯૧૭

S-62

S-143

પાંડવો નિંદા કરાવવા ભાગોળે રે ગયા,
તે જોઇ પ્રજા કહે પાંડવ ભૂંડા થયા. ૮૧૮

એમ પાપ રાજા! તમારા મૂકાશે સહી,
શ્રી બુદ્ધાએ રાજા પ્રતે એ વાણી કહી. ૮૧૯

ત્યાં પાંડવ અંગે રક્તનાં ટીપા પડે જેહ,
ભાઇ! તેના માણેક મોતી થાએ છે તેહ. ૮૨૦

દ્રુપતિએ કરે પૂંછ ગ્રહી લીધી સાર,
હસ્તીનાપુરને ગોંદરે સર્વે આવ્યા બાર. ૮૨૧

ત્યારે શ્રી બુદ્ધા ભીમને કહે છેરે સહી,
તમે માતા કુંતા લાવી પધરાવો અહીં. ૮૨૨

ભીમસેનને ક્રોધ ત્યાં માએ નહિ,
અને રક્ત નેત્ર અર્જુનના પણ સહી. ૮૨૩

શેહેરમાં ભીમ, અર્જુન આવ્યા જેટલે,
ત્યાં કૌતક્ પ્રતક્ષ દીઠું છે તેટલે. ૮૨૪

ત્યાં ગરીબ અર્મ [illegible] દોડયારે જાએ,
જે સર્વ નગ[illegible] પડિયો છેરે ત્રાહે. ૮૨૫

પાપી પાંડવોએ તો કર્યું મહા પાપ,
વેધી ગાએને ટાલ્યું પોતાનું આપ. ૮૨૬

જ્યારે ચૌટે ચૌટે પાંડવ ચાલ્યા જેવાર,
ત્યારે તો સર્વ નગ્રહમાં પડયો પોકાર. ૮૨૭

સર્વ લોક નિંદા કરે ને જોવા જાએ,
ભાઈ! ચંડાલ વચને એણે મારી ગાએ. ૮૨૮

S-62

S-143

❀ રાગ ફર્યો ❀

પ્રથમ સો ભાઈ કૈયા એણે માર્યાં,
અને ગૌહત્યા કીધી આજ,
અઢાર ક્ષોણીને સો ભાઈ માર્યાં,
હવે પાંડવ કુળનું ખુટયું રાજ. ૮૨૯
સર્વ 'ભક્ત' પાંડવની નિંદા કરે,
અને તેઓએ મૂકયા તે ઘરનાં કાજ,
હવે એ પાપી પાંડવનું મુખડું,
કોઇએ પણ નાં જોવું આજ. ૮૩૦

❀ રાગ ફર્યો ❀

જગત જેમ પાંડવની નિંદારે કરે,
તેમ તેઓ પાંડવનાં પાપ ઉતરે. ૮૩૧
જ્યારે એ પાપ ઉતરી દો દિશારે જાએ,
ત્યારે 'ભક્ત' વર પામે છે તેણે ઠાએ. ૮૩૨
ત્યાં સર્વે પ્રજા હરિને પાએ જો પડે,
તમે તો ક્ષમા કરજો હે હરે! ૮૩૩
ત્યાં તો મોટા મુનિવર આવે છેરે સહી,
તમે આવ્યા પણ અમે જાણ્યા નહિ, ૮૩૪
કહે અર્જુન ભીમસેન! વાત સાંભળો,
એ મહા મોટી માયા અશંભવે કળ્યો. ૮૩૫
જો વણ પ્રિછે કરતા કંઇ ઉત્તપાત,
તો કયાં છુટતા એ મહા મોટું પાપ? ૮૩૬

S-4
S-62
S-75
S-143

પ્રસ્તાવના

સ્વર્ગારોહણ = સ્વર્ગ જવાનું

સરગા રોહીણીનું જ્ઞાન

સરગા રોહીણીનું જ્ઞાન કેમ ઉત્પન્ન થયું. અને પાંડવોને હિમાલય શા કારણથી જવું પડયું ? તેનું વર્ણન અને પ્રસ્તાવના નીચે મુજબ છે.

દ્વાપર યુગના જમાનાના મધ્ય ભાગમાં શ્રી કૃષ્ણ પ્રભુ અને તેમના ભક્ત પાંચ પાંડવો હતા. તે એટલા બધા પ્રેમથી બંધાયલા હતા તે ભક્ત પાંડવોના પગમાં કાંટો લાગે, કે તરત જ શ્રી કૃષ્ણ પ્રભુ પગ ખોતરવા જાય એટલે પાંડવોનો પગ મટી જાય. કોયબી કારણ વસાત કૌરવોનો અને પાંડવોનો ઝગડો ઉભો થયો. (મહાભારતનો)

તેમાં પાંડવોની તરફ શ્રી કૃષ્ણ હોવાથી, પાંડવો ઝગડો જીતી ગયા. અને કૌરવોની સર્વ સેનાનાં માણસો મરણ પામ્યાં. આ જગ જાહેર વાત છે, અને પાંડવોને દિલ્હી હસ્તીનાપુરનું રાજ્ય મલ્યુ, અને તેમણે ઘણો વખત રાજ્ય કર્યું. પણ તેમાં લોક અપવાદ ઉભો થયો અને તેથી એમ કહેવાયું કે પાંડવોએ મહાપાપ કર્યું, પોતાના ભાઇઓ અને પોતાના કુળને સગા સહોદર અને ગુરૂ બ્રાહ્મણોને મારી નાખ્યા.

આવો લોક અપવાદ થવાથી પાંડવોને ડર લાગ્યો તે આ વાત ખરી છે. અને હમોએ અધર્મ કાર્ય કર્યું છે. આવું થવાથી પાંડવોએ બ્રાહ્મણોને પ્રશ્ન પુછયો કે, કૌરવોની હત્યાનો અમારા સીર દોસ છે, તે કેમ ઉતરસે ? ત્યારે બ્રાહ્મણોએ જવાબમાં કહ્યું છે. પાંડવો તમે યજ્ઞ કરાવો તો કૌરવોની હત્યાથી તમો મુક્ત થાઓ. આવા કારણને લીધે પાંડવોએ તે સમય કાળના બ્રાહ્મણોનું કહ્યું કરીને કૌરવોનું

S-62
S-75
S-143

પાપ ઉતારવાના કારણને લઈને યજ્ઞ આરંભ્યો. આ વાત દ્વારીકામાં શ્રી કૃષ્ણ પ્રભુએ જાણી, તરત હસ્તીનાપુર આવીને પાંડવોએ કહ્યું કે, હે મહારાજ, હમારા માથે કૌરવોની હત્યાનું પાપ છે. તે માટે આ યજ્ઞ કરીએ છીએ. ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું કે કૌરવોનું પાપ તમારા માથે નથી. કારણ કે વાદે વઢે તેનું પાપ કોને હોતું નથી. માટે આ યજ્ઞ કરાવવાનો કસો જ અર્થ નથી.

તે પાપ તમારે સીર નહી, પણ મારે માથે છે. તેનું મેં પ્રથમથી જ તમોને કહેલું છે. તેના જવાબમાં પાંડવોએ કહ્યું કે હે મહારાજ, જેના પાય પુજીએ તેને પાપ કેમ દેવાય ? ત્યારે શ્રી કૃષ્ણ પ્રભુ જરા ખીજવાયા અને કહ્યું કે, હે પાંડવો આટલું કહેતા ન માનો તો ભલે ભોગવો પણ ત્યાર બાદ ભગવાન થોડા સમય કાળમાં શ્રી કૃષ્ણ પ્રભુ સુધામ ગયા. તે પ્રભુની રમત કોણ સમજી શકે ? પાંડવો જેવા પરમ ભક્ત પણ સમજી શકયા નહિ.

હવે શ્રી કૃષ્ણ પ્રભુએ પોતામાં જે દૈવી પ્રભુ તત્ત્વ હતો તે પોતાના પૌત્ર અનિરૂધ્ધને સોંપ્યો, ને તેનું ઓખાથકી હરણ થવાથી મીસર દેશ ગયો. (હાલ ઇજીપ્ત) અને યાદવાસ્થળી થઇ, તેમાંથી તેનું કુટુંબ બચી ગયું. ઓખાહરણનું જ્ઞાન વાંચવાથી આવી ગત યાદવાસ્થળી પછીનું ખુલાસા વાર જણાસે. શ્રીકૃષ્ણ પ્રભુ જંગલમાં પ્રાચીન પીપળે, પ્રભાસ પાટણમાં, જરા નામના પારધિના બાણથી મરાયા.

શ્રી કૃષ્ણ પ્રભુએ પાંડવોને યજ્ઞ કરવાની મનાઈ કરી હતી છતાં, છેવટે પાંડવોએ યજ્ઞ કર્યો. એટલે શ્રી પ્રભુની કળા મીસર દેશમાં હોવાથી, ને શ્રી કૃષ્ણ અવતારનો સમય પૂર્ણ થવાથી, અને શ્રી બુધ્ધ અવતારનો સમય શરૂ થવાથી મીસર દેશમાંથી પ્રભુ પોતાનું સ્વરૂપ બદલી મ્લેચ્છરૂપ થઇને, જેમ શેઠ શગાળશાને ઘેર શ્રી હરિ ગયેલા

શ્રી કૃષ્ણએ પોતાનું દૈવી તત્વ તેમના પૌત્ર "અનિરુધ" ને સોંપ્યું.

ત્યાર બાદ અનિરુધની "ઓખા" માંથી અપહરણ થયું અને મિસર (ઈજીપ્ત) ગયા. અને ત્યાર બાદ શ્રી કૃષ્ણનું મરણ થયુ.

મતલબ કે હવે પછી યાદવ કુળ, મિસર (ઈજીપ્ત) માં છે અને દૈવી માટે હવે પછીની અવતાર ભારતમાં નહિ થાય અને મલેચ્છ એટલે મુસલમાનમાં થયો.

આવી બનાવટ આ પુસ્તકમાં છે.

S-62
S-75
S-143

તેવી જ રીતે આ ભક્ત પાંડવોને દ્વારે શ્રી બુદ્ધા રૂપ લઇ, ભગવાન પધારેલા.

શ્રી બુદ્ધારૂપે પાંડવોને દ્વારે જઈ ભીમને કહ્યું કે, આ યજ્ઞ શા માટે કરો છો ? ભીમે કહ્યું કે કૌરવોની હત્યાનું પાપ ઉતારવા.

શ્રી બુદ્ધાએ કહ્યું કે, કૌરવો અને તમારે યુદ્ધ થયું. તે વખતે શ્રી કૃષ્ણ પ્રભુ હાજર હતા, તેમને તમે કેમ પુછયું નહિ ? ત્યારે તેના જવાબમાં ભીમસેને કહ્યું કે, શ્રી કૃષ્ણ પ્રભુતો હમારા ગુરુ થતા, અને તેમણે અમોને કહ્યું હતું કે, કૌરવોનું હત્યા પાપ તમારા સીર નથી. ત્યારે શ્રી બુદ્ધાએ કહ્યું કે, શ્રી કૃષ્ણ પ્રભુ તમારા ગુરૂ હતા, અને વળી પ્રભુ પણ હતા, તો તેમનું કહ્યું તમે કેમ માન્યું નહિ ? માટે તમે તો હવે ગુરૂ દ્રોહી થયા છો, અને હવે આવા કરોડો યજ્ઞ કરશો તો પણ તમારૂં આ પાપ ઉતરશે નહી. શ્રી બુદ્ધાના આવાં વચન સાંભળીને ભીમ સમજી ગયો કે, આતો શ્રી કૃષ્ણ પ્રભુ પોતે જ છે. અને શ્રી બુદ્ધાને પગે પડીને વચને બાંધીને, ઉભા રાખી યજ્ઞમાં જઇને ધર્મ રાજાને કહ્યું કે, આવા યજ્ઞ કરશું તોય આપણું પાપ નહિ જાય, કારણ કે શ્રી કૃષ્ણ પ્રભુ પોતે જ નવમો અવતાર લઈ અત્રે આવેલા છે. તેમની સાથે મારે જ્ઞાનની વાતો થઇ, અને મારાથી તેનો એક પણ ઉત્તર વાળી શકાયો નહિ.

આ ભીમની વાત સાંભળીને, રાજા ધર્મે તરત સહદેવને પુછયું કે, હે સહદેવ ? આ ભીમ કહે છે એ પુરૂષ કોણ છે ? ત્યારે સહદેવે કહ્યું કે, હે રાજા ધર્મ સામવેદનો, સમયકાળ પુરો થયો, હવે અથર્વ વેદ આવે છે. અને શ્રી કૃષ્ણ પોતે નવમું રૂપ લઈને આવેલા છે. આ પુરૂષને જો આપણે નહીમળીએ તો આપણે ચાર જુગ અને ચોર્યાસી અવતારના ફેરામાંથી નહીં છુટીએ, આપણે દ્વારે આવેલા પુરુષને તો ચૌદ ભવનનો પેદા કરનાર છે, ધરતી, આકાશ, પવન, પાણીનો પેદા કરનાર છે, આવી સહદેવની વાત સાંભળતાં જ રાજા

S-62 S-75 S-143

ધર્મ તો પૂરેપુરૂં સમજી ગયા, અને યજ્ઞમેલીને પાંચે ભાઇયો શ્રી બુદ્ધાને મળ્યા. પૂરેપૂરી ઓળખાણ થઇ, રાજા ધર્મે શ્રી બુદ્ધાને પગે ચુંબન કરીને કહ્યું કે પ્રભુ ? હવે અમારે ઘેર પધારો, શ્રી બુદ્ધા ભગવાને કહ્યું કે, તમારે ઘેર મારાથી નહિ અવાય, કારણ કે, તમે વચનના જુઠા છો. ત્યારે રાજા ધર્મે કહ્યું કે, હે મહારાજ ? અમને વચનના જુઠા આપે કેમ કહ્યા. ત્યારે શ્રી બુદ્ધાએ કહ્યું કે તે શ્રી કૃષ્ણ પ્રભુ તમારા ગુરૂ થતા, અને વળી પ્રભુ હતા, તે પણ તમને જ્ઞાન હોવા છતાં શ્રી કૃષ્ણ પ્રભુના વચન ઉથાપ્યાં અને આ યજ્ઞ કરો છો ગુરૂ દ્રોહી તે મહા પાપી, હવે સાંભળો હે રાજા ધર્મ, હવે આવા કરોડ યજ્ઞ કરસો તોય નહી ઉતરે કર્મ ? આવા પ્રભુના વચન સાંભળીને રાજા ધર્મ બહુ જ ગભરાયા અને સાચુ બોલ્યા કે હે પ્રભુ ? અમોએ આલોભી બ્રાહ્મણોના કહેવાથી અને અમારા પૂર્વના પાપ હોવાથી, અમોએ અમારા ગુરૂ શ્રી કૃષ્ણ પ્રભુનું વચન ઉથાપ્યું છે. માટે ક્ષમા કરો. આવાં વચન સાંભળીને શ્રી બુદ્ધા ભગવાન હસી પડયા, અને કહ્યું કે હે રાજા ધર્મ હવે અમારી રીસ ઉતરી, અને તમે જે બોલ્યા તે સત્ય વચન પણ હવે જો મારાં વચન પાળો એવો મને કોલ આપો તો તમારે ઘેર હું આવીશ. એટલે રાજા ધર્મ મસ્તક ચરણે મુકીને કહ્યું, કે હે શ્રી પ્રભુ લ્યો આ મારૂં વચન છે, જે તમે કહેશો તે અમે કરીશું આવું ધર્મરાયનું વચન લઇને શ્રી પાંડવોને ઘેર ગયા, અને ઘેર જઇને, સામવેદની કાંડી બંધ કરાવીને અથર્વ વેદની કાંડી ચાલુ કરાવી. ગૌ મેઘ યજ્ઞ બંધ કરાવી, અજા-મેઘ યજ્ઞ ચાલુ કરાવ્યો. પાંડવો કરેલા ગુરૂદ્રોહનું પ્રાયશ્ચિત કરાવવા શ્રી બુદ્ધા તેમને હિમાલયની યાત્રા જવા ફરમાવ્યું, અને તેથી પાંડવો હિમાલય ગયા, તેનું વર્ણન તે આ સર્ગા રોણિહી જ્ઞાનમાં ખુલાસા વાર વિગત છે.

સ્વર્ગા રોહિણી પ્રસ્તાવ સંપૂર્ણ.

S-62
S-75
S-143



શ્રી સદ્દગોર બ્રહ્મા વાંચા

हनिष्यति कलेरंते म्लेच्छांस्तुरगवाहनः ॥
धर्म संस्थापनार्थाय तस्मै कल्क्यात्मने नमः ॥

ધર્મની થએલી ગ્લાનિ પછી, ધર્મને પાછો સ્થાપન કરવા માટે કળિયુગને અંતે ઘોડા ઉપર ચઢીને જે અધર્મીઓનો નાશ કરશે તે કલ્કિ રૂપ અવતારને હું નમસ્કાર કરૂં છું.

શ્રી બુધાના સીસ, સ્યામ, સુલકાન, ઈસ્લામ, હારૂન, આદમ, નિઝાર, મીઝાર, ઈલીહાસ, મિલ્યાસ, સુલ્કોન, કાઝમ, કાહર, કાયમ, ગાલિબ એલબ, ફાહીમ, સુરાદ, અબ્દુલસુનાફે, હાસમ, અબ્દુલસુત્તલીબ, અબુતાલિબ, વંશતો શ્રી નિષ્કલંકિનારાયણ શ્રી સુર્તુઝાઅલી.

S-4 S-62 S-75 S-143

શ્રી નિષ્કલંકિ અવતાર

શ્રી ફેર્માનજી બિસ્મિલ્લાહ હરરહેમાન નિરરહિમ

ભાવાર્થ—શ્રી પરમાત્માની આજ્ઞાથી આદરૂં છું.

દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સહાય કૃપાળુ છે.

ભગવાનનાં અવતારોના હજારો ભેદ.

ऋ० अ० ८. अ० ७. व० ३३. मं. १८.

रुपं रुपं प्रति रुपो, विभूव तदस्य रुपं प्रतिचक्षणाय ॥ इन्द्रो
मायाभि पुरुरुप ईर्यते युक्ता हस्य हस्यः शतादशः ॥

પોતે પ્રયત્ક્ષ થવા માટે રૂપ રૂપનો પ્રતીકરૂપ થાએ છે, પરમેશ્વર જ માયાથી પુરૂષરૂપ હોય છે, એના હજારો ભેદ હોય છે.

પરમાત્માંની સોળ કળા નરજામે.

य० अ० ८. मं. ३६.

यस्मान जाताः परो अन्यो अस्यिय आविवेश भूवानि विश्वा ।
प्रजापतिः प्रजयासँ रराण स्त्रीणिज्यातीँ पिसचते सषोडशी ॥

એના સમાન કોઈ જન્મ્યો નથી, એથી, બીજો કોઇ ઉત્તમ નથી. એ સ્વતંત્ર છે, (તાબેદાર નથી) સર્વ પ્રજાઓને સુખ આપવા, ભુવનોમાં અને વિશ્વમાં પ્રજાપતિ (બ્રહ્મરૂપે કે રાજારૂપે) છે. તે ત્રણે લોકમાં જેનો ગત છે. પ્રકાશિત જોતિષરૂપે ચૈતનરૂપે સંચરનાર તેવા સોળ કળાવાન છે.

S-4
S-54
S-62
S-75
S-143

મદીનામાં "શ્રીવિષ્ણુ"
૩૦૦ વરસ

य० अ० ३६. म० २८ (अने सामवेदमां पण छे.)

मदीना स्याम सरद सतं, भूयश्च सरदाः सतात ॥

મદિનામાં શ્રીવિષ્ણુ (પ્રથમ) સો વરસ, 'ફરી,' 'ફરી,' પુનઃ પુનઃ બે ફેરા સો સો વરસ રહેશે.

અવતાર દસમો

પહેલા વૈશાખ સુદ બીજને શુક્રવાર,
તે દિન કળિયુગ બેઠો સાર. ૧
હે મુનિવરો કળિયુગમાં અથર્વ વેદ પ્રમાણ,
અને ગોર બ્રહ્માજીએ નબી મહમંદ ધરાવ્યા નામ. ૨

કલિયુગમાં ગુરુ બ્રહ્માએ નબી મુહમ્મદ નામ ધરાવ્યું

જે ચંદ્ર વંસે આદમ કળિયુગે થયા સાર,
તે શ્રી નિષ્કલંકી નારાયણ હરીનો દસમો અવતાર. ૩
જે દસમે રૂપે શ્રી હરિ પાત્ર નિષ્કલંકિ અવતાર,
તે આવિ બેઠા આરબ દેશ મોઝાર. ૪
જે આ ગોરે કેટલાંક ચરિત્ર શ્રી હરિનાં કહ્યા,
તે દેવ આ કળિયુગમાં હોઇ રહ્યા. ૫
ગોર બ્રહ્મા આ કલિયુગે ગોર સમસ અવતાર,
તે ગોર દુરવેશી લઈ ફર્યા ચોવિસે મુલક મોઝાર. ૬
જે ગોર ચોવીસે મુલકમાં પ્રતક્ષ બોલી રહ્યા,
તે ગોર ફરતા ફરતા ચીન નગરીમાં ગયા. ૭
જ્યારે બેઠો કળિયુગને દ્વાપર ઉતર્યો,
ત્યારે દહિત કાળીગો મહા ચીન નગરીમાં અવતર્યો. ૮

S-4 S-62 S-143 S-54 S-75

નિષ્કલંકી નારાયણ એટલે સિયા મુસલમાન ધર્મ સ્થાપનાર મુર્તઝા અલી જે મોહમ્મદ પૈગંબરનો જમાઈ પણ થાય.

શ્રી નિષ્કલંકિ નારાયણ મુર્તુજા અલી

પિતાનું નામ અબુતાલીબ, અને માતાનું નામ બીબી ફાતિમા બીન્તે

પત્નીનું નામ છે બીબી ફાતિમા ઝોહરા

ગુરૂ છે, નબી મુહંમદ પૈગંબર

કર્મ સ્થાન છે, હેમ્પુરી (પીરાણા)

ધ્યાન રહે... અથર્વ વેદ એટલે કુરાન

મુર્તુજા અલીની માતા તો બીબી ફાતમા બીન્તે અસદ પિતા તો અબુતાલીબ, શકિત તો બીબી ફાતમા ઝોહરા ગોરતો નબી મહંમદ, સ્થાનતો ઉપન્યા સેહસ્ત્ર દ્વીપે મક્કેશ્વર ક્ષેત્રતો મંદિરલી ત્યાં નરદલો દાણુવતો અબુજેલ.કળી અંતે શ્રી મેંહદી રૂપે. સ્થાનતો હીમપુર ક્ષેત્રતો કુંવારીકા, પંચ નદી મુળસ્થાને ત્યાં નરદલો દાણુ-વતો દહિંત કાળીંગો ડજ્જાલ. વિચારતો અથર્વ વેદ ઓચરંતે ગાયત્રી, સાતવાર સત્તાવીસ નક્ષત્ર પંદર તીથિ બાર કરણુ નવ ગૃહે સુર્ય મંત્રનો જાપ જંપતા આયા સ્વામી, ઋષિઓને સ્થાપી દહિંત અબુજેલ તથા અલકમાને સંહારી, કાળીંગાને સંહારસે બાર કરોડી શું ભક્તત્રીકમ મુખીને સ્થાપી અનંત કરોડીનું ભરણું કમળાકુંવર શીર ભરાવવા તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારી. જે કોઇ ચિત્ત હરિ શું લાએ તેનાં ધર્મ વધે ને પાપ ક્ષય થાય, નમો ભાઈ પરિબ્રહ્મ નારાયણના નામને જેણે રૂપે આપણા સદ્ગોર બ્રહ્મા નર નારાયણ હોય, આજ તે રૂપને ધાઇએ. શ્રી નિષ્કલંકિ નારાયણના ગુપ્ત અવતાર ઓગણચાલીસ પ્રગટ અવતાર એક ને તે શ્રી નિષ્ક-લંકી નારાયણ પોતે.

એવા મુર્તઝા અલી કે જેનો આ **ગુપ્ત અવતાર** છે... અને જેનું નામ છે... નિષ્કલંકી નારાયણ

આ હરિવંશ પેઢી નામે ચાલતો ચાલતો હાલ કુંવાંરકાક્ષેત્ર જાંબુદ્વીપ ભરતખંડે, રેવા ઓતરે, સોળ સોળ જોજન સાબરમતી ત્રષ્ઠે પંચ નદી મુળસ્થાને વેરાટવામે નવ સ્થળે એટલે કે પીરાણા મુકામે પધારેલ છે. અને શ્રી ઈમામશાહ બાવા એજ સદ્ગોર બ્રહ્મા, તેમના દિકરા શ્રી નર મહંમદ શાહ વિષ્ણુ નારાયણનો અવતાર અને શક્તી દેવી પાવાગઢની મહાકાળી મહંમદ સુલતાનની દિકરી બુજરૂક બેગમ, એ જ વિષ્ણુ નારાયણ નર મહંમદશાહના અર્ધાંગના, આ ત્રણ કળાએ પીરાણા મુકામમાં હરિવંશ આગળ ચાલ્યો, એ

આ મુર્તઝા અલીની પેઢી હાલ **પીરાણામાં** સ્થાપિત છે.

નર મુહંમદ શાહ એ વિષ્ણુ નારાયણનો અવતાર છે

પાવાગઢ વાળા મહાકાળી (અને કણબી માટે ઊંઝા વાળા ઉમિયા માતાજી) એ આ મુર્તઝા અલીના પત્ની છે.

હિંદુ દેવી દેવતાઓના અવતાર ભ્રષ્ટ કરીને હિંદુઓના ધર્મ પરિવર્તન કરાવી મુસલમાન બનાવનાર આ પીરાણાની સંસ્થાને ક્રૂર મુસ્લિમ રાજા ઔરંગઝેબએ પીરાણા વાળાઓને ૪૮ વિગા જમીન આપેલ છે. જો નિષ્કલંકી નારાયણ હિંદુ દેવ હોત,તો શું ઔરંગઝેબ આવું કરત?

S-4

S-54

S-62

S-75

S-143

વંશે શ્રી શાહબોદ્દીન સાહેબ તથા તેમના શ્રી જલાલશાહ સાહેબના દીકરા મુર્તુજા શાહ સાહેબ તથા તેમના દીકરા શ્રી અશરફ શાહ સાહેબ કે જે ઔરંગઝેબ બાદશાહના વખતમાં દિલ્હી જઈ બાદશાહની સાથે વેદ વ્યાખ્યાન કરી અમર ઘીનો દીવો કાયમ રાખી ચારસો મણ કાઠી ઉપર તપાવેલ લોખંડના તવે ચઢી ઇશ્વરી કળા બતાવી ને પીરાણામાં ઘીના દીવાની અમર જ્યોત રાખી અને ઔરંગઝેબે અડતાલીસ (૪૮) વીઘા જમીન તેમને બક્ષીસ આપી તેના દસ્તાવેજો હાલ મોજુદ છે ને મોટી સત્ય વેણી પુસ્તકની પ્રસ્તાવનામાં કોર્ટના સીક્કાવાળા તરજુમા છાપેલા છે.

ઔરંગઝેબએ પીરાણાને મદદ કરેલ છે. અમુક લોકો ખોટી અફવા ફેલાવે છે કે મુસ્લિમ રાજાઓએ પીરાણાને તકલીફ આપેલ છે.

શ્રી હરિવંશ જગતની ઉત્પતી સાથે જ જગતમાં રમતો આવ્યો છે, અને છેક પ્રલયકાળ સુધી જગતમાં રમતો રહેશે. તેમાં કુળ પલટા વંશ પલટા વિગેરેના મુંચવણ ભર્યા કાર્યો સાધારણ વિચાર વૃત્તિ વાળાના મગજમાં ઉતરી શકે તેવા નથી. અને જેથી આ પુસ્તકની પ્રસ્તાવના ધ્યાન પૂર્વક વાંચવાથી તે બાબત પર જ પ્રકાશ મળશે.

શ્રી હરિની રમત સમજવા માટે માદક આહાર તજવાની ખાસ જરૂર છે. અને તેથી જ સત્પંથનો માર્ગ દેખાશે.

માદક આહાર એટલે કે, લશણ ડુંગળી, અફીણ, ભાંગ, ગાંજો, ચડસ, તમાકુ, માંસ, મદીરા વિગેરે વસ્તુઓનો સહેજ પણ ઉપયોગ બુદ્ધિને ભ્રસ્ટ કરે છે; અને ધર્મના માર્ગેથી મનુષ્યોને વેગળા રાખે છે. જેથી આત્માની શાંતિ પણ મનુષ્યને મળી શકતી નથી. બોલો શ્રી નિષ્કલંકી નારાયણની જય જય જય.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

S-4 S-54 S-62 S-75 S-143

ભાવાર્થ. બ્રહ્મ સ્વરૂપને મેળવ (તે) પાપને હરે છે. વૈરાટ સ્વરૂપ (જે) સર્વવ્યાપક લક્ષ્મી સૂચક મંત્ર (તે) ઉત્તમમાં ઉત્તમ સ્થાને પહોંચાડે છે. અખંડ વૈકુંઠવાસી થવું હોય તો કલ્યાણકારી (તેજ) કાન્તિવાળાનું નામ જપ્યા કર.

લાએલ્લાહ કહેવાથી પાપ નષ્ટ થાય છે. ઇલ્લિલ્લા હીં કહેવાથી પરમ પદની પ્રાપ્તિ થાય છે. વૈકુંઠમાં અખંડ (જન્મ) રહેવું હોય તો મહંમદનું નામ જપ્યા કર.

સત્ય વાત બીજુ કોઇ નથી, સર્વત્ર પ્રભુ છે, ખચિંત વૈરાટ, રૂપે એજ છે, મહમદ (પવિત્ર પુરૂષ) ને પર્માત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

દશમો અવતાર સંપૂર્ણ.



S-152

Aurangzeb's Certificate

૩૮

ઔરંગઝેબ બાદશાહનું શ્રી શાહોજી છત્રીસમા ઈમામ, શ્રી અશરફશાહ બાવાજીને આપેલું પ્રમાણ પત્ર.

આં. ૧૫૨ મુ. નં. ૧૬૮ સને ૧૯૩૧. ૯૬

આ નકલ લેવા અરજદાર સૈયદ બાવા સાહેબ અહમદઅલીએ અરજી આપી તા. ૪ થી જાન્યુઆરી સને ૧૯૦૪. નકલ આપી તૈયાર કરી તા. ૧૨ મી જાન્યુઆરી સને ૧૯૦૪, નકલ આપી તા. ૧૩ મી માહે જાન્યુઆરી સ. ૧૯૦૪.

ઈ. સહી
દફતદાર

આંક ૪૧૫
ઈ. સહી
ન્યાયાધીશ

નંબર ૧૩૨ સને ૧૮૭૨ સાબિત કરવું.

નકલ
આંક ૩

દા. તા. ૧૩-૨-૧૮૭૨.

વાદીએ અરજી સાથે ફારસી ખત આ તરજુમા સાથે રજુ કરેલું તે આ તરજુમો છે.

તા. ૧૫ ઓગસ્ટ સને ૧૮૭૭.


ઈ. સહી
કલાર્ક

S-152

ॐ

ખુદા સાહેબના નામથી કે તે બક્ષનાર તથા પાલનાર છે. અબુજફર મોહીયુદ્દીન મોહમદ ઔરંગઝેબ આમલગીર બાદશાહનું ફર્માન.

યાફત્તાહ. યાબાસે.



યાદાફે. યાનાફે.

જ્યારે મોટી પાક અરજમાં પહોંચ્યું કે:-

S-152

અમદાવાદ સરકાર અને સુબા મજકુરના અમલદારની સણુંદ પ્રમાણે પીસ્તાલીસ વીઘાં જમીન માપે કે ગજે ઇલાહી તરીકે ચોતરીસ વીઘાં અને સાડીસત્તર વસા થાય છે. હવેલીએ અમદાબાદના પરગણામાં મકબરાના ખરચની વજેમાં મુકરર હતી અને આજ પર્યંત જમીન મજકુરના ભોગવટાથી નીકળી ગયેલી અને સૈયદ ઈમામુદ્દીનના પોત્રા સૈયદ મોહમદ અસરફ અરજ રાખે છે કે, જમીન મજકુર સૈયદ મોસુફના રોજા ખરચને વાસ્તે ઈનાયત થાય. માટે જહાનના સાહેબના માન્ય કરવા જોગ હુકમ જાહેર થયો, કે જમીન મજકુર કદીમ મહેલેથી રોજા મજકુરના ખરચને વાસ્તે ફસલે ખરીફ બીલાનઈલની અડધીઆન થી. સૈયદ મોહમદ અસરફ મજકુરના ગુજરાનની મદદના વજેમાં પેટામાંની ખાહીસે મુકરર થઈ, કે તેની ઉપજ જે બ ફસલે ફસલ અને વરસો વરસ પોતાનું ગુજરાન ખર્ચ કરી હંમેશાં બાકી રહેવાની દોલતની દુવામાં મશગુલ રહેવાનું કરતા રહેવા જોઇએ. કે હાલમાંના અને આવ-નારા હાકેમો તથા અમલદારો તથા જાગીરદારો તથા કરોડીઓએ આ મહોર, આ હુકમને જારી જાણી જમીન મજકુરને તેમના વહીવટમાં છોડવી. અસલ અને તમામ રીતે તેને ફેરવવા અને બદલવાનો રસ્તો આપવો નહિ તથા વજેમાલના તથા ખરચના કારણથી જેવું કે ગોરસી તથા નજરાણુ તથા માપણીનું તથા જાબતાનું તથા મોસલીનું તથા મોહોર કર્યાનું તથા દારોગાઈનું તથા બેગારનું તથા સીક્કા કરાઈનું તથા દશે અડધો ટકો તથા પટેલાઇનું તથા સેંકડે બે ટકા કાનુન ગોઇનું અને હરસાલની વધત.નું તથા ખેડની તકરાર તથા સરવે દીવાની હરકતો તથા બાદશાહીની માંગણાની હરકત પહોંચાડવી નહિ. અને આ બાબ-તમાં હર વરસનો નવો હુકમ અને સનંદ માંગવી નહિ અને

S-152

*કોઈ બીજે ઠેકાણે કોઈ વસ્તુ રાખી હોય તેનો ભરૂસો કરવો નહિ.

તારીખ ઓગણીસમી માહે જીલહજ સને આઠ, જુલુસેએ વાલાએ લખાણ થયું.

આંક ૫. ની. ફૈ. ક.

દા. તા ૨૪ જાન્યુઆરિ ૧૮૬૭

પ્રા. શામજીકાકાના વકીલે રજુ કર્યું.

નંબર ૮૯૫, ૧૮૬૬. મુ. મંછારામ

સત્પંથના સંચાલક મુખ્ય પુરૂષ સૈયદ અબ્બાસીમીયાં સૈયદ મહંમદ અશરફના પુત્રને

બાદશાહે આપેલ પ્રમાણપત્ર.

સૈયદ ઇમામોદીન (તેમની કબર પવિત્ર રહો.)

રસુલિલ્લાહની
શરીઅતના સેવક
મુફતી ગુલામરસુલ
૧૧૬૧ હીજરી

*કોઇ બીજે ઠેકાણે એ પૈકીની કોઇ વસ્તુ રાખી હોય તેનો ભરૂસો કરવો નહી. એટલે આ જમીન સરકાર, અગર જેને આપવામાં આવી છે તે વિના કોઇ બીજે ઠેકાણે રાખી હોય એટલે ગીરો, બક્ષિશ, વેચાણ હોય તો તે ખોટી છે. એટલે એતો સરકારમાં, કે જેને આપી છે તેને ત્યાંજ હોવી જોઇયે બીજે નહિ.

S-152

અસલ મુજબ તરજુમો.

મર્હુમ જવાં મર્દખાન બાબીની મ્હોરવાળો પરવાનો આ જાહેરાતથી જાગીરદારો, હવેલી સરકાર અને અમદાવાદના સુબા સાહેબના તમામ માણસોના જાણવામાં આવે કે જ્યારે ખુદાનો મેળાપ જેમણે પ્રાપ્ત કર્યો હોય એવાઓમાં શ્રેષ્ઠ પુરૂષ (હ. સૈયદ ઇમામોદીન તેમની કબર પવિત્ર રહો)ના રોજાની ગાદી ઉપર બેસવાનો હક્ક અને રોજાના વહીવટ કરવાનું કામ સૈયદ અબ્બાસી વલદે સૈયદ મહંમદ અશરફને મુખ્ય અમલદારની મહોર સાથે જુના રિવાજ મુજબ સોંપવામાં આવ્યું છે. ત્યારે મજકુર ખીદમતના દસ્તુર મુજબ ઉપર કહેલા સૈયદ સાહેબને તે જગ્યા ઉપર કાયમ રાખીને તેમને સજ્જદા નશીન (ગાદી ઉપર બેસનાર) ગણીને તેને બધા લવાજમ અને હક્કો તેમના ભોગવટા માટે સોંપી દેવામાં આવે છે. અને તેમની યોગ્ય સલાહ અને શબ્દો વિરૂદ્ધ જવું ન જોઇએ. હાલમાં જ તાકીદ સમજીને લખ્યા મુજબ અમલ કરવો. તા. ૧૯ માહે જમાદિઉલ અવ્વલ સને ૧૧૬૧ હીજરી.

સતપંથના સંચાલક એટલે મુખ્ય (પુરૂષ) શ્રી પીર સૈયદ બડામીયાં સાહેબે ગૃહ (સંસ્થા) વ્યવસ્થા માટે લાગતી વળગતી આલમને જાહેર કરી મત મેળવી કરાવેલો દસ્તાવેજ એટલે (મેજર.) પીર હજરત સૈયદ ઇમામુદ્દીન

નાયાધીસ કોર્ટ ખંભાત સ્ટેટ.

શાહઆલમ બાદશા આન મોહંમદખાન

નગર શેઠની મ્હોર.

S-152

મ્હોર.

રસુલીલ્લાહ
શરઅતખાદિમ
મુફ્તીગુલામ રસુલ
૧૧૬૬

તરજુમો:—

ઉંચા દરજ્જાવાળા વજીર અલી મોહમંદખાન બહાદુર દિવાને બાદશાહી અને શેખ ગુલામ રસુલ મુફ્તી અને શહેરના શાહી માહેલા સૈયદો અને મહાન શેખોની મહોરોવાળો તારીખ ૫ (પાંચ) રબીઉસસાની. એક હજાર બસો પાંચ હીજરીનો લખેલો સવાલ પત્ર. એ વિશેનો કે ઉત્તમ પીર (ઉપર લખેલ હ૦ સૈયદ ઈમામુદ્દીન) ના ફરજંદોમાંનો એક સૈયદ બડા મીયાં બીન સૈયદ અબ્બાસ બીન, સૈયદ અશરફ જલાલશાહી સૈયદ અમદાવાદ શહેરના મહાન સૈયદો, મહાન શેખો અને મહાન પુરૂષોને સવાલ કરે છે અને એ વિષે શાખ માગે છે કે પીર સૈયદ ઈમામુદ્દીન એમના મહાન પિતાં સૈયદ કબીરૂદ્દીન ઈરાકથી હિંદુસ્તાનમાં આવ્યા તેપીર હતા અને ચમત્કારી કામ (miracles) કરતા એ મહાન પીર સાહેબનો રોજો મજકુર શહેરની પંજ કરોહી (દશક્રોઈ) ઉપર ગરમતા ગામમાં છે. એમના ઘણુાખરા ફરજંદો ત્યાં રહે છે. એમનામાંનો દરેક જે કાકા, મજકુર દરગાહનો મુતવલ્લી (Sqcerintendent.) અને મુતકફ્ફિલ (Abontman) હોય છે, તેની મારફતે, દરરોજે, દર મહિને, અને દર વરસે મળતી રકમ મેળવે છે. અને તેમની ખાસ ભાષામાં 'કાકા' એવા શખ્સને કહે છે કે:—જેને આવક અને ખર્ચમાં કોઈ ભાગીઓ, શરીક કે દખલ કરનાર હોય નહી. અને સઘળા ફરજંદો અને મુરીદોને તાબે હોય,

S-152

અને આવનાર અને જનાર હિંદુ હોય કે મુસલમાન હોય તેને માટે ખોરાક અને પરમેશ્વરની રાહે લંગર જારી રાખે જમીન તેના

એટલે એ દુશ્મન હોય કે દોસ્ત

હોય (નોતરવામાં આવવો જોઈએ), મજકુર પીર સાહેબનો ઉરસ તા. ૨૫ માટે મુબારક રમજાનને દિવસે મુકરર છે. પણ લોકો રોજા અને ઇદના દિવસોને લીધે ત્યાં આવી શકતા નથી, તેથી માહે સવ્વાલ મહિનાની છઠ્ઠી તારીખે ઉરસ ક્રિયા કરવામાં આવે છે. લેખ જોતા સુધી લગભગ ચારસો વરસ વીતી ગયા છે. અને મજકુર સૈયદ સાહેબની દરગાહની તોલીઅત (Superintendency) તેમના ફરજંદો સિવાય જે પેઢી દર પેઢી થાય છે. આજ સુધી કોઈ બીજાને મળતી નથી. દરેક મહાન પુરૂષોને એ હકીકતનું જ્ઞાન અને ખબર હોય તેમણે આ કાગળ ઉપર પોતાની મહોર અને સાખ કરવી. લખ્યું તા. મજકુર માહે સદર સને મજકુર માર્જીનમાં મહોરો અને શાખની સહીઓ (સીકા) છે.

તરજુમો કરનાર <u>જી, ડી. શેખ.</u> ની ઇંગ્રેજીમાં સહી.
પર્શીયન ટીચર

ન. ક. આગાયુસુફ વા આગાનુરૂલ્લાહ

મુ. ક. અંગ્રેજીમાં સહી ખરી નકલ

ન્યાયાધીશની અંગ્રેજીમ સહી.
ન્યાયાધીશ.



રજુ તા. ૧૫-૧૨-૧૯૩૧
તૈયાર તા. ૨૭-૧૨-૧૯૩૧

S-54

S-62

મોટો દશ અવતાર.

રચનાર—સઈયદ ઈમામ શાહ.

(ગુજરાતીમાં) આવૃતી ૨ જી　　નકલ ૧૦૦૦

પ્રગટ કરનાર,

મુખી લાલજીભાઈ દેવરાજ

આ બુક મેનેજર ગુલામહુસેન રાજનભાઇએ ધી ખોજા સીંધી
પ્રીન્ટીંગ પ્રેસ, ૧૩૫ પાલખી મહોલા, મુંબઇ નં ૯ માં
મુખી લાલજીભાઇ દેવરાજ માટે છાપી અને
મુખી લાલજીભાઈ દેવરાજે ધી ખોજા સીંધી
પ્રીં, પ્રેસ ૧૩૫ પાલખી મહોલા, મુંબઇ
નાં ૯ માં પ્રગટ કરી.

સંવત ૧૯૮૦　　સને ૧૯૨૩

S-54

S-62

જે કલજુગમા બ્રાહ્મણ જોગીને જમાડે જાણ, તેને અહીંનું ધર્મ અહીં આપે સહી નીરવાણ. ૪૫૯

તે સર્વે લોક અહીંની કમાઇ અહીં ખાઇ રહ્યા, તે નીદાન વડ વેળાએ ઠાલે હાથે હરી પાસે ગયા. ૪૬૦

જે કોઇ અહીં જેશી પુજા કરે, તે તેણુ દીન સવા પહોર કાંધે લઇને ફરે. ૪૬૧

જે વણુવેરામા અદલ દાન કરશે જાણુ, જેણુ અહીં જેશી પુજા કરી હશે તે તેણુ દીન તેસા ફલ પામે નીરવાણુ. ૪૬૨

જે સતપંથ ધીયાવશે ગુર સુખ જાય, જે અહીં દશમા અવતારના પુજશે પાય. ૪૬૩

જે પુરો પાળે સતપંથ જ્યાં ન જાણુ કોય, તે પ્રાણીને સહી અમરાપુરી હોય. ૪૬૪

ત્યારે સવા લાખ વરસ લગી રખીઆને રાજ કરાવે શાહે, પછ ફેરાવીને સૃષ્ટિને સંહારી ધરાયે. ૪૬૫

તે સર્વે સૃષ્ટિને સંહારી સંસાર સપટ કરાયે, નવ ખ્રોણી ગાજે દેવ સુશળને ધારે મેગ વરસાયે. ૪૬૬

ત્યારે અસરાફીલ સુર દેશે આહે, ત્યારે સર્વે પ્રાણી અખંડ ઉઠી બેઠા થાયે; ત્યારે સર્વે ગુન્હેગાર દુનીઆને દોજખે ઘાલવા જાયે, ત્યારે આરબી રૂપ કરીને બેશશે શાહે. ૪૬૭

ત્યારે આશમાન નવ નેજા ઉપ આવે સુધીર, ત્યારે સહસ્ત્ર કલાસું ઉગશે સુર. ૪૬૮

ત્યારે અગનની ઝાળ પડશે ધરતી ઉપર આહે, ત્યારે ત્રાંબા વરણી તે ધરતી થાહે. ૪૬૯

તે વેળાએ શામી મારો એસો કરે, જે મેગા દમર છત્ર શામી મારો ધરતી ઉપર ધરે. ૪૭૦

ત્યારે આરબી રૂપ શાહાનું કહ્યો ન જાવે જાણુ, ત્યારે શાહાજી કેની અરજ મોર નહી માને ફરમાન. ૪૭૧

ત્યારે સહસ્ત્ર મણુની એરણુ જાણુ, ત્યારે સહસ્ત્ર મણુનું ઉપર ઘણ પ્રમાણુ. ૪૭૨

જે મુનીવર અહીં માલ બીજાનું ખાયે, નહી હાલ ગુજારે નહી ગત માંહે જાયે. ૪૭૩

તેને માથે ગુનાહ રહેશે તત્ક્ષણા, તેને ઘણુકેરી માર દેવરાવશે ધણા. ૪૭૪

ત્યારે તીલ તીલનું લેખો શાહા મારો પુછશે સહી શાહે, જે જેના કાગળ હશે તે તેના હાથે દેસે તાહે. ૪૭૫

તે અઉંઠ કરોડ રોમ રાહે એના કર્તવ્ય જોયે, તે ત્યાં તેની ગવાહી પુરાવશે સોયે. ૪૭૬

તેતો અઉંઠ કરોડ રોમ લોઢાના થઇ, જે જુઠો બોલે તેના અંગે પાછો ફરી ખુંચે સહી. ૪૭૭

તે ઉપર દેશે અગનની જાર, અને ધરતીને જાણુ નીર વહેશે લોહી નેત્રની ધાર. ૪૭૮

ત્યાં ઉંધે મુસ્તક જીવને અગન ધગ ધગાયે, તેના માથાના ભેજા તે કાને નીશરી જાયે. ૪૭૯

S-54
S-62

એ ગુરનો અથર વેદ પ્રમાણ, તે અથર વેદનું કહ્યું કરશો જાણ. ૫૨૨
એસો વચન હવે આગળ ભાંખ્યા સાચ, એવી ગુર ઇમામશાહ બોલ્યા વાચ. ૫૨૩
એવા ગુર ઇમામશાહા દશમું અવતાર ભાંખ્યા વેદ, દશમા અવતારની દસ્તુરી
સહી પાળશે તેના પાતક જાયશે છેદ. ૫૨૪
જે કોઇ દશમા અવતારની દસ્તુરી પ્રમાણે ચાલશે નરને નાર, તેને આવા
ગમણ નહીરે સંસાર. ૫૨૫
જે કોઇ એક મન નારાયણ દેવનું દશમું અવતાર ભણેને સાંભળે સાર, તે
ભગતની નર નારાયણ કરે સાર તેને મહાદન નહી લુપે લગાર. ૫૨૬
જે કોઇ મુનીવર દશમા અવતારનું હરફે હરફે પુરો પાળશે જોય, તેને એક
એક હરફના કરોડ કરોડ હસ્તી આપ્યાનું ફળ હોય. ૫૨૭
ત્યારે દશમું રૂપ ત્યાં નકલંકી નારાયણ રૂપ સાર, ત્યાં હવે ધર્યો શ્રી મોલા
મુરતઝાઅલીનો અવતાર. ૫૨૮
ત્યારે દેવ દઈત કાલીંગાને મારશે જેણીવાર, પછે સંસારમા પ્રગટ થાયશે મોરાર. ૫૨૯
ત્યારે દશમે કાલીંગાને મારશે નીરધાર, તે હવે બાર કરોડસું પીર સદરદીનને
તારીઆ સાર. ૫૩૦
જ્યારે સંસારમા પ્રગટ થાશે દેવ મુરાર, ત્યારે સંસાર સર્વે ઓળખશે
સહી નીરધાર. ૫૩૧
ત્યારે શ્રી દશ માંહે શાહા મોલા મુરતઝાઅલી રૂપે નામ ભણાવ્યા સહી જાણ,
ત્યારે અનંત કરોડસું પીર હસન કબીરદીનને તારશે નીરવાણ. ૫૩૨
શાહા મોલા મુરતઝાઅલીની માતા તો બીબી જલેખા કહીએ, અને પીતા
તો હાશમી અબુતાલબ કહીએ. ૫૩૩
ત્યારે ગુર તો નબી મહમદ મુસ્તફા સલલ્લાહ અલેહીં વ સલમ જાણ, અને
સખ્તી તો માતા બીબી ફાતમા પ્રમાણ. ૫૩૪
ત્યારે સ્વસ્થાન તો કહેકપુર નગરી જાણ, અને ક્ષેત્ર તો સીતપુર કુવારકા
નગરી પ્રમાણ. ૫૩૫
ત્યારે નર દારસે દાણવ દઇંત કાલીંગો ઉણીયાચારી જાણ, બાર કરોડસું પીર
સદરદીન ઉધર્યા નારવાણ. ૫૩૬
ત્યારે ચાર લાખને બત્રીસ સહસ્ત્ર શાહા મોલા મુરતજાઅલી રૂપે જાણ, ત્યારે
અથર વેદ હુઆ પ્રમાણ. ૫૩૭
ચાર લાખને બત્રીસ સહસ્ત્ર કલજુગનું પ્રમાણ જાણ, બાર કરોડસું પીર
સદરદીન અમરાપુરીમા પહોતા નારવાણ. ૫૩૮


S-54

S-62

તેણે તો ગુપ્ત પંથ આરાધ્યા જાણ, તેણે તો સહી અમરાપુરીનો વાસો
પામ્યા નીરવાણ. ૫૩૯
ત્યારે શ્રી નકલંકીનો દશમો અવતાર સંપુર્ણ થયો સહી, એવી ગુર બ્રહ્મા-
જીએ વાણી કહી. ૫૪૦
અહીંથી શ્રી નારાયણ દેવના દશમા અવતારની દસ્તુરી સંપુર્ણ સાચ, એવી
ગુર હશનશાહા સુત પીર ઈમામશાહા બોલ્યા વાચ. ૫૪૧



સમાપ્ત.



realpatidar.com

S-143

દાટે છે. અને શ્રાદ્ધમાં માનતા નથી. તલાક અને વિધવાવિવાહમાં માને છે. વિર શીવ એક શીવ સંપ્રદાય છે.

ભારતમાં સમાજશાસ્ત્ર પ્રજાતિ અને સંસ્કૃતિ, બી.એ.બી. કોલેજ, દહેરાદુન, જી. ભટ્ટ પેજ નં. ૫૦૨.

અલ્લાહ યોગી શબ્દ

(તસ્વફ અથવા સૂફીમત)

વાસ્તવિક સચ્ચાઈના આધારે અથવા આસ્થાની અભિષ્ટ આલંબન વસ્તુ અલ્લાહ છે. અલ્લાહ શબ્દ વાસ્તવમાં યોગીક શબ્દ છે. અનેક દેવતાનું નિરાકરણ કરીને અલ્લાહની પ્રતિષ્ઠા આરબમાં થઈ. તે જે હોવાના બરાબરી હતાં. (પેજ નં. ૬૨-૬૩, તસ્વુફ) ઈસરાઈલ (પેજ નં. ૪૫૮) અલ્લાહ શબ્દ રૂઢી હોય કે યોગીક તેનાથી કોઈ તર્ક નથી. પણ અલ્લાહનો પ્રયોગ મહાદેવનું ધોતક છે. અને તેમની પ્રધાનતા સર્વમાને છે. આપણા માટે આટલું પૂર્તિ છે. ચિંતનના વિષયથી સૂફીઓ અલ્લાહને બદલે હક્ક પ્રતિપાદન કર્યો. પણ આરાધના અલ્લાહની માન્યતા રાખી એટલું તો બધા માન્ય રાખે છે કે પ્રાચીન જગતમાં દેવી દેવતાનાં ઉપાસકો અલ્લાહને મહેશ્વર સર્વપ્રધાન માનતા હતાં. (પેજ નં. ૬૪) હદિશ છે કે મોહંમદ સાહેબને અલ્લાહનો સાક્ષાત્કાર કિશોરના રૂપમાં થયો હતો વાસ્તવમાં અલ્લાહ જે હોવાના બરાબરી છે. અને અલ્લાહ આદી છે અંત છે. વ્યક્ત છે, અવ્યક્ત છે સ્વયંભું છે ભગવાન છે, રબ છે, રહીમ છે, ઉદાર છે, ગની છે, નિત્ય છે, કર્તા છે, (પેજ નં. ૬૫ તસ્વુફ) અલ્લાહની અર્ષકૃષિ હૃદયમાં છે. વૈદિક શબ્દોમાં મહંમદ અલ્લાહનું કનિષ્ટ રૂપ છે. કારણ કે તેમની જ્યોતિથી સૃષ્ટિ થઈ. આદમના પહેલેથી મહંમદનું નૂર જ્યોતિ મોજૂદ હતું. અને તે નૂરથી બીજા નબી પણ થયાં (પેજ નં. ૬૬-૬૭, તસ્વુફ) આરંભમાં ઈલ્લાહ અને ઈલોહીમ પ્રકૃતિની દિવ્ય શક્તિ અથવા પરમાત્માની વિભૂતિ (તસ્વુફ, પેજ નં. ૬૯) અરબી મનિષીનું કહેવાનું છેકે અલ્લાહ અમૂર્તરૂપમાં દર્શન નથી પરંતુ સ્ત્રીરૂપમાં જ અલ્લાહનો સાક્ષાત્કાર ઉત્તમ છે.(તસ્વુફ પેજ નં. ૧૦૫) હકીકતમાં અલ્લાહ એક પરમ દેવતા છે. ઈસરાઈલમાં જેહોવાનું સ્થાન હતું તે જ ઈસ્માઈલના વંશજોમાં અલ્લાહનું સ્થાન છે. તે જ અલ્લાહનું નામ કુરાનમાં આવે છે. (તસ્વુફ પેજ નં. ૧૩૨) ઈલાહ વેદાંતિઓના ઈશ્વર કહીશકાય છે. (પેજ નં. ૧૩૮) વાસ્તવમાં ઈલાહ અલ્લાહ ઋષિમુનિઓના ઈશ્વર છે બીજી કોઈસત્તા નથી (પેજ નં. ૧૩૯) અલ્લાહે આત્મજ્ઞાનની પ્રેરણાથી અવ્યક્તમાંથી પ્રગટ થાવાની ઈચ્છા થઈ ત્યારે જ્યોતિનું નિર્માણ કરવું પડ્યું. અંધકારને કારણ સક્ય અલક્ષ્ય હતું જેથી અલ્લાહે નૂર પેદા કર્યો મહંમદ સાહેબના હકીકતમાં સત્તા તે જ નૂર છે. (તસ્વુફ પેજ નં. ૧૪૩, શ્રી ચંદ્રબલિ પાંડે, હિન્દી સંપાદક સરસ્વતી મંદિર, બનારસ)

અલ્લાહુ કર અલ્લાહુ

ગજલ -૫૧

હર હર દમ પર ધ્યાન લગા કે અલ્લાહુ કર અલ્લાહુ નહેનો અકરબ દિલમે લાકે અલ્લાહુ કર અલ્લાહુ ૧
વફી અન્ફોસેકુમ સુરત જમા કે અલ્લાહુ કર અલ્લાહુ વહોવામાકુમ નજર મિલાકે અલ્લાહુ કર અલ્લાહુ ૨

ગૌર બ્રહ્મા નબી મોહમ્મદ

સતપંથશાસ્ત્ર

પહેલા વૈશાખ સુદ બીજ ને શુક્રવાર તે દિન કલિયુગ બેઠો સાર ।
હે મુનિવરો, કલિયુગમાં અથર્વવેદ પ્રમાણ ॥
અને ગોર બ્રહ્માજીએ નબી મોહમંદ ધરાવ્યા નામ ।
જે ચંદ્ર વંશે આદમ, કલિયુગે થયા સાર ॥
તેશ્રી નિષ્કલંકી નારયણ હરિનો દસમો અવતાર ।
જે દસમે રૂપે શ્રી હરિ પાત્ર નિષ્કલંકી અવતાર ॥
તે આવી બેઠા આરબ દેસ મોઝાર ।

(પેજ નં. ૪૬૩, પ્રકાશક સૈયદ એસ.બી. ખાખી, પીરાણા, સત્પંથ પ્રકાશન, અર્થાત દસ અવતાર)

નૂરે રોસન

પ્રથમ સૂનકાર હતું ત્યારે નિરંજન નિરાકાર ખુદા એકલા જ હતાં પછી હૂં શબ્દ પેદા થયો. તે કાયમ છે. આદિ શબ્દ તે જ છે પછી એવી રોશની પેદા થઈ જેમાંથી નબીઓ પેગંબરો થયા. હિન્દુઓ જેને બ્રહ્મા કહે છે. મુસલમાન નબીને મહમંદ કહે છે. હિંદુઓમાં જે વિષ્ણુરૂપે મનાય છે. તેમને જીબરાઈલ કહે છે. અને મહેશ તે આદમ છે. અલેખ તે અલ્લાહ છે.

પીછી બનાયા નબી કો સો નૂર । નબી-નૂર સે સબ હુઆ સો ઝહૂર નબી બ્રહ્મા હૈ હિંદીમાં
વિષ્ણુ જીબરાઈલ સો પ્રમાણ, મહેશનામ સો સહી અલખ નામ અલ્લા સો હેગા વહી.

નૂરે રોસન, પેજ નં. ૯, રતનશાહ કોયાજી વકીલ, નાનપુરા, સુરત, પ્રકાશક સૈયદ નસરુદ્દીન

નૂરે મહંમદ નૂરે અહમદ

પરમાત્માને પોતાનું રૂપ સૃષ્ટિ માધ્યમે પ્રગટ કરવાની ઈચ્છા થઈ ત્યારે પરમાત્માએ પોતાની જ્યોતિથી એક જ્યોતિ પ્રગટ કરી તે જ્યોતિ નૂરે મોહંમદ, નૂરે અહમદ કહેવાય છે. તે જ્યોતિને જોઈને પરમાત્મા પોતે મુક્ત થઈ ગયા. તેજ જ્યોતિ માટે પરમાત્માએ સૃષ્ટિની રચના કરી એ જ્યોતિ જ સૃષ્ટિ નિર્માણનું કારણ છે. તે જ્યોતિ દ્વારા પરમાત્માએ બ્રહ્માનું નિર્માણ કર્યું.

સંયોગવશ અરબના કુરેશવંશના કાહીનકુલના એક દીનગરીબ બાળક સમયના પ્રભાવથી એક સુખી સુંદરીને ત્યાં નોકરી કરતો હતો. પોતાની કુશળતા અને શીલ સ્વભાવના કારણે તેમના સ્વામી બન્યાં અને કર્મશીલ નબી બની ગયા. (મહંમદ સાહેબ (ભૃ. ૬૮૯ વિ.)

(પેજ નં. ૨૬૩ સૂફીમત સાધના ઓર સાહિત્ય લેખક : રામપૂજન તિવારી, જ્ઞાનમંડલ,બનારસ,) (પેજ નં. ૩૨-૩૩)

ઝૈનબ તથા ઉમ્મે કુલસૂમ અને મોહમ્મદ બિન હનીફ ઈસ્લામના ઈતિહાસમાં નોંધપાત્ર સ્થાન મેળવી શક્યા હતા.

ઈસ્લામનો ઉદય અને વિકાસ (પેજ નં. ૯૯-૧૦૦) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

હજરત અલી સાહેબ

તમો પ્રથમના ખલિફાઓને ન્યાયના કામમાં ઘણી સારી મદદ આપી લોક પ્રિય થયા હતા. અરબી ભાષામાં વ્યાકરણ, તમોએ બનાવ્યું હતું. તેમના નીતિ વચનો ઈસ્લામ જગતમાં એકી અવાજે વખણાય છે. સિયા ઈસ્લામ અસરી તથા વહોરા લોકો તમોને પોતાના માસુમ ઈમામ ગણે છે. મુસેરી તથા. આગાખાનની તેમજ પીરાણા સત્પંથી તમોને ખુદા, ઈશ્વર કહે છે. તમો અરબીભાષાના વિદ્વાન હતા. તમારા વક્તવ્ય, શક્તિનું આખુ અરબસ્થાન એકી અવાજે વખાણ કરે છે. સિયા લોકો તમોને પ્રથમ ખલિફા તેમજ પ્રથમ ઈમામ તરીકે માને છે.

S-143

શ્રી સદગોર બ્રહ્મા વાંચા

હનિષ્યતિ કલેરંતે મ્લેચ્છાંસ્તુરગવાહનઃ । ધર્મે સંસ્થાપનાર્થાય તસ્મૈ કલ્કયાત્મનેનમઃ ॥

ધર્મની થયેલી ગ્લાનિ પછી, ધર્મને પાછો સ્થાપન કરવા માટે કળિયુગને અંતે ઘોડા ઉપર ચઢીને જે અધર્મીઓનો નાશ કરશે તે કલ્કિરૂપ અવતારને હું નમસ્કાર કરું છુ.

શ્રી બુધના સીસ, સ્યામ, સુલકાન, ઈસ્લામ,હારૂન, આદમ, નિઝાર, મિઝાર, ઈલીહાસ, મિલ્યાસ, મુલ્કાન,કાઝમ, કાહર,કાયમ, ગાલિબ, એલબ, ફાહીમ, મુરાદ, અબ્દુલમુનાફ, હાસમ, અબદુલમુત્તલીબ, અબુતાલિબ,વંશતો શ્રી નિષ્કલંકિનારાયણ શ્રી મુર્તુઝાઅલી.

S-143

શ્રી નિષ્કલંકી નારાયણ મુર્તુજા અલી

મુર્તુજા અલીની માતા તો બીબી ફાતમા બીન્તે અસદ પિતા તો અબુતાલિબ, શક્તિ તો ફાતમા જોહરા ગોરતો નબી મહંમદ, સ્થાનતો ઉષન્યા સેહસ્ત્ર દ્વીપે મક્કલેશ્વર ક્ષેત્રતો મંદિરલીત્યાં નરદલો દાનવંતો અબુજેલ, કળી અંતેશ્રી મેંહદી રૂપે. સ્થાનતો હીમપુર ક્ષેત્રતો કુવારીકા. પંચ નદી મુળસ્થાને તયં નરદલો દાંણવતો દહિત કાળીગો ડજ્જાલ. વિચાર તો અથર્વ વેદ ઓચરંતે ગાયત્રી, સાતવાર સત્તાવીસ નક્ષત્ર પંદર તીથિ બારકરણ નવ ગૃહ સુર્ય મંત્રનો જાપ જપતાં આયા સ્વામી, ઋષિઓને સ્થાપી દહિત અબુજેલ તથા અલકમાને સંહારી, કાળી ગેને સંહારસે બારકરોડી શુ ભક્તત્રીકમ મુખીને સ્થાપી અનંત કરોડીનું ભરણું કમળાકુંવર શીર ભરાવવા તમે ભલે અવતર્યા યુગે યુગે દેવ મોરારી. જે કોઈ ચિત્ત હરિ શું લાએ તેના ધર્મ વધે ને પાપ ક્ષય થાય, નમો ભાઈ પરિબ્રહ્મ નારાયણના નામને જેણે રૂપે આપણા સદગોર બ્રાહ્મા નર નારાયણ હોય. આજ તે રૂપને ધોઈએ. શ્રી નિષ્કલંકી નારાયણના ગુપ્ત અવતાર ઓગણચાલીસ પ્રગટ અવતાર અકે ને તે શ્રી નિષ્કલંકી નારાયણ પોતે.

પરમાત્માની સોળ કળા નરજામે.

ય. અ. ૮, મં. ૩૬

યસ્માન જાતા પરો અન્યો અસ્થિય આવિવેશ ભૂવાનિ વિશ્વા
પ્રજાપતિઃ પ્રજ્યાસં રરાણ સ્રીણીજ્યાતિ ષિસચતે સોષૂસી.

એના સમાન કોઈ જન્મ્યો નતી. એથી બીજો કોઈ ઉત્તમ નથી. એ સ્વતંત્ર છે સર્વ પ્રજાઓને સુખ આપવા ભુવનોમાં અને વિશ્વમાં પ્રજાપતિ કે રાજારૂપે છે તે ત્રણે લોકમાં જેની ગત છે પ્રકાશિત જ્યોતિસ્વરૂપે ચૈતન રૂપે સંચરનાર તેવા સોળ કળાવાન છે.

S-143

મદિનામાં શ્રી વિષ્ણુ

૩૦૦ વર્ષ ય. અ. ૩૬ મ. ૨૮ (અને સામવેદમાં પણ છે)

મદીના શમ સરદ સતં. ભૂયશ્ચ સરદા સતાત

મદિનામાં શ્રી વિષ્ણુ પ્રથમ સો વરસ ફરીફરી પુન પુન બે ફેરા સો સો વર્ષ રહેશે.

અવતાર દસમો.

પહેલા વૈશાખ સુદ બીજને શુક્રવાર તે દિન કળિયુગ બેઠો સાર ૧

હે મુનિવરો કળિયુગમાં અથર્વ વેદ પ્રમાણ અને ગોર બ્રહ્માજીએ નબી મહમંદ ધરાવ્યા નામ ૨

જે ચંદ્ર વંશે આદમ કળિયુગે થયા સાર તે શ્રી નિષ્કલંકી નારાયણ હરીનો દસમો અવતાર ૩

જે દસમે રૂપે શ્રી હરી પાત્ર નિષ્કલંકી અવતાર તે આવી બેઠા આરબદેસ મોજાર ૪

જે આ ગોરે કેટલાક ચારિત્ર શ્રી હરિના કહ્યા તે દેવ આ કળિયુગમાં હોઈ રહ્યા ૫

ગોર બ્રહ્મા આ કલિયુગે ગોર સમસ અવતાર તે ગોર દુર્વેશી લઈ ફર્યા ચોવીસ મુલક મોજાર ૬

જે ગોર ચોવીસે મુલકમાં પ્રત્યક્ષ બોલી રહ્યા તે ગોર ફરતા ફરતા ચીન નગરીમાં ગયા ૭

જ્યારે બેઠો કળિયુગને દ્વાપર ઉતર્યો ત્યારે દહિત કાળીંગો મહાચીન નગરીમાં અવતર્યો ૮.

શ્રીરામ વિષ્ણુ ભગવાન અને બ્રહ્મા વસિષ્ઠ મુની સતી દેવી સીતા આ ત્રણે કળા મિશ્ર શ્રીરામ વિષ્ણુના દિકરા લવ ના પદ્મ છે. પદ્મના પરિક્ષીત, પરીક્ષીતના વીરપાળ, વીરપાળના વાસુદેવ અને વાસુદેવનો વંશ તો શ્રીકૃણ આ પણ. સુર્યવંશથી ચંદ્રવંશ જેવી રીતે રઘુરાજા સુર્યવંશી થયાં તેવી જ રીતે રામના વંશમાં જદુરાજા થયા. જેથી કરીને ચંદ્રવંશ પણ કહેવાયે અને જદુવંશપણ કહેવાય. કૃષ્ણ હરીવંશે શ્રી નારયણનું બળ કૃષ્ણભગવાન થયા. કૃષ્ણના સમયકાળમાં પૃથ્વીનો રાવી કંશાસુર મથુરાવાસી ઘણો અભિમની કાળક્રોધી માદક આહારી હોવાથી કૃષ્ણ વિષ્ણુના વેદ ધર્મની નિંદા કરનારો કૃષ્ણ ભગવાનની બધી હકીકત કૃષ્ણ અવતાર વાંચવાથી માહિતી મળશે. ટૂંકમાં કંશાસુરે વેદ, ધર્મ ને ભૂંસાડવાથી કૃષ્ણે કંશને માર્યો અને

ભગત વિદુરને તાર્યો. શ્રીકૃષ્ણ વિષ્ણુની કળા, બ્રહ્મા, રૂકમ રાજા, વેદવ્યાસની ગાદીએ.

શક્તિ દેવી રૂક્ષ્મણી રૂક્ષ્મણી રૂકમ રાજાની દીકરી આ ત્રણે કળા મિક્ષથી શ્રીકૃષ્ણના પુત્ર પ્રદુમનના શેષસ્થાન અનીરુધ શેષ સ્તાનના બુધસ્તાન, બુધસ્થાનના વેણીવચ્છરાજ, વેણીવચ્છરાજના સિંહરાજ, સીંહરાજના વંશતો શ્રી બુધા ભગવાન આ ઉપરનો હરી વંશ શ્રીકૃષ્ણના પ્રદુમનના અનિરુધને દ્વારકામાંથી ઓખાહરથી અનીરુધ હરીવંશની કળા મીસર દેશની ભૂમિમાં બાણાસુરની રાજધાનીમાં હરીવંશ જવાથી નારણનની કળા મિસર દેશમાં ગઈ, આ હિંદ ભૂમિ નારાયણની કળા વગરની થઈ જેથી કૃષ્ણ કુળ જાદવ કુળનો નાશથયો અને કૃષ્ણ ચંદ્રવશે મિસરમાં ગયો આની વિશેષ માહિતી ઓખા હરણ વ્યાખ્યાનમાંથી મળશે. હરિવંશ મિસર દેશમાં ઘણાં વર્ષે ભોગવી એ વંશમાં શ્રી બુદ્ધા અવતારની હકીકત નવમો બુદ્ધા અવતાર વાંચવાથી બધી માહિતી મળશે.

શ્રી બુદ્ધા વિષ્ણુની માતા દેવી રેણુંકા, પિતાતો સિંહરાજ, શક્તિતો હરસદ, ગોરતો હંસરાજ, આ ત્રણ કળા હરીવંશ મિસર દેશ થોડીને અરબસ્તાન માકલેશ્વર કેમ ગયો અને કોણ ગયો એસર્વ હકીકત શ્રી નિષ્કલંકી નારાયણની ભાળ નામની બુકમાં તમામ હકીકત લખેલી છે. જેથી આ સ્થળે લખાયુ નથી. હરીવંશ મકલેશ્વરમાં આદમ તથા હવાના કુળ વંશ પલ્ટો અને વર્ણ પલ્ટો કરી શ્રી બુદ્ધ ભગવાન વિષ્ણુ હરીવંશ ચાલતો અરબસ્તાન મકલેશ્વરમાં ગયો. આહરીવંશ શ્રી અલી નિષ્કલંકી નારયણ ઉપર આવ્યો શ્રી વિષ્ણુ આ હરીવંશે જે જદુકુળથી યવનકુળ થયો હરીવંશે મીસર દેવની ભૂમીમાં કુરેશ કુળથયો આ કુરેશ કુળ મકલેશ્વરમાં હરીવંશે અલી નિષ્કલંકી દશમો અવતાર થયો છે. અહીંથી ભાષા બદલવાથી મિસરી ભાષા થઈ મિસરી ભાષાબદલી અરબી ભાષા થઈ છે. હરીવંશને અરબી ભાષામાં અલીની આલ અમર જાણો એવા મામથી ઓળખાય છે. શ્રી અલી સાહેબ વિષ્ણુની કળા બ્રહ્માજી નબી મહંમદ અને શક્તિ દેવી બીબ ફાતમા, આ ત્રણ કળાથી હરીવંશ થયો છે.

પેજ નં. ૪૬-૪૭, ૫૩૧-૫૩૩, ૪૬૨-૪૬૩ સતપંથ પ્રકાશ, દસઅવતાર, પીરાણા, એસ. બી. સૈયદ

આદ્યશક્તિ માતા ફાતમા

આદ્યશક્તિ જ્યોતિસ્વરૂપે
મીસરમાં (સિયા ઈસ્માઈલી ફાતમી સ્થાપના)

S-16

S-143

ભારતમાં નિઝારી પંથ સત-પંથ તમારા નામથી પીરાણામાં અખંડ જ્યોતિ સ્વરૂપે આપના ગુણગાન થાય છે. પીરાણામાં આપની અખંડ જ્યોતિ જળહળે છે. આપના સંતાન ઈમામહુસેન, ઈમામ હસન, ઈમામ ઝૈનાલાઆબેદીન, ઈમામ મહંમદ બાકર, ઈમામ ઝાફર શાદિક, ઈમામ ઈસ્માઈલ, ઈમામ ઈસ્માઈલના સમયથી આપની મિસરમાં આઠમી સદીમાં ફાતમી ખિલાફત સ્થાપન થયેલ છે.

(જુઓ ખોજાવૃતાંત સચ્ચેદીન નાનજી અણી, રેવન્યુ કમીશ્નર કચ્છ)

શ્રી ઈમામશાહબાવા પીરાણા.

શ્રી ઈમામશાહબાવા દયાળુદાતા અમોને બોલાવો દ્વારે તુમારા (સતાર બાપુ)

વાસ્તવમાં ઈમામશાહબાવાનું નામ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. એક સાચા સૂફી-સંત પીર ઘોર નામોથી લોકો જાણે છે. આપને માનવાવાળા અઢારે આલમના બધા જ આપના દર્શન કરી પોતાની મનોકામના પૂર્ણ કરે છે.

ધન્ય રે પીરાણા, ધન્ય રે ગીરમથા જ્યાં છે ધરતી કુવારી,
અડસઠ તીરથ, અહીં આવી મળ્યા. આવ્યા છે દેવ મોરારી ૧
જાંબુદ્વીપમાં સેવાઓ જાગી, સીંગી અને નોબત વાગે
દેશો દેશના યાત્રાળુ આવે, દર્શન કરી ભીડ ભાંગે ૨

હકીકતમાં સત્પંથીધર્મીઓ ઉપરે બાવાની અસીમ કરુણા હતી. તેઓએ ઈમાનીઓને પ્યારથી મારા વીરા ભાઈ, મારા ઋષિવરભાઈ મારા મુનીવરભાઈ નામોથી સંબોંધીને જ્ઞાનવાણી અમૃતવાણી આપેલ છે. તેમજ ભાવિ ભક્તોને પણ આપના ઉપરે અતુટ શ્રદ્ધા છે. ખરા અંતકરણથી તમોને ચાહતા હતા. અને આપના દર્શન માટે છેક કચ્છના ગામોમાંથી ચાલતા પગપાળા આવીને આપની સમાધિ ઉપરે જ્યોતિદર્શન કરી આપને આપના ચરણમાં ભેટતા હતાં. આપની અસીમકૃપાથી ગામોગામથી સંતો-ભક્તો મોક્ષ ગતિ પામ્યા છે. અને આજે પણ સમાધિઓ પુજાય છે. આપની અસીમકૃપા હતી. આપ દયાલુ છો. આજે પણ છો. આપનું નામ સતપંથીઓમાં અંતઃકરણમાં વસી રહેલ છે. સતપંથી હોય કે અન્ય સંપ્રદાય હોય પણ આપનું નામ કોઈ ભૂલી શક્યા નથી.

S-143

શ્રી સતગોર પાત્ર બ્રહ્મા, ઈન્દ્ર ઈમામશાહ બાવા.

સદગોર ઈમામશાહ બાવા, આપને ઉપરોક્ત નામોથી સર્વ સંસારમાં જનતા આપના ગુણગાન ગાય છે. આપશ્રી કબીરદીન બાવાનાં નાના પુત્ર છો. (ઉચ્ચ ભાવલપુર) તમો ગુજરાતમાં ૫૦૦ વર્ષ પૂર્વે પીરાણાની સ્થાપના કરી છે. આપના તપ તથા પીરાઈ, તેમજ આપના ચમત્કાર તથા અધ્યાત્મિક જ્ઞાન જનસાધારણને આપવા માટે તમોએ સતપંથ ધર્મની પીરાણામાં સ્થાપના કરી છે. તમોને માનવાવાળા સતપંથીઓ કહેવાય છે. સતપંથ એટલે સાચો માર્ગ. આ સતપંથધર્મ આપના પૂર્વજોના વારસાગત ચાલતો આવે છે. તે જ સતપંથ ધર્મની તમોએ પણ ગુજરાતમાં માન્યતા આપી છે.

હરીવંશ અલી આલને ઈમામની આલ પણ કહેવાય છે. તે પીરાણામાં આવી, પ્રથમ ઈમામશાહ હરીવંશ ત્રણે દેવની કળા અલીની આલ અમર છે આ કળા લઈને આવ્યા છે. આગળના જુગના આઠ અવતારના શાસ્ત્રો પુરાણો શાખ આપે છે. જે કળીયુગના પાછળના

જલતી અખંડ જ્યોતિ પ્રકાશ અને સુવાશ ફેલાઈ રહી છે. તેના અદ્દભૂત ચમત્કાર અને પરચાઓનો આપણે પામર શું તેનું વર્ણન કરી શકીએ ? ગતવર્ષમાં આચાર્ય પદની ગાદીના મહંત સ્વર્ગવાસ થયા બાદ નવા આચાર્યની નિમણૂંક બાબતે સાદા તો અને સમાજ સાથે મળી અને બેડી પહેરાવી, સદગુરૂ શ્રી ઈમામશાહ બાવા જે ઈશમનીબેડી ઉગાડે અને પસંદ કરે તેને આચાર્યપદે નિમવા. આ બાબતે કુદરતે સદગુરુ શ્રી ઈમામશાહ બાવા નરનાથ શ્રી નરઅલી મહમદ શાહ બાવા મહામાયા (શક્તિ) માતાજી અને શ્રી હાજર બેગ મહારાજના હુકમથી આચાર્યા પદની જવાબારી હમારા શીર આવી. તેમનો પણ અદ્દભૂત ચમત્કાર થયો. ત્યાર બાદ મારા સાધુ સમાજના મિત્રો, તેમજ સમાજના જીજ્ઞાસુ બહેનો તથા ભાઈઓના થોડા આગ્રહથી, તેમજ સભ્યોના આગ્રહથી સદગુરુ શ્રી ઈમામશાહ બાવા મહાપુરૂષના પરચાની નોંધપોથી રાખી, અને જનતા સનમુખ સુવાસ ફેલાવવા હમોએ આ નાની પુસ્તીકા દ્વારા બહાર પાડવા પરીશ્રમ લીધો છે. તેમ તેનું પરચાનું કામ અને વખાણ આપણે પામર શું કરી શકીએ ? દાસભાવે તેમના ચરણે આલેખ સમર્પણ કરું છું, અને આપ સુજ્ઞજનો આ સંદેશો વાંચી સાંભળી અનેઅમોને પત્ર દ્વારા આપનો વળતો સંદેશો પાઠવશોજી. એજ અપેક્ષા રાખનાર આચાર્ય શ્રી કરસનદાસકાકા

અખંડ જ્યોતિ, પ્રકાશક : આચાર્ય શ્રી કરસનદાસકાકા, ગુરૂ સવજી કાકા, પીરાણા. ૧૨-૧૧-૮૬ (પેજ નં. ૩ થી ૫)

S-143

હિન્દુમત

રામકૃષ્ણ અહિર કે બાલક વ્રજ વધુ કૌરવ કુલ ઘાલક ૧
સોળ કળા જાને બહુ ભાંતિ છલી અનેક કામિની ઉત્પાતિ
સો સખીયન સો રહે અનુકુળા, વેદ-વેદાંત કથે બહુમૂલા
કપટી જુઠા, બાત લબાડી, અનેક રાજા છલસુ મારી ૪
સો અવતાર ગોંસાઈ ભાખા, સુઝસ બહુત પોથી લીખ રાખા ૫
બ્રહ્મ જ્ઞાન કથે, બ્રહ્મ કહાવે નામ હેતુ બહુ પંથ બઢાવે ૬
પાંચો પાંડવ મન, કર્મ, બાની, તાકી સેવા રહે લપટાની ૭
અર્જુન કો બ્રહ્મજ્ઞાન દ્રઢાઈ, સંશય ગાંઠ અંતે ન જાઈ ૮
બિરાટ રૂપ માયા દિખલાયા, ભ્રાંતિ ભાંતિકા ત્રાસ બતાયા ૯
દૂર્યોધન સો યુદ્ધ કરાઈ, કુલ પરિવાર કો માર હઢાઈ ૧૦
પૂનિ સો કહા ભયા અપરાધા અશ્વમેઘ કરો જેહી મીટે ઉપાધા ૧૧
જોજો કહા સો સબ કિન્હા કોઈ બાત સો ચૂક ન લીના ૧૨
બંધે વરીપ અશ્વમેઘ કો લાગી મોચન પાપ લાયઉ ન આગી ૧૩
અંતકાલ ચહિયે કલ્યાણા, ગલે હિવારે જાય અયાના ૧૪
કૃષ્ણ સમીપી પાંડવા, ગલે હિમારે જાય, ૧૫
લોહા કુ પારસ મીલે તો કાહે કો કાઈ ખાય ૧૬

(પેજ નં. ૧૭૨-૧૭૩, પંચગ્રંથી)

રાત્રિએ સૂઈ રહ્યાં અને સવારે ઉઠે ત્યાં કાશી દીઠી, ગંગામાં સૌ નાહ્યા. અને દેવદર્શન કર્યા અને કાઠીની હુંડી વટાવીને નાણાં લઈ કાશીના બ્રાહ્મણો જમાડ્યા પછી રાત્રીએ સૂઈ રહ્યા અને બીજે દહાડે સવારમાં ઉઠ્યા ત્યારે ફક્ત પીરાણાની જગ્યા દીઠી.

પછી ઈમામશાહને ગુરૂ કર્યા અને રજા માંગી ત્યારે ઈમામશાહે બ્રાહ્મણને કહ્યું કે તમે આ જનોઈઓ કાઢી નાખો અને અમારા નામની નવી જનોઈઓ પહેરો. પછી એમ કર્યુ તેથી ત્યાં સવામણ જનોઈઓ ઉતરી હતી.

ઈમામશાહ હક્ક થયા પછી જ્યારે અક્કલમીંયાએ આવીને જગ્યા દબાવી ત્યારે ઈમામશાહના દીકરા અશરફશાહ દિલ્લી ફરીયાદ કરવા ગયાં એ અશરફશાહનો રોજો ધોળકામાં લાકડાકુઈ આગળ છે. બાદશાહે કહ્યું કે આકલમીંયા કહે છે કે અમે ઈમામશાહની ઔલાદના છીએ અને તમે પણ એમ કહો છો. માટે તમારી કાંઈ પીરાઈ બતાવો. તો અમે માનીએ. વળી કહ્યું કે લોઢાનો તવો તપાવીએ તે ઉપર રહીને જો નમાજ પઢો તો તમને તે જગ્યાની સણંદ આપીએ. એ વાત તેમણે કબૂલ કરીને જુમે રાતનો ઠરાવ રાખ્યો. પછી બાદશાહ સાથે નમાજ પઠવા ગયા તે જ વખતે પોતે નમ્યા એટલે મસ્જીદના બે ટોડા નમ્યા અને પોતે ઉભા થયા એટલે ટોડા પણ પાછા ટટ્ટાર થયા. તે જોઈએને બાદશાહ અચરજ પામ્યા અને પીરાણાની ૪૫ વિઘા જમીનનો પરવાનો કરી આપ્યો. તથા તે જગ્યાની માલીકી લખાવી આપી

હાલ ઈમામશાહની માનતા ચાલે છે લોઢાની બેડી તુટે છે, મતલબ કે કોઈને માથે તહોમત આવી હોય તે ધણી લોઢાના વાળાની બેડીઓ પહેરીને કબર આગળ જાય એટલે તે જો સાચો હોય તો બેડી એકદમ તુટી પડે છે. તેથી લોકોને ભરસો આવે છે. તે માણસ નીઅપરાધી છે.

ધર્મ વિષે

કોઈ કાકા ફારસી ભણતા નથી. નમાજ પઢતા નથી, પણ કાકાના મુડદાને દાટે છે તેઉપર કબર કરે છે ઈમામશાહે શિક્ષાપત્રી ગુજરાતી ગદ્યમાં લખી છે. ''શિવોહં શિવોહં'' એમ ભજન કરે છે. ઘણું કરીને વેદાંત મતને માને છે. ઈમામશાહને ફક્ત ગુરૂ માને છે. કેટલાક ભોળા સેવકો ઈમામ શાહનું ભજન કરે છે. ''ઈમામ કેવલમ'' એવો જાપ પણ કરે છે. બાર મહિનાનીબાર બીજોના ઉપવાસ સૌ સેવકો કરે છે. તથા દર ગુરૂવારે ઉપવાસ પણ કરે છે. રોજા મહિનામાં રોજા કરે છે. મહોરમમાં કંઈ કરતા નથી. સૈયદો કરે છે.

સેવકો સૌ સૌની નાતમાં છે. તે નાત બહાર રહ્યા નથી. મડદું બાળે છે. અને બ્રાહ્મણ પાસે લગ્ન ક્રિયા કરાવે છે. કચ્છના મુમનાઓ મડદું ઠાઠડીમાં બાંધીને લઈ જઈને દાટે છે. અને બ્રાહ્મણોને બોલાવ્યા વગર લગ્ન ક્રિયા એવી રીતે કરે છે કે ઈમામશાહની ગાદી આગળ વરન્યાને લઈજઈને લગ્ન કબૂલ કરાવે છે. એટલે બસ જેમ બીજા હિંદુઓ મુડદાના ફૂલ ગંગાજીએ લઈ જાય છે તેમ પીરાણાનાં હિંદુ સેવકો કેટલાક મુડદાનાં હાકડા લઈ જઈને પીરાણાની જગ્યામાં દાટી ઉપર નાની તકતી મૂકે છે.

કાકો ભત્રીજો થાય. અનાદિકાળના ધોરણે ઇમામ સદ્ગોર અસ્થાનકે હોય તે પ્રમાણે શ્રી ગોરને શ્રી નર એ બંને કળા શ્રી પીર શમ્સસાહેબમાં દીપતી રહી. ને પોતે જંબુદ્વીપે પંજાબ ભુમિએ પધાર્યા.

શ્રી પીર શમ્સને બે પુત્ર, શ્રી ઇમામ કાસમ શાહ, ને શ્રી પીર નસીરોદીન થયા, અહીં બન્ને કળા નોખી પડી.

તે બાર કરોડીનાં ભરણ સમે, શ્રી પીર સુંદરદીન સાથે પીર શ્રી કબીરદીનના હાથ ઉપર ઇમામ ઇસ્લામ શાહ સાહેબે કોલ કરેલો, કે આપણે બંને ભેળા થઇ અજ્ઞતનો ભરણ કરીશું, તમારે ચિંતા કરવી નહિ. તે પ્રમાણે થયું.

શ્રી નર ઇસ્લામ શાહના પુત્ર નુરમહંમદશાહ બાવાએ શ્રી સદગોર પીર ઇમામશાહ બાવાને ઇરાન દેશે બોલાવી પોતાની ઇમામતની કળા તેમને સોંપી જે 'ગોર તે પ્રથમના હતા' ને પાછલીની 'નરની કલા મળી' એટલે ગોર ને નર બન્ને કળાના સ્વામી પોતે સદ્ગોર પીર ઇમામશાહ બાવા' થઇ જુનો કોલ પુરો કર્યો.

તેમના પુત્ર શ્રી વિષ્ણુ પૂર્ણ કળાએ શ્રી નરઅલી મહંમદશાહ થયા, પોતે શ્રી સદગોર ઇમામશાહ, શ્રી બ્રહ્મા શ્રી નરઅલી મહંમદશાહ, વિષ્ણુને આદ્યશક્તિ, 'શ્રી બુઝુરૂક બેગમ, એ હરિવંશનો ત્રીગુણી કળાનો સ્ટાફ અનાદિ કાળની પ્રથા અનુકુળ અહીં બંધાયો. એની કળા એજ જાણે. સાત્વિક આહારે એ ભેદ સુજે બીજાને રંજ માત્ર ન સમજાય, ને ન મનાય. બીજા સર્વ વિમાસ્યા કરે, તેનો વિરોધ કરતાં જંપે નહીં. S-16 S-143

મજકુર હરિવંશે શ્રી સદ્ગોર બ્રહ્મા ઇંદ્ર ઇમામશાહ બ્રહ્મકળાએ ને એજ દેહીમાં શ્રી વિષ્ણુની કળા પણ એજ દેહીમાં, એટલે બન્ને કળાધારી, શ્રી હરિઇમામદીન -શ્રી ઇમામશાહ બાવા થયા. તેમના દીકરારૂપે શ્રી હરિવિષ્ણુ. આદ્યનિરંજન નરઅલી મહંમદશાહ બાવા સોળ કળા સહિત જન્મ્યા. છઠ્ઠીના દિવસે જ સોળ કળા સહિત પંજો લઇ સત્યવર્ણી ભાખી તેમના પુત્ર શ્રી હરિવંશે શાહોજી સહાબોદીન બાવા, તેના પુત્ર શ્રી હરિવંશે શ્રી શાહોજી જલાલોદીન બાવા, તેમના પુત્ર શ્રી શાહોજી મુર્તુજાશાહ બાવા તેમના પુત્ર શ્રી શાહોજી અશરફશાહ બાવા દિલ્લી ઔરંગઝેબ બાદશાહના સમે પધારી 'અમર દીવો' ૪૫ વીઘા જમીનનો ફર્માન આદિ બાદશાહી લેખો લાવનાર, એ શ્રીનો રોજો ધોળકામાં છે. આ પછી અત્રેથી હરિવંશ વીરમી કળા રહિત રહે છે. S-152

બારમી સદીના કોલના કારણે શ્રી ગોર ને શ્રી નર હાલ અલોપ, એટલે ગુમ, કલા રહિત છે. જેથી જગતને અણઉકેલ ગુચવણ માદક આહારે થઇ છે. જ્ઞાને ખોળવાનું છે. સાત્વિક આહારીજ જ્ઞાનના ભેદ પામી, શ્રીજીને ઓળખી આનંદ કરશે બોલો શ્રી નિષ્કલંકી નારાયણકી જય જય જય, સત્ય મેવ જયતે.

નિષ્કલંકી નારાયણની ભાળ કાંનજી રતના. પેજ નં. ૧૬ થી ૩૩

પંચમ વેદ

(ભાગ-૨)

મુક્તિનો ભેદ, દસ અવતાર

ગુરુ મુખવાણી



સર્વહક્ક સ્વાધીન

"પ્રકાશક"

શ્રી અખિલવિશ્વ સતપંથી ધર્મીય સંઘ, કલકત્તા.

દૂર્ગા ચંન્ડી નબી પુત્રી ફતમું

ઓમ ફ્રોં. હ્રીઁ, ક્રીઁ કલીં ચામુન્ડાયે વિચ્ચે - (દુર્ગા ચંડી પાઠ)
ઉમા ફરમાન રહીમ કરીમ કલીમ અલીયુલ અસીમ

ઓમ નો અર્થ ઉમાઁ ફ્રોં - ફરમાન - હ્રીઁ - રહીમ (રીમ), ક્રીઁ - કરીમ, ક્લીં - કલીમ, ચામુંન્ડાયે - ચામ્(ન્ડાયે) લાતી અલાતી ઈતી ચામુંન્ડા (યામલતંત્ર) - અલાતી - અલીયુલ - વિચ્ચે અસીમ

ઓમ - ન્હી નબિહ જા યાયે દૈવ્યે નમઃ ફતૂહું સ્વાહા

ઓમન્હીન્ ઉમાહેમા - (નબીહ જાયાયે દેવ્યે નમઃ) એટલે નબી પુત્રી દેવી શક્તી - નમસ્કાર

Uma

S-16

S-143

ફ દ્હું - હું ફટ્ - ફત્મું - સ્વાહા એટલે - અલામ - (સ્કંધપુરાણ - બ્રહ્માંડ પુરાણ અથર્વેદ ગોપથ બ્રાહ્મણ) નિષ્કલંકી - કલ્કી કલી ક. અલી. કાલી. આસ્માં રંગ પથ્થર - કાલા પત્થર આસ્માં સપ્તપદી ફોરા વખતે અસ્મા - રોહન - અલી - મુર્તુયા - મુર્તીયો - મુર્તુજ્યા.

કલ્કી અલી : - વરા વ્રર - વરાય - વરાન - વીર - વર - સંકેત સબ્દ (અથર્વેદ)

અલી ઈન્દ્ર : - ઈન્દ્ર - ઈનદર - અલી.

નદી : નબી - નદી, નધી, નધ્ધી, નધૌ, ધૌ, આકાસ, અંતરિક્ષ, નિરાકારથી

સાકાર નદી થી સમુદ્ર - નબી રસુલીલા - સમુદ્રસાગર જલ - નબી સલીલા દુઅલા રસુલીલા - રસૌવૈસ્ય - વેદવાક્ય - રસ અમૃતનો સાગર રસુલીલાહ - નધૌ આકાસ અંતરીક્ષ અલાના રસુલ સાકાર રૂપ - દૂત અલાના રસુલ - રસુલીલા.

યાનબિહ : જ્યાનબિહ - સંસ્કૃત સબ્દ છે. ગંગા નદી જળ - સાગર - જ્યાનવિદ્ અલાહીસામ - સામદેસ સીરીયામાં પ્રગટ - મદીનાસામ - સતમદીના સામ (યજુર્વેદ)

સલીલ કાન્તં પૃષ્ઠે : રસુલ નબીના પીઠનાં દર્શન મોહર નબુવત - (અથર્વેદ મંત્ર)

ઉદકં : ઉદકમ - ઉતકમ - કતમુ - ખાતુમ - ખતમુ - નબી પત્ની - ઉદકં જલ

માનીસુ : મ. અનીસુ - સુનીઅ - હુસેની - ઈતી માનીસુ (અથર્વેદ - સંકેત સબ્દ)

ઈસાનં - ઈસાં - ઈસાન પંચમૂર્તીસીવ - સૂપ્રીમ પાવર પંજેતન પાક.

દેવ ચેવાત્ર પંચમમ - ગીતા અ. ૧૮ દેવ કૃપા - પંજેતન પાક - પંચતંત્ર - પંચાયતન દેવકૃપા પશ્ચિમમાં ઉતરી (ગીતામૃતમ - પાંડુરંગ શાસ્ત્રી મુંબઈ)

વારંવાર પુરાણોમાં કહેવાય છે કાલી - એટલે કાલની પત્ની - કાલ - કાળા - રંગ આસ્માં - અસ્મા રોહણ - કાલા પત્થર - કાલા - કાલી નીરાકાર છે રૂપ નથી છતાં પણ લોકો સાકાર રૂપે ભજે છે. (દસ મહાવિદ્યા - બનારસ)

મંગલાચરણ ૭૮૬ લામકાંરણ

બીસમીલા હર રહમાં નીર રહીમ = ૭ + ૮ + ૬ = સરવાળો ૨૧ = થાય છે.
૨૧ ની વ્યાખ્યા - અથર્વેદ પ્રથમ કા. સુ.૧. અ.૧. યે ત્રી સપ્તા પરિયન્તી વિશ્વ રૂપાણી બીભૃંત વાચસ્યતી બંલા તેષાં તન્વે અઘ દઘાતુમે = ૧
(અનુવાદ) સર્વ રૂપોને ધારણ કરીને જે ૩ ગુણયા ૭ = ૨૧ પદાર્થ સર્વત્ર વ્યાપક છે.
યે ત્રી સપ્તા ૭ × ૩ = ૨૧ તત્વ = ૭૮૬ = ૨૧ નું જ્ઞાન પરીયંન્તી - પીર અંન્તી અવલ આખર નું જ્ઞાન વિશ્વારૂપાણી વિભૃંત - વિશ્વ આરબીરૂપ વાચસ્યતિ - વાજ. કુરાન - વાણીના સ્વામી - બંલા - અરબ - અલા - બલતેજ - તેષાં તન્વો - ઈંસા - નબી - તેજ બળ જ્ઞાન અધ દઘાતુમે - અમોને આપો. મં. ૧.

અથર્વેદમાં પ્રથમ ૭ × ૩ = ૨૧ તતવ કુરાનમાં પ્રથમ ૭૮૬ = ૨૧ = મુકવામાં આવે છે આ મંગલાચરણ છે. મહામદ પૂર્વે આદીકાળથી ચાલતું આવે છે.

અથર્વેદ કા. ૨૦. ૯ = ૧૧૫ મંત્ર (રૂષિ વત્સ દેવતા ઈન્દ્ર છન્દ ગાયત્રી)

અહમદદી પિતુષ્પરી મેધા મૃતસ્ય જયભ અહં સૂર્ય ઈવાજની - ૧.
અહં પ્રત્નેન મન્માના ગિર શુભામી કણ્વવત યેનેન્દ્ર શુષ્મમિદધ્યે - ૨.
યેત્વામઈન્દ્ર તુષ્ટુ વુ, રૂષયો યે ચ તુષ્ટુવુ - મામેદ વર્ધસ્ય સુષ્ટુત - ૩.

અનુવાદ

અહમદીહું સુર્યના સમાન ઉત્પન્ન થઈને પિતા બ્રહ્માની વૃધીને મેં જાણી છે. - ૧.
પ્રાચીન શાસ્ત્ર ધ્વારા વાણીને સુસજીત કરીને ઈન્દ્રની બલી કરું છું. - ૨.
હે ઈન્દ્ર જે રૂષિઓએ તમારી સ્તૂતી કરી છે અથવા નથી કરી તેનાથી ઉદાસ ન થાઓ તમે અમારી મામેદની સ્તૂતી ધ્વારા વૃધ્દી પ્રાપ્ત થાઓ. - ૩.

S-16
S-143

ૐ અર્લ - નમઃ ☾ અસ્લાસ્તૂતી - પ્રાર્થના ગાયત્રી કલમો

ઓમીત્યેકાક્ષરં બ્રહ્મ - ૐ - (ગીતા) - લા ઈલા - ઈલ અલાહ મહામદ રસુલીલા ગીતાના કૃષ્ણ અને કુરાનમાં મહમદ બંનેની સરખામણી એકજ છે. (દહેરાદુન. ગો. શંકરભટ - ડી.એ.બી. કૉલેજ)

Uma - Shiv

રામ - ચંન્દ્ર - કૃષ્ણ - ચંન્દ્ર - ઉમા સીવ તાજ ચંન્દ્ર મહામદ પ્રતીક ચંન્દ્ર બીંન્દુ ચાંદતારા મહાકાલીનો સ્ટાર પ્રતીકા ૭ ખુણા તારો છે તેજ મહમદનો સ્ટાર તારો ૭ ખુણા છે. લા ઈલા ઈલ અલાહ - મહામદ રસુલીલા - આ ૧૬ અક્ષરને સોડસી કલામ - કહેવાય છે. પાંડુરંગ હૈ પ્રાણ હમારા વોહી હૈ ચાંદ વોહી હે સીતારા -- ચાંદતારા☾

અલ્લાહ ઈઝ એ સંસ્કૃત વર્ડ ઈન સંસ્કૃત અલ્લાહ, આકા, એન્ડ અંબા આર સીનોનીમ્સ ધે સીગ્નીફાય એ ગોડેસ ઓર મધર (અલ્લાહ સંસ્કૃત શબ્દ છે, સંસ્કૃતમાં અલ્લાહ અક્કા અંને અંબાનું પર્યાય વાચી છે. અર્થ દેવી યા માતા) પેઈજ નં. ૨૯

ૐ અલંમ નમઃ - ઁ - માંકગલા - લામકાઁ

બીસ્મ ઈલા હર રહમાં નીર રહીમ } બીસ્મીલા હર રહમાં નીર રહીમ
પિતા માતા સીવ કૃપાળુ નીરાકાર કરૂણા } હે પરિબ્રહ્મ તમારી અસીમ કરૂણા

બીસ્મીલા - બીસ મલં ભીસ્મીલા - ભીસ્માનીકર્માની - બિસ્મયા - બીસ્માની. ભીસ્મલેયા
આ બધા સબ્દોનો અર્થ સમાન છે એકજ છે - જુઓ - દસ મહાવિદ્યા યામલતંત્ર
બીસમિલા - સબ્દ સંસકૃત છે. - બીસ્મીલાનો અર્થ - સહસ્ત્રદલ કમલ પરીબ્રહ્મ (વી.એસ.આપ્ટે.ડી.)
હર - શીવ છે. રહમાં - હ્રાઁ - નીર - નીરાકરણ છે. રહીમ - હ્રીઁ બીજ મંત્ર - કરૂણા અસીમ
બીસમીલા હર રહમાંનીર રહીમ - ને પંચદસી. (૧૫ અક્ષર) કહેવાય છે. બધા જ સંસ્કૃત સબ્દ છે.
બીસમીલા હર રહમાંનીર રહીમ - આરબી અંકોમાં - ૭૮૬ કહેવાય છે. ૭ + ૮ + ૬ = ૨૧ થાય છે.
૭૮૬ની વ્યાખ્યા : ૭ - એટલે. જે. - ૮ - એટલે. હે. - ૬ - એટલે. વાવ. - જૈહેવા - ૭૮૬
જેહેવા એટલે યહુદી યજુના ઈશ્વર - જેહેવા જુઓ બાઈબલ - જેહેવા - જૈસેવા - જૈસીવા - ૭૮૬
૭૮૬ આરબી અંકોમાં ૭ + ૮ + ૬ = ૨૧ = ૧ + ૨ = ૩ સરવાળો ૩ - ત્રથી હરીવંસ ૩ દેવ
૨૧ = ૧ + ૨ = ૩ .....૧ એટલે અ. ૨ એટલે બ. ૩ એટલે જી. = અબજી = જીવીત હયાત
અથવા શ્રી ∴ ૭૮૬ થાય છે. - અબજી - જીબઅ નો અર્થ - કુરબાની - પ્રલય - જીબ્રીત - થાય છે.
બીસ્મીલા હર રહમાં નીર રહીમને કુરાનમાં - અલીફ - લામ - મીમ - સબ્દોથી અલંકૃત છે.
અલીફ - લામ - મીમ. વ્યાખ્યા - અલીફ નો. અ - લામ - નો લ. મીમનો . મ. (અલમ)
અલમ = સંસ્કૃત સબ્દ છે. અલમ, અલં, અલા - અસીમ - માતા પરમદેવતા (વી.એસ. આપ્ટે) S-16
અલમ અ થી ઉ - આદમ - લ - ઁ - મ - ◡ - અલમ - અ થી ૐ લમ - ઁ - ૐ
ઓમનો મતલબ અઉમ અ. આદમ - ઉમ થી ઉમા - આદમ ઉમા અથવા આદમ હવા. Uma
ઓમ - અઉ વાણીમાં છે ઁ મ મૌન છે. ◡ ઁ ચંન્દ્રબીદુ. લં. શબ્દા તીત છે ગાંધર્વ સૈલી છે S-143
ઓ સાથે મકાર જોડવાથી ઓમકાર થાય છે. ઓમકાર - અલંકૃત - પદ્મ પુરાણ
ઓમકાર અલંકૃત - કરતા કૃત - અલંઅલા ઓમકાર - ઓમ આકાર છે. ૐ
ઓમ થી સર્વ સૃષ્ટી રચના થઈ ઓમથી પૂર્વ જેમને પ્રગટ કર્યો તે ગોત્ર. લા તોયબ છે.
ઓમનું ગોત્ર લાતોબય અલા તોબા - લા તૈયબો - કલામ તૈયબ (અથર્વેદ ગોપથ)
કલામ તૈયબ - ૭૮ અક્ષરનો મહાબ્રહ્મ મંત્ર મોક્ષમાટે ૫ લાખ જપ નું સૂચન છે મોક્ષ માટે
જપેન મંત્ર અસ્ટોતેર મહા બ્રહ્મ વાક્ય (યામલતંત્ર) - યોગીનીતંત્ર -
સ્વાહાનું ગોત્ર - અલામ છે. (અથર્વેદ - ગોપથ બ્રાહ્મણ)
ઓમનું ગોત્ર - લાતોબય - લાતબ્યો - અલાતોબા લાતૈયબો -

પંચમ વેદ

(ભાગ ૩/૧)

S-4

S-143

અલ્લાહ હિંદુ દેવ સુધ્ધ સનાતન
મહમદ રસુલ અલ્લા
અને
કાબા (કેબલ્ય) મકા દ્વાદસ ધામ
મકલેશ્વર મહાદેવમ

સર્વહક્ક સ્વાધીન

"પ્રકાશક"

શ્રી અખિલ વિશ્વ સતપંથી ધર્મીય સંઘ કલકત્તા.

ૐ તત્સત્

ભારતની સંસદમાં ચુંટાયેલા કોમવાદી મુસ્લિમોએ
શ્રી પી. એન. ઓકના પુસ્તક ઉપર પ્રતિબંધ મૂકવા
વડાપ્રધાન શ્રી રાવ સમક્ષ સંસદમાં કરેલી માગણી

ભારતીય ઈતિહાસની ભયંકર ભૂલો

લેખક : શ્રી પી. એન. ઓક

આર્ય સમાજ
ગુજરાતીમાં ભાષાંતર કર્તા:
શ્રી ચિન્મય પટેલ
એડવોકેટ

પયગંબર મહમદનું હિન્દુમૂળ

S-4

અને

S-143

અલ્લાહ મૂળરૂપે હિન્દુદેવ

અને

કાબા હિન્દુ મંદિર હતું

પંજેતન પાક પંચ જનય નાદ

અહમસ્યિ પ્રથમજા ઋતસ્ય પૂર્વ દેવભ્યો મૂર્તજયા નામ, યોમા દદાતિ સઇદેવ મ

આવત અહમદન-મહમદન મદિનતી મદમિ (ઈમામ)

ચત્વારિ ઋગા ત્રયો આયસા પટદા દવે શિર્ષે સપ્ત હસ્તા સો અયસા - ત્રીઘા બદઘો

વૃષભો રોરવિતી (અર્બી) મહાદેવો

મૂર્તયા અંતઁ અલી આવિવેસ (ગો.બ્રા ૩/૭)

ઉચ્છીસ્ટાત સકલમ જગત (સઉદી સૈયદ)

S-41 ૐ લં ઈન્દ્રાય નમઃ અલમ ઈન્દ્રાય નમઃ અલીઈન્દ્રા

માતૂલી - માર્તૂલી ઈન્દ્ર મુર્તાઅલી - ઈન્દ્ર અથર્વેદ

યા સા માફાતૂ ભગવતી સરસ્વતી - મયા વરદા સાવિત્રી

અગ્નીમ ઇલે પુરોહિતં યજ્ઞસ્યં દેવ મૂર્તીજ્વમ - મૂર્તીજાદેવ (રૂગ્વેદ)

વિશ્વ દેવા મદીનતી પંચજના અદીતી જાત મદીનતી જનીત્વમ

પંજેતન પાક (અથર્વવેદ ૭ મો કાન્ડ મંત્ર ૧)

અસૂરાનાં સરણમ - અસૂરાનાં બંઘવમ (બંધુ) યવન મલેચ્છનો વિરોધ મહા ગુનો

છે. (રૂગ્વેદ) પ્રાર્થના

S-143 ચાર વેદોમાં અથર્વેદ પ્રધાન છે. અથર્વેદ નો ઇશ્વર કર્તા યવન મલેચ્છા રૂપ છે.

સામદેસ (સીરીયા) આરબ માતૃ ભૂમી - સર્વાની ભૂતાની

સર્વ ખલ્વીદ બ્રહમ. ઇસા. ઉપનિષદ

ગેજેટીયર ઓફ ઇન્ડીયા ગવર્મેન્ટ

પા.નં. ૪૧૭ ભાગ-૧

(૫)

પંચમ વેદ

(ભાગ-૪)



સતપંથ ધર્મની રૂપરેખા.

સતપંથ, સત્યવાચા, કર્મણા.

"પ્રકાશન"

શ્રી અખિલ વિશ્વ સતપંથી ધર્મીય સંઘ, કલકત્તા.

જવાબ : હાજી, આપણા સદગુરૂનું અસલ કુળ જાતીનું સ્વરૂપ **અરબી કુળમાં, ઈષ્ટ સદગુરૂ પીર ઈમામ શાહ બાવાની જાતી કુળ સૈયદ છે.** તેવી સત્ય હકીકત જગ પ્રસિધ્ધ ઈતીહાસ જાહેર છે. તેમ છતાં, હાલમાં **સૈયદ કુળ જાતીને** કયાંય પ્રસિધ્ધિ નહી આપતાં, ફકત **ઈમામશાહ મહારાજની જ સંજ્ઞા** કે જે, **બ્રાહ્મણ કુળની અપાય છે.** તેવી હાલની સંજ્ઞા **મન કલ્પિત અને કોમવાદી સુધારકોની સંજ્ઞા છે.** દાખલા તરીકે શ્રીરામ ભગવાનને કોઈએ મહારાજની સંજ્ઞા આપી નથી. કારણ કે **શ્રીરામ ક્ષત્રીયકુળમાં અવતાર છે.** તેમજ વામન કે ફરસુરામને ક્ષત્રીય કુળની સંજ્ઞા આપી નથી. કારણ? **તે બ્રાહ્મણ જાતીમાં અવતાર છે.** માટે સદગુરૂ શ્રી ઈમામ શાહને હાલ જે મહારાજની સંજ્ઞા અપાય છે. તે સાચી નથી. મન કલ્પિત છે.

જીજ્ઞાસુ સાધકનો સવાલ ક્રમ ૪ : ઉપરના પ્રશ્નમાં જણાવ્યા મુજબ આપણા સદગુરૂશ્રીના કુળની જાતીનું **કોઈ સબળ પ્રમાણ છે? અને હોય તો તે જણાવશો?**

ઈમામશાહના કુળ/જાતીના સબળ પુરાવા

જવાબ : હાજી, તેવાં પ્રમાણો અનેક છે. અને પ્રમાણો જે પ્રથમ અસલ સદગુરૂના ઉપદેશ બોધ વચનોમાંના સાહિત્યોમાં જ અનેક પ્રમાણો છે. તેમ છતાં હાલમાં નૂતન સુધારેલાં સાહિત્યો જે જે પ્રસિધ્ધ થાય છે. તેમાં અસલ **સદગોર પીર પેગમ્બરોની ઓળખનાં પ્રમાણો કમી કરવામાં આવેલ છે.** તેમ છતાં તેવાં પ્રમાણો આ સંવાદમાં જ પાછળના ભાગમાં આપવામાં આવશે. ઉપરાંત એક સબળ પ્રમાણ જગ પ્રસિધ્ધ અને જાહેર છે. તે નીચે મુજબ છે.

સરકારી દસ્તાવેજોનું પ્રમાણ...

ગત સન ૧૯૩૯માં **જ્યારે સીવીલ કોર્ટથી** આપણી આ સંસ્થાનું ખાસ **એક બંધારણ સ્કીમ** જાહેર થયેલ છે. **તેવી સ્કીમના રજીસ્ટ્રેશન માંની** નોંધણીમાંજે મુખ્ય સદગુરૂશ્રીની જાતી તથા નામનું તથા સ્થાનનું પ્રમાણ છે. તેવું નામ **ધી ઈમામ શાહ બાવાનો રોજો સંસ્થા ટ્રસ્ટ પીરાણા.** આવા ઉપનામ વાળા બંધારણની વિગતોમાં સદગુરૂશ્રીના નામ તથા કુળ જ્ઞાતી વગેરેનું વર્ણન જાહેર છે. તેમ છતાં **સૈયદ કુળ જાતીની અસલ** ઓળખ અને નામ બદલીને ફકત **'ઈમામ શાહ મહારાજની સંજ્ઞાથી પ્રચાર થાય છે.** તેવી સંજ્ઞાઓ **બ્રહ્મજ્ઞાનીની દ્રષ્ટિથી કોમવાદી અને મન કલ્પિત મનાય.**

S-151

જીજ્ઞાસુ સાધકનો પ્રશ્ન ક્રમ ૫ : હાલમાં આપણી સંસ્થામાં પ્રસિધ્ધ થતાં તમામ સાહિત્યોમાં તથા **સતપંથ જ્યોત** માસીકમાં સંસ્થાના ધામ સ્થળની ઓળખનું નામ **જે પ્રેરણા પીઠ ની સંજ્ઞાથી જ પ્રચાર થાય છે. તો તેવું નામ પ્રેરણા પીઠ તે કઈ જગ્યા કે સ્થાનનું નામ છે? તે સાચુ છે? કે મન કલ્પિત છે? તે જણાવશો?**

જવાબ : હાજી, અમારા અનુભવની દ્રષ્ટિએ હાલમાં જે **સંજ્ઞા માત્ર 'પ્રેરણાપીઠ'ના** ઉપનામથી પ્રચાર

"મહારાજ" શબ્દ કોમવાદી છે...
હાલ પીરાણાના જગાડાઓનું મૂળ છે...

email: mail@realpatidar.com

S-151

"પ્રેરણાપીઠ" નામ ખોટું છે.

૫

થાય છે. **તો તેવી સંજ્ઞા મન કલ્પિત છે** સાચી નથી. તેના પ્રમાણો નીચે મુજબ છે.

ઉપરના પ્રશ્ન ચોથામાં જણાવ્યા મુજબ આ સંસ્થાના **મુખ્ય સ્થાન કે પૂજનીય ધામનું મુખ્ય નામ સંસ્થાના બંધારણ સ્કીમમાં જ જાહેર રજીસ્ટ્રેશન થયેલ છે.** તેવું નામ **ધી ઈમામ શાહ બાવાનો રોજો** ના નામથી નોંધણી રજીસ્ટ્રેશનમાં જાહેર છે. એટલે કે **રોજો યાને દરગાહના અસલ મુળ સ્થાનના નામને,** હાલમાં જાહેર પ્રસિધ્ધ જ નહિ કરતાં, **રોજો યાને દરગાહના જ સ્થાનને વિકૃત નામે 'પ્રેરણાપીઠ'ની સંજ્ઞા** છેલ્લા ૪ વર્ષથી જ અપાવવાની શરૂઆત થઈ છે. અને તેવી શરૂઆત પણ જ્યારે **સારસા મુકામે** ગત ૧૯૯૩ની સાલમાં પ્રસંગમાં આપણી સંસ્થાના ગાદીપતી વગેરે સંચાલકો ત્યાં ગયેલા. ત્યારે ત્યાંના **પૂજ્ય મહંતશ્રી અવિચળદાસજીએજ** સૌ પ્રથમ આપણી આ સંસ્થાની દરગાહને જ **'પ્રેરણાપીઠ'** આવું ઉપનામ આપેલું. પરંતુ સંસ્થાનું મુખ્ય નામ અને સ્થળ **રોજો યાને દરગાહ છે.** તેવા પૂજનીય પવિત્ર **રોજાનું કે દરગાહનું** જ નામ સદંતર કમી કરીને, તેનો પ્રચાર જ નહી કરવાની આપણા સંસ્થાના સંચાલકોની કાયરતા છે. તેમજ **સમગ્ર સતપંથ સમાજની નિર્બળતા અને અજ્ઞાનતા છે.** ઉપરાંત આવી જાતની **મુખ્ય પૂજનીય સ્થળ ધામમાંના નામની વિકૃતી, કોમવાદી સુધારા વધારાની પરિવર્તનની ઝાંખી છે.** કારણ કે આપણી આ સંસ્થા માત્ર હિન્દુ જ્ઞાતીની જ સંસ્થા નથી. અને પીરાણાના ધામમાં **પીરોની સમાધિઓ પૂજાય છે. અને ત્યાં કોઈ હિન્દુ સાધુ સંતો મહંતોના મઠ કે આશ્રમનું સ્થાન નથી.** અને ભારતભરમાં જ્યાં જ્યાં હિન્દુ જાતિના મઠ આશ્રમો છે તેવાઓને જ પીઠ, મઠ, કે આશ્રમની ઉપમા અપાય છે. દાખલા તરીકે **દ્વારકા પીઠ, શંકરાચાર્યપીઠ, વગેરે વગેરે.** પરંતુ **આ પીરાણા ગામમાં,** મુખ્ય પુજનીય સ્થાન **દરગાહમાં જ્યાં સૈયદ સદગુરૂ પીર ઈમામશાહ બાવાની સમાધી** તથા **તેના ચિ. સૈયદ સુત નર અલીમહંમદ શાહ બાવાની સમાધી તથા માતા બેગમ આદ શકિતની સમાધી છે.** ત્યાં આ ત્રણે સમાધીઓના ઉપરનું પૂજનીય તીર્થધામ **રોજો યાને** દરગાહ છે. તેમ છતાં આવા **મૂખ્ય તીર્થધામ રોજો યાને દરગાહનું નામ જ જાહેર ન કરતાં,** હાલમાં **વિકૃતિ નામ પ્રેરણા પીઠનીજ સંજ્ઞાથી** જાહેર પ્રચાર થાય છે. માટે તેવી હકીકતો આ સંવાદની વિગતો વાંચન કરનારાઓ **બ્રહ્મ જ્ઞાનીનીજ દ્રષ્ટિથી** વિવેક બુધ્ધિથી તુલના કરવા નમ્ર વિનંતી.

પીરાણા હિંદુઓનું સ્થાનક નથી

પીરાણામાં કોની કબરો (સમાધિઓ) છે...

S-151

એક કહેવત અત્રે યાદ આવે છે કે **દુનિયાને ઉંધા ચશ્માં ડાહ્યા દિવાના લાગે.** તે મુજબ હાલમાં આપણે દુનિયા કે જગતમાં સમગ્ર ભારતમાં **કોમવાદી વાતાવરણનું ઝેર પ્રસરેલ છે.** અને દુનિયાને જ સારૂં લગાડવા અને લોકપ્રિય બનવા હાલમાં ભાષાકીય સુધારા વધારા કર્યા છે. તો તેવા સુધારા વધારો કેટલા અંશે વ્યાજબી છે? તેની તુલના **બ્રહ્મજ્ઞાની મહાત્માઓ કરશે તેવી નમ્ર વિનંતી છે.**

સુધારા ફક્ત દુનિયાને સારૂં દેખાડવા માટે કરેલ છે. (એટલે સુધાર ફક્ત બાહ્ય છે.)

જીજ્ઞાસુ સાધકનો પ્રશ્ન ક્રમ ૬ : આપણા ધર્મને માત્ર **સતપંથ સનાતન** ધર્મના **જ નામથી પ્રચાર થાય છે.** પંરતુ ઈસ્લામ ધર્મ સિવાયના બીજા તમામ ધર્મોને, હિંદુ **ધર્મના નામથી** સંબોધન થાય છે. માટે આ પ્રશ્નની વિગત એ છે કે **આપણા ધર્મને હિન્દુ ધર્મ તરીકે સંબોધન કેમ ન થઈ શકે ?**

S-151

જવાબ : હાજી, **આ પ્રશ્ન આપનો ગુઢ અને ગહન છે. અને સતપંથ ધર્મને** માનવાવાળાઓ મોટી સંખ્યામાં **હિન્દુઓજ છે.** અને આ સંસ્થામાં મુખ્ય દાન ભેટ દક્ષિણા વગેરેની આવક મોટા ભાગે **હિન્દુ જ્ઞાતી સમાજ તરફથી** અત્રે અપાય છે. તે હકીકત તદન સાચી અને સત્ય છે. તે હમારી જાણમાં છે.

પરંતુ આ પ્રશ્નને વિવેક બુધ્ધિથી સમિક્ષા કરીને સમજવાની જરૂર છે. અને પ્રથમ એ જાણવું જરૂરી છે કે આ સંસ્થાનો વહીવટ બંધારણ મુજબ કરવા માટે, **આપણી સંસ્સ્થામાંના બંધારણ સ્કીમમાં,** જે કમીટીની રચના કરવામાં આવી છે. તે નીચે મુજબ છે.

સતપંથ એ હિંદુ ધર્મ શા માટે નથી? તેનો જવાબ...

S-151

પીરાણાની સંસ્થા એકજ "હિંદુ" ધર્મને માનવાવાળાની સંસ્થા નથી.

કમીટીની રચનામાં : **૭ વિભાગના ૭ સતપંથી સભ્યો**ની નિમણુંક થયેલી છે. તથા ૩ **સભ્યો ૩ વિભાગના સૈયદ જ્ઞાતીનાની** નિમણુંક થયેલી છે. અને ૧ **ચેરેમનશ્રી મળીને કુલ્લે ૧૧ સભ્યો વહીવટ કરે છે.** તેથી આ વહીવટમાં **આપણા માત્ર હિન્દુ એક જ જ્ઞાતીનો વહીવટ નથી**. અને આ સંસ્થાની સ્થાવર મિલકત તથા જે દાન ભેટ, દક્ષિણા વગેરે આપનાર ગમે તે જાતી જ્ઞાતિના હોય, પરંતુ **સંસ્થાની સઘળી મિલકત સમગ્ર જ્ઞાતિની સાર્વજનીક ટ્રસ્ટની છે.** અને **એક જ હિન્દુ જ્ઞાતી કે હિન્દુ ધર્મને માનવાવાળાની સંસ્થા નથી** એટલે આપણા સદ્‌ગુરૂની કુળ જ્ઞાતિ સૈયદ હોવા છતાં, **પણ સદ્‌ગુરૂના ઉપદેશને ઈસ્લામ ધર્મની ઉપમા અપાઈ નથી.** તેમજ **હિન્દુ જ્ઞાતી ધર્મની પણ ઉપમા અપાઈ નથી.** પરંતુ આપણા ધર્મને ફક્ત **સતપંથ સનાતન ધર્મની જ સંજ્ઞાથી** આ ધર્મનું નામ અપાયેલ છે. તે સાચુ છે.

ઉપરાંત આવો પવિત્ર રોજો યાને દરગાહના તીર્થધામમાં **હિન્દુ તથા મુસલમાન કોમના સર્વે શ્રધ્ધાળુઓ,** દરરોજ અસંખ્યની હાજરી દર્શન કરવા વખતે હોય છે. ત્યારે સવાર તથા સાંજની સંધ્યા નોબત વખતે અત્રે પ્રાર્થના ધૂપ લોબાનથી થતી હોય છે. ત્યારે હિન્દુઓ તથા મુસ્લિમ બીરાદરો તમામ એક જ પાંગતે ઉપસ્થિત રહીને પ્રાર્થના બંદગી કરીને, સૌને અરસ પરસ વંદન વીધી પણ કરતા હોય છે. અને તેવી પ્રણાલિકા હાલ સુધીમાં અત્રે દરગાહમાં ચાલુ હોવાથી આ રોજો **હિન્દુધર્મ તથા મુસ્લિમ ધર્મની એક્તાના પ્રતિક સમાન પ્રખ્યાત છે.** તેથી જ **આપણા ધર્મના ઉપદેશનું મુખ્ય નામ ફક્ત સતપંથ સનાતન વૈદિક ધર્મથી પ્રખ્યાત છે.** તેમજ હાલમાં તેવા પ્રકારથી પ્રચાર થાય છે. તે ખૂબ જ પ્રશંસનીય છે.

S-151

જીજ્ઞાસુ સાધકનો પ્રશ્ન ક્રમ ૭: આપણા સદ્‌ગુરૂના ઉપદેશમાં **મુખ્ય જાપ** પ્રથમ વડીલોના વખતથી **પીરશાહ જાપ પ્રચલિત હતો.** પરંતુ હાલ ગત ૪-૫ વર્ષથી સુધારા વધારા કરનારાઓ ઓએ તેવો **પીરશાહ જાપ નહી જપવા,** અને **શ્રીનિષ્કલંકીનો જ જાપ જપવાનો** હઠાગ્રહ હાલમાં સમાજમાં થતો હોય તેમ જણાય છે. માટે આ પ્રશ્નમાં **મુંઝવણનો સવાલ એ છે કે, પીરશાહ જાપ કે નિષ્કલંકી જાપ, આ બેઉમાંથી કીયો જાપ સાચો છે? તે જણાવશો ?**

જવાબ : હાજી, અમારા અનુભવ પ્રમાણે તથા **સદ્‌ગુરૂનાં બોધ વચનો પ્રમાણે** તેની સમિક્ષા યાને સ્પષ્ટતા નીચે મુજબ છે.

પીરશાહ જાપ અને નિષ્કલંકી જાપ એ એકજ છે... તેના કારણો

પ્રથમ **ઉપરોક્ત બેઉ જાપ, એક રીતે સાચાજ મનાય.** કોઈને જુઠો કે મન કલ્પિત ન જ કહી શકાય. તેમ છતાં, **જો પીરશાહ જાપની હાલમાં ઉપેક્ષા** થતી હોય તો, **તેમ ઉપેક્ષા કરનારાની અજ્ઞાનતા તથા કાયરતા મનાય.** અને **આપણા સદ્‌ગુરૂશ્રીનાં બોધ વચનો** તથા શાસ્ત્રોમાં, ચારે યુગના ચાર જાપ જાહેર છે. પ્રથમ કર્તા યુગમાં **શ્રી નરસિહ ભગવાનનો જાપ છે.** બીજા ત્રેતા યુગમાં **ભગવાનશ્રી રામના નામનો જાપ છે.** ત્રીજા દ્વાપર યુગમાં ભગવાન **શ્રીકૃષ્ણના નામનો જાપ છે.** અને **કળયુગમાં અરબી સ્વરૂપે સદ્‌ગુરૂનો અવતાર હોવાથી, અરબી સ્વરૂપના અવતાર નામની ટુંકી જે સંજ્ઞાનો જાપ તે પીરશાહ નામ જાપ છે.**

તેમ છતાં હાલમાં **ભગવાનશ્રી નિષ્કલંકીનો જાપ** નામથી પ્રચાર થાય છે. તે સહજ સરળ સ્વભાવીક છે. તેને પણ ખોટો ન જ કહી શકાય. પરંતુ **આવા બેઉ જાપ** તથા **બેઉનામોનાં અર્થઘટન** યાને ભેદ ભાવાર્થ ગુઢ અને ગહન છે. તેની સમિક્ષા સ્પષ્ટતા નીચે મુજબ છે. પ્રથમ **નિષ્કલંકીની સંજ્ઞા** એટલે **નિષ્કલંકીનો અર્થ ભાવાર્થ** કલંક રહીત થાય છે. **પરંતુ નિષ્કલંકી કોણ ? જેને કલંક નથી તે વ્યકિત કોણ ?** અને તેવી જે **વ્યકિતના મુખ્ય નામનું જ** ગુણ વાચક **ઉપનામ નિષ્કલંકી છે.** માટે તેવી **નિષ્કલંકીની**

S-151

૭

સંજ્ઞા મુખ્ય કઈ વ્યકિતને સંબોધન થાય છે? તેનો મર્મભેદ ગુઢ અને ગહન છે તે નીચે મુજબ ખુલાસો છે.

આપણા **સદગુરૂની એકસો બોધવચનોની શિક્ષાપત્રી** જેનું હાલમાં નામ **વચનામૃત બિન્દુ** નામની પુસ્તીકાઓ, **હાલમાં પીરાણા શિબીર વખતે પ્રસિધ્ધ થયેલ છે.** તેવી એકસો પૈકીનાં છેવટના ૯૨ થી ૯૫ નાં બોધ વચનોમાં **મુખ્ય જાપ નામનો ખુલાસો છે. (તેવાં બોધ વચન)** નીચે મુજબ છે.

જેવા રૂપેથી ગૌર અને નર હોય સહી, તેવા રૂપથી જાપ જપવો મુનીવરભાઈ. તેવાં વચનનો ભેદ મર્મ ભાવાર્થ એ, છે, કે, **જેવાં રૂપ અને સ્વરૂપ કોને કહેવાય?** કે, **જે, કુળ અને જે જ્ઞાતી, જાતીમાં ભગવાનનો જે, જે, સમયમાં અવતાર જાહેર થયેલ હોય,** તો **તેવા કુળ જાતીના જ ભગવાનના નામનો જાપ.** એટલે ઉદાહરણ તરીકે, **શ્રીરામ ભગવાન** ક્ષત્રીય કુળ જાતીમાં હતા. અને **ફરસુરામ તથા વામન ભગવાન** બ્રાહ્મણ કુળ જાતીમાં હતાં. તેમ હાલના કળયુગમાં, **ભગવાન શ્રી નિષ્કલંકી કીયા સ્વરૂપમાં? અને કઈ જ્ઞાતી જાતીમાં?** અને **તેનાં માતા પિતા કોણ?** તેનો ખુલાસો જવાબ એ જ છે કે **ભગવાન અરબી સૈયદ કુળ સ્વરૂપમાં, જનમ્યા છે.** તેથી **(તેવાં નામ અને તેવાં રૂપ વાળા) જેવા રૂપેથી ગોર નર હોય સહી, એટલે ગોર અને નર તેમ બે મુખ્ય વ્યકિત કોણ?** તેનો ખુલાસો એ છે કે, **ગોર એટલે આપણા સદગુરૂ બ્રહ્મા પીર ઈમામ શાહ બાવા** તથા **(નર એટલે વિષ્ણુ સ્વરૂપ દસમો અવતાર શ્રી નરઅલી મહંમદ શાહ બાવા) આ બેઉના મુખ્ય નામનો જાપ છે.** તેથી આ બેઉ મુખ્ય નામની ટુંકી સંજ્ઞા **(પીર ઈમામશાહની સંજ્ઞા પીર) અને (નરઅલી મહંમદશાહની ટુકી સંજ્ઞા શાહ)** આવા મુખ્ય બેઉ **બ્રહ્મા વિષ્ણુના મુખ્ય નામની ટુંકી સંજ્ઞા પીરશાહ જાપ છે.** આવા મુખ્ય **અરબી સ્વરૂપના નામની ટુંકી સંજ્ઞા પીરશાહના જાપ** ને જો સદંતર કમી કરવામાં આવે તો, **સદગુરૂની શિક્ષાપત્રીનાં બોધવચનનોનું જ ખંડન મંડન અને વિકૃતી કરવા સમાન મનાય.** માટે આવા મહત્વના પ્રશ્નોની આટલી લંબાણ વિગતથી સમિક્ષા સદગુરૂની પ્રેરણાથી કરવામાં વાચકો **બ્રહ્મજ્ઞાનીની દ્રષ્ટિથી આ સંવાદ સંકલનનું વાંચન કરે તે નમ્ર વિનંતી.**

પીરાણા સતપંથીઓ માટે "નિષ્કલંકી નારાયણ" એટલે અરબી કુળના, નર મુહમ્મદ શાહ બાવા. કોઈ હિંદુ દેવ નથી.

જીજ્ઞાસુ સાધકનો પ્રશ્ન ક્રમ ૮ : હાલમાં આપણા સંચાલકો સુધારકોએ પ્રસિધ્ધ થતાં સાહિત્યોમાં જે મુખ્ય નામ **વિષ્ણુ અરબી સ્વરૂપે અવતાર નર અલી મહંમદ શાહનું નાંમ સદંતર કમી કરેલાનું જણાય છે.** તો તેવા મુખ્ય નામની સમિક્ષા તથા સ્પષ્ટતા કરશો?

વિષ્ણુનો ૧૦મો અવતાર એ કંઈ હિંદુ દેવ નથી

જવાબ : ઉપરના જે ૭ મા પ્રશ્નમાં સ્પષ્ટતા કરી છે, તે મુજબ **ભગવાનશ્રી નિષ્કલંકીનો દસમો અવતાર નરઅલી મહંમદશાહ** મુખ્ય પૂજનીય પાત્ર છે. તેમ છતાં મુખ્ય નામ **અરબી ભાષાના પેગમ્બર સૈયદ કુળમાં જન્મેલા હોવાથી,** તેવા મુખ્ય નામને જ કમી કરવાનું સાહસ, **બ્રહ્મજ્ઞાનીની દ્રષ્ટિથી અને સરકારના કાયદાની તુલનાથી**, તેમજ **કુદરતના કાયદા કાનુન મુજબ ભારે અપકૃત્ય સમાન મનાય.** અને તેવા નામ કમી કરનારા કરાવનારાઓને, નીચે મુજબના ઉદાહરણથી પ્રમાણોની સ્પષ્ટતા કરવાથી તેમની જાણે અજાણે થતી ગફલતને સુધારવા પ્રયત્ન કરશે તેવી નમ્ર પ્રાર્થના છે.

તેવા સબળ પુરાવા પ્રમાણ **સદગુરૂશ્રીની દરગાહને રોજામાં જ** મુખ્ય ત્રણ સમાધીઓ હાજરા હજુર છે. જેની આપણે દરરોજ રાત્રી દિવસ સેવા પુજા કરીએ છીએ. તેવી ત્રણે સમાધીઓના નામ નીચે મુજબ છે. (૧) **સદગુરૂ બ્રહ્મા પીર ઈમામ શાહ બાવાની છે.** (૨) **સદગુરૂ પીરનાં ધર્મપત્ની આદશકિતમાતા ~~બુઝ રંગ~~ બેગમની છે.** (૩) **તેમજ ઈમામ શાહ બાવાના સુત વિષ્ણુ સ્વરૂપે શ્રીનરઅલી મહંમદ શાહની** કુલે ત્રણ સમાધિઓ છે.

S-151

બે સતપંથી લોકો મળે ત્યારે એક બીજાને કેવી રીતે વંદન કરે છે...

૮

શ્રી નરઅલી મહંમદશાહ બાવાને, સતપંથ સાહિત્ય જ્ઞાન પ્રચારમાં, હાલમાં સદંતર કમી કર્યાની હકીકત પણ તદન સત્ય અને સાચી જ જણાય છે. ત્યારે આવા મુખ્ય દસમા **નિષ્કલંકી ભગવાનના અવતારી પુરૂષ નરઅલી મહંમદ શાહનું જીવન ચરિત્ર** પણ હાલમાં જે વિદ્વાનોના નામથી, **સતપંથ જ્યોત,** માસીકોમાં પ્રસિધ્ધ થાય છે. તેમાં પણ **નરઅલી મહંમદશાહ બાવાનું નામ** કમી કરેલાનું જાહેર થયેલ છે. ત્યારે **મુખ્ય અસલ જીવન ચરિત્ર સંક્ષિપ્તમાં** આ સંવાદમાં પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે. તે મુજબ જ્યારે **સદગુરૂ બ્રહ્મા પીર ઈમામશાહ બાવાના** ઘરે તેના **ચિ. સુત સૈયદ નરઅલી મહંમદ શાહ બાવાનો જન્મ થયેલ.** ત્યારે ચમત્કાર જેવા બનાવ બનેલા છે. અને **જન્મના છઠ્ઠા દીવસે જ નરઅલી મહંમદશાહ બાવાએ** ૧૬ કળાએ પુખ્ત વયનું શરીર ધારણ કરીને, ઢોલીયામાંથી ઉભા થઈને, **તેમના પિતાશ્રી ઈમામશાહ બાવાને બે હાથ જોડીને વંદન વીધી કરી હતી** અને તેવી વંદન વીધી વખતની **સંજ્ઞામાં શાહહેજંદા કહેતાં** સામેથી જવાબ **કાયમ દેવ પાયાની** સંજ્ઞાથી વંદન વીધી કરેલી. તેથી જ તેવા સમયની તે સંજ્ઞા ને **હાલમાં આપણા સતપંથી શ્રધ્ધાળુઓ** મંદિરમાં મિલન વખતે **(શાહહેજંદા સામે જવાબ કાયમદેવ પાયા)** હાલ પ્રણાલીકા ચાલુ છે. ઉપરાંત તેવા પુખ્ત વયમાં **શ્રી નરઅલી મહંમદ શાહ બાવાના ચમત્કારીક દશ્યની ઝાંખી કરનાર,** તે વખતમાં હાજર રહેલાઓએ નમ્ર વિનંતી કરેલી. આવા દશ્યનો પ્રમાણ પુરાવો, **પાછળની પ્રજાના શ્રધ્ધાળુઓને** સમજાવવા ઉપદેશ બોધ વચનો સંભળાવવા વિનંતી કરેલી. ત્યારે તે સમયમાં જે બોધ વચનો સંભળાવેલાં તેવાં બોધ વચનોનું જ જે પ્રસિધ્ધ થયેલ **પુસ્તક નામ સતવેણી છે.** તેના પ્રકાશક પ્રથમના **લેખક વિદ્વાન સૈયદ સ્વ: બાવાસાહેબ ખાકીના નામે જાહેર પ્રસિધ્ધ છે. (જેમ શ્રીકૃષ્ણ** ભગવાને **અર્જુનને** શ્રીમદ ભગવત ગીતાનો ઉપદેશ આપ્યો) **તેમ આ સતવેંણી નામના પુસ્તકમાં** જે કુલે કાવ્યો ૨૧૯ પદમાં અકેક પદમાં ૫-૫ વાકયો કુલે ૧૦૯૫ કાવ્યો સતવેણી પુસ્તક પ્રસિધ્ધ થયેલ છે.

તેમ આટલી સત્ય હકીકત **વિષ્ણુ સ્વરૂપના શ્રીનરઅલી મહંમદશાહના જીવન ચરિત્રનાં પ્રમાણો જાહેર હોવા છતાં,** તેવાં મુખ્ય નામોને તથા તેવાં જીવન ચરિત્રોને હાલમાંના સુધારકોએ, જગતના કોમવાદી વાતાવરણથી સુધારા વધારા કર્યા હોય તો પણ તેવાઓને સદગુરૂ ક્ષમા આપે એ જ આ લેખકની નમ્ર પ્રાર્થના છે.

સુધારા વધારા ખોટા કર્યા છે...

જીજ્ઞાસુ સાધકનો પ્રશ્ન ક્રમ -- ૯ : હાલમાં જે પીર પેગમ્બરોનાં નામો કમી કરીને સુધારા વધારાઓ કર્યા છે. તો **તેવા સુધારા વધારા તદન ખોટા કર્યા છે ? કે સાચા પણ છે ? તેની સ્પષ્ટતા કરી શકશો ?**

જવાબ : આ પ્રશ્ન, એક રીતે ખૂબ જ ઝટીલ સમસ્યાનો મનાય. અને એક ઉદાહરણ યાદ આવે છે કે જેમ **(વષિષ્ઠ મુનીનો લવ,સતસંગ)** (અને **વિશ્વામિત્રનું હજાર વર્ષનું તપ) આ બેઉમાં શ્રેષ્ઠ કોણ ?** તેની બંનેમાં હરિફાઈ થઈ. ત્યારે આ બંને રૂષિઓ ન્યાય મેળવવા માટે પ્રથમ, **બ્રહ્મા પાસે, વિષ્ણુ પાસે, મહાદેવ પાસે ગયા.** તેમ છતાં આ ત્રણે મહાનુભવોએ, **ન્યાય આપવાની અશક્તિ દર્શાવી.** અને છેવટના ન્યાય મેળવવા **પાતાળ માં શેષનાગ પાસે મોકલ્યા.** ત્યારે ત્યાં એમ કહેવાય છે કે શેષ નાગના શીશ ઉપર સમગ્ર પૃથ્વીનો ભાર હોવાથી **શેષનાગે યુક્તિથી ન્યાય કર્યો.** બંનેને જણાવ્યું કે, પ્રથમ તમો મારા શિશ ઉપરનો પૃથ્વીનો બોજ ઉચો કરીને મને મૂકત કરો પછી ન્યાય થઈ શકે. જ્યારે પ્રથમ **વિશ્વામિત્ર ૠષિએ તેમના હજાર વર્ષના તપની** અંજલી અર્પણ કરીને, પૃથ્વીને અધ્ધર થવા વિનંતી કરી પણ પૃથ્વી એક તલ ભાર ઉચી ન થઈ.

ત્યારે **વષિષ્ઠ મુનીએ તેમના લવ સતસંગનો સંકલ્પ** યાને અંજલી અર્પણ કરી ને, પૃથ્વી માતાને પ્રાર્થના કરી. ત્યાંરે પૃથ્વી શેષનાગના શીશ ઉપરથી એક હાથ ઉચી થઈ. પછી **ૠષિ વિશ્વામિત્રે** વિનંતી કરી કે હમારો ન્યાય કરો. ત્યારે શેષ નાગે કહ્યું તમારો ન્યાય થઈ ગયો. **આમ યુક્તિથી ન્યાય કરેલ.** તેમ તેવા

દાખલા મુજબ આવા જટીલ મુંઝવતા પ્રશ્નોના ખુલાસા સદ્‌ગુરૂ કૃપાથી નીચે મુજબ વર્ણન કરવામાં આવેલ છે.

બ્રહમજ્ઞાન ગોર, નર, ને ભાવે, અડસઠે તીરથ ગુરૂ ચરણોમાં આવે,
બ્રહમજ્ઞાનેથીજ મનસ્થિર થાય, મુનીવરો બીજો નવ કોઈ ઉપાય.
ચંચળ મન, તો સ્થિર થાવ, મુનીવરો કરવો સમરણનો ઉપાય.
બ્રહમજ્ઞાન, વીણ કરે જે અભ્યાસ, તો સ્મરણ માંહે આવે વિનાશ.
સત સંગતનો છે. મહીમા ઘણો, પાર નવ પામે કોઈ તે તણો.
સત, સંગતથીજ થાય બ્રહમજ્ઞાન બ્રહમજ્ઞાનેથીજ થાય દ્રષ્ટિ સમાન.
તુહી સાચા સાંઈઓ : સદ્‌ગુરૂ મુખથી વચન કહે, બ્રહમજ્ઞાન મુખ વાણ;
સભ ઘટ સાહેબ એક છે, આદી અંતમાં એકજ જાણ.
સભ ઘટ નારાયણ સર્વમાં દેવા, સરવેમાં વિષ્ણું, ને અલી તતખેવા.
ઋષિઓ મહાત્મા અલીને સાહે, એવાં સ્વરૂપને બલીહારી જાઉં.
મુનીવરો, શંકા નવ ન રાખો મન અલી, અને રામ વીનાનો નહી કોઈ જંન.
તુહી સાચા સાંઈઓ : પૂર્ણ વિષ્ણુ, તેજ અલી, તેની અનંત લીલા અપાર;
અક્ષય, રૂપ, અરૂપના, પ્રેમેથી સમજો આ સાર;
તુહી સાચા સાંઈઓ : અનંત રૂપ અવતાર ગત, સ્થાવર જંગમ સકળ સ્વરૂપ ;
આદી જે બ્રહમા, એજ સદગોર નર્બા, અને જે વિષ્ણુ તેજ અલી સ્વરૂપ;
આવાં મનહરનાં જ્ઞાન વિચારે જેહ, સંસાર બંધનથીજ છુટે તેહ.
આવું બ્રહમ જ્ઞાન, કહી સમજાવ્યું, અંતરમાંહેથી નિર્મળ થાવું.

હમારા સુજ્ઞ વાચકો ગુરૂબંધુઓ, આ મનહર જ્ઞાન પુસ્તકમાં, જે કુલ્યે ૨૭૫ કાવ્યોની રચના છે. તેવા પ્રથમ મનહર જ્ઞાન પુસ્તકનો અનુવાદ, આ લેખકના અભ્યાસ ભૂતકાળના સન. ૧૯૬૫ની સાલમાં, એટલે આજથી ૩૨ વર્ષ પહેલાં છપાવીને તેના પ્રકાશકોમાં, હમારા સ્વ. પૂજ્ય પિતાશ્રી કાનજીબાપાના ત્રણે વારસદારો, (૧) મુરબીશ્રી અરજણભાઈ (૨) ભરતસમાન બંધુશ્રી દેવજીભાઈ (૩) અનામી અંતર આત્માના નિમિત્તે પ્રસિધ્ધ થયેલ. તેની પ્રસ્તાવનામાં શીવપુરા કંપાના શ્રી હરીભાઈ લાલજીભાઈની સલાહ સૂચના આધારે મનહર જ્ઞાન પુસ્તક પ્રસિધ્ધ થયેલા. પરતુ તેવા મનહર જ્ઞાનમાં હાલના સુધારકો જે શ્રી શામજીભાઈ કાનજીભાઈ દાદા એ મન રચીત મનહર જ્ઞાનમાં સુધારા - વધારા કરેલ છે. તે બદલ ક્ષમાપના.

બ્રહ્મજ્ઞાન એટલે શું :

તેનો ભાવાર્થ એ છે કે હાલમાં જે જ્ઞાતિ જાતિ કુળના કોમવાદી વલણનો પ્રચાર થઈ રહેલ છે. તેવા કોમવાદીની ભ્રમણાઓ અને શંકાઓ મીટાવવાનું મુખ્ય જ્ઞાન તે બ્રહમજ્ઞાન છે. અને આપણા સદગુરૂના ઉપદેશમાંના મુખ્ય આદર્શો તથા સિધ્ધાંતો જે, છે, તે, સમગ્ર વિશ્વના તમામ ધર્મોના પ્રત્યેનો સમાન આદર ભાવ, તથા સહિષ્ણુતા, વિશ્વબંધુત્વની ભાવનાની ઉદારતા છે. માટે આપણા સતપંથી સનાતની જ્ઞાતી બંધુઓના સાધકોએ આવા બ્રહ્મજ્ઞાનની જ ભૂમિકાનો પ્રાથમિક અભ્યાસ વિવેક બુધ્ધીથી જ કરવો જરૂરી હોય છે. અને તેવી ભૂમિકાનાં આયોજનો બાળ શિબીરોમાં થવાં જરૂરી છે. જેમાં હિન્દુ જાતી કે મુસ્લીમ જાતી જ્ઞાતીના ભેદભાવ મીટાવે. તેવી જ આચાર સંહિતાનો પ્રચાર કરાવનારાઓને જ બ્રહ્મનિષ્ઠ સંતો મહાત્માઓનાં બિરૂદ અપાય છે. ત્યારે અત્રે આ સંવાદ સંકલનના અંતમાં એક પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે, આપણા સતપંથ કે સનાતન સમાજમાં, કચ્છ તથા ગુજરાતભરમાં, તથા પીરાણા મુખ્ય ધામમાં, હાલના સંસ્થાના ગાદીપતીઓ તથા નવા નિમણુંક થતા આચાર્યોમાંથી ઉપરોક્ત બોધવચનોમાં જણાવ્યા મુજબના બ્રહ્મનિષ્ઠ

મહાત્માઓ કેટલા ? તેની સમિક્ષા કે પરિક્ષા કીયા સદગુરૂ કરશે ? અને આપણા **ઈષ્ટ સદગુરૂ પીર ઈમામ શાહ બાવા** તેઓ ૬૦૦ વર્ષથી જ **દરગાહમાં, સમાધીમાં પોઢેલા છે.** તેઓ સમાધીમાંથી જાગીને આપણી સૌની પરિક્ષા કરશે ? કે બીજા કોઈક પરિક્ષા કરશે ? અને **જો આપણા સતપંથ સમાજમાં, ઉપરોક્ત બોધ વચનો મુજબના બ્રહ્મનિષ્ઠ સંતો કે મહાત્માઓ હોય તો,** તેવાઓ પછી આપણા **સદગુરૂનાં અરબી સ્વરૂપનાં તથા પીરો પેગમ્બરોના તથા દસમો અવતાર શ્રી નરઅલી મહંમદ શાહનાં જ નામોને સદંતર કમી કરી કરાવી શકે ખરા ?** અને તેવા નામોમાં, **શંકાઓ, ભ્રમણા લાવીને કમી કરાવવા ના ભગિરથ કાર્ય કરીને** હાલમાં દુનિયાને કે જગતને સારૂં લગાડવા અને લોકપ્રિય બનવા માટે જ ભાષાકીય સુધારા વધારાતમામ સાહિત્યો નૂતન પ્રકારથી પ્રગટ કરનારનાં પ્રમાણો જાહેર છે. હાલમાં જાહેરમાં ઉજવાતા પ્રસંગોમાં, **વિશ્વ હિન્દુ પરિષદોના સાધુઓ સંતોએ આપણી સંસ્થાના ગાદીપતીને જે પ્રમાણપત્રો આપીને પ્રશંસાઓ કરતા રહેલ છે.** તેવા સુધારા વધારાવાળા હાલનાં સાહિત્યોમાં જ **આપણા સદગુરૂનાં વચનોનું પાલન થાય છે ?** કે ઉપર જણાવ્યા મુજબ તેવાં **બોધ વચનોનું ખંડન મંડન થાય છે ? તેની સમિક્ષા બ્રહ્મનિષ્ઠ મહાત્માઓ જ કરે.**

અંતમાં એ યાદ અપાવવું જરૂરી જણાય છે કે, **આપણા સદગુરૂના જ બોધ વચન પ્રમાણે આપણે સૌ હાલમાં સદગુરૂના જ સત્યપંથના રાહ ઉપર ચાલીએ છીએ ?** કે સુધારા વધારા કરાવીને, **સતપંથ છોડનારા આપણા જ્ઞાતીઓમાં સૌ પ્રથમ સ્વ. શ્રી નારણભાઈ રામજીભાઈએ, જે રાહ બતાવ્યો,** તેવા તેમના બતાવેલા રાહ તરફ હાલમાં, **સાંચી પ્રગતી કરી રહ્યા છીએ ? કે વિકૃતી કરી રહ્યા છીએ ?** તેની તુલના કરવા માટે **સદગુરૂના જ બોધ વચનો આ સંવાદ સંકલનમાં પ્રમાણો પ્રસિધ્ધ કરેલ છે.** અને આવા ઉદાહરણોથી જ આ નવમા પ્રશ્નમાં **આપણા સુધારા વધારા કેટલા સાચા છે ? અને કેટલા ખોટા છે ?** તેની સમિક્ષા **બ્રહ્મદ્રષ્ટિથી** આ સંકલનનું વાંચન કરનારા વિદ્વાનો તુલના કરી શકશે. તેવી અપેક્ષા છે.

આત્મિય બંધુઓ, ગંગા સતીનું ભજન એક કાવ્ય આ વિષયને ઉદાહરણ રૂપ યાદ આવે છે તે નીચે મુજબ છે. ***ભકિત કરવી તેને રાંક થઈને રેવું ને, મેલવું અંતરનું અભિમાન જી.***

સદગુરૂના ચરણમાં શીશ નમાવીને, કર જોડીને લાગવું પાયજી,
જાતીપણું છોડીને અજાતી થાવુંને, કાઢવો વર્ણોનો વિકારજી,
જાતી કે ભાતી નહી હરિના દેશમાંને, એવી રીતે રહેવું નિરધારજી,

આ બોધ વાકયનો તત્વસાર ભાવાર્થ એજ છે કે, **જાતી, જ્ઞાતી કે વર્ણોનો વિકાર એટલે ?** આપણે **હિન્દુજાતી અને આપણો હિન્દુ ધર્મ તથા પીર પેગમ્બરને કે અરબી શબ્દને માને, તે બધા મુસલમાનો,** આવી જાતની કોમવાદી ભેદભાવની દ્રષ્ટિ, તેને જ ભ્રમણાની ભ્રાન્તી કહેવાય છે. **તેવી જાતની ભ્રાન્તી કોણ મીટાવે ? જવાબ :** બ્રહ્મજ્ઞાની મિટાવે.

બીજું ઉદાહરણ : જે રણુઝાના શહેરમાં જન્મેલા તેવા **રામદેવજી, જ્ઞાતીએ** રજપુત હતા. **છતાં તેમને** રામદેવપીરની ઉપમા જગતમાં પ્રસિધ્ધ છે. તેમજ બીજા કચ્છ **અંજારના જેસલ જાડેજા** રજપુત જ્ઞાતીના છે. તેમને **સતી તોરલદેના સંગથી બ્રહ્મજ્ઞાન થતાં જેસલ પીર** થઈને પુજાય છે. ઉપરોક્ત બેઉની સમાધીઓ છે. તેમની **દુનિયામાં** કોઈ જ **ટીકાઓ** કરતા નથી. અને ગુણ ગવાય છે.

કચ્છમાંના જાડેજા રજપુત રાજા મહારાજાઓને, બાવાની સંજ્ઞા ઉપનામથી પ્રસિધ્ધ છે. **રાવ ખેંગારજી બાવા** વગેરે વગેરે. પરંતુ **આપણા સદગુરૂ પીર ઈમામશાહ જે જ્ઞાતીએ સૈયદ હોવા છતાં તેમને પીર કે બાવા ની સંજ્ઞા ન આપી શકાય અને ફકત (ઈમામ શાહ મહારાજ)** આવી જાતની સંજ્ઞા **મુખ્ય નામની વિકૃતી હાલમાં સમગ્ર સતપંથ સમાજમાં લોકપ્રિય બની છે. તે કેટલા અંશે વ્યાજબી છે. ?** તેની તુલના વાચકો

મનના નબળા લોકો ભાષાકીય સુધારા વધારા કરી રહ્યા છે.

S-151

કરે તેવી નમ્ર વિનંતી. તેમજ **કચ્છમાં ગામ ઘડુલીના કચ્છી બાપા જેનું નામ સ્વ. રતના બાપા** હતું. તેમને **બ્રહ્મજ્ઞાન આત્મ જ્ઞાન** થતાં, તેઓશ્રીને, **રતના પીરનો** જ ઈલ્કાબ આપણા સમાજમાં ખૂબ જ પ્રશંસનીય બનેલો. અને તેઓશ્રી **રતના બાપા** તથા દેગામ પંચવટીવાળા **પૂજ્ય સ્વ. રામજી પેથા બાપા** તથા **રાયણ કચ્છવાળા મેઘજીબાપા** તથા માતાજી વગેરે મારા વતન લીખીકંપા અગાઉ પધરામણી કરી હતી. તેવા **રતના બાપાને પીરનો ઈલ્કાબ** અપાયેલો છે. તેની કોઈ ટીકાઓ કરતા નથી. **અને આપણા સદગુરૂને પીર ઈમામ શાહ બાવાના અસલ નામના ઉચ્ચારમાં,** આપણે ટીકાઓ કરનારાથી ત્રાસીને કે પછી આપણા મનની મનોવૃત્તિની નબળાઈથી, પીરનાં નામો તથા ભાષામાં સુધારા કરવામાં પ્રગતિ કે વિકૃતી કરી રહ્યા છીએ? તે હાલમાં આપણને સમજાતુ નથી. તેમજ હાલમાં ગત ૩-૪ વર્ષથી **આપણા સતપંથી સમાજમાં** નાનાં બાળકોને **બચપણથી પાયાના શિક્ષણમાં જ જે શિક્ષણ પીરાણા શીબીરમાંજે અપાય છે. તે બ્રહ્મતત્વ જ્ઞાનની** ભૂમિકાનું શિક્ષણ અપાય છે? **કે ભ્રમણામાં પાડવાનું શિક્ષણ અપાય છે?** તેની પરિક્ષા કોણ કરશે? આમ આ છેવટના પ્રશ્નની સમિક્ષા યાને સ્પષ્ટતા કરવામાં, **કદાચ મારી કલમથી સત્ય અને સાચા સદગુરૂનાં બોધવચનો પણ કોઈકને કડવાં લાગે તો, કડવું ઓસડ જ કોમવાદી ઝેરના રોગનું ઔષધ માનીને,** ગમની ગોળી થી મનની ચંચળતાને સ્થિર કરવા લેખકની નમ્ર વિનંતી છે.

કરસન કાકા... સતપંથના સાહિત્ય આ લેખકના નિમિત્તે પ્રસિદ્ધ કરતા હતા.

સંક્ષિપ્ત આત્મકથા : (આપણી સંસ્થાના ગાદી પતી વિરવર શ્રીકૃષ્ણદાસ મહારાજની)

આ આત્મકથાનું સંકલન એક નાટકના પાત્રની જેમ, તેઓશ્રીના સંક્ષિપ્ત જીવનનો તત્વસાર સંકલન કરવામાં આવે છે. તેવી **આત્મકથાની આ વિગતોના વાચકોએ,** હંસવૃત્તી ગુણગ્રાહી બનીને લખવાનો હેતુ ભાવાર્થ તત્વ સાર ગ્રહણ કરવા લેખકની નમ્ર પ્રાર્થના છે.

આચાર્યશ્રી કૃષ્ણદાસજી મહારાજનું મુળવતન કચ્છમાં ખેડોઈ ગામે રહીને મુખ્ય વિષય ધંધો ખેતી કામ કરતા હતા. અને ત્યાર બાદ કચ્છમાંથી પુનરાવર્તન કરીને, અત્રે **પીરાણા ગામની** નજીકના **હીમપુર લાટમાં રહીને,** તેઓશ્રી **ગૃહસ્થી કુટુંબીક જીવનની** તમામ ફરજો અદા કરતા હતા. ઉપરાંત ખેતી કામની સાથે સાથે **આપણા સતપંથ સમાજમાં** કચ્છ તથા ગુજરાત વિભાગોમાં, **દસ અવતારની કથાઓનાં આયોજનો કરીને, સતપંથ ધર્મના પ્રચારનું સાહિત્ય, મારા નિમિત્તેથી પ્રસિધ્ધ કરાવતા હતા.** ત્યારે તેઓશ્રીએ **મારા, નિમિત્તનાં,** તે વખતનાં છપાતાં સાહિત્યોમાં, મને આર્થિક સહયોગ અપાવતા. ત્યારે આ લેખકને તેવાં કાર્યોમાં મુખ્ય મદદગાર **સ્વ. મુખી દેવજીભાઈ લાલજીભાઈ તથા સ્વ. વિદ્વાન પંડિત ધનજીભાઈ નારણભાઈ તથા વ્યાસ પીઠ ઉપર બિરાજમાન પંડિતો કરસનદાસ દેવજીભાઈ** તથા તેમના **સાથીદાર પંડિત સ્વ. ધનજીભાઈ વાલજીભાઈ** વગેરે મદદરૂપ હતા.

ઉપરાંત છેવટના આપણી સંસ્થા પીરાણામાં તેઓશ્રીએ સક્રિય બનીને, સન-૧૯૮૦ના સમયથી કરીને સન ૧૯૮૫ના સમય સુધીમાં, સંસ્થાની ક્રાંતિમાં, કમિટી સભ્ય **સ્વ. શ્રી કેશુભાઈ રામજીભાઈને તથા હાલના સભ્યશ્રી ભીમજીભાઈ કરસનભાઈને** મદદગાર થઈને ભૂતકાળના **સ્વ. ગાદીપતી સવજી કાકાના**વખતની વહીવટની જે નબળાઈઓ અને ગેરરીતિઓ હતી તેને મીટાવવા, **અમદાવાદની સીવીલ કોર્ટમાં સ્વઃ સવજીકાકા ગાદીપતીના વિરૂધ્ધમાં,** સંજોગોવસાત દાદ ફરીયાદી અને વિવાદ થયેલ. તેમાં પણ તેઓશ્રીએ, **મારા અનુભવનો ઉપયોગ કોર્ટોમાં કરાવેલો હતો.** અને મારા અનુભવ પ્રમાણે તેવા સમયમાં અને તેવા કાર્યોમાં સક્રિય સહયોગ મેં આપેલો. અને તેવા સમયમાં જ હાલના આચાર્ય

S-151

શ્રીકરસનદાસજીના દિલમાં, આ સંસ્થાના કાર્યોમાંથી ત્યાગ વૈરાગની ભાવનાની જ્યોત તેમના અંતરમાંથી જાગૃત થઈ હતી. અને યોગાનું યોગ ગાદીપતી સ્વ. સવજી કાકાનું અવસાન, સન ૧૯૮૫ના અંત સમયમાં થયું. ત્યારે હાલના આચાર્યશ્રી કરસનદાસજીએ તેમના ગ્રહસ્થી જીવનમાંથી ફાગરતીઓ લઈને એટલે કે ધર્મપત્નિીથી છૂટાછેડા લઈને, સાધુ સન્યાસી બન્યા. એટલે જે કોઈ સાધુ યા સન્યાસી થાય તો તેવાઓની નાતી કે જાતી કોઈ પુછતા નથી. કારણ તેમની જાતીપણું મટી જાય છે. તેવો સન્યાસીનો મુખ્ય આદર્શ યાને સિધ્ધાંત છે.

અને પૂર્વજન્મના પૂન્યના પ્રતાપથી ત્યારબાદ આ સંસ્થાના ગાદીપતીની પસંદગી કરવાનો સમય હતો. ત્યારે પણ તેના જેવા બીજા જે જે ફારગતીઓ લેનારા ઉમેદવારો હતા. તેવા સૌને, આપણા સદગુરૂની દરગાહની સમક્ષ જ્યાં પીર હાજર બેગની સમાધી છે. ત્યાં દરેક ઉમેદવારોની પસંદગી માટે બેડીઓ પહેરાવવામાં આવી. ત્યારે બીજા ઉમેદવારો કરતાં આપણા હાલના કૃષ્ણદાસજીની બેડીઓ પ્રથમ નંબરે ખૂલતાં, આપણા સતપંથ સમાજે તથા સૈયદ સમાજે, સૌએ સર્વાનુમતે સંમતીથી આ સંસ્થાના ગાદીપતીની સ્થાને કરસનદાસ આચાર્યશ્રીની નિમણુંક કરવામાં આવી. એટલે આ સંસ્થા મુખ્ય સદગુરૂ સૈયદ પીર ઈમામશાહબાવાના નામની છે. અને પીરના નામની ગાદીના કાકાશ્રી કરસનદાસ એટલે પીર ઈમામશાહ બાવાની ગાદીના કાકાને સાધુ થવા પછીથી કરસનદાસના નામમાં પરિવર્તન કરીને તેમના બદલે (પીર કરીમ કાકા)ની સંજ્ઞા જો અપાય તો તેવી સંજ્ઞા કલંકીત મનાય ? કે નિષ્કલંકીત મનાય ? તેની સમિક્ષા બ્રહ્મનિષ્ઠ મહાત્મા કરશે. ઉપરાંત હાલમાં આપણા સતપંથ સમાજમાં જે ધર્મનો પ્રચાર સતપંથનાં સાહિત્યોમાં તથા સતપંથ જ્યોત માસિકમાં પ્રસિધ્ધ થાય છે. અને તેમાં પણ આપણા કૃષ્ણદાસજી મહારાજને ભગવાન શ્રીનિષ્કલંકીના પાત્રનું જ કાર્ય કરી રહ્યાની ઉપમાઓ માસિકમાં પ્રસિધ્ધ થતી વાંચવા મળેલ છે. એટલે પીર ઈમામ શાહ બાવાની ગાદીના કાકા કરસનદાસજીના નામ પરિવર્તનમાં, જો વિશેષ સુશોભિત ઉપમા આપવી હોય તો, (પીર કરીમ કાકા) ના નામથી કોઈક શ્રધ્ધાળુ તેવું બિરદ આપે તો, તેને કલંકીત મનાય ? કે નિષ્કલંકીત મનાય ? તેની સમિક્ષા બ્રહ્મનિષ્ઠ મહાત્મા કરશે. કારણકે આવી મતલબનાં ઉદાહરણો આ પ્રકાશનમાં ઉપરની જ વિગતોમાં જાહેર કરેલ છે. તેવા હિન્દુ જાતમાંથી નામ પરિવર્તન કરીને, પીરની સંજ્ઞાથી પૂજાયા છે. તેવા જેસલપીર તથા રામદેવ પીર તથા કચ્છના કચ્છી પટેલમાંથી નામ પરિવર્તન કરીને રતના બાપા પીર થઈને પુજાયા છે. તેવાઓની કોઈ ટીકા કે નિંદા કરતા નથી.

કરસન કાકાને પીર કરીમનું નામ આપવામાં આવેલ છે.

આમ આવી અદભુત ઘટનાની આત્મકથાના આ લેખક અનામી અંતરઆત્માના દિલમાં આવા નાટકના પાત્રની કલ્પના કોણે સૂજાડી છે ? તેનો જવાબ એ છે કે આપણી સંસ્થાની દરગાહમાં જે ત્રણ સમાધીઓ છે. તેમાં પોઢેલા ત્રણે આત્માઓની પ્રેરણાથી જ આ સ્વાધ્યાય જ્ઞાનગોષ્ટિનાં સંવાદનું સંકલન થયેલ છે. જેથી કોઈક વાચકોને આ આત્મકથા ગમે યા ન ગમે તો પણ લેખકને માફ કરો અને વાચકો પણ બ્રહ્મદ્રષ્ટિથી ગુણગ્રાહી બનીને હિતકારક તત્વસાર ગ્રહણ કરે.

ઉપરોકત આત્મકથાને અનુરૂપ પ્રમાણ માટે એક ભજન જે પૂજ્ય સ્વ. મહાત્મા ગાંધજીના ઉદગારો પ્રસિધ્ધ થયેલાની આ લેખકે નોંધ લીધેલી હતી. તે ભજન નીચે મુજબ છે.

ભેદ સમજીને ગુણ ગાઓ, રે હો સંતો, ભેદ સમજીને ગુણ ગાઓ,
રામ ને રહિમ તમે, એક કરી જાણો, કૃષ્ણને કરીમ એક કહીએ હો સંતો, ભેદ;
વિષ્ણુ ને બિસ્મીલ્લાહમાં ભેદ નથી ભાઈ, અલીને અલખ એક કહીએ, હો સંતો, ભેદ;

પરવરદિગાર અને પરમેશ્વર એક છે, નબીને નારાયણ એક કહીએ, હો સંતો, ભેદ;
હરિને હક લાઈલાહનો ભેદ મે જાણ્યો, મૌલાને માધવના ગુણ ગાઈએ, હો સંતો, ભેદ;
ચોખાને ચાવલના નામમાં ભેદ છે, તેમ ઈશ્વરને અલ્લાહના ગુણ ગાઈએ, હો સંતો, ભેદ;
પૂજ્ય ગાંધીબાપુએ રાહ બતાવ્યો, અંતર આત્મા રાખે હૈયે, હો સંતો, ભેદ;

સાચા સદ્‌ગુરૂ કોણ ? અને સદ્‌ગુરૂ કેવા હોય છે ? તેનું ભજન.

સદગુરૂ જેના સાચારે, તે તો સૌને સરખા ગણેજી;
સાચી તેની વાચારે, જુઠુ મુખથી નવ ભણેજી;
કોઈ બ્રાહ્મણ કોઈ વાણીયા, કોઈ સૈયદ ને કોઈ શેખ ;
બ્રહ્મજ્ઞાનેથી જોઈ લો ભાઈ, આત્મા છે સૌમાં એક ;
આ નાતો પડી ગઈ જુદીરે, પણ માતા તો સૌને સરખા જણેજી ;
જ્યાંથી હિન્દુઓ આવીયા, અને ત્યાંથી જ આવ્યા મુસલમાન ;
જ્યાંથી યહુદીઓ આવીયા, અને ત્યાંથી જ આવ્યા ખ્રિસ્તીયન ;
અજ્ઞાનીને મન જુદારે, પણ બ્રહ્મજ્ઞાની કોને જુદા ગણેજી ;
વટાળ શબ્દનો અર્થ ન જાણે, કહે છે કે વટલાઈ જઈશું,
બ્રાહ્મણના ઘેર ભંગી વટલાયો, એ તો કેવી નવાઈ ;
પણ ભેદ એના છે બહુ ઉંડારે, એવો રસ્તો છે વિકટ ઘણોજી ;

ભૂતકાળમાં સન ૧૯૬૫ની સાલમાં, **આપણા સતપંથ સમાજની ટીકાઓ કરનારાઓને બોધપાઠ** લેવા હેતુથી જ, મારા નિમિત્તે જે કાવ્યપદની રચના કરીને, સમાજમાં પ્રસિધ્ધ કરેલ. અને તેજ પદની કાવ્ય રચનાને, ફરીથી સન ૧૯૮૧ની સાલમાં, દેશાઈપુરા કમ્પા મુકામે, નૂતન મંદિરના ઉદઘાટન પ્રસંગે, **સતપંથી બાળપોથી** નામનું પ્રકાશન છપાવેલ. તેમાં જ જે કાવ્ય પદની પ્રસિધ્ધી કરેલી. અને **તે સતપંથી બાળપોથીના** પ્રકાશકો મુખ્ય-૭ના નામો નીચે મુજબ છે.

(૧) સ્વ. પંડિત શ્રી ધનજીભાઈ વાલજીભાઈ (૨) સ્વ. કમિટી સભ્યશ્રી કેશુભાઈ રામજીભાઈ (૩) હમારા બંધુશ્રી દેવજીભાઈ કાનજીભાઈ (૪) શ્રી હંસરાજભાઈ ગોવિંદભાઈ (૫) મુખી શ્રી મગનભાઈ દેવજીભાઈ (૬) શ્રી વસરામભાઈ વાલજીભાઈ. આમ આ **સતપંથી બાળપોથી** તે સમયમાં ખૂબ જ લોકપ્રિય બનેલી. ત્યારે તેની **બીજી આવૃત્તિના પ્રકાશકો વડા ગામના વતની શ્રી સોમદાસ હરજીભાઈ હતા. તે સતપંથી બાળપોથીમાં,** જે કાવ્ય પદની રચના સન ૧૯૮૧માં પ્રસિધ્ધ થયેલી હતી. તે જ કાવ્ય પદની રચના આ **હાલના પ્રકાશનમાં** નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અને આ કાવ્યમાં **આપણી પીરાણા સંસ્થાની જ પ્રશંસાઓ તથા સતપંથ ધર્મના મર્મનો ગુઢભેદ ભાવાર્થ તેવા કાવ્ય પદની રચનામાં સમાયેલ છે.**

કાવ્યપદ : લેખક :- અંતર આત્માના ઉદ્‌ગારો

રાગ *(આ દુનિયામાં, ના કરવાનાં, કરી રહ્યા સાં કામ, કહોને કયાંથી રીઝે રામ (૨) કહોને;*
સતપંથ સૌ પંથોનો રાજા, સમજો શ્રોતાજન, ટાળો, ભ્રમણાને અજ્ઞાન (૨) ટાળો ;
*સૌ પંથોની **પટરાણી** સંસ્થા, **પીરાણા** છે રૂડુ ધામ, તેમાં સૌનું સનમાન (૨) તેમાં ;*
સતનું શોધન સૌએ કરતા, અડસઠ તીરથ યાત્રા ફરતા;

S-151

સૌ ધામોનો છે એક જ દાતા, તેનો કોઈ વિવેક ન કરતા;
પણ પોત પોતાના પંથો માં રહીને, (૨) થાતા સૌ મસ્તાન, તેમાં ખોટું છે. અભિમાન (૨) સતપંથ.
જ્ઞાતી, જાતીને પંથોના વાડા, તેવા પંથોના બન્યા અખાડ ;
અરસ પરસના ભેદ ન જાણ્યા, એક બીજાથી રહી અજાણ્યા ;
પણ એક બીજાના પંથોના માટે, (૨) ઉપજે નહી જો માન, તો તેમાં ખોટુ છે અભિમાન (૨) સતપંથ
: હિન્દુઓ અને મુસલમાન જાતી, એ જાતીની નામોમાં ભ્રાન્તી ;
જાતીની કયાંય પુજા નવ થાતી, ગુણ અને કર્મોમાં પ્રિતી ;
નામો અને એ રૂપો જુદા પણ, સૌમાં છે અલ્લાહ રામ, સમજો સૌમાં આતમરામ (૨) સતપંથ

● અંતમાં ૭૨ વર્ષનો બુઢો બાવો (અનામી અંતરઆત્માની) સંક્ષિપ્ત આત્મકથા ●

● એટલે કે આ ૭૨ વર્ષના બુઢા બાવાના આત્માની નાંભી માંનો ગેબી અવાજ ●

ગેબી અવાજ એટલે ભાવાર્થ, હેતુ એ જ છે કે, હાલમાં ગત છ વર્ષના સમયથી સન ૧૯૯૦થી સન ૧૯૯૬ના સમય સુધીમાં, આ લેખકને **ભૂગર્ભમાં અને મુર્છિત અવસ્થામાં,** સમગ્ર જ્ઞાતી સમાજથી અલિપ્ત અને અદ્રશ્ય રહેવાનું થયેલ. અને સતપંથ સમાજમાં, જે, જે મંદિરોનાં ઉદ્દઘાટનો, કચ્છ તથા ગુજરાત ભરમાં થયેલાં, તેમજ પીરાણા સંસ્થામાં, ગત વર્ષોથી બાળશિબિરોના આયોજનો થતાં રહેલાં. તેવા ધાર્મિક પ્રસંગોમાં, આ લેખકને કોઈએ આમંત્રણ આંપવાનો વિવેક વિચાર પણ નહિં કરેલ. **તેમ આ લેખકની સતપંથ સમાજે ઉપેક્ષાઓ કરી છે.** કારણ કે, આમ આ ગત ૬ વર્ષના સમય અગાઉની, આ લેખકની યુવાનીના સમયથી જ સન ૧૯૫૦ની સાલથી છેવટના સન ૧૯૯૦ના સમય દરમ્યાનમાં, **૪૦ વર્ષમાં કેટલા ધાર્મિક પ્રસંગો ઉજવાયા ?** તેની આજના યુવાનોંને યાદ પણ નહી હોય.

સંસ્થામાં સક્રિય કામ કરેલ છે

માટે મારા સતપંથી મિત્રો જ્યારે છેવટના ધાર્મિક પ્રસંગ, આપણી સંસ્થાના હાલના **આચાર્યશ્રી કૃષ્ણદાસજી મહારાજનો** કચ્છમાં ૨૫ દિવસમાં પ્રવાસમાં, **આ લેખકની હાજરી હતી.** ત્યારે કચ્છમાં ઉજવાતા ગામે ગામના પ્રસંગોની નોંધ, આ લેખકંના અનુભવ પ્રમાણે લીધેલી. છેવટના **ભૂજ મુકામે** જાહેર પ્રસંગમાં, સંચાલકોએ દરેક પત્રકારોને, ગરમ શાલની ભેટ આપવામાં આવેલી. ત્યારે આ લેખકને **(ભાવથી કે અભાવથી)** પણ ગરમ સાલની ભેટ, મમાઈ મોરા ગામના મારા મિત્ર શ્રી પચાણભાઈ કરસનભાઈએ અર્પણ કરેલી. એટલે યાદ અપાવવાનું સબળ કારણ એ જ છે કે આ લેખકની ૭૨ વર્ષની ઉંમર સુધીમાં સેવા અને પરમાર્થ હેતુથી, **પીરાણા સંસ્થાનાજ વહીવટના કાર્યમાં મદદગાર થયેલ.** તેમજ પીરાણા સંસ્થાના જ સદગુરૂ **શ્રી ઈમામશાહ બાવાના જે આદર્શો તથા સિધ્ધાંતો તેમના ઉપદેશમાં તેવા આદર્શો, પૂજ્ય સ્વ. મહાત્મા ગાંધી બાપુના આદર્શો સમાન છે.** તેવી સમિક્ષા કરવા **સ્વ. મહાત્મા ગાંધીજીના ફોટાઓથી** તમામ સાહિત્યો મારા નિમિત્તે છપાયેલ હતાં. અને તેવા સમયમાં, સતપંથ સમાજે આ લેખકના અનુભવોની ખૂબ જ પ્રશંસાઓ કરી હતી. તેમ છતાં અને પરંતુ સન ૧૯૯૦ના સમયથી સન ૧૯૯૬ના સમય સુધીમાં જ, **આ લેખકને ભુગર્ભમાં યાને સમગ્ર સમાજથી અદ્રશ્ય, અલિપ્ત રહેવાનું કેમ થયેલ ?** તેમાંના સબળ કારણોમાં **આ લેખકની સંક્ષિપ્ત આત્મકથા નીચે મુજબ છે.** અને તેમ ભૂગર્ભમાં રહેવાના સબળ કારણોમાં લેખકના અનુભવોની ઉપેક્ષાઓ તથા જાહેર સમાજમાં, કેવાં અપમાનોની બદનામી અને તિરસ્કાર **થયેલ. તેવી કરૂણ કહાણી** આ પ્રથમ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવાનું કારણ કે **આ ૭૨ વર્ષના બુઢા**

S-151

બાવાની આજ પછીથી કયારે આંખ મિચાય ? અને જો કુદરતના કાયદા મુજબ **આ લેખકની જો આંખ મિચાય તો ? ડુબ ગઈ દુનિયા.** એટલે જ નીચે મુજબના **તિરસ્કારના બનાવોની સંક્ષિપ્ત આત્મકથા, નાટકના સ્વરૂપમાં પ્રગટ કરીને** સમાજનું જે રુણ હોય તેમાંથી મુકત થઈ, અંતિમ વિદાય લેવા હેતુથી નીચે મુજબની વિગતો પ્રસિધ્ધ થાય છે. માટે મારા **આત્મિય ગુરૂબંધુઓ નીચેની સત્ય ઘટનાઓમાંથી તત્વ સાર ગ્રહણ કરવા વિનંતી.**

(૧) પ્રથમ લેખકની ઉપેક્ષાનો બનાવ : જ્યારે પીરાણા સંસ્થાની બાજુના હીમપુર લાટમાં રહેતા શ્રી ભાણજીભાઈ ખેતાભાઈના ત્રણ વારસદારોના, હકહિસાવાળી જે જમીન હતી, તે જમીનના વેચાણ, **ખાનગીમાં રાત્રીના સમયમાં, વૃધ્ધાશ્રમ બંધાવવાના શુભ હેતુથી થયેલાનું જાણવા મળેલ.** ત્યારે વેચાણમાં, ત્રણે વારસદારોને સરખે હિસ્સેથી હક જેને મળવા જોઈએ તેમ ન થતાં, હીમપુરના નારણભાઈ ભાણજીભાઈ તથા મુંબઈના શ્રી ~~[illegible]~~ ભાણજીભાઈનો આ જમીનમાં હક જ નથી. તેવું વેચાણ થતાં આવી સત્ય હકીકતો નારણભાઈ તરફથી આ લેખકને મળેલી. અને તેનાથી અગાઉ છ માસના સમય સુધીમાં નારણભાઈએ દરેકની સમક્ષ ફરીયાદીઓ કરી હતી. તેમ છતાં તે વખતે, નારણભાઈનો હક હિસ્સો અપાવવા કોઈ મદદગાર ન થઈ શકયા. ત્યારે **આ લેખકે તેમાં દરમ્યાનગીરી કરી હતી .** અને નારણભાઈના નામેથી તેવી મતલબ હેતુની જાહેર પત્રિકા સમાજને જાણ માટે મારા નિમિત્તે પ્રસિધ્ધ થયેલી. તેમાં કોઈના ઉપર આક્ષેપ કે બદનક્ષીના જેવી વિગત પણ ન હતી. અને તેવી વિગતોના આધારે **ક્રિમીનલ ફરીયાદી થાય તેમ ન હોવા છતાં, પરંતુ તદ્દન ખોટી અને બનાવટી ક્રિમીનલની ફરીયાદીઓ હમો ૪ ઈસમોના ઉપર કરવામાં આવેલી. ત્યારે તેવા બનાવમાં અમારો શું અપરાધ ? અને અમારી કેવી અને કેટલી ભુલ હતી ? અને હમારા ઉપર ક્રિમીનલની ફરીયાદી થઈ ?** તેમ છતાં તે સમયમાં સમાધાન માટે કોઈએ દરકાર કરી ન હતી. અને છેવટના ૧૨ માસના સમય પછી એ બાબતમાં નારણભાઈને તથા ~~[illegible]~~ **હકની કિંમત રૂા. ૧ લાખ ૬૦ હજાર આપવાની માહિતી મને નારણભાઈએ જણાવેલ.** આમ આ બનાવમાં જો પ્રથમથી જ નારણભાઈનો હક ન આપતાં, હકની માગણીના બદલામાં ક્રિમીનલ ની ફરીયાદો થઈ હોય તો તે કેટલા અંશે વ્યાજબી હતી ? તેની સમીક્ષા વાંચકોજ વિવેક બુધ્ધીથી કરે તેવી અપેક્ષા છે.

તેમના સામે પણ ખોટા અને બનાવટી કેસો થયેલ છે.

(૨) બીજો બનાવ : સન ૧૯૯૧ની સાલમાં, એક ધાર્મિક પ્રસંગમાં, **કાદીયા ગામના આશ્રમમાંથી અમારા અરજણભાઈનું,** મધરાત્રીના સમયમાં અપહરણ થયેલ. ત્યારે આ કરૂણ ઘટના કેવા પ્રકારની ? અને અપહરણ કોણે કર્યુ ? તેવી **હમદર્દી** કે તેની તપાસની સમિક્ષાકરવાની લાગણી મમતા કોઈ દર્શાવી ન શકયા. તેમજ **અમારા અરજણ ભાઈ** કચ્છમાં તેવા બનાવની ફરીયાદી કરાવી ન શકયા.

માટે હમોએ તેવી ફરીયાદીના સ્વરૂપમાં, તેવા બનાવનું એક નિવેદન ટાઈપ કરાવીને **પીરાણા સંસ્થામાં** જ આવા બનાવનું સમાધાન કરાવવાના હેતુથી, હમારા સ્વ. પૂજ્ય શ્રી કાનજીબાપાના ત્રણ વારસદારોના ચિરંજીવીઓ સમગ્રના નામો વાળું નિવેદન અર્પણ કરેલ. તેની સાથે સાથે તેવી ઘટનાને સમગ્ર સમાજ તરફથી, ઈન્સાફ અપાવી શકાય તેવા હેતુથી એક જાહેર પત્રિકા છપાવીને, ગુજરાત ભરમાં તથા કચ્છમાં ગામે ગામ મોકલાવેલી. અને તેવી જાહેર પત્રિકાની વિગતો છપાવવાના હેતુમાં હમોએ જાહેર કરેલું કે આવી કરૂણ ઘટના આપણા કચ્છ કડવા પાટીદાર સમાજમાં, ભૂતકાળમાં તથા વર્તમાન કાળમાં, કદી બનાવ બન્યો ન હતો. તેવી સમગ્ર સમાજને કલંક લગાડતી આ ઘટના છે. તેમજ તેવી જાહેર પત્રિકા છપાવવાનો હેતુ, કોઈને, આ બાબતે કોર્ટોમાં ફરીયાદો કરવી ન પડે, અને સમાધાન સમાજ તરફથી જ કરાવી શકાય. આવી સ્પષ્ટતા તેજ પત્રિકામાંજ જાહેર કરી હતી. અને અમારા અરજણભાઈના ઉપરનો, અત્યાચાર કે બળ

S-151

ત્કાર કેવા પ્રકારનો હતો ? અને જે નિર્દોષ અરજણભાઈને, **મા જણ્યા નગ્ન કરીને, ઢોરની જેમ મુઢ માર મારીને તમામ વસ્તુ , કપડાંની થેલી તથા સાહિત્યો રોકડ રકમ વગેરે ઝૂંટવી લઈને, જેમ જંગલમાં કૂતરા બિલાડાને સાણસામાં લઈને નાખી દેવામાં આવે છે ? તેમ તેવી દુર્દશા કરનારા કોણ ? કારણ કચ્છમાં અમારા અરજણભાઈના કોઈ દુશ્મન ન હતા. માટે આવા બનાવની જાહેર પત્રિકાથી સમાજને જાણ કરેલી હતી.**

પરંતુ અમોએ હમારી જાહેર પત્રિકામાં, જે ૧૦-૧૨ વારસદારોના નામો જાહેર કરેલાં, તેવાં જાહેર પત્રિકામાંના નામોના આધારેથી જ **ભૂજની કોર્ટમાં સનં ૧૯૯૧ની સાલમાં હમો બે ભાઈ તથા હમારા વારસદારોના તમામના ઉપર બદનક્ષીની ફરીયાદી કરવામાં તેના સાક્ષી ૧૨ પ્રતિનિધિઓ હતા.** અને જે પ્રનિનિધિઓ કચ્છમાં **સતપંથ સેવા સમિતિના નામે, સતપંથ સમાજની સક્રિય સેવા કરે છે.** અને તેઓ સૌની સેવા **સતપંથ જ્યોત** માસીકોમાં પ્રસિધ્ધ થાય છે. તેવી સન ૧૯૯૧ સમયથી ફરીયાદી દાખલ થયેલી અને છેવટના સન ૧૯૯૬ ના સમય સુધીમાં આ ફરીયાદી ભુજની કોર્ટમાં ચાલી. ત્યાં સુધીના સમયમાં, ભૂજની કોર્ટથી, હમારા ચિરંજીવીઓ ઉપર પોલીસ ખાતા તરફના જે વોરંટ સમસ દરેક મુદતોના આવતા રહેલા. તેના કારણોસર હમારા કુટુંબ વારસદારોને કેટલી હેરાનગતી ? અને કેટલુ આર્થિક નુકશાન ? તેનો વિવેક વિચાર કચ્છ તથા ગુજરાત ભરના કોઈ સતપંથી તથા સનાતની શુભેચ્છકોએ કરેલ ન હતો.

તેમનું અપહરણ અને તેમના પર શારીરિક હુમલો

(૩) ત્રીજો બનાવ: પીરાણા મુકામે જ્યારે આ લેખકને અનાયાસે દર્શન કરવા જવાનું થયેલ. ત્યારે લેખકના હાથમાં કેમેરો અને કલમ સિવાય બીજુ કોઈ સાધન ન હતું. તેમ જ કોઈ બોલચાલ પણ ન હતી. તેમ છતાં આપણી સંસ્થાના ગાદીપતીની કચેરી આગળ જ લેખકના ઉપર હુમલો થયેલો. અને આ લેખકને અનામુસી માર મારતા મારતા **સંસ્થાની મેડી ઉપરથી ઢોરની જેમ ઢસડી લઈ જઈને, બળજબરીથી ટ્રેકટર ઉપર નાખીને,** એ વખતે ટ્રેકટરમાંના જુવાનીયાઓએ આ લેખકની હકાલપટ્ટી કરી. હતી તેનું સંપુર્ણ વર્ણન કલમથી કરી ન શકાય. તેવું લેખકની (ગુપ્ત ઈન્દ્રીયોને દબાવીને મારી નાખવાનું) તેમજ લેખકને કુવામાં નાખી દેવાની યોજનાઓ વિચારતા હતા. છતાં તેમ ન કરતાં ત્યાંના બાજુના **કંપામાં, જ્યાં ચરોતરના ગોકુળભાઈ પટેલ રહે છે ત્યાં પ્રથમ લઈ ગયા** અને પછી ત્યાંથી બાજુના કંપામાં એક બંધ ઓરડામાં રાત્રીના સમયમાં પુરી દેવામાં આવેલ. અને તે વખતે સાધન લેખકની પાસે જે કેમેરો તથા રોકડ રકમ તથા (ગરમ સાલ જે કચ્છમાંથી સન ૧૯૮૯ ના ભૂજના જાહેર પ્રસંગમાં સતપંથી મિત્રોએ, ભેટ અર્પણ કરેલ તેજ ગરમ સાલ) વગેરે ઝુંટવી લીધેલ.

ત્યારે આવા બનાવની વિરૂધ્ધમાં અસલાલી પોલીસ ખાતા તરફથી ફરીયાદી મીરજાપુરની કોર્ટમાં દાખલ થયેલી. આમ આવી જાતના બનાવોની ફરીયાદીઓમાં સન ૧૯૯૦ થી ૧૯૯૬ સુધીમાં આપણા સમાજે કોઈએ સમાધાન કરાવવાની દરકાર કે હમદર્દી દર્શાવી ન હતી. તેમ છતાં હમોએ આવા બનાવની સામે, **આપણા સદગુરૂની કૃપા અને હિંમતથી સામનો કરવા (ભુગર્ભમાં રહીને જ શકિત મેળવી છે.)** ત્યારે સામસામી અમારી ફરીયાદીનું સમાધાન કરાવવામાં **હિંમતનગરનામૂળ વતની અને લેખકના જુના મિત્ર શ્રી નટુભાઈ ઉપાધ્યાયનેજ હમદર્દી લાગણી મમતા તેમના દિલમાં જાગૃત થઈ.** અને તેઓશ્રીએ **અમદાવાદના પીરજાદા સતપંથી એસ. બી. સૈયદશ્રી શમ્સુદ્દીન બાવજીના** સહયોગથી, ઉપરોકત ક્રિમીનલ ફરીયાદીઓનાં સમાધાન કરાવેલ. **માટે શ્રી નટુભાઈ ઉપાધ્યાયને તથા એસ.બી સૈયદ સાહેબને આ લેખકની આત્મકથામાં અભિનંદન આપીને તેમના રુણમાંથી મુકત થવાની મારી ફરજ અદા કરું છું.**

પરંતું જેઓ કચ્છ વિભાગના મારા મિત્રોએ માત્ર હમારી જાહેર પત્રિકાને આધારે ક્રિમીનલની ફરીયાદીઓ કરાવેલી, ઉપરાંત કચ્છમાંના સતપંથ સમાજે હમો બે ભાઈઓને સમાજમાંથી બહિષ્કાર જાહેર

સૈય્યદ શમશુદ્દીન બાવાનું પીરાણામાં ચાલે છે એટલે સમાધાન થયું

S-151

કરેલો હતો. ત્યારે તેમાં તેઓ બધા નિર્દોષ અને નિષ્કલંકી ભગવાનના સાચા ભકતો હતા? કે આ ઘટના તેઓ સૌના માટે કલંકરૂપ ઘટના હતી? તેવું જ્ઞાન કે ભાન આ પ્રકાશન વાંચવાથી સૌને થઈ જશે.

દાખલા તરીકે હાલમાં **ગુજરાત રાજ્યના રાજકારણમાં,** ગુજરાતના મુખ્ય મંત્રી પ્રથમ શ્રી કેશુભાઈ હતા. પછી મુખ્ય મંત્રી શ્રી સુરેશ મહેતાનું શાસન હતું. પરંતુ ભાજપના પક્ષમાં બળવો થયેલ અને તેમાં મતભેદો પડયા તે આપ સૌની જાણમાં છે જ. અને ત્યારે અમદાવાદમાંની જાહેર સભામા, **પીઢ નેતા શ્રી આત્મારામ પટેલ ઉપર ધોળા દિવસે હુમલો કરીને, તેમને મુઢ માર મારીને તથા નગ્ન અવસ્થાઓ કરીને જે હકાલપટ્ટી કરી હતી** તે (જેમ કૌરવોની ભરી સભામાં દ્રૌપદીના ચીર ખેંચાયાં) **તેમ ભાજપ પક્ષના જ પીઢ નેતા શ્રી આત્મારામભાઈની છેડતી કરવાના પરિણામે,** તેના અનુસંધાનમાં એક કહેવત યાદ આવે છે કે

(હાથમાં ડંડો, બગલમાં મોઈ, ગુજરાત લેવા જતાં હવેલી ખોઈ)

કુદરતનો જ કાયદો આવી બાબતોમાં જે કર્મ કાર્ય કરી રહેલ છે તે માટે કહેવત છે કે

(જેવી કરે જે કરણી, તેવી તુરત ફળે છે. બદલો ભલા બુરાનો અહીંનો અહીં મળે છે.

ઉંચે ચડે છે જ્યારે, સહુને જે તુચ્છ ગણતા, પટકાય જ્યારે નીચે ત્યારે સમજ પડે છે.

ઉપરના ઉદાહરણ આપીને સમગ્ર જ્ઞાતી સમાજના મિત્રોને નમ્ર વિનંતીથી જણાવવાનું છે કે અમારા અરજણભાઈશ્રીની અપહરણની છેડતી કરનારાને તથા આ સંકલન કરનાર **લેખકના ઉપર, પીરાણા મુકામે હુમલો કરનારાઓને તેવા સૌને આપણા સદગુરૂ શ્રી ઈમામશાહ બાવા સદબુધ્ધિ આપે. અને કોઈને કુદરતના તરફથી કોઈપણ જાતની તકલીફ ન થાય, તેવી દરેકના પ્રત્યે હમારી ઉદારતા અને ક્ષમાભાવ છે.** અને આ બનાવની સત્ય ઘટના નાટકના સ્વરૂપમાં આત્મકથાનું વર્ણન સમાજને સત્ય હકીકતની જાણ માટે તથા મનોરંજન માટે જ છે.

સતપંથ ધર્મના હિત માટે ખુબ મોટો ફાળો છે

લેખક અનામી અંતરઆત્માના પરમાર્થ હેતુના સતકર્મ કાર્યોની સંક્ષિપ્ત રૂપરેખા :

(૧) સૌ પ્રથમ સન ૧૯૫૦માં સતપંથ વિરૂધ્ધ લેખ લખનાર સ્વ. **નારણભાઈ રામજીબાપાની વિરૂધ્ધમાં** (સામટો જવાબ) ના શિર્ષકથી **મુખી સ્વ. દેવજીભાઈ લાલજીભાઈના સહયોગથી પ્રસિધ્ધ થયેલ જવાબ.** (૨) સન ૧૯૫૫ની સાલમાં **(દેસાઈપુરા કંપા મુકામેજાહેર સંમેલન ત્રણ દિવસનો ભવ્ય પ્રસંગ)** (૩) સન ૧૯૬૧ની સાલમાં **વડાલી વિભાગમાં વાલજીભાઈ કાનજીભાઈની** જાહેર પત્રીકાની ટીકાનો જવાબ પાના ૩૦નું પ્રકાશન વડાલી વિભાગમાં પ્રશંસાને પાત્ર બનેલ. (૪) સન ૧૯૬૭માં કચ્છ આણંદસર ગામે **લક્ષ્મી નારાયણ મંદિરના ઉદ્ઘાટનના પ્રસંગમાં જ આર્ય સમાજી શ્રી નાનજીભાઈ કાનજીભાઈએ જાહેર સભામાં** કરેલી ટીકાઓના વિરૂધ્ધમાં છપાવેલી જાહેર પત્રિકા પુસ્તક નામ **(આણંદસરની સત્યઘટના) શ્રી ભાણજીભાઈ રામજીભાઈ જે હાલમાં ભાણદાસ રામદાસ નામ છે. તેમના** સહયોગથી પ્રસિધ્ધ થયેલી. (૫) સન ૧૯૬૭માં **જાગૃતિ માસિક ધનસુરાથી પ્રસિધ્ધ થયેલ.** તેમાં તેમના માસીકોમાં આપણા સતપંથ સમાજની જાહેરમાં થતી ટીકાઓ વખતે, તેવા તંત્રીઓને જાહેરપત્રિકાઓથી આપેલી ચેતવણીઓ. સૌની જાણમાં છે.

(૬) સન ૧૯૬૮ની સાલમાં **જાગૃતિ માસીકની વિરૂધ્ધમાં, અખંડ જ્યોતિ ત્રીમાસિક** આ લેખકના નિમિત્તે બાર માસ સુધી ૧૨ [illegible] સુધી ૪ અંક પ્રસિધ્ધ થયેલા. તે વખતે સમગ્ર ગુજરાતભરમાં પ્રશંસા પામેલ. (૭) સન ૧૯૭૦ માં **લીખી કંપા મુકામે, સતપંથ સમાજને બોધપાઠ લેવા** ધાર્મિક જાહેર પ્રસંગ ઉજવાયેલ. (૮) તેવા સમય દરમ્યાનમાં **હડમતીયા કંપા ગૃપમાં થયેલ બંધારણ ભૂમિદાગ દેનારાઓનો બહિષ્કાર કરવાના**

વખતે હડમતીયા ના વતની શ્રીભાણજીભાઈ કાનજીભાઈના ત્યાં **(લગ્ન પ્રસંગમાં વિઘન)** નામથી એક જાહેર પત્રિકા આ લેખકના નિમિત્તે પ્રસિધ્ધ થયેલ. અને **તેવી પત્રિકાના પ્રકાશકો, સતપંથ સમાજના મુખ્ય ૨૦ સભ્યના નામોથી પ્રસિધ્ધ થયેલ હતી. અને સતપંથ સમાજમાં પ્રશંસાને પાત્ર બનેલ.** જેની નકલ ફાઈલમાં છે. (૯) પરંતુ જે વખતે આ લેખકને હડમતિયા કંપા જવાનું થયેલ તે વખતે હડમતિયા કંપાના યુવાનોએ આ લેખકના ઉપર કરેલ હુમલો અને અત્યાચાર. તેવા બનાવની આ લેખકે છપાવેલી જાહેર પત્રિકા સતપંથ સમાજમાં પ્રશંસાને પાત્ર બનેલ. (૧૦) સન ૧૯૭૭માં **કચ્છ નખત્રાણા મુકામે પ્રથમ અધિવેશનમાં,** કચ્છના સતપંથ સમાજે તેવા અધિવેશનનો બહિષ્કાર કરેલો, ત્યારે મોડાસા વિભાગમાંના આ લેખકની સાથે આવેલા **સ્વ. શ્રી ખીમજીભાઈ પ્રેમજીભાઈ તથા શ્રી ગંગારામભાઈ નાનજીભાઈ** વગેરે આ લેખકના સાથી હતા. અને તેવી જાહેર સભામાં તેમના ઠરાવ નંબર ૧૮નો જાહેર સભામાં વિરૂધ્ધ કરનાર લેખક અનામી અંતરઆત્માની સતપંથ સમાજે પ્રશંસા કરેલી. અને ત્યારે તે અધિવેશનમાં કોઈ વાદ વિવાદ થયેલો ન હતો. (૧૧) સન ૧૯૮૫માં ફરીથી **કચ્છ નખત્રાણા મુકામે બીજા અધિવેશનમાં,** તે વખતમાં આ લેખકનો પગ પાળા પ્રવાસ હિંમતનગરથી નખત્રાણા મુકામે હમારા અરજણભાઈ સાથે, તેવા અધિવેશનમાં ઉપસ્થિત રહેલા. ત્યારે તે અધિવેશનમાં ઠરાવ નંબર ૧૮ ની બાબતમાં, આ લેખકના નિમિત્તે જ જાહેર સભામાં વાંધો ઉઠાવેલ. ત્યારે તે દિવસની જાહેર સભામાં થયેલ ઉગ્ર તોફાન અને તેની વિગતો તે વખતે જ દૈનિક કચ્છ મિત્ર અખબારમાં આ લેખકના નામ નિમિત્તેથી જ વિગતોની પ્રસિધ્ધી થયેલી. (૧૨) ત્યાર બાદ **કચ્છમાં માનકુવા ગામે,** સમગ્ર કચ્છ વિભાગના ગામોએ સતપંથ સમાજની જનરલ સભા બોલાવેલી. અને આપણા સતપંથ સમાજની ટીકાઓ કરનારા સામે, કાર્ય કરવાના હેતુથી, તે વખતે એક સમિતિની રચના કરવામાં આવેલી. તેવી **સમિતિના પ્રમુખની નિમણુંક આ લેખક અનામી અંતરઆત્માની, તે વખતે શ્રી પચાણભાઈ કરસનભાઈ એજ કરાવેલી. તેમજ અમારા લીખી કંપાથી દિલ્હી પગપાળા પ્રવાસ, તેમજ તેવા પ્રવજાસનો સંપૂર્ણ અહેવાલ એંસી પાનાનો સ્મૃતિગ્રંથ છપાયેલો છે. તે સૌની જાણમાં છે. માટે સુજ્ઞવાચકો ઉપરની વિગતો હાલના શિક્ષિત નવયુવાોનને જાણ માટે પ્રસિધ્ધ થઈ છે.**

આ લેખકને સહયોગ આપનારા પુજ્ય સ્વ. વડીલોને શ્રધ્ધાંજલી :

ઉપરોક્ત ૧૨ મુખ્ય મુદ્દામાં જણાવ્યા મુજબ ગત ચાલીસ વર્ષના સમય દરમ્યાન આ લેખકના નિમિત્તની, પરમાર્થ હેતુની સંક્ષિપ્ત રૂપરેખામાં જણાવેલ વિગતો મુજબ આપણા સતપંથ સમાજમાં, હાલના ઉછરતી પેઢીના શિક્ષિત યુવાનો તથા શિક્ષિત મહિલાઓ વગેરેને યાદ અપાવવાનું છે કે ગત ચાલીસ વર્ષના સમય દરમ્યાન આ લેખકના અનુભવોનો ઉપયોગ કરાવનારા પુજ્ય વડીલો ગુજરી ગયા છે. તેવા વડીલો નીચે મુજબ છે. (૧) સ્વ. પૂજ્ય શ્રી અરજણભાઈ સવગણભાઈ ભગત (દેશાઈપુરા) (૨) સ્વ. પુજ્ય શ્રી સવજીભાઈ કરસનભાઈ (દેસાઈપુરા) (૩) સ્વ. વાલજીભાઈ ભાણજીભાઈ (દેસાઈપુરા) સ્વ. પુજ્ય લેખકના પિતાશ્રી કાનજીભાઈ રત્નાભાઈ (રામપુરા) સ્વ. મુખી શ્રી દેવજીભાઈ લાલજીભાઈ (કાનપુરા) સ્વ. પુજ્ય શ્રી રામજીભાઈ પેથાબાપા (દેગામ) સ્વ. પૂજ્ય શ્રી નથ્થુબાપા (વડાલી કંપા) મેધપુરા કંપાના સ્વ. ગોવિંદભાઈ મેઘજીબાપા વગેરે પૂજ્ય વડીલો સંતોના આર્શીવાદ તથા સહયોગથી જ ઉપરોકત તેવા સર્વે પુજ્ય વડીલોને શ્રધ્ધાંજલિ અર્પણકરવામાં આવે છે. આવા કાર્યો મારા નિમિત્તે થયેલાં તેમાં સમગ્ર સમાજનું તથા આપણી સંસ્થાના નામનું ગૌરવ વધારેલું હતું.

ત્યારે પરંતુ હાલ વર્તમાન સમયમાં, છેલ્લા ગત **છ વર્ષમાં જે લેખકની વિરૂધ્ધમાં વાદ વિવાદ સંઘર્ષો થયા** તેવી હકીકતો જે પ્રસિધ્ધ કરવામાં આવી છે. તે **પણ ફકત એક નાટકના પાત્રની જેમજ આ**

S-151

લેખકના શરીરની ઉંમર બોત્તેર વર્ષની થયેલ તેથી જ આ લેખકને ઉપમા યાને સંજ્ઞા (બોતેર વર્ષના બુઢા બાવાની આપીને સંકલન થયેલ છે.) માટે આવી આ લેખકની આત્મકથા વાંચન કરનારા કોઈએ વાદ વિવાદ કે આજ પછીથી સમાજમાં ખોટી અફવાઓ ન ફેલાવે તેટલી નમ્ર પ્રાર્થના છે.

(૨) અને સતપંથી મિત્રોને ખાસ યાદ અપાવવું જરૂરી છે કે **ગત ૪૦ વર્ષમાં જે આપણા સતપંથ સમાજની ટીકાઓ કરતા હતા** ત્યારે તેવાઓને જે જે વર્ષમાં, જે આપણી સતપંથ સમાજની ટીકાઓ કરનારાઓ જે જે આગેવાનો હતા તેવાઓને **(જેમ કે જાગૃતી માસિકના તંત્રી શ્રી નાનજીભાઈ કાનજીભાઈ)** તથા સ્વ. **શ્રી શામજીભાઈ સવગણભાઈ વડાગામ વાળાને) તથા તખતગઢ કંપાના સનાતની મિત્રોને તથા પાટીદાર સંદેશ માસિકના તંત્રીઓશ્રી શામજીભાઈ વગેરેને સંબોધીને** આ લેખકની કલમથી તેઓ સૌને જાહેર પત્રિકાઓથી જ, કડવી મીઠી ભાષામાં, તેમની ટીકાઓ કરવાની મનોવૃત્તિઓ સામે, છેવટના ત્રણ ઈસમોને રૂા. ૩ લાખના એલાન, જાહેર પત્રિકાઓથી આ લેખકના અનુભવથી અપાયેલ. અને તેવી છેવટના એલાનની જાહેર પત્રિકા સન ૧૯૮૯ની સાલમાં પ્રસિધ્ધ થયેલ. અને તે સતપંથ સમાજમાં પ્રશંસાને પાત્ર બનેલ. એટલે અત્રે આ હકીકત યાદ અપાવવાનો હેતુ એ જ છે કે તેવી આ લેખકની જાહેર પત્રિકાઓની વિરૂધ્ધમાં, તેવા આપણા જ્ઞાતી સમાજનાં સનાતની આગેવાન મિત્રો કોઈએ આ લેખકની સામે કોર્ટોમાં લેખકની પત્રિકાઓ વિરૂધ્ધ બદનક્ષીની ફરીયાદીઓ કરી જ કરાવી ન હતી. ઉપરાંત શ્રી નાનજીભાઈ કાનજીભાઈએ લેખકને મિત્ર ભાવે પત્ર લખીને સદભાવના દર્શાવેલી. અને પાટીદાર સંદેશના માસિકના તંત્રી શ્રી શામજીભાઈ પટેલની લેટરબુકથી આ લેખકને તા. ૮-૯-૮૯ ના દીને પત્ર લખીને લેખકના અનુભવની પ્રશંસા કરેલી. તેમજ સન ૧૯૮૯ની સાલમાં તે સમયમાં કચ્છના શ્રી ભાણજીભાઈ રામજીભાઈએ, પણ આ લેખકના એલાન વાળી પત્રિકાને એક પત્ર તા. ૨૯-૧૨-૮૯ ના દિવસે લખીને અનિભનંદનનું પ્રમાણપત્ર આપેલ છે. પરંતુ ત્યારબાદ જે કચ્છના સતપંથી મિત્રોએ હમારી સામે ઉપરોક્ત વિગતોમાં જણાવ્યા મુજબનું જે ફરિયાદી કચ્છ, ભુજ ની કોર્ટમાં કરાવેલી ત્યારે તેવી ફરીયાદી કરાવવામાં તેઓ સર્વે નિષ્કલંકી છે ? કે કલંકિત છે. ? તેની તુલના વાંચકોએ કરવી.

પાટીદાર સંદેશના તંત્રી, શ્રી શામજીભાઈએ લેખિત પ્રશંશા કરેલ છે

લેખક સમગ્ર જ્ઞાતી સમાજની સાથે જ રહેવા છતાં,

(એકલવાયો અનામી અંતરઆત્મા)

લેખક અનામી અંતરઆત્માની આત્મકથાના અનુંસંધાનમાં, (કવીની રચના)

ડગલે ડગલે, સાવધ રહીને, પ્રેમળતા પ્રગટાવે જા,
અંતરના અજવાળે વીરા, પંથ તારો કાપે જા,
કાંટા આવે, કંટક આવે, ધોમ ધખંતી ધરતી આવે,
પણ ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધારી ચાલ્યો જા.
હિંમત તારી ખોતો ના, સ્વાર્થની સામે જોતો ના,
શિસ્ત શાન્તીને સેવાનો તું, બોધપાઠ સૌને આપે જા,

સદગુરૂ સૈયદ પીર ઈમામ શાહ બાવાની અસીમ કૃપાથી અનામી અંતરઆત્મા

હમારા સતપંથી સનાતની, આત્મિય બંધુઓ બહેનો જોગ **નૂતન પ્રેરણા સંદેશો છે કે,** હાલ ગત તા. ૧૧-૮-૯૬ ના દીને અમદાવાદ ટાગોર હોલમાં, **(શાન્તિ પેગામ સમિતિના સહયોગથી)** જાહેર પ્રસંગ,

વેદો તથા કુરાનની આયાતોનું, જ્ઞાનગોષ્ઠિનું આયોજન કરવામાં આવેલ. ત્યારે તેવા પ્રસંગની વિગતો, બીજા દીવસે તા. ૧૨-૮-૯૬ના દીને દૈનિક અખબારમાં જ પ્રસિધ્ધ થયેલ. (તે ગુજરાત સમાચાર તા. ૧૨-૮-૯૬ના પાનની જ અક્ષરસ વિગત નીચે મુજબ છે.) આ પ્રસંગમાં લેખકની હાજરી હતી.

શિર્ષક : (વેદ તથા કુરાનનો આત્મા તથા હૃદય એક જ છે.)

આ પ્રસંગે **ભાગવત વિદ્યાપીઠના આચાર્યશ્રી કૌણ્ડિન્ય શાસ્ત્રી** અને તેમના વેદપાઠી છાત્રોએ, પ્રારંભમાં ચારે વેદોના મંત્રોની પારાયણ કરી હતી. અને ત્યારે તેમની સાથે, **અયોધ્યા, રામપુર અને દિલ્હીથી આવેલા કાજી મોલવી ધર્મપુરૂષો જે કાજીઅતાઉલ્લા અને કાજી વજી દુલાએ, વેદોને જ સમાન વિચાર ધરાવતી કુરાન શરીફની** આયાતોની પારાયણ, જાહેર સભામાં કરાવી હતી. આ પ્રસંગે ખાસ **ઉદયપુરથી** સંસ્કૃત કોલેજના **આચાર્ય પંડિત શ્રી રામદાસ મિશ્રાએ, અને અયોધ્યાથી આવેલા** મુસ્લીમ સમનવય વાદી સુધારક અને વિચારક **શ્રી અબ્દુલા તારીકે** પ્રસંગીક પ્રવચનો કર્યા હતાં. અને તેઓએ કહ્યું હતું કે, આપણે બધા મુળ પરમાત્મા ઈશ્વરમાંથી જ વિખૂટા પડયા છીએ, અને આપણે બધા એક ઈશ્વર યાને એકજ ખુદાના સંતાનો છીએ. પરંતુ હાલમાં કોમી સંઘર્ષો વધારી રહયા છે. એટલે જ મતભેદો વધ્યા છે. પરંતુ આપણે બધા **એક જ ઈશ્વર યાને ખૂદાના સંતાનો છીએ**

અને આ પ્રસંગમાં, **વેદમૂર્તિ પંડિત શ્રી વિષ્ણુદેવે** જણાવ્યું હતું કે, (વેદ અને કુરાનનો આત્મા અને હૃદય એક જ છે.) માટે આવા કાર્યક્રમમાં, **વેદ અને કુરાને શરીફની, સમાન અર્થવાળી,** બોધપ્રેરિત મંત્રાવલી અને કુરાનશરીફની આયાતોનું, અનુક્રમે **શ્રી ધનરાજ પંડિતે તથા કાજી શ્રી આતાઉલાએ** પઠન કર્યુ હતું. આમ આ સમગ્ર કાર્યક્રમનું આયોજન, **અમદાવાદના મુબીન હોસ્પીટલના ડૉ. એમ. શરીફે તથા આચાર્ય વિષ્ણુદેવ પંડિતે** કર્યુ હતું. તેવા આ કાર્યક્રમમાં હજારો હિન્દુઓ તથા મુસ્લિમ બીરાદરોએ ભાગ લીધો હતો. ત્યારે તેઓ સૌને, આ પ્રસંગના સંચાલકો તરફથી ઉપરોકત **વેદ તથા કુરાનની આયાતોવાળી પુસ્તિકાઓ ઉપસ્થિત રહેનારાઓને ૧-૧ પ્રત ભેટ આપવામાં આવી હતી.**

આ નોંધ કરનાર **લેખક અનામી અંતરઆત્માને આવી સદર પુસ્તિકાઓ ભેટ મળી હતી.** તેથી આવા પ્રસંગોમાંથી જ પ્રેરણા મેળવીને **હાલમાં આ સ્વાધ્યાયપોથી જ્ઞાન ગોષ્ઠિ સંવાદનું સંકલન થયેલ છે.** માટે આ સંકલન સમગ્ર જ્ઞાતી સમાજને તથા અન્ય ધાર્મિક શ્રધ્ધાળુઓને બોધપાઠ લેવા સમાન બાળપોથી જેવું પ્રાથમિક ભૂમિકાનું આ સંકલન છે. તેમાં વાચકોની દ્રષ્ટિએ ક્ષતિ જણાય તો દરગુજર કરવા વિનંતી.

સતપંથી મિત્રો, ભારતના સ્વ.સરદાર વલ્લભભાઈ પટેલે જ્યારે સમગ્ર દેશી રજવાડાઓનું વિલીનીકરણ કરાવ્યું , ત્યારે તેમનામાં કઈ શકિત ? અને તાકાત હતી. ? તેમજ પુજય ગાંધી બાપુએ આઝાદી અપાવી ત્યારે તેમનામાં કઈ શકિત અને તાકાત હતી ? તેનો જવાબ એ છે કે, તેવી શકિત પ્રાર્થના અને ઉપાસનામાંથી મેળ વી હતી. ગાંધીજીની પ્રાર્થના બિરલાભવનમાં, જાહેરસભામાં થતી હતી. ત્યારે તેમાં વેદ તથા કુર્આનની આયતો સહિષ્ણુતાની પ્રાર્થના જાહેર સભામાંજ આપણા હિંદુ ગૌરસેએ ગાંધી બાપુને ગોળી મારીને હિંસા કરી. અને ત્યારબાદ ભારતમાં વર્ષોથીજ વિશ્વ હિંદુ પરિષદના સંતો મહંતોના શંભુ મેળાએ ભાજપ તથા આર.એસ.એસ.ની શકિતથી બાબરી મસ્જીદને તોડી. અને ત્યાંજ આપણા હિંદુઓનું રામમંદિર બંધાવવાના હેતુથી કેન્દ્રમાં સત્તા હાંસલ કરવાના કોડ હતા. પરંતુ કુદરતના કાયદા મુજબ; હાથમાં ડંડો અને બગલમાં મોઈ, ગુજરાત લેવા જતાં, હવેલી ખોઈ. પરંતુ આવા કોમવાદને વિશ્વશાંતિનો પૈગામ, પિરાણા દરગાહની સંસ્થાજ આપી શકે તેમ છે.

S-151

આપણા ધર્મનું નામ, સતપંથ શા માટે ? ઉત્તર વાંચો.

કહેવત છે કે,

સાદી ભાષા, સાદી કડી, સાદી વાત વિવેક;
સાદામાં, શિક્ષા કથે, તેવા કવીજન કોક :

આપણા કચ્છ વિભાગમાં, એક સાદી ભાષામાં બીજી કહેવત પ્રચિલત છે કે,

કચ્છી કહેવત તે નીચે મુજબ છે.

હિન્દુઓ અંધા, ઓર મુસલમાનો કાંણા;
દોનું કે બિચ મેં, સતપંથ સમાણા :

આ કહેવતનો ભાવાર્થ એ જ છે કે હિન્દુ જ્ઞાતિના સંતો તથા મહાત્માઓ જે ભૂતકાળ સમયના અવતારોને તથા વેદો, ઉપનિષદો, ગીતા, રામાયણ, મહાભારત વગેરેના ભૂતકાળ સમયના ઉપદેશને જ મહત્વ આપે છે. પરંતુ વર્તમાન કળયુગના સમયમાં મક્કા મદીનામાં જન્મેલા **મહંમદ પેગમ્બર સાહેબને તથા પીર પેગમ્બર કુળના વારસામાં, જે ખુદાનું નુર, (આપણા સદગુરૂશ્રી ઈમામશાહ બાવાના બોધ વચન મુજબ , નુર સે નુર ચલ કર આયા, જાંબુધ્વિપ પીરાણામાં છોડી માયા.)** તેવા સદગુરૂશ્રીના બોધવચન તથા ઉપદેશને હાલમાં આપણા **વિશ્વ હિન્દુ પરિષદના સંતો મહંતો ભૂલ્યા**. માટે કહેવત છે કે હિન્દુઓની બબે આંખો ... છતાં, બ્રહ્મજ્ઞાનની આંખ વીનાના અંધ બન્યા.

S-151

વિશ્વ હિંદુ પરિષદના સંતો મહંતો સતપંથને ઓળખવામાં ભૂલ કરે છે.

તેવા ઉદાહરણ મુજબ (મુસલમાનો કાંણા) મુસલમાનો કેમ ભૂલ્યા ? તેનો ભાવાર્થ, મુસલમાનો માત્ર એક અલ્લાહ એક જ ખુદા, તે સીવાયના ભૂતકાળમાં થઈ ગયેલા અને જગતની ઉતપત્તિના સમયની રચના શ્રી વિષ્ણુ ભગવાનના સાકાર બ્રહ્મ સ્વરૂપના દસે અવતારો, શ્રી રામ તથા શ્રી કૃષ્ણ વગેરેના ગુણગાન ગાવાનું ભૂલ્યા. તેથી મુસલમાનો માત્ર એક જ ખુદા એક જ અલ્લાહના નામની જ બંદગી કરતા રહેવામાં, ભૂતકાળના અવતારોની ઉપેક્ષાઓ કરતા રહ્યા માટે મુસલમાનો ભુલ્યા.

એ યુગની ધાર્મિક સંકીર્ણતાના સંદર્ભમાં પીરાણા પંથના અનુયાયીઓ બનેલા પાટીદારો માટે તળ ગુજરાતમાં હિન્દુ તરીકે રહેવું દુષ્કર બન્યું. પરિણામે તેમણે વતનથી દૂર કચ્છમાં

S-5

S-5

વસવાટ કરવાનું પસંદ કર્યું.

કચ્છના ગરાસદારોનું પ્રોત્સાહન : પાંખી વસ્તીને કારણે પહેલાં કચ્છમાં ખેતપેદાશની ઊણપ વર્તાતી નહોતી પરંતુ પાછળથી વસતી વધતાં કૃષિકર્મમાં પ્રવીણ હોય તેવી જાતિઓને વસાવવાનું કચ્છના ગરાસદારોને યોગ્ય લાગ્યું. પરિણામે તેમના પ્રયત્નોને કારણે જ હાલારમાંથી લેઉઆ પાટીદારો કચ્છમાં આવ્યા. એ જ રીતે તળ ગુજરાતમાંથી કડવા પાટીદારો અત્રે આવ્યા. આ ઘટનાના સંબંધિત કારણને સ્પષ્ટ કરતાં શ્રી સી. કે પટેલ નોંધે છે કે, 'કચ્છના ગરાસદારોએ ખાસ ખેતીના વિકાસ માટે જ આ ખડતલ અને મહેનતુ પ્રજાને પ્રોત્સાહન આપી કચ્છમાં વસવાટ કરાવ્યો.'[૧]

મુસલમાનોનો ત્રાસ : ઈ. સ. ૧૩૦૪માં પાટણમાં દિલ્હીની મુસ્લિમ સલ્તનતની સત્તા સ્થપાતાં પાટણની પડોશના ઊંઝા વિસ્તારમાં વસતા પ્રમાણમાં સુખી અને નિરુપદ્રવી પાટીદારો મુસ્લિમોના અત્યાચારના સર્વ પ્રથમ સ્વાભાવિક શિકાર બન્યા. પરિણામે તેમને ઊંઝા છોડીને અસારવા, ચાંપાનેર અને કચ્છ જવું પડ્યું. શ્રી પરીખના શબ્દોમાં, 'અણહિલપુર રાજધાનીનું શહેર કાયમ રહેવાથી નજીકનાં ગામડાં પર મુસલમાનોનો અત્યાચાર વધતો ગયો તેમ તેમ કણબીઓ નાસી નાસી અસારવા નજીક વસ્યા હતા. પરંતુ અસારવા અને અમદાવાદ રાજધાનીનાં શહેર થયાં એટલે તેઓ વધારે નજીક આવ્યા. પરિણામે તેઓમાંના કેટલાક કાઠિયાવાડ અને ત્યાંથી કચ્છ ભણી ગયા.'

અત્રે એ નોંધવું જરૂરી છે કે ગુજરાતમાં ચૌલુક્ય (સોલંકી) શાસન દરમ્યાન ઉત્તર ગુજરાતમાં કડવા પાટીદારો વ્રજપાલજી ને તેમના વંશજોની સત્તાને કારણે શાસક પ્રજાવર્ગમાં આવતા હતા. તેથી સ્વાભાવિક રીતે નવા સાર્વભૌમ મુસલમાનો અને ગરૂર કડવા પાટીદારો વચ્ચે સંઘર્ષ થાય. જેને કારણે કેટલાંક વિશેષ સ્વમાની પરિવારો કચ્છમાં વસી ગયાં.

સ્થળાંતરકારીઓનો વિસામો - શિકરા : કચ્છી સાધનો મુજબ પ્રવર્તમાન કાલમાં કચ્છસ્થિત કડવા પાટીદાર સમૂહના પૂર્વજો ઈસ્વીસનની ૧૬મી સદીમાં ઉત્તર અને મધ્ય ગુજરાતમાંથી કચ્છમાં આવીને વસ્યા છે. સૌ પ્રથમ ઈ. સ. ૧૫૨૪માં વેલા પટેલ તથા નાકર પટેલે ભચાઉ તાલુકાનું શિકરા ગામ વસાવ્યું.[૭] શ્રી પરીખ જણાવે છે તેમ 'પીરાણા પંથના ધર્માધ્યક્ષ પીર ઈમામશાહના આદેશથી ઈ. સ. ૧૫૨૪(સં. ૧૫૮૦)માં વેલા પટેલ અને નાકર પટેલે કચ્છમાં આવીને શિકરા ગામ વસાવ્યું. ત્યાં વેલા પટેલે પોતાના નામે વેલાસર તળાવ બંધાવીને કાયમી વસવાટ કર્યો.'[૮]

ત્યારબાદ જેમના પૂર્વજો અડાલજના હતા તે અજા પટેલે પીરાણા પંથ સ્વીકારતાં તેમને પણ શિકરા આવીને વસવાટ કરવો પડ્યો. એ જ રીતે મૂળ ધોળકા વિસ્તારના સારંગજીને પણ પીરાણા પંથ સ્વીકારતાં શિકરા આવવું પડ્યું. તેમને પગલે પગલે બારેજાના વતની એવા અત્યારે ઠાકરાણી અને હલપાણી શાખથી ઓળખાતા પાટીદારો પણ શિકરે આવી વસ્યા.

ત્યારબાદ વસઈના ગોવા પટેલને પીરાણા પંથ સ્વીકારતાં શિકરા આવવું પડ્યું. એ જ રીતે પીરાણા પંથના સ્વીકારને કારણે શિકરા આવવું પડ્યું હોય તેવો સિલસિલો ચાલુ જ રહ્યો. ફક્ત ઉત્તર ગુજરાતનાં અનેક પરિવારો વાગડમાં શિકરા ખાતે સ્થાઈ થયાં. જેમાં ઊંઝાના સોમા પટેલ, દેવજી પટેલ, નાગજી પટેલ અને સાંખલા શાખાનાં કુટુંબો નોંધ પણ ગણાય. આ ઉપરાંત અડાલજનાં દીપાણી પરિવાર, ભાલેજના જેસિંહ દેસાઈના ત્રીજા પુત્રનો પરિવાર, અમદાવાદનાં છ ભાઈઓ શાખાનાં કુટુંબો, મહેસાણાનો પોકાર શાખાના પૂંજા પટેલનો પરિવાર, ભાલેજનું રામાણી શાખાનું કુટુંબ, સુણાવનું સુરાણી શાખાનું કુટુંબ, વસોના ભાવા પટેલનો પરિવાર, અડાલજના જીવા પટેલ તથા પસલા પટેલનાં કુટુંબો, નડિયાદના હંસરાજ અને મોહન પટેલનો પરિવાર અને ધોળકાના પચાણ પટેલ, વેલો પટેલ અને નાકર પટેલનાં કુટુંબોનો સમાવેશ થાય છે.


આમ શિકરા ગુજરાતમાંથી સ્થળાંતર કરીને આવેલા પાટીદારોનું કેન્દ્ર બન્યું. આમાંના મોટાભાગનાં કુટુંબો પીરાણા પંથના સ્વીકારને કારણે કચ્છમાં આવતાં હતાં. જ્યારે કેટલાક પરિવારો, ઉપર ચર્ચિત અન્ય કારણોવશાત્ કચ્છમાં આવ્યાં હતાં.

શિકરાથી કચ્છનાં અન્ય ગામોમાં સ્થળાંતર : આગળ જોયું તેમ મુખ્યત્વે પીરાણા પંથના સ્વીકારને કારણે કડવા પાટીદારોનાં કેટલાંક કુટુંબો વાગડમાં શિકરા આબાદ કરીને વસી ગયાં. કાલક્રમે શિકરામાં તળ ગુજરાતના અન્ય વિસ્તારોમાંથી આવતાં કુટુંબોમાં સતત વધારો થતો ગયો. આને કારણે શિકરાની જમીન પર ભારણ વધ્યું. પરિણામે તેમને કચ્છનાં બીજાં સ્થળો પર દૃષ્ટિપાત કરવો પડ્યો. આ પ્રકારના શુલકીભવનના દબાણને કારણે શિકરાથી કચ્છનાં અન્ય સ્થળોએ જવાનો દોર શરૂ થયો. તેથી શિકરામાંથી કેટલાંક પરિવારો વિશેષતઃ માનકૂવા, ભડલી, વિરાણી, અંગીયા, કોટડા, નખત્રાણા, નેત્રા, વિથોલા, કરબોઈ, મથલ, ગડાંશી, ખોંજાણી, મગવાણા, દરશડી, ઉપરાણી, ડોઝાપર,

This page is intentionally left blank

વિભાગ F
સમાજીક ઘટનાઓના દસ્તાવેજો
Documents About Social Events

This page is intentionally left blank


કણબી ક્ષત્રિય ઉત્પત્તિ
અને
ઇતિહાસ

કણબી ક્ષત્રિય ઉત્પત્તિ
અને
ઈતિહાસ
(સચિત્ર)

લેખક
સ્વ. પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ
વિરમગામ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઊંઝા

S-106

પ્રકરણ-૨
કચ્છમાં કણબીઓનો વિસ્તાર

કણબીઓ પોતાના અસલ સ્થાનમાંથી ગુજરાતમાં આવી વસ્યા તે વગેરે હકીકત આપણે આગળનાં પ્રકરણોમાં બરાબર જોઈ ગયા છીએ. હવે, ગુજરાતમાંથી કેટલોક ભાગ કચ્છ પ્રદેશમાં કેવી રીતે અને ક્યારે ગયો તે નીચેની હકીકત પરથી બરાબર સમજમાં આવશે.

સને ૧૪૪૯માં એક ઈમામશાહ નામનો સૈયદ, ઈરાનથી હિંદમાં મુસાફરી કરતો કરતો ગુજરાતમાં આવી અમદાવાદ નજીકના ગીરમથા ગામની સીમમાં મુકામ કરીને રહ્યો.[1] ત્રણ વર્ષથી વરસાદ નહિ વરસેલ હોવાથી તેને ફકીર જાણી સહુ કણબીઓ તેને પૂછવા ગયા. તેના કહેવા પ્રમાણે વરસાદ થયો, તેથી લોકોને શ્રદ્ધા બેસી અને તેની ઈચ્છાનુસાર ઝૂંપડી બાંધી આપી ત્યાં રાખ્યો, તેનો અજ્ઞાન લોકોમાં તો સારો વક્કર (પ્રભાવ) હતો જ; પરંતુ તેવામાં અમદાવાદનો સુલતાન મહંમદ બીજો (ઈ. ૧૪૫૧) નજીકમાં શિકારે આવેલો તે જ્યારે ત્યાં આવ્યો ત્યારે તેને પણ અજાયબ થવા જેવો પરચો તેણે બતાવ્યો. તેથી સુલતાને પોતાની શાહજાદી તેને પરણાવી. આમ થવાથી ઈમામશાહની એક મહાત્મા તરીકે સારી ખ્યાતિ થઈ. એવામાં કાશી તરફથી યાત્રા કરીને પાછા વળતા, સુરત-નવસારીના ગામડાંના કેટલાક લેઉવા કણબીઓનો ત્યાં (ગીરમથા) મુકામ થયો. તેમને પણ પીર ઈમામશાહે ચમત્કાર બતાવ્યો. એટલે તેઓ સઘળા તેના શિષ્ય થયા. દિન-પ્રતિદિન તેની માનતા ચાલવા લાગી અને નજીકના તેમ જ દૂર દૂરના ઘણા લોકો તેના શિષ્ય થવા લાગ્યા. એ જ પ્રમાણે, કચ્છમાં વાસ કરી રહેલા કણબીઓના પૂર્વજો પણ પરચો જોઈ તેના શિષ્ય થયા. તેમને અત્રેની જ્ઞાતિ તરફથી વિટંબણા પડવા માંડી એટલે તેઓ સઘળા ત્યાં જઈ વસ્યા, તેની સવિસ્તર હકીકત નીચે પ્રમાણે છે.

S-3

ગામ માનકવા-શાખે વેલાણી : તેમના પૂર્વજ પરબત પટેલ ચાંપાનેરમાં પટેલાઈ કરતા. ત્યાં પઢિયાર સાથે વિગ્રહ થવાથી તે ચુંવાળ

S-5

૧. 'ગુજરાત સર્વસંગ્રહ' - પાન ૧૩૭, ૧૫૪, ૪૨૮

S-106

પીરના અનુયાયી બનાવવા ખટપટ કરી અને વહીવંચા તથા ગોર સાથે તકરાર પડાવી, તેનો મર્મ ન સમજતાં બિચારા અંધશ્રદ્ધાળુ કણબીઓએ તે પ્રાગજીકાકાની સલાહ પ્રમાણે નખત્રાણા ગામે મળી, ગોર તથા વહીવંચાને સદાને માટે તજી દેવાનો ઠરાવ કર્યો, જે નીચે પ્રમાણે છે.

ઠરાવ

S-9

"સં. ૧૮૩૨ના પોષ વદ-૧૩ને દિને ગામ શ્રી નખત્રાણા મધે જ્ઞાતિ પંચ ભેળા થઈ બારોટ ગવરીદાસ શામદાસ તથા ગોર જાની દયાશંકર ભગવાનજીને રજા દીધી છે. આજ દિવસ પછીથી બારોટ પાસે વહીવંચો લખાવવો નહીં, તેમ બારોટને કાંઈ પણ આપવું નહીં, તેમ જ ગોર દયાશંકર ભગવાનજીના વંશજ તેમ જ કોઈ પણ બ્રાહ્મણ પાસે ચોરી તથા લગ્ન પ્રસંગે પણ કાંઈ કર્મ કરાવવું નહીં; અને જે કોઈ ભાટ તથા બ્રાહ્મણને માનશે તે નાતનો ગુનેગાર છે. બાબા ઈમામશાહના ધર્મને માનનારા આપણા કણબી ભાઈઓ કે જેમણે સં. ૧૫૯૨ના કારતક સુદ-૨ શુક્રવારે બાવાનો ધર્મ અંગીકાર કરેલ છે તે ભાઈઓએ આજ દિવસ સુધી વહીવંચો લખાવ્યો છે અને બ્રાહ્મણો પાસે સૂતકકર્મ, મરણની ક્રિયા તથા લગ્નની ક્રિયા કરાવી છે; પણ હવેથી આપણા ગુરુ ઈમામશાહના ધર્મનો ખરો રસ્તો બાવા ઈમામશાહના વંશના શહીદો તથા હાલમાં જે પીરાણાની ગાદી ઉપર ટિલાયત કાકા પ્રાગજીના હુકમથી અને ધર્મને સમજીને બ્રાહ્મણ તથા ભાટને નહીં માનવા. નીચે મુજબ ગામના પટેલોના પંચે ભેગા થઈ ઠરાવ કર્યો છે તે આપણી આખી નાતને કબૂલમંજૂર છે.

૧. ગામ શ્રી નેત્રાના પટેલ લખમણ સૂત નારણ નાકરાણી, પટેલ નારણ આબજીઆણી તથા પા. સામા ભાવાણી.

૨. ગામ શ્રી વીરાણીના પા. માંડણ તથા રૈયા નાકરાણી, પટેલ પાંચા પાંચાણી, લાધા દીવાણી તથા માના બાથાણી.

૩. ગામ શ્રી વિથોણના પા. દેવજી, ભગત કાનજી, ગણેશ સેંધાણી, વાલા નાંધાણી તથા વિશરામ સુરાણી.

૪. ગામ શ્રી નખત્રાણાના પા. ભોજા માનાણી, પા. સુરા, પા. નાથા સેંધા, ગોરાવાલા, દેવરાજ તથા કમા સુરાણી.

૫. ગામ મથલના પા. હરભમ પોકાર, મેઘા નાનજીઆણી તથા રતના ચોધરી.

S-106

૬. ગામ શ્રી ગડાણીના પા. કેસરા, નીરજી તથા પેથા પોકાર.
૭. ગામ શ્રી ખોંભડીના પાંચા તથા અબજી પોકાર.
૮. ગામ શ્રી અંગીઆના પા. અખઈ, મેઘા, માના તથા કાનજી પારસિયા.

S-9

૯. ગામ શ્રી ડોઝાપરના પા. મનજી સોમજાણી, પા. સુરા, મુખી જીવા તથા ભીમા રઈયાણી.
૧૦. ગામ શ્રી દર્શડીના પા. ડુંગર ગોપાલ, લખમણ, કરસન પોકાર, દેવજી સેંઘાણી, ખેતા પુંજાણી તથા હરભમ.
૧૧. ગામ શ્રી સરવાના પા. કેસરા તથા કરસન હરજી પબાણી.
૧૨. ગામ શ્રી કરબોઈના પા. દેવસી તથા મૂળા.
૧૩. ગામ શ્રી મગવાણાના પા. ગોરા ચોપડા તથા કચરા.
૧૪. ગામ શ્રી ભડલીના પા. ગોવા ઠાકરાણી તથા માંડણ ભોજાણી.
૧૫. ગામ શ્રી માનકવાના પા. કરમસી, સુત ભીમજી, ધનજી, રામજી તથા કરસન.

નાત સમસ્ત મળી ખાનામાં ગામ શ્રી નખત્રાણામાં, બાવાના પાટ આગળ, ધૂપદીવો કરી ઈમામશાહના ધર્મના માટે નક્કી કરી, ગોર દયાશંકર ભગવાનજી તથા બારોટ ગવરીદાસ શામદાસને રજા દીધી છે. આખી નાતે મળીને કહ્યું, કે સં. ૧૫૯૨ના કારતક સુદ-૨ શુક્રવારના દહાડાથી ઈમામશાહનો ધર્મ લીધો છે તે આજ દિન સુધી ભાટ તથા ગોરની પાસે પોતાની વહીવંચાગીરી તથા ધાર્મિક ક્રિયા કરાવી, પણ હવેથી નહીં કરાવવા દાનકી સંવત ૧૮૩૨ના વર્ષે પોષ વદ-૧૩ને દિવસે રજા દીધી છે. તે માટે આજ દિન પછી બ્રાહ્મણ કે ભાટને લાવે તો ઊભા રહેવાની આંટ નહીં, આજ દિવસ પછી ગોર તથા ભાટને માનશે તે નાતનો ગુનુગાર થશે, બાવા ઈમામશાહના ઘરથી નાત બહાર છે. તે ગામ શ્રી નખત્રાણાના ખાનામાં બાવાના પાટ આગળ ધૂપ કરીને આખી નાત મળીને લખત (લખાણ) કીધું છે અને કાકા પ્રાગજીના તથા બાવા ઈમામશાહના વંશના સૈયદ વલીમિયાંની રૂબરૂ પ્રતિજ્ઞા કરી છે, તે આખી નાતને વંશપરંપરા કબૂલમંજૂર છે. આ લખતનો મુસદ્દો ગામ વીરાણીના કણબી માંડલ અખીઆણી તથા વીરજી વેલાણી તથા નાત સમસ્ત મળી પહોર દિવસ ચડ્યે કર્યો છે.”

S-106

S-9

આ બનાવ પછી બારોટ અને બ્રાહ્મણોની તદ્દન ગેરહાજરીમાં તેઓને પોતાની અસલ સ્થિતિનો ઈતિહાસ બિલકુલ વિસ્મૃત થઈ ગયો, તે એટલે સુધી કે, તેઓ અસલ 'ચોરી અને ચિતા' એ ચડતા હતા તે વાત માનવી પણ તેમને મુશ્કેલ થઈ પડી. વખત જતાં તેમનું વર્તન તદ્દન જુદા જ પ્રકારનું થઈ ગયું. સઘળી શુભ અને અશુભ ક્રિયાઓ પીરાણાના પ્રતિનિધિ તરીકે ગામનો મુખ્ય પટેલ કરાવવા લાગ્યો. હાલ ધર્મમાં તેઓ 'શિવોહં શિવોહં' એ મંત્રની માળા ફેરવે છે.[1] ઈમામશાહની બનાવેલી શિક્ષાપત્રી વાંચે છે. બારે માસની હરેક બીજે અને દર ગુરુવારે ઉપવાસ કરે છે. રોજા મહિનો પાળે છે પણ તાબૂત કાઢતા નથી, સુન્નત કરાવતા નથી, દાઢી રખાવતા નથી, બ્રાહ્મણ પાસે કોઈ ક્રિયા કરાવતા નથી. મઠના ગુરુ જેઓ કણબીકાકા કહેવાય છે તેમને દાટે છે, જ્યારે શિષ્યોનાં મડદાંને બાળી તેનાં વધેલાં હાડકાં પીરાણે દટાવે છે. આ પ્રમાણે ઘણા કચ્છી કણબીઓનું વર્તન છે, છતાં હજુ સુધી કોઈ પ્રકારનો ખાન-પાનાદિનો ભ્રષ્ટાચાર થયો નથી, તેમ થતો પણ નથી. આ ધર્મના કેટલાક કણબી અનુયાયીઓ અમદાવાદ તળમાં તથા ગુજરાતનાં અન્ય ગામોમાં પણ છે.

પીરાણા-પંથીઓ આ પ્રમાણે એક જ લાકડીએ ગામ હાંકતા હતા. તેવામાં સ્વામીનારાયણ ધર્મના સાધુઓના ઉપદેશથી ગામ રેવાપરના કેશરા પટેલને કાંઈક ભાન થયું અને તેને પોતાના પૂર્વજોની થયેલ ગંભીર ભૂલ જણાઈ આવી. તેથી તે ડાહ્યા, દૃઢ મનના અને ધર્મસુધારક વીર નરે તરત જ વધારે મોડું થઈ જાય તે પહેલાં ભૂલ સુધારીને પીરાણાના પંથને પગે લાગી (તજી દઈ) સ્વામીનારાયણ પંથ સ્વીકાર્યો. કચ્છી કણબીઓમાં હાહાકાર થઈ ગયો. સઘળાએ એકઠા થઈ તેનો સર્વાંશે બહિષ્કાર (નાતબહાર) કર્યો; એટલું જ નહિ પણ એ અજ્ઞાન દશાવશ કણબીઓએ પોતાનો વાડો કુદાવી બહાર જનારા કેશરા ભક્ત પર અનેક પ્રકારના અત્યાચાર ગુજાર્યા, તે જેણે શાંતિથી સહન કર્યા અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખી પોતાના અન્ય બંધુઓને પણ સદુપદેશ દેવો ચાલુ જ રાખ્યો. તેના સત્સંગથી વખત જતાં કેટલાકે જુદા પડી સ્વામીનારાયણનો સંપ્રદાય સ્વીકાર્યો. ધીમે ધીમે તેમની સંખ્યા વધવા લાગી. હાલ તેઓ બારસો જણ થઈ ગયા છે. કચ્છના કણબીઓની આવી દયાજનક દશા સુધારવા એક દયાળુ, પરોપકારી પરમહંસ સ્વામી જ્ઞાનાનંદજીએ ગઢશીશાના પ્રખ્યાત પંડિત પીતાંબરજી ('વિચારસાગર'ના ટીકાકાર)ની સલાહથી કેટલાક સમય પછી

૧. 'ગુજરાત સર્વસંગ્રહ' – પાન ૧૩૭, ૪૨૮.

S-106

S-9

પ્રયાસ કરવા માંડ્યો, જેના પરિણામે એક પછી એક ગામો પીરાણા પંથની સાંકળમાંથી અંકોડાની માફક છૂટાં પડવા લાગ્યાં અને સહુએ વેદધર્મ અંગીકાર કરી ઉપવીત ધારણ કર્યાં.


સ્વામીજીના પરદેશ ગયા પછી કણબી આગેવાનોએ વેદધર્માનુયાયી સ્વામીજીના સઘળા શિષ્યોને દંડી દંડી, જુલ્મ કરી કંઠી અને ઉપવીત ઉતરાવી નાખી, પાછું ચાલતું હતું તેમ જ પીરાણા પંથનું જોર ચલાવ્યું. ઝીંઝાઈ ગામના વૃદ્ધ પટેલ માનાભાઈએ અનેક સિતમો થવા છતાં લીધેલો ધર્મ ન બદલ્યો, પણ આખરે સં. ૧૯૫૨-૫૩માં પોતાની માતાના મરણ વખતે, કોઈએ મડદું ન ઉઠાવ્યું તેથી નાસીપાસ થઈ, કંટાળી, દંડ આપી પાછો પીરાણા પંથીઓમાં પેઠો અને ચાલતું હતું તેમ ચાલવા લાગ્યું. પરંતુ ચારસો વર્ષ વીતતાં જમાનો હવે બદલાયો હતો. ભાગ્યદેવીએ પણ કણબીઓ પ્રતિ કરુણાદષ્ટિ કરી હતી, તેથી માત્ર ખેતીવાડીમાં જ જીવન ગાળનારા કણબી પુત્રો હુન્નર-ઉદ્યોગ માટે દેશ છોડી પરદેશ જવા લાગ્યા. ત્યાં દેશાટનથી જ્ઞાન વધે છે, તે સિદ્ધાંત તેમને યથાર્થ ફળદાયી બન્યો. પરદેશમાં જુદી જુદી હિંદુ કોમો સાથે પરિચયમાં આવતાં તેમની આંખ ઊઘડી અને પોતે સ્વીકારેલા ધર્મ પ્રત્યે, એક સાચા હિંદુ તરીકે તિરસ્કાર આવવા લાગ્યો. સ્થિતિમાં સુધારો કરવા કેટલાકની ઊર્મિઓ ઊછળવા લાગી, પણ પોતાના પહેલાં આવો પરમાર્થ કરનારાએ વારંવાર વેઠવો પડેલો ત્રાસ મનમાં તાજો (યાદ) હોવાથી કેટલાક આરંભશૂરાઓની ઊછળતી ઊર્મિઓ ઊંડી દબાઈ ગઈ; પરંતુ કેટલાક સાચા શૂરા માટે તો "ક્ષણમપિ સજ્જનસંગતિરેકા ભવતિ ભવાર્ણવતરણે નૌકા" – એટલે કે એક ક્ષણ માટે પણ કરેલો સજ્જનનો સત્સંગ સંસારસમુદ્ર તરવાને નૌકા થઈ પડે છે. ઉદ્ધારક લાગણી વિટંબણાના ડરથી ઊંડી ન જતી રહેતાં વિશેષ તીવ્ર બની અને આખરે કોઈ પણ કુટુંબીની, જ્ઞાતિજનની કે માતાપિતાની સલાહ લીધા વિના જ માત્ર સાત જણે પીરાણાપંથ વિરુદ્ધ ધર્મધ્વજ ખડો કરી વિગ્રહ આરંભ્યો, જે સવિસ્તર બિના નીચે પ્રમાણેના મિસ્ત્રી નારણજીભાઈના જીવનવૃત્તાંત પરથી સમજાયા સિવાય રહેશે નહીં.

રા. નારાયણજી રામજીભાઈ મિસ્ત્રી (મુંબઈ)

(જીવનવૃત્તાંત)

આ હિંમતવાન યુવાનના પિતાજી રામજીભાઈ ભોજાભાઈ લીંબાણી, કચ્છ દેશના નખત્રાણા તાલુકાના વિરાણી ગામના રહેવાસી છે.

આ પ્રમાણે સનાતન ધર્મીઓની એકત્ર થયેલી મોટી જ્ઞાતિએ, પોતાના પૂર્વજોએ પીરાણાનો પંથ ક્યારે અને કયા કારણથી સ્વીકાર્યો, પોતાનાં અસલ વસવાટનાં સ્થાન, તે છોડી કચ્છમાં આવવાનાં કારણ અને સમય - વગેરે અગત્યની બાબતોનું જ્ઞાન સંપાદન કરવા વહીવંચાની શોધ કરવા માંડી. તેમના આગેવાનો અને સ્વધર્મવર્ધક મંડલના ઉત્સાહપૂર્ણ વિજયી સભાસદો ગુજરાતમાં આવ્યા. 'કડવા વિજય'ના તંત્રી રા. પુરુષોત્તમદાસને મળ્યા. તેમના ભલામણપત્રો લઈ અમદાવાદ તથા ધોળકામાં શોધ કરી. પરંતુ પત્તો લાગ્યો નહિ, તેથી કંટાળી ગયા. પણ સ્વધર્મવર્ધક મંડળના નેતા, આવી આવી ઘણી વિપત્તિઓના વેઠનારા હોવાથી થાક્યા નહિ. અમદાવાદમાં અને જે જે ગામે વહીવંચા વસે છે ત્યાં જુદી જુદી તપાસ કરવા માંડી. તેમાં પોતાના ધનનો પણ છૂટથી ઉપયોગ કરવા માંડ્યો. છેવટે રા. નારાયણભાઈ પોતે ગુજરાતમાં આવ્યા, ગુપ્ત વેશે પીરાણા સ્થાનકે ગયા અને ત્યાંની હૃદયભંગ સ્થિતિ જોઈ આવ્યા. અમદાવાદમાં વહીવંચાની બારીક શોધ કરતાં કેટલાક દિવસે તેમને શાહપુર વિભાગમાં બારોટ રામસિંહ દોલજીની મુલાકાત થઈ. પરંતુ બારોટ અને બ્રાહ્મણોના મૂળ સ્વભાવ પ્રમાણે તેમને સહેલાઈથી હકીકત મળી નહિ. પુષ્કળ યુક્તિ-પ્રયુક્તિથી અને છૂટા હાથે ધનનો ઉપયોગ કરવાથી આખરે બારોટજીનું આશાપૂર્ણ હૃદય પીગળ્યું. એક વાર ફરીથી કચ્છી કણબી કોમને પોતાનું કલ્પવૃક્ષ બનાવવાની લાલચે યથાવત્ હકીકત આપી - લખાવી, જેની સત્યતાની પૂર્ણપ્રતીતિ નખત્રાણા મધ્યે થયેલ ઠરાવની નકલ મળી આવવાથી થઈ. તે હકીકત આપણે ગામ અને કુટુંબવાર આગળ વાંચી ગયા છીએ. આ સઘળા ઉપરથી આપણને ખાતરી થાય છે કે માનવજીવનની ઉત્કૃષ્ટતા, તેના આત્માનું ઉચ્ચગામીપણું, તેનું હૃદયબળાદિ ઉચ્ચગુણોની પરીક્ષા આવી પડતી વિપત્તિઓ જ કરાવી આપે છે. ભાગ્યદેવી પણ તેવા જ વીર નરને વિજયમાળા આરોપે છે. આખી આલમ આપત્તિમય બની જવા છતાં પણ, જેમ જેમ કાંચનને વધુ ને વધુ તપાવી ટીપવામાં આવે છે તેમ તેમ તે વધુ ને વધુ પ્રકાશિત બને છે. આ રીતે તે વીર નર સંકટ સમયે નિરાશ ન થતાં વધુ ને વધુ દેદીપ્યવાન બન્યો છે, જેનાં ઉત્તમ ફળરૂપે આજે કચ્છના કણબીઓની સ્થિતિનું શાંત પરિવર્તન આપણી સમક્ષ મોજૂદ છે. હજુ પણ તેમનો અને તેના સ્વધર્મવર્ધક મંડળના બાહોશ પ્રેસિડેન્ટ રામજીભાઈ જેઠાભાઈ વગેરે ઉપવીતધારી યુવાનોનો જ્ઞાતિ-સુધારણાર્થે પુરુષાર્થ ચાલુ જ છે. અમને આશા છે કે તેમની પ્રગતિ





શ્રી ઉમિયા માતાજી
૧૮ મી શતાબ્દી મહોત્સવ ❁ સ્મૃતિ ગ્રંથ



ગ્રંથનું નામ : શ્રી ઉમિયામાતાજી અઢારમી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ (સંવત ૨૦૩૩)

પ્રકાશક : માનદ્ મંત્રીશ્રી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયામાતાજી સંસ્થાન, મુ. ઊંઝા
(ટ્રસ્ટ રજિ. નં. A ૯૪૩ - મહેસાણા)

લેખક અને સંકલન : ઈશ્વર હ. પટેલ (સલાહકાર "ધરતી") ડૉ. મફતલાલ પટેલ (તંત્રીશ્રી "ધરતી")

આવૃત્તિ : પ્રથમ (વિ. સં. ૨૦૩૯ સને ૧૯૮૩)

પ્રત : ૧૦,૦૦૦ (દસ હજાર)

પ્રસિદ્ધ-તિથિ : (વિ. સં. ૨૦૩૯, આસો સુદ ૧૦ (વિજયા દશમી) તા. ૧૬-૧૦-૧૯૮૩)

ચિત્રકાર : શ્રી ગણેશ એમ. પટેલ (જાગૃતિ આર્ટ, અમદાવાદ)
શ્રી ડી. પી. ડાભી, અમદાવાદ

આવરણ : શ્રી જનક પટેલ (વિજ્યુઅલએડ, અમદાવાદ)

છબીકળા : બૉમ્બે સ્ટૂડિઓ, ઊંઝા (ઉ. ગુ.)

મુદ્રક : શ્રી માણેકલાલ દી. પટેલ, ધરતી મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ઑફસેટ મુદ્રક : શ્રી કલ્પેશ એમ. પટેલ, રાજકલ્પ મુદ્રણાલય, ઘોબીઘાટ, અમદાવાદ-૩૮૦૦૦૪

મુખપૃષ્ઠ : રાજકલ્પ મુદ્રણાલય, ઘોબીઘાટ, અમદાવાદ-૩૮૦૦૦૪

પૃષ્ઠસંખ્યા : ૩૮૮

Kantilal M. Patel



શ્રી ઉમિયા માતાજી
૧૮ મી શતાબ્દી મહોત્સવ ❊ સ્મૃતિ ગ્રંથ



ઈ.સ. ૧૭૫૫ થી ૧૮૧૭ ના ગાળામાં વિરમગામ, પાટડી ગામના કુર્મીઓ પેશવા તથા ગાયકવાડની સંયુકત સત્તાથી કંટાળી ગયા હતા. જેથી પાટણ અને કડી પ્રાંતના કુર્મીઓ ત્યાંથી સ્થળાંતર કરીને અમદાવાદમાં આવીને રહેવા લાગ્યા. અંગ્રેજોના શાસન પછી સમગ્ર વિસ્તારોમાં યુદ્ધનું વાતાવરણ ઓછું થવાથી અને રાજાઓ ખંડિયા બની જવાથી પ્રજા શાંતિથી રહેવા લાગી. આ ગાળા દરમિયાન સ્થળાંતરના કિસ્સા ઘટવા માંડયા. જે લોકો જ્યાં રહેતા હતા ત્યાં જ શાંતિથી રહીને પોતાનો ધંધો, અને રોજગાર કરવા લાગ્યા.

કચ્છ તરફ કુર્મી પટેલોનો પ્રવેશ

કણબીઓનો કેટલોક ભાગ ગુજરાતમાંથી કચ્છ તરફ ગયો. ગુજરાતમાંથી કચ્છમાં કણબીઓ કેવી રીતે ગયા તેના વિશે કહેવાય છે કે, સને ૧૪૪૯માં એક ઇમામશાહ નામનો મુસ્લિમ સૈયદ ઇરાનથી હિંદમાં મુસાફરી કરતોકરતો ગુજરાતમાં આવી અમદાવાદ નજીકના ગિરમથા ગામની સીમમાં રહેવા લાગ્યો. ત્રણ વર્ષ સુધી સતત વરસાદ નહિ થવાથી તેને ફકીર સમજીને કણબીઓ પૂછવા ગયા કે, વરસાદ કેમ થતો નથી? ત્યારે આ ઇમામે અમુક દિવસે વરસાદ થશે એવું કહ્યું અને ખરેખર તેના કહેવા પ્રમાણે તે જ દિવસે વરસાદ થયો. તેથી લોકોમાં તેના પ્રત્યે શ્રદ્ધા જન્મી અને ઇમામની ઇચ્છાનુસાર એક ઝૂંપડી બાંધી આપી. અજ્ઞાન લોકોમાં તેનો ખૂબ સારો પ્રભાવ હતો. તે કહેતો તેમ લોકો કરતા. એક વખતે અમદાવાદનો સુલતાન મહમ્મદ બીજો ઈ.સ. ૧૪૫૩માં ત્યાં શિકાર કરવા આવ્યો. તે આ ઇમામને મળવા ગયો. ઇમામે બાદશાહને પરચો બતાવ્યો, તેથી તે ખુશ થયો અને તેણે પોતાની શાહજાદી તેને પરણાવી. આમ થવાથી ઇમામશાહની પ્રતિષ્ઠામાં ખૂબ મોટો વધારો થયો. અને લોકો તેમને મહાત્મા તરીકે પૂજવા લાગ્યા. એવામાં કાશી તરફથી યાત્રા કરી પાછા ફરતા સુરત, અને નવસારી ગામના કેટલાક લેઉવા કણબીઓ ગિરમથા થઈને પસાર થતા હતા. પીર ઇમામે તેઓને ચમત્કાર બતાવ્યો. એટલે તે સઘળા તેના શિષ્ય થયા. દિનપ્રતિદિન તેની માનતા ચાલવા લાગી. ને દૂરદૂરથી લોકો આવીને તેના શિષ્ય થવા લાગ્યા. ગિરમથાની આસપાસ અમદાવાદ, મહેમદાવાદ, અડાલજ, ધોળકા, ભાલેજ વગેરે ગામના કણબીઓ પીર ઇમામના શિષ્યો હતા. તેઓને પોતાના વિસ્તારમાં પોતાની જ્ઞાતિ તરફથી તકલીફ પડવાથી તેઓ બધા કચ્છ તરફ ચાલ્યા ગયા. અને કચ્છમાં જુદાંજુદાં ગામો વસાવીને રહેવા લાગ્યા. કચ્છમાં ગયા પછી પીર ઇમામને માનતા હોવાથી તેઓ પિરાણાપંથીઓ (પીર ઉપરથી પિરાણા) જાણીતા થયા. આજે પણ કચ્છના કેટલાક કડવા પાટીદારો પિરાણાપંથીઓ છે ને તેઓની અટકો ગુજરાતના જે ગામડાંઓમાંથી ગયા છે તે ગામડાંઓને મળતી આવે છે. વેલાણી, ઠાકરાણી, હલપાણી, નાકરાણી, દિવાણી, ગોગારી, લિમ્બાણી, રામાણી, સુરાણી, સાવાણી વગેરે અટકો ગુજરાતમાંથી કચ્છમાં ગયેલા કણબી પટેલોની અટકો છે.

S-5

S-106

કડી, ગોઝારિયાના અમીનો

કડી અને ગોઝારિયાના અમીનો મૂળ કુર્મીઓ હતા. કડીમાં સંવત ૧૮૦૦ ની આસપાસ રાધનપુરના નવાબનું રાજ્ય હતું. રાધનપુરના નવાબ ઉપર નૂરખાન નામના મુસલમાને હૂમલો કર્યો હતો. આ વખતે નંદલાલ પ્રેમજીભાઈ નામના મૂળ કડીના ભાઈએ રાધનપુરના નવાબને નૂરખાનના બળવા વખતે ખૂબ મદદ કરી હતી. આ ઉત્તમ કામ કરવા બદલ તેમને ખેરવા ગામ ઇનામમાં આપ્યું. અને અમીનનો ઇલકાબ આપ્યો. ત્યારથી તેમના વંશજો અમીન તરીકે ઓળખાય છે. આ અમીન કુટુંબ ખૂબ સુખી અને સમૃદ્ધ કુટુંબ હતું. આજે પણ આ કુટુંબની વ્યક્તિઓ વેપાર, ધંધાર્થે સમગ્ર ગુજરાતમાં ફેલાયેલી છે.


શ્રી ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી મહોત્સવ
સ્મૃતિગ્રંથ
શ્રી ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ
લેખક અને સંકલન
ઈશ્વર હ. પટેલ
ડૉ. મફતલાલ પટેલ

શ્રી ઉમિયા માતાજી

અઢારમી શતાબ્દી મહોત્સવ ✻ સ્મૃતિગ્રંથ

Shri Umiya mataji Adharmi Shatabadi Mahotsav Smruti Granth

પ્રથમ આવૃત્તિ

ગ્રંથનું નામ : શ્રી ઉમિયામાતાજી અઢારમી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ (સંવત ૨૦૩૩)

પ્રકાશક : માનદ્ મંત્રીશ્રી કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન, મુ. ઊંઝા (ટ્રસ્ટ રજિ.નં. એ-૯૪૩-મહેસાણા)

લેખક અને સંકલન : ઈશ્વર હ. પટેલ અને ડૉ. મફતલાલ પટેલ (સલાહકાર 'ધરતી') (તંત્રીશ્રી 'ધરતી')

સર્વ હક્ક : શ્રી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, મુ. ઊંઝા (ઉ.ગુ.)

પ્રથમઆવૃત્તિ : (વિ.સં. ૨૦૩૯ સને ૧૯૮૩) પ્રત ૧૦,૦૦૦

દ્વિતીય આવૃત્તિ

પ્રકાશક : અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ

પ્રત : ૧૨૫૦


મુદ્રક : શિવકૃપા ઓફસેટ પ્રિન્ટર્સ
૨૭, અમૃત એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન: ૨૫૬૨૩૮૨૮, ૨૫૬૨૭૯૯૯

પ્રાપ્તિ સ્થાન : ૩૫, સ્વામી ગુણાતીતનગર સોસાયટી, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
ફોન: (૦૭૯) ૨૭૪૯૩૨૫૫, ૨૭૪૯૩૯૨૭

પ્રસિદ્ધ તિથિ : વૈશાખ સુદ પુનમ, ૨૦૬૯, તા. ૨૫ મે ૨૦૧૩ (બુદ્ધ જયંતિ)

કિંમત : રૂા. ૬૦૦





ચાલવા લાગી. ને દૂરદૂરથી લોકો આવીને તેના શિષ્ય થવા લાગ્યા. ગિરમથાની આસપાસ અમદાવાદ, મહેમદાવાદ, અડાલજ, ધોળકા, ભાલેજ વગેરે ગામના કણબીઓ પીર ઈમામના શિષ્યો હતા. તેઓને પોતાના વિસ્તારમાં પોતાની જ્ઞાતિ તરફથી તકલીફ પડવાથી તેઓ બધા કચ્છ તરફ ચાલ્યા હતા. અને કચ્છમાં જુદાંજુદાં ગામો વસાવીને રહેવા લાગ્યા. કચ્છમાં ગયા પછી પીર ઈમામને માનતા હોવાથી તેઓ પિરાણાપંથીઓ (પીર ઉપરથી પિરાણા) જાણીતા થયા. આજે પણ કચ્છના કેટલાક કડવા પાટીદારો પિરાણાપંથીઓ છે ને તેઓની અટકો ગુજરાતના જે ગામડાંઓમાંથી ગયા છે તે ગામડાંઓને મળતી આવે છે. વેલાણી, ઠાકરાણી, હલપાણી, નાકરાણી, દિવાણી, ગોગારી, લિમ્બાણી, રામાણી, સુરાણી, માવાણી વગેરે અટકો ગુજરાતમાંથી કચ્છમાં ગયેલા કણબી પટેલોની અટકો છે.

S-5

S-106

કડી, ગોઝારિયાના અમીનો

કડી અને ગોઝારિયાના અમીનો મૂળ કૂર્મીઓ હતા. કડીમાં સંવત ૧૮૦૦ની આસપાસ રાધનપુરના નવાબનું રાજ્ય હતું. રાધનપુરના નવાબ ઉપર નૂરખાન નામના મુસલમાને હુમલો કર્યો હતો. આ વખતે નંદલાલ પ્રેમજીભાઈ નામના મૂળ કડીના ભાઈએ રાધનપુરના નવાબને નૂરખાનના બળવા વખતે ખૂબ મદદ કરી હતી. આ ઉત્તમ કામ કરવા બદલ તેમને ખેરવા ગામ ઈનામમાં આપ્યું. અને અમીનનો ઈલકાબ આપ્યો. ત્યારથી તેમના વંશજો અમીન તરીકે ઓળખાય છે. આ અમીન કુટુંબ ખૂબ સુખી અને સમૃદ્ધ કુટુંબ હતું. આજે પણ આ કુટુંબની વ્યક્તિઓ વેપાર, ધંધાર્થે સમગ્ર ગુજરાતમાં ફેલાયેલી છે.

સૌરાષ્ટ્રના પાટીદારોની અટકો	**ઉત્તર ગુજરાતનાં ગામોનાં નામો**
કુંડારિયા	કુંડાળ (તા. કડી)
અઘારા	અઘાર (તા. વિરમગામ)
ફૂલતરિયા	ફૂલેત્રા (તા. કડી)
ગોધાવીઆ	ગોધાવી (તા. સાણંદ)
લોરીઆ	લોર (તા. કડી)
મીરોલા	મારોલ (તા. કડી)
જાકાસણિયા	જાકાસણા (તા. કડી)
દેત્રોજા	દેત્રોજ (તા. વિરમગામ)
કોરડિયા	કોરડા (તા. કડી)
આદ્રોજા	આદ્રજ (તા. કડી)
કાસુન્દ્રા	કાસવા (તા. કડી)
પનારા	પનાર (તા. વિરમગામ)
બાવરવા	બાવળા (તા. ધોળકા)
સીતાપરા	સીતાપુર (તા. ચાણસ્મા)
અગોલા	અગોલ (તા. કડી)
કાલરિયા	કાલરી (તા. ચાણસ્મા)
ભોરણિયા	ભોંયણી (તા. કડી)
રાજપરા	રાજપુર (તા. કડી)
સાંણદિયા	સાણંદ (તા. સાણંદ)
કૈલા	કૈયલ (તા. કડી)
ધમાસણા	ધમાસણ (તા. કલોલ)
ઝાલોડિયા	ઝાલોડ (તા. કડી)
માકાસણા	મોકાસણ (તા. કડી)
વિરમગામા	વિરમગામ (તા. વિરમગામ)
સુંવાળિયા	સુંવાળા (તા. વિરમગામ)
દેથરિયાધ	દેથલી (તા. ચાણસ્મા)
વામની	વામજ (તા. કલોલ)
વિસનગરા	વિસનગર (જિ. મહેસાણા)
કલોલિયા	કલોલ (જિ. મહેસાણા)
કહોડિયા	કહોડા (તા. સિદ્ધપુર)
મહેસાણિયા	મહેસાણા

લાલચૂડા કાળાચૂડા પાટીદાર સમાજ જિ. સુરતમાં જે પ્રચલિત અટકો છે તે અટકો ઉપરથી ખ્યાલ આવે છે કે, દક્ષિણ ગુજરાતમાં રહેતા કડવા પાટીદારોનું મૂળ વતન ઉત્તર ગુજરાત હતું.

સામાન્ય રીતે નીચે પ્રમાણેની અટકો પ્રચલિત છે : અલુરિઆ, અસારવા, અઘારવા, અંબોડીઆ, આજોલા, આદુલા, આમલીઆ, આંબાસણીઆ, ઈસનપોરીઆ, ઈન્દ્રાણા, ઊંઢાચા, ઊંઝાવાળા, ઉપેરીઆ, કતારીઆ, કમાણીઆ, કલોલીઆ, કંસાગરા, કામરેજીઆ, કારેલીઆ, કુકરવાડીઆ, ખરસદીઆ, ખેરવા, ખેરડા, ગજેરીઆ, ગાંભા, ગોઝારીઆ, જંત્રાલાભૂત, કંબોડીઆ, કંથરાજીઆ, ચીલોડીઆ, છત્રાલા, છોગાળા, છાબલીઆ, જુલાસણીઆ,

S-18

કારોબારી ઠરાવ નં: ૧૪
મિટિંગ તારિક: ૧૬ નવેંબર ૧૯૭૮

કારોબારી
ઠરાવ નં ૧૪
તા- ૧૬-૧૧-૭૮ ગુરૂવાર
સંવત ૨૦૩૫ કારતક વદ ૨

એજન્ડા – પાટીદાર સમાજમાં કેટલાક લોકો પીરાણા પંથમાં જોડાયા છે તે અંગે તેમને રોકવા માટે પ્રયાસ કરવા અંગે

એજન્ડા: પીરાણા પંથમાં જતા લોકોને અટકાવવા

ઠરાવ – કચ્છ કડવા પાટીદારોમાં તથા ગુજરાતના જુદા જિલ્લાઓમાં કેટલાક કુટુંબોએ પીરાણા પંથ સ્વીકારેલો છે તેમજ બીજા કુટુંબો પણ આ પંથ તરફ વળી રહ્યા છે તો તેમને સાચો સનાતન ધર્મનો રાહ બતાવી તે તરફ વળતાં અટકાવવા માટે પ્રયાસ કરવા માટે નીચેના સભ્યોની કમિટી નીમવામાં આવી છે

(૧) નગીનભાઈ ઈશ્વરભાઈ પટેલ ઊંઝા
(૨) મગનભાઈ કેશવભાઈ પટેલ હરિપુરા
(૩) બેચરભાઈ કેવળભાઈ પટેલ ઘાટલોડિયા

(સહી) ...
પ્રમુખ ...

S-11


યુવામંડળો અને જ્ઞાતિપંચોનો
કડવા પાટીદાર પરિષદોમાં સુધારાવાદી અભિગમ
(ઈ.સ. ૧૯૧૮ થી ૧૯૬૦)
Reg. No. B. 2219
ચેતન
કિરણ
શ્રી મુંબઈ કડવા પાટીદાર મંડળનું મુખપત્ર
श्री उमिया देव्याः कृपास्तु ।
કડવા વિજય.
પટેલ
પાટીદાર ઉદય
વિજય.
कूर्मि क्षत्रिय जागरण
પાટીદાર હિતેચ્છુ.
સમાજ નવઘડતરનું માસિક
ધરતી
ડૉ. મંગુભાઈ પટેલ

S-11

યુવામંડળો અને જ્ઞાતિપંચોનો

કડવા પાટીદાર પરિષદોમાં સુધારાવાદી અભિગમ

(ઈ.સ. ૧૯૧૮ થી ૧૯૬૦)

લેખક

ડૉ. મંગુભાઈ પટેલ

નિવૃત્ત રીડર, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી
પૂર્વમંત્રી, સર્વ વિદ્યાલય કેળવણીમંડળ, ગાંધીનગર

: પ્રકાશક :

પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ

૦૨, 'કલિંગ' કોમ્પ્લેક્ષ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ પાસે,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ ● ફોન : ૨૬૫૮૪૯૬૩

પ્રકરણ-૮

કચ્છ કડવા પાટીદાર યુવકમંડળો અને પરિષદોની સુધારાપ્રવૃત્તિ

(૧૯૧૯ થી ૧૯૨૪) કરાંચી-મુંબઈ

કચ્છી પટેલો ખેતીવાડી પર નભતા હતા. પણ કચ્છમાં દરિયાકિનારો નજીક હોવાથી બીજા નગરોની અસર કચ્છમાં આવી એટલે તેઓ હુન્નર તરફ વળ્યા અને દેશ છોડી મુંબઈ, કરાંચી, કલકત્તા, સિંધ અને એડન સુધી પહોંચ્યા. એટલું જ નહિ ત્યાં જઈ વસવાટ કર્યો. તેમાંથી નવા વિચારો ઝીલ્યા અને બુદ્ધિજીવી વર્ગે સુધારણાનું આંદોલન શરૂ કર્યું. સ્વામિનારાયણ સંપ્રદાય અને આર્યસમાજ દ્વારા સુધારાની પ્રવૃત્તિ શરૂ થઈ. આ પ્રદેશમાં પીરાણા પંથનું ભારે વર્ચસ્વ હતું. પરિણામે 'સ્વધર્મ'માં પાછા ફરવાનું આંદોલન ચાલ્યું.

સ્વામિનારાયણના સાધુ ઉપદેશકો ઘણાને સ્વધર્મમાં પાછા લાવ્યા. આર્યસમાજ દ્વારા 'શુદ્ધિયજ્ઞ' શરૂ થયો. કચ્છમાં વૈદિકધર્મ સ્વીકારનાર દયાનંદ સરસ્વતીના પરમભક્ત મંજીલ ગામના નરવીર જાડેજા દેવાજી જગમાલજી હતા. તેઓ ચુસ્ત આર્યસમાજી હતા. ત્યારબાદ નારણજી મિસ્ત્રી (લીંબાણા) મુંબઈમાં ગુજરાતના પાટીદારો અને આર્યસમાજીઓના પરિચયમાં આવ્યા. ગુજરાતી અને કચ્છી પટેલો વચ્ચે ફરક જોયો અને મન વિચારમાં પડી ગયું અને પોતાની જ્ઞાતિ સુધારવા સુધારકો અને પંડિતોનો સહયોગ લઈ જ્ઞાતિ સુધારણા આંદોલન શરૂ કર્યું. શુદ્ધ વેદધર્મનો માર્ગ સ્વીકાર્યો. પીરાણા પંથની ક્રિયાઓ પ્રત્યે તેમને નફરત હતી. તેમણે પંથની પોલ ખોલતો ગ્રંથ લખ્યો. પીરાણા સરપંચની પોલ અને સત્યપ્રકાશ સમાજની આંખો ખુલી આ લેખ તેમણે લખેલો છે. કરાંચીથી પ્રગટ થતા જ્ઞાતિમુખપત્ર 'પાટીદાર ઉદય'માં આ વિગતો આપેલી છે.

પીરાણા-સતપંથના આદ્ય ઉત્પાદકો તથા પ્રવર્તકોનાં પાખંડ અને છલભેદ, કાકા અને સૈયદોની સ્વાર્થબાજી, પાજી પટેલો અને ગુણહીન ગઢેરાઓનાં કાળાં

અનુમોદન : ગામેગામ અને ઠામેઠામથી અમારાં સત્કાર્યને અનુમોદન તેમજ પ્રોત્સાહન આપનારા અનેક પત્રો આવવા લાગ્યા અને અનેક જમાનાથી જામેલાં પીરાણાનાં પાપોના પોપડા સામે, અખિલ દેશવ્યાપી પોકાર ઉઠી રહ્યો ! એવા સતેજ સંજોગો વચ્ચે સ્વધર્મવર્ધક મંડળના પ્રયાસને પ્રસંશનીય સફળતા મળતી જોઈ જાણીને, કચ્છમાં વસતા સતપંથના કુટિલ કાંધીયાઓનાં તો હૃદયો છેક જ સળગી ઉઠ્યાં !

કચ્છમાં જાગૃતિ : એક તરફથી મુંબઈ-ઘાટકોપરનું સ્વધર્મ વર્ધક મંડળ, પીરાણા સતપંથ તેમજ ગુમાની ગઢેરાઓનો ગર્વ ગાંજીને તેમનાં કટાયેલાં હથિયારોને, આગળ જણાવ્યા પ્રમાણે ભાંગી તોડી છિન્ન-ભિન્ન કરવા લાગ્યું હતું ત્યારે બીજી તરફ અમારા કચ્છમાં વસતા સગાં-કુટુંબીઓ વિગેરે એ પાખંડીઓની જાલીમ ઘાણીમાં પીલાવા લાગ્યા હતા. તેમને પણ જાગૃત કરવાનો અને બને તેટલી મદદ આપવાનો અમે નિશ્ચય કર્યો. આ પ્રમાણે મુંબઈની સાથે સાથે દેશમાં પણ જાગૃતિનું યુદ્ધ ચલાવવા અમે સહુ કટિબદ્ધ થયા. એ વખતની કચ્છની પરિસ્થિતિનો તો ઉપર ઈશારો કર્યો છે, એ મુજબ દેશના ગોઝારા ગઢેરાઓએ ચારેમેર ત્રાસ ત્રાસ વર્તાવીને, અમારા સગાં-સંબંધીઓમાં જે કેટલાક નબળા મનના હતા, તેમને દબાવી, નમાવી, હતાશ કરીને, પોતાને શરણે આવવાની ફરજ પાડી હતી. એ સમયે કુટુંબીઓને સહેવા પડતા આવા ત્રાસથી, સ્વધર્મવર્ધક મંડળના કેટલાક સભાસદભાઈઓને પણ એ દુષ્ટોને હાથે બહુ બહુ કષ્ટો સખ્ત રીતે સહન કરવાનો, અને ખરેખરી કસોટીનો બારીક વખત જ આવી પહોંચ્યો હતો. માબાપ પોતાના સંતાનો સાથે કશો સંબંધ રાખી ન શકે અને સ્ત્રીઓ પોતાના સ્વામીને આંગણે પણ આવી ન શકે ! અને કાકા, મામા કે સાળા બનેવીઓને પણ પોતાના છેક નજીકના સંબંધીઓ સાથેનો પણ સઘળો સંબંધ તોડી, તેમની સાથેનો બધી જાતનો વ્યવહાર છોડી દઈ, અલગ થવાનો વખત આવ્યો. કેટલાક સંબંધીઓને, સુધારકભાઈઓના નામનું સ્નાન કરી નાખવાની ફરજ પડી. ત્યારે કેટલાકને સગપણ અને વિવાહ જેવા ગંભીર સંબંધો ફોક કરવા જેવો ભયંકર પ્રસંગ આવી પડ્યો, છતાંયે અમારા મંડળની વજ્રમય પ્રતિજ્ઞા પ્રભુની કૃપાએ અચળ હિમાચલની પેઠે અતૂટ જ બની રહી.

સ્વામીનારાયણ સંપ્રદાય સાથે મસલત : એ સમય દરમિયાન મેં મારા પૂજ્ય પિતાશ્રીને તથા બીજા આગળ પડતા હિંમતવાન સંબંધીઓને પત્રો લખી એક જુદી જ દિશામાં નવી પ્રવૃત્તિ હાથ ધરવાની આજીજી કરી. આશરે દોઢસો

વર્ષો પૂર્વે પીરાણા સતપંથનાં પાપોથી કંટાળેલા અને ગઢેરાઓની ગુલામીથી ત્રાસી ગયેલા, કચ્છી કડવા પાટીદારોએ પાખંડી પીરાણા સતપંથની જાળમાંથી છૂટા પડીને સ્વામીનારાયણ સંપ્રદાયનો સ્વીકાર કર્યો હતો. તેઓ ધર્મ, કર્મ અને આચાર વિચારમાં સતપંથીઓથી અલગ થયા હતા. લગ્નપ્રસંગે અર્ધ મુસલમાની દુવાને બદલે ચોરીથી વેદધર્મ પ્રમાણે લગ્નો કરાવતા અને મરણ પ્રસંગે મુડદાંને દાટવાને બદલે અગ્નિસંસ્કાર કરવા લાગ્યા હતા. ધાર્મિક ક્રિયાઓ અને ભક્તિ ભજનમાં સ્વામીનારાયણ મતના નિયમોને પાળતા હતા; પરંતુ જ્ઞાતિની ઓછી વસ્તીને લીધે તેમજ કન્યાની અછતને લીધે તેમને પણ પાછી પીરાણા સતપંથીઓ સાથે ખાવાપીવાની તેમજ કન્યાની આપલે કરવાની ફરજ પડી હતી. એ સ્વામીનારાયણ સંપ્રદાયવાળા આશરે બસો કુટુંબો સાથે અમારું સંઘબળ વધારવા માટે ભળી જવાની અમારી આંતરિક ઇચ્છા હતી; કેમકે માત્ર આઠ-દશ કુટુંબોમાં અમારો સંસાર-વ્યવહાર સદાકાળ નભી જાય એમ જણાતું ન હતું. તેમજ અમારું સંખ્યાબળ વધારવાની પણ એ વખતે ખાસ જરૂર હતી. મારા પિતાશ્રી મારફતે એ ભાઈઓ સાથે મળી જવાની મેં તજવીજ ચલાવી. પણ તે એવી શરતે કે જ્યારથી અમે તેમની સાથે જોડાઈએ ત્યારથી તેમણે એ અર્ધદગ્ધ કબ્રસ્તાની ખીચડિયા પીરાણા સતપંથવાળાઓનો સંબંધ બીલકુલ છોડી દેવો, અને પ્રાયશ્ચિત લઈ પાવન થઈને, ત્યાર પછી પવિત્ર આર્યજીવન ભોગવવાની પ્રતિજ્ઞાઓ સ્વીકારવી. કચ્છના એ સંપ્રદાયના ભાઈઓમાં પટેલ જીવરાજ ખેતસિંહ, પટેલ નારાયણ ધર્મસિંહ કચ્છ ગડાણીવાળા તથા કચ્છ રવાપુર અને નેત્રાના આગેવાન પટેલોએ અમારી એ માંગણી સહર્ષ સ્વીકારી લીધી. માત્ર એટલું જ નહિ, પણ એ બાબતનો નિર્ણય કરવાને તેમના ધર્મના આચાર્યશ્રી સમક્ષ અમદાવાદના તેમના ધર્મ ધામમાં અમારી સાથે રૂબરૂ તે બાબતની વાટાઘાટ કરવા નિમિત્તે, બંને પક્ષે મળવાની ગોઠવણ થઈ. મુંબઈ ઘાટકોપરના અમારા મંડળ સમક્ષ આ વિષય ચર્ચીને અમે પણ અમદાવાદ જઈ, તેમની સાથે આ મહત્ત્વના વિષયનો ત્વરાથી ઉકેલ કરવાના નિર્ણય ઉપર આવ્યા. સમય નક્કી કરી અમો મુંબઈથી નીકળ્યા અને ઉપર જણાવેલા ભાઈઓ કચ્છથી રવાના થઈને અમને અમદાવાદ આવી મળ્યા. એ વખતે અમદાવાદના સ્વામીનારાયણ સંસ્થાનમાં કેટલાક સંસ્કારી અને સાક્ષર સાધુઓ તેમજ બ્રહ્મચારીઓ રહેતા હતા તેમને અમારી બંને પક્ષની વસ્તુસ્થિતિ સવિસ્તર સમજાવવામાં આવી.

ધર્મ ભ્રષ્ટ કરનારી અમી અને નૂરની ગોળીઓ ખાઈ તેમજ સૈયદોની એંઠચાટી, વટલીને ભ્રષ્ટ થયેલા; ખીચડીયા પીરાણા સતપંથીઓની સાથે કોઈ

S-11

કાકાના કચ્છમાં પગલાં ? : એ વખતે કચ્છમાં ત્રણ ત્રણ વરસો થયાં ચાલુ દુકાળો પડતા હતા. ખેતી અને વરસાદ ઉપર જ જીવનનું અવલંબન હોવાથી દુકાળનાં દુઃખો અમારા કણબી ભાઈઓ જેટલાં તો બીજી કોઈ પણ જાતિને ભોગવવાં પડતાં નહોતાં. તેઓ કરજમાં ડૂબી ગયા હતા. તેમને પોતાને પણ પેટપૂરતું અનાજ ભાગ્યે જ મળતું. તેમની આંખોમાં આંસુ રાતદિવસ સૂકાતાં જ નહોતા. આવી ભયંકર સ્થિતિમાં કોઈ રાક્ષસી હૃદયને પણ કણબીઓની દયા ઉપજ્યા વગર ન રહે, છતાંય કચ્છના લોહીતરસ્યા આગેવાનો તો એ મરણતુલ્ય સ્થિતિ ભોગવતા જ્ઞાતિના જીવોને પણ નીચોવવાની નવી વેતરણમાં પડ્યા. ચાલુ શિરસ્તા પ્રમાણે પીરાણાવાલો કાકો પોતાની જિંદગીમાં એક જ વખત કચ્છમાં આવી શકે, અને આવે ત્યારે તેને દેશોદના લાગા ઉપરાંત શિરબંધીની તેમજ પધરામણીની ભેટને નામે વધારાની હરામની લૂંટ મળતી હતી. તે વખતે અગાઉ કાકો સાહેબ બબ્બે વખત તો પોતાનો મુબારક કદમ કચ્છ ભૂમિમાં રાખી ગયો હતો, છતાંયે કચ્છના એ દાંડ અને ભૂખોડ મુખી-પટેલોની તેને ફરીથી ત્રીજીવાર બોલાવવાની પ્રબળ ઈચ્છા થઈ. કારણ કે કાકાને બહાને તેને બધી પ્રકારની આવકમાંથી મળતી કમિશનરૂપી દલાલી અને ચેરીમેરી તેમજ કાકાને અપાતાં મીઠાં જમણમાં ખેરીયાતનાં લાડુલાપસી ખાવાનો આવો સારો લાગ લૂંટાઈ જાય એ તેમનાથી કેમ સહન કરી શકાય ? એટલે તેમણે તો કણબીઓના ચાલુ કકળાટ તરફ જરાપણ ધ્યાન ન દેતાં અસાધારણ ધમાલ કરીને લાખેણા લખમણ કાકાને પીરાણેથી કચ્છ દેશ બોલાવ્યા અને પોતાનાં દયાહીન નીચ ધોરણે દબાણ ચલાવી, બળજબરીથી એ પાપી પટેલોએ ગરીબ ભાઈઓ અને રાંડીરાંડો પાસેથી પણ કોરીઓ ઓકાવવા માંડી. ઢોર, જમીન, માલ, મિલકત વેચીને, કરજ કરીને કે દરદાગીના વેચીને પણ શિરબંધી અને ભેટનાં નાણાં ભરવાની તેઓને ફરજ પાડવા લાગ્યા. ન ભરે તેને નાત બહાર પણ મૂકવાની સજા ઠોકવા લાગ્યા.

યુવકમંડળની કાર્યવાહી ? : કચ્છના આવા ત્રાસદાયક સમાચાર મુંબઈમાં સૌને મળી ચૂક્યા હતા અને ઘણા ભાઈઓનાં હૃદય એથી ઉકળી રહ્યાં હતાં. એ આળાં હૃદયને જાગૃત કરવાનો આ ઘણો સારો પ્રસંગ હતો. એથી આગેવાનોના એ ગેરકાયદેસર ઉઘરાણાં અને જુલમને માટે જાહેર પોકાર ઉઠાવી, પીરાણા સતપંથીઓની મુંબઈમાં વસતી સઘળા ભાઈઓની એક જાહેર સભા, ભાઈ રતનસિંહ ખીમજીની આગેવાની હેઠળ ભરવામાં આવી. એ સભામાં આગેવાનોના અન્યાયી જુલ્મનો હૃદયભેદક ચિતાર રજૂ કરી, બધા ભાઈઓની તીવ્ર અને સારી લાગણી જોઈને જ્ઞાતિની અહીં બની શકે તેવી સેવા માટે એક કચ્છ કડવા પાટીદાર

કચ્છ કડવા પાટીદાર સમાજની ૧૯૨૪માં ઘાટકોપર (મુંબઈ) ખાતે ભરાયેલ પરિષદનો વિસ્તૃત અહેવાલ

વીર હાકલ સાંભળો, અધર્મથી બચો અને સત્ય માર્ગે પ્રયાણ કરો.

આપણી પરિષદ મુંબઈમાં ઘાટકોપર મુકામે એપ્રિલ મહીનામાં ભેગી મળી હતી. જેમાં થયેલું કામકાજ નિર્વિઘ્ને પસાર થયું છે અને હવે આપણે બીજી જ્ઞાતિઓને પેઠે જાગૃત થવાની જરૂર જોતાં એટલું કહી શકાય કે આવી આવી પરિષદોમાં સર્વાનુમતે જે જે ઠરાવો થાય છે, ધારાધોરણો ઘડાય છે તેને પાળવાને આપણે હૃદયપૂર્વક તૈયાર રહેવું જોઈએ.

આ પરિષદનો અહેવાલ અમે ટૂંકમાં નીચે રજૂ કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે હવે આપણે વધુ વખત ઊંઘમાં નહિ રહેતાં કર્મ અને ધર્મને ઓળખી લેશું અને સનાતન વૈદિક ધર્મની શુદ્ધિ પવિત્રતા સાથે તેમાં રહેલી ઈશ્વરની કરૂણા અને કુદરતની ગતિને ઓળખી લઈશું.

ઘાટકોપર ખાતેના મેદાનમાં આપણી આ પરિષદની બેઠકોની શરૂઆત થઈ હતી. ગામે ગામથી આવેલા આપણા ભાઈઓ માટે ઉતારાની અને બીજી દરરોજની જરૂરી સગવડોની પૂર્ણ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. બધાં ભાઈઓનો હર્ષ માયો સમાતો નહોતો અને તેઓ બધા જાણે આજે ઈશ્વરનો મહિમા નીરખવા અથવા તો ઈન્દ્ર મહારાજને ભેટવા આવ્યા હોય એવો દેખાવ નજરે પડતો હતો. આનંદમાને આનંદમાં બધા દિવસો વ્યતિત થઈ ગયા અને ભેગા થનાર ભાઈઓએ અને સ્વાગત મંડળના સરનશીને જુદાં જુદાં વ્યાખ્યાનોની હારમાળા કે પુષ્પહારો આપણી સામે સુગંધ દેતા મૂકી ગયા છે. આપણી ફરજ છે કે ધારા ધોરણરૂપી મધુર અને સુવાસિત પૂમડાં ચૂંટી ચૂંટીને સૂંઘી એ અને બીજા જ્ઞાતિબંધુઓને, બહેનોને અને માતાઓને તેમજ આપણાં ઉછરતાં બાળકોને તે સુંદર સુવાસ લેવડાવીએ તો આપણા કાર્યની સાફલ્યતા ગણી શકાય.

પરિષદના દિવસની કાગને ડોળે વાટ જોતાં આપણા ભાઈઓ સમીપ આ દિવસો આવ્યા અને તેમાં થયેલા ઠરાવોની નોંધ જ્યારે તેઓના જાણવામાં આવી ત્યારે અને તે પહેલાં જ પરિષદના મંડપમાં આપણા ભાઈઓએ આપણામાં ઘર ઘાલી બેઠેલાં પેલા પીરાણા પંથના તંત્રને તોડી નાંખી સ્વધર્મને ઓળખવા ઊભા થયા. છાતી કાઢી હિંમત ધરી જાહેરમાં તેઓ બોલી ઉઠ્યા કે, "અલબત્ત, અલબત્ત ! અમારો સનાતન ધર્મ અમને સમજાયો છે, અમે અજ્ઞાનતાથી એક બાજુએ દોરવાઈ ગયા છીએ, પણ અમારી એ અજ્ઞાનતા-અરે અમારી તે ભૂલ - અમને હવે

સંપૂર્ણપણે સમજાય છે, અમે પ્રતિજ્ઞાપૂર્વક કહીએ છીએ કે, અમે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લઈ અમારા સ્વધર્મ સ્વીકારીશું અને અન્ય ભાઈઓને તેમ સમજાવી ઉન્નત કરીશું.''

અહાહા ! અહોભાગ્ય આપણા અને જ્ઞાતિના કે આવા અનુપમ દીવસે જ આપણે પ્રતિજ્ઞા લીધી.

બાદ જ્ઞાતિ સમસ્તે પાળવાના પરિષદે અમુક ઠરાવો કર્યા, તે ઉપર વિવેચનો થયાં અને આપણા હૃદયને વીંધી નાખે એવા પંડિત કાર્તાતિક તથા નરહરી અને પારશર અને ભાઈ ગણાત્રા (વસંત) અનેક દાખલાઓ આપણી સમક્ષ રજૂ કરવાથી આપણને ધર્મઝનૂન ઉત્પન્ન થયું ? કોણ કહેશે કે આ ધર્મભાવના નથી ? કોણ કહેશે કે આપણે આપણી ઉન્નતિ ઓળખી નથી ? પરમાત્માની કૃપાથી સર્વ શાંત થયું અને ઠરાવો એક પછી એક ઘણા જ આનંદ અને ઉમંગ વચ્ચે પસાર થયા. હવે માત્ર તેનો અમલ થવાની જ ખોટી છે, જેમ કરવાની પહેલ આપણા કરાંચી શહેરમાં વસતા આપણા ૧૬ કુટુંબોના લગભગ ૬૦ આસામીઓએ કીધી છે જેની નામવાર ટીપ આજના આ અંકમાં આપ સર્વે જોઈ શકશો. એ જાણી અત્યંત આનંદ અને જયજયકાર થાય છે.

પરિષદમાં પસાર થયેલા ઠરાવો

પસાર કરવામાં આવેલા ઠરાવો નીચે મુજબ છે :-

ઠરાવ ૧ : ગૌબ્રાહ્મણ પ્રતિપાલ નોધારાધાર ધર્મ ધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ મહારાજાધીરાજ મીરઝાં મહારાવ શ્રી સર ખેંગારજી સવાઈ બહાદુર જી.સી.આઈ.ઈ.નું આ પરિષદ અંતઃકરણપૂર્વક સહકુટુંબ દીર્ઘાયુષ્ય ઇચ્છે છે.

ઠરાવ ૨ : પીરાણા સતપંથ આપણને સમસ્ત જ્ઞાતિથી અલગ પાડી દેનાર હોવાથી તેમજ તે પંથ આપણે હિંદુપણામાંથી ટાળી દેનારો છે એવી પરિષદને ખાત્રી થવાથી, આ પીરાણા સતપંથને આપણી જ્ઞાતિમાંથી નાબૂદ કરવાનાં દરેક ચાંપતા ઉપાયો લેવા તેમજ કોઈએ દેશોંદ કે વીશોંદના લાગા ભરવા નહીં, તેમજ પીરાણાની અમી કે નુરની ગોળી પીવી નહીં અને કાકા તેમજ પીરાણા તેમજ સૈયદોનો પગ પેસારો આપની જ્ઞાતિમાંથી જલદી દૂર થાય તેવા ઉપાયો કરવા. વળી સ્વજ્ઞાતિબંધુઓ દેહશુદ્ધ પ્રાયશ્ચિત જેમ બને તેમ જલદી સનાતન વૈદી કે ધર્મ તરફ પ્રવૃત્તિ કરે એવા ઉપાય તાત્કાલિક યોજવા એ આ પરિષદના દરેક મેમ્બર પોતાની ફરજ સમજે છે અને દેહશુદ્ધ પ્રાયશ્ચિત લઈ પીરાણા સતપંથને તજી દેનારને દરેક પ્રકારની મદદ કરવાનો આ પરિષદ ઠરાવ કરે છે.

તસ્દી લઈ અમારા જ્ઞાતિહિતના કાર્યને દીપાવવા અમને અનુકૂળતા કરી અમારી ઉપર મોટો ઉપકાર કર્યો છે તેના માટે અમો તમારા હંમેશના ઋણી રહીશું. આટલું બોલી મારું ભાષણ પૂરું કરું છું અને પરિષદના કાર્યમાં જોડાવાને દરેક ભાઈઓ તેમજ બહેનોને વિનંતી કરું છું.

સ્વાગતકમિટીના પ્રમુખનું ભાષણ સમાપ્ત થયા પછી પરિષદના સેક્રેટરી ભાઈ નારાયણજી રામજીએ પરિષદના પ્રમુખમહાશય હવેથી પોતાનું ભાષણ શરૂ કરશે તે તમો એકચિત્તે સાંભળશો એવું જાણ કરતા સભાના સર્વ માણસોએ તાળીઓના ગડગડાટ સાથે ઊભા થઈ પરિષદના પ્રમુખમહાશયને માન આપ્યું હતું અને શેઠ ચંદુલાલ મણિલાલ દેસાઈએ પોતાનું વિદ્વતાભર્યું વ્યાખ્યાન શરૂ કરેલું તે નીચે મુજબ છે :

પરિષદના પ્રમુખ શેઠ ચંદુલાલ મણિલાલ દેસાઈનું ભાષણ

પ્રિય જ્ઞાતિબંધુઓ, સદ્‌ગૃહસ્થો, માતા અને પૂજ્ય બહેનો, મોહમયી મુંબઈ નગરના એક અંગરૂપ ગણાતા ઘાટકોપરમાં શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદના ત્રીજા મહોત્સવના પ્રમુખપણાનું અપૂર્વ અને અનુપમ માન આ સેવકને આપવાની આપ સર્વે ભાઈઓએ કૃપા કરી છે તે માટે હું તમારો અત્યંત આભારી છું.

પ્રમુખપદની દરખાસ્ત મૂકનાર શ્રીયુત નારાયણજી રામજીભાઈએ મને ઉદ્દેશીને જે માનપ્રદ શબ્દો ઉચ્ચાર્યા છે, એટલું જ નહીં, પણ જે મહાન વિશેષણો વાપર્યા છે તે મારી મિથ્યાભિમાની વૃત્તિને ઉત્તેજિત કરનારાં છે, એટલું જ નહીં પણ એ સર્વ અતિશયોક્તિ ભરેલાં છે. મારા તરફના તેઓના સ્નેહના પક્ષપાતને લઈ મારાં જ વખાણ કર્યાં છે. તેના માટે તેમનો અને બીજા ભાઈઓએ જે પ્રમુખપદ માટે ટેકો આપ્યો છે તેઓ સર્વેનો ઉપકાર માનું છું.

ઈશ્વરકૃપાથી આપણી બહોળી જ્ઞાતિમાં તેવા અનેક નરરત્નો આપણી જ્ઞાતિમાં બિરાજે છે કે જેની આગળ હું અલ્પ સમાન છું. આ સભાની અંદર પણ અમારા વિદ્વાન, બુદ્ધિવાન, નીતિવાન, વિનયવાન, પરોપકારી, કાર્યકુશળ અને બીજા અનેક ઉત્તમ સદ્‌ગુણોથી ભરપૂર સમગ્ર જ્ઞાતિ સમૂહને શોભાવે તેઓમાંના કોઈ ભાઈની આ ઉચ્ચસ્થાને યોજના થઈ હોત તો વ્યવહાર દૃષ્ટિની યોગ્યતા વધારે જળવાત, અને કાર્યસિદ્ધિનો માર્ગ વધારે સરળ થાત.

પ્રિય જ્ઞાતિબંધુઓ, આવડી મોટી ગંજાવર સભાના પ્રમુખપણાની જુમ્મેદારી કંઈ નાનીસૂની નથી. મારા જેવા સાધારણ માણસના ગજા ઉપરનું કામ છે. છતાં આપ સર્વે મુરબ્બી ભાઈઓની આજ્ઞાને માન આપી એ ભાર ઉપાડવાનો સ્વીકાર

કરવાનું મેં સાહસ કર્યું છે, એ એવી ઉમેદથી કે, આપણી જ્ઞાતિની પરિષદના કાર્યવાહકો, વિદ્વાનો તથા અન્ય સર્વે ભાઈઓ, મારા દોષને તથા અપૂર્ણતાઓને સુધારી લઈ શુદ્ધ અંતઃકરણથી અને ભાતૃભાવથી મારી સહાયતામાં રહેશે એવી આપને પ્રાર્થના કરું છું. સ્વજ્ઞાતિ પ્રત્યેનો સેવાભાવ તો મેં લાંબા સમયથી સ્વીકાર્યો છે અને આજના પ્રસંગથી એ બંધન અતિબળવાન બને છે. આપે સોંપેલું કાર્ય વિકટ છે, પણ મારી અલ્પ શક્તિ પ્રમાણે બનતી સેવા કરીશ.

આપણો ઈતિહાસ શું દેખાડે છે ?

વ્હાલા ભાઈઓ અને બહેનો, દેશના જુદા જુદા ભાગોમાં તસ્દી લઈ અને સંકટો સહન કરી પૈસાનો ભોગ આપી આપણે અત્રે એકત્ર થયા છીએ એ ઉપરથી એ અનુમાનો થાય છે કે આપણે અત્રે એકઠા થવું ઘણું જરૂરી છે. કોઈ પણ કાર્ય જરૂરીયાત વગર કોઈ કરતું નથી. આ સભામંડપમાં આપણને હાજરી આપવાથી જે આનંદ થાય છે તે જાણે દૈવી આનંદ ન હોય એવું મને સમજાય છે, કોઈ દુઃખી માણસના દુઃખનું આપણા હાથે નિવારણ થતાં હૃદયમાં જે આનંદ થાય અને તેનું અતઃકરણ આપણા તરફ જે માયાભરી દૃષ્ટિથી ખેચાતું હોય તે ભાવથી આજે આપણાં અંતઃકરણો એકબીજા બંધુઓના દર્શનથી આનંદિત થાય છે. સ્વજ્ઞાતિના હિતમાં આપણું પણ હિત સમાયેલું છે, તેથી એ ઉદ્દેશ હંમેશાં યાદ કરીને જ્ઞાતિહિતના કાર્યોમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. અહીંયાં આપણે એક જ ગામ કે પરગણાના હિત માટે મળ્યા નથી, પરંતુ આપણી જ્ઞાતિ કચ્છ-કાઠિયાવાડ, ગુજરાત, માળવા, નિમાડ જેવા દેશોમાં આપણે રહીએ છીએ છતાં એક જ કુટુંબનો આપણો આ પરિવાર છે તે કોઈ કાળે ભૂલવું જોઈતું નથી. ઘણો કાળ થઈ જવાથી દેશ ચાલ મુજબ આપણા પહેરવેશ અને બોલવામાં એકબીજાથી જુદાપણું લાગે છે, પરંતુ આપણા મુખ્ય રિવાજો ધર્મ, કુળ, અસલ સ્થળો જોતાં આપણે એક જ જ્ઞાતિના બંધુઓ છીએ એમ સમજવા સિવાય રહેતું નથી. તેના અનેક ઐતિહાસિક દાખલાઓ આજે પણ મોજુદ છે, આપણા વડીલોએ ગામો વસાવ્યાની તેમજ આપણી પ્રાચીન જાહોજલાલી ભરેલી સ્થિતિ જેને જાણવી હોય તેમણે આપણી જ્ઞાતિના નરરત્ન સ્વર્ગસ્થ કર્મવીર બંધુ ભાઈશ્રી પુરુષોત્તમદાસ લલ્લુભાઈએ રચેલા શ્રી "કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ" નામના પુસ્તકનો અભ્યાસ કરવો. કણબી ક્ષત્રિય ઉત્પતિ અને ઈતિહાસ નામનું પુસ્તક આપણી જ્ઞાતિના માટે "રામાયણ અને મહાભારત"ની ઉપયોગિતા જેવું છે, આપણી જ્ઞાતિનો સાચો ઈતિહાસ તેમાં સમાયેલો છે, માટે એ પુસ્તક જ્ઞાતિના દરેક ભાઈએ અવશ્ય વાંચવું

અને મનન કરવું જોઈએ. એ ઇતિહાસમાં આપણી કચ્છ તરફની કડવા પાટીદાર જ્ઞાતિનો પણ ઇતિહાસ છે અને એ ઐતિહાસિક દૃષ્ટિએ આપણો જ્ઞાતિસંબંધ જે જળવાઈ રહ્યો છે તે જાણી મને ભારે આનંદ થાય છે. સંવત ૧૫૮૦ ની સાલથી તે સંવત ૧૯૩૨ની સાલ સુધી ગુજરાતનાં જુદાં જુદાં ગામોમાંથી કચ્છ તરફ પાટીદારો ગયાનો ઉલ્લેખ કુરમી ક્ષત્રિય ઉત્પત્તિમાં છે અને એ વાત બરાબર બંધબેસતી આવે છે. કચ્છની રેતાળ અને ડુંગરાળી ભૂમિને નંદનવન સમાન બનાવનાર તમારા જ વડીલો છે અને જુદાં જુદાં ગામો વસાવી, આબાદ સ્થિતિમાં ત્યાં તમારી પટલાઈ હજુ ચાલુ છે. દેશકાળનાં પરિવર્તનથી અજ્ઞાનતામાં આપણી જ્ઞાતિમાં જે અધર્મયુક્ત રીતરિવાજોએ ઘર કર્યું છે, તેને નિર્મૂળ કરવા દેશના જુદાં જુદાં ભાગોમાં પ્રવૃત્તિઓ ચાલુ છે અને તે જ પ્રમાણે કચ્છમાં પણ જ્ઞાતિસુધારકોએ એ જ હિંમત ઉઠાવી છે; આ બધી અજ્ઞાનતાઓ આપણામાં જે આવી ગઈ છે તે કેળવણીના અભાવે.

કોમની કેળવણી સંબંધી કંગાલ હાલત

ગુજરાત, કાઠિયાવાડ અને નિમાડ માળવામાં આપણી જ્ઞાતિ વસે છે. ત્યાં કેળવણીનું જે પ્રમાણ છે, તેથી કચ્છમાં આપણી જ્ઞાતિનું કેળવણી પ્રમાણ તદ્દન કંગાલ હાલતમાં છે. મને ભારે અજાયબી થાય છે કે હિંદુસ્તાન દેશ માંહે નાના મોટાં સાતસો રજવાડાં છે. કચ્છનું રાજ્ય એ મહારાજ્યની ગણત્રીમાં છે. કચ્છ રાજ્ય એ સ્વતંત્ર રાજ્ય છે. બ્રિટિશ સરકારની ઝાઝી દખલગીરી ત્યાં નથી. ચલણી નાણું રાજાના સિક્કામાં ચાલે છે, હથિયારોની ત્યાં તદ્દન છૂટ છે, ખેતીવાડી કરવાવાળા ભાઈઓની વીઘોટીનો ત્રાસ નથી, ઉત્પન્નમાંથી અમુક રાજ્ય ભાગ તરીકે અપાય છે, ઉપજ ન હોય તો કશું આપવાનું નથી. રાજ્યમાં નિમકવેરો બિલકુલ નથી, તે સિવાય કચ્છના મહારાવશ્રીએ અનાજનો એક પણ દાણો પરદેશમાં ન જાય તેનો સખ્ત બંદોબસ્ત કાયદાથી કરેલો છે, એટલે એ દેશની પ્રજાને દુકાળનાં વર્ષોમાં પણ મોંઘવારી નડતી નથી. આવાં બધાં સાધનો જે રાજ્યમાં હોય તે રાજ્યની પ્રજાની ઉન્નતિ કેમ ન સંભવે ? છતાં કચ્છમાં કેળવણીની ખામી ભારે દેખાય છે, અને એ કેળવણીના અભાવે આપણી કણબી જ્ઞાતિને જડવત્ બનાવી મૂકી છે, તે તેનું એક મુખ્ય કારણ છે.

આગેવાનોના જુલ્મોની કથા

મેં કચ્છી પાટીદાર ભાઈઓની ઘણી મિટિંગોમાં ભાગ લીધો છે અને તે મિટિંગોમાં કચ્છી કણબી જ્ઞાતિના આગેવાનોના જુલ્મોની કથા અને પીરાણા

સતપંથની વાતો ઘણે ભાગે વધુ ચર્ચાય છે, એ મારા અનુભવમાં છે, તે સિવાય કચ્છ કડવા પાટીદાર પરિષદ પહેલી અને બીજીના રિપોર્ટો વાંચ્યા પછી મને અનેક પ્રકારના વિચારો થાય છે. આપણી કડવા પાટીદાર જ્ઞાતિ દેશના જુદા જુદા ભાગોમાં વિસ્તાર પામેલી છે અને ઠેક ઠેકાણે નાતજાતને લગતી તકરારો જ્ઞાતિના સમજુ પુરુષો મારફત પતાવવાનો રિવાજ ઘણો જ પ્રાચીન થઈ ગયો છે, તે જેટલો ઇષ્ટ છે, તેટલો જ હાલમાં તો ખાસ કરીને કચ્છ દેશમાં આગેવાનોના સ્વાર્થી અને અન્યાયી દોરનો ભોગ થઈ પડ્યો છે. કચ્છના આગેવાનોની જુલ્મી સત્તા અને અધમતાના ઇતિહાસો કહેવા બેસીએ તો કેટલાંયે પુસ્તકો લખાય, પરંતુ આપણું કર્તવ્ય અજ્ઞાન અને અધર્મી સ્વાર્થી માણસોની કાળી બાજુ ચીતરવામાં જ સમાયેલું નથી, પરંતુ તેઓને સુધારવા માટે જે જે ઉપાયો લેવા ઘટે તે લેવા દરેક બંધુઓને મારી તો સલાહ એ છે કે, તમારા માંહેના જ્ઞાતિસુધારક ભાઈએ આગેવાનોના જુલ્મની ફરિયાદ કોર્ટ મારફતે નહીં, પણ ખુદ મહારાજાની રૂબરૂ જણાવવી જોઈએ.

કચ્છના રાવ પાસે ડેપ્યુટેશન મોકલવાની હિમાયત

કચ્છના મહારાવશ્રી પોતાની પ્રજાની પાયમાલી પ્રજાના હાથે કેમ થવા પામે તે માટે આ સંબંધે તમારામાંથી થોડા ભાઈઓનું ડેપ્યુટેશન મહારાજા હજૂર પાસે જવું જોઈએ અને ધીરજથી તમારી બધી વાતો તેમને યોગ્ય રીતે સમજાવવી જોઈએ. મારી પાકી ખાતરી છે કે, તેમને એટલે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિ, જ્ઞાતિના આગેવાનોથી ગુલામી દશા ભોગવે છે, તેથી જરૂર મુક્ત થઈ શકે. દરેક જ્ઞાતિમાં આગેવાનો હોય છે, તેમને પટલાઈનો મોહ પણ રહે છે, જ્ઞાતિભાઈઓ ઉપર જોરજુલમ પણ કરે છે, પરંતુ કચ્છના પટેલોને માફ નહીં. પૈસાના સ્વાર્થની ખાતર અમારા તરફના પટેલો આવો જુલમ કરે તો એક દિવસ પણ તેઓની પટલાઈ ચાલે નહીં.

દરેક માણસે પોતાના પગ ઉપર ઊભા રહેતાં શીખવું જોઈએ

કચ્છની કણબી જ્ઞાતિના પટેલોના ઇતિહાસો વાંચી હૃદયમાં કંપારી છૂટે છે અને તેની સાથે સાથે કચ્છના કડવા પાટીદારોની ભીરુતા, નિર્માલ્યતા અને મુર્ખાઈપણાની પણ હદ આવી જાય છે. કરાંચીમાં મળેલી બીજી પરિષદના રિપોર્ટમાં જે અહેવાલ પ્રગટ થયો છે તે ઉપરથી તો એમ જ કહેવાય કે આ પ્રજા હજુ તદ્દન અજ્ઞાન અને જડ જ છે. દરેક માણસે પોતાના પગ ઉપર ઊભા રહેતાં શીખવું જોઈએ. આત્મબળથી મનુષ્ય ધારે તે કરી શકવા સમર્થ થાય છે. તેના

દાખલામાં હું જણાવીશ કે ભાઈશ્રી નારાયણજી રામજીભાઈ તરફથી થોડા વખત પહેલાં એક ''પ્રાસ્તાવિક નિબંધ'' બહાર પાડેલ છે, તેમાં કેટલાંક કુટુંબોએ પીરાણા પંથ અને આગેવાનોના જુલ્મને ન ગણકારતાં પોતાની સ્વતંત્રતા સિદ્ધ કરી છે. તે જ પ્રમાણે દરેક માણસો જો વરતે તો આજે આપણા ઉપર કોઈ જુલ્મ કરી શકે તેમ નથી. તે સિવાય પીરાણાના પાખંડી મતના પંથે ચાલીને આજે કચ્છના પાટીદાર ભાઈઓની કેવી અધમ દશા થઈ ગઈ છે તે સર્વ કોઈના ધ્યાનમાં છે. પ્રાસ્તાવિક નિબંધમાં તેમજ સ્વાગત કમિટીના પ્રમુખના ભાષણમાં એ સંબંધે ઈશારો કરવામાં આવ્યો છે. આપણી ભાવના ભ્રષ્ટ કાં થઈ ?

સૈયદ ઇમામ શાહના પંથના માર્ગે ચઢવાથી આપણી ભાવનાઓ નષ્ટ ભ્રષ્ટ થઈ ગઈ. કેટલાક રીત-રિવાજોમાં પણ અધમતાએ પ્રવેશ કર્યો છે, જ્યાં કાચું સોનું પાકે એવા રસાળ ગુજરાત પ્રદેશનો ત્યાગ કરી કચ્છમાં આપણી જ્ઞાતિને જવાનું મૂળ કારણ પણ પીરાણા મતનો સ્વીકાર કરવાથી જ થયું છે. અધર્મયુક્ત અધમ પંથને વળગી રહેવાની લાલસા વધતી ગઈ, જેના પરિણામે જીવન ખારાં ઝેર જેવાં થઈ ગયાં. ધન ગયું, માન ગયું, વિદ્યા ગઈ, જેના લીધે બુદ્ધિ ગઈ અને સારું સમજવાની શક્તિનો પણ લોપ થઈ ગયો. આમ, અધર્મરૂપી ઝેરી ભાવનાઓ પેઢી દર પેઢી ઉતરતી આવી. અફસોસ બંધુઓ, એ સ્થિતિનું જેને ભાન થાય તે તો જરૂર પોતાના ભાઈઓની દયાજનક સ્થિતિ ઉપર આંસુ પાડ્યા સિવાય રહે જ નહીં, પરંતુ એ આંસુ અને હૃદયના ઊભરા કયા ધર્મથી પોસાતાં હૃદયોમાં આવે ? એ વાત કોણ સમજી શકે ? અરે સમજવા પણ કોને ? સમજવા માટેની વિચારશક્તિ અને બુદ્ધિ જોઈએ તે ક્યાંથી લાવવી ? તે શક્તિ બક્ષનારી વિદ્યાદેવી અને એને આપણે કેટલી પેઢીઓનું અંતર ! તે મહાદેવી સરસ્વતી આપણા ઉપર પ્રસન્ન કેમ થાય. આપણે તો -

મરાઠી સાખી

ધર્મ કર્મને ધોઈ નાખ્યાં
ગાડર સમ ઝુકાવી,
ઉપરથી ઉપહાસ્ય કરાવી,
ગાંઠનું ગરથ ગુમાવી આવી.
રસમય થકી ભાવી ભૂસાયું
શરમ જરી નાવી-આવી રસમ

અધમ દશા માટે અફસોસ

કચ્છના કડવા પાટીદાર ભાઈઓની અધમ દશાના માટે અફસોસ પણ કેટલો કરીએ; આંખે પાટા બાંધી ઈમામશાહને ઇંદ્ર માની લીધો. અમરાપુર મહાલવાની અજ્ઞાન લાલસાએ પાંચ પાંડવ મળી ગૌવધ કીધાની અને સતી પાંચાળીને મસ્તક ચામડાં લીધાની વાત પણ સાચી માની લીધી. ફરમાનજી બીસમીલ્લાના કલમા પઢતાં પણ શરમાયા નહીં. દશોંદના દોકડા ભરી ભરી તૂટી ગયા અને બેસ્ત મુકામે પહોંચ્યા પહેલાં તો પરદેશનાં ઝાડ જોવાં પડ્યાં. કરવત ખેંચવાની સ્થિતિ પ્રાપ્ત થઈ, બીજું શું થાય. જ્યારે સગાં, કુટુંબ, બહેન, ભાઈ, વગેરેનાં હિતનો વિચાર આવે નહીં અને અમરાપર પહોંચવાના ખોટા લોભ લોક લજ્જાનો ખ્યાલ પણ મટી જાય અને પાખંડી પીરાણા મતના ઉપદેશની ગોળીઓ જેમને ગળી લાગે તેમની સ્થિતિ બીજી કઈ રીતે વધારે સારી હોવાનું સંભવે; પરંતુ એ ધર્મને પોષવાના લાગાઓ ભરવા ઉપરાંત જગતની દૃષ્ટિએ હલકા દેખાવાનું અને નાક કપાવવાનું દુઃખ જે ભાઈઓના કર્મે આવી પડે, તે પણ જ્યારે ફરજિયાત જેવું તેને થઈ પડવાનું દુઃખ પ્રાપ્ત થાય તેની કઈ દશા ? પાટીદારનું જેનામાં પાણી હોય તે તો જરૂર પોતે-જાતે તેમાંથી છૂટવા અને બીજાઓને પણ છોડાવવા પ્રયત્ન કરે જ. તેમ કરવાનો એને જન્મસિદ્ધ હક પ્રાપ્ત થયેલો હોય છે. અને એ વાતનો કોઈનાથી ઈનકાર પણ થઈ શકે તેમ નથી, માટે સભામાં બેઠેલા તમામ ભાઈઓ અને બહેનોને મારી નમ્ર વિનંતી છે કે આપણી કડવા પાટીદાર જ્ઞાતિ તેમાં પણ કચ્છ વિભાગમાં, પીરાણા પંથનું જે પાખંડ આપણી જ્ઞાતિમાં ઘૂસી ગયું છે તેને સત્વર નાબૂદ કરવા પોતાથી બનતો પ્રયત્ન અવશ્ય કરવો. આજ દિવસ સુધી કચ્છના ભાઈઓએ જ આ પ્રવૃત્તિ ચાલુ રાખી છે, પરંતુ અમારા તરફથી પણ હવે તે સંબંધે યોગ્ય બંદોબસ્ત કરવાના ઉપાયો હું અમારા ગુજરાતી ભાઈઓને મળીને કરીશ. આ કાર્ય હિંદુ સમગ્ર જ્ઞાતિએ ઉપાડી લેવાની ખાસ જરૂર છે.

ગુપ્ત પંથનો સડો

મને લાગે છે કે આપણે ઘણા જ મોડા જાગ્યા છીએ. અપવાદ રૂપે ગુજરાતમાં કેટલીક હિંદુ ગણાતી જ્ઞાતિઓમાં આ પંથ છૂપી રીતે માનવામાં આવે છે, અને તે પંથને ગુપ્ત પંથ પણ કહેવામાં આવે છે. તેથી જ આ ગુપ્ત પંથનો સડો આગળ વધ્યો છે. આ પંથના યોજકોએ હિંદુઓને વટલાવીને મુસલમાન કરવા માટે જ આ ગુપ્ત પંથની યોજના કરી છે તેની તો દરેક હિંદુ ભાઈઓએ સાચા

પીરાણા પંથનું કલંક

હું મારા કચ્છી પાટીદાર બંધુઓમાંના કેટલાક ભાઈઓના સમાગમમાં ઘણી વખત આવ્યો છું, તેઓની નિખાલસતા અને ભાતૃભાવના માટે મને ઘણું માન છે. વ્યાવહારિક તેમજ ધાર્મિક કેળવણીવાળા ઘણા ભાઈઓ મારા સમાગમમાં આવ્યા છે, તેવા ભાઈઓની અંતિમ ઈચ્છા ધાર્મિક કેળવણીનો ફેલાવો કરી અજ્ઞાન ભાઈઓને સમજાવી, પીરાણા પંથનું કલંક જ્ઞાતિના ભાઈઓ ઉપરથી દૂર કરવા તનતોડ મહેનત કરી રહ્યા છે. આ પરિષદ મેળવવાનો મુખ્ય આશય પણ તે જ છે, એવા ભાઈઓને પરમકૃપાળુ પરમાત્મા જરૂર વિજય આપશે જ એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે.

પ્રિય બંધુઓ, મારે જે કહેવાનું હતું તે મેં મારી સમજ પ્રમાણે આપને કહ્યું છે. લાખો ઉપકાર માની છેવટના બે શબ્દો લખવા ચાહું છું.


છેવટના બે બોલ

આ નાશવાન શરીરનો કઈ ઘડીએ નાશ થશે તે કાંઈ કહી શકાતું નથી, તોપણ અનેક પ્રકારની સંસારની જે ઉપાધિઓમાં આપણે રચ્યાપચ્યા રહ્યા છીએ છતાં એ બધાનો ત્યાગ કરી આ શરીરને એક દિવસ જવાનું છે, સાથે કાંઈ પણ આવવાનું નથી. માત્ર આપણા હાથે કરેલા સારાં કામ, ધારણ કરેલો ધર્મ, પ્રાપ્ત કરેલું પુણ્ય આપણું સાથી થાય છે. આવા નાશવંત સંસારમાં પરમ કલ્યાણકારી ધર્મ અને યશને સીધી કરનારી જ્ઞાતિસેવાને આપ બંધુઓ ભૂલ્યા નથી, ભવિષ્યમાં કદી પણ ભૂલશો નહિ એવી મારી પ્રાર્થના છે. તમે જે પ્રવૃત્તિ જ્ઞાતિસેવાના માટે ચલાવી રહ્યા છો તેને ચાલુ જ રાખશો. જેણે જન્મીને પોતાના કુટુંબ કે જ્ઞાતિનું ભલું નથી કર્યું તેની જિંદગીમાં અને પશુઓની જિંદગીમાં કાંઈ ફેર નથી. પોતાનાં જ્ઞાતિભાઈઓનાં દુ:ખ જોઈને જેને હૃદયમાં બળતરા થતી નથી, આંખમાં આંસુ અને અંતરમાં જેને ખેદ નથી થતો એવા લાગણી શૂન્ય હૃદયમાં અને પથ્થરમાં કંઈ ફરક નથી. માટે મારા પ્રિય જ્ઞાતિબંધુઓ, મારી તમને એ જ ભલામણ છે કે જે પુરુષાર્થ તમે અત્યારે કરી રહ્યા છો તે જ પ્રમાણે ચાલુ રાખશો તો થોડા વખતમાં આપણી જ્ઞાતિનો ઉદય અવશ્ય થશે જ એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે. આટલું કહી હું મારું બોલવું પૂરું કરું છું અને તમોએ મારું કહેવું શ્રદ્ધાપૂર્વક સાંભળ્યું છે એના માટે મને ભારે આનંદ થાય છે.

S-54

S-67

S-144


યુવામંડળો અને જ્ઞાતિપંચોનો
કડવા પાટીદાર પરિષદોમાં સુધારાવાદી અભિગમ
(ઈ.સ. ૧૯૧૮ થી ૧૯૬૦)
Reg. No. B. 2219
ચેતન
કિરણ
શ્રી મુંબઈ કડવા પાટીદાર મંડળનું મુખપત્ર
श्री उमिया देव्याः कृपास्तु ।
કડવા વિજય.
પટેલ
પાટીદાર ઉદય
વિજય.
કૂર્મિ ક્ષત્રિય જાગરણ
પાટીદાર હિતેચ્છુ.
સમાજ નવઘડતરનું માસિક
ધરતી
ડૉ. મંગુભાઈ પટેલ

S-54
S-67
S-144

Irrelevant Material, removed - See Below
બિનજરૂરી વાતો કાઢી નાખી છે - નીચે જુવો

બીજા અધિવેશન ની તરીક હતી ૦૭.૧૦.૧૯૨૨

Date of 2nd Adhiveshan 07-Oct-1922

જ્ઞાતિ અધિવેશનની બીજી બેઠકમાં આપેલું ભાષણ

નારાયણબાપાના પોતાના શબ્દો

પીરાણા પંથની દશતરી ગાવંત્રી

(શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદની કરાંચી મુકામે થયેલી બીજી બેઠકમાં શ્રીયુત મિસ્ત્રી નારાયણજી રામજી વીરાણીવાળાએ પીરાણાના ઠરાવ ઉપર આપેલું ભાષણ)

પ્રિય બંધુઓ ! મારી સામે પ્રથમ એ પ્રશ્ન ઊભો થાય છે કે, પીરાણાના કબ્રસ્તાની ધર્મને તજી દેવાનો ઠરાવ આ સભામાં મારે શા માટે રજૂ કરવો ?

આપણા વડીલોનો સંદેશ - પીરાણા (સતપંથ) ધર્મ છોડી દો

સતપંથ ધર્મનો ઉદ્દેશ

S-54

S-67

S-144

હિંદુઓને અર્ધદગ્ધ બનાવી દઈ છેવટે પોતાની નાતજાતમાંથી ટાળી દેવાની જે યુક્તિઓ તેમાં રચવામાં આવી છે તેને મારે શા માટે આપની સમક્ષ રજૂ કરવી અને તે ક્યા સ્વાર્થની ખાતર ? આપ વિચાર કરી જોશો તો સમજાશે કે પીરાણા ધર્મને અનુસરનારો આપણી કચ્છ જ્ઞાતિનો એક ભાગ એમ જ ધારે છે કે પીરાણા પંથ એ હિંદુધર્મ છે. પરંતુ વાસ્તવિક રીતે આપણા શાસ્ત્રોમાં પીરાણા નામે કોઈ પંથ નથી અથવા પીરાણા નામનો કોઈ ધર્મ નથી. પીરાણા નામનું એક ગામ છે અને તે ઇમામુદીને વસાવ્યું કહેવાય છે અને જે પીરાણા પંથની વાત આપણે કરીએ છીએ તે તો સતપંથને નામે ઓળખાય છે. એ કપોળ કલ્પિત પંથમાં આર્ય હિંદુધર્મની ઇરાદાપૂર્વક એટલી તો નિંદા કરવામાં આવી છે કે તે આપણાથી સાંખી જાય તેવી નથી. છતાં કમનસીબે કેટલાક હિંદુઓ અને ખાસ કરીને આપણી કચ્છ જ્ઞાતિ, એ કબ્રસ્તાની પંથની ભોગ થઈ પડી છે એ વિચાર જ્યારે જ્યારે મારા મગજમાં આવે છે ત્યારે મને તે અસહ્ય થઈ પડે છે. ક્યાં પીરાણાનો અર્ધદગ્ધ પંથ અને ક્યાં આપણી હિંદુ જ્ઞાતિ ? કેટલું અંતર ! કેટલી શરમની વાત ! હું એક મનુષ્ય છું. આર્ય છું, સનાતન ધર્મનો અનુયાયી છું અને મારા બંધુઓ પણ મારા જેવા જ પવિત્ર અંતઃકરણના છે એ વિચારને હું તજી શકતો નથી, એટલે ખાસ કરીને મારી જ્ઞાતિના તેમજ અન્ય હિંદુ જ્ઞાતિના ભાઈઓને એ પીરાણાના કબ્રસ્તાની પંથની પ્રપંચી જાળમાં ફસાયેલા જોઉં છું ત્યારે તેમને સન્માર્ગે દોરવાનો અને એ પ્રપંચી જાળને ઉકેલી સત્ય હકીકત પ્રદર્શિત કરવાનો મને મારો ધર્મ સમજાય છે. મનુષ્યના જીવન માટે પ્રથમ નિમાર્ણ થયેલો જે ધર્મ તેને તજી દેવાથી મનુષ્ય તરીકે જીવન ગાળી શકાય જ નહિ એ વાત આપ જરૂર યાદ રાખજો. એ મનુષ્યધર્મને ભૂલાવી દેનારી અને હિંદુઓને વટલાવી અર્ધદગ્ધ બનાવી દેવાની ઇમામશાહ જેવાઓએ જે યુક્તિ રચી છે તે પીરાણાની પોલ નામે પુસ્તકમાં બહાર પાડવાને મારો ઇરાદો હું જાહેર કરી ચૂક્યો છું અને ઘણાં આધારો અને સાધનો મને મળી શક્યાં છે અને એ દિશામાં મારો પુરુષાર્થ ચાલુ છે જ, પરંતુ આ ઠરાવના અંગે મારાથી બની શકે તેટલી હકીકત આપની સમક્ષ રજૂ કરી – એ કબ્રસ્તાની પંથને તજી દેવાનો બોધ કરવાની આપણી સબજેક્ટ કમિટીએ ભલામણ કરી છે અને હું આપને એ જ ભલામણ કરું છું કે જો તમે હિન્દુપણું રાખવા ઇચ્છતા હો, પોતે હિન્દુ હોવાનો દાવો કરતા હો, તો જ મારી વાત સાંભળજો અને હિન્દુપણામાંથી ટળી જઈ શુદ્ધ કડવા પાટીદાર જ્ઞાતિથી વિમુખ બની મુમના કિંવા અર્ધદગ્ધ મુસલમાન થઈ જવા ઇચ્છતા હો તો મારો ઉપદેશ તમારા માટે નથી એમ સમજજો.

તે સમયના લોકોની ગેરસમજ

હિંદુઓના શાસ્ત્રમાં પીરાણા પંથ કે સતપંથ નામનો કોઈ ધર્મજ નથી

નારચણ બાપાના મનની વેદના

IMPORTANT
નારાયણ બાપાની ભલામણ:
સતપંથ / પીરાણા તજી દો.

S-54 S-67 S-144

બંધુઓ ! તમે હિંદુ છો એ વાત શું મારે તમને સમજાવવાની છે ? આપણી કુર્મી ક્ષત્રિય જ્ઞાતિએ શું એટલી બધી અધોગતિ પ્રાપ્ત કરી છે કે તમે હિંદુ છો, હિંદુ શાસ્ત્રોને માનનારા છો અને તમારા પૂર્વજો પણ હિંદુ જ હતા એ વાત તમને મારે સમજાવવી પડે ? નહીં જ. ત્યારે આ કમનસીબી કેવા પ્રકારની ? કબ્રસ્તાની પંથ અને કડવા પાટીદાર જે આપણી કોમ તેને ક્યાંથી ભેળી સાટો થયો એ બાબત ઐતિહાસિક છે એટલે હું જવા દઉં છું અને આ પંથને તજી દેવાની જરૂર પુરતું જ હું આપને કહીશ.

હિંદુઓના શાસ્ત્રો કેવી રીતે વટલાવ્યા હિંદુઓના ભોળપણનો લાભ લઈને જાળમાં ફસાવ્યા

પીરાણાનો અર્ધદગ્ધ પંથ

ઈસ્લામ ધર્મના અનુયાયી જે પીરોએ હિંદુઓને વટલાવી પોતાનો નવો પંથ ઊભો કરવાની યુક્તિ રચી, તેમાં પ્રથમ તો હિંદુ શાસ્ત્રોની વાતો લઈ પોતે નવાં ગપાષ્ટક શાસ્ત્રો બનાવ્યાં, તેમાં તદન જુઠ્ઠી અને ઢંગધડા વગરની બનાવટી કિસ્સા કહાણીઓ લખી અને તેમાં મુસલમાની તત્ત્વો દાખલ કર્યાં. પછી ભોળા અને ધર્મશાસ્ત્રોથી અજ્ઞાત રહેલા હિંદુઓને શોધી શોધીને એ કુટીલ માર્ગમાં સામેલ કર્યા, એ કબ્રસ્તાની પંથના પુસ્તકોમાં વેદોનાં નામ જેવા બનાવટી શબ્દો વાપરી, હિંદુઓના તીર્થસ્થળો અને મહાપુરુષોનાં નામોનો ઉમેરો કર્યો, અને યુક્તિ પ્રયુક્તિથી ફેરફાર ઉત્પન્ન કરી પોતાના રચેલાં, હાથનાં લખેલાં પુસ્તકોને પીરાણા કબ્રસ્તાની પંથના સેવકોના હાથમાં આપીને કહ્યું કે, "એ અથરવેદ છે ! હમણાં આ લેખના અર્થવેદનો વારો છે અને તેમાં જે લખ્યું છે એ જ સાચું છે અને એ જ પ્રમાણે પીરાણાના સતપંથીઓએ વર્તવું." ધીમે ધીમે પોતાની જાળમાં ફસાતા અજ્ઞાન હિંદુઓને જલદી મુસલમાની રાહત ઉપર લઈ જવા પીર સોદરદીને કહ્યું કે :-

સતપંથનો અથરવેદ હિંદુઓના અથરવેદથી જુદો છે.

"હિંદુ શાસ્ત્રો અને પુરાણોમાં નકલંકી અવતાર થવાનો છે એમ જે કહ્યું છે તે અવતાર તો ક્યારનોય થઈ ગયો છે. એ તે દશમો અવતાર થવાનું જે જાહેર થયું છે તે મ્લેચ્છ રૂપે મક્કામાં હજરત અલી રૂપે જાહેર થયો છે." મુસલમાનોમાં ભગવાને અવતાર લીધો એ કારણનું સમાધાન પોતાના મતિવિભ્રમ અજ્ઞાન હિંદુ સેવકોને એવી રીતે કરાવ્યું કે :-

દસમાં અવતારને હજરત અલી કેમ બનાવી દીધો, જુવો

"શ્રી કૃષ્ણ ભગવાન જે ઈશ્વરનો અવતાર હતા તેમણે પાંડવો અને કૌરવો વચ્ચે યુદ્ધ કરાવી પાપી કૌરવોનો સંહાર કરાવ્યો અને પાંડવોને ઉપદેશ આપવા અર્થે અને અજ્ઞાનતામાં પાંડવો કદાચ એમ ન સમજે કે અમારા હાથે જ અમારા કુટુંબીજનોનો નાશ થયો છે, તે માટે શ્રી કૃષ્ણ ભગવાને ગીતા રૂપે ઉપદેશ આપી પાંડવોના સંશયને દૂર કર્યો હતો. પરંતુ તે વખતના બ્રાહ્મણોને ઉંધુંચત્તું સમજાવી

દસમો અવતાર મુસલમાનોમાં લેવાના પાછળના કારણો (પીર સદ્દીન પ્રમાણે) (1/2)

S-54
S-67
S-144

દસમો અવતાર મુસલમાનોમાં લેવાના પાછળના કારણો (પીર સદ્દીન પ્રમાણે) (2/2)

મહાભારતના યુદ્ધનું જે પાપ થયું તેથી મુક્ત થવા એક યજ્ઞ કરાવ્યો. જેથી પાંડવોએ રાજસૂય યજ્ઞ આદર્યો તેથી (પીર સદરદીનના કહેવા પ્રમાણે) બ્રાહ્મણો ઉપર કોપ કરીને શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે, હું દશમો અવતાર હિંદુમાં જ લેવાનો હતો પરંતુ બ્રાહ્મણોએ આડુંઅવળુ સમજાવી પાંડવોના હાથે યજ્ઞ કરાવ્યો તેથી હવે હું દશમો અવતાર મલેચ્છ રૂપે અરબસ્તાનમાં આવેલા મક્કા શહેરમાં હજરતઅલી રૂપે લઈશ !! આ પ્રમાણે દશમો અવતાર બ્રાહ્મણો ઉપર રીસે ભરાઈ શ્રી કૃષ્ણ પ્રભુએ મક્કા શહેરમાં લીધો છે. માટે હજરતઅલી એ જ ભગવાનનો અવતાર છે. માટે હિંદુઓ ! હમણાં ભગવાનનાં અવતારનો વારો તો ઈસ્માયલી મુસલમાનીમાં છે માટે તેને જ માનવું.''

વળી હજરત અલીના માટે આ પીરોએ એક કવિતા રચીને જણાવ્યું કે :-

તમે ઓળખીને ધાવો આજ રે
મુરખ લોકોને આવે છે લાજ રે ટેક.

જીરે કૃષ્ણ બોલતા તે અમૃત વાણી રે,
હવે અરબી ભાષા ક્યાંથી આણી રે. તમે

જીરે કૃષ્ણ ચાલતા તે તિલક તાણી રે,
હવે કલીમાંહે વધારી છે દાઢી રે. તમે

જીરે કૃષ્ણ પહેરતા પીતામ્બર ધોતી રે,
હવે કલીમાંહે પહેરી છે કફની ને ટોપી રે. તમે

જીરે કૃષ્ણ જમતા તે સુવર્ણ થાળી રે,
હવે માટીની સહાનક ધારી રે. તમે

જીરે કૃષ્ણ ચાલતા તે બ્રાહ્મણ વેશે રે,
હવે આવી બેઠો તે આરબ દેશે રે. તમે

જીરે કૃષ્ણ રૂપે તે જાપ જપાવ્યો રે,
હવે કલીમાંહે મોહંમદ નામ ભણાવ્યો રે. તમે

ઉપજાવી કાઢેલું શાસ્ત્ર

બંધુઓ ! આ વાત આપને કેવી લાગે છે ? મક્કા શરીફમાં શ્રી કૃષ્ણનો અવતાર અને તે હજરતઅલી રૂપે ! શું તમને આ વાત માન્ય છે ? કોઈને એ વાત સાચી લાગે છે ? આપણા શાસ્ત્રોમાં ભગવાનના અવતાર એ જ મુખ્ય વાત છે એવું એ લોકોને લાગવાથી ભગવાનના દશ અવતારનું તેમણે એક શાસ્ત્ર ઉપજાવી કાઢ્યું છે અને તેના પૂંછડે છેવટે એ કબ્રસ્તાની બધા ઈસમાયલી પીરોને લટકાવ્યા છે. તેમણે

S-54 S-67 S-144

લખેલ અવતારોની વાતો તદ્દન જુઠી અને બનાવટી છે

લખેલા અવતારની વાતો તદ્દન જુઠી અને બનાવટી છે, એટલું જ નહિ, પરંતુ હિંદુ ધર્મનું એ કેટલું હળહળતું અપમાન કરનારી છે એ વાત આપને પ્રત્યક્ષ કરાવવાની મારે જરૂર છે. વળી ભોળા હિન્દુ ભાઈઓને ઇમાન બેસાડવાની ખાતર તેમાં કેવી યુક્તિ રચી છે અને તેના પૂંછડે પોતે કેમ લટક્યા છે એ પાપ ધ્યાન દઈને સાંભળજો. આપણને તો મોકો દીધો હોય તો ફક્ત ઇમામશાહે જ દીધો છે. તેણે રચેલા અથરવેદમાં દશ અવતાર આવે છે અને જે દશતરી ગાવંત્રી કહેવાય છે તે સૃષ્ટિની ઉત્પત્તિથી શરૂ થાય છે ! તેમાં લખ્યું છે કે -

દશતરી ગાવંત્રી અહીંયાથી નીચે દસ અવતારના વર્ણન કરવામાં આવ્યા છે. (સતપંથ ધર્મ પ્રમાણે)

સત્, સત્ ઉપર દત્, દત્ ઉપર ક્ષમા, ક્ષમા ઉપર ગજા, ગજા ઉપર નીલ, નીલ ઉપર શેશનાગ, શેશનાગ ઉપર ધબળોધોરી; ધબળોધોરીના શીંગડા ઉપર એક રાઈ અને એ રાઈ ઉપર સ્વામીજીએ સૃષ્ટિ નીપાઈ ! પછી સ્વામીજીએ રૂપ લીધાં તેમાં પ્રથમ નામ અહુંકાર, ભહુંકાર, વહુંકાર, નીલ, અનીલ, સુન, સાન, નાન, ગેઆન, માન, નુર, તેજ, બંબ, જલ, કમલ, કદમ, આદબુંદ, નાદબુંદ, તેજતત્ત્વ, પ્રેમતત્ત્વ, આદપુરુષ, આદપુરુષથી નાભીચકર, નાભીચકરથી ભવેત ગોર બ્રહ્મા ! સત્ ગોર બ્રહ્મા થકી સર્વ સૃષ્ટિની ઉત્પત્તિ હુઈ. જે ચાર કલ્કના અવતાર પાત્ર અને જ્યાં થકી ગોરનરે અવતાર લીધા તેમાં પ્રથમ અહું, ઉનાદ, અધીગત, એહદ્, હવ, કવ તથા ધર્મ, તેજ કેવલ નાદ ઓત્રા હરીતક પુર્વા, અતીત વંશીના પરેમ રૂખ. તેના વંશમાં **શ્રીમચ્છા અવતાર** ! મચ્છની માતા તો સંખાવતી, પીતા તો પરેમરૂખ, શક્તિ દેવી ચંડીકા, ગોર તો માનધાતા, રહેવાનું સ્થાન હેમપુર ક્ષેત્ર તો દ્વારામતી, નરદલો દાણવ સંખાસુર તે વિચારતો ઋગ્વેદ. તે સંખાસુરને મારી સાતે પાતાળના રાજાને વચન આપી ગોર બ્રહ્માના વેદને વાળી, સવા કરોડીસું રાજા રુષમાગતને તારી-શ્રી મચ્છા અવતાર ભલે પધાર્યા ! મચ્છા અવતારના વંશમાં મનાએત, મનાએતના ઉગ્રસેન ઉગ્રસેન અજ્જુવત, અજ્જુવતના બ્રેસપત, બ્રેસપતના આસોમંત્ર, આસોમંત્રના પરીકમ રૂખ, પરીકમ રૂખના **કુર્મ ભગવાન** ! કુર્મ ભગવાનની માતા કમળાવતી, તેની શક્તિ દેવી બેચરાજી, ગોર તો એકારૂખી, રહેવાનું સ્થાન બગપોર ક્ષેત્ર તો માનસરોવર, ત્યાં નરદળો દાણવ મધુકેટભ તે વિચારતો ઋગ્વેદ તેને મારીને કુર્મ ભગવાને સવા કરોડીસું રાજા અમરીશને તારી શ્રી કુર્મ ભગવાન ભલે અવતર્યા !

શ્રી કુર્મના વંશમાં પ્રથમ વંશરતના દકાઈએત, ના કાજમ, ના પરજાપત, ના દાઢમરૂખી તેના વંશમાં **શ્રી વારાહ ભગવાન અવતર્યા** ! તે વારાહ ભગવાનની

૧. શ્રી મચ્છ અવતાર ભગવાન

૨. કુર્મ ભગવાન

૩. શ્રી વારાહ ભગવાન

S-54
S-67
S-144

૪. નરસિંહ અવતાર

માતા તો પદમાવતી, શક્તિ દેવી સોમયા, ગોર તો એકાસુર, રહેવાનું સ્થાન માયાપોર, ક્ષેત્ર તો ભેંકાસુર, ત્યાં નરદળો દાણવ મોરધ્વજ વીચારતો ઋગ્વેદ તે મોરધ્વજ દૈત્યને મારી, સવા કરોડીસું રાજા ધ્રુને તારી ભલે અવતર્યા શ્રી વારાહ ભગવાન ! શ્રી વારાહ ભગવાનના પુત્ર રૂપંકના ખલીપત, ના ગઉતમ, ના અમરીખ, તેના પુત્ર શ્રી નૃસીંહાઅવતાર ! તે શ્રી નૃસીંહા ભગવાનની માતા ચંદ્રાવતી, શક્તિ દેવી તુળજા ભવાની ગોર તો અમરતેજ, રહેવાનું સ્થાન તો કાશમીર, ક્ષેત્ર તો ચરણાપરી, ત્યાં નરદળો દાણવ હરણાકસ વીચાર તો રઘુવેદ, તેને શ્રી નૃસીંહ ભગવાને મારી સવા કરોડીસું ભક્તપ્રહલાદને તારી ભલે અવતર્યા શ્રી નૃસીંહા અવતાર ! શ્રી નૃસીંહાઅવતારના ! વંશમા તેનો પુત્ર મનાઅંત, ના વંશવઢણ, ના વીર લોચન, ના કાસમરૂખી, તેની વંશમાં શ્રી વામન ભગવાન ! તેની માતા તો લીલાવતી, શક્તિ દેવી કોકીલા, ગોર તો સેહેજાનંદ રહેવાનું સ્થાન કોયલા પાટણ, ક્ષેત્ર તો વનથળી, ત્યાં નરદળો દાણવ બળીરાજા વીચારતો વજુરવેદ, તેને વામન ભગવાને મારી ઋષિઓને થાપી તમે ભલે અવતર્યા વામન ભગવાન ! વામન ભગવાનના વંશમાં તેમના પુત્ર માન ધાતા, ના પૃથ્વીજે, ના અસરત, ના જમદગ્ની તેમના પુત્ર શ્રી ફરસુરામ તેમની માતા રેણુંકા, ગોર તો જનક વીદેહી, રહેવાનું સ્થાન માયાપર, ક્ષેત્ર તો કોયલા પાટણ ત્યાં નરદળો દાણવ સહસ્રા અર્જુન તે વીચારતો રઘુવેદ, તે સહસ્રા અર્જુનને મારી, શ્રી ફરસુરામે ઋષિઓને સ્થાપી ભલે અવતર્યા તમે ફરસુરામ ભગવાન ! હવે ફરસુરામના વશમા તેમના પુત્ર રઘુ, ના નગુ, ના જેજાઇઅંત, ના કેવળીક, ના અજેપાળ, ના દશરથ, ના પુત્ર શ્રીરામ ! ક્ષેત્ર તો લંકાપુરી, ત્યાં નરદળો, દાણવ દશમાં થાવળો રાવણ તે વીચારતો યજુરવેદ. તે રાવણને મારી સાત કરોરીસું રાજા હરીશ્ચંદ્રને નારી ભલે અવતર્યા તમે શ્રી રામદેવ મોરારી ! તેની માતા કૌશલ્યા, શક્તિ દેવી સીતાજી, ગોર તો વશિષ્ટ, રહેવાનું સ્થાન અયોધ્યાપુરી, શ્રી રામના વંશમાં તેમના પુત્ર લવ, ના પદમ, ના પરિખત, ના વીરપાળ, ના વાસુદેવ, ના વંશમાં શ્રી કૃષ્ણ ભગવાન ! તેમની માતા દેવકીજી, શક્તિ દેવી રૂકમની, ગોર તો વેદ વ્યાસજી, રહેવાનું સ્થાન ગોકુલ, ક્ષેત્ર તો મથુરાં ત્યાં નરદળો દાણવ કંસાસુર તે વીચાર તો સામવેદ તે કંસાસુરને મારી ઋષિઓને સ્થાપી, સહદેવ ભક્તને તારી તમે ભલે અવતર્યા શ્રી કૃષ્ણ મોરારી ! શ્રી કૃષ્ણનાં વંશમાં તેના પુત્ર પ્રદુમનના, સેંસસ્થાનના, બેલસ્થાન ના, વેણી વછરાજના, સંહીરાજ, તેમના વંશ તો શ્રી બુદ્ધ ભગવાન ! તે બુદ્ધની માતા તો રેણુંકાવ વતી, શક્તિ દેવી હરસિદ્ધ, ગોર તો હંસરાજ રહેવાનું સ્થાન હીમપરી, ક્ષેત્ર તો કુરુક્ષેત્ર, ત્યાં નરદળો દાણવ દરજોધન

૫. વામન ભગવાન

૬. ફરસુરામ (પર્શુરામ) ભગવાન

૭. શ્રી રામ ભગવાન

૮. શ્રી કૃષ્ણ ભગવાન

૯. શ્રી બુધ ભગવાન

S-54 S-67 S-144

તે વીચાર તો સામવેદ, તેને મારી નવ કરોડીસું રાજા યુધિષ્ઠરને તારી ભલે અવતર્યા તમે બુદ્ધ ભગવાન દેવ મોરારી ! શ્રી બુદ્ધા અવતારના વંશમાં તેમના પુત્ર શીષ, ના સામ, ના સલુકાન, ના હારૂન, ના અસલામ, ના આદમ, ના નીઝાર, ના મીઝાર, ના એલીઆસ, ના મલીઆસ, ના મુલકાનના કાજંમ, ના કાહેર, ના કાએમ, ના ગાલેબ, ના એલબ, ના કાયમ, ના મોરાદ, ના મુનાલેફ, ના હાસમ, ના મતલબ, ના અબુતાલબ, ના વંશમાં તો શ્રી નકલંકી નારાયણ શાહ ! મુરતજાઅલી. તે અલીની માતા બીબી ફાતમા, પીતા તો અબુતાલેબ, શક્તિ દેવી ફાતમા, ગોર તો નબી મોહમદ, રહેવાનું સ્થાન દેલમ દેશ, વરજા શહેર ગામ ક્ષેત્ર તો કુંવારકા, પંચનદી મુલસતાને, તહાં નરદળો દાણવ કાળીંગો ધુઝાલબે વીચાર તો અથરવેદ, તે કાળીંગા દૈત્યને મારી બાર કરોડીસું ભક્તને ઓધારસે, ગુપ્ત અવતાર ત્રેત્રીશ ! પ્રગટ અવતાર એક સાહ મુરતુજાઅલી ! ના ઈમામ, ઈમામના હશન, ના ઈમામ હોસન, ના ઈમામ જેનલાબદીન, ના ઈમામ મહમદ બાકર, ના ઈમામ જાફર સાદક, ના ઈમામ ઈસમાયલ, ના ઈમામ નુર સત ગોર, ના સૈયદ મુસાફરીન, ના સૈયદ જમાલદીન, ના સૈયદ મુસાફરીન, ના સૈયદ મહેરદીન, ના સૈયદ હાદીન, ના સૈયદ સલાઓદીન, ના સૈયદ ફાજલસાહ, ના સૈયદ કામસસાહ, ના સૈયદ એહમદસાહ, ના સૈયદ નાસરસાહ, ના સૈયદ મુસાલકસાહ, ના સૈયદ માહાબુ, ના સૈયદ મસતગ, ના સૈયદ મહીઆદીન, ના સૈયદ મુમનસાહ, ના સૈયદ ખાલકશાહ, ના સૈયદ નીઝારસાહ, ના સૈયદ ઈસલામસાહ, ના સૈયદ સલાઓદીન, ના સૈયદ સમસદીન, ના સૈયદ નસીરદીન, ના સૈયદ સાહેબદીન, ના સૈયદ સોદરદીન, ના કબીરદીન, ના સૈયદ સતગોર પાત્ર બ્રહ્મા ! ઈંદ્ર ઈમામશાહ ! આદે વીસ નવ નરીજન નરઅલી મહમદશાહ હકલા એલાહા ઈલલાહો મદમદૂર રસુલલાહે.

૧૦. નકલંકી નારાયણ

માં: બીબી ફાતમા
બાપ: અબુતાલેબ
પત્ની (શક્તિ દેવી): બીબી ફાતમા
ગોર (ગુરૂ): મોહમદ પૈગમ્બર

નકલંકી નારાયણ (મુરતજાઅલી) ના વંશમાં ઈમામ? શાહે પોતાને જન્માવી દીધો.

ઈમામ શાહે પોતાને બ્રહ્મા અને ઇન્દ્ર

બુદ્ધદેવના વંશમાં પાક્યા તે ઈમામશા !

આ પ્રમાણે પોતાની વંશાવળીનો છેડો મેળવ્યો છે અને ભગવાનના દીકરા થવાનો લ્હાવો લીધો છે. હવે તેમાં અને તેના લખેલા દશ અવતારની દશતરી ગાવંત્રીમાં સત્ય શું છે અને જૂઠું શું છે તે આપને ટૂંકામાં જણાવીશ પ્રથમ મચ્છા અવતારની વાત આવે છે. તેમાં મચ્છ ભગવાન સખાવતી નામની સ્ત્રીના ગર્ભથી ઉત્પન્ન થયાનું જણાવે છે ! મચ્છ ભગવાનના પીતા પરમરૂખી એ વાત તદ્દન ગપ છે. મચ્છા અવતાર પછી ઈમામશાહ કૃત દશતરી ગાવંત્રીમાં જણાવ્યા પ્રમાણે મચ્છ ભગવાનના વીર્યથી ઉત્પન્ન થયેલ મનાયત. મનાયતના ઉગ્રસેન

ઉપર જણાવેલ દસ અવતારમાં કેટલું જુઠ્ઠું અને બનાવટી વાતો છે, તે વાંચો નારાયણ બાપાના જુબાની

S-54
S-67
S-144

એ પ્રમાણે પરિક્રમ ઋષિના વંશ કહેતાં તેના દીકરા કુર્મ ભગવાન ! શું બુદ્ધિનો ઉપયોગ કર્યો છે ? મચ્છ ભગવાન માછલાનું રૂપ, તેમાંથી જન્મ્યા તે બધા માણસ ! તે છેક પરિક્રમ ઋષિ થકી અને પરિક્રમ ઋષિની સ્ત્રી કમળાવતીના દીકરા કુર્મ કહેતાં કાચબાનો અવતાર ! ધન્ય ઈમામશાહની બુદ્ધિને અને ધન્ય છે તમને પીરાણા પંથને માનવાવાળા સતપંથી ભાઈઓને ! કુર્મ અવતાર પણ ક્યા કારણને લઈ પરમાત્માનો અવતાર મનાય છે તે જો પીરાણા પંથીઓ હિન્દુ ધર્મના દશ અવતારો વાંચે તો તો આંખ ઉઘડી જાય. પરંતુ તસ્દી કોણ લે. કુર્મ ભગવાન પાછા કાચબાના રૂપે પરણ્યા હશે ત્યારે જ તેમના વીર્યથી પ્રજા ઉત્પન્ન થઈ શકે. દશતરી ગાવંત્રીમાં કુર્મના વંશમાં પાછા માણસો જનમવા માંડ્યા ! કુર્મના દીકરા વંશરત નાદકાઈએત એમ કરતાં કરતાં પરજાપતના દાઢમ ઋષિની સ્ત્રી પદમાવતીના ઉદરથી પાક્યા વારાહ ભગવાન, વારાહ એટલે સૂવર, શું ઈમામશાહે નજર પહોંચાડીને કામ કર્યું છે ! માણસમાંથી સૂવર જનમે તે પણ ઠીક છે, આપણે તો તેની કથાની ચોખ કરીએ છીએ. કોઈ હૈયાફૂટ્યાએ વળી સૂવરને પણ કન્યા આપી હશે જેથી વારાહ ભગવાનનો પણ વંશ ચાલુ રહ્યો. વારાહના દીકરા પાછા માણસ. તેનું નામ રૂપક-રૂપકના ખલીપત વગેરેના અમરીખને પાછી ભોછપ ખણવી હસે કે જેથી તેની સ્ત્રી ચંદ્રાવતીના પેટે પાછા શ્રી નૃસિંહા ભગવાન જન્મ્યા ! આવી ગપોડ કથાઓ કહેતાં પણ શરમ આવે છે. શું ઈમામશાહ એટલું પણ નહીં સમજ્યો હોય કે હું મારા ધર્મને ગુપત ! રાખવાની વાતો કરું છું પરંતુ આ છાનું ક્યાં સુધી રહેશે ? માછલામાંથી માણસ જન્મે ને વળી માણસમાથી કાબચો જન્મે ! કાચબાના વંશમાંથી વારાહ જન્મે ! આ પોલંપોલ તો જુઓ ! વળી વારાહના વંશથી માણસો જન્મે અને તેથી પાછો સિંહ જન્મે ! ભાઈઓ, નૃસિંહા અવતારની વાતો તો તમે સાંભળી હશે, ઘણાં ભજનોમાં પણ ગવાય છે કે હરણ્યાકંશે પોતાના દીકરા પ્રહલાદને અનેક સંકટો દીધાં પરંતુ તેનો વાંકો વાળ પણ ન થયો. છેવટે તેણે ક્રૂર સજા કરવા લોખંડનો થાંભલો ધગધગતો કર્યો અને પ્રહલાદજીને હુકમ કર્યો કે તારો ઈશ્વર સાચો હોય તો આ ધગધગતા થાંભલાને બાથ ભીડ ! તે પ્રહલાદજી પ્રભુનું ધ્યાન ધરી લોહસ્તંભને બાથ ભીડવા જાય છે ત્યાં તો લોહ સ્તંભ ફાટ્યો અને શ્રી નૃસિંહ ભગવાન દેખાયા અને હરણ્યાકંસને માર્યો. આમાં નરસિંહ ભગવાનની ન તો મા હતી કે ન તો બાપ હતાં ! છતાં ઈમામશાહના અદ્‌ભુત પાક્રમની પ્રસાદી-પીરાણા સતપંથની દશતરી ગાવંત્રીમાં વારાહના વંશના દીકરા નૃસિંહા અવતાર ! કેટલું જૂઠું. તમો કાંઈક તો બુદ્ધિનો ઉપયોગ કરો કે હિન્દુઓને ફસાવી, વટલાવી પોતાના ફંદામાં કેવા જકડી રાખ્યા છે અને પછી

દસ અવતારના ઘણા બધા પોલોમાનો એક પોલ

વાસ્તવમાં નરસિંહ ભગવાનના માં-બાપજ નહતા

હિન્દુઓને ફસાવીને કેવી રીતે જકડી રાખ્યા છે

S-54

S-67

S-144

પોતાની પોલ ના પકડાય એટલા માટે એમ કહેવામા આવતું કે ગુપ્ત ધર્મની વાત ક્યાંય કરવી નહિ.

ગુપ્ત ધર્મની વાત ક્યાંય કરવી નહીં ! તમે હિન્દુ છો. હિન્દુ ધર્મના પુસ્તકો પુરાણો કથાઓ વાંચી જુઓ તો તમને આ ગુપ્ત પંથમાં કેવી રીતે સંડોવ્યા છે તે જણાઈ આવશે. ભગવાન શ્રી નૃસિંહા અવતાર સિંહ રૂપે હતા તેને પણ કોઈ નીરભાગીએ કન્યા આપી હશે એમ પીરાણા સતપંથના ચાલાક ઈમામશાહે નક્કી કર્યું, તેથી નરસીંહજીનો પણ વંશ વધતો જ રહ્યો. સીંહ રૂપે નરસિંહ ભગવાનના દીકરા મનાએત વગેરે કુર્મ કાસમ ઋષિના દીકરા વામન ભગવાન. ધન્ય હો ઈમામશાહ ! હવે તો માણસનાં માણસ જન્મ્યાં. પાછા વામન ભગવાન પરણ્યા તેના દીકરા માનધાતા પૃથ્વીજે. તેના અસરત, અસરતના જમદગ્ની તેના દીકરા ફરસુરામ, જમદગ્નીના દીકરા ફરસુરામ એ વાત તો સાચી પરંતુ ફરસુરામ તો અખંડ બ્રહ્માચારી હતા તે કોઈ દિવસ પરણ્યા જ નથી, છતાં તમારા ઈમામશાહે તો તેને પણ પરણવાની લપ વળગાડી દીધી છે. દશતરી ગાવંત્રી ઈમામશાહ કતમાં વળી જણાવ્યું છે કે, ફરસુરામના દીકરા રગુ, નગુ, વગેરેના અજેપાળ તેના દશરથ ! દશરથના રામ એ વાત તો સાચી પરંતુ તમે ભાઈઓ બુદ્ધિ હોય તો વિચાર કરો કે ફરસુરામ તો બ્રાહ્મણ હતા તેના વંશમાં સૂર્યવંશીઓ કેમ જન્મ્યા ? વળી રામને અવતાર લેવાના કારણમાં ઈમામશાહ જણાવે છે કે રાવણને મારી રાજા હરિશ્ચંદ્રને તાર્યો ! ભાઈઓ, આ તે કાંઈ નાનીસૂની ગપ કહેવાય ? હરિશ્ચંદ્રની ખાતર જ રામા અવતાર ! ક્યાં રાજા હરિશ્ચંદ્ર અને ક્યાં શ્રી રામ !

ઈમામશાહ તો ગુજરી ગયા પરંતુ તેના વંશના સૈયદોને પણ તમો કોઈ પૂછો છો કે તમો આવી નાલાયક કથા લખી ભોળા લોકોને આંખે પાટા બંધાવી ગંગવા કૂવામાં કેમ નાંખો છો ! ભાઈઓ તમે સમજો કે સૈયદોને તો ગમે તેમ કરી તમને મુસલમાન કરવા છે અને પોતાની આજીવિકા હિંદુઓ પાસેથી આવા ઢોંગધતુરા કરી મેળવવાની છે તે ટે કહે ? એ તો આપણે સમજવાનું છે. આગળ ચાલતાં માણસનાં બધા માણસો જ જન્મે છે એટલું જ ઠીક દેખાશે. સૂર્યવંશમાં રામચંદ્રજી સુધી તો આપણે આવ્યા તેમના દીકરા લવ, લવના પદમ, એમ કરતાં કરતાં વાસુદેવના દીકરા શ્રી કૃષ્ણ, વાસુદેવના દીકરા શ્રી કૃષ્ણ પ્રભુ એ વાત તો સાચી પરંતુ સૂર્યવંશમાંથી પાછો ચંદ્રવંશ આટલો જલદી ક્યાંથી નીકળ્યો ? હોય ! પણ ઈમામશાહના ઈલમમાં કાંઈ ખામી હોય, માણસોમાંથી પશુ અને પશુમાંથી વળી માણસ કરે એવી અદ્‌ભુત લીલા ઈમામશાહની છે. શ્રી કૃષ્ણના દીકરા પ્રદુમન તેના સેસસ્થાન, બેલસ્થાન વગેરે ચાલે છે પરંતુ પ્રદુમનના દીકરા અનિરુદ્ધ તો દેખાતા જ નથી ! તેને વખતે ચિત્રલેખા ઉપાડી ગઈ હશે એટલે બિચારા ઈમામશાને ક્યાંથી દેખાય !

ફરશુરામ (પરશુરામ) તો અખંડ બ્રહ્મચારી હતા, તે પરણ્યાજ નથી તો તેમનો વંશ કેવી રીતે આવ્યો?

ઈમામ શાહે વંશ બદલાવી નાખ્યો

રાવણ, રાજા હરીશચંદ્ર ને ભગવાન રામની ગપ ગોળ વાતો

અસલી કાવતરું

વળી પાછો વંશ બદલ્યો

સાચા દીકરાને તો ઈમામ શાહ ભૂલીજ ગયો

S-54

S-67

S-144

એ બેલસ્થાન પછી અનુક્રમે સંહીરાજના દીકરા બુદ્ધ ભગવાન ! ભલે ભલે ઈમામશાહના બુદ્ધ ભગવાન તમે જન્મ્યા તો ખરા, પરંતુ અમારા હિંદુ શાસ્ત્રો કહે છે કે શ્રી કૃષ્ણની સલાહે પાંડવોએ દુર્યોધનને માર્યો પરંતુ ઈમામશાહની સલાહથી તમારા જેવા મહાન યોગી અહિંસા પરમો ધર્મનું સૂત્ર જગતને શિખવાડનાર તે દુર્યોધનને મારવા ક્યાંથી શ્રી કૃષ્ણની આઠમી પેઢીએ ફૂટી નીકળ્યા ! વાહ રે ઈમામશાહ, તમારી અકલ ! પાંડવોને ગૌવધ કરવાની સલાહ આપનાર તે બુદ્ધા અવતાર ! પાંડવોને તારનાર પીર સદરદીન અને કબીરદીનની પાસે ભેસ્તમાં પાંડવો ગયા નહીં પણ ગુપ્તવાસ પીરાણામાં આવી રહ્યા એ પણ ઈમામશાહના પરતાપે જ ! ઈમામશાહે હિન્દુ ધર્મનું કેટલું સખત અપમાન કર્યું છે તે જુઓ ! બુદ્ધ ભગવાન જે અહિંસા પરમોધર્મનો ઉપદેશ આપનાર ને પાંડવોના હાથે ગૌવધ કરાવે ! બુદ્ધ ભગવાનને સલાહ આપી તે પ્રમાણે પાંડવોએ ગાય મારી ! કેટલી નીચતા ! આવી નાલાયક અને પાપી કથા જે પીરાણા સતપંથીઓ વાંચે છે તે અધમ પ્રકારના હિન્દુ ધર્મદ્રોહી છે. હિન્દુપણાના નામને લજાવનારા છે. ઈમામશાહ તો કાળાંધોળાં કરી મરી ગયો પરંતુ હજુ પણ કેટલાંક અજ્ઞાન લોકો આવી વાતો રાગડા તાણીને વાંચે છે તેના સૈયદોના કહેવા પ્રમાણે પુન્ય થાય છે એવું માને છે. આવા રાગડાઓ તાણી અમે હિન્દુ છીએ એમ કહેનારાઓને લાખોવાર ધિક્કાર છે. પાછળથી ઈમામશાહે બુદ્ધા અવતારની કેવી વલે કરી છે તે તમે સાંભળો. બુદ્ધ ભગવાનના દીકરા સીસ. તેના સામ એ ક્રમે સુલકાન, હારૂન, અસલામ, આદમ, નીઝાર, મીઝાર વિગેરે મુસલમાની પેઢીઓ લગાડી દીધી ! તમને કંઈ પણ શરમ થાય છે ?

દાદા આદમના દીકરા સીસ-સામ શોલકાન વિગેરેની વંશાવળી લઈ છેવટે પોતે પણ દાદા આમદના વંશના છીએ એમ જણાવવા સારું નરસતગોરથી સતપંથ ચાલ્યો છે, તેની વાંસે વાંસે પોતાનાં નામો ઉમેરી દીધાં અને છેવટે સોદરદીનના દીકરા કબીરદીન-કબીરદીનના સપુત્ર તે સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ ! હવે છે કંઈ વાંધો ? પાછા આદે વીસનવ નરીજન નરાકાર તે મહાપ્રભુ ઈમામશાહના દીકરા નરઅલી મહમદશાહ અને છેવટે હિન્દુપણાનું નામ નિશાન ભૂંસાડીને, હકલા હે લાહા ઈલ્લાહો મહમદુરસુલીલ્લા હે ! આ પ્રમાણેની ઈમામશાહની ઉત્પત્તિ અને તેના કારસ્થાની કાર્યો રૂપી ઈમામશાહે દશે અવતારો લખીને પીરાણા સતપંથ ધર્મ પાળનારને છેક જ બેવકૂફ બનાવ્યા છે. હજુ એ આવા દેખતા જમાનામાં ઈમામશાહની વંશના સૈયદે, ન હિન્દુ ન મુસલમાન એવા એ અર્ધદગ્ધ પીરાણા કબ્રસ્તાની ધર્મના પોતે આચાર્ય, ગોર અને બાવા તરીકે પૂજાવાનાં ફાંફાં મારી રહ્યા છે.

બુધ ભગવાન ના જન્મનો સમય પણ ખોટો છે

બુધ ભગવાન ક્યારેય ના કરે તેવા કામ (મારવાના) તેમના પાસે કરાવડાવ્યા

બુધ ભગવાનના વંશમાં મુસલમાની પેઢીઓ લગાડી દીધી

સતપંથ ને સનાતન કાલ નો ધર્મ (સનાતન ધર્મ) માં ખપવા માટે ખોટી વાતો લખી

વિષ્ણુનો નિરાકાર રૂપ તે ઈમામ શાહ ના દીકરાને બતાવ્યો.

S-117

Language: Marathi
ભાષા: મરાઠી

सत्पंथ–रहस्य

लेखक व प्रकाशक:

सोनू तुकाराम पाटील
जळगांव, पूर्व खानदेश.

मुद्रक:

नामदेव माधव नेमाडे
ष्ण प्रिंटिंग प्रेस, जळगांव पू. खा.

Shri Krishna Printing Press, Jalgaon

मे १९३६

किंमत एक रुपया.

Language: Marathi
ભાષા: મરાઠી

S-117

marathilevasamaj.org

भोरगांव पंचायतींत सत्पंथ.

सत्पंथ हा हिंदु धर्मातील पंथ नाहीं. व तो निव्वळ इस्लामचाच एक भाग आहे असें पूर्णपणें कळून आल्यावर लेवा पाटीदार समाजांतील कांहीं लोक ह्याचे अनुयायी असून गुप्त रितीनें सत्पंथाच्या तत्त्वांप्रमाणें पूर्णपणें वागतात असें कालांतरानें हळूंहळू आढळून आल्यावर सर्व साधारण समाजांत या सत्पंथी लोकांबद्दल संशय उत्पन्न होऊं लागला व तो सत्पंथी अनुयायांच्या आचारविचारांवरून पाडळसें येथील लेवा पाटीदार समाजाच्या भोरगांव पंचायतींत सन १९०६ मध्यें उघडपणें अर्ज स्वरूपांत जनतेसमोर प्रगट झाला.

Varhad = Vidarbha Old Name is Berar

YEAR 1906

लेवा पाटीदार समाजाची वस्ती खानदेश व वऱ्हाड मिळून दोनशें गांवांत असून लोकसंख्या दोन लाखांच्यावर आहे. फार प्राचीन काळापासून पंचायत स्वरूपाची सामाजिक अनुशासनपद्धति या समाजांत अद्यापपर्यंत रूढ आहे. या पंचायतीचें मुख्य ठिकाण पाडळसें (ता० यावल) हें गांव असून, त्या ठिकाणीं जातींतील मुख्य मुख्य लोक एकत्र जमून सामाजिक बाबींचा निकाल देतात. पाडळसें येथें पंचायतीच्या व्यवस्थेकरितां कुटुंबनायक असतात. पंचायत भरविणें व तींत झालेले ठराव अमलांत आणणें हीं कामें ते करतात.

Padalse Village, Yawal Tal, Jalgaon Pin 425501

Location on Google Maps:
https://goo.gl/maps/MwU0Z

खानदेश व वऱ्हाडांतील लेवापाटीदार पंचायतीचें मुख्य ठिकाण पाडळसेंच असून दोन्ही प्रांत मिळून मोठी पंचायत भरावयाची झाली ह्मणजे त्यावेळीं दोन्ही प्रांतांतील सर्व गांवांचे मुख्य मुख्य लोक पंचायतीस येतात. साधारणतः पंचायतीस येणारांची संख्या

Language: Marathi
ભાષા: મરાઠી

८००० ते १०००० पर्यंत असते. एवढा मोठा लोकसमुदाय एक मतानें जो निकाल देईल, त्याप्रमाणें जातीच्या किंवा समाजाच्या बाबतींत समाजांतील सर्व व्यक्तींना वागावें लागतें. सन १९०६ सालीं खानदेश व वऱ्हाड मिळून लेवा पाटीदार समाजाची पंचायतीची सभा पाडळसें येथें भरली होती. त्याच वेळीं सत्पंथाच्या या वादाचा सूत्रारंभ खिरोदें व चिनावल येथील पंचांच्या सत्पंथाविषयींच्या अर्जानें झाला. तेव्हांपासून या वादास कसकसें स्वरूप येत गेलें व त्याचे परिणाम व शेवट कसे झाले हें सदरच्या प्रकरणांत देत आहें.

सन १९०६ च्या पंचायतींत खिरोदें व चिनावल येथील पंचांचा सत्पंथवादाचा अर्ज मांडण्यांत आला व त्यावर हा सत्पंथ मुसलमानी आहे किंवा हिंदू आहे याबद्दल पुष्कळ वेळ चर्चा झाली. या पंचायतींत फैजपूर येथील श्री मधु जाना महाजन (श्री. तोताराम महाजन यांचे वडील) आणि इतर सत्पंथी अनुयायी हजर होते. तसेंच वऱ्हाडांतील दाभाडी गांवचे श्रीमान् व वयोवृद्ध गृहस्थ श्री. शंकर तोताराम पाटील (बुलढाणा येथील बॅरिस्टर टी. एस्. पाटील यांचे वडील) हेही हजर होते. या सर्वांनीं व जातींतील जमलेले प्रमुख लोक, यांनी सत्पंथाच्या शहानिशेच्या वादांत भाग घेतला होता. श्रीमान् शंकर तोताराम पाटील हे त्या पूर्वी सत्पंथी अनुयायी होते. पण त्यांनीं त्यावेळे पूर्वी कांही वर्षें हा पंथ सोडलेला होता. अशा वजनदार व अनुभविक श्रीमान् गृहस्थानें तेथें जमलेल्या सुमारें ६००० लोक

Faizpur

Buldhana

S-117

Language: Marathi
ભાષા: મરાઠી

समुदायांत मी व माझ्या घराण्यानें सत्पंथ कां सोडला हें व्यवस्थितपणें निवेदन केलें. शेवटी " ला इल्लाहा, महंमदुर रसुलिल्लाहे " वगैरे सत्पंथांतील कलमा पढून दाखविल्या व शेवटीं आपलें मत व्यक्त केलें कीं, हा सत्पंथ इस्लाम धर्मापासून उत्पन्न झाला असून पूर्णपणें मुसलमानी तत्त्वांचा आहे " हें ऐकून पंचायतींच्या या सभेंतील सर्व लोक आश्चर्यचकित झाले व सर्वांनीं एकमतानें असें ठरविलें कीं, " आपल्या लेवा पाटीदार जातींत ज्या ज्या लोकांनीं सत्पंथ स्विकारला असेल अगर ज्यांच्या घराण्यांत पूर्वापार चालत आला असेल त्या सर्वांनीं तो सोडून द्यावा व आपल्या हिंदूधर्माप्रमाणें व आपल्या सामाजिक रितीप्रमाणें वागावें." असा निकाल दिला. त्या सभेंत जे सत्पंथी अनुयायी हजर होते त्यांनीं ' आज पासून आम्हींही हा सत्पंथ सोडला ' अशा प्रकारच्या लेखांवर सह्या केल्या. त्यांत श्री. बधुजाना महाजन यांनींही प्रामुख्यानें सही करून ' मी आजपासून हा सत्पंथ सोडला ' असें जाहीरपणें कबूल केलें.

पुढें सदरहू पंचायतींतील सत्पंथासंबंधीं झालेला ठराव सविस्तरपणें पाडळसें येथील कुटुंबनायकांनीं सर्व साधारण जनतेस समजण्याकरितां, गांवोगांवीं पाठविला व त्याजबरोबर या सभेंत सत्पंथ सोडणारांची यादीही पण दिली व गांवोगांवच्या पंचांना कळविलें कीं, या शिवाय जे सत्पंथी अनुयायी आपआपल्या गांवीं असतील त्यांनाही हा सत्पंथ सोडण्याबद्दल समजूत द्यावी. या प्रमाणें सत्पंथाची लेवापाटीदार समाजांत सर्व दूर माहिती झाली. कुटुंबनायकांच्या

S-117

Language: Marathi
ભાષા: મરાઠી

(९३)

या पत्राप्रमाणें त्या सभेंत हजर नसलेले कांहीं सत्पंथी (विशेषतः फैजपूरगांवचे) सत्पंथ सोडण्यास नाकबूल झाले. त्यावरून फैज-पूर येथील पंचांनीं, सत्पंथ सोडण्यास जे जे लोक नाकबूल होते; त्यांच्या याद्या करून पाडळसें येथें कुटूंबनायकाकडे पाठविल्या. त्या वेळेपर्यंत सत्पंथाचे आचरण करणाऱ्या सत्पंथी अनुयायांची संख्या सर्व लेवा पाटीदार समाजांत कुटूंबनायकाकडे आलेल्या गांवोगांवच्या याद्यांप्रमाणें ९१ होती.

या प्रमाणें ज्या त्या गांवांत कट्टर सत्पंथी कोण कोण आहेत हें या ४–५ महिन्यांच्या अवधींत म्हणजे (जेष्ठ शु।। १ संवत १९६२ च्या ता० ४।५।१९०६ च्या) मिटींगनंतर पूर्णपणें कळून चुकलें, पण हे कट्टर सत्पंथी व त्यांचे सगेसोयरे इष्टमित्र, भाऊबंद इत्यादि लोकांचा त्यांच्याशीं सर्व प्रकारचा संबंध चालू राहिल्यामुळें, इतर बहुजन समाजास हें आवडलें नाहीं. म्हणून या सत्पंथी लोकांच्या धार्मिक व सामाजिक प्रश्नांचा कांहींतरी कायमचा निकाल करावा, असें जातींतील प्रमुख लोकांस वाटूं लागलें. म्हणून याच वर्षी आश्वीन शु।। १ रोजीं पुनः पाडळसें येथें पंचायत भरविण्यांत आली. या वेळीं पंचायतीच्या या सभेस वरील ९१ सत्पंथी यांस मुद्दाम बोलाविण्यांत आलें होतें त्यांपैकीं कांहीं जण आले होते व कांहीं जण सभेस आले नव्हते. पंचांनीं व इतर जाणत्या लोकांनीं सत्पंथी लोकांची त्यांना सत्पंथ सोडण्याबद्दल चांगली समजूत घातली. व त्याप्रमाणें त्यांनीं सत्पंथ सोडला. अशा रितीनें त्यांनी

S-117

Language: Marathi
ભાષા: મરાઠી

(९४)

सत्पंथ सोडला व सभेंत याप्रमाणें आचरण करणार नाहीं असें कबूल केलें. तरी पुढें ह्यांनीं (पंचायतीच्या सभेनंतर) आपलें आचरण गुप्तरितीनें सत्पंथाप्रमाणें चालूंच ठेवलें. सन १९१९ सालापर्यंत समाजांतील लोकांनीं तिकडे लक्ष दिलें नाहीं किंवा त्या संबंधीं पंचायतींत हा प्रश्न निवण्याकारितां कांहीं विशेषसें कारणही पण घडलें नाहीं.

YEAR 1919

सन १९१९ सालीं फैजपुर येथील पांच सहा इसमांनीं हा सत्पंथ नव्यानें स्विकारला, ह्मणजे सत्पंथास व त्याच्या अनुयायांस ५।६ जण जास्त येऊन मिळाले. ह्मणून फैजपुरच्या पंचांनीं ह्यांच्या गांवची सभा भरवून या ५।६ जणांस वर्ज्य केलें. व त्यांनीं पाडळसें येथील भोरगांव पंचांस तसें कळविलें. कळविणाऱ्या पंचामध्यें श्री. तोताराम बधु महाजन यांचीही सही होती. यानंतर पाडळसें येथें ता. १५ मे १९१९ रोजीं भोरगांव पंचायतीची सभा नेहमी प्रमाणें भरली. तींत ज्या ५।६ इसमांनीं सत्पंथ धर्म स्विकारला होता. त्यांना भोरगांव पंचांनीं वर्ज केलें व तसेंच जे कोणी ह्यांना साह्य करतील त्यांनाही त्यांच्यासारखेच बहिष्कृत केलें जाईल, असें पंचायतीच्या सभेंत ठरविण्यांत आलें.

Date: 15-May-1919

पुढें कांहीं दिवसांनीं बहिष्कृत केलेल्या सत्पंथी माणसांनीं सत्पंथासंबंधीं समाजाचें काय मत आहे व त्याचे (सत्पंथाचे) अनुयायी किती लोक आहेत हें अजमावण्याकरितां फैजपूर येथील सत्पंथांच्या धर्मशाळेंत एक भोजन समारंभ केला. त्या भोजनात फैजपुर येथील ५७ इसम जेवले. तसेंच आमोदे, राजोरें

S-117

Language: Marathi
ભાષા: મરાઠી

विबरें, चिनावल, उटखेडे व मुतखेडे या गांवांतील कांहीं लोकही जेवावयास आले होते. जेवण्यासंबंधीची ही सविस्तर हकिकत फैजपुर पंचांनीं पाडळशास कळविली. हें कळवितांना पंच म्हणून कळविणाऱ्या पंचांमध्यें श्री. **तोताराम बधू महाजन यांची सही पुनः होतीच.** फैजपूरकर पंचांनीं कळविल्याप्रमाणें पाडळसे येथील कुटुंबनायकांनीं पंचायतीच्या सन १९०६ च्या ठरावाप्रमाणें जेवलेल्या सर्व इसमांना बहिष्कृत केलें आहे असें जातींतील सर्व लोकांना कळविलें. त्याप्रमाणें फैजपुर येथील व त्या त्या गांवच्या पंचांनीं सत्पंथाच्या धर्मशाळेंत जेवणाऱ्या सर्व इसमांना जातीबहिष्कृत केलें, असें ज्या त्या गांवच्या पंचांनीं आपआपल्या गांवीं जाहीर केलें.

Year 1919 to 1921

या प्रमाणें गांवोगांवचे सत्पंथी बहिष्कृत करण्यांत आले असें जाहीर झाल्यामुळें १९१९ सालानंतर १९२१ साला पर्यंतच्या तीन चार वर्षांचे अवधींत सत्पंथ व त्याच्या अनुयायां संबंधीं जातींत बरीच खळबळ उडून गेली; व घरोघरीं लहानथोरांच्या तोंडीं हाच एक चर्चेचा विषय होऊन राहिला. बहिष्कृत केलेल्या सत्पंथी लोकांचे जातींतील निरनिराळ्या अनेक लोकांशीं, सगेसोयरे इष्टमित्र, इत्यादि आत्मीय संबंध असल्यामुळें लग्न कार्यादि सामाजिक बाबतींत प्रत्येकास तो प्रश्न आडवा येऊं लागला. ह्मणून पाडळसें येथील कुटुंब नायकांनीं जातींतील लोकांच्या सततच्या ह्या गैरसोयी पाहून व ऐकून या बहिष्कृत लोकासंबंधी एकदा कायमचा निकाल करून टाकण्याकरितां पाडळसें येथें मोरगांव

Language: Marathi
ભાષા: મરાઠી

S-117

Decision of the meeting date 22-Dec-1922 can be found in Satpanth Vijay book Page No 35 to 39

(९६)

पंचांची सभा ता. २२।१२।१९२२ रोजीं मुद्दाम त्याचकारितां बोलावली. या सभेस सुमारें १०–१२ हजार लोक हजर होते. त्यांत श्री. तोताराम बधु महाजन व इतर सत्पंथी लोकही होते. सभेच्या सुरवातीसच सत्पंथा-संबंधींचा प्रश्न चर्चेस निघाला. हजर असलेल्या सत्पंथी लोकांस पंचांनीं विचारलें कीं तुम्ही सत्पंथ सोडून द्या. सत्पंथी म्हणाले कीं, आम्हांस सत्पंथ न सोडता जातींत घ्या. त्यांवर पंचांनीं सांगितलें कीं, सत्पंथ सोडून तुम्हांस जातींत घेण्यास आम्ही तयार आहोंत. पण सत्पंथीयांनीं तें ऐकिलें नाहीं व पंचायतींतून ते उठून गेले. म्हणून मोरगांव पंचांनीं त्याच सभेत, सन १९०६ सालीं झालेला सत्पंथीयांना बहिष्कृत करण्यासंबंधीचा ठराव पुनः वाचून दाखवून तोच अमलांत आणावा असें ठरविलें; व त्या ठरावाप्रमाणें सत्पंथीयांशीं ज्यांचे ज्यांचे सोयरिक संबंध असतील ते ते सर्व तोडून टाकून कुंवाऱ्या सोयरिकाही मोडून टाकाव्या, असें ठरविण्यांत आलें. या ठरावान्वयें जातींतील लोकांनीं त्यांच्याशीं असलेले सर्व सोयरिक संबंध तोडून सर्व समाज या सत्पंथीयांस बहिष्कृत समजूं लागला. तेव्हांपासून कट्टर सत्पंथी असलेले लोक जातीला कायमचेच मुकले. याप्रमाणें त्यावेळीं जातीस मुकलेल्या सत्पंथीयांची संख्या फैजपुर ६५, बाम्हणोद १, उटखेडे ६, व चिनावल १२, याप्रमाणें होती. म्हणून त्या वेळेपासून हीं ९१ कुंटुंबे बहिष्कृत झालीं व ही ९१ संख्या सन १९२४ सालापर्यंत कायम राहिली.

Resolution cancelling all "unconfirmed engagement relationships" with Satpanthis. (Engagements which are not formalised by way of social rituals)

पुढें सन १९२४ सालीं मोरगांव पंचांची सभा झाली. तींत सत्पंथासंबंधीं विशेष वाटाघाट झाली नाहीं. पण १९१९

Year 1924

साली व १९२२ साली सत्पंथी म्हणून जातीनें वर्ज केलेल्या काहीं लोकांना जाती बहिष्कृत स्थितींत राहणें शक्य न झाल्यामुळें, सदरच्या या पंचांच्या सभेंत ते जातीस शरण आले. म्हणून पंचांनीं "सत्पंथाचे आचार विचार हे हिंदुधर्माच्या आचार विचारांशीं अगदींच विसंगत आहेत म्हणून त्यांचा आम्हांस पूर्ण तिटकारा आला आहे ते आचार विचार आम्ही पूर्णपणें सोडून दिले असून हिंदुसमाजाच्या आचाराविचाराप्रमाणें आम्ही यापुढें वागण्यास तयार आहोंत." याप्रमाणें त्यांच्या कडून कायदेशीर करारनामा लिहून घेतला व पंचायतींत तुळशीच्या पानाचें तीर्थ देऊन, त्यांना जातींत पावन करून घेतलें.

याप्रमाणें पंचांच्या सभेंत व त्यानंतर कांहीं दिवसांनीं सुमारें ३० लोक सत्पंथ सोडून जातीस येऊन मिळाले. म्हणून सन १९३१ सालापर्यंत सत्पंथीयांची संख्या कमी होऊन ती आतां सुमारें ६० पर्यंत आली आहे. श्री. तोताराम बधु महाजन हेही सन १९२२ सालच्या पंचायतींत सत्पंथाची बाजू धरून पंचांच्या विरुद्ध भांडले. त्यांनीं जातीच्या ठरावाप्रमाणें सत्पंथ धर्म न सोडल्यामुळें ते बहिष्कृत राहिले. व त्यांची गणना या ६० कुटुंबांतच झाली. श्री. तोताराम बधु महाजन हे बहिष्कृत राहिल्यामुळें त्यांच्या श्रीमंती स्थितीस पाहून कांहीं सत्पंथी लोक त्यांनाच चिकटून राहिले. अशारितीनें श्री. तोताराम बधु महाजन यांनीं सत्पंथीयांचा स्वतः पुढाकार घेऊन गट तयार केला व ता. १४ नोव्हेंबर १९२४ सालीं लेवा जातीच्या भोरगांव पंचांवर अब्रुनुकसानीची फिर्याद मांडली.

S-36

S-116

Language: Marathi
ભાષા: મરાઠી

कोर्टांतील फिर्याद.

फैजपूर येथें खंडोबाची वाडी या नांवाचें एक देवस्थान असून तेथें ब्रम्हचारी आत्मानंद बुवा हे राहतात. सत्पंथ वाद हा मुख्यतः फैजपूर गांवांतच विकोपास गेला, कारण सत्पंथी अनुयायांची संख्या तेथेंच आरंभापासून जास्त होती व आतांहि आहे. सत्पंथाचेंही देवस्थान (धर्मशाळा) फैजपुर येथें असून खानदेशांतील सर्व सत्पंथी त्या धर्मशाळेस आपल्या सत्पंथाचें मुख्य व पवित्र स्थान मानतात व वेळोवेळीं तेथें दर्शनास जातात व तेथेंच सर्व धार्मिक कृत्यें करतात. या धर्मशाळेचे मुख्य **बारसु बोवा असून ते त्यांचे धर्मगुरू आहेत**. हिंदुधर्माचे ब्रम्हचारी आत्मानंद बुवा व सत्पंथाचे ब्रम्हचारी बारसु बोवा या दोन्हींचा परस्पर विरोधीसंबंध एकाच ठिकाणीं अनायासेच घडून आल्या-मुळें धार्मिक दृष्टीनें या दोन्ही धार्मिक केंद्रस्थानांत परस्पर विरोधी चुरस उत्पन्न झाली. याच सुमारास मागील प्रकरणांत लिहिल्याप्रमाणें लेवा जातीच्या पंचायतींत सत्पंथीयाविषयीं झालेला वादविवाद सामा-जिक दृष्टीनें विकोपास जाऊन सत्पंथीयांस समाजानें बहिष्कृत केलें. सत्पंथाविषयींच्या अशा धार्मिक व सामाजिक खवळलेल्या स्थितींत, आत्मानंद बुवानें "**स्वधर्म पालन करो**" अशा हेडिंग खालीं हिंदी भाषेत हस्तपत्रिका छापून त्या सर्व दूर वाटल्या, त्यामुळें तर या वादास विशेषच स्वरुप आलें. सत्पंथाच्या बाजूनें पुढाकार घेणारे **श्री. तोताराम बधु महाजन** व आत्मानंद बुवाच्या बाजूनें पंच मंडळी अशी परिस्थिती निर्माण झाली. आत्मानंद

Badrikashram jyotirmathasth Nandwal Sampradayi, Aatmanand Brahmachari, Khanderao Wadi, Faizpur

Book - Swadharm Palan Karo - See Satpanth Vijay - Page 18

S-36

S-116

Language: Marathi
ભાષા: મરાઠી

बुवाच्या हस्तपत्रिकेनें, लेवा पाटीदार पंचांना व बहुजन समाजाला हिंदुधर्माची अगर वेदाची शास्त्रदृष्ट्या जरी कांहीं माहिती नव्हती तरी सर्वांची ठाम भावना झाली कीं, सत्पंथ हा हिंदुधर्म बाह्यतर आहेच पण निव्वळ मुसलमानीच आहे म्हणून बहुजन समाज सत्पंथीयांना पंचायतीच्या ठरावाप्रमाणें व बाहेर आलेल्या हस्त पत्रकान्वयें सर्वस्वी अलग समजून वागूं लागला. फैजपुरचे श्री. तोताराम बधु महाजन ह्यांना ते वडिलोपार्जित वतनदार व श्रीमंत घराण्यातले असल्यामुळें त्यांच्यावर व सत्पंथीयांवर जातीनें टाकलेल्या बहिष्कारामुळें व तसेंच आत्मानंद बुवाच्या हस्तपत्रिकेमुळें अत्यंत वाईट वाटलें. ते खवळून जाऊन त्यांनीं या वादास कोर्टांत खेचलें. आत्मानंद बुवाच्या विरुद्ध सत्पंथी अनुयायांपैकीं एक देवचंद तोताराम किरंगे यास त्यांनीं उद्युक्त करून आत्मानंद बुवावर कोर्टांत दावा रचला. तसेंच आपण स्वत: (श्री. तोताराम महाजन) यांनीं लेवा जातीच्या पंचांनीं निष्कारण बहिष्कृत केलें म्हणून जातीतर्फे मुख्य पंचावर ३० हजार रुपयांचा बेअब्रुचा दावा केला. अशारितीनें हें प्रकरण कोर्टांत ओढलें गेलें.

श्री. तोताराम बधु महाजन यांची फिर्याद दाखल होण्या-पूर्वी ४।५ महिने अगोदर रा. देवचंद तोताराम किरंगे यांनीं भोरगांव पंचांवर कुंवारी सोयरीक मोडल्याबद्दल ५ हजार रुपयांचा अब्रुनुकसानीचा दावा फर्स्टक्लास कोर्टांत आणला होता. रा. रा. देवचंद तोताराम किरंगे हे एक कट्टर सत्पंथी होते. व पंचायती-च्या ठरावाप्रमाणें त्यांनीं सत्पंथ न सोडल्यामुळें त्यांच्या सोयऱ्यांनीं

Two Cases
1) Totaram Badhu Mahajan (Ananda Lahanu Kirange)
2) Devchand Totaram Kirange

S-36

S-116

(१००)

Language: Marathi
ભાષા: મરાઠી

पंचांच्या आज्ञेप्रमाणें त्यांच्याशीं असलेले कुंवारी संबंध तोडले. म्हणुन रा. देवचंद तोताराम किरंगे यांनीं संबंध तोडणाऱ्या सोयऱ्यांवर फिर्याद न करितां पंचायतीच्या मुख्य पंचावरच फिर्याद केली. ही फिर्याद व श्री. तोताराम बधु महाजन यांची फिर्याद ह्या दोन्ही सर्वस्वी एकाच स्वरुपाच्या असल्यामुळें कोर्टानें त्या दोन्ही फिर्यादी एकत्र करून चालविल्या व दोघांचे निकालही एकत्र स्वरुपांतच दिले. दोन्ही मिळून एक झालेली ही फिर्याद जळगांव येथील फर्स्टक्लास कोर्टांत सुमारें ४ वर्षे चालली. फिर्यादींचा मुख्य मुद्दा अब्रुनुकसानीचा होता. तो बाजूला राहून धार्मिक वादच कोर्टांत उपस्थित झाला व सत्पंथ हिंदु धर्मांतर्गत आहे किंवा नाहीं याबद्दल दोन्ही बाजुंनीं साक्षी पुरावे, जुने कागद पत्र व ग्रंथ, यांचे आधार, तसेंच विद्वानांचीं मतें यांच्या योगें कोर्टांत पुष्कळ दिवस शहानिशा झाली. अखेर या सर्वांच्या सबळ आधारांतून कोर्टानें आपला निकालही "सत्पंथ हा वेद बाह्य आहे व तो इस्लामी धर्मावर उभारलेला असून, त्याच्या चालिरितीही हिंदुधर्मबाह्यच आहेत." असा निकाल जाहीर केला व दाव्याचा अब्रु नुकसानीचा मुख्य मुद्दा त्याबद्दल कोर्टानें निकाल दिला कीं, लेवा पाटीदार पंचांनीं हिंदु धर्म बाह्य असलेल्या सत्पंथाचें आचरण करणाऱ्या लोकांस लेवा पाटीदार पंचांनीं धार्मिक व सामाजिक हितांच्या दृष्टीनें आपल्या पंचायतींत जो निकाल दिला तो योग्यच आहे व त्यावरून वादींची म्हणजे रा. देवचंद तोताराम किरंगे व श्री

Both Court Cases were merged, in Bombay High Court

Jalgaon Court Case No: First Class Sub-Judge - Special Regular Civil Suit No 497 of 1924

Court Decision:

S-36

S-116

Language: Marathi
ભાષા: મરાઠી

Mumbai High Court Case No: (1935) 37 BOMLR 417, 158 Ind Cas 414

Appeal No 289/1928 and 290/ 1928 combined

Reported in: AIR 1935 Bombay 361

High Court Decision:

High Court Judgement:

1) https://archive.org/details/1935BombayHighCourtDevchandTotaramKirange248D

2) http://www.indiankanoon.org/doc/892115/

तोताराम बधु महाजन यांची अब्रू कमी होत नाही म्हणून वादींनी विरुद्ध पक्षाचा म्हणजे पंचांचा कोर्टाचा खर्च भरून द्यावा.

अशारितीनें फर्स्टक्लास कोर्टांत दोन्ही बाजूंनी (धार्मिक व सामाजिक आणि अब्रू) सत्पंथीयांना विरूद्ध निकाल मिळाल्यावर त्या निकालानें त्यांचें समाधान झालें नाहीं व त्यांनीं (दोन्ही वादींनीं) मुंबई हायकोर्टांत अपील केलें. हायकोर्टांतील अपील न्यायमूर्ती मर्फी आणि न्यायमूर्ती बार्ली या दोन युरोपियन न्यायाधिशांपुढें सुनावणीस निघालें. फर्स्टक्लास कोर्टांतील न्यायाधिश मि. खारकर, यांनीं फिर्यादीचा मुख्य मुद्दा धार्मिक व सामाजिक बाबतींत ओढला गेलेला पाहून त्या किचकट प्रश्नांत चांगलें लक्ष घालून समोर आलेल्या पुराव्यांच्यायोगें सत्पंथ हा सर्वस्वीं वेदबाह्य आहे असा निकाल दिला. पण हायकोर्टांतील युरोपियन न्यायमूर्तीद्वय ह्यांनीं या दाव्यांतील धार्मिक व सामाजिक बाबीसंबंधीं कोणत्याही प्रकारची जबाबदारी न घेतां तो प्रश्न हिंदुधर्मगुरूंचा म्हणजे श्रीमत् शंकराचार्यांचा आहे म्हणून आम्ही त्याचा निकाल देण्यास असमर्थ आहोंत असा निर्णय दिला. दाव्याचा मुख्य मुद्दा अब्रुनुकसानीचा त्याबद्दल मात्र विचार केला व त्याचा निकालही खालील कोर्टाप्रमाणेंच देऊन खर्चासुद्धां दावा रद्द केला. अशा प्रकारें हायकोर्टानेंहि श्री. तोताराम बधु महाजन यांना सर्वस्वीं विरूद्ध निकाल दिल्यामुळें ते व त्यांचे सहकारी (इतर सत्पंथीय) हे सध्यां हताश होऊन बसले आहेत. यावरून वाचकांना कळून येईल कीं, श्री. तोताराम बधु महाजन यांनीं कोर्टापर्यंत जाऊनही कायद्याच्या कसोटीस हा प्रश्न लाविला व त्यांत अपयश आपल्या पदरीं बांधून घेतलें.

S-11
S-12
S-13
S-114
S-143

ૐ

હિંદુ ધર્મને નામે ચાલતા, અર્ધદગ્ધ, કબ્રસ્તાની

પીરાણા-"સતપંથ" ની પોલ;

અને

સત્યનો પ્રકાશ.

ભાગ ૧ લો.

લેખક અને પ્રકાશક:
પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાક્ટર
ઠે. વીરાણી. તા. નખત્રાણા (કચ્છ)

S-11 S-12 S-13 S-114 S-143

નિવેદન.

રાજકોટ નજીક ઢોલરા ગામના મૂળ વતની પરમકૃપાળુ પ્રાતઃસ્મરણીય વેદશાસ્ત્ર સંપન્ન પરમ પૂજ્ય સદ્દગત શ્રી રામેશ્વર મોરારજીના સહવાસથી વૈદિક સંસ્કારનો મને તેમજ મારા ઘણા જ્ઞાતિભાઈઓને ઉત્તમ લાભ પ્રાપ્ત થયો છે.

કચ્છ પ્રદેશમાં વસ્તી અમારી પાટીદર જ્ઞાતિ પીરાણા સતપંથને નામે ઓળખાતા અર્ધદગ્ધ પંથને માને છે, અને પૂજ્ય રામેશ્વરજીને આ પંથના ગુપ્ત ભેદ ભરમોની જાણ થતાં તેમણે અમારા ભોળા જ્ઞાતિ ભાઈઓને એ પાખંડી પંથના સકંજામાંથી સત્વરે છોડાવવાને અમને વારંવાર કહેતા. એમના બોધથી અને જ્ઞાતિ ઉન્નતિ પ્રત્યેની ઉંડી લાગણીથી પ્રેરાઈને એ ભેદી પંથના ગુપ્ત ઈંદ્રજાળીક ભેદ ભરમો જ્ઞાતિ સુધારક યુવક મંડળો સ્થાપીને, તે દ્વારા અનેક જાહેર સભાઓ અને પરિષદો ભરીને, અમારા જ્ઞાતિભાઈઓ અને અન્ય બંધુઓ કે જેઓ એ પંથમાં સપડાયેલા છે, તેમને સમજાવવાના યત્નો શરૂ કરવા માંડયા, જેથી કેટલાક સમજુ ભાઈઓ તો એ પંથના કપટતંત્રને જાણી તેને તિલાંજલી આપી છુટા થઈ ગયા છે. પરંતુ એથી એ કામ પૂર્ણ થયું છે એમ નજ કહેવાય. હજુ તો લાખો ભોળા હિંદુભાઈઓ એ પંથમાં ફસાયેલા પડયા છે. અને નિત્ય તેમની સંખ્યામાં વધારો થતો જ જાય છે. તેમને એ ફાંસામાંથી છોડાવવાના હેતુથી સબળ કાર્યકર્ત્તાઓને અને સનાતન હિંદુધર્મના આચાર્યો અને સમર્થ વિદ્વાનોને પીરાણા સતપંથ એ શું છે? તેમાં અજ્ઞાન અને ભોળા હિંદુભાઈઓને વટલાવી ધર્મ તથા કર્મથી ભ્રષ્ટ કરી, હિંદુજાતિઓથી વિમુખ બનાવી વેદો અને શાસ્ત્રપુરાણોમાંથી વિશ્વાસ ઉઠાડી; ગાય, બ્રાહ્મણ જોગી સાધુ સન્યાસીઓને ન માનવા માટે એ પંથના ચલાવનારાઓ એ કરેલી અનેક યુક્તિઓ, અને તેમના રચેલાં અલેલટપુ શાસ્ત્રો અને એ પંથની ક્રિયાઓથી કેવા જકડી રાખ્યા છે, તે જણાવી શકાય તોજ કાર્ય સિદ્ધી થય, એ પ્રમાણેની ઘણા મીત્રોની સલાહથી એ પંથના છુપાં હસ્તલીખીત તેમજ છાપેલાં સાહિત્યો પાણીની પેઠે પૈસા ખર્ચી એકઠાં કરી, તેના સારરૂપ આ પુસ્તક લખવાનો મારો છ વર્ષનો પ્રયત્ન આજે ફળીભૂત થાય છે, તેના માટે નીચે જણાવેલા પુસ્તકોમાંથી કેટલાક આધારો લીધેલા હોવાથી તેના પ્રકટ કર્ત્તાઓ, તથા શ્રીયુત છીમાભાઈ ભુલાભાઈ ભાટપુરવાળા અને બીજા એક મારા મુરબ્બી બંધુએ પીરાણા સતપંથના હસ્ત લીખીત સેંકડો પુસ્તકો મને મેળવી આપવાના માટે જે મહેનત કરી છે; તેના માટે હું તે બધાનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

S-11
S-12
S-13
S-114
S-143

મચ્છા અવતાર મોટો, શ્રી કુર્મ અવતાર, શ્રી વરાહ અવતાર શ્રી નરસિંહ અવતાર, શ્રી વામન અવતાર, શ્રી ફરસરામ અવતાર, શ્રી રામા અવતાર, શ્રી કૃષ્ણ અવતાર, શ્રી બુદ્ધા અવતાર મોટો, શ્રી નકલંકી અવતાર.

પ્રકરણ ૯ મું.

પીરાણા સતપંથીઓની રાત્રીના વખતે ખાનામાં થતી પુજાની ક્રીયાઓ. .... ૩૭૩–૪૬૩.

મુખીની ક્રિયા, દેવસ્થાપનના મંડાણની દોવા, મુખીને તોબા પડવાની દોવા, મુખીને આસણ આગળ ભણવાની દોવા, આસણ ઉપર પેલો જમણો પગ મુકવાની દોવા, પાટ માંડવાની દોવા, શરદો કરવાની દોવા, પાટ ઉપર આખા મુકવાની દોવા, પાટને ચારે દીસે પૈસા મુકવાની દોવા. પૈસા મુકીને શરદાની દોવા, કળસને ધુપ લોબાનની દોવા, દીવા જોતને પ્રણામની દોવા, કળસમાં જળ ભરવાની દોવા, કળસ માંડીને શરદાની દોવા, કળસ ઉપર આખા મુકવાની દોવા, કળસમાં આખા તારી શરદો કરવાની દોવા, ઘટપાટને ફુલ ચડાવવાની દોવા, ઘટપાટે ચુવાચંદન અબીલ ચડાવવાની દોવા, ગોરનરની આલ ગાવંત્રી, ચાળીસ ઈમામના કાંકણની દોવા, ગોરનરના આલ કાંકણની દોવા, કળસને પ્રદક્ષણાના દોવા, કળસને ઉત્તર પૂરવ દખણ અને પછમ દસાએ ઉદકની જુદી જુદી દોવાઓ. દશે દિશામાં છાંટ નાખી સરદો કરવાની દોવા, ફુલ રખેસરને હેજંદાની દોવા, વિસનુને થાળ જમાડવાની દોવા, બ્રહ્માને થાળ જમાડવાની દોવા, માહેશ્વરને થાળ જમાડવાની દોવા, શક્તિને થાળ જમાડવાની દોવા, સર્વે દેવ રખેસરોને જમાડી દશોંદ લેવાની દોવા, દોવા જીવના ગુના ઉતાર્યાની પેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી ચાલ્યા જીવને ઉઠાસણાના, પેલી સ્વેત ખાણની, બીજી ઇંડજ ખાણની, ત્રીજી ઉદબીજ ખાણની, ચોથી જરોજ ખાણની, જીવને રવીમંડળે પોંચાડવાની જીવને ઉઠાસણાની બાવન ઘાટીમાં ભણવાની વિગેરે જુદી જુદી દોવાઓ, જીવને આસણ વસ્ત્રની દોવા, ઉઠાસણે આસણની દોવા, ઉઠાસણે વાસણને છાંટ નાંખવાંની દોવા, ઉઠાસણે દેવ થાળ નીશાનીની દોવા, બાળક તથા નવા ધર્મીને કાંકણ બાંધવાની દોવા, વરકન્યાને કાંકણ બાંધવાની દોવા, કળસ ઉપરથી આખા ઉતારવાની દોવા, મોટી છાંટ નાંખી શરદો કરવાની દોવા, સ્ત્રીને લાઈ સુતક ઉતાર્યાની દોવા, પુરૂષને સુતક ઉતાર્યાની દોવા, રખેસરના મોડે છાંટ નાખવાની દોવા, મુખીને પાવળ પીધાની દોવા, કળશને ઉઠાડવાની દોવા,

S-11 S-12 S-13 S-114 S-143

વ્હડતાં ગયાં, તેથી એ બધાંનો સંગ્રહ કરી, માંખણુ કહાડી, થોડા પ્રયાસે તેનો બધો સાર, સંક્ષેપમાં જ જનતાને સ્હમજાઇ જાય, એવી રીતે ઉક્ત વિષયનો સરલ સત્વરૂપ ઇતિહાસ, તેમ જ મ્હારા અભિપ્રાયો–અભિલાષોનો મહત્વનો ભાગ, પણ સુહ્રાસર લખવા અને યોજવા માટે, મ્હારે મહાભારત પરિશ્રમ ઉઠાવીને, સમય-ધન તેમજ શક્તિનો કેટ કેટલો ભોગ આપવો પડયો છે, તે હું મ્હારે હાથે અહિં લખી બતાવું, તેના કરતાં વિવેકી વાચકની જ ન્યાય બુદ્ધિને એ કામ સોંપી, હવે હું ગ્રન્થના મુખ્ય વિષય સંબંધી અહીં બે આવશ્યક શબ્દો લખીને, આ લંબાઇ જતી પ્રવેશિકાને વિસ્તાર ભયથી, અત્રે ટુંકાવવા જ ઇચ્છું છું.

ગ્રન્થ–યોજનાનું મુખ્ય કારણુ–તેનો આ પ્રયાસ સાથે સંબંધ—

જે મહત્વનાં પ્રયોજન માટે આ ગ્રંથ લખાયો છે, તેનાં મૂળરૂપ–**પીરાણા–સતપંથ** સંબંધી કંઇક ટુંકો ખુલાસો, અને આ ગ્રંથ સાથે તેનો ખાસ સંબંધ, સંક્ષેપમાં અહીં વિચારી લેઇએ, તો, તેનું પ્રયોજન કંઇક સ્પષ્ટ સ્હમજી શકાશે.

જે મહત્વના વિષયને આ ગ્રન્થમાં પ્રાધાન્ય આપેલું છે, તે વિષય તો આ ગ્રંથના નામ ઉપરથી જ સૂચિત થઇ જાય છે. **પીરાણા-સતપંથ** એ શું છે? તે આપણા દેશની, આપણી જાતિની, અને જનતાની, ભૂત, વર્ત્તમાન તેમજ ભાવી પરિસ્થિતિમાં કેવો મહત્વનો ભાગ ભજવી ગયું છે, ભજવશે, અને હાલ ભજવી રહ્યું છે? તેમજ તેનો આજે છૂપો અને જાહેર પ્રચાર કેવી કેવી છલનીતિથી, યુક્તિ–પ્રયુક્તિયોથી, હિંદમાં ચાલી રહ્યો છે, તેનું અહીં આછું ચિત્ર આંકી, તેની પોલો, અને તેના ભેદભરમો, તેના કાવા–દાવા અને યુકિત–પ્રયુક્તિઓ સંબંધી, અહિં સ્હેજ ઇશારો કરવાની મ્હને આવશ્યકતા જણાય છે.

પીરાણા–સતપંથને નામે આજે અનેક સદીઓથી ઓળખાતા, અને ગુપ્ત તેમ જ જાહેર રીતે હિંદના કેટલાક વિભાગોમાં પળાતા, એ **ઇસમાઇલી–ઈમામી–પીરાણા–સતપંથના** અનેક ફાંટાઓનો ઇતિહાસ આજસૂધી અજ્ઞાનનાં ઘોર અંધકારમાં જ દટાયેલો છે, અને જે થોડો ઘણો એ પંથના પ્રવર્ત્તકો અને ઉપદેશકોએ, જાહેર કરેલો છે, તે ખોટો મહિમા વધારવાના હેતુથીજ, કલ્પિત ચમત્કારો, સહરાબાત ભરેલાં અસંભવિત વર્ણનો, અને ઠામેઠામ અસંગત, અસંબદ્ધ હેવાલોથી ભરપૂર હોવાથી, તે જરાપણ વિશ્વાસપાત્ર નથી. હિંદુ-જાતિના લાખો મુરીદો–સેવકો–એ ધર્મને પાળે છે, અને **ભારતમાં** અનેક ઠેકાણે તેની શાખાઓ, તેનાં મંડળો, જમાતો અને ખાનાંઓ હાલ પ્રચલિત છે; છતાં તેનો સવિસ્તર હેવાલ, તેમજ તેની ઉત્પત્તિનો વિશ્વાસ-પાત્ર કોઇ પણ સત્ય ઇતિહાસ, આજસૂધી જોઇએ તેવો મળી શકતો નથી–અને તે ન મળવાનાં અનેક ખાસ કારણો પણ છે. મુખ્ય કારણુ તો એ છે કે, તેની શરૂઆતથી જ, **એ પંથનો સઘળો વહીવટ, છૂપી રીતે જ ચલાવવામાં આવે છે.** તેની બધી ક્રિયાઓ, રાત્રિની શાંતિમાં, ગાઢ અંધકાર નીચે, જગત્ જ્યારે નિદ્રાને ખોળે આરામ ભોગવી રહ્યું હોય, ત્યારે જ મુખ્યત્વે ચાલૂ થાય અને ભજવાય છે; અને તે સઘળો પાખંડ–નાટક, આ જગતના પડદા પાછળ, એકાન્ત ખાનાંઓના છૂપા ખૂણામાં, અન્યધર્મીઓને તેનો જરા ભાસ પણ ન થાય, એવી છૂપી રીતે જ ચલાવવામાં આવે છે. પોતાના ધર્મની કશી-પણ હકીકત, પરધર્મીઓને કાને ન જવા દેવાની, એ પંથના સેવકો–મુરીદોને સખ્ત તાકીદ આપવામાં આવેલી હોય છે; માત્ર એટલું જ નહિં પણ, એ પંથનો પડદો કે ભેદ ખોલે, તેને ભયંકર નરકયાતના ભોગવવી પડશે, અને તેની આખરે ભયંકર રીતે અધોગતિ થશે, એવો

સતપંથ વિશ્વાસ પાત્ર નથી

સતપંથની ક્રિયાઓ રાતના થવા પાછળના મૂળ કારણો.

S-11
S-12
S-13
S-114
S-143

મહાન્ ભય પણ, સેવકોને બતાવવામાં આવેલો હોય છે. **વળી એ ધર્મનું કપોળ કલ્પિત, બનાવટી, સાહિત્ય જો બહારની દુનિયાંના જોવા–જાણવામાં કદાચ આવી જાય, તો પોતાનો પ્રપંચ–પડદો તરત જ ફૂટી જાય, એવા આંતરિક ભયથી, તેના ઉત્પાદકોએ પોતાના સઘળા હસ્તલિખિત ગ્રન્થોને પણ, ખાનાના અંધારામાં જ છૂપાવી કે દાટી રાખવાની, તેમ જ તે કોઇને પણ ન બતાવવાની, સખ્ત ભલામણો કરેલી છે.** એથી પરિણામ સ્વાભાવિક રીતે એજ આવ્યું છે કે, બહારની દુનિયા એ પંથની ઉત્પત્તિ અને પરિસ્થિતિથી તદ્દન જ અજ્ઞાત રહેવા ઉપરાંત, ખાસ એજ પંથના શિષ્યો–સેવકો અને મુરીદો પણ, એ પોતાના જ ધર્મની ઉત્પત્તિ કે, પરિસ્થિતિની સાચી હકીકતોથી બહુભાગે છેકજ જ્ઞાનશૂન્ય રહી ગયા છે, એમ કહીએ, તો પણ તે કંઇ ખોટું નથી. **ગુપ્તી, શેખ, સુમના, આઠીયા, પાંચીયા** વિગેરે નામોથી ઓળખાતા, એ ધર્મના અનેક ફાંટાઓ, હિંદના ગામેગામમાં ઠામેઠામ, આજે અનેક વરસોથી ચાલૂ છે, અને એ બધા ફાંટાઓ, મુખ્યત્વે, હિંદુ ધર્મ પાળનારી જાતિઓમાંથી જ ઉત્પન્ન થયેલા છે. **ખોજા, શેખ, સુમના** વિગેરે કેટલાક ફિરકાઓ તો આજે જાહેર મુસલમાન જાતિમાં ભળી ગયા છે, તેઓ પણ પહેલાં તો બધા **હિંદુ–ગુપ્તી** જ હતા, અને પહેલાં તો તેઓ પોતાને જાહેરમાં ખાસ હિંદુ તરીકે અને ખાનગીમાં એ અર્ધદગ્ધ મામદા–હિંદુ, ખીચડીઆ સતપંથમાં મળેલા ગુપ્ત રૂપે ઓળખાવતા હતા. પાછળથી જેમ જેમ તેમને સ્પષ્ટ જણાતું ગયું કે, આ **વૈદિક સતપંથને** નામે, તેમને ગળે જે આ નવા ધર્મની ફાંસા–દોરી ભેરવવામાં આવેલી છે, એતો ખરી રીતે જોતાં એક **મુસલમાની શીયા ઈસ્માઇલી** ધર્મનોજ કપોળકલ્પિત ફાંટો છે, અને તેમને યુક્તિથી ભોળવીને, પોતાની જાળમાં ફસાવી લેવા માટેજ, એ ધર્મના ઇસ્લામી આદિપ્રચારકો અર્થાત્ દાઇઓ–ઉપદેશકોએ, તેને માત્ર ઉપર ઉપરથી બહારનો–ફક્ત દેખાડવાનો–હિંદુધર્મનો ગીલીટ–ઢોળજ ચ્હડાવેલો છે. ફક્ત તેનાં અવતારોનાં નામ અને કેટલીક ક્રિયાઓમાંજ માત્ર પુરાણા હિંદુધર્મની થોડી આછી આછી છાયાને કાયમ રાખીને, પાછળથી બાકીની બધી ઇસ્લામી વિધિઓ, માન્યતાઓ, અને કબ્ર-પરસ્તી (કબર–પૂજા)ની કલ્પિત પદ્ધતિઓને ગોઠવી દીધેલી છે. વળી પોતાના પંથનો મહિમા વધારવા માટેજ, હિંદુગણિત અને જ્યોતિષમાં જણાવેલી, સૃષ્ટિ–ઉત્પત્તિની ગણના, તેમજ માન્યતા, હિંદુ અવતારવાદની યોજના, તેમજ યુગોની વર્ષ–ગણનાને સ્વીકારી લેઇ, છેલ્લા એટલે ચાલૂ યુગમાં **નકલંકી અવતાર** તો મ્લેચ્છોમાં થયો હોવાનું જણાવી, તેમાં **ઇસ્લામીધર્મના** સિદ્ધાંતો ઘુસાડીને, તેઓએ પોતાનાં કપોળકલ્પિત ખીચડીઆ ધર્મશાસ્ત્રોની રચના કરેલીછે. વળી લાલચ તેમજ ભય પણ ઠામે ઠામ બતાવીને, શામ–દામ–દંડ–ભેદથી, એ ધર્મ તરફ આકર્ષિયેલા અભણ અને ભોળા સેવકો–મુરીદોને, પોતાની લોખંડી સાંકળમાં સદાને માટે જડી રાખવા માટે, બનાવટી ચમત્કારોનાં એવાં તો અજબ ધત્તીંગ–ચિત્રો આંકયાં છે કે, તેની આગળ **'અરેબિયન–નાઇટસ'** કે **'હાતમતાઇ'** ના ચમત્કારિક કિસ્સાઓ પણ પાણીજ ભરે ! **ભૂતો** અને **પરીઓની** વાતોના અજબ ચમત્કારો પણ તેમના પરચાઓની તુલનામાં કંઇ પણ હિસાબમાંજ નથી ! **અલાઉદ્દીનનું જાદૂઇ ફાનસ** પણ તેમના **પીરોના પરચા** આગળ ઝાંખૂંજ પડી જાય છે ! અને ભયંકર રાક્ષસોની કલ્પિત કથાઓ કરતાં પણ વધારે નવાઇ જેવા, એ **પીરાણાના** પૂર્વજોએ પોતાનાં કલ્પિત પરાક્રમોની ઠામેઠામ તોપો ગોઠવીને, એવી તો અજાયબ રીતિએ શાસ્ત્રો ઉભાં કરેલાં છે કે, તેનો જગતમાં કયાંય જોટોજ ન મળે ! હિંદુ-

શિયા ઈસ્માઈલી પંથનો એક ભાગ છે.

S-11 S-12 S-13 S-114 S-143

ઓનાં અર્થગૌરવવાળાં **પૌરાણિક** રૂપકો અને દાર્શનિક કથાનકોનો મર્મ સમજ્યા વિનાજ તેમનું ઉપહાસ કરનારા, અમારા **ઇસલામી**ભાઇઓને આ **ઇરાની દાઇ** તેમજ **ઇમામશાહી** પીરોનાં ચમત્કારિક દાસ્તાનોની ગપોળ કથાઓ, અને તેમનાં ચમત્કારિક બનાવટી પરચાઓવાળાં ધડધડાટ ભર્યાં ધત્તીંગો, એકવાર ધ્યાનપૂર્વક વાંચી જવાની, તેમજ પોતાને **ઇસલામી** તરીકે ગણાવનારા એ અર્ધદગ્ધ પાખંડીઓને ઘટતો ન્યાય આપવાની, અમે ખાસ ભલામણ કરીએ છીએ; તેમજ તેના આગલા સ્થાપકો–પ્રવર્તકોએ પોતાની ઉસ્તાદીથી કલ્પીને ગોઠવી ચાલેલાં એ **પીરાણા–સતપંથનાં** અનેક ગપાષ્ટક ધર્મશાસ્ત્રો, એકવાર ધ્યાનથી ઉથલાવી જોવાની અમે સહુ સુજ્ઞ વાચકોને પણ ભલામણ કરીએ છીએ. આજે તો એ બધાં શાસ્ત્રો છિન્ન વિચ્છિન્ન, હસ્તલિખિત અશુદ્ધ સ્વરૂપમાં જ, ઘણીખરી **પીરાણાપંથી જમાતો,** તેમનાં **ખાનાંઓ** અને તેમના સેવકો–મુરીદો–પાસેથી છૂટાં છવાયાં શોધ કરતાંયે, મહા મુશ્કેલીએ મળી શકે છે, અને આજે વીસ વરસોના ચાલૂ પરિશ્રમથી મેં, તેમના એવા સેંકડો હસ્તલિખિત ગ્રન્થો, પાણીની પેઠે પૈસો વેરીને, એ પંથનું પોગળ આપ સહૂને ચરણે ધરવાના હેતુથીજ એકઠા કીધેલા છે.

સતપંથના શાસ્ત્રો ભેગા કરતાં ૨૦ વર્ષ લાગ્યા.

પરંતુ એ બનાવટી વાતોના મહાસાગરમાં વારંવાર ડૂબકીઓ મારવા છતાંયે, ઇતિહાસની સત્યતાનાં જેવાં જોઇએ તેવાં કિંમતી મોતી, તો હજુ સુધી જોઇતા પ્રમાણમાં તેમાંથી એકત્ર કરી શકાયાં નથી, એ ખરેખર મ્હોટી ખેદની વાત છે. એ પંથના મુખ્ય ઉત્પાદકો કોણ હતા? કેવા સંજોગોમાં તેમની ઉત્પત્તિ થઇ? હિંદમાં કોણે અને કેવી રીતે તેનો મુખ્ય પ્રચાર કર્યો? પ્રથમ કઇ કઇ ધર્મ–ક્રિયાઓ તેમાં ચાલતી હતી? પાછળથી તેમાં કેવી વિકૃતિઓ અને ફેરફારો થતા ગયા? અને પોતાની મતલબ સાધવાને, આપસ્વાર્થ, તેમજ લોભથી પ્રેરાયેલા એ પંથના પ્રચાલકોએ, કેવી કેવી રીતે પોતપોતાના જૂદા વાડાઓની ડુગડુગીઓ કાયમ બજાવી રાખવા માટે, કેવા કેવા છલભેદો તથા કાવાદાવાઓ કીધા છે? અરે! અમુક પ્રસંગોમાં તો કેવી નીચતા અને પશુવૃત્તિને પણ અખત્યાર કરી, તેમણે કેવાં ન કરવાનાં ભયંકર કારસ્થાનો કરેલાં છે? તેનો રસીલો, રોમાંચક અને હૃદયદ્રાવક ઇતિહાસ, શરૂઆતથી આજ સુધીની હકીકતો સહિત સીલસીલાબંધ યોજવા માટે, અમેં જો કે, પ્રાણુતોડ પ્રયાસો કર્યાં છે, અને અનેક ભાષાઓના અગણિત જૂના–નવા ગ્રન્થોનું સમુદ્રમન્થન કરીને, ઘણી ઘણી રહસ્યભરી છૂપી હકીકતો, પ્રબલ સચોટ પ્રમાણો, તથા આધારો સહિત શોધી કહાડીને અહિં રજુ કરેલી છે, કે જે વાંચવાથી સહૃદય વાંચકનું લોહી પણ જરૂર ઠંડુંગારજ થઇ જશે, અને તેનું હૃદય, એ ભયંકર પ્રપંચોના પોગળ વાંચીને, જરૂર કમકમી ઉઠશે; છતાં પણ અમારે અતિ સખેદપૂર્વક સ્વીકારવું પડે છે કે, પોતાનું સાહિત્ય અંધારા ખૂણામાં છૂપાવી રાખવાની, એ **પીરાણા સતપંથ–પ્રવર્તકોની** કુટિલ છલનીતિ, અને ખોટી હઠને લીધેજ પૂરેપૂરા સંતોષકારક સપ્રમાણ ઇતિહાસને, વાચકોની સેવામાં હજુસૂધી પણ હાજર કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું નથી; પરંતુ અમને આશા છે કે, આ ગ્રન્થ બહાર પડયા પછી, અનેક ઇતિહાસરસીક સાક્ષરો અને દેશી તેમજ વિદેશી વિદ્વાનોના આશ્રયથી, અમેં અનેક બાકી રહેલા ઐતિહાસિક પ્રમાણોનાં પરિશિષ્ટો સહિત આ પુરાણનો ઉત્તરખંડ થોડાજ સમયમાં પ્રકાશમાં લાવવાને ભાગ્યશાળી થઇ શકીશું.

બીજા અંક માટેની પ્લાનીંગ

ખાસ એ પ્રયાસને માટે જ, અમે મુંબઈ, કચ્છ, કાઠિયાવાડ, સિંધ, ગુજરાતના અનેક સ્થળોમાં બારીક તપાસ કરી, જૂનાં–નવાં સાહિત્યો મેળવી–સંગ્રહીને, હસ્તલિખિત ગાડાંબંધ

S-11 S-12 S-13 S-114 S-143

પુસ્તકો એકઠાં કીધાં છે. ખાસ **પીરાણાના** કેટલાંક મુખ્ય ખાનાંઓમાંથી અને આગેવાનો મારફતે પણ મહાન્ પ્રયાસે, એવાં ઘણાં છૂપાં પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોની નકલો ખાસ ઉતરાવી લીધી છે, અને તેમના આદિકાલથી આજસૂધીના ઇતિહાસનું, તથા તેમની બનાવટી ધર્મક્રિયાઓનું છૂપું સાહિત્ય, અનેક ભાષાઓના ઐતિહાસિક મહત્વવાળા આધારભૂત ગ્રન્થોમાંથી મેળવી-સંગ્રહીને, અહિં સંકલિત કરેલું છે; એટલે આ પ્રયત્ન, એ જાણે અમારાં રંક-જીવનનું એક પરમ ધ્યેય જ હોય, એમ સ્હમજવાની, તથા પ્રભુની પ્રેરણાથી આજે પચીસ પચીસ વરસો થયાં, આ કાર્યની પાછળ પડી, અમારી અલ્પ-સ્વલ્પ બુદ્ધિશક્તિ અનુસાર, જેટલી બની તેટલી શોધ અને સંગ્રહશક્તિને કામે લગાડીને, અમારા એ પવિત્ર પ્રયાસનું ફળ, આજે સહૃદય વાચકોના ચરણમાં સાદર હાજર કરતી વખતે, આ ગ્રન્થને અથેતિ લક્ષપૂર્વક વાંચી જવાની, તેમજ એ સંબંધી પોતાનો નિષ્પક્ષપાત અભિપ્રાય અમને લખી જણાવવાની, સર્વ સુજ્ઞ વાચકોને આગ્રહભરી અરજ કરીએ છીએ. તથા પ્રસ્તુત **પીરાણા-સતપંથના સંબંધમાં**, જો તેમના જોવા-જાણવામાં કંઇ વધારે મહત્વનું સત્ય, કે નવું સાહિત્ય આવ્યું હોય, તો તે પણ જનહિતાર્થે અમને લખી મોકલવાની, આગ્રહસહિત અહીં તેમને વિનંતી કરવામાં આવે છે, કે જેથી ભવિષ્યના બીજા ગ્રન્થમાં, તેમજ આ પુસ્તકની પુનરાવૃત્તિમાં પણ, એ કિંમતી સાહિત્યનો સાભાર સદુપયોગ કરવાનું બની આવે.

એ જ અમારૂં પ્રાથમિક નિવેદન અને આ ગ્રંથ-લેખનનું બીજું મહત્વનું કારણ છે. તે વાચકો લક્ષમાં લઇ અવશ્ય અમને આભારી કરશે, એવી આશા છે.

વિશેષ મહત્વવાળું બીજું ખાસ કારણ.

અમારી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિને કપાળે એ પીરાણા-સતપંથનું જમાનાઓથી ચોંટેલું કાળું કલંક ધોવાની અગત્યઃ—સખેદ હૃદયથી મ્હારે અહિં ખુલાસો કરવો પડે છે કે, આજથી લગભગ સાડા ત્રણસો-ચારસો વરસ પૂર્વે, **ગુજરાત**માં વસતી અમારી કૃષિ-પ્રધાન પવિત્ર વીર કુર્મી ક્ષત્રિયજાતિ, દુર્દૈવયોગે એ **સતપંથ**ની પાપી જાળમાં પહેલ વહેલી સપડાઇ. બનાવટી ચમત્કારો અને પ્રપંચી પરચાઓના ભોગ થયેલા કેટલાક ભોળા જ્ઞાતિ ભાઇઓ, **અમદાવાદ** સમીપ **ગીરમથા**ની બાજુમાં આવેલા **ઇમામશાહી પીરાણાધામના** પહેલા ઉપાસકો બન્યા. એ વખતના કેટલાક ફિરસ્તાદ સૈયદોએ, અમારી ભોળી અને ઉદાર કડવા-કણબી જાતિને, પોતાનો શીકાર બનાવવાને પોતાની કાળી કુટિલ જાળ પાથરી! સિદ્ધસાધકની યુક્તિથી પોતાના સાગરીતો મારફતે, **અમદાવાદની** આસપાસ **ગુજરાતમાં** વસતા એ કેટલાક ભોળા **કણબીભાઇઓ**માં પોતાના બનાવટી મહિમા અને પ્રતાપનો તેમણે ઢોંગ ફેલાવ્યો. કાકતાલીય ન્યાયે, એકાદ બે આગળ પડતા **કણબીઓ**ને કંઇક કારણસર એ સતપંથી સૈયદ **ઇમામશાહ**ની ચમત્કારિક શક્તિમાં શ્રદ્ધા ચોંટી. એથી તેઓ **સતપંથ**ને માનતા અને પાળતા થયા. આ વાતની જાણ થતાં જ, ગુજરાતના કેટલાક પવિત્ર **વેદધર્મી કણબીઓ**માં તેમની વિરૂદ્ધ બહુ ચર્ચા ઉભી થવા લાગી; એટલે પોતાના એ નવા ખીચડીયા પંથને જાહેર જગતથી છુપાવી રાખવાની તેમને ખાસ જરૂર પડી. એ માટે **સૈયદ ઇમામશાહ**ની સલાહથી ગુજરાતનો ફળદ્રુપ વિશાળ પ્રદેશ છોડીને, તેમને માત્ર એ **પાપીપંથને** કારણે દૂરના કર્કશ અને ડુંગરીયાળ શુષ્ક **કચ્છપ્રદેશમાં** લાચારીએ વાસ સ્વીકારવો પડયો.

ગુજરત છોડી, કચ્છ જવા પાછળના કારણો

S-11 S-12 S-13 S-114 S-143

એ બે ચાર કુટુંબોની સાથે, પાછળથી વખત જતાં ગુજરાતના બીજા પણ જે જે કણબીઓ એ કબરસ્તાની સૈયદોની કુટિલ જાળમાં ફસાતા ગયા, તેઓ પણ કચ્છ તરફ આવી, તેમની સાથે જોડાતા ગયા. આ પ્રમાણે આવેલાને પોતાનું સંઘબળ વધારવા માટે, પરસ્પરનો વ્યવહાર નિભાવવા માટે, અને પોતાનો એ છૂપો પાપી મામદાહિંદુપંથ છૂપી રીતે પાળવા માટે, કચ્છમાં આવ્યા પછી અગાઉથી વસેલા ભાઈઓની સાથે જોડાવું પડતું; દરવરસે એવા બીજા કણબી ભાઈઓ પણ ઉમેરાવા લાગ્યા. એ ખંતીલા, મહેનતુ, ઉત્સાહી, વીર અને ખડતલ શરીરવાળા કુર્મીક્ષત્રિઓ કૃષિકલાના સારા જાણકાર હતા. કચ્છ જેવી બર્બર ભૂમિને, તેમને પ્રતાપે ઘણો સંગીન લાભ મળ્યો, અને દૂરદર્શી તેમજ ગુણની સારી પીછાન કરવાવાળા, એ વખતના કચ્છનરેશ મહારાવ શ્રી ભારમલ્લજીએ પોતાના દેશને રસાલ અને કિંમતી બનાવનારા એ બધા ગુજરાતી કણબી ભાઇઓનો ઘણો સારો સત્કાર કીધો, અને સંગીન આશ્રય પણ દીધો. આ પ્રમાણે રાજ્યનું પ્રોત્સાહન અને હરીફ વગરની કુમારી ધરતીના મણિ-કાંચન-યોગથી એ ગુજરાતી કણબી ભાઇઓનું આર્થિક-જીવન, દિનપ્રતિદિન સુધરવા લાગ્યું. એથી રાજ્યના સંગીન લાભોની શ્રીવૃદ્ધિ સાથે, પીરાણા-સતપંથની આવક પણ એક રીતે દિવસે દિવસે વધવા લાગી. સમય જતાં, એ કણબી-સમુદાય વધતાં વધતાં, એક બે સૈકામાં તો એ અમારા કડવા કણબી ભાઇઓની લગભગ પચીશેક હજારની જબ્બર સંખ્યા કચ્છમાં એકઠી થઇ ગઇ, અને તેમનો વસવાટ પણ કચ્છના જૂદા જૂદા અનેક ગામોમાં ફેલાવા લાગ્યો. ઇમામ-શાહી કપટયંત્રના સંગીન નિયમો અને ધારાધોરણો અનુસાર, એવાં કણબીઓથી વસેલાં સઘળાં મુખ્ય ગામોમાં આગેવાનો અને મુખીઓ નીમાતા ગયા. અને દાંભિક ધર્મસ્થાનો જેને 'ખાનાં' તરીકે ઓળખવામાં આવે છે, તેમની પણ ઠામેઠામ સ્થાપના થવા લાગી. સતપંથ-સેવકો તરીકે, એ કચ્છી કણબીભાઇઓ, શરૂઆતમાં તો કંઇ એવો મહત્વનો ભાગ ભજવતા ન્હોતા. માત્ર મુસલમાની સૈયદોનું ગુરૂપદ અને પીરાણાના ઇમામશાહના રોજાનું જાત્રા સ્થળ, એ બે મહત્વની માન્યતાઓ ઉપરાંત, તેમના બીજા ઘણાખરા આચાર-વિચારો અને ધર્મ-કર્મની ક્રિયાઓમાં તેમનું હિન્દુપણું સર્વાંશે જળવાઇ રહ્યું હતું. દશોંદની જકાત અને પીરાણાના લાગાની રકમો, તેઓ દર સાલ નિયમ તરીકે કચ્છથી પીરાણે મોકલાવતા હતા, અને સૈયદો તેમજ કાકાઓ પણ પોતાની સેવકોરૂપી મીલ્કત સંભાળી જવાને, વારંવાર કચ્છ આવતા હતા; કેમકે તેમની કચ્છની જાગીર તેમજ તેની આવકમાં, દિવસે દિવસે વગર મહેનતે જ ઘણી સારી વૃદ્ધિ થતી રહી હતી. પછી સંવત્ ૧૮૩૨ માં પીરાણાવાળો પ્રાગજી કાકો કચ્છ આવ્યો. તે બડો પાકો અને પ્રપંચી કાકો હતો. તેણે બ્રાહ્મણ, ગોર તેમજ ભાટ, ચારણો (વહીવંચા) નો વહીવટ કચ્છી કણબીઓમાંથી સદંતર બંધ કરાવી, મરણ અને લગ્ન વિગેરેના બધા હિંદુ રીતિરિવાજો છોડાવી દઇને, કચ્છી કણબીઓને પાકા મુમના બનાવવાની જબ્બર ખટપટ ચલાવી. ધર્મગુરૂ ઉપર અચલ શ્રદ્ધા રાખનારા કચ્છના ભોળા કણબીઓ, તેમની કપટજાળમાં અનાયાસે ફસાયા, અને ત્યારથી તેઓ પાકા સતપંથી એટલે અર્ધદગ્ધ ખીચડીઆપંથી મુમના બન્યા. ચોરીનાં લગ્ન, અગ્નિસંસ્કાર વિગેરે બધા હિંદુ-રીતિરિવાજો તેમનામાં એ વખતથીજ નાબુદ થયા, અને પીરશાહનો જાપ જપનારા, તેમજ ખાનામાં કલમા પઢનારા એ કચ્છી કણબીઓનો પ્રભાવ પણ, પીરાણા-સતપંથમાં એજ વખતથી દિવસે દિવસે વધવા લાગ્યો. કાકાઓ પણ એ વખતથી તેમનામાંથી જ ચૂંટાવા લાગ્યા, અને કચ્છની દશોંદ-વીશોંદની આવકનાં પણ ત્યારથી દેશમાં લાખે લેખાં લખાવા માંડયાં ! ક્રમાનુસાર

૨૫૦૦૦ ની જન સંખ્યા

Turning Point

કચ્છના કણબી મુમના મુસલમાન કેવી રીતે અને ક્યારે બન્યા

પી. ૨

S-11 S-12 S-13 S-114 S-143

વૃદ્ધિ પામીને એ જ્ઞાતિના કચ્છના લગભગ એંસી ગામોમાં વસવાટ કરનારા, આશરે પચી-શેક હજાર માણસો, એ **સતપંથનો** શિકાર બની, પ્રપંચીઓની જાળમાં સપડાઇ, દર સાલ લાખો રૂપિયાના ભોગે,ધન સાથે પોતાનો ધર્મ પણ ગુમાવી,હાથે કરીને, તેઓ **મુમના** એટલે **મામદા-હિંદુ** બની રહ્યા! અને **પીરાણા-સંસ્થાનના** આગેવાનો, આ પ્રમાણે પોતાનો સ્વાર્થ જાળવવા તેમજ વધારવા માટેજ, કાકાની ચુંટણી, આશરે છેલ્લાં બે સૈકાઓ થયાં તો, **કચ્છી-કણબીઓમાંથી** જ કરવા લાગ્યા છે. એ કાકાએ નીમેલા કારભારી, મુખી, તેમજ પટેલોએ, પોતાની ખોટી મ્હોટાઇ બતાવવા માટે તથા આપમતલબ સાધવા માટે, પોતાના ભોળા જ્ઞાતિભાઇઓ ઉપર જુલ્મી અને અન્યાયી સરદારી ચલાવી, તેમને હરબ્હાને લૂટી-નીચોવીને છેકજ પાયમાલ કરનારા રસ્તા ઉપર લાવી મૂક્યા છે. એ પાપી પટેલો, મુખી અને કાકા-ઓના જુલ્મ તથા કાળાં કર્મોનો ઇતિહાસ, મ્હારા જીવનના કેટલાક વિચિત્ર પ્રસંગોમાં, આ પુસ્તકની શરૂઆતમાંજ વિસ્તારથી વર્ણવેલો છે, અને આ ગ્રંથમાં બીજે સ્થાને પણ, આગળ ઉપર એ સંબંધી પ્રસંગોપાત મહત્વનું વિવેચન આપેલું છે. વળી "**પ્રાસ્તાવિક નિબંધ**" જેવાં કેટલાંક ન્હાનાં ન્હાનાં પુસ્તકોમાં પણ એ ગુમાની ગઢેરા-અને મૂર્ખશિરો-મણી પટેલોનાં કમકમાટ ઉપજાવનારાં કાવતરાં અને અસહ્ય ત્રાસનો આજના ચાલૂ દિવસ સુધી, એવોને એવો ચાલી રહેલો દોર, જોરદાર ભાષામાં સપ્રમાણ સ્પષ્ટ સમજાવેલો છે,એટલે અહીં તેની પુનરૂક્તિ કે પીષ્ટ-પેષણને લેશ પણ અવકાશ ન આપતાં, અહિં હું એટલુંજ નિવેદન કરવાની જરૂર સ્હમજું છું કે, એ પ્રપંચીપંથ કેટલો બધો ઘોર અન્યાયી અને હિંસક તેમજ અત્યાચારીઓના જુલ્મનો પક્ષપાતી છે, અને તેને પાળનારા ભોળા સેવકો, એ જોર-જુલ્મના કેવા ભોગ બની રહેલા છે, તેનું યથાશક્તિ તાદૃશ્ય ચિત્ર આંકી, **પીરાણા સતપંથની** પગલે પગલે જાગી ઉઠતી પોલોને પ્રકાશમાં લાવી, સ્પષ્ટ દર્શાવીને, જાહેર જનતાની કકળતી લાગણીને અમારી જ્ઞાતિ જેવી એક ઉપકારી, ગરીબ અને ભોળી જ્ઞાતિ પ્રત્યે પ્રકટ કરાવી, અથવા ઉશ્કેરીને, તેમની મોંઘી મદદથી, મ્હારી વિશાળ વીરજ્ઞાતિના ભાઇઓમાં ગામેગામ અને ઠામેઠામ ઘૂસી બેઠેલા એ **પીરાણાનાં** ચેપી પાપને, સદાને માટે તિલાંજલિ અપાવી, અધોગતિની અંધારી ખીણમાં ગબડી પડેલા, એ મ્હારી ક્ષત્રિય જ્ઞાતિના પ્રગતિરથને સન્માર્ગે ચ્હડાવી, મ્હારાથી બનતી અલ્પ-સ્વલ્પ જ્ઞાતિસેવા અને સ્વધર્મ-સેવા સાધી લેવાનો ખાસ મારો નિર્મલ હેતુ છે.

૨૫૦૦૦ માણસો સતપંથના શિકાર બન્યા

દેશ અને જ્ઞાતિમાં વ્યાપી રહેલું ધર્મનું અજ્ઞાન, મ્હારા માર્ગમાં એક મહાન્ વિઘ્નરૂપે પદેપદે મ્હને આડે આવે છે, માટે એ અજ્ઞાનનું અંધારૂં દૂર થાય,અને મ્હારા ભોળા જ્ઞાતિભાઇઓ પોતાની તેમજ સ્વજ્ઞાતિની વસ્તુસ્થિતિ પૂરેપૂરી સ્હમજતા થાય, એ ખાસ ત્રીજા હેતુને બરાબર લક્ષમાં રાખીને ઓછી યોગ્યતા હોવા છતાં, આ મ્હોટી કામગિરીનો બોજો માથે ઉઠાવી, આ ગ્રંથની યોજનાનું મહાન્ સાહસકાર્ય મેં હાથ ધર્યું છે; પરમાત્મા એ સત્કાર્યમાં સહાયભૂત થઇને, મ્હારી ગરીબડી, શ્રદ્ધાળુ, પવિત્ર અને ભોળી જ્ઞાતિનું સર્વદા કલ્યાણ કરો, અને એ પ્રભુના પવિત્ર મંદિર જેવાં આ જગતમાંથી એ મહાન્ કલાબાજ કુટિલ **પીરાણા-સતપંથના** પાપ-પ્રપંચોનું કાળું કલંક સત્વર સમૂળું ધોવાઇ જાઓ, એવી આંતરિક શુદ્ધ ભાવના સહિત, આ અવતરણ અહિં પરિસમાપ્ત કરીને, હવેથી શરૂ થતા પુસ્તકના મહત્વના પ્રસંગો તરફ, મ્હારા વિવેકી અને સુજ્ઞ વાચકોનું હું સવિનય લક્ષ ખેચું છું. **इत्योम्.**—

S-12 S-11 S-13 S-114 S-143

ધાર્મિક માહિતીઓ ભેગી કરવાની શુરુઆત

Enlightenment of religious knowledge

Motive behind formation of Satpanth સતપંથ સ્થાપવા પાછળનો મૂળ ઉદેશ.

આ બાબતનો મ્હારા મનને બહુજ મ્હોટો વિચાર થઇ પડયો. એ દિવસથી મારા ચિત્તને સત્યની શોધ માટે બહુજ ચટપટી લાગી. **પીરાણા–સતપંથમાં** જે મહાપાપ સમાયેલાં હતાં, તે જાણવાને, તેનું સાહિત્ય ત્યારથીજ હું બારિકીથી વાંચવા લાગ્યો, અને પુરસદ મેળવીને **માધવબાગ, આર્યસમાજમંદિર** તેમજ **હીરાબાગ** જેવાં મુંબઇનાં જાહેર સભાસ્થળોમાં, જ્યાં જ્યાં ધાર્મિક વ્યાખ્યાનો થતાં હોય, અને પ્રખ્યાત વકતાઓના ધર્મવિચારો જાણવાનો જ્યાં જ્યાં પ્રસંગ મળતો હોય, ત્યાં ત્યાં હું નિયમિત તેનો લાભ લેવાને જવા લાગ્યો; અને ધર્મચર્ચામાં બહુ રસથી હ્રદયપૂર્વક ભાગ લેવા લાગ્યો; એટલે ક્રમેક્રમે મ્હારા હ્રદયમાં **સનાતન સત્યનો** ઉજ્વલ પ્રકાશ ઉદિત થયો. **વેદધર્મનો** મહિમા, સંસ્કારો અને **વૈદિક કર્મોનાં** રહસ્ય, **પુરાણોની** રૂપક કથાઓના હેતુ, મહાન્ ધર્માચાર્યો અને સત્પુરૂષોનાં દ્રષ્ટાંતો, આર્યોના પ્રાચીન ધર્મગ્રંથોના અલંકારિક ભાષાવાળી ઉંડી ભાવનામાં ગૂંથાયેલાં પવિત્ર રૂષિજીવનના ઉંચા વિમલ આદર્શો, પવિત્ર કર્મકાંડનાં વિવિધ વિધાનો, તેમજ શ્રુતિ–સ્મૃતિ–પુરાણ–ઇતિહાસના પવિત્ર અમૃતઉપદેશોનું હું જેમ જેમ પાન કરતો ગયો, તેમ તેમ મ્હારી અંતંચક્ષુ વિશેષ વિશેષ ઉઘડવા લાગી. અને **વૈદિક ધર્મને** નામે **પીરાણા–સતપંથના** પ્રવર્ત્તકોએ જે જે પ્રપંચી ચમત્કારોની બનાવટી કપટજાળ રચી હતી, તેની ભેદભરેલી ઠગાઈ પણ મ્હારા અંતરની આંખો સ્હામે ઉઘાડી પડતી ગઈ. થોડાજ સમયમાં હું સારી રીતે સ્હમજી શકયો કે, અમારી જ્ઞાતિના હજારો ભોળા લોકોને, તેમજ બીજા પણ લાખો હિંદુભાઈઓને, એ શીયા ઇસ્માઇલી પંથના ઉસ્તાદ મિશનરીઓ (દાઇ–ઉપદેશકો) એ અપૂર્વ ચાલાકી ચલાવીને, પોતાનાં ફળદ્રુપ ભેજાંમાંથી અજબ યુકિત–પ્રયુકિતઓ ઉપજાવી કહાડીને, પરધર્મીઓને પોતાના પાપી પક્ષમાં લેવાને, આગલા અજ્ઞાનમય જમાનામાં, એ સતપંથ નામની એક નવીન અદ્દભુત ઇંદ્રજાળ રચી કહાડી હતી. તેમાં મ્હોટે ભાગે હજારો ભોળા હિંદુઓનેજ ખોટી ખોટી લાલચો આપીને, સજ્જડ રીતે ફસાવવામાં આવતા હતા. પ્રાચીન ઇતિહાસોનો અભ્યાસ આગળ વધારવા, ધર્મશાસ્ત્રનું મંથન કરી, જેમ જેમ હું સત્યને શોધવાને ઉંડો ઉતરતો ગયો, તેમ તેમ એ **પીરાણા–સતપંથ** તેમજ તેના કાંધીઆ–લાગતા વળગતા-પ્રપંચીઓ ઉપર મને અતં:કરણપૂર્વક તિરસ્કાર, ઘૃણા અને દયા ઉત્પન્ન થવા લાગી–અરેરે ! અમારા હિંદુભાઈઓ તે કેવા કમનસીબ ? દર વર્ષે લાખો રૂપીઆનો ભોગ આપી, હિંદુધર્મનો ઉચ્છેદ કરનારા, એ અર્ધદગ્ધ, મ્લેચ્છ ધર્મમાં જાતે મળે છે. ધન ખરચીને ધર્મ વેચે છે, અને પોતાની જાત, પોતાનેજ પસે ગુમાવે છે ! ખાસ કરીને અમારી જ્ઞાતિની આવી શોચનાય પરિસ્થિતિ જોઇને, મ્હારૂં મગજ છેકજ સુંઝાઈ ગયું. **પીરાણાના** પાપપ્રપંચમાંથી જ્યાંસૂધી મ્હારા

પી. ૩

S-11
S-12
S-13
S-114
S-143

જઇ, તેમની સાથે આ મહત્વના વિષયનો ત્વરાથી ઉકેલ કરવાના નિર્ણય ઉપર આવ્યા. સમય નક્કી કરી અમો મુંબઇથી નીકળ્યા. અને ઉપર જણાવેલા ભાઇઓ કચ્છથી રવાના થઇને અમને અમદાવાદ આવી મળ્યા. એ વખતે અમદાવાદના સ્વામીનારાયણ સંસ્થાનમાં કેટલાક સંસ્કારી અને સાક્ષર સાધુઓ, તેમજ બ્રહ્મચારીઓ રહેતા હતા, તેમને અમારી બન્ને પક્ષની વસ્તુ સ્થિતિ સવિસ્તર સમજાવવામાં આવી.

ધર્મ ભ્રષ્ટ કરનારી અમી અને નૂરની ગોળીઓ ખાઇ, તેમજ સૈયદોની એઠ ચાટી, વટલીને ભ્રષ્ટ થયેલા; ખીચડીઆ પીરાણા સતપંથીઓની સાથે કોઇ પણ જાતનો ખાનપાન કે રોટીબેટી જેવો વ્યવહાર રાખવો એ તો જીવતે દેહે નર્ક-યાતના ભોગવવા કરતાં પણ વધારે ભયંકર અને કષ્ટકર છે માટે પહેલવેલાં તો એ પાખંડી પંથવાળાઓ સાથેનો સઘળો વ્યવહાર—સંબંધ તદ્દન નાબુદ થવો જોઇએ. ત્યારપછી તેમની સાથે મળવાનો અમે વિચાર જણાવ્યો. એ વખતના અમદાવાદવાળા સઘળા સાધુસંતોએ પણ અમારી દલીલને વ્યાજબી જણાવી. પોતાના સેવકોને પીરાણા–સતપંથવાળાઓથી હંમેશના છેડા ફાડી નાંખવાની સખત તાકીદ કરી. છેવટે બધા આવા નિર્ણય ઉપર આવ્યા કે, થોડા સમય પછી એ વખતના સ્વામીનારાયણ સંપ્રદાયના આચાર્યશ્રી કચ્છદેશમાં પધારે, ત્યારે તેમની રૂબરૂ યજ્ઞવિધિથી શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત કરીને, કચ્છના એ ભાઇઓએ પાવન થઇ, પીરાણાવાળાઓનો સઘળો સંબંધ છોડી દેવો. આ પ્રમાણે ઠરાવ કરી, કચ્છમાં ફરી મળવાના નિશ્ચય સહિત અમે હેત પ્રીતથી છુટા પડયા.

સ્વામીનારાયણ સંપ્રદાયવાળા ભાઇઓની દેહશુદ્ધિ.

ઉપરના ઠરાવ પ્રમાણે થોડાજ સમય પછી સ્વામીનારાયણ સંપ્રદાયના આચાર્ય મહારાજશ્રી ખાસ ઉપરોક્ત કાર્ય નિમિત્તે કચ્છમાં પધાર્યા. તેમની સાથે એ સંપ્રદાયના કેટલાક સાધુ સંતો, બ્રહ્મચારીઓ, શાસ્ત્રીઓ, પંડિતો વિગેરે વિદ્વાન મંડળનું પણ કચ્છમાં શુભાગમન થયું. એમની સમક્ષ વિક્રમ સંવત ૧૯૬૭ના ફાગણ વદી પાંચેમ ને શુભ દિવસે કચ્છમાં ગડાણી મુકામે એક મ્હોટો યજ્ઞમહોત્સવ કરાવીને, સ્વામીનારાયણ સંપ્રદાયવાળા સર્વ કચ્છી કડવા કણબી ભાઇઓએ અને બ્હેનોએ પણ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી, પાખંડી પીરાણા–સતપંથના સંબંધ સદાને માટે છોડી દીધો !

Date: 19-Mar-1911

મહેરાઓની ગભરામણ:—સ્વધર્મવર્ધક અને જ્ઞાતિહિતચિંતક મંડળના પ્રયાસને, આ પ્રમાણે દૈવકૃપાએ સુયશ મળવાથી, અમારાં હૃદય જેટલાં પ્રોત્સાહિત થયાં, એટલાં જ બલકે એથી પણ સો ગણાં, પેલા બિચારા પીરાણા–સતપંથવાળા

S-11 S-12 S-13 S-114 S-143

૧૦૦૦ થી ૧૨૦૦ માણસો સ્વામીનારાયણ ધર્મ પાળતા હતા

પાખંડી પટેલોનાં કાળજાં ઈર્ષ્યાથી સળગી ઉઠયાં ! હવે તેમનાં હથિયારો હેઠાં પડયાં. તેમની જાલીમ સત્તાનાં પાણી પાછાં વળ્યાં. અમારાં માત્ર સાત–આઠ કુટુંબો સ્હામે કૂદી કૂદીને, તેઓ જે ધૂત્કારો ચલાવી રહ્યા હતા, તેમણે એ પાખંડી પોપલાઓને જરાયે નમતું તો ન્હોતુંજ આપ્યું. પણ ઉલટું હજાર બારસો બીજા જ્ઞાતિભાઇઓનો તેમની સાથેનો સંબંધ પણ સદાને માટે તોડાવી, છિન્નભિન્ન કરાવી નાખ્યો ! તેમની રોટીબેટી–વ્યવહારના મ્હોટા સંઘમાંથી બે ટૂકડા થયા ! તેમની સેંકડો બ્હેનો અને પુત્રીઓ સ્હામા પક્ષમાં હતી. સ્હામા પક્ષની ઘણી બ્હેનો દીકરીઓ તેમના ગૃહરાજ્યની સત્તાધારિણી ગૃહિણીઓ હતી ! હવે તેઓ કોની અને કેટકેટલાની સાથે વિરોધ અને વૈર કરશે ? હવે તેઓ પોતાનાં બુઠ્ઠાં હથિયારોવડે કોની કોની સાથે ઝુંબેશો ચલાવશે ? સુધારકો સ્હામે કે સ્વામી-નારાયણ–સંપ્રદાયવાળાઓ સ્હામે? આટલી ઉજળી પરિસ્થિતી મક્કમ થયા પછી, અમને દૃઢ આશા હતી કે, એ પાખંડી પ્રપંચીઓના હાથ જરૂર હવે તો હેઠાજ પડશે, અને એ અર્ધદગ્ધ, પ્રપંચી, ખીચડીઆ સતપંથને મારી, હઠાવી કચ્છમાંથી દેશવટો આપવાનું કામ, હવે તો બહુ સહેલું થઈ પડશે; પરંતુ હજી અમારા નબળા ગ્રહો બાકી હતા. પ્રપંચીઓ હાડોહાડ હઠીલા અને હરામી હતા. 'મેં મરૂં પણ તુજે રાંડ કરૂં '–એવા અવળચંડિલી ઉલટી મતિના એ આગે-વાનો હવે તો જાહેરમાં જોર બતાવવાનું છોડી દઇ, ઉંદરની પેઠે ઉંઘતાને કાતરી ખાવાના છાના છાના છળ–પ્રપંચો ખેલવા લાગ્યા ! પીરાણા–સતપંથનું થાણું તેમના સ્વાર્થ અને પાપાચારને પોષનારૂં અધર્મ–અનીતિનું મજબુત બાંજરૂં હતું. એ જો નષ્ટ થાય, તો તેમનાં કુટિલ કર્મોની બજાર સદાને માટે બંધજ થાય. તેમની સ્વચ્છંદી સત્તાનો દોર તૂટી જાય. તેમનાં માન અને મહિમા ધોવાઈ જાય. ગજવાં ભરવાનાં, હરામનું ચાટવાના પીંડ પોષવાના અને વિષયો મહાલવાના હરામી માર્ગને હંમેશને માટે તાળાં જ દેવાઈ જાય ! એ તેમને કેમ પાલવે ? એટલે તેઓ તો પોતાની પાપીવૃત્તિને મડાંગાંઠ બાંધીને વળગીજ રહ્યા ! માત્ર એટલું જ નહિં પણ, અમારામાંના સુધારકભાઈઓને તેમજ તેમનાં સગાં–સંબંધીઓને, પણ જ્યાં જ્યાં લાગ ફાવે ત્યાં ત્યાં, છેકજ પાયમાલ કરીને, છેડાયેલા ઝેરી નાગની પેઠે પોતાના વેરનું ઝેર અમારા દરેક માર્ગમાં તેઓ ઠાલવવા લાગ્યા, પણ એથી અમો કાંઇ પાછા પડીએ કે ડરીને ડગી જઈએ તેવું જરાય ન્હોતું.

ગુજરાતી ભાઇઓનો અમારી સાથે સહકાર. કચ્છમાં સ્વામીનારાયણ સંપ્રદાયવાળા ભાઇઓ સાથેના અમારા સહકારની, ઉપર પ્રમાણે ભાંજગડ ચાલ-તી હતી, એજ અરસામાં ગુજરાતના અમ્હારી કડવા–પાટીદાર જ્ઞાતિના, કેટલાક સંસ્કારી અને સુધારક વિચારના, આગળ પડતા પ્રતિષ્ઠત ભાઇઓ સાથે

S-11 S-12 S-13 S-114 S-143

પ્રેમ—પ્રસંગમાં આવતાં, મ્હારે તેમની સાથે ગાઢ પ્રેમપરિચય થયો. તેમાંના કેટલાક નામાંકિત કર્મવીરોનાં નામોતો અહિં ટાંકવાની ખાસ અગત્ય છે; કેમકે મ્હારાં જીવનના જ્ઞાતિ તેમજ ધર્મનેલગતા પવિત્ર હેતુઓ તથા પ્રયાસોમાં, તેમના પરિચય અને સહકારે ઘણો ઘણો મહત્વનો ભાગ ભજવેલો છે. મુખ્ય પરિચિત વર્ગમાં "ગુજરાત કડવા પાટીદાર પારષદ"નું પવિત્ર બીજારોપણ કરનાર, ઉત્સાહી ધર્મવીર, અને કુર્મીક્ષત્રીય (પાટીદાર) જ્ઞાતિના ઇતિહાસના વિદ્વાન્ લેખક સાહિત્યરસિક સદ્ગત ભાઇશ્રી પુરૂષોત્તમદાસ લલ્લુભાઈ, એવાજ સાહિત્યરસિક અને કેટલાંક સારાં સામાજિક નાટકો, અને આખ્યાનોના લેખક ધ્રાંગધ્રાના વકીલ, વીરમગામવાળા સ્વ. સાકરભાઈ અમરસિંહ દેસાઇભાઈ, અમદાવાદના એન્જીનીયર અને ઉત્કટ કર્મવીર વિદ્વાન મિત્ર સ્વ. ભાઇ મગનલાલ ગોવિંદલાલ, વીરમગામના સુપ્રસિદ્ધ વકીલ, અને જ્ઞાતિહિત-ચિન્તક વીર શ્રી. કેશવલાલ માધવલાલ અને વીરમગામવાળા સ્વધર્માગ્રહી, જ્ઞાતિસેવક, ઉદારચિત દાનવીર, ધર્મસાહિત્યરસિક શ્રીયુત ભાઈશ્રી ચન્દુલાલ મણીલાલ દેસાઈ જેવા મુખ્ય મુખ્ય સજ્જનમિત્રો ઉપરાંત પાટડી, વીરમગામ, અમદાવાદ કડી, વડોદરા, સુરત, ભરૂચ, તેમજ ગુજરાત–કાઠિઆવાડના જ્ઞાતિસેવાનો પ્રેમ ઉત્સાહ ધરાવનારા ઘણા સજ્જન જ્ઞાતિ ભાઇઓનો અમને સહવાસ થયો. તેમણે ઉઠાવેલી તેમના પ્રદેશની જ્ઞાતિસેવાની પવિત્ર ચળવળોમાં અમે ઉત્સાહથી ભાગ લેવા લાગ્યા. તેવીજ રીતે તે ભાઇઓ પણ અમારા કચ્છી ભાઈઓનાં હિતની અનેક ધાર્મિક–સામાજિક હિલચાલોમાં સપ્રેમ સહકાર કરીને, રસભર્યો ભાગ લેવા લાગ્યા, અને જ્યારે જ્યારે જરૂર જણાય, ત્યારે ત્યારે પોતાની કિમ્મતી સલાહ અને સહાનુભૂતિ વડે અમારા કાર્યને સરળ કરવામાં મદદરૂપ થવા લાગ્યા. ખાસ કરીને તો અમ્હારા કચ્છી ભાઇઓને પીરાણા સતપંથની અણછાજતી સત્તા અને લૂંટનો જ્યારે તેમણે સવિસ્તર વૃત્તાંત સાંભળ્યો, ત્યારે મ્હારાં રંક હ્રદયમાં ઉડતા ઉગ્ર અભિલાષોને તેમણે ઉત્તેજિત કર્યા, અને મ્હારાં હાથ ધરેલાં પવિત્ર કાર્યમાં મ્હને ઘણી કિમ્મતી સૂચનાઓ આપી; જેથી એ દિશામાં આગળ વધવાનો મ્હારો માર્ગ દિનપ્રતિદિન વિશેષ સરલ અને અનુકૂલ થતો ચાલ્યો, અને અમ્હારાં સ્વધર્મવર્ધક મંડળનાં નાહિમ્મત થતાં હ્રદયને એ અમૂલ્ય મદદ, મક્કમ બનાવી ધીરતા અને વીરતા પ્રેરનારી નીવડી. જ્યારે કચ્છી કડવા ભાઇઓના ત્રીસહજારના સમુદાયથી અમે છેક જ છૂટા પડી ગયા, અને માત્ર પાંચ સાત કુટુંબના એક ન્હાના સરખા ટુકડા જેવી વિખરાયેલી હાલત ભોગવતા હતા અને જ્ઞાતિના કૌટુમ્બિક સંબંધોને માટે ભારી ચિન્તામાં પડી ગયા હતા ત્યારે અમારી

30,000 જ્ઞાતિની વસ્તી

S-11 S-12 S-13 S-114 S-143

ધાર્મિક દ્રઢતા અને આત્મશુદ્ધિની પ્રશંસા કરી, એ સર્વ ઉદારચિત્ મ્હોટા મનના ગુજરાતી ભાઈઓએ, અમને સપ્રેમ પોતાના બનાવી લીધા. તન–મન–ધનના મહાન ભોગે અમને તેમણે ગુજરાતી ભાઈઓમાં પણ આગળ પડતા કરીને, નિકટના સમ્બન્ધોની સોનેરી સ્નેહસાંકળથી જડીને, ગુજરાત સાથે એકરૂપ–અભિન્ન બનાવી દીધા–આ તેમના ઉપકારો કંઇ ન્હાનાસૂના નથી. અને વિરોધીઓને અમારી આ દિશામાં અચાનક આવી મળેલી અપૂર્વ અનુકૂળતાની જાણ થતાં, તેમની સળગતી છાતીમાં તો તેલ હોમાયું. એ સર્વ સન્મિત્રોએ આવી અપૂર્વ મદદો આપવા ઉપરાંત અમ્હારી સર્વ પવિત્ર ભાવનાઓને ઉત્સાહ સહિત ઝીલી ને વધાવી લીધી. અમ્હારાં મહાન્ વિકટ કાર્યોમાં સંગીન ઉત્તેજન આપી, તેને માટે જરૂર પડે ત્યારે, પોતાનાથી બનતું સઘળું કરી બતાવવાના પવિત્ર અભિવચનો આપ્યાં. માત્ર એટલું જ નહીં, પણ જે ભાઈઓ સ્વર્ગવાસી થયા, તેમણે, જીવનપર્યંત અને આજે જેઓ યશસ્વી જીવન ભોગવી રહ્યા છે, તેમણે સહૂએ આ ગ્રન્થ લખાય છે, ત્યાં સુધી પોતાનાં એ વચનોને સર્વાંશે પાળી બતાવીને, અમ્હારાં મંડળને, અંગત કહું તો મ્હને પોતાને–અને અમ્હારી જ્ઞાતિનાં કાર્યોને–જ્યારે જ્યારે ખાસ જરૂર જણાઇ, ત્યારે તેમણે પોતાનાથી બનતી બધી મદદ કરીને આજ સુધી અમારા ઉપર પોતાના પ્રેમસ્નિગ્ધ ઉપકારોનું અમૃત સીંચન ચાલૂ જ રાખી અમો સહૂને સદાના આભારી બનાવ્યા છે.

ગુજરાતની પ્રવૃત્તિયોમાં સહયોગઃ—આ પ્રમાણે એ વખતે ગુજરાતની પરિષદ્ જેવી જ્ઞાતિહિતસાધક પ્રવૃત્તિયો ચાલી રહી હતી, તેમાં પણ હું રસપૂર્વક ભાગ લેઇ રહ્યો હતો, અને એ સેંકડો વર્ષથી કચ્છ–ગુજરાતના ભાઇઓ વચ્ચે જે આચાર–વિચાર તેમ જ સંસાર–વ્યવહારનો વિશાળ અન્તરાય પડી ગયો હતો, તે પણ દૂર કરાવી, જમાનાઓથી એ વિખૂટા પડેલા એ સગા માડી જાયાઓને, પાછા પરસ્પર પ્રેમસમ્બન્ધની સોનેરી કડીઓ વડે, જોડી દેવાની મ્હારી દુરસ્ત આશામાં પણ પ્રભુકૃપાએ હું કંઇક સફલ થવા લાગ્યો,–કચ્છી–ગુજરાતી કડવા પાટીદાર ભાઇઓ વચ્ચે, આ પ્રકારે પાછો પ્રેમપરિચય નવેસરથી શરૂ થયો, અને તે દિનપ્રતિદિન વધવા લાગેલો જોઇને, હું તો હર્ષપ્રફુલ્લ બન્યો. માત્ર એટલું જ નહિ પણ ગુજરાતી જ્ઞાતિભાઈઓમાં જાગેલો એ ઉત્સાહ ધીરે ધીરે, જ્ઞાતિસેવામાં સફલ થતાં. ગુજરાતના ભાઇઓમાં કેળવણી, બાળાશ્રમો, જ્ઞાતિસેવાનું સાહિત્ય, જ્ઞાતિનાં ધારાધોરણોના આવશ્યક કેટલાક સુધારા તેમ જ જ્ઞાતિની પરિષદ્નાં વાર્ષિક ભવ્ય સમ્મેલનો મ્હોટા સમારંભથી ચાલૂ થયાં. એ બધું યે ખરૂં; પરંતુ મ્હારી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ માટેની લાગણી હજી કંઇ સંતોષકારક સફલ થઈ ન્હોતી. પીરાણા

S-11 S-12 S-13 S-114 S-143

સતપંથની કપટજાળમાંથી છૂટા થવાની જાહેર વીરહાક હજુ જાગી ન્હોતી.પ્રપંચી પટેલો અને આગેવાનોનો ત્રાસ પણ તિલમાત્ર હજુ ઓછો થયો ન્હોતો. એ કબ્રસ્તાની પંથને દરવરસે અપાતી લાખોની ખંડણી કંઈ ઓછી થઇ ન્હોતી. અર્થાત્ જ્ઞાતિઉદ્ધારના મ્હારા ઉંચા વિચારોને, હું હજી સૂધી બરાબર અમલમાં મૂકી શકયો ન્હોતો, એ મ્હારા મનને બહુ બહુ સાલતું હતું. એ પાપી પંથના મૃત્યુપંજામાંથી મ્હારા વ્હાલા ભાઈઓને છોડાવવા માટે, મ્હારાથી કંઈ જીવ જેવું હજુ બની શકયું ન્હોતું; એથી એના એ જ વિચારો દિવસ ને રાત મ્હારા મનમાં ઘોળાયા કરતા હતા, એટલે મ્હારા કેટલાક સ્નેહીમિત્રો સાથે મસલત કરીને, એ વિષયની સતેજ ચળવળને વ્યાવાહારિક રૂપ આપવાની ઇચ્છાથી, મુંબઇમાં નવેસરથી, નવી યુક્તિપુરઃસર સુધારેલી નવી યોજનાપૂર્વક જ્ઞાતિમાં એક યુવકમંડલની સ્થાપના કરી.

યુવક મંડળની સ્થાપના

મુંબઇમાં યુવકમંડળની સ્થાપના.—ગુજરાતવાસી જાણીતા આગેવાન કડવા પાટીદાર બન્ધુઓનો આગળ જણાવ્યા પ્રમાણે જ્યારથી અમારી સાથે સદ્દભાવ અને સહકાર શરૂ થયો, ત્યારથીજ મુંબઈ તરફ વસતા જ્ઞાતિના સઘળા કચ્છી ભાઈઓ, શુદ્ધિનું મહત્વ અને અમારા પ્રયાસનું મૂલ્ય સમજતા થયા. તેમને અમારે માટે માન અને પ્રેમતો હતાંજ, પણ જ્યારે ઉચ્ચ કોટીના ગુજરાતી ભાઈઓનો અમારા તરફ તેમણે અપૂર્વ ભાવ જોયો, ત્યારે સ્વાભાવિકજ તેમને અમારે માટે વિશેષ લાગણી અને પ્રેમ પ્રકટયાં-છતાંયે સ્વધર્મ વર્ધક મંડળના સાત કુટુમ્બો સીવાય, બીજા કોઇ જાતિભાઈઓ શુદ્ધિનું સાહસ ખેડવાને તૈયાર ન્હોતા. એથી અમે વિચાર કર્યો કે, જો એ ભાઈઓની સાથે બેસવા-ઉઠવા અને પ્રસંગોપાત ચર્ચા ચલાવવાનો કોઈ ખાસ ઉપાય યોજવામાં આવે, તો તેમને ઈશ્વરી સત્ય તેમજ જ્ઞાતિ કલ્યાણના માર્ગ તરફ વિશેષ આકર્ષી, ક્રમે ક્રમે અમારા પક્ષમાં મેળવી શકાય—અને એ હેતુ સાધવા માટે ધાર્મિક મતભેદોને તરતતો બાજુએ મૂકીને જ્ઞાતિહિત અને સેવાભાવ કેળવવાના ઉદ્દેશવાળું, અમારી જ્ઞાતિનું, એક " યુવક મંડળ " સ્થાપવાની નવી હિલચાલ શરૂ કરી. અમારાં ' સ્વધર્મ વર્ધક-મંડળ ' નો સભાસદતો શુદ્ધિથી પાવન થયેલો જ્ઞાતિભાઈજ થઇ શકે; પરંતુ ' યુવકમંડળ 'નો સભાસદ તો કોઈ પણ કચ્છી કડવા કણબી જાતિના ભાઈને પણ કરી શકાય એટલે **પીરાણા-સતપંથ** કે **સ્વામીનારાયણ** સંપ્રદાયના કેટલાક ભાઈઓ પણ એ મંડળમાં અમારીસાથે છુટથી ભાગ લેવા સામેલ થવા લાગ્યા; પરંતુ હું ધારતો હતો, એટલી સારી સભ્યોની સંખ્યા તો હજુ પણ એકઠી થતી ન્હોતી. એટલે એ સંખ્યા વધારવાના ખાસ હેતુથી, મ્હારા પરિચયનો અમારો એક ઉત્સાહી યુવક બંધુ, જે કેટલોક સમય થયાં શુદ્ધિને માટે મનથી તત્પર હોવા છતાં, પોતાનાં

યુવક મંડળ સ્થાપવા પાછળ મુખ્ય રણનીતિ

S-11 S-12 S-13 S-114 S-143

રતનશી ખીમજી ખેતાણીની ભૂમિકા

કચ્છમાં રહેલાં કુટુંબની મહાન્ મુશ્કેલીઓને લીધે ખુલ્લું સાહસ કરીને બહાર પડી શકતો ન્હોતો, એ ભાઇને થોડો વધારે સમય **પીરાણા-સતપંથ**માંજ પડી રહેવાનું જણાવી તેની મારફતે એ પંથના ભાઇઓને સમજાવી, સત્ય વસ્તુ સ્થિતિના જાણકાર કરી, ધીમે ધીમે સુધારાના માર્ગ તરફ વાળવાની અમેં યુક્તિ પ્રયુક્તિથી પેરવી કરવા માંડી. એ યુવક ભાઈ **રતનસી ખીમજી ખેતાણી વીરાણીવાળા** એ 'યુવક મંડળ'ના આરંભકાલથીજ **મંડળની** ઘણી સંગીન સેવા બજાવવા માંડી હતી. જ્ઞાતિ સમસ્તના ભાઇઓમાં ભેળાઈને, તેણે કચ્છમાં ચાલી રહેલા ગઢેરાઓના જીવલેણ સીતમ તરફ તેમનું બહુ ધ્યાન ખેંચ્યું.

કનબીઓ પર ઝુલ્મો

કાકાના કચ્છમાં પગલાં?:—એ વખતે કચ્છમાં ત્રણ ત્રણ વરસો થયાં ચાલૂ દુકાળો પડતા હતા, ખેતી અને વરસાદ ઉપરજ જીવનનું અવલંબન હોવાથી દુકાળનાં દુઃખો અમારા કણબી ભાઈઓ જેટલાં તો બીજી કોઈ પણ જાતિને ભોગવવાં પડતાં ન્હોતાં. તેઓ કરજમાં ડુબી ગયા હતા. તેમને પોતાને પણ પેટપૂરતું અનાજ ભાગ્યેજ મળતું. તેમની આંખોમાં આંસૂ રાતદિવસ સૂકાતાંજ ન્હોતાં. આવી ભયંકર સ્થિતિમાં કોઈ રાક્ષસી હ્રદયને પણ કણબીઓની દયા ઉપજ્યા વગર ન રહે, છતાંય કચ્છના લોહીતરસ્યા આગેવાનો તો એ મરણ તુલ્ય સ્થિતિ ભોગવતા જ્ઞાતિના જીવોને પણ નીચોવવાની નવી વેતરણમાં પડયા. ચાલૂ સીરસ્તા પ્રમાણે પીરાણાવાળો કાકો પોતાની જીંદગીમાં એકજ વખત કચ્છમાં આવી શકે, અને આવે ત્યારે તેને **દશોંદના** લાગા ઉપરાંત **શિરબંધીની** તેમજ પધરામણીની ભેટને નામે વધારાની હરામની લૂટ મળતી હતી, તે વખત અગાઉ કાકો સાહેબ બબ્બે વખત તો પોતાનો મુબારક કદમ કચ્છ ભૂમિમાં રાખી ગયો હતો, છતાંયે કચ્છના એ દાંડ અને ભૂખોડ **મુખી-પટેલોની** તેને ફરીથી ત્રીજીવાર બોલાવવાની પ્રબળ ઇચ્છા થઈ. કારણ કે કાકાને બ્હાને તેને બધી પ્રકારની આવકમાંથી મળતી **કમીશનરૂપી દલાલી** અને **ચોરીમેરી** તેમજ કાકાને અપાતાં મીઠાં જમણમાં ખેરીયાતનાં લાડુલાપસી ખાવાનો આવો સારો લાગ લૂટાઈ જાય, એ તેમનાથી કેમ સહન કરી શકાય? એટલે તેમણે તો કણબીઓના ચાલૂ કકળાટ તરફ જરાપણ ધ્યાન ન દેતાં અસાધારણ ધમાલ કરીને લાખેણા લખમણ કાકાને **પીરાણેથી** કચ્છ દેશ બોલાવ્યા. અને પોતાનાં દયાહીણ નીચ ધોરણે, દબાણ ચલાવી,—બળજબરીથી એ પાપી પટેલોએ ગરીબ ભાઇઓ અને રાંડીરાંડો પાસેથી પણ કોરીઓ ઓકાવવા માંડી. ઢોર, જમીન, માલ, મીલકત, વેચીને, કરજ કરીને ઘર દાગીના વેચીને પણ શિરબંધી અને ભેટના નાણાં ભરવાની તેઓને ફરજ પાડવા લાગ્યા; ન ભરે તેને નાત બહાર પણ મૂકવાની સજા ઠોકવા લાગ્યા.

કેટલી હદ સુધી ઝુલ્મો કરવામાં આવતાં

S-11 S-12 S-13 S-114 S-143

યુવક મંડલની કાર્યવાહી !—કચ્છના આવા ત્રાસદાયક સમાચાર મુંબઈમાં સૌને મળી ચૂકયા હતા. અને ઘણા ભાઈઓનાં હૃદય એથી ઉકળી રહ્યાં હતાં. એ આળાં હૃદયને જાગૃત કરવાનો આ ઘણો સારો પ્રસંગ હતો. એથી આગેવાનોના એ ગેરકાયદેસર ઉઘરાણાં અને જુલમને માટે જાહેર પોકાર ઉઠાવી, પીરાણા–સતપંથીઓની મુંબઈમાં વસતી સઘળા ભાઈઓની એક જાહેર–સભા, ભાઈ રતનસિંહ ખીમજીની આગેવાની હેઠળ ભરવામાં આવી. એ સભામાં આગેવાનોના અન્યાયી જુલ્મનો હૃદયભેદક ચિતાર રજુ કરી, બધા ભાઈઓની તીવ્ર અને સારી લાગણી જોઈને જ્ઞાતિની અહિ બની શકે તેવી સેવા માટે એક કચ્છી કડવા પાટીદાર ભાઈઓનુ સામાન્ય યુવક મંડળ સ્થાપ્યું. એજ વખતે તેમાં ઓગણત્રીસ ઉત્સાહી યુવકો કચ્છના જુદા જુદા ગામોના રહેવાસી તેમાં સભાસદો તરીકે દાખલ થયા. અને એ ' યુવક મંડળ ' તરફથી ખાસ ઠરાવો કરીને કચ્છી આગેવાનોના જુલ્મનો વિરોધ કરવાના કાગળો પણ લખાયા. જે કાગળોએ પાછળથી જાણ થવા મુજબ, એ અન્યાયી આગેવાનોને થરથરાવી મૂકયા હતા. અને લખમણ કાકાને અધવચ્ચેજ કચ્છદેશ છોડીને પાછા મ્હારશી આવવું પડયું હતું, આવાં શુભ પરિણામથી ઉત્તેજીત થયેલા ' યુવક મંડળે ' દર અઠવાડીએ અમારાં " સ્વધર્મ વર્ધક મંડળ " ના ભાઈઓ સાથે મળીને, જ્ઞાતિ–સેવાના વ્યવહારૂ ને આવશ્યક વિષયો દર અઠવાડિઆની સભામાં એકવાર ચર્ચવાનો નિયમ કર્યો. આ ' યુવક મંડળ 'નું કાર્ય ઘણી સારી રીતે આગળ ચાલવા લાગ્યું–તેની કાર્યવાહીનાની ઘણી ઉપયોગી નોંધો તેના કામકાજના છપાયેલા રિપોર્ટોમાં મોજુદ છે. તે રિપોર્ટો ઘાટકોપરમાં શેઠ હીરજી ગોવિંદજીની વાડીમાં સંવત ૧૯૭૫ ના પોષ સુદિ દસમને દિને મળેલી જાહેર સભાના છપાયેલા હેવાલમાં તેમજ વીરાણી ગામ સમસ્તની જાહેર સભા જે સંવત ૧૯૭૬ ના ચૈત્ર સુદ નોમને દિવસે વીરાણીમાં મળી હતી. તેના છાપેલા હેવાલમાં પણ મુદ્દાસર પ્રસિદ્ધ થયેલા છે. એટલે વિસ્તાર ભયથી અહિ તેની વિશેષ નોંધ લેવાનુ વાજબી નથી લાગ્યું.

Date: 11-Jan-1919

Date: 28-Mar-1920

યુવકમંડલનાં શુભ પરિણામ:—એ મુંબઈ–ઘાટકોપરના ' યુવકમંડળ ' ની પ્રેરણા તેમજ પ્રયાસથીજ કચ્છમાં પણ વીરાણી વિગેરે સ્થળે જ્ઞાતિભાઈઓનાં ' યુવકમંડળો ' સ્થાપયાં. તેમજ કરાંચીમાં પણ એક ઉત્સાહી મંડળ હસ્તિમાં આવ્યું. કરાંચી શહેર સિંધનું મુખ્ય બંદર અને વ્યાપાર રોજગારનું મુંબઈ જેવુંજ મુખ્ય મથક છે. મુંબઈની પેઠેજ તે પણ ધંધે–રોજગારે તેમજ પૈસે–ટકે પાયમાલ થયેલા તેમજ પીરાણા–સતપંથ અને ગઢેરાઓના અસહ્ય ત્રાસથી કંટાળેલા ઘણા કણબીભાઈઓનું, આશ્રયસ્થાન બની રહ્યું છે. તેઓ કરાંચીમાં સુખશાંતિથી રોટલો રળી ખાતા હતા અને આજ

S-11 S-12 S-13 S-114 S-143

કરાચી યુવક મંડળની સ્થાપના

સુધી રળે છે, તેમજ આગેવાનોના ચાલુ ભોંકાતા સોયાઓમાંથી તેટલો વખત તો છૂટીને, આચાર–વિચારની કંઇક સ્વતંત્રતા ભોગવી શકતા હતા. એ ભાઇઓમાંના કેટલાક ઉત્સાહી અને યુવાન બંધુઓએ, **મુંબઈવાસી**ભાઇઓની પ્રેરણાથી, **નખત્રાણા**વાળા પ્રતિષ્ઠિત અને લાગણીવાળા જ્ઞાતિબંધુ **પટેલ નાનજી પચાણ નાકરાણીનાં** અધ્યક્ષપણાં નીચે, એક **યુવકમંડળ** સ્થાપીને, સ્વધર્મ અને સ્વજ્ઞાતિની પ્રગતિનો પુણ્ય–પુરૂષાર્થ આરંભ્યો.–એ મંડળના કાર્યકર્ત્તા ભાઈઓએ **મુંબઇ** અને કચ્છના ' **યુવકમંડળો** ' સાથે શરૂઆતથીજ ગાઢો સ્નેહ–સંબંધ ચાલુ રાખી, પરસ્પર વિચારોની આપ લે, કરીને, એક બીજાની સલાહ–સૂચના અનુસાર, જ્ઞાતિસેવાનું કાર્ય આગળ ચલાવ્યું.

કરાંચીમાં યુવકમંડળનો સ્થાપનાઃ—એ **યુવકમંડળ**ના બે ઉત્સાહી મંત્રીઓ, ભાઈ **શિવજી કાનજી** (**નખત્રાણા**) તથા ભાઈ **રતનશી શિવજી** (રવાપુરવાળા) રસપૂર્વક ભાગ લઈ, એ મંડળનાં કાર્યને યશસ્વી બનાવવાને તન–મન–ધન–પૂર્વક મહેનત કરવા લાગ્યા. **કરાંચીમાં** અમારો જ્ઞાતિસમૂહ બહુ મોટો હતો. એટલે **મુંબઈ** કરતાં પણ આશરે ચારગણો વિશેષ કહીએ, તો પણ ચાલે; અને તેમાં પાંચ પૈસે સારી રીતે સુખી તથા આગળ પડતા, પાંચ સારા ભાઈઓ પણ હતા. એથી **કરાંચીમાં** '**યુવકમંડળ**'નાં કાર્યથી જ્ઞાતિને વિશેષ ભાઇઓની સંખ્યા અને સારા પ્રમાણમાં લાભ પહોંચી શકે તેમ હતું; પરંતુ ત્યાંના વેપારી અને કારીગર વર્ગના ભાઇઓને જાહેર જીવનનો, તેમજ ' **મંડળ** ' જેવી જાહેર સંસ્થાનો ઘણો ઓછો પરિચય હોવાથી, તેના **ધારા–ધોરણ** તેમજ નિયમિત બંધારણમાં યોગ્ય આવશ્યક સૂચનાઓ આપી, પોતાને મદદ કરવાને, **કરાંચીવાસી** ભાઇઓએ મને પ્રેમથી ત્યાં બોલાવ્યો. હું તો એવા યોગને માટે આતુરજ હતો. એટલે ભાઈ **રતનસિંહ ખીમજી**ને,મુંબઈ યુવકમંડળના પ્રતિનિધિ તરીકે મારી સાથે લઇને,તરત **કરાંચી** જઈ પહોંચ્યો. **કરાંચીવાસી** ઉત્સાહી ભાઇઓએ,આનંદના ઉમળકાથી અમારો અપૂર્વ સત્કાર કરી, પોતાની જ્ઞાતિ–પ્રેમની ઉછળતી લાગણી સિદ્ધ કરી બતાવી. એ ભાઇઓ સાથે ઘણી ઘણી અગત્યની ચર્ચાને પરિણામે જ્ઞાતિનું સંગીન હિત સાધી શકાય, એવી કેટલીક ઉપયોગી તથા મુદ્દાસરની ચર્ચા કરીને, એ ' યુવકમંડળ ' ના નિયમો, અને બંધારણ તૈયાર કર્યાં.

પરિષદનો પાયોઃ—એજ વખતે મેં મારો નિખાલસ અભિપ્રાય દર્શાવ્યો કે–" આવી છૂટી છવાઇ પ્રવૃત્તિઓથી આપણે સારૂંજ કામ કરી શકીશું, પરંતુ આપણી જીંદગીમાં જે મહત્વનો હેતુ આપણે સિદ્ધ કરી બતાવવાનો છે, અને જ્ઞાતિનો ભાવી માર્ગ, ખાસ સ્વચ્છ અને પ્રકાશિત બનાવવાનો છે, તેતો, સમગ્ર

પી. ૫

S-11 S-12 S-13 S-114 S-143

કચ્છી કડવા પાટીદાર ભાઈઓની ' મહાસભા ' બોલાવીને, બધા ભાઈઓની સાથે મળી, જ્ઞાતિહિતના અને સ્વધર્મના વિષયો ચર્ચીને સમસ્ત જ્ઞાતિની સંમતિ રૂપે મજબૂત ઠરાવો પસાર કર્યા વિના, કદિપણ પાર પડે તેમ નથી." આ બાબતમાં બધા ભાઈઓ એકમત થયા. પરંતુ સવાલ માત્ર એજ બાકી રહ્યો કે, પરિષદ ક્યાં ભરવી, અને આપણી જ્ઞાતિની એવી પહેલવહેલી મહાન્ સભાનો પ્રમુખ કોને નિમવો? ઘણી ચર્ચા અને વાટાઘાટ થયા પછી, કરાંચીના જેટલી અનુકૂલતા બીજે કોઈ સ્થાને નહિજ મળી શકે, તેમજ કરાંચીમાં જ્ઞાતિભાઈઓની જેટલી સંખ્યા એકઠી મળી શકશે, તેટલી બીજે કોઈ ઠેકાણે નહિ મળી શકે, એમ નિર્ણય થયો આ વાત યથાથ હોવાથી, કરાંચીમાં પરિષદ ભરવાનો ત્યાંના ભાઈઓએજ ઉત્સાહસહિત સ્વીકાર કરી, પહેલા પ્રશ્નનો તો, તેમણેજ ફડચો કરી દીધો, અને બીજા પ્રશ્નના ઉકેલ માટે, મ્હેં સૂચવ્યું કે—" કચ્છ-માનકુવાવાળા આપણા પ્રતિષ્ઠિત જ્ઞાતિબંધુ કૉન્ટ્રેક્ટર રાજાભાઈ શામજી ઘોળુ, આજની પરિસ્થિતિ જોતાં, મહાસભાનાં પ્રમુખસ્થાનને માટે ખરેખરા યોગ્ય પુરૂષ છે. તેમને કચ્છી પીરાણા-સતપંથી આગેવાનોનાં કુટિલ કાર્યનો પૂર્ણ પરિચય છે, તેઓ પૈસેટકે પણ સુખી છે, જ્ઞાતિસેવામાં મોખરે આવવાના ઉમંગી છે, એક ઉત્સાહી પ્રતિનિધિ તરિકે, યુવકમંડળના ઉદ્દેશને કચ્છમાં રહીને, બર લાવવાની તેઓ ઘણી ખટપટ અને પ્રવૃત્તિ કરી રહ્યાછે, અને એ સેવા-ધર્મના યોગે, કચ્છના ગઢેરા-પટેલોનો વિરોધ પણ ખાસ યુવકમંડળને પ્રતાપેજ તેઓને હાલ સહન કરવો પડે છે; તેમની પ્રમુખ તરિકેની સેવા, મહાસભાનાં સત્કાર્યમાં આપણને બહુજ ઉપયોગી થઈ પડશે, એવી મારી માન્યતા છે. " આ મારી સૂચનાને, કરાંચીવાસી સર્વ ભાઈઓએ હર્ષપૂર્વક વધાવી લીધી, અને ત્યારથીજ જ્ઞાતિની પરિષદનું બીજ એવાં સારાં ચોઘડીએ રોપાયું હતું કે, થોડાજ સમયમાં અમારી ધારેલી યોજના મુજબ પરિષદ ઉભી કરવાનું કામ સત્વર પાર પાડવાનો સુયોગ અમને આવી મળ્યો.

कच्छी कडवा पाटीदारपरिषद्‌नी प्रथम बेठकः—ઉપર જણાવેલી યોજ-ના પ્રમાણે, એક તરફથી દેશ-વિદેશમાં વસતા અમારા જ્ઞાતિભાઈઓને આમંત્રણો મોકલવામાં આવ્યાં. સભાસ્થાનની યોજનાઓ ઠાઠમાઠ સહિત ઉભી થઈ. નિર્મેલા પ્રમુખને તારથી આમંત્રણ કરી, બોલાવી લેવામાં આવ્યા તથા "સ્વધર્મવર્ધક અને જ્ઞાતિહિતચિંતક મંડળ" તેમજ સર્વ "યુવકમંડળ"ના સભ્યોને સહકુટુમ્બ એ મહાસભાનાં સત્કાયમાં ભાગ લેવાને બોલાવવામાં આવ્યા. ઈ. સ. ૧૯૨૦ના ઑગસ્ટ માસની તા. ૮ થી ૧૧ સુધી લાગટ ચાર દિવસ સૂધી પરિષદ દેવીનું કાર્ય સંપૂર્ણ સલાહશાંતિ અને સ્નેહ-સદ્‌ભાવપૂર્વક પૂર ઠાઠમાઠથી ઉજવાયું. આશરે બે હજાર જ્ઞાતિભાઈઓ, તેમજ જ્ઞાતિની આશરે ચારસોએક બ્હેનો, તથા અન્ય જ્ઞાતિના ઘણા

Date: Between 8 to 11-Aug-1920

૨૪૦૦ માણસોની હાજરી

S-11 S-12 S-13 S-114 S-143

ભાગ લેનારા કોઈકે એક ભાઈ કે બ્હેનને, તેમણે ન્યાત બહાર કર્યા. તેમનાં સગાં–કુટુંમ્બીઓ સાથેનો હરેક પ્રકારનો વ્યવહાર તેમણે કરડી સત્તાથી બંધ કરાવી દીધો. માત્ર એટલુંજ નહિ, પણ જ્ઞાતિ -સુધારાના કોઈ પણ કામમાં સંમતિ આપનારા કે ઉક્ત પરિષદ્‌ની ચર્ચામાં ભાગ લેનારા, હરેક જાતિભાઈને પણ તેમણે તડોતડ ન્યાતબહાર મૂકવા માંડ્યા! સુધારકો અથવા પરિષદપંથીના સગાં–કુટુંમ્બીઓને પણ હરબ્હાને વિનાકારણે તેમણે સતાવવા માંડ્યાં, અને કોઈ પણ પ્રકારે તેમની મારફતે, સુધારકો ઉપર સખ્ત દબાણ ચલાવી, તેમને પાછા ગઢેરાઓને શરણે ખેંચી લાવવા માટે આડકતરી ને સીધી અનેક યોજનાઓ રચાઈ તથા સૂચનાઓ અપાઈ! જે જ્ઞાતિભાઈને માટે, સુધારક વિચારોના હોવાનો જરા પણ તેમને શક ઉત્પન્ન થાય, એવું કંઇ કારણ મળ્યું, કે તરતજ ફટ કરતો તેને ન્યાતબહાર ઠોકી બેસાડવામાં આવતો! એવા જે જે ભાઈઓ પરદેશમાં વસતા હોય, તેમને પણ પોતાની વર્ત્તણુકનો ખુલાસો કરવા માટે, તેમજ તરત કચ્છમાં ગઢેરાઓને શરણે આવી, આઠ દિવસની અંદર પોતાના એ હિમાલય! જેવા મહાન્ ગુન્હાઓનો ફેંસલો મેળવી જવાના નાદિરશાહી ફરમાનો નીકળ્યાં! આવાં જ્ઞાતિ–સેવાનાં મહા પાપોને એ **પીરાણાની ઈમામશાહી** બાદશાહી, કોઇ પણ રીતે સહી શકે તેવું હતું જ નહિ! માટે ગઢેરાઓની આજ્ઞા મુજબ દંડ ભરી, અમી અથવા નૂરની ગોળીના પ્રાશનથી પ્રાયશ્ચિત કરીને એ ગુન્હેગારોએ પોતાના જ્ઞાતિસેવાના મહાન્ ગુન્હા (!)ની માફી મેળવી જવી! આવા બેવકૂફી ભરેલા નિર્લજ હુકમો અને ફરમાનો બહાર પાડતાં, એ મૂર્ખશિરોમણીઓને કંઈ સંકોચ કે શરમ પણ ન આવી! બેસરમને વળી શરમ તે શાની આવે? તેમને લાજ–શરમ હતીજ ક્યાં? કારણ કે તેઓ તો ઈર્ષા, **અભિમાન, અન્યાય, અધર્મ, તુંદમિજાજ, મૂર્ખાઈ અને અનીતિ–અનાચારની** પ્રત્યક્ષ **પ્રતિમારૂપ** જ હતા! એ **પાપમૂર્ત્તિ પાખંડી** પટેલો તો, હરકોઇ પ્રકારે પોતાના અજ્ઞાન પાટીદાર ભાઇઓને સામાજિક તેમજ ધાર્મિક ગુલામગિરીની બેડીઓમાં હમ્મેશને માટે જડીજ રાખવા ઈચ્છતા હતા! કેમકે તેમનેજ પ્રતાપે એ પાખંડીઓ પોષાતા, અને સ્વદેશમાં પૂજાતા હતા.

—અને એ કુકર્મીઓની ભારરૂપ જીંદગીનો, તેમજ જોરજૂલ્મનો બોજો, અમારી ભોળી પણ અભાગી જ્ઞાતિ, પોતાનાં પૂર્વનાં પાપ અને અજ્ઞાનનાં ફળ રૂપે, દંડ તરીકે ભરીને, એ અસહ્ય ભાર વહન કરી રહી હતી; તોપણ હવે એ પાપીઓનાં પાપનો ઘડો છેક ગળાં સૂધી ભરાઈ રહ્યો હતો. પશુ પણ સહન ન કરી શકે, એવો અસહ્ય ત્રાસ વેઠી વેઠીને, અંતરથી ઉકળી રહેલી જ્ઞાતિના દુઃખનું ગુમડું, હવે તો પાકી આવ્યું હતું. એ ભરનિંગળ ઉપર ઓપરેશનનું નસ્તર મૂકવાથી, અંદરનો બધો બગાડો થોડીજ મેહેનતે નીકળી જશે, એવી અમને આશા જણાતી

દુઃખની ચરમ સીમા આવી ગઈ

S-11 S-12 S-13 S-114 S-143

દિવસ નજીક આવી પહોંચ્યા ત્યાં સૂધીમાં પણ કચ્છ આવી શકયા નહોતા. મારા એટલું જ નહિ, પણ ચાલુ પરિશ્રમથી મ્હારી પોતાની પ્રકૃતિ એકા એક છેક જ બગડી ને લથડી જવાથી, એ જ ટાંકણે કચ્છમાં હું પથારીવશ બની ગયો, અને એથી મારાં હૃદય જેવા મારા સહકારીઓ પણ, મારા એ અણધાર્યા મંદવાડને લીધે, છેક જ હિંમત હારી ગયા. બીજી તરફ પોતાનાં મૂળ ઉખેડી નાંખનારૂં, આ સેવા-કાર્ય કચ્છની ભૂમિમાં જ પોતાનાં ઉંડાં મૂળ ઘાલે, તે પહેલાં જ તેને અદ્ધર ઉડાવી દેવાની, તનતોડ મહેનત કરનારા **પીરાણા-સતપંથીપ્રપંચીઓએ** તેમજ ખાસ કરીને તેમના આગેવાન ખટપટી ખેલાડીઓએ, આ તક સાધીને સુધારકપક્ષના ઘણા ભાઈઓના સંબંધો અને લગ્નોમાં મ્હોટા વાંધાઓ ઉઠાવવાના ઉંડા પ્રપંચો રચ્યા; અને એ વાંધાઓનું તત્કાળ નિવારણ કરી અમારા પક્ષની પ્રતિષ્ઠા જાળવવાની વિશેષ-ખાસ-અગત્ય જણાતાં, જે જે મ્હારા ખાસ સહકારીઓ અને પરિષદ્‌ના મુખ્ય કાર્યકર્તાઓ હતા, તેઓ પણ બહુ ભાગે આ નવી દખલને નાબૂદ કરવામાં છેક જ ઘુંચવાઈ ગયા હતા. એવા સંજોગો વચ્ચે પરિષદ્ ભરવાથી, એવાં મહાન્ કાર્યને મનધારી સફળતા નહિં જ મળી શકે, એવું અમને જણાતાં એકાએક પરિષદ્ ભરવાનો વિચાર એ વખતે તો, નિરૂપાયે તદ્દન મુલતવીજ રાખવો પડ્યો, અને અમારી કરેલી બધી તૈયારીઓ તથા દોડધામ નિષ્ફળ ગઈ.

ઉદયની નવી દિશાઃ—આ પ્રમાણે ઇશ્વરી કરૂણાની કચાશને લીધે, પ્રતિકૂળ સંજોગો ઉભા થતાં, કચ્છમાં **પરિષદ** ભરવાનું કાર્ય ખોરંભે પડવાથી, ઉત્સાહી સુધારકો, અને કાર્યકર્ત્તાઓનાં હૃદય ઉકળી રહ્યાં. એ ઉકળાટની ધગશથી પ્રેરાઈને, એ કટિબદ્ધ થયેલા **કર્મવીરોએ**, ત્યાં હાથ ધરેલાં હથિયારો બીજી જ દિશામાં ચલાવ્યાં ! આજે સેંકડો વર્ષથી પાખંડી **પીરાણા-સતપંથનાં પાપે,** અમારી જ્ઞાતિમાં લગ્ન જેવા મહાન્ ગંભીર **વૈદિક સંસ્કારને** પણ એક ફારસરૂપે ભજવાતો બનાવી દીધો છે ! ચોરીને બદલે ઉટપટાંગ **અર્ધઈસ્લામી** દુવાઓ પઢાય છે ! અને હસ્તમેળાપ કે સપ્તપદી જેવા વૈદિક પ્રતિજ્ઞાના ઉચ્ચ ભાવોને તથા ચોરી અને બ્રાહ્મણોને પણ અમારી જ્ઞાતિમાંથી છેકજ તિલાંજલિ અપાવી દીધી છે ! આ પરિસ્થિતિમાં અમારી જ્ઞાતિનાં લગ્નો, તે ખરેખરા લગ્નો જ નહોતાં, તેમાં ધર્મ કે પ્રતિજ્ઞાનું પવિત્ર બંધન જ નહોતું. આવી ભયંકર પરિસ્થિતિ, ઉત્સાહી સુધારક મંડળોએ દેશમાં ફરીને સમસ્ત જ્ઞાતિને સચોટ સમજાવીને, તેમના હૃદયમાં એવી ઉંડી છાપ પાડી હતી, કે કચ્છનાં ચાર ગામો તૈયાર થઇ ગયાં, ને ગમે તે ભોગે અને જોખમે, ચાલુ દુષ્ટ રૂઢિનો ભંગ કરીને; આગેવાનોની દુષ્ટ સત્તા, સ્હામે માથું ઉંચકી, પવિત્ર **વૈદિક-વિધિથી** પોતાને ત્યાંના લગ્નો તેમણે **ચોરી, વેદવિધિ** અને **યજ્ઞ-હવનાદિ** ક્રિયાઓ સહિત, **પીરાણા-સતપંથના**

લગ્ન વિધિ શાસ્ત્રોક્ત પદ્ધતિથી નોહતી કરાતી.

S-11 S-12 S-13 S-114 S-143

સાચું સમજ્યા પછી સતપંથ છોડવા આતુર બની ગયા

કરીને, જ્યારે દૃઢ નિશ્ચય ઉપર આવો, ત્યારે જ પાક્કા વિચારપૂર્વક આ કામ કરવામાં વધારે સલામતી અને નિર્ભયતા રહેલી છે. મ્હારી આવી ટાઢી ટાઢી સલ્લાહ–સૂચનાથી સંતોષ ન પામતાં તેમણે તો સ્પષ્ટ જણાવ્યું કે,–"અમે એ બધો વિચાર ક્યારનોયે કરી બેઠા છીએ તમે જે દુઃખો ભોગવ્યાં, અને હજી ભોગવી રહ્યા છો" તે બધું અમે જોઇએ જાણીએ છીએ. સાચું સમજાયા પછી હજીપણ એ પાપને વળગી રહેવા કરતાં ગમે તેવા વિકટ દુઃખો સહી લેવાને તૈયાર થવામાંજ સાર છે, અમે તો આજથી ચાર દિવસ પછી એટલે જેઠ સુદિ પાંચમને દિવસે, પ્રાયશ્ચિત લઇને એ પાપમૂર્તિ 'પીરાણા–સતપંથનો સંબંધ હમ્મેશને માટે છોડી દેવાનો નિશ્ચયજ કરી ચૂકયા છીએ. માટે હવે તમારે તો અમને કંઇ નબળી સલાહને બદલે એ કાર્યમાં બનતી મદદ કરીને સત્યને પંથે દોરવાના છે. એ બાકી રહેલા ચાર દિવસોના સમયમાં જો તમારાથી અહિં ખોટી ન થવાય, તો તમે બે દિવસ સુખેથી ઘેર જઇ આવો. પણ પાંચમનું **પ્રાયશ્ચિત** કાર્ય તમારી રૂબરૂ અને તમારી મારફતેજ અમારે કરવાનું છે" એ પ્રસંગે પુરૂષવર્ગ કરતાં પણ દયાપુરની બ્હેનોએ ધર્મ તરફની પોતાની ભક્તિ અને દૃઢતા બહુજ વિશેષ જોરથી બતાવી હતી.

મહિલાઓએ આગેવાની લીધી

આદર્શ સ્ત્રી શક્તિઃ—એ બ્હેનોની હિંમત અને હૃદયશક્તિના પ્રભાવ આગળ **ધીરતા** અને **સહનશીલતા** માટેના વીર નરોનાં **ગુમાન** પણ ગળી જાય તેમ હતું. મ્હારા **હૃદયને** એ વચનોની બહુજ ઉંડી અસર થઇ. કેટલીક બ્હેનોએ દૃઢ હિંમતથી એ વખતે કહ્યું કે;—"**ભાઇ!** તમારે ઠંડી સલાહ આપવાની કાંઇ જરૂર નથી. અમે તો **સતપંથ** પાળનારા અમારાં **માવિત્રો, કુંટુંબીઓ, સગાંસંબંધીઓ,** સહુને છેલ્લી વારના **મળી ભેટી** આવ્યાં છીએ. હવે તો એમના મનથી અમે મરી ગયાં છીએ પાપી પંથ પાળનારાં સાથે હવે અમને કશો સંબંધ નજ છાજે. માટે અમને હવે તો એકજ આરે ઉતારો. આ ચાર દિવસો પણ અમે તો એટલા માટેજ રાખ્યા છે કે, **જેઠ સુદિ પાંચમને દિવસે** તમે **પ્રાયશ્ચિત** કરાવીને પાવન થયા હતા. અમને પણ એજ પવિત્ર દહાડે છાંટો નાંખીને પાવન કરો. એવો **સારો માંગલિક દિવસ** ન જવા દેવો એટલા માટેજ આ ચાર દિવસની પણ અમે તો ઢીલ કરીએ છીએ. નહીં તો એક ઘડીએ ઢીલ કરવાનું અમને હવે ગમતું નથી. ભાઇ! તમે હવે અમને મજબૂત બનાવી, સીધે રસ્તે ચઢાવીને હિંમતથી સહન કરવાનુંજ શીખાવો, અને ક્ષત્રિને શોભે એવું પાણી ચઢાવી, તમારી લીધેલી ટેક પૂરી કરો. તમારે અમારી તો જરાયે ચિંતા ન કરવી અમે તો પીરાણા–સતપંથનો છેડો ફાડીજ બેઠાં છીએ." આવા ઉદાર, પ્રેમાળ, પવિત્ર છતાંએ **દૃઢતા ભર્યા** ઉદ્‌ગારો તે પણ **ભોળી અશિક્ષિત ક્ષત્રી બ્હેનોને મુખે**

ધર્મ માટે સગા મા-બાપ અને સગાંને છોડી દીધા.

S-11 S-12 S-13 S-114 S-143

ખાતુન ઈમામશાહની હયાતીમાંજ બાલવયમાં ગુજરી જવાથી તેમની કંઈપણ ઓલાદ રહી નથી, જેથી ઇમામુદીનના મૃત્યુબાદ તેના વારસ તરીકે ફક્ત નુરમહંમદશાહજ રહ્યા.

સૈયદ ઇમામુદ્દીનના મોટા પુત્ર આલમશાહ ઉર્ફે ખાલકશાહની દરગાહ ગુજરાતના કડી પ્રાંતમાં પાટણ શહેરમાં આવેલી છે. તેમનો ઓરસ રજબ મહિનાની પંદરમી તારીખે થાય છે. એ દરગાહ 'સેદખાની' વંશજોને તાબે છે. તેના મુરીદો કંદોઈ, ભાવસાર, મોઢઘાંચી વિગેરે છે. મુરીદોના કુટુમ્બો લગભગ પચાસેક છે, અને દશોંદના રૂપિયા તેઓ સેદખાની સૈયદોને આપે છે.

ઇમામુદ્દીનના બીજા પુત્ર બાકરશાહની દરગાહ અમદાવાદમાં જૂના ચારતોડાનાં કબ્રસ્તાન, પાસે છે. તેમાં એક મુસાફરખાનું છે, અને તેની પાસેજ મુજાવરને રહેવાનું મકાન છે. મુમનાઓ તેમને માને છે. અને તેમની વસ્તિ અમદાવાદના જમાલપુર-તાજપુરમાં વિશેષ છે. એ દરગાહનો વહિવટ પણ મુમનાઓજ કરે છે; પરંતુ સૈયદોને દશોંદ વિગેરે લાગા આપે છે. કેટલાક મુમના ઇશનાઅશરી પણ થયા છે. તફ્જીલિયાનો ભાગ વિશેષ હોવાથી, જમાલપુરમાં આવેલી મુમનાઓની મસ્જીદમાં ઈશનાઅશરી અને તફ્જીલીયાના મતભેદને લીધે, બે વખત બાંગ પોકારવામાં આવે છે! તફ્જીલીયાની ધર્મક્રિયાઓ સુન્ની જમાતના મુલ્લાંઓજ કરે છે.

ઇમામુદ્દીનના ત્રીજા પુત્ર બાલાશાહની દરગાહ ખંભાતના નારંગસર તળાવના કાંઠા ઉપર આવેલી છે, અને તેની બાજુમાંજ તેમની બેન શમ્સખાતુનની કબર પણ આવેલી છે. તેમના મુરીદો 'સેદખાની' કહેવાય છે. મુસલમાન, કુંભાર, ગોલા, કાછીયા, કડીઆ વિગેરે બસોએક કુટુંમ્બો તેમના મુરીદોનાં છે. તેઓ દર વરસે દશોંદના રૂપિયા પીરાણાવાળા સૈયદોને આપે છે.

સૈયદ ઇમામુદ્દીન પોતાના ચોથા પુત્ર નુરમહંમદશાહને પીરાણા સતપંથના શાસ્ત્રોમાં વિષ્ણુ ભગવાનના અવતાર તરીકે તથા પોતાને (ઇમામુદ્દીન ઉર્ફે ઇમામશાહ) સદ્ગોર બ્રહ્મા તરીકે ઓળખાવી ગયા છે. નુરમહંમદને હિંદુઓના વિષ્ણુ અને ઇસલામીઓના ઇમામ હઝરત અલીનો અવતાર મનાવ્યો! અને નુરમહંમદની બીબી બુજરખ બેગમને આદ્યશક્તિનો અવતાર મનાવી, તેમણે આગાખાની ઈમામોથી છેકજ છૂટા છેડા કરીને પોતાનો સ્વતંત્ર સતપંથ ચલાવ્યો! અને પીરાણા ગામને પોતાના સતપંથીઓમાં પવિત્ર ધામ તરીકે મનાવ્યું.

સતપંથીઓ માટે વિષ્ણુ, બ્રહ્મા અને આદ્ય શક્તિ એટલે વાસ્તવમાં કોણ છે, એ વાંચો.
(Umiya / Shakti)

S-16

સૈયદ ઇમામશાહને પોતાની તહેનાતમાં રહેનારા નાંચાકોળા, (લુંટારાની ટોળીનો આગેવાન પાછળથી સતપંથી ભગત) ભાભારામ, (પેટલાદના રહીશ કાલીકોચી જાતના પાટીદાર, ઈમામશાહની ગાડી હાંકનાર) કીકીબાઇ, (ભાભા-

S-11 S-12 S-13 S-114 S-143

ઈમામ શાહએ પોતાના મૃત્યુ વખતે શું કહ્યું હતું.

રામની બેન ઈમામશાહની રસોઇ કરનારી.) શાણુકાકા, (લેઉવા પાટીદાર) અને હાજરબેગ, એ પાંચે જણા ઉપર અનહદ પ્યાર હતો, જેથી પોતાનાં મૃત્યુ સમય પહેલાં એ પાંચેજણાને પોતાની સમક્ષ બોલાવી કહ્યું કે ‘ તમોએ આજ સુધી મારી, તેમજ સતપંથની બહુ સારી સેવા કરી છે. જેથી હું તમને આપણા પૂર્વાશ્રમની વાત કહી સંભળાવું છું. હું (ઈમામશાહ) સુખદેવજીનો અવતાર હતો, નાંચાયાકા શૃંગી રૂષિના ચેલા હતા, અને ભાભારામ પરીક્ષિત રાજા હતા. જ્યારે પરીક્ષિત રાજા (ભાભારામ) શીકાર કરવા વનમાં ગયા હતા, ત્યાં મશ્કરિમાં રૂષિને ગળે મરેલો સાપ વિંટાળવાથી ચેલાએ (નાંચાકાકાએ) રાજાને (ભાભારામને) શ્રાપ આપવાથી, તથા ચેલાને રૂષિએ, શ્રાપ આપવાથી આ અવતાર તમારે લેવા પડયા છે. પરંતુ તમે મારી તેમજ સતપંથની પણ બહુ સારી સેવા કરેલી હોવાથી હું તમને ‘ પીરતન ’ બક્ષું છું.’ એમ કહી નાંચાનું

કાનમ = વડોદરાની બાજુમાં

નસીરૂદ્દીન નામ રાખી કાકાનો ખિતાબ આપી કાનમ જીલ્લાના કુકસ ગામમાં જઈ ગાદી સ્થાપવાનું કહ્યું. અને તેજ પ્રમાણે નાંચાકાકા ત્યાં જઇને રહ્યા, અને તેમનું મૃત્યુ પણ ત્યાંજ થયું. કબર ઉપર સારો રોજો ચણાવેલો છે, અને ત્યાં ભાદરવા સુદ બીજને રોજ મોટો મેળો ભરાય છે. તેમની જમાત સુમના પાટીદાર ગણાય છે. નાંચાકાકાની ગાદી પીરાણાની એક શાખા છે.

ભાભારામને ચરોતર જીલ્લામાં જવાનું કહેવાથી તેમણે પેટલાદ પ્રગણાના નડીઆદ તાલુકામાં દેવા ગામે જઇ પોતાની ગાદી સ્થાપી, અને ત્યાંજ તેમનું મૃત્યુ પણ થયું હતું. કીકીબાઈએ પણ દેવા ગામથી એક માઇલ છેટે કીકીબાઈની રોણુ નામનું ગામ વસાવી, પોતાની ગાદીની જમાવટ કીધી, તે બન્ને ગામોમાં તેઓના રોઝા છે. ત્યાં સદાવૃત અપાય છે. ત્યાંની પેદાશના અને જગ્યાના માલેક તેમના વંશનાં છે તેઓ ‘ કાકા ’ ઉપનામથી ઓળખાય છે.

ઈમામ શાહની કબર છે.

હાજરબેગ ઘણોજ જુનો, નિમકહલાલ અને ઈમામશાહનો અંગરક્ષક હતો. તેને કહ્યું કે “ મારા મૃત્યુ પછી થોડા દિવસમાં તારૂં પણ મૃત્યુ થશે, અને ઉન્હાળામાં ગમે તેટલી ગરમી પડશે, છતાં તારી (હાજરબેગની) કબર શીતળ રહેશે અને મુરીદો પહેલાં તારી કબરને ફૂલ ચ્હડાવી પછી મારી કબરને ચ્હડાવશે.

શાણુકાકા—સૈયદ ઈમામશાહે પ્રથમ જ્યારે હિંદુઓને પોતાના ધર્મથી તથા કર્મથી ભ્રષ્ટ કરી, દીન ધર્મમાં મેળવવા માટે ‘ સતપંથ ’ ધર્મમાં દાખલ કર્યા, ત્યારે તેમની અસલ સ્થિતિમાંજ રહેવા દઇ, ભોળા હિંદુઓને ફોસલાવીને પોતાના સેવકોમાં વધારો કરવાના હેતુથી, એક હિંદુને મુખ્ય મુજાવર કાકા તરીકે નીમી ગાદીએ બેસારવાની પ્રથા ચાલૂ કરી હતી. ઈમામશાહે પોતાની

S-11 S-12 S-13 S-114 S-143

હયાતીમાંજ પ્રથમ ઉપર જણાવેલા શાણુકાકા કે, જે હંમેશા તેની તહેનાતમાંજ રહેતા હતા, તેને એ જગ્યા આપી હતી. એવા મુજાવર કાકાની મુખ્ય ફરજ, ઇમામશાહે દોરેલા માર્ગ પ્રમાણે હિંદુઓને વટલાવી મુમના સતપંથી બનાવવાની; ફશોંદ, ચડતર તથા એવાં બીજાં અનેક લાગાઓ ઉઘરાવી, ઇમામશાહના કુટુમ્બી સૈયદોને વેંચી આપવાં; ઇમામશાહના રોજામાં દીવાબત્તી, ધૂપ—લોબાન ઈત્યાદિનો બંદોબસ્ત કરવો; પોતે (કાકાએ) સંસારથી વીરક્ત થઇ, બ્રહ્મચારીના વેશે ભગવું ધારણ કરવું, તથા પંચકેશ રાખવા વિગેરે છે.

પીરાણાના કાકાની ફરજ શું છે, એ વાંચો

આ પ્રમાણે સૈયદ ઈમામશાહ (ઇમામુદ્દીન) ના ગોઠવેલા કાર્યક્રમ પ્રમાણે તેમના વંશજ સૈયદો, તથા પીરાણા સતપંથી સેવકોની સમંતીથી, એવા મુજાવર કાકાના મરણ બાદ બીજા નવા મુજાવર કાકાની ચુંટણી થતી આવી છે. તેઓના નામોનો ક્રમ નીચે પ્રમાણે છે.

કાકાઓ ની યાદી

(૧) કાકા શાણા.	(૧૪) કાકા પ્રાગજી.
(૨) કાકા શેરમહંમદ.	(૧૫) કાકા નથુ.
(૩) કાકા અબ્દુલ્લાહ.	(૧૬) કાકા દીપા. (અબ્દુર રહીમ)
(૪) કાકા ઈબ્રાહીમ.	(૧૭) કાકા મનજી.
(૫) કાકા રહીમ.	(૧૮) કાકા નથુ.
(૬) કાકા કરીમ મહંમદ.	(૧૯) કાકા નાગજી.
(૭) કાકા સામદ.	(૨૦) કાકા સામજી.
(૮) કાકા હશન.	(૨૧) કાકા નથુ.
(૯) કાકા રહીમ.	(૨૨) કાકા પેથા
(૧૦) કાકા રાજે મહંમદ.	(૨૩) કાકા નથુ.
(૧૧) કાકા નુરમહંમદ.	(૨૪) કાકા કરમસી.
(૧૨) કાકા ભુલા.	(૨૫) કાકા લખમણ.
(૧૩) કાકા પોચા.	(૨૬) કાકા રામજી (હયાત)

S-175

સૈયદ ઈમામુદ્દીનનું મૃત્યું હી. સ. ૯૧૯ માહે રમજાન તા. ૨૫ મીએ થયું. તેમના સંદલની ક્રિયાના ઓરસની વખતે પીરાણા ગામે મોટો મેળો ભરાય છે. ત્યારે ઘણા હિંદુઓ એકત્ર થાય છે. તે સિવાય બાર મહિનાની બાર બીજે, ગોકુળ આઠમ, ધરો આઠમ, તથા ભાદરવા સુદ ૧૧ ને દિવસે પણ ત્યાં મેળો ભરાય છે. ત્યાં જીવહિંસા થતી જોવામાં આવતી નથી. એમ લોકો કહે છે.

Date: 04-Dec-1513

Sandal Ceremony / સંદલ ક્રિયા

ઈમામશાહનો રોજો પીરાણા ગામે આવેલો છે, તે ઘણો સુંદર અને

S-11
S-12
S-13
S-114
S-143

ઈંડેજ ખાણુ મધે નાગ લોક જીવજાત મોટા વખાણિયે આઠ લાખ જીવ જળચરા અને ચતુર લાખ જીવ જાત પંખી એક એક નીરવાણુ હો સ્વામીજી, એકવિશ લાખ બંધાણુ ઈંડેજ ખાંણુ મધે કોણુ વસ્ત પવીત્ર કોણુ વસત વખાંણીયે હો સ્વામીજી હંશ કોરભ ને ગરૂડ હંસ રૂપી, ભવે તો લરમા કારેવ રૂપેતો શ્રીજનહાર જંનદેવીને તો ગરૂડ સોહી એ પણુ હમે દેવ સદા નરીંજન હો સ્વામીજી.

ઉદભુદ ખાંણુ મધે કયા લક્ષ્ણુતો સુગંધ કયા લક્ષ્ણુ તો કંધ મુડાહો સ્વામીજી, તમે કંથો હો દેવ મહેશ્વરા ઉદભોદ ખાણુ મધે તો નવ લાખતો સુગંધ કર્યો અને ચતુર લાખતો નીરગંધ ક્યા હો સ્વામીજી, અને અશ્ટ લાખતો કંદમુળા કીયાં એક એક નીરવાણુ એકવીશ લાખ બંધાણુ હો સ્વામીજી.

ઉદભોદ ખાંણુમધે કોણુ કોણુ વસત પવીત્રાં અને કોણુ કોણુ વસત વખાણીયે હો સ્વામીજી, ત્યારે ઉદભોજ ખાંણુમધે ત્રણુ વસત વખાણીયે હો સ્વામીજી અન વોંણુ ને ચંદન હો સ્વામીજી. અનરૂપીતો ભવે બ્રહ્મા અને વોંણુ રૂપીતો સીરજનહારંજન અને દેવીને તો ચંદન સોહિયે પણુ હમ દેવ સદા નરીજંના હો સ્વામીજી.

સીંતેજ ખાંણુ મધે કીયા લક્ષ્ણા તારા અને કીયા લક્ષણુ તો મેગ મંડાણુ. કીયા લક્ષ્ણુ તો પરબતા હો સ્વામીજી, તમે કંથો હો દેવ મહેશ્વરા હો સ્વામીજી સીંતેજ ખાણુ મધે તો નવ લાખ જાત તારા મંડાણુ હો સ્વામીજી, અને ચતુર લાખતો મેગ મંડાણુ ને આઠ લાખતો જાત પરબતા હો સ્વામીજી એક મંડાણુ એકવીશ લાખ બંધાણુ હો સ્વામીજી સીંતેજ ખાણુ મધે કોણુ કોણુ વસત પવીત્રા વખાણીયે હો સ્વામીજી, તારા ત્રાંબાને સોવન તારા રૂપીતો ભવે બ્રહમા અને ત્રાંબા રૂપીતો સીરજનહારજંન તમ દેવીને તો સોવન, સોહિયે પણુ હમ દેવ સવા નરીંજંન હો સ્વામીજી, ચતુર ખાંણુ સીરજંતે હો સ્વામીજી, આસણુ બેસણુ કરી જાણો હો સ્વામીજી, સતગુર બોલ્યા સફ્યત સફાનતી વાંણુ.

—ત્રણુ દેવની ઉત્પતી.—

એટલા જુગતો રમત કરતા વહી ગયા હો સ્વામીજી, તારે સાંમીજીયે એક શક્તિ દેવી પેદા કીધી હો સ્વામીજી તે શક્તી લઈને અલગી મેલી હો સ્વામીજી, ત્યારે શક્તિયે જાણ્યુ છે જે હું છું તારે સ્વામીજીના મંન માંહેથી શક્તીની જીભીયાને તેજ મેલ્યું છે પચાસ લાખ જુગ પછે નાભ કમળથી ભવે બ્રહમા થયા છે તારે સ્વામીજી મુખથી જીભીયા તેજ શક્તીને મેલ્યું તારે ચાલીસ લાખ જુગ પછી સ્વામીજીયે મુસ્તક થકી. વિષરૂ રૂપ પેદા કીધું તારે સ્વામીજીયે શકતિમાં તેજ મેલ્યાં તારે પછે સાઠ લાખ જુગ પછે સ્વામીજીયેં મુસ્તકથી તેજ શક્તી જભા મુકયું હો સ્વામીજી, અમતર વીધીયા તે ઇશ્વર પેદા કર્યો હો સ્વામીજી, ત્રણુ દેવ પેદા કર્યા હો સ્વામીજી, તારે છત્રીશ જુગ ચોરાશી ચોકડી

S-11 S-12 S-13 S-114 S-143

જે દસમા અવતારની દસતરી ભણે, અને સતી લોક હરફે હરફ સાંભળે. ૭૮૬
તે ભગતને એક હરફે હરફ ધરમદાન, અને કરોડ કરોડ હસ્તિનું ફળ પામે નરવાણ ૭૮૭
જે આ ગતમાં ભણે શ્રી નારાયણ દેવના દસે અવતાર,
તે આજ એક ધ્યાને સાંભળે નરનેનાર. ૭૮૮
એમ સતગોર કહે તેનાં પુન તણો નાઆવે પાર,તેતો ફરીને લખચોરાસી ન પડે લગાર.૭૮૯
જે કોઇ ભગત સતીઓ આ વેદ પ્રમાણે સુકરીત કરસે જાણ,
તેને એંસી લાખ ઉંટા સામલ ચાલે નરવાણ. ૭૯૦
તે ગોર શમસ કહે શ્રી નારાયણ દેવના દસે અવતાર,
આજ પુરા ભણે સાંભળે જે કોઇ નરને નાર. ૭૯૧
તે ભગત સતીને મહાદનની જાળ નહિ લોપે લગાર,બાકી જુઠાંને શીર પડશે અગ્નિધાર.૭૯૨૦
સતગોર સુદરદીન સાથે બાર કરોડી નિપના કમલાકુંવર વીર,
તે હસન શાહા થયા અનંત કરોડીના પીર. ૭૯૩
એવી સત વાણી કહે ઇંદ્રિ ઇમામશાહા પીર, અને તે તમે સાચું માનો મોમનવીર. ૭૯૪
એક દન મહાદન આવે છે તમે સત સબુરીનું રાખો ધીર,
તહાં ખુદાતાલા કાજી થાસે ને મહમ્મદ હોસે વજીર. ૭૯૫
ત્યારે દસમુંરૂપ ત્યાંનકલંકી નારાયણ સાર,ત્યાં દેવેધર્યો શ્રીમૌલા મુરતજા અલીનોઅવતાર.૭૯૬
ત્યારે દેવ દૈત્ય કાલીંગાને મારશે જેણીવાર, પોતે સંસારમાં પ્રગટ થસે મોરાર. ૭૯૭
જયારે સંસારમાં પ્રગટ થાસે દેવ મોરાર, ત્યારે સંસાર સર્વે ઓળખસે સહી નિરધાર.૭૯૮
ત્યારે શ્રી દસમા રૂપે મૌલા મુરતજાઅલી નામ ભણાવ્યાં સહી જાણ,
ત્યારે અનંત કરોડીસું પીર હસન કબીર દીનને તારસે નરવાણ. ૭૯૯
શાહા મૌલામુરતજાઅલીની માતાતો બીબી જલેખાં કહીએ,પીતાતો હાસમીઅબુતાલબએ.
ત્યારે ગુરૂ તો નબીમહમ્મદ મુસતફાસ લલ્લા અલેહે વસલમ જાણ,
અને શક્તિમાતા બીબી ફાતમા પ્રમાણ. ૮૦૧
ત્યારે સ્વસ્થાન તો કેહકપુર નગરી જાણ, અને ક્ષેત્ર તો સીધપુર દ્વારકાં નગરી પ્રમાણ.૮૦૨
ત્યારે નર મારસે દાણવ દૈત્ય કાલીંગો જાણ,
ત્યારે બાર કરોડીસું પીર સુદરદીન ઓધાર્યા નિરવાણ. ૮૦૩
ત્યારે ચાર લાખ અને બત્રીસ હઝાર શાહા મૌલા મુરતજાઅલી રૂપે જાણ, ૮૦૪
ત્યારે અથરવેદ હુઆ પરમાણ, ચાર લાખને બત્રીસ હઝાર કલજુગનું પ્રમાણ.
ત્યારે બાર કરોડીસું પીર સદરદીન અમરાપુરીમાં પોતા નરવાણ. ૮૦૫
તેણે તો ગુપ્ત પંથ આરાધ્યા જાણ, તેણે તો સહી અમરાપુરીનો વાસો પામ્યા નરવાણ. ૮૦૬
ત્યારે શ્રી નકલંકીનો દસમો અવતાર સંપૂર્ણ થયો સહી, એવી ગુરૂ બ્રહ્માએ વાણી કહી.૮૦૭
અહિંથી શ્રી નારાયણ દેવના દસમા અવતારની દસતરી સંપૂર્ણ સાચ,
એવી ગુરૂ હસનશાહા સુત પીર ઇમામશાહા બોલ્યા વાચ. ૮૦૮

S-11 S-12 S-13 S-114 S-143

આગળ જણાવેલા 'સૃષ્ટિનું મંડાણ, નકલંક ગીતા, દશતરી ગાવંત્રી, દસ અવતાર' વિગેરે ઈમામશાહકૃત સઘળાં તોપમારૂ શાસ્ત્રોમાં, સૈયદ ઈમામશાહે મુખ્યમુદ્દો હિંદુઓને તેમના પોતાના ધર્મશાસ્ત્રો પરથી આસ્થા ઉઠાડી તેમને ધર્મ તથા કર્મથી ભ્રષ્ટ કરી, મુસલમાની રાહત ઉપર લઇ જવાનો જ ખાસ ધ્યાનમાંજ રાખ્યો છે. એ ઉપરાંત પોતાના કલ્પીત પંથનો મહિમા વધારવાના ઉદ્દેશથી સૈયદ ઈમામશાહે હિંદુ શાસ્ત્રોનું અને જ્યોતિષના ગણિતમાં જણાવેલી સૃષ્ટિની ઉત્પત્તિ વિગેરેમાં થોડો ઘણો સુધારો વધારો કરી, પોતાના નીચ હેતુ પાર પાડવાના ઉદ્દેશથી નવા ગ્રંથો લખ્યા છે કે જે, સઘળામાં હિંદુ ધર્મ તથા અન્ય ધર્મો અને તેમના દેવોની હડહડતી નીંદા કરી, પોતાની પાપી જાળ બીછાવવામાં કશી મણા રાખી નથી, તે સર્વે આગળ આપણે એમના બનાવટી શાસ્ત્રોમાં વાંચી ગયા છીએ. એ સઘળામાં સૈયદ ઇમામશાહે ટાઢાપોરનાં ગપ્પાંજ માર્યા છે. એથી વધારે ખેદજનક વાત તો એ છે કે સૈયદ મીંયાએ પોતાના અજ્ઞાન તેમજ ભોળા હિંદુ મુરીદોની મુર્ખાઇ અને નાલાયકી બતાવવામાં પણ પાછી પાની કરી નથી.

સૃષ્ટિની ઉત્તપત્તિના સંબંધમાં સૈયદ ઇમામશાહ પોતાના જ્ઞાનનો ભંડાર ખુલ્લો કરતાં જણાવે છે કે, "ખોદા તાલાએ પ્રથમ ફીણ ઉપજાવી, તેમાંથી, એક ઇંડું બનાવ્યું, અને તે ઇંડાને ફોડીને ત્રણ ભૂવન રચ્યાં છે." ત્યાર પછી સાત વાર બનાવી, દરેક વારો પ્રમાણે શું શું કીધું છે, તે સઘળું પણ આપણે ઉપર વાંચી ગયા છીએ. આ ઉપરાંત ચાર ખાણના જીવોની ઉત્તપત્તિ, 'જાયલા, ફાયલા અરજલા અને ચોથા ખલીફા' કલફની રચના, વિગેરે સઘળામાં તો સૈયદ ઇમામશાહે પોતાની તરફડી બુદ્ધિનુંજ દીગદર્શન કરાવ્યું છે. ત્યારબાદ સતયુગ, ત્રેતાયુગ, દ્વાપર અને કલીયુગમાં તેણે (ઇમામશાહે) સદ્‌ગોર બ્રહ્માના સ્વરૂપમાં શું શું નાટકો ભજવ્યાં હતાં, તેનું વર્ણન ગાઇ બતાવ્યું છે.

આ પછી 'મુળબંધ'ના સારરૂપ 'નકલંક ગીતામાં' સૂય ભૂવનનું સુંદર વ્યાખ્યાન કર્યું છે, તે ઉપરાંત ત્યાં વસનારા લોકોના આનંદનો મહીમાં પણ ઠીક ગાયો છે. એ ઉપરાંત ત્યાં કોને જવા દેવામાં આવે છે, તેને માટે સૈયદ ઇમામશાહ જણાવે છે કે; 'જેમણે મૃત્યુ લોકમાં એકાદશીના વૃત કર્યા હોય, તથા પાણીની પરબો મંડાવી હોય તેવા જઇ શકે છે, ત્યાં તેઓને બે હજાર વર્ષ સૂધી સૂર્ય ભૂવનનું સુખ ભોગવવા દીધા પછી મૃત્યુ લોકમાં પેલો અવતાર શ્વાનનો (કુતરાનો) થાય છે. તેઓનો મોક્ષ થતો નથી. કારણ કે 'જેઓ સૂર્યની ઉપાસના કરે છે તેમને કુતરાની યોનીમાં જન્મ લેવો પડે છે,' પરંતુ સતપંથના સિદ્ધાંત પ્રમાણે, ઈમામશાહને ઇશ્વરના અવતાર તરીકે ઓળખ્યા હોય, તથા તેના વંશજ સૈયદોને સુપાત્ર જાણી દાન દીધાં હોય તેમનેજ મોક્ષ મળે છે.

S-11 S-12 S-13 S-114 S-143

(૭) **અમરાપૂરી ભૂવન.** આ ભૂવન તો ખાસ સતપંથીઓ માટેજ છે, એટલે જેમણે સતપંથ સેવ્યો હોય, તથા અવતાર પાત્ર તરીકે સૈયદ ઈમામ-શાહને ઓળખ્યા હોય, તથા તેમના વંશજ સૈયદોને સુપાત્ર જાણી દશોંદ વિશોંદ વિગેરે બીજાં દાનો આપ્યાં હોય તેમનેજ માટે છે.

કેવી લાલચ?

તેજ પ્રમાણે આઠમા નવમા અને દશમા ભૂવનનો ઈજારો પણ ખાસ કરીને સતપંથીઓ માટેજ ઈમામશાહે રાખી મૂક્યો છે. એટલે કે જેઓ ખાસ કરીને સૈયદોને ગુરૂ કરે, તથા ઈમામશાહને ઈશ્વરના અવતાર પાત્ર તરીકે કબુલ રાખે, તેમનેજ એ સ્વર્ગનાં સુખો મળે છે. સૈયદ ઈમામશાહે આવાં આવાં અનેક ગપ્પાંઓ મારી ભોળા હિંદુઓને ભરમાવી પોતાની પાપ જાળમાં એવા તો સજ્જડ સંડોવ્યાં છે, કે તેમાંથી તેઓ કાલાન્તરે પણ છટકવા પામેજ નહિ, અને આખર સુધી એ અર્ધદગ્ધ પંથમાં સંડોવાઈને સ્વર્ગનાં મીથ્યા સુખની લાલશાથી, તથા અમરપદ, પચાસ હુરાંઓ અને પાંચસો છોકરાઓ જીન્નતમાં મળશે એવી આશા રાખી, છેવટની ઘડી સુધી સૈયદ મુસલમાનને ગુરૂ તરીકે કબૂલ રાખી, દાન પુન્ય આપી પોતાંની મુર્ખાઈનો ભોગ બની, સ્વર્ગની લાલશામાં પોતાની જાતને દોજકની અંધારી ખીણમાં ખેંચી રહ્યા છે.

લાલચોનો સાર

આ પછી "છ દરશનની હકીકત" ઈમામશાહે લખી છે તેમાં તો હિંદુ ધર્મના જૂદા જૂદા મત પંથોની નિંદા અને અવગણુના કરવામાં કંઈ બાકીજ રાખ્યું નથી.

(૧) **બ્રહ્મ દર્શન.** તેના વર્ણનમાં ઈમામશાહ જણાવે છે કે, આદ્ય બ્રહ્માજી સતયુગમાં હતા, ત્યારે વારો રઘુવેદનો હતો. અને ભગવાનના અવતાર ચાર હતા; શ્રી મચ્છ, શ્રી કોરંભ, શ્રી વારાહ, અને શ્રી નૃસિંહ.' આજે સતયુંગ નથી, એ બ્રહ્મા પણ નથી, તેમજ એ અવતારો પણ થઈ ગયા છે, જેથી રૂઘવેદ વાંચ-વામાં પણ સાર નથી, તેમજ આજે જે બ્રાહ્મણો રગુવેદ વાંચે છે તે પણ ફોક-ટના ફાંફાં મારે છે.

(૨) **સંન્યાસી દર્શનમાં** જણાવે છે કે જોગી, જંગમ અને જટાધારીનો વારો ચાલ્યો ગયો છે. સંન્યાસીના ભેખમાં ધણી રહ્યો નથી, તેમનાં ઘરો ખાલી છે.

(૩) **જેન દર્શનની** વાતમાં પણ સૈયદ ઈમામશાહે જૈન ધર્મની ઘણી હડહડતી નીંદા કરી છે. તથા તે વાતની જોડમેળ કરવામાં પણ તેની બુદ્ધિએ દેળાણુંજ કાઢયું છે એમ પ્રત્યક્ષ માલમ પડી આવે છે. કારણ કે કયાં શ્રી કૃષ્ણ-ચંદ્રના! અને નીમીનાથ, પારસનાથના વખતનું છેટું! વચલા અઢી હજાર વર્ષના અંતરનુંજ તેમને ભાન રહ્યું નથી. આ ઉપરાંત જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત 'અહિંસા પરમો ધર્મ'ને વીસારી મૂકી જૈનોના મહાન તીર્થંકરને માંસાહારી, ગૌભક્ષ, તેમજ દારૂ પીવાનું હડહડતું જૂઠું આળ મુકી એવું ભયંકર અપમાન કર્યું

જૈન ધર્મના ભગવાન મહાવીરને ગૌભક્ષક અને દારૂ પીનાર કહેલ. કેટલું હડહડતું જુઠ્ઠું

S-11
S-12
S-13
S-114
S-143

છે કે જો તેટલું અગર તેથી પણ સો દરજ્જે ઓછું એક હિંદુ કુરાન અથવા મુસલમાની ઇમામનું અપમાન કરે તો મુસલમાનો જમીન આસમાન બન્ને એક કરે તોય ન છોડે ! પરંતુ આજે તો હિંદુ ભાઇઓ પોતાનું ગૌરવજ ભૂલી ગયા છે, જેથી સૈયદ ઇમામશાહ જેવા બીજા નફ્ટો પણ હિંદુ દેવ દેવીઓને ગમે તેવા ચીતરે, તોપણ તેઓ મુંગે મોંઢે સહન કરી બેસી રહે છે. એજ ઘણી અપસોસની વાત છે.

પ્રેરણા લઈને કઈ શીખવા જવું છે.

(૪) બુદ્ધ દર્શનમાં પણ એવાજ ગપ્પાં હાકયાં છે.

(૫) શીવદર્શનમાં પણ તેવીજ નીંદાઓ ચાલુ રાખી જોગી જંગમો અને અબધૂતોની ભારે નીંદા કરી છે. એ સઘળાંમાં ઈમામશાહનો ખાસ મુદ્દો હિંદુ ધર્મોની નીંદા એટલે 'શીવમાર્ગ વિશ્નુમાર્ગ વિગેરે સઘળા ધર્મો ખોટા છે, પરંતુ તેનો ઉભો કરેલો એ કલ્પિત સતપંથજ એક સાચો છે, અને તેને સેવ્યાથીજ સાચા સ્વર્ગનાં ફળ મળે છે.

(૬) મલેચ્છ દર્શનમાં તો સઘળા હિંદુધર્મના દેવ દેવીઓને, તથા ઋષિમુનિઓ વિગેરે સર્વને મુસલમાની અવતારના જણાવી પોતાનો નીચ આશય પુરો કર્યો છે. એ સઘળાની ટીકા લખવા કરતાં મૂળ લેખજ સ્પષ્ટ હોવાથી તેની ટીકા લખવી મુલતવી રાખી, તેના સત્યાસત્યનો નિર્ણય કરવાને સુજ્ઞ વાચકનેજ શોંપુ છું.

કુરાનને અથર્વવેદ તરીકે જાહેર કર્યું છે.

કુરાનને તો સૈયદમીંઆએ કલીયુગના વેદ 'અથર્વવેદ' તરીકે જાહેર કર્યું છે, તથા લા ઇલ્લાહ ઇલિલ્લાહનો જાપ જપાવે છે, તથા અડસઠ તીર્થ કર્યાથી જે પૂન્ય પ્રાપ્ત થવાની આશા હોય, તેવી આશા સૈયદ ઈમામશાહે જણાવ્યું છે કે, પંજેતન પાકનું નામ લીધાથી મળે છે, તેમજ બ્રહ્માજીને બાજુએ રાખી, પોતેજ (ઇમામશાહ) કલીયુગનો બ્રહ્મા બની બેઠો છે. તથા વિશ્નુની જગ્યાએ તેના દીકરા નુરમહંમદશાહને ગોઠવી ઘાલ્યો છે. એટલુંજ નહિ પણ તેમના બાપદાદાઓ ખાસ આદ ઉનાદથી ઉતરી આવ્યા છે એમ પણ કહે છે. તે સઘળાની સાબીતીમાં સૈયદ ઇમાશાહે 'દશતરી ગાવંત્રી' લખી છે, તથા હિંદુઓના 'દશાવતાર' પરથી એણે પણ 'ઇમામશાહી દશાવતારની' લીલા ગોઠવી છે, તેના ઉપર વાચક વર્ગનું ધ્યાન ખેંચવા, તથા સૈયદ ઇમામશાહનું કપટ પ્રકાશમાં લાવવાના હેતુથી, તથા ભોળા અજ્ઞાન હિંદુઓને તે દશ અવતાર તથા તેની દશતરી ગાવંતરીમાં સત્ય શું છે? તથા અસત્ય કેટલું છે તે જણાવવાના હેતુથી અત્રે તેનું ટુંક વર્ણન આપવું ઘણું જરૂરનું છે.

ઈમામ શાહી દસ અવતારનો ટુક સાર. કેટલા ગપ ગોળા લખ્યા છે, એ વાંચો.

પ્રથમ મચ્છા અવતારની વાત આવે છે, તેમાં મચ્છ ભગવાનના પિતા તરીકે પરમરૂખને ગોઠવ્યા છે, તથા શંખાવતી નામની સ્રીના પેટે ઉત્પન્ન થયાનું જણાવે છે. મચ્છા અવતાર પછી દશતરી ગાવંત્રીમાં જણાવ્યા પ્રમાણે, મચ્છ ભગવાનના વીર્યથી ઉત્પન્ન થએલ મનાયંત, અને તેના ઉગ્રસેન, એ પ્રમાણે

S-11
S-12
S-13
S-114
S-143

કહ્યું કે પાપ ઉતારવા માટે, બ્રાહ્મણોના કેવાથી, ત્યારે ભગવાન બુદ્ધે કહ્યું કે જો તમોને પાપ ઉતારવું હોય તો ઇમાન રાખો, અને ગાયને વરોધો તો તમે વૈકુંઠમાં જશો. ત્યારે પાંચે પાંડવે સ્વામી બુદ્ધનું કેવું કબુલ કર્યું, અને ગાયને કાપ્યાનો વિચાર નક્કી કર્યો, એટલે પાંડવો કામધેનું ગાયને લાવ્યા. કામધેનું ગાયે બુદ્ધનું વીકરાળ સ્વરૂપ દેખી પાંડવોને કહ્યું કે તમો આ ચંડાલના કહેવાથી મારો વધ કેમ કરો છો, હિંદુ આર્યધર્મની સઘળી દુનીયા ગાય બ્રાહ્મણને પુજે છે, અને તમે આ પાપીના કહેવાથી મને મારો છો ! માટે કંઇક વિચાર કરો. ચંડાળ અને પાપી વિગેરે શબ્દો બુદ્ધને કહેવાથી ગાયને બુદ્ધ ભગવાને શ્રાપ આપ્યો કે અત્યારે ગળું કપાવીને કળજુગમાં તું વીષ્ટા ખાજે, આ પ્રમાણે કામધેનુ ગાય અને બુધ ભગવાનનો સંવાદ થયો, અને પાંચે પાંડવોએ મળીને ગૌવધ કીધો. ગાયનું માથું રાજા ધર્મે માથે લીધું, અને ચાર પગને ચારે ભાઇએ માથે ઉપાડયા, ગાયનું ચામડું સતી દ્રૌપદીએ ઓઢયું, એટલે બુધે કહ્યું કે તમેં હસ્તીનાપુરના બજારમાં નીકળો ગાયનું લોહી વહે જાય છે, અને પાંડવો મુખે બુધ ભગવાનનું નામ જપે જાય છે. હસ્તીનાપુરમાં હોહાકાર થઇ રહ્યો, અને પાંડવોની લોકો નીંદા કરવા લાગ્યા. તેથી પાંડવોનું પાપ ઉતરી ગયું, અને પાંડવોના મુગટ સોનાના થયા. તેથી લોકોને અચંબો થયો કે, આતો પાંડવોના મુગટ સોનાના થયા. જેથી પેલાં બ્રાહ્મણો કે જ્યાં ગાય કાપી હતી ત્યાં ગયા અને ગાયની જે આંતરડી પડી હતી, તે ઉપાડી આવ્યા અને તે આંતરડીની જનોઇ કરીને ગળામાં ગાલી. તેથી ભાઈઓ આજ કલજુગમાં બ્રાહ્મણની જનોઇ તે ગાયની આંતરડી છે. એમ ઇમામશાહ જણાવે છે. બાકી બ્રાહ્મણની વેળાતો વઈ ગઇ. જ્યાં પાંડવોએ ગાય કાપી હતી, ત્યાં યોગી લોકો દોડયાં. તેને શીંગડાં હાથ લાગાં જેથી જોગીઓ ફોકટ સીંગી ગળામાં નાખે છે. આજ કળજુગમાં જોગીની વેળાતો ચાલી ગઈ છે. ત્યાર પછી જ્યાં ગાય પાંડવોએ કાપી હતી ત્યાં અબદુત લોકો દોડયા તેને ગૌચાંમ હાથ લાગાં તે લાવ્યા. “ ભાઇ આજ અગદુતની વેળા તો વહી ગઇ બાકી ફોકટ ચાંમડાં કેડે બાંધે છે સહી. ” ત્યાર પછી જ્યાં પાંડવોએ ગાય કાપી હતી, ત્યાં વૃત્ત પાળવા વાળા લોકો ગયા, તેમને પુંછડું અને આંચળ મળ્યા તે આજ કળયુગમાં વૃતની વેળા વહી ગઇ છે. જેથી મુર્ખ લોકો ગાયના આંચળને અને પુંછડું દોવરાવે છે જ્યાં ગાય કપાણી હતી, ત્યાં બ્રાહ્મણ અને કણબીની છોકરીઓ દોડી ગઇ, તેને ગાયનું છાણ હાથમાં આવ્યું તેથી આજ કળયુગમાં કણબીની તથા બ્રાહ્મણની છોડીઓ છાણ મેળે છે, ત્યાર પછી કેટલાક ક્ષત્રી અને વૈશ્ય લોકો ગાય કપાણી હતી ત્યાં ગયા, આજ કળયુગમાં ફોકટ ગાયની પુજા કરે છે. અને સંસાર એળે ગુમાવે છે. “ જો તમે આજ પીરાણા સતપંથ અથેરવેદને સોધો તો મળે દેવ દસમો અવતાર નબી મહંમદનો. ”

ગાય હત્યા થી તમે સ્વર્ગમાં જશો

પાંચ પાંડવો મળીને ગૌવધ કર્યો

કેટલું ખોટું?

જનોઈ ઉતરાવવા પાછળ ઉભા કરેલા કલ્પિત કારણો

દસમો અવતાર નબી મોહંમદ. એટલે નિષ્કલંકી નારાયણ અને નબી મહંમદ એકજ છે.

S-11
S-12
S-13
S-114
S-143

રચના વીના જે પુજા થાય છે તે સર્વે ભૂત પ્રેત ખાઇ જાય છે. આજ કળીયુગમાં ગુરૂ નબીમહંમદ હાજર ઇમામને ગાફલ દુનીઆં નવ જાણે કોય, અને ફોકટ ફાંફાં મારે છે. અને પથર મુરતી અને મંદીરોમાં હાલા હાલા સમજ્યા વિના ભુત પ્રેતોને પગે લાગે છે. પરંતુ સાચા સતગોરના ગરને કોઇ જાણતું નથી. આ પ્રમાણે બુદ્ધ ભગવાને કહીને ભૈરવ ભુત પ્રેતાદીને રવાના કર્યા. આ પ્રમાણે હીન્દુ ધર્મ કર્મનું. તેમજ હીન્દુઓના દેવ તેમજ તીર્થસ્થળનું, ભારેમાં ભારે અપમાન કરનારો પીરાણા સતપંથનો કહેવાતો બુદ્ધાઅવતારનો ટુંકસાર આ પ્રમાણે છે.

આ ઉપરાંત સૈયદ ઈમામશાહે પોતાના દશમાં નકલંકી અવતારની જોડમેળમાં પણ એથી વધારે ગપ્પાં માર્યા છે. દશમો નકલંકી અવતાર કે જે હિંદુઓની માન્યતા પ્રમાણે હજુ કલીયુગ પુરે થયે થવાનો છે. તે અવતાર તો અરબસ્તાનની આરબ જાતિમાં હજરતઅલી રૂપે થઈ ગયો છે, એમ જણાવે છે, તથા પોતાના ભોળા તેમજ અજ્ઞાન હિંદુ સેવકોને, એ અવતાર આરબ જાતિમાં કેવી રીતે થયો, તેની જોડમેળ બતાવવા ખાતર, સૈયદ સુદરદીનની બીછાવેલ જાળ પ્રમાણે બુદ્ધા અવતારને પુંછડે, દાદા આદમની પેઢીઓ લગાડીને, મૌલાના હજરતઅલી સાહેબનેજ દશમા નકલંકી અવતાર તરીકે ગોઠવી દીધા છે. અને તેમના વંશજો તરીકે છેવટે પોતે (ઈમામશાહ) આ કલજુગના બ્રહ્મા છે એમ જાહેર કરી, તથા પોતાના પુત્ર (નુરમહંમદશાહ) ને વિશ્નુ ભગવાનના અવતાર તરીકે ગોઠવી દઇ, પોતાના ભોળા સેવકોમાં, એ કલીયુગના બ્રહ્મા, અને વિશ્નુ ભગવાનને, માને તોજ મોક્ષ મળે છે, એવી ખોટી માન્યતા ફેલાવી, તેમના ધન, તથા ધર્મને ચુસી લેવાની અજબ યુક્તિ એ ચાલાક સૈયદ ઇમામશાહ ગોઠવી ગયા છે.

એ ઉપરાંત એમ પણ જાહેર કર્યું છે કે, "પેલા વૈશાખ સુદ ૨ શુક્રવારને દિવસે દ્વાપર યુગ પુરો થયો છે, તથા તેજ દિવસથી કલિયુગની શરૂઆત થઈ છે. અને કાલીંગો દૈત્ય પણ તેજ દિવસે ચીણ મહાચીણ નગરીમાં અવતર્યો છે; કે જે આજે પોતાને કાશી વિશ્વનાથ તરીકે આખી પૃથ્વી પર જાહેર કરી, નવે ખંડમાં પોતનાં નામનો જાપ કરાવે છે." આવી આવી અનેક રીતે સૈયદ ઇમામશાહ હિંદુ દેવોનું અપમાન કરતોજ રહ્યો છે. એ ઉપરાંત પોતાના બુદ્ધિ પ્રાકમરૂપ દશમાં અવતારમાં એમપણ જણાવે છે કે, કલીયુગના અંતે હજરત અલી સાહેબ ફરી જન્મ લઈ કાલીંગા દૈત્યને મારશે, અને જેઓ ખરા સતપંથી હશે તેમને રાજ કરાવશે! ત્યારપછી અત્યારે કાલીંગો દૈત્ય રાજ કરે છે, તે ચીણ મહાચીણ કયું! પીર શમસે પોપટ રૂપે સુરજા રાણીને બોધ કર્યો હતો, જેને આજે લગભગ છસો વર્ષ થવા આવ્યાં છે, તો પછી આ વાત પણ ઇમામશાહના લખવા પ્રમાણે ખોટી ઠરે છે. કમળા કુંવર, સુરજા રાણી અને બીજાં છ જણ કુલ્લે આઠ જણને સતપંથ ધર્મનું જ્ઞાન આપ્યુ, અને સુરજા રાણીના હાથેજ કાલીંગા દૈત્યનું મૃત્યું થઇ ગયાની વાત પણ સૈયદે લખી

અલી = નકલંકી અવતાર

એક વાક્યમાં ઈમામ શાહે રચીલી લીલા

આપણા તીર્થ સ્થળ કાશી વિશ્વનાથનું કેટલું અપમાન

S-11
S-12
S-13
S-114
S-143

પ્રકરણ ૯ મું.

પીરાણા સતપંથીઓની રાત્રિના વખતે ખાનામાં થતી પુજાની ક્રિયાઓ

પીરાણા સતપંથના મુળ સ્થાપક સૈયદ ઈમામશાહે પોતાના હિંદુ સેવકોને ખાસ મુસલમાન બનાવવાનાજ ઈરાદાથી, અનેક યુક્તિ પ્રયુક્તિ અને છળભેદે વાપરીને પોતાની પ્રપંચ જાળ પાથરી છે, કે જેમાંથી અજ્ઞાન અને ભોળા હિંદુઓ ભડકીને છટકી જાય નહિ. એજ મુદ્દો ખાસ ધ્યાનમાં રાખીને પોતાના ભોળ સેવકોને સમજાવ્યું છે કે, પીરાણા સતપંથ એ કલીયુગના વારા પ્રમાણે અથરવેદ સનાતન ધર્મજ છે. અને અથરવેદ એ કલીયુગનો મુખ્ય વેદ છે. અથરવેદ એટલે ઈમામશાહનાં બનાવેલાં બનાવટી શાસ્ત્રો, તથા અર્ધદગ્ધ કલમાઓને સંગ્રહ, આ ઉપરાંત એ પ્રપંચ કુશળ સૈયદે પોતાનો ઉભો કરેલો પીરાણા સતપથ એ ખરેખરો હિંદુધર્મ જ છે એમ બતાવવા ખાતર પોતાનાં અર્ધદગ્ધ શાસ્ત્રોનાં નામ પણ હિંદુશાસ્ત્રોને મળતાંજ આપ્યાં છે. જેવાં કે યોગવાણી વિવેક વણજારો, સતવેણી ધ્રુ આખ્યાન, સતપંથીઓનું નીત્યકર્મ વિગેરે. આ ઉપરાંત હિંદુઓની ગાયંત્રી, જન્મ, લગ્ન, અને મરણ પ્રસંગે કરાતી વૈદિક ક્રિયાઓ ઉપરથી એ કુટીલ કપટી સૈયદે પણ એ દરેક પ્રસંગોને માટે અર્ધદગ્ધ મુસલમાની દુવાઓ બનાવી છે કે, જે વડે હિંદુ જ્ઞાતીઓનાં ધન તેમજ ધર્મની ખુવારી થઈ રહી છે. જન્મ અને લગ્ન જેવી ઉંચ્ચ ભાવનાવાળા ક્રિયાઓ કે જે વિદ્વાન બ્રાહ્મણો પાસેજ કરાવવી જોઈએ. તેને બદલે એ દરેક ક્રિયાઓ પૈસા ધુતી લેવાના કારણથી સતપંથના મુખી પાસેજ કરાવવી એવો નિયમ ઘડયો છે, અને તે મુખીએ એ દરેક પ્રસંગે મળતા સઘળા પૈસાઓ ઈમામશાહના વંશજ સૈયદોને મોકલી આપવાં જોઈએ, એવી ગોઠવણ કરી છે. તે ઉપરાંત મરણ પછીની દશા, એકાદશા, દ્વાદશા ઈત્યાદિ શ્રાધાદીક ક્રિયાઓ જે પ્રમાણે હિંદુઓ કરે છે તે પ્રમાણે, એ દરેક પ્રસંગોને માટે પણ સૈયદ ઈમામશાહ જુદી જુદી દુવાઓ લખી ગયા છે. તથા મૃત દેહને સ્વર્ગમાં મોકલવાને માટે પણ સૈયદ ઈમામશાહના વંશજ પૈસા લઈને દોવા પડી ગોઠવણ કરી આપે છે. એ ઉપરાંત દેહશુદ્ધિ પ્રાયશ્ચિત, સુતક નિવારણ ઈત્યાદિ માટે પણ દુવાઓ બનાવી છે, કે જે સઘળામાં કોઈપણ હિંદુ દેવની અગર બ્રાહ્મણની જરૂરજ ન પડે તે કાળજી ખાસ ધ્યાનમાં રાખી છે. એ ઉપરાંત ઘટપાટ કળસપુજા વિગેરેની દુવાઓ બનાવી છે કે જે સર્વે વાંચતાં એક સાચા હિંદુના હૃદયમાં કંપારી છુટ્યા વગર નજ રહે. તે સઘળામાં જ્યાં જુવો ત્યાં શરૂઆતમાં ફરમાનજી બીસમીલ્લાહ હર્રહેમાનથી આરંભ કરે છે. અને અંતમાં હક લાએલાહા ઈલીલ્લાહ મહંમદુર રસુલિલાહના કલમાનો જાપ હોય છે એવી રીતની સઘળી ક્રિયાઓ સતપંથીઓમાંનો જે એક પાકો ઈમાની હોય, તેને મુખીનો ઈલકાબ આપે છે તેજ કરાવી શકે છે. આ પછી એ સઘળી દોવાઓમાંથી અનુક્રમે એક પછી એક વાંચક વર્ગની સમક્ષ રજુ કરવામાં આવશે. જેમાં પ્રથમ દોવા મુખીની ક્રિયાની આવે છે, એમાં મુખી કોણ થઇ શકે! તથા મુખીની શું શું ફરજો હોય, તથા દરરોજ મુખીએ શું શું કરવું જોઇએ વિગેરે જણાવેલ છે.

S-11 S-12 S-13 S-114 S-143

આગળ જતાં બધું પોગળ ઉઘાડું થશે એટલે કહી રાખ્યું છે કે, બીજા સંસારી માણસો અને તેમના ધર્મ કર્મ કે વહેવારમાં જોડાવું નહિ ! માત્ર સૈયદોના મુખનોજ વહેવાર રાખવો, એટલુંજ નહિ પણ સૈયદોને દાન દેતાં જે ઓછું આણસે અને બીજા પાખંડ ધર્મો સાથે વહેવાર રાખશે તે નર્કે જશે જેથી એ બિચારા અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાન લોકો આ ઉપદેશ સાંભળી સૈયદોના મુખની પ્રસાદીને જ ઉત્તમ માનતા આવ્યા છે. જાણે હિંદુપણામાંથી ભ્રષ્ટ થયેલાનેજ ભેસ્ત મુકામે લઇ જવાનો ઇજારો મેળવીને સૈયદ ઇમામશાહ ન આવ્યા હોય તેમ પોતાના અજ્ઞાન હિંદુમુમના સેવકોના ગળે ગૂટડા ઉતાર્યા છે. સૈયદ ઇમામશાહના રચેલાં બધાં શાસ્ત્રો અને જ્ઞાનોમાં હિંદુધર્મ, ગાય, બ્રાહ્મણ, દેવતાઓ, મંદીરો અને હિંદુશાસ્ત્ર, પુરાણો વેદો વિગેરેની નીંદા કરી, અજ્ઞાન અને ભોળા લોકોને ભરમાવી તેમને ધર્મપરથી આસ્થા ઉઠાડી ઇસલામી બનાવવાના માટેજ રચવામાં આવ્યાં છે. એ ઉરતાંત સૈયદ ઇમામશાહે હિંદુધર્મથી પતિત થયેલા પોતાના મુમના સેવકોને નુરની ગોળી દશોંદ વિશોંદના લાગા આપે તથા પોતાની (ઇમામશાહની) આલ ઓલાદને ગુરૂ કરી પુજે તેનેજ સ્વર્ગ મળે છે, એવોજ મહીમા ગાયો છે. સૈયદ ઇમામશાહના બનાવેલાં શાસ્ત્રો જોકે આ પુસ્તકમાં ખાસ કરીને કેટલાંક તો આવી ગયાં છે, પરંતુ હજુપણ એવાં સેંકડો શાસ્ત્રો, જ્ઞાનો તથા ક્રિયાઓના ગ્રંથો બનાવેલા છે કે જે બધા આ પુસ્તક પછી પ્રગટ થનારા પીરાણા સતપંથની પોલ ભાગ બીજામાં આપવામાં આવશે. અત્રે તો હવે એ બધાં શાસ્ત્રો અને જ્ઞાનોને વિસ્તાર ભયથી મુકી દઈ, એક અગત્યનો વિષય કુર્મીક્ષત્રિય ઉત્તપત્તિમાંથી લઈ આપવામાં આવશે, કે જે હમારી જ્ઞાતિ સાથે વિશેષ મહત્વ ધરાવતો હોવાથી તેને સ્થાન આપીશું, કદાચ કોઇ વાચક બંધુને એમ પણ જણાશે કે, પીરાણા સતપંથની પોલને અને કુર્મીક્ષત્રિય ઉત્તપત્તિના ઇતિહાસને તે શો સંબંધ ! પરંતુ હવે પછીનું ૧૧ મું અને ૧૨ મું પ્રકરણ અથથી ઇતિ સુધી વાંચી જતાં જણાશે કે, પીરાણા સતપંથે અનેક હિંદુ જ્ઞાતિઓ અને તે ઉપરાંત કચ્છ દેશના અમારા કડવા પાટીદાર બંધુઓ કે જેઓ બધા એ પાપી પંથની જાળમાં ફસાઇને એવી તો અધમ સ્થિતિ ભોગવે છે કે, આજે તેમને તેઓ પોતે અસલ કોણ હતા, તથા ક્યાંથી કેવા કેવા સંજોગો વચ્ચે પોતાનું મુળ વતન ગુજરાત છોડી કચ્છના રેતાળ પ્રદેશ તરફ પ્રયાણ કરવું પડયું હતું. એ બધી બાબતનો સ્ફોટ કરવામાં આવશે. તેઓને તેમજ દુનીયાની જનતાને તેઓ કેવી અધમ સ્થિતિ ભોગવી રહ્યા છે, એ જણાવવાને માટે કુર્મીક્ષત્રિય ઉત્તપત્તિના વિદ્વાન લેખક કર્મવીર બંધુ પુરૂષોત્તમદાસ લલ્લુભાઇ વીરમગામવાળાએ અથાગ પરિશ્રમ ઉઠાવીને સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિને પોતાની અસલ સ્થિતિનું ભાન કરાવ્યું છે, કે જેના માટે અમારી આખી જ્ઞાતિ સદાને માટે તેમની રૂણી રહેશે.

સૈય્યદોનું એઠું એટલે સતપંથીઓની પ્રસાદી

દુરભાગ્યાવશ બીજો ભાગ છપાયો નહિ.

Date: 19-Oct-1534

S-11 S-12 S-13 S-114 S-143

સં. ૧૫૯૨ ના કાર્તક શુદ ૨ શુક્રવારે બાવાનો ધર્મ અંગીકાર કરેલ છે, તે ભાઈઓએ આજદિવસ સુધી વહીવંચો લખાવ્યો છે અને બ્રાહ્મણો પાસે સુતક કર્મ, મરણની ક્રિયા તથા લગ્નની ક્રિયા કરાવી છે, પણ હવેથી આપણા ગુરૂ ઈમામશાના ધર્મનો ખરો રસ્તો બાવા ઈમામશાના વંશના સહીદો તથા હાલે જે પીરાણાની ગાદી ઉપર ટિલાએત કાકા પ્રાગજીના હુકમથી અને ધર્મને સમજીને બ્રાહ્મણ તથા ભાટને નહીં માનવા. નીચે મુજબ ગામના પટેલીઆનો પંચ ભેગો થઇ ઠરાવ કર્યો છે તે આપણી આખી નાતને કબુલ મંજુર છે.

૧. ગામ નેત્રાના પટેલ લખમણ સૂત નારણ નાકરાણી, પટેલ નારણ આબજીઆણી, તથા પા. સામા ભાવાણી.
૨. ગામ વીરાણીના પા. માંડણ તથા રૈયા નાકરાણી, પટેલ પાંચા પાંચાણી, લાધા દીવાણી, તથા માના બાથાણી.
૩. ગામ શ્રી વિથોણના પા. દેવજી, ભગત કાનજી, ગણેશ સેંધાણી, વાલા નાંધાંણી, તથા વસરામ સૂરાણી.
૪. ગામ શ્રી નખત્રાણાના પા. ભોજા માંનાણી, પા. સૂરા, પા. નાંયા સેંધા, ગોરાવાલા, દેવરાજ, તથા કમા સુરાણી.
૫. ગામ મથલના પા. હરભમ પોકાર, મેઘા નાંનજીઆણી, તથા રતના ચોધરી.
૬. ગામ શ્રી ગડાણીના. પા. કેસરા, નીરજી, તથા પેથા પોકાર.
૭. ગામ શ્રી ખોંભડીના પા. પાંચા, તથા અબજી પોકાર.
૮. ગામ શ્રી અંગીઆના પા. અખઇ, મેઘા, માંના, તથા કાનજી પારસીઆ.
૯. ગામ શ્રી ડોઝાપરના પા. મનજી સોમજાંણી, પા. સુરા, મુખી જીવા, તથા ભીમા રઈઆણી.
૧૦. ગામ દર્શડીના પા. ડુંગર, ગોપાલ, લખમણ, કરસન પોકાર, દેવજી સેંધાંણી, ખેતા પુંજાંણી, તથા હરભમ.
૧૧. ગામ શ્રી સરવાના પા. કેસરા, તથા કરસન હરજી પબાણી.
૧૨. ગામ શ્રી કરઓઇના પા. દેવસી, તથા મૂળા.
૧૩. ગામ શ્રી મગવાણાના પા. ગોરા ચોપડા, તથા કચરા.
૧૪. ગામ શ્રી ભડલીના પા. ગોવા ઠાકરાણી, તથા માંડણ ભોજાણી.
૧૫. ગામ શ્રી માનકવાના પા. કરમસી, સુત ભીમજી, ધનજી, રામજી, તથા કરસન.

નાત સમસ્ત મળી ખાંનામાં, ગામ નખત્રાણાનામાં, બાવાના પાટ આગળ ધુપ દીવો કરી ઈમામસાના ધર્મના માટે નક્કી કરી, ગોર દયાશંકર ભગવાનજી તથા ગવરીદાસ સામદાસને રજા દીધી છે. આખી નાતે મળીને કહ્યું કે સં. ૧૫૯૨ ના કાર્તક સુદ ૨ શુક્રવારના દહાડાથી ધર્મ ઈમામસાનું લીધું છે, તે

S-11 S-12 S-13 S-114 S-143

સૈયદોએ ઉપરની ચેતવણી પ્રસિદ્ધ કરીને ખરૂં જોતાં તો હિંદુજનતા ઉપર એક પ્રકારનો ઉપકારજ કરેલો છે. કે જેને લઇ અન્ય હિંદુભાઇઓ પણ એ પીરાણા સતપંથીઓના સંસર્ગમાં આવતાં ડરે અને તેને લઈ એ સતપંથી ભાઇઓ પણ શરમને લઈને કાંતો જનતાની ટીકાના ભયથી એ પંથની કપટ જાળમાંથી છુટા થવા પ્રયત્ન કરે.

સૈયદો સારી પેઠે જાણે છે કે તેમના વડીલ એટલે પીરાણા સતપંથના મુળ સ્થાપક સૈયદ ઇમામશાહનો મુખ્ય મુદ્દો ભોળા હિંદુઓને એ પંથની કપટ જાળમાં ફસાવી અંતે મુસલમાની રાહત ઉપર જ લઇ જવાનો હતો. પરંતુ તેનાથી એ કામ ન બનતાં અધુરૂં રહી જવાથી તે કામ તેઓ (સૈયદ ઇમામશાહ) પોતાના ફરજંદોને સોંપી ગયા છે, એમ કહેવાય છે. અને તેજ મુદ્દાને અનુસરી **મોમીન શાહમહંમદ સકલાભાઇ** પોતા તરફથી સં. ૧૯૫૫ ના અષાડ માસમાં પ્રસિદ્ધ કરેલ ગ્રંથ "**અનવારે હીદાયત** યાને **હીદાયતનું નુર**" માં પીરાણા સતપંથીઓને ઉદ્દેશીને લખે છે કે;

"પીરાણા સતપંથના ત્રણ વિભાગ છે,

ભાગ ૧ લો સૈયદો કે જેઓ હઝરત પીર ઇમામશાહની ઓલાદના છે તેઓ શીઆહ ધર્મ પાળે છે.

ભાગ ૨ જો મોમન શેખ ભોઇ વિગેરે કે જેઓ અડધો મુસલમાની ધર્મ પાળે છે.

ભાગ ૩ જો ગુપતીઓનો કે જે ઓ તદ્દન હિન્દુ જેવા છે પણ ખુશીની વાત છે કે અમદાવાદના મોમીનો પુરો મુસલમાની શીઆ ધર્મ પાળે છે તો તે મુજબ આ ધર્મના તમામ ભાઇઓને મારી અરજ છે કે હિન્દુ અને મુસલમાનની વચમાં નહીં રહેતાં એક કીનારો પકડવો સારો છે.

આપણા પીરે તો જેમ એક ભુમીમાંથી બીજી ભૂમીમાં જવું હોય ને વચમાં દરીયો આવે ત્યારે વહાણની જરૂર પડે છે તેવી રીતે આપણને હિન્દુ રૂપી ભૂમીમાંથી ખસેડી મુસલમાની ભૂમી તરફ લઇ ગયા હવે કીનારે પોહોચવું આપણું કામ છે, નહીં તો એક સાધુની કહેવત પ્રમાણેઃ—

"ધર્મ ધામ પોંહોચ્યો નહી, નહિ વૈકુંઠ નહીં વાસ,
અધ વચમેં લટકી રહ્યો, સાધુ સુંદરદાસ."

એવી રીતે દરીયામાં રહેવા કરતાં એક કીનારો પકડવો બહેતર છે. કાંતો હીન્દુ થવું ને કાંતો મુસલમાન થવું પણ હિન્દુ થવું ગમે નહીં તેથી મુસલમાની ધર્મ બરાબર સમજી પાળવો એજ ઠીક છે.

S-11 S-12 S-13 S-114 S-143

જુઓ કે અમદાવાદ વિગેરે મોટાં શહેરોમાં આવો સુધારો થઇ ગયો છે. પણ કચ્છ કાઠીઆવાડ–કાનમ ચરોતર વિગેરેમાં તો હજુ કંઇ પણ સુધારો થયોજ નથી જો કે આપણા પીરનો હુકમ છે કે, “ **રોજા નીમાઝને બંદગી ભાઇ કલમા નામત ચીઝ.** ” કોઈ શખશને એકનો એક દીકરો હોય ને તે નાપાક એટલે ઝાડો પીશાબ વાળો હોય તો તેનો બાપ નવરાવ્યા શિવાય ખોળામાં બેસાડશે નહીં તેમ આપણા પેદા કરનારની પાસે આપણે નાપાકીની હાલતમાં જઇશું, તો તે આપણને કેમ મંજુર કરશે. અર્થાત મુડદાંઓને **ગુસલની** રીત પ્રમાણે નહીં નવરાવતાં એમને એમ દાટી દે છે અને જનાઝાની **નીમાઝ** પડાવતા નથી માટે **કલમો નીમાઝ ગુસલ** વિગેરેની રીતો જેવી આપણા પીરના ફરઝંદો પાળે છે તે મુજબ પાળવી જોઇએ. જુઓ કે **પીરાણામાં મસજીદ છે ઇમામખાનું છે મદ્રસો છે દરગાહમાં કુરાન સરીફની આયતો** લખેલી છે. કુરાન શરીફ સીરહાને મુકેલાં છે, વિગેરે રીતો તમે જોશો તો ખાત્રી થશે. કે આપણા પીર કે જેઓ પાકા **શીઆ મઝહબના** તેમનો હેતુ આપણને પુરા **મુસલમાન** કરવાનો હતો પણ શરૂવાતની અંદર જેટલું કરવાનુ તે તેઓ સાહેબે કરી જીંદગી પુરી થવાથી બાકીની હકીકત અધુરી રહી; તો ઉમેદ છે કે આપણા પીરના **ફરઝંદો** (સૈયદો) **કાકાઓ** તથા **જમાતના આગેવાનો** આ કામ માટે કોશીશ કરશે. ” લેખકે આ પ્રમાણે ભલામણ કરી છે, અને તે વખતના **પીરાણાની** ગાદીના મુજાવર કાકા કરમસીના માટે લખે છે કે, ‘ કરમસી કાકો હર વખત હઝરત અલીઅ અલેહીસ સલામને યાદ કરે છે. તેઓ પંજતન પાક અલેહીસ સલામની મીજલસો દર જુમેરાતે તથા ચાંદરાતે પીરાણામાં કરે છે. અને ચાલીસમાં સુધી આકા ઇમામહુશેન અલેહીસ સલામના ગમની મીજલશો કરે છે. ’

આવા આવા અનેક પ્રકારના પ્રપંચો હિંદુઓમાંથી પતિત થઇ વટલી ગયેલા મુમનાઓ તથા ઈમામશાહના વંશજ સૈયદો ભોળા અને અજ્ઞાન હિંદુભાઈઓને ફોસલાવી જાહેર મુસલમાન બનાવવા કરી રહ્યા છે. ખરૂં જોતાં તો એ પંથને માનનારા હિંદુભાઈઓના વર્તનમાં પણ દિવસે દિવસે પરિવર્તન થતું જાય છે. તેઓમાંના કેટલાક તો માત્ર પહેરવેશથી અને અસલની જુનિ પદ્ધતિ અનુસાર આપવામાં આવતાં નામો પરથી જ તેઓ હિંદુ છે એમ ઓળખાય છે.

પોતાને હિંદુ તરિકે ઓળખાવનાર આવા સતપંથી ભાઈઓ જો વેળાસર ચેતીને એ પ્રપંચી પંથની કપટ જાળમાંથી મુક્ત થવા પ્રયત્ન નહિ કરે, અને હજુપણ એ કપટ કુશળ સૈયદોના કહેવા અનુસારજ પોતાનું વર્તન રાખશે તો અંતે તેમને મુસલમાન થવુંજ પડશે.

॥ ओ३म् ॥

પીરાણામત (સતપંથ) તંત્ર.

ભાગ ૧ લો.

રચનાર શુભેચ્છક

છીમાભાઇ ભુલાભાઈ ભગત.

મુ૦ ભાઠા–સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર

રણછોડભાઇ હલસુખભાઇ ભગત.

ઠે૦ શાકબજાર–અમદાવાદ.

સં. ૧૯૭૪ સન ૧૯૧૮

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૫૦

કિંમત રૂ. ૦-૧-૦

" સર્વ ધર્મમાં સત્યનો અંશ છે. "

જુઓ, સતપંથ ભાષણ ચેરમેન મી. મથુરચરામ.

સન ૧૯૧૭ ની ત્રીજી કોનફરન્સ.

પ્રિય વાંચકો ! ચેરમેનના ભાષણ ઉપરથી સતપંથ શાસ્ત્ર ખોટું ઠર્યું છે; અને અમને ટેકો મળ્યો છે કે હરેક ધર્મમાં સત્યનો અંશ છે તો હવે એથી વિરૂદ્ધ સતપંથી કે તેની સાથે સંબંધ ધરાવનારા કોઇ પણ આગેવાનથી જાહેરમાં એમ તો નહિ કહી શકાય કે આ કળિયુગમાં એકલો સતપંથજ સત્ય છે ? મતલબ કે સર્વે ધર્મ સાચા છે એવું નક્કીજ છે. તો પછી પીરાણાની ગાદીવાળા લક્ષ્મણ કાકાએ અમને આર્યસમાજની સનંદ આપીને સતપંથની સનંદ લઈ લીધી આથી તો થયું એવું કે શેઠ ક્યાં ગયા ? તો ઘેરના ઘેરજ ? એમાં અમારે ખોટું માનવાપણું કે અમારા પ્રત્યે દ્વેષ રાખવાનું કારણ શું ? એથી તમારામાં કાંઇ વિશેષ છે ? ખરેખર, તે સરક્યુલર અને તા. ૧-૪-૧૫ નો તે દિવસ અમારા અંતઃકરણમાં હંમેશને માટે કોતરાઇ રહેશે; કારણ કે, જો જમાતો તે સરક્યુલરનો અમલ ન કરત તો આજ સુધીમાં તે પંથ જે હિંદુપણામાં ગુપ્ત રીતે ખપતો હતો તે ખપ્યે જાત અને લોકો તેની જાળમાં ફસાત. પરંતુ સતપંથનું યથાર્થ સ્વરૂપ બતાવીને દુનીયાને

સાથે સતપંથીઓ પણ શકમાં પડશે કે, આ નુરૂદ્દીન તો નવસારીના મતીઓના ભગવાન છે અને તે ઇરાનના રહીશ છે; તથા ઈમામશાહ તે પીરાણાવાળા સતપંથીઓના ભગવાનના છોકરા પ્રભુ છે, અને તે અરબસ્તાનના રહીશ છે.

(જુઓ, તબકત-એ. નાસીલ ઇલીયટકૃત ભાષાંતર ૨ પૃ. ૩૩૧-૬)

વાંચકો ! હવે " નવસારીના નુર સતગોર, તેજ પીરાણાના નુર સતગોર છે " એમ સિદ્ધ થયું. માટે નવસારીની સેંદ લેઇ જાઓ તે પીરાણા ગયા બરાબર છે; અને નવસારીની સોંઘી જાત્રા સિદ્ધપુર બરાબર છે. આ તફાવત ઘણાં વર્ષોનો છે; અને તે પીરાણાના ઈમામશાહના સેવકો ખુશીથી કબુલ કરે છે, પણ અમે સીધો રસ્તો બતાવીએ તો દુશ્મન.

હંસ બાળે અને ચીત્રાને માંથે પડે.

આ તો, નવસારીવાળાના અમે દુશ્મન; અને તમારા દોષ (પીરાણામાંથી બરતરફ કરેલા સેવકો તથા આર્યસમાજને માટે હથિયારરૂપ બનાવ્યા એ) ઠીક ?

પણ ભાઇરે, 'કાળા અક્ષર ભેંસ બરાબર' સમજનારના દોરેલા તમે દોરાઓ છો, અને તેઓના હાથમાં પીરાણાનો બધો આધાર મૂકો છો. તેનું ફળ કેવું આવે છે ? તે એક દિવસ તમારા જોવામાં આંવશે.

ફીરોજશાહ તઘલખ જેવા કેટલાક રાજાઓએ (ઇ. સ. ૧૩૫૧-૮૮) પોતાની હિંદુ પ્રજાને એવી લાલચ આપી કે તમે મુસલમાન થશો તો તમને જજિઆ કર-માંથી મુક્ત કરીશ; યાતો તમને મોટા ઓદ્ધા આપીશ; તેમજ સરકારી નોકરીમાં દાખલ કરીશ. આવી લાલચને લીધે હજારો માણુસોએ ઇસ્લામ ધર્મ અખત્યાર કર્યો હતો.

સિદ્ધરાજ જયસિંહ (ઇ. સ. ૧૦૯૪. ૧૧૪૩) ના અરસામાં ખંભાતમાં રાજ્ય કરતા હતા. એમના ઇતિહાસનું વૃત્તાંત જાહેરમાં એટલુંજ છે કે એક વખતે ખંભાતમાં હિંદુ, પારસી, અને મુસલમાનોને તકરાર થતાં જૈન તથા પારસીઓએ મુસલમાનોની મસ્જિદ ભાંગી નાંખી. મુસલમાનોએ તે બાબતની ફૂર્યાદ સિદ્ધરાજને કરતાં તેણે જૈન તથા પારસીને સજા કરી અને મસ્જિદ ફરી બાંધવા થોડા પૈસા સુદ્ધાં આપ્યા. એ મુસલમાનો તે વખતના રાજાઓના લશ્કરમાં નોકરી કરતા. કેટલાક સૈનિકો પણ ખરા. પણ સતપંથ પુસ્તકમાં ઇતિહાસ છે તે ચમત્કારી બાબતનો છે. એટલે તે આ તકે જાહેર કરવાની જરૂર નથી.

મિરાતે-અહમદી-નામના ગુજરાતના ફારસી ઇતિહાસ લેખક ફિરસ્તાની તવારીખને અંતે તેણે ઘણા પીર, શેખ, અને બીજા મુસલમાન ધર્મ પ્રચારકોનાં ચરિત્ર આપ્યાં છે. તેમાં સૌથી લાંબા વખતનાં અને પ્રખ્યાત મખાજી

બાદશાહના હુકમથી કાજીએ તેડાવેલા. તેમને મળવા જતાં ઇમામશાહનું મોત થયું. કોઇ કહે છે કે તેમણે પોતે ઝેર ખાધું. કોઈ કહે છે કે રાજાના માણસે ખવડાવ્યું. પરંતુ તે ઉપરથી મતીઆઓ (ખોજા) ને ગુસ્સો ચઢયો; અને તેમણે બાદશાહ સામે બંડ ઉઠાવી ભરૂચનો કિલ્લો સર કર્યો. એ બંડ દબાવી દેતાં બાદશાહને ઘણો શ્રમ પડયો. 'બાકરઅલ્લી' નામના પીરાણાના સૈયદ ઈ. સ. ૧૮૪૩ માં ગુજરી ગયા. તેમણે વળી જે બોધ કર્યો તે પ્રમાણે હઝરત મહમદ તે બ્રહ્માનો અને અલી તે વિષ્ણુનો અવતાર કહેવાય છે. પોતે પોતાને સતગુરૂ અથવા ઈમામ અથવા ભગવાન કહેવડાવતા; અને એક કાકાના કહેવા મુજબ બાકરઅલ્લી રામ અને પોતે લક્ષ્મણનો અવતાર હતા. (હાલમાં પીરાણામાં રામજી કાકા કારભારી અને લક્ષ્મણ કાકા ગાદીવાળા છે. તે આગલા વખતમાં અવતારીના નામ ઉપરથી હોય તો કોણ જાણે ?)

S-4

S-121

સતપંથીઓ ગુપ્ત રીતે મુસલમાન ધર્મ પાળે છે અને દેખાવ માટે અથર્વવેદી કહેડાવે છે

જો કે કલમો પઢવાથી પાપ ધોવાઇ જાય છે.

એ પંથના હિંદુઓ ગુપ્તી (ગુપ્ત રીતે) મુસલમાન અને બહારથી હિંદુ (અથર્વ વેદી) કહેવાય છે; અને ઇમામશાહના સંતાનો પ્રકટી (ખુલ્લી) મુસલમાન પાળવાવાળા કહેવાય છે.

S-182

Series 36 (Updated) -Pirana Satpanth's religious head is a Muslim / પીરાણા સતપંથના ધાર્મિક ગુરૂ એક મુસલમાન

Link: http://www.realpatidar.com/a/series36

Real Patidar <mail@realpatidar.com> **Mon, Aug 1, 2011 at 7:48 PM**
To: realpatidar <realpatidar@googlegroups.com>

Note/નોંધ:
Name of news paper in which the news of death was published, has been now rectified correctly to Gujarat Samachar.
Earlier wrongly mentioned as Kutch Mitra.
ગુજરાત સમાચાર છાપામાંમાં બેસણાની જાહેરાત છાપવામાં આવી હતી, તે વાતને સુધારી નાખવામાં આવી છે. પહેલાં ભૂલથી કચ્છ મિત્ર લખાઈ ગયું હતું.

24-Jul-2011

|| જય લક્ષ્મીનારાયણ || || Jay Laxminarayan ||

હમણા થોડા દિવસ પહેલાંજ, એટલે તા. ૦૧ જુલાઈ ૨૦૧૧ ના પીરાણા સતપંથના ધાર્મિક ગુરૂ/પીર શામ્સુદ્દીન બાવા ખાકીનો દેહાંત થયો છે. તેમનું ફોટું નીચે પ્રમાણે છે. તેઓ સતપંથ સનાતન વૈદિક ધર્મના ગાદીના ૧૪માં વારસદાર (ગાદીપતિ) હતા.
Few days back, i.e., on 01-Jul-2011, Pirana Satpanth's Pir and religious head, Shri Shamshuddin Bawa Khaki expired. His photographs is given below. He was 14th heir to the seat of "Satpanth Sanatan Vaidik Dharm"



पीरजादा सैयद शम्सुदीन बावा साहेब "खाकी"
पीराणा (गुजरात)

S-182

તેમના મરણ પછી તેમના દીકરાઓએ બેસણાની જાહેર ખબર ગુજરાત સમાચારમાં છપાવી હતી, જે નીચે પ્રમાણે છે;

After his death, his sons had published an advertisement in Gujarat Samachar news paper on 03-Jul-2011, Page 2, Bhuj Edition, which is given below.

ગુજરાત સમાચાર, ભુજ આવૃત્તિ - તા.૦૩ જુલાઈ ૨૦૧૧, પેજ: ૨

બેસણું



પીરશ્રી સૈયદ ઈમામશાહ બાવા (મુ.પીરાણા)ના ૧૪માં (ચૌદમાં) સજ્જાદાનશીન અને સતપંથ સનાતન વૈદિક ધર્મના પીરશ્રી **પીરઝાદા સૈયદ શમ્સુદ્દિન બાવા સાહેબ "ખાકી"** નું દેહાન્ત તા. ૧-૭-૧૧ના રોજ થયેલ છે. આપશ્રીનું બેસણું તા. ૪-૭-૧૧, સોમવારના રોજ સવારે ૯થી ૧૧ના સમયે "ખાકી" બાવાનું મકાન, મુ.પીરાણામાં નિર્ધારીત કરેલ છે.


લિ. **સજ્જાદાનશીન પીરઝાદા સૈયદ સલાઉદ્દીન શમસુદ્દીન તથા પીરઝાદા સૈયદ મહંમદ અશરફ શમ્સુદ્દિન**

ઉપર જણાવેલ જાહેર ખબરમાં જાણવા લાયક મુખ્ય મુદ્દો છે... "સતપંથ સનાતન વૈદિક ધર્મના પીર શ્રી પીરઝાદા સૈય્યદ શમ્સુદ્દીન બાવા સાહેબ ખાકી"
આનો અર્થ એમ છે કે "પીર શ્રી પીરઝાદા સૈય્યદ શમ્સુદ્દીન બાવા સાહેબ ખાકી" એ બીજા કોઈ નહિ પણ "સતપંથ સનાતન વૈદિક ધર્મ"ના પીર/ગુરૂ છે.
Important points worth noting from the above advertisement is that... "Satpanth Sanatan Vedic Religion's" Pir is none other than "Pirzada Saiyyad Shasuddhin Bawa Saheb Khaki".

ત્યાર બાદ તારિક ૦૭ જુલાઈ ૨૦૧૧ના "સતપંથ સનાતન વૈદિક ધર્મના અનુયાયીઓ" અને "નિષ્કલંકી નારાયણ ભગવાનના શ્રદ્ધાલોઓ"એ એક શ્રદ્ધાંજલિ કચ્છ મિત્રમાં છપાવી હતી. જે નીચે પ્રમાણે છે;
There after on 07-Jul-2011, followers of "Satpanth Sanatan Vedic Religion" and "Believers of Nishkalanki Narayan Bhagwan" had published their condolences in Kutch Mitra News Paper, Bhuj Edition, Page 9, which is as under;

S-182

કચ્છ મિત્ર, ભુજ આવૃત્તિ - તા.૦૭ જુલાઈ ૨૦૧૧, પેજ: ૯



ઉપર બતાવેલ જાહેર ખબરમાં તમે સાફ જોઈ શકો છો કે "સતપંથ સનાતન વૈદિક ધર્મના અનુયાયીઓ" એ તેમના "પીર" ને હૃદયથી શ્રદ્ધાંજલિ આપી છે.

From the above advertisement it is clear that the followers of "Satpanth Sanatan Vedic Religion" have expressed their heartfelt condolences on the death of "their Pir".

પણ, તેના પછી તા. ૦૯ જુલાઈ ૨૦૧૧ ના કચ્છ મિત્રમાં ક.ક.પા. સતપંથ સનાતન સમાજે, તા. ૦૭ જુલાઈ ૨૦૧૧ના છપાવેલ શ્રદ્ધાન્જલીનો જાહેર રદિયો છપાવેલ છે. જે નીચે મુજબ છે;

But thereafter on 07-Jul-2011, once again in Kutch Mitra news paper of Bhuj edition, on page 5 a Disclaimer is published by "K.K.P. Satpanth Sanatan Samaj", which is reproduced below;

S-182

કચ્છ મિત્ર, ભુજ આવૃત્તિ - તા.: ૦૯ જુલાઈ ૨૦૧૧ પેજ: ૫

જાહેર રદિયો

આથી સર્વે જાહેર જનતાને જણાવવાનું કે, ગત તા. ૭-૭-૨૦૧૧ના કચ્છમિત્ર દૈનિક અખબારમાં જે 'પીરઝાદા સૈયદ સમસુદીન બાવા સાહેબ-ખાકી'ની જે સતપંથ સનાતન વૈદિક ધર્મના અનુયાયીઓ તેમજ નિષ્કલંકી નારાયણ ભગવાનના શ્રદ્ધાળુઓ વ્યથિત જે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી જે બાબતે સતપંથ સનાતન સમાજ તેમજ નિષ્કલંકી નારાયણ ભગવાનના અનુયાયીઓને કોઈપણ જાતનું લાગતું-વળગતું નથી અને તેની સાથે કોઈપણ જાતના લેવા-દેવા પણ નથી અને સતપંથ સનાતન સમાજ તેમજ નિષ્કલંકી નારાયણ ભગવાનના અનુયાયીઓ સખત શબ્દોમાં વખોડી કાઢે છે. જેની સર્વે જનતાએ નોંધ લેવી.

મંત્રીશ્રી	એજ લિ.
સામજીભાઈ કેસરા છાભૈયા રાયણ મોટી-કચ્છ.	શ્રી ક. ક. પા. સતપંથ સનાતન સમાજ, પ્રમુખશ્રી, રતનશી લાલજી વેલાણી, દુર્ગાપુર-કચ્છ.

ઉપર બતાવેલ "જાહેર રદિયો"ના મદદથી જનતાન સમક્ષ એવો સંદેશો મોકલવાની કોશિશ કરવામાં આવી છે, જાણે "સતપંથ ધર્મ" અને "પીર શામ્સુદ્ધીન બાવા" નો કોઈ સંબંધ નથી.

Reading the above disclaimer, any normal reader would get an impression that "Satpanth Religion" and "Pir Shamsuddin Bawa" have no connection/relation.

પણ ધ્યાનથી વાંચ્યા બાદ તેનું અધ્યયન કરીએ તો સમજાઈ આવેશ કે ઉપર જણાવેલ "જાહેર રદિયો" તો ફક્ત લોકોની આંખમાં ધૂળ નાખવા શિવાય કઈ નથી. લોકોને મુજવાના "તાકિયાના" પ્રયોગનો આ એક સરસ દાખલો છે. તેના કારણો આ પ્રમાણે છે:

However, after careful reading and analysing, it will become very clear that the Disclaimer published was just to fool people and has no substance to it. This is a very good example of use of "Taqiyya" to confuse people. The reasons for are;

1. શ્રી ક.ક.પા. સતપંથ સનાતન સમાજે તા. ૦૯-૦૭-૨૦૧૧ના કચ્છ મિત્રમાં જે રદિયો આપ્યો છે, તે રદિયો આપવાનો તેમને કોઈ મૂળભૂત અને નૈથીક અધિકારાજ નથી. આવો અધિકાર તો ફક્ત પીરાણા સતપંથ ધર્મની સર્વોચ્ચ અને એક માત્ર માતૃ સંસ્થાનેજ છે. આ સંસ્થા જે કોર્ટના આદેશના પગલાં રૂપે સ્થાપેલી છે, તેનું નામ છે"ધી ઈમામ શાહ બાવા રોઝા સંસ્થાન કમીટી ટ્રસ્ટ" અને તેનું રેજીસ્ટ્રેશન નં છે "ઈ-૭૩૮".

1. Shri K K P Satpanth Santan Samaj has no basic and moral right to issue the disclaimer published on 09-Jul-2011 in Kutch Mitra news paper. Such right is vested only with the highest and mother institution of all Pirana Satpanthis. This institution was formed by the order of the court and is called"The Imam Shah Bawa Roza Sansthan Committee Trust" having registration no as "E-738".

S-182

2. "શ્રી ક.ક.પા. સતપંથ સનાતન સમાજ" એક "સામાજિક સંસ્થા" છે. તેને સતપંથ ધર્મના ધાર્મિક બાબતમાં છણાવટ કરવાનો કોઈ અધિકાર નથી. પીરાણા સતપંથ ધર્મના ધાર્મિક બાબતે છણાવટ કરવાનો અધિકાર "ધી ઈમામ શાહ બાવા રોઝા સંસ્થાન કમીટી ટ્રસ્ટ"ને છે. **આ ટ્રસ્ટમાં ૭ પાટીદાર ભાઈઓ છે અને ૩ સૈય્યદ ભાઈઓ છે. તેમજ ધર્મના મુખ્ય "કાકા", હાલે શ્રી નાનકદસ કાકા, ગુરુ કરસનદાસ કાકા અને તેમના ગુરુ સવજી ભગત (પીરઝાદા સાથે કરસન કાકા અને સવજી કાકાનો ફોટો પણ જોઈ શકશો), ચેરમેન પદે હોય છે. આમ કુળ ૧૧ ટ્રસ્ટીઓ આ ટ્રસ્ટમાં છે**. આ હકીકતથી સાફ થઈ જાય છે કે સૈયદ ભાઈઓ અને પાટીદાર ભાઈઓ વચ્ચે, સતપંથ ધર્મ બાબતે, વર્ષોથી સંબંધ છે અને એ સંબંધ પીર/ગુરુ અને મુરીદો/અનુયાયીઓ નો સંબંધ છે.

2. "Shri K. K. P. Satpanth Sanatan Samaj" is a "Social Organisation". With respect to Satpanth Religion, it does not have any right to issue any kind of clarification. Such right is vested only with "The Imam Shah Bawa Roza Santhan Committee Trust". **This trust consists of 7 trustees from Patidar communitee and 3 trustees from Saiyyed community. The incumbent main "Kaka" is the chairman of the trust, who at present happens to be Nanakdas Kaka guru Karsan Kaka and his guru Savji Kaka. (You can see the photo of Pirzada with Karsan Kaka and Savji Kaka). In this way, there are in total 11 trustees.** With this fact, it becomes amply clear that Saiyyeds and Patidars share some kind of common relationship. For hundreds of years now, they shared the relationship of a "Pir/guru" with that of "followers/believers".

તેમના સંબંધ દર્શાવતું એક ફોટું પણ તમે નીચે જોઈ શકો છો, જેમાં કરસન કાકા અને તેમના ગુરૂ સવજીકાકા, પીર શમ્સુદ્દીન સાથે છે. પીર શમ્સુદ્દીન વચ્ચે બેઠા છે. From the photo below, you can see that Pirzada Shamsuddhin Khaki is sitting in the middle and Karsan Kaka (left) and his Guru Savji Kaka (right) are standing on either sides.



કરશનકાકા પટેલ કરશન અરજન ખેડોઈ કચ્છ	પીરજાદા	સવજીભગત પટેલ સવજી અરજન દેસાઈ પરાકંપા

S-182

3. બીજી બાજુ સતપંથ સનાતન વૈદિક ધર્મના સેવકો ફક્ત ક.ક.પા. (કચ્છ કડવા પાટીદાર) જ્ઞાતિમાંજ છે એવું નથી. સતપંથ ધર્મને રબારી, લોહાણા (ખોજાઓ), બ્રાહ્મણો, ગુજ્જર, કોળી પટેલ, મુસ્લિમો, વગેરે ઘણી જ્ઞાતિના લોકો માને છે. ક.ક.પા. સતપંથ સમાજ તો ફક્ત કચ્છમાં રહેતાં કડવા પાટીદારોની એક નાની સામાજિક સંસ્થા છે. એ કઈ બીજા સતપંથી ભાઈઓ વતીથી નિવેદન/રદિયો ન આપી શકે. ક.ક.પા. સતપંથ સનાતન સમાજે આપેલ રદિયાનું કોઈ વજૂદ નથી / મતલબ નથી.

3. On a different note, the followers of Satpanth Sanatan Vedic Religion are not confined to people from K. K. P. (Kutch Kadva Patidar) community only. People from communities like Rabari, Lohana (Khoja), Brahman, Gujjar, Koli Patel, Muslims etc. believe in Satpanth religion. K K P Satpanth Sanatan Samaj is a very small organisation of Kadva Patidars of Kutch region. It cannot give any clarification of people from other communities. The disclaimer published by K K P Santpanth Sanatan Samaj has not real meaning and has absolutely no standing at all.

તો આવા સંજોગોમાં શ્રી ક.ક.પા. સતપંથ સનાતન સમાજ દ્વારા એવું નિવેદન કરવું કે "સતપંથ સનાતન વૈદિક ધર્મના અનુયાયીઓ" અને "નિષ્કલંકી નારયણ ભગવાનના શ્રધાળુઓ" ને "પીર શ્રી પીરઝાદા સૈય્યદ સમ્શુદ્દીન સાથે" "કોઈ પણ જાતના લેવા-દેવા નથી", તેમજ જન્નત નશીન પીર માટે તેમના અનુયાયીઓના દિલની કોમલ અને પાક ભાવનાને "સખત શબ્દોમાં વખોડી કાઢે છે" એમ કહેવું એ પીરની અવમાનના છે, અનુયાયીઓની લાગણીને દુભાવાનો પ્રયત્ન છે અને સત્યથી વેગળું છે.

In light of the above, the disclaimer published by K K Satpanth Santan Samaj that "followers of Satpanth Sanatan Vedic religion " and "believers of Nishkalanki Narayan Bhagwan" have "nothing to do" with "Pir Shri Prizada Saiyyad Shamshuddin" is nothing but defaming the Pir, to hurt the feels of his followers and something other than truth.

હવે, ઉપર જણાવેલ વસ્તુ હકીકત જાણ્યા બાદ ચોખ્ખું સમજાઈ આવે છે કે "પીરાણા સતપંથ" જેનું બીજું નામ "સતપંથ સનાતન વૈદિક ધર્મ" છે, તેના ધર્મ ગુરૂ એક મુસલમાન સૈય્યદ છે. હાલના ગાદીપતી ("સજ્જાદ નશીન") ધર્મ ગુરૂ નું નામ છે, "પીર શ્રી પીરઝાદા સૈય્યદ સલાઉદ્દીન શમશુદ્દીન બાવા ખાકી"

Thus, after understanding the above facts, it becomes very clear that the religious head of "Pirana Satpanth religion" alias "Satpanth Sanatan Vedic Religion" is a Muslim Saiyyed. At present name of the person siting on the seat, the 15th heir ("Sajjad Nashin") , is "Pir Shri Pirzada Saiyyed Sallauddin Shamshuddin Bawa Khaki"

S-182

લોકો, પીરાણા સતપંથની સચ્ચાઈથી, વાકેફ રહે તેના માટે આ ઈમેઈલ મોકલવામાં આવ્યો છે.

This email has been circulated to make people aware about the true facts of Pirana Satpanth.

Real Patidar

www.realpatidar.com

- Views expressed here are for the sake of discussion and knowledge only.
- To fully understand the contents of this email, you may be required to read http://www.realpatidar.com/archives/series-1
- To know more visit www.realpatidar.com or send a request-mail to mail@realpatidar.com
- To receive emails send a request to mail@realpatidar.com or join google group http://groups.google.com/group/realpatidar/
- Views expressed here are not necessarily of Real Patidar or subscribed by Real Patidar.

BEWARE !! BEWARE !! -Phishing attacks:

1. real-patidar@googlegroups.com 2. realpatidarr@gmail.com 3. realpatidaar@gmail.com are **NOT** related to the www.realpatidar.com, the original Real Patidar

----

ॐ

॥ શ્રી ગણેશાય નમઃ ॥

કચ્છના કડવા પાટીદાર આઈઓનો

કીર્તિધ્વજ !

યાને

સંવત ૧૯૩૨ માં થયેલા નિંદ્ય ઠરાવનું નિકંદન.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિના આગેવાનોના હુકમથી,

પટેલ જીવરાજ વસ્તા કોન્ટ્રાકટર.

ગામ માનકુવાવાળા.

તા. કચ્છ-ભૂજ.

This document is of the year 1926

પ્રત ૨૦૦૦ ઈ. સ. ૧૯૨૬.

મૂલ્યઃ સત્યનું પ્રતિપાલન.

મુદ્રણસ્થાનઃ આદિત્યમુદ્રણાલય, રાયખડ રોડ-અમદાવાદ
મુદ્રકઃ ગજાનન વિશ્વનાથ પાઠક.

કચ્છ દેશમાં શાંન્તીથી મક્કમપણે પીરાણા સતપંથના
પાખંડો ઉઘાડા પાડનાર સુજ્ઞ બંધુ



શ્રી. પટેલ વાલજીભાઇ રામજીભાઈ

ગામ વીરાણીવાળા (કચ્છ)

Lakshmi Art, Bombay 8.

કચ્છના કડવા પાટીદાર ભાઈઓનો કીર્તિધ્વજ !

યાને

સંવત ૧૮૩૨ ની સાલમાં થયેલા નિંદ્ય ઠરાવનું નિકંદન !

પીરાણામાં નવા કાકાને ગાદીએ બેસારવા નીમિત્તે કચ્છ દેશથી આવેલા કણબી જ્ઞાતિના આગેવાનોએ જ્ઞાતિના હીત માટે કરેલા ઠરાવો.

22 Dec 1925

સંવત ૧૯૮૨ ના પોષ સુદી સાતમને મંગળવાર તા. ૨૨ માંહે ડીસેમ્બર સને ૧૯૨૫.

૧ અમો કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિ સમસ્તના આગેવાનો અમદાવાદ મુકામે ભેગા થઇને નીચે પ્રમાણે ઠરાવ કરીએ છીએ કે, આપણી જ્ઞાતિમાં આજે કેટલાક વર્ષો થયાં, આપણને ન શોભે તેવા રીતરિવાજો આપણી અજ્ઞાનતા તથા ભોળા સ્વભાવને લઇને ઘૂસી ગયા છે. જેથી આપણને વખતો વખત ઘણું સોસવું તથા શરમાવું પડે છે. અને હિંદુજનતાની સાથે વ્યવહારમાં પણ આપણને ઘણો મતભેદ પડે છે. તેથી આજના દેખતા જમાનાને અનુસરી, તેમાં યોગ્ય ફેરફારો કરવા જોઇએ; જેથી જગતમાં હાંશીને પાત્ર થતા બચીએ, તથા આખી દુનિયામાં સર્વની સાથે દરેક જાતના વ્યવહારમાં ભળતા રહી શકીએ.

Reason and rationale behind re-converting to Hinduism

૨ આપણી જ્ઞાતિએ સતપંથ ધર્મનો સંવત ૧૫૯૨ ના કારતક સુદ ૨ ને શુક્રવારે સ્વીકાર કર્યો હતો. પરંતુ ત્યારપછી બસો ચાલીસ (૨૪૦) વર્ષ પછી એટલે સંવત ૧૮૩૨ ની સાલ સુધીના સઘળા રીતરિવાજો બરાબર હતા. પરંતુ નખત્રાણા મુકામે આખી જ્ઞાતિના આગેવાનો તથા કાકા પ્રાગજી અને વલીમીયાં સૈયદે જે ઠરાવ સં. ૧૮૩૨ ના પોષ વદ ૧૩ ના દીને કરેલ છે, તે ઠરાવને અમો આજ દીને આખી જ્ઞાતિના આગેવાનો ભેગા થઇને રદ કરીએ છીએ. અને અસલના જુના રીતરિવાજો પાછા ચાલુ કરવાને આખી જ્ઞાતિને છુટ આપીએ છીએ.

૩ આપણી જ્ઞાતિમાં લગ્નક્રિયા ચોરીથી શાસ્ત્રવીધિ પ્રમાણે કરવાની તેમજ મરણક્રિયા પણ શાસ્ત્રાર્થ વીધિ પ્રમાણેજ કરવી એવો ઠરાવ કરીએ છીએ.

૪ મરણની ક્રિયા અગ્નિદાહથી કરવી.

Ban / Boycott of Saiyyeds

૬

૫ આજરોજે આપણે ઠરાવ કરીએ છીએ કે, સૈયદોને આપણે કચ્છમાં આવતા બંધ કરીએ છીએ. અને જો કોઇ સૈયદો કચ્છમાં આવે તો આપણી જ્ઞાતિના કોઈપણ ભાઇએ તેનો સ્વીકાર કરવો નહિ. અને તેમને આશરો પણ આપવો નહિં.

Sanatan Hindu Dharm is re-embraced

૬ આપણી જ્ઞાતિના ધર્મ પાળનારાઓએ સનાતન ધર્મની આજ્ઞા પ્રમાણે વર્તવું, અને બરાબર આચાર વિચાર પાળવા, તથા સંધ્યા-કર્મ વિગેરે નીત્યકર્મ કરવાં.

૭ આપણી જ્ઞાતિમાં ધર્મસંબંધી તથા વહેવાર સંબંધી બોલવા ચાલવા તથા આચાર વિચાર પાળવા તથા પહેરવા ઓઢવા વિગેરે બધી બાબતોમાં અયોગ્ય રીવાજો છે, તેને કાઢીને યોગ્ય રીવાજો કરવા, તેવો ઠરાવ કરીએ છીએ.

૮ અનાદી કાલથી સરખો ચાલી આવેલ આપણા સનાતન ધરમને કાંઈપણ ઊણપ નહિ આવે, તેવા યોગ્ય ફેરફારો કરવા.

ઉપરના સઘળા ઠરાવો અમો સઘળા નીચે સહી કરનારાઓ સમસ્ત જ્ઞાતિના આગેવાનોએ એકમતે ભેગા બેસીને સર્વની રાજીખુશીથી કર્યા છે. તે જ્ઞાતિના સર્વ નાના તેમજ મોટા હરેક ભાઇઓને કબૂલ છે.

(૧) પટેલ શીવજી જેઠા ગામ નખત્રાણા વાળાની સહી.
દા. અબજી વીરજીના ધણીના કહેવાથી.

(૨) પટેલ અબજી વીરજી ગામ નખત્રાણા વાળા સહી. દા. પોતે.

(૩) પટેલ મેગજી પ્રેમજી ગામ નખત્રાણા વાળાની સહી.
દા. ગોપાળ રતનાના ધણીના કહેવાથી.

(૪) પટેલ મનજી શવજી ગામ નખત્રાણા વાળાની સહી.
દા. ગોપાળ રતનાના ધણીના કહેવાથી.

(૫) પટેલ કરસન પચાણ ગામ નખત્રાણા વાળાની સહી.
દા. ગોપાળ રતનાના ધણીના કહેવાથી.

(૬) પટેલ ઉકેડા પચાણ ગામ નખત્રાણા વાળાની સહી. દા. પોતે.

(૭) પટેલ વીરજી માનણ ગામ નખત્રાણા વાળાની સહી.
દા. ઉકેડા પચાણના ધણીના કહેવાથી.

(૮) પટેલ વીશરામ શામજી ગામ નખત્રાણા વાળાની સહી.
દા. ગોપાળ રતનાના ધણીના કહેવાથી.

(૯) મુખી ગોપાળ રતના ગામ વેરસલપુરવાળાની સહી દા. પોતે.

(૧૦) પટેલ રાજા વિસરામ વેરસલપુર.
(૧૧) પટેલ ગોપાળ વિસરામ વેરસલપુર.
(૧૨) પટેલ લાલજી વિસરામ વેરસલપુર.
(૧૩) પટેલ અખજી લધા વેરસલપુર.
(૧૪) પટેલ જીવા ગોપાળ વેરસલપુર.
(૧૫) પટેલ દેવશી રૈઆ વેરસલપુર.
(૧૬) પટેલ ધનજી મનજી વેરસલપુર.

} ની સહિ દા. મુખી ગોપાળ રતના.

(૧૭) પટેલ મનજી પેથા ગામ દેસલપુરવાળાની સહી
દા. જેઠાલાલ શંકરલાલ ધણીના કહેવાથી.

(૧૮) મુખી વીરજી માધા ગામ દેસલપુરવાળાની સહી
દા. જેઠાલાલ શંકરલાલ ધણીના કહેવાથી.

(૧૯) પટેલ માવજી પેથા ગામ દેસલપુરવાળાની સહી
દા. જેઠાલાલ શંકરલાલ ધણીના કહેવાથી.

(૨૦) પટેલ રવજી લાલજી ગામ લોડવાવાળાની સહી દા. પોતાના.

(૨૧) પટેલ ભાણજી ખીમજી ગામ લોડવાવાળાની સહી
દા. પટેલ રવજી લાલજી ધણીના કહેવાથી.

(૨૨) પટેલ વીરજી રામજી ગામ લોડવાવાળાની સહી દા. પોતાના.

(૨૩) પટેલ અરજણ મનજી ગામ નવાવાસ (માંડવી)વાળાની સહી
દા. વીરજી રામજી ધણીના કહેવાથી.

(૨૪) પટેલ વીરજી કરસન ગામ નવાવાસ (માંડવી)વાળાની સહી
દા. વીરજી રામજી ધણીના કહેવાથી.

(૨૫) પટેલ વીરજી અખજી ગામ ભડલીવાળાની સહી
દા. માવજી માનાના ધણીના કહેવાથી.

(૨૬) મુખી માવજી માના ગામ ભડલીવાળા સહી દા. પોતે.

(૨૭) પટેલ કાનજી રતના ગામ ગઢશીશાવાળાની સહી
દા. નાનજી ભાણજીના ધણીના કહેવાથી.

(૨૮) પટેલ માવજી શામજી ગામ દેસલપુરવાળાની સહી દા. પોતે.

(૨૯) પટેલ પચાણ રામજી ઉર્ફે પ્રભુદાસ રામભાઇ ગામ અંગીઆવાળાની
સહી દા. પોતે.

(૩૦) પટેલ પેથાભાઇ રામજી ગામ સાનકુવાવાળાની સહી દા. પોતે.

(૩૧) પટેલ કાનજી રતના ગામ માનકુવાવાળાની સહી દા. પોતે.

(૩૨) પટેલ અરજણ દેવશી ગામ માનકુવાવાળાની સહી
દા. પચાણ દેવજી ધણીના કહેવાથી.

(૩૩) પટેલ પચાણ દેવજી ગામ માનકુવાવાળાની સહી દા. પોતાના.

(૩૪) પટેલ ભીમજી રામજી ગામ માનકુવાવાળાની સહી દા. પોતે.

(૩૫) પટેલ જીવરાજ વસ્તા ગામ માનકુવાવાળા સહી દા. પોતે.

ઉપર પ્રમાણે અમદાવાદમાં જ્ઞાતિના આગેવાનોએ કરેલા ઠરાવો જે ભાઈઓના વાંચવામાં આવે તેવા ભાઈઓએ યોગ્ય લાગે તો સંમતિના પત્રો નીચે જણાવેલા ઠેકાણે મોકલી આપવા.

પટેલ જીવરાજ વસ્તા કોન્ટ્રાકટર.
ઠેકાણું—જૈન દેરાશરગલી જીલ્લો થાણા
મુ. ઘાટકોપર.

S-9 S-10 S-172

સંવત ૧૮૩૨ ની સાલમાં જ્ઞાતિએ કરેલા નિંદ્ય ઠરાવની નકલ.

Thu, 18 Jan 1776

ઠરાવ.

Date on which Satpanth was embraced

S-9 S-10

Friday, 29 Oct 1535

" સં. ૧૮૩૨ ના પોષ વદ ૧૩ ના દીને ગામ શ્રી નખત્રાણા મધે જ્ઞાતિપંચ ભેળા થઈ બારોટ ગવરીદાસ શાંમદાસ તથા ગોર જાની દયાશંકર ભગવાનજીને રજા દીધી છે. આજ દિવસ પછીથી બારોટ પાસે વહીવંચો લખાવવો નહિં, તેમ બારોટને કાંઇ પણ આપવું નહિં, તેમજ ગોર દયાશંકર ભગવાનજીના વંશજ, તેમજ કોઈ પણ બ્રાહ્મણ પાસે ચોરી તથા લગ્ન પ્રસંગે પણ કાંઇ કર્મ કરાવવું નહિં, ને કોઇ ભાટ તથા બ્રાહ્મણને માનશે, તે નાતનો ગુનેગાર છે. આવા ઇમામશાના ધર્મને માનનારા આપડા કણબી ભાઇઓ, જેણે સં. ૧૫૯૨ ના કાર્તક શુદ ૨ શુક્રવારે આવાનો ધર્મ અંગીકાર કરેલ છે. તે ભાઇઓએ આજ દિવસ સુધી વહીવંચો લખાવ્યો છે, અને બ્રાહ્મણ પાસે સુતક કર્મ, મરણની ક્રિયા, તથા લગ્નની ક્રિયા કરાવી છે, પણ હવેથી આપણા ગુરૂ ઈમામશાના ધર્મનો ખરો રસ્તો આવા ઈમામશાહના વંશના સૈયદો તથા હાલે જે પીરાણાની ગાદી ઉપર ટિલાએત કાકા પ્રાગજીના હુકમથી, અને ધર્મને સમજીને બ્રાહ્મણ તથા ભાટને નહિં માનવા. નીચે મુજબ ગામના પટલીઆનો પંચ ભેગો થઈ ઠરાવ કર્યો છે, તે આપણી આખી નાતને કબુલ મંજુર છે.

(૧) ગામ નેત્રાના પટેલ લખમણ સૂત નારણ નાકરાણી, પટેલ નારણ આબજી- આણી, તથા પા. સામા ભાવાણી.

(૨) ગામ વીરાણીના પા. માંડણ તથા રૈયા નાકરાણી, પટેલ પાંચા પાંચાણી, લાધા દીવાણી, તથા માના બાથાણી.

(૩) ગામ શ્રી વિથોણના પા. દેવજી, ભગત કાનજી, ગણેશ સેંઘાણીવાલા નાંથાણી, તથા વસરામ સૂરાણી.

(૪) ગામ શ્રી નખત્રાણાના પા. ભોજા માંનાણી, પા. સૂરા, પા. નાંયા સેંઘા, ગોરાવાલા, દેવરાજ, તથા કમા સુરાણી.

(૫) ગામ મથલના પા. હરભમ પોકાર, મેઘા નાંનજીઆણી, તથા રતના ચોધરી.

(૬) ગામ શ્રી ગડાણીના પા. કેસરા, વીરજી, તથા પેથા પોકાર.

(૭) ગામ શ્રી ખોંભડીના પા. પાંચા, નથા અબજી પોકાર.

(૮) ગામ શ્રી અંગીઆના. પા. અખઇ, મેઘા, માંના, તથા કાનજી પારસીઆ.

(૯) ગામ શ્રી ટજાપરના પા. મનજી સોમજાંણી, પા. સુરા, મુખી જીવા, તથા ભીમા રઈઆણી.

S-9

S-10

S-172

(૧૦) ગામ દર્શડીના પા. ડુંગર, ગોપાલ, લખમણ, કરસન પોકાર, દેવજી સેંઘાંણી, ખેતા પુંજાણી, તથા હરભમ.

(૧૧) ગામ શ્રી સરવાના પા. કેસરા, તથા કરસન હરજી પબાણી.

(૧૨) ગામ શ્રી કરઓઈના પા. દેવસી, તથા મૂળા.

(૧૩) ગામ શ્રી મગવાણાના પા. ગોરા ચોપડા, તથા કચરા.

(૧૪) ગામ શ્રી ભડલીના પા. ગોવા ઠાકરાણી, તથા માંડણ ભોજાંણી.

(૧૫) ગામ શ્રી માનકુવાના પા. કરમસી, સુત ભીમજી, ધનજી, રામજી, તથા કરસન.

નાત સમસ્ત મળી ખાંનામાં, ગામ નખત્રાણામાં બાવાના પાટ આગળ, ધુપ દીવો કરી ઇમામસાના ધર્મના માટે નક્કી કરી, ગોર દયાશંકર ભગવાનજી તથા ગવરીદાસ શામદાસને રજા દીધી છે. આખી નાતે મળીને કહ્યું કે સં. ૧૫૯૨ ના કાર્તક સુદ ૨ શુક્રવારના દહાડાથી ધર્મ ઈમામસાનુ લીધું છે, તે આજદીન સુધી ગોર તથા ભાટને પાસે પોતાનો વહીવંચો તથા ક્રિયા કરાવી, હવેથી નહીં, તે દાનકી સંવત ૧૮૩૨ ના વરખે પોષ વદ ૧૩ ને દને રજા દીધી છે. તે માટે આજદન પછી બ્રાહ્મણ કે ભાટને આવે તો ઉભા રહેવાની આંટ નહિં. આજ દિવસ પછી ગોર તથા ભાટને માનસે તે નાતનો ગુનેગાર થાસે. બાવા ઈમામસાના ઘરથી નાતબહાર છે. તે ગામ શ્રી નખત્રાણાના ખાંનામાં બાવાના પાટ આગળ ધુપ કરીને આખી નાત મળીને લખત કીધું છે. અને કાકા પ્રાગજીનાં તથા બાવા ઈમામશાના વંશના સૈયદ વલીમીઆંની રૂબરૂ પ્રતિજ્ઞા કરી છે, તે આખી નાતને વંશપરંપરા કબુલ મંજુર છે. આ લખતનો મસુદો ગામ વીરાણીના કણબી માંડણ અખીઆણી તથા વીરજી વેલાણી તથા નાત સમસ્ત મળી પહોર દિવસ ચડે કર્યો છે.”

S-108

S-172

પીરાણા સંતપંથ એ એક ધર્મ નથી પણ તે એક મુસ્લીમ ધર્મનો ફાટો છે

કાકા રામજી લખમણને કાકા બનાવતી વખતે મુસ્લીમ સૈયદોને તેણે લખી આપેલ બોલતો દસ્તાવેજ

કાગળના પીઠ નંબર ૫૫૧૯.

રૂા ૧૫ નો

તા, ૩ ડીસેમ્બર સને ૧૯૨૫ કાકા રામજી લખમણ ગામ પીરાણા તાલુકો દસક્રોઈ હા. પોતે. અમદાવાદ માણેકચોકના સબુદી મગનલાલ રણછોડ !

નીમણુંક પત્રનો દસ્તાવેજ.

સંવત ૧૯૮૨ના પોષ સુદ ૨ ને વાર શુક્ર તા. ૧૭ માસ ડીસેમ્બર સને ૧૯૨૫ અંગ્રેજી દિને પીરાણાના હજરત પીર ઈમામશાહ સુત નરઅલી મામદશાબાવાના ઓલાદના પંચ તરફથી સૈયદ પુજુમિયા હસેનમિયા ઉમર વર્ષ ૪૫, તથા સૈયદ ગુલામ હુશેન અસગરઅલી ઉમર આશરે ૫૦, તથા સૈયદ અમીર સાહેબ જાફરઅલી ઉમર આશરે વર્ષ ૬૦ તથા સૈયદ ફતેહઅલી હુસનઅલી ઉમર આશરે વર્ષ ૫૫ તથા સૈયદ ઈનાયતઅહેમદઅલી ઉમર આશરે વર્ષ ૩૨, તથા સૈયદ મીરૂમિયા નુઝરઅલી ઉમર આશરે વર્ષ ૫૫ સર્વે જાતના સૈયદ રહેવાસી મોજે પીરાણા તાલુકો આઉદ દસક્રોઈનો ગામનઃ તથા અહમદ હુસેન મિયા સાબ ઉમર આશરે વર્ષ ૬૦ તથા સૈયદ આદિબઅલી અલીમીયા ઉમર આશરે વર્ષ ૪૦ તથા સઈયદ કાસમઅલી પીરસાહેબ ઉમર આશરે વર્ષ ૪૦, સરવે સઈયદ રહેવાસી મોજે પેટલાદ પણ હાલ મોજે પીરાણા તથા સઈયદ નઝરઅલી આશરે વર્ષ ૬૫, તથા સઈયદ મુરાદઅલી બંદેઅલી ઉમર વર્ષ ૫૦, તે બન્ને રહેવાસી મોજે આવાખાલના તથા સઈયદ અસરફઅલી કાસમઅલી ઉમર આશરે વર્ષ ૪૫ રહેવાસી મોજે પુનીઆદ તથા સઈયદ અહમદ મહેરઅલી ઉમર આશરે વર્ષ ૫૦ તે રહેવાસી મોજે જીવરડી તથા સઈયદ મુરતુજાઅલી ફતેહઅલી ઉમર આશરે વર્ષ ૫૫ રહેવાસી સુરતના પણ સદગુરુ સખસો હાલ પીરાણાના સરવે જાતના ઈમામશાહી ધંધા પીરી મુરાદનો તથા વકીલાતદારી નો જોગ લાખીતંગ કાકા રામજી લખમણ ઉમર વર્ષ ૪૦ ધંધો ધર્મ ઉપદેશનો જાતના સતપંથી કાકા રહેવાસી કચ્છમાં ગામ અરલ પણ હાલ પીરાણાના તમોને આ દસ્તાવેજ લખી આપીએ છીએ. તે તમોએ અમોને ગાદીના મુજાવર નીમતા પહેલા અમારી પાસેથી કેટલીક સરતોનો દસ્તાવેજ લખાવી લેધેલ હતો.

પરંતુ આજરોજે તમે એ અમોને આજરોજે ગાદીના મુજાવર નામીકાકા નામેલા છે.

તેથી અમો નીચે લખ્યા મુજબની તમામ સરતો પ્રમાણે વરતન કરવા બંધાયેલા છીએ તેની વિગત નીચે મુજબ

(૧) હજરત પીર ઈમામશાહ સુત નરઅલી મામદશાહ બાવાના મુરીદો એટલે આ ગાદીને માનનારા સેવકો પોતાની પેદાશોમાંથી દશોંદ આપે અને ખુશીથી મુકી જાય તે રકમ અમો લઈએ અગર મંગાવીએ અગર માણસ મોકલી મંગાવીએ અગર તે પડે આપી જાય અથવા રોજામાં મુકી જાય અગર કાગળથી અગર ટપાલ મનીઓર્ડર, તથા હુંડી વિગેરેથી જે જે. આવક આવે તે સરવેનો હિસાબ અમો બરાબર રાખીએ ને તે સીલક તમારા કબજામાં રાખીએ અને તેનો હિસાબ તથા ચોપડા જે જે વખતે માગો તેતેવખતે અમો બતાવીએ તેમા કોઈ પ્રકારની હકિકતકેરફાર કરીશું રાખીએ નહી.

(૨) તમો જમાલશાહી તથા નુરસાહી સઈયદોના ગુજરાન સારૂ દરસાલ સુખડીનો હક તથા દરેક વખત સુખડીની વિદાયગીરી તથા ધરડાના ફાતીઓનો હક તથા બીસમીલા નો હક તથા ગાદીનો હક્ક તથા મઈયતનો ઓરસનો હક્ક તથા રોજાના ચાદરાતનો હક્ક તથા હકુતાનો હક તથા મુંસાફરી જવા માટે રોજામાથી મળતો વિદાયગીરીનો હક તથા તે સિવાયના જેજેહકો આસલ મુદસ્તાવેજ મૂજબ ચાલે છે.

તે મુજબ દર સાલ આપે જઈએ ને ચલણી રૂા, આપે જઈએ તે સહી છે.

(૩) જે અસલથી સદાવ્રત અપાય છે.

તે પ્રમાણે આપે જઈએ મદરહું ગાદીના અંગે જે જે કામો કરવા પડે તેમા જે કાંઈ ખરચ થાય તે અમો કરીએ ને તે ખરચ તમો પંચને ગેરવ્યાજબી માલમ પડે તો અમો કરીએ નહી ને તમારા ના કહેના વીરૂધ ખરચ કરીએ તો તેના જવાબદાર અમો છઈએ તે સહી છે.

(૪) આ દસ્તવેજમાં લખેલા કામો તથા તે સિવાયના જે જે કામો કરવા પડે તે કામો સાફ દાનત અને નેક નિવાસી ન કરીએ અગર અમો સ્વદાનગીરી કરી દાનત બગાડીએ તથા અમો ગેરવરતણુંક ચાલીએ અને તમારા જાણવામાં આવેતો આમારી પાસેથી વહીવટ લેવા મુખતીયાર છો.

(સહી) કાકા રામજી લખમણ.

સહી દાઃ પોતે

(શાખ) હાજી ગુલામહુશેન. હાજી ચાંદભાઈના શાખ

દાઃ પોતે

(શાખ) કલાલભાઇ નૂરભાઈની શાખ

દાઃ પોતે

(શાખ) હાજી જમાલભાઈ અહમદભાઇ, ના શાખ દાઃ પોતે

(શાખ) કમાલભાઈ મહમદભાઈની શાખ દાઃ પોતે

લી. મૂમના કમાલભાઇ ચાંદભાઈ અમદાવાદ તાજપર ખજુરીની પોળ

(સહી) કાકા રામજી લખમણ સહી

—વી. પી. પ્રિન્ટરી ધરતીનાલાલ કાર્યાલય ભૂજ–કચ્છ—

S-108

S-172

આ દસ્તાવેજનો ઉલ્લેખ સ્વ. નારાયણ રામજી લીંબાણી ના જીવન પર લખાયેલ પુસ્તક, કર્તવ્ય પંથે માં પણ જોવા મળે છે.

તેવીજ રીતે વર્ષ ૧૯૩૭માં છપાયેલ. નખત્રાણા (નવવાસ) ના લક્ષ્મીનારાયણ મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવના અહેવાલમાં પણ અદાક્ત્રી રીતે ઉલ્લેખ છે.

પીરાણા સતપંથ એ એક ધર્મ નથી પણ તે એક મુસ્લીમ ધર્મનો ફાંટો છે.

કાકા રામજી લખમણને કાકા બનાવતી વખતે મુસ્લીમ સૌયદોને તેણે લખી આપેલ બોલતો દસ્તાવેજ.

કાગળની પીઠ નંબર ૫૫૧૯ — સ્ટાંમ્પ રૂા. ૧૫ નો

તા. ૩ ડીસેમ્બર સને ૧૯૨૫ કાકા રામજી લખમણ ગામ પીરાણા તાલુકો દસ્ક્રોઈ હા. પોતે સ્ટાંમ્પ લેનાર. અમદાવાદ માણેકચોકના સાહુકી મગનલાલ રણછોડ.

નીમણૂક પત્રનો દસ્તાવેજ

સંવત ૧૯૮૨ના પોષ સુદ ૨ ને વાર મરેજ તા. ૧૭ માસ ડીસેમ્બર સને ૧૯૨૫ અંગ્રેજી દિને પીરાણાના હઝરત પીર ઈમામશાહ સુત નજરઅલી મામદશાહ બાવાના ઓલાદના પંચ તરફથી સૌયદ પુંજુમીયા હુસેનમીયા ઉમર વર્ષ ૪૫ ત્યા સૌયદ ગુલામ હુસેન અકબારઅલી ઉમર આશરે ૫૦, ત્યા સૌયદ અમીર સાહેબ જાફરઅલી ઉમર વર્ષ ૬૦, ત્યા સૌયદ ફતેહઅલી હસનઅલી ઉમર આશરે વર્ષ ૫૫ ત્યા સૌયદ ઈનાયત બંદેઅલી ઉંમર આશરે વર્ષ ૩૨ ત્યા સૌયદ મીરૂમીયા નજરઅલી ઉંમર આશરે વર્ષ ૫૫, સર્વે જાતના સૌયદ રહેવાસી મોજે પીરાણા તાલુકાં સાઉદ દસ્ક્રોઈના ગામના ત્યા અહમદ હુસેનમીયા સાબ ઉંમર વર્ષ ૬૦ ત્યા સૌયદ આબેદઅલી અલીમીંયા ઉંમર આશરે વર્ષ ૪૦ ત્યા સૌયદ કાસમઅલી પીર સાહેબ ઉંમર આશરે વર્ષ ૪૦, સરવે સૌયદ રહેવાસી મોજે પરહાદ પણ હાલ મોજે પીરાણા ત્યા સૌયદ નજરઅલી ઉમર આશરે વર્ષ ૬૫ ત્યા સૌયદ મુરાદઅલી બંદેઅલી ઉંમર આશરે વર્ષ ૫૦ તે બંને રહેવાસી મોજે આવાખાલના ત્યા સૌયદ અસરફઅલી કાસમઅલી ઉંમર આશરે વર્ષ ૫૦ તે રહેવાસી મોજે જીવરડી ત્યા સૌયદ મુરતુજાઅલી ફતેહઅલી ઉંમર આશરે વર્ષ ૫૫ રહેવાસી સુરતના પણ સદરહુ સખસો હાલ પીરાણાના સરવે જાતના ઈમામશાહી પંથો પીરી મુરાદનો ત્યા વજીફદારીનો જોગ લીખીતગ

કાકા રામજી લખમણ ઉંમર વર્ષ ૪૦, ધંધાં ધર્મ ઉપદેશનો જાતના સતપંથી કાકા રહેવાસી કચ્છમા ગામ અરલ પણ હાલ પીરાણાના તમોને આ દસ્તાવેજ લખી આપીએ છીએ તે તમોએ અમોને આજરોજે ગાદીના મુજાવર નીમતાં પહેલાં અમારી પાસેથી કેટલીક શરતોનાં દસ્તાવેજ લખાવી લીધેલ હતો પરંતુ આજરોજે તમોએ અમોને ગાદીના મુજાવર નીમી કાકા નીમેલા છે. તેથી અમો નીચે લખ્યા મુજબની તમામ શરતો પ્રમાણે વરતન કરવા બંધાયલા છીએ, તેની વિગત નીચે મુજબ.

(૧) હઝરત પીર ઈમામશાહ સુત નજરઅલી મામદશાહ બવાના મુરીદો એટલે આ ગાદીને માનનારા સેવકો પોતાની પેદાશમાંથી દશોદ આપે અને ખુશાથી મૂકી જાય તે રકમ અમો લઈએ અગર મંગાવીએ અગર માણુસ મોકલી મંગાવીએ તે પંડે આવી આપી જાય અથવા રોજા મૂકી જાય અગર કાગળથી મૂકે અગર ટપાલ મનીઓર્ડર તથા હુંડી વિગેરેથી જે જે આવક આવે તે સર્વેનો હિસાબ અમો બરાબર રાખીએ અને તે સિલક અમારા કબજામાં રાખીએ અને તેનો હિસાબ તથા ચોપડા જે જે વખતે માંગો તે તે વખતે અમે બતાવીએ તેમાં કોઈ પ્રકારની હરકત કે રોકાણ કરીએ કે કરાવીએ નહીં.

(૨) તમો જલાલશાહી તથા નુરશાહી સૌયદોના ગુજરાન સારૂ દર સાલ સુખડીનો હક્ક તથા દરેક વખતે સુખડીની વિદાયગીરી તથા ધરડાના ફાટીઆનો હક્ક તથા બીસમીલાનો હક્ક તથા ગાદીનો હક્ક તથા મૈયતનો હક્ક તથા અરિસનો હક્ક તથા રોજાની ચાંદ રાતનો હક્ક તથા હકુતાનો હક્ક તથા મુસાફરી જવા માટે રોજામાંથી મળતો વિદાયગીરીનો હક્ક તથા તે સિવાયના જે જે હકો અસલ દસ્તાવેજ મુજબ હાલ ચાલે છે, તે મુજબ દર સાલ આપે જઈએ ને ચલણી રૂા. આપેજઈએ તે સહી છે.

(૩) જે અસલથી સદાવ્રત અપાય છે તે પ્રમાણે આપે જઈએ, ચા રહુ ગાદીના અંગે જે જે કામો કરવા પડે તેમાં જે કાંઈ ખરચ થાય તે અમો કરીએ ને તે ખર્ચ તમો પંચને ગેરવ્યાજબી માલમ પડે તો અમો કરીએ નહીં ને તમારા ના કહેવા વિરૂધ અમો ખરચ કરીએ તો તેના જવાબદાર અમો છીએ તે સહી છે.

S-108

S-172

(૪) આ દસ્તાવેજોમાં લખેલાં કામો તથા તે સિવાયનાં જે જે કામો કરવાં પડે તે કામો સાફ દાનત અને ફને નિષ્ઠાથી ન કરીએ અગર અમો સ્વાદાનગીરી કરી દાનત બગાડીએ તથા અમો ગેરવરતણૂંક ચાલીએ અને તમારા જાણવામાં આવે તો અમારા પાસેથી વહીવટ લઈ લેવા સ્વતંત્ર મુખ્તીયાર છો આ મુજબ ઉપર મુજબની શરતો પ્રમાણે અમો વરતીશું અને તે કરવાનો કોઈપણ વખત ઉલ્દાન કરીશું નહી એવા તમોને વિશ્વાસ તથા ભરોસે આપી આ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી તથા અક્કલ હોશિયારીથી લખી આપ્યો છે, તે અમોને સર્વ વાતે કબુલ મંજુર સહી છે, ઉપર લખ્યું તે સહી છે.

અત્ર	મતુ	અતર	શાંખ
(સહી)	કાકા રામજી લખમણ સહી દા. પોતે	(શાંખ)	હાજી ગુલામહુશેન હાજી ચાંદભાઈની શાંખ દા. પોતે
		(શાંખ)	કરામભાઈ નૂરભાઈની શાંખ દા. પોતે
		(શાંખ)	કમાલભાઈ મહંમદભાઈની શાંખ દા. પોતે
		લી.	મુમના કમાલભાઈ ચાંદભાઈ અમદાવાદ તાજપર ખજુરીપોર

કાકા રામજી લખમણ દસ્તાવેજ લખી આપનાર

માણુસ ધંધો ઉપદેશનો ઉમર વર્ષ ૪૦ ધીરાણાના દસ્તાવેજ લખી આપનાર અમદાવાદમાં હાજી સાહેબના મકાનમાં સેન્સર નંબરમાં લખી આપ્યાયનુ કબુલ કરે છે.

તા. ૭ જાન્યુઆરી સને ૧૯૨૬

(સહી) કાકા રામજી લખમણ
સહી

વિભાગ G

યુનીવર્સીટીઓ / વિશ્વવિદ્યાલયોના દસ્તાવેજો અને થીસીસ

Research Thesis from Universities

This page is intentionally left blank

S-28

S-107

ગુજરાતના ધર્મસંપ્રદાય

લેખક :
ડો. નવીનચંદ્ર એ. આચાર્ય

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

ગુજરાતના ધર્મસંપ્રદાય

: લેખક :

ડૉ. નવીનચંદ્ર એ. આચાર્ય

એમ.એ.,પીએચ.ડી.

પ્રાધ્યાપક, ભારતીય સંસ્કૃતિ વિભાગ

એચ.કે. આર્ટ્સ કૉલેજ

અમદાવાદ–૯

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ

ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬

(૬) પીરાણા પંથ :

ઇમામશાહના નવા પંથને પીરાણા પંથ તરીકે ઓળખવામાં આવે છે. ઇમામશાહ ગુજરાતમાં આવીને અમદાવાદની ઉત્તરે આશરે નવ માઈલ ઉપર આવેલા ગીરમથા નામના ગામમાં સ્થાયી થયા હતા. આ ગામને આજે પીરાણા તરીકે ઓળખવામાં આવે છે.

પીરાણા ગામમાં પાંચ રોજા છે. ઈમામશાહનો, નુરશાહનો, સુરાભાઈનો, બાબા મુહમ્મદનો અને બાકર અલીનો. આ પાંચે રોજાના પીરને માનનારા જુદા જુદા લોકો છે. પણ એ બધાયે પીરાણાના મુખ્ય પીરને માન આપે છે. ઈમામ શાહને માનનારાઓમાં મોટો વર્ગ હિંદુઓનો છે.

ઈમામશાહ ઈ. સ. ૧૪૯૯માં ઈરાનથી આવેલા અને ગીરમથા ગામ પાસેના મોટા ટેકરા ઉપર રહેતા હતા. એમણે ઘણા ચમત્કારો કર્યા હતા એમ કહેવાય છે. એમના ચમત્કારથી ઘણા હિંદુઓ ખાસ કરીને પાટીદારો એમના સેવક બન્યા. કહેવાય છે કે એક સંઘ કાશીએ જતો હતો. તે ગીરમથા ગામ આગળ આવતાં, ઈમામશાહે કપડું ઢાંકી ત્યાં જ દરેકને કાશીનાં દર્શન કરાવ્યાં. આ ચમત્કારથી આ બધા ઈમામશાહના સેવકો બન્યા. તેમણે ઉપદેશ અને ચમત્કારોથી ઘણા લેઉઆ અને કડવા પાટીદાર, કણબીઓને તથા શેખડાઓને આકર્ષ્યા હતા. ધર્માન્તર પછી તેઓ મોમના અને મતિયા કણબી તરીકે ઓળખાયા. માન્ય રીતે તેના અનુયાયીઓ હિંદુ રીતરિવાજ પાળે છે. દીપની પૂજા કરે છે. શબને હિંદુ રીત પ્રમાણે બાળે છે. પણ કેટલુંક બાળ્યા પછી થોડાંક હાડકાં દાટવા માટે રાખે છે.

તેઓ ગુજરાતમાં ઈસ્લામની મહાન સંસ્કૃતિના સંસ્કારોવાળા મુસલમાનો તરીકે ઓળખાવવાને બદલે ફક્ત પીરાણાવાળા તરીકે ઊતરતા દરજ્જાના હિંદુઓ અને ઊતરતી કક્ષાના મુસલમાનોના એક નજીવી કોમ તરીકે ઓળખાય છે. તેના સંપ્રદાયના ક્રિયાકાંડ અને ઈમાનો વિશેની માહિતી "સતધર્મની વેલ" નામના એક પુસ્તકમાંથી મળે છે.

ઈમામશાહીઓ અલ્લાહને એક સર્વોત્કૃષ્ટ કિરતાર તરીકે અને મોહમ્મદ મુસાને તેના રસુલ અને પયગંબર તરીકે સ્વીકારે તેઓ નમાઝને ખાસ મહત્ત્વ આપતા નથી. તેઓ હિંદુઓના અવતારના સિદ્ધાંતમાં માને છે. આ સંપ્રદાયના અનુયાયીઓ જગતની ઉત્પત્તિ વિશેની માન્યતાઓ અને તેના સિદ્ધાંતોને સ્વીકારે

S-3
S-28
S-107

રોજા એટલે દરગાહ

S-4

ઈમામ શાહ નો ધર્મ પાળનાર ને "મોમના" કહેવાય છે.

S-7

ઉતરતા દરજ્જાના હિંદુ અને ઉતરતા દરજ્જાના મુસલમાન તરીકે ઓળખાય છે.

૧. અલ્લાહ ને માને છે.
૨. મુહંમદ પૈગમ્બર ને માને છે.

S-28 S-107

મોહંમદ પેગમ્બર ને ગુરૂ તરીકે માને છે.

કુરાન (એનું બીજું નામ: સતપંથી અથર્વ વેદ) ને દેવી ગ્રંથ તરીકે માને છે.

છે. ઈસ્લામના પયગંબર સાહેબને ગુરુ માને છે. કુરાનને તેઓ દેવી ગ્રંથ ગણે છે. કુરાનને તેમના ઈમામો અલંકાર અને સરળ દૃષ્ટાંતો દ્વારા સમજાવે છે.

આ ઈમામશાહના અનુયાયી મતિયાઓએ તેમના ધર્મગુરુને પકડવા બદલ ઔરંગઝેબના સમયમાં ભરૂચમાં તોફાન કરી શરૂઆતમાં ભરૂચ શહેરને કબજે કર્યું હતું, પણ પાછળથી બાદશાહના સૈન્ય સામે તેઓ ટકી શક્યા નહિ. ઔરંગઝેબના હુકમથી તેમના ઉપર સખ્ત ત્રાસ ગુજારવામાં આવ્યો હતો.

આજે આ પંથ ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે

(૨) મહેદવી પંથ :

આ પંથના અનુયાયીઓ ગુજરાતના ઘણાખરા ભાગમાંથી મળી આવે છે. કેટલાક ધર્માન્તર કરીને મુસલમાન થયેલા છે. તેઓ માટે ભાગે "ગયર મહેંદી" અર્થાત્ કયામત પહેલા આવનારા ઈમામ મહેંદીમાં શ્રદ્ધા ધરાવતા નથી. તેઓ ગયર મહેંદી ઉપનામને સ્વીકારતા નથી. તેઓ મોહમ્મદ મહેંદી જોનપુરીના અનુયાયીઓ છે અને પોતાને "મહેદવી" તરીકે ઓળખાવે છે.

મોહમ્મદ મહેંદી જોનપુરી વિશે કેટલીક અનુશ્રુતિઓ પ્રચલિત છે. એક અનુશ્રુતિમાં જણાવ્યું છે કે "એક વખત એક જુવાન માણસે પોતાની માશુક સાથે આખી રાત ગાળી હતી. પરંતુ પ્રભાતમાં તેની સાથે કજીઓ થતાં, તે ગુસ્સામાં સીધો સાબરમતી નદી તરફ ગયો હતો. આ વખતે સૈયદ મોહમ્મદ પોતાના કેટલાક મુરીદો સાથે સવારની નમાજ પઢવા નદી ઉપર જઈ રહ્યા હતા. તેમણે આ યુવાનને જોઈ કહ્યું કે, દુન્યવી ઇશ્ક તરફ ગુસ્સામાં મોં ફેરવીને આવેલાને હું ઈશ્કે હકીકનો રસ્તો દેખાડું. આ સાંભળતાં યુવાન એકદમ ચીસ પાડીને પગમાં પડી ગયો. ભાનમાં આવતાં તે વલી શખ્સનો ચુસ્ત મુરીદ બની ગયો. તેણે સંસારનો ત્યાગ કર્યો.

બીજી અનુશ્રુતિમાં જણાવ્યું છે કે, "એક દિવસ તેમણે પોતાના એક શિષ્યને કહ્યું કે 'હું તમને તમારાં જ ચક્ષુથી અલ્લાહને બતાવું.' આ વાતની અમદાવાદના ઉલેમાને ખબર પડતાં, તેણે સૂબાને આ માટે ફરિયાદ કરી. શહેર કાજીએ તેમને પૂછ્યું કે 'તમે ઈલ્મ એટલા માટે મેળવ્યાં છે કે એક સૈયદને કતલ કરવામાં આવે ?' આ મતભેદને લીધે સૈયદ અમદાવાદ છોડી પાટણ ચાલ્યા ગયા. તેઓ અવનવા ચમત્કાર બતાવી લોકોની મુશ્કેલીઓ દૂર કરતા. આથી લોકો તેમના તરફ સદ્‌ભાવ રાખતા."

Volumes 45-46/1970-71 (New Series)

JOURNAL OF THE ASIATIC SOCIETY OF BOMBAY

Editor

S. N. GAJENDRAGADKAR

Published by the Asiatic Society of Bombay
Town Hall, Bombay. (INDIA)
1974

S-3

S-67

Deccan College - India's 3rd Oldest Education Institute & Research Institute

NOTE ON THE IMĀM SHĀHĪ MS AT THE DECCAN COLLEGE, POONA

by

GULSHAN KHAKEE

Imam Shahi sect's Pir and Sajjada-nishin, based in Burhanpur, near Faizpur.

Introduction

